
Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates

# અમૃત-કલશ

## (ભાગ-૧)



પ્રકાશક

**શ્રી કુંદકુંદ-કહાન શ્રુતપ્રભાવના પરિવાર**

દુબઈ

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates

શ્રી કુંદકુંદ-કહાન અક્ષરશઃ જૈન પ્રવચનમાળા પુષ્પ-૦૦૧

ॐ

નમઃ સમયસારાય

પરમ પૂજ્ય અધ્યાત્મમૂર્તિ શ્રી કાનજીસ્વામી વ્યાખ્યાચિત

# અમૃત-કલશ

## (ભાગ-૧)

ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત સમયસારની શ્રી અમૃતચંદ્રાચાર્યદેવવિરચિત 'આત્મખ્યાતિ' ટીકાના કલશ-શ્લોક તથા તેના પર ઢૂંઢારી ભાષામાં અધ્યાત્મરસિક-પં. શ્રી રાજમલજી 'પાંડે'એ રચેલી 'ખંડાન્વય સહિત અર્થ'રૂપ ટીકાના જીવ અધિકારના કળશ ૧ થી ૩૨ સુધીના ઈ.સ. ૧૯૬૫-૬૬ની સાલના પૂજ્ય શ્રી કાનજીસ્વામીના સ્વાનુભવ મુદ્રિત ૩૪ અક્ષરશઃ મંગલ પ્રવચનોના ભાષ્યરૂપ...

ઝરણાના પ્રવાહક

શ્રીમતી રૂપલબહેન સુનીલભાઈ ડેલીવાલા

卐

પ્રકાશક

શ્રી કુંદકુંદ-કહાન શ્રુતપ્રભાવના પરિવાર

દુબઈ

મો. નં. ૦૦૯૭૧૫૦૫૫૨૭૩૯૩

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

| વિક્રમ સંવત | વીર સંવત | ઈ. સન |
|---|---|---|
| ૨૦૭૫ | ૨૫૪૫ | ૨૦૧૯ |

**પ્રકાશન**

ઉત્તમ બ્રહ્મચર્ય દિન, સમ્યક્જ્ઞાન આરાધના દિન,
ગુરુવાર, તા. ૧૨-૯-૨૦૧૯

**પ્રાપ્તિ સ્થાન**

જે કોઈ મુમુક્ષુ ભાઈ-બહેનોને પ્રસ્તુત પુસ્તકની નકલ જોઈતી હોય તેમણે શ્રીમતી રૂપલબહેનનો સંપર્ક કરવા વિનંતી.

મો. દુબઈ : ૦૦૯૭૧૫૦૫૫૨૭૩૯૩, અમદાવાદ : ૯૧ ૮૨૩૮૪૪૩૫૦૩

ટાઈપ સેટિંગ :

**પૂજા ઈમ્પ્રેશન્સ**


ભાવનગર

મો. ૯૭૨૫૨૫૧૧૩૧




# શ્રીમદ્ ભગવત્ અમૃતચંદ્રાચાર્યદેવ

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



# અધ્યાત્મમૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી

દ્રવ્ય સકળની સ્વતંત્રતા જગમાંહી ગજાવનહારા,
વીરકથિત સ્વાત્માનુભૂતિનો પંથ પ્રકાશનહારા;
--ગુરુજી જન્મ તમારો રે,
જગતને આનંદ કરનારો.

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

# અર્પણ

જેમનો આ પામર પર અકથ્ય અનંત અનંત ઉપકાર વર્તે છે,
જેમની પ્રત્યક્ષ સમાન પાવન છત્રછાયામાં રહીને
આ અમૃત-કલશને ગ્રંથાકાર કર્યો છે,
જેઓ સમયસાર કલશમાં ભરેલા પરમકલ્યાણકારી
આધ્યાત્મિકભાવોને ખોલીને સદુપદેશ દ્વારા
વીતરાગ જૈનધર્મની મહાન પ્રભાવના કરી છે અને
સમયસાર-કલશમાં ઠેકઠેકાણે ગાયેલી આત્માનુભૂતિથી વિભૂષિત
સહજ જેમનું જીવન છે,
તે પરમ પૂજ્ય પરમ કૃપાળુ સદ્‌ગુરુદેવ
શ્રી કાનજીસ્વામીના ભાષ્યરૂપ અક્ષરશઃ મંગલ પ્રવચનોરૂપ પુષ્પ
પવિત્ર ચરણકમળમાં
અત્યંત ભક્તિભાવે અર્પણ કરું છું.

શ્રીમતી કોકિલાબેન ધીરૂભાઈ ગાંધી
શ્રીમતી રૂપલબહેન સુનીલભાઈ ડેલીવાલા

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


# સદ્‌ગુરુદેવ સ્તુતિ

(હરિગીત)

સંસારસાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહીં;
આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો! ગુરુ કહાન તું નાવિક મળ્યો.

(અનુષ્ટુપ)

અહો! ભક્ત ચિદાત્માના, સીમંધર-વીર-કુંદના!
બાહ્યાંતર વિભવો તારા, તારે નાવ મુમુક્ષુનાં.

(શિખરિણી)

સદા દ્રષ્ટિ તારી વિમળ નિજ ચૈતન્ય નીરખે,
અને જ્ઞપ્તિમાંહી દરવ-ગુણ-પર્યાય વિલસે;
નિજાલંબીભાવે પરિણતિ સ્વરૂપે જઈ ભળે,
નિમિત્તો વહેવારો ચિદઘન વિષે કાંઈ ન મળે.

(શાર્દૂલવિક્રીડિત)

હૈયું 'સત સત, જ્ઞાન જ્ઞાન' ધબકે ને વજ્રવાણી છૂટે,
જે વજ્રે સુમુમુક્ષુ સત્ત્વ ઝળકે; પરદ્રવ્ય નાતો તૂટે;
- રાગદ્વેષ રુચે ન, જંપ ન વળે ભાવેંદ્રિમાં - અંશમાં,
ટંકોત્કીર્ણ અકંપ જ્ઞાન મહિમા હૃદયે રહે સર્વદા.

(વસંતતિલકા)

નિત્યે સુધાઝરણ ચંદ્ર! તને નમું હું,
કરુણા અકારણ સમુદ્ર! તને નમું હું;
હે જ્ઞાનપોષક સુમેઘ! તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી! તને નમું હું.


(સ્રગ્ધરા)

ઊંડી ઊંડી, ઊંડેથી સુખનિધિ સતના વાયુ નિત્યે વહંતી,
વાણી ચિન્મૂર્તિ ! તારી ઉર- અનુભવના સૂક્ષ્મ ભાવે ભરેલી;
ભાવો ઊંડા વિચારી, અભિનવ મહિમા ચિત્તમાં લાવી લાવી,
ખોયેલું રત્ન પામું, - મનરથ મનનો; પૂરજો શક્તિશાળી!

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com



# પ્રશમમૂર્તિ ભગવતીમાતા પૂજ્ય બહેનશ્રી ચંપાબહેન


શ્રી રાજમલ્લજી પાંડે

# પ્રકાશકીય

આ એક પરમ મંગલમય સુયોગ છે કે આજથી લગભગ બે હજાર વર્ષ પહેલા આ જ ભારતભૂમિને અલંકૃત કરવાવાળા પરમપૂજ્ય **આચાર્ય ભગવંત કુંદકુંદાચાર્યદેવે 'સમયસાર'** (—**સમયપાહુડ**) નામક ગ્રંથાધિરાજની માંગલિક રચના કરીને ભવસમુદ્રમાં ડૂબતા જીવોને સ્વરૂપની સમજણ કરાવનાર લોકોત્તર ગ્રંથની રચના કરીને મહાન ઉપકાર કર્યો છે, જેની તુલના કરવા માટે ભરતક્ષેત્રમાં આજે કોઈ ઉપમાન વિદ્યમાન નથી.

તત્પશ્ચાત્ એક હજાર વર્ષ બાદ મહાન જ્ઞાની તથા કુંદકુંદાચાર્યદેવના મર્મજ્ઞ **આચાર્ય અમૃતચંદ્ર સૂરિ** થયા, જેમણે કુંદકુંદાચાર્યદેવના પ્રમુખ પરમાગમો ઉપર જ વિવેકપૂર્ણ ભાષા-શૈલીમાં ગંભીર વ્યાખ્યારૂપ અતુલનીય ટીકાઓ લખી છે, જે વિશ્વના ટીકા-સાહિત્યમાં માન્ય છે. આમાં 'સમયસાર' ગ્રંથાધિરાજ પર '**આત્મખ્યાતિ**' નામક ટીકા સર્વોત્કૃષ્ટ છે. આ ટીકા-ગ્રંથમાં જ્યાં જ્યાં તેઓ ભાવવિભોર થયા છે, ત્યાં તેમણે પદ્યબંધ સ્વરૂપે સંસ્કૃતમાં વિવિધ છંદોમાં અનુપમ કળશ લખ્યા છે, જેને '**સમયસાર-કલશ**'ના નામથી સ્વતંત્ર રચના સ્વરૂપે મહિમા મંડિત કરવામાં આવ્યા છે.

**અમૃતચંદ્રાચાર્યદેવ** પછી લગભગ પાંચસો વર્ષ બાદ 'સમયસાર'ના આ કળશોની મૌલિકતાને પ્રમાણિત કરવાનો સર્વાધિક સશક્ત પ્રયોગાર્થ, મહાન-મનીષિ પાંડે રાજમલજીએ '**સમયસાર-કલશ-ટીકા**' નામનો અદ્‌ભુત વ્યાખ્યાન ગ્રંથ લખ્યો છે. જેને જૈન અધ્યાત્મ તથા તત્ત્વજ્ઞાનના ક્ષેત્રમાં વિશિષ્ટ માનવામાં આવે છે. આનું મોટું પ્રમાણ એ છે કે પાંડે રાજમલજીના નિકટ કાલવર્તી હિન્દી સાહિત્યજગતના મહામનિષી **કવિવર પંડિત બનારસીદાસજીએ** 'સમયસાર' ગ્રંથાધિરાજ પર જે '**નાટક સમયસાર**' નામની કાળજયી રચના લખી છે, તેમાં મુખ્ય શ્રેય કુંદકુંદાચાર્યદેવ કે અમૃતચંદ્રાચાર્યદેવને નહિ દેતા પાંડે રાજમલજીને આપવામાં અવ્યું છે. તેઓ સ્પષ્ટ શબ્દોમાં લખે છે કે 'પાંડે રાજમલ જિનધર્મી, નાટક-સમયસારકે મર્મી'. આ ઉપરથી પાંડે રાજમલજી દ્વારા વિરચિત 'સમયસાર-કલશ-ટીકા'ની મહત્તા સમજી શકાય છે.

પાંડે રાજમલજીએ આ 'સમયસાર-કલશ-ટીકા' નામક ગ્રંથમાં અધ્યાત્મ અને તત્ત્વજ્ઞાનનું જે ઊંડાણ દર્શાવ્યું છે, તેનો મર્મોદ્‌ઘાટન તેમના પછી લગભગ પાંચસો વર્ષ બાદ ભારતભૂમિ પર જૈન-અધ્યાત્મ અને તત્ત્વજ્ઞાનના અદ્વિતીય પ્રભાવક **આધ્યાત્મિક સત્પુરુષ શ્રી કાનજીસ્વામી થયા,** જેમણે આ ટીકા-ગ્રંથ પર સ્વયંના મંગલ પ્રવચનો દ્વારા અત્યંત સરલ પરંતુ પૂર્ણ પ્રમાણિક પ્રવચનો આપ્યા અને આ પ્રવચનો એક વાર નહિ પરંતુ **ચાર વાર** જાહેરમાં પૂર્ણ શાસ્ત્ર ઉપર આપ્યા છે તથા બાકીના અલગથી ઉપલબ્ધ પ્રવચનો પણ છે.

પ્રસ્તુત પ્રવચનોમાં પૂજ્ય ગુરુદેવશ્રીએ કલશ-ટીકા સંબંધિત અનેક વખત પ્રમોદપૂર્ણ ઉદ્‌ગારો વ્યક્ત કરી તેમની ભાવના વ્યક્ત કરી છે કે આ એક અદ્‌ભુત શાસ્ત્ર કૃતિ મહાન સદ્‌ભાગ્યે ઉપલબ્ધ છે. જે પાઠક વર્ગને પ્રવચનો સાંભળતી વખતે ખ્યાલમાં આવી શકે તેમ છે. તેમાંથી પ્રથમ વાર ઈ.સ. ૧૯૬૫-૬૬માં તેમના મંગલમય પ્રવચનોને મંગલ પ્રવચનરૂપ ગ્રંથારૂઢ કરવાનો પાવન-ઉપક્રમ પ્રસ્તુત કરવાનું સૌભાગ્ય અમને પ્રાપ્ત થયું છે. તદર્થ અમે પરમપૂજ્ય આચાર્ય ભગવંત કુંદકુંદાચાર્યદેવને, અમૃતચંદ્રાચાર્યદેવને, પાંડે રાજમલજીને તથા પરમ ઉપકારી પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી પ્રત્યે ચિર કૃતજ્ઞતા વ્યક્ત કરતાં, સર્વ પાઠક વર્ગને સવિનય વિનંતી કરીએ છીએ કે પ્રસ્તુત પ્રકાશનમાં જે કંઈ શ્રેય છે, તે આ ચાર મહાન વિભૂતિઓને જાય છે અને જે કંઈ ક્ષતિ રહી હોય તેનો દોષ અમારો છે. તેથી સંપૂર્ણ સાવધાની તથા ચીવટ રાખ્યા પછી પણ કોઈ ક્ષતિ રહી જવા પામી હોય તો સર્વ પાઠક વર્ગના અમે ક્ષમાપ્રાર્થી છીએ અને તે અમારા ધ્યાન ઉપર લાવે, જેથી કરીને ભવિષ્યમાં તેનું નિવારણ કરી પુનઃ પ્રકાશિત કરવામાં આવે.

વિનીત

શ્રી કુંદકુંદ-કહાન શ્રુતપ્રભાવના પરિવાર

દુબઈ

ૐ

नमः सद्गुरवे।

# પ્રસ્તાવના

પ્રવર્તમાન શાસન શ્રી મહાવીર ભગવાનના નામથી પ્રસિદ્ધ જિનશાસન છે. પ્રવર્તમાન જિનશાસનમાં ભગવાન મહાવીર પછી ગૌતમ ગણધરથી માંડી અનેક આચાર્ય ભગવંતોની પરિપાટી થઈ, જેઓએ સ્વયંની પવિત્ર સાધના દ્વારા જિનશાસન ટકાવી રાખ્યું. જિનશાસનમાં પ્રસિદ્ધ મંગળાચરણમાં મહાવીર ભગવાન, ગૌતમ ગણધર અને ત્યારબાદ જેમના પવિત્ર નામનો ઉલ્લેખ અને સ્મરણ કરવામાં આવે છે એવા વીતરાગતાના પરમોપાસક શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ થયા. જેઓએ વર્તમાન જીવંત સ્વામી શ્રી સીમંધરસ્વામીની પ્રત્યક્ષ દેશના શ્રવણ કરી અને ભારતવર્ષના જીવોના ઉદ્ધાર અર્થે પવિત્ર પંચ પરમાગમોની રચના કરી. ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવે સ્વયંની અંતરંગ અનુભવની પરિણતિમાં કલમ બોળીને અમૃતરસના ઝરણા પરમાગમોમાં વહાવ્યા છે. તેઓશ્રીની સશક્ત અધ્યાત્મ લેખની બાબત લખવું એ સૂર્યને દીપક બતાવવા સમાન બાળચેષ્ટાથી વિશેષ કંઈ નથી.

ભગવાન કુંદકુંદાચાર્યની પરિપાટીમાં ત્યારબાદ શ્રી અમૃતચંદ્રાચાર્યદેવ થયા, જેમણે ભગવાન કુંદકુંદાચાર્યના હૃદયમાં રહેલ ભાવોને સ્વયંની મૌલિક શૈલીમાં ટીકા તથા કલશો રચીને જિનશાસનને વિશેષ શોભાયમાન કર્યું. જ્ઞાન તથા સંયમની મૂર્તિ એવા આચાર્યદેવે અધ્યાત્મના ગૂઢ ભાવો ભરીને પરિભ્રમણમાં ભટકતા જીવોને મોક્ષમાર્ગનું રહસ્ય ખુલ્લું કરી બતાવ્યું છે. અનાદિ કાળથી જીવ પરિભ્રમણમાં સુખની ઝંખનામાં દોડતો ક્યારેય સુખ પ્રાપ્ત નથી કરી શક્યો અને નિત્ય દુઃખને જ ભોગવ્યું છે. એક સેકંડમાત્ર સુખનું વેદન થયું નહિ. જીવો આવી દુઃખમય પરિસ્થિતિમાંથી બહાર આવી અતીન્દ્રિય સુખને પ્રાપ્ત થાય અને સાદિઅનંત કાળ નિજાનંદ ભોગવે એવી નિષ્કારણ કરુણાથી આચાર્યદેવે સત્શાસ્ત્રોની રચના કરી.

જિનશાસનના અદ્વિતીય આભુષણ સમાન શ્રી સમયસાર પરમાગમની અર્થગંભીર ગાથાઓની 'આત્મખ્યાતિ' નામની ટીકા અમૃતચંદ્રાચાર્યદેવે કરી. વિદ્વતાપૂર્ણ તથા અધ્યાત્મરસ ભરપૂર સંસ્કૃત ટીકાની સાથે તેમણે અનેક કલશો પણ રચ્યા, જે તેમના અધ્યાત્મરસપૂર્ણ કવિત્વની પ્રસિદ્ધિ કરે છે. પ્રસ્તુત અર્થગંભીર કલશોને પૃથકપણે લઈએ તો સ્વયં એક અધ્યાત્મ ગ્રંથ સમાન છે. તેથી તેને 'સમયસાર-કલશ' નામ આપવામાં આવેલ છે. તેના પર અધ્યાત્મરસિક પંડિત શ્રી રાજમલ્લજી પાંડેએ ટીકા લખી છે, જેને આ શાસ્ત્રમાં 'ખંડાન્વય સહિત અર્થ' એ નામથી આપવામાં આવી છે.

## પાંડે રાજમલજી સંબંધિત...

કલશ-ટીકાના રચયિતા પાંડે રાજમલજી વિક્રમ સંવતની ૧૭મી શતાબ્દિમાં થયા હોય તેમ વિદ્વાનોનું અનુમાન છે. તેમણે આ કલશટીકા રાજસ્થાનના ઢૂંઢાર પ્રદેશમાં બોલાતી જૂની ઢૂંઢારી

ભાષામાં લખેલી છે. સાંપ્રત મુમુક્ષુજીવો અર્થગંભીર ટીકાના ભાવોને સાદી સરળ ભાષામાં સમજી શકે તેવી તેમની ટીકા છે. ટીકાકાર પંડિતજીએ પ્રત્યેક શ્લોકોની ટીકામાં પ્રાયઃ દરેક ખંડાન્વયનો અર્થ ખોલ્યા પછી સંક્ષેપમાં ભાવાર્થ લખીને, સંક્ષિપ્ત સાર ભરીને પ્રસ્તુત વિષયને આત્મસાત્ કરાવ્યો છે. શ્રી રાજમલજી વિષયક કોઈ પ્રસિદ્ધ ઇતિહાસ પ્રાપ્ત નથી.

ટીકાકારની કૃતિ અતિ રોચક શૈલીથી પૂર્ણ હોઈને અધ્યાત્મરસિક કવિવર પંડિત બનારસીદાસજીએ 'કલશ ટીકા'ના આધારે અધ્યાત્મ કવિત્વપૂર્ણ કૃતિની રચના કરી—'નાટક સમયસાર'. તેમાં તેઓ પાંડે રાજમલજીનો ઉલ્લેખ કરતાં લખે છે '**પાંડે રાજમલ્લ જૈનધર્મી, સમયસાર નાટકકે મર્મી**'. સમયસાર કલશમાં સમાવિષ્ટ અધ્યાત્મના ગૂઢ તત્ત્વો વર્તમાનમાં સમજવા એટલા સહેલાં નથી.

## અધ્યાત્મયુગસૃષ્ટા પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી સંબંધિત...

પ્રવર્તમાન દુષમકાળના નામે પ્રસિદ્ધ હુંડાવસર્પિણી પંચમકાળમાં જ્યાં મોક્ષમાર્ગ પ્રાયઃ લુપ્ત થઈ ગયો હતો, તેવી ઘોર અજ્ઞાનતમ પરિસ્થિતિમાં જિનશાસનનો ફરીને ઉદ્યોત કરવા અર્થે મહાવિદેહમાં પ્રત્યક્ષ સીમંધર ભગવાનની દિવ્ય દેશનાનું રસપાન કરી ભરતના જીવોના આત્મ કલ્યાણ અર્થે અધ્યાત્મનો યુગ સર્જ્યો, અનેકાનેક જીવોને મોક્ષમાર્ગ પ્રતિ પ્રેરિત કર્યા, ભવ્ય જીવોની સુષુપ્ત ચેતનાને જાગૃત કરી, એવા દિવ્ય અધ્યાત્મચક્ષુ, જ્ઞાનદિવાકર, સ્વાનુભવ સંપન્ન ભગવતી પ્રજ્ઞાના ધારક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીએ અનેક અધ્યાત્મરસ ભરપૂર ગ્રંથોનું સ્વયં રસપાન કર્યું અને ભવ્ય જીવોને પણ કરાવ્યું. વર્તમાન કાળના મુમુક્ષુ જીવો પર તેમનો અવિસ્મરણીય ઉપકાર છે. જેને કથનમાં કહી શકાય તેમ નથી. તેમના ઉપકારોને હૃદયગત કરી ભાવાન્વિત થઈને તેમના ચરણોમાં નમસ્કાર અને વંદના.

પૂજ્ય ગુરુદેવશ્રીએ અનેક વર્ષો સુધી સનાતન દિગંબર જૈન શાસ્ત્રોનો સ્વાધ્યાય કર્યો અને મોક્ષમાર્ગનું નિહિત રહસ્ય સમાજ સમક્ષ સ્પષ્ટ કરી મૂક્યું. તેઓશ્રીની પ્રવચન-બંસરી દ્વારા આખાય હિન્દુસ્તાનમાં તથા વિદેશમાં પણ તેઓએ મોક્ષમાર્ગનું સ્વરૂપ પ્રસિદ્ધ કર્યું. સ્વાનુભવ નિધાનથી સંપન્ન અને સમ્યક્ શ્રુતલબ્ધિના ધારક પૂજ્ય ગુરુદેવશ્રીએ શાસ્ત્રના એક એક વાક્યોને અતિશય સૂક્ષ્મતાથી તથા સરળ ભાષામાં સમજાય તે રીતે પ્રવચનોમાં વ્યક્ત કરી મહાન મહાન ઉપકાર કર્યો છે.

તેઓશ્રીનો પ્રભાવના ઉદય આજે તો વર્તે છે પરંતુ પંચમકાળના અંત સુધી તેમનો પ્રભાવના ઉદય જયવંત વર્તશે, એવા પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના દીર્ઘદૃષ્ટિ યુક્ત અર્થગંભીર વાક્ય આ પ્રસંગે સ્મરણમાં આવ્યા વિના રહેતા નથી. પૂજ્ય બહેનશ્રીના વક્તવ્ય અનુસાર પૂજ્ય ગુરુદેવશ્રીએ નિશ્ચય-વ્યવહાર, નિમિત્ત-ઉપાદાન, કારણ-કાર્ય, મોક્ષમાર્ગનું સ્વરૂપ, સમ્યગ્દર્શનનું સ્વરૂપ, મુનિદશાનું સ્વરૂપ, અરિહંત ભગવાનનું સ્વરૂપ, સાત તત્ત્વોનું સ્વરૂપ ઇત્યાદિ અનેકાનેક રત્નો તેમની પ્રવચન-ગંગામાં વહેતા કર્યા. આવા કળિકાળમાં જ્યાં મિથ્યાત્વનો ગાઢ અંધકાર છવાયેલો તેવી પરિસ્થિતિમાં જ્ઞાનપ્રકાશ કરી ભવ્ય જીવોના પથ પ્રકાશક બની અપૂર્વ કાર્ય કર્યું છે. પૂજ્ય ગુરુદેવશ્રીના દિવ્ય ગુણોનું કથન કરવા બેસીએ તો ગ્રંથો ભરાય એવા તેઓ ગુણોથી અલંકૃત

જિનશાસનનું એક પવિત્ર આભુષણ છે.

ભવ્ય જીવોના ઉદ્ધારક એવા પૂજ્ય ગુરુદેવશ્રીની સાતિશય દેશના આજે પ્રવચનસ્વરૂપે આપણી પાસે ઉપલબ્ધ છે. તેમના પ્રવચનો ગ્રંથારૂઢ કરવાનું કાર્ય તેઓશ્રીના પવિત્ર પ્રભાવના ઉદયે ચાલી રહ્યું છે. પૂજ્ય ગુરુદેવશ્રીના ઉપકારોથી ભીંજાયેલા હૃદયસંપન્ન મુમુક્ષુજીવોને સ્વાભાવિક જ એવા ભાવ આવ્યા વિના રહેતા નથી કે કઈ રીતે તેમના પ્રત્યે અર્પણતા કરીએ. તેમના ચરણોમાં શું અર્પણ કરીએ? તેમ છતાં ભક્તિથી પ્રેરાઈને બીજું કંઈ નહિ કરતાં તેમની સાતિશય દિવ્યવાણી શાશ્વત રહે તેવી ભાવનાથી પ્રેરાઈને શ્રીમતી રૂપલબહેન સુનીલભાઈ ડેલીવાલાને આ વિચાર ઉદ્ભવ્યો, સાથે સાથે તેમના માતુશ્રી કોકિલાબેન ધીરૂભાઈ ગાંધી તથા પિતાશ્રી ધીરૂભાઈ ગાંધીની પણ ભાવના હોવાથી અને આ વિચારને કાર્યાન્વિત કરવામાં જેમનો સંપૂર્ણ સહયોગ તથા અનુમોદના પ્રાપ્ત થઈ એવા શ્રી સુનીલભાઈ ડેલીવાલા કે જેમના વિના આ કાર્ય શક્ય ન થઈ શક્યું હોત. તેમને ઉપકૃત હૃદયથી ભીંજાયેલ ભાવ આવતાં પ્રસ્તુત ગ્રંથ 'અમૃત-કલશ' પાઠક વર્ગના હસ્તકમળમાં મૂકતાં અત્યંત રોમાંચયુક્ત હર્ષ થાય છે.

પ્રસ્તુત ગ્રંથ શ્રી 'અમૃત-કલશ'માં પૂજ્ય ગુરુદેવશ્રીના ૧૯૬૫-૬૬ની સાલમાં 'સમયસાર કલશ' પર ચાલેલા શબ્દશઃ પ્રવચનો સૌ પ્રથમવાર પ્રકાશિત થઈ રહ્યા છે. પ્રથમ ભાગમાં જીવ અધિકારના ૩૨ કલશો ઉપર ચાલેલા ૩૩ પ્રવચનો લેવામાં આવેલ છે. જે પ્રવચનો હિન્દીમાં ચાલેલા છે તેમનો ગુજરાતી અનુવાદ કરવામાં આવેલ છે. પ્રસ્તુત પ્રવચનોને લિપિબદ્ધ કરવાનું કાર્ય શ્રી નિલેષભાઈ જૈન, ભાવનગર દ્વારા કરવામાં આવેલ છે. પ્રવચનોને સાંભળીને કંપ્યુટરમાં ટાઈપ કરવામાં આવે છે. ત્યારબાદ ફરીને તેમને સાંભળીને જ્યાં જે પ્રમાણે આવશ્યકતા અનુસાર વાક્યરચના પૂર્ણ કરવા અર્થે કૌંસ ભરવામાં આવ્યા છે. પૂજ્ય ગુરુદેવશ્રીના અર્થગંભીર ભાવોને જાળવવાની પૂર્ણ ચોકસાઈ રાખવામાં આવી છે. પ્રવચનોને ફરીને સાંભળીને તપાસવાનું કાર્ય શ્રીમતી રૂપલબહેન સુનીલભાઈ ડેલીવાલા, દ્વારા કરવામાં આવેલ છે. તેઓએ પણ પૂર્ણ ચીવટથી તથા રસ લઈને પ્રવચનો તપાસેલ છે. પ્રવચન પુસ્તકોની પી.ડી.એફ ફાઈલ www.vitragvani.com તથા www.atmadharma.com પર ઉપલબ્ધ છે.

અંતતઃ વીતરાગી દેવ-શાસ્ત્ર-ગુરુના ચરણોમાં નતમસ્તક થઈ પવિત્ર વીતરાગ પ્રકાશન કાર્યમાં કોઈપણ પ્રકારની ત્રુટિ રહી જવા પામી હોય તો તેમના પ્રત્યે શુદ્ધ અંતઃકરણથી ક્ષમાયાચના કરીએ છીએ. સર્વ જીવો પવિત્ર દેશનાને આત્મસાત કરી શાશ્વત આત્મકલ્યાણને પ્રાપ્ત થાય એવી ભાવના સાથે વિરામ પામીએ છીએ.

શ્રી કુંદકુંદ-કહાન શ્રુતપ્રભાવના પરિવાર
દુબઈ

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



# અધ્યાત્મયુગસર્જક પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો સંક્ષિપ્ત જીવન પરિચય

ભારતદેશના ગુજરાત રાજ્યમાં ભાવનગર જિલ્લાના 'ઉમરાળા' ગામમાં સ્થાનકવાસી સંપ્રદાયના દશાશ્રીમાળી વણિક પરિવારના શ્રેષ્ઠીવર્ય શ્રી મોતીચંદભાઈના ઘેર, માતા ઉજમબાની કૂંખે, વિક્રમ સંવત ૧૯૪૬ના વૈશાખ સુદ બીજ, (તા. ૨૧-૪-૧૮૯૦) રવિવારે વહેલી સવારે આ બાળ મહાત્માનો જન્મ થયો.

જે સમયે આ બાળ મહાત્મા ધરતી પર પધાર્યા, તે સમયે જૈનોના જીવનનો શ્વાસ અંધશ્રદ્ધા, પાખંડ અને શુષ્ક ક્રિયાકાંડમાં જ રૂંધાઈ રહ્યો હતો. કોઈક સ્થળે આધ્યાત્મિક ચિંતન ચાલતું હતું, પણ તેમાં અધ્યાત્મ નહોતું. એવા એ અંધકારમય કળીકાળમાં આ તેજસ્વી કહાનસૂર્યનો ઉદય થયો.

સાત વર્ષની ઉંમરે નિશાળમાં લૌકિક શિક્ષા લેવાનું શરૂ કર્યું. દરેક વસ્તુના હાર્દ સુધી પહોંચવાની તેજસ્વી બુદ્ધિપ્રતિભા, મધુરભાષીપણું, શાંતસ્વભાવ, ગંભીર મુખમુદ્રા તથા જતું કરવાનો સ્વભાવ હોવાથી બાળ 'કાનજી' શિક્ષકોમાં તથા વિદ્યાર્થીઓમાં પ્રિય થઈ ગયા. નિશાળમાં તથા જૈન પાઠશાળાના અભ્યાસમાં પ્રાયઃ પ્રથમ નંબર આવતો, પરંતુ નિશાળના લૌકિક અભ્યાસથી તેમને સંતોષ થયો નહિ અને ઊંડે ઊંડે એમ લાગતું કે હું જેની શોધમાં છું તે આ નથી.

તેર વર્ષની ઉંમરે માતુશ્રીના અવસાનથી પિતાજી સાથે પાલેજ જવાનું થાય છે. ચાર વર્ષ બાદ પિતાજીનો સ્વર્ગવાસ થતાં સત્તર વર્ષની ઉંમરે ભાગીદાર સાથે વેપારમાં જોડાય છે.

વ્યાપારની પ્રવૃત્તિ વખતે પણ તેઓ જરા પણ અપ્રમાણિકતા ચલાવી લેતા નહિ. સત્યનિષ્ઠા, નીતિમત્તા, નિખાલસતા અને નિર્દોષતાથી તેમનું વ્યાવહારિક જીવન સુગંધિત હતું. સાથે તેમનો આંતરિક વ્યાપાર અને ઝુકાવ તો સતત સત્યની શોધ તરફ જ હતો. દુકાનમાં પણ ધાર્મિક પુસ્તકો વાંચતા. વૈરાગી ચિત્તવાળા કહાનકુંવર રાત્રિના રામલીલા કે નાટક જોવા જતાં ત્યારે તેમાંથી વૈરાગ્યરસનું ઘોલન કરતાં. જેના ફળસ્વરૂપે સત્તર વર્ષની ઉંમરે ઉજ્જ્વળ ભવિષ્યની આગાહી કરતા બાર લીટીના કાવ્યની રચના કરે છે : 'શિવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ...'

ઓગણીસ વર્ષની ઉંમરથી તો રાત્રિના આહાર, પાણી તથા અથાણાંનો ત્યાગ કરે છે.

સત્યની શોધ માટે, દીક્ષા લેવાના ભાવથી ૨૨ વર્ષની યુવા વયે દુકાનનો પરિત્યાગ કરે છે અને ગુરુ પાસે આજીવન-બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કરે છે. પછી ૨૪ વર્ષની વયે (વિ.

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

સં. ૧૯૭૦) જન્મનગરી ઉમરાળામાં ૨૦૦૦ જેટલા સાધર્મીઓના વિશાળ જનસમુદાયની હાજરીમાં સ્થાનકવાસી સંપ્રદાયની દીક્ષા અંગીકાર કરે છે. દીક્ષા સમયે હાથી પર બેસવા જતાં ધોતિયું ફાટે છે. તીક્ષ્ણ બુદ્ધિના ધારક ગુરુવરને શંકા પડી જાય છે કે કંઈક ખોટું થાય છે.

દીક્ષા લીધાં બાદ સત્યના શોધક આ મહાત્માએ સ્થાનકવાસી તથા શ્વેતાંબર સંપ્રદાયના સમસ્ત આગમોનો ગહન અભ્યાસ માત્ર ચાર વર્ષમાં જ પૂરો કર્યો. સંપ્રદાયમાં મોટી ચર્ચાઓ ચાલી. કર્મ છે તો વિકાર થાય છે ને? જો કે પૂજ્ય ગુરુદેવશ્રીને હજી દિગંબર શાસ્ત્રો તો મળ્યા નહોતાં. છતાં પૂર્વના સંસ્કારના બળે તેઓ દ્રઢતાપૂર્વક સિંહગર્જના કરે છે 'જીવ પોતાથી સ્વતંત્રપણે વિકાર કરે છે; કર્મથી કે પરથી નહિ. જીવ પોતાના ઊંધા પુરુષાર્થથી વિકાર કરે છે અને સવળા પુરુષાર્થથી નાશ કરે છે.'

વિ. સં. ૧૯૭૮માં મહાવીરપ્રભુના જિનશાસન-ઉદ્ધારનો અને હજારો મુમુક્ષુઓના મહાન પુણ્યોદય સૂચક એક મંગળકારી પવિત્ર પ્રસંગ બને છે

૩૨ વર્ષની ઉંમરે, વિધિની કોઈ ધન્યપળે શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ વિરચિત સમયસાર નામનું મહાન પરમાગમ દામનગરમાં દામોદર શેઠ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના હસ્તકમળમાં આવે છે અને આ પવિત્ર પુરુષના અંતરમાંથી સહજ જ ઉદ્ગાર નીકળે છે : 'શેઠ! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે.' એનું અધ્યયન અને ચિંતન કરતાં અંતરમાં આનંદ અને ઉલ્લાસ ઉભરાય છે. આ મહાપુરુષના અંતરંગ જીવનમાં પણ પરમ પવિત્ર પરિવર્તન થયું. ભૂલી પડેલી પરિણતિ નિજ ઘર દેખે છે. ત્યારબાદ વિ.સં. ૧૯૮૨ના ચાતુર્માસ પહેલા રાજકોટમાં શ્રી દામોદરભાઈ લાખાણીએ 'મોક્ષમાર્ગ પ્રકાશક' ગ્રંથ પૂ. ગુરુદેવશ્રીને આપ્યો જે વાંચતા, પોતાના હૃદયની અનેક વાતોનું સમર્થન આ ગ્રંથમાંથી મળી આવતાં તેઓ તેના વાંચનમાં એવા ઓતપ્રોત થઈ જતાં કે તે વખતે તેમને ખાવું-પીવું કે સૂવું ગમતું નહીં. ત્યારબાદ શ્રી પ્રવચનસાર, અષ્ટપાહુડ, દ્રવ્યસંગ્રહ, સમ્યગ્જ્ઞાન દીપિકા, વગેરે દિગંબર શાસ્ત્રોના અભ્યાસથી ૧૩ વર્ષ સુધી ખૂબ જ જ્ઞાનની પ્રગાઢતા બાદ તેઓશ્રીને નિઃશંક નિર્ણય થઈ જાય છે કે દિગંબર જૈનધર્મ જ મૂળ માર્ગ છે અને તે જ સત્ ધર્મ છે. તેથી અંતરંગ શ્રદ્ધા કંઈક અને બહારમાં વેશ કંઈક એવી સ્થિતિ તેમને અસહ્ય થઈ પડે છે. તેથી અંતરમાં ખૂબ જ મનોમંથન બાદ સંપ્રદાય છોડવાનો નિર્ણય કરે છે.

પરિવર્તન માટે યોગ્ય સ્થળની તપાસ કરતાં કરતાં સોનગઢ આવી 'સ્ટાર ઑફ ઈન્ડિયા' નામના એકાંત મકાનમાં મહાવીર જન્મકલ્યાણકના દિવસે (વિ. સં. ૧૯૯૧, ચૈત્ર સુદ ૧૩) બપોરે સવા વાગે સંપ્રદાયના ચિહ્ન મુહપત્તીનો ત્યાગ કરે છે અને જાહેર કરે છે : 'હવે હું સ્થાનકવાસી સાધુ નથી, હું સનાતન દિગંબર જૈન ધર્મનો શ્રાવક છું.' સિંહ સમાન વૃત્તિના ધારક આ મહાપુરુષે, ૪૫ વર્ષની ઉંમરે અંતરમાં મહાવીર્ય ઉછાળીને આ અદ્ભુત પરાક્રમી કાર્ય કર્યું.

'સ્ટાર ઑફ ઈન્ડિયા'માં ત્રણ વર્ષ દરમ્યાન જિજ્ઞાસુ ભક્તજનોનો પ્રવાહ દિન-પ્રતિદિન વધતો જ ગયો, જેના કારણે આ મકાન ખુબ જ નાનું પડવા લાગ્યું. તેથી ભક્તોએ આ પરમપ્રતાપી સત્પુરુષ માટે નિવાસ અને પ્રવચનનું મકાન 'શ્રી જૈન સ્વાધ્યાય મંદિર'નું નિર્માણ કરાવ્યું. ગુરુદેવશ્રીએ વિ. સં. ૧૯૯૪ના વૈશાખ વદ ૮ના રોજ આ નિવાસસ્થાનમાં મંગળ પદાર્પણ કર્યું. આ 'સ્વાધ્યાય મંદિર' જીવન-પર્યંત આ મહાપુરુષની આત્મ-સાધના અને વીરશાસનની પ્રભાવનાનું કેન્દ્ર બની રહ્યું.

અહીં દિગંબર ધર્મના ચારે અનુયોગના નાના-મોટા ૧૮૩ જેટલા ગ્રંથોનો ઊંડાણથી અભ્યાસ કર્યો. તેમાંથી ૩૮ ગ્રંથો પર સભામાં પ્રવચનો કર્યા, જેમાં સમયસાર ઉપર તો ૧૯ વખત અધ્યાત્મવર્ષા કરી છે. પ્રવચનસાર, અષ્ટપાહુડ, પરમાત્મપ્રકાશ, નિયમસાર, પંચાસ્તિકાયસંગ્રહ, સમયસાર કળશ-ટીકા વગેરે ગ્રંથો પર પણ અનેકવાર પ્રવચનો કર્યા છે.

દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર તેમજ કુંદકુંદાદિ આચાર્યોના ગહન શાસ્ત્રોનું રહસ્યોદ્‌ઘાટન કરનાર આ મહાપુરુષની ભવતાપવિનાશક અમૃતવાણીને ભાઈશ્રી નવનીતભાઈ ઝવેરીની દીર્ઘદષ્ટિને કારણે શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ દ્વારા ઈ.સ.૧૯૫૯ થી ૧૯૮૦ સુધી નિયમિત રીતે ટેપમાં ઉતારી લેવામાં આવી છે. જેના પ્રતાપે આજે આપણી પાસે ૯૦૦૦ થી વધુ પ્રવચનો સુરક્ષિતપણે ઉપલબ્ધ છે. આ મંગલ વાણી દેશ-વિદેશના તમામ મુમુક્ષુમંડળોમાં તેમજ લાખો જિજ્ઞાસુ મુમુક્ષુઓના ઘેર-ઘેર ગુંજતી થઈ ગઈ છે. તેથી એટલું તો નક્કી છે કે ભરતક્ષેત્રના ભવ્યજીવોને પંચમ કાળના અંત સુધી આ દિવ્યવાણી જ ભવના અભાવમાં પ્રબળ નિમિત્ત થશે.

આ મહાપુરુષનો ધર્મસંદેશ દેશ-વિદેશના સમસ્ત મુમુક્ષુઓને નિયમિત મળતો રહે તે હેતુથી સૌ પ્રથમ વિ. સં. ૨૦૦૦ના માગશર (ડિસેમ્બર ૧૯૪૩) માસથી 'આત્મધર્મ' નામની માસિક અધ્યાત્મિક-પત્રિકાનું પ્રકાશન સોનગઢથી મુરબ્બી શ્રી રામજીભાઈ માણેકચંદ દોશીના સંપાદન હેઠળ શરૂ થયું. આજે પણ 'આત્મધર્મ' ગુજરાતી તેમજ હિન્દી ભાષામાં નિયમિત રીતે પ્રકાશિત થઈ રહ્યું છે. પૂજ્ય ગુરુદેવશ્રીના દૈનિક પ્રવચનોને પ્રસિદ્ધ કરતું 'શ્રી સદ્‌ગુરુ પ્રવચન પ્રસાદ' સપ્ટેમ્બર ૧૯૫૦ થી નવેમ્બર ૧૯૫૬ સુધી પ્રકાશિત થયું. સ્વાનુભૂતિવિભૂષિત આ ચૈતન્યવિહારી મહાપુરુષની મંગળવાણી વાંચીને તેમજ સાંભળીને હજારો સ્થાનકવાસી, શ્વેતાંબર તથા અન્ય કોમના ભવ્યજીવો પણ તત્ત્વની સમજણપૂર્વક સાચા દિગંબર જૈનધર્મના અનુયાયી થયા. અરે..! મૂળ દિગંબર જૈનો પણ સાચા અર્થમાં દિગંબર જૈન બન્યા.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા દિગંબર આચાર્યો-મુનિવરોના તેમજ આત્માનુભવી પંડિતવર્યોના ગ્રંથો અને પૂજ્ય ગુરુદેવશ્રીના તે ગ્રંથો પરના પ્રવચનોને પુસ્તક રૂપે છપાવવાનું કાર્ય વિ. સં. ૧૯૯૯ (ઈ.સ. ૧૯૪૩)થી શરૂ થયું. આ સત્-સાહિત્ય દ્વારા વીતરાગી તત્ત્વજ્ઞાનની દેશ-વિદેશમાં અપૂર્વ પ્રભાવના થઈ, જે આજે પણ અવિરતપણે ચાલી

રહી છે. પરમાગમોનું ઊંડું રહસ્ય સમજાવીને કૃપાળુ કહાન ગુરુદેવે આપણા સહુ ઉપર કરુણા વરસાવી છે. તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આ એક મહાન આધાર છે અને દિગંબર જૈન સાહિત્યની આ એક અમૂલ્ય સંપત્તિ છે.

દસલક્ષણ પર્યુષણ પર્વ દરમ્યાન ભારતભરમાં અનેક સ્થળોએ પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલા તત્ત્વજ્ઞાનના પ્રચાર માટે પ્રવચનકારો મોકલાય છે. આ પ્રવૃત્તિથી ભારતભરના સમસ્ત દિગંબર સમાજમાં જાગૃતિ આવી છે. આજે પણ દેશ-વિદેશમાં પર્યુષણ પર્વમાં સેંકડો પ્રવચનકાર વિદ્વાનો આ વીતરાગી વાણીનો ડંકો વગાડે છે.

બાળકોમાં તત્ત્વજ્ઞાનના સંસ્કારોનું સિંચન થાય તે હેતુથી સોનગઢમાં વિ. સં. ૧૯૯૭ (ઈ. સ. ૧૯૪૧)ના મે માસના વેકેશનથી ૨૦ દિવસના ધાર્મિક શિક્ષણ વર્ગ શરૂ થયા. વડીલો માટેનો પ્રૌઢ શિક્ષણ વર્ગ વિ. સં. ૨૦૦૩ના શ્રાવણ માસમાં શરૂ કરવામાં આવેલ છે.

સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ના ફાગણ સુદ બીજના રોજ નૂતન દિગંબર જિનમંદિરમાં કહાનગુરુના મંગળ હસ્તે શ્રી સીમંધરાદિ ભગવંતોની પંચકલ્યાણક વિધિપૂર્વક પ્રતિષ્ઠા થઈ. તે સમયે સૌરાષ્ટ્રમાં માંડ ચાર-પાંચ દિગંબર જિનમંદિરો હતા અને દિગંબર જૈનો તો ભાગ્યે જ જોવા મળતા હતાં. આવા ક્ષેત્રે ગુરુદેવશ્રીની પાવન પ્રેરણાથી પ્રથમ જિનમંદિર બને છે અને બપોરે પ્રવચન બાદ જિનમંદિરમાં અડધો કલાક ભક્તિ થાય છે, જેમાં જિનવરભક્ત ગુરુરાજ હંમેશા હાજર રહે છે. ઘણીવાર તેઓશ્રી અતિભાવવાહી ભક્તિપાન કરાવતાં. આમ, ગુરુદેવશ્રીનું જીવન નિશ્ચય-વ્યવહારની અપૂર્વ સંધિપૂર્વકનું હતું.

ઈ. સ. ૧૯૪૧ થી ઈ. સ. ૧૯૮૦ દરમ્યાન સૌરાષ્ટ્ર-ગુજરાત ઉપરાંત ભારત દેશના અનેક શહેરોમાં તથા વિદેશમાં (નાઈરોબીમાં) એમ કુલ ૬૬ દિગંબર જિનમંદિરોની મંગળ પ્રતિષ્ઠા, આ વીતરાગમાર્ગ પ્રવર્તક સત્પુરુષના પવિત્ર કરકમળ દ્વારા થઈ.

જન્મમરણથી રહિત થવાના સંદેશા નિરંતર સંભળાવનાર આ ચૈતન્યવિહારી પુરુષની મંગળકારી જન્મોત્સવો ઉજવવાની શરૂઆત ૫૯મા વર્ષથી થઈ. ૭૫મા હિરકજયંતી પ્રસંગે સમગ્ર ભારતના જૈન સમાજ દ્વારા ચાંદી જડિત એક આઠસો પાનાનો દળદાર 'અભિનંદન ગ્રંથ' આ ભાવિ તીર્થાધિનાથને ભારત સરકારના તત્કાલીન ગૃહમંત્રી શ્રી લાલબહાદુર શાસ્ત્રી દ્વારા મુંબઈમાં દેશભરના હજારો ભક્તોની હાજરીમાં અર્પણ થયો.

શ્રી સમ્મેદશીખરજીની યાત્રા નિમિત્તે ઈ. સ. ૧૯૫૭ તથા ઈ. સ. ૧૯૬૭માં એમ બે વખત સમગ્ર ઉત્તર અને પૂર્વ ભારતમાં મંગળ વિહાર કર્યો. તે જ રીતે ઈ. સ. ૧૯૫૯ અને ઈ. સ. ૧૯૬૪માં એમ બે વખત દક્ષિણ અને મધ્ય ભારતમાં મંગળ વિહાર કર્યો. આ મંગળ તીર્થયાત્રાના વિહાર દરમ્યાન લાખો જિજ્ઞાસુ જીવોએ આ સિદ્ધપદના સાધક સંતના દર્શન કર્યા અને તેઓશ્રીની ભવાંતકારી અમૃતમય વાણી સાંભળીને અનેક ભવ્ય જીવોના જીવનની દિશા આત્મ-સન્મુખ થઈ ગઈ. આ સત્પુરુષને અનેક સ્થાનોએથી લગભગ ૮૦ જેટલા અભિનંદન

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પત્ર અર્પણ થયા.

શ્રી વીરપ્રભુના નિર્વાણ બાદ, આ સળંગ ૪૫ વર્ષનો સમય (વીર સંવત ૨૪૬૧ થી ૨૫૦૭ અર્થાત્ ઈ. સ. ૧૯૩૫ થી ૧૯૮૦) વીતરાગમાર્ગની પ્રભાવનાનો સુવર્ણકાળ હતો. જે કોઈ મુમુક્ષુ અધ્યાત્મ તીર્થધામ સુવર્ણપુરી જતા, તેમને તો ત્યાં ચતુર્થ કાળનો જ અનુભવ થતો.

વિ. સં. ૨૦૩૭ના કારતક વદ ૭, (તા. ૨૮-૧૧-૧૯૮૦) શુક્રવારના રોજ, આ પ્રબળ પુરુષાર્થી આત્મજ્ઞ સંતપુરુષ દેહાદિનું લક્ષ છોડી પોતાના જ્ઞાયક ભગવાનના અંતરધ્યાનમાં એકાગ્ર થયા, અતીન્દ્રિય આનંદકંદ નિજ પરમાત્મતત્ત્વમાં લીન થયા. સાંજે આકાશનો સૂર્ય અસ્ત થયો, ત્યારે સર્વજ્ઞપદના સાધક સંતે ભરતક્ષેત્રમાંથી સ્વર્ગપુરીમાં પ્રયાણ કર્યું. તેઓશ્રી વીરશાસનને પ્રાણવંતું કરી અધ્યાત્મયુગનું સર્જન કરતાં ગયાં.

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી આ યુગના એક મહાન અને અસાધારણ વ્યક્તિ હતાં. તેમના બહુમુખી વ્યક્તિત્વની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમણે સત્યથી ખુબ જ દૂર જન્મ લઈને સ્વયંબુદ્ધની જેમ સત્યનું અનુસંધાન કર્યું અને પોતાના પ્રચંડ પુરુષાર્થથી આત્મસાત પણ કર્યું.

આ વિદેહ દશાવંત મહાપુરુષનું અંતર જેટલું ઉજ્જ્વળ હતું તેટલું બાહ્યજીવન પણ પવિત્ર છે; પવિત્રતા અને પુણ્યનો સહજ યોગ આ કળિકાળમાં ભાગ્યે જ જોવા મળે છે. તેમની અત્યંત નિયમિત દિનચર્યા, સાત્વિક અને પરિમિત આહાર, આગમ સંમત સંભાષણ, કરુણ અને સુકોમળ હૃદય, તેમના વિરલ વ્યક્તિત્વના અભિન્ન અવયવો હતા. શુદ્ધાત્મતત્ત્વનું નિરંતર ચિંતન અને સ્વાધ્યાય એ જ તેમનું જીવન હતું. જૈન શ્રાવકના પવિત્ર આચાર પ્રત્યે તેઓશ્રી હંમેશા સતર્ક અને સાવધાન હતા. તેઓ જગતની પ્રશંસા કે નિંદાથી અપ્રભાવિત, માત્ર પોતાની સાધનામાં જ તત્પર રહ્યા. ભાવલિંગી મુનિઓના તેઓ દાસાનુદાસ ઉપાસક હતા.

આચાર્ય ભગવંતોએ જે મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે તેને આ અનુભૂતિ વિભૂષિત સંતપુરુષે પોતાના શુદ્ધાત્મતત્ત્વની અનુભૂતિના આધારે, સાતિશય જ્ઞાન અને વાણી દ્વારા, યુક્તિ ને ન્યાયથી સર્વ પ્રકારે સમજાવ્યો છે. દ્રવ્યની સ્વતંત્રતા, દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, ક્રમબદ્ધપર્યાય, કારણશુદ્ધપર્યાય, આત્માનું શુદ્ધ સ્વરૂપ, સમ્યગ્દર્શન અને તેનો વિષય, સમ્યગ્જ્ઞાન અને જ્ઞાનનું સ્વ-પરપ્રકાશકપણું ઈત્યાદિ સમસ્ત તેઓશ્રીના પરમ પ્રતાપે આ કાળે સત્યરૂપે બહાર આવ્યું છે. આજે દેશ-વિદેશમાં લાખો જીવો મોક્ષના માર્ગને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છે, તે તેઓશ્રીનો જ પરમ પ્રતાપ છે.

સમગ્ર જીવન દરમ્યાન આ ગુણવંતા જ્ઞાનીપુરુષે બહુ જ અલ્પ લખ્યું છે, કેમકે તેઓશ્રીને તો તીર્થંકરની વાણી જેવો યોગ હતો. તેમની અમૃતમય મંગળવાણીનો પ્રભાવ જ એવો હતો કે સાંભળનાર તેનું રસપાન કરતાં થાકતા જ નહિ. દિવ્યભાવશ્રુત જ્ઞાનધારી આ પુરાણપુરુષે

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

પોતે જ પરમાગમના આ સારભૂત સિદ્ધાંતો લખાવ્યા છે :

૧. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે નહિ, સ્પર્શે નહિ.

૨. દરેક દ્રવ્યની દરેક પર્યાય ક્રમબદ્ધ જ થાય છે.

૩. ઉત્પાદ, ઉત્પાદથી છે, વ્યયથી કે ધ્રુવથી નથી.

૪. ઉત્પાદ પોતાના ષટ્કારકના પરિણમનથી થાય છે.

૫. પર્યાયના અને ધ્રુવના પ્રદેશ ભિન્ન છે.

૬. ભાવશક્તિના કારણે પર્યાય હોય જ છે, કરવી પડતી નથી.

૭. ભૂતાર્થના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે.

૮. ચારે અનુયોગનું તાત્પર્ય વીતરાગતા છે.

૯. સ્વદ્રવ્યમાં પણ દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદ પાડવા તે અન્યવશપણું છે.

૧૦. ધ્રુવનું આલંબન, પણ વેદન નહિ, અને પર્યાયનું વેદન, પણ આલંબન નહિ.

આ અધ્યાત્મયુગસર્જક મહાપુરુષે પ્રકાશેલ સ્વાનુભૂતિનો પાવન પંથ જગતમાં સદા જયવંત વર્તો!

તીર્થંકર શ્રી મહાવીર ભગવાનની દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર શાસન સ્તંભ શ્રી કહાન ગુરુદેવ ત્રિકાળ જયવંત વર્તો!

સત્પુરુષનો પ્રભાવના ઉદય જયવંત વર્તો!

# જીવ અધિકાર
## વિષયાનુક્રમણિકા


| | |
|---|---|
| કલશ-૧ | શાશ્વત વસ્તુ શુદ્ધાત્મ વંદના. |
| કલશ-૨ | સદાકાળ પ્રકાશક જિનવાણી વંદન. |
| કલશ-૩ | શુદ્ધ સ્વરૂપ પ્રાપ્તિની ભાવના. |
| કલશ-૪ | આસન્નભવ્ય જીવને પ્રત્યક્ષ સ્વરૂપલાભ. |
| કલશ-૫ | નિશ્ચયથી જીવ વસ્તુ નિર્વિકલ્પ, વ્યવહાર કથન હસ્તાવલંબ માત્ર. |
| કલશ-૬ | ગુણ-ગુણી ભેદ છોડવાથી શુદ્ધાત્માનુભૂતિથી સમ્યગ્દર્શન. |
| કલશ-૭ | નવ તત્ત્વોમાં છુપાયેલી શુદ્ધ ચેતનામાત્ર વસ્તુ. |
| કલશ-૮ | શુદ્ધ જ્ઞાનચેતનામાત્ર અનુભવરૂપ, ભેદદષ્ટિ નહિ. |
| કલશ-૯ | અનુભવગોચર આત્મા જલ્પો તથા વિકલ્પોથી સાધ્ય નથી. |
| કલશ-૧૦ | શુદ્ધ જીવવસ્તુ પ્રતિપાદક જ શુદ્ધનય. |
| કલશ-૧૧ | સર્વ જીવો નિજ શુદ્ધરૂપનું સંવેદન કરો, તે વિભાવોમાં નથી. |
| કલશ-૧૨ | ભેદજ્ઞાનપૂર્વક શુદ્ધ જીવત્વનો અનુભવ જ જાણવાયોગ્ય છે. |
| કલશ-૧૩ | નિરૂપાધિ જીવત્વનો સાક્ષાત્કાર જ આત્માનુભૂતિ. |
| કલશ-૧૪ | શુદ્ધ સ્વરૂપાનુભૂતિ જ ઉપાદેય, બાકી બધું હેય. |
| કલશ-૧૫ | મોક્ષની ઉપાદેયતા અર્થાત્ નિજ ચૈતન્યનો અનુભવ. |
| કલશ-૧૬ | જ્ઞાન, દર્શન, ચારિત્રની મલિન પરિણતિ વ્યવહાર, સ્વરૂપમાં અભેદ પરિણતિ નિશ્ચય. |
| કલશ-૧૭ | દ્રવ્યદષ્ટિથી જીવ અખંડ શુદ્ધ જ છે, ભેદદષ્ટિથી જ્ઞાનાદિ કહ્યા. |
| કલશ-૧૮ | પરમાર્થથી શુદ્ધ તથા અભેદ આત્મા જ નિશ્ચયનું સાધ્ય. |
| કલશ-૧૯ | શુદ્ધતા તથા અશુદ્ધતા—બન્ને નયપક્ષપાતરૂપ વિકલ્પ છે, અનુભવ નહિ. |
| કલશ-૨૦ | આત્માના પ્રત્યક્ષ આસ્વાદરૂપ અનુભવ માટે દઢ ભાવના કરો, અન્યથા સ્વરૂપની પ્રાપ્તિ અસંભવ. |
| કલશ-૨૧ | આસન્નભવ્ય અનુભવી જીવના જ્ઞાનમાં પદાર્થ પ્રતિબિંબિત થવા છતાં તે નિર્વિકાર જ રહે છે. |
| કલશ-૨૨ | પ્રત્યેક સંસારી જીવો! તત્કાળ મિથ્યાત્વ છોડો. |

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



| | |
|---|---|
| કલશ-૨૩ | શરીરથી ભિન્ન આત્માનુભૂતિ મિથ્યાત્વના નાશનું કારણ છે. |
| કલશ-૨૪ | શરીરની સ્તુતિમાં પરમાત્માની સ્તુતિ માનવી મિથ્યાત્વ છે. |
| કલશ-૨૫ | જેમ કે નગરનું વર્ણન કરવાથી રાજાની સ્તુતિ નથી થતી. |
| કલશ-૨૬ | જ્ઞાનસ્વભાવની સ્તુતિથી જ આત્માની સ્તુતિ થાય છે. |
| કલશ-૨૭ | મિથ્યાદષ્ટિ જીવ દેહની સ્તુતિથી પરમાત્માની સ્તુતિ માને છે—તેનું નિશ્ચય-વ્યવહારના ભેદ સમજવાથી નિવારણ થાય છે. |
| કલશ-૨૮ | આ ભેદના જ્ઞાનથી નિજ-નિધિ પ્રગટ થાય છે. |
| કલશ-૨૯ | આ સહજ નિજ પરિણતિની પ્રાપ્તિને દૃષ્ટાંતપૂર્વક સમજાવે છે. |
| કલશ-૩૦ | વિભાવ પરિણતિ છૂટી જવાથી આત્મા સ્વસંવેદન પ્રત્યક્ષ થાય છે. |
| કલશ-૩૧ | જેવું શુદ્ધ જીવદ્રવ્ય છે, તેવું જ પર્યાયમાં અનુભવમાં આવે છે. |
| કલશ-૩૨ | સદાકાળ પ્રત્યક્ષ શુદ્ધાંગ સ્વરૂપ દૃષ્ટિમાં પ્રગટ થાય છે, આને દૃષ્ટાંતપૂર્વક સમજાવે છે. |

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

# અનુક્રમણિકા


| પ્રવચન નં. | તારીખ | કલશ | પૃષ્ઠ સંખ્યા |
|---|---|---|---|
| ૧ | ૦૫-૦૩-૧૯૬૫ | કલશ-૧ | ૦૦૧ |
| ૨ | ૦૬-૦૩-૧૯૬૫ | કલશ-૧ | ૦૧૬ |
| ૩ | ૦૭-૦૩-૧૯૬૫ | કલશ-૧ -૨ | ૦૩૧ |
| ૪ | ૦૮-૦૩-૧૯૬૫ | કલશ-૩ | ૦૪૭ |
| ૫ | ૦૯-૦૩-૧૯૬૫ | કલશ-૪ | ૦૬૦ |
| ૬ | ૧૦-૦૩-૧૯૬૫ | કલશ-૪-૫ | ૦૭૭ |
| ૭ | ૧૩-૦૩-૧૯૬૫ | કલશ-૫-૬ | ૦૯૪ |
| ૮ | ૧૪-૦૩-૧૯૬૫ | કલશ-૬ | ૧૦૯ |
| ૯ | ૧૫-૦૩-૧૯૬૫ | કલશ-૭-૮ | ૧૨૨ |
| ૧૦ | ૧૬-૦૩-૧૯૬૫ | કલશ-૮ | ૧૩૯ |
| ૧૧ | ૧૭-૦૩-૧૯૬૫ | કલશ-૮-૯ | ૧૫૫ |
| ૧૨ | ૧૮-૦૩-૧૯૬૫ | કલશ-૯ | ૧૭૧ |
| ૧૩ | ૧૯-૦૩-૧૯૬૫ | કલશ-૯-૧૦ | ૧૮૬ |
| ૧૪ | ૨૦-૦૩-૧૯૬૫ | કલશ-૧૦-૧૧ | ૨૦૨ |
| ૧૫ | ૨૧-૦૩-૧૯૬૫ | કલશ-૧૧-૧૨ | ૨૧૭ |
| ૧૬ | ૨૨-૦૩-૧૯૬૫ | કલશ-૧૨ | ૨૩૨ |
| ૧૭ | ૨૩-૦૩-૧૯૬૫ | કલશ-૧૨-૧૩ | ૨૪૬ |
| ૧૮ | ૨૪-૦૩-૧૯૬૫ | કલશ-૧૩-૧૪ | ૨૬૪ |
| ૧૯ | ૨૫-૦૩-૧૯૬૫ | કલશ-૧૪ | ૨૭૯ |
| ૨૦ | ૨૬-૦૩-૧૯૬૫ | કલશ-૧૫-૧૬ | ૨૯૪ |

| | | | |
|---|---|---|---|
| ૨૧ | ૨૭–03–૧૯૬૫ | કલશ–૧૬થી૧૮ | ૩૧૧ |
| ૨૨ | ૨૮–03–૧૯૬૫ | કલશ–૧૯ | ૩૨૬ |
| ૨૩ | ૨૯–03–૧૯૬૫ | કલશ–૨૦–૨૧ | ૩૪૧ |
| ૨૪ | 30–03–૧૯૬૫ | કલશ–૨૧–૨૨ | ૩૫૭ |
| ૨૫ | ૩૧–03–૧૯૬૫ | કલશ–૨૨–૨૩ | ૩૭૪ |
| ૨૬ | 0૧–0૪–૧૯૬૫ | કલશ–૨૩ | ૩૯૧ |
| ૨૭ | 0૨–0૪–૧૯૬૫ | કલશ–૨૪થી૨૭ | ૪0૫ |
| ૨૮ | 03–0૪–૧૯૬૫ | કલશ–૨૭ | ૪૨૭ |
| ૨૯ | 0૪–0૪–૧૯૬૫ | કલશ–૨૮ | ૪૪૩ |
| 30 | 0૫–0૪–૧૯૬૫ | કલશ–૨૯ | ૪૫૮ |
| ૩૧ | 0૬–0૪–૧૯૬૫ | કલશ–૨૯–30 | ૪૭૫ |
| ૩૨ | 0૭–0૪–૧૯૬૫ | કલશ–30–૩૧ | ૪૯૧ |
| ૩૩ | 0૮–0૪–૧૯૬૫ | કલશ–૩૧–૩૨ | ૫0૬ |
| ૩૪ | 0૯–0૪–૧૯૬૫ | કલશ–૩૨–૩૩ | ૫૨૩ |

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



# શ્રી સમયસારજી–સ્તુતિ

(હરિગીત)

સંસારી જીવનાં ભાવમરણો ટાળવા કરુણા કરી,
સરિતા વહાવી સુધા તણ પ્રભુ વીર! તેં સંજીવની;
શોષાતી દેખી સરિતને કરુણાભીના હૃદયે કરી,
મુનિકુંદ સંજીવની સમયપ્રાભૃત તણે ભાજન ભરી.

(અનુષ્ટુપ)

કુંદકુંદ રચ્યું શાસ્ત્ર, સાથિયા અમૃતે પૂર્યા,
ગ્રંથાધિરાજ! તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા.

(શિખરિણી)

અહો! વાણી તારી પ્રશમરસ-ભાવે નીતરતી,
મુમુક્ષુને પાતી અમૃતરસ અંજલિ ભરી ભરી;
અનાદિની મૂર્છા વિષ તણી ત્વરાથી ઊતરતી,
વિભાવેથી થંભી સ્વરૂપ ભણી દોડે પરિણતિ.

(શાર્દૂલવિક્રિડિત)

તું છે નિશ્ચયગ્રંથ ભંગ સઘળા વ્યવહારના ભેદવા,
તું પ્રજ્ઞાછીણી જ્ઞાન ને ઉદયની સંધિ સહુ છેદવા;
સાથી સાધકનો, તું ભાનુ જગનો, સંદેશ મહાવીરનો,
વિસામો ભવક્લાંતના હૃદયનો, તું પંથ મુક્તિ તણો.

(વસંતતિલકા)

સુણ્યે તને રસનિબંધ શિથિલ થાય,
જાણ્યે તને હૃદય જ્ઞાની તણાં જણાય;
તું રુચતાં જગતની રુચિ આળસે સૌ,
તું રીઝતાં સકલ જ્ઞાયકદેવ રીઝે.

(અનુષ્ટુપ)

બનાવું પત્ર કુંદનના, રત્નોના અક્ષરો લખી;
તથાપિ કુંદસૂત્રોનાં અંકાયે મૂલ્ય ના કદી.

**—હિંમતલાલ જેઠાલાલ શાહ**

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates

પંડિતપ્રવર શ્રી રાજમલજી કૃત ટીકાના
ગુજરાતી અનુવાદ સહિત
શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવ વિરચિત
પરમ પૂજ્ય પરમ ઉપકારી શાસનસમ્રાટ અધ્યાત્મયોગી સદ્ગુરુદેવ
શ્રી કાનજીસ્વામીના
શ્રી સમયસાર-કલશ ગ્રંથ ઉપરના ઈ.સ. ૧૯૬૫-૬૬ની સાલના
અક્ષરશઃ પ્રવચનો

# અમૃત-કલશ

(ભાગ-૧)

-૧-

## જીવ અધિકાર

વીર સંવત-૨૪૯૧, ફાગણ સુદ ૨, શુક્રવાર,
તા. ૫-૩-૧૯૬૫, કલશ-૧
પ્રવચન નં. ૧

(અનુષ્ટુપ)

नमः समयसाराय स्वानुभूत्या चकासते।
चित्स्वभावाय भावाय सर्वभावान्तरच्छिदे।।१।।

ખંડાન્વય સહિત અર્થ :—''भावाय नमः'' (भावाय) પદાર્થ. પદાર્થ સંજ્ઞા છે સત્ત્વસ્વરૂપની. એથી આ અર્થ ઠર્યો—જે કોઈ શાશ્વત વસ્તુરૂપ, તેને મારા (नमः) નમસ્કાર. તે વસ્તુરૂપ કેવું છે? ''चित्स्वभावाय'' (चित्) જ્ઞાન-ચેતના તે જ છે (स्वभावाय) સ્વભાવ-સર્વસ્વ જેનું, તેને મારા નમસ્કાર. આ વિશેષણ કહેતાં બે સમાધાન થાય છે :— એક તો 'ભાવ' કહેતાં પદાર્થ; તે પદાર્થ કોઈ ચેતન છે, કોઈ અચેતન છે; તેમાં ચેતન પદાર્થ નમસ્કાર કરવા યોગ્ય છે એવો અર્થ

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઊપજે છે. બીજું સમાધાન આમ છે કે યદ્યપિ વસ્તુનો ગુણ વસ્તુમાં ગર્ભિત છે, વસ્તુ ગુણ એક જ સત્ત્વ છે, તથાપિ ભેદ ઉપજાવીને કહેવા યોગ્ય છે; વિશેષણ કહ્યા વિના વસ્તુનું જ્ઞાન ઊપજતું નથી. વળી કેવો છે 'ભાવ'? ''समयसाराय'' જોકે 'સમય' શબ્દના ઘણા અર્થ છે તોપણ આ અવસરે 'સમય' શબ્દથી સામાન્યપણે જીવાદિ સકળ પદાર્થ જાણવા. તેમાં જે કોઈ 'સાર' છે, 'સાર' કહેતાં ઉપાદેય છે જીવવસ્તુ, તેને મારા નમસ્કાર. આ વિશેષણનો આ ભાવાર્થ છે-સાર પદાર્થ જાણી ચેતન પદાર્થને નમસ્કાર પ્રમાણ રાખ્યા; અસારપણું જાણી અચેતન પદાર્થને નમસ્કાર નિષેધ્યા. હવે કોઈ વિતર્ક કરે કે 'બધાય પદાર્થ પોતપોતાના ગુણપર્યાયે વિરાજમાન છે, સ્વાધીન છે, કોઈ કોઈને આધીન નથી; તો જીવ પદાર્થને સારપણું કઈ રીતે ઘટે છે?' તેનું સમાધાન કરવા માટે બે વિશેષણ કહે છે :- વળી કેવો છે 'ભાવ'? ''स्वानुभूत्या चकासते, सर्वभावान्तरच्छिदे'' (स्वानुभूत्या) આ અવસરે 'સ્વાનુભૂતિ' કહેતાં નિરાકુલત્વ-લક્ષણ શુદ્ધાત્મપરિણમનરૂપ અતીન્દ્રિય સુખ જાણવું, તે-રૂપે (चकासते) અવસ્થા છે જેની; (सर्वभावान्तरच्छिदे) 'સર્વ ભાવ' અર્થાત્ અતીત-અનાગત-વર્તમાન પર્યાય સહિત અનન્ત ગુણે વિરાજમાન જેટલા જીવાદિ પદાર્થ, તેની 'અન્તરછેદી' અર્થાત્ એક સમયમાં યુગપદ્ પ્રત્યક્ષરૂપે જાણનશીલ જે કોઈ શુદ્ધ જીવવસ્તુ, તેને મારા નમસ્કાર. શુદ્ધ જીવને 'સાર'પણું ઘટે છે. સાર અર્થાત્ હિતકારી, અસાર અર્થાત્ અહિતકારી. ત્યાં હિતકારી સુખ જાણવું, અહિતકારી દુઃખ જાણવું; કારણ કે અજીવ પદાર્થને---પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ, કાળને—અને સંસારી જીવને સુખ નથી, જ્ઞાન પણ નથી, અને તેમનું સ્વરૂપ જાણતાં જાણનહાર જીવને પણ સુખ નથી, જ્ઞાન પણ નથી, તેથી તેમને 'સાર'પણું ઘટતું નથી. શુદ્ધ જીવને સુખ છે, જ્ઞાન પણ છે, તેને જાણતાં—અનુભવતાં જાણનહારને સુખ છે, જ્ઞાન પણ છે, તેથી શુદ્ધ જીવને 'સાર'પણું ઘટે છે.

## કલશ-૧ ઉપર પ્રવચન

આ એક સમયસાર શાસ્ત્રના કળશો છે. ભગવાન કુંદકુંદાચાર્ય સંવત ૪૯માં ભરતક્ષેત્રમાં વિદ્યમાન મુનિ હતા, આચાર્ય હતા. એમણે સમયસાર બનાવ્યું. એમાં ૪૧૫ શ્લોક રચ્યા. એની ટીકા પછી આજ પહેલા ૯૦૦ વર્ષ અને ભગવાન કુંદકુંદાચાર્ય પછી ૧૧૦૦ વર્ષ પછી અમૃતચંદ્રાચાર્ય મુનિ મહા ધર્મધુરંધર અનેકાંત અમૃતને પીનાર અનેકાંતરૂપી અમૃતને પીનાર અને એકાંતનું ઝેર નાશ કરનાર, એવા અમૃતચંદ્રાચાર્ય... આ તો નામ આવ્યું ને અમૃતચંદ્રાચાર્ય એટલે, એવા મુનિ ૯૦૦ વર્ષ પહેલાં જાણે ચાલતા સિદ્ધ હોય! એવી જેની અંતર ચારિત્રદશા

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

હતી અને એમને વિકલ્પ આવ્યો આ ટીકા કરું. ટીકા તો શબ્દો છે ઈ છે. નિમિત્તથી કહેવાય કે એમણે કરી. કર્તા નથી.

એ ટીકામાં, દેરાસરરૂપ જેમ ટીકા (હોય) તેના માથે કળશરૂપે આ શ્લોકો બનાવ્યા. કળશ માથે દેરાસરને માથે હોય એમ આ કળશ બનાવ્યા. એ કળશોની હિન્દી ટીકા આજ પહેલાં બનારસીદાસ પહેલા ૩૦૦-૩૫૦ વર્ષ પહેલાં રાજમલ એક મહા જૈન ધર્મના મર્મી થઈ ગયા. એમણે આ હિન્દી પુરાણી ઢુંઢારી ભાષામાં જયપુરના આસપાસના ગામડાની ભાષામાં રચી. એમણે કળશદીઠ ઘણાં ભાવો ગંભીર આત્મસ્પર્શી ભાવોને ત્યાં સમાધાન કર્યું છે. એની આપણે અહીંયા ચાલતી ભાષામાં થોડું ફૂલચંદજીએ કર્યું છે, મૂળ તો આપણે પંડિતજી હિંમતભાઈનું છે. વાક્યાવલી આદિ બધી સંધિનું પ્રયત્ન અને ઘણાં (પ્રકારે) એમણે એ રીતે (કર્યું છે). એ કળશટીકા અહીંયા ઘણા વર્ષથી છપાયેલી તો હતી. ઢુંઢારી ભાષાને લઈને લોકો ન સમજે. અત્યારે છપાણી એનો નિયમ, ક્રમ હોય ત્યારે આવે ને. અત્યારે આવી. આ કળશટીકા અત્યારે મંગળાચરણ તરીકે, નમઃ સમયસારાય તો હંમેશા મંગળાચરણ તરીકે અમારે આવે છે પહેલું. સમજાય છે?

એ આજ ફાગણ સુદ-૨, ભગવાનના મંદિરનું ૨૫મું વર્ષ બેઠું અને આ કળશટીકાની શરૂઆતનું મંગળાચરણ થાય છે. એનો અર્થ. રાજમલની ટીકામાંથી બનારસીદાસે પોતે સમયસાર નાટક બનાવ્યું. બનાવતાં એમણે કહ્યું કે પાંડે રાજમલ જૈનધર્મી, સમયસાર નાટકકે મર્મી. આ શબ્દ વાપર્યો છે. બનારસીદાસ. જે અધ્યાત્મદૃષ્ટિમાં મહા પ્રવીણ અને વિચક્ષણ એમણે પણ આ રાજમલ આ ટીકા કરનાર, હિન્દીની ટીકા કરનાર એને માટે આ એક વિશેષણ વાપર્યું છે. પાંડે રાજમલ. જૈનધર્મી. વસ્તુ સ્વરૂપ જે જૈનધર્મ છે એમાં એ પંડિત થયા છે એમ કહ્યું. અને સમયસાર એટલે આત્મા અથવા સમયસાર શાસ્ત્ર. સમયસાર નાટકકે મર્મી. શ્રીમદ્દે કહ્યું છે ને કેટલી વાર કે શાસ્ત્રમાં ધર્મ છે પણ મર્મ નથી. મર્મ જ્ઞાનીના હૃદયમાં છે. એ પદ છે. શાસ્ત્રમાં ધર્મ છે પણ ધર્મનો મર્મ તો જ્ઞાનીએ પોતાના જ્ઞાનમાં રાખ્યો છે. સમજાણું? એનો એ રાજમલે તો મર્મ ખોલી નાખ્યો છે. જે જ્ઞાનમાં હતો. આનંદના અનુભવની દૃષ્ટિ... સમજાણુ કાંઈ? એણે તો આ બધો મર્મ ખોલી નાખ્યો છે. દરેક શબ્દના મર્મને ખોલીને જગત પાસે સત્ય વાત પ્રસિદ્ધ કરી. આત્મખ્યાતિ છે એટલે પ્રસિદ્ધ કરી છે. સમજાય છે કાંઈ?

એની આ પહેલા કળશની મંગળાચરણ તરીકે અમૃતચંદ્રાચાર્યનું મંગળાચરણ (છે). આહા..હા..! સમજાય છે? એકલો અતીન્દ્રિય આત્મરસ જેમાં ઝરે છે. એવો અમૃતસ્વરૂપ ભગવાન આત્મા, જેના અંતર ધ્રુવ સ્વભાવમાં એકલું અમૃત (ભર્યું છે). અમૃત એટલે ન મરે, મૃત્યુ ન થાય અને જગતમાં કોઈ ઉપમાવાળી ચીજ નહિ. એવી આ ચીજ અમૃતચંદ્રનો આત્મા છે અંદર. એને અમૃત-આત્મા કહેવામાં આવે છે. અમૃતચંદ્ર ઉદય. આત્મા અમૃતસ્વરૂપ

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અખંડ આનંદમય એ રૂપી ચંદ્ર નામ શીતળ, શીતળ એનો આ ઉદય થાય છે.

એમાં પહેલા શ્લોકમાં અલૌકિક વાત (કરી છે). હતા ગૃહસ્થાશ્રમમાં. પણ ગૃહસ્થાશ્રમમાં પણ આત્મા તો આત્મા છે. ઈ ક્યાં ગૃહસ્થાશ્રમમાં ગરી ગયો છે? સમજાય છે કાંઈ? પૂર્ણાનંદ પ્રભુ ચિદાનંદ જ્યોત આત્મા એક સેકંડના અસંખ્ય ભાગમાં આનંદમૂર્તિ શાંત. જેમ બરફની પાટ શીતળ શાંત શીતળથી ભરેલી (હોય), એમ ભગવાન આત્મા અંતરનો સ્વભાવ અકષાય શાંતરસથી અને આનંદરસથી (ભરેલો છે). શાંતરસમાં ચારિત્ર આવ્યું અને આનંદરસમાં સુખ આવ્યું. શાંતરસથી ભરેલો ધ્રુવ સ્વભાવ અને આનંદ અતીન્દ્રિયના આહ્લાદ સુખરૂપ આપે એવો અતીન્દ્રિય આનંદથી ભરેલો પદાર્થ (છે). એવા અમૃતચંદ્રાચાર્ય એવો આ આત્મા એની આ સ્પષ્ટીકરણ ટીકા અમૃતચંદ્રાચાર્યે કરી એ આત્માની જ ટીકા કરી છે. સમજાણું કાંઈ?

એનો પહેલો ૐ નમસ્કાર કર્યો છે. પંચપરમેષ્ઠી ૐ શબ્દમાં સમાઈ જાય છે. પંચપરમેષ્ઠી આત્માનું સ્વરૂપ છે. એ આત્માનું સ્વરૂપ ૐમાં સમાઈ જાય છે. એથી પહેલો **નમસ્કાર ૐ** પંચ પરમેષ્ઠીને કર્યો. મહા પ્રધાન પંચપરમેષ્ઠી. અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ. જગતના ધર્મ ધુરંધર ધર્મ-થાંભલા એવા પાંચ પરમેષ્ઠી જે આત્મદશાવંત હતા એને અહીંયા ૐમાં સમાવીને પહેલો ૐને સ્મૃતિમાં યાદ કરે છે. **'પંડિતપ્રવર...'** પંડિતમાં પણ પ્રવર. પ્ર એટલે પ્રધાન. **'શ્રી રાજમલ્લજી કૃત ટીકા...'** જુઓ ભાઈ! આ અર્થ આવી ગયો. **'કૃત ટીકાના ગુજરાતી અનુવાદ સહિત.'** એમ કહ્યું. ફૂલચંદજીએ પોતે અનુવાદ કર્યો છે એમ નથી. એટલે કોઈ ટીકા કરે કે આ અનુવાદ... **'રાજમલ્લજી કૃત ટીકાના ગુજરાતી અનુવાદ સહિત'**. વર્તમાન ચાલતી હિન્દીમાં એમણે અનુવાદ કર્યો. અનુવાદ પોતે સીધો કર્યો નથી.

**'શ્રી સમયસાર-કલશ'**. એવા **'શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવ વિરચિત'**. શ્રીમદ્. શ્રી-સ્વરૂપવાળા અમૃતચંદ્રાચાર્ય. અમૃત આનંદનો સૂર્ય ઊગ્યો છે, ચંદ્ર જેમાં, એવા દિવ્ય શક્તિવંત એમણે વિરચિત નામ વિશેષે રચ્યું છે એવું શ્રી સમયસાર-કળશ. **'૧-જીવ અધિકાર'**.

(અનુષ્ટુપ)

**नमः समयसाराय स्वानुभूत्या चकासते।**
**चित्स्वभावाय भावाय सर्वभावान्तरच्छिदे।।१।।**

ઓ..હો..હો..! એક કળશમાં અસ્તિપણાની જ સિદ્ધિ કરી છે. અસ્તિ એટલે આ આત્મા આવો હોય, આવો છે. એમાં આ નથી એ વાત નથી કરી. અસ્તિમાં નાસ્તિનું જ્ઞાન આવી જાય છે. સત્તાના સ્વભાવમાં આત્મા સત્તાવાન એના સ્વભાવના સામર્થ્યના ભાનમાં એમાં શું નથી તેનું જ્ઞાન અસ્તિ જ્ઞાન કરતાં નાસ્તિનું જ્ઞાન નવું કરવું પડતું નથી. એમાં આવી જાય છે. આહા..હા...! જરી ઝીણી લોજીકથી વાત છે, હોં! તમે સાંભળ્યું ન હોય. મુંબઈમાં આવું ક્યાં સાંભળે? વિલાયતમાં પણ સંભળાય એવું નથી આ.

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


સર્વજ્ઞ ભગવાન ત્રિલોકનાથ પરમેશ્વર, જેને એક સેકંડના અસંખ્ય ભાગમાં ત્રણકાળ ત્રણલોકનું ચૈતન્ય-જળ, જેમ જળમાં તારા દેખાય છે એ જળની સ્વચ્છતા દેખતા તારા દેખાય છે. તારા દેખવા પડતા નથી. સમજાય છે કાંઈ? આ ભગવાનનું મંગળિક જરી થાય છે પહેલું. સર્વજ્ઞ ભગવાનની જ્ઞાનપર્યાય એની સ્વચ્છતામાં લોકાલોક જણાય. એ સ્વચ્છતાને જોતા લોકાલોક જણાય છે. લોકાલોકને જાણવાનો ઉપયોગ કરતા નથી. સમજાણું કાંઈ? જળની સ્વચ્છતાને જોતા એ સ્વચ્છતામાં તારાગણો જે કરોડો છે.. છે ને? કેટલો આંકડો છે? ઘણો છે આંકડો. તારાઓ. એક ચંદ્ર અને એક સૂર્ય સાથે ક્રોડાક્રોડી તારાઓ છે. સિત્તેર લાખ છપ્પન હજાર ક્રોડાક્રોડી તારા. સીત્તેર લાખ છપ્પન હજાર ક્રોડા ક્રોડ એવા તારા છે, એક ચંદ્ર અને એક સૂર્ય સાથે. એ બધા જળની સ્વચ્છતા દેખતા બધા એમાં જણાય જાય છે.

એમ આ ભગવાન આત્મા, પોતાની અંદર શક્તિમાં જે સ્વચ્છતા નામનો ગુણ છે એ ગુણને ધરનાર આત્મા, એને અવલંબીને.. આવી છે ને ૪૭ શક્તિ? જેમ દર્પણમાં સ્વચ્છતાને લઈને બીજા પ્રતિબિંબો સ્વચ્છતામાં સ્વચ્છતાને દેખતા જણાય છે. એમ ભગવાન આત્મા પોતાના સર્વજ્ઞ સ્વભાવમાં એકાકાર થઈ સર્વજ્ઞપર્યાય સ્વચ્છતામાં પ્રગટ કરી એને દેખતા લોકાલોક એમાં જણાય જાય છે. આહા..હા..! સમજાય છે કાંઈ? રતિભાઈ! આ સર્વજ્ઞની વ્યાખ્યા ચાલે છે. આહા..હા..!

સર્વજ્ઞ. સર્વજ્ઞએ શું જાણ્યું? એની નિર્મળ સ્વચ્છ પર્યાયને જાણી. લોકાલોક એમાં ભેગા જણાઈ ગયા. સમજાય છે કાંઈ? જળની સ્વચ્છતા જોતા તારા જણાય છે. એમ ભગવાન આત્માની જ્ઞાનપર્યાય સ્વચ્છતા તો સ્વભાવમાં પૂર્ણ હતી, પ્રગટરૂપે દશામાં જેણે પ્રગટ કરી, દર્પણના પ્રકાશની પેઠે, એ દર્પણની સ્વચ્છતા જોતાં જેમ પ્રતિબિંબ જણાય છે, એમ ભગવાનના પોતાના જ્ઞાનની નિર્મળતામાં એને જોતા લોકાલોક જણાય જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એવા સર્વજ્ઞ ભગવાનના શ્રીમુખે દિવ્યધ્વનિ નીકળી. એ નિમિત્તથી કથન (છે). નિમિત્ત નૈમિત્તિક સંબંધ. એ વાણીમાં જે આત્માનું સ્વરૂપ અથવા છ દ્રવ્યનું સ્વરૂપ ભગવાને જોયું ત્રિલોકનાથ તીર્થંકરદેવે, એ વાણી દ્વારા આવવા યોગ્ય એ વાત આવી. એમાંથી ગણધરોએ શાસ્ત્ર પોતાની ધારણાની યોગ્યતામાંથી શાસ્ત્ર બનાવ્યા. એ શાસ્ત્રમાંથી કુંદકુંદાચાર્યે સમયસાર બનાવ્યું. એમાંથી આ કળશટીકા (રચાણી). ટીકા (કરનાર) અમૃતચંદ્રચાર્ય અને એના આ કળશ (ચાલે છે).

હવે એમાં પહેલો '**भावाय**' મંગળિકનો શબ્દ છે. દેખો! '**भावाय नमः**'. છે શબ્દ? એ '**भावाय**' બીજી લીટીનો બીજો શબ્દ છે. છે? અને '**नमः**' છે પહેલો શબ્દ. '**भावाय नमः**' એટલે? '**भावाय**' નામ '**पदार्थ.**' ભાવવાળી વસ્તુ, ભાવવાળી વસ્તુ. ભાવ ભાવ. છે, અભાવ નહિ. છે. '**भावाय**' છે. હોય એનું સત્‌પણું હોય ને? ન હોય એનું સત્‌પણું

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


શું? સત્ સત્ પ્રરૂપણા એવો પહેલો શબ્દ ધવલમાં આવે છે. શ્વેતાંબરમાં એ અનુયોગ દ્વારમાં સત્ (આવે છે). જે છે એનું કથન હોય, ન હોય એનું કથન શું? એમ **'भावाय'** વસ્તુ છે. ભાવવાળી છે, ભાવવાળી છે. એ **'भावाय'** એટલે કે **'भावाय'** નામ પદાર્થ. **'नमः'**ની વ્યાખ્યા પછી કરશે. **'भावाय'** નામ પદાર્થ. પદ-અર્થ. પદ એટલે જે શબ્દ હોય તેનો પદાર્થ હોય. વાચક હોય એનું વાચ્ય હોય. સાકર શબ્દ વાચક છે, તેનું વાચ્ય સાકર પદાર્થ છે. સમજાય છે કાંઈ? વાચક સાકર એ શબ્દ છે વાચક, પદ છે. આ પદાર્થ શબ્દ પડ્યો છે ને? પદ છે ઈ. સાકર એનો અર્થ સામે પદાર્થ સાકર છે.

એમ કહે છે કે **'भावाय'**. એટલે પદાર્થ. જીવ શબ્દ છે, તો એ પદાર્થ છે. છ દ્રવ્ય શબ્દ છે તો છ દ્રવ્ય પદાર્થ છે. પદ છે વાચક હોય એનો અર્થ નામ પદાર્થ હોય છે. સમજાય છે કાંઈ? એ **'भावाय'**નો અર્થ પદાર્થ કર્યો, ફક્ત. **'પદાર્થ સંજ્ઞા છે સત્ત્વસ્વરૂપની.'** જુઓ! સત્ પ્રરૂપણા સત્ શબ્દની વ્યાખ્યા લીધી. ભાવ પદાર્થ છે, પદાર્થ છે. એ પદાર્થ સંજ્ઞા છે, પદાર્થ સંજ્ઞા છે. પદમાં કહેલા અર્થની સંજ્ઞા છે સત્ત્વસ્વરૂપની. એનું સત્ત્વ છે, સત્ત્વ છે. સત્ત્વ હોય એને **'भावाय'** કહેવાય, એને પદાર્થ કહેવાય. સત્ત્વ ન હોય અને પદાર્થ કહેવાય એમ હોઈ શકે નહિ. સત્પણું, સત્ત્વ-સત્પણું. સત્પણું છે.

આ તો ટીકા અલૌકિક રીતે કરી છે એણે. સમજાય છે? સાધારણ પદાર્થની પણ વ્યાખ્યા કરી અને મર્મની (પણ એવી કરી છે). આ તમારા પૈસામાં આ ક્યાંય મળે નહિ ન્યાં. આત્મામાં મળે એવું છે. ધૂળમાં ક્યાંય મળે એવું નથી ત્યાં. સમજાણું કાંઈ? એ બધી ધૂળ છે. સાચી વાત હશે? કહે છે કે **'પદાર્થ સંજ્ઞા છે...'** છે એની, એમ કહે છે. છે એનું પદાર્થ નામ છે. સત્ત્વસ્વરૂપ. સત્ત્વ-હોવાપણું. હોવાપણું. પદાર્થ નામ છે હોવાપણાનું. હોવાપણું હોય એને પદાર્થ કહેવાય છે. ન હોય એને પદાર્થ શું (કહે)? સમજાય છે કાંઈ? અહીં તો શરૂઆત જ એવી લીધી છે એમણે. હોવાપણું હોય. એને પદાર્થ નામ અપાય. ન હોય એને પદાર્થ નામ અપાય નહિ.

**'એથી આ અર્થ ઠર્યો-'** તેથી એ અર્થ નક્કી કર્યો, નક્કી સ્થાપ્યો કે **'જે કોઈ શાશ્વત વસ્તુરૂપ,...'** એટલું કાઢ્યું. સત્ત્વરૂપ કીધું ને? સત્ત્વરૂપ-હોવારૂપ. હોવારૂપ કેવો? કે **'જે કોઈ શાશ્વત વસ્તુરૂપ,...'** **'પદાર્થ સંજ્ઞા છે સત્ત્વસ્વરૂપની.'** હોવાપણાની. અને હોવાપણું હોય ઈ શાશ્વત હોય. સમજાય છે કાંઈ? આ રામજીભાઈ કીધું કે ફાગણ સુદ-૨ આ ટીકા આપણે શરૂ કરવી. બધાનું કહેતા એ તો. બધા બહુ માંગણી કરે એટલે. અહીં આવો, અહીં આવો. અરે.. મહારાજ! અમને એક દી આપો. ભાઈ! અમારે બીજનું નક્કી થયું છે. રામજીભાઈને માગીએ છીએ. પણ શું કરવું? ... માને નહિ, એક દી આપો, એક દી. માણસનો પોકાર, પોકાર. આવો રે આવો, એક દી આવો. એક કલાક આવો, બે કલાક આવો. ભાઈ! અમારે એકમ તો ત્યાં જાવું છે.

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

જુઓ! આ મંગળાચરણ. આહા..હા..! આ બધા આવ્યા, જુઓને! વળી આ માંગણી કરી. ન્યાં ન સમાત, હોં! વાત ઈ સાચી. એ **'શાશ્વત વસ્તુરૂપ,...'** આહા..! જુઓ! આ શાશ્વત. બાપુ! જે પદાર્થ હોય એનું સત્ત્વ હોય તો પદાર્થ હોય. હોવાપણું હોય તો પદાર્થ, હોવાપણું હોય તો પદાર્થ. અને હોવાપણું હોય ઈ શાશ્વત હોય. હોવાપણે જે હોય એ આદિ વિના અને અંત વિનાની હોય. છે એની શરૂઆત હોય નહિ, છે એનો અંત હોય નહિ. છે એનો સ્વભાવ વિનાનો હોય નહિ. એ પછી કહેશે. ભાઈ! **'चित्स्वभावाय'**. જુઓ! આ એવી શૈલી કરી છે. **'भावाय'** હોવાપણે પદાર્થ છે. પછી કેવો (કહેશે). ઈ હોવાપણે પદાર્થમાં કેવો સ્વભાવ? ગુણ શું? એ પછી કહેશે. સમજાણું કાંઈ?

કહે છે, અહો..! એ અર્થ નક્કી કર્યો કે **'જે કોઈ શાશ્વત વસ્તુરૂપ,...'** એટલો અર્થ તો **'भावाय'**નો કર્યો. **'भावाय'** એનો અર્થ આટલો કર્યો. અખંડ એકરૂપ વસ્તુ. સત્‌માં ખામી ન રહે એવો શાશ્વત પદાર્થ. **'તેને મારા...'** હવે આવ્યું. **'भावाय'**નો એટલો અર્થ કરી **'नमः'**નો અર્થ હવે કરે છે. **'नमः'** **'તેને...'** એવી શાશ્વત વસ્તુને મારો નમસ્કાર. એને મારો નમસ્કાર. શાશ્વત વસ્તુને મારો નમસ્કાર. એ હજી સામાન્ય વાત આવી. સમજાય છે કાંઈ? **'તેને મારા નમસ્કાર.'** મારો નમસ્કાર. હું પણ એક હયાતીવાળો પદાર્થ છું. શાશ્વત છું. એવા શાશ્વત પદાર્થને મારો નમસ્કાર. એનો અર્થ કે હું જ મને નમું છું. આહા..હા..! હું મને નમું છું. આનંદઘનજી કહે છે એકવાર, સમજાય છે? 'નમો મુજ નમો મુજ રે, અમૃત પદના દાતારની જેને થઈ રે ભેટ રે...' એમ કહ્યું છે એણે. આનંદઘનજીમાં આવે છે. સમજાય છે? 'નમો મુજ નમો મુજ રે' હું મને નમું, હું મને નમું. અહીં હું મને નમું છું. શાશ્વત વસ્તુ છે.. છે.. છે.. છે. ત્રિકાળ છે. છે.. છે.. છેમાં ત્રણકાળ આવી ગયા. છે-ભૂત, છે-વર્તમાન, છે-ભવિષ્ય. એવી શાશ્વત વસ્તુ **'તેને મારા નમસ્કાર.'** મારો નમસ્કાર. આહા..હા..! એમ કહીને હજી ભાવ નથી વર્ણવ્યો. સામાન્ય વાત કરી છે. અને કેવી શાશ્વત વસ્તુ કહીને નમસ્કાર (કરીને) એનો પછી ખુલાસો કરે છે.

**'તે વસ્તુરૂપ કેવું છે?'** જુઓ! વસ્તુ તો છ દ્રવ્ય છે. હવે કેવી વસ્તુને મારો નમસ્કાર? કઈ શાશ્વત વસ્તુને મારો નમસ્કાર? કે **'चित्स्वभावाय'**. જુઓ! ગુણીનો ગુણ ભેદ પાડીને સમજાવ્યું. એ ગુણી એટલે **'भावाय'**, ગુણી એટલે **'भावाय'**, ગુણી એટલે સત્ત્વરૂપ, ગુણી એટલે શાશ્વત પદાર્થરૂપ. પણ એ ગુણીનો ગુણ ક્યો કે એ ગુણીને હું નમસ્કાર કરું છું? સમજાણું કાંઈ? **'તે વસ્તુરૂપ કેવું છે?'** વસ્તુરૂપ કેવું છે? વસ્તુનું રૂપ-સ્વભાવ કેવો છે? એ વસ્તુ કેવી છે? **'चित्स्वभावाय'**. આહા..હા..! **'જ્ઞાન-ચેતના તે જ છે...'** **'चित्'**. **'જ્ઞાન-ચેતના તે જ છે સ્વભાવ-સર્વસ્વ જેનું,...'** આહા..! શું કહે છે? સત્ત્વરૂપ ભાવ. **'भावाय'** એટલે સત્ત્વરૂપ શાશ્વત. એ કેવી ચીજ છે? કે **'चित्स्वभावाय'**. જેનો જ્ઞાનસ્વભાવ છે, જેનો જ્ઞાનસ્વભાવ છે. સ્વભાવવાન એનો જ્ઞાનસ્વભાવ છે. સમજાણું કાંઈ? જ્ઞાનચેતના-

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જ્ઞાનનું ચેતવું. જાણવું-દેખવું એવો એનો સ્વ. સ્વભાવનો શું અર્થ કર્યો? દેખો! **'स्वभावाय'** **'स्व-भावाय'** **'સર્વસ્વ જેનું,...'** એમ. જેનો સર્વ ચેતના જ સ્વભાવ છે આખો. આહા..હા..! સમજાય છે કાંઈ?

**'चित्स्वभावाय'** સર્વસ્વ. એટલે? કે જેનું ચેતના સર્વસ્વ છે. સ્વ-ભાવ કીધો ને? સ્વ-ભાવ. તો સ્વ-સ્વ શું છે? સર્વસ્વ. એ બધું સર્વસ્વ ચેતના જ છે. આખો આત્મા જ્ઞાનમય જ છે. ગળપણમય જ સાકર છે. અફીણ કડવાશમય છે. એમ આત્મા જ્ઞાનચેતનામય જ આત્મા છે. સમજાય છે કાંઈ? **'ચેતના તે જ છે...'** જ્ઞાન-ચેતના પાછું એમ. જોયું? જ્ઞાન કરીને જરી એની વ્યાખ્યા કરી. જ્ઞાન એટલે કે ચેતના. ચેતવું.. ચેતવું એટલે જાગૃત સ્વભાવ, ચેતના સ્વભાવ, ચિદાનંદ સ્વભાવ, જ્ઞાન સ્વભાવ, જ્ઞાન સ્વભાવ. એ **'भावाय'** પદાર્થ. એનો જ્ઞાનસ્વભાવ સર્વસ્વ (છે). જ્ઞાન જેનું સર્વસ્વ છે. આખો આત્મા જ જ્ઞાનમય છે. સમજાણું કાંઈ? પાછું શું કહ્યું?

એ **'ચેતના તે જ છે સ્વભાવ-સર્વસ્વ જેનું,...'** સર્વસ્વ જ એ સ્વરૂપ ચેતના છે. ચેતન **'भावाय'**, ચેતના **'स्वभावाय'**. સમજાણું કાંઈ? ચેતન એ **'भावाय'** પદાર્થ. અને ચેતના એ સ્વભાવ, એ એનો ગુણ છે. અસ્તિ છે. અહીં અસ્તિ સિદ્ધ કરે છે ને. **'भावाय'** અસ્તિ છે, તેમ એનો ચેતના સ્વભાવ પણ અસ્તિ છે. એ ચેતનામય સર્વસ્વ. ચેતનારૂપ જ આત્મા છે, બસ. આખો ભગવાન સર્વસ્વ. જે આખું પૂર્ણ એનું રૂપ. **'ચેતના તે જ છે સ્વભાવ-સર્વસ્વ જેનું,...'** ચેતના છે જેનું પૂર્ણ રૂપ. સમજાય છે આમાં કાંઈ? એટલે એનો ગુણ અને સ્વભાવ એકલો ચેતના જ છે. એ ચેતનામાં બીજા અનંતા ગુણો આવી જાય છે. પણ ચેતના એની પ્રધાનતામાં એ ચેતના એવી તાકાત ધરાવે છે કે પોતાની હયાતી જાણે અને બીજાની હયાતી જાણે એવી ચેતનાસત્તા તે સર્વસ્વ જીવદ્રવ્ય છે. બીજા બધા ગુણો હોવા છતાં તે ગુણ પોતાને ન જાણે અને એક ગુણ બીજાને પણ ન જાણે. એક અસ્તિરૂપે ધરાવે પણ અસ્તિ હોવા છતાં આનંદ અને શાંતિ સ્વને ન જાણે અને પરને પણ ન જાણે. પણ ચેતના એક એવો ગુણ છે-એનો સ્વભાવ કે એ સર્વસ્વ ચેતના જ છે આખો આત્મા. સમજાય છે કાંઈ? લ્યો, આત્મા કેવો? લોકો કહે ને કે હાલે-ચાલે તે ત્રસ કહેવાય અને સ્થિર રહે તે સ્થાવર કહેવાય. રતિભાઈ! એમ નહિ. ભગવાન! તેં આત્મા કેવો એ યથાર્થપણે સાંભળ્યો નથી. યથાર્થપણે સાંભળે તો આ ગુણ આ ગુણીનો. એની દૃષ્ટિ નિર્વિકલ્પ થઈ જાય. સમજાય છે કાંઈ?

કહે છે, એ સર્વસ્વ સ્વભાવ. સર્વસ્વ જેનો ભાવ છે-ચેતના સ્વભાવ. **'તેને મારા નમસ્કાર.'** બીજા દ્રવ્ય કાઢી નાખ્યા. સમજાય છે કાંઈ? પાંચ દ્રવ્ય જે જડ છે એને કાઢી નાખ્યા. **'તેને મારા નમસ્કાર. આ વિશેષણ કહેતાં બે સમાધાન થાય છે :'** આ વિશેષણ, વિશેષણ. વસ્તુ વિશેષ એનું વિશેષણ કહેવાથી બે સમાધાન થાય છે. **'એક તો**

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

**'ભાવ' કહેતાં પદાર્થ; તે પદાર્થ કોઈ ચેતન છે, કોઈ અચેતન છે;...'** પદાર્થમાં બે ભેદ. ચેતન અને અચેતન. **'ભાવાય'** તો ખરા. પણ એક ચેતનભાવવાળ, ચેતનાવાળા. અને એક ચેતના વિનાના. એટલે બે કહે છે. **'તેમાં ચેતન પદાર્થ નમસ્કાર કરવા યોગ્ય છે...'** લ્યો. એ ચેતન પદાર્થ એ નમસ્કાર કરવા લાયક છે. સમજાય છે કાંઈ? તેમાં એટલે બે પદાર્થ સિદ્ધ કર્યા પાછા. ચેતન પદાર્થ અને અચેતન. એકલા ચૈતન્ય છે જગતમાં એમ નથી. અને એકલા અચેતન છે એમ પણ નથી. ચેતન કહેતાં જ બીજા ચેતન વિનાના અચેતન સિદ્ધ થાય છે. અચેતન કહેતાં જ અચેતન વિના ચેતનસ્વભાવવાળા પદાર્થ સિદ્ધ થાય છે. બરાબર છે? લોજીકથી તો બરાબર છે કે નહિ? બધા ભણેલા હોય વકીલાતનું ને ફલાણું. આ બધું સમજવું પડશે કે નહિ એને? બહારની વાતું જુદી છે, આ કંઈ બીજી છે અંદરની. કહો, સમજાણું આમાં?

આ તો ભગવાન સર્વજ્ઞ તીર્થંકરદેવ ત્રિલોકનાથ પરમાત્મા એણે જે જાણ્યું અને મુખમાંથી આવ્યું એ પદાર્થની વ્યાખ્યા ચાલે છે. તેમાં એટલે ચેતન અને અચેતન બે પદાર્થ સત્ત્વરૂપ છે. પદાર્થની વ્યાખ્યા કીધી હતી ને ભાઈ! સત્ત્વસ્વરૂપ છે. બેય સત્ત્વસ્વરૂપ છે. ચેતન અને અચેતન બેય સત્ત્વસ્વરૂપ છે અને સત્ત્વસ્વરૂપ છે તે શાશ્વત છે. આહા..હા..! સમજાણું કાંઈ? સત્ત્વ એટલે વસ્તુના કસવાળી ચીજ છે. સત્ત્વ છે. શાશ્વત સત્ત્વ છે. એ સત્‌વાળી વસ્તુને સત્‌ અને પદાર્થ કહેવામાં આવે છે. પદાર્થ બે પ્રકારના થઈ ગયા. એક, ચૈતન્યના સત્ત્વવાળું સત્‌ અને એક અચેતનના સત્ત્વવાળું સત્‌. પદાર્થ તો બેય પ્રકારના થઈ ગયા.

**'તેમાં ચેતન પદાર્થ નમસ્કાર કરવા યોગ્ય છે...'** ભગવાન જ્ઞાનમૂર્તિ જ્ઞાન જેનું સર્વસ્વ છે. જુઓ! સાર પછી કહેશે. ઉપાદેયરૂપ જીવવસ્તુ. સાર એટલે સુખ. હિતકારી અને અસાર એટલે અહિતકારી. હિતકારી તે સુખ અને અહિતકારી તે દુઃખ. એવી વ્યાખ્યા કરશે. સમજાય છે કાંઈ? પુસ્તક રાખ્યું છે કે નહિ? રજનીભાઈ! ઠીક. ઈ વકીલ છે, ઈ તો વળી બારિસ્ટર છે. બારિસ્ટકર છે ને? ભાઈ! આ તમારા કાયદા જુઓને. એ બીજા અને આ બીજા છે. કહો, સમજાણું? ચેતન પદાર્થ નમસ્કાર (કરવા યોગ્ય છે). એ બધા ચેતન અને અચેતન સત્ત્વવાળા શાશ્વત પદાર્થ હોવા છતાં ચેતન પદાર્થ નમસ્કાર કરવા લાયક છે. **'એવો અર્થ ઊપજે છે.'** એક અર્થ તો એ થયો. ક્યો? કે ચેતન પદાર્થ નમસ્કાર કરવા યોગ્ય છે. એક વાત.

**'બીજું સમાધાન આમ છે...'** કે **'ભાવાય'** કહ્યું હતું, એને ચિત્‌સ્વભાવથી સમજાવ્યું. ગુણી અને ગુણના ભેદ પાડીને સમજાવ્યું. બીજો કોઈ ઉપાય ન મળે. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા ચિદાનંદ ચેતન સ્વભાવ. એ ચેતન સ્વભાવ ચેતનનો એટલે દ્રવ્યનો-ભાવનો **'ભાવાય'**નો. એ ગુણથી ગુણીને ભેદ પાડીને સમજાવ્યું. **'યદ્યપિ વસ્તુનો ગુણ વસ્તુમાં ગર્ભિત છે,...'** શું કહે છે? ચેતન પદાર્થમાં ચેતનાનો ગુણ તે ગર્ભિત નામ અંદર હોય

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે, સમાઈ જાય છે. ભગવાન આત્મા સત્ત્વરૂપ તેનો ચેતનાગુણ વસ્તુમાં ગર્ભિત સમાઈ જાય છે. વસ્તુ કહેતાં ચેતનાગુણનું ગર્ભિતપણું વસ્તુમાં આવી જાય છે. આહા..! સમજાણું કાંઈ?

**'યદ્યપિ...'** જો કે. યદ્યપિ એટલે જો કે. **'વસ્તુનો ગુણ...'** વસ્તુનો ગુણ. જેમ સાકર કહો તો ગળપણ ગર્ભિત છે. સાકરમાં ગળપણ ગર્ભિત આવી જાય છે. અફીણ કહો તો કડવાટ ગર્ભિત છે. એમ આત્મા કહો તો ચેતનાસ્વભાવ ગર્ભિત છે વસ્તુમાં, વસ્તુમાં. વસ્તુ કોઈ ચેતનાગુણ વિનાની નથી. સમજાણું કાંઈ? આ પહેલાવહેલા મગંળિકમાં તમે આવ્યા છો, હોં આજ. કોઈ દી મળ્યા નથી. એમાં સાંભળવામાં આજ આ (આવ્યું). કેવી રીતે વસ્તુ સિદ્ધ થાય છે લોજીકથી સત્તા, ભગવાન કેવળીએ કહેલું એને સમજવાની એક કળા અને આ રીત છે. એમ ને એમ માની લ્યો આ વાડામાં પડ્યા, આમ હશે એમ ન ચાલે. એમ ન ચાલે. સમજ્યા ને? એમ ન ચાલે.

શ્રોતા :- રાજકોટમાં ફાગણ સુદ-૨ શરૂઆત થઈ ત્યારે ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- હા, કર્યું હશે. ઈ ડોસાએ સંભાર્યું. જૂના માણસ છે તો ...

**'યદ્યપિ...'** જો કે. અહીં જો કે શું કરવા કહે છે? જુદું કેમ પાડ્યું? ભેદ અંદર ગર્ભિત તો આવી જાય છે. **'વસ્તુનો ગુણ વસ્તુમાં...'** વસ્તુ કહેતા વસેલા ગુણ એમાં આવી જાય છે. વસ્તુ કહેતા અંદર વસેલા ગુણો ગર્ભિત આવી જાય છે. **'વસ્તુ ગુણ એક જ સત્ત્વ છે,...'** વસ્તુ અને ગુણનું એક જ સત્ત્વ છે. બે સત્ત્વ જુદાં નથી. આત્મા અને ચેતના બેના સત્ત્વ જુદા નથી. બેનું સત્ત્વ એક જ છે. સમજાણું કાંઈ? આ તો વાંચવાની રીત પણ જરી શીખાય જશે ઝટ. સમજાણું કાંઈ?

આ સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમાત્માની વાણી એ તે  કાંઈ સાધારણ હશે? જેને ઉપરથી ઈન્દ્રો ત્રણ જ્ઞાનના ધણી, ત્રણ જ્ઞાન-ભૂત, ભવિષ્યમાં જાણનાર કેટલું, એવા ક્ષાયિક સમકિતી એકાવતારી-એક ભવતારી મોક્ષ જનારા, એ વાણી સાંભળવા આવતા હોય એ વાણી કેવી હશે? ચકલો લાવ્યો ચોખાનો દાણો, ચકલી લાવી મગનો ને કરી ખીચડી. આ વાતું નથી કરતા? એવી હશે વાતું આ? બાપુ! આ તો તાત્ત્વિક વાત, સત્ત્વ વાત. અનંત કાળે જે ચીજ જે રીતે છે એના તત્ત્વની વ્યાખ્યા (જેમાં આવે) એનું નામ ભગવાનની દિવ્યધ્વનિ છે. દિવ્યધ્વનિ એટલે દિવ્ય-પ્રધાન અવાજ. ૐ કાર.

કહે છે, **'વસ્તુ ગુણ એક જ સત્ત્વ છે,...'** શું કીધું? કોઈ પણ પદાર્થ અને એનો ગુણ, સત્ત્વ એક. સાકર અને ગળપણ બે સત્ત્વ જુદા છે? ગળપણનું હોવાપણું જુદું અને સાકરનું હોવાપણું જુદું, એમ છે? એમ આત્મા અને ચેતનાગુણ બે સત્ત્વ હોવાપણે જુદા છે? હોવાપણે જુદું નથી. બેનું હોવાપણું એક જ છે. **'વસ્તુ ગુણ એક જ સત્ત્વ છે,...'** એમ. વસ્તુ અને ગુણ એમાં એમ. **'વસ્તુ ગુણ એક જ સત્ત્વ છે,...'** વસ્તુ અને તેનો

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ગુણ તે એકરૂપે સત્તા, સત્ત્વ, હયાતી ધરાવે છે. તથાપિ '**યદ્યપિ...**' કહ્યું છે ને? જો કે આમ છે તોપણ. એમ કહે છે. સમજાણું કાંઈ?

વસ્તુ અને ગુણ અભેદ જ છે એમ કહે છે અહીં. આત્મા અને ચેતના એની હયાતી જુદી અને આત્માની હયાતી જુદી, એમ બે હયાતી નથી. બેનું એક જ હોવાપણું છે, બેનું એક જ સત્ત્વ છે. બેની એક જ સત્તા છે. '**તથાપિ ભેદ ઉપજાવીને કહેવા યોગ્ય છે;...**' ભેદ ઉપજાવીને કહેવા લાયક છે. શું થાય? આ પદાર્થ બતાવવો છે. ચેતના એ આત્મા. વર્ણ, ગંધ તે પરમાણુ જડ. એમ ભેદ ઉપજાવીને કહેવા યોગ્ય છે. ભેદ ઉપજાવીને કહેવા લાયક છે. આત્મા.. આત્મા.. આત્મા કરે (તો) શી રીતે સમજે ઈ? પણ ઈ આત્મા આ. એના જ્ઞાનગુણનું-જાણપણાના ગુણનું સત્ત્વ હોવાપણું અને આત્માનું હોવાપણું સત્ત્વ એક હોવા છતાં એક સત્તામાં ભેદ પાડીને આ ગુણીનો આ જ્ઞાનગુણ એમ ભેદ પાડીને કહેવા યોગ્ય છે. એ સિવાય બીજી કોઈ કથનની પદ્ધતિ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ?

'**ભેદ ઉપજાવીને...**' ભેદ ઉપજાવીને. એમ કેમ કહ્યું? સત્ત્વમાં ભેદ નથી. સત્ત્વ તો બેનું એક જ છે. ભગવાન આત્મા અને જ્ઞાનગુણ સ્વભાવ સત્ત્વ બેનું અભેદ એક જ છે. બેનું હોવાપણું એક છે. પ્રદેશભેદ બેમાં કાંઈ જરીયે નથી. ક્ષેત્રભેદ, પ્રદેશભેદ, ભાવ તત્ત્વ ભેદ કે સત્ત્વ બેના જુદા નથી. કે કાળભેદ છે કાંઈ? વસ્તુ અને એનો ગુણ, એનું સત્ત્વ જુદું નથી, ક્ષેત્ર જુદું નથી, કાળ જુદો નથી, ભાવ સત્ત્વપણું સત્ એક છે બેનું. સમજાય છે કાંઈ? સમજાય છે કાંઈ વિસામાનું વાક્ય છે. '**ભેદ ઉપજાવીને...**' દેખો! ભેદ છે નહિ. પહેલું તો કીધું કે '**વસ્તુ ગુણ એક જ સત્ત્વ છે...**' વસ્તુ ગુણ એક જ સત્ત્વ છે. '**વસ્તુ ગુણ એક જ સત્ત્વ છે, તથાપિ ભેદ ઉપજાવીને...**' આ જ્ઞાન તે આત્મા. આ સ્વભાવ '**चित्स्वभावाय**' તે '**भावाय**', '**चित्स्वभावाय**' તે '**भावाय**', ચિત્સ્વભાવ તે આત્મા. એમ '**ભેદ ઉપજાવીને કહેવા યોગ્ય છે;...**'

'**વિશેષણ કહ્યા વિના વસ્તુનું જ્ઞાન ઊપજતું નથી.**' બહુ સરસ વાત, બહુ સરસ. અમારે હિંમતભાઈએ પાછું બહુ સ્પષ્ટ કરી નાખ્યું વધારે, હોં! ખરેખર તો આ પાંચમું એનાથી જ બન્યું છે. ચાર બન્યા એવું પાંચમું. સમજાણું કાંઈ? આહા..! '**વિશેષણ કહ્યા વિના વસ્તુનું જ્ઞાન ઊપજતું નથી.**' એટલે? કોઈપણ ચીજને આ ગળપણવાળી સાકર, આ કડવાશવાળું અફીણ, ખારાપણું મીઠું, ધોળાપણાવાળી ખડી, વસ્તુની સત્ત્વ તો એક હોવા છતાં ભેદ પાડીને ગુણના વિશેષણ દ્વારા સમજાવ્યા સિવાય કોઈ રીતે સમજી શકાય નહિ. વિશેષણ એટલે વસ્તુનું એકપણું વિશેષ હોવા છતાં એને '**વિશેષણ કહ્યા વિના વસ્તુનું જ્ઞાન ઊપજતું નથી.**' વસ્તુનું જ્ઞાન થાય નહિ. એટલે? કે આ જ્ઞાનચેતના.. ચેતના.. ચેતના તે આ આત્મા, એમ વિશેષણ. વિશેષ તો સામાન્ય વસ્તુ થઈ. એનું આ વિશેષણ કર્યું, જ્ઞાનચેતના જાણકસ્વભાવ તે આત્મા. જુઓ! આ આત્મા. એવું '**વિશેષણ કહ્યા વિના**

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**વસ્તુનું જ્ઞાન ઊપજતું નથી.**' જ્ઞાન ઊપજતું નથી. નિર્મળ જ્ઞાનની પર્યાય ઊપજતી નથી. આ જ્ઞાન તે આત્મા એમ સમજાયા વિના અને એને સમજ્યા વિના (વસ્તુનું જ્ઞાન ઊપજતું નથી). સમજાય છે કાંઈ? તે જ્ઞાન ઊપજતું નથી. ક્યુ? સમ્યક્ નિર્મળ જ્ઞાનની પર્યાય, હોં! સમજાય છે કાંઈ? ત્યાં તો બધું હિન્દી ચાલતું ને. ગોધરાથી હિન્દી થઈ ગયું. ગુજરાતી થયું.

'**વળી કેવો છે ભાવ?**' કેવો છે ભાવ? '**समयसाराय**' કેવો છે ભાવ? કે સમયસારાય. હવે સમયસારાય બે શબ્દનો અર્થ કરે છે. '**સમય' શબ્દના ઘણા અર્થ છે...**' સમજાય છે કાંઈ? સમય તો કાળને કહેવાય. સમજાય છે? કાળ નામ આપ્યું છે ને? ત્રિકાળી દ્રવ્ય છે કાળ એને કહેવાય. એક સમય, એક સમયના કાળની મુદતને પણ સમય કહેવાય. સમય પદાર્થને પણ કહેવાય. ઘણા સમયના અર્થો મૂક્યા છે ને? જયચંદ્ર પંડિતે મૂક્યા છે. આગમને સમય કહેવાય, મતને સમય કહેવાય, અભિપ્રાયને આનો આ સમય-અભિપ્રાય એમ પણ મતને સમય કહેવાય. અભિપ્રાયને કહેવાય. આગમને કહેવાય, અર્થ, આગમ પદાર્થને કહેવાય. એમ સમયના ઘણા અર્થ છે.

અહીંયા '**ઘણા અર્થ છે...**' '**સમય' શબ્દના ઘણા અર્થ છે...**' એટલી વાત રાખી. '**તોપણ આ અવસરે...**' આ અવસરે તો પદાર્થની વ્યાખ્યા, પદાર્થની વ્યાખ્યા ચાલે છે. '**આ અવસરે 'સમય' શબ્દથી સામાન્યપણે...**' સંક્ષેપમાં '**જીવાદિ સકળ પદાર્થ જાણવા.**' લ્યો, ભગવાન તીર્થંકરદેવ ત્રિલોકનાથે છ દ્રવ્ય જોયા. પરમેશ્વર વીતરાગ જ્યારે અરિહંતપદપણે પ્રાપ્ત થયું ત્યારે કેવળજ્ઞાનમાં આ જગતમાં અનંત આત્માઓ, અનંત પરમાણુઓ, અસંખ્ય કાળાણુઓ, એક ધર્માસ્તિ, એક અધર્માસ્તિ અને આકાશ. સંખ્યાએ અનંત અને જાતિએ છ. એવા ભગવાનના જ્ઞાનમાં પદાર્થ જીવાદિ સકળ પદાર્થને પદાર્થ કહેવામાં અથવા સમય કહેવામાં આવે છે. સામાન્યપણે છએ દ્રવ્યને સમય કહેવામાં આવે છે. સંક્ષેપમાં. સમયના અર્થ ઘણા હોવા છતાં આ ઠેકાણે સમયને સામાન્યપણે; બીજા અર્થ કાઢી નાખ્યા, સમયના ઘણા અર્થ હોવા છતાં આ અવસરમાં સમયનો સામાન્યપણે છ દ્રવ્ય પદાર્થ કહેવામાં આવે છે.

હવે, '**તેમાં જે કોઈ 'સાર' છે,...**' હવે પદાર્થમાં પણ સાર. સમજાય છે કાંઈ? ''**સાર' કહેતાં ઉપાદેય છે જીવવસ્તુ,...**' ઉપાદેય છે જીવવસ્તુ. એમ પાછું આમ. સમજાણું કાંઈ? તેમાં પણ એટલે છ પદાર્થને સમય આ ઠેકાણે કહેવામાં આવ્યા, સમયના ઘણા અર્થ હોવા છતાં આ ઠેકાણે ભગવાન કેવળીએ છ દ્રવ્યો જોયા એને અહીંયા સમય શબ્દે પદાર્થ સામાન્યપણે કહેવામાં આવ્યા. એમાં પણ વિશેષપણે '**જે કોઈ 'સાર' છે,...**' અર્થાત્ '**ઉપાદેય છે જીવવસ્તુ.**' ભગવાન આત્મા એક જ અંગીકાર કરવા લાયક છે. બીજી અનંત ચીજો આત્માને આદરણીય અને અંગીકાર કરવા લાયક નથી. સમજાય છે કાંઈ? અંગીકાર કરવા લાયક નથી એ પણ અપેક્ષાથી કહ્યું. બાકી અસ્તિ સિદ્ધ કરી છે અહીં તો. પછી

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

કહેશે અસારપણું કહીને.

**'સાર પદાર્થ જાણી ચેતન પદાર્થને...'** સમજાય છે? **'ઉપાદેય છે જીવવસ્તુ તેને મારા નમસ્કાર.'** લ્યો હવે આવ્યું. પેલું ન્યાં કહ્યું હતું ને? **'भावाय नमः' 'भावाय'**ની વ્યાખ્યા કરીને **'भावाय'**માં હવે સમય આ સાર પદાર્થ અને એમાં પણ આ જીવ ઉપાદેય વસ્તુ. જ્ઞાનાનંદ પ્રભુ પૂર્ણ જ્ઞાનસ્વભાવથી ભરેલો આખો પદાર્થ, એના ઉપર આશ્રય કરીને એ જ ઉપાદેય કરવા લાયક છે. એ ઉપાદેય જીવવસ્તુ. સમીપમાં એકાકાર થઈને ગ્રહણ કરવા લાયક હોય તો જીવવસ્તુ છે. સમજાણું કાંઈ? **'તેને મારા નમસ્કાર.'** આ પૈસાને ગ્રહણ કરવા લાયક છે કે રાગને ગ્રહણ કરવા લાયક છે કે વર્તમાન પર્યાયને ગ્રહણ કરવા લાયક છે એમ ન કહ્યું. સમજાણું કાંઈ?

ધ્રુવ સ્વરૂપ ચૈતન્ય ભગવાન સત્ત્વનું અનાદિઅનંત સત્ ચેતન સત્તાવાન પ્રભુ એ ઉપાદેય નામ ઉપ એના સમીપ જઈને આદેય નામ એ જ અંગીકાર, આશ્રય, એકાકાર કરવા લાયક છે. સમજાય છે કાંઈ? **'તેને મારા નમસ્કાર.'** એને મારો નમસ્કાર. એટલે **'भावाय नमः समयसाराय'** એટલા શબ્દનો અર્થ થયો. **'આ વિશેષણનો આ ભાવાર્થ છે-સાર પદાર્થ જાણી ચેતન પદાર્થને નમસ્કાર પ્રમાણ રાખ્યા;...'** **'भावाय नमः'** કીધું ને? **'સાર પદાર્થ જાણી...'** ચેતન ભગવાન આત્મા પદાર્થ તો કહ્યો **'भावाय'** પણ **'ચેતન પદાર્થને નમસ્કાર પ્રમાણ રાખ્યા...'** એ નમસ્કાર સાચું કર્યું. સાચાપણે ઠર્યું. એનો નમસ્કાર સાચાપણે પ્રમાણ રાખ્યો. અસાર જાણીને પરનો નમસ્કાર નથી લીધો. સમજાણું કાંઈ? પ્રમાણ રાખ્યું. **'પદાર્થને નમસ્કાર પ્રમાણ રાખ્યા;...'** એ પ્રમાણ-માપમાં આ જ આત્મા નમસ્કાર કરવા (લાયક છે) એ જ સત્ય વાતની સિદ્ધિ થઈ.

**'અસારપણું જાણી...'** જડ પદાર્થ. અનંતા પરમાણુઓ, કર્મ, શરીર, વાણી, મન, પૈસા, લક્ષ્મી, આબરુ, ધૂળ આ બધું જગત આખું અને ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ અને કાળ. સમજાય છે? એને **'અસારપણું જાણી અચેતન પદાર્થને નમસ્કાર નિષેધ્યા.'** અહીં તો અચેતનનો નિષેધ કર્યો. પછી સારમાં પેલા અશુદ્ધને કાઢી નાખશે. **'અસારપણું જાણી અચેતન પદાર્થને નમસ્કાર નિષેધ્યા.'** નમસ્કારનો નિષેધ કર્યો. નમસ્કાર નિષેધ કર્યો. નમસ્કાર કર્યો ચૈતન્ય પદાર્થને. સમજાણું? ખુલાસો આવશે, હોં! બીજી જ ગાથામાં લેશે. વાણી સર્વજ્ઞ અનુસારિણી છે માટે પૂજ્ય વ્યવહારે છે એમ કહેશે. અહીં સિદ્ધ કરીને નિશ્ચય પહેલો સિદ્ધ કરે છે. પછી બીજી ગાથામાં તરત જ વ્યવહાર કહેશે. અને બીજી જ શૈલીથી એની શૈલી છે આખી. **'पश्यन्ती'**નો અર્થ અનુભવનશીલ છે એવો અર્થ પહેલો છે. આહા..!

વીતરાગની દિવ્યધ્વનિ છે તો અચેતન પણ સર્વજ્ઞસ્વભાવ અનુસારિણી વાણી છે. ભગવાનનું જે જ્ઞાન પૂર્ણ થયું એને અનુસારે નિમિત્તે એવી ધ્વનિ હોય છે. આત્મામાં સ્વપરપ્રકાશક શક્તિ છે. વાણીમાં સ્વપરપ્રકાશક કથન શક્તિ છે. કથન સ્વપર વાર્તા કહેવાની તાકાત છે.

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અહીંયા એનો નિષેધ કરી દીધો. સમજાય છે કાંઈ? એક ભગવાન આત્મા ચૈતન્ય પદાર્થ જ્યાં વિકલ્પ પણ **નમસ્કાર** કરવા લાયક **નથી**, શુભભાવ પણ '**નમઃ**' એટલે આદરવા લાયક નથી. ત્યાં નિમિત્ત આદરવા લાયક તો ક્યાંથી હોય? એક સમયનો ભગવાન પૂર્ણ જ્ઞાન ચેતન સ્વભાવવાન એવો જીવ જ ઉપાદેય ગણી એને **નમસ્કાર** કરવા લાયક પ્રમાણ રાખ્યું છે. પ્રમાણ રાખ્યું છે, એ **નમસ્કાર** પ્રમાણ રાખ્યો છે. ત્રિકાળ પ્રમાણ કરવા લાયક છે.

'**અસારપણું જાણી અચેતન પદાર્થને નમસ્કાર નિષેધ્યા. હવે કોઈ વિતર્ક કરે કે...**' વિતર્ક કરે. '**બધાય પદાર્થ પોતપોતાના ગુણપયપર્યાયે વિરાજમાન છે,...**' જુઓ ખુબી. વિતર્કમાં પણ ન્યાય એ મૂક્યો એણે કે સર્વ પદાર્થ છે. અનંત પરમાણુઓ, અનંત આત્માઓ, નિગોદના જીવ, સિદ્ધના જીવ, અસંખ્ય કાળાણુઓ, ધર્માસ્તિ, અધર્માસ્તિ અને આકાશ બધાય. એમ શબ્દ મૂક્યો છે ને? '**બધાય પદાર્થ પોતપોતાના ગુણપર્યાયે વિરાજમાન છે,...**' જુઓ! દરેક આત્મા અને દરેક પરમાણુ. પોતાનો જે ગુણસ્વભાવ ત્રિકાળ અને વર્તમાન એની અવસ્થા એનાથી તે શોભિત છે, અસ્તિપણે ટકી રહ્યા છે. શું કહ્યું? ફરીને. આ રજકણે રજકણ શરીરનો, આ પોંઈટ મૂળ ચીજ નથી કાંઈ. આના ટૂકડા કરતાં કરતાં છેલ્લો પોંઈટ જે ટૂકડો ઝીણો રહે એને ભગવાન પરમ અણુ, પરમ અણુ (કહે છે). એ પરમાણુ પણ પોતાના ગુણપર્યાયથી બિરાજમાન એટલે શોભિત છે. સમજાય છે કાંઈ? રતિભાઈ!

શ્રોતા :- બધા શોભિત છે ને?

પૂજ્ય ગુરુદેવશ્રી :- બિરાજમાન કીધું. બિરાજમાનનો અર્થ શોભિત થાય છે. વિરાજમાન.

'**બધાય પદાર્થ...**' એક એક રજકણ, એક એક નિગોદનો જીવ, એક એક સિદ્ધ ભગવાનનો જીવ, એક એક કાળાણુ, ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ એ પોતપોતાના ગુણ. જુઓ! પોતપોતાના ગુણ એટલે શક્તિ-સ્વભાવ-ભાવ અને પોતાની વર્તમાન પર્યાય. દરેક પદાર્થ પોતાના ગુણ અને પોતાની વર્તમાન પર્યાય-અવસ્થા, દ્રવ્ય-વસ્તુ, એના ગુણો-શક્તિ એટલે સ્વભાવ અને એની એક સમયની વર્તમાન પ્રગટ વ્યક્ત અવસ્થા એ પર્યાય. દરેક પદાર્થ પોતાના ગુણપર્યાયથી વિરાજમાન શોભિત ત્રિકાળ છે. કહો, સમજાણું કાંઈ? બરાબર છે? લક્ષ્મી વડે આત્મા શોભિત નહિ, એમ કહે છે. એ પ્રભુભાઈ!

શ્રોતા :- એ તો પ્રત્યક્ષ દેખાય છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :- શું દેખાય છે? પૂનમચંદભાઈ! કહે છે, લક્ષ્મીથી શોભિત આત્મા નથી એમ કહે છે અહીં. આ બધા કરોડોપતિ બેઠા છે કે નહિ? શું કહે છે? પૈસાનો એક પરમાણુ ભિન્ન ભિન્ન પોતાનું દ્રવ્ય-વસ્તુ, એનો ગુણ-શક્તિ કાયમ ટકતી અને એક સમયની પ્રગટ અવસ્થા પર્યાય, એનાથી તે શોભાયમાન છે. કોઈ પદાર્થને લઈને કોઈ પદાર્થની શોભા ત્રણકાળ ત્રણલોકમાં છે નહિ. સમજાણું કાંઈ? શું કહ્યું?

'**બધાય પદાર્થ પોતપોતાના ગુણપર્યાયે...**' ગુણ નામ સહવર્તી શક્તિવાળા અને પર્યાય

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



નામ વર્તમાન પ્રગટ વ્યક્ત અવસ્થાવાળા એનાથી **'વિરાજમાન છે,...'** શોભિત છે. એનાથી ટકેલા છે. પોતાના ગુણપર્યાયથી ટકેલા છે. બીજાના ગુણપર્યાયથી કોઈ તત્ત્વ ટકતા નથી. આહા..હા..!

શ્રોતા :- ઓપ આપે.

પૂજ્ય ગુરુદેવશ્રી :- ધૂળમાંય ઓપ આપે નહિ. ઓપ આપે તો પર્યાય થઈ ગઈ. એ તો પર્યાય એનાથી છે. શું છે?

શ્રોતા :- સોનાને ઓપ આપે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :- સોનાને ઓપ આપે તો સોનાને એ ગેરુ અડતો નથી. સોનાનો એક એક રજકણ પોતાના ગુણપર્યાયથી વિરાજમાન છે. નિગોદના જીવ. શરીરમાં અનંતા જીવ છે. વનસ્પતિ, આ લીલ, ફૂગ, બટાટા, શક્કરકંદ એમાં પણ અનંતા જીવ. એક એક જીવ પોતાના ગુણ એટલે શક્તિ ત્રિકાળી અને અવસ્થા પ્રગટ, એનાથી બિરાજમાન ટકી રહેલું છે. કોઈ બીજાના પર્યાયથી ટકી રહેલું નથી. ઓહો..હો..! કહો, બરાબર હશે? રતિભાઈ! તમને શેઠિયાઓને બધા ઘણા કહે, તમારે લઈને અમે ટક્યા છીએ. એમ બધા માખણ બહુ ચોપડે ઘણા. એ... પૂનમચંદભાઈ! આ બધા ઘણા આવીને કહે. પૂનમચંદભાઈને ઘણા માખણ ચોપડે ન્યાં આવીને. તમારે લઈને, શેઠ! તમારે લઈને નભીએ છીએ, હોં! તમારે ધ્યાન રાખવું, ઢીકણું, ફીકણું.

અહીં તો ભગવાન સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ પરમેશ્વર પરમાત્મા સો ઈન્દ્રની ઉપસ્થિતિમાં ધર્મની સમવસરણ સભામાં એમ ફરમાવતા હતા, એમ ફરમાવે છે મહાવિદેહ ક્ષેત્રમાં. મહાવિદેહ ક્ષેત્રમાં તીર્થંકર બિરાજે છે, સીમંધરપ્રભુ. એ ફરમાવે છે કે દરેક પદાર્થ પોતાના ગુણ અને પર્યાયથી ટકી રહેલા છે, ટકી રહેલા છે. એની શોભાને બીજો કોઈ ખંડ કરી શકે, વિઘ્ન કરી શકે કે શોભા આપી શકે એવું છે નહિ. કર્મનો રજકણ આત્માને પર્યાયમાં વિઘ્ન કરે એવું વસ્તુના સ્વરૂપમાં નથી એમ કહે છે. આહા..! કહો, સમજાય છે કાંઈ આમાં?

**'સ્વાધીન છે,...'** દેખો! બીજો શબ્દ. દરેક વસ્તુ પોતાથી ગુણ-પર્યાયથી ટકી રહી છે. **'સ્વાધીન છે, કોઈ કોઈને આધીન નથી;...'** અનેકાંત કરી નાખ્યું. કોઈ કોઈને આધીન નથી. પેલો તર્ક કરનાર કહે છે. જુઓ! હજી તર્ક કરનાર કહે છે. **'જીવ પદાર્થને સારપણું કઈ રીતે ઘટે છે?'** ભગવાન! તો જીવને સારપણું કેમ ઘટે? કારણ કે બધા પદાર્થ પોતાના ગુણપર્યાયથી શોભાયમાન ટકી રહ્યા છે તો જીવને સારપણું કેમ ઘટે? એવો એનો પ્રશ્ન છે. એનો ઉત્તર આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## વીર સંવત-૨૪૯૧, ફાગણ સુદ ૩, શનિવાર, તા. ૬-૩-૧૯૬૫, કલશ-૧ પ્રવચન નં. ૨

આ સમયસારનો કળશ છે. કુંદકુંદાચાર્ય મહારાજ બે હજાર વર્ષ પહેલા ભરતક્ષેત્રમાં મહાસંત મુનિ થયા. એમણે સમયસાર બનાવ્યું. મહાન સમયસાર અધ્યાત્મ શાસ્ત્ર. એની ટીકા અમૃતચંદ્રાચાર્ય આજ પહેલા લગભગ ૯૦૦ વર્ષ પહેલાં થયા. એમણે એની ટીકા-સ્પષ્ટીકરણ કર્યું. એમાં કળશ બનાવ્યા. ટીકા કર્યા સારભૂત (કળશ બનાવ્યા). જેમ મંદિર ઉપર કળશ ચડાવે, એમ કળશ બનાવ્યા. એ કળશની ટીકા હમણાં ૩૦૦-૩૫૦ વર્ષ પહેલા એક, રાજમલ પાંડે, ધર્મના મર્મી થયા છે. એમણે આ સુગમ ટીકા ચાલતી ભાષામાં હિન્દીમાં બનાવી. પહેલા તો ઢુંઢારી ભાષામાં હતી. હમણાં ચાલતી ભાષામાં બની.

અહીંયા સમયસારને નમસ્કાર કેમ કર્યા, ઈ વાત ચાલે છે. શું ચાલે છે? સમજ્યા? પહેલા ઉપોદ્‌ઘાત ચાલે છે. સમયસાર નામ આત્માને નમસ્કાર કર્યા છે. પહેલા કળશમાં. આત્માને નમસ્કાર કેમ કર્યા? સમય તો બધા પદાર્થ છે. સમય તો બધા પદાર્થ-છએ દ્રવ્યને સમય કહેવામાં આવે છે. તો સાર-જીવ પદાર્થને સાર કેમ કહ્યો? તો એમાં પહેલા કહ્યું કે ઉપાદેય જીવવસ્તુ છે. બધી વસ્તુમાં પોતાનો આત્મા અથવા શુદ્ધ આત્મા અંગીકાર કરવાલાયક છે. માટે એને નમસ્કાર કરવામાં આવ્યા છે.

હવે કહે છે કે 'હવે કોઈ વિતર્ક કરે કે...' અહીંથી લેવાનું છે. '**બધાય પદાર્થ પોતપોતાના ગુણપર્યાયે વિરાજમાન છે,...**' છે એમાં? પાંચમી લીટી. શું કહ્યું? જ્યારે આચાર્ય મહારાજ પોતાનો શુદ્ધાત્મા અથવા પૂર્ણ આત્મા પરમાનંદ પ્રાપ્તને નમસ્કાર કર્યા તો શિષ્ય પ્રશ્ન કરે છે કે બધા પદાર્થ-અનંત આત્માઓ, અનંત પરમાણુઓ, કાળાણુઓ એવા છ દ્રવ્ય છે. એ દરેક પદાર્થ પોતપોતાના ગુણ અને પર્યાયથી શોભિત છે. બધાય પદાર્થ પોતાના ગુણ-કાયમ રહેનારી શક્તિ અને પર્યાય-વર્તમાન અવસ્થા, એ સિવાય કોઈ બીજી વસ્તુ હોતી નથી. અને એ પોતાથી છે. બધા પદાર્થ પોતાનું દ્રવ્ય એટલે વસ્તુ, ગુણ નામ શક્તિ-ગુણ-શક્તિ અને પર્યાય-અવસ્થા. એનાથી બધા છે.

બધાય પદાર્થ '**સ્વાધીન છે,...**' સર્વ પદાર્થ સ્વાધીન છે. સમજાય છે કાંઈ? પરમાણુએ પરમાણુ સ્વાધીન છે. સ્વતંત્ર દ્રવ્ય છે જગતના. આત્મા પણ સ્વાધીન છે. ભગવાન સર્વજ્ઞ પરમાત્માએ જેટલા અનંત પદાર્થ જોયા એ બધા સ્વાધીન છે. કોઈ દ્રવ્ય કોઈને આધીન નથી. '**કોઈ કોઈને આધીન નથી;...**' કોઈ રજકણ અને કોઈ પરમાણુ કે કોઈ આત્મા કોઈને આધીન નથી. '**તો જીવ પદાર્થને સારપણું કઈ રીતે ઘટે છે?**' આ પ્રશ્ન. સમજાય

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે કાંઈ? જયંતિભાઈ! ઈ ધ્યાન રાખે છે. શું કહે છે આ? ચોપડામાં કંઈ નીકળે નહિ તમારે ત્યાં. કાપડમાં. બીજી દુકાન કરી. એકની બે. એમાંથી કાંઈ નીકળાય છે? કહો.

મુમુક્ષુ :- કોણ..

ઉત્તર :- કોણ જાણે શું પણ. છોકરો નથી તોય બે દુકાનું છે. મેં કીધું હતું એને. કીધું હતું કે નહિ? કોણ જાણે શું આ મમતા ચાલે છે સંસારની. ભોગીભાઈ!

મુમુક્ષુ :- છોકરો હોય તો ..

ઉત્તર :- પણ છોકરો હોય તો એને એમ થાય કે લાવ આના માટે કરીએ. પણ આ તો ન મળે તોય એકની બે અને લાંબુ લાંબુ લપસિંદર. કેમ અમૃતલાલ?

અહીંયા શિષ્યનો પ્રશ્ન છે કે આપ સમયસાર નામ આત્માને ભગવાન શુદ્ધાત્માને નમસ્કાર કર્યા. કેમ કે એ સાર છે. તો સાર છે એમ તમે કહો છો તો અમને પ્રશ્ન ઉઠે છે. **'બધાય પદાર્થ પોતપોતાના...'** ગુણ નામ શક્તિ પર્યાય નામ અવસ્થાથી **'વિરાજમાન છે,...'** કોઈ પદાર્થ અશોભિત છે, હિન છે કે કોઈનો આશ્રય છે એમ નથી. **'તો જીવ પદાર્થને સારપણું કઈ રીતે ઘટે છે?'** આપ તો સમયસાર... સમય નામ આત્મા એ શુદ્ધ ઉપાદાન અંતર શુદ્ધ ચિદાનંદ એ ઉપાદેય છે. માટે તેને સાર કહેવામાં આવે છે. તો સાર કેમ કહ્યું? **'તેનું સમાધાન કરવા માટે બે વિશેષણ કહે છે :-'** તેનું સમાધાન કરવા માટે બે વિશેષણ કહેવામાં આવ્યા. આવ્યા એટલે હવે કહેશે.

**'स्वानुभूत्या चकासते, सर्वभावान्तरच्छिदे'**. આ બે વિશેષણ છે. શું કહે છે? ભગવાન આત્મા **'स्वानुभूत्या चकासते'**. સારપણાનું એક વિશેષણ છે. બીજું વિશેષણ **'सर्वभावान्तरच्छिदे'**નું વિશેષણ છે. સૂક્ષ્મ વાત છે જરી, ધ્યાન રાખે તો પકડાય એવી છે. **'આ અવસરે 'સ્વાનુભૂતિ'** કહેતાં...' જુઓ! આત્મા પોતાનો અનુભવ, આનંદનો અનુભવ કરવાથી જે આનંદની અવસ્થા થાય છે, કેવી? **'નિરાકુલત્વ-લક્ષણ...'** ભગવાન આત્મા શુદ્ધ અખંડ આનંદકંદ આત્મા છે. એની અનુભૂતિ. પોતાનો નિજ શુદ્ધાત્મા ભગવાન આત્મા. ઈ પોતાની અનુભૂતિમાં અખંડ આનંદ વસ્તુની અનુભૂતિ (અર્થાત્) એને અનુસરીને થવું અને અતીન્દ્રિય આનંદ પ્રાપ્ત થવો. કેવો છે અતીન્દ્રિય આનંદ? **'નિરાકુલત્વ-લક્ષણ...'** જે આત્માના અતીન્દ્રિય આનંદની અવસ્થા થાય છે એ નિરાકુલત્વ-લક્ષણ છે, એમાં આકુળતા નથી. સમજાય છે કાંઈ? સમજાય એવું છે? આ તમારા પૈસા-બૈસામાં બધે આકુળતા છે એમ કહે છે. ધૂળમાં રાજના પદમાં બધી આકુળતા છે.

ભગવાન આત્મા... એની નિરાકુળતા બીજા પાંચ દ્રવ્યમાં નથી. પુદ્‌ગલ, ધર્મ, અધર્માસ્તિકાય, આકાશ અને કાળ. એમાં આવી દશા નથી. તો આત્મા નિરાકુળ સ્વાનુભવ, શુદ્ધ ચિદ્‌ઘન આત્મા આનંદકંદ એનો અનુભવ કરવાથી નિરાકુલત્વ-લક્ષણ. કોનું? **'શુદ્ધાત્મપરિણમનરૂપ...'** શુદ્ધાત્મપરિણમનરૂપ. નિરાકુલત્વ લક્ષણ કહ્યું. કોનું?

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**'શુદ્ધાત્મપરિણમનરૂપ અતીન્દ્રિય સુખ...'** એનું એ લક્ષણ કહ્યું. બહુ ટીકા સ્પષ્ટ. આહા..! ટીકાની શૈલી.. ભાવ ઉદ્‌ઘાટન કર્યા છે. મકાન કરે પછી ઉદ્‌ઘાટન કરે છે કે નહિ? મોટા માણસને બોલાવે. કરો.. કરો લ્યો. સમજ્યા? પછી ચાંદીનું હોય ને? શું કહેવાય એને? ચાંદીની કુંચિ એને આપે ઉદ્‌ઘાટન કરવા.

એમ અહીં કહે છે, ઉદ્‌ઘાટન (કરે છે). શાસ્ત્રનો ભાવ જે શબ્દોમાં ભર્યા છે એનું ઉદ્‌ઘાટન કર્યું છે. ઉદ્‌ઘાટન શું? રહસ્ય ખોલી નાખ્યા છે. આત્માને જ કેમ સાર કહ્યો? છએ પદાર્થ જગતમાં સ્વતંત્ર છે. બધા પદાર્થ પોતાની ગુણ-શક્તિ અને પર્યાયથી શોભિત વિરાજમાન છે. કોઈ હિન-અધિક પદાર્થ નથી. પરમાણુ પણ હિન-અધિક નથી. રજકણ સ્વતંત્ર છે. સિદ્ધ પણ સ્વતંત્ર છે, નિગોદના જીવ પણ સ્વતંત્ર છે, આકાશ, ધર્માસ્તિ આદિ સ્વતંત્ર છે. તો એમાં આત્માને જ તમે કેમ સાર કહ્યો? અને એને જ ઉપાદેય અંગીકાર કરવાલાયક કેમ કહ્યો? સાંભળ!

**'આ અવસરે...'** આ કાળે અમારે સારપણું કોને કહેવું છે? **'સ્વાનુભૂતિ' કહેતાં નિરાકુલત્વ-લક્ષણ શુદ્ધાત્મપરિણમનરૂપ...'** એ પર્યાય લીધી. ભગવાન આત્મા શુદ્ધ સ્વભાવ શક્તિરૂપ છે. એનું પરિણમન નિર્મળ થવું. શુદ્ધાત્મપરિણમનરૂપ-શુદ્ધ સ્વભાવની અવસ્થા નિર્મળાનંદરૂપ થવી, એવું **'અતીન્દ્રિય સુખ...'** એવું **'અતીન્દ્રિય સુખ જાણવું.'** આ સાર શબ્દના બે વિશેષણ. એમાં એક અતીન્દ્રિય સુખ જાણવું. એ એક સારનું વિશેષણ (છે). સમજાય છે કાંઈ? શું કહ્યું?

ભગવાન આત્મા પરમાત્મા થયો કે આ આત્મા થાય છે, તો પોતાનો શુદ્ધ ચિદાનંદમૂર્તિ અંદર, જેમાં અતીન્દ્રિય આનંદ અને જ્ઞાન ભરપૂર ભર્યા છે. એનો અંતર અનુભવ કરવાથી, સ્વાનુભૂતિ-પોતાના અનુભવથી નિરાકુળ લક્ષણ-આકુળતાના લક્ષણ વિના નિરાકુળ લક્ષણ જેનું લક્ષ છે. લક્ષણ કોનું લક્ષ છે? કે અતીન્દ્રિય શુદ્ધાત્મપરિણમનરૂપ સુખ એ લક્ષ. એનું લક્ષણ નિરાકુલત્વ લક્ષણ છે. એવી દશા છે. જુઓ! તે રૂપ **'चकासते'** નામ પ્રકાશતિ નામ અવસ્થા છે. વર્તમાન પ્રગટ થઈ છે. સમજાય છે કાંઈ? નિરાકુળ આનંદ જેનું લક્ષણ છે એવું શુદ્ધાત્મપરિણમનરૂપ. શુદ્ધ સ્વભાવની અવસ્થારૂપ. પરિણમનરૂપ કહીને પછી અવસ્થા કહ્યું. **'શુદ્ધાત્મપરિણમનરૂપ અતીન્દ્રિય સુખ જાણવું.'** તે રૂપ એક અવસ્થા છે. શુદ્ધાત્મપરિણમનરૂપ આત્માની અવસ્થા છે. એનું નામ આનંદ છે. સાર કહેવાનું કારણ આનંદને કારણે સાર કહેવામાં આવ્યું છે. સમજાય છે કાંઈ? ભારે વાત, ભાઈ! કહો, સમજાય છે કે નહિ? વજુભાઈ! લ્યો, આ મનસુખ ક્યારે આવ્યો? કહો, સમજાણું આમાં? આમાં સમજાણું આ શું કહે છે એમાં? શું કહે છે એટલે ક્યા કહતે હૈં?

ભગવાન આત્મા એક સેકંડના અસંખ્ય ભાગમાં પૂર્ણ જ્ઞાન, આનંદનો ભંડાર ભર્યો છે. તેનો અનુભવ કરવાથી-અનુભૂતિ કરવાથી-નિરાકુલત્વ લક્ષણ શુદ્ધ સ્વભાવનું પરિણમન થવું,

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એ અતીન્દ્રિય સુખ અવસ્થામાં પ્રગટ થવું એ સાર કહેવામાં એક અતીન્દ્રિય સુખ હોય છે માટે આત્માને સાર કહેવામાં આવ્યો છે. કહો, બરાબર છે? શેમાં સુખ છે? આ પૈસા-બૈસામાં, દરબારમાં સુખ છે આવડા મોટા શરીરમાં? ઓલા હાથી પર બેઠા હતા તો કેવું લાગે મોટું. મુંબઈમાં હાથી. સાંઈઠ સૂંઢનો હાથી એમાં આ દરબાર બેઠા. ઈ સાર છે કે નહિ? ધૂળમાંય સાર નથી, સાંભળ તો ખરો.

ભગવાન આત્મા અતીન્દ્રિય પરમાત્મા જેવા સિદ્ધ ભગવાન છે એ અતીન્દ્રિય અવસ્થારૂપ પરિણમન થયું માટે સાર કહેવામાં આવ્યું છે. અને આ આત્મા પણ પોતાનું શુદ્ધસ્વરૂપ આનંદનું પરિણમન કરવાથી નિરાકુલત્વ-લક્ષણસ્વરૂપ પરિણમન નામ પર્યાયમાં અંતરમાં એકાગ્ર થઈને અતીન્દ્રિય આનંદ-સુખરૂપ અવસ્થાનું થવું એનું નામ સાર કહેવામાં આવ્યું છે. કહો, સમજાય છે કે નહિ આમાં? હજી બરાબર નથી આવતી અંદરથી. પેલા કાપડમાં આવે એવી હોંશ નથી આવતી. કહો, સમજાય છે કાંઈ આમાં? ઈ એક વાત.

જુઓ! '**શુદ્ધાત્મપરિણમનરૂપ અતીન્દ્રિય સુખ જાણવું.**' પણ પાછું '**चकासते**' નો અર્થ ઈ કે પરિણમનરૂપની અવસ્થા છે. પ્રગટરૂપ અવસ્થા. જગતમાં તેને સાર કહે છે. બાકી બધું અસાર છે. એ સુખનું વિશેષણ આપીને સારપણાને સિદ્ધ કર્યું. સમજાય છે કાંઈ? દ્રવ્યરૂપ વસ્તુ, ગુણરૂપ તો આનંદ છે જ પણ એનો અનુભવ અંતર એકાગ્ર થઈને નિરાકુળ લક્ષણરૂપ અંતરમાં શુદ્ધાત્મદ્રવ્યના પરિણમનરૂપ અવસ્થા પ્રગટ થવી તે જ સુખરૂપ સાર જીવ પદાર્થમાં છે. બીજા જે આત્મા સિવાય પાંચ પદાર્થ છે એમાં એ વસ્તુ નથી. કહો, સમજાય છે કાંઈ?

બીજું વિશેષણ. '**અવસ્થા છે જેની;...**' એટલી વાત. '**सर्वभावान्तर**' '**સર્વ ભાવ**' આ બીજું વિશેષણ. સાર કહેવામાં બીજું વિશેષણ (કહે છે). જીવને સાર કેમ કહ્યો અને એને જ કેમ નમસ્કાર કર્યા તેના બીજા ભાવનું ઉદ્ઘાટન કરે છે. '**સર્વ ભાવ**'. કેવો છે આત્મા જે શુદ્ધ પ્રગટ થયો ઈ? અને આ પણ શુદ્ધ પ્રગટ થાય છે તો ઈ. '**અતીત-અનાગત-વર્તમાન પર્યાય સહિત...**' જેટલા જગતમાં છ દ્રવ્ય છે એની અતીત નામ ગતકાળની પર્યાય સહિત. '**પર્યાય સહિત અનંત ગુણે વિરાજમાન...**' છે. જેટલા અનંત આત્માઓ અને અનંત પરમાણુઓ, અસંખ્ય કાળાણુ, ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ આદિ છ દ્રવ્ય છે. ભગવાને જોયા છે. તીર્થંકરદેવ કેવળજ્ઞાની પરમાત્માએ છ પદાર્થ અનાદિઅનંત જોયા છે. કેવા છે?

'**અતીત-અનાગત...**' ભૂતકાળના પર્યાય સહિત અનંત ગુણ સહિત દ્રવ્ય અને ભવિષ્યકાળની પર્યાય સહિત, અનંત ગુણ સહિત દ્રવ્ય અને વર્તમાન પર્યાય સહિત, અનંત ગુણ સહિત દ્રવ્ય. ત્રણે બોલ લઈ લીધા. અતીત, અનાગત વર્તમાન પર્યાય સહિત. ભૂતકાળની પર્યાય, વર્તમાનની અવસ્થા અને ભવિષ્યની અવસ્થા. એ સહિત અનંત ગુણ. '**વિરાજમાન**

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**જેટલા જીવાદિ પદાર્થ,...'** બિરાજમાન શોભિત જેટલા પદાર્થ-જીવાદિ છ બધા. **'તેની અન્તરછેદી'** તેની અંતરછેદી **'અર્થાત્ એક સમયમાં યુગપદ્ પ્રત્યક્ષરૂપે જાણનશીલ...'**એક સમયમાં ત્રણકાળ ત્રણલોકના દ્રવ્ય-ગુણની પર્યાય જાણનશીલ, જાણનશીલ. જાણવાનો જેનો સ્વભાવ છે. આહા..હા..! **'જે કોઈ શુદ્ધ જીવવસ્તુ...'** આવી શુદ્ધ જીવવસ્તુ. જાણનશીલ એ સારનું બીજું વિશેષણ કહ્યું. સમજાય છે કાંઈ? માથે પહેલાં કહ્યું હતું ને? બે વિશેષણ. બે વિશેષણ કહ્યા ઈ. કહે એટલે કહ્યા. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા પોતાના દ્રવ્ય-ગુણની અનુભૂતિની નિર્મળ આનંદ સહિતની પર્યાય અને પોતાનો જાણન ત્રણકાળ ત્રણલોકના દ્રવ્ય, ગુણ, પર્યાય સહિત પદાર્થ, પર્યાય સહિત ગુણ સહિત પદાર્થ, તેને એક સમયમાં યુગપદ્ જાણનશીલ સ્વભાવ પોતાના જ્ઞાનની પર્યાયમાં પ્રગટ થવો, તેથી જ્ઞાનની પ્રધાનતાથી અને સુખની પ્રધાનતાથી જીવને ઉપાદેય સારપણું કહેવામાં આવ્યું છે. સમજાય છે કાંઈ? **'અન્તરછેદી'**. જુઓ! અંતર આંતરો છોડીને એક સમયમાં યુગપદ્ એક સમયમાં ભગવાન આત્મા પોતાની જ્ઞાનની પર્યાયમાં નિર્મળ સ્વભાવની પર્યાય ભગવાનને પ્રગટ થઈ. આ આત્માને પણ પ્રગટ થવામાં એક સમયમાં ત્રણકાળ ત્રણલોક સંબંધી યુગપદ્ પ્રત્યક્ષરૂપ. એક તો એક સમયમાં યુગપદ્-એકસાથે પ્રત્યક્ષરૂપે **'જાણનશીલ...'** જાણવાનો જેનો સ્વભાવ છે એવી **'જે કોઈ શુદ્ધ જીવવસ્તુ,...'** જે કોઈ શુદ્ધ જીવવસ્તુ. આવા બે-આનંદ અને જાણનશીલ સ્વભાવ બે વિશેષણ સહિત છે. એવા આત્માને મારા નમસ્કાર છે. ઓહોહો..!

**'શુદ્ધ જીવને 'સાર'પણું ઘટે છે...'** એ સારનું વિશેષણ કહ્યું. હવે આવા શુદ્ધ જીવને સારપણું ઘટે છે. પરમાત્મદશા પ્રગટ થઈ, એવો જ પ્રગટ થવા લાયક આ આત્મા છે. પ્રગટ થઈ એવા **'શુદ્ધ જીવને 'સાર'પણું ઘટે છે...'**

મુમુક્ષુ :- ચેતન..

ઉત્તર :- ઈ ચેતન પણ આ અપેક્ષાએ. આનંદ અને જ્ઞાનની પૂર્ણતા પ્રાપ્ત થાય છે માટે એ ચેતન સારપણાથી ઉપાદેય છે. બીજા ચેતન નહિ. જગતના સાધારણ ચેતન નહિ. અશુદ્ધ હવે આવશે. સમજ્યા? સંસારજીવ કે અશુદ્ધ છે ઈ નહિ. શુદ્ધ જીવ, જેની પર્યાય પૂર્ણ આનંદ થઈ ગઈ અને પૂર્ણ જ્ઞાન પ્રત્યક્ષ યુગપદ્ એક સમયમાં થયું તેને મારા નમસ્કાર. તેનો અર્થ કે મારા દ્રવ્ય-ગુણ પૂર્ણાનંદ પડ્યા છે તેને હું નમું છું. એમાં હું વલણ કરીને અંતરાત્મામાં ઝુકુ છું. આ તો અધ્યાત્મ વાત છે, ભાઈ! અનંતકાળથી એણે એ તરફ લક્ષ, દૃષ્ટિ, ધ્યેય પકડ્યું નથી. એવો ભગવાન આત્મા પૂર્ણાનંદ છે અને પૂર્ણ જ્ઞાનશીલ સ્વભાવ છે. તેને મારા નમસ્કાર.

**'શુદ્ધ જીવને 'સાર'પણું...'** જુઓ હવે. હવે શું કહેવું છે? આવું શુદ્ધજ્ઞાન અને આનંદ પ્રગટ છે એવા આત્માને હું નમું છું. એનો અર્થ થયો કે હું અશુદ્ધ આત્મા આદિને નમતો

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


નથી. **'સાર અર્થાત્ હિતકારી...'** છે. સારનો અર્થ હિતકારી છે. **'અસાર અર્થાત્ અહિતકારી...'** છે. સારની વ્યાખ્યા કરે છે. **'જીવને 'સાર'પણું ઘટે છે. સાર અર્થાત્ હિતકારી...'** છે. **'અસાર અર્થાત્ અહિતકારી...'** છે. **'ત્યાં હિતકારી સુખ જાણવું.'** હિતકારી સુખ જાણવું. હિતકર તો સુખ છે. અતીન્દ્રિય આનંદ હિતકર છે. કહો, સમજાણું? બરાબર છે? છોકરા સારા હોય, છ છોકરા સરખા બધા હિતકારી નથી કાંઈ? કહો, સમજાય છે કાંઈ? સમજાય છે? હિતકારી સુખ છે. અતીન્દ્રિય આનંદ હિતકારી છે. સર્વ જીવને હિત આનંદ છે. સુખની અભિલાષા છે ને? સુખ.. સુખ. એ સુખ સંયોગી નહિ. અતીન્દ્રિય આનંદ એ જ સુખ. અતીન્દ્રિય આનંદ પોતાના સ્વભાવમાંથી પ્રગટ થાય એ જ હિતકારી સુખ છે.

**'અહિતકારી...'** અસાર. અસાર એ અહિતકારી છે. કહો. અસાર-દુઃખ અસાર છે. અહિતકારી છે. **'હિતકારી સુખ જાણવું અહિતકારી દુઃખ જાણવું; કારણકે અજીવ પદાર્થ...'** જુઓ! અજીવ પદાર્થ પાંચ. **'પુદ્ગલ,...'** સમજાય છે કાંઈ? શરીર, વાણી, કર્મ, પૈસા, લક્ષ્મી, ધૂળ, બંગલા એ બધા અજીવ પદાર્થમાં સુખ પણ નથી અને **'જ્ઞાન પણ નથી,...'** શું કહ્યું સમજાણું? અજીવ પદાર્થ પુદ્ગલ. એક પરમાણુથી માંડી શરીર, વાણી, કર્મ, એમાં સુખ પણ નથી, જ્ઞાન પણ નથી. શરીરમાં સુખ છે?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ધૂળમાં, સારું કોને કહેવું? આ તો માટી છે. અજીવ પદાર્થ છે, પુદ્ગલ પદાર્થ છે. અજીવ પદાર્થ પુદ્ગલ. જુઓ! પુદ્ગલ. પુદ્ગલમાં પૈસા આવ્યા. પુદ્ગલમાં શરીર, કર્મ અજીવ પદાર્થમાં સુખ નથી. કર્મમાં સુખ નથી, કર્મમાં જ્ઞાન નથી. શરીરમાં સુખ નથી, શરીરમાં જ્ઞાન નથી. પરમાણુમાં સુખ નથી, પરમાણુમાં જ્ઞાન નથી. લક્ષ્મીમાં સુખ નથી, લક્ષ્મીમાં જ્ઞાન નથી. કપડામાં સુખ નથી, કપડામાં જ્ઞાન નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કપડા વિના તીર્થંકર શોભે આમ શરીરથી. કપડા શું કરતા હતા? લાખ પહેરે નહિ એના. તીર્થંકરનું શરીર આમ જુઓ તો સુંદર, સુંદર, સુંદર અલંકૃત. ઇન્દ્રો આવીને આમ નમન કરે અને એવું તેજ મારે. એના ભામંડળમાં સાત ભવ દેખે. પ્રકાશ છે ને? આ ભામંડળ. આ પ્રકાશ કહેવાય. શરીરનું તેજ બહાર આવે. ભામંડળ. ભા નામ પ્રકાશનું મંડલ-ચક્ર. એમાં આમ નજર કરે તો સાત ભવ દેખે. ક્યાં કપડા હતા ભગવાનને? સમજાય છે કાંઈ? ચૈતન્યજ્યોત ઝળહળી ઉઠી છે અંદરથી કેવળજ્ઞાનમય. શરીરમાં પણ પુણ્યપ્રકૃતિ છે તો પ્રકાશ મારે છે. શું (કહે છે)? ... શરીર અને સો નુર... ધૂળમાંય નુર નથી. નુર તો આત્મામાં છે. જ્ઞાનાનંદ નુર અને આનંદ નુર. કહો, સમજાય છે કાંઈ?

અજીવ પદાર્થમાં પાંચ બોલ લ્યે છે. એક પુદ્ગલ. એ પુદ્ગલમાં સુખ નથી અને જ્ઞાન

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


નથી. બરાબર હશે? લાડવામાં? લાડવા.. લાડવામાં જ્ઞાન, સુખ છે કે નહિ? કહો, આ કાલે શું હતું તમારે? શું કહેવાય છે આ? અડદિયા અને જાંબુ, એ ગુલાબજાંબુ અને અડદિયામાં સુખ હતું? એ તો એની પર્યાયમાં કલ્પના (કરે છે). એ તો અશુદ્ધજીવ થયો. એ અશુદ્ધ જીવ થયો તો અહિતકારી દુઃખ થયું. એમાં પરમાં જ્ઞાન અને સુખ ક્યાં આવ્યું? પરમાં સુખ અને જ્ઞાન આવ્યા નહિ. બરાબર છે? મલૂકચંદભાઈને ખબર નથી, પુનમચંદભાઈને ખબર છે. એને ખબર છે, શરીર જ્યારે ઓલું થાય ત્યારે. ખબર નથી? ન્યાં લાખ રૂપિયાની ગોળી પડી હોય તો આમ જાણે અંદરથી બ્લડ પ્રેશર આવે. ચાલો ભાઈસા'બ જલ્દી ઘરે. સમજાય છે કાંઈ?

અજીવ પદાર્થમાં પહેલા એક પુદ્‌ગલ લીધું. પુદ્‌ગલમાં તો એક પરમાણુથી માંડી કર્મ, વાણીમાં સુખ, જ્ઞાન નથી. બરાબર છે? વાણી અજીવ છે. એમાં સુખ અને જ્ઞાન નથી. અજીવ પદાર્થમાં પહેલા પુદ્‌ગલની વ્યાખ્યા ચાલે છે. આત્મામાં આનંદ અને જ્ઞાન પ્રગટ છે એનું નામ સુખ અને સાર છે. અજીવ પદાર્થમાં જ્ઞાન, સુખ નથી. સમજાય છે કાંઈ? એ પુદ્‌ગલને '**જાણનહાર જીવને પણ સુખ, જ્ઞાન પણ નથી,...**' બે વાત. શું કહે છે? સાંભળો! અજીવ જે શરીર, વાણી, કર્મ આદિ. પૈસો, લક્ષ્મીમાં તો સુખ અને જ્ઞાન નથી પણ એના જાણનારાને પણ સુખ અને જ્ઞાન નથી. આવા અર્થ છે. મનસુખ! આવી ગયું કે નહિ તમારે ત્યાં? અહીંથી લઈ ગયા છે, નહિ? સમજાય છે કાંઈ?

અજીવ પદાર્થ એક પરમાણુથી માંડી દાળ, ભાત, શાક, રોટલી, કોઈપણ પકવાન, કોઈપણ વસ્તુ શરીર હો, કર્મ હો, પરમઔદારિક શરીર હો. ભગવાન તીર્થંકરને પરમઔદારિક શરીર છે. પરમઔદારિક શરીર. આમ શીતળ, શીતળ, શીતળ પરમાણુ શાંત (હોય). પણ એ પુદ્‌ગલમાં સુખ, જ્ઞાન નથી. અને એ પુદ્‌ગલને જાણનારાને પણ સુખ અને જ્ઞાન નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

'**ધર્મ,...**' ધર્માસ્તિકાય નામનો એક પદાર્થ છે. ભગવાન સર્વજ્ઞ પરમાત્માએ ચૌદ બ્રહ્માંડમાં, ચૌદ રાજૂલોકમાં એક ધર્માસ્તિ નામનો પદાર્થ છે, જે જીવ અને પુદ્‌ગલ ગતિ કરે છે તેને નિમિત્તરૂપ સહાય છે. પાણીમાં માછલી ગતિ કરે છે તો પાણી જેમ નિમિત્ત છે. એમ જીવ, જડ ચૌદ બ્રહ્માંડમાં ગતિ કરે, ધર્માસ્તિ નામનો પદાર્થ છે. એ ધર્મ અજીવ છે, જડ છે. એમાં સુખ, જ્ઞાન નથી. એમાં તો સુખ, જ્ઞાન નથી અને એને જાણનારાને પણ સુખ અને જ્ઞાન નથી. આહાહા..! સમજાય છે કાંઈ? શુદ્ધ ભગવાન આત્મા પરમાત્મા અથવા આ આત્મા. શુદ્ધ ચિદાનંદ નિર્મળાનંદ. એને જાણવાથી એમાં જ્ઞાન અને આનંદ છે. એ પરપદાર્થને જાણવાથી પરપદાર્થમાં જ્ઞાન અને આનંદ નથી, એને જાણનારને પણ જ્ઞાન અને આનંદ નથી. કહો, બરાબર છે? મનસુખ! દુકાને બેઠા હોય તો આનંદ અને સુખ નથી આવતું? આમ ધમાલ ધમાલ આવતા હોય, ઘરાક આવતા હોય સડસડાટ. આહાહા..! લાખોની પેદાશ બહારની,

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આમ ઢગલા દેખાતા હોય. કહે છે કે એમાં તો જ્ઞાન, સુખ નથી પણ એના જાણનારાને જ્ઞાન અને સુખ નથી. આહાહા..! પોપટભાઈ! શુદ્ધાત્મસ્વરૂપનું જ્ઞાન અને આનંદમાં જ સુખ અને જ્ઞાન છે. બીજામાં જ્ઞાન અને સુખ કહેવાતું નથી. કહો, બરાબર છે? રસિકભાઈ! બીજામાં સુખ અને જ્ઞાન નથી. એના જાણનારાને જ્ઞાન અને સુખ નથી, એમ અહીંયા કહે છે. આહાહા..!

'**અધર્મ,...**' એક અધર્માસ્તિકાય પદાર્થ ચૌદ બ્રહ્માંડમાં છે. જીવ અને પુદ્ગલ ગતિ કરતાં થંભી જાય ત્યારે એને નિમિત્ત અધર્મદ્રવ્ય છે. જેમ વૃક્ષની છાય ગતિ કરતા પથિકને સ્થિર થવામાં નિમિત્ત છે. એમ જડ, ચેતનમાં ગતિ કરતાં સ્થિર થવામાં એક અધર્માસ્તિકાય અજીવ પદાર્થ નિમિત્ત છે. એ અધર્માસ્તિકાયમાં સુખ અને જ્ઞાન નથી. અને અધર્માસ્તિકાયને જાણનારાને પણ જ્ઞાન અને સુખ નથી. આહાહા..! પણ ટીકા કરી છે ને!

મુમુક્ષુ :- પરસન્મુખનું જ્ઞાન.

ઉત્તર :- પરસન્મુખનું. અંતર સ્વસન્મુખના જ્ઞાન અને સ્વસન્મુખના આનંદ વિના જ્ઞાન, સુખ છે નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? ઈ શાસ્ત્ર પણ પુદ્ગલ છે. એ શાસ્ત્રના પુદ્ગલને જાણવાથી પણ જ્ઞાન, સુખ નથી. શાસ્ત્રમાં પણ જ્ઞાન, સુખ નથી. આહાહા..! આ શાસ્ત્રમાં જ્ઞાન, સુખ નથી. કેમ કે પુદ્ગલ છે. એના જાણનારાને પણ જ્ઞાન, સુખ નથી. કેમ કે પરસન્મુખની વૃત્તિ-ભાવ છે. આહાહા..! સમજાય છે કાંઈ? આ તો મંગળાચરણ છે. કાલ બીજથી માંડી છે મંગળાચરણ. સવારે. આ બપોરથી શરૂ થયું. સવારની ખબર હતી કે નહિ? મનસુખ! કાલની ખબર નહોતી આ કરવાનું હતું ઈ? કેમ મોડું થયું? કહો, સમજાય છે કાંઈ? ટીકા કરી છે ને પણ. એ.. સેઠી! એ હીરા, ઝવેરાતમાં સુખ, જ્ઞાન નથી. અને એના જાણનારાને પણ સુખ, જ્ઞાન નથી. આ હીરાની કિંમત કરવામાં સુખ, જ્ઞાન નથી, એમ કહે છે. આહાહા..! હીરા, માણેકને તપાસે ને. એની માથે ઝાંય એવી રાખે.

આત્મા શુદ્ધ ભગવાન આત્માને જાણવાથી જ્ઞાન અને એના અનુભવમાં સુખ છે. બાકી પરમાં જ્ઞાન, સુખ નથી. પરને જાણવાથી જ્ઞાન, સુખ નથી. લ્યો, પેલા કહે છે ને? ભગવાન તો લોકાલોકનો જાણે છે તો સુખ છે. એમ કહે છે, લ્યો. આપણે એક-બે નાટક દેખીએ. ભગવાન તો ત્રણકાળ ત્રણલોકના નાટક દેખે. એનાથી સુખ છે? મૂઢ, આવું શું કહે છે? એમ છે જ નહિ. પરને ત્રિકાળ જાણે છે માટે જ્ઞાન અને સુખ છે, એમ કોણ કહે છે? પોતાનો આત્મા શુદ્ધ પૂર્ણાનંદની પર્યાય અંદર પ્રગટ કરીને પોતાને જાણવું અને પોતાની આનંદની પર્યાય પ્રગટ કરી અનુભવવી, તેમાં જ્ઞાન અને સુખ છે. લોકાલોક જાણવા એ તો પોતાની નિર્મળ પર્યાયમાં નિર્મળ પર્યાયને જાણવી. એ નિર્મળ પર્યાય દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેને જાણે છે. પોતાના. એમાં જ્ઞાન અને એમાં સુખ છે. ઉત્તમચંદભાઈ! સાંભળ્યું છે કે નહિ? નથી આવતું ખામણામાં? ત્રણલોકના નાટક દેખે, ભગવાન આમ દેખે, આમ દેખે માટે સુખ છે. ધૂળમાંય સુખ નથી. સાંભળ તો ખરો. લોકાલોકને કારણે સુખ છે ભગવાનને?

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

ભગવાન તો પોતાનો શુદ્ધ ભગવાન ચિદાનંદ નિર્મળ, એનું અંતર જ્ઞાન અને આનંદ થયા એનાથી જ્ઞાન અને સુખ છે. પરને જાણવાથી જ્ઞાન અને સુખ નથી. સમજાય છે કાંઈ?

**'આકાશ,...'** આકાશ નામનો પદાર્થ સર્વવ્યાપક છે. એ આકાશમાં જ્ઞાન અને સુખ નથી. આકાશ પદાર્થમાં જ્ઞાન, સુખ નથી. એનું જ્ઞાન કરવામાં પણ જ્ઞાન, સુખ નથી. સમજાય છે કાંઈ? કહો, તમારી લાદીમાં કેટલી વિચિત્રતા હશે એનું ધ્યાન રાખતા હશે કે નહિ? તમે પહેલું રાખ્યું છે કે નહિ? ધ્યાન તો રાખ્યું હતું કે નહિ? આ લાદી આવી હોય ને એમાં...

મુમુક્ષુ :- ..

ઉત્તર :- વિચિત્ર પ્રકારની લાદી. અંદર ઉપર કાંકરી ધોળી છાંટે ને કાળી ઝીણી. એવી આવે છે ને લાદી? અહીં તો કહે છે, એમાં તો સુખ, જ્ઞાન નથી, એને જાણનારને સુખ અને જ્ઞાન નથી.

મુમુક્ષુ :- જ્ઞાન પણ નથી?

ઉત્તર :- જ્ઞાન પણ નથી અને સુખ પણ નથી. એ જ્ઞાન જ નથી. જ્ઞાન તો પોતાના ચિદાનંદ શુદ્ધનું જ્ઞાન કરવું એ જ્ઞાન છે. કહો, રસિકભાઈ! બરાબર છે? પહેલી ગાથાનું મંગળિક કર્યું છે. ભારે ટીકા પણ. આવી પડી રહી, અત્યાર સુધી બહાર ન આવી. એનું અંજળ (હોય ત્યારે આવે ને).

**'કાળ,...'** કાળ છે. અસંખ્ય કાળાણુ છે. આ ચૌદ બ્રહ્માંડમાં આકાશ પ્રદેશ ઉપર, એક એક પ્રદેશ ઉપર કાળાણુ અરૂપી અનંત ગુણવાળો છે. એ કાળમાં પણ જ્ઞાન, સુખ નથી અને કાળને જાણવાવાળાને પણ જ્ઞાન, સુખ નથી. **'સંસારી જીવ...'** હવે આવ્યા સંસારી જીવ. એકેન્દ્રિય માંડીને પંચેન્દ્રિય નરક ને મનુષ્ય ને સ્વર્ગ ને દેવ. એ **'સંસારી જીવને સુખ નથી,...'** સંસારી જીવને સુખ નથી. અજ્ઞાન અને રાગ-દ્વેષમાં પડ્યા છે પ્રાણી. બરાબર છે? ઈન્દ્રને જ્ઞાન, સુખ નથી ઈન્દ્રપદને કારણે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એ બીજું. એ તો અંતરને કારણે. સમજાય છે કાંઈ? જુઓ! સંસારી જીવમાં બધા આવ્યા કે નહિ? સર્વાર્થસિદ્ધિના આવ્યા કે નહિ? સર્વાર્થિસિદ્ધના દેવ. એ દેવને સંસાર પરિભ્રમણનો જે ભાવ છે એમાં જ્ઞાન, સુખ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? એ સંસારી જીવ રાગ-દ્વેષ અને અજ્ઞાનથી ભરેલા, એવા પ્રાણીને જ્ઞાન પણ નથી, સુખ પણ નથી અને જ્ઞાન પણ નથી. અજ્ઞાની પ્રાણી ભગવાન પોતાનો આત્મા શુદ્ધ ચિદાનંદને ભૂલીને જેટલું પરપદાર્થનું જ્ઞાન અને અંદર દુઃખનો ભાવ કરે છે એમાં સમ્યગ્જ્ઞાન અને સુખ નથી. દુઃખી છે. સમજાય છે કાંઈ?

આ સારના બે અર્થ કર્યા. આનંદ અને જ્ઞાન, આનંદ અને જ્ઞાન એ આત્મામાં શુદ્ધમાં છે, એ જ સાર છે અને એ જ ઉપાદેય છે. બાકી કંઈ ઉપાદેય નથી.

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મુમુક્ષુ :- .. લઈ આવ્યા.

ઉત્તર :- વસ્તુ છે એવી લાવ્યા. એવી વસ્તુ છે. કહો, આ કોઈ કહે છે ને? અમને એકેન્દ્રિયનું તો જ્ઞાન થયું ને? એકેન્દ્રિય, બેઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય, ચૌઇન્દ્રિય, પંચેન્દ્રિય. એકેન્દ્રિયા, બેઇન્દ્રિયા, તેઇન્દ્રિયા, ચૌઇન્દ્રિયા, પંચેન્દ્રિયા... આવે છે કે નહિ? કહે છે કે એ સંસારી જીવને તો સુખ, જ્ઞાન નથી, એને જાણનારને પણ સુખ, જ્ઞાન નથી. ઓહોહો..! ચીમનભાઈ! આવે છે ને? ... તમારે ક્યાં પહેલું શીખ્યા હતા? એ તો વૈષ્ણવ હતા ને પહેલા. આ લોકોને આવે એકેન્દ્રિય, બેઇન્દ્રિયા, ઇચ્છામિ પડિકમણા... કર્યું છે ને તમે? જૈન શાળામાં.

કહે છે કે અજીવ પદાર્થ. દુકાન, ધંધા-પાણી, વાણી નીકળવી, પૈસા આપવા, પેલો પૈસા લે એમાં જ્ઞાન, સુખ નથી. પણ એના જાણનારને જ્ઞાન, સુખ નથી. વાસુદેવભાઈ! આ ડોસાને ક્યાં કહેવું, છોકરાને કહેવું. આહા..! કાપડના મોટા ધંધા. પાંચ પાંચ લાખના કાપડ, પંદર-પંદર, વીસ-વીસ લાખના લાટા પડ્યા હોય. એમાં જ્ઞાન, સુખ નથી. એની પરીક્ષા કરનારને પણ જ્ઞાન, સુખ નથી. એની પરીક્ષા કરવી એટલે એનું જ્ઞાન કરવું કે આ ચીજ આવી, આ ચીજ આવી, આ ચીજ આવી. ધૂળમાંય જ્ઞાન, સુખ નથી. પેટ્રોલને પાસ કરતા હશે કે નહિ? ઈ પેટ્રોલમાં જ્ઞાન, સુખ નથી. પેટ્રોલેના જાણવાવાળાને જ્ઞાન, સુખ નથી.

મુમુક્ષુ :- આકરું લાગે છે.

ઉત્તર :- આકરું લાગે છે? વસ્તુસ્થિતિ એવી છે. પરલક્ષીજ્ઞાન તો આકુળતાવાળું છે. એમાં જ્ઞાન, સુખ ક્યાંથી આવ્યા?

ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદકંદ પ્રભુ પોતાનું નિજ શુદ્ધ સ્વરૂપ, એનું જ્ઞાન કરવાથી જ્ઞાન અને એનો અનુભવ કરવાથી સુખ છે. એ સિદ્ધને પ્રત્યક્ષ છે. આ આત્મા પોતાના શુદ્ધ સ્વભાવમાં જેટલું જ્ઞાન કરે અને આનંદ કરે એ સુખ અને જ્ઞાન છે. સમજાય છે કાંઈ? બાર અંગનું જ્ઞાન કરે પણ એમાં પણ જ્ઞાન અને સુખ નથી. આહાહા..! પરલક્ષ છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ભાષા તો એમ જ કહેવાયને. હીરાનું જ્ઞાન, લાડવાનું જ્ઞાન, આ ફલાણાનું જ્ઞાન. પણ જ્ઞાન એનું. આનું ક્યાં છે એમાં? એ સંબંધીનો વિકલ્પ અને આકુળતાવાળું જ્ઞાન. એ જ્ઞાન પણ નથી. જ્ઞાન તો સ્વ આત્માને જ્ઞેય કરીને જ્ઞાન કરે તેનું નામ જ્ઞાન છે. આત્મા અખંડાનંદ પ્રભુનું ધ્યાન કરીને આનંદ આવે તેનું નામ સુખ છે. બાકી જ્ઞાન અને સુખ બીજામાં ત્રણકાળમાં ક્યારેય નથી. સમજાય છે કાંઈ? ઓહોહો..! પહેલા એક કળશમાં જ કેટલો ખુલાસો કર્યો છે!

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મુમુક્ષુ :- ... કબુલ કર્યું છે કે પરદ્રવ્ય એના કારણે છે.

ઉત્તર :- એને કારણે છે. સર્વ દ્રવ્ય પોતપોતાને (કારણે) બિરાજમાન છે. એટલું ... કર્યું છે. કર્યું છે ને. દરેક દ્રવ્ય એના ગુણ-પર્યાયથી શોભાયમાન છે. તો એને કેમ સારપણું આત્માને ઘટે? અને પરને ન ઘટે? પરને કેમ ન ઘટે? પરને ન ઘટે. સાંભળ તો ખરો. એનું કારણ એ છે કે પરમાં સુખ, જ્ઞાન નથી અને પરને જાણવાવાળાને પણ જ્ઞાન, સુખ નથી. પોતાનું જ્ઞાન કરવામાં જ્ઞાન અને સુખ છે. બીજામાં કંઈ નથી.

'**સંસારી જીવને સુખ નથી, જ્ઞાન પણ નથી.**' ઓહોહો..! આ મોટા મોટા ઈજનેરના વકીલો અને ડૉક્ટરો બધા હુશિયાર કહેવાય છે ને? મોટા ટોપાવાળા ગોરા લોકો. પૃથ્વી ઉપર આમ કાન રાખે. એક માઈલ નીચે પાણી ચાલે છે. એક માઈલ. હોય છે ને બધું. સાંભળ્યું છે ને. અને એક માઈલ નીચે કોલસા છે. એ કોલસામાં થોડા વર્ષ પછી ખડખડાટ થશે. અગ્નિ થશે એમ લાગે છે. એ જ્ઞાન નહિ, એ સુખ નહિ. દુનિયા એમ જાણે કે ઓહોહો..! આ શું કીધું તમારું? રોકેટ. આ બધું કાઢ્યું છે ને.

મુમુક્ષુ :- કોણ?

ઉત્તર :- જડે. એ રોકેટમાં જ્ઞાન, સુખ નથી અને રોકેટના જાણનારામાં પણ જ્ઞાન, સુખ નથી. આહા..! એમાં વિજ્ઞાનને તો આમ કહે લોકો આહા..! કેટલું વિજ્ઞાન આગળ વધ્યું. ધૂળમાંય વધ્યું નથી, સાંભળ તો ખરો. લોકો અત્યારે બહુ પોકાર કરે છે. ક્યાંના ક્યાં લોકો બેઠા છે. આકાશ પાતાળ એક કરી નાખે. મનુષ્યને ત્યાં લઈ જશે ને એ લોકોને અહીં ઉતારશે. ધૂળમાંય નથી. સાંભળ તો ખરો. ગપ્પેગપ મારે છે. ચંદ્રલોકની જમીન લઈ લેવી પહેલા. બંગલા બનાવે ને... ભગવાન કહે છે કે તારો આત્મા શુદ્ધ અને પરમાત્મા શુદ્ધ. એ પરમાત્મા શુદ્ધ પરમાત્મા સિદ્ધ, અરિહંતને પોતાનું જ્ઞાન અને પોતાનો આનંદ એને જ સારપણું, આનંદપણું અને જ્ઞાનપણું છે. અને પોતાનો આત્મા શુદ્ધ ધ્રુવ, એનો અંતરમાં જ્ઞાન અને આનંદને સારપણું જ્ઞાન અને આનંદ છે. પરમાં સંસારી જીવમાં જ્ઞાન અને આનંદ નથી અને સંસારી જીવને એકેન્દ્રિયને જાણનારાને પણ જ્ઞાન અને સુખ નથી. ઓહોહો..! ચાર ગતિના જીવમાં સુખ નથી, જ્ઞાન નથી. ચાર ગતિના જીવને જાણનારાને પણ જ્ઞાન અને સુખ નથી. સ્વસ્વભાવના જ્ઞાન વિના જ્ઞાન નહિ અને સ્વસ્વભાવમાં આનંદ વિના સુખ નહિ. સમજાય છે કાંઈ?

'**તેથી તેમને 'સાર'પણું ઘટતું નથી.**' સમજાય છે કાંઈ? '**તેમનું સ્વરૂપ જાણતાં જાણનહાર જીવને પણ સુખ નથી, જ્ઞાન પણ નથી,...**' આહાહા..! બે પંક્તિ. જેમાં જ્ઞાન ભર્યું છે, પૂર્ણાનંદ પ્રભુ એવો શુદ્ધ આત્મ પદાર્થ. એનું જ્ઞાન કરવાથી જ્ઞાન અને સુખ થાય છે. પરનું જ્ઞાન કરવાથી જ્ઞાન, સુખ પરમાં નથી અને તને પણ તે કારણે નથી. કહો, સમજાય છે કાંઈ? ન્યાલચંદભાઈ! લ્યો, આ કેમ વાંચવું એ જરી શીખી લેવું આમાંથી.

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

આ પહેલી વાર કળશટીકા બહાર પડી છે. કેટલા વર્ષે. આવી વ્યાખ્યાન શૈલી તો પહેલા પણ હશે. અત્યાર સુધી તો બહાર ચાલ્યું નથી. .. ચાલે છે ને આત્યારે.

શું કહે છે? શિષ્યે પ્રશ્ન કર્યો હતો. એમાં સારના બે લક્ષણ કહ્યા અને પછી સાર તે સુખ અને અહિતકારી તે દુઃખ, એમ કહીને અજીવ પદાર્થ ધર્મ, અધર્મ, આકાશ, કાળ અને સંસારી જીવ એ બધામાં જ્ઞાન, સુખ નથી. અને એ બધાને જાણનારો સંસારી જીવને જાણનારાને પણ જ્ઞાન, સુખ નથી. બધાની પરીક્ષા કરી. આ ઈજનેર છે અને આ વળી મોટો આવો છે. તોફાની. સંસારના જ્ઞાનમાં આમ મોટો છે. મોટો બે હજાર લે છે. ભોળાભાઈ નહિ? વકીલ. એક દીના બે હજાર. કેટલું આમ જ્ઞાન, બુદ્ધિ! લ્યો. લોઢામાંથી મેંગેઝિન... શું કહે છે ઈ? મેંગેનીઝ નીકળે એમાં બુદ્ધિ થાય, પૈસા પેદા થાય, એમાંથી આમ નીકળે. ધૂળમાંય સુખી નથી. પરમાં મેંગેનીઝમાં જ્ઞાન, સુખ નથી અને એના જાણનાર પરીક્ષકને પણ જ્ઞાન, સુખ નથી. સમજાય છે કાંઈ? ક્યાં ગયા કેવળચંદભાઈ? આ ઓલા રાખ્યા હતા ને તમે? હજાર-હજાર, બે-બે હજારના કોણ બે? નોકરો. જાપાની. ઓલા તમારા સંચા માટે. મોટા સંચા છે ને એના ઘરે. બે-બે હજારના પગાર. કહે છે, સંચાના પ્રવીણ છે. શું કહેવાય? પારંગત છે. એક એક સંચો ક્યાં ભૂલે, આ મોટરનો પાર્ટ કહેવાયને? શું કહેવાય? ... એ ભાગમાં અહીં ... અહીં આ, અહીં આ... ચંદ્રકાંત ગયા? ગયા હશે. એક એક પાર્ટની ખબર, ભાગની ખબર. આ અહીં, આ અહીં. સંચા મોટા, લ્યો. હમણાં કીધું ને? પેલા લાલચંદ શેઠનું. ત્રણ કરોડની એક મીલ કરી હમણાં. લાલચંદ શેઠે. ભાઈએ કહ્યું હતું ને? ભાઈ આવ્યા હતા ને. ત્રણ કરોડનો એક નવો સંચો. ઓટોમેટિક બધું (થાય). આમ રૂ નાખે ને કપડું નીકળે. થોડા માણસો, બહુ થોડા. લાલચંદ શેઠ, ઉજ્જૈન. આહાહા..! બહુ હોશિયાર માણસ હોય એ સંચા ચલાવે ને આમ ધ્યાન રાખે. કહે છે કે એ સંચાને સુખ, જ્ઞાન નથી અને એના જાણનારાને સુખ, જ્ઞાન નથી. બરાબર હશે? આ તમારા મોટરના જાણવાવાળાને સુખ, જ્ઞાન નથી એમ કહે છે. ભઈ, ઘણા આ લોકોને કહે છે બધા. પૈસાવાળા છે ને સુખી છે ને એ બધા વાતું કરે છે લોકો.

મુમુક્ષુ :- આપ પણ બધાને ના પાડો છો.

ઉત્તર :- લોકો વાતું કરે છે. આહાહા..! ભારે વાત, ભાઈ!

નમઃ સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે।
चित्स्वभावाय भावाय सर्वभावान्तरच्छिदे।।१।।

આ એક પહેલા કળશનો અર્થ ચાલે છે. અમૃતચંદ્રાચાર્ય મહારાજે સમયસારમાં પહેલું મંગળિક કર્યું. એનું આ ભાવઉદ્દ્ઘાટન કર્યું. ભાઈ! એમાં આ ભર્યું છે. તે શુદ્ધાત્મા સિવાય અને દુનિયામાં શુદ્ધાત્મા સિવાય પરમાં સુખ નથી અને પર જેટલા છે એના જાણનારને પણ જ્ઞાન અને સુખ નથી. ઓહો..હો..! વાહ રે કથનપદ્ધતિ!!

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**'તેમનું સ્વરૂપ જાણતાં...'** તેમનું એટલે? એ પુદ્ગલનું, ધર્મનું, અધર્માસ્તિ, આકાશ, કાળ અને સંસારી જીવ. તેમને જાણતાં **'જાણનહાર જીવને પણ સુખ નથી, જ્ઞાન પણ નથી.'** સમજાય છે કાંઈ? **'તેથી તેમને 'સાર'પણું ઘટતું નથી.'** અશુદ્ધ સંસારી જીવને જ્ઞાન, સુખ નથી. તેથી અશુદ્ધ જીવ પણ અને બીજા જડ, તેમને સારપણું ઘટતું નથી. સારપણું હોતું નથી, સાર છે જ નહિ. ઓહોહો..! સમજાય છે કાંઈ? **'શુદ્ધ જીવને સુખ છે, જ્ઞાન પણ છે,...'** જુઓ! ભગવાન પૂર્ણાનંદ શુદ્ધ થયા, સિદ્ધ શુદ્ધ અરિહંત અને આત્મા શુદ્ધ થાય, પોતાનું જ્ઞાન... જુઓ! **'શુદ્ધ જીવને સુખ છે, જ્ઞાન પણ છે, તેને જાણતાં...'** પોતાના શુદ્ધ જીવને જ્ઞાન અને સુખ છે. તેને જાણતાં એણે કર્યું શું? એકલું જાણવું નહિ. **'અનુભવતાં...'** પોતાનું શુદ્ધ દ્રવ્ય. ઓહો..! અશુદ્ધ પર્યાયને જાણવું એ જ્ઞાન નહિ અને સુખ નહિ. પોતાની અશુદ્ધ પર્યાયને જાણવી અને આ રાગ ને આ દ્વેષ, એને જ્ઞાન પણ નથી અને સુખ પણ નથી. ઓહો..!

એક સેકંડના અસંખ્યભાગમાં પોતાનું શુદ્ધ પ્રભુ દ્રવ્ય અને અનંત શુદ્ધ ગુણ, તેને જાણતાં. અર્થાત્ અનુભવતાં. એને અનુભવતાં **'જાણનહારને સુખ છે, જ્ઞાન પણ છે,...'** જુઓ! સમજાય છે કાંઈ? ભગવાન શુદ્ધ ચૈતન્યમૂર્તિ. એક સેકંડના અસંખ્યભાગમાં પૂર્ણ અનંત આનંદ આદિ ગુણનો ભંડાર, એવો પ્રભુ પોતાના શુદ્ધ દ્રવ્ય-ગુણને અંતર એકાગ્ર થઈને એનો અનુભવ કરવો એવા શુદ્ધ જીવનો અનુભવ કરવો એને જ સુખ અને જ્ઞાન છે. આહાહા..! સમજાય છે કાંઈ? આવી ચીજ સ્પષ્ટ કરી છે. ગૂઢ વાતને ખોલી નાખી. શ્રીમદ્ તો કહ્યું, શાસ્ત્રમાં ધર્મ છે, મર્મ નથી. અહીં તો મર્મ પણ ખોલી નાખ્યો. શાસ્ત્રમાં મર્મ ખોલી નાખ્યો. સમજાય છે કાંઈ? આહાહા..! વસ્તુ આવી છે.

આ સંસારી વિચક્ષણતા એ જ્ઞાન અને સુખ નહિ. દસ-દસ હજારના પગાર અને આ બધા મોટા નેતાઓ છે ને. આમ પંચશીલ, આવી સડક બનાવો, આવા કૂવા, આવા પાતાળકૂવા, ... ઉડાવો. રોકેટમાં આમ નાખો. અમેરિકા અને રશિયા, બે વચ્ચે કેટલું ચાલે છે. ઓલો કહે મારું રોકેટ પહેલા જાય, ઓલો કહે, મારું. ધૂળમાંય નથી, સાંભળને! એમાં સુખ નથી, જ્ઞાન પણ નથી. એના તારા જ્ઞાનમાં જ્ઞાન પણ નથી, સુખ પણ નથી. કહો, સમજાય છે કાંઈ? એક ભગવાન પોતાનું નિજ શુદ્ધ સ્વરૂપ, પરમાનંદ ચૈતન્યજ્યોતિ એનો અંતર્મુખ થઈને જેમાં જ્ઞાન અને આનંદ ભર્યા છે, એનું જ્ઞાન અને સુખ એનું નામ જ્ઞાન અને આનંદ કહેવામાં આવે છે. તેથી જીવને, આવા શુદ્ધ જીવને સારપણું ઘટે છે. બીજાને સારપણું ઘટતું નથી. કહો, સમજાય છે કાંઈ?

**'શુદ્ધ જીવને સુખ છે, જ્ઞાન પણ છે, તેને જાણતાં-અનુભવતાં જાણનહારને સુખ છે, જ્ઞાન પણ છે, તેથી શુદ્ધ જીવને 'સાર'પણું ઘટે છે.'** લ્યો. એટલી વ્યાખ્યા કરી. ઓહોહો..! સમજાય છે કાંઈ? આજ તો રજા હશે. ભાઈ આવ્યા છે? રતિભાઈ આવ્યા

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


નથી. આવ્યા છે? ઠીક. છે ને પુસ્તક હાથમાં છે કે નહિ? તેથી-આ કારણે, આ કારણસર **'શુદ્ધ જીવને 'સાર'પણું ઘટે છે.'** સરવાળો. એક શુદ્ધ પરમાત્મા પોતાનું નિજ સ્વરૂપ. પૂર્ણ થઈ ગયા એ તો સાર છે જ. પોતાના શુદ્ધ દ્રવ્ય-ગુણ, શુદ્ધ પરમાત્મ સ્વભાવ એનું અંતર જ્ઞાન અને આનંદ, એને જ સારપણું ઘટે છે. બીજામાં વ્યવહારને સારપણું નથી ભાઈ એમ અહીં આવ્યું. એઈ..! સમ્યગ્દૃષ્ટિને પણ જેટલું વ્યવહાર દેવ-ગુરુ-શાસ્ત્રનું જ્ઞાન, શાસ્ત્રનું જ્ઞાન, એની શ્રદ્ધા, પંચ મહાવ્રતના પરિણામ એ પણ સાર નથી. એનું જ્ઞાન એ જ્ઞાન નહિ, એમાં જ્ઞાન, સુખ નથી. વ્યવહાર વિકલ્પમાં જ્ઞાન, સુખ નથી. એકલા વ્યવહારનું જ્ઞાન કરવાથી પણ જ્ઞાન, સુખ નથી. પોતાના શુદ્ધાત્માનું જ્ઞાન કરવાથી જ્ઞાન અને સુખ છે. ઓહોહો..! સમજાય છે કાંઈ? રાડ નાખી જાય. આ વાત બહાર આવી છે ને. ભગવાન! રાડ નાખ કે ન નાખ, વસ્તુ તો આવી છે. ત્રણકાળ ત્રણલોકમાં, 'એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ'. બીજો કોઈ માર્ગ છે નહિ. કહો, ..ભાઈ! આ હિંમતભાઈ રોકાણા છે. આ બધી કળશની સલાહ આપવા માટે. આહાહા..!

રાજમલજીએ ... કરી છે ને ટીકા. મળી પછી આમાંથી સમયસાર નાટક કાઢ્યું. 'પાંડે રાજમલ જૈનધર્મી, સમયસાર નાટકકે મર્મી'. આવ્યું ને પહેલા? આવ્યું છે. એમાં જ છે. એમાં પ્રસ્તાવના છે. ૨૦મે પાને. ૨૦ પાને છે. પાનું-૨૦. પહેલી પ્રસ્તાવના. ૨૦મું પાનું છે ને?

પાંડે રાજમલ જિનધર્મી, સમયસાર નાટકકે મર્મી.
તિન્હેં ગ્રન્થકી ટીકા કીન્હી, બાલબોધ સુગમ કરિ દીન્હી.

બાલબોધ. સાધારણ બાળજીવોને સમજાય એવી સુગમ ટીકા કરી છે. છે મૂલચંદભાઈ?


'ઇહ વિધિ બોધ વચનિકા ફૈલી, સમૈ પાઈ અધ્યાતમ સૈલી.' અધ્યાત્મ શૈલી સમય પામીને પ્રાપ્ત થઈ. 'પ્રગટી જગત માંહી જિનવાણી, ઘર ઘર નાટક કથા બખાની.' પછી નીચે. 'નાટક સમૈસાર હિત જીકા, સુગમરૂપ રાજમલી ટીકા'. લ્યો, આ તો સુગમરૂપ ટીકા. સમજાણું કાંઈ? આવી સુગમરૂપ ટીકા. બનારસીદાસ (કહે છે). 'કવિતબદ્ધ રચનાજો હોઈ, ભાષા ગ્રંથ પઢૈ સબ કોઈ.' પછી પોતે કહે છે, 'તબ બનારસી મનમેં આની, કીજૈ તો પ્રગટૈ જિનવાની.' આવો જો મર્મ ખોલે તો જિનવાણીનું રહસ્ય ખૂલે. 'પંચ પુરુષકી આજ્ઞા લીની, કવિતબદ્ધકી રચના કીની.' આમાંથી સમયસાર નાટક બનાવ્યું છે. બનારસીદાસ. મહા અધ્યાત્મ દૃષ્ટિ અને અધ્યાત્મ કવિ. એમણે સમયસાર નાટક આમાંથી બનાવ્યું છે. કહો, સમજાય છે કાંઈ?

લ્યો, એક શ્લોકમાં બે કલાક થયા. કાલે શરૂઆત કરી હતી. આ પહેલા એક શ્લોકમાં એટલું ભર્યું છે. આહાહા..! ભગવાન આત્મા અને શુદ્ધ ભગવાન આત્મા એ શુદ્ધ દ્રવ્ય-ગુણવાળા, એ શુદ્ધનું જેણે અંતરજ્ઞાન કર્યું તે શુદ્ધનો અંતર આનંદ લીધો, તેનું નામ જ્ઞાન અને સુખ કહે છે. બીજા અશુદ્ધમાં સુખ અને જ્ઞાન નથી. અશુદ્ધને જાણનારને પણ સુખ

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

અને જ્ઞાન નથી. આહાહા..! કહો, સમજાય છે કાંઈ? **'તેથી શુદ્ધ જીવને...'** **'નમઃ સમયસારાય'**. નમસ્કાર. સમય નામ આત્મા, સાર નામ શુદ્ધ જીવની જ્ઞાન અને આનંદદશા પ્રગટ થઈ તેને મારા નમસ્કાર. મારા આત્મામાં પણ શુદ્ધ દ્રવ્યનું જ્ઞાન અને આનંદ થયા તે જ મને નમન નામ આદરણીય છે, બીજું કંઈ આદરણીય નથી. એમ કહીને પહેલા શ્લોકનો મંગળાચરણ કર્યું. બીજો શ્લોક આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)



ૐ
જેને સુખ થાવું હોય તેણે સુખ
સમૃદ્ધ એવો આત્મા કે જે સુખસ્વભાવનું
આલંબન પામે છે તેના આશ્રયથી સુખ
થાય છે અને દુઃખનો નાશ થાય છે.
એટલે સત્ય પ્રતીતમાં આવે છે
અને અસત્યની પ્રતીતનો નાશ થાય છે
આખા સત્યનું યથાર્થ જ્ઞાન થાય છે અને
અજ્ઞાનનો નાશ થાય છે. તેમજ સત્યમાં
સ્થિરતા થાય છે અને અસ્થિરતાનો નાશ
થાય છે.

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


## વીર સંવત-૨૪૯૧, ફાગણ સુદ ૪, રવિવાર,
## તા. ૭-૩-૧૯૬૫, કલશ-૨-૩
## પ્રવચન નં. ૩

(અનુષ્ટુપ)

**अनन्तधर्मणस्तत्त्वं पश्यन्ती प्रत्यगात्मनः।**
**अनेकान्तमयी मूर्तिर्नित्यमेव प्रकाशताम्।।२।।**

ખંડાન્વય સહિત અર્થ :—"नित्यमेव प्रकाशताम्" (नित्यं) સદા-ત્રિકાળ (प्रकाशताम्) પ્રકાશ કરો; એટલું કહી નમસ્કાર કર્યા. તે કોણ? 'अनेकान्तमयी मूर्तिः' (अनेकान्तमयी) "न एकान्तः अनेकान्तः" અનેકાન્ત અર્થાત્ સ્યાદ્વાદ, તે-મય અર્થાત્ તે જ છે (मूर्तिः) સ્વરૂપ જેનું, એવી છે સર્વજ્ઞની વાણી અર્થાત્ દિવ્યધ્વનિ. આ અવસરે આશંકા ઊપજે છે—કોઈ જાણશે કે અનેકાન્ત તો સંશય છે, સંશય મિથ્યા છે. તેનું નામ સમાધાન કરવું—અનેકાન્ત તો સંશયનો દૂરીકરણશીલ છે અને વસ્તુસ્વરૂપનો સાધનશીલ છે. તેનું વિવરણ—જે કોઈ સત્તાસ્વરૂપ વસ્તુ છે તે દ્રવ્ય-ગુણાત્મક છે, તેમાં જે સત્તા અભેદપણે દ્રવ્યરૂપ કહેવાય છે તે જ સત્તા ભેદપણે ગુણરૂપ કહેવાય છે; આનું નામ અનેકાન્ત છે. વસ્તુસ્વરૂપ અનાદિનિધન આવું જ છે, કોઈનો સહારો નથી, તેની 'અનેકાન્ત' પ્રમાણ છે. હવે જે વાણીને નમસ્કાર કર્યા તે વાણી કેવી છે? "प्रत्यगात्मनस्तत्त्वं पश्यन्ती" (प्रत्यगात्मनः) સર્વજ્ઞ વીતરાગ, (તેનું વિવરણ—"प्रत्यक्" અર્થાત્ ભિન્ન; ભિન્ન અર્થાત્ દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મથી રહિત, એવો છે 'आत्मा' આત્મા (-જીવદ્રવ્ય) જેનો તે કહેવાય છે 'પ્રત્યગાત્મા',) તેનું (तत्त्वं) સ્વરૂપ, તેની (पश्यन्ती) અનુભવનશીલ છે. ભાવાર્થ આમ છે-કોઈ વિતર્ક કરે કે દિવ્યધ્વનિ તો પુદ્ગલાત્મક છે, અચેતન છે, અચેતનને નમસ્કાર નિષિદ્ધ છે. તેનું સમાધાન કરવાને માટે આ અર્થ કહ્યો કે વાણી સર્વજ્ઞસ્વરૂપ-અનુસારિણી છે, એવું માન્યા વિના પણ ચાલે નહિ. તેનું વિવરણ-વાણી તો અચેતન છે. તેને સાંભળતાં જીવાદિ પદાર્થનું સ્વરૂપજ્ઞાન જે પ્રકારે ઊપજે છે તે જ પ્રકારે જાણવું કે વાણીનું પૂજ્યપણું પણ છે. કેવા છે સર્વજ્ઞ વીતરાગ? "अनन्तधर्मणः" (अनन्त) અતિ ઘણા છે (धर्मणः) ગુણો જેમને એવા છે. ભાવાર્થ આમ છે—કોઈ મિથ્યાવાદી કહે છે કે પરમાત્મા નિર્ગુણ છે, ગુણનો વિનાશ થતાં પરમાત્મપણું થાય છે; પરંતુ એવું માનવું જૂઠું છે, કારણ કે ગુણોનો વિનાશ થતાં દ્રવ્યનો પણ વિનાશ છે. ૨.

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## કલશ-૨ ઉપર પ્રવચન

આ સમયસારના કળશની ટીકા ચાલે છે. કળશની ટીકા. કળશ તો અમૃતચંદ્રાચાર્યે કર્યા છે. એની ટીકા રાજમલ જૈન ધર્મી-મર્મી ભાવના ઉદ્‌ઘાટનમાં સાવધાન એમણે આ શાસ્ત્રની હિન્દીમાં ટીકા કરી છે. એક શ્લોક થયો. આત્માને નમસ્કાર એવો એક શ્લોક થયો. શુદ્ધાત્માને નમસ્કાર. હવે વાણીને નમસ્કાર કરે છે. વ્યવહાર લાવે છે વ્યવહાર.

(અનુષ્ટુપ)

अनन्तधर्मणस्तत्त्वं पश्यन्ती प्रत्यगात्मनः।
अनेकान्तमयी मूर्तिर्नित्यमेव प्रकाशताम्।।२।।

'**ખંડાન્વય સહિત અર્થ :-**' '**नित्यमेव प्रकाशताम्**' પહેલો શબ્દ છે. '**नित्यं**' નામ '**સદા-ત્રિકાળ પ્રકાશ કરો;...**' વાણી નિત્ય ત્રિકાળ પ્રકાશને કરો (અર્થાત્) પદાર્થના સ્વરૂપને બતાવો. એમ કહીને '**એટલું કહી નમસ્કાર કર્યા.**' બહુ વંદન અને વિનય કર્યો. વાણી ત્રિકાળ, દિવ્યધ્વનિ ત્રિકાળ હો. ભગવાનની દિવ્યધ્વનિ ત્રિકાળ હો. એમ કરીને વાણીનું બહુમાન કર્યું. '**એટલું કહી નમસ્કાર કર્યા.**' એમ કહે છે. વાણીને એવી રીતે અહો..! આત્મસ્વરૂપ પૂર્ણાનંદ અખંડ અભેદ એને બતાવનારી દિવ્યધ્વનિ સદા ત્રિકાળ અસ્તિત્વપણે રહો. એમ કહીને પોતાના જ્ઞાનાનંદના પ્રમોદમાં જે કાંઈ વાણીના શ્રવણનો વિકલ્પ છે અને એના નિમિત્તમાં પોતાના અંતર અનુભૂતિનો જે આનંદ છે એથી નિશ્ચય અનુભૂતિ ત્રિકાળ રહો અને એમાં સુણવાની વાણી પણ ત્રિકાળ રહો. સમજાય છે કાંઈ?

એનો અર્થ એ કે શ્રવણમાં ત્રિકાળી નિમિત્ત રહો તો એને સ્વરૂપની દૃષ્ટિમાં જે કંઈ અસ્થિરતા છે એમાં એ શ્રવણ કરે છે અને લક્ષ કરે છે આત્માનું. એને અલ્પ કાળમાં એ પરનું લક્ષ છૂટીને પૂર્ણાનંદની પ્રાપ્તિ થશે. અને એ અનેકાંતમયી વાણી નિત્ય રહો એનો અર્થ કે સાંભળવામાં મને વિકલ્પમાં એ જ રહો. એટલે એ વિકલ્પ લાંબો કાળ રહે નહિ. વચમાં અશુભભાવ ન આવે અને આ વાણી સાંભળવાને કાયમ રહો. એમ કહેતા જ આત્માના અંતર દૃષ્ટિમાં વિકલ્પ જે નબળાઈનો આવે છે એ વિકલ્પ સિવાય બીજો ન હો અને આ અમને શ્રવણમાં નિમિત્ત હો. એનો અર્થ કે અલ્પ કાળમાં જ વિકલ્પરહિત સ્વરૂપની હું પ્રાપ્તિ કરીશ. એમ ત્રિકાળ વંદન વાણીને અહીંયાં કર્યું છે.

'**તે કોણ?**' એ વાણી કોણ? '**अनेकान्तमयी मूर्तिः**' પહેલા શબ્દનો અર્થ '**अनेकान्तमयी**' '**अनेकान्तमयी**' '**(अनेकान्तमयी) न एकान्तः अनेकान्तः**' ન એક ધર્મ જેમાં એવો અનેક ધર્મવાળી વાણી. '**न एकान्तः**' ન એક ધર્મવાળી. એવી અનેક ધર્મને બતાવનારી વાણી પણ અનેકાંત અનંત ધર્મવાળી. '**અનેકાન્ત અર્થાત્ સ્યાદ્વાદ,...**' આટલો અર્થ કર્યો. અનંતધર્મને અસ્તિ-નાસ્તિને બતાવનારી, ભેદ-અભેદને બતાવનારી એ વાણી. વસ્તુમાં ભેદ-

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અભેદ છે એને બતાવનારી કથંચિત્ અપેક્ષાએ અભેદ અને અપેક્ષાએ ભેદ એવી જે સ્યાદ્વાદ. અહીં અનેકાંતનો અર્થ સ્યાદ્વાદ. નહિતર અનેકાંત તો ભાવ છે. સ્યાદ્વાદ એના કથન કરનારી કથંચિત્ ભેદ અને અભેદ એમ કથન કરનારી વાણી છે. પણ અનેકાંતનો જ અર્થ અહીંયાં સ્યાદ્વાદ છે. સ્યાદ્ એટલે અપેક્ષાએ કહેવું.

**'અનેકાન્ત અર્થાત્ સ્યાદ્વાદ, તે-મય...'** તે-મય એમ શબ્દ છે ને? **'તે જ છે સ્વરૂપ જેનું, એવી છે...'** જે વાણીમાં આત્માનું ભેદ અને અભેદ સ્વરૂપ આવે છે એ વાણીનું એ સ્વરૂપ છે. મૂર્તિ એટલે એ સ્વરૂપ છે. **'એવી છે સર્વજ્ઞની વાણી અર્થાત્ દિવ્યધ્વનિ.'** ભગવાન પરમાત્મા સર્વજ્ઞ એની દિવ્ય નામ પ્રધાન સર્વોત્કૃષ્ટ વાણી. સર્વોત્કૃષ્ટ કેવળજ્ઞાન ત્યાં સર્વોત્કૃષ્ટ વાણી. તે નિત્ય પ્રકાશ કરો. એમ કરીને બહુમાન વાણીનું કર્યું.

**'આ અવસરે...'** આ અપેક્ષાએ કથન કરવાથી. કોઈને **'આશંકા ઊપજે છે—'** વિશેષ સમજવા માટે શંકા થતી હોય. આમ નથી એમ નહિ પણ આશંકા ઊપજતી હોય કે **'કોઈ જાણશે કે અનેકાન્ત તો સંશય છે,...'** કાંઈ ઠેકાણું ન મળે એમાં. આમ હશે કે આમ હશે. એમ અનેકાંત કહેવાય. કહો, દેવાનુપ્રિયા! વ્યવહારથી થાય, નિશ્ચયથી થાય, નિમિત્તથી થાય, ઉપાદાનથી થાય. અનેકાંત છે. એમાં કોઈ નિર્ણય રહ્યો નહિ. સંશયવાદ થઈ જાય છે એમાં. સમજાણું? **'કોઈ જાણશે કે અનેકાન્ત તો સંશય છે, સંશય મિથ્યા છે.'** સમજાણું?

**'તેનું આમ સમાધાન કરવું—અનેકાન્ત તો સંશયનો દૂરીકરણશીલ છે...'** વસ્તુના ભેદ-અભેદનું સ્વરૂપ કહેનારી એવી વાણી સંશયને, સંદેહને છેદનકરણશીલ છે. એની દૂરીકરણશીલ છે. સંશયને છેદનારી છે. કહો, સમજાણું કાંઈ? ભાઈ! અનેકાંત વાણી ભગવાનની છે એટલે આમાં કાંઈ નિર્ણય થાય નહિ. સ્યાદ્વાદ છે, અનેકાંત છે. આમ પણ હોય ને આમ પણ હોય. દેવાનુપ્રિયા! કેટલી વાર મારે છે ને એ રીતે ગોળા? અહીં તો કહે છે કે **'અનેકાન્ત તો સંશયનો દૂરીકરણશીલ છે...'** સંદેહને દૂર કરનારો જેનો સ્વભાવ છે. નિઃસંદેહની પ્રાપ્તિ કરવામાં જે નિમિત્ત વાણી છે. નિઃસંદેહ વસ્તુનું સ્વરૂપ બતાવવામાં અને સંશયને દૂરીકરણ જેનો સ્વભાવ છે. નિઃસંદેહપણું-આ તત્ત્વ આમ જ છે. દ્રવ્યે આત્મા નિત્ય છે, પર્યાયે અનિત્ય જ છે, વસ્તુએ નિત્ય જ છે એમ બતાવનારી નિઃસંદેહ બતાવનારી વાણી છે. કહો, સમજાણું કાંઈ?

**'અને વસ્તુસ્વરૂપનો સાધનશીલ છે.'** જુઓ! ભાષા એમની ખાસ. વસ્તુના સ્વરૂપને સાધન કરવાના સ્વભાવવાળી વાણી છે. વીતરાગની વાણી વસ્તુના સ્વરૂપને સાધન સ્વભાવવાળી છે. વસ્તુ જેવી છે એવી સાધન કરીને સિદ્ધ કરનારી એ વાણી છે. સમજાણું કાંઈ? પોપટભાઈ! જુઓ! આ ગૃહસ્થાશ્રમમાં રહીને એક આ ટીકા કરી છે. શીલ શબ્દ બહુ વાપર્યો છે. વસ્તુસ્વભાવ આત્મા જેમ છે અનંતગુણનો પિંડ દ્રવ્યે, પર્યાયે ક્ષણિકમાં અવસ્થા જેમ છે તેમ તેને સાધનશીલ,

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


વાણી તેને સાધન તરીકે સાધન સિદ્ધ કરનારો એનો સ્વભાવ છે. વાણીમાં સંશય ઉત્પન્ન કરે એવો એનો સ્વભાવ નથી. કહો, સમજાણું કાંઈ?

**'તેનું વિવરણ—'** એનું વિશેષ કથન. વિ-વરણ-વિશેષ કથન. **'જે કોઈ સત્તાસ્વરૂપ વસ્તુ છે...'** અનેકાંતને સિદ્ધ કરે છે હવે. અનેકાંતમય મૂર્તિ કીધી હતી ને? હવે અનેકાંત એટલે શું? **'જે કોઈ સત્તાસ્વરૂપ વસ્તુ...'** વસ્તુ સત્તાસ્વરૂપ છે, આત્મા હોવાપણે છે, હોવાપણાના ગુણવાળી વસ્તુ છે એમ પરમાણુ હોવાવાળા ગુણપણે છે, છ દ્રવ્યો હોવાવાળાના સ્વરૂપે વસ્તુ છે **'તે દ્રવ્ય-ગુણાત્મક છે,...'** તે સત્તાસ્વરૂપ વસ્તુ દ્રવ્ય અને ગુણસ્વરૂપ છે. જે વસ્તુ છે તે સત્તાસ્વરૂપ છે અને તે દ્રવ્ય અને ગુણસ્વરૂપ છે. દ્રવ્ય એટલે વસ્તુ અને ગુણ એટલે ત્રિકાળી શક્તિ. પરમાણુ, આત્મા આદિ બધી (સત્તાસ્વરૂપ વસ્તુ). દ્રવ્ય-ગુણસ્વરૂપ આત્મક એટલે. દ્રવ્ય-ગુણસ્વરૂપ છે. હવે એમાં અનેકાંત ઉતારે છે.

**'તેમાં જે સત્તા અભેદપણે દ્રવ્યરૂપ કહેવાય છે...'** એ વસ્તુ છે એ સત્તા, વસ્તુની સાથે અભેદપણે દ્રવ્યરૂપ કહેવાય છે. સત્તા. છે... છે એવો જે ગુણ દરેક વસ્તુનો. એ છે એ અભેદપણે. છે એ ગુણ, વસ્તુ ગુણી. ઈ છે એ એકરૂપે દ્રવ્યરૂપ કહેવાય છે. અભેદપણે સત્તા જ દ્રવ્યરૂપ કહેવાય છે. **'તે જ સત્તા ભેદપણે ગુણરૂપ કહેવાય છે;...'** છે એમ. આત્મા છે, પરમાણુ છે, ધર્માસ્તિ છે, છ દ્રવ્ય છે. એ છે દ્રવ્યદૃષ્ટિએ તો અભેદરૂપ છે. એ સત્તા અભેદરૂપથી જોઈએ તો એ સત્તા એ જ વસ્તુ છે. સત્તા એ જ અભેદથી એક વસ્તુ છે.

અને ભેદરૂપપણે કહીએ.. જુઓ! આ અનેકાંત કર્યું આમાં. એમાં ને એમાં એ સત્તાને અભેદથી દ્રવ્યરૂપ કહેવી અને ભેદથી ગુણરૂપ કહેવી એનું નામ અનેકાંત છે. સમજાણું કાંઈ? સત્તા. તત્ત્વં સત્ સ્વરૂપં, સત્‌લક્ષણં આવે છે ને? પંચાધ્યાયીમાં આવે છે ૮મી ગાથા. ઈ અહીં કહે છે. વસ્તુ ભગવાન આત્મા સત્તાને અભેદ નામ એક સ્વરૂપથી કહો તો વસ્તુ તે દ્રવ્યથી અભેદ-એક જ છે. અને જો એના ગુણના ભેદથી કહીએ તો વસ્તુ, એનો હોવાપણાનો ગુણ. એ ગુણભેદથી કહીએ તો એ ગુણરૂપ છે. અભેદથી કહીએ તો દ્રવ્યરૂપ છે, ભેદથી કહીએ તો ગુણરૂપ છે. સમજાય છે કાંઈ આમાં? વજુભાઈ! શું આમાં સમજ્યા? આ તો વેપારીને ન્યાયનો વિષય જરી. એનું નામ અનેકાંત છે. અનેકધર્મ.

વસ્તુ ભગવાન આત્મા સત્તાના અભેદથી જોઈએ તો એ સત્તા અભેદરૂપ દ્રવ્ય છે. અભેદથી એકરૂપે જોઈએ તો દ્રવ્ય છે અને ગુણના ભેદથી જોઈએ તો તે સત્તા ગુણરૂપ છે. સત્‌માત્રથી જોઈએ તો અભેદ છે. સત્ લક્ષણથી ભિન્ન જોઈએ તો તે ભેદ છે. સમજાણું આમાં કાંઈ? આ તો સહેલામાં સહેલું આ છે. એ કહેશે આગળ. બીજો કોઈ ઉપાય જ નથી. આ રીતે કીધા વિના બીજો કોઈ ઉપાય જ નથી.

ગુણ દ્વારા ગુણીને ઓળખાવવો એ ભેદ છે. અને ગુણ તે જ ગુણી અભેદ છે એમ દ્રવ્યથી જ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ આમાં? જુઓને કેવી ટીકા કરી છે! હવે ટીકા

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કરી ગૃહસ્થાશ્રમમાં એ સમજતા ન આવડે ત્યારે એને શું સમજવું ન્યાં? કહો, પોપટભાઈ!

મુમુક્ષુ :- અનેકાંત શું છે?

ઉત્તર :- આ અનેકાંત કીધું ને. તે સત્તાને દ્રવ્યથી કહીએ તો દ્રવ્યરૂપ છે, એ સત્તાને ભેદથી કહીએ તો ભેદવાળું (છે). ભેદ અને અભેદ બે ગુણ થઈ ગયા. અનેકાંત થઈ ગયા. અનેક અંત-બે ધર્મ થઈ ગયા. બે વિરૂદ્ધ થઈ ગયા. છે ને? અભેદ અને ભેદ વિરૂદ્ધ બે છે. વ્યવહારથી ગુણ છે, નિશ્ચયથી ગુણ તે દ્રવ્ય છે. સમજાણું કાંઈ?

સત્તામાત્ર દ્રવ્ય કહીએ તો દ્રવ્યદૃષ્ટિએ તે અભેદ છે. પણ સત્તાના લક્ષણે એને કહીએ તો **'उत्पादव्ययध्रुवयुक्तं सत्'** અને **'सत् द्रव्य लक्षणं'**. હોવાવાળું તે દ્રવ્યનું લક્ષણ. એ ગુણ દ્વારા એને કહીએ તો ભેદ થઈ ગયો. સમજાણું કાંઈ આમાં? ભાઈ! આ તો સમજણ માટે અંદર જ્ઞાનને કસવું પડે. એમ ને એમ કંઈ પ્રાપ્ત થાતું નથી. વસ્તુ એનો હોવાપણાનો ગુણ, એ હોવાપણાને જ્યારે અભેદના ગુણ અને ગુણીને એકપણે કહીએ તો તે સત્તા-હોવાવાળો તે આત્મા, તે દ્રવ્ય. અને ભેદથી કહીએ, ગુણ-ગુણીના ભેદથી કહીએ તો ગુણી ભગવાન અને સત્તા તેનો ગુણ. એ ભેદથી કથન કહીએ તો એ ભેદરૂપ ગુણનું અસ્તિપણું છે. અભેદથી કહીએ તો દ્રવ્યમાં દ્રવ્ય અને ગુણ એક થયા એવું અસ્તિપણું. બેય-અભેદ અને ભેદ એક આત્મામાં બેય વિરૂદ્ધ ધર્મ પડેલા છે. એમ પરમાણુમાં પણ એમ. દરેકમાં. સમજાય છે?

**'આનું નામ અનેકાન્ત છે.'** અનેક-અંત. વિરૂદ્ધ બે ધર્મો. એક જ પદાર્થમાં સત્તાને વસ્તુથી કહીએ તો અભેદ છે અને ગુણથી કહીએ તો ભેદ છે. એમ એક જ વસ્તુમાં બે ધર્મો પરસ્પર વિરૂદ્ધ હોવા છતાં તે વસ્તુને સિદ્ધ કરનારી તાકાત એનામાં છે. સમજાણું કાંઈ આમાં?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ભેદ ઉપાદેય નથી, અભેદ ઉપાદેય છે. ભેદ જાણવા લાયક છે એમાં. એમ આવી ન ગયું અંદર? અભેદ સત્તામાત્ર દ્રવ્ય છે એમાં અભેદ કરીને આદરણીય એ છે, ભેદ કરીને એ ભેદથી જણાવાલાયક છે માટે લક્ષણથી લક્ષને પકડવું એમ ભેદથી જાણવું છે. પણ ભેદથી જાણવું એ પણ આ ભેદથી આ, એવો ભેદ કાઢી નાખવો દૃષ્ટિમાંથી. સમજાણું કાંઈ?

**'વસ્તુસ્વરૂપ અનાદિનિધન આવું જ છે,...'** કહે છે કે આમ કેમ? આત્મા વસ્તુ.. એમ દરેક દ્રવ્યની વાત છે અત્યારે હમણાં. પછી આત્માની. પદાર્થ છે એને અભેદથી કહીએ તો તે છે નામના ગુણવાળી એક વસ્તુ છે, બસ. અને ગુણના ભેદ પાડીને કહીએ તો તે સત્તા નામનો એક ગુણ છે. એ જ અનેકાંત છે. બે ધર્મો આ રીતે એક જ વસ્તુમાં સિદ્ધ થઈ શકે છે. **'વસ્તુસ્વરૂપ અનાદિનિધન...'** વસ્તુસ્વરૂપ અનાદિ નામ આદિ નથી અને નિધન નામ જેનું મૃત્યુ નામ અંત નથી. **'આવું જ છે, કોઈનો સહારો નથી,...'**

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કોઈની મદદ નથી એ તત્ત્વની અંદર. એક તત્ત્વમાં બીજાનો સહારો નથી. બીજાની સહાયક નથી, બીજાની મદદ નહિ, બીજાનો આશ્રય-આધાર નહિ. સમજાણું આમાં? **'તેથી 'અનેકાન્ત' પ્રમાણ છે.'** એ કારણે અનેકાંત નામ બે ધર્મે તે વસ્તુ છે માટે તે અનેકાંત સાચું અને પ્રમાણરૂપ છે.

**'હવે જે વાણીને નમસ્કાર કર્યા તે વાણી કેવી છે?'** આગળ જે વાણીને નમસ્કાર કર્યો એ વાણી કેવી છે? વાણીને નમસ્કાર કર્યો. પહેલા ના પાડી કે અચેતન નમસ્કાર કરવા યોગ્ય નથી. છે ને? પહેલું આવ્યું હતું. અચેતનનો નિષધ કર્યો. છે ને? **'અસારપણું જાણી અચેતન પદાર્થને નમસ્કાર નિષેધ્યા.' 'સાર પદાર્થ જાણી ચેતન પદાર્થને નમસ્કાર પ્રમાણ રાખ્યા;...'** છે? બીજે પાને ચોથી લીટી. એ જ નિશ્ચયમાં આત્મા વંદનીય અને આદરણીય છે. પણ વ્યવહારમાં વીતરાગની સર્વજ્ઞ વાણી પણ વંદનીક અને આદરણીય છે. વ્યવહાર છે ને. એવો વિકલ્પ આવે છે, એવો રાગ હોય છે. વાણી પૂજ્ય છે. સમજાય છે કાંઈ?

**'હવે જે વાણીને નમસ્કાર કર્યા તે વાણી કેવી છે?' 'प्रत्यगात्मनस्तत्त्वं पश्यन्ती' 'प्रत्यगात्मनस्तत्त्वं पश्यन्ती'** જુઓ! **'प्रत्यगात्मा'** નામ **'સર્વજ્ઞ વીતરાગ,...'** લ્યો! **'प्रत्यगात्मा'**નો અર્થ **'સર્વજ્ઞ વીતરાગ,...' '(તેનું વિવરણ—'** એક એક શબ્દનું. **'प्रत्यक्' 'અર્થાત્ ભિન્ન;...' 'प्रत्यक्' 'અર્થાત્ ભિન્ન;...'** બે શબ્દ પડ્યા છે ને એમાં? **'प्रत्यक्' 'અર્થાત્ ભિન્ન;...' 'ભિન્ન અર્થાત્ દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મથી રહિત,...'** એ ભિન્નની વ્યાખ્યા. એક એક શબ્દની વ્યાખ્યા ભિન્ન ભિન્ન પાડીને કરી. **'प्रत्यक्' 'અર્થાત્ ભિન્ન; ભિન્ન અર્થાત્ દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મથી રહિત,...'** કેવા છે સર્વજ્ઞ ભગવાન? કે દ્રવ્યકર્મ નામ જડ કર્મથી રહિત છે, ભાવકર્મ નામ શુભાશુભ વિકલ્પથી રહિત છે, નોકર્મ નામ શરીર અને વાણીથી પણ રહિત છે. **'એવો છે'** આત્મા. **'प्रत्यगात्मनः'** એવો છે આત્મા. ભગવાન સર્વજ્ઞ પરમાત્માનો આત્મા. એટલે કે જીવદ્રવ્ય. **'प्रत्यक्'** ભિન્ન આત્મા એટલે જીવદ્રવ્ય. **'જેનો તે કહેવાય છે...' 'જેનો તે કહેવાય છે...' 'प्रत्यगात्मा'** તે જીવદ્રવ્યને આ રીતે **'प्रत्यगात्मा'** કહેવામાં આવે છે.

હવે **'प्रत्यगात्मनः तत्त्वं'** એટલે સ્વરૂપ. એ સર્વજ્ઞ ભગવાન દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મથી રહિત એનું જે સ્વરૂપ, **'તેની...' 'पश्यन्ती'**. વાણી **'पश्यन्ती'** એટલે કે **'અનુભવનશીલ છે.'** એટલે કે ભગવાન સર્વજ્ઞ વીતરાગ વિકાર ને કર્મ ને શરીર રહિત, એને વાણી **'पश्यन्ती'** એટલે કે **'અનુભવનશીલ છે.'** અનુભવનશીલ. એનો અર્થ કરશે પાછો હજી. અનુભવનશીલ એટલે શું? કે સર્વજ્ઞ અનુસારણી વાણી એનું નામ અનુભવનશીલ. સમજાય છે કાંઈ? આ નવું પુસ્તક આવ્યું તો નવું એને લાગે.

શું કહ્યું? **'प्रत्यगात्मनस्तत्त्वं पश्यन्ती'** એમ શબ્દ પડ્યો છે. **'प्रत्यगात्मन'** છે ને? બીજા

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

પદમાં? '**प्रत्यक्**' નામ ભિન્ન. રાગ-દ્વેષ, કર્મ અને શરીરથી રહિત ભગવાન સર્વજ્ઞ વીતરાગ, એનો આત્મ નામ આત્મા એટલે જીવદ્રવ્ય. તેને '**पश्यन्ती**' એટલે કે વાણી એ સર્વજ્ઞ વીતરાગને અનુસારણી વાણી નીકળે છે. અનુસારી નીકળે તેને અનુભવનશીલ કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? '**અનુભવનશીલ છે.**' લ્યો. એ વાણી અનુભવનશીલ છે. એટલે? કે સર્વજ્ઞ વીતરાગ પરમાત્માને અનુસરીને ભવવું એવો વાણીનો પોતાનો સ્વભાવ છે. પોપટભાઈ!

સર્વજ્ઞ વીતરાગ એક સમયમાં પૂર્ણ સર્વજ્ઞ વીતરાગ, એને અનુસરીને ભવવું, થવું એવો વાણીનો શીલ નામ સ્વભાવ છે. એવો વાણીનો શીલ નામ સ્વભાવ છે. વાણીનો એવો સ્વભાવ છે. સર્વજ્ઞ વીતરાગ ચૈતન્ય સૂર્ય જ્યાં પૂર્ણ પ્રગટ્યો તો વાણીનો એવો (સ્વભાવ છે કે) '**पश्यन्ती**' '**पश्यन्ती**' નામ એ છે એને અનુસરીને ભવવું-થવું એનું નામ '**पश्यन्ती**'. સમજાણું કાંઈ આમાં? આ અનુભવશીલની વ્યાખ્યા તો આ છે. અનુભવશીલ, એ વાણી અનુભવશીલ છે. કોની? સર્વજ્ઞ વીતરાગની. એટલે? ભગવાન સર્વજ્ઞ પરમાત્મા પૂર્ણ કેવળજ્ઞાનાદિની પ્રાપ્તિની પર્યાયવાળા, એનું દ્રવ્ય-ગુણ પૂર્ણ, એને અનુસરીને વાણીના પરમાણુની પર્યાય, એને '**पश्यन्ती**' એટલે એને દેખે છે. દેખે છે એટલે? એ છે તેમ જ અનુસરીને વાણીમાં તે કાળે થવાનો વાણીમાં સ્વભાવ છે. માટે તે પ્રત્યક્ષ આત્માને વાણી '**पश्यन्ती**' નામ અનુસરીને આવે છે એને દેખે છે એમ કહેવામાં આવ્યું.

મુમુક્ષુ :- પરમાણુની પ્રશંસા કરી છે.

ઉત્તર :- પ્રશંસાની વાત ક્યાં છે? પરમાણુનો આવો સ્વભાવ છે એમ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કોણ વાણી ક્યાં હતી ત્યારે? વાણી હતી કે દી? નીકળી ત્યારે વાણી સર્વજ્ઞ અનુસારીને નીકળી છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નીકળ્યા નીકળ્યા. એ બધા ગપ મારનારા છે બધા. એ તો કહે છે ને, ખબર છે.

અહીં તો કહે છે કે સર્વજ્ઞ વીતરાગ પર્યાય પ્રગટ થઈ એને અનુસરીને વાણીમાં પોતાને કારણે થવાનો શીલ નામ વાણીનો સ્વભાવ છે. સમજાય છે કાંઈ? જેમ આત્મામાં માંસ ખાવાનો જેને ભાવ નથી તો એ વખતે વાણીમાં પણ માંસ ખાવા યોગ્ય નથી એવો ભાવને અનુસરીને વાણીમાં તે પ્રકારનો થવાનો વાણીનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? એવી ટીકા કરી છે ને. ભાષા ... ફેરવીને ... ભાવ ભાવગ્રાહી વાત છે તદ્દન. શબ્દાર્થગ્રાહી નથી. '**पश्यन्ती**' દેખે છે. એ તો ..ને કેવળ દેખે એ વળી. અહીં તો વાણીનું લેવું છે ને? અર્થમાં જયચંદ્ર પંડિતે.. શ્રુતજ્ઞાન અને કેવળ (લીધા છે). આ તો વાણી એકલી લેવી છે. સરસ્વતી દિવ્યધ્વનિ. દિવ્યધ્વનિ-અવાજ કે જે અવાજ કેવો છે? સર્વજ્ઞ પરમાત્માનું જે જ્ઞાન પૂર્ણ પૂર્ણ આનંદ આદિ પર્યાય સહિત દ્રવ્ય-ગુણવાળું એને અનુસરતું જ, એની વાણીમાં એવો સ્વભાવ વાણીનો

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પોતાનો પર્યાય સ્વભાવ તે કાળે તેવો છે. આહાહા..! સમજાણું કાંઈ? સમજાય છે કે નહિ? એય..! રવિન્દ્ર! કેમ ત્યારે આમ ધીમું પડે છે?

**'અનુભવનશીલ...'** આહાહા..! ભાઈ! એ વાણી જ એવી નીકળે છે. નિમિત્તપણું જ્યાં છે સર્વજ્ઞનું વીતરાગભાવનું, એવી જ નૈમિત્તિક પરમાણુમાં તે પ્રકારે થવાનો તેને અનુસરીને, તે પોતાના સ્વતંત્ર.. એટલે કીધું એમ કીધું. એ પરમાણુ ભાષાનો એવો શીલ સ્વભાવ છે. આમને અનુસરીને થવું એવો ભાષાનો તે પર્યાયનો તે પ્રકારનો સ્વભાવ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- આ તો પંચ પરમેષ્ઠીને લાગુ પડે ને? આચાર્ય, ઉપાધ્યાય, સાધુ બધાને લાગુ પડે ને?

ઉત્તર :- અહીં તો વાણીનું મુખ્યપણું લેવું છે. અહીં તો આખી દિવ્યધ્વનિ મુખ્ય આવી. આખું અખંડ પ્રગટ્યું ત્યાં પૂર્ણ એ જાતની વાણીનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? અરે..!

કહે છે, સર્વજ્ઞ વીતરાગને 'प्रत्यगात्मा' આત્મા કહ્યો. 'प्रत्यग' નામ ભિન્ન. વિકારથી.. 'प्रत्यग' એટલે જુદો. એટલે કે પુણ્ય-પાપના રાગ, દેહ અને કર્મ. દ્વેષ નહોતો આવતો. એનાથી રહિત એવો આત્મા સર્વજ્ઞ વીતરાગ પરમાત્મા, એને અનુસરીને જે વાણીનો પોતાનો તે સમયનો સ્વભાવ છે કે તે જ રીતે સર્વજ્ઞ વીતરાગ છે તેવું જ એ વાણીમાં આવે છે. વાણીના પોતાના સ્વભાવનો પર્યાયધર્મ છે. આ સર્વજ્ઞ વીતરાગ પર્યાય તો નિમિત્ત છે. પણ તે જ રીતે નૈમિત્તિક તે કાળે પરમાણુની પર્યાયનો એવો એક વાણીનો સ્વભાવ એ એ જ રીતે વાણીમાં આવે. સર્વજ્ઞ વીતરાગ આ પર્યાય છે. સર્વજ્ઞ વીતરાગે છ દ્રવ્ય જોયા એવી જ વાણીમાં એ જાતનો સ્વભાવ છે. જડના રજકણનો તે સમયનો પર્યાયશીલ સ્વભાવ આવો છે એમ સિદ્ધ કરવું છે. આહાહા..! બહુ સુંદર વાત છે. કહો, ન્યાલભાઈ! વાણી એવી. એની વાણીનો સ્વભાવ પાછો. એ સમયની જે વાણી એનો એવો જ સ્વભાવ છે. જેવું અહીં સર્વજ્ઞ વીતરાગપણું પ્રગટ્યું છે, એને અનુભવ એટલે કે એને અનુસરીને. અહીંયાં અનુભવવું એટલે વેદવું નથી એને. એને અનુસરીને ભવન એટલે થવું એવો જ વાણીનો તે સમયે તેનો પર્યાય-વાણીનો ધર્મ છે. આહાહા..! આશ્ચર્યકારી વાત છે એ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એનો સ્વભાવ છે. શેઠી! કોઈ કહે કે એ નિમિત્ત સર્વજ્ઞ વીતરાગ છે માટે વાણીમાં એવું આવે એમ ન કહ્યું. આ તો એનો અનુસરીને પોતાનો થવું, ભવન નામ થવું, અનુસરીને પોતામાં પોતામાં થવું એવો વાણીનો શીલ નામ સ્વભાવ, સ્વભાવ છે એમ કહ્યું. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વસ્તુ જ એમ છે. વસ્તુ આ પ્રમાણે છે. એ જ વસ્તુ તે પ્રકારે ભાષાનું પરિણમન જેવા સર્વજ્ઞ વીતરાગ છે એને અનુસરીને પોતાનું થવું એવો સ્વભાવ છે પાછો.

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એમ. એને લઈને પરાધીન નથી. ભાષા, સર્વજ્ઞ વીતરાગ થાય માટે તેને આધીન થઈને નીકળવું (પડે) એમ નથી. સમજાણું કાંઈ? શેઠી! જુઓ! આ તમારા આસપાસની ટીકા કરી છે, લ્યો. જયપુરના આસપાસની.

મુમુક્ષુ :- આપને...

ઉત્તર :- એ વસ્તુ જ એવી છે. અદ્‌ભુતાત્ અદ્‌ભુતમ આવે છે ને? છેલ્લે આવશે. જુઓ! એ અર્થ કરશે આગળ હજી. એક એક કળશમાં ભારે કામ કર્યા છે. આવું પુસ્તક કેમ પડ્યું રહ્યું પહેલું? હવે બહાર આવ્યું તાકડે. હજી આવતા આવતા વાર લાગે ત્યાંથી. તાર કરે ટપાલ કરે.. એનો ક્રમ આવે ત્યારે આવે ને. આહાહા..! સમજાણું કાંઈ?

એક કોર સર્વજ્ઞ વીતરાગ, પૂર્ણાનંદ શુદ્ધાત્માનો અનુભવ એમ પહેલા શ્લોકમાં કહ્યું અને પૂર્ણાનંદની પર્યાય જે પૂર્ણાનંદનું અનુભવ-વેદન થઈ ગયું, એની પ્રકારની વાણી તે કાળે હોય, તે કાળે વાણી એને અનુસરીને પરમાણુમાં પોતામાં કારણે થવું એવો વાણીનો સ્વભાવ છે. આને લઈને નહિ. સમજાણું કાંઈ? આ તો અમૃતચંદ્રાચાર્યની ટીકાના અર્થ કરે એવી તો ટીકા કરી છે. ભારે ટીકા! હિન્દીમાં કરી છે, હોં! એથી ભાઈએ કહ્યું ને બનારસીદાસે. 'પાંડે રાજમલ જૈન ધર્મી સમયસાર નાટકના મર્મી.' આને ખોટા પાડે છે બધા. અરે.. ભગવાન! બાપુ! રહેવા દે. અભિમાન છે ને. એક એક વાત તો લાવ આવી. વસ્તુની સ્થિતિ જ વર્ણવી છે. ગૂઢ ભાવ કાઢીને ભાવનું ઉદ્‌ઘાટન (કર્યું છે), ખોલી દીધો છે ભાવને.

પાઠ છે ને આમ? '**अनन्तधर्मणस्तत्त्वं पश्यन्ती**' '**पश्यन्ती**' વાણી '**पश्यन्ती**' અનેકાંતમય મૂર્તિ વાણી '**पश्यन्ती**' ભગવાનને. '**पश्यन्ती**' એટલે શું? કે એ જ વાણીમાં એવો એનો સ્વભાવ જેવા પરમાત્મા અનંત આનંદમયની પર્યાય સહિત, અનંતગુણ નિર્મળપર્યાય સહિત એને અનુસરીને પોતાના પરમાણુનો, ભાષાનું થવું એવો એનો પોતાનો નિજપર્યાય સ્વભાવ છે. સમજાણું કાંઈ? આહાહા..!

'**ભાવાર્થ આમ છે-કોઈ વિતર્ક કરે કે દિવ્યધ્વનિ તો પુદ્‌ગલાત્મક છે,...**' પહેલામાં વિતર્ક કરે એમ લીધું હતું એમાં. આશંકા કરશે એમ લીધું હતું. અનેકાંતમાં. સમજાણું? અહીં કોઈ વિતર્ક કરે એમ લીધું. ઓલામાં એમ લીધું કે '**આ અવસરે આશંકા ઊપજે છે- કોઈ જાણશે...**' અહીં કહ્યું, અરે..! '**કોઈ વિતર્ક કરે કે દિવ્યધ્વનિ તો પુદ્‌ગલાત્મક છે, અચેતન છે,...**' આટલું આટલું તમે સ્થાપ્યું પહેલા કળશમાં, શુદ્ધાત્માને અનુસરીને થવું તે જ ધર્મ અને તે જ મોક્ષનો માર્ગ અને તે જ વંદન (કરવા લાયક છે). **નમઃ** શુદ્ધ સ્વરૂપ દ્રવ્યસ્વભાવ પૂર્ણ પૂર્ણ શુદ્ધ સ્વભાવ દ્રવ્ય. એકલો આનંદનો કંદ ભગવાન, એને નમવું એટલે અનુસરીને થવું, એને વંદન. આટલી વાત તો પહેલા કળશમાં કીધી. એમાં તો ક્યાંય પર્યાયને નમવું, રાગને નમવું એવું કાંઈ નહોતું આવ્યું. અહીં એકદમ અચેતન વાણીને નમવું! આ શું? સમજાય છે કાંઈ?

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પહેલામાં તો આમ ભગવાન આત્મા સમયસાર. સાર નામ જેમાં સુખ અને જ્ઞાન પ્રગટે છે એવો શુદ્ધાત્મા એ જ આદરણીય છે અને એ જ વંદન કરવાને આદરણીય ઉપાદેય છે. એક ઉપાદેય આ કહ્યું. તેમાં તો રાગને પણ ઉપાદેય નહોતો કહ્યો. સમજાય છે? એમાં અહીંયાં વળી એની સામે વાણી અજીવ અચેતન સ્વતંત્ર પર્યાયના ધર્મવાળી વાણી એ પુદ્‌ગલાત્મક છે, અચેતન છે. જુઓ! '**પુદ્‌ગલાત્મક છે, અચેતન છે, અચેતનને નમસ્કાર નિષિદ્ધ છે.**' તમે જ કહ્યું હતું ત્યાં. '**અચેતન પદાર્થને નમસ્કાર નિષેધ્યા.**' બીજે પાને છે. આ શું? ભાઈને પ્રશ્ન થયો હતો ને કાલે, નહિ? અનિલકુમારને. આ વળી વાણી.. આવી તમે આત્માની વાત કરો તો એક કોર પ્રતિમા અને મંદિર (બનાવો). મેળ ખાતો નથી ક્યાંય. આ વંદન? ભાઈ! સાંભળ તો ખરો બાપુ! એ નિશ્ચય આત્માના અનુભવની દૃષ્ટિ હોવા છતાં જ્યાં સુધી વીતરાગ નથી ત્યાં સુધી શુભરાગ પરમાત્માની મૂર્તિ અને વાણીના બહુમાનનો વિનય આવ્યા વિના રહે નહિ. એવો જ એનો શીલ સ્વભાવ છે. વ્યવહારનો પણ એવો સ્વભાવ છે. સમજાય છે કાંઈ? ત્યાં કેવી રીતે કીધું? વ્યવહાર આવ્યો માટે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કોણે ના પાડી? વ્યવહાર નથી? કોણે કીધો? જાણવાલાયક. વ્યવહારે આદરવાલાયક એવી પણ વાણી અને .. નહિતર તો ભગવાન આ પરમાત્મા છે એ પૂજ્ય વ્યવહાર થઈ જશે. જુઓને! નમન કરવું એ વ્યવહાર છે, પરદ્રવ્ય છે. પણ પરદ્રવ્યના પૂર્ણાનંદની પ્રાપ્તિવાળો જીવ પોતાના પૂર્ણાનંદને સાધનારો જીવ સાધક, એને આવા પરમાત્મા પ્રત્યે વિનયનો ભાવ (આવે). સાક્ષાત્ ભગવાન હોય તો વિનય એ વ્યવહાર છે. અહીં તો વાણીનું પણ પૂજ્યપણું અંદર.. ઓહોહો..! ત્રિકાળ દિવ્યધ્વનિ દાતારકી જય! ત્રિકાળ દિવ્યધ્વનિકી જય! સમજાણું કાંઈ?

એના પ્રતિ '**અચેતનને નમસ્કાર નિષિદ્ધ છે. તેનું સમાધાન કરવાને માટે આ અર્થ કહ્યો કે...**' કયો કહ્યો? ઓલો અનુભવનશીલ. '**વાણી સર્વજ્ઞસ્વરૂપ-અનુસારિણી છે,...**' એનો અર્થ કર્યો. '**તેનું સમાધાન કરવાને માટે આ અર્થ કહ્યો કે...**' એના સ્વરૂપની અનુભવનશીલ વાણી છે. ભગવાન સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમાત્માને અનુસરીને સ્વતંત્ર, સ્વતંત્ર સ્વભાવવાળી વાણી અનુભવનશીલ એમ કહેતા વાણી સર્વજ્ઞસ્વરૂપ અનુસારીણી એમ કહ્યું. અનુભવનશીલની વ્યાખ્યા કરી. વાણી ભગવાનની વાણી, દિવ્યધ્વનિ સર્વજ્ઞને અનુસારણી અનુભવનશીલ છે. વાણી સર્વજ્ઞ ભગવાનને દેખે છે એટલે કે અનુભવનશીલ છે એટલે કે સર્વજ્ઞસ્વરૂપ અનુસારીણી છે. સમજાણું કાંઈ? વાણીમાં સ્વપર વાર્તા કહેવાનો સ્વભાવ છે. આત્મામાં સ્વપર ત્રિકાળ જાણવાનો સ્વભાવ છે. વાણીમાં સ્વપરની વાર્તા કથન કહેવાનો એનો શીલ સ્વભાવ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઉત્તર :- સર્વજ્ઞસ્વરૂપ અનુસારિણી એટલે સર્વજ્ઞ જેવું સ્વરૂપ છે એવું જ કહેવાનો વાણીમાં સ્વભાવ છે. કહેવાનો સ્વભાવ છે. સમજાણું કાંઈ?

**'આ અર્થ કહ્યો કે વાણી સર્વજ્ઞસ્વરૂપ-અનુસારિણી છે, એવું માન્યા વિના પણ ચાલે નહિ.'** શું કહે છે? એવું ન માને તો ન્યાય બને નહિ. જેવો સર્વજ્ઞ સ્વભાવ કેવળજ્ઞાન એક સમયમાં ત્રિકાળ, વાણીમાં એવું આવે. એક સમયમાં કેવળજ્ઞાન ત્રણકાળ ત્રણલોકને જાણે છે. વાણી એમ આવે લ્યો! આ કેવળજ્ઞાનની પર્યાયને લઈને નહિ. સમજાય છે કાંઈ? વાણી સર્વજ્ઞ એક સમયમાં નિર્મળ અને મલિન આદિ પર્યાય સહિત, ગુણ સહિત દ્રવ્યને ત્રિકાળ જાણનારી છે કેવળ પર્યાય. એવી વાણીમાં એમ આવે છે. કેવળ પર્યાય આ રીતે છે. સમજાણું કાંઈ આમાં? ક્યાં ગયા મનસુખભાઈ ગયા? ગયા? ઠીક. સમજાણું?

**'આ અર્થ કહ્યો...'** જુઓ! **'માટે આ અર્થ કહ્યો કે વાણી...'** અનુભવનશીલ **'पश्यन्ती'** **'पश्यन्ती'** એટલે કે અનુભવનશીલ. અનુભવનશીલ એટલે કે અનુસારિણી. સર્વજ્ઞના સ્વરૂપને અનુસરતી વાણી આવે છે. ધોધ એનો દિવ્યધ્વનિનો પ્રવાહ એવો જ આવે. એવો જ વાણીના પરમાણુનો તે સમયે તેનો શીલ નામ સ્વભાવ છે. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કહે છે એનો પોતે વ્યવહાર છે ને. વ્યવહાર છે.

**'એવું માન્યા વિના પણ ચાલે નહિ. તેનું વિવરણ-વાણી તો અચેતન છે.'** ભગવાનની વાણી છે તો અચેતન. **'તેને સાંભળતાં...'** જુઓ! **'તેને સાંભળતાં જીવાદિ પદાર્થનું સ્વરૂપજ્ઞાન જે પ્રકારે ઊપજે છે તે જ પ્રકારે જાણવું...'** જે પ્રકારે. સાંભળતાં જેને જે પ્રકારે ક્ષયોપશમની યોગ્યતા પ્રકારે જે જાણવામાં આવે. ભગવાનની વાણી નીકળે અને સાંભળતા. નિમિત્તથી વાત છે ને. જીવાદિ પદાર્થનું સ્વરૂપ એમાં વાણીમાં આવે છે. અનંત દ્રવ્ય, એના અનંતગુણ, એની પર્યાય એ વાણીનો ધ્વનિ ઉઠે એમાં એ આવે. સમજાણું?

એનું સ્વરૂપજ્ઞાન. કોનું? **'જીવાદિ પદાર્થનું સ્વરૂપજ્ઞાન...'** છ દ્રવ્યનું સ્વરૂપનું જ્ઞાન, છ દ્રવ્યના ગુણ-પર્યાયના દ્રવ્યનું સ્વરૂપજ્ઞાન એનું જેવું સ્વરૂપ છે તેવું સ્વરૂપજ્ઞાન **'જે પ્રકારે ઊપજે છે...'** શ્રોતાને તેના લક્ષમાંથી પોતાની યોગ્યતા પ્રમાણે **'જે પ્રકારે ઊપજે છે તે જ પ્રકારે જાણવું...'** નિમિત્તપણું આટલું છે અને પોતાના ક્ષયોપશમ પ્રમાણે તેમાંથી જીવાદિ સ્વરૂપનું જ્ઞાન થાય છે. **'વાણીનું પૂજ્યપણું પણ છે.'** એ પ્રકારે જાણવું એટલે વાણીનું પૂજ્યપણું પણ છે. વાણી પણ પૂજ્ય છે. આ અપેક્ષાએ. સમજાણું કાંઈ? એવો ધર્મી જીવને સર્વજ્ઞસ્વરૂપ વર્તમાનમાં નથી એવા સાધકને, સર્વજ્ઞ સ્વભાવી આત્માની દૃષ્ટિ ને પ્રતીત, અનુભવ હોવા છતાં પૂર્ણ સર્વજ્ઞ સ્વભાવ નથી એથી સર્વજ્ઞ સ્વભાવને અનુસરીને વાણી નીકળી એ વાણીને શ્રવણ કરી, એને યોગ્ય પોતાને યોગ્ય જે પ્રકારે જાણવું અને અનુભવ થાય, એવું એમાં નિમિત્તપણું છે માટે તે વાણી વ્યવહારે પૂજ્ય છે. કહો, સમજાણું

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આમાં? લ્યો! અચેતન પૂજ્ય ઠરાવ્યું પાછું. વાણી અચેતન પૂજ્ય છે. એમાં પણ વાંધા. કેટલાક કહે કે મૂર્તિમાં કાંઈ ભગવાનના ગુણ નથી અને વાણીમાં ભગવાનના દ્રવ્ય, ગુણ અને પર્યાયનો ગુણ એમાં બધા ભાવ ભર્યા છે. એમ નથી.

ભગવાન કેવળજ્ઞાન પામ્યા પૂર્ણાનંદ એ ગુણોની પર્યાય કે ગુણ કાંઈ વાણીમાં નથી. જેમ મૂર્તિમાં નથી તેમ આ વાણીમાં પણ નથી. એમ (કહે છે), વાણીમાં તો જુઓ ભગવાને કહેલા ભાવ વાણીમાં ભર્યા છે. ભગવાને કહેલા અંદર ભાવ જે ગુણ છે ને પર્યાય એ વાણીમાં ભર્યા છે. એ નહિ. એમાં ભાવ તો વાણીના જ ભાવ છે. એમાં પણ તકરાર. મૂર્તિ ન માને એટલે વાણીને પૂજ્ય (માને) માટે આમ ઠરાવો હવે. આ તો વાણીને ક્યાં માને છે? પણ આ તો વાણીના પૂજનાર એમ માને છે. વાણીમાં કેવળજ્ઞાન અને બધું એમાં ગુણ ભર્યા માટે એમાંથી તો જ્ઞાન થાય છે. એમાં ગુણ ભર્યા નથી. એમાં તો જડની પર્યાયનો તે પ્રકારના જ્ઞાનને અનુસરીને પોતામાં થવાના સ્વભાવવાળા ભાવો એમાં પડ્યા છે. ભગવાનના ગુણોનો પર્યાય અંશે પણ એમાં આવ્યો નથી. સમજાણું કાંઈ? પણ એવી વાણીમાં દિવ્યધ્વનિમાં પૂર્ણ સ્વરૂપ પ્રગટ્યું એવી જ પૂર્ણ અનુસરીને વાણી નીકળી પોતાના સ્વભાવથી, માટે તે વાણી પણ ધર્મીને પૂજ્ય છે. પૂજવાલાયક છે. સરસ્વતી માતા છે. સમજાણું કાંઈ?

**'તેને સાંભળતાં જીવાદિ પદાર્થ..'** છએ દ્રવ્યો પાછા, એક જીવ નહિ. એના **'સ્વરૂપજ્ઞાન જે પ્રકારે ઊપજે છે...'** જે પ્રકારે પોતાના ક્ષયોપશમની યોગ્યતા પ્રકારે **'તે જ પ્રકારે જાણવું.'** એમ જાણવું. એટલું એમાં નિમિત્ત વાણીનું આવે છે માટે **'વાણીનું પૂજ્યપણું પણ છે.'** વાણી પૂજ્ય છે. આહા..! વ્યવહારે. ભગવાન આત્મા નિશ્ચયે પૂજ્ય છે. વ્યવહાર સમજાવ્યો બીજી ગાથામાં. જયસેનાચાર્યે તો શ્રુતજ્ઞાન, કેવળજ્ઞાન અને વાણી ત્રણે નાખ્યા હતા. અહીં તો એકલી વાણી જ (લીધી છે). ઓલામાં સારમાં એમ કહ્યું હતું .. રાગ વિકાર એનાથી રહિત સાર. અહીં કહે છે, સાર એટલે સુખ અને જ્ઞાન. વાત જ આખી જુદી જાત. ટીકા ભારે જબ્બર! સમજાણું? બહુ જોર અંદર વાત આમ છે. વસ્તુ આ છે.

શુદ્ધ સ્વરૂપ, ભગવાન આત્મા શુદ્ધ સ્વરૂપ દ્રવ્ય એને અનુસરીને જ્ઞાન અને સુખ તે સાર છે. એને અનુસરીને નીકળતી વાણીનો સ્વભાવ નિમિત્તરૂપે છે માટે એ પણ પૂજ્ય અને વ્યવહારે સાર કહેવાય છે. સમજાણું કાંઈ? આ વાંધા ઉઠે છે. એક કોર આવી નિર્વિકલ્પની વાત કરે અને એક કોર વળી મૂર્તિ અચેતન પદાર્થ (સ્થાપે), એના વરઘોડા (કાઢે). આહાહા..! વેદી પ્રતિષ્ઠા. વળી પંચકલ્યાણક અહીં તો વળી. ભાઈ! એ તો એ કાળે તે થવાનો પર્યાય તે થાય, ધર્મીને પણ તે પ્રકારનો પૂજ્યપણાનો શુભભાવ આવ્યા વિના રહે નહિ. પણ એની મર્યાદા પુણ્યબંધ જેટલી છે. સમજાણું કાંઈ? એને ઉડાડી દે તો એ વસ્તુના સ્વરૂપને જાણ્યું નથી અને એને પરમાર્થ ધર્મ માને તો પણ એને વસ્તુના સ્વરૂપને જાણ્યો નથી.

એ પ્રશ્ન હતો ન્યાંથી ... આ .. ને આ દેવ-ગુરુ-શાસ્ત્રને માને એ મિથ્યાત્વ છે. અરે..!

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ભાઈ! મિથ્યાત્વ ક્યાં કહ્યું? કોણે કહ્યું? ભાઈ! દેવ-ગુરુ-શાસ્ત્રનું માનવું, સાચા દેવ... એ તો સવારે ન આવ્યું? સવારે. ઉત્કૃષ્ટ સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર એની માન્યતા શુભરાગ છે. મિથ્યાત્વ નથી. પણ એ રાગ મારા કલ્યાણ માટે સ્વભાવને મદદ કરશે શાંતિ ને આનંદ માટે એમ પરમાર્થ ધર્મ એ રાગને માનવો તે મિથ્યાત્વ છે. વ્યવહાર ધર્મ તરીકે વ્યવહાર ધર્મ જાણવો એ મિથ્યાત્વ નથી. સમજાણું કાંઈ? જયંતિભાઈ! ભારે અટપટી વાત કેટલાકને લાગે.

**'કેવા છે સર્વજ્ઞ વીતરાગ?'** કેવા છે હવે સર્વજ્ઞ વીતરાગ? **'अनन्तधर्मणः'** અનંતની વ્યાખ્યા કરી **'અતિ ઘણા છે...'** બસ. અનંત એટલે અતિ ઘણા, અતિ ઘણા. શું કહીએ? અતિ ઘણા હોં! **'અતિ ઘણા છે ગુણો જેમને એવા છે.'** ભગવાનમાં અતિ ઘણા પૂર્ણ ગુણ છે જેના. જેમાં છે એવા ભગવાન સર્વજ્ઞ વીતરાગ પરમાત્મા. ભાવાર્થ. **'अनन्तधर्मणः'** વીતરાગ કીધા ને? ગુણવાળા, અનંત ગુણવાળા ભગવાન કીધા ને?

**'ભાવાર્થ આમ છે—કોઈ મિથ્યાવાદી કહે છે કે પરમાત્મા નિર્ગુણ છે,...'** પૂર્ણ આનંદ પરમાત્મા સિદ્ધ થાય, મોક્ષ જાય એટલે એને ગુણ હોય નહિ. એમ કેટલાક અજ્ઞાની વસ્તુના સ્વરૂપને નહિ જાણનારા એમ કહે છે. **'નિર્ગુણ છે, ગુણનો વિનાશ થતાં પરમાત્મપણું થાય છે;...'** દીવાનો પ્રકાશ ઓલાઈ જાય ત્યારે એને મોક્ષ કહેવાય એમ જ્ઞાન ઓલાઈ જાય ત્યારે મોક્ષ કહેવાય. એમ કેટલાક કહે છે. ભાઈ! ગુણનો વિકાસ થાય તેને મોક્ષ કહેવાય. ગુણ ઓલાઈ જાય એને મોક્ષ કહેવાય? એને તો અભાવ કહેવાય. ગુણ વિનાશ. બહુ સરસ તર્ક મૂકીને વાતને એટલી .. કરી છે. **'પરમાત્મપણું થાય છે;...'** ગુણનો વિનાશ થતાં એમ કહે છે. **'પરંતુ એવું માનવું જૂઠું છે,...'** એવું માનવું તદ્દન જૂઠું છે.

**'કારણ કે ગુણોનો વિનાશ થતાં દ્રવ્યનો પણ વિનાશ છે.'** એ તો પહેલું કહ્યું હતું. ગુણ તે દ્રવ્યની દૃષ્ટિ અભેદથી જોઈએ તે ગુણ જ દ્રવ્ય છે. અભેદથી જોઈએ તો ગુણ જ જ્ઞાન, દર્શન, સત્તા તે જ વસ્તુ છે. જો ગુણનો નાશ કરે તો વસ્તુનો પણ નાશ થઈ જાય. અથવા એની પર્યાયનો નાશ કરે તો ગુણનો નાશ અને દ્રવ્યનો નાશ બેય થઈ જાય. એ તો પર્યાય ગુણ છે. અનંત જ્ઞાન આદિ પ્રગટ્યા એ ન હોય એમ કહે તો એ આત્માનો નાશ થઈ જાય છે. સમજાણું કાંઈ? એક સમયમાં ભગવાન આત્મા પૂર્ણ જ્ઞાન, દર્શન, આનંદ આદિ અનંત પર્યાયને પ્રગટ કરીને વિકાસ ગુણનો પૂર્ણ થયો એનું નામ મોક્ષ છે. એ ગુણના વિકાસનો અભાવ માને તો એ ગુણનો જ અભાવ માનતા, પર્યાયનો અભાવ માનતા, ગુણનો અભાવ માનતા, દ્રવ્યનો જ અભાવ માન્યો. એણે વસ્તુના સ્વરૂપને જાણ્યું નથી. કહો, આ તો ચાલતી હિન્દીના અર્થ સમજવા કઠણ પડે એવું છે. શેઠી! વાંચ્યું છે કે નહિ તમે? તમે લઈ ગયા છો કેદુના. આહાહા..!

**'ગુણનો વિનાશ થતાં દ્રવ્યનો પણ વિનાશ છે.'** એ તો પહેલું કહી ગયા માથે અનેકાંતનો અર્થ કરતા. ગુણ અનંત જ્ઞાનની પર્યાય તે જ આત્મા છે. ગુણ તે જ આત્મા

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે. તે જ દ્રવ્ય છે. જો ગુણ-પર્યાયનો નાશ થાય તો વસ્તુનો નાશ થઈ જાય. માટે પરમાત્માના સ્વરૂપમાં અનંતા ગુણોનો વિકાસ વર્તે છે. ગુણોનો અભાવ વર્તતો નથી. કહો, સમજાણું?

પહેલી ગાથામાં આત્માના સાર જ્ઞાન અને આનંદની વાત કરી. હિતકારી તે સુખ અને જ્ઞાન એની વાત કરી. આ પણ એક નિમિત્ત તરીકે વાણી પૂજ્ય અને એ પણ હિતકારી તરીકે નિમિત્ત છે. કારણ કે વાણીમાં એવું જ હિતનું સ્વરૂપ આવે છે. પૂર્ણાનંદ અને સુખનું એવું જ સ્વરૂપ વાણીમાં વાણીને કારણે આવે છે. કહો, સમજાણું?

---

(માલિની)

परपरिणतिहेतोर्मोहनाम्नोऽनुभावा-
दविरतमनुभाव्यव्याप्तिकल्माषितायाः।
मम परमविशुद्धिः शुद्धचिन्मात्रमूर्ते-
र्भवतु समयसारव्याख्ययैवानुभूतेः।।३।।

ખંડાન્વય સહિત અર્થ :—'मम परमविशुद्धिः भवतु'' શાસ્ત્રકર્તા છે અમૃતચંદ્રસૂરિ. તેઓ કહે છે-(मम) મને (परमविशुद्धिः) શુદ્ધસ્વરૂપપ્રાપ્તિ (તેનું વિવરણ---પરમ—-સર્વોત્કૃષ્ટ વિશુદ્ધિ-નિર્મલતા) (भवतु) થાઓ. શાથી? ''समयसारव्याख्यया एव'' (समयसार) શુદ્ધજીવ, તેના (व्याख्यया एव) ઉપદેશથી જ અમને શુદ્ધસ્વરૂપની પ્રાપ્તિ થાઓ. ભાવાર્થ આમ છે—આ શાસ્ત્ર પરમાર્થરૂપ છે, વૈરાગ્ય ઉત્પાદક છે; ભારત-રામાયણ પેઠે રાગવર્ધક નથી. કેવો છું હું? ''अनुभूतेः'' અનુભૂતિ—અતીન્દ્રિય સુખ, તે જ છે સ્વરૂપ જેનું એવો છું. વળી કેવો છું? ''शुद्धचिन्मात्रमूर्तेः'' (शुद्ध) રાગાદિ-ઉપાધિરહતિ (चिन्मात्र) ચેતનામાત્ર (मूर्तेः) સ્વભાવ છે જેનો એવો છું. ભાવાર્થ આમ છે કે—દ્રવ્યાર્થિકનયથી દ્રવ્યસ્વરૂપ આવું જ છે. વળી કેવો છું હું? ''अविरतमनुभाव्यव्याप्तिकल्माषितायाः'' (अविरतं) નિરંતરપણે અનાદિ સન્તાનરૂપે (अनुभाव्य) વિષય-કષાયાદિરૂપ અશુદ્ધ ચેતના, તેની સાથે છે (व्याप्ति) વ્યાપ્તિ અર્થાત્ તે-રૂપ છે વિભાવ-પરિણમન, એવું છે (कल्माषितायाः) કલંકપણું જેને એવો છું. ભાવાર્થ આમ છે—પર્યાયાર્થિકનયથી જીવવસ્તુ અશુદ્ધપણે અનાદિની પરિણમી છે. તે અશુદ્ધતાનો વિનાશ થતાં જીવવસ્તુ જ્ઞાનસ્વરૂપ સુખસ્વરૂપ છે. હવે કોઈ પ્રશ્ન કરે છે કે જીવવસ્તુ અનાદિથી અશુદ્ધપણે પરિણમી છે, ત્યાં નિમિત્તમાત્ર કોઈ છે કે નહીં? ઉત્તર આમ છે—નિમિત્તમાત્ર પણ છે. તે કોણ? તે જ કહે છે- ''मोहनाम्नोऽनुभावात्'' (मोहनाम्नः) પુદ્ગલપિંડરૂપ આઠ કર્મોમાં મોહ એક કર્મજાતિ છે, તેનો (अनुभावात्) ઉદય અર્થાત્ વિપાક-અવસ્થા. ભાવાર્થ આમ છે-—રાગાદિ-અશુદ્ધ-પરિણામરૂપ જીવદ્રવ્ય વ્યાપ્ય-વ્યાપકરૂપે પરિણમે છે, પુદ્ગલપિંડરૂપ

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**મોહકર્મનો ઉદય નિમિત્તમાત્ર છે. જેમ કોઈ ધતૂરો પીવાથી ઘૂમે છે, નિમિત્તમાત્ર ધતૂરાનું તેને છે. કેવું છે મોહનામક કર્મ? ''परपरिणतिहेतोः'' (पर) અશુદ્ધ (परिणति) જીવના પરિણામ જેનું (हेतोः) કારણ છે. ભાવાર્થ આમ છે—જીવના અશુદ્ધ પરિણામના નિમિત્તે એવો રસ સહિત મોહકર્મ બંધાય છે, પછી ઉદયસમયે નિમિત્તમાત્ર થાય છે. ૩.**

## કલશ-૩ ઉપર પ્રવચન

હવે આચાર્ય મહારાજ આ ટીકા કરવાનું ફળ માગે છે. આની ટીકા હું કરું છું. આચાર્ય પોતે અમૃતચંદ્રાચાર્ય. એના ફળને માંગુ છું. એ ગાથાદીઠ નવીન વાત છે.

(માલિની)

परपरिणतिहेतोर्मोहनाम्नोऽनुभावा-
दविरतमनुभाव्यव्याप्तिकल्माषितायाः।
मम परमविशुद्धिः शुद्धचिन्मात्रमूर्ते-
र्भवतु समयसारव्याख्ययैवानुभूतेः।।३।।

'**मम परमविशुद्धिः भवतु**' પહેલો શબ્દ. મારી પરમશુદ્ધતા હો. ટીકા કરવાના કાળમાં મારી પરમશુદ્ધતા હો. મારું રટણ અને ઘૂંટણ આ આત્મા આવો.. આ આત્મા આવો એમ જે વિકલ્પ ઉઠ્યો છે અને વાણી વાણીને કારણે નીકળે છે, એમાં મારું ધ્યેય તો ચૈતન્ય આવો આત્મા આવો એવી એની ટીકાના સ્પષ્ટીકરણ કરવાનો જે વિકલ્પ ઉઠ્યો છે એ કાળમાં મને પરમ વિશુદ્ધિ હો. '**શાસ્ત્રકર્તા છે અમૃતચંદ્રસૂરિ.**' જુઓ! શાસ્ત્રકર્તા અમૃતચંદ્રસૂરિ. નિમિત્તથી વાત છે. સમજાણું? આવું જ્યાં આવે ત્યાં ઓલા કહે, જુઓ! આ કર્તા છે કે નહિ? અમૃતચંદ્રસૂરિ કર્તા છે કે નહિ? પણ કઈ રીતે કર્તા? શાસ્ત્ર તો વાણી આગળ છેલ્લી શ્લોકમાં કહી દેશે. અહીં કહી દીધું નહિ? એને અનુભવનશીલનો પરમાણુનો સ્વભાવ છે. અહીં કહેવા માગે છે એવો જે ક્ષયોપશમ એ કાળે વાણીનો પણ એવો જ સ્વભાવ છે તે રીતે વાણી પરિણમે છે. એમ આવી ગયું. દિવ્યધ્વનિમાં જેમ પરને અનુસરીને પણ એનો પોતાનો જ સ્વભાવ એવો છે. એમ શ્રુતજ્ઞાનમાં ક્ષયોપશમ કાળે એ જે કહેવાનો ભાવ છે એને અનુસરીને વાણીનું પરિણમવું થાય છે એવો વાણીનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? એ વિકલ્પનો પણ એવો સ્વભાવ છે. જેવો અહીંયાં જ્ઞાનના ક્ષયોપશમની ધારા વહે છે અંદર, વિકલ્પ આવે (છે કે) આ આમ હોય.. આમ હોય.. એ વિકલ્પનો સ્વતઃ સ્વભાવ છે. આહાહા..! સમજાણું કાંઈ? જ્ઞાયક ચૈતન્ય શુદ્ધ દ્રવ્ય, શુદ્ધ ગુણ, શુદ્ધ પર્યાય એ ભૂમિકામાં વિકલ્પ ઉઠ્યો કે આ વસ્તુ આમ છે, આ વસ્તુ આમ છે એ તો વિકલ્પ છે. ક્ષયોપશમને અને


Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વિકલ્પને બેને સ્પર્શ નથી. છતાં વિકલ્પ એ જ જાતનો આવ્યો છે અને વાણી પણ એ જ જાતની નીકળી એવો બેનો સ્વતંત્ર સ્વભાવ છે. એટલે શાસ્ત્રકર્તા નિમિત્ત તરીકે અમૃતચંદ્રસૂરિ છે.

**'તેઓ કહે છે-'** હવે અર્થ કરે છે. **'મને શુદ્ધસ્વરૂપ પ્રાપ્તિ...'** લ્યો, વિશુદ્ધની અર્થ આ. વિશુદ્ધિનો અર્થ શુભભાવની પ્રાપ્તિ એમ નહિ. શુદ્ધ સ્વરૂપ પ્રાપ્તિ. મારું શુદ્ધ સ્વરૂપ પર્યાયમાં જરી મલિન છે. એ કહેશે આગળ. પરમ વિશુદ્ધિ શુદ્ધ સ્વરૂપ પ્રાપ્તિ-એનું વેદન. એના પરમવિશુદ્ધિના બે અર્થ. **'પરમ-સર્વોત્કૃષ્ટ વિશુદ્ધ-નિર્મલતા'** સર્વોત્કૃષ્ટ વિશુદ્ધ એટલે અમુક નિર્મળતા તો છે. શુદ્ધ ચૈતન્યના સ્વભાવની દૃષ્ટિ ને સ્થિરતાની નિર્મળતા તો છે. પણ પરમ વિશુદ્ધિ, એની ભૂમિકામાં પરમ વિશુદ્ધિ નથી. વિશુદ્ધિ છે, નિર્મળતા છે. સર્વોત્કૃષ્ટ વિશુદ્ધિ (નથી). વિશુદ્ધિ એટલે નિર્મળતા. **'भवतु'** બસ! આ અંદર એકાગ્રતા છે. હું આ જ કાળે આ કરતાં કરતાં મારી પરમ શુદ્ધિ થઈ જાવ. એ વિકલ્પ કરતાં નહિ, હોં! એના કાળમાં આ ઘોલન ચાલે છે. આ.. આ... આ... આ.. મારી પરમ વિશુદ્ધિ થઈ જાઓ. આવા વસ્તુના સ્વરૂપના ઘોલનને હું ઘૂંટી રહ્યો છું. એ ઘૂંટવાના કાળમાં ભલે વિકલ્પ હો પણ એ જ કાળમાં ક્રમે ક્રમે મારી પરમ વિશુદ્ધિ અલ્પ છે એ નિર્મળ થઈ જાઓ. એમ પોતે અંતર ભાવના કરી છે. હવે **'શાથી?'** કોનાથી વિશુદ્ધિ થાઓ? એ શબ્દ છે. એની વ્યાખ્યા છે. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)


ॐ
એક આત્માને જાણતા સર્વ જાણી શકાય છે.
કેમકે આત્માનો સર્વને જાણવાનો સ્વભાવ છે
આત્માના સ્વપર પ્રકાશક સ્વભાવ હોવાથી
સ્વને જાણતા પર જણાઈ જાય છે.

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

## વીર સંવત-૨૪૯૧, ફાગણ સુદ ૫, સોમવાર,
## તા. ૮-૩-૧૯૬૫, કળશ-૩
## પ્રવચન નં. ૪

સમયસાર કળશ. એની ટીકા ચાલે છે. ત્રીજો કળશ ત્રીજો. કળશ વંચાઈ ગયો છે. ફરીને અર્થ લ્યો. ખંડાન્વયાર્થ સહિત અર્થ. દરેક શબ્દનો ભિન્નભિન્ન અર્થ કરીને સંબંધવાળો અર્થ અહીંયાં કહે છે. '**मम परमविशुद्धिः भवतु**' શાસ્ત્રકર્તા અમૃતચંદ્રાચાર્ય કળશના કર્તા નિમિત્ત તરીકે છે. એ '**શાસ્ત્રકર્તા છે અમૃતચંદ્રસૂરિ. તેઓ કહે છે—**' એ કહે છે કે '**मम**' નામ '**મને...**' જુઓ! જુદું પાડે છે. બધા થઈને આત્મા એક નથી. સમજાણું? '**મને...**' હિન્દી છે ને એટલે મુજે. '**परमविशुद्धिः**' '**શુદ્ધસ્વરૂપ પ્રાપ્તિ...**' મને શુદ્ધસ્વરૂપ પ્રાપ્તિ હો. એમ અમૃતચંદ્રાચાર્ય મહારાજ કળશકર્તા પોતાની ભાવના પ્રસિદ્ધ કરે છે. '**(તેનું વિવરણ-**' હવે એ '**परमविशुद्धिः**' અર્થ કરે છે. '**(પરમ-સર્વોત્કૃષ્ટ વિશુદ્ધિ-નિર્મલતા)...**' સર્વોત્કૃષ્ટ નિર્મળતા. વર્તમાન નિર્મળતા કેટલીક તો છે. શુદ્ધ ચૈતન્ય દ્રવ્ય સ્વરૂપ જ્ઞાન અને આનંદરૂપ એના ભાનમાં કેટલીક જ્ઞાનની નિર્મળતા અને સુખની પ્રગટતા કેટલીક છે. પણ કહે છે કે સર્વોત્કૃષ્ટ વિશુદ્ધિ મને પ્રાપ્ત થાઓ. જુઓ! પર્યાયને વર્ણવે છે. મારી પર્યાયમાં-અવસ્થામાં-સર્વોત્કૃષ્ટ નિર્મળતા હો. દ્રવ્ય-ગુણ તો શુદ્ધ છે. પર્યાયમાં કેટલીક શુદ્ધતા પ્રગટી છે અને કેટલીક અશુદ્ધતા છે. એમાં કહે છે કે આ હું વ્યાખ્યા કરતાં મને સર્વોત્કૃષ્ટ પરમ આત્માની શુદ્ધિ નામ જ્ઞાન અને આનંદની પ્રાપ્તિ થાઓ. કહો, સમજાણું આમાં?

હું રહેનારો એનો એ. મારી નિર્મળ પર્યાય વર્તમાનમાં થોડી છે એ આ સમયસારના ઉપદેશમાં મારું લક્ષ આ દ્રવ્ય, આ ગુણ, આ પર્યાય એમ વારંવાર લક્ષ જશે અને કથન તો કથનને યોગે આવશે. એવા પ્રસંગમાં મારી પરમ વિશુદ્ધિ (અર્થાત્) મારી દશામાં નિર્મળતા, પવિત્રતા હો. એમ પોતાની ભાવના પ્રસિદ્ધ કરી છે.

'**શાથી?**' આમાં પણ વાંધા પાછા. શાથી પરમવિશુદ્ધિ પ્રાપ્ત થાઓ? આના અર્થ આવી ગયા છે બહાર. કે '**समयसारव्याख्यया**' એમ કે દેખો! '**समयसार**' નામ '**શુદ્ધ જીવ,...**' '**समयसार**' એટલે શુદ્ધ આનંદ જ્ઞાન આદિ દ્રવ્ય સ્વભાવ. '**તેના ઉપદેશથી...**' એનો ઉપદેશ કરતાં મારી શુદ્ધિ નિર્મળ હો. કહો, શું? ઉપદેશ કરતાં કરતાં એ વિકલ્પનું ફળ આવો કે મને નિર્મળ થાઓ. જુઓ! આચાર્ય એમ કહે છે એમ કહે છે લોકો. એય..! દેવાનુપ્રિયા! આ લખ્યું છે ને આ? '**શુદ્ધ જીવ, તેના...**' શાથી? તેના એમ. કોના? કે સમયસારના શુદ્ધ સમયસાર આત્મદ્રવ્ય, શુદ્ધ જ્ઞાનઘન આનંદકંદ દ્રવ્ય-વસ્તુ જે ધ્રુવ વિજ્ઞાનઘન, એના ઉપદેશથી. એનો હું ઉપદેશ કરું છું, ટીકા કરું છું. '**તેના ઉપદેશથી અમને શુદ્ધસ્વરૂપની**

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**પ્રાપ્તિ થાઓ.**' એનો અર્થ કે અમારું લક્ષ વારંવાર ત્યાં ચૈતન્યના ધ્યેય ઉપર (જાય) છે એમાં આ વ્યાખ્યા થાય છે, એ વ્યાખ્યાના કાળમાં અમારી શુદ્ધિ ધ્યેય ઉપર લક્ષ છે. એ શુદ્ધિ નિર્મળ પ્રગટ થાઓ. વિકલ્પ ઉઠ્યો છે એ વડે કાંઈ નિર્મળ થાતું નથી. ભારે વાંધા ભાઈ! સમજાણું?

આજે આવ્યું છે વિરોધનું ખુબ. એમ કે સોનગઢવાળા કહે છે કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ નિશ્ચય છે. તત્ત્વાર્થ સૂત્રમાં. નિશ્ચય પણ મોક્ષ પણ નિશ્ચય નથી ને એમ કહે છે. મોક્ષ એ પર્યાય છે તો નિશ્ચય નથી. મોક્ષમાર્ગમાં નિશ્ચય ક્યાંથી આવ્યો? ભારે ભણ્યા ભાઈ!

મુમુક્ષુ :- મોક્ષની તો પર્યાય નથી? દ્રવ્ય નથી?

ઉત્તર :- અહીં નિશ્ચય દર્શન-જ્ઞાન-ચારિત્રથી પરિણત આત્મા એ મોક્ષમાર્ગ નિશ્ચયથી છે એમ નથી આવ્યું? એય..! દેવાનુપ્રિયા! તમારા ત્યાં બધા પક્ષવાળા એ બધી વાત કરે અને તમને કેમ કોણ જાણે ગોઠતું લાગે છે સરખું. સમજાણું કાંઈ? લ્યો, એ રતનચંદજીએ લખ્યું છે. બહુ લખ્યું ઘણું. બસ! મોક્ષ અને બંધ જ જ્યાં પર્યાય છે. એ પર્યાય છે ત્યાં વળી નિશ્ચય કેવો? ત્યાં વળી મોક્ષમાર્ગ વળી નિશ્ચય કેવો? મોક્ષમાર્ગ તો વ્યવહાર છે. કઈ અપેક્ષાએ તું સમજ. એ તો દ્રવ્યની અપેક્ષાએ પર્યાયની વાત છે. પણ અહીંયાં મોક્ષ છૂટવાની પર્યાયની અપેક્ષાએ રાગ અને એક નિર્મળ બે અપેક્ષા થઈ કે નહિ? સ્વઆશ્રય નિશ્ચય અને પરાશ્રય વ્યવહાર. સ્વઆશ્રય નિશ્ચય મોક્ષમાર્ગને શી રીતે લાગુ પાડીશ? સમજાય છે કાંઈ? પોપટભાઈ! બધા વાંધા જ ચારે કોર છે. જેમ રળવામાં વાંધા ઉઠે છે ને? એમ આમાં પણ શાસ્ત્રના અર્થ કરવામાં વાંધા ઉઠે. 'શાસ્ત્રે વાદ ભયં ગુણે.. ' અરે.. ભાઈ! શાસ્ત્રની વ્યાખ્યા અંતરના લક્ષની દૃષ્ટિ વિના એ શું સ્વરૂપ કહેવા માગે છે એ સમજે નહિ.

અહીં કહે છે કે હું એક આત્મા છું. અને પૂર્ણ આનંદ અને જ્ઞાનનો રસકંદ છું વસ્તુએ. મારી પર્યાયમાં નિર્મળતા ઓછી છે. એ ઓછીની પરમ ઉત્કૃષ્ટ પ્રાપ્ત થાઓ! આ સમયસાર ઉપદેશમાં-વ્યાખ્યાના કાળમાં એ જાતનું લક્ષ મારું વારંવાર અંતરમાં ધ્યેય તરફ જાશે એથી તેની પ્રાપ્તિ થાઓ. એ આ ઉપદેશથી પ્રાપ્તિ થાઓ એવું નિમિત્તથી કથન કરવામાં આવ્યું. આહાહા..! લ્યો, આ બીજી ગાથાએ વાંધા.

'**અમને શુદ્ધસ્વરૂપની પ્રાપ્તિ થાઓ. ભાવાર્થ આમ છે—આ શાસ્ત્ર પરમાર્થરૂપ છે,...**' જુઓ! આ ન્યાય મૂક્યો. આ શાસ્ત્રમાં ઉપદેશથી પ્રાપ્તિ કેમ થાય? એમ. કે '**આ શાસ્ત્ર પરમાર્થરૂપ છે,...**' પરમપદાર્થને બતાવનાર વાણી છે. પરમપદાર્થ. અખંડ પૂર્ણ ધ્રુવ આનંદનો રસ ધ્રુવ ઘન, એને બતાવનારા શાસ્ત્ર પરમાર્થ શાસ્ત્ર છે. એટલે પરમાર્થ-પરમ પદાર્થને બતાવનારા શાસ્ત્ર છે. એક વાત. '**વૈરાગ્ય-ઉત્પાદક છે;...**' જુઓ! પરમાર્થરૂપ છે એટલે પરમસત્તાને બતાવે છે અને વૈરાગ્ય ઉત્પન્ન (કરાવનાર છે). પરથી રાગના અભાવરૂપ વિરાગને બતાવનાર છે. સમજાણું કાંઈ? પરમાર્થરૂપ છે. પરમપદાર્થ જે આખું દ્રવ્ય શુદ્ધ ધ્રુવ એને

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

બતાવનાર છે. એક. અને વૈરાગ્ય ઉત્પાદક છે. પરથી ઉપેક્ષા કરાવનાર છે. આ શાસ્ત્ર જ પરથી ઉપેક્ષા કરાવે છે અને સ્વના મહાસત્તા ધામ ભગવાન એની અપેક્ષા કરાવે છે. કહો, સમજાણું કાંઈ?

**'આ શાસ્ત્ર પરમાર્થરૂપ છે,...'** પરમપદાર્થને બતાવનાર છે. મહા ચૈતન્ય ભગવાન પરમાત્મસ્વરૂપ. દ્રવ્ય-વસ્તુએ પરમ પરમાર્થસ્વરૂપ, પરમ અર્થ-પદાર્થ. આખો આનંદનો કંદ આનંદનું ધામ એકલો આનંદમૂર્તિ, એકલો જ્ઞાનનો જ રસરૂપ એવો આત્મા એને બતાવનાર (છે) માટે શાસ્ત્ર પરમાર્થરૂપ છે. અને **'વૈરાગ્ય-ઉત્પાદક છે;...'** ક્ષણે ક્ષણે એ શાસ્ત્રમાં વૈરાગ્ય નામ પરથી ઉપેક્ષા કરાવવામાં વૈરાગ્યની ઉત્પત્તિનું કારણ એ છે. સમજાય છે કાંઈ? નિમિત્તથી વાત છે કે નહિ? એમ કહે છે. એમાં એવું કહે છે, એમાં એ કહે છે. આ શાસ્ત્રમાં ભગવાન આત્મા આનંદનો પિંડ અને રાગના અભાવવાળી ચીજ એમાં બતાવે છે. સમજાણું કાંઈ? માટે એ શાસ્ત્રની વ્યાખ્યાના કાળે મારી શુદ્ધિ મહાસત્તા ભગવાન આત્મા તરફ ઢળશે એટલે ઢળેલી છે એમાં વિશેષ ઢળશે અને રાગની ઉપેક્ષા થશે. તેથી શાસ્ત્ર કરવા કાળે મારી શુદ્ધિની પ્રાપ્તિ નિર્મળ થાઓ.

મુમુક્ષુ :- ગજબ..

ઉત્તર :- બહુ ટીકા સરસ. એવી વાત કરી છે. ગૃહસ્થાશ્રમમાં રહ્યા એટલી એકાગ્રતાથી આ શાસ્ત્રની ટીકા બનાવી છે, લ્યો!

**'ભારત-રામાયણ પેઠે રાગવર્ધક નથી.'** જુઓ! છે ને અન્યમાં ભારત અને રામાયણની કથાઓ યુદ્ધની? યુદ્ધ. યુદ્ધ એ ક્ષત્રિયોનો ધર્મ છે. એ તો બધા રાગવર્ધક છે. સમજાણું કાંઈ? એ ચર્ચા થઈ હતી ભાઈની સાથે થોડી. આ ગંગવાલ છે ને એને પુસ્તક આપ્યું હશે ઓલાએ. શું કહેવાય? મિશ્ર. હા એણે કૃષ્ણાયણ બનાવી. આણે વાંચ્યું હતું. મેં કીધું, ધર્મ તમે કહો છો કે આમા લખ્યો છે કૃષ્ણાયણમાં. એમ કેમ હોય? ધર્મ હોઈ શકે છે એ? યુદ્ધ કરવું એ ધર્મ હોય છે? ઓલો જરીક છે ભણેલો. આને ગંગવાલને એટલું ન હોય. પણ ઓલો મોટો માણસ અને આ નાનો એનાથી. યુદ્ધનો ધર્મ ક્ષત્રિયનો એ કેમ શાસ્ત્ર કહે? કવિ છે ઈ. મોટો હુશિયાર છે. જાણપણું બહારનું ઘણું છે. .. નહિ પણ વાંચન મોટું. આખું પુસ્તક બનાવ્યું. જેવું રામાયણ છે ને એવું કૃષ્ણાયન બનાવ્યું. એણે નવું બનાવ્યું હમણાં. એમાં આ લખેલું એટલે પૂછેલું ગંગવાલે વાત કરતા હતા. બાપુ! યુદ્ધનો ધર્મ જીવનો નથી પણ રાગ કરવો એ એનો ધર્મ નથી. યુદ્ધ તો ક્યાંય રહી ગયું. એનો સ્વભાવ જ નથી. વિકલ્પનું કરવું એ સ્વરૂપમાં સ્વરૂપ જ નથી એનું. વસ્તુ એ તો વિજ્ઞાનઘન છે. એવા દ્રવ્યને પ્રસિદ્ધ કરનારું આ શાસ્ત્ર છે માટે આ રાગવર્ધક નથી. એટલી વાત કરી.

હવે મેં માગણી કરી છે કે મારી શુદ્ધિ પૂર્ણ હો. તો એનો અર્થ શું? હું કોણ છું ત્રિકાળી? અને પર્યાયમાં કેમ છે વર્તમાન? એ બેને સિદ્ધ કરે છે. **'કેવો છું હું?'** કેવો છું હું? જુઓ!

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એમ નહિ કે હું હું કરતાં એને અભિમાન આવી ગયું અને હું કરતાં એમ કહે છે તમારો રજનીશ ને ઈ. હું નહિ. હું કાઢી નાખો. હું નહિ. સત્તા જુદી પડે છે એમ. અહીં તો **'કેવો છું હું?'** એવો ભાવ આવે છે કે નહિ? વિકલ્પ તો ભલે હો. **'કેવો છું હું?'** મારો પદાર્થ, આત્મપદાર્થ કેવો છે?

**'अनुभूतेः'** **'અનુભૂતિ—અતીન્દ્રિય સુખ, તે જ છે સ્વરૂપ જેનું...'** મારા આત્માનું તો અતીન્દ્રિય સુખ એ મારું સ્વરૂપ છે. વસ્તુ તરીકે હોં! દ્રવ્ય તરીકે, પદાર્થ તરીકે અતીન્દ્રિય સુખરાશિ હું છું. અતીન્દ્રિય સુખનો રસકંદ હું આત્મા છું. વસ્તુએ-દ્રવ્યે-પદાર્થે ત્રિકાળી ટકતા તત્ત્વે હું અનુભૂતિ અતીન્દ્રિય આનંદનો કંદ છું. સમજાણું કાંઈ? **'કેવો છું હું?'** **'अनुभूतेः'** **'અનુભૂતિ-અતીન્દ્રિય સુખ,...'** લીધું. એમ. અનુભૂતિ એટલે અતીન્દ્રિય સુખ છું. ઓહોહો..! ઈન્દ્રિયાતીત, વિકલ્પાતીત એવો અતીન્દ્રિય સુખરસ એ મારી સત્તા છે. અતીન્દ્રિય આનંદ એ મારું હોવાપણું છે. હું એવો આત્મા અતીન્દ્રિય આનંદરૂપ એવો હું છું. સમજાય છે? મોહનભાઈ!

આત્મા વસ્તુ તરીકે અતીન્દ્રિય, ઈન્દ્રિય વિનાના આનંદનું ધામ વસ્તુ આત્મા છે. એકલો અતીન્દ્રિય આનંદરૂપ જ આત્મા છે. આહાહા..! વસ્તુ. પર્યાયમાં મારામાં ફેર છે એ વાત કહેશે. પર્યાય એટલે અવસ્થા. સમજાણું કાંઈ? જુઓ! એમ કહીને આત્મદ્રવ્યની વ્યાખ્યા પણ ભેગી કરતા જાય છે. પોતાની વાત કરતાં દુનિયાને કહે છે કે આત્મા એ કોને કહીએ? કે આત્મા તે અતીન્દ્રિય સુખ તેને આત્મા કહીએ. હજી જ્ઞાન લેશે. મૂળ બે લે છે. સારપણું લીધું હતું ને?

**'તે જ છે સ્વરૂપ જેનું એવો છું.'** તે જ છે. અતીન્દ્રિય સુખ જે છે એવું જેનું સ્વરૂપ એટલે આત્માનું એવો હું. હું એવો છું. ઓહોહો..! સમજાય છે કાંઈ? અને **'વળી કેવો છું?'** હવે જ્ઞાન લે છે. **'शुद्धचिन्मात्रमूर्तेः'** **'चिन्मात्रमूर्तेः'** કેવો છું? **'शुद्ध'** **'રાગાદિ-ઉપાધિરહિત...'** વસ્તુ મારી ત્રિકાળ. એ વિકલ્પ જે દયા, દાન, કામ, ક્રોધ રાગ એનાથી રહિત મારી ચીજ છે. સમજાય છે કાંઈ? મારું હોવાપણું આ રીતે છે. અતીન્દ્રિય સુખરૂપ અને **'રાગાદિ-ઉપાધિરહિત ચેતનામાત્ર...'** પાછું એમ. ઓલું તો રહિત કહીને અસ્તિ શું? શુદ્ધમાં રાગાદિ ઉપાધિરહિત. વૃત્તિ જે ઉઠે છે વિકલ્પ રાગ એ વસ્તુના સ્વરૂપમાં, સ્વભાવમાં નથી. વસ્તુનો સ્વભાવ દ્રવ્ય સ્વભાવ, ધ્રુવ સ્વભાવ. ધ્રુવ દળ ધામ, એકલું ધ્રુવ દળ જ્ઞાનની મૂર્તિ એવો ચેતનામાત્ર. ચેતનામાત્ર એટલે ઉપાધિરહિત કીધું. ચિન્માત્ર-જ્ઞાનમાત્ર. એ જ્ઞાનનો એકલો ગાંગડો જ્ઞાનસ્વરૂપ એવો **'मूर्तेः'** એટલે **'સ્વભાવ છે જેનો...'** જેનો એટલે મારા આત્માનો. સમજાય છે કાંઈ? દરેકના આત્માનો આવો સ્વભાવ છે.

**'ભાવાર્થ આમ છે કે—દ્રવ્યાર્થિકનયથી દ્રવ્યસ્વરૂપ આવું જ છે.'** શું કહ્યું? દ્રવ્ય એટલે વસ્તુના પ્રયોજનની દૃષ્ટિએ જોતાં પદાર્થ ત્રિકાળ ભગવાન આત્મા વસ્તુ જે આદિ-

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

અંત વિનાની સત્તા ધામ વસ્તુ એની દૃષ્ટિથી જોતાં, દ્રવ્ય-વસ્તુના પ્રયોજનના જ્ઞાનની દૃષ્ટિથી જોતાં. દ્રવ્ય નામ વસ્તુ સ્વરૂપ અતીન્દ્રિય સુખરૂપ રાગથી રહિત અને ચિન્માત્ર મૂર્ત નામ સ્વરૂપ જેનું અનાદિઅનંત છે. સમજાણું કાંઈ? એમ દરેક દ્રવ્યનું આવું સ્વરૂપ છે આત્માનું. આત્માની વાત અત્યારે છે. ઓલા રજકણો, બીજા પાંચ દ્રવ્ય જુદાં.

**'વળી કેવો છું હું?'** જોયું! છતાં, એવું હોવા છતાં વસ્તુ તરીકે અતીન્દ્રિય આનંદનું ધામ વસ્તુ. ધામ એટલે સુખરૂપ જ. અને ચિન્માત્રરૂપ. જ્ઞાનમાત્ર-જ્ઞાનમાત્ર. બે ગુણને મુખ્ય લીધા છે સમજ્યાને? સારમાં લીધું હતું ને એમાં? જ્ઞાન અને સુખ બે સાર છે. એ સાર છે એ શુદ્ધાત્માને જ હોય છે. પર્યાયની વાત ત્યાં કરી હતી હોં! અહીં વસ્તુ તરીકે જ્ઞાન અને સુખ એ વસ્તુમાં આખી એકલી ચીજ. આત્મા એટલે શું? વસ્તુ તરીકે-દ્રવ્ય તરીકે આત્મા એટલે શું? જ્ઞાન અને આનંદનું પૂર્ણ રૂપ તે આત્મા. પોપટભાઈ! ક્યાં હશે આ જ્ઞાન અને આનંદ હવે? આ પૈસામાં હશે? ક્યાં ઓલા શું કહેવાય તમારે લાદીમાં?

આવો હોવા છતાં, વસ્તુ તરીકે આ રીતે વસેલો, રહેલો, સત્તાએ હોવાવાળો હું હોવા છતાં. હવે કહે છે **'अविरतमनुभाव्यव्याप्तिकल्माषितायाः'** છતાં મારી દશામાં, દશા નામ હાલતમાં, હાલત નામ પર્યાયમાં, પર્યાય નામ અવસ્થામાં. દરેક એક અર્થ છે. **'अविरतम'** નિરંતર, અવિરત-નિરંતર. જરીક અંતર પડ્યા વિના. અનાદિથી **'અનાદિ સન્તાનરૂપે...'** અનાદિ પ્રવાહરૂપ. સંતાન, સંતાન, સંતાન. પુત્રનો પુત્ર, પુત્રનો પુત્ર સંતાન કહે છે ને? એમ **'અનાદિ સન્તાનરૂપે...'** હું મારી વર્તમાન પર્યાયમાં-વર્તમાન દશામાં, વસ્તુ આવી જ્ઞાન અને આનંદરૂપ હોવા છતાં, મારી દશામાં **'વિષય-કષાયાદિરૂપ અશુદ્ધ ચેતના,...'** પર તરફનું હજી લક્ષ છે થોડું અને કષાયનો ભાગ, પુણ્ય અને પાપાદિ વિકલ્પો, એનાથી **'અશુદ્ધ ચેતના,...'** અશુદ્ધ ચેતના. એટલી જે પર્યાયમાં અશુદ્ધતા છે. **'તેની સાથે છે વ્યાપ્તિ...'** સમજાણું? હું પોતે અશુદ્ધ રાગ અને દ્વેષમાં વ્યાપેલો પર્યાયમાં છું. એ પર્યાય અનાદિની છે. ભાન થયું છે હોં! છતાં એ પર્યાય તો અનાદિની છે ને. શું કીધું સમજાણું કાંઈ?

વસ્તુ વસ્તુ તરીકે આનંદ અને જ્ઞાનપ્રકાશનું ધામ એ વસ્તુ હોવા છતાં પર્યાયમાં અનાદિ સંતાનથી, પરંપરાથી હું અશુદ્ધરૂપે વ્યાપ્તિ એટલે પરિણમ્યો છું. હું પોતે અશુદ્ધરૂપે થયો છું. પર્યાયમાં અશુદ્ધરૂપે હું થયો છું. સમજાણું કાંઈ? **'તે-રૂપ છે વિભાવપરિણમન,...'** એ વ્યાપ્તિ નામ પુણ્ય ને પાપ, વિષય ને કષાયના વિકલ્પોથી **'વ્યાપ્તિ અર્થાત્ તે-રૂપે છે વિભાવપરિણમન,...'** મારી પર્યાયમાં વિકાર પરિણમન છે. વિકાર પરિણમન ન હોય તો હું સિદ્ધ અને પૂર્ણાનંદની પ્રાપ્તિવાળો હોઉં. પણ હું અત્યારે એવો નથી. પર્યાયમાં એટલે અવસ્થામાં એટલે હાલત-દશામાં એવો હું નથી. જેવો પૂર્ણ વસ્તુમાં જ્ઞાન અને સુખ છે એવી પર્યાયમાં નથી. જયંતિભાઈ! કહો, આવું દ્રવ્ય અને પર્યાય ક્યાંય વાત હશે ક્યાંય? એક શબ્દ આવ્યો હશે ત્રણ દી સાંભળ્યું એમાં? લ્યો ઠીક! સમજાણું કાંઈ આમાં? આહાહા..!

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જેને સમજવો છે એ ચીજ શું છે? એ ચીજ સત્તા એટલે હોવાવાળું કેવી રીતે છે? હોવાવાળામાં બે પ્રકાર. એક ત્રિકાળી હોવાવાળું અને એક વર્તમાન અવસ્થારૂપ હોવાવાળું. એનું રૂપ એણે જાણવું જોઈએને પહેલું? સમજાય છે કાંઈ? લ્યો, આમાં પણ ઝીણું પડશે. વજુભાઈ! આ પુસ્તક છે હિન્દીમાં. એના અર્થ કરતાં કહે કે આટલુ આટલું મહારાજ આટલું વાંચીને કાઢે હવે મારે ત્યાં સમજવું શી રીતે ઘરે?

કહે છે, ભાઈ! જેની વાત ચાલે છે, હું આ ઉપદેશ કરું છું. એના કાળમાં એના કાળે એને કારણે મારી શુદ્ધ પ્રાપ્તિ હો. તો એનો અર્થ હોવાપણાના બે પ્રકાર થયા ને? કે હું એક કાયમ રહેનારો અને હું જ્યારે શુદ્ધ પૂર્ણની પ્રાપ્તિ માંગુ છું તો મારી અવસ્થામાં, શુદ્ધની પૂર્ણ વર્તમાન અવસ્થામાં પ્રાપ્તિ નથી. પ્રાપ્તિ નથી કેમ? કે અનાદિથી સંતાને અશુદ્ધ પરિણમનરૂપ હું પરિણમ્યો છું. સમજાણું કાંઈ? કહો, શેઠી! આહાહા..! જુઓને! ગ્રંથ પણ લોકોના ભાગ્યકાળે આવ્યો છે કે નહિ? ટાણે અત્યારે આવ્યો. ઘણા વર્ષ વીતી ગયા પછી હવે એક નવું આવ્યું. સમયસારની નવી વ્યાખ્યા છે. નવી નથી પણ એની શૈલીની પદ્ધતિની રચના કોઈ જુદી જાતની છે. વસ્તુની પ્રસિદ્ધિને મૂકવામાં એના ભાવના ગર્ભને અડીને વાત કરે છે. સમજાણું કાંઈ?

કહે છે, કે એ '**વ્યાપ્તિ અર્થાત્ તે-રૂપ છે...**' વ્યાપ્યો છું તે-રૂપ એટલે. તે રાગ-દ્વેષરૂપે બિલકુલ નથી જ એમ નહિ. અશુદ્ધ રાગ-દ્વેષ તે-રૂપ છે. વિભાવ પરિણમન એવું છે. એ વિકાર પરમાણુના છે અને રજકણના છે, જડના છે, મોહના છે એમ નથી. સમજાણું કાંઈ? આગળ કહેશે પછી કાઢી નાખશે ત્યારે. પણ અહીં પર્યાયમાં મારામાં મારે લઈને છે. વ્યાપ્તિ છે એટલે તે-રૂપે છે. એ રૂપે પર્યાય મારા રૂપમાં મલિનતા રૂપમાં પર્યાય છે. સમજાણું કાંઈ? આગળ કહેશે કે એ વિકાર પરિણામ પુદ્‌ગલના છે. જીવના નહિ. એ બીજી અપેક્ષાએ. એ તો કાઢી નાખવાના વસ્તુના સ્વભાવના આશ્રયમાં એ વસ્તુ દૃષ્ટિનું ધ્યેય નથી એમાં એ માટે. પણ પરિણમન તો એનું રૂપ છે. ભાષા કેવી લીધી છે? '**વ્યાપ્તિ અર્થાત્ તે-રૂપ...**' એમ શબ્દ વાપર્યો. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં આનંદ ને જ્ઞાનનું આખું રૂપનું દળ, પિંડ, ધામ હોવા છતાં મારી વર્તમાન દશામાં-પર્યાયમાં-અવસ્થામાં-હું મલિનરૂપે છું. હું મલિનરૂપે છું. પોપટભાઈ! મલિન ન હોય તો તો છદ્મસ્થપણું શેનું રહે? અથવા વિકલ્પ શેનો ઉઠ્યો આ? સમજાણું કાંઈ? '**વ્યાપ્તિ અર્થાત્ તે-રૂપ...**' એમ પાછું ભાષાનું વજન આપે છે. તે-રૂપે હું છું. કોઈ પુદ્‌ગલનો એ વિકાર આવી ગયો છે મારામાં અને એનામાં એમ નથી. સમજાણું કાંઈ? વિભાવપરિણમન. '**તે-રૂપ છે વિભાવપરિણમન,...**' મારી વર્તમાન દશામાં વિકારનું વિકારરૂપ વિભાવ એ રૂપે મારી પર્યાય પરિણમેલી છે. '**એવું છે કલંકપણું જેને એવો છું.**' આહાહા..! એ મલિનતા મારી દશામાં એ મને કલંક છે. એ કલંક છે, કલંક

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે. વિકલ્પ છે એ કલંક છે. આહાહા..!

મુમુક્ષુ :- સાધન છે.

ઉત્તર :- એ સાધન નિમિત્તથી કથન. અભૂતાર્થ દૃષ્ટિથી. આહાહા..! એવું અનુકૂળ એટલે નિમિત્ત દેખીને એમ જ કહેવાય. ધર્માસ્તિ વિના ગતિ થાય નહિ. એ ગતિ (થવામાં) ધર્માસ્તિ અનુકૂળ નિમિત્ત છે. એમ ભગવાન આત્માના અંતર સાધનમાં, બાહ્ય સાધનનો વિકલ્પ એવી જાતનો વ્યવહારે અનુકૂળ ગણીને બીજા .. એવા નિમિત્તો ન હોય, એને ગણીને અનુકૂળ સાધન વ્યવહારે કહ્યું છે. એ કલંક છે. આહાહા..! શાણા અને ડાહ્યા ખાનદાન કુટુંબમાં બીજું કરે તો નથી કહેતા? કે અરે..! આ કુટુંબને કલંક છે હોં! આ ન હોય, ન હોય. અરે..! અમે ખાનદાનના ફરજન. બે મા અને બાપ, બે મહા ઊંચા, બે ચેતના મોટી. અમને આ ન હોય હોં! અમને કલંક ન હોય. છતાં આ અમને જરી રાગ થાય છે. કહે છે કે અમે તો જ્ઞાન અને આનંદમાં રહેલા, જડેલો અમારો આત્મા છે. જ્ઞાનપ્રકાશ અને આનંદનું રૂપ જડેલું મારું તત્ત્વ છે. અમારી પર્યાયમાં, મુનિ આચાર્ય કહે છે, આ રાગનો વિકલ્પ છે. નિર્મળાનંદ ભગવાન ચિન્મૂર્તિ ને આનંદ એની દશામાં અશુદ્ધતા વિભાવરૂપ વ્યાપ્તિરૂપ, રૂપ મારું છે. પર્યાયમાં એ રૂપ થયો છું એ મને કલંક છે.

**'કલંકપણું જેને એવો છું.'** એવું કલંકપણું જેને પર્યાયમાં છે એવો હું છું. સમજાણું કાંઈ? આ રામાયણ માંડી છે આ આત્માની. આ વીતરાગી રામાયણ. ભાગવત શાસ્ત્ર. ભાગવત શાસ્ત્ર. હું એમ કહે છે. જુઓ! ઠેક ઠેકાણે કહે છે હું. **'એવું છે કલંકપણું જેને એવો છું.'** સમજાણું કાંઈ? એકલો શુદ્ધ છું.. શુદ્ધ છું એવું જુદુંપણું કાઢી નાખ. એ તો હવે સાંભળને ભાઈ! સત્તા જ્યાં શુદ્ધ પોતાનું ધામ શુદ્ધ છે ત્યાં હું એવો વિકલ્પ નહિ પણ સત્તા છે એવું જ્ઞાન તો કબુલ કરે છે કે નહિ? હું એક મહાનસત્તા ચૈતન્યની મહા ધામ સત્તારૂપ હું. આ હું એવો વિકલ્પ નહિ. આ સત્તા છે. એમ મારી પર્યાયમાં વિકલ્પમાં, રાગમાં હું પોતે પરિણમ્યો છું એવો હું છું. એવો હું છું. એ બેય સત્તાના અંશોને સ્વીકાર કરે છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'ભાવાર્થ આમ છે—'** ભાવાર્થ આ પ્રકારે છે. **'પર્યાયાર્થિકનયથી...'** પર્યાય એટલે વર્તમાન અવસ્થાને જોનારની દૃષ્ટિએ જોઈએ તો. વસ્તુને વર્તમાન અવસ્થાની દૃષ્ટિએ જોઈએ તો. પહેલી વાત આવી ગઈ ઓલી દ્રવ્યાર્થિક દ્રવ્યસ્વરૂપ, દ્રવ્યાર્થિકનય. વસ્તુને ત્રિકાળી જ્ઞાયક ને આનંદરૂપ વસ્તુ તરીકે જોઈએ તો. એ તો પૂર્ણ જ્ઞાન અને આનંદ પૂર્ણ છે. પણ વર્તમાન અવસ્થાની-હાલતની-પર્યાયની દૃષ્ટિએ જોઈએ તો? **'જીવવસ્તુ...'** પોતે જીવ જે વસ્તુ કીધી. આહાહા..! તોળી તોળીને શબ્દ મૂક્યા છે ને? હવે આને કહે કે ઓલા એ નહિ, અમે આ છીએ. ભગવાન પણ એવડો જબરો છે ને. ઊંધો પડે... આહાહા..! પોતાના અસ્તિત્વનો નિષેધ કરે એ તે કેવો? નહિ. વ્યવહાર તે જ મોક્ષમાર્ગ છે. નિશ્ચય મોક્ષમાર્ગ.. અરે.. ભગવાન!

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મુમુક્ષુ :- બે મોક્ષમાર્ગ કહે છે તો નિશ્ચય અને વ્યવહાર..

ઉત્તર :- એવા બે નિશ્ચય અને મોક્ષમાર્ગ. બેય પણ. કહે તો ખરા, એ પણ કહે છે પાછા. વળી ત્યાં નિશ્ચય. તો વળી નય નહિ. નિશ્ચય છે ને નય નહિ? અરે..! કાંઈ ઠેકાણું (નથી). પણ કોણ જાણે કોઈ પૂછનાર ન મળે. અત્યારે. આ પૂછનાર અહીંથી આવ્યું નીકળ્યું ત્યાં વિરૂદ્ધ પડ્યા સામે. આહાહા..!

'**પર્યાયાર્થિકનયથી...**' એટલે આત્માને વર્તમાન અવસ્થાને જોવાની દૃષ્ટિએ જોઈએ તો '**જીવવસ્તુ...**' પોતે. જીવવસ્તુ પોતે. '**અશુદ્ધપણે અનાદિની પરિણમી છે.**' જોયું! ભગવાન આત્મા જ્ઞાન ને આનંદનો રસ અને વસ્તુ હોવા છતાં એ વસ્તુ પોતે અનાદિથી અશુદ્ધપણાથી મલિનપણાથી. અશુદ્ધપણામાં શુભ અને અશુભ બેય ભાવ આવ્યા. શુભ-પુણ્ય અને પાપ બેય ભાવ અશુદ્ધ છે. એ પણે '**અનાદિની પરિણમી છે.**' પહેલી અશુદ્ધ પરિણતિ અવસ્થા નહોતી અને શુદ્ધ પરિણતિ હતી અને પછી અશુદ્ધ થઈ એમ નથી. આહાહા..! વસ્તુ તરીકે અનાદિ જ્ઞાનાનંદ અને સુખરસ છે અને પર્યાયે પણ અશુદ્ધ અનાદિની ચાલી આવે છે. સમજાણું?

'**અશુદ્ધપણે...**' અશુદ્ધપણે '**અનાદિની પરિણમી છે.**' કોણ? જીવવસ્તુ પરિણમી છે. પુણ્ય ને પાપ, કામ ને ક્રોધ, દયા ને દાન એવા વિકલ્પોની લાગણી રૂપે ભગવાન જીવવસ્તુ પર્યાયમાં પરિણમી છે, થઈ છે, થઈ છે. એવો હું છું. એમ. સમજાણું કાંઈ? '**તે અશુદ્ધતાનો વિનાશ થતાં...**' જુઓ! એ પર્યાય છે. '**તે અશુદ્ધતાનો વિનાશ થતાં જીવવસ્તુ જ્ઞાનસ્વરૂપ સુખસ્વરૂપ છે.**' એ અશુદ્ધતાનો નાશ હોવાથી, જેવી વસ્તુ જ્ઞાન અને સુખરૂપ છે એવી પર્યાયમાં જ્ઞાન અને સુખરૂપ થઈ જાય છે. આહાહા..! સમજાણું કાંઈ? લોકો ભાગ્યશાળી તો ઘણા હોં! આવી ચીજ બહાર આવી અને કાને સાંભળવા મળે એ મહાભાગ્ય વિના એ વાત મળતી નથી. વસ્તુ એવી છે આ. આ વસ્તુ.. આ વસ્તુ. પરમાત્માના ઘરથી નીકળેલી આ વસ્તુ છે. સમજાણું કાંઈ?

'**તે અશુદ્ધતાનો વિનાશ થતાં...**' જુઓ! એ અશુદ્ધતા તો પર્યાય છે-અવસ્થા છે. એ કાયમની ચીજ નથી. એટલે '**તે અશુદ્ધતાનો વિનાશ થતાં...**' ઉત્પાદ તો છે. દ્રવ્યરૂપે જ્ઞાન અને સુખરૂપ આદિ અનંતગુણરૂપ છે, પર્યાયમાં અશુદ્ધતા કેટલીક છે. એ અશુદ્ધતાનો નાશ થતાં. કહો સમજાણું? '**વિનાશ થતાં...**' નાશ થઈ શકે છે. પર્યાય છે માટે. વસ્તુ હોય અને ત્રિકાળ હોય એનો નાશ થઈ શકે નહિ. પણ એની અવસ્થા-હાલત છે એથી એને નાશ થતાં. વિનાશ પાછો નાશ શબ્દ નથી વાપર્યો. જોયું! વિનાશ થતાં. વિશેષે નાશ મૂળમાં ક્ષય થતાં. '**જીવવસ્તુ...**' ભગવાન આત્મા '**જ્ઞાનસ્વરૂપ...**' પર્યાયમાં હવે '**સુખસ્વરૂપ છે.**' પર્યાય પણ એકલો જ્ઞાનપર્યાય અને આનંદરૂપી પર્યાય છે. અવસ્થામાં પણ એમ થઈ જાય છે. સમજાણું કાંઈ?

'**હવે કોઈ પ્રશ્ન કરે છે...**' કારણ કે એમાં તો એમ જ કહ્યું. અશુદ્ધ પરિણમન હું.

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



હું પરિણમ્યો છું, મારી વ્યાપ્તિ છે, એ સ્વરૂપ હું છું. અનાદિ સંતાને હું વિકારરૂપે પરિણમ્યો છું. એમાં ક્યાંય નિમિત્ત તો આવ્યું નહિ. સમજાણું? દેવાનુપ્રિયા! આ નિમિત્તના લક્ષવાળાનો પ્રશ્ન છે જરી. પણ સમજવા માટે હોં! '**હવે કોઈ પ્રશ્ન કરે છે...**' કોઈ પ્રશ્ન કરે છે. જેને એ બરાબર આ વિકારને કોઈ નિમિત્ત છે કે નહિ? એવી જેને શંકા એ પ્રશ્ન કરે છે. '**જીવવસ્તુ અનાદિથી અશુદ્ધપણે પરિણમી છે,...**' ભગવાન આત્મા વસ્તુએ આનંદ અને જ્ઞાન હોવા છતાં અનાદિની મલિનરૂપે, પુણ્ય-પાપરૂપે, મિથ્યાત્વરૂપે (પરિણમી છે). અહીં તો શુભાશુભ પોતાને માટે છે, હોં! સામાન્ય વાત કરીએ તો મિથ્યાત્વ અને અશુભ બધાનું પરિણમન જે છે અનાદિનું. '**ત્યાં નિમિત્તમાત્ર કોઈ છે કે નહીં?**' ત્યાં નિમિત્તમાત્ર.. પ્રશ્નકાર પણ આમ હળવો કરીને પ્રશ્ન કરે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. પોતે કહ્યું કે દરેક વસ્તુ ગુણ-પર્યાયથી બિરાજમાન છે. સ્વાધીન છે. પરાધીન નથી. એમ પ્રશ્નકારે કર્યો હતો. દરેક વસ્તુ. પછી તમે જીવને સાર કેમ કહો છો? બધા પદાર્થો, અનંત પદાર્થ પોતપોતાના ગુણ-પર્યાયથી બિરાજમાન છે, સ્વાધીન છે. પરાધીન બિલકુલ નથી. આવ્યું હતું ને ત્યાં? '**કોઈ કોઈને આધીન નથી;...**' પ્રશ્નકારે એ રીતે પોતે મૂક્યો પ્રશ્ન. આવો. પ્રશ્નકાર પણ આવો હોવો જોઈએ એમ કે એને લગતો. છે ને બીજું પાનું? '**બધાય પદાર્થ પોતપોતાના ગુણ-પર્યાયે વિરાજમાન છે,...**' અનંત જેટલા આત્માઓ અનંત પરમાણુઓ આદિ, પોતપોતાની શક્તિ-ગુણ અને અવસ્થાથી બિરાજમાન છે. સ્વાધીન છે. પછી બિરાજમાન. ત્રણ બોલ. '**કોઈ કોઈને આધીન નથી;...**' કોઈ કોઈને આધીન નથી. આહાહા..! આત્મા.. વિપાક અવસ્થા. ઉદય વિપાક. એનો ઉદય અનુભાગ છે શબ્દ, એનો કર્યો અર્થ ઉદય અને અર્થાત્ વિપાક અવસ્થા. એનો જે પાક-કાળ. પુદ્ગલ પિંડરૂપ એ કર્મ. એમાં એક મોહકર્મની જાતિ એક, એની વિપાક અવસ્થા પાછી. દ્રવ્ય ને ગુણ એમ નહિ. એ પડેલી સત્તા પણ નહિ. એની વિપાક અવસ્થા થાય છે. પાકકાળની એક પુદ્ગલ કર્મના મોહમાં પાક કાળનો પર્યાય થાય છે એ અવસ્થા નિમિત્ત છે. સમજાણું કાંઈ?

'**ભાવાર્થ આમ છે કે...**' રાગાદિ અશુદ્ધ પરિણામરૂપ જીવદ્રવ્ય વ્યાપ્યવ્યાપકરૂપ પરિણમ્યું છે. લ્યો, ભાષા એ પાછી. ભાઈ! રાગ-દ્વેષ, પુણ્ય ને પાપ, કામ ને ક્રોધ, દયા ને દાન આદિ મલિન પરિણામ શુભાશુભભાવ એ રાગાદિ અશુદ્ધ પરિણામ. એટલે બેય શુભ અને અશુભ આવ્યા. એ પરિણામરૂપ જીવદ્રવ્ય આત્મા પદાર્થ વ્યાપ્યવ્યાપક. એ વ્યાપ્ય નામ અવસ્થામાં, વ્યાપક આત્મા દ્રવ્ય થઈને પરિણમ્યું છે. દ્રવ્ય વ્યાપક અને વિકારી પર્યાય વ્યાપ્ય થઈને પરિણમ્યો છે. પર્યાયમાં વિકાર થયેલો છે. વ્યાપ્યરૂપે પરિણમી છે અવસ્થા. સમજાય છે કાંઈ? ઘણાને એમ કે ઓહોહો..! આત્મા શુદ્ધ શુદ્ધ ત્યાં કરે છે. વિકાર-બિકાર એને.. પણ સાંભળ તો ખરો.. એમ કહે છે, એ તો બસ નિશ્ચયાભાસ. કાંઈ નથી. શુદ્ધ હોય

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


તો મોક્ષ (હોય). પણ શુદ્ધ તો વસ્તુએ શુદ્ધ છે. પર્યાયે શુદ્ધ હોય તો તો પછી પ્રશ્ન રહ્યો જ ક્યાં? સાધકપણું ક્યાં, સાધન ક્યાં, પુરુષાર્થ ક્યાં. કાંઈ રહેતું નથી પૂર્ણ દશામાં.

કહે છે કે રાગદ્વેષાદિ ભાવ પુણ્ય-પાપના મલિન ભાવ એવો અશુદ્ધ પરિણામ. રાગાદિની વ્યાખ્યા. એવા **'અશુદ્ધ-પરિણામરૂપ જીવદ્રવ્ય વ્યાપ્ય-વ્યાપકરૂપે પરિણમે છે,...'** પોતે જ પરિણમ્યો છે એમ. વ્યાપ્ય-વ્યાપકપણે પોતે. વ્યાપક દ્રવ્ય થઈને વ્યાપ્ય અવસ્થામાં વિકારમાં પોતે પરિણમ્યો છે. વ્યાપક કર્મ અને વ્યાપ્ય આત્માની અવસ્થા એમ નથી. વ્યાપક એટલે દ્રવ્યકર્મ એ વ્યાપક અને વિકારી પર્યાય તેનું વ્યાપ્ય એટલે અવસ્થા, દ્રવ્યકર્મ તે વસ્તુ અને એની અવસ્થા તે વ્યાપ્ય વિકારી અવસ્થા જીવની એમ નથી. કહો, સમજાણું કાંઈ? આગળ કહેશે. વ્યાપ્ય-વ્યાપક બધું વિકારમાં. કર્મ વ્યાપક અને વિકાર વ્યાપ્ય. એ તો કઈ અપેક્ષા? વસ્તુનું આવું જ્યારે જ્ઞાન થયું ત્યારે વસ્તુ સ્વભાવ તરફ જ્યારે દૃષ્ટિ ઢળે છે, વળે છે, વહે છે એથી વિકારનો સ્વીકાર કરતું નથી. તેથી વિકારનું વ્યાપ્યનું વ્યાપક તે કર્મ થઈને કાઢી નાખવા માગે છે. પણ હોય એને કાઢે કે ન હોય એને? સમજાણું કાંઈ? આહાહા..!

**'પુદ્‌ગલપિંડરૂપ મોહકર્મનો ઉદય...'** ઉદય નામ શબ્દ વાપર્યો હતો ને ત્યાં? વિપાક અવસ્થા. ઉદય એટલે વિપાક અવસ્થા. એમ. એ **'નિમિત્તમાત્ર છે.'** એ નિમિત્તમાત્ર છે મલિનમાં. પોતાને કારણે મલિનદશા કરે છે, પરિણમે છે ત્યારે મોહકર્મ એ નિમિત્તમાત્ર છે. બરાબર સમજો છો ને હવે ભાષા-બાષા? ભાઈ ક્યાં ગયા આજે ધન્યકુમારજી? શરીરે ઠીક નથી. તબિયત ઠીક નથી. **'જેમ...'** હવે દૃષ્ટાંત આપે છે. **'કોઈ ધતૂરો પીવાથી ઘૂમે છે,...'** ઘૂમે છે-ફરે છે, આમ ચક્કર ખાય છે. ધતૂરો પીધો છે. **'કોઈ ધતૂરો પીવાથી ઘૂમે છે, નિમિત્તમાત્ર ધતૂરાનું તેને છે.'** નિમિત્તમાત્ર ધતૂરાનું નિમિત્તમાત્ર એને છે. ઘૂમવાની પર્યાય તો એની પોતાની છે પરિણમેલી. નિમિત્તમાત્ર ધતૂરો છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ પ્રશ્ન જ ક્યાં છે? કહો, દેવાનુપ્રિયા! આ ધતુરાનો દાખલો. ધતૂરો પીધા પહેલા કેમ ચક્કર નહોતો ખાતો? એ તો પહેલું કહ્યું. **'ધતૂરો પીવાથી ઘૂમે છે,...'** નિમિત્ત. પીવાથી એટલે નિમિત્તથી કથન. **'ઘૂમે છે,...'** એની પોતાની પર્યાય. ચક્કર ખાય, ચક્કર ખાય છે. **'નિમિત્તમાત્ર ધતૂરાનું તેને...'** તેને એટલે? ઘૂમવાવાળાને **'નિમિત્તમાત્ર ધતૂરાનું...'** ઘૂમવાવાળાને. ઘૂમવાની પર્યાય તો પોતાની છે. ઘૂમવું-ઘૂમવું કહે છે ને આ? ચક્કર ખાય. ચક્કર લગાવે. આમ ચાલે છે તો પણ કહે છે હમણાં ઘૂમે છે. કાંઈક કહેતા હતા એક ફેરી. ત્યાં હતા ને? દાહોદ. દાહોદ નહોતા ઓલા આહાર કરીને ફરતા હતા? પછી ઓલો માણસ કહેતો હતો હમણા ઘૂમે છે. ઘૂમે છે. ત્યાં કહેતો હતો એ માણસ હતો ને. ઘૂમે છે. આહાર કર્યા પછી બહાર ... ત્યાં ઉતારો હતો.

**'નિમિત્તમાત્ર ધતૂરાનું તેને છે.'** એટલે ઘૂમનારને છે. ઘૂમવાવાળાને ધતૂરાનું નિમિત્ત.

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


માત્ર શબ્દ છે. ઘૂમે છે પોતાને કારણે. એમ વિકાર પરિણામ જીવ પોતાને કારણે સ્વતંત્ર થઈ કરે છે. તેમાં મોહકર્મનો વિપાક નિમિત્તમાત્ર તેને છે. કહો, આટલું તો સ્પષ્ટ કર્યું. હવે એની શ્રદ્ધાના ઠેકાણા ન મળે. અને કર્મને લઈને વિકાર થાય. તમે કર્મને લઈને વિકાર કહો છો? કર્મને ના પાડો છો? વિકાર કરે તો... એમ નહિ. આમથી લ્યો. એમ કે વિકાર કરે ત્યારે કર્મ નિમિત્ત કહેવાય એમ નહિ. કર્મ હોય એટલે વિકાર કરવો પડે એમ લ્યો. આહાહા..! વાંધા તે વાંધા. કજિયાળા છોકરાને મનાવવા કઠણ. વાંધા જ કાઢ્યા કરે.

'**કેવું છે મોહનામક કર્મ?**' હવે જુઓ પાછું. પહેલું નિમિત્તમાત્ર આની કોર સિદ્ધ કર્યું. હવે ઈ મોહકર્મ કેવું છે? એ મોહકર્મ કેવું છે એ સિદ્ધ કરે છે. કોનામાં નિમિત્ત થવાની લાયકાત મોહકર્મમાં. મોહકર્મ નિમિત્તમાત્ર છે એમ કહ્યું. પણ હવે અર્થ જ બીજી જાતનો આમાં કરે છે પાછો. '**परपरिणतिहेतोः**' હેતુ કહ્યું છે ને? કે '**परपरिणतिहेतोः**' આ અર્થ. નહિતર ઓલામાં એવો લીધો છે આપણે જયચંદ્ર પંડિતે કે વિકારમાં હેતુ નિમિત્ત છે મોહકર્મ. એટલું.

અહીં તો નિમિત્તમાત્ર વાત કરી અને હવે એ ક્યુ મોહકર્મ? ક્યુ મોહકર્મ? કે '**અશુદ્ધ જીવના પરિણામ જેનું કારણ છે.**' જે મોહકર્મ બંધાણું હતું, જેમાં અશુદ્ધ જીવના પરિણામ જેને કારણ છે. શું કહ્યું સમજાણું? એ કર્મને જીવના અશુદ્ધ પરિણામ નિમિત્ત હતા. પૂર્વે. જે અશુદ્ધ પરિણામ પૂર્વે કર્યા એ મોહકર્મને નિમિત્ત હતા, એ મોહકર્મની પાક અવસ્થાને નિમિત્તમાત્ર છે. એ મોહકર્મ. એમ. બીજુ મોહ નહિ. એમ. સમજાણું કાંઈ? શબ્દની એની એક એક કળશમાં અર્થ કરવાની પદ્ધતિ જુદી જાતની છે.

મુમુક્ષુ :- આ પદ્ધતિ પંચાધ્યાયીમાં આવે છે.

ઉત્તર :- હા આવે ને. પંચાધ્યાયમાં. વારાફરતી વારો આવે છે ને. શું કહ્યું? આણે એમ કર્યું, ત્યારે ઓલાને એમ આવ્યું. એમ. વારાફરતી વારો.

'**અશુદ્ધ જીવના પરિણામ...**' એટલે ક્યુ મોહકર્મ? અશુદ્ધ જીવને પરિણમનમાં ક્યુ મોહકર્મ નિમિત્ત થાય? કે જે મોહકર્મને પૂર્વે અશુદ્ધ જીવના પરિણામ નિમિત્ત હતા એ મોહકર્મ વર્તમાન અશુદ્ધ પરિણામને નિમિત્ત થાય. સમજાણું કાંઈ? '**જેનું...**' જેનો અર્થ મોહ. જે મોહ વિપાકરૂપે જીવના અશુદ્ધ પરિણામના પરિણમનના કાળે મોહકર્મ જે નિમિત્ત થાય એ નિમિત્ત મોહકર્મ કેવું? કે જેને '**અશુદ્ધ જીવના પરિણામ જેનું...**' એટલે મોહકર્મને '**કારણ છે.**' સમજાણું કાંઈ?

આમ ત્રણ વાત સિદ્ધ કરી. એક તો દ્રવ્ય તો પોતે વસ્તુ તરીકે જ્ઞાન અને આનંદઘન એ તો એવી ને એવી વસ્તુ અનાદિઅનંત. દ્રવ્યાર્થિકનયથી. પર્યાયદૃષ્ટિએ જોઈએ તો મલિનતા વર્તમાન અવસ્થામાં પરિણમેલું દ્રવ્ય જ પોતે પરિણમ્યું છે. મલિનપણે દ્રવ્ય પોતે પરિણમ્યું છે. એ વ્યાપ્ય એની અવસ્થા છે. તો કોઈ નિમિત્ત (છે)? કે મોહકર્મનો પાક એને નિમિત્ત

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે. પણ ક્યુ મોહકર્મ? કે જે કર્મને પૂર્વના અશુદ્ધ પરિણામ નિમિત્ત હતા, એ બંધાણું પોતાના ઉપાદાન કારણે, એ મોહકર્મ વર્તમાન અશુદ્ધ પરિણામને નિમિત્ત છે. સમજાણું કાંઈ?

'**ભાવાર્થ આમ છે...**' છેલ્લું તાત્પર્ય '**જીવના અશુદ્ધ પરિણામના નિમિત્તે એવો રસ લઈને...**' જુઓ! રસ એટલે ... જીવને અશુદ્ધ પરિણામ જે થયા હતા પૂર્વે. એનું નિમિત્ત એવો રસ લઈને. એના સ્વભાવનું નિમિત્ત લઈને. એનું નિમિત્ત એવો રસ લઈને. '**નિમિત્ત એવો રસ...**' પરિણામના નિમિત્તે '**જીવના અશુદ્ધ પરિણામના નિમિત્તે એવો રસ લઈને...**' એટલે જેવો અશુદ્ધ પરિણામ હતો એ જ પ્રમાણે ત્યાં અંદર મોહકર્મ બંધાણું. એમ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ જૂનાની વાત ચાલે છે ને. પૂર્વનો આ જે પાક આવ્યો અત્યારે એ કેવો આવ્યો? કે જેને અશુદ્ધ પરિણામનું નિમિત્ત પૂર્વે એનો રસ. એ જેવા પૂર્વના અશુદ્ધ પરિણામ હતા એ જ પ્રમાણે નિમિત્તમાં-કર્મમાં પોતાનો સ્વભાવ ત્યાં થયો. એ '**મોહકર્મ બંધાય છે, પછી ઉદયસમયે નિમિત્તમાત્ર થાય છે.**' લ્યો! એ જ મોહકર્મ પછીમાં અશુદ્ધભાવમાં નિમિત્તમાત્ર થાય છે. '**પછી ઉદયસમયે...**' એ ક્યા ઉદય સમયે? ઓલા મોહકર્મ બંધાયેલું જેને અશુદ્ધ પરિણામ નિમિત્ત હતા, એ બંધાયેલું, એ પછી પાકકાળે એ જીવના અશુદ્ધ પરિણામમાં તે કર્મ વિપાક નિમિત્તમાત્ર છે. સમજાણું કાંઈ? લ્યો, એ ત્રીજો શ્લોક થયો.

આ તો કેમ વાંચવું એ પાછી ઢબ એણે સમજવી પડશે. આ એમ ને એમ વાંચી જવું એમ નથી. એકદમ એકદમ વાંચી ગયા, વાંચી ગયા. સમજાણું? એક જણો કહેતો હતો સમયસાર ને? નવ તત્ત્વની વાત છે. ઈ તો પંદર દીમાં વાંચી ગયો. બહુ સારી વાત. ચોવીસ કલાક ઊંઘ નહિ તો તરત વંચાઈ જાય એમાં શું છે? એનો એક ભાવ શું છે એને સમજ્યા વિના એમ ને એમ વાંચી ગયો વાંચી ગયો શું એનો અર્થ? નવ તત્ત્વની વાત છે ને એમ કહે. નવ નહિ, એકની જ વાત છે હવે સાંભળને. શું તત્ત્વ છે? એનો પર્યાય શું છે? ગુણ શું છે? દ્રવ્ય શું છે? મલિનતા શું છે? એની સ્થિતિને સમજ્યા વિના વાંચ્યું વાંચ્યું શું વાંચે? કહો, સમજાણું કે નહિ આમાં? જયંતિભાઈ! આ એક કળશમાં કેટલું આવ્યું! આમાં ક્યાંય બીજી ગંધ પણ ન મળે ક્યાંય બીજે. કેમ ચડી ગયા ત્યાં ત્રણ દી મફતમાં?

મુમુક્ષુ :- જોવા ગયેલા.

ઉત્તર :- જોવામાં નહિ કાલે તો આમ ડોલતા હતા રસમાં. આમ હતું ત્યાં આમ હતું ને આમ હતું. મેં કીધું ત્યાં ક્યાં ઊંધે રસ્તે ચડી ગયા? ભગવાન સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ વીતરાગ દેવ, એણે જાણ્યું, જોયું અને કહ્યું એવું ત્રણકાળ ત્રણલોકમાં બીજે ક્યાંય હોઈ શકે નહિ.

મુમુક્ષુ :- ...

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઉત્તર :- બોલે તો ઉઘાડું કર્યું એમાં શું વાંધો છે? એ એમ કે આવે તો બોલવું નથી. પણ એ તો ત્યાં જેવું હતું એવું કહ્યું.


મુમુક્ષુ :- .. કહેવું જોઈએ.

ઉત્તર :- તો ખબર પડે ને કે કઈ જાતની ભૂલ કરી. સર્વજ્ઞ પરમાત્માના દરબારમાં જે વાત ચાલી છે એ વાત ત્રણકાળ ત્રણલોક બધા એક આત્મા ને ઢીકણા આત્મા આમ ધ્યાનની વાતું બધે ખોટેખોટી ગપ મારનારા છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નહિ. પછી ઉદય કાળે નિમિત્તમાત્ર છે. એટલે ઉદયનો સમય કોનો? કર્મનો. ક્યા કર્મનો? જે કર્મને અશુદ્ધ પરિણામ નિમિત્ત હતા એવું જે કર્મ. જે કર્મને અશુદ્ધ પરિણામ નિમિત્ત થઈને જે બંધાણું હતું એના પાકકાળે તે અશુદ્ધ પરિણામમાં નિમિત્તમાત્ર છે. ઉદય સમયે. સત્તા સમયે નહિ. પડ્યા પડ્યામાં નહિ. **'પછી ઉદયસમયે નિમિત્તમાત્ર થાય છે.'** એમ. કોણ? ઓલાના ઉદયના કાળમાં નિમિત્તમાત્ર કર્મ છે. જડના ઉદયકાળમાં અશુદ્ધ પરિણામને નિમિત્તમાત્ર છે. કહો, સમજાણું? પરસ્પર નિમિત્ત કીધું. હવે ચોથો શ્લોક છે લ્યો. એ આવશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)


૪૭ શક્તિ આત્માનો વૈભવ છે. એવા વૈભવશાળી ભગવાન આત્માનું અંતરમાં ધ્યાન કરવાથી જ્ઞાન આનંદ રૂપી વૈભવ પ્રાપ્ત થાય છે.

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


વીર સંવત-૨૪૯૧, ફાગણ સુદ ૬, મંગળવાર,
તા. ૯-૩-૧૯૬૫, કલશ-૪
પ્રવચન નં. ૫

(માલિની)

उभयनयविरोधध्वंसिनि स्यात्पदाङ्के
जिनवचसि रमन्ते ये स्वयं वान्तमोहाः।
सपदि समयसारं ते परं ज्योतिरुच्चै-
रनवमनयपक्षाक्षुण्णमीक्षन्त एव।।४।।

ખંડાન્વય સહિત અર્થ :—"ते समयसारं ईक्षन्ते एव" (ते) આસન્નભવ્ય જીવો (समयसारं) શુદ્ધ જીવને (ईक्षन्ते एव) પ્રત્યક્ષપણે પામે છે. "सपदि" થોડા જ કાળમાં. કેવો છે શુદ્ધ જીવ? "उच्चैः परं ज्योतिः" અતિશયમાન જ્ઞાનજ્યોતિ છે. વળી કેવો છે? "अनवम्" અનાદિસિદ્ધ છે. વળી કેવો છે? "अनयपक्षाक्षुण्णम्" (अनयपक्ष) મિથ્યાવાદથી (अक्षुण्णम्) અખંડિત છે. ભાવાર્થ આમ છે—મિથ્યાવાદી બૌદ્ધાદિ જૂઠી કલ્પના ઘણા પ્રકારે કરે છે, તોપણ તેઓ જ જૂઠા છે; આત્મતત્ત્વ જેવું છે તેવું જ છે. હવે તે ભવ્ય જીવો શું કરતા થકા શુદ્ધ સ્વરૂપ પામે છે, તે જ કહે છે—"ये जिनवचसि रमन्ते" (ये) આસન્નભવ્ય જીવો (जिनवचसि) દિવ્યધ્વનિ દ્વારા કહી છે ઉપાદેયરૂપ શુદ્ધ જીવવસ્તુ તેમાં (रमन्ते) સાવધાનપણે રુચિ-શ્રદ્ધા-પ્રતીતિ કરે છે. વિવરણ-શુદ્ધ જીવવસ્તુનો પ્રત્યક્ષપણે અનુભવ કરે છે તેનું નામ રુચિ-શ્રદ્ધા-પ્રતીતિ છે. ભાવાર્થ આમ છે—વચન પુદ્ગલ છે, તેની રુચિ કરતાં સ્વરૂપની પ્રાપ્તિ નથી; તેથી વચન દ્વારા કહેવામાં આવે છે જે કોઈ ઉપાદેય વસ્તુ, તેનો અનુભવ કરતાં ફળપ્રાપ્તિ છે. કેવું છે જિનવચન? "उभयनयविरोधध्वंसिनि" (उभय) બે (नय) પક્ષપાતને (विरोध) પરસ્પર વૈરભાવ, (વિવરણ—એક સત્ત્વને દ્રવ્યાર્થિકનય દ્રવ્યરૂપ, તે જ સત્ત્વને પર્યાયાર્થિકનય પર્યાયરૂપ કહે છે, તેથી પરસ્પર વિરોધ છે;) તેનું (ध्वंसिनि) મેટનશીલ છે. ભાવાર્થ આમ છે—બન્ને નય વિકલ્પ છે, શુદ્ધ જીવસ્વરૂપનો અનુભવ નિર્વિકલ્પ છે, તેથી શુદ્ધ જીવવસ્તુનો અનુભવ થતાં બંને નયવિકલ્પ જૂઠા છે. વળી કેવું છે જિનવચન? "स्यात्पदाङ्के" (स्यात्पद) સ્યાદ્વાદ અર્થાત્ અનેકાન્ત—જેનું સ્વરૂપ પાછળ કહ્યું છે—તે જ છે (अङ्के) ચિહ્ન જેનું, એવું છે. ભાવાર્થ આમ છે—જે કોઈ વસ્તુમાત્ર છે તે તો નિર્ભેદ છે. તે વસ્તુમાત્ર વચન દ્વારા કહેતાં જે કોઈ વચન બોલાય છે તે જ પક્ષરૂપ

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે. કેવા છે આસન્નભવ્ય જીવ? ''स्वयं वान्तमोहाः'' (स्वयं) સહજપણે (वान्त) વમી નાખ્યું છે. (मोहाः) મિથ્યાત્વ—વિપરીતપણું, એવા છે. ભાવાર્થ આમ છે—અનંત સંસાર જીવોને ભમતાં થકાં જાય છે. તે સંસારી જીવ એક ભવ્યરાશિ છે, એક અભવ્યરાશિ છે. તેમાં અભવ્યરાશિ જીવ ત્રણે કાળ મોક્ષ જવાને અધિકારી નથી. ભવ્ય જીવોમાં કેટલાક જીવો મોક્ષ જવાને યોગ્ય છે. તેમને મોક્ષ પહોંચવાનું કાળપરિમાણ છે. વિવરણ—આ જીવ આટલો કાળ વીતતાં મોક્ષ જશે એવી નોંધ કેવળજ્ઞાનમાં છે. તે જીવ સંસારમાં ભમતાં ભમતાં જ્યારે અર્ધપુદ્ગલપરાવર્તનમાત્ર રહે છે ત્યારે જ સમ્યક્ત્વ ઊપજવાને યોગ્ય છે. આનું નામ કાળલબ્ધિ કહેવાય છે. યદ્યપિ સમ્યક્ત્વરૂપ જીવદ્રવ્ય પરિણમે છે તથાપિ કાળલબ્ધિ વિના કરોડ ઉપાય જો કરવામાં આવે તોપણ જીવ સમ્યક્ત્વરૂપ પરિણમનને યોગ્ય નથી એવો નિયમ છે. આથી જાણવું કે સમ્યક્ત્વ-વસ્તુ યત્નસાધ્ય નથી, સહજરૂપ છે. ૪.

---

## કલશ-૪ ઉપર પ્રવચન

સમયસાર કળશટીકા છે. એમાં જીવ અધિકાર ચાલે છે. ત્રણ કળશ પૂરા થયા. ચોથો કળશ.

(માલિની)

उभयनयविरोधध्वंसिनि स्यात्पदाङ्के
जिनवचसि रमन्ते ये स्वयं वान्तमोहाः।
सपदि समयसारं ते परं ज्योतिरुच्चै-
रनवमनयपक्षाक्षुण्णमीक्षन्त एव।।४।।

**ખંડાન્વય સહિત અર્થ :-** 'ते समयसारं ईक्षन्ते एव' પહેલો શબ્દ છે. 'ते' એટલે **'આસન્નભવ્ય જીવો...'** આસન્નભવ્ય જીવ. જેને સંસાર આસન્ન નામ નિકટ છે. હવે થોડા કાળે મુક્તિ થવાની છે. મોક્ષ જેને નજીક છે. એવા **'આસન્નભવ્ય જીવો...'** એટલે ભવ્યજીવમાં પણ આસન્નભવ્ય જીવ. એમ. ભવ્ય અનંત છે. અભવિ તો હોઈ શકે નહિ આ માટે. ભવ્યમાં પણ આસન્ન જેને નજીકપણામાં મોક્ષની પર્યાય પ્રગટ થવાની લાયકાત છે એવા **'આસન્નભવ્ય જીવો...'** 'समयसारं' **'શુદ્ધ જીવને...'** સમયસાર એટલે શુદ્ધ જીવ. એકલો શુદ્ધ. પુણ્ય અને પાપના રાગના વિકલ્પથી રહિત. શરીર અને કર્મથી તો રહિત જ છે. પણ એની વર્તમાન દશામાં શુભ અને અશુભ જે અશુદ્ધ સંસ્કારરૂપ પરિણામ (થાય છે) એનાથી રહિત એવું આત્મતત્ત્વ, આત્મદ્રવ્ય શુદ્ધ. આખો શુદ્ધ જીવદ્રવ્ય પદાર્થ. 'ईक्षन्ते एव' **'પ્રત્યક્ષપણે પામે છે.'** જે કોઈ નિકટભવી જીવ પોતાના શુદ્ધ દ્રવ્ય સ્વભાવને અંતર્મુખ કરીને.. 'ईक्षन्ते' એટલે

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જોવે છે. એટલે કે **'પ્રત્યક્ષપણે પામે છે.'** જુઓ! એ **'ईक्षन्ते'**નો અર્થ કર્યો. સમજાણું? સાક્ષાત્ આસ્વાદન કરે છે. રાગ અને પુણ્ય-પાપના વિકલ્પની રુચિ છોડી અને આત્મા અખંડ પૂર્ણ શુદ્ધ સમયસાર શુદ્ધ પદાર્થ, એના સન્મુખ થઈને, (એ) રાગ વિનાનો આત્મા તેને પ્રત્યક્ષ કરે છે એટલે પ્રત્યક્ષ તેની દશામાં આ આત્મા તેમ પ્રતીત અનુભવમાં પ્રાપ્ત થાય છે. એને સમ્યગ્દર્શન કહે છે. શેઠી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ નિશ્ચય સમ્યગ્દર્શન. એ વ્યવહાર-ફ્યવહાર બધી વાતું ન મળે. વ્યવહાર તો કથનના ઘોડા-લાકડીના ઘોડા (છે). સમજાણું કાંઈ? એ એને ખબર ન મળે.

આત્મા અંતર નિર્વિકલ્પ આનંદકંદ સ્વરૂપ, શુદ્ધ દળ આખું ધ્રુવ ચૈતન્યસત્ત્વ આખું, એની સન્મુખ થઈને, એકાકાર થઈને રાગ અને વિકલ્પ હોવા છતાં (તેનાથી) ભિન્ન પડીને, આત્માને રાગના અવલંબન વિના પ્રત્યક્ષ પ્રાપ્ત કરવો, એનું નામ સ્વસંવેદનજ્ઞાન, એની પ્રતીતિ એનું નામ નિશ્ચય સમ્યગ્દર્શન. કહો, સમજાણું કાંઈ? પ્રત્યક્ષ **'ईक्षन्ते एव'** **'પ્રત્યક્ષપણે પામે છે.'** નિશ્ચયથી. એમ. સમજાય છે કાંઈ?

**'सपदि'** કેવી રીતે? જેમ અનંતકાળ પરિભ્રમણમાં ગયો એમ પ્રાપ્તિ માટે અનંતકાળ ન જોઈએ. કારણ કે નિજ વસ્તુ પૂર્ણ શાંતરસથી ભરેલી, એના તરફના ઝોંક, વલણ અને એકાગ્રતામાં એ પ્રત્યક્ષપણે પ્રાપ્ત **'થોડા જ કાળમાં.'** થાય છે. કહો, સમજાણું કાંઈ? એને લાંબો કાળ ન જોઈએ. ઘરની ચીજ છે, ઘરમાં આવવામાં શું વાર લાગે? પરમાં રખડતા અનંતકાળ ગયો એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

શુદ્ધસ્વરૂપ ચૈતન્યમૂર્તિ અનંત આનંદ આદિ ગુણનો રસકંદ વસ્તુ પદાર્થ, એની અંતર દૃષ્ટિ આપતા રાગ વિનાનો પ્રત્યક્ષ આત્મા એટલે કે જેમાં રાગની, મનની સહાય નથી અને સીધો સ્વઆશ્રયે આત્મા પ્રાપ્ત થાય છે. તેને સ્વસંવેદનમાં આત્મા પ્રત્યક્ષ થાય છે એમ કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ?

**'કેવો છે શુદ્ધ જીવ?'** હવે એ **'શુદ્ધ જીવને પ્રત્યક્ષપણે પામે છે.'** એમ કહ્યું ને? સમયસાર પણ શુદ્ધ જીવ પણ છે કેવો શુદ્ધ જીવ? એ તો દ્રવ્ય કીધું વસ્તુ. સ્વભાવ. **'उच्चैः परं ज्योतिः'** અતિશયમાન. **'उच्चैः'** એટલે **'અતિશયમાન...'** વિશેષપણે, અતિશય, અલૌકિક અચિંત્યપણે **'જ્ઞાનજ્યોતિ...'** પરમ જ્યોતિ અતિશયપણે **'उच्चैः'** **'જ્ઞાનજ્યોતિ...'** ચૈતન્ય આત્મા એટલે જ્ઞાનની જ્યોત, જ્ઞાનનો સૂર્ય, જ્ઞાનજ્યોત, ઝળહળ ચૈતન્ય દીવો. કહો, પોપટભાઈ! આ ટીકા જુદી જાતની છે. સાંભળી નથી. ત્યાં તો હતું નહિ. બસ. આ તો ધણધણાટ બોલાવશે હિન્દુસ્તાનમાં જરી. છપાણી છે ૩૩૦૦. બે ત્રગડા.

ભાઈ! સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ પરમેશ્વરે આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં પૂર્ણ પ્રાપ્ત કર્યો. પૂર્ણ. સમ્યગ્દર્શનના કાળમાં પણ અને સમ્યગ્દૃષ્ટિને એક સેકન્ડના અસંખ્ય ભાગમાં

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

એ આત્મા શુદ્ધ ચૈતન્યની જ્યોત, જ્ઞાનજ્યોત સમયસાર એટલે શુદ્ધ જીવ એને અંતર્મુખ થઈને પ્રાપ્ત કરે એનું નામ આત્માની પ્રાપ્તિ અને આત્મા મળ્યો એમ કહેવામાં આવે છે. કહો, દેવાનુપ્રિયા! આમાં વ્યવહાર-બ્યવહાર ક્યાં ગયો તમારો આમાં? બફમ થઈ ગયું. નહિતર રાખ્યું હોય સામે. કેમ મોડું થયું? અહીં ક્યાં તમારા રોટલા હતા. સમજાણું કાંઈ?

**'અતિશયમાન...'** અતિશય વિશેષમાન. અતિશય એટલે એનું અતિશયપણું, વિશેષપણું જ્ઞાનજ્યોતિનું છે. એમ. તે જ્ઞાનવાન છે. **'उच्चैः परं ज्योतिः'** એમ. મહાજ્યોતિ, ચૈતન્યજ્યોત છે એ તો સૂર્ય. શરીર વિના, કર્મ વિના અને પુણ્ય-પાપના વિકલ્પના મેલ વિનાની ચૈતન્ય જ્યોત વસ્તુ છે અંદર. એવી વસ્તુને પહેલી સમજમાં લઈ અને અંતર્મુખમાં થઈ અને અનુભવ કરે કે આત્મા આ. જ્ઞાનનો અંશ સમ્યક્ થયો. આ આત્મા આખો જ્ઞાનમય એની સાથે આનંદનું અતીન્દ્રિયનું વેદન આવ્યું આખો આત્મા આનંદમય (છે). એમ રાગ વિના, મન વિના પ્રત્યક્ષ પ્રાપ્તિ થાય એને આત્માનો સાક્ષાત્કાર થયો, અનુભવ થયો, એને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહાહા..!

**'વળી કેવો છે?' 'अनवम्' 'અનાદિસિદ્ધ છે.' 'अनवम्'** નવો નથી એમ. **'अनवम्'** નવો નથી. અનાદિસિદ્ધ વસ્તુ છે. પદાર્થ ચૈતન્યદળ, આનંદકંદ ચિત્ધાતુ ચિદ્રૂપ એવું તત્ત્વ આખું જ્ઞાન જેનું રૂપ છે, જ્ઞાન જેનું સ્વરૂપ છે, જ્ઞાન જેનું સર્વસ્વ છે. જ્ઞાન સર્વસ્વ સ્વભાવ જ્ઞાન જેનું સર્વસ્વ છે. **'अनवम्'** નવો નથી. એમ ને એમ છે. અનાદિનિધન. **'અનાદિસિદ્ધ...' 'अनवम्'** કહ્યું છે ને? અનાદિથી એવો ને એવો છે. ચૈતન્ય ધ્રુવ. ઓહોહો..! આત્મા કેવો એ સાંભળવા એને મળતું નથી. એમ કહે છે.

**'વળી કેવો છે?' 'अनयपक्षाक्षुण्णम्' 'अनयपक्ष'** ખોટા કુનયના **'મિથ્યાવાદથી અખંડિત છે.'** ખોટી નય-કુનયથી આત્મા એકાંત શુદ્ધ જ છે, એક જ વસ્તુ છે એમાં અનંતગુણ નથી, એમાં પર્યાય નથી, એ તો એક જ (છે) આદિ કુનયથી ખંડિત ન થાય એવો એ ભગવાન અખંડિત આત્મા છે. સમજાણું કાંઈ? **'अनयपक्ष'** કુનયપક્ષ એમ. કુનય એટલે મિથ્યાવાદ. જૂઠા કહેનારાઓ તત્ત્વને જે સમજ્યા નથી. જેવું એનું સ્વરૂપ છે એને એક જ પડખે (પકડીને) કાં ક્ષણભંગુર (કહે છે). બૌદ્ધમત કહે, ક્ષણે ક્ષણે નવો થાય. વેદાંત કહે એકલો નિત્ય જ છે. સાંખ્ય કહે, એ પરિણમતો જ નથી. એવો જે કુનય એનાથી ચીજ-વસ્તુ અખંડ દ્રવ્ય, પર્યાય, ગુણ એ ખંડિત થઈ શકે નહિ. એવી એ ચીજ છે. એ ચીજ પોકાર કરે છે, કુનયથી મારું ખંડન થાય નહિ. એવી જ મારી વસ્તુ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કોણ ખંડ કરે? કહો, સમજાણું કાંઈ?

અખંડિત. મિથ્યા નામ **'अनय'** છે ને? **'अनय'** એટલે કુનય, કુનય એટલે મિથ્યા. એનો જે **'पक्ष'** એટલે વાદ. એમ. **'अनयपक्ष'** કુનયના પક્ષથી જે આત્માને કહે છે. કોઈ બૌદ્ધાદિ

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કહે છે કે સમયે સમયે નવો નવો આત્મા થાય. સાંખ્ય કહે કે પૂર્ણ રૂપ જ એનું પરિણામી નથી. પરિણમતો જ નથી કૂટસ્થ છે. એમ ઘણી જાતના આત્માને માટે કુનયના પક્ષ છે એવા પક્ષથી તે ખંડિત થતો નથી. એવો એ પક્ષરહિત અખંડાનંદ પ્રભુ આત્મા છે.

મુમુક્ષુ :- બૌદ્ધની વાત આવી નહિ.

ઉત્તર :- બધાની છે. બૌદ્ધ લેશે આગળ.

'**ભાવાર્થ આમ છે—મિથ્યાવાદી બૌદ્ધાદિ જૂઠી કલ્પના ઘણા પ્રકારે કરે છે,...**' લ્યો! જયંતિભાઈ! બૌદ્ધ આમ કહે છે, બૌદ્ધ આમ કહે છે. બહુ સાંભળીને આવ્યા છે ને ત્યાં. '**મિથ્યાવાદી...**' જૂઠા કહેનારાઓ બૌદ્ધ, સાંખ્ય, વિશેષ, નૈયાયિક આદિ વેદાંત આદિ '**બૌદ્ધાદિ જૂઠી કલ્પના...**' પોતાની જૂઠી કલ્પનાથી આત્માનું સ્વરૂપ બહુ પ્રકારે પાછું એમ. ઘણા પ્રકારે જૂઠી કલ્પનાથી આત્માને કહે છે. સમજાણું કાંઈ? '**તોપણ તેઓ જ જૂઠા છે;...**' શું કહે છે? વસ્તુ એવી નથી. એ કલ્પના કરનારા જૂઠા છે. સમજાણું કાંઈ? એક સમયમાં નિત્ય અનંતગુણનો પિંડ અને એક જ સમયમાં પરિણમન ક્રમે ક્રમે અવસ્થા થાય એવી એ ચીજ છે. એટલે કહે છે '**જૂઠી કલ્પના ઘણા પ્રકારે...**' પાછી એમ. ઘણા પ્રકારે જૂઠી બૌદ્ધ ને સાંખ્ય ને વિશેષ, નૈયાયિક, વેદાંત આદિ આત્માને કલ્પે છે એ પોતે જૂઠા છે. વસ્તુ એમ નથી. '**તોપણ તેઓ જ જૂઠા છે;...**' વસ્તુ તો જેમ છે તેમ છે. આહાહા..! સમજાણું?

'**આત્મતત્ત્વ જેવું છે તેવું જ છે.**' આત્મતત્ત્વ જેવું ત્રિકાળ અનંતગુણનો રાશિ અને સમય સમયનું પરિણમન-પર્યાય પરિણમનશીલ એવું જે સ્વરૂપ છે ઈ છે. કલ્પનાથી અજ્ઞાનીઓ કોઈ રીતે કલ્પે તો એથી વસ્તુમાં કાંઈ દોષ આવતો નથી. આહાહા..! કહો, સમજાણું કાંઈ? આ બધા સમન્વય કરે છે બધાની સાથે. આ પણ સાચું, આ પણ સાચું. બધાનો આંકડો ભેગો કરો તો સાચું એક તત્ત્વ ગુંથાય. એમ નથી. સમજાણું કાંઈ? '**આત્મતત્ત્વ...**' આત્મતત્ત્વ વસ્તુનો સ્વભાવ, જ્ઞાન આનંદ આદિ અનંતગુણનો રાશિ, મોટો રસકંદ અને સમય સમયનું પરિણમન. પર્યાય આવી, સ્વભાવમાં અનંતગુણ આવ્યા, વસ્તુ તરીકે એક આવી. એવી ચીજ તો જેમ છે તેમ જ છે. દુનિયા કલ્પના બૌદ્ધાદિ કરે પણ એ જૂઠા છે. વસ્તુ એવી છે નહિ એમ કહે છે.

'**હવે તે ભવ્ય જીવો શું કરતાં થકા શુદ્ધ સ્વરૂપ પામે છે,..**' લ્યો! હવે એ ભવ્યજીવ. લીધું ને આગળ આસન્નભવ્ય જીવ. '**શું કરતા થકા શુદ્ધ સ્વરૂપ પામે છે,...**' ક્રિયા કઈ? એને શુદ્ધ સ્વરૂપના પ્રાપ્તિની ક્રિયા કઈ? એની રીત કઈ? એનો ઉપાય શું? '**શું કરતાં થકા શુદ્ધ સ્વરૂપ પામે છે,...**' શું કરતાં એ શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિ અંદર, પૂર્ણ આનંદ અને શાંતરસનો ધ્રુવ ભંડાર ભગવાન શી રીતે તેને પ્રાપ્ત કરે છે આસન્નભવ્ય જીવ?

'તે જ કહે છે-' '**ये जिनवचसि रमन्ते**' જુઓ! આ ઓલા અર્થ કરે છે ને? જુઓ!

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અહીંયાં એમ કહ્યું છે કે બે નયમાં રમે. બે નયમાં રમે એને પ્રાપ્તિ થાય. નિશ્ચયનય અને વ્યવહારનય. બેય નયમાં રમે એમ આમાં કહ્યું છે અમૃતચંદ્રાચાર્યે. એમ કરીને ઊંધા ઉઠા લે છે. અહીં અર્થ એવો કરે, જુઓ! **'આસન્નભવ્ય જીવો...'** **'ये'** એટલે આસન્નભવ્ય. ઓલામાં **'ते'** એટલે આસન્નભવ્ય હતું શરૂઆતમાં. તે **'परं ज्योतिः'** હતું ને? અને **'ये'** **'स्वयं वान्तमोहाः'** **'ये'** આસન્નભવ્ય નામ નજીક જેની લાયકાત, સંસારનો કાંઠો જેને નજીક થઈ ગયો છે. **'દિવ્યધ્વનિ દ્વારા...'** હવે **'जिनवचसि'**ની વ્યાખ્યા. **'जिनवचसि'** વીતરાગની વાણીમાં. એવો શબ્દ પડ્યો છે. એનો અર્થ કે **'દિવ્યધ્વનિ દ્વારા કહી છે...'** ભગવાન પરમાત્મા ત્રિલોકનાથના વીતરાગ મૂર્તિ પ્રભુની એની જે વાણી દિવ્ય નામ પ્રધાન અવાજ આવ્યો. **'કહી છે ઉપાદેયરૂપ શુદ્ધ જીવવસ્તુ...'** જુઓ! **'जिनवचसि'**નો અર્થ જ આ. વીતરાગે કહ્યું શું? ઉપાદેય શુદ્ધ જીવવસ્તુ. શુદ્ધ આત્મા પરમાનંદની મૂર્તિ તે જ આદરણીય છે. એમ જિનવચનમાં આવ્યું છે. સમજાણું? રાગ આદિ આદરણીય પુણ્ય-પાપ એ પ્રશ્ન અહી લીધો જ નથી. જિનવચનની અંદર વીતરાગ પરમાત્મા ત્રિલોકનાથ ચૈતન્યસૂર્ય અસંખ્ય પ્રદેશે અનંતસૂર્યના પ્રકાશમય. તીર્થંકરનું શરીર તો કરોડો સૂર્યથી તેજવાળું શરીર, એનો આત્મા અનંતા ચૈતન્યસૂર્ય અનંતપ્રદેશે અનંત સૂર્ય ફાટ્યા છે. એવા ભગવાનની વાણીમાં એ આવ્યું કે **'ઉપાદેયરૂપ શુદ્ધ જીવવસ્તુ...'** ભાષા જુઓ! ભણી ભણીને મરી જાય અત્યારે વાંચી વાંચીને. આ કાઢ્યું ને આ આવ્યું ને આ આવ્યું. હવે સાંભળને. વીતરાગમાં તો વીતરાગપણું પરની અપેક્ષા છોડીને પોતાના શુદ્ધ સ્વરૂપને ઉપાદેયપણે (ગ્રહે) એનું નામ જિનવચન છે. સમજાણું કાંઈ?

**'ઉપાદેયરૂપ શુદ્ધ જીવવસ્તુ...'** આદરણીય શુદ્ધ જીવવસ્તુ. સમજાણું? એ એને જિનવચનની વ્યાખ્યા જ આ કરી. વીતરાગની વાણીમાં ત્રિલોકનાથ જૈન પરમેશ્વર, જેની પરમેશ્વરતા પર્યાયમાં પૂર્ણ પ્રગટ થઈ છે. એવા ભગવાનની વાણીમાં ઈચ્છા વિના આવ્યું કે **'ઉપાદેયરૂપ શુદ્ધ જીવવસ્તુ...'** ભાઈ! એ આખા બાર અંગનું તાત્પર્ય કહેતાં, ચૌદ પૂર્વનું તાત્પર્ય કહેતા શુદ્ધ જીવવસ્તુ જીવ ઉપાદેય છે એમ કહેતાં જ અશુદ્ધપણું એની દશામાં છે. નિમિત્ત પણ કર્માદિ છે. પણ આદરણીય તો એકલો જીવ ભગવાન પૂર્ણાનંદ કંદ શુદ્ધ એ જ ઉપાદેય આદરણીય છે. આહાહા..! એનું નામ દિવ્યધ્વનિ. દિવ્યધ્વનિ-વીતરાગ પિંડ થઈ ગયા. એકલા વીતરાગ અસ્થિર ટળીને વીતરાગ સ્થિરબિંબ થઈ ગયા. વિજ્ઞાનઘન થઈ ગયા. એની વાણીમાં શું આવે? એની વાણીમાં આવ્યું વીતરાગબિંબ ચૈતન્ય શુદ્ધ છે એ જ ઉપાદેય છે એમ વાણીમાં આવ્યું છે. આહાહા..! સમજાણું કાંઈ? બાર અંગની દિવ્યધ્વનિ ગમે તે પ્રકારે આવી પણ એમાં આ કહ્યું છે.

ભાઈ! અશુદ્ધતા તારી દશામાં છે, નિમિત્ત છે, અનેક ગુણરૂપે પણ વસ્તુ છે. છતાં એ વસ્તુ જ પોતે એકાકાર છે એ જ આદરણીય અને દૃષ્ટિમાં, ધ્યેયમાં લેવાલાયક ચીજ

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


તે આ જ છે. સમજાણું કાંઈ? એમાં એ આવ્યું કે વિકલ્પ તે ઉપાદેય **નથી,** વ્યવહાર આવે એ ઉપાદેય **નથી,** નિમિત્ત ઉપાદેય **નથી.** એક સમયની પર્યાય પણ ઉપાદેય-ગ્રહણ કરવા લાયક **નથી.** **'ઉપાદેયરૂપ શુદ્ધ જીવવસ્તુ...'** આહાહા..! ભણી ભણીને, ગોખી ગોખીને ગોખ્યું હોય ને. આ વ્યવહાર આવે. શું કીધું નહિ? .. વ્યવહારના ત્રણ બોલ કાઢ્યા છે અંદરથી. ચોવીસ કલાકમાં વ્યવહાર. ધૂળમાંય નથી કહે છે. એકવાર વસ્તુ તો કર આ નક્કી. જયંતિભાઈ! અહીં તો ભાઈ ભારે આકરા આવે.

મુમુક્ષુ :- ભણી ભણીને આગળ વધવું.

ઉત્તર :- આગળ વધવું. તો અંદર ઠરવું એ આગળ વધવું કે રાગ કરવો એ આગળ વધવું? અંદરમાં નિર્ણય કરીને અંતર તરફમાં એકાકાર થવું એ આગળ વધવું અને એથી પણ આગળ વધવું તો સ્થિર થવાનું આગળ વધવું એ સ્થિર થવું. વધવું એટલે શું? વિકલ્પો કરવા એ વધવું? શુભરાગ કરવા એ વધવું? આગળ વધ્યો? કહો, સમજાણું કાંઈ? પહેલા સમયથી માંડીને ઉપાદેયરૂપ શુદ્ધ જીવવસ્તુ એ ભગવાનની વાણીમાં આવ્યું છે. પહેલેથી તે ઠેઠ સુધી. જ્યાં સુધી કેવળજ્ઞાન ન પામે ત્યાં સુધી ઉપાદેય ઉપ-વસ્તુ આખી, ચૈતન્યદળ અખંડ ગુણનો કંદ ધ્રુવ વસ્તુ પદાર્થ છે, પદાર્થ છે, અરૂપી પદાર્થ છે મહાન. એવો શુદ્ધ ભગવાન આત્મા એ જ દૃષ્ટિમાં ઉપાદેય ધ્રુવમાં લેવા જેવો છે. ઓલા કહે, જીવદયા પાળવી ને આ કરવું ને તે કરવું. આ કહે, વળી વ્યવહાર કરવો, ઓલો કહે, અપવાસ કરવા, ઓલા કહે કે આ કરવું, જાત્રા ભક્તિ કરતા કરતા થશે. કહો, પોપટભાઈ!

ભાઈ! આમ એક સેકન્ડના અસંખ્ય ભાગમાં પદાર્થ મોટો મહાન ચૈતન્ય જ્યોત સૂર્ય, પ્રકાશનું એકલું દળ અને આનંદનો એકલો રસ એવું જે જીવસ્વરૂપ. અહીં તો જ્ઞાન અને આનંદ મુખ્ય બે લીધા છે ને. એવો આખો પદાર્થ જે છે... છે.. છે... અનાદિથી છે, વર્તમાન સ્વભાવ સહિત છે અને ભવિષ્યમાં એમ ને એમ રહેશે. એવી વસ્તુ જીવવસ્તુ એ જ આદરણીય છે એમ વીતરાગની વાણીમાં ત્રણ કાળના તીર્થંકરોની વાણીમાં આ આવે છે. આહાહા..! કહો, સમજાણું કાંઈ?

**'તેમાં..'** **'रमन्ते'** શુદ્ધ જીવવસ્તુ ત્રિકાળ ધ્રુવ જ્ઞાયકમૂર્તિ એને પહેલી પ્રતીતમાં-વ્યવહાર શ્રદ્ધામાં લઈ પછી અનુભવમાં લે તો એને પ્રતીતિ સાચી કહેવાય છે. સમજાણું કાંઈ? **'તેમાં...'** તેમાં એટલે? શુદ્ધ જીવવસ્તુ. પદાર્થ શુદ્ધ નિર્મળ આનંદકંદની ગાંઠ. **'તેમાં...'** **'रमन्ते'** **'સાવધાનપણે...'** સાવધાનપણે અંતર્મુખ થઈને બહિર્મુખપણાનું લક્ષ છોડીને **'રુચિ-શ્રદ્ધા-પ્રતીતિ કરે છે.'** સાવધાનપણે રુચિ-શ્રદ્ધા-પ્રતીતિ કરે છે. એનું નામ **'रमन्ते'** વ્યાખ્યા કીધી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ચારિત્રમાં **'रमन्ते'**

ઉત્તર :- ક્યાં? **'रमन्ते'** શ્રદ્ધા-પ્રતીતિ કરે એ જ **'रमन्ते'** એમાં ત્રણે આવ્યું છે દર્શન-

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જ્ઞાન-ચારિત્ર.

**'વિવરણ—શુદ્ધ જીવવસ્તુનો...'** પાછી શ્રદ્ધા-રુચિ-પ્રતીતિની વ્યાખ્યા કરે છે. સાવધાનપણે કહ્યું હતું ને? **'रमन्ते'** એટલે કે અંતર વસ્તુ જે ધ્રુવ જ્ઞાયકમૂર્તિ, એમાં રમે. રાગમાં તો અનાદિથી રમે છે. શુભ-અશુભ રાગના વિકલ્પમાં તો અનાદિથી રમે (છે) એ સંસાર છે. ભગવાન આત્મા એ રાગરહિત પૂર્ણ ધ્રુવ વસ્તુ એમાં રમે છે-લીન થાય છે. એટલે કે રુચિ-શ્રદ્ધા અને પ્રતીતિ કરે છે. એટલે કે **'શુદ્ધજીવવસ્તુનો પ્રત્યક્ષપણે અનુભવ કરે છે...'** એમ રુચિ એટલે અમને આ રુચિ છે ને શ્રદ્ધા છે એમ નહિ. આહાહા..! સમજાણું? ઓલામાં કહે છે ને? ઓલા ઢાળમાં આવે છે. છ ઢાળામાં. પરદ્રવ્યથી ભિન્ન આત્મરુચિ ભલા હૈ. બસ આત્મરુચિ. એમ રુચિ નહિ. એથી ખુલાસો પાછો એટલે શબ્દ છે કે એને રુચિ છે. અને સાતમે ગુણસ્થાને પછી નિર્વિકલ્પ વેદન થાય પ્રત્યક્ષ. એમ કાઢે છે છ ઢાળામાંથી. અરે..! ભગવાન! શું પણ તારા અર્થ કરવામાં પણ આંધળો? તારો પદાર્થ કેમ નીકળે એમાં આંધળામાં અર્થ કરવા? કહે છે કે વસ્તુ પણ કેમ? વસ્તુ એના અનુભવમાં ન આવે તો એ વસ્તુ ક્યાં રહી? પ્રતીત કોની પણ? આ વસ્તુ એમ આનંદ સહિતના ભાન વિના આ પ્રતીત કોની? સમજાણું? સસલાના શિંગડા જેવી પ્રતીત થાય.

કહે છે, **'શુદ્ધ જીવવસ્તુ...'** શુદ્ધ જીવવસ્તુ ભિન્ન. એમાં **'પ્રત્યક્ષપણે...'** એનો સીધો સ્વાદ રાગ ને વિકલ્પ ને વ્યવહારના અવલંબન વિના નિરપેક્ષપણે **'પ્રત્યક્ષપણે અનુભવ કરે છે...'** આવા મતિ-શ્રુતજ્ઞાન દ્વારા, રાગ-વિકલ્પ દ્વારા નહિ. અહીં તો મતિ-શ્રુતની વાત છે ને. અવધિ, મનઃપર્યય હોય તો પણ એ મતિશ્રુતજ્ઞાન દ્વારા **'અનુભવ કરે છે તેનું નામ રુચિ-શ્રદ્ધા-પ્રતીતિ છે.'** એનું નામ રુચિ. એ પ્રત્યક્ષ આનંદકંદ સ્વરૂપ જ્ઞાયકમૂર્તિ એનું અંતરમાં પ્રત્યક્ષપણું રાગના અવલંબન વિનાનું થઈને આનંદનું નિર્વિકલ્પ વેદન થાય એનું નામ રુચિ, એનું નામ પ્રતીતિ, એનું નામ શ્રદ્ધા કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- પ્રતીતપણે અનુભવ ન થાય તો શું કરવું?

ઉત્તર :- પણ ન થાય તો નથી કરવું એને કાંઈ. નથી એનો અર્થ કે આ નથી કરવું, નથી મારે આ કરવું એવો અર્થ થયો એનો. મારે આ કરવું નથી. કરવું નથી એનો અર્થ જ થયો એ. એ મારે કરવું નથી. કરવું નથી ત્યારે હવે શું કરવું? એમ. એ રુચતું નથી, હજી એને ગોઠતું નથી. એને આ ગોઠે. આ કરવું ને, આ કરવું ને. પણ એ કરવું એ તો અનાદિથી કરે જ છે અજ્ઞાનમાં. એમાં શું છે? કહો, દેવાનુપ્રિયા! એમાં કાંઈ બોલાય એવું નથી. ત્યાં ગોળા ચાલે ઓલા બધામાં બેઠા હોય ત્યાં. હા.. હા.. તો શું કરવું? આ વ્રત કરવા, આ અપવાસ કરવા. એ આગળ વધવાનું. ધૂળમાંય આગળ વધવું નથી. હેઠે પડ્યો છે શ્રદ્ધામાં.

મુમુક્ષુ :- કરવું એનાથી મંદતા થાય.

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

ઉત્તર :- ધૂળેય થાતી નથી. અનુભવ વિના કર્મની મંદતા ત્રિકાળમાં યથાર્થ ન થાય. કહો, સમજાણું કાંઈ? મંદતા અને તીવ્રતાનો અર્થ શો? વસ્તુના સ્વભાવની દૃષ્ટિ થયા વિના કર્મ અને રાગનો અભાવ ન થાય ત્યાં સુધી એ વસ્તુ નથી. મંદ અને તીવ્ર એક જ જાત છે. બધો સંસાર છે. મંદ અને તીવ્ર કર્મચક્ર છે. એમાં આત્મા ક્યાં આવ્યો? સમજાણું કાંઈ? એમ કે બાહ્યમાં કાંઈક ઘટાડે. કોણ ઘટાડે? બાહ્યમાં ઘટાડું એ માન્યતા જ આત્માનું ખૂન કરનારી છે. એ શ્રદ્ધા જ સાચી નથી એમ કહે છે. બાહ્યમાં ઘટાડું, લૂગડું ફેરવી નાખું. શું ફેરવે? રાગને ઘટાડું-ફેરવું, રાગ ઉપર દૃષ્ટિ એ દૃષ્ટિ મિથ્યાત્વ છે. કોને ફેરવવું છે ને કોને કરવું છે? આહાહા..!

મુમુક્ષુ :- બાહ્ય નિવૃત્તિ...

ઉત્તર :- બાહ્ય નિવૃત્તિ પણ કોની? બાહ્ય નિવૃત્તિ છે કે અહીં અભ્યંતરમાં નિવૃત્તિ જ નથી. અસ્તિ છે તેનામાં વળવું એનામાં નિવૃત્તિ કહેવામાં આવે છે. નિવૃત્તિ નાસ્તિથી વાત થઈ. અસ્તિ શું? અસ્તિ પદાર્થ જેના ધામમાં અંદર જાવું છે.. વળી એ કહે કે પ્રવેશ નથી. રજનીશ એમ મારે. પ્રવેશ કરવો નથી આત્મામાં. પ્રવેશનો અર્થ સાંભળને. અંતર એકાકાર થવું એનું નામ પ્રવેશ. પ્રવેશ શું બીજું? પ્રવેશ પણ કરવો નથી. હું ક્યા ગયો છું તે પ્રવેશ કરું? એવા લાકડા મારે ને બુદ્ધિના. આ બધા ભોળાભટ જેવા બેઠા હોય ને સામે. ઓહોહો..! શું વાત કરે છે ને!

કહે છે.. આહાહા..! લ્યો! શું કહે છે? '**તેનું નામ રુચિ-શ્રદ્ધા-પ્રતીતિ છે.**' ભગવાન આત્મા જ્ઞાયકની જ્યોત એમ એના નિર્ણયમાં લે કે કરવાનું જ આ છે. આ કર્યા વિના કોઈ દી શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિ અને સમ્યગ્દર્શન થતું નથી. લાખ કરીને મરી જાય ને સૂકાઈ જાય. વ્રત ને દાન ને દયા એ તો રાગ પરસન્મુખની વૃત્તિઓ છે. એ વૃત્તિથી એમાં કર્યું શું એણે? કર્યું શું એણે? અહીં તો શ્રદ્ધામાં મિથ્યાત્વ આવ્યું, વિશેષ જોર આવ્યું, આ કરવા જેવું... આ કરવા જેવું... આ કરવા જેવું. કર્તૃત્વબુદ્ધિ તો અજ્ઞાન છે. સ્વરૂપમાં કર્તૃત્વ છે જ ક્યાં?

મુમુક્ષુ :- મેલું લૂગડું પહેલું ધોવું પડે ને.

ઉત્તર :- ધોવે કોણ? છે એમાં છે એમાં એકાગ્ર થાય. એટલી વાત છે અહીંયાં. ધોવું-બોવું એ બધી વાત વ્યવહારની. સમજાણું? એ તો આવે ને વાત. 'સમરસ નિર્મળ નીર, ધોબી અંતર આત્મા ધોવે નિજગુણ ચિર.' એનો અર્થ અંતરમાં એકાકાર (થાય છે). વસ્તુ છે, પદાર્થ છે, છતો અસ્તિ છે, તે પર્યાય પરમુખ ગઈ છે એ સન્મુખ કરવી. એટલું જ કરવાનું છે એને. સમજાણું કાંઈ?

'**શુદ્ધ જીવવસ્તુનો પ્રત્યક્ષપણે...**' નામ રાગના અવલંબન વિના. અનુભવ નામ વેદન એને શુદ્ધને અનુસરીને ભગવાન આત્મા પૂર્ણાનંદ કરીને શાંતિ થાય એનું નામ રુચિ. એણે

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જાણ્યું કે ઓહો..! આ આત્મા આખો આનંદમય છે. આનંદના અંશનું વેદન એનાથી આ આખું તત્ત્વ જ આનંદમય છે. જ્ઞાનનું સમ્યક્પણું કે આ એક જ્ઞાનના અંશે આ આખી વસ્તુ જ જ્ઞાનમય છે. શ્રદ્ધા, પ્રતીતિ (થઈ એટલે) ગુણ જ આખો આત્મા શ્રદ્ધાસ્વરૂપ જ છે. શાંતિનો અંશ (પ્રગટતાં પ્રતીતિ થઈ કે) આખું શાંત સ્વરૂપ જ છે ધ્રુવ. સમજાણું કાંઈ? છતો પદાર્થ એવો છે. એમ અનુભવમાં પ્રત્યક્ષ થયે, શ્રદ્ધા-પ્રતીત-રુચિ કહેવામાં આવે છે. કહો, પોપટભાઈ! એની દૃષ્ટિનો સુધારો તો કરે પહેલો કે આ ન હોય તો અહીં જાવું છે, આ ન હોય તો અહીં. હવે ત્યાં તો ગયો છે અનાદિથી. એય..! દેવાનુપ્રિયા! આ તો અગ્નિની પરીક્ષા છે અહીં. પણ એવા અર્થ કર્યા છે ને. પેટમાં ભર્યા હતા ભાવ એને ખોલ્યા છે એણે. સમજાણું? મર્મ ખોલી મૂક્યો છે. કાંઈ બાકી ન રાખ્યું એણે. નહિતર કહે, આત્માની શ્રદ્ધા કરો. પણ એ શ્રદ્ધા ઓળખાણ એનું જ નામ કહેવાય. એ આત્મા પૂર્ણાનંદ જે પર્યાય અને દ્રવ્ય-ગુણ શુદ્ધ છે એની પર્યાયમાં-અવસ્થામાં પ્રત્યક્ષપણે ભાસે, અનુભવ થાય એને શ્રદ્ધા-પ્રતીત-રુચિ કહેવામાં આવે છે. આહાહા..! મોતીરામજી! આ સાંભળ્યું હતું ત્યાં? નહોતું સાંભળ્યું. છે ને એમાં. અહીં તો કહે, બસ કરો. હવે વ્રત કરો. એ કહે છે એમ. વ્રત લ્યો, પડિમા લઈ લ્યો. ડોસાને ખબર છે, હોં! નરમ પ્રકૃતિ બહુ. સાત પડિમા લઈ લ્યો બસ, થઈ રહ્યું. તમે કહો છો ને એમ. ચાલો ભાઈ સાત પડિમા લઈએ આપણે નવરા થયા ગૃહસ્થમાં. આપણે કાંઈ કામ નથી. છોકરા છે. પણ શું વસ્તુ? આહાહા..!

ભાઈ! આ કરવાનું છે. એના વારંવાર વીર્યને, જ્ઞાનને આ બાજુ વાળવાનું છે. અંતર્મુખ વાળવું એવી રુચિ ને પ્રતીત તો કર. આમ વાળવાનું.. આમ વાળવાનું.. આમ વાળવું એ તો અનાદિનું છે. આહાહા..!

મુમુક્ષુ :- .. પડિમા લીધા પછી...

ઉત્તર :- પડિમા હતો કે દી પણ? પડિમા ક્યાંથી આવી? વસ્તુની સ્થિરતાના અંશ વિના પડિમાનો વિકલ્પ વ્યવહાર આવ્યો ક્યાંથી? વિકલ્પથી લાભ થાશે, વિકલ્પથી લાભ થાશે એમ માનતા જાવું અને અંતર દૃષ્ટિ થાશે નિર્મળ. ધૂળમાંય નહિ થાય. ધૂળ એટલે? સારા પુણ્ય પણ નહિ બંધાય. બગડેલું જ છે ઊંધું. અહીં સવળું આવ્યા વિના. કહો, સમજાણું? આહાહા..!

'**ભાવાર્થ...**' એનો ભાવ-અર્થ પરમાર્થ તાત્પર્ય એ છે કે '**जिनवचसि**' જે શબ્દ પડ્યો હતો, એ '**વચન પુદ્‌ગલ છે,...**' જિનવચનમાં રમવું છે? વીતરાગની વાણીમાં રમવું છે? પાઠ તો આમ લીધો છે પણ અર્થ સમજવો પડશે કે નહિ? આ આર્ષ વાક્ય રહ્યું, આ આર્ષ વાક્ય રહ્યું એમ બોલે છે. અરે.. ભગવાન! આર્ષ વાક્ય આ રહ્યું. પણ શું આર્ષ વાક્ય કઈ નયનું કથન છે? સમજાણું? એ તો કહ્યું આગળ આવશે ને. શરીર અને આત્મા વ્યવહારનયે એક છે. આ આર્ષ વાક્ય રહ્યું. શું પણ આર્ષ વાક્ય છે? શરીર અને આત્મા એક છે વ્યવહારનય

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કહે છે. નિશ્ચય કહે છે કે કર્મના પિંડથી આત્મા ભગવાન તદ્દન જુદો છે. આર્ષ વાક્ય એટલે નિમિત્તપણું શું છે એનું જ્ઞાન કરાવે છે. એટલે આદરણીય થઈ ગયું? સમજાણું? આદરણીય જિનવચનમાં કહેલો શુદ્ધ જીવ તે જ આદરણીય છે, બાકી કોઈ આદરણીય છે નહિ. એમ વીતરાગની વાણીમાં આવ્યું છે. બાર અંગમાં આવ્યું છે. ગણધરે શાસ્ત્રમાં રચ્યું એમાં એ આવ્યું છે. સમજાણું કાંઈ?

**'વચન પુદ્ગલ છે, તેની રુચિ કરતાં સ્વરૂપની પ્રાપ્તિ નથી;...'** એમ આવ્યું ને? **'जिनवचसि रमन्ते'** પાઠ તો આવો છે. સમજાણું? તો કહે છે, **'તેની રુચિ કરતાં સ્વરૂપની પ્રાપ્તિ નથી;...'** વાણીની રુચિ કરવાથી શું થાય? જુઓ, ઓલા કહે છે ને વાણી આમ છે, વાણીથી આમ લાભ થાય, વાણીથી આમ લાભ થાય. આ લોકોને બહુ ઈ. **'તેથી વચન દ્વારા કહેવામાં આવે છે...'** જુઓ! વચન પુદ્ગલ છે એની રુચિ કરવાથી સ્વરૂપની પ્રાપ્તિ નથી. પાઠમાં તો એમ લીધું. પણ એનો ભાવ અર્થ એવો લેવો જોઈએ કે **'તેથી વચન દ્વારા કહેવામાં આવે છે જે કોઈ ઉપાદેય વસ્તુ,...'** જે કોઈ ઉપાદેય વસ્તુ. કોઈ એટલે આત્મા. **'તેનો અનુભવ કરતાં ફળપ્રાપ્તિ છે.'** કોઈ ઉપાદેય વસ્તુ વચનમાં રમવાનો અર્થ કે વચનમાં કહ્યો એવો જે ભાવ. એ વસ્તુ જીવ. ઉપાદેય વસ્તુ ભગવાન એક સમયમાં પૂર્ણ આનંદ અને અનંતગુણનો રાશ એક. એ શુદ્ધનયે એક છે. એ જ ઉપાદેય વસ્તુ **'તેનો અનુભવ કરતાં ફળપ્રાપ્તિ છે.'** આનંદની પ્રાપ્તિ, સમ્યગ્દર્શનની પ્રાપ્તિ, સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ, સ્વસંવેદનની પ્રાપ્તિ, શાંતિની પ્રાપ્તિ (છે). આહાહા..! સમજાણું કાંઈ?

**'કેવું છે જિનવચન?'** હવે આવ્યું. **'उभयनयविरोधध्वंसिनि'** **'उभय'** નામ 'બે...' **'नय'** એટલે પક્ષપાત એમ લેવું. **'उभय'** એટલે બે. **'नय'** એટલે પક્ષપાત. **'विरोध'** પરસ્પર વેરભાવ છે. દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક, નિશ્ચય અને વ્યવહાર બેયને પરસ્પર વિરોધ છે. બે ભિન્ન પડી છે માટે વિરોધ છે. બે એક હોય તો વિરોધ નહિ. આ તો બે ભિન્ન ભિન્ન જાત છે. બે નય એટલે પક્ષપાત. **'विरोध'** નામ **'પરસ્પર વૈરભાવ,...'** છે. નિશ્ચય અને વ્યવહાર, દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિકને માહોમાહે વિરોધ છે. છતાં બે નયમાં રમવું એનું નામ સમ્યગ્દર્શન થાય છે એમ કહે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...દુશ્મનાવટ છે.

ઉત્તર :- દુશ્મનાવટ છે. તદ્દન વિરોધ વાત. એકની દિશા ફેર અને એકની દિશા ફેર. એમ છે. એમાં શું છે?

**'(વિવરણ—એક સત્ત્વને...'** એક જ વસ્તુને. હવે વિરોધ કેમ છે એમ કહે છે. એક જ આત્મા વસ્તુ છે. એમ બધી વસ્તુ. **'એક સત્વને...'** એક સત્ત્વ-હોવાપણાનો આત્મપદાર્થ એને **'દ્રવ્યાર્થિકનય દ્રવ્યરૂપ,...'** દ્રવ્ય જેનું લક્ષ એવું જે જ્ઞાન નિશ્ચય તેને દ્રવ્યરૂપ કહે છે. એક જ સત્ત્વને. સત્ત્વ એ. **'દ્રવ્યાર્થિકનય...'** દ્રવ્ય જેનું લક્ષ છે એવો જે જ્ઞાનનો

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પક્ષપાતનો ભાગ એ દ્રવ્યરૂપ-વસ્તુરૂપ કહે છે. '**તે જ સત્ત્વને...**' એ જ સત્ત્વને, વસ્તુ પોતે છે ત્રિકાળ ધ્રુવ અને પર્યાય, એ જ સત્ત્વને '**પર્યાયાર્થિકનય પર્યાયરૂપ કહે છે,...**' એ સત્ત્વને. આત્માને પર્યાયનયવાળો ભાવ પર્યાયરૂપ કહે. એ વસ્તુને પર્યાયરૂપ કહે છે. દ્રવ્યાર્થિકનય દ્રવ્યરૂપ કહે છે, પર્યાયાર્થિકનય પર્યાયરૂપ કહે છે. વસ્તુ એક. સમજાણું કાંઈ? દ્રવ્ય એટલે વસ્તુ ત્રિકાળ, એને એક નય એ સત્ત્વને દ્રવ્યરૂપ કહે. એ સત્ત્વને વર્તમાન અવસ્થાને પર્યાયનયે પર્યાયરૂપ (કહે). સત્ત્વ તો એનું એ છે. પ્રદેશભેદ નથી કાંઈ બધા દ્રવ્ય-ગુણ-પર્યાયના. તત્ત્વ એક છે.

'**પર્યાયાર્થિકનય પર્યાયરૂપ કહે છે,...**' ક્યાં દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક. હજી એનું જ્ઞાન પણ ન મળે ઠેકાણું એને આત્મા ક્યાંથી પત્તો ખાય એમ કહે છે. '**તેથી પરસ્પર વિરોધ છે;)**' લ્યો, '**તેથી પરસ્પર વિરોધ...**' જુઓ! પરસ્પર વેરભાવ કહ્યો હતો ને? એનો ખુલાસો કર્યો. નિશ્ચય દ્રવ્યાર્થિકનય કહે એટલે દ્રવ્યરૂપ કહે, પર્યાયાર્થિકનય કહે કે પર્યાયરૂપ છે. બે વિરોધ થઈ ગયો. એક કહે કાયમી રહેનારી ચીજ છે, એક કહે ક્ષણિક અવસ્થારૂપ છે. એનું એ સત્ત્વ. એક કહે છે કે સમયમાત્ર સત્ત્વ છે તે આત્મા. બીજો કહે ત્રિકાળ રહેનારું તે આત્મા. સમજાણું કાંઈ? બે અંશ છે એનામાં. એક સત્ત્વમાં બેય છે. ત્રિકાળ રહેનારું તત્ત્વ છે અને પર્યાય પણ એક અંશરૂપે (છે). એક સમયનો અંશ અને ત્રિકાળી વસ્તુ બે વિરોધ છે.

મુમુક્ષુ :- નય એટલે પક્ષપાત?

ઉત્તર :- નય એટલે અહીં પક્ષપાત, અહીં વિકલ્પ લીધો છે. વિકલ્પ લીધો છે. અહીં વિકલ્પ લીધો છે. છે ને અહીં છે, આવશે. જુઓ! વિકલ્પ કહેશે. બે નય વિકલ્પ છે આવે છે, જુઓ. એ કહે છે. વિકલ્પમાં આ જાતનું લીધું. ...

'**તેથી પરસ્પર વિરોધ છે;...**' આ કારણે માહોમાંહે બે જ્ઞાનના અંશમાં એક જ્ઞાનનો અંશ દ્રવ્યરૂપ કહે છે, બીજા જ્ઞાનનો અંશ એ જ સત્ત્વને અવસ્થારૂપ કહે છે. છે બે ખરાં. પણ બેના વિષયમાં વિરોધ છે. બેના વિષયમાં વિરોધ છે. ઉભયનય વિરોધ એમ કહ્યું છે ને પહેલેથી જયચંદ્ર પંડિતે. બે નયના વિષયમાં. વિષયમાં વિરૂદ્ધ છે. પર્યાયાર્થિકનય એક સમયની પર્યાયને સ્વીકારે છે. દ્રવ્યાર્થિકનય એ ત્રિકાળી દ્રવ્યને સ્વીકારે છે. બેના વિષયમાં ફેર છે. બેમાં જે વસ્તુ છે એને એક અંશને જાણનારી પર્યાય છે અને ત્રિકાળી અંશને જાણનારું દ્રવ્ય છે. બેનો વિષય ફેર છે.

'**તેથી પરસ્પર વિરોધ છે;...**' માંહોમાહે વિરોધ છે. '**તેનું મેટનશીલ છે.**' કહો! '**ધ્વંસિનિ**' ભગવાનની વાણી, એમાં કહેલો ભાવ તે મેટનશીલ છે. સમજાય છે? નાશ કરવાનો જેનો સ્વભાવ છે. વિરોધના નાશ કરવાનો જેનો સ્વભાવ છે. આહાહા..! ભારે પણ શબ્દ કર્યા છે ને! જયસેનાચાર્યે લખ્યું. શુભચંદ્રાચાર્ય.. પણ આની તો ચાલતી હિન્દી. ભલે એ

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વખતની હોય પણ બહુ સરસ. સરસ સરસ આ ગ્રંથ. એ લોકો કહે છે ને. એ પાંચ બેસીને કરતા હતા એ. જ્યારે લખવાનું મળ્યું નહોતું ત્યારે પાંચેય ભેગા થઈને સરસ સરસ આ ગ્રંથ હોં! એ આવે છે સમયસાર નાટકમાં. સમજાણું? આમાં એ નથી. સરસ સરસ આ ગ્રંથ. એમ કહ્યું. છે કે નહિ સમયસાર નાટક? ત્યાં ક્યાંથી હોય?

એક જ્ઞાનનો અંશ વસ્તુના એના એ સત્ત્વને એક અંશ તરીકે સ્વીકારે છે, બીજો નયનો અંશ આખા દ્રવ્યને દ્રવ્યરૂપ કહે છે. છતાં બેને વીતરાગની વાણી વિરોધને નાશ કરનારી છે. કહો, સમજાણું? મેટનશીલ છે. આમ છે. '**ભાવાર્થ આમ છે-**' (ઈડરના ભંડારની પ્રતિનો અંતિમ અંશ)

**સોઈ ગ્રંથકે લિખનકો, કિયે બહુત પરકાર,**
**વાંચનકો દેવે નહિ, જ્યૌં કૃપી રતન-ભંડાર. ૪.**
**માનસિંહ ચિંતન કિયો, ક્યૌં પાવે યહ ગ્રંથ,**
**ગોવિંદસૌં ઈતની કહીં, સરસ સરસ યહ ગ્રંથ. ૫.**
**તબ ગોવિંદ હરષિત ભયૌ, મન વિચ ધર ઉલ્લાસ,**
**કલસા ટીકા અરુ કવિત, જે જેતે તિહિં પાસ. ૬.**

જે હતા એ બધા આપ્યા એને, લ્યો. સમજ્યાને? આહાહા..! એ વખતે આમ કહે છે જુઓને. ગુપ્ત રહી ગઈ આ વસ્તુ. સમજાણું?

**અનુભૌ-રસ કે રસિયાનૈ,**
**તીન પ્રકાર એકત્ર બખાને.**
**સમયસાર કલસા અતિ નીકા,**
**રાજમલી સુગમ યહ ટીકા. ૨.**
**તાકે અનુક્રમ ભાષા કીની,**
**બનારસી જ્ઞાતા રસલીની.**
**ઐસા ગ્રંથ અપૂર્વ પાયા, ઐસા ગ્રંથ અપૂર્વ પાયા,**
**તાસૈં સબકા મનહિં લુભાયા. ૩.**

(ગ્રંથ સમાપ્તિ અને અંતિમ પ્રશસ્તિ)

શેઠી! ...

**નાટક સમૈસાર હિત જીકા,**
**સુગમરૂપ રાજમલી ટીકા.**
**કવિતબદ્ધ રચના જો હોઈ,**
**ભાષા ગ્રંથ પઢૈ સબ કોઈ. ૩૪.**

લ્યો! બનારસીદાસને અને એ લોકોને એ વખતે હરખ આવી ગયો છે હરખ. સમજાણું?

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

**પાંડે રાજમલ જિનધર્મી,**
**સમૈસાર નાટકકે મર્મી.**
**તિન ગરંથકી ટીકા કીની,**
**બાલલોધ સુગમ કર દીની. ૨૩.**

બનારસીદાસ (લખે છે).

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ ... એની વાત જ જુદી જાતની. આહાહા..! અનુભવ પ્રત્યક્ષ કર્યો એટલે પૂરું. બાકી બધું પૂરું પણ કેવળજ્ઞાન કરે ત્યારે પૂરું. આ તો ગ્રંથ જોયો પણ નહિ હોય કોઈ દી. આ ગ્રંથ જોયો છે?

જુઓ! '**ભાવાર્થ :- બન્ને નય વિકલ્પ છે,...**' ભેદના લક્ષવાળી છે ને? એક દ્રવ્યરૂપ છે, આ પર્યાયરૂપ છે. વસ્તુ ત્રિકાળી દ્રવ્યરૂપ છે, અવસ્થા પર્યાયરૂપ છે. '**શુદ્ધ જીવસ્વરૂપનો અનુભવ નિર્વિકલ્પ છે,...**' બેના વિકલ્પરહિત એકલો શુદ્ધ જીવ. પણ છતાં દ્રવ્ય-પર્યાયરૂપ નથી એમ નહિ. પાછું કોઈ એમ કાઢી નાખે કે ના. ના. એ તો ખોટું હતું પહેલો કર્યો હતો વિકલ્પ. એ વિકલ્પ ખોટો છે. વસ્તુ તો દ્રવ્યરૂપ ત્રિકાળ અને પર્યાયરૂપ અવસ્થા અંશરૂપ જ વસ્તુ છે. એનું સત્ત્વ છે ઈ. સત્તાનું સત્ત્વ, હોવાનું હોવાપણું જ એ રીતે છે. હોનાર પદાર્થનું હોવાપણું જ એ રીતે છે. ત્રિકાળ દ્રવ્યરૂપ વસ્તુ અને એક સમયની પર્યાયરૂપ વસ્તુનું વસ્તુપણું છે. સમજાણું કાંઈ?

'**શુદ્ધ જીવસ્વરૂપનો અનુભવ નિર્વિકલ્પ છે,...**' આ દ્રવ્યરૂપ અને આ પર્યાયરૂપ એવો જે વિકલ્પ ઉઠે છે, વૃત્તિ ઉઠે છે એ વસ્તુનું સ્વરૂપ નથી. એનો અનુભવ એકલો પરમાનંદ પ્રભુ શુદ્ધ જેવો છે તેવો પર્યાય સહિત એના શુદ્ધ સ્વરૂપનો અનુભવ એ નિર્વિકલ્પ છે. એમાં રાગ છે નહિ, ભેદ નથી. એકલું ચૈતન્યદ્રવ્ય અખંડ પૂર્ણ એનો અનુભવ નિર્વિકલ્પ છે. '**તેથી શુદ્ધ જીવવસ્તુનો...**' એ માટે શુદ્ધ જીવવસ્તુનો '**અનુભવ થતાં બંને નયવિકલ્પ જૂઠા છે.**' બન્ને નય વિકલ્પ જૂઠા છે. હોં! વસ્તુ જૂઠી એમ નથી કહેવી આ. '**બન્ને નયવિકલ્પ જૂઠા છે.**' સમજાણું કાંઈ? પાછો ઓલો કહે ઠીક ત્યારે પહેલું આમ માન્યું હતું કે પર્યાય છે અને દ્રવ્ય છે. પછી બધું ખોટું થઈ ગયું. જાવ. એમ ઘણા લગાવે છે. વેદાંતની સાથે આ બધું મેળવવા માગે છે. અરે.. ભાઈ! સાંભળને. અંતે પછી જુઓને આવ્યું ને અદ્વૈત તો આવ્યું તમારું. સાંભળને! અદ્વૈત તો કઈ રીતે? રાગ વિનાની આ ચીજ છે એમાં એકાકાર થવું એ અદ્વૈત છે. શું ગુણ અંદર નથી અનંતા? પર્યાય અનંતી નથી? તેમ બીજા અનંતા પદાર્થો જગતના છે એ નથી? ભારે ગડબડ.. ભારે ગડબડ. અત્યારે તો આત્માની વાત આવી તો આત્માને નામે લોકો બિચારા આત્મા જ્યાં આવે અને પછી મારે ગપ્પા તો ફિદા થઈ જાય જાણે. આહાહા..!

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મુમુક્ષુ :- અમારે પણ કરે છે આત્માની વાત.

ઉત્તર :- અમારે પણ કરે છે આત્માની. ચાલો ચાલો.

શું કહે છે જુઓ! **'બંને નયવિકલ્પ જૂઠા છે.'** નયનો જે વિષય હતો એ વિષય તો એમ જ છે. વિષય જૂઠો નથી. સમજાણું કાંઈ આમાં? વસ્તુ ભગવાન આત્મા. એમ છએ દ્રવ્ય. દ્રવ્યથી.. દ્રવ્ય એટલે ત્રિકાળી વસ્તુ છે સત્ સત્ સત્. સત્‌ને ઉત્પત્તિ શું? અને સત્‌નો નાશ શું? સત્‌ની ક્ષણિકતા શું દ્રવ્ય તરીકે? ત્રિકાળ એક સમયની અવસ્થા પરિણમન છે એ પરિણમનશીલ એ એનો પર્યાય ધર્મ છે. બેય વસ્તુનું સત્ત્વ છે. પણ બેના પક્ષપાતનો નયનો વિકલ્પ છે એ જૂઠો છે. સમજાણું કાંઈ?

**'વળી કેવું છે જિનવચન?' 'स्यात्पदाङ्के' 'स्यात्पदाङ्के' 'स्याद्वाद...'** પદ છે ને? એનો અર્થ વાદ. **'અર્થાત્ અનેકાન્ત—'** એમ કર્યું. નહિતર સ્યાદ્વાદ તો કથન પદ્ધતિ છે. અનેકાંત વસ્તુનું સ્વરૂપ છે. પણ અનેકાંતને સ્યાદ્વાદ દ્વારા કહેવાય છે એટલે અનેકાંત અને સ્યાદ્વાદને બેયને એક કહ્યા છે અપેક્ષાએ. **'જેનું સ્વરૂપ પાછળ કહ્યું છે-તે જ છે...'** એ દ્રવ્યાર્થિક પર્યાયાર્થિક કહ્યું હતું ને એ. વિકલ્પ ભલે જૂઠા છે. પણ દ્રવ્યે દ્રવ્યરૂપ છે, પર્યાયથી અવસ્થારૂપ એવું વસ્તુનું સ્વરૂપ છે. **'પાછળ કહ્યું છે—તે જ છે ચિહ્ન જેનું,...'** સમજાણું? **'એવું છે.'**

**'ભાવાર્થ આમ છે—' 'ङ्के'** છે ને? **'ङ्के'** એટલે લક્ષણ. વસ્તુ તરીકે વસ્તુરૂપ છે, પર્યાય તરીકે પરિણમનશીલ છે. વસ્તુનું લક્ષણ જ એવું છે. **'ભાવાર્થ આમ છે—જે કોઈ વસ્તુમાત્ર છે તે તો નિર્ભેદ છે.'** વસ્તુ ભગવાન આત્મા. એમ પરમાણુ આદિ બધી વસ્તુ એક કોર. આપણે તો આત્મા ઉપર અહીંયાં છે. **'જે કોઈ વસ્તુમાત્ર...'** પદાર્થ ભગવાન આત્મા સત્તા સત્તાનું ધામ **'તે તો નિર્ભેદ છે.'** એ તો પર્યાય-દ્રવ્ય-ગુણ ત્રણે અભેદ છે. **'તે વસ્તુમાત્ર વચન દ્વારા કહેતાં...'** જુઓ! અહીં વસ્તુ નિર્ભેદ એકલી કીધી છે. ૭મી ગાથામાં ભેદાભેદ કીધી છે. સમયસારની ૭મી ગાથામાં. આ શૈલીની વસ્તુ અભેદ છે એટલે આમ એકરૂપ છે એમ. દ્રવ્ય-ગુણ-પર્યાય અભેદ છે એમાં એના પ્રદેશભેદ કાંઈ નથી. સમજાણું કાંઈ?

**'તે વસ્તુમાત્ર વચન દ્વારા કહેતાં...'** વચન દ્વારા કહેતાં **'જે કોઈ વચન બોલાય છે તે જ પક્ષરૂપ છે.'** જે કોઈ વચન બોલાય છે કે દ્રવ્યરૂપ આત્મા, પર્યાયરૂપ આત્મા એ વચનો બધા પક્ષરૂપ છે. વિકલ્પનો પક્ષ છે. સમજાય છે કાંઈ? સામે પુસ્તક છે એટલે ઠીક પડે. નહિતર તો આ શું શબ્દાર્થ છે એની ખબર પડે નહિ. તેથી આ વાર લાગી ને. પુસ્તક આવ્યા ત્યારે વંચાણું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આપણે તો પહેલેથી છે પુસ્તક.

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**'કેવા છે આસન્નભવ્ય જીવ?'** અને આ તો કંઈ સંસ્કૃત નથી એટલે આ તો સીધું ખબર પડે એમ છે. આ તો હિન્દી ભાષા છે. **'કેવા છે આસન્નભવ્ય જીવ?'** કેવા છે આસન્નભવ્ય? નજીક મુક્તિ છે એવા આત્માઓ કેવા છે કે જે આ પ્રત્યક્ષ અનુભવ કરે છે એ? **'स्वयं वान्तमोहाः' 'स्वयं'** નામ **'સહજપણે વમી નાખ્યું છે મિથ્યાત્વ-વિપરીતપણું,...'** લ્યો! મોહનો અર્થ. સહજ મિથ્યાત્વનું વિપરીતપણું ટળી જાય છે. સ્વરૂપની અનુભવ દૃષ્ટિ થતાં મિથ્યાભ્રાંતિ નાશ થાય છે. સહજપણે ભ્રાંતિને નાશ કરું એવું ત્યાં છે નહિ.

રાગ અને સ્વભાવની એકબુદ્ધિ જે હતી એ મિથ્યાત્વ. એ વસ્તુ તરફની એકબુદ્ધિ થતાં સહજપણે એકપણાનો મિથ્યાત્વભાવ વમી જાય એટલે છૂટી જાય એટલે ઉત્પન્ન થતો નથી. સમજાણું કાંઈ? સંસારમાં ભણવા બેસે એ ચોપડીઓ ભણે છે કે નહિ? બધા પાઠ વાંચીને જાય કેટલા. પાઠ વાંચીને જાય. નહિતર માસ્તર કહે વાંચીને આવજો ખબર પડે તમને. વળી કોક એવા પણ નીકળે વાંચશો નહિ ઘરે. મારી પાસે આવજો પહેલા. વળી એવા બે પ્રકારના માણસો. એ છે. કારણ કે વાંચીને આવશો તો વળી તમને પાછું મારું.. વાંચ્યા વિના આવજો. ઓલો એમ કહે કે ભાઈ, વાંચીને આવજો તો તમને એના અર્થની ગંભીરતા તમારા ખ્યાલમાં વાંચતા નહોતી આવડતી એ અહીંથી મળશે. એમ કહીને વળી એમ કહે. બે પ્રકારના છે માસ્તર. અમારો માસ્તર એવો હતો. અમારી પાસે આવજો. હું તમને કહીશ. છીંકણી બહુ સૂંઘતો હતો. નરોત્તમ માસ્તર હતો. નરોત્તમ. મેડીમાં. આહાહા..! આ તો પાંચમી-છઠ્ઠી ચોપડી મંગાવતા. ઘરે આવજો ઘરે. સારા સારા છોકરા હોય ને બુદ્ધિવાળા એ જાય. પછી રોટલા કરતો હોય, રોટલી કરતો હોય, દાળ કરતો હોય પણ શીખવતો જાય થોડું. પહેલાં તો ક્યાં કાંઈ પંતુ જેવું હતું. માસ્તરની કિંમત પણ ક્યાં હતી સાધારણ. છોકરાઓ બધા...

**'સહજપણે વમી નાખ્યું છે.'** જુઓ! **'वान्त'**. વમ્યો કેમ કીધું છે? કે વસ્તુનું સ્વરૂપ દૃષ્ટિએ જ્યાં અંતર અનુભવ પ્રત્યક્ષ કર્યો, જેમ ખોરાકને ખાધો અને વમી નાખ્યો એ લેવાની પાછી વૃત્તિ હોય નહિ. ખોરાક ખાધો હોય અને વમી ગયો એને લેવાની વૃત્તિ હોય? કૂતરાને હોય. એમ અંતરમાં સ્વરૂપનું ભાન (થયું કે) પ્રત્યક્ષ આનંદમૂર્તિ આત્મા છે. મિથ્યાત્વ ગયું એ ગયું. હવે આવે નહિ.

મુમુક્ષુ :- પોતાનું વમેલું નહિ ખાતા હોય.

ઉત્તર :- એ પણ ખાય. અંદર નાખીને પડ્યું હોય તો દાટી આવે એ. દાટેલું પાછું ખાય. પહેલું ખાઈ લે વધારે પેટમાં નાખે રોટલા-બે રોટલા. નાખીને પછી વેળુ-બેળુ હોયને જ્યાં. આ તો બધું જોયું છે ને. વેળુ વેળુ સમજ્યાને? વાલુ-વાલુ. રેત રેતી. એ રેતી કાઢી નાખીને દાટી આવે. કારણ કે કાલે મળે કે ન મળે. તો અહીં આવીને ખાઈ આવે પાછો. અંદર પેટમાં હોય એ પાછો કાઢે અને એ ખાઈ આવે. સમજાણું કાંઈ? એ કૂતરા ખાય. માણસ ખાય કાંઈ?

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com


Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વમ્યો છે મોહ. આહાહા..! અખંડ પ્રભુ શુદ્ધ ચૈતન્ય દ્રવ્યનો અનુભવ પ્રત્યક્ષ થતાં મિથ્યાત્વ સહજપણે છૂટી જાય. વિપરીતપણું છૂટી જાય છે એમ એવો અર્થ લીધો. મોહ એટલે મિથ્યાત્વ, મિથ્યાત્વ એટલે વિપરીતપણું, અવિપરીતપણાનો અનુભવ દૃષ્ટિમાં થઈ જાય છે. આહાહા..! કહો, સમજાણું આમાં? '**આમ છે—**' કોણ? ઓલા આસન્નભવ્ય જીવ. કેવા છે આસન્નભવ્ય જીવ? કે વિપરીતપણું વમ્યું છે એવા છે આસન્નભવ્ય જીવ. એમ. માથે કહ્યું હતું ને? '**કેવા છે આસન્નભવ્ય જીવ?**' એમ અહીં બીજી લીટીમાં આવ્યું.

'**ભાવાર્થ આમ છે—**' હવે જરી.. '**અનન્ત સંસાર જીવોને ભમતાં થકાં જાય છે.**' અનંત સંસાર જીવોને ભમતાં થકાં જાય છે. એમ. પહેલો સંસાર છે એમ સિદ્ધ કરવો છે ને? અનાદિથી '**અનન્ત સંસાર જીવોને ભમતાં થકાં જાય છે.**' એક, બે, ચાર ભવ નહિ. અનંત સંસાર અનાદિનો. રખડતાં રખડતાં અનંત સંસાર ગયો છે ને? '**અનન્ત સંસાર જીવોને ભમતાં થકાં જાય છે. તે સંસારી જીવ એક ભવ્યરાશિ છે, એક અભવ્યરાશિ છે.**' એ જીવના બે ઢગલાં છે. એક ભવ્યરાશિનો ઢગલો ભવ્ય. અને એક અભવ્યનો. '**તેમાં અભવ્યરાશિ જીવ ત્રણે કાળ મોક્ષ જવાને અધિકારી નથી.**' અભવિ જીવની એક રાશિ અનંત છે એ ત્રણે કાળે જીવને મોક્ષ જવાને લાયક નથી. હવે ભવ્યજીવની વાત કરશે. એના ભાગ પાડશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)


ॐ

અનંત ગુણ સ્વરૂપ આત્મા
ના એકરૂપ સ્વરૂપને દ્રષ્ટીમાં લઈ,
તેને (આત્માને) એકને ધ્યેય બનાવી,
તેમાં એકાગ્રતાનો પ્રયત્ન કરવો
એજ પહેલામાં પહેલો શાંતિ સુખનો
ઉપાય છે.

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


વીર સંવત–૨૪૯૧, ફાગણ સુદ ૭, બુધવાર,
તા. ૧૦–૩–૧૯૬૫, કળશ–૪–૫
પ્રવચન નં. ૬

કળશટીકા ચાલે છે. જીવ અધિકાર. આ સમયસાર કળશટીકા છે એનો જીવ અધિકાર. પાંચમું પાનું છે પાંચમું. નીચે છે નીચે. જુઓ! શું ચાલે છે? કે આ જીવ મિથ્યાત્વનો નાશ કઈ રીતે કરે છે ઈ વાત ચાલે છે. અનંતકાળમાં અનંતકાળથી પરિભ્રમણ કરતાં રાગ અને દ્વેષને સ્વભાવની સાથે એકત્વ માને છે. એને પૃથક્ કરીને '**वान्तमोहाः**' મિથ્યાત્વનો નાશ કરે છે અને પોતાના સ્વરૂપનો અનુભવ કરતાં એનો નાશ થાય છે. એ આવ્યું ત્યાં જુઓ! '**સહજપણે વમી નાખ્યું છે મિથ્યાત્વ-વિપરીતપણું, એવા છે.**' હવે ભાવાર્થથી લેવાનું છે. થોડું આવી ગયું છે. ફરીને.

'**ભાવાર્થ આમ છે–**' નીચે છે. છઠ્ઠી લીટી. '**અનન્ત સંસાર જીવોને ભમતાં થકાં જાય છે.**' જીવ અનાદિ કાળથી નિગોદથી માંડીને એકેન્દ્રિય... નીચે છે છઠ્ઠી લીટી. પાંચમે પાને. '**અનન્ત સંસાર જીવોને ભમતાં થકાં જાય છે. તે સંસારી જીવ એક ભવ્યરાશિ છે, એક અભવ્યરાશિ છે.**' બે પ્રકારના જીવ છે. એક ભવ્ય છે, એક અભવ્ય. બેની રાશિ છે-બે ઢગલાં. '**તેમાં અભવ્યરાશિ જીવ ત્રણે કાળ મોક્ષ જવાને અધિકારી નથી.**' અભવ્ય જીવ છે એ આત્માનું સમ્યગ્દર્શન-જ્ઞાન પામવાને લાયક છે જ નહિ. અભવ્ય જે છે એ.

'**ભવ્ય જીવોમાં કેટલાક જીવો મોક્ષ જવાને યોગ્ય છે.**' હવે ભવ્ય જીવ જે છે એમાં પણ કેટલાક જીવો મોક્ષ જવાને યોગ્ય છે. બધા જીવ મોક્ષ જવાને લાયક નથી. '**ભવ્ય જીવોમાં કેટલાક જીવો...**' એમ શબ્દ છે ને? ભવ્ય હોવા છતાં કોઈક જ જાય. બાકી અનંત ભવ્ય અનાદિ નિગોદમાં પડ્યા છે. કદી મનુષ્ય પણ થતાં નથી. એવા ભવ્ય જીવની રાશિ અનંત પડી છે. '**ભવ્ય જીવોમાં કેટલાક જીવો મોક્ષ જવાને યોગ્ય છે. તેમને મોક્ષ પહોંચવાનું કાળપરિમાણ છે.**' ભવ્ય જીવને મોક્ષ જવાના કાળનું માપ છે. કે આ સમયે મોક્ષ જાશે એનું જ્ઞાનમાં ભાન છે કેવળજ્ઞાનીને. શું કહે છે જુઓ!

'**મોક્ષ પહોંચવાનું કાળપરિમાણ છે. વિવરણ—**' એ પરિમાણનું વિવરણ કરે છે. '**આ જીવ આટલો કાળ વીતતાં મોક્ષ જશે એવી નોંધ કેવળજ્ઞાનમાં છે.**' આ વાણિયા નોંધ કરે છે કે નહિ? વેપારમાં નોંધ કરે છે ને? એમ કેવળજ્ઞાનમાં નોંધ નામ સમજ છે. સમજાણું કાંઈ? નોંધ નામ જ્ઞાન છે કહો, સમજ હોય. બે અર્થ છે. પાછળ પાને આવે છે. ત્રીજે પાને આવે છે તરત. નોંધ એટલે કૌંસમાં જ્ઞાન અને સમજ. છેલ્લી લીટીમાં. એની

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છેલ્લી. છઠ્ઠે પાને છેલ્લી લીટી. નોંધ એટલે જ્ઞાન અને સમજ.

શું કહે છે? આ જીવ આ સમયે મોક્ષ જશે એવી સમજ, એવું જ્ઞાન કેવળજ્ઞાનમાં નોંધ છે. કેવળજ્ઞાન એને જાણે છે. આ પ્રશ્નની તકરાર ચાલે છે અત્યારે. કેવળજ્ઞાનમાં જોયું એમ થશે. કેવળજ્ઞાનમાં નોંધ છે. '**મોક્ષ જશે એવી નોંધ કેવળજ્ઞાનમાં છે.**' સમજ નામ જ્ઞાન છે કેવળજ્ઞાનીને. ભગવાનના જ્ઞાનમાં છે કે આ જીવ આ સમયે મોક્ષ જશે. કહો, પોપટભાઈ! હવે આમાં પુરુષાર્થ ક્યાં રહ્યો?

એ તો કહે છે કે નોંધ છે પણ જેને... એ તો જરી વ્યવહારથી વાત કરશે, પણ જેને કેવળજ્ઞાન જગતમાં છે, એવી સત્તાના અસ્તિત્વની મોટપ જેને જ્ઞાનમાં આવી, એટલી સત્તા કે એક જ્ઞાનની એક પર્યાયમાં પોતાના દ્રવ્ય-ગુણ પરિપૂર્ણ, પોતાની અનંતગુણની ત્રિકાળ પર્યાય અને બધા દ્રવ્ય-ગુણની પર્યાય. એક જ્ઞાનની એક સમયની અવસ્થામાં બધું જાણવાની તાકાત છે. એવી તાકાત કબુલ કરનારા પોતાની એક પર્યાય એવી ત્રણ કાળની પર્યાય, એવી ત્રણ કાળની પર્યાયના ગુણ અને એવા અનંત ગુણ, એવો મારા દ્રવ્યમાં પણ સર્વ ગુણ સ્વભાવ છે. એવો પુરુષાર્થ કરીને રાગથી, નિમિત્તથી, અલ્પજ્ઞતાથી, એક પર્યાયના ભિન્ન ભાવથી અને ગુણ-ગુણીના ભિન્નભાવથી વિકલ્પનું લક્ષ છોડીને, પોતાના એક સ્વરૂપમાં પૂર્ણાનંદ ત્રણ કાળ, ત્રણ લોકને જાણવાનું એક જ્ઞાનગુણની એક પર્યાયમાં (તાકાત) છે. એવા અનંતગુણનું એકરૂપ હું છું એવી અંતર દૃષ્ટિ કરે ત્યારે કેવળજ્ઞાનીએ દેખ્યું એવું એની પ્રતીતમાં આવે છે. કહો, સમજાણું કાંઈ? આ બધી વાત બહુ ઉઠે છે. ચર્ચા બર્ચા ચાલતી હશે કે નહિ તમારે ત્યાં?

જુઓ! '**આ જીવ આટલો કાળ વીતતાં મોક્ષ જશે એવી નોંધ કેવળજ્ઞાનમાં છે.**' સર્વજ્ઞ ભગવાન ત્રિલોકનાથ વીતરાગી વિજ્ઞાન એક સમયમાં જેને પ્રગટ થયું, એ ત્રણકાળ ત્રણલોક દેખે છે. આ એક વાત કરી કે આ મોક્ષ જશે એવી નોંધ છે. એવી ત્રણ કાળની પર્યાય ક્યારે ક્યાં થશે એવું જ્ઞાન કેવળજ્ઞાનમાં છે. (આ તો) ક્રમબદ્ધ થઈ ગયું..

મુમુક્ષુ :- કેવળજ્ઞાનની .. બીજા પદાર્થની...

ઉત્તર :- કેવળજ્ઞાનમાં બધા પદાર્થની નોંધ આવી ગઈ. અહીં તો '**કાળ વીતતાં મોક્ષ જશે એવી નોંધ કેવળજ્ઞાનમાં છે.**' તો એક આ પર્યાયમાં મોક્ષ જશે તો બધી પર્યાયની નોંધ નથી? અહીં તો મોક્ષની વાત છે. આ જીવ, આ સમયે મોક્ષ કેવળજ્ઞાન લઈને જશે. એવી સમજ, જ્ઞાન, નોંધ કેવળજ્ઞાનમાં છે. એવી ત્રણકાળની પર્યાય જ્યાં જ્યાં થાય છે એવું જ્ઞાન કેવળજ્ઞાનમાં છે.

'**તે જીવ સંસારમાં ભમતાં ભમતાં જ્યારે અર્ધપુદ્ગલપરાવર્તનમાત્ર રહે છે...**' સંસારમાં રખડતા રખડતાં જ્યારે અર્ધપુદ્ગલ પરિભ્રમણ એને બાકી રહે છે '**ત્યારે સમ્યક્ત્વ ઊપજવાને યોગ્ય છે.**' ત્યારે એને સમ્યગ્દર્શન થાય છે. સમજાણું કાંઈ? એમાં પણ તકરાર.

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કે અર્ધપુદ્ગલ એમ ન લેવું. કોઈપણ પુદ્ગલ પરાવર્તનની શરૂઆતથી અર્ધપુદ્ગલ લેવું. આ તકરાર. કોણ જાણે તકરાર તે કેટલી તકરાર! આહાહા..! ઊંધી.. ઊંધી.. ઊંધી. જ્યારે ભગવાનના જ્ઞાનમાં એ જીવના અર્ધપુદ્ગલ નામ પરાવર્તન અનંત સંસારમાં કર્યું એમાં અર્ધપુદ્ગલ થોડું બાકી રહે ત્યારે સમ્યગ્દર્શન-આત્મ અનુભવ થવાને લાયક થાય છે. **'આનું નામ કાળલબ્ધિ કહેવાય છે.'** લ્યો! એનું નામ કાળલબ્ધિ છે.

**'યદ્યપિ સમ્યક્ત્વરૂપ જીવદ્રવ્ય પરિણમે છે...'** સમ્યગ્દર્શનના અનુભવરૂપ તો આત્મા જ થાય છે. સમ્યગ્દર્શન એક નિર્મળ આત્માની પર્યાય (છે). હું શુદ્ધ આનંદકંદ જ્ઞાયક છું. રાગથી, વિભાવથી, નિમિત્તથી, સંયોગથી ભિન્ન છું. એવી પોતાના આત્માની દૃષ્ટિ કરનારા કર્તા સમ્યગ્દર્શનના કાર્યનો કર્તા તો આત્મા જ છે. સમજાણું કાંઈ? **'યદ્યપિ સમ્યક્ત્વરૂપ જીવદ્રવ્ય પરિણમે છે...'** ભાષા પહેલી આ. સમજાણું કાંઈ? પ્રથમમાં પ્રથમ સમ્યગ્દર્શન એ આત્માનો ધર્મ. એ સમ્યગ્દર્શન શું છે? પર્યાય. પરિણમે છે એમ કહ્યું ને? પર્યાય છે. સમ્યગ્દર્શન ગુણ નથી. હવે એ સમ્યગ્દર્શનરૂપ આત્મ જ પરિણમે છે. આત્મા અખંડ આનંદ પૂર્ણ શુદ્ધ ચૈતન્ય દ્રવ્ય એવી એની અંતર દૃષ્ટિ કરવાથી પોતાની પર્યાયમાં સમ્યગ્દર્શનરૂપ પરિણમન કરનાર આત્મા જ છે. પોપટભાઈ!

**'તથાપિ કાળલબ્ધિ વિના કરોડ ઉપાય જો કરવામાં આવે તોપણ જીવ સમ્યક્ત્વરૂપ પરિણમનને યોગ્ય નથી એવો નિયમ છે.'** પણ એ કાળલબ્ધિનો ખરેખર તો.. એ કાળલબ્ધિનું યથાર્થ જ્ઞાન પણ એને થાય છે. ઝીણી વાત. કે આ સમયે આ કેવળજ્ઞાન અને સમ્યક્ થશે એવું કાળનું પણ જ્ઞાન, પોતાનો આત્મા એક સમયમાં એકલો જ્ઞાનઘન નિરૂપાધિ તત્ત્વ છે એનો અનુભવ કરતાં જે જ્ઞાન થયું, ત્યારે આ સમયે કાળલબ્ધિ હતી એવું જ્ઞાન જ્ઞાનમાં થયું. બહુ ઝીણી વાત છે ભાઈ! અનંતકાળથી એ સત્ય સમજ્યો જ નથી. ક્રિયાકાંડ કરો, આ કરો, આ કરો. લ્યો આ સમકિતનું આવ્યું એય.. ભાઈ! ત્રંબકભાઈ! એ કહે છે, સમકિતની વાત. ભાઈ! આ સમકિતનું આવ્યું. જુઓ! શું છે આ?

મુમુક્ષુ :- એ તો રોજ આવે છે.

ઉત્તર :- રોજ આવે છે. વાત તો સાચી છે. એ જ અહીં તો આવે છે પહેલેથી. એ સમ્યગ્દર્શન શું ચીજ છે? ત્યારે આ બધા જ્યાં ત્યાં માથો ફોડે છે ને. જરીક કાંઈક આત્માની વાત આવે તો કહે આ વાત એવી આપણા સોનગઢ જેવી લાગે છે લ્યો! પોપટભાઈ!

ભાઈ! આ તો સર્વજ્ઞ પરમાત્મા કેવળજ્ઞાની પ્રભુએ એક ગુણની એક પર્યાય જ્ઞાનની દેખી એ એક પર્યાયમાં અનંત અનંત દ્રવ્ય, અનંત અનંત ગુણ, અનંતી પર્યાય અને પોતાનું દ્રવ્ય ગુણ ત્રિકાળી. જેના જ્ઞાનની એક પર્યાયમાં જણાય છે એવી એક પર્યાય દ્રવ્યની એવી છે. એવી એવી અનંતી પર્યાય અને અનંતી પર્યાયનો એક ગુણ અને અનંતગુણનો એક પિંડ દ્રવ્ય. એવું દ્રવ્ય સર્વજ્ઞ ભગવાન સિવાય ક્યાંય છે નહિ. લોકો વાતું કરે અહીંયાં આત્માની

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


વાત કરે, ત્યાં સમ્યગ્દર્શનની વાત કરે છે સૂક્ષ્મ. ઊંડે ઊંડે ઉતરો ધ્યાન કરવું હોય તો. પણ ઊંડે ક્યાં જાય? આત્મા કોણ છે એ સમજ્યા વિના ઊંડે ક્યાં જાય? ઊંડે ઊંડે જાવું. પણ ક્યાં ઊંડે જાવું? દરિયામાં?

આ આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં અનંત અનંત ગુણરૂપ મહાસત્તા ચૈતન્ય ધામ એની અંતરમાં દૃષ્ટિ કરવાથી, પણ પહેલા દ્રવ્ય-ગુણ-પર્યાય માનીને અને એક સમયની પર્યાયમાં ષટ્ દ્રવ્ય જાણવાની લાયકાત મારી છે. ષટ્ દ્રવ્ય છે જ નહિ એમ નહિ. સમજાણું કાંઈ? અનંત આત્મા છે, એક જ આત્મા છે એમ નહિ. અનંત પરમાણુ છે, એક જ પરમાણુ છે એમ નહિ. અસંખ્ય કાળાણુ છે. એક એક કાળાણુમાં અનંતગુણ છે. એક ધર્માસ્તિ, એક અધર્માસ્તિ અને આકાશ એવા છ દ્રવ્ય છે. એ છ દ્રવ્યને આત્માની એક પર્યાયમાં જાણવાની તાકાત છે. એક પર્યાય ત્યારે માની કહેવામાં આવે છે કે એવા અનંતા દ્રવ્ય છે એને માને, એક પર્યાય માને ત્યારે અનંતા દ્રવ્ય માન્યા એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? પોપટભાઈ! આ બધાએ એમ કહે, આત્મા, બસ આત્મા. પણ શું આત્મા કોણ છે એની ખબર નથી. દ્રવ્ય શું? વસ્તુ શું? એની શક્તિ ગુણ ક્યા? કેટલા ગુણ? એ ગુણની પર્યાય શું? એક એક પર્યાયની તાકાત કેટલી છે? એક પર્યાયને માનવી, એક જ પર્યાયને માનવી. ષટ્ દ્રવ્યને માને ત્યારે એક પર્યાયને માની. સમજાણું કાંઈ? અને એક પર્યાય પણ પાછી દૃષ્ટિ નહિ. એક પર્યાય જેટલી દૃષ્ટિ નહિ. એ દ્રવ્યમાં પર્યાય પેસતી નથી અને પર્યાયમાં દ્રવ્ય આવતું નથી. આહાહા..! ભારે ઝીણું! સમજાય છે કાંઈ?

એક સેકન્ડના અસંખ્ય ભાગમાં આત્માની કેવળજ્ઞાનની પર્યાય લીધીને અહીં? બધી નોંધ છે. તો આ જ્ઞાનગુણની પણ એક સમયમાં કેટલી? ત્રણ કાળ ત્રણ લોકનો સ્વભાવ જાણે, પોતાની પર્યાય જાણતાં એ જણાય છે. એવી તો એક સમયની પર્યાયની એક ગુણની તાકાત છે. છ દ્રવ્ય એમાં જણાઈ જાય છે. સમજાણું કાંઈ? એમ માન્યા વિના એના ગુણ પણ યથાર્થ માનવામાં આવતા નથી. એકલી પર્યાયને માને. એટલી-એટલી પર્યાયને માને તો પણ નહિ. એ પર્યાયદૃષ્ટિ છે. આહાહા..! સમજાણું કાંઈ?

એક સમયની પર્યાયમાં ષટ્ દ્રવ્ય જાણવાની તાકાત છે. તો પર્યાયની તાકાત એટલી માને તો પણ દ્રવ્ય નથી માન્યું એણે. કહો, સમજાય છે કાંઈ આમાં? એવી અનંતી પર્યાયનો ગુણ અને એવા અનંતગુણનું એકરૂપ ચૈતન્યદ્રવ્ય. એવા અનંતગુણનો ભંડાર એ ચૈતન્ય મહાધામ. એની અંતર દૃષ્ટિ કરવાથી, આશ્રય લેવાથી, ચૈતન્યધામનો આશ્રય કરવાથી, અનુભવ કરવાથી સમ્યગ્દર્શન થશે, થશે ને થશે જ. સમજાણું કાંઈ? આવે છે ને તમારે શું કાંઈ ફિલ્મમાં? થશે કે નહિ? થશે કે નહિ? થશે, થશે, થશે. શું થશે? એ વાતું કરે છોકરાઓ, નહિ? સમજાણું કાંઈ?

સમ્યક્ત્વરૂપ આત્મા પરિણમે છે. કર્તા આત્મા છે. આત્મા એક સમયમાં અનંતગુણ અને

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પર્યાયને કરનાર આત્મા છે. કોઈ એનો કર્તા બીજો છે નહિ. કેવળજ્ઞાન પણ જાણનાર છે. આત્માની પર્યાયને કરનારા નથી. એવા એક સમયમાં ભગવાને જેવો આત્મા જોયો એવો પોતાનો આત્મા પોતામાં એની શ્રદ્ધા-જ્ઞાનમાં આવે ત્યારે સમ્યગ્દર્શનનું પરિણમન થાય છે. ત્યારે જ્ઞાતા-દૃષ્ટા આત્મા થઈ જાય છે. જેમ સર્વજ્ઞ જગતનો જ્ઞાતાદૃષ્ટા છે. હું પણ જ્ઞાતાદૃષ્ટા છું. પરનો તો કર્તા નથી, પણ વિકલ્પ રાગ(નો કર્તા નથી). કેમ કે સ્વભાવમાં છે નહિ. સ્વભાવ એક સમયમાં પૂર્ણાનંદ શુદ્ધ છે. તો પૂર્ણ અનંતગુણ શુદ્ધ છે એવી દૃષ્ટિ થઈ એ રાગનો કૃત્રિમ વિકારનો કર્તા થતો નથી. ત્યારે એને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન ચોથું ગુણસ્થાન ત્યારે કહેવામાં આવે છે. કહો, પોપટભાઈ! ઝીણી બહુ વાત છે. સમજાય છે. હા જ પાડે છે. કોઈ દી ના નથી પાડી.

કહે છે.. અહીંયાં તો જરી જણાવે છે કે કાળ એવો એક સમય એનો આવે છે. સમજાય છે? પણ એ કાળ સમય આવે ત્યારે સમ્યગ્દર્શન પામે છે, પણ એ સમયનું કાળનું જ્ઞાન કોને થાય છે? કે પોતાના દ્રવ્યનું જ્ઞાન થાય છે તો સમયનું કાળલબ્ધિનું જ્ઞાન થાય છે. એવી વાત છે. સમજાણું કાંઈ? પોતાનો એક સમયમાં પૂર્ણાનંદ ભગવાન અનંતગુણ રાશિ કેટલી? હજી એ સત્તા એમ આત્મા-આત્મા કરે એ શું કરે? ષટ્ દ્રવ્ય અને એના અનંતા ગુણો અને એની અનંતી પર્યાય એની જાણવાની-શ્રદ્ધવાની એક સમયની પર્યાયમાં પર્યાય શ્રદ્ધાવાન છે. એક સમયની અવસ્થામાં એટલી તાકાત છે. એ પર્યાય એટલી માન્યા વિના, પર્યાય પણ એણે માની નથી. સમજાણું કાંઈ? અને એવી અનંતી પર્યાયનો એક ગુણ અને એવા એવા અનંતગુણનું એક આત્મદ્રવ્ય.

એ જીવદ્રવ્ય સમ્યક્રૂપ પરિણમે છે. એમ ભગવાન આત્મા પોતાની સંભાળ કરીને રાગ અને વિકારાદિ ઉપાધિ હટીને પોતાના સ્વભાવની સંભાળ લેવા જાય છે ત્યારે પોતાનું પરિણમન સમ્યક્રૂપ થાય છે. પોપટભાઈ! આ ઓલા લાદીમાં પૈસા મળી ગયા એવું આ નથી કહે છે. ત્યાં તો કોણ જાણે ક્યાંથી મળી જાય? ત્યાં તો ધૂળમાંથી આવી જાય અને ક્યાંથી ક્યાંય આવી જાય. પૂર્વના પુણ્ય હોય તો. લ્યો! આ એમ નથી મળે એવું.

મુમુક્ષુ :- આપ કહો છો પૈસા કોઈને મળતા નથી.

ઉત્તર :- મળતા નથી. મમતા મળે. પણ બોલાય એમ ને એને મમતા મળી. આ અમારી પાસે ૨૫ લાખ છે, ૫૦ લાખ છે. એમ કહે. એની પાસે ક્યાં હતા? એની પાસે મમતા છે. અહીં શું છે? લાવ્યા છે અહીં? મનમાં એમ છે કે આપણી પાસે પૈસા છે ૨૫ લાખ, ૩૦ લાખ.

અહીં તો કહે છે કે મારી પાસે અનંતી અનંતી ગુણની પૂંજી છે. હું આત્મા જ અનંતગુણનો પિંડ છું. એ અનંતી લક્ષ્મીને જાણનારી પર્યાય મારી છે. જાણવાની પર્યાય. લક્ષ્મી-બક્ષ્મી મારી નથી. લક્ષ્મી મારી નથી, શરીર મારું નથી. રાગ પણ નહિ. મારા જ્ઞાનની એક સમયની

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

પર્યાય સર્વને જાણનારી છે. કોઈને મારી માનનારી નથી. કહો, સમજાણું કાંઈ? એવું સમ્યગ્દર્શનરૂપ પરિણમન આત્મા કરે છે. જોકે કાળલબ્ધિ વિના કરોડો ઉપાય કરે એટલે કે કર્તાબુદ્ધિ કરીને હું આમ કરું.. હું આમ કરું એમ કરવાથી એ થતું નથી. હું આમ કરું એ તો વિકલ્પ છે અને વિકલ્પનો કર્તા થાય છે ત્યાં સુધી આત્માનું જ્ઞાન થતું નથી.

**'આથી જાણવું કે સમ્યક્ત્વ-વસ્તુ યત્નસાધ્ય નથી,...'** એટલે કે હું આ કરું... આમ કરું... આમ કરું... એમ કર્તૃત્વબુદ્ધિ રાખીને થાય એમ નથી. એમ સમજવું. **'સહજરૂપ છે.'** સહજ નામ સ્વભાવિક. સ્વભાવ સહજ જ્ઞાન, જ્ઞાનાનંદમાં શુદ્ધ ચૈતન્યદ્રવ્યમાં સહજરૂપ ઢળી જાય છે ત્યારે સમ્યગ્દર્શન થાય એ સહજરૂપ કહેવામાં આવે છે. આમ કરું ને આમ કરું એવો વિકલ્પ છે ત્યાં સુધી દૃષ્ટિ સ્વભાવ તરફ ઢળતી નથી. સમજાણું કાંઈ? એ થોડું લીધું. નહિતર આમાં કેવળજ્ઞાનની નોંધમાં આખું ક્રમબદ્ધ છે. સમજ્યાને. આ પાછા માણસ બધા મહેમાન આવ્યા એને બિચારાને કઠણ પડે. નહિતર ક્રમબદ્ધ આખું છે એમાં. સમયે સમયે દરેક દ્રવ્યમાં થનારી પર્યાયની કેવળજ્ઞાનમાં નોંધ છે. કેવળજ્ઞાનને કારણે નથી થતી. સમજાણું કાંઈ? પણ કેવળજ્ઞાન જાણે છે.

જે જે દેખી વીતરાગને, તે તે હોશી વીરા.
અણહોનિ કબહુ ન હોશે કાહેત હોત અધિરા?

ભગવાન ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમાત્મા દેવાધિદેવ પરમેશ્વર, જેણે

જે જે દેખી વીતરાગને, તે તે હોશી વીરા.
અણહોનિ કબહુ ન હોશે કાહેત હોત અધિરા?

એનો અર્થ છે કે તું જ્ઞાતા-દૃષ્ટાના સ્વભાવનું ભાન કરો. તમે જ્ઞાતા-દૃષ્ટા છો. રાગ, ઉપાધિ, વિકલ્પ તારા છે નહિ. એનો અર્થ એ છે. સમજાણું કાંઈ? એને ફેરવી નાખે છે.

જે જે હોશી દ્રવ્ય મેં, તે તે દેખે વીતરાગ.

એમ ફેરવી નાખે છે. ફેરવી નાખે તો કેટલું ફેરવવું છે એને! ચોથો શ્લોક થયો. સમજાણું કાંઈ? કેવળજ્ઞાન. આહાહા..! આત્મા, એમાં અનંતગુણ, એમાં એક જ્ઞાનગુણ, એની એક સમયની અવસ્થા પર્યાય એટલે હાલત એટલી તાકાતવાળી કે જેમાં વિકલ્પ નામ રાગ વિના ત્રણકાળ ત્રણલોક વિકલ્પ સહિત પણ જાણવાની તાકાત. વિકલ્પવાળું જ્ઞાન હોય. સમજાણું કાંઈ? જ્ઞાનમાં એટલી તાકાત છે. શ્રુતજ્ઞાનમાં એટલી તાકાત છે કે નહિ? એવો પર્યાયવાન આત્મા ત્રિકાળી વસ્તુ એવો ચૈતન્ય ભગવાન ધ્રુવ.. ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... રસનો કંદ પ્રભુ, એની ઉપર દૃષ્ટિ કરતાં સમ્યગ્દર્શન થાય છે. બીજો સમ્યગ્દર્શનનો ઉપાય છે નહિ. અને સમ્યગ્દર્શન થયા વિના એમાં સંવર, નિર્જરા ને ધર્મ-બર્મ થતાં નથી. ન થાય તો શું કરવું? પહેલાં વ્રત લઈ લેવા કે નહિ? એય..! દેવાનુપ્રિયા!

મુમુક્ષુ :- ...

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઉત્તર :- એમ જૂઠું ન હોય કેવળજ્ઞાનમાં. જેને સમ્યગ્દર્શન હોય એને વ્રતનો વિકલ્પ આવે અને સ્થિરતા થાય એવી કેવળજ્ઞાનમાં નોંધ છે. મિથ્યાદષ્ટિની નોંધ છે કે આ મિથ્યાદષ્ટિ માને કે મેં વ્રત લીધા એવી નોંધ છે. પણ એ સાચી નોંધ નથી. એ તો મૂઢ માને છે. એમ. કેવળજ્ઞાનમાં નોંધ છે તો નોંધનો નિર્ણય કોણે કર્યો? કેવળજ્ઞાનની નોંધનો જે નિર્ણય કરે છે એને મિથ્યાદષ્ટિપણું રહેતું નથી. ભ્રાંતિ ચાલી જાય છે. સમજાણું કાંઈ? જેની જ્ઞાન પર્યાયમાં ભગવાન વસ્યા.. ઓહો..! પૂર્ણ જ્ઞાનાનંદ ભગવાન ત્રણ કાળ ત્રણ લોક દેખે છે વીતરાગ. એવા વીતરાગ પોતાની પર્યાયમાં જ્યારે જામી ગયા તો એની દષ્ટિ સમ્યક્ થાય છે. '**जो जाणदि अरहंतं दव्वत्तगुणत्तपज्जयत्तेहिं**' આવે છે કે નહિ? એમ ને એમ થઈ ગયું ભગવાને દીઠું ઈ? કોણે દીઠું? નક્કી કોણે કર્યું? '**जो जाणदि अरहंतं दव्वत्तगुणत्तपज्जयत्तेहिं**' જો કોઈ આત્મા અરિહંતનું દ્રવ્ય-વસ્તુ, એના ગુણ, એની પર્યાય જાણે એનો મોહ ક્ષય થાય છે. એનો અર્થ કે કેવળજ્ઞાનની પર્યાય જેણે જાણી... એ તો પહેલા કહી ગયા. એ રીતે આ તો આધાર આપ્યો. સમજાણું કાંઈ?

ભગવાન કુંદકુંદાચાર્ય દિગંબર મુનિ. બે હજાર વર્ષ પહેલાં કુંદકુંદાચાર્ય થયા છે. ભગવાન પાસે ગયા હતા. સીમંધર ભગવાન પાસે. દિગંબર મુનિ સંવત્ ૪૯ની સાલ. ભગવાન બિરાજમાન છે સીમંધર તીર્થંકરદેવ ત્રિલોકનાથ મહાવિદેહ ક્ષેત્રમાં. વર્તમાનમાં છે. ત્યાં ગયા હતા. ત્યાંથી આવીને આ બધા શાસ્ત્ર બનાવ્યા. સમયસાર, પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાય. એ પ્રવચનસારમાં કહે છે કે જે આત્માએ અરિહંતનું દ્રવ્ય. દ્રવ્ય એટલે વસ્તુ. એની શક્તિ અને એની પર્યાય જેણે જાણી એનો દર્શનમોહ નાશ થયા વિના રહે નહિ. એમ કહે છે. સમજાણું કાંઈ? અને ઉપદેશ પણ એવો જ ભગવાને કહ્યો. અહીં તો જરી સમજવા માટે કહ્યું છે. ઉપદેશ પણ એમ કર્યો છે કે અમારા આત્માએ પૂર્વના અરિહંતના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણીને દર્શનમોહનો નાશ કર્યો છે. તમારો આત્મા પણ અરિહંતના દ્રવ્ય-ગુણ-પર્યાય જાણીને પોતાની સાથે મેળવો ત્યારે તમારા દર્શનમોહ નાશ થયા વિના રહેશે નહિ. કહો, સમજાણું કાંઈ? ભગવાને જોયું. કેવળજ્ઞાનમાં નોંધ છે. એય..! દેવાનુપ્રિયા! આ ક્યાં ગયું તમારું પાછું? દીઠું છે ઓલા મિથ્યાદષ્ટિએ. મિથ્યાદષ્ટિ વ્રત લે એ ભગવાને દીઠું છે. પણ દીઠું છે એવો નિર્ણય કોણે કર્યો? મિથ્યાદષ્ટિને નિર્ણય હોય નહિ માટે એને કેવળજ્ઞાનની નોંધનો નિર્ણય નથી. સમજાણું કાંઈ?

સમ્યગ્દર્શન જેને અરિહંતના કેવળજ્ઞાન પર્યાયની આટલી તાકાત અને આટલા ગુણ અને આવડું દ્રવ્ય છે. એવા ભગવાનને જેણે જાણ્યા એને પોતામાં મેળવી, પર્યાયને ગૌણ કરીને, દ્રવ્યની સાથે એકાગ્ર થાય ત્યારે એણે અરિહંતને જાણ્યા એમ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- કેવળજ્ઞાનની નોંધ છે એ વાત કરવામાં પણ ઘણી જવાબદારી છે.

ઉત્તર :- મહાન જવાબદારી છે. એ તો ગપ્પો મારે છે અદ્ધરથી. ઓલા કેવળજ્ઞાનનો..

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એવો મિથ્યાદષ્ટિ છે. એણે વ્રત લીધા ભગવાને જાણે છે કે નહિ .. પણ એને ક્યાં શ્રદ્ધા છે અને કહેનારને ક્યાં માન્યતા છે? માન્યતા હોય તો આ પ્રશ્ન ઉઠે નહિ. સમજાણું કાંઈ? હા જી શું ત્યાં પરસેવા ઉતરી જાય એવું છે. અહીં શિવલાલ કહે છે કે અગ્નિની પરીક્ષા થાય અમારે. ત્યાં જઈએ તો ત્યાં થાય. અહીં આવીએ તો અહીં થાય.

મુમુક્ષુ :- ના ત્યાં ન થાય.

ઉત્તર :- ન થાય? કહો, સમજાણું કાંઈ?

ભગવાન કેવળજ્ઞાન અરિહંત પરમાત્મા ત્રિલોકનાથ જેને એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક જણાયા, એવી પર્યાયની પ્રતીતિ જેને દ્રવ્ય-ગુણ-પર્યાય સહિત થઈ એને આત્માનું જ્ઞાન થયા વિના રહેતું નથી. સમજાણું કાંઈ? એ પછી સમ્યગ્દર્શન વિના એ મિથ્યાત્વમાં વ્રત લઈ લે એ એના કથનમાં આવે નહિ. કહો, સમજાણું કાંઈ? પોપટભાઈ! એ ચાર શ્લોક થયા.

---

(માલિની)

व्यवहारणनयः स्याद्यद्यपि प्राक्पदव्या-<br>
मिह निहितपदानां हन्त हस्तावलम्बः।<br>
तदपि परममर्थं चिच्चमत्कारमात्रं<br>
परविरहितमन्तः पश्यतां नैष किञ्चित्।।५।।

ખંડાન્વય સહિત અર્થ :---‘‘व्यवहरणनयः यद्यपि हस्तावलम्बः स्यात्’’ (व्यवहारणनयः) જેટલું કથન. તેનું વિવરણ—જીવવસ્તુ નિર્વિકલ્પ છે. તે તો જ્ઞાનગોચર છે. તે જ જીવવસ્તુને કહેવા માગે, ત્યારે એમ જ કહેવામાં આવે છે કે જેના ગુણ દર્શન-જ્ઞાન-ચારિત્ર તે જીવ. જો કોઈ બહુ સાધિક (-અધિક બુદ્ધિમાન) હોય તોપણ આમ જ કહેવું પડે. આટલું કહેવાનું નામ વ્યવહાર છે. અહીં કોઈ આશંકા કરશે કે વસ્તુ નિર્વિકલ્પ છે, તેમાં વિકલ્પ ઉપજાવવો અયુક્ત છે. ત્યાં સમાધાન આમ છે કે વ્યવહારનય હસ્તાવલમ્બ છે. (हस्तावलम्बः) જેવી રીતે કોઈ નીચે પડ્યો હોય તો હાથ પકડીને (તેને) ઊંચો લે છે તેવી જ રીતે ગુણ-ગુણીરૂપ ભેદકથન જ્ઞાન ઊપજવાનું એક અંગ છે. તેનું વિવરણ-‘જીવનું લક્ષણ ચેતના’ એટલું કહેતાં પુદ્‌ગલાદિ અચેતન દ્રવ્યથી ભિન્નપણાની પ્રતીતિ ઊપજે છે. તેથી જ્યારે અનુભવ થાય ત્યાં સુધી ગુણ-ગુણીભેદરૂપ કથન જ્ઞાનનું અંગ છે. વ્યવહારનય જેમને હસ્તાવલમ્બ છે તેઓ કેવા છે? ‘‘प्राक्पदव्यामिह निहितपदानां’’ (इह) વિદ્યમાન એવી જે (प्राक्पदव्याम्) જ્ઞાન ઊપજતાં પ્રારંભિક અવસ્થા, તેમાં (निहितपदानां)

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

નિહિત-સ્થાપેલ છે પદ-સર્વસ્વ જેમણે, એવા છે. ભાવાર્થ આમ છે—જે કોઈ સહજપણે અજ્ઞાની છે, જીવાદિ પદાર્થોનું દ્રવ્ય-ગુણ-પર્યાયસ્વરૂપ જાણવાના અભિલાષી છે, તેમના માટે ગુણ-ગુણીભેદરૂપ કથન યોગ્ય છે. ''हन्त तदपि एषः न किञ्चित्'' જોકે વ્યવહારનય હસ્તાવલમ્બ છે તોપણ કાંઈ નથી, 'નોંધ' (જ્ઞાન, સમજ) કરતાં જૂઠો છે. તે જીવો કેવા છે જેમને વ્યવહારનય જૂઠો છે? ''चिच्चमत्कारमात्रं अर्थं अन्तः पश्यतां'' (चित्) ચેતના (चमत्कार) પ્રકાશ (मात्रं) એટલી જ છે (अर्थं) શુદ્ધ જીવવસ્તુ, તેને (अन्तः पश्यतां) પ્રત્યક્ષપણે અનુભવે છે. ભાવાર્થ આમ છે—વસ્તુનો અનુભવ થતાં વચનનો વ્યવહાર સહજ જ છૂટી જાય છે. કેવી છે વસ્તુ? 'परमं' ઉત્કૃષ્ટ છે, ઉપાદેય છે. વળી કેવી છે વસ્તુ? ''परविरहितं'' (पर) દ્રવ્યકર્મ-નોકર્મ-ભાવકર્મથી (विरहितं) ભિન્ન છે. ૫.

## કલશ-૫ ઉપર પ્રવચન

પાંચમો શ્લોક હવે. પાંચમો.

(માલિની)

व्यवहरणनयः स्याद्यद्यपि प्राक्पदव्या-
मिह निहितपदानां हन्त हस्तावलम्बः।
तदपि परममर्थं चिच्चमत्कारमात्रं
परविरहितमन्तः पश्यतां नैष किञ्चित्।।५।।

શું કહે છે જુઓ. ભગવાન સમ્યગ્દર્શન આત્મા પ્રાપ્ત કરે છે તો કઈ વિધિથી પ્રાપ્ત કરે છે? અને વ્યવહારનું શું સ્વરૂપ છે એ બતાવે છે.

**ખંડાન્વય સહિત અર્થ** :--- 'व्यवहरणनयः यद्यपि हस्तावलम्बः स्यात्' '(व्यवहरणनयः)' નામ **'જેટલું કથન.'** બસ, શબ્દ આ છે. વ્યવહાર નામ જેટલું કથન. આત્મામાં કથન કરવું કે આ આત્મા દ્રવ્ય છે, આ એના અનંત જ્ઞાનાદિ ગુણ છે, આ એની પર્યાય છે, એ સમયમાં રાગ થાય, એવા જેટલા કથન કરે એનું નામ વ્યવહાર કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? અહીં તો ઓલો વિકલ્પ ન લેતાં કથનને લીધો. 'व्यवहरणनयः' નામ કથન. ભગવાન આત્મા અંતરમાં એક સેકન્ડના અસંખ્ય ભાગમાં પૂર્ણ શુદ્ધ ચૈતન્યરસ પડ્યો છે. એમાં ભેદ પાડીને જેટલું કથન કરો એ બધો વ્યવહાર છે.

**'તેનું વિવરણ—જીવવસ્તુ નિર્વિકલ્પ છે.'** જુઓ! ભગવાન આત્મા નિર્વિકલ્પ (છે). વિકલ્પ નામ રાગ અને ભેદ વિનાની વસ્તુ છે. અખંડ આનંદ જ્ઞાયકમૂર્તિ આત્મા (છે). જ્ઞાયકમૂર્તિ નિર્વિકલ્પ વસ્તુ છે. **'તે તો જ્ઞાનગોચર છે.'** એ તો જ્ઞાનગમ્ય થઈ શકે છે વસ્તુ. જ્ઞાન

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એને જ્ઞેય કરીને આત્માને જ્ઞાન જાણી શકે છે. સમજાણું કાંઈ? બહુ સ્પષ્ટ ઘણું કર્યું છે જુઓ. આમાં તો બધાનું ઊડી જાય એવું છે. ખોટા હાંડલા હોય એ. **'જીવવસ્તુ નિર્વિકલ્પ છે.'** ભગવાન આત્મા દેહ રજકણથી ભિન્ન, પુણ્ય-પાપના રાગથી પણ ભિન્ન, એક અખંડ આનંદગુણનો પિંડ, એ ગુણ-ગુણીનો ભેદ કરવો એ પણ વ્યવહાર છે. સમજાણું કાંઈ? આહાહા..!

પ્રથમ વસ્તુની સ્થિતિ દૃષ્ટિમાં, જ્ઞાનમાં આવ્યા વિના એનો અનુભવ કેમ થાય? સમજાણું કાંઈ? અને અનુભવ વિના એને આનંદનો સ્વાદ કદી આવતો નથી. આનંદનો સ્વાદ આવ્યા વિના આગળ વધતો નથી. કહો, સમજાણું કાંઈ? આહાહા..! જીવવસ્તુ નિર્વિકલ્પ અભેદ છે, અખંડ વસ્તુ છે. **'તે તો જ્ઞાનગોચર છે.'** ગોચર એટલે ગમ્ય. **'તે તો જ્ઞાનગોચર છે.'** સમ્યગ્જ્ઞાન દ્વારા એની ગોચરી એટલે અનુભવ થઈ શકે છે. સમજાણું કાંઈ? શું કહ્યું સમજાણું કાંઈ? કોઈ નિમિત્તથી નહિ, શરીરથી નહિ, પુણ્ય-પાપના રાગથી નહિ, વ્યવહારના વિકલ્પથી નહિ, અનુભવ આત્માનું ભાન થતું નથી. એ તો જ્ઞાનગમ્ય છે. આહાહા..! એ ચૈતન્યમૂર્તિ ભગવાન સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમેશ્વરે જે દેખી, એવી અંતર વસ્તુ આત્મા એ તો જ્ઞાનથી જ જણાય છે. બીજો કોઈ ઉપાય છે નહિ. સમજાણું કાંઈ? રાગથી નહિ, પુણ્યથી નહિ, વ્યવહારના વિકલ્પથી નહિ. કષાયની મંદતા કરવાથી આત્માનું જ્ઞાન અનુભવ થઈ જશે એમ નહિ. આહાહા..!

**'તે જ જીવવસ્તુને કહેવા માગે,...'** તે જ જીવવસ્તુને કહેવા માગે, **'ત્યારે એમ જ કહેવામાં આવે છે...'** કેમ? **'ત્યારે એમ જ કહેવામાં આવે છે કે જેના ગુણ દર્શન-જ્ઞાન-ચારિત્ર તે જીવ.'** જુઓ! બહુ જ ટૂંકું કહો. ટૂંકું એટલે? થોડામાં થોડું. ભગવાન આત્મા બહુ થોડામાં થોડું કહો, વ્યવહાર ભેદ પાડીને કહો તો એટલું કહેવામાં આવે છે કે એ ભગવાન આત્મા જાણન, શ્રદ્ધાન, આનંદરૂપ, ચારિત્રરૂપ છે એવા ભેદથી એને કહેવામાં આવે છે. **'જો કોઈ બહુ સાધિક (-અધિક બુદ્ધિમાન) હોય તોપણ આમ જ કહેવું પડે.'** **'કે જેના ગુણ દર્શન-જ્ઞાન-ચારિત્ર તે જીવ.'** છે તો અનંતગુણ, પણ મુખ્ય ગુણ જે જડમાં, પરમાં નથી એવા જ્ઞાન-દર્શન અને ચારિત્ર. જાણવું, પ્રતીતિ કરવી અથવા દેખવું અને ઠરવું એ ગુણ એ આત્મા. એ પણ વ્યવહાર. એ પહેલા કહ્યું ને. **'જીવવસ્તુ નિર્વિકલ્પ છે. તે તો જ્ઞાનગોચર છે.'** પણ એ જીવવસ્તુને કહેવા માગે, બીજા કોઈને સમજાવવા માગે તો એમ જ કહેવામાં આવે છે **'કે જેના ગુણ...'** એ આત્મા અર્થાત્ જ્ઞાનસંપન્ન, આનંદસંપન્ન, દર્શનસંપન્ન. આનંદમાં ચારિત્ર (આવી ગયું). તે જીવ.

**'જો કોઈ બહુ સાધિક (-અધિક બુદ્ધિમાન)...'** સાધિક શબ્દ છે જુઓ! સ-અધિક. **'(-અધિક બુદ્ધિમાન) હોય તોપણ આમ જ કહેવું પડે.'** ચાહે તો ગમે તેટલો બુદ્ધિમાન હોય પણ આમ જ કહેવું પડે. આ આત્મા એમ કહે તો ન સમજે. એટલું તો કહેવું જ પડે કે જો આ જાણનહાર આત્મા, દેખનહાર આત્મા. ઠરે છે, ઠરે છે-સ્થિર થાય છે એ

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આત્મા. 'બહુ સાધિક...' બુદ્ધિવાળો હોય અધિક **'તોપણ આમ જ કહેવું પડે.'** ત્રણ ગુણના ભેદ કરીને કહેવું. સમજાણું કાંઈ? એમ ન કહ્યું કે રાગ તે આત્મા. જુઓ! વિકલ્પ ઉઠે છે પુણ્ય-પાપના એ આત્મા. એ તો આત્મા છે નહિ, એ તો અણાત્મા છે. શરીર એ આત્મા. એમ પણ કહ્યું નથી. આ તો ઓલા કહે, નહિ, શરીર ને આત્મા એક છે વ્યવહારથી. વ્યવહારથી કહ્યું એ તો જૂઠથી છે. અહીં તો એ પણ નહિ. ભેદથી કથનમાં બહુ થોડું કહેવામાં આવે તો પણ એટલું જ કહેવું પડે. ભાઈ! રાગ મંદ કરે એ આત્મા. નહિ. રાગ મંદ કરે એ આત્મા નહિ. આત્માના સ્વભાવમાં એ છે જ નહિ. મંદ કરવો કે તીવ્ર કરવો કે અભાવ કરવો એ સ્વરૂપમાં છે જ નહિ. સમજાણું કાંઈ? એ તો જાણન, દેખન અને ઠરવું એ મારા સ્વભાવમાં છે. ભેદથી કહો તો એટલું કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'આટલું કહેવાનું નામ વ્યવહાર છે.'** આહાહા..! એટલું કહેવાનું નામ વ્યવહાર છે. કહેવાનું નામ વ્યવહાર છે. એ તો પહેલું કથન કર્યું છે ને. શું કરે? બીજો કોઈ ઉપાય નથી. અજ્ઞાની છે, વસ્તુને જાણવાની ઈચ્છા કરે છે તો પહેલાં દ્રવ્ય-ગુણ-પર્યાય શું છે? અભિલાષી કોઈ છે. આગળ કહેશે. મહારાજ! પ્રભુ! આ આત્મા છે કોણ? કે જેને જાણતાં આત્માનું કલ્યાણ થાય? આત્મા છે કોણ કે જેના અનુભવથી કલ્યાણ થાય? આત્મા છે કોણ કે જેમાં ઠરવાથી કેવળજ્ઞાન થાય? એવો પ્રશ્ન વસ્તુના.. દ્રવ્ય એટલે વસ્તુ, ગુણ એટલે શક્તિ અને પર્યાય એટલે અવસ્થા એને જાણવાની કોઈને અભિલાષા હોય. નીચે કહેશે ઈ. સમજાણું કાંઈ? તો એને માટે તો એટલો ગુણ-ગુણીનો ભેદ કથન કર્યા સિવાય બીજો કોઈ ઉપાય છે નહિ. આહાહા..! એમ ન કહ્યું કે ના ના, એને રાગ મંદ કરતા કરતા તને અંદર આત્માનું ભાન થશે. અને એ આત્મા એમ. એવો આત્મા. એમ નથી. સમજાણું કાંઈ? દેહની ક્રિયા કરતાં કરતાં તને જણાશે. પણ દેહની ક્રિયા આત્મામાં છે જ નહિ. આ તો જડની ક્રિયા છે. જેનું સત્ત્વ ભિન્ન છે એનું કાર્ય પણ ભિન્ન છે. આનું સત્ત્વ ભિન્ન છે. પરમાણુ આ તો માટી છે. એનું સત્ત્વ નામ સત્તા ભિન્ન છે. આત્મસત્તા ભિન્ન છે. તો આત્મા એનું કાર્ય કરે એમ ત્રણ કાળમાં નથી. આ શરીરને હલાવે-ચલાવે એ આત્મા. એમ નથી કહ્યું અહીંયાં. (કારણ કે) આત્માનું સ્વરૂપ એવું છે જ નહિ. આ સ્વરૂપ છે એમાં-ભેદ. તો ભેદ કરીને કહેવું એટલો વ્યવહાર છે. સમજાણું કાંઈ? સમજાય છે કે નહિ? દેવાનુપ્રિયા! આમાં રાગ અને વ્યવહાર તે આત્મા એમ ન આવ્યું. આમાં ન આવ્યું અને બીજામાં આવતું હશે? આમાં ન આવ્યું તો બીજે આવતું હશે. એમ.

અહીં તો કહે છે કે ભગવાન આત્મા આમ એક સેકન્ડના અસંખ્ય ભાગમાં, તારે જો સમ્યગ્દર્શન પ્રગટ કરવું હોય તો, તારી જિજ્ઞાસા એવી હોય કે આ છે કોણ? હું છું કોણ? અને મારી પ્રાપ્તિ મને કેમ થાય? એવી અભિલાષા હોય એને થોડામાં થોડું કહેવામાં આવે તો એટલું. ભાઈ! એ જાણે, દેખે, ઠરે-સ્થિર થાય એ આત્મા. બીજો કોઈ આત્મા નહિ.

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સ્વરૂપમાં ઠરે એ આત્મા. એમ. સ્વરૂપનું જાણવું, સ્વરૂપનું દેખવું, સ્વરૂપમાં ઠરવું એવા ભેદ પાડીને એમ કહેવામાં આવે છે. એનું નામ વ્યવહાર છે. સમજાણું કાંઈ? એ વ્યવહાર કહેવામાં આવ્યો છે. સાંભળનાર પ્રાણીએ પણ વ્યવહારને વ્યવહારથી સાંભળી અંતર દૃષ્ટિ કરે તો વ્યવહારે જણાયું એમ કહેવામાં આવે છે. પણ એને પણ વ્યવહાર અનુસરવા લાયક નથી.

શું કહે છે? કહેનારે ત્રણ પ્રકારે કહ્યું. સંભળાવનાર ધર્મીએ ત્રણ ભેદથી કહ્યું પણ ત્રણ ભેદ અનુસરવા લાયક નથી. શું કહ્યું સમજાય છે કાંઈ? શું કહ્યું? '**કહેવાનું નામ વ્યવહાર છે.**' વસ્તુ સમજનારને પણ ભેદનું લક્ષ છોડે ત્યારે વ્યવહારથી જાણ્યું એમ કહેવામાં આવે. વ્યવહાર અનુસરણ કરવા લાયક નથી. એને પણ નહિ અને કહેનારને પણ નહિ. શેઠી! આ ક્યાં ગયું તમારું ઓલું આ દયા, દાન અને પૂજા-ભક્તિ કરતા કરતાં થશે. ઈ કાંઈક ગોઠવશે. કહો, સમજાણું કાંઈ? આહાહા..! ભગવાન! તારી ચીજ અંદરમાં અનંત અનંતગુણની રાશિ પડી છે અંદર. એને પહેલા સમજમાં લે. તો સમજાવવાના પ્રકારમાં એક થોડામાં થોડું કહેવામાં આવે છે એટલું. રાગની મંદતા એ આત્મા. એ તો આસ્રવને આત્મા કહ્યું, એ તો અણાત્માને આત્મા કહ્યો. તો એ કથનની પદ્ધતિ વ્યવહારથી પણ સાચી નથી. સમજાણું કાંઈ? શેઠી! શેઠી દાંત કાઢે છે કે બધું ઊડી ગયું અમારું.

મુમુક્ષુ :- કથનની પદ્ધતિ પણ બરાબર નહિ?

ઉત્તર :- કથનની પદ્ધતિ પણ ખોટી-જૂઠી છે. રાગની મંદતાથી આત્મા જણાય એ કથન જ ખોટું છે. કારણ કે રાગ એ આત્માનું સ્વરૂપ જ નથી. આત્મામાં જ્ઞાન-દર્શન-ચારિત્ર છે. એ ભેદ નથી. પણ ભેદ પાડીને કથન કરવું એનું નામ વ્યવહાર છે. આહાહા..! સમજાણું કાંઈ? એ સમ્યગ્દર્શન પામવાને લાયક જીવને એટલું કહેવું પડે. ભાઈ! તારો પ્રભુ તો ત્રણ ગુણવાળો છે. એ ત્રણ ગુણને પ્રાપ્ત કરે એ આત્મા. '**દર્શન-જ્ઞાન-ચારિત્ર તે જીવ.**' આટલું કહ્યા વિના એને સમજાતું નથી અને કહેનાર એટલો ભેદ પાડ્યા વિના સમજાવી શકતો નથી. બસ! થોડામાં થોડું આટલું કથન છે. ઓહોહો..!

આ તો અનંતકાળથી એણે કર્યું જ નથી. નવમી ગ્રૈવેયક સુધી અનંતવાર ગયો. 'મુનિવ્રત ધાર...' આવ્યું નહોતું સવારે? 'અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો. પણ આતમ જ્ઞાન...' સમ્યગ્દર્શન વિના કંઈ ધર્મ-બર્મ થયો નહિ. એ છ ઢાળામાં આવ્યું હતું સવારે. આવ્યું હતું ને એક ઢાળામાં? 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો.' અનંતવાર નગ્ન મુનિ દિગંબર થયો. પણ એ રાગની ક્રિયાને ધર્મ માન્યો, શરીરની ક્રિયા મારી છે એમાં ધર્મ માન્યો. મારું સ્વરૂપ અંતર અનંતગુણનો રાશિ, એમાં ત્રણ ગુણના ભેદ કરવા.. એને પ્રાપ્ત કરવા છે દર્શન-જ્ઞાન-ચારિત્ર, તો એ ત્રણનો ભેદ કરીને બતાવ્યું. વસ્તુમાં ભેદ નથી. સમજાણું કાંઈ? એમ ભેદ કરીને બતાવવું એટલો વ્યવહાર આવ્યા વિના રહેતો નથી. અહીં તો એટલું લીધું છે. એમ ન કહ્યું કે ત્યાં કષાયની મંદતા શુભોપયોગ આવ્યા વિના રહેતો નથી. પછી શુદ્ધ થાય. એમ અહીંયા નથી કહ્યું. સમજાણું

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કાંઈ? એય..! દેવાનુપ્રિયા!

મુમુક્ષુ :- વ્યવહારનય સમ્યગ્જ્ઞાનનું એક પડખું છે ને.

ઉત્તર :- ના. ના. સમ્યગ્જ્ઞાનનું પડખું શું? જાણવાલાયક છે એ. જાણવાલાયક માટે પડખું કહ્યું. ત્યાં ગુણભેદ જાણવા એટલી વાત છે. વ્યવહાર એટલે શું આશ્રય કરવા લાયક છે? આશ્રય છોડવા લાયક છે. શું છે? એ જ્ઞાન જાણે છે કે ભેદ. ભેદ છે પણ જાણવાલાયક છે. આદરવા લાયક નથી.

મુમુક્ષુ :- .. અમારે કરવું શું?

ઉત્તર :- આ શું કરવું એ નથી કહેતા? અહીં કહે છે. આ કરવાનું છે એ કરતા નથી અને બીજું કરવામાં ઘૂસી જાય છે. એક લૂગડા ફેરવી બેસે ને આમ કરે. ઓલા રોટલા ખાવા માટે ત્યાં. સૌની સાથે રોટલા મળે. રોટી કહે છે? શું કહે છે? આ બ્રહ્મચારી થયા. રોટલા ખાવા મળે લૂગડા ફેરવે તો. એને પણ એમ લાગે કે હું કાંઈક છું બીજા કરતાં. ત્યાં અશુભભાવ હતો ત્યાં? ધનબાદ ... શું કહીએ? ઝરિયા. અહીં કાંઈક શુભભાવ થયો.

મુમુક્ષુ :- એ થાય તો છે ને.

ઉત્તર :- એનું શું થાય છે? અભિમાન થયું ખોટું. બહાર ફેરવ્યું એટલે મને શુભભાવ થયો, હું અહીં આવ્યો માટે શુભભાવ થયો. ત્યાં હોત તો શુભભાવ ન થાત. આને કારણે શુભભાવ થયો. બધી ભ્રમણા છે. કહો, સમજાણું કાંઈ? કોણ ટાળે? એય..! દેવાનુપ્રિયા! આ તો દાખલો આપીને સ્પષ્ટ થાય છે. સમજાણું કાંઈ? આહાહા..!

જુઓ! શું કહે છે? જુઓ! રાજમલ ટીકા. 'પાંડે રાજમલ જૈન ધર્મી, સમયસાર નાટકકે મર્મી.' બહુ શાંતિથી શબ્દોને ભાવગ્રાહી, ભાવવાહી અર્થ કર્યા છે. કહે છે કે ભાઈ! તારે આત્મા સમજવો હોય તો એટલો વ્યવહાર આવે છે કે '**દર્શન-જ્ઞાન-ચારિત્ર તે જીવ.**' બસ. રાગ એ જીવ, પુણ્ય એ જીવ, શરીર એ જીવ, નિમિત્તની ક્રિયા એ જીવ એ જીવ નહિ. એટલું તો કથનમાં આવતું નથી વ્યવહારમાં, કહે છે. આહાહા..! બહુ ઊલટો અર્થ થઈ ગયો. સમજાય છે કાંઈ? બહારથી નિવૃત્તિ હોય ને પછી હળવે હળવે થાય. એ વાત પણ જૂઠી છે. સમજાણું કાંઈ? નિવૃત્તિ છે. બહારની ચીજનો તો તારામાં અભાવ છે. આ તો તારામાં ભાવ છે એનો ભેદ કરીને કથન કરવું એનું નામ વ્યવહાર છે. શું કહે છે? સમજાણું કાંઈ? બહારની ચીજથી મને નિવૃત્તિ થાય તો મને લાભ થયો. બહારની ચીજ તો તારામાં છે જ નહિ. એ વ્યવહાર તું ક્યાંથી લાવ્યો? તારામાં નથી એનાથી નિવૃત્તિ. નિવૃત્તિ તો ત્રિકાળ છે. તારા સ્વભાવમાં પર તો છે નહિ ત્રણકાળમાં. એ પણ દૃષ્ટિ તદ્દન વ્યવહારની વિપરીત છે. અને રાગ હું ઘટાડું તો મારા આત્માને લાભ થાય એ પણ તારી દૃષ્ટિ તીવ્ર મિથ્યાત્વ છે. ફક્ત સાંભળવામાં, સમજવામાં એટલો વ્યવહાર ભેદ એમાં છે. રાગ એમાં છે નહિ. પરવસ્તુ એમાં છે નહિ. તો રાગથી આત્મા કે પરથી આત્મા મળશે એ વાત જ

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


તદ્દન ખોટી છે. ફક્ત એમાં અનંતગુણ પડ્યા છે, એમાં આ ભેદ કરીને કહેવું એટલો વ્યવહાર આવ્યા વિના રહેતો નથી. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ... સાથે વ્યવહારનું સ્વરૂપ પણ...

ઉત્તર :- બધી વાત. જુઓને તે પણ કથનમાત્ર કીધું. ત્યાં ક્યાં વસ્તુમાં ભેદ છે? એમ કહે છે. વસ્તુ તો અભેદ છે. જેમ આ સુખડની લાકડી છે. આ સુખડ છે, સુંવાળી છે, વજન છે. ત્યાં ભિન્ન ગુણ છે? બધું એકસાથે છે. પણ સમજાવામાં એમ આવે કે જુઓ સુગંધ છે એ સુખડ, સુંવાળી છે એ સુખડ. એમ ભેદથી કથન કર્યા વિના ચાલે નહિ. પણ એ મેલ છે એ સુખડ, આંગળી ઉપર રહી એ સુખડ. એમ નથી. રહી તો એનામાં છે. એમાં રહી છે. એમ આત્મા પોતામાં રહ્યો છે. અને એમાં રાગાદિ નથી, કર્માદિ નથી, શરીરાદિ નથી. છે નહિ એ આત્મા એ પણ નથી કહ્યું અહીંયા તો. આહાહા..! સમજાણું કાંઈ?

અહીં તો અસ્તિરૂપ જે ત્રિકાળ અનંતગુણનો પિંડ છે અને એમાં ગુણ છે. એને ભેદ પાડીને કહેવું એનું નામ વ્યવહાર, બીજો વ્યવહાર નહિ. આહાહા..! કહો, સમજાય છે કે નહિ? મનુભાઈ! બહુ આ તો કળશટીકા અલૌકિક છે! બહુ વ્યવહાર... વ્યવહાર... વ્યવહાર કહે તો એટલો તારો વિકલ્પ ભેદ ઉપર તારું લક્ષ જાય છે. એ સમજાવે છે કે આહા..! આ જ્ઞાન આત્મા, આ ગુણ તે ગુણી, આ ગુણીનો આ ગુણ એટલો વ્યવહાર આવે છે. તે પણ કથનમાત્ર. વિકલ્પ આવે છે એને પણ અહીં નથી લીધો. કથન ઉપર લક્ષ ગયું ને? તો એ કથનને જ વ્યવહાર કહેવામાં આવ્યું.

મુમુક્ષુ :- આવી ગયો વિકલ્પ એમાં.

ઉત્તર :- વિકલ્પ એમાં આવી ગયો. ઓલું કથન કર્યું ને. સમજાણું કાંઈ? ભારે વાત છે, બાપા!

'**તે જ જીવવસ્તુને કહેવા માગે, ત્યારે એમ જ કહેવામાં આવે છે કે જેના ગુણ...**' જેના ગુણ. જુઓ! એનામાં છે. છે એની વાત કરી. રાગ નથી, વિકાર નથી, પુણ્ય નથી, શરીર નથી, વાણી નથી, કાંઈ છે નહિ એમાં. છે નહિ એનાથી હું નિવૃત્ત થાઉં તો મને લાભ થશે તો એ વ્યવહાર છે. એ વ્યવહાર નથી અહીંયાં. એય..! દેવાનુપ્રિયા! જુઓ! અક્ષરની સામુ જુએ એમાં અંદર શું ભર્યું છે એય ત્યાં તમારી મેળે વાંચો ત્યાં ધનબાદ. ધનબાદ શું કીધું? જરીયા. થોડું થોડું કહીએ છીએ ને. '**આટલું કહેવાનું નામ વ્યવહાર છે.**' લ્યો!

'**અહીં કોઈ આશંકા કરશે...**' શંકા નહિ. સમજવાની આશંકા. મહારાજ! આ પ્રભુ આત્મા છે, એનો અનુભવ કરવો એ સમ્યગ્દર્શન? તો એ આત્મા છે કોણ? કે આત્મા દર્શન-જ્ઞાન-ચારિત્ર. મહારાજ! આપ તો કહો છો કે '**વસ્તુ નિર્વિકલ્પ છે,...**' વસ્તુ તો અભેદ છે. '**તેમાં વિકલ્પ ઉપજાવવો અયુક્ત છે.**' જુઓ! એટલો તો પ્રશ્ન સમજનારા તરફથી

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

એટલું સમજનારો આવ્યો. મહારાજ! આપ વસ્તુને અભેદ કહો છો. અભેદ આપે તો પહેલી કહી હતી. જીવવસ્તુ નિર્વિકલ્પ છે, જ્ઞાનગોચર છે. સમજાણું કાંઈ? તો આપ નિર્વિકલ્પમાં, અભેદમાં ભેદ ઉપજાવવો, ભેદ કરવો, રાગની વૃત્તિ ઉત્પન્ન થવી એ તો અયુક્ત છે. વ્યાજબી નથી એ તમારું. એ સમજનારના પ્રશ્નમાં આ ભર્યું છે. કે વસ્તુ આમ અખંડ આનંદ પૂર્ણ વસ્તુ એકરૂપ. એકરૂપ વસ્તુ આપ કહો અને એને ભેદ પાડીને કહો એ તો અયુક્ત છે.

'**ત્યાં સમાધાન આમ છે...**' ત્યાં સમાધાન આ પ્રકારના પ્રશ્નકારનું સમાધાન કરવામાં આવે છે. '**વ્યવહારનય હસ્તાવલમ્બ છે.**' '**हस्तावलम्बः**' '**જેવી રીતે કોઈ નીચે પડ્યો હોય તો હાથ પકડીને (તેને) ઊંચો લે છે...**' નીચે પડતો હોય ને કોઈ પ્રાણી? તો એને હાથ પકડીને ઉંચો લે. આવે છે ઊંચો એની મેળે હોં! હાથ પકડવું નિમિત્તમાત્ર છે. એ ઊંચો પ્રાણી આવે છે. ખાડામાં પડી ગયો હોય ને હાથ પકડીને ઊંચો કરે. આવે છે તો એની તાકાતથી હોં! પણ એ નિમિત્તમાત્ર હાથ પકડે છે. '**પકડીને (તેને) ઊંચો લે છે.**' '**હાથ પકડીને (તેને) ઊંચો લે છે...**' નીચે પડ્યો હોય તો હાથ પકડીને ઊંચો લે છે. '**તેવી જ રીતે ગુણ-ગુણીરૂપ ભેદકથન જ્ઞાન ઊપજવાનું એક અંગ છે.**' આહાહા..! જુઓ! શું કહે છે? એમ ભગવાન આત્મા અનંત ગુણરૂપ વસ્તુ અને એમાં ગુણ, એવું ભેદકથન એ જ્ઞાન તે શું ચીજ છે? એ સમજવાનો જ્ઞાનનો એક અંશ, એક પક્ષ છે. સમજાણું કાંઈ? આવો પક્ષ સમજ્યા વિના વસ્તુની સિદ્ધિ થતી નથી. એનાથી થતી નથી. પણ જ્ઞાનમાં એ આવ્યા વિના રહેતું નથી. આત્મા જ્ઞાન-દર્શન-ચારિત્ર. એવું સમજવાનો એક અંશ જ્ઞાન નામ વ્યવહાર છે. આ તો જ્ઞાન વ્યવહાર જ્ઞાન હોં! પણ એ સમજવાના લક્ષમાં એવો જ્ઞાનનો એક ભાગ છે. સમજાણું કાંઈ?

'**ગુણ-ગુણીરૂપ ભેદકથન જ્ઞાન ઊપજવાનું એક અંગ છે.**' ભાષા લીધી જોયું! જ્ઞાન ઊપજવાનું એક અંગ છે. એટલે સમજનારને જ્ઞાનમાં એવું આવે છે કે આ જ્ઞાન તે આત્મા, દર્શન તે આત્મા. એવો બોધ થાય છે ને? ચારિત્ર તે આત્મા. બસ. એટલો જ્ઞાનમાં ખ્યાલ આવે એ જ્ઞાનનો એક ભાગ છે. '**તેનું વિવરણ-**' પાછું જ્ઞાન (ઊપજવાનું) અંગ '**તેનું વિવરણ-જીવનું લક્ષણ ચેતના...**' છે. જીવનું લક્ષણ તો ચેતના. જાણવું-દેખવું એ લક્ષણ. '**એટલું કહેતાં પુદ્‌ગલાદિ અચેતન દ્રવ્યથી ભિન્નપણાની પ્રતીતિ ઊપજે છે.**' હવે જ્ઞાન અંગની વ્યાખ્યા કરે છે. શું કહે છે? '**જીવનું લક્ષણ ચેતના...**' આ ચેતના એ લક્ષણ અને લક્ષ જીવ. ચેતના લક્ષણ, જાણવું-દેખવું લક્ષણ, ચેતન જીવ. '**એટલું કહેતાં પુદ્‌ગલાદિ...**' એટલે કર્મ, શરીર, વાણી '**અચેતન દ્રવ્યથી ભિન્નપણાની પ્રતીતિ ઊપજે છે.**' એ જાતનું જ્ઞાન થાય છે. સમજાણું કાંઈ? આત્મા, એનો જ અનુભવ કરવો એ સમ્યગ્દર્શન છે. તો આત્મા ચેતનાલક્ષણ. ચેતના. એટલું કહેતાં કર્મથી, શરીરથી, વાણીથી, પૈસાથી, મકાનથી, ધર્માસ્તિ આદિ પદાર્થથી '**ભિન્નપણાની પ્રતીતિ ઊપજે છે.**' જુઓ! ચેતનાલક્ષણવાળો

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જીવ કહેવાથી એનું લક્ષ ચેતન ઉપર જાય છે. પરથી ભિન્ન થાય છે. શરીરમાત્રથી હું ભિન્ન છું. કર્મમાત્રથી. કર્મ. અચેતનમાં તો કર્મ પણ આવ્યા ને? કર્મથી પણ હું ભિન્ન છું. એવું ચિહ્ન-લક્ષણ, આત્મા લક્ષ. એનાથી-પરથી ભિન્ન થવાનો જ્ઞાનનો એક પ્રકાર ઊપજે છે. કહો, સમજાણું કાંઈ?

'**તેથી જ્યારે અનુભવ થાય ત્યાં સુધી ગુણ-ગુણીભેદરૂપ કથન જ્ઞાનનું અંગ છે.**' શું કહે છે? ચેતના એ આત્મા. ચેતના લક્ષણ, આત્મા લક્ષ. એવું જ્ઞાનનું અંગ ઉત્પન્ન થયા વિના રહેતું નથી. પણ જ્યાં સુધી અનુભવ ન થાય, તેનાથી છૂટીને આનંદમાં એકાકાર ન થાય ત્યાં સુધી એવો જ્ઞાનનું અંગ નિમિત્તરૂપે આવે છે. સમજાણું કાંઈ? આ તો તદ્દન શૈલી જ એમની જુદી જાતની છે. '**જ્યારે અનુભવ થાય...**' અર્થાત્ એ જ્ઞાનમાં લક્ષમાં આવ્યું કે આ જ્ઞાન તે આત્મા, દર્શન તે આત્મા, સ્થિરતા એ આત્મા એવું જ્ઞાનનું અંગ જણાયું, તો એનાથી છૂટીને અંતરમાં અનુભવ ન થાય ત્યાં સુધી એ જ્ઞાનનો અંગ એને બતાવે છે એવો વ્યવહાર આવે છે. સમજાણું કાંઈ?

'**વ્યવહારનય જેમને હસ્તાવલમ્બ છે તેઓ કેવા છે?**' હવે અહીંયાં કહે છે કે વ્યવહારનય જેને હાથનું અવલંબન કીધું ને નીચે પડતાને ઊંચો લીધો. એ જીવ કેવો છે કે જેને વ્યવહાર નિમિત્ત હસ્તાવલંબ છે? '**प्राक्पदव्यामिह निहितपदानां**' '**इह**' નામ '**વિદ્યમાન એવી જે...**' '**प्राक्पदव्याम्**' '**જ્ઞાન ઊપજતાં પ્રારંભિક અવસ્થા,...**' હજી સમ્યગ્જ્ઞાન-દર્શન આદિ થયા નથી. એની પહેલી પદવી. સમજાણું કાંઈ? એ તો અજ્ઞાની જ કહેશે. એ છે ને. એ શૈલી લીધી છે. દ્રવ્ય-ગુણ-પર્યાયની જિજ્ઞાસા થાય છે. એવી શૈલી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ત્યાંથી લીધી ને. ના. ના. તેનું અંગ લીધું ને. લક્ષ થયું. આ ગુણ તે ગુણી, આ ગુણ તે ગુણી. એવું થયું. ત્યાંથી લીધું છે.

'**જ્ઞાન ઊપજતાં પ્રારંભિક અવસ્થા,...**' સમજ્યાને? સમ્યગ્જ્ઞાન ઊપજતાં પહેલી અવસ્થા '**તેમાં નિહિત-સ્થાપેલા છે પદ-સર્વસ્વ જેમણે એવા છે.**' લક્ષ હજી જ્ઞાન આત્મા, દર્શન આત્મા એવા ભેદમાં જેનું લક્ષ છે એની વાત કરે છે. એને હસ્તાવલંબ વ્યવહારે કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ? '**નિહિત-સ્થાપેલ છે પદ-**' એટલે જેનું લક્ષ હજી ભેદ ઉપર છે. અભેદ નથી. હજી અભેદ અંતર અનુભવમાં આવ્યો નથી. ત્યારે આવા ભેદનું લક્ષ થયા વિના રહેતું નથી.

'**ભાવાર્થ આમ છે-જે કોઈ સહજપણે અજ્ઞાની છે,...**' જુઓ! વસ્તુની ખબર જ નથી. આત્મા શું છે? ગુણ શું છે? પર્યાય શું છે? કાંઈ ભાન ન મળે. '**જે કોઈ સહજપણે અજ્ઞાની છે, જીવાદિ પદાર્થોનું...**' જીવ-પુદ્ગલ આદિ પદાર્થોનું '**દ્રવ્ય-ગુણ-પર્યાયસ્વરૂપ જાણવાની અભિલાષી છે,...**' વસ્તુનું દ્રવ્ય નામ પદાર્થ, એની શક્તિ ગુણ અને એની

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com


Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પર્યાય જાણવાની. જુઓ! આ દ્રવ્ય-ગુણ-પર્યાયથી ઉપાડ્યું છે અહીંયાં. અત્યારે તો નામ પણ સાંભળ્યા ન હોય દ્રવ્ય-ગુણ-પર્યાય. જયંતિભાઈ! નામ સાંભળેલા પણ ભડકીને ભાગે ક્યાંક પાછા જાય. અહીંયાં દ્રવ્ય-ગુણ-પર્યાય ગંધેય ન મળે ક્યાંય બીજે. સાંભળ્યું નથી. કહો, સમજાણું કાંઈ?

પહેલો જિજ્ઞાસુ એ લીધો કે આ દ્રવ્ય શું છે? પલટનારી પર્યાય શું છે? રહેવાવાળી ચીજ શું છે? હું છું તો એ ચીજ શું છે? એમાં ગુણ શું છે? અને પલટવાની અવસ્થાનું શું સ્વરૂપ છે? એવી જિજ્ઞાસા જેને છે '**તેમના માટે ગુણ-ગુણીભેદરૂપ કથન યોગ્ય છે.**' જુઓ! આવા અભિલાષીને. અહીં તો દ્રવ્ય-ગુણ-પર્યાયની ખબર પણ ન હોય અને પૂછે એને અભિલાષ ન મળે. અને કહે, અમારે આત્માનો ધર્મ કરવો છે. પણ ધર્મ કરવાની પર્યાય શું છે? એને ક્યા ગુણમાંથી આવે છે? અને એ ગુણ ક્યાંથી આવે છે દ્રવ્યમાંથી પરિણમે છે? તો દ્રવ્ય-ગુણ-પર્યાય જાણવાની પ્રથમ જેને અભિલાષા છે એને અહીંયાં વ્યવહારથી ગુણથી આત્માને બતાવવો એને ભેદ કથન હસ્તાવલંબ કહેવામાં આવે છે. પણ એ હસ્તાવલંબ છોડીને અંતર દૃષ્ટિમાં અનુભવ કરે ત્યારે સમ્યગ્દર્શન થાય છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)




Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## વીર સંવત-૨૪૯૧, ફાગણ સુદ ૧૧, શનિવાર, તા. ૧૩-૩-૧૯૬૫, કળશ-૫-૬ પ્રવચન નં. ૭

કળશટીકા. પાંચમો કળશ ચાલે છે. નીચે ભાવાર્થ. પાંચમાનો ભાવાર્થ નીચે છે. અહીંયાં અધિકાર શું ચાલે છે? કે વ્યવહારનય ગુણી આત્મા (એમ કહે છે) એ વ્યવહારનય છે. બીજી ચીજને અહીં લીધી નથી. અહીં તો આત્મા પરથી તદ્દન ભિન્ન, કર્મની સામગ્રીથી પણ ભિન્ન. પુણ્ય-પાપ, વિકાર, કર્મ, શરીર એનાથી ભિન્ન પણ ગુણ-ગુણીથી અભિન્ન. ગુણી અને ગુણથી અભિન્ન છે. એક વસ્તુ. છતાં વ્યવહારથી તેને ગુણ-ગુણીનો ભેદ કરીને સમજાવવું એવું વ્યવહારકથન અથવા એવો વિકલ્પ આવ્યા વિના રહેતો નથી. સમજાણું?

'**ભાવાર્થ આમ છે—જે કોઈ સહજપણે અજ્ઞાની છે,...**' વસ્તુ શું છે એક સમયમાં આત્મા એ જાણતા નથી. સહજ અજ્ઞાની છે. એટલે અજ્ઞાનીપણું સિદ્ધ કર્યું. વસ્તુના ચૈતન્યમય આનંદકંદ વસ્તુને જે અનંતકાળમાં કોઈ દી જાણી નથી. અજ્ઞાની છે. '**જીવાદિ પદાર્થોનું દ્રવ્ય-ગુણ-પર્યાયસ્વરૂપ જાણવાના અભિલાષી છે,...**' છતાં એ અભિલાષી છે કે આત્મા શું છે? પુદ્ગલ શું છે? છ દ્રવ્ય શું? એના ગુણો શું? એ વસ્તુ ટકનારી શું? એમાં ટકનારા ગુણો શું? અને એની થતી અવસ્થા શું? એવું જેને જાણવાની અભિલાષા છે. જુઓ! અજ્ઞાનીની પહેલી આવી જિજ્ઞાસા લીધી. પહેલામાં પહેલી શરૂઆત. કે આ શું ચીજ છે પણ આ? દ્રવ્ય કહેવાય છે, ગુણ કહેવાય છે, પર્યાય છે શું? એવું જેને પ્રથમ સમજવાની જિજ્ઞાસા, અભિલાષા છે '**તેમના માટે ગુણ-ગુણીભેદરૂપ કથન યોગ્ય છે.**' એને માટે એ ... તેનો ગુણ અને એ ગુણ ધરનાર, ગુણ ધરનાર એવો ગુણી, એનું ભિન્નતાનું કથન કરવું પહેલું યોગ્ય છે.

'**हन्त तदपि एषः न किञ्चित्**' જુઓ! આ શરૂઆતમાં થોડામાં થોડું આવું કથન કરવું પડે એની વ્યાખ્યા છે. આ આત્મા શું ચીજ છે? એની શક્તિ શું છે? એની વર્તમાન અવસ્થા શું છે? એમ છએ દ્રવ્યનું. ત્યારે એને સમજનારને અભિલાષા થઈ. એથી એને આ જ્ઞાન તે આત્મા, આ દર્શન તે આત્મા, આ સ્થિરતા પ્રાપ્ત જેમાં રમે તે આત્મા. એવી રીતે ગુણી અને ગુણનો ભેદ કરીને કહેવું એટલી તો યોગ્યતા વ્યવહારમાં પહેલી આવ્યા વિના રહેતી નથી. છતાં '**हन्त**' '**જોકે વ્યવહારનય હસ્તાવલમ્બ છે...**' નિમિત્તરૂપે ત્યાં કહેવામાં આવે છે. ગુણી અને ગુણના ભેદ દ્વારા એ વસ્તુ તેને સમજાવવામાં આવે છે. '**તોપણ કાંઈ નથી,...**' એમાં કંઈ સાર નથી. કહો! સમજાય છે કાંઈ?

'**નોંધ (જ્ઞાન, સમજ) કરતાં જૂઠો છે.**' આવ્યું હતું, કેવળજ્ઞાનમાં નોંધ છે. નોંધ

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


નામ સમજણ કરવાથી, આત્મા જ્ઞાની અને ગુણ જ્ઞાન એનો ભેદ તોડીને અભેદપણે સમજવાથી એ ભેદપણાનું કથન જૂઠ છે. આ વ્યવહાર જૂઠો કહ્યો. સમજાણું કાંઈ? દુનિયાના વ્યવહારની વાત નથી અહીં. એ તો ખોટો અને પર છે એટલે એની વાત જ નથી અહીં. જે પર છે એની વાત નથી. અહીં તો સ્વમાં ગુણી એક અને ગુણ અનંત એવી વસ્તુ છે. અહીં તો વિકારથી કહેવું એ વાત નથી. ફક્ત વસ્તુ આમ ચિદાનંદ પરમાત્મા નિજ સ્વરૂપ, એને આ જ્ઞાન તે આત્મા, જાણે તે આત્મા, દેખે તે આત્મા, ઠરે તે આત્મા એટલો વ્યવહારકથન આવે. આચાર્ય કહે છે, ખેદ છે અમને. એટલો વ્યવહાર વચ્ચે આવે છે એ આદરણીય નથી. કહો, પોપટભાઈ! આહાહા..! અહીં તો હજી બહારના આ કરીએ, દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ કરીએ અને પછી કલ્યાણ થાય અને સમ્યગ્દર્શન થાય. એ તો ક્યાંય વાત રહી ગઈ. ભાઈ! એ તો કર્મજન્ય ઉપાધિનો ભાવ, એની તો અહીં વાત લીધી જ નથી. આ તો ગુણીનો ગુણભેદ કરવો એવો વિકલ્પનો ભાવ આવે છે એટલી વાત નાનામાં નાની સમજનારને આવ્યા વિના રહેતી નથી. અને સમજાવનારને પણ એટલો ભેદ પાડ્યા વિના એ સામો (જીવ) સમજી શકે નહિ માટે ભેદ એટલો તો આવે છે. કહો, સમજાણું કાંઈ?

**'हन्त'** ખેદ છે. **'तदपि'** આમાં એ નથી લીધું પણ એનો અર્થ એ. **'तदपि एषः न किश्चित्'** એ **'न किश्चित्'** એટલે જૂઠું. એમ. એની સમજ કરતાં **'एषः न किश्चित्'** તોપણ **'एषः'** નામ ભેદ પાડીને કથન કરવું **'न किश्चित्'** એટલે કાંઈ પણ એમાં છે નહિ. એટલે જૂઠું છે. કહો, સમજાય છે કાંઈ? આ જેને આત્મા સમજવો હોય એને દ્રવ્ય-ગુણ-પર્યાયની જિજ્ઞાસા પહેલી થાય. એમ કહે છે. આત્મા સમજવો એટલે કે એને ધર્મ કરવો છે. તો ધર્મ કરનાર કેવડો છે? ધર્મ શું ચીજ થાય છે? અને ધર્મ કઈ શક્તિમાંથી પ્રગટ થાય છે? એટલી તો એને જાણવાની જિજ્ઞાસા થાય. તો એને જણાવવામાં આટલો ગુણ-ગુણીનો ભેદ પાડી અને બતાવવું (પડે છે). છતાં આચાર્ય કહે છે કે એ તો આદરણીય નથી. એવો ભાવ કથન કરવામાં અને સમજનારને પહેલી ભૂમિકામાં આવે, પણ ખેદ છે. તો પણ. આમ કહીએ તો પણ **'न किश्चित्'** એ ભેદ વસ્તુ કોઈ નથી કાંઈ. સમજાય છે કાંઈ?

**'તોપણ કાંઈ નથી,...'** વ્યવહારનય હસ્તાવલંબ છે. નિમિત્તરૂપે સહાય તરીકે કથન તરીકે કહેવામાં આવે છે. **'તો પણ કાંઈ નથી,...'** **'न किश्चित्'** છે ને? છે તો કીધું. **'एषः'** **'તોપણ કાંઈ નથી, નોંધ (જ્ઞાન, સમજ) કરતાં જૂઠો છે.'** સમજ કરતાં એ બે ભેદ જ નથી. વસ્તુ તે વસ્તુ જ છે. કહો, સમજાણું આમાં? હવે આવી તકરાર (કરે), નહિ. ચોથે, પાંચમે, છઠ્ઠે તો વ્યવહાર જ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે. અહીં કહે છે કે ભેદ પાડીને કથન કરવું એ જૂઠું છે. આહાહા..! કહો, સમજાય છે કાંઈ?

**'તે જીવો કેવા છે જેમને વ્યવહારનય જૂઠો છે?'** એમ. હવે તે જીવ કેવા છે?

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એ પહેલા કહ્યું કે જે સર્વસ્વ ભેદમાં લક્ષ હજી રાગાદિમાં ને એમાં પડ્યો છે. સર્વસ્વ પરમાં રાખ્યું છે રાગમાં પરમાં. એને આ વ્યવહાર સમજાવ્યા વિના છૂટકો નથી. એને વ્યવહારથી સમજવું પણ એને પડે. ગુણીને ગુણ દ્વારા એને ઓળખવાની એને જરૂર છે. હવે કહે છે કે એ વ્યવહાર **'તે જીવો કેવા છે જેમને વ્યવહારનય જૂઠો છે?'** હવે. ઓલાને સમજાવવા માટે તો કહ્યું. સમજાણું કાંઈ? અનંત ગુણરાશિ પ્રભુ, અનંત આનંદનું ધામ આત્મા, એમ એને આનંદના ગુણ દ્વારા ગુણીને ઓળખાવવું એ ભેદ ખરો. પણ એ ભેદ હવે સમજ્યા પછી તો એ ભેદ પણ ખોટો છે. એ ભેદને અનુસરવો નથી. કહેનારે એને અનુસરવો નથી અને સાંભળનારને પણ અનુસરવો નથી. કહો, સમજાણું આમાં? **'તે જીવો કેવા છે જેમને વ્યવહારનય જૂઠો છે?'** સમજાણું કાંઈ?

**'चिच्चमत्कारमात्रं अर्थं अन्तः पश्यतां' 'ચેતના પ્રકાશ...'** ચેતના જાણક પ્રકાશ **'એટલી જ છે શુદ્ધ જીવવસ્તુ,...'** અર્થ-પદાર્થ કેવો છે આત્મા? કે ચેતના એટલો પદાર્થ શુદ્ધ જીવવસ્તુ. એમ અનુભવ કરનારને એ વ્યવહાર કામનો છે નહિ. **'अन्तः पश्यतां'** અંદરમાં પ્રત્યક્ષપણે અનુભવે છે. આ વ્યાખ્યા. **'अन्तः पश्यतां'** અંતર ચૈતન્યમૂર્તિ ભગવાનને અંતર અવલોકનમાં પ્રત્યક્ષ આનંદમાં આવતા અનુભવતાં એ વ્યવહાર જૂઠો છે. કહો, સમજાણું આમાં? એય..! દેવાનુપ્રિયા! ક્યાં હવે આમાં ક્યાંય ઓલી વાત ઊભી રહેતી નથી. ઓહોહો..! એ આ નયવિવિક્ષા કીધી ને? કે ભેદ પાડીને કથન કરવું એ નયવ્યવહારનું કથન. પણ અનુસરનારને એ વાત અનુસરવા લાયક નથી. એનું નામ નયવિવિક્ષા. કહો, સમજાણું આમાં?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ધ્યેય એટલે પણ કહ્યું ને? બીજો કોઈ ઉપાય નથી. એને આત્મા અનંતગુણનો પિંડ અનંત રાશિ શાંતરસ, નિર્મળાનંદ ચૈતન્ય. અહીં તો ચૈતન્યમાત્ર વસ્તુ લીધી ને? ચેતના સાથે બધા ગુણો સાથે (આવી જાય છે). ચેતના **'चमत्कार'** લીધો. જુઓને! ચમત્કાર. જેનો પ્રકાશ જ્ઞાનમૂર્તિ પ્રકાશ છે. એવું શુદ્ધ પદાર્થનું સ્વરૂપ જ્યાં **'अन्तः पश्यतां'** અંતર્મુખના ભેદપણાનો જે વિકલ્પ સમજવા કાળે હતો એને છોડીને જે અંતર અનુભવ દૃષ્ટિમાં ગયો એ આત્માને એ વ્યવહાર કાંઈ નથી. વ્યવહારે કાંઈ મદદ પણ કરી નથી અને વ્યવહાર વસ્તુ જ કંઈ નથી. આહાહા..! કહો, સમજાણું આમાં કાંઈ? **'चिच्चमत्कारमात्रं'** શુદ્ધ જીવ વસ્તુ. એકલો ચૈતન્યસૂર્ય. ચમત્કાર નામ જેમાં પ્રકાશનો પુંજ એકલો છે. એ ચમત્કાર એટલે શું? તેના ચૈતન્યના પ્રકાશમાં બેહદતા, બેહદતા ભરી છે એવી અંતર વસ્તુને **'अन्तः पश्यतां'** અનુભવમાં પશવું એટલે જોવું એટલે અનુભવવું. અંતરને પ્રત્યક્ષપણે વસ્તુને અનુભવતાં એ જૂઠી છે. કહો, શેઠી! ભારે વાત!

**'ભાવાર્થ આમ છે—વસ્તુનો અનુભવ થતાં વચનનો વ્યવહાર સહજ જ છૂટી જાય છે.'** વચનનો વ્યવહાર એટલે આમ લક્ષ કરે છે ને કે આ આમ ગુણ ને ગુણી,

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આ જ્ઞાન તે આત્મા. એવું જે કથન અથવા વિકલ્પ એ વસ્તુના અંતર અનુભવમાં એ વિકલ્પનો વ્યવહાર રહેતો નથી. બોલવાનું રહેતું નથી એટલે સાંભળવાનું પણ રહેતું નથી.

મુમુક્ષુ :- એકલો ચૈતન્યપ્રકાશ રહે છે.

ઉત્તર :- એકલો ચૈતન્યપ્રકાશ તેના અનુભવમાં અનુભવવું, આનંદનું વેદન ચૈતન્ય પ્રકાશનું. એ વસ્તુ થતાં ઓલો વિકલ્પથી સમજવાનું લક્ષ હતું એ જૂઠું થઈ જાય છે. એટલે કે લક્ષ ફરી જાય છે. કહો, સમજાણું કાંઈ આમાં? વાત તો ભાઈ બહુ.. અહીં તો સીધી વાત ચોખ્ખી કહી છે એકદમ. નય, નિક્ષેપ અને પ્રમાણને આવે છે ને? સમજવા આ ને આ. પણ એની અંદર આ ગુણ-ગુણીનો ભેદ સમજવો એ ત્યાં બધું આવ્યું. આ નયથી આને વિસ્તારથી કહેવું હોય ત્યારે. પણ ટૂંકામાં ને ટૂંકામાં અહીં તો લીધું એકદમ. જેને શાસ્ત્રનો અભ્યાસ હોય અને જેને સમજવાની દરકાર હોય અને સમજાવનાર બહુ ટૂંકું કરે તો આટલું તો એને સમજાવવામાં વ્યવહાર આવે.

ભાઈ! તું ચૈતન્ય ચમત્કાર પદાર્થ છો. જુઓ! પદાર્થ અને ચૈતન્યગુણ એમ ભેદ પાડીને (કહ્યું). ભાઈ! તું રાગરૂપ તો નથી, શરીરરૂપ નથી, કર્મરૂપ બાહ્ય સામગ્રીરૂપ તો નથી, પણ કર્મજન્ય નિમિત્તની સામગ્રી વિકલ્પની ઉઠે એ નથી એમ પણ ન કહ્યું અહીંયાં. છે કોણ? ભગવાન ચૈતન્ય અસ્તિ આનંદ એ ગુણ, આ ગુણી. એટલું છે. એટલો વિકલ્પ સમજાવવાનો વ્યવહાર આવ્યા વિના બીજી રીતે કોઈ ઉપાય નથી. છતાં એ વ્યવહાર જ્યાં સુધી એનું લક્ષ સાંભળવા તરફ છે ત્યાં સુધી છે. વસ્તુ તરફ જ્યાં અંતર દૃષ્ટિનો અનુભવ થયો એ લક્ષ છૂટ્યું એટલે વ્યવહાર છે નહિ, જૂઠો છે, લ્યો. કહો, સમજાણું આમાં? આમાં કાંઈ ચાલે એવું નથી કાંઈ. આહાહા..!

**'વસ્તુનો અનુભવ થતાં...'** આ તો વસ્તુ અને વસ્તુનો ગુણ એમ કરીને સમજાવ્યું હતું. અથવા એ સમજનાર વસ્તુમાં ભેદ નથી છતાં આ જ્ઞાન તે આત્મા એમ ભેદ કરીને સમજવાની કોશિશમાં એ પહેલો વિકલ્પ આવ્યો. પણ વસ્તુનો અનુભવ (થતાં) એટલે ગુણ-ગુણીનો ભેદ નીકળી ગયો. એકલો ચૈતન્ય ચમત્કાર વસ્તુ **'अन्तः पश्यतां'** એને જોનારને એટલે અંતર વસ્તુના અનુભવ કરનારને એટલે સમ્યગ્દર્શનના કાળમાં અભેદ ઉપર દૃષ્ટિ જતાં એ અભેદનો અનુભવ થતાં એ લક્ષ પરનું રહેતું નથી. રહેતું નથી એટલે વ્યવહાર જૂઠો થઈ ગયો છે. એમ. સમજાણું કાંઈ? **'વચનનો વ્યવહાર સહજ જ છૂટી જાય છે.'**

**'કેવી છે વસ્તુ?'** ભગવાન આત્મા કેવો છે? અહીં એકલો આત્મા લેવો છે અત્યારે. સમજાય છે? પહેલા સમજાવવા ટાણે તો કીધું હતું, સામાન્ય જીવાદિ પદાર્થોનું. એમ કહ્યું હતું ને? જીવાદિ પદાર્થના દ્રવ્ય-ગુણ-પર્યાય જાણવાનો અભિલાષી. ભાઈ! એમાં બધું લીધું હતું. પછી અહીં મૂળ એક વસ્તુ (લીધી). કારણ કે આ આત્મા શું? એમ કહેતા અહીં પુદ્ગલ શું? એવું એને સમજવાની જિજ્ઞાસા હોય. પછી વસ્તુ શું આત્મા? એને આ ગુણ આ

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ગુણી એવું સમજાવ્યું. એ લક્ષ છૂટી ગયું ત્યારે આત્માનો અનુભવ થયો ત્યાં વ્યવહારમાત્ર રહેતો નથી.

કેવી છે ભગવાન વસ્તુ આત્મતત્ત્વ? **'परमं'** એટલે **'ઉત્કૃષ્ટ છે,...'** અર્થાત્ **'परमं'** એટલે એ જ **'ઉપાદેય છે.'** સમજાય છે કાંઈ? એક સેકન્ડના અસંખ્ય ભાગમાં અખંડાનંદ પૂર્ણ વસ્તુ તરીકે ચૈતન્ય પદાર્થ દ્રવ્ય સ્વરૂપ એ બધી વસ્તુમાં ઉત્કૃષ્ટ છે અથવા એ જ ઉપાદેય છે. **'परमं'** એટલે એ જ અંગીકાર કરવા લાયક છે. અંગીકાર કરવા લાયક કરવાનો અર્થ એ જ તરફની દૃષ્ટિ કરવા લાયક છે. કહો, સમજાણું આમાં? અહીં તો બહુ ટૂંકું અને માખણ છે. આખા શ્લોકો જ એ જાતના ભર્યા છે. **'વળી કેવી છે વસ્તુ?'** એ તો ઉપાદેય કીધી. પણ છે કેવી હવે પરથી રહિત? **'परविरहितं'** ભગવાન વસ્તુ ચૈતન્ય મહાધામ આત્મા કેવી છે ચીજ? કે **'परविरहितं'**. **'पर'** શબ્દે જડ કર્મ, નોકર્મ-શરીર, વાણી, ભાવકર્મ-પુણ્ય-પાપના વિકલ્પનો ભેદ અથવા એ ગુણી અને ગુણના ભેદથી **'विरहितं'** છે. વસ્તુ તો એનાથી રહિત છે. કહો, સમજાણું કાંઈ? એને આત્મા કહીએ. એકલો ચિત્ચમત્કાર અર્થ **'अन्तः पश्यतां'** એકલી ચીજ. પુણ્ય-પાપનો રાગ, શરીર, નોકર્મ અને કર્મ એનાથી રહિત એ વસ્તુ. એ વસ્તુનો અંતર અનુભવ કરવો એનું નામ સમ્યગ્દર્શન. કહો, પોપટભાઈ!

મુમુક્ષુ :- નયાતિક્રાંત

ઉત્તર :- એ નયાતિક્રાંત કહો કે નિશ્ચયનો **'भूदत्थमस्सिदो'** કે નિશ્ચયનય કહો. સમજાણું કે નહિ? **'भूदत्थमस्सिदो खलु'** નિશ્ચયથી એનો આશ્રય. એ તો વિકલ્પવાળી બે નયથી સ્પષ્ટીકરણ થઈ ગયું. નયનો વિષય જે છે અખંડ એને જ જ્યારે નય કહીએ તો એનો આશ્રયમાં અનુભવ કર્યો એ નય થઈ ગઈ. એ શુદ્ધ નય થઈ ગઈ. અનુભવ થયો એ શુદ્ધનય થઈ.

મુમુક્ષુ :- એમાં હા નહિ પાડે.

ઉત્તર :- ના. ના. શું કરે? હા ન પાડે તો ક્યાં જાય એ? એમ કે ઓલા નયાતિક્રાંત કીધું ને. અહીં નય સ્થાપી. એ તો વિકલ્પના ભેદની અપેક્ષાએ નય કીધી છે. આ તો વસ્તુ શુદ્ધનય એટલે જ નિર્વિકલ્પ વસ્તુ. શુદ્ધનય એટલે જ નિર્વિકલ્પ વસ્તુ. સમજાણું કાંઈ? **'ववहारोऽभूदत्थो भूदत्थो देसिदो दु सुद्धणओ।'** શુદ્ધનય નામ ભૂતાર્થ વસ્તુ તે જ શુદ્ધનય છે. **'भूदत्थमस्सिदो खलु'** ભૂતાર્થ ત્રિકાળ જ્ઞાયક એકરૂપ સ્વભાવ એ જ શુદ્ધનય, એ નિર્વિકલ્પ વસ્તુ કહો કે શુદ્ધનય કહો. સમજાણું કાંઈ? આ તો ભાઈ, અંદરના માર્ગ એવા છે. બહારથી ઝઘડા (મૂકીને) અંદરમાં પડે નહિ અને સમજે નહિ તો આ કાંઈ પત્તો ખાય એવું નથી. શાસ્ત્રમાં ઘણા લખાણ આવે વ્યવહારના.

અહીં તો કહે છે કે એ વસ્તુ કેવી છે? એકલો અંદર આદરણીય એટલે લક્ષ કરવા જેવું છે. ધ્યેય કરવા જેવું હોય તો એ પૂર્ણાનંદ પ્રભુ એક વસ્તુ. બસ. એ **'परविरहितं'**

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે. એ વસ્તુ જ વિકલ્પ વિનાની છે. રાગ વિનાની, પુણ્ય વિનાની, શરીર વિનાની વસ્તુ જ એવી છે. એ વસ્તુની અંતર્મુખની દૃષ્ટિ કરવી એમાં એને વ્યવહારમાત્ર કથન હતું એ રહેતું નથી. આનું નામ આત્માની પ્રાપ્તિ, શુદ્ધનયની પ્રાપ્તિ, સમ્યગ્દર્શનની પ્રાપ્તિ, શુદ્ધ અનુભવની પ્રાપ્તિ. આહાહા..! કહો, સમજાણું આમાં? 'विरहितं' છે, 'भिन्न છે.' હવે વિશેષ.

---

(શાર્દૂલવિક્રીડિત)

एकत्वे नियतस्य शुद्धनयतो व्याप्तुर्यदस्यात्मनः
पूर्णज्ञानघनस्य दर्शनमिह द्रव्यान्तरेभ्यः पृथक्।
सम्यग्दर्शनमेतदेव नियमादात्मा च तावानयं
तन्मुक्त्वा नवतत्त्वसन्ततिमिमामात्मायमेकोऽस्तु नः।।६।।

ખંડાન્વય સહિત અર્થ :—"तत् नः अयं एकः आत्मा अस्तु" (तत्) તે કારણથી (नः) અમને (अयं) આ વિદ્યમાન (एकः) શુદ્ધ (आत्मा) ચેતનપદાર્થ (अस्तु) હો. ભાવાર્થ આમ છે—જીવવસ્તુ ચેતનાલક્ષણ તો સહજ જ છે. પરન્તુ જીવ મિથ્યાત્વપરિણામથી ભ્રમિત થયો થકો પોતાના સ્વરૂપને જાણતો નથી, તેથી અજ્ઞાની જ કહેવાય. આથી એમ કહ્યું કે મિથ્યા પરિણામ જવાથી આ જ જીવ પોતાના સ્વરૂપનો અનુભવનશીલ થાઓ. શું કરીને? "इमाम् नवतत्त्वसन्ततिम् मुक्त्वा" (इमाम्) આગળ કહેવામાં આવનાર (नवतत्त्व) જીવ-અજીવ-આસ્રવ-બંધ-સંવર-નિર્જરા-મોક્ષ-પુણ્ય-પાપના (सन्ततिम्) અનાદિ સંબંધને (मुक्त्वा) છોડીને. ભાવાર્થ આમ છે---સંસાર અવસ્થામાં જીવદ્રવ્ય નવ તત્ત્વરૂપ પરિણમ્યું છે તે તો વિભાવપરિણતિ છે, તેથી નવ તત્ત્વરૂપ વસ્તુનો અનુભવ મિથ્યાત્વ છે. "यदस्यात्मनः इह द्रव्यान्तरेभ्यः पृथक् दर्शनम् नियमात् एतदेव सम्यग्दर्शनम्" (यत्) કારણ કે (अस्यात्मनः) આ જ જીવદ્રવ્ય (द्रव्यान्तरेभ्यः पृथक्) સકળ કર્મોપાધિથી રહિત જેવું છે (इह दर्शनम्) તેવો જ પ્રત્યક્ષપણે તેનો અનુભવ, (एतदेव) તે જ (नियमात्) નિશ્ચયથી (सम्यग्दर्शनम्) સમ્યગ્દર્શન છે. ભાવાર્થ આમ છે—સમ્યગ્દર્શન જીવનો ગુણ છે. તે ગુણ સંસાર-અવસ્થામાં વિભાવરૂપ પરિણમ્યો છે; તે જ ગુણ જ્યારે સ્વભાવરૂપ પરિણમે ત્યારે મોક્ષમાર્ગ છે. વિવરણ---સમ્યક્ત્વભાવ થતાં નૂતન જ્ઞાનાવરણાદિ દ્રવ્ય-કર્માસ્રવ મટે છે, પૂર્વબદ્ધ કર્મ નિર્જરે છે; તેથી મોક્ષમાર્ગ છે. અહીં કોઈ આશંકા કરશે કે મોક્ષમાર્ગ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ત્રણેના મળવાથી થાય છે. ઉત્તર આમ છે—શુદ્ધ જીવસ્વરૂપ અનુભવતાં ત્રણેય છે. કેવો છે શુદ્ધ જીવ? "शुद्धनयतः एकत्वे नियतस्य" (शुद्धनयतः) નિર્વિકલ્પ વસ્તુમાત્રની દૃષ્ટિથી જોતાં (एकत्वे) શુદ્ધપણું (नियतस्य) તે-રૂપ છે. ભાવાર્થ આમ છે—જીવનું લક્ષણ

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ચેતના છે. તે ચેતના ત્રણ પ્રકારની છે-એક જ્ઞાનચેતના, એક કર્મચેતના, એક કર્મફળચેતના. તેમાં જ્ઞાનચેતના શુદ્ધ ચેતના છે, બાકીની અશુદ્ધ ચેતના છે. તેમાં અશુદ્ધ ચેતનારૂપ વસ્તુનો સ્વાદ સર્વ જીવોને અનાદિનો પ્રગટ જ છે; તે-રૂપ અનુભવ સમ્યક્ત્વ નથી. શુદ્ધ ચેતનામાત્ર વસ્તુસ્વરૂપનો આસ્વાદ આવે તો સમ્યક્ત્વ છે.* **xxx** વળી કેવી છે જીવવસ્તુ? ''व्याप्तुः'' પોતાના ગુણ-પર્યાયો સહિત છે. આટલું કહીને શુદ્ધપણું દઢ કર્યું છે. કોઈ આશંકા કરશે કે સમ્યક્ત્વગુણ અને જીવવસ્તુનો ભેદ છે કે અભેદ છે? ઉત્તર આમ છે કે અભેદ છે—''आत्मा च तावानयम्'' (अयम्) આ (आत्मा) જીવવસ્તુ (तावान्) સમ્યક્ત્વગુણમાત્ર છે. ૬.

---

## કલશ-૬ ઉપર પ્રવચન

(શાર્દૂલવિક્રીડિત)

एकत्वे नियतस्य शुद्धनयतो व्याप्तुर्यदस्यात्मनः
पूर्णज्ञानघनस्य दर्शनमिह द्रव्यान्तरेभ्यः पृथक्।
सम्यग्दर्शनमेतदेव नियमादात्मा च तावानयं
तन्मुक्त्वा नवतत्त्वसन्ततिमिमामात्मायमेकोऽस्तु नः।।६।।

'नः' એટલે અમને. શું કહે છે? 'तत् नः अयं एकः आत्मा अस्तु' '**તે કારણથી...**' આ કારણે. ક્યા કારણે? ભગવાન આત્મા એક આનંદ ચિદાનંદ ચિત્ચમત્કારમાત્ર વસ્તુ છે. '**તે કારણથી અમને...**' 'नः' એટલે '**અમને...**' એમ થાય છે અહીં. અમને. 'नः' એટલે હમેં એટલે અમને. આચાર્ય પોતે પોતાની વાત મૂકીને વાત કરે છે. પોતાની વાત મૂકીને એટલે? છોડીને એમ નહિ. મૂકીને એટલે પોતાની રાખીને વાત છે એમ.

મુમુક્ષુ :- પોતાની વાત રજુ કરીને.

ઉત્તર :- રજુ કરીને.

'**તે કારણથી અમને આ વિદ્યમાન...**' 'एकः' જુઓ 'एकः' બસ! એનો અર્થ શુદ્ધ. 'एकः' 'अस्तु एकः' ગુણ-ગુણીનો ભેદ એ નહિ. અહીં નવ તત્ત્વનો સંબંધ કહેશે. 'एकः' '**શુદ્ધ ચેતનપદાર્થ...**' આત્માની વ્યાખ્યા કરી. ચેતનપદાર્થ. જ્ઞાયકભાવવાળો પદાર્થ 'હો.' 'अस्तु' અમને એકલો જ્ઞાયકભાવ જ હો. આ સમ્યગ્દર્શનની ભાવના છે. વીતરાગ પર્યાયની ભાવના છે. છે તો ખરી પણ અહીં તો વિશેષ પૂર્ણ થવામાં ભેદ ન રહો એમ ભાવના છે.

---

* પંડિત શ્રી રાજમલજી કૃત ટીકામાં અહીં 'पूर्णज्ञानघनस्य' પદનો અર્થ કરવો રહી ગયો છે, જે અર્થ આ પ્રમાણે કરી શકાય :-વળી કેવો છે શુદ્ધ જીવ? 'पूर्णज्ञानघनस्य' પૂર્ણ સ્વપરગ્રાહકશક્તિનો પુંજ છે.

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**'ભાવાર્થ આમ છે—જીવવસ્તુ ચેતનાલક્ષણ તો સહજ જ છે.'** ભગવાન આત્મા શુદ્ધ જીવ પદાર્થ, ચેતના જેનું લક્ષણ, જાણવું-દેખવું જેનું લક્ષણ એ તો સહજ જ છે. અનાદિથી સહજ જ સ્વભાવ છે. એક વાત. લક્ષણ ચેતનાવાળી વસ્તુ તો સહજ સ્વભાવ છે. હવે એનાથી વિપરીત થયું શું અનાદિથી? **'પરન્તુ જીવ મિથ્યાત્વપરિણામથી ભ્રમિત થયો થકો...'** જુઓ! આવો હોવા છતાં જ્ઞાન અને ચેતન, દર્શન ને જ્ઞાન દ્વારા લક્ષણથી લક્ષિત થાય એવો સહજ વસ્તુનો સ્વભાવ હોવા છતાં અનાદિથી મિથ્યાત્વ પરિણામને કારણે. શું કહ્યું? મોહનીય કર્મને કારણે એમ નથી લીધું. દર્શનમોહને કારણે એમ પણ (નથી લીધું). ક્યાં ગયું ત્યારે ઓલું નિમિત્ત? નયવિવિક્ષાની?

મુમુક્ષુ :- અસ્તિથી વાત કરી છે.

ઉત્તર :- થઈ રહ્યું. અસ્તિથી નહિ. અહીં તો હજી મૂળ મિથ્યાત્વ પરિણામ જ.. અશુદ્ધ ઉપાદાનના પરિણામથી વાત કરી છે. મિથ્યાત્વ પરિણામને કારણે. કેમ કે એણે પોતે એનામાં પ્રગટ કરેલા છે. એ કાંઈ કર્મને લઈને છે એમ છે નહિ. વસ્તુ અખંડાનંદ ચિત્ચમત્કાર પદાર્થને ભૂલી પોતે પોતાનો સહજ સ્વભાવ ચેતનાલક્ષણવાળો હોવા છતાં ભ્રમણા વિપરીત પરિણામને કારણે. જુઓ આમ લીધું. વિપરીત પરિણામને કારણે ભ્રમિત થયો. ભ્રમણામાં ગયો. ભ્રમિત થઈ ગયો ભ્રમિત. **'પોતાના સ્વરૂપને જાણતો નથી,...'** ભગવાન ચિદાનંદ ચમત્કાર વસ્તુ. વિકલ્પ નામ પુણ્ય-પાપના રાગના સ્પર્શથી ભિન્ન છે. પુણ્ય-પાપના વિકલ્પના સ્પર્શથી ભિન્ન છે. એ આગળ કહેશે. નવ તત્ત્વનો અનુભવ મિથ્યાત્વ છે. કારણ કે નવ ભેદને સ્પર્શીને અનુભવે છે. એ વસ્તુ એનામાં નથી. સમજાણું કાંઈ?

**'મિથ્યાત્વપરિણામથી ભ્રમિત થયો થકો...'** ભ્રમણામાં ગયો. ભગવાન આત્મા પૂર્ણાનંદ સ્વભાવે સમગ્રપણે ભરેલો અને એકરૂપ હોવા છતાં. ભ્રમણા **'પોતાના સ્વરૂપને જાણતો નથી,...'** ભ્રમણામાં આ થયું. પોતાનો નિજ આનંદ જ્ઞાતા પૂર્ણ નિર્વિકલ્પ ચીજ પરથી ભિન્ન એને ન જાણી. **'તેથી અજ્ઞાની જ કહેવાય.'** તે કારણે તે આત્માને અજ્ઞાની જ કહેવો છે. પહેલા એમ કહ્યું **'ચેતનાલક્ષણ તો સહજ જ છે.'** પણ આવા કારણે, આવા જીવને અજ્ઞાની જ કહેવાય. કહો, સમજાય છે કાંઈ?

**'આથી એમ કહ્યું કે...'** એત એવ એમ કહ્યું. એ માટે અત એવ. **'એમ કહ્યું કે મિથ્યા પરિણામ જવાથી...'** એ મિથ્યાભ્રમ થયો. પુણ્ય-પાપના વિકલ્પ જે કર્મના નિમિત્તની ઉપાધિ, શરીર, વાણી, મન બધાને પોતાપણે માની અને મિથ્યા પરિણામ ઊભા કર્યા. જે જેની ચીજમાં નથી. શરીર, વાણી, કર્મ તો જેને અડ્યા પણ નથી. એક રાગમાત્ર એક સમયનો પર્યાય એ સ્વભાવને અડ્યો પણ નથી. એવી ચીજને ન જાણતાં અજ્ઞાની થયો થકો. **'મિથ્યા પરિણામ જવાથી...'** એ પરિણામ છે ત્યાં સુધી અજ્ઞાની જ એને કહેવો. આ કેમ કહ્યું? પણ જ્ઞાનસ્વરૂપ છે એને વળી અજ્ઞાની કેમ કહેવો? એ જ્ઞાનાનંદ સ્વરૂપ જ ચિદાનંદ છે

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એને અજ્ઞાની કેમ કહેવો? છે તો એ. પણ પોતાને ન જાણતો, મિથ્યા અભિપ્રાયના પરિણામે પરિણમેલો ભ્રમિત થયેલો પોતાના સ્વરૂપને જાણતો નથી માટે તેને અજ્ઞાની કહેવો. સમજાણું કાંઈ?

**'આથી એમ કહ્યું કે મિથ્યા પરિણામ જવાથી...'** જુઓ! મિથ્યા પરિણામ હતા એ. એ કાંઈ ત્રિકાળી ચીજ નથી. મિથ્યાશ્રદ્ધા, ભ્રમ, અજ્ઞાન, રાગ, દ્વેષ, પુણ્ય, પાપ વિકલ્પ એટલા અસ્તિત્વ ઉપર એની દૃષ્ટિ, એના લક્ષમાં, એના અવલંબનમાં, એના આશ્રયમાં અનાદિ મિથ્યાત્વ પરિણામનો ભાવ એ અજ્ઞાનભાવ હતો અને એ પરિણામ હતા. એ **'પરિણામ જવાથી આ જ જીવ...'** જીવ તો એનો એ ચેતનાલક્ષણે લક્ષિત એવો ભગવાન આત્મા. સમજાણું કાંઈ?

**'જીવ પોતાના સ્વરૂપનો અનુભવનશીલ થાઓ.'** ઓલું પહેલું કહ્યું હતું કે પોતાના સ્વરૂપને જાણતો નથી. અજ્ઞાનમાં. એ જ જ્યારે મિથ્યા પરિણામના ભ્રમને નાશ કરતાં અથવા પરિણામ જવાથી-નાશ થવાથી **'પોતાના સ્વરૂપનો અનુભવનશીલ થાઓ.'** પોતાનો આનંદ અને જ્ઞાનસ્વરૂપ તેનો અનુભવ સ્વભાવવાળો જ છે ઈ. અનુભવનશીલ થાઓ. આહાહા..! સમજાય છે કાંઈ? **'મિથ્યા પરિણામ જવાથી...'** એ ભગવાન પોતાનું સ્વરૂપ અનુભવનશીલ. એના આનંદ અને જ્ઞાનનો જ અનુભવ શીલ નામ સ્વભાવવાળો જ છે એવો થાઓ. મિથ્યા પરિણામ ગયા તો એવો થયો. જેવો વસ્તુનો સ્વભાવ છે એવો પર્યાયમાં અનુભવનશીલ થયો. આ એનું નામ આત્મા કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? કહો, સમજાય છે કે નહિ? આ તો આવું સાંભળ્યું પણ નહોતું ત્યાં કોઈ દી પોણો સો વર્ષમાં. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પોતે .. ભાન નથી એટલે અજ્ઞાની. એમાં અજ્ઞાન બીજું શું? જે જેમ છે તેને ન જાણ્યું તો બીજાને જાણવા રોકાણો. રાગ ને પુણ્ય ને પાપ ને લક્ષ્મી એ કર્યા એ અજ્ઞાન. એ પરિણામ જવાથી, ભ્રમણા ટળવાથી વસ્તુ જે રહી આ એનો અનુભવનશીલ-અનુભવ સ્વભાવવાળો રહ્યો એ આત્મા. રાગના અનુભવવાળો એ કાંઈ આત્મા નથી. એ અજ્ઞાન જ છે.

**'અનુભવનશીલ થાઓ. શું કરીને?'** 'इमाम् नवतत्त्वसन्ततिम् मुक्त्वा' '(इमाम्)' નામ **'આગળ કહેવામાં આવનાર...'** આ 'इमाम्' આ. **'આગળ કહેવામાં આવનાર...'** '(नवतत्त्व)' જુઓ! **'જીવ-'** હું છું એવો વિકલ્પ. આ **'અજીવ-'** શરીરાદિ છે એ. **'આસ્રવ'** પુણ્ય-પાપના ભાવ એ. **'બંધ-'** અટકવું એ. **'સંવર-'** રાગથી રહિત થઈને સંવરદશા થવી, **'નિર્જરા-'** શુદ્ધિ વધવી, **'મોક્ષ-પુણ્ય-પાપ'** પછી બોલ લીધા. સાત કહીને પછી પુણ્ય-પાપ લીધા. સમજાણું? આપણે સમયસારમાં તો જીવ-અજીવ, કર્તા-કર્મ પછી પુણ્ય-પાપ અને પછી આસ્રવ, સંવર, નિર્જરા, બંધ એમ લીધું. અહીં **'જીવ-અજીવ-આસ્રવ-બંધ-**

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

**સંવર-નિર્જરા-મોક્ષ-પુણ્ય-પાપના...'** '**सन्ततिम्**' એટલે કે '**અનાદિ સંબંધને...**' એમ. '**सन्ततिम्**'ની વ્યાખ્યા. એ નવનો ભેદનો જે સંબંધ હતો વિકલ્પમાં કે આ હું જીવ છું, આ અજીવ છે ને આવા નવના ભેદ, એવો જે વિકલ્પ નામ રાગમાં જે સંબંધ હતો, નવ તત્ત્વની સંતતિ. સંતતિ એટલે એનો જે પ્રવાહનો વિકલ્પ, સંબંધ હતો. '**અનાદિ સંબંધને...**' '**मुक्त्वा**' એને 'છોડીને.' એ નવ તત્ત્વના ભેદના સંબંધને છોડીને. કહ્યું ને પહેલું અનુભવનશીલ હોવું. એકલો આત્મા અનુભવનશીલ રહ્યો, સ્વ તરફનો આ એનું નામ આત્મા. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- નવ તત્ત્વ જૂઠાં છે...

ઉત્તર :- નવ તત્ત્વ જૂઠાં. હમણાં કહેશે હજી. જૂઠાં કરતાં આકરું કહેશે.

'**ભાવાર્થ આમ છે—સંસાર અવસ્થામાં...**' સંસારની વિકારી દશા જે આત્માની દશામાં '**જીવદ્રવ્ય નવ તત્ત્વરૂપ પરિણમ્યું છે...**' નવ તત્ત્વના વિકલ્પના ભાવરૂપે, રાગરૂપે એ પર્યાયમાં થયો છે. અભેદપણું છોડીને નવના ભેદપણાના વિકલ્પના સંબંધે સંતતિ અનાદિ સંબંધે પરિણમ્યો છે. એ નથી એમ નહિ પાછું પર્યાયમાં. પર્યાયમાં નવના ભેદરૂપ પરિણમન છે એમ સિદ્ધ કરવું છે. જોયું! '**નવ તત્ત્વરૂપ પરિણમ્યું છે...**' પરિણમ્યો છે. એ પરિણમ્યો છે પોતે. પાછું એમ નથી કહ્યું કે કર્મને લઈને પરિણમ્યો એમ પણ નથી કહ્યું અહીંયાં. પહેલું તો કહી ગયા મિથ્યાત્વ પરિણામને કારણે. પણ અહીં '**સંસાર અવસ્થામાં...**' સંસાર નામ વિકારી દશામાં જીવ પોતે ભગવાન ચિદાનંદ ચૈતન્ય મૂર્તિ પદાર્થ '**નવ તત્ત્વરૂપ...**' નવ ભેદરૂપ '**પરિણમ્યું છે...**' પરિણમ્યો છે. બિલકુલ પર્યાય શુદ્ધ જ છે એમ નથી. સમજાણું કાંઈ? આ તો ભાઈ અધ્યાત્મની મૂળ રહસ્યની વાત છે. એટલે એને માટે તો બહુ સમજવાની જાગૃતિ જોઈએ.

નવ તત્ત્વરૂપ થયો છે. અજીવરૂપ થયો છે જડરૂપે? એ વિકલ્પ થયો છે એ અજીવરૂપે થયો છે. આ અજીવ ને હું આ જીવ ને આ પુણ્ય-પાપ ને એવા ભેદરૂપે ભેદનો વિકલ્પ છે એ જ નવ તત્ત્વનો વિકાર જડ છે. સમજાણું? એના સંબંધને છોડીને. એ નવના ભેદનો વિકલ્પ સ્વભાવ સન્મુખમાં એકાગ્ર થતાં એ છૂટી જાય છે તેને છોડીને એમ કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ?

'**ભાવાર્થ એમ છે—સંસાર-અવસ્થામાં જીવદ્રવ્ય નવ તત્ત્વરૂપ પરિણમ્યું છે તે તો વિભાવપરિણતિ છે,...**' એ વિભાવ પર્યાય છે જીવની. સમજાણું કાંઈ? આમાં તો કર્મનું નામ પણ નથી લીધું અત્યારે તો. ઓલા કેટલાક કહે પણ કર્મનું લેતાં ભડકો છો શું કરવા? એમ કો'ક કહેતું હતું. કોણ કો'ક કહેતું હતું. એ કો'ક કહેતું હતું. હેમરાજજી કહેતા હતા. કો'ક બીજા પૂછતા હતા. આમ કેમ ઉડાડો છો? ભાઈ! સાંભળને હવે. નહિ? કહ્યું હતું ને કો'કે? વિભાવરૂપ પરિણતિ છે. પરિણમ્યો છે તો વિભાવ પરિણતિ છે. જોયું! વિકારની

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


દશા છે. જીવ છું, વિકલ્પ ઉઠે આ અજીવ છે. એ બધા વિકલ્પોનો રાગ વિભાવપરિણતિ છે. વિકારની એક અવસ્થા છે. સમજાય છે કાંઈ?

એ કારણે એ જીવદ્રવ્ય નવ તત્ત્વરૂપ પર્યાયમાં થયો છે અને એ વિકારી પર્યાય છે વિભાવ, **'તેથી નવ તત્ત્વરૂપ વસ્તુનો અનુભવ મિથ્યાત્વ છે.'** આહાહા..! રાડ નાખી જાય. એ ૯૯માં આવી હતી આ વાત, રાજકોટ. નવ તત્ત્વનો .. રાડ નાખે. રાગને ધર્મ માનવો, અજીવને જીવ માનવો એ તો મિથ્યાત્વ. હવે અહીં તો નવ તત્ત્વ વસ્તુનો અનુભવ **'નવ તત્ત્વરૂપ વસ્તુનો અનુભવ મિથ્યાત્વ છે.'** સમજાણું કાંઈ? કેમ કે વસ્તુ તો નિર્વિકલ્પ એકરૂપ અભેદ વસ્તુ છે. ચૈતન્ય વસ્તુ તદ્દન વિકલ્પના રાગ અને મનના સંબંધ વિનાની એકલી ચીજ ભિન્ન અખંડાનંદ પૂર્ણ છે. એને ભેદવાળો અનુભવવો એ મિથ્યાત્વ છે. ...ભાઈ! આહાહા..! સમજાણું? પહેલા તો કહ્યું હતું, નહિ? શુદ્ધ ચૈતન્યમાત્ર એકલી વસ્તુ છે.

**'નવ તત્ત્વરૂપ વસ્તુનો અનુભવ મિથ્યાત્વ છે.'** આહાહા..! ખંડ છે ઈ. સમજાણું કાંઈ? શેઠી! આહાહા..! પહેલાવહેલા સાંભળવા આવે એને તો રાડ નાખી જાય એવું છે, હોં! એ તો દયા, દાન ધર્મ છે, ફલાણું ધર્મ એ કરતાં કરતાં પોકાર કરતાં આવે. એને અહીં કહે.. ભગવાન! વસ્તુ તો એ છે, ભાઈ! પદાર્થ છે ને. અનંત સત્. અનંત અનંત ગુણનું સતરૂપ વસ્તુ છે. વસ્તુ છે તેમાં ગુણ-ગુણી ભેદ પણ ક્યાં છે? એ તો વસ્તુ પદાર્થ છે. એ પદાર્થને એકરૂપે ન અનુભવતા, એક સ્વભાવે, એકરૂપે શુદ્ધ રૂપે ન અનુભવતા નવના ભેદવાળા વિભાવ પરિણતિવાળો અનુભવવો મિથ્યાત્વ છે. કહો, જયંતિભાઈ! ક્યાં હશે આ? નથી? કહેતા હતા ને? ત્યાં પણ આવું હતું. ધૂળમાંય નથી કાંઈ. .. તમારા ઘરેથી જ તે.

આ તો સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વરે જોયેલું તત્ત્વ એ તત્ત્વમાં પણ નવ જોયેલા એ નવ રૂપે અનુભવ આત્મામાં (થવો) એ મિથ્યાત્વ છે. આહાહા..! સમજાણું કાંઈ? વસ્તુ એક સેકન્ડના અસંખ્ય ભાગમાં, પૂર્ણ સત્ત્વ જેનું સત્ત્વ છે આખું એ એક સ્વરૂપે અખંડ આનંદ અને જ્ઞાનની મૂર્તિ વિકલ્પ વિનાની ચીજ. ભેદ જ નથી જેમાં. એવો ભગવાન અભેદ સ્વભાવ, એનો અનુભવ છોડીને, એ નવના ભેદરૂપ અનુભવવો, એ ભેદને અનુસરીને થવું પર્યાયમાં એ મિથ્યાભ્રમ છે. આહાહા..! કહો, શું કહેવું છે? ચીમનભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ વિકલ્પ આવે, કહે છે કે કાઢી નાખવાનો છે એમ કહે છે. આહાહા..! કીધું ને માથે નહોતું કહ્યું? છોડીને કહ્યું હતું ને? **'અનાદિ સંબંધને છોડીને.'** કહ્યું હતું.

**'નવ તત્ત્વરૂપ વસ્તુનો અનુભવ મિથ્યાત્વ છે.'** મોક્ષ એટલે મૂળ મોક્ષ નથી હોં! ઓલો. પણ એનો વિકલ્પ છે કે આવો પૂર્ણ થાય એ મોક્ષ થાય. રાગરહિત થાય એ સંવર થાય. એમ. નવનો ઓલો શુદ્ધ મોક્ષ અને શુદ્ધ સંવર-નિર્જરા એ નથી આમાં. એના ભેદનો વિકલ્પ ઉઠે છે નવનો એ **'નવ તત્ત્વરૂપ વસ્તુનો અનુભવ...'** નવ તત્ત્વરૂપ વસ્તુનો અનુભવ.

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


વસ્તુનો વસ્તુના સ્વરૂપનો અનુભવ એ સમ્યગ્દર્શન છે. અખંડ વસ્તુ એકરૂપનો અનુભવ સમ્યક્ છે. પણ નવ તત્ત્વરૂપ વસ્તુનો અનુભવ મિથ્યાત્વ છે. ભેદના એકલા વિકલ્પનો અનુભવ પર્યાયબુદ્ધિથી, ભેદબુદ્ધિથી, વસ્તુ એવી નથી. સમજાણું? **'નવ તત્ત્વરૂપ વસ્તુનો અનુભવ મિથ્યાત્વ છે.'** એકરૂપ વસ્તુનો અનુભવ એ સમ્યગ્દર્શન છે. સમજાણું કાંઈ?

**'यदस्यात्मनः इह द्रव्यान्तरेभ्यः पृथक् दर्शनम् नियमात् एतदेव सम्यग्दर्शनम्'** જુઓ! 'કારણ કે...' **'यदस्यात्मनः'** 'આજ જીવદ્રવ્ય...' 'આ જ જીવદ્રવ્ય...' એટલે આ આત્મદ્રવ્ય, જીવદ્રવ્ય **'(द्रव्यान्तरेभ्यः पृथक्)'** **'સકળ કર્મોપાધિથી રહિત જેવું છે...'** સકળ કર્મોપાધિથી રહિત જેવું છે એવું જ. એમ પાછું આવશે. એ તો કર્મ દ્રવ્યાંતર એટલે પોતાના દ્રવ્ય સિવાય અનેરા જે દ્રવ્યકર્મ, એની ઉપાધિવાળો. સાંભળો! ધ્યાન રાખીને સાંભળો આમાં. સમજાય નહિ. ખોંખારા ખાય છે. આ આમાં સમજાય નહિ. પકડાય નહિ શું કહે છે આમાં. કારણ કે ધ્યાન આપ્યું નથી કોઈ દી. સમજાણું કાંઈ? આ તો મૂળ રકમની વાત છે. બધી સાંભળી અનંત વાર બીજી સાંભળી એમાં કાંઈ ન મળે. સમજાણું કાંઈ આમાં? શું કહે એમાં વાત સાંભળવી જોઈએ એ સંભળાય નહિ અને સરખી સમજાય અને સંભળાય નહિ એને એ સમજાય કે દી?

મુમુક્ષુ :- આ સમજે એ જ...

ઉત્તર :- આ સમજે એ જ કરવું છે. વળી બીજું શું કરવું છે? કૂદવું છે ક્યાંય? આહાહા..! એ અંતરમાં દૃષ્ટિ કરીને અનુભવવું એ કરવું. કરવાનું બીજું કાંઈ નહિ. શું કરવું છે? કૂદવું છે? વ્રત ને નિયમ ને વિકલ્પ ઉઠાવવા છે? શું છે? આ કરવાનું છે એ કરવું નથી અને ન કરવાનું કરવું એનું નામ કરવું એને માને છે. મિથ્યાત્વને દૃઢ કરે છે. કહો, સમજાણું કાંઈ? એ આસ્રવનો વિકલ્પ, પુણ્ય-પાપનો વિકલ્પને કરવો એ મિથ્યાત્વ છે. નવ તત્ત્વનો અનુભવ એ મિથ્યાત્વ છે. એમ કે આ તો પછી કેટલા વર્ષ? ૨૦ વર્ષ થયા તો આનું આ? હવે કાંઈક નવું તો કરો. નવું શું? ઊંધુ. કેમ દેવાનુપ્રિયા!

આવે ને શું કીધું ઓલામાં? નિયમસારમાં ન કીધું? કર્તવ્ય. **'णियमेण य जं कज्जं'** નિયમથી કરવા લાયક આ જ છે એવો શબ્દ પડ્યો છે નિયમસારમાં. મોક્ષમાર્ગ છે ને મોક્ષમાર્ગ? **'णियमेण य जं कज्जं'** આ જ કરવા લાયક છે. વારંવાર કરી કરીને કરવા લાયક આ છે. એની તો એને કિંમત આવતી નથી. અને થયા વિના હવે બીજું કરો, બીજું કરો. જૈનદર્શન જૈનધર્મી છે એટલે સમ્યગ્દૃષ્ટિ તો છે જ. બસ, થઈ રહ્યું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ના. ના. એ માને નહિ. ઓલા બધા કહે તો ભેગો હા પાડે પછી ત્યાં અંદર. હા. હા. ઓલા કહે કે શું આપણે જૈનધર્મ મિથ્યાદૃષ્ટિ છીએ?

મુમુક્ષુ :- ...

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઉત્તર :- શ્રદ્ધા નથી? છે એમ. એ નવ તત્ત્વની શ્રદ્ધાનો ભેદ તે મિથ્યાત્વ છે. નથી? કોણ કહે છે નથી? ત્યાં એમ પૂછે તમને નવ તત્ત્વની શ્રદ્ધા નથી? છ દ્રવ્યની શ્રદ્ધા નથી? દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા નથી? આત્મા શુદ્ધ છે એની શ્રદ્ધા તમને નથી? હા. તો પછી સમ્યગ્દર્શનમાં રહ્યું શું બાકી? રહ્યું એકલું મિથ્યાત્વ. હજી ખબર નથી સમ્યગ્દર્શન કેમ થાય અને કેવી રીતે રીત છે એની. ત્યાં થઈ ગયા જૈનધર્મમાં સમ્યગ્દષ્ટિ.

મુમુક્ષુ :- આગળ વધવાને માટે...

ઉત્તર :- આગળ વધવાને મિથ્યાત્વમાં જવાને પ્રોત્સાહન છે ધૂળમાં. આવા ને આવા ત્યાં રોકાય.

**'નવ તત્ત્વરૂપ વસ્તુનો અનુભવ મિથ્યાત્વ છે.'** જુઓ સાંભળો. સમજાણું? **'આ જ જીવદ્રવ્ય સકળ કર્મોપાધિથી રહિત જેવું છે તેવો જ...'** જુઓ! **'પ્રત્યક્ષપણે તેનો અનુભવ,...'** **'इह दर्शनम्'** **'इह दर्शनम्'** આ દર્શનની વ્યાખ્યા કરી. **'इह'** એટલે **'તેવો જ...'** **'दर्शनम्'** **'પ્રત્યક્ષપણે તેનો અનુભવ,...'** પ્રત્યક્ષપણે તેનો અનુભવ **'(नियमात्)'** **'નિશ્ચયથી...'** **'एतदेव'** **'एतदेव'** **'તે જ નિશ્ચયથી સમ્યગ્દર્શન છે.'** **'एतदेव सम्यग्दर्शनम्'** સમજાણું? **'(एतदेव)'** એટલે **'તે જ...'** એમાં સમાઈ ગયું ઓલું જોર એવનું. **'एतदेव सम्यग्दर्शनम्'** આ જ સમ્યગ્દર્શન. **'एतद'** એટલું જ સમ્યગ્દર્શન. એમ. સમજાણું કાંઈ? જેવી વસ્તુ કર્મ ઉપાધિથી રહિત. ઉપાધિ શબ્દે? એ વિકલ્પ ઉઠે એ કર્મ ઉપાધિ છે. કર્મ ઉપાધિ છે. જડ ઉપાધિ કર્મ, શરીર આ બહાર. એ સર્વ ઉપાધિ. એકલો નિરૂપાધિ એકરૂપ ચૈતન્ય તત્ત્વ, એના નવ તત્ત્વનું વેદન અને વિકલ્પ એ પણ કર્મની ઉપાધિનું વેદન છે. માટે તેને મિથ્યાત્વ કહ્યું. વસ્તુનો અનુભવ નહિ અને આનું વેદન એ તો અજીવનું વેદન થયું. રાગનું એટલે જીવતત્ત્વનું વેદન ન આવ્યું. એકલા વિકલ્પનું વેદન અજીવનું વેદન છે અને અજીવમાં જીવ એણે માન્યો છે. ઓહોહો..! કહો, સમજાય છે કે નહિ? ભાઈ! દિલ્હી! સમજાય છે કે નહિ? છે એમાં જુઓ. આહાહા..!

એ વસ્તુ કેમ છે અને કેમ પ્રાપ્ત થાય? તેના જ્ઞાનની સમજણ પણ સાચા ન થાય એ અંતર્મુખ વળવાનો પ્રયત્ન જોરદાર કરે શી રીતે? સમજાય છે કાંઈ? એ જોર બહારમાં જાય એનું બધું. હવે આમ કરવું કાંઈક નવું વધારવું કે નહિ? ઢીંકણું કરવું કે નહિ? પણ આ કરવું છે ઈ? કરી ગયો? સમજાણું કાંઈ? **'नियमात्'** **'एतदेव'** નિશ્ચયથી એટલું એ જ સમ્યગ્દર્શન. એમ કહેવું છે અહીં તો. આજ સમ્યગ્દર્શન છે. કહો, સમજાણું? હજી અહીં સમ્યગ્દર્શનની વાત ચાલે છે. આ નિશ્ચય સમ્યગ્દર્શન આ. વ્યવહાર-ફ્યવહાર સમ્યગ્દર્શન એ સમ્યગ્દર્શન નથી. એ તો વિકલ્પને ઉપચારથી કહેવામાં આવે છે. એ વસ્તુ જ નથી. વસ્તુ જ નથી. સમજાણું? આહાહા..! બહુ પણ સાહસ છે ને. ભણીગણીને સાહસ કાઢ્યું. સાહસ કર્યું.

મુમુક્ષુ :- ભણીને કે ભણીને ભૂલે નહિ.

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

ઉત્તર :- ભણીને માન્યું છે કે અમે ભણ્યા છીએ. અમને આમ આવડે છે. ધવલ ને જય ધવલ ને મહાધવલ ને. અરે..! ભગવાન! ધવલ એ મુનિઓ સંતોના કહેલા છે. એમાં તે વિપરીત હોય ક્યાંય? સમજાણું કાંઈ?

'**(इह दर्शनम्)**' '**તેવો જ પ્રત્યક્ષપણે તેનો અનુભવ,...**' પ્રત્યક્ષપણે એ જ્ઞાનની પર્યાયની અપેક્ષાએ વાત છે. સમજાય છે? પણ પ્રત્યક્ષ કેમ લીધું? કે ઓલો વિકલ્પનું અવલંબન નથી એટલે એને પ્રત્યક્ષપણે અનુભવ '**તે જ નિશ્ચયથી સમ્યગ્દર્શન છે.**' એ છે તો જ્ઞાન પ્રત્યક્ષપણું. પણ એમાં એ જ્ઞાનમાં એ પ્રતીત થઈ, ભાનમાં એથી એને સમ્યગ્દર્શન કહ્યું. નહિતર પ્રત્યક્ષપણું સમ્યગ્દર્શનને લાગુ નથી પડતું. સમજાય છે કાંઈ? સમ્યગ્દર્શન પ્રત્યક્ષ અને પરોક્ષ એમ ભેદ નથી. પ્રત્યક્ષ અને પરોક્ષ ભેદ જ્ઞાનમાં છે. પણ આ અનુભવ પ્રત્યક્ષ છે એ સમ્યગ્દર્શન હોય ત્યાં જ હોય એમ કહીને એ પ્રત્યક્ષ અનુભવ એ નિશ્ચયથી એ જ સમ્યગ્દર્શન એમ કહ્યું. નહિતર તો આટલો આમાં ફેર પડે બેના લક્ષણમાં. સમજાય છે? શું કહ્યું ઈ?

'**આ જીવદ્રવ્ય સકળ કર્મોપાધિથી રહિત જેવું છે તેવો જ પ્રત્યક્ષપણે તેનો અનુભવ,...**' એ તો જ્ઞાન થયું. પ્રત્યક્ષપણું અનુભવ આ વસ્તુ અખંડ એમ જે અનુભવ જ્ઞાનમાં થયો એ '**તે જ નિશ્ચયથી સમ્યગ્દર્શન છે.**' એમ કહ્યું. કેમ કે એ અનુભવનું જ્ઞાન, એમાં આ દર્શન ભેગું આવી જાય છે. સમ્યગ્દર્શન વિના અનુભવજ્ઞાન હોય નહિ અને અનુભવજ્ઞાન સમ્યગ્દર્શન વિના હોય નહિ. અરસપરસ. બેય એટલે એને સ્વભાવનું અંતર એકરૂપ વેદન થયું એ જ્ઞાનનું પ્રત્યક્ષપણું થયું, આનંદનું પણ વેદન થયું, પણ આ પ્રત્યક્ષ સમ્યગ્દર્શન એને કીધું એ અનુભવને પ્રત્યક્ષ સમકિત કહેવું. સમજાણું કાંઈ? તો કહે છે કે એ કાળે જે પ્રતીત થઈ તેને અમે સમ્યગ્દર્શન કહીએ છીએ. આ સમજે નહિ પછી પડિમા લઈ લ્યો અને વ્રત લઈ લ્યો. એ કહે છે એમાં ઈ એમ કહે છે. આહાહા..!

મુમુક્ષુ :- શુભ-અશુભની વ્યાખ્યા કરી.

ઉત્તર :- શુભ-અશુભની વ્યાખ્યા કરે છે. ધર્મની વ્યાખ્યા ચાલે ત્યાં શુભ-અશુભનું શું? એનો અનુભવ તો મિથ્યાત્વ છે.

મુમુક્ષુ :- .. પાકી કરી લીધી છે.

ઉત્તર :- પાકી કરી લીધી છે. ઠીક! હવે પાછું શુભ કરવાનું રહ્યું એને. શુભ કરવાનું તો પાકુ ક્યાં કર્યું છે? એય..! દેવાનુપ્રિયા! આ તો વધારે સ્પષ્ટીકરણ માગે છે, હોં! એમ કહીને ... આહાહા.! પણ ટીકા કરી છે ને. ભાવગ્રાહી એટલી છે. જે ભાવ ભર્યા છે ને ..માં એની ટીકા છે. ઓહોહો..! આ પુસ્તક બહાર કેટલા વર્ષે આવ્યું! સમજાણું? આવવા કાળે આવ્યું અને હજી ઓલો મોકલતો નથી. ફૂલચંદજીને લખો. આ જવાબ! પહેલા તને કીધું હતું ને તેં મોકલ્યા, હવે ફૂલચંદજીને ક્યાંથી આવ્યું પાછું? એ પણ એક પ્રકાર છે ને

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જગતમાં.

**'ભાવાર્થ આમ છે—સમ્યગ્દર્શન જીવનો ગુણ છે.'** સમ્યગ્દર્શન જીવનો ગુણ છે. **'તે ગુણ સંસાર-અવસ્થામાં વિભાવરૂપ પરિણમ્યો છે;...'** જુઓ! ભગવાન આત્મા એમાં સમ્યગ્દર્શન ત્રિકાળ એક ગુણ છે. જ્ઞાનગુણ છે એમ ગુણ છે. એ સંસાર દશામાં વિકારરૂપે પરિણમ્યો છે, મિથ્યાત્વરૂપે પરિણમ્યો છે ઈ. સમજાણું કાંઈ? ભગવાન આત્મા પૂર્ણ વસ્તુ એમાં એ સમ્યગ્દર્શન નામનો અંતર ગુણ છે ત્રિકાળી શ્રદ્ધાગુણ. એ સંસાર અવસ્થામાં પર્યાયમાં વિકારરૂપે પરિણમ્યો છે એ સમ્યક્‌ગુણ. એનું નામ મિથ્યાત્વ છે.

**'તે જ ગુણ જ્યારે સ્વભાવરૂપ પરિણમે ત્યારે મોક્ષમાર્ગ છે.'** દેખો! અહીં તો એકદમ ફટ મોક્ષમાર્ગ ચોથે. એ સમ્યગ્દર્શન ગુણ જ સ્વભાવરૂપ પરિણમે, પોતાના અભેદ સ્વભાવરૂપે પર્યાય પરિણમે ત્યારે મોક્ષમાર્ગ છે. સંસાર અવસ્થામાં વિભાવરૂપ પરિણમ્યો એ સંસાર માર્ગ છે. દેખો અહીં તો સમ્યગ્દર્શનને મોક્ષમાર્ગ કહ્યો પાધરો પહેલેથી. ... કહે છે ને? ત્રણ જોઈએ ને? એ ત્રણે આવી ગયા. સાંભળને. **'તે જ ગુણ જ્યારે સ્વભાવરૂપ પરિણમે...'** ભગવાન આત્મા શ્રદ્ધાગુણ તો ત્રિકાળ એનામાં પડ્યો છે. વસ્તુ હોય, ગુણ હોય એ ક્યાં જાય? એની વર્તમાન દશા અનાદિથી વિકારરૂપે પુણ્ય-પાપના અસ્તિત્વમાં, ભેદના અસ્તિત્વમાં પરિણમનારો મિથ્યાત્વરૂપે પર્યાય થઈ છે. એ જ્યારે સ્વભાવરૂપ પરિણમન થતાં ભગવાન એ જ ગુણની પર્યાય નિર્મળ પ્રગટ કરતાં એ મોક્ષમાર્ગ છે. એને મોક્ષમાર્ગ કહીએ. ત્રિકાળ જ્ઞાયકભાવમાં શ્રદ્ધાગુણની પર્યાય જે નિર્મળ થઈ, શુદ્ધ અભેદનું પરિણમન કરીને વિભાવનો નાશ થયો, સમ્યક્‌ની પર્યાય ઉત્પન્ન થઈ એટલે પરિણમ્યો. ઉત્પન્ન થઈ એટલે. એ જ મોક્ષમાર્ગ છે. **'ત્યારે મોક્ષમાર્ગ છે.'** ત્યારે મોક્ષમાર્ગ છે. ચોથેથી. ઓલા કહે, નહિ. ફલાણું છે, ઢીંકણું છે. બધાને ગાંડા.. પાગલ છે. સમજાણું કાંઈ? આવા વીતરાગ પરમદર્શન સનાતન સત્ય વાત જ્યારે બહાર આવી એની સામે આટલો હુમલો મોટો.

સ્વભાવરૂપ પરિણમે. ભગવાન અનંતગુણરાશિ ચૈતન્ય પુંજ એ પોતાના સ્વભાવરૂપે પર્યાય થઈ, અભેદપણે પરિણમ્યો એ મોક્ષમાર્ગ છે. નિર્મળ પર્યાય સમ્યગ્દર્શને પરિણમ્યો એ જ મોક્ષમાર્ગ છે. સમજાણું કાંઈ? **'વિવરણ—સમ્યક્‌ત્વભાવ થતાં...'** એ સમ્યક્ શ્રદ્ધા-જ્ઞાનની પર્યાયપણે નિર્મળ સમ્યક્ થયું. **'નૂતન જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્માસ્રવ મટે છે,...'** નૂતન નામ નવું જ્ઞાનાવરણીય દ્રવ્યકર્મ નથી થતાં. સાંભળ. આહાહા..! સમ્યગ્દર્શન આત્માનું ભાન થતાં મોક્ષમાર્ગ થયો એ તો મોક્ષમાર્ગ-છૂટવાનો માર્ગ થયો. **'જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્માસ્રવ...'** જ્ઞાનાવરણીયાદિ દ્રવ્ય જડ એનો આસ્રવ આવતા હતા, એ **'મટે છે,...'** એ સમ્યગ્દષ્ટિને જ્ઞાનાવરણીય કર્મ આવતા નથી.

મુમુક્ષુ :- ... નિધાન મળ્યા.

ઉત્તર :- એ નિધાન ભર્યા છે એમાં આત્મામાં. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## વીર સંવત-૨૪૯૧, ફાગણ સુદ ૧૨, રવિવાર, તા. ૧૪-૩-૧૯૬૫, કલશ-૬
## પ્રવચન નં. ૮

કેમ આવી વાત કરી? એને શંકા કેમ ઉત્પન્ન થઈ? ભાવાર્થ. આ બાજુ છે ને સાતમે પાને? કે આ આત્માને સમ્યગ્દર્શન થતાં એને નવા કર્મનો બંધ થતો નથી અને જૂના કર્મ ટળી જાય છે. એમ અહીંયાં સિદ્ધ કરે છે. ભાવાર્થ જુઓ. '**સમ્યગ્દર્શન જીવનો ગુણ છે.**' આત્મા ત્રિકાળ શુદ્ધ અખંડ આનંદ અને જ્ઞાયક જેનું રૂપ આત્માનું છે. એનો અંતર અનુભવ થતાં પુણ્ય-પાપના વિકલ્પો અને શરીર, કર્મથી લક્ષ અને એનું ધ્યેય છોડીને પૂર્ણ સ્વભાવના અંતર્મુખના ધ્યેયે સ્વરૂપનો અનુભવ અને દૃષ્ટિ થઈ એ સમ્યક્‌ગુણ કહેવામાં આવે છે. એ સમ્યક્‌ગુણ જીવનો એક ગુણ છે. આમ વર્તમાન પ્રગટરૂપે એક પર્યાય છે. પણ આમ એક ગુણ ત્રિકાળ છે.

'**તે ગુણ સંસાર-અવસ્થામાં વિભાવરૂપ પરિણમ્યો છે;...**' મિથ્યાત્વ એક સમયની અવસ્થા, રાગ-દ્વેષાદિને પોતાપણે માની અને જે એમાં અવસ્થારૂપે પરિણમવું એનું નામ વિભાવરૂપ મિથ્યાત્વ પરિણમન કહેવામાં આવે છે. સમજાય છે આમાં? '**તે જ ગુણ જ્યારે સ્વભાવરૂપ પરિણમે...**' આત્મા અનંત અનંત ગુણનો રાશિ એવો ભગવાન પોતાના સ્વભાવની માહાત્મ્ય દૃષ્ટિ કરીને અંતર્મુખના પરિણમનપણે જ્યારે પરિણમે ત્યારે તે સ્વભાવ સમ્યગ્દર્શનપણાને પામ્યો કહેવાય. તે '**મોક્ષમાર્ગ છે.**' બહુ ટૂંકું! '**ત્યારે મોક્ષમાર્ગ છે.**' જુઓ! સમજાય છે કાંઈ? એક સમયમાં એકરૂપ વસ્તુ અનંતગુણ જે શુદ્ધ ધ્રુવ એનું એકરૂપ કે જેનું સામાન્ય એકરૂપ. એટલે કે જેમાં ભેદ-ગુણભેદ નહિ. એવા અનંતગુણનું એકરૂપ એવો જે આત્મા, એના ઉપરની એકાકાર દૃષ્ટિ થતાં જે સમ્યગ્દર્શનરૂપી પર્યાય પરિણમી એને અહીંયાં મોક્ષમાર્ગ કહેવામાં આવે છે. કહો, સમજાણું અહીં?

'**વિવરણ-**' એનું કથન. અહીં તો એકલું માખણ ભર્યું છે આમાં. કહો, જયંતિભાઈ! સમ્યગ્દર્શન એટલે દેવ-ગુરુ-શાસ્ત્રની માન્યતા એ કાંઈ સમ્યગ્દર્શન નથી. સમજાય છે? નવ તત્ત્વનો જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષ અને પુણ્ય-પાપ એના અનેકરૂપતાના ભેદરૂપનો અનુભવ એ પણ મિથ્યાત્વભાવ છે. કારણ કે વસ્તુ એવડી અને એટલી નથી. સમજાય છે કાંઈ? કહો, ભગવાનભાઈ! અહીં તો નવ તત્ત્વનો અનુભવ મિથ્યાત્વ છે અહીં સુધી આવ્યું. ક્યાં કરવું આ તો હવે ઓલા સામાયિક, પોષા ને પડિક્કમણા ને. એય..! દેવાનુપ્રિયા! લે. ક્યાંનું ક્યાં માર્યું, એ ઊંધું માર્યું. દાખલો ન આપ્યો સરખો. ભેદરત્નત્રય એટલે વ્યવહાર. વ્યવહાર એટલે કે નહિ. એમ. અહીં અભેદરત્નત્રય એ જ રત્નત્રય છે. ભેદ

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


નહિ. એ બે તો જ્ઞાન કરાવવા પ્રમાણનું જ્ઞાન કરાવવા બે પ્રકાર કહ્યાં. વસ્તુ બે પ્રકારે છે જ નહિ. શું કહ્યું?

એક અખંડ ચૈતન્યજ્યોત પૂર્ણ આનંદકંદ એવો આત્મા. એ એકરૂપ આત્માની, એકરૂપ અંતરમાં નિર્મળ પ્રતીતિનો અનુભવ એને જ... અહીં આવી ગયું છે ને, જુઓને માથે નથી? '**તેવો જ પ્રત્યક્ષપણે તેનો અનુભવ, તે જ નિશ્ચયથી સમ્યગ્દર્શન છે.**' તે જ એટલે '**एतदेव**' એટલે એવડું અને 'તે જ...' સમ્યગ્દર્શન છે. કાલે આવ્યું હતું. દેવાનુપ્રિયા!

મુમુક્ષુ :- રહી ગયું હતું ને વ્યવહાર...

ઉત્તર :- પણ એ વ્યવહાર, વ્યવહાર છે જ નહિ. વ્યવહાર વિકલ્પથી પણ પાર વસ્તુ છે ચૈતન્યમૂર્તિ અખંડ આનંદકંદ ધ્રુવ. એના અંતરમાં સમ્યક્પણાનું સત્યપણું જે એનું સ્વરૂપ પૂર્ણાનંદ છે એવા સત્યપણે એની પરિણતિ નામ પર્યાયનું થવું થાય એને સમ્યગ્દર્શન કહે છે. ભેદરત્નત્રય તો વિકલ્પ છે. વિકલ્પ છે એ કાંઈ સમ્યગ્દર્શન નથી. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...યત્નસાધ્ય નથી, સહજ છે.

ઉત્તર :- પુરુષાર્થ સાધ્ય છે. એ યત્નસાધ્ય અપેક્ષાએ કહ્યું છે. આમ કરીને, આમ કરીને ભેદથી સાધવું, આમ થાય ને આમ કરું તો આમ થાય. એમ નથી. જ્ઞાનસ્વરૂપે યત્નસાધ્ય છે. સહજ વસ્તુ શુદ્ધ ચૈતન્યમૂર્તિ એક સમયમાં જ્યાં આમ કરું, આ કરું એવું જ્યાં નથી. સમજાણું કાંઈ? પૂર્ણ પ્રભુ, એના સન્મુખ અંતર જતાં આમ કરું કે આ કરું એ ન કરું એમ કરવું એ ઠરવું. કરવું એ ગયું ને ઠરવું થયું. એનું નામ અહીંયા સહજ સાધ્ય આત્મા કહેવામાં આવે છે. એ આવ્યું ને લખાણ આવ્યું હતું. .. કરે ને. યત્નસાધ્ય નથી? તો શું પછી આ યત્નસાધ્ય છે? આ સામાયિક, પોષા, પડિક્કમણા રાગ કરવો એ? કહો, સમજાણું કાંઈ? એ રાગ છે, એ યત્ન છે. પુરુષાર્થ ઊંધો ઉલ્ટો છે વિકલ્પાત્મક. એક સમયમાં સચ્ચિદાનંદ પૂર્ણ સ્વરૂપ એકરૂપ એવો પૂર્ણ પ્રભુ આત્મા, એમાં સાવધાનપણે સન્મુખ થઈને, પરથી, ભેદથી, વિકલ્પથી વિમુખ થઈને અંતરમાં પરિણમન સત્યનું થવું એને સમ્યગ્દર્શન કહે છે. એ જ મોક્ષમાર્ગ છે. જ્યારે આમ થાય ત્યારે એને મોક્ષમાર્ગ કહેવાય.

'**સમ્યક્ત્વભાવ થતાં...**' એવું સમ્યક્... વ્યવહાર તો બંધનનું કારણ છે. એ કાંઈ મોક્ષમાર્ગ નથી. એની વાત પણ કરી નથી. આ '**સમ્યક્ત્વભાવ...**' શ્રદ્ધાતત્ત્વનું સ્વરૂપ શું છે એ હજી લોકોને કઠણ (પડે છે). શ્રદ્ધાતત્ત્વ જે સમ્યક્તત્ત્વ, જે સંવર-નિર્જરારૂપી સમ્યક્ત્વ ભાવરૂપ તત્ત્વ એ તો સ્વભાવના અંતર્મુખ થઈને થાય તેને સમ્યક્ત્વરૂપ શ્રદ્ધાતત્ત્વરૂપ ભાવ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

ભગવાન આખો આત્મા પૂર્ણ પરમેશ્વર. કહ્યું નહોતું સવારમાં? જેમાં અનંતા પરમાત્મા પડ્યા છે. વસ્તુ એક અને પર્યાય પરમાત્માની અનંતી જેમાં પડી છે. .. એવો શબ્દ આવે છે ને? ... આવે છે એમાં. પ્રગટ થાય છે, પ્રગટ થાય છે. ભગવાન આત્મામાં.. ચૈતન્ય

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


રત્નાકર આવે છે ને ત્યાં? ચૈતન્ય રત્નાકર મહાસમુદ્ર. ભગવાન આખો ચૈતન્ય રત્નાકર, એક સમયમાં અનંત અનંતગુણનો રત્નાકર આત્મા, સમ્યક્ પ્રકારે પ્રગટ થાય છે. .... પ્રગટ થાય છે.

ભગવાન આત્મા એના સ્વભાવની સન્મુખની મહિમા કરતાં જ્યાં અંતર દૃષ્ટિ પ્રગટ થાય છે કે હું પૂર્ણાનંદ શુદ્ધ ચૈતન્ય જ્યોત છું. એવું અંતરમાં ભાન થવું, અનુભવ થવો એને ધર્મની શરૂઆતનું સમ્યગ્દર્શન કહે છે. કહો, સમજાય છે કાંઈ? એ ભાવ થતાં. જુઓ! એ ભાવ થતાં. થતાં એટલે ઉત્પન્ન થવાથી '**નૂતન જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્માસ્રવ મટે છે,...**' નવા આઠ કર્મનું બંધન તેને થતું નથી. નૂતન નામ નવા. '**જ્ઞાનાવરણાદિ...**' આઠેય કર્મો. ચારિત્રમોહાદિ '**દ્રવ્યકર્માસ્રવ...**' કર્મનું જે આવવું તે મટી જાય છે.

'**પૂર્વબદ્ધ કર્મ નિર્જરે છે;...**' એ સમ્યક્ત્વભાવ થતાં.. ભગવાન આત્મા પૂર્ણ શુદ્ધને ધ્યેયમાં લઈને જે ભાવ સમ્યક્પણે પરિણમ્યો-થયો તેથી તેને અજ્ઞાનભાવે બંધાયેલા જે કર્મો હતા, પૂર્વે બંધાયેલા કર્મ ગળી જાય છે, નિર્જરી જાય છે. સમજાય છે કાંઈ? સ્વરૂપના સમ્યક્ભાવરૂપે પરિણમન થતાં વિષમભાવથી પૂર્વે બંધાયેલા કર્મો સમ્યક્ત્વભાવે તે ગળી, ટળીને નિર્જરી જાય છે. પોપટભાઈ! બહુ આકરી વાત આ તો. અહીં તો સમ્યગ્દર્શન (થયું) એને આઠેય કર્મ છે જ નહિ. જા. થોડો રાગ છે અને થોડું બંધન એ બધું જ્ઞેયમાં છે. એ જ્ઞાનમાં નથી, વસ્તુમાં નથી. સમજાણું કાંઈ?

'**તેથી મોક્ષમાર્ગ છે.**' આ કારણે સમ્યક્ત્વભાવ થતાં સત્યદષ્ટિનો અનુભવ ભાન. સત્ય વસ્તુ એનું સમ્યગ્દષ્ટિનું સત્ત્વપણું પરિણમતાં એને નવા કર્મનો આસ્રવ આઠેય કર્મ આવતા નથી અને વિષમભાવે બંધાયેલા કર્મ તે ટાણે સમ્યક્ભાવના કાળમાં તે ગળીને ટળી જાય છે. આહાહા..! જયંતિભાઈ! કર્મનું ગળવું-ટળવું આવતું હતું ત્યાં ક્યાંય? ત્રણ દી રહ્યા ત્યાં. મહાબળેશ્વર. અરે..! ભગવાન! આ માર્ગ જ કોઈ જુદી જાતનો. હવે આત્માની વાત આવી, તો કહે, જુઓ! આત્મા આમ કહે છે. જુઓ! ત્યાં પણ આત્મા આવે છે. આવે ખરો. આ નામ નહોતું આવ્યું તો હવે આવે આત્મા. બે-પાંચ-દસ વાર નામ આવે. આત્મા આવો છે.. આત્મા આવો છે... ભાઈ! આત્માના નામ પાડ્યા પણ આત્મા કહેવો કોને?

આત્મા એટલે કે પરમસ્વરૂપનો પરમાત્માનો ભંડાર તે આત્મા. સમજાય છે કાંઈ? જેમાં વિકારની આસ્રવ, બંધના પરિણામની ગંધ નથી. કર્મનો પણ ખરેખર સંબંધ નથી અને વિકારનો ભાવબંધ નથી. એવી ચૈતન્યમૂર્તિ જ્ઞાયક જ્યોત જુદો ચૈતન્યસૂર્ય એનું અંતરમાં પુરુષાર્થ દ્વારા પ્રયત્નથી, પરમાંથી પાછો ખસી સ્વભાવ તરફમાં ઢળતાં જે સમ્યક્ સત્ય ભાવરૂપે, સમ્યક્સત્ય ભાવરૂપે પરિણમવું થયું તે જ એક મોક્ષમાર્ગ છે. તે મોક્ષમાર્ગ થતાં નવા કર્મ જે બંધનને યોગ્ય હોય એ એને હોતા નથી. અને પૂર્વે બંધન હતા એ આવા સમ્યક્ભાવ થતાં તે બંધભાવ તેને ગળી જાય છે. ઓહોહો..! હિંમતભાઈ!

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

**'અહીં કોઈ આશંકા કરશે...'** એમણે એટલું તો લીધું છે કે ન સમજાય એવા જીવો કદાચિત આશંકા કરે. આ ખોટું છે એવા જીવોને એણે લક્ષમાં લીધા નથી. એવાની વાત પણ કરી નથી. એવા જીવ લીધા છે. સમજાણું આમાં? **'અહીં કોઈ આશંકા કરશે...'** કદાચિત્ તેની સમજમાં આ વાત ઘડ ન બેસે. આ શું? સમ્યગ્દર્શન થતાં કર્મ બંધાય જ નહિ? અને સમ્યગ્દર્શન થતાં પૂર્વના ગળી જ જાય? શું કહો છો તમે આ? એક જ સમ્યગ્દર્શન? શાસ્ત્રમાં તો ત્રણ ચાલ્યા છે. સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રાણી મોક્ષમાર્ગઃ એવું જેને સમજવાની આશંકા છે એ આશંકા (કરતાં કહે છે), **'મોક્ષમાર્ગ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ત્રણેના મળવાથી થાય છે.'** મોક્ષમાર્ગ તો સમ્યગ્દર્શનનો ભાવ, સમ્યગ્જ્ઞાનનો ભાવ, સમ્યક્ લીનતા-ચારિત્રનો ભાવ, ત્રણના મિલનથી, ત્રણના એકત્વથી, ત્રણના મેળથી મોક્ષમાર્ગ છે એમ આશંકા કરનારે શંકા આ જાતની સમજવા માટે કરી છે. સમજાણું આમાં?

ગ્રંથકારે જ્યારે એમ કહ્યું કે **'સમ્યક્ત્વભાવ થતાં...'** નવા કર્મો આવતા નથી, જૂના બંધાયેલા રહેતા નથી. નવા આવતા નથી, જૂના ટકેલા રહેતા નથી. ઊભા રહેતા નથી એ ત્યાં. આહાહા..! વસ્તુ એક જ સેકન્ડના અસંખ્ય ભાગમાં પરમ અનંત અનંત બેહદ આનંદ આદિ અનંત રત્નનો સમુદ્ર એવો ભગવાન સ્વભાવ સમુદ્ર, એના ઉપર અંતરમાં વિશ્વાસ અને રુચિ ગઈ. ઓહો..! આ આત્મા હું, એમ અંતર અનુભવ જ્ઞાનમાં આવ્યો અને એમાં પ્રતીત થઈ કે આ જ આત્મા. આનંદનું વેદન અને જ્ઞાનની સમ્યક્તાના સામર્થ્યનું વેદન એ જ વેદનનો અંશવાળો આખું તત્ત્વ આ જ છે એમ જ્યાં અનુભવમાં સમ્યક્ ભાવે આવ્યું એ ભાવે કર્મ બંધાય નહિ, એ ભાવની ભૂમિકામાં પૂર્વના બંધાયેલા ટકી રહે નહિ, ઊભા ન રહે. ગળી જાય. એમ અહીંયાં કહેવામાં આવે છે. ત્યારે શિષ્યે પ્રશ્ન કર્યો આ શું? શાસ્ત્રમાં તો **'સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ત્રણેના મળવાથી થાય છે.'** મોક્ષમાર્ગ તો.

**'ઉત્તર આમ છે—શુદ્ધ જીવસ્વરૂપ અનુભવતાં...'** ભગવાન પરમાનંદ શુદ્ધ ચૈતન્ય આત્મા પૂર્ણાનંદ પ્રભુ પોતે નિજ સ્વરૂપ એનો અનુભવ કરતાં. એનો અનુભવ એટલે એના સન્મુખમાં એનું જ્ઞાન, એની શ્રદ્ધા અને એમાં લીનતા અનુભવ એ કરતાં 'ત્રણેય છે.' ત્રણેય છે. એમાં ત્રણેય આવી જાય છે. કહો, સમજાણું આમાં? પૂર્ણ શુદ્ધ સ્વરૂપ આખું મહાન તત્ત્વ, મહાન પદાર્થ પ્રભુ, અંતરમાં જ્ઞાન એનું થવું એ જ્ઞાનપણ આવ્યું, આ જ વસ્તુ એવી પ્રતીત સમ્યગ્દર્શન આવ્યું, એમાં આચરણરૂપ આનંદમાં ઠર્યો છે એ સ્વરૂપ આચરણરૂપ ચારિત્ર પણ આવ્યું. કહો, સમજાય છે આમાં કાંઈ? 'ત્રણેય છે.'

**'કેવો છે શુદ્ધ જીવ?'** કેવો છે એ શુદ્ધ ભગવાન આત્મા અંદર? **'शुद्धनयतः एकत्वे नियतस्य'** ભારે ટૂકડા પણ અમૃતના ભર્યા છે એકલાં. આહા..! 'शुद्धनयतः' 'शुद्धनयतः' 'शुद्धनयतः' શુદ્ધનયથી. એટલે કે **'નિર્વિકલ્પ વસ્તુમાત્રની દષ્ટિથી...'** 'शुद्धनयतः' એટલે આમ તો શુદ્ધનયથી દેખીએ. એટલે કે **'નિર્વિકલ્પ વસ્તુમાત્રની દષ્ટિથી જોતાં...'**.

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



'**शुद्धनयतः**' એટલે આમ તો શુદ્ધનયથી દેખીએ એટલે કે નિર્વિકલ્પ વસ્તુમાત્રની દૃષ્ટિથી જોતાં. '**शुद्धनयतः**' શુદ્ધનય એમ નહિ. '**शुद्धनयतः**' શુદ્ધનયથી જોઈએ એટલે કે શુદ્ધ જીવમાત્ર વસ્તુની દૃષ્ટિએ દેખીએ તો. એમ. સમજાણું કાંઈ? '**शुद्धनयतः**' છે ને શબ્દ? '**शुद्धनयतः**' પાઠમાં '**शुद्धनयतो**' એમ પાઠ છે. '**शुद्धनयतः**' એટલે થયો ને? વિસર્ગ થઈ ગયો ને? '**शुद्धनयतः**' એટલે? '**शुद्धनयतः**' એટલે વસ્તુથી નિર્વિકલ્પ વસ્તુ, અખંડ એકરૂપ વસ્તુ એ દૃષ્ટિથી જોઈએ તો તે વસ્તુ એકપણે છે. એટલે કે શુદ્ધપણે છે એટલે કે શુદ્ધપણે એનું રૂપ છે. '**नियतस्य**' કીધું છે ને? બહુ શબ્દનો...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શું કીધું?

'**शुद्धनयतः**' એટલે કે શુદ્ધનયથી એટલે કે શુદ્ધનય દ્વારા એટલે કે નિર્વિકલ્પ વસ્તુની દૃષ્ટિથી. એમ. સમજાણું કાંઈ? એમ નહિ કે જ્ઞાન એક થયું અને આ થયું એમ નહિ. આહાહા..! બહુ આ તો. આ પુસ્તક તો માખણના પિંડલા એકલા વાપર્યા છે આમાં તો. એવું પુસ્તક પણ હવે રહી ગયું અત્યાર સુધી. પહેલું આવું સાંભળવું મુશ્કેલ પડેત. એકદમ એને કહે કે શુદ્ધનય એટલે કે આખો આત્મા નિર્વિકલ્પ સ્વરૂપ એવી જે દૃષ્ટિથી દેખવું એને શુદ્ધનય કહેવો. અને તે આનંદના અનુભવ સહિત, અતીન્દ્રિય આનંદના પ્રત્યક્ષ આસ્વાદ સહિત દેખવું. એમ પાછું દેખવું. અતીન્દ્રિયના, પ્રત્યક્ષ આનંદના સ્વાદ દ્વારા દેખવો. આહાહા..! એય..! દેવાનુપ્રિયા! ત્યાં પણ બરાબર કહે અને બીજી રીતે બરાબર કહે છે. નયકક્ષા છે ને, શું કીધું? નયવિવિક્ષા. કક્ષા નહિ વળી વિવિક્ષા. નયવિવિક્ષા. નયવિવિક્ષા તે કઈ નય? સમજાણું કાંઈ?

એક સમયમાં ભગવાન અંતર ચૈતન્ય પરમેશ્વરનું પૂર અંદર. પરમ ઈશ્વરતાનું પૂર. એક એક શક્તિ ઈશ્વરથી ભરેલી એવી પરમ ઈશ્વરનું પૂર એવો આત્મા, એટલે કે નિર્વિકલ્પ વસ્તુ, એટલે કે '**शुद्धनयतः**' એટલે પૂર્ણ પદાર્થને દેખવાની દૃષ્ટિએ દેખીએ તો એ '**શુદ્ધપણું...**' '**नियतस्य**' શુદ્ધપણું એ નિશ્ચયથી એ શુદ્ધપણું એ રૂપ છે. એમ. '**नियतस्य**'નો અર્થ? શુદ્ધપણું એ રૂપ છે એનું. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- પ્રભુ! આપ બહુ ઝીણું... બહુ ઝીણું... કહો છો તો સમ્યગ્દર્શન થઈ જાવું જોઈએ.

ઉત્તર :- થઈ જાય નહિ. છે અંદર એ. આવી છે ચીજ. ઓલા પથરામાં બહુ ઘૂચવાઈ ગયો હોય ને એને જરી ઝીણું લાગે ને થોડું આકરું લાગે. આહાહા..!

ભાઈ! કહે છે કે એ ભગવાન આત્મા જેમાંથી અનંતા ભગવાનની પર્યાયો પ્રગટે એવો ભગવાન આત્મા. એ '**नियतस्य**' એ વસ્તુથી જુઓ તો એ શુદ્ધરૂપ જ છે. નિયત એટલે નિશ્ચય. નિશ્ચય એટલે શુદ્ધ. એ શુદ્ધરૂપ જ એનું આખું ત્રિકાળ છે. આહાહા..! સમજાય

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે કાંઈ? રતિભાઈ! આ તો નિશાળ જુદી જાતની આ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ શ્લોકના અર્થ જ એવા કર્યા છે. સાધારણ અર્થ કર્યા જ નથી. વસ્તુનો જે મર્મ છે, મર્મમાં માર્યો છે બરાબર ઘા. આ વસ્તુ છે. તમે કહો કે સમ્યગ્દર્શન આ.. સમ્યગ્દર્શન આ. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા માની. આ આત્મા એવો જાણ્યો. જાણ્યો એટલે શું? જાણ્યો એટલે શું? દેખ્યો એટલે શું? શુદ્ધનય એટલે શું? એ વસ્તુ એક સમયમાં પૂર્ણ સ્વભાવથી નિજરસના એક એક શક્તિના સામર્થ્યથી આખું તત્ત્વ જે વસ્તુ એને વસ્તુને વસ્તુની દૃષ્ટિએ જોઈએ એમ કહે છે. વસ્તુને વસ્તુની દૃષ્ટિએ જોઈએ એટલે કે '**शुद्धनयतः**'થી જોઈએ. એટલે જેવો છે તેવી દૃષ્ટિએ જોઈએ તો વસ્તુ શુદ્ધ છે. આહા..હા..! એક એક શબ્દોમાં કેટલું ભરેલું છે! સમજાણું કાંઈ?

વ્યવહારથી જુઓ તો રાગ ને ભેદ ને વિકલ્પ ને નિમિત્ત ને એ કંઈ વસ્તુ નથી. સમજાય છે કાંઈ? એ પૂર્ણ પ્રભુમાં એની તો નાસ્તિ છે. અસ્તિપણે એ વસ્તુ છે. સત્ સત્તા અસ્તિધામ. તો કહે છે, ભગવાન '**નિર્વિકલ્પ વસ્તુમાત્રની દૃષ્ટિથી જોતાં...**' શુદ્ધનયનો અર્થ જ આ કર્યો. એ વસ્તુ જ એવી છે એને એવી દૃષ્ટિથી દેખતા થકા એનું નામ શુદ્ધનયથી દેખી. સમજાણું કાંઈ? '**શુદ્ધપણું...**' '**नियतस्य**' એ નિશ્ચય શુદ્ધરૂપ જ છે. એનું રૂપ જ ત્રિકાળ શુદ્ધરૂપ છે. શુદ્ધરૂપ જ એનું છે. અશુદ્ધતા રાગ ને દ્વેષ ને ભેદ એના સ્વરૂપમાં છે નહિ. સમજાણું કાંઈ? કહો, પ્રવિણભાઈ! આત્મા આત્માની વાત તો બહુ કરે ઘણા. આમ થઈ જાય ને આમ થઈ જાય. આમ થઈ જાય આમ ૐ ૐ કરો, રામ રામ કરો, ૐ કાર કરો ભગવાન થઈ જાય. આત્મા પ્રગટે. ધૂળમાંય નહિ (પ્રગટે), સાંભળને! આત્મા કેવો છે એ જાણ્યા વિના શું પ્રગટતો હતો? સમજાણું કાંઈ? આહાહા..!

'**શુદ્ધપણું તે-રૂપ છે.**' '**नियतस्य**'નો અર્થ જ એ કર્યો. નિશ્ચય એટલે એકરૂપ છે એમ. વસ્તુનો સ્વભાવ પૂર્ણ શુદ્ધ અને પરમ પવિત્ર એની દૃષ્ટિથી, એ દૃષ્ટિએ વસ્તુને દૃષ્ટિથી જુઓ તો શુદ્ધરૂપ જ છે. સમજાણું? એનું ભાન અને ભાવ થયો એમાં ત્રણેય આવી જાય છે. સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર ત્રણેય આવી જાય છે. કહો, સમજાણું આમાં? માટે એને નવા કર્મ બંધાતા નથી. માટે એને જૂના કર્મ રહેતા નથી. આહાહા..! સમજાણું?

'**ભાવાર્થ આમ છે-જીવનું લક્ષણ ચેતના છે.**' શુદ્ધપણું કીધું ને એનું શુદ્ધરૂપ. એ શુદ્ધરૂપની શુદ્ધ ચેતના પ્રગટે તેને શુદ્ધચેતના સાચી કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ચેતના એટલે આત્મા જ્ઞાનસ્વરૂપી ચેતાય એટલે એકાગ્ર થાય. એકાગ્ર થાય એના ત્રણ પ્રકાર. '**એક જ્ઞાનચેતના,...**' એટલે કે શુદ્ધરૂપ જેનું ત્રિકાળ શુદ્ધ છે એને ચેતે, જે જ્ઞાન એકાગ્ર થાય તેને જ્ઞાનચેતના કહેવાય. જેને માથે સમ્યગ્દર્શન કહ્યું હતું અને જેને ત્રણ પ્રકાર વર્ણવ્યા હતા ભેગા. સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્ર એ જ્ઞાનચેતના ત્રણરૂપ છે. એ ત્રણે જ્ઞાનચેતના છે.

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

એકલી શુદ્ધ ચૈતન્ય વસ્તુ એનું એકાગ્ર થઈ જવું એનું નામ જ્ઞાનચેતના કહેવામાં આવે છે. એ જ્ઞાનચેતનાના ઓલા ત્રણ પ્રકાર હતા. દર્શન, જ્ઞાન અને ચારિત્ર. સમજાણું કાંઈ? જ્ઞાનચેતના.

**'એક કર્મચેતના,...'** છે. એટલે કે શુભ અને અશુભભાવ એમાં જ્ઞાન અટકે તે કર્મચેતના છે. જુઓ! એની પર્યાયની જ વાત લીધી છે હોં! અહીં પરને લઈને આ અને પરને લઈને એ વાત જ છે નહિ અહીં કાંઈ. શુભ-અશુભ વ્યવહારરત્નત્રયમાં પરિણમે જ્ઞાન એ કર્મચેતના છે. શું કહ્યું? ભેદરત્નત્રય તે કર્મચેતના છે અને અભેદરત્નત્રય તે જ્ઞાનચેતના છે. શેઠી! આહાહા..! કહો, એ બેય મોક્ષનો માર્ગ. સમજાય છે કાંઈ? એક સમયમાં ભગવાન અનંત અનંત ગુણની શુદ્ધતાનો એક રાશિ-પિંડ પ્રભુ. એક એક આત્મા. એવી વસ્તુ છે. એ વસ્તુને એવી વસ્તુની દૃષ્ટિએ જોવું એને શુદ્ધનયથી જોવું એટલે કે એને આનંદ અને સમ્યગ્જ્ઞાન ને અનુભવની દૃષ્ટિએ એને અનુભવતાં એને જ્ઞાનચેતના પ્રગટ થાય છે. એ જ્ઞાનચેતનામાં દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણેય આવી જાય છે. એને નવા કર્મ બંધાતા નથી અને જૂના કર્મ રહેતા નથી. જ્ઞાનચેતનામાં શું આવે?

એક કર્મચેતના. હવે અહીં અશુદ્ધતાની વાત કરે છે. માથે કહ્યું હતું ને? તે રૂપ-શુદ્ધરૂપ છે. તો શુદ્ધરૂપનું શુદ્ધરૂપે ચેતવું એનું નામ જ્ઞાનચેતના. એનું નામ **'शुद्धनयतः'** વસ્તુથી વસ્તુને જોઈ આ એનું નામ સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્ર. સમજાણું કાંઈ? નવા માણસને તો લાગે આ શું કહે છે? પહેલી વસ્તુ સ્થપાતી હોય કે આત્મા .. એ તો બધું સ્થપાઈ ગયું. જીવ અધિકાર. શું અધિકાર છે આ? જીવ અધિકાર. હવે જીવ કોને કહેવો? આ જીવ. એક સેકન્ડના અસંખ્ય ભાગમાં પૂર્ણ ધ્રુવ ચૈતન્ય આનંદ અને શુદ્ધરૂપ રસ આખો. અનંતગુણનો શુદ્ધરસ, અનંતગુણનો શુદ્ધરસ શક્તિનું તત્ત્વ. એને તે રીતે અંતરદૃષ્ટિ કરતા જે દશા થાય એને સમ્યક્‌ભાવ કહ્યો, એને જ્ઞાનચેતના કીધી, એને મોક્ષનો માર્ગ કહ્યો, એને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણની એકતા કીધી. સમજાણું કાંઈ? આ તો પૂરું સાંભળ્યું ન હોય, થોડું પકડ્યું હોય એટલે જાણે આપણને સમજાઈ ગયું અંદરથી આ. એય..! દેવાનુપ્રિયા! આ પુસ્તક આવ્યું હતું ક્યાં? તમારી પાસે હતું પહેલા?

**'જીવનું લક્ષણ ચેતના છે.'** એ લક્ષણ ચેતના એ ચેતના લક્ષણ છે એ ચેતનમાં ચેતે તો એ ચેતના લક્ષણ કહેવાય. એમ કહે છે. લક્ષણ તો એનું ચેતના છે. જાણવું-દેખવું એનું લક્ષણ હોં! એ જાણવું-દેખવું લક્ષણ એ જાણવા-દેખવાવાળી ચીજને પકડીને અનુભવે એ એનું ચેતનાલક્ષણ અને જ્ઞાનચેતના કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? બાકી બીજી કર્મચેતના. જેટલો દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, હિંસા, જૂઠના ભાવ એ બધા કર્મચેતના છે. કર્મચેતના એટલે વિકારી પરિણામ. વિકારી કાર્યચેતના છે ઈ. વિકારી કાર્યચેતના. ઓલી જ્ઞાનચેતના અવિકારી કાર્યચેતના. સમજાણું કાંઈ? શુભ-અશુભભાવ વ્યવહારરત્નત્રય એ વિકારી કાર્યચેતના છે.

અને **'એક કર્મફળચેતના.'** એ વિકારી કાર્યનું ભોગવવું હરખ-શોકનું. વિકારી વેદન. કલ્પના. એ કલ્પના સુખ-દુઃખનું વેદન એ કર્મફળચેતના એ વિકારી ચેતના છે, અશુદ્ધ ચેતના છે.

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એ ત્રણે પર્યાયો છે. જ્ઞાનચેતના, કર્મચેતના, કર્મફળચેતના. ત્રણે આત્માની પર્યાય (છે). **'તેમાં જ્ઞાનચેતના શુદ્ધ ચેતના છે,...'** દેખો! સમજાણું કાંઈ? ભગવાન આત્મા પોતાના જ્ઞાયકભાવને જે અંદર જ્ઞાન દ્વારા એકાકાર થઈને ચેતે, જાગૃત થાય, સાવધાન થાય, જગાડે આત્માને એવી દશાને જ્ઞાનચેતના કહે છે. એને સમ્યક્ત્વભાવ કહે છે.

**'જ્ઞાનચેતના શુદ્ધ ચેતના છે,...'** એ વસ્તુ જ શુદ્ધ છે. **'नियतस्य'** કહ્યું હતું ને. શુદ્ધરૂપ જ છે એનું. એ શુદ્ધરૂપને ચેતે જ્ઞાન એને જ્ઞાનચેતના કહેવાય છે. શાસ્ત્ર ભણે, ન ભણે એનો અહીં પ્રશ્ન છે નહિ. સમજાણું? એ ચૈતન્યસૂર્ય જ્ઞાન વસ્તુ. એ વસ્તુને ચેતે એટલે એકાગ્ર થાય એવી દશાને જ્ઞાનચેતના તે એક જ શુદ્ધચેતના છે. એ શુદ્ધ જ્ઞાનચેતના એ જ એક ધર્મ છે. કહો, સમજાણું આમાં? આ ધર્મ કઈ જાતનો? ભાઈ, ઓલા કહે અહિંસા પરમો ધર્મ. નમો મંગલં .. અહિંસા સંયમો .. ધર્મ કેવો? કે અહિંસા, સંયમ અને તપ. અહિંસા કેવી? પરજીવને દુઃખ ન દેવું. ઈન્દ્રિયોનું દમન કરવું, તપ, અપવાસ કરવા. એવી વ્યાખ્યા કરે. બધે ખોટે ખોટી વ્યાખ્યા. સમજાણું કાંઈ? અહિંસા સંયમો.. એ આત્માના શુદ્ધરૂપની ચેતના જ્ઞાનમાં ચેતવું એને અહીંયાં અહિંસા કહે છે. એને સંયમ કહે છે અને એને તપ કહે છે. એ .. ગાથા બહુ આવે. ભગવાનભાઈ! આ અપાસરાના મોઢા આગળ સેવનારા છે. એ વારંવાર આવી ગાથાઓ બહુ આવે ત્યાં. જયંતિભાઈ! આહાહા..! ભાઈ! તારા નિજઘરની સંપદા શું તેની તને ખબર નહિ. અને એ ખબરું વિના એમાં એકાગ્ર થાય નહિ અને એને અહિંસા, સંયમ તપ પ્રગટી જાય... સમજાય છે? ત્રણ કાળમાં હોય નહિ. કલ્પના, કલ્પનાનો રાગ ઊભો થયો દયાનો ને અહિંસાનો, ઈન્દ્રિયદમન એ તો બધી પુણ્ય કર્મચેતના છે. અશુદ્ધ કર્મચેતના. વસ્તુ અશુદ્ધ નથી અને વસ્તુનું શુદ્ધપણાનું ચેતન, એમાં રાગનું ચેતવું નથી. એના સ્વભાવમાં એ છે જ નહિ. સમજાણું કાંઈ?

**'તેમાં જ્ઞાનચેતના શુદ્ધ ચેતના છે,...'** ક્યાંનું ક્યાં નીકળ્યું આમાં. પડિમાધારી આમાંથી ક્યાંથી નીકળ્યું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વાત સાચી. આત્મા લ્યો, આત્મા લ્યો એ તો કાંઈ આવી નહિ વાત. આત્મા લ્યો દૃષ્ટિમાં, આત્મા લ્યો દૃષ્ટિમાં. આ તો વ્રત લ્યો ભાવમાં. રાગ લ્યો. રાગ લ્યો રે રાગ લ્યો. કહો, સમજાણું?

**'બાકીની અશુદ્ધ ચેતના છે.'** એ પુણ્ય-પાપ, દયા-દાન, વ્યવહાર શ્રદ્ધા, વ્યવહાર જ્ઞાન. શાસ્ત્રનું વ્યવહારું જ્ઞાન, વ્યવહાર શ્રદ્ધા નવ તત્ત્વના ભેદવાળી શ્રદ્ધા એ વ્યવહાર એ બધી અશુદ્ધ ચેતના છે, અશુદ્ધભાવ છે. એ જ્ઞાન અશુદ્ધમાં ચેતાઈ ગયું છે. એ જ્ઞાન શુદ્ધ ચેતના નથી. સમજાણું કાંઈ? શેષ એટલે બે. **'અશુદ્ધ ચેતના છે. તેમાં અશુદ્ધ ચેતનારૂપ વસ્તુનો સ્વાદ...'** હવે કહે છે જુઓ! એમાંથી **'અશુદ્ધ ચેતનારૂપ વસ્તુ...'** પુણ્ય અને

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

પાપના વિકલ્પો શુભાશુભ અને હરખ-શોકનું વેદવું એવો '**વસ્તુનો સ્વાદ સર્વ જીવોને અનાદિનો પ્રગટ જ છે;...**' એ સ્વાદ તો અનાદિનો અજ્ઞાનીને પ્રગટ છે. એણે સ્વાદ લીધો હોય અનાદિનો તો એ પુણ્ય અને પાપના હરખ-શોકના ભાવનો એણે સ્વાદ લીધો છે. કર્મચેતના અને કર્મફળચેતના. અહીં જડ કર્મની વાત નથી હોં! કર્મ એટલે કાર્ય વિકારી. ફળ એટલે વિકારીનું ફળ અંદર હરખ-શોક આવવો એ. એનો એને અનાદિ નિગોદથી માંડી નવમી ગ્રૈવેયક ગયો જૈન દિગંબર સાધુ થઈને પણ એને અશુદ્ધ ચેતનાનું જ વેદન અને આસ્વાદ છે. એમ કહીને શું કહ્યું? કે એને શુદ્ધ જ્ઞાનચેતનાનો સ્વાદ નથી, તેમ નથી એને જડનો અને પરનો સ્વાદ કોઈ દી લીધો નથી એણે. સમજાણું કાંઈ? બેયમાં નકારમાં વર્ત્યો. પરનો સ્વાદ કોઈ દી સ્ત્રીના દેહનો, દાળ-ભાતનો, આ મોસંબીનો, લાડવાનો સ્વાદ કોઈ દી આત્મા લે એ ત્રણ કાળમાં બનતું નથી. કહો, સમજાણું આમાં? આમ ઓલા ઘીમાં સોંસરેલા ઓલા આવે માખણના શું કહેવાય તમારે? જાંબુ. અને વળી ત્યાં બદામની બરફી. બદામની બરફી. ક્યાં ગયા મોહનભાઈ? એ વાતું કરતા. ઓલું જોડે હતું ને. આ રહ્યા. શેઠ આ રહ્યાને મોઢા આગળ. જાંબુ અને બદામની બરફી અમારે ઓલામાં આવતી, રાવતીમાં અમારે ખાવા માટે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વાત સાચી. મહારાજના મહેમાન સાથે આવ્યા. બે મોટર દસ માણસ ખરા અંદર. દસ. ઝાઝા નહિ. પણ એના સ્વાદ આવે અને એ જંગલમાં પાછી ભૂખ લાગી હોય સરખી.

મુમુક્ષુ :- અને પાછા તંબુમાં.

ઉત્તર :- વળી તંબુ. ધૂળમાંય સ્વાદ નથી કહે છે. સાંભળને. સ્વાદ શેનો? પ્રેમચંદભાઈ! તમારે શરીર મોળું તે ક્યાંથી આવે? નહિતર સાથે આવતા દરવખતે. હવે થઈ ગયું ઓલું શરીર. કહે છે કે એ પરનો સ્વાદ તો ત્રણ કાળમાં નિગોદના જીવે કે સર્વાર્થસિદ્ધના જીવે કે અભવિ જીવે કે મિથ્યાદૃષ્ટિ ભવિ જીવે કોઈ દી પરનો સ્વાદ-વેદન-અનુભવ ત્રણ કાળમાં કરી શકતો નથી. તેમ એણે અનાદિઅનંત કાળમાં મિથ્યા શ્રદ્ધામાં એણે જ્ઞાનચેતનાનો સ્વાદ આનંદ શું છે એની એને ખબર નથી. સમજાણું કાંઈ?

'**અશુદ્ધ ચેતનારૂપ વસ્તુનો સ્વાદ...**' એ વસ્તુ. વસ્તુ તો શુદ્ધ છે. પણ અહીં એની વસ્તુનું... અચેતન વસ્તુનો સ્વાદ '**સર્વ જીવોને...**' એકેન્દ્રિય નિગોદથી માંડી બટાટા, શક્કરકંદના જીવો, કીડી-મકોડાના જીવો, એ દેવના જીવો, નવમી ગ્રૈવેયકે ગયા એવા અભવિ જીવો કે ભવિ અનંતવાર દિગંબર મુનિ, પંચ મહાવ્રત અઠ્યાવીશ મૂળગુણ પાળનારા જીવો એને અશુદ્ધ ચેતનાનો સ્વાદ આવ્યો છે. પંચ મહાવ્રતના પાળનારને અશુદ્ધ સ્વાદ આવે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પાળવાનો પ્રશ્ન... ઈ વિકલ્પ છે, મેલ છે. પાળવું એટલે એનું રક્ષણ કરવું એ દૃષ્ટિ મિથ્યાત્વ છે. આહાહા..! સમજાણું કાંઈ? સારી ચીજને પળાય કે ખોટી ચીજને પળાય? એ વિકલ્પ હો ભલે પણ એને હોંશ કરે છે. એ અશુદ્ધચેતનાનું જ વેદન છે એકલું. મેલનું મેલનું વેદન છે. સમજાણું કાંઈ? વસ્તુ સ્થિતિ...

એ '**અશુદ્ધ ચેતનારૂપ વસ્તુનો સ્વાદ સર્વ જીવોને અનાદિનો પ્રગટ જ છે;...**' એમાં પ્રગટ જ છે એ. પર્યાયની વાત છે ને અહીં? પર્યાયમાં-અવસ્થામાં-હાલતમાં-ભોગનો પણ સ્વાદ મેલો, લાડવાના સ્વાદમાં રાગનો સ્વાદ એ બધો અશુદ્ધનો મેલો સ્વાદ અનાદિનો છે એને. જંગલમાં મુનિ બેઠા હોય નગ્ન દિગંબર. અંદરની દૃષ્ટિ આત્મા શું છે એના ઉપર નથી. એ ક્રિયા મેં આ કરી, અપવાસ કર્યા, મેં દયાઓ પાળી, મેં વ્રત પાળ્યા એવી અશુદ્ધ ચેતનાના વેદનમાં વિકારના વેદનમાં એ પડ્યો છે. અને મોટો બાદશાહ જેના ઘરે કરોડોની ઊપજ હોય, ખમ્મા-ખમ્મા થાતા હોય. છોકરાઓ એવા, બાયડી એવી, કુટુંબ એવી, કબીલા એવા, મકાન એવા... જ્યાં નજર નાખે ત્યાં... શું કર્યું એણે? એ શું અનુભવે છે? કે મેલાને અનુભવે છે. પોતાનો મેલો જે વિકારી ભાવ તેનો સ્વાદ તે લે છે. જયંતિભાઈ! આવી વાત બીજે ન હોય હોં! એ પર્યાયમાં મેલાપણું છે. આ વાતેય કરે નહિ. આત્મા આવો.. આત્મા. શું પણ આત્મા આવો? આ વિવેક બતાવે છે. એકલો પર્યાય શુદ્ધ જ છે. વસ્તુ શુદ્ધ માટે પર્યાય શુદ્ધ અનાદિની છે. ના. અનાદિનો તેને અશુદ્ધ ચેતનાનો સ્વાદ છે એ અસ્તિપણે છે. નહોતો સ્વાદ અને મફતનો... એમ નહિ.

આત્મા પૂર્ણાનંદ પ્રભુ, જ્યાં અંતરની દૃષ્ટિનું વેદન ન કરે ત્યારે એને અશુદ્ધ ચેતનાનું વેદન એની પર્યાયમાં અસ્તિપણે, સત્તાપણે, હોવાપણે છે. ભ્રમ નથી. એને આખું તત્ત્વ માનવું એ ભ્રમ છે, પણ વસ્તુ અશુદ્ધપણે વેદન એ સત્ છે. સમજાણું કાંઈ? એ સંસાર છે. ચક્રવર્તી પણ અશુદ્ધ ચેતના વેદે અને દ્રવ્યલિંગી મિથ્યાદૃષ્ટિ પણ અશુદ્ધ ચેતના વેદે, અભવિ નિગોદનો અશુદ્ધ ચેતના વેદે. એમાં શું ફેર હશે? અશુદ્ધતાનું વેદન મેલાપણાનું વેદન સૌને અનુભવ છે. એક જ વાત છે.

'**તે-રૂપ સમ્યક્ત્વ નથી,...**' દેખો! અહીં તો વેદનને આસ્વાદમાં પ્રત્યક્ષ બતાવવું છે ને? એ અશુદ્ધ ચેતનાનું વેદન એ સમકિત નહિ. એટલે જ્યાં સુધી પંચ મહાવ્રતના વિકલ્પોનું વેદન રહે ત્યાં સુધી સમકિત નથી. એ રાગનું વેદન, અશુદ્ધ ચેતનાનું વેદન છે. ક્રિયાકાંડનો જેટલો વિકલ્પ ભાવ ઉઠે એ બધી અશુદ્ધ ચેતનાનું વેદન છે. ત્યાં સુધી એને સમ્યગ્દર્શન નથી. સમજાણું કાંઈ? ... બોલાવશે કેટલાક. એય..! ખોટું છે. હવે ખોટો તું છો, સાંભળને. નહોતું કહ્યું? બોદ્ધાદિ મત કહ્યો એ પણ જૂઠા છે. એમ કહ્યું હતું ને? બૌદ્ધાદિ નહોતું આવ્યું? બૌદ્ધાદિ આત્માને બીજી રીતે કલ્પ્યો છે એ પોતે જૂઠાં છે. વસ્તુ એમ છે નહિ. જૂઠા શબ્દ બહુ વાપર્યો છે એણે. સેંકડોવાર હોં! ઘણીવાર. જૂઠું... જૂઠું... જૂઠું.

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


શુદ્ધ ચેતનામાત્ર વસ્તુ સ્વરૂપનો આસ્વાદ આવે તો સમ્યક્ત્વ છે. આહાહા..! ભગવાન શુદ્ધરૂપ '**नियतस्य**' શુદ્ધથી જુઓ તો એ શુદ્ધ છે એકલો. એનું અંતરમાં આનંદનું અતીન્દ્રિય શુદ્ધ આનંદ, અતીન્દ્રિય જ્ઞાન, અતીન્દ્રિય પ્રતીત સમ્યક્ એનું જે વેદન શુદ્ધ ચેતનામાત્ર એટલે જ્ઞાનચેતનામાત્ર એમ કહ્યું હતું ને? સમજાણું? શુદ્ધચેતના એ જ્ઞાનચેતના છે. એમ કહ્યું હતું. અશુદ્ધ ચેતનાના બે પ્રકાર.

જીવ ચેતનામાત્ર, '**શુદ્ધ ચેતનામાત્ર...**' એ શુદ્ધ વિકલ્પ, એને હઠાવીને એટલે ખસીને એકલો શુદ્ધરૂપ ચિદ્‌ઘન છે એના અંતરની એકાગ્રતા એ શુદ્ધ ચેતનાનું વેદન, એ આનંદનું વેદન, એ શુદ્ધ ચેતનાનું વેદન અને એ એક જ વેદન સત્ય પંથ છે. તો સમ્યક્ છે. સમજાણું કાંઈ? સમ્યક્ત્વ-સમ્યક્‌પણું છે. સાચાપણું તો એ છે. શશીભાઈ! આહાહા..! ઓલા વ્યવહાર-ફ્યવહારની તો વાતેય કરી નથી. આ જ સમ્યક્ છે અને આ જ વસ્તુ છે. ઓલો કહે, વ્યવહાર સમકિતથી આ છે, ઢીંકણું આ છે. હવે સાંભળને હવે. તને ખબર નથી શું ચીજ છે. સમજાણું કાંઈ આમાં?

'**શુદ્ધ ચેતનામાત્ર...**' જ્ઞાયકમાત્ર ભગવાન પરમપવિત્રના ધામની ખાણરૂપી આત્મા શુદ્ધ. એના સન્મુખનું વેદન એ '**શુદ્ધ ચેતનામાત્ર વસ્તુસ્વરૂપનો આસ્વાદ આવે...**' એને અહીંયાં સમ્યક્ કહે છે. આનંદની પ્રધાનતાથી એની વાત લીધી છે. કેમ કે સમ્યક્‌માં દરેક ગુણના અંશો નિર્મળ ન થાય તો એ સમ્યક્ નથી. સમજાય છે કાંઈ? અનંતગુણની રાશિ ભગવાન, એના સમ્યક્‌પણાના ભાવની છાપ પડી અંદર એટલે અનંતા ગુણો શુદ્ધપણે પરિણમીને આનંદના સ્વાદ સહિત વેદન આવે. એમાં પ્રતીતિ તેને સમ્યક્‌ભાવ કહેવામાં આવે છે. એય..! દેવાનુપ્રિયા! હવે આ થઈ ગયું. આ તો થઈ ગયું. હવે કરો બીજું.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- આવડે છે કે નહિ? એ હુશિયાર માણસ. હવે કાંઈ કામ નથી ધંધા એટલે. વાટ કોની જોવી છે? વાટ જોવી છે ક્યાં? કરવાનું જ એ છે. વાટ કોની જોવી હોય? જે કરવું છે એની વાત જોવી છે કે નથી કરવું એની વાટ જોવી છે?

એના સ્વભાવનું આ રીતે માહાત્મ્ય કરી અને અંતર્મુખમાં પર્યાયને એ અંશને પર તરફ વાળી છે એને અંતર્મુખને વાળવાના પ્રયત્નના પ્રયાસની ઉગ્રતા તો કરે. સમજાય છે? એ ઉગ્રતા જ્યાં સુધી ન કરે ત્યાં સુધી એમાં ઉગ્રતા કરવી એ એને કરવાનું છે. સમજાય છે કાંઈ? હવે એ કર્યું નથી ને વાટ ક્યાં સુધી જોવી? વાટ જોવી છે જ ક્યાં એની? વાટ જોવી છે આ જ્ઞાનની. સમજાણું કાંઈ?

વસ્તુ આવી છે એના પ્રત્યે અંદરમાં વિકલ્પ જે ઉઠે એ નહિ. નહિ એમ પણ નહિ. એનો પર્યાય જેટલો છે એ અંદર વળે એટલો પણ હું નહિ. એમ પણ નહિ. આ વસ્તુ તરફમાં અંતરમાં ધ્રુવ તરફમાં એકાગ્રતાનો પ્રયત્નનો પ્રયાસ એણે કર્યો નથી ને વાટ જોવી

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કેટલી? પણ જોઈ છે કેદી? શરૂઆત જ કરી નથી પછી વાટ ક્યાં જોવી છે? દેવાનુપ્રિયા!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બધું હોય હોય. આ પ્રશ્નથી સ્પષ્ટ થાય ને વધારે. એમાં શું? એને ખબર પડે ને .. હું બધું સમજી ગયો છું, હવે ત્યાં ઓલો ન થાઉં. એવી રીતે ત્યાં કુયુક્તિમાં પકડાઈ જાય તો ખબર પણ ન પડે એને. આહા..! જયંતિભાઈ!

કહે છે, ભાઈ! એ એક મહાસિદ્ધાંત. અનુભવમાં સ્વભાવ તરફનું સમ્યક્ એને કહીએ કે શુદ્ધ ભગવાન આત્મા પૂર્ણાનંદ એના અનુભવમાં આત્માના આનંદનું વેદન આવે એવાને અહીંયાં સમ્યક્ અને સાચો ભાવ કહેવાય છે. કહો, સમજાણું કાંઈ? એવું કરવાનો પ્રયત્ન કર્યો નહિ, પ્રયાસ કર્યો નહિ. એને માટે વખત લીધો નહિ અને પછી વાટ ક્યાં સુધી જોવી? વાટ જોઈ છે જ ક્યાં?

મુમુક્ષુ :- પ્રયત્ન જ કર્યો નથી.

ઉત્તર :- પ્રયત્ન જ કર્યો નથી. પ્રયત્ન કરવો એ જ કરવા જેવું છે એમ હજી નક્કી કર્યું નથી. આ જ કરવા જેવું છે અને બીજું નહિ એવો નિર્ણય કર્યો નથી. ભેગું આ પણ કરવું, આ કરવું... આ કરવું... જે અનાદિથી કર્યું છે એ કરવું એમાં ને એમાં એનો પ્રયત્ન અને નિર્ણય ચાલ્યો જાય છે. સમજાણું કાંઈ? કહો, જયંતિભાઈ!

**'વળી કેવી છે જીવવસ્તુ?' 'વ્યાપ્તુ' 'પોતાના ગુણ-પર્યાયો સહિત છે.'** એ વસ્તુ તો શુદ્ધ ત્રિકાળ અને એની એકાગ્રતા તે નિર્મળ પર્યાય. એવી વસ્તુ છે. શુદ્ધ પર્યાયના ગુણ સહિતની વસ્તુ તે વસ્તુ છે. સમજાણું કાંઈ? **'પોતાના ગુણ-પર્યાયો સહિત છે.'** ભગવાન શુદ્ધ ચૈતન્ય દ્રવ્ય, શુદ્ધ ગુણ અને તે વસ્તુની નિર્મળ ચેતના, નિર્મળ પર્યાય સહિત તે વસ્તુ કહેવામાં આવે છે. જુઓ પાછું કોઈ એમ કહે કે અહીં વસ્તુ લીધી અને પાછો ગુણ લીધો અને પાછી પર્યાય લીધી. એમ ને એમ એકલી વસ્તુ-વસ્તુ એમ કહે તો નહિ. એ વસ્તુ કેવી છે? પોતાના શુદ્ધ ગુણો ત્રિકાળ અને એના તરફનું વજન એકાગ્રતાનું વેદનનો પર્યાય એ સહિતની વસ્તુ વસ્તુ કહેવાય. સમજાણું કાંઈ? આમાં તો એક એક બોલે ક્યાંય ભૂલ બીજી રીતે ન કરે લોકો, આત્માને નામે કે શ્રદ્ધાને નામે કે ચારિત્રને નામે કે ભગવાને કહેલા આત્માથી એવી વાતું કોઈ કરતા હોય એને નામે ભૂલ ન ખાય (માટે) એક એકમાં વિવેકનો ફેંસલો કર્યો છે.

મુમુક્ષુ :- શુદ્ધ પર્યાય...

ઉત્તર :- એ શુદ્ધ વસ્તુ છે એવી વસ્તુમાં શુદ્ધ ગુણ છે અને ગુણની પાછી પર્યાય શુદ્ધ છે. એ પાછી પર્યાય છે એની વર્તમાન. એ વસ્તુને આખી વસ્તુ કહેવાય છે. અશુદ્ધ ચેતના રાગાદિ વસ્તુ વસ્તુમાં નથી. શુદ્ધ ચેતનાની વાત છે ને અહીં અત્યારે? શુદ્ધ વસ્તુ કીધી ને? શુદ્ધ કીધી ને? શુદ્ધનયત્વ જોતાં દૃષ્ટિએ. જોવું છે એ તો પર્યાય છે પાછી. સમજાણું

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

કાંઈ? કેટલું યાદ રાખવું આમાં? કલાકમાં. કેટલું ક્યાં? આ તો થોડું છે. એક ને એક દસ. દસ આંકડાની વાતું છે પછી દસના બધા આંકડા બધા દસના. પછી લાખો અને કરોડો કરે. એ દસથી અગિયારમો આંકડો ન હોય કાંઈ.

**'આટલું કહીને શુદ્ધપણું દઢ કર્યું છે.'** એ ભગવાન આત્મા વસ્તુએ શુદ્ધ એટલે તેના ગુણો પણ શુદ્ધ અને તેનું ચેતવું વસ્તુની દષ્ટિએ. વસ્તુ જેવી છે તેની દષ્ટિએ તેને જોવું એ દષ્ટિ પર્યાય પણ શુદ્ધ. સમજાણું કાંઈ? ભારે ટીકા પણ હોં! એક એક શબ્દને.. સંસ્કૃત ટીકા કરે એ કેટલી સરસ વાત સાદી ભાષામાં હોં! ચાલતી ભાષામાં ઊંચી છે. સમજાણું? વસ્તુને કહેવાની ઢબ સમયસાર મર્મી. અંતર વસ્તુ કેવી હોય એના મર્મવાળો જીવ છે. આહાહા..! એમ ને એમ ઉપરથી વાતું કરી જાય આમ છે ને તેમ છે એમ નહિ. 'પાંડે રાજમલ જૈનધર્મી, સમયસાર નાટક કે મર્મી.' સમજાણું કાંઈ?

**'આટલું કહીને શુદ્ધપણું દઢ કર્યું છે. કોઈ આશંકા કરશે...'** આશંકા લીધી છે બસ. એવા જીવો ત્યાં ઉપાડ્યા લક્ષમાંથી. **'કે સમ્યક્ત્વગુણ અને જીવવસ્તુનો ભેદ છે કે અભેદ છે?'** એ સમ્યક્ત્વ નામની પર્યાય જે પ્રગટ થઈ અને જીવ પોતે, એનો ભેદ છે કે અભેદ છે? સમજાણું કાંઈ? સમ્યક્ત્વગુણ અને જીવવસ્તુ. ગુણ અને વસ્તુ બે એમ કીધી છતાં એ ભેદ છે કે અભેદ છે?

**'ઉત્તર આમ છે કે અભેદ છે-'** ગુણની પર્યાય અને દ્રવ્ય બે અભેદ થાય છે. અભેદ જ વસ્તુ છે. કાંઈ કટકો જુદો પડતો નથી. સમજાણું કાંઈ? **'आत्मा च तावानयम्' 'આ જીવવસ્તુ...' 'तावान्'** દેખો! **'आत्मा च तावानयम्' 'આ જીવવસ્તુ...'** સમ્યક્‌ને કીધું હતું ને? કે સમ્યક્ અને આત્મા બે જુદા છે કે નહિ? એક છે. કેમ કે **'આ જીવવસ્તુ સમ્યક્ત્વગુણમાત્ર છે.'** એ સમ્યક્ત્વ પર્યાય જે થઈ એ ગુણમાત્ર જ એ આત્મા છે. આત્મા જ એનો પર્યાય આખો અભેદ પરિણમી ગયો છે. સમજાય છે કાંઈ? સત્યપણું જે પરિણમ્યું, એટલો આખો આત્મા એવો જ છે એમાં. અભેદ જ છે. પુણ્ય-પાપના ભેદ છે એવી ચીજ આ નથી. નિર્મળ પર્યાય પ્રગટી એ અભેદપણે છે. એના અસંખ્ય પ્રદેશમાં અભેદપણે પરિણમી જાય છે. જુઓ, કેટલું કહ્યું છે! કોઈ એકલો દ્રવ્ય કહે, એકલો ગુણ કહે, પર્યાય વળી એને ત્રણને જુદા માને. સમજાય છે?

તો કહે છે, **'આ જીવવસ્તુ...'** ભગવાન વસ્તુ એક ગુણમાત્ર જ છે. એ ગુણસ્વરૂપ જ છે. એ નિર્મળ પર્યાય આખી પરિણમી એ રૂપે જ આત્મા છે. એને અહીંયાં આત્મા કહેવામાં આવે છે. એને આ જીવનો અધિકાર કહ્યો. જીવનો સ્વભાવનો એ અધિકાર. આવી દષ્ટિ થવી, એનું જ્ઞાન થવું, એમાં લીનતા થવી એ બધું અભેદપણે ચૈતન્યમાં છે. એ કાંઈ જુદી પડતી નથી. આ એવા અનુભવને સમ્યગ્દર્શન અને મોક્ષનો માર્ગ કહે છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વીર સંવત-૨૪૯૧, ફાગણ સુદ ૧૩, સોમવાર,
તા. ૧૫-૩-૧૯૬૫, કલશ-૭-૮
પ્રવચન નં. ૯

(અનુષ્ટુપ)

अतः शुद्धनयायत्तं प्रत्यग्ज्योतिश्चकास्ति तत्।
नवतत्त्वगतत्वेऽपि यदेकत्वं न मुञ्चति।।७।।

ખંડાન્વય સહિત અર્થ :—"अतः तत् प्रत्यग्ज्योतिश्चकास्ति" (अतः) અહીંથી હવે (तत्) તે જ (प्रत्यग्ज्योतिः) શુદ્ધ ચેતનામાત્ર વસ્તુ (चकास्ति) શબ્દો દ્વારા યુક્તિથી કહેવામાં આવે છે. કેવી છે વસ્તુ? "शुद्धनयायत्तं" (शुद्धनय) વસ્તુમાત્રને (आयत्तं) આધીન છે. ભાવાર્થ આમ છે—જેને અનુભવતાં સમ્યક્ત્વ થાય છે તે શુદ્ધ સ્વરૂપને કહે છે :—"यदेकत्वं न मुञ्चति" (यत्) જે શુદ્ધ વસ્તુ (एकत्वं) શુદ્ધપણાને (न मुञ्चति) નથી છોડતી. અહીં કોઈ આશંકા કરશે કે જીવવસ્તુ જ્યારે સંસારથી છૂટે છે ત્યારે શુદ્ધ થાય છે. ઉત્તર આમ છે—જીવવસ્તુ દ્રવ્યદૃષ્ટિએ વિચારતાં ત્રણે કાળ શુદ્ધ છે. તે જ કહે છે—"नवतत्त्वगतत्वेऽपि" (नवतत्त्व) જીવ-અજીવ-આસ્રવ-બંધ-સંવર-નિર્જરા-મોક્ષ-પુણ્ય-પાપ (गतत्वे अपि) તે-રૂપ પરિણમી છે તોપણ શુદ્ધસ્વરૂપ છે. ભાવાર્થ આમ છે—જેમ અગ્નિ દાહકલક્ષણ છે, તે કાષ્ઠ, તૃણ, છાણાં આદિ સમસ્ત દાહ્યને દહે છે, દહતો થકો અગ્નિ દાહ્યાકાર થાય છે; પરંતુ તેનો વિચાર છે કે જો તેને કાષ્ઠ, તૃણ અને છાણાની આકૃતિમાં જોવામાં આવે તો કાષ્ઠનો અગ્નિ, તૃણનો અગ્નિ અને છાણાનો અગ્નિ એમ કહેવું સાચું જ છે, અને જો અગ્નિની ઉષ્ણતામાત્ર વિચારવામાં આવે તો ઉષ્ણમાત્ર છે, કાષ્ઠનો અગ્નિ, તૃણનો અગ્નિ અને છાણાનો અગ્નિ એવા સમસ્ત વિકલ્પ જૂઠા છે; તેવી જ રીતે નવ તત્ત્વરૂપ જીવના પરિણામો છે, તે પરિણામો કેટલાક શુદ્ધરૂપ છે, કેટલાક અશુદ્ધરૂપ છે; જો નવ પરિણામોમાં જ જોવામાં આવે તો નવે તત્ત્વ સાચાં છે અને જો ચેતનામાત્ર અનુભવ કરવામાં આવે તો નવે વિકલ્પ જૂઠા છે. ૭.

## કલશ-૭ ઉપર પ્રવચન

.. ટીકામાં જીવ અધિકાર ચાલે છે. ૬ કળશ થઈ ગયા. ૭મો કળશ.

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


(અનુષ્ટુપ)

अतः शुद्धनयायत्तं प्रत्यग्ज्योतिश्चकास्ति तत्।
नवतत्त्वगतत्वेऽपि यदेकत्वं न मुञ्चति।।७।।

આ ૧૩મી ગાથાનો ઉપોદ્ઘાત છે. ૧૩મી ગાથા આવે છે ને એના પહેલાની આ ગાથા છે. આ કળશ છે. જુઓ! શું કહે છે? 'अतः तत् प्रत्यग्ज्योतिश्चकास्ति'. '(अतः)' નામ **'અહીંથી હવે...'** અહીંથી હવે 'तत्' નામ **'તે જ...'** 'अतः तत् प्रत्यग्ज्योतिः' **'શુદ્ધ ચેતનામાત્ર વસ્તુ...'** પહેલામાં 'प्रत्यग्ज्योतिः'નો અર્થ સર્વજ્ઞ કહ્યો હતો ને. અહીં તો વસ્તુ લેવી છે ને હવે તો. 'प्रत्यग्ज्योतिः' એટલે **'શુદ્ધ ચેતનામાત્ર વસ્તુ...'** એકલો આત્મા શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ એ વસ્તુને 'चकास्ति' **'શબ્દો દ્વારા યુક્તિથી કહેવામાં આવે છે.'** એમ. એ વસ્તુ શુદ્ધ ચૈતન્યપદાર્થ જે સમ્યગ્દર્શનનો વિષય ધ્રુવ જ્ઞાયકભાવ એ સમ્યગ્દર્શનનો વિષય. એવી જે વસ્તુ **'શબ્દો દ્વારા યુક્તિથી કહેવામાં આવે છે.'**

**'કેવી છે વસ્તુ?'** 'शुद्धनयायत्तं' '(शुद्धनय)' નામ **'વસ્તુમાત્રને...'** જુઓ! 'शुद्धनय' એટલે વસ્તુમાત્ર. એ વસ્તુ પોતે જ શુદ્ધનય. એમ. નય એટલે જ્ઞાન અને જ્ઞાનનો વિષય એવા બે ભેદ નહિ અહીંયા. અધ્યાત્મમાં શુદ્ધનય... નય છે તો જ્ઞાનનો ભાગ. પણ અહીંયાં નયનો વિષય એ આખું ચૈતન્ય ધ્રુવ નિર્વિકલ્પ પદાર્થ એને જ અહીંયાં શુદ્ધનય કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? 'ववहारोऽभूदत्थो भूदत्थो देसिदो दु सुद्धणओ।' એમ કીધું છે. એ જ શૈલી છે. ૧૧મીમાં. 'शुद्धनयायत्तं' **'વસ્તુમાત્રને આધીન છે.'** હવે કેવી છે વસ્તુ? કે વસ્તુમાત્રને આધીન છે. એમ ભાષા છે. શું કહ્યું સમજાણું આમાં? કેવી વસ્તુ છે આત્મા ચેતનમાત્ર વસ્તુ? કે જે **'વસ્તુમાત્રને આધીન છે.'** પોતાને જ આધીન એ વસ્તુ છે. પરને આધીન નથી. રાગને, નિમિત્તને, સંયોગને આધીન એ વસ્તુ છે જ નહિ. એને અહીંયાં શુદ્ધનય અથવા વસ્તુ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? પેલામાં ત્યાં કહ્યું હતું કાલે તો શુદ્ધનયનું આવ્યું હતું ને?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા એ. વસ્તુમાત્ર. સમજાણું?

કહે છે કે વસ્તુ ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં જેને આત્મા કહીએ, પુણ્ય-પાપ, આસ્રવ, સંવર, બંધ એ તો વિકાર છે. એ આત્મા નહિ. એ શુદ્ધનય નહિ. 'शुद्धनय' એટલે **'વસ્તુમાત્રને...'** 'आयत्तं' છે ને? **'આધીન છે.'** એને અહીં વસ્તુ કહીએ. **'ભાવાર્થ આમ છે—જેને અનુભવતાં સમ્યક્ત્વ થાય છે તે શુદ્ધ સ્વરૂપને કહે છે :'** શું કહે છે? એક સમયમાં પૂર્ણ શુદ્ધ ચૈતન્ય વસ્તુ પોતે જ પોતાના નિર્મળ પર્યાયથી પ્રગટ થાય એ પોતાને જ આધીન વસ્તુ છે. પુણ્ય ને પાપ, વ્યવહાર વિકલ્પ કે નિમિત્ત કે શ્રવણ કરીને પ્રગટ થાય એવી એ વસ્તુ નથી એમ કહેવું છે અહીં. એક સમયનો શુદ્ધ ચૈતન્ય ભંડાર

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ભગવાન એ વસ્તુ વસ્તુમાત્રને આધીન છે. પોતાના સ્વભાવને જ આધીન વસ્તુ છે. આહાહા..! સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- આધીન એટલે?

ઉત્તર :- આધીન એટલે એને સ્વાધીન. સ્વાધીન-પોતાને આધીન છે. પોતાને તાબે છે. કોઈ રાગને અને પુણ્યને તાબે નથી. કર્મને તાબે નથી, રાગને તાબે નથી. કર્મ એટલે જડને તાબે નથી અને વિકારને તાબે નથી. એકલી ચૈતન્ય વસ્તુ જ્ઞાયક આનંદ એવી જે વસ્તુ એ પોતાની જ વસ્તુને આધીન (છે). ઓલામાં નહોતું આવ્યું શુદ્ધનયમાં? '**शुद्धनयतः**' '**નિર્વિકલ્પ વસ્તુમાત્રની દૃષ્ટિથી જોતાં...**' એમ આવ્યું હતું ને? ૮મે પાને માથે. '**शुद्धनयतः**' '**નિર્વિકલ્પ વસ્તુમાત્રની દૃષ્ટિથી જોતાં...**' શુદ્ધનયની વ્યાખ્યા જ એ કરી. આહાહા..! કથનપદ્ધતિ જ બહુ સરસ છે.

મુમુક્ષુ :- પોતે પોતાને ...

ઉત્તર :- પોતે જ પોતાને, પોતે જ પોતાને આધીન છે. પોતે એટલે નિજ, નિજ એટલે જ્ઞાયક સ્વરૂપ પૂર્ણાનંદ આત્મા. એ પોતે પોતાને જ આધીન છે. રાગને કે વિકલ્પને આધીન એ વસ્તુ કોઈ દી નથી. સમજાણું કાંઈ? એય..! દેવાનુપ્રિયા! આ નવું નવું છે આ બધું. ત્યાં જાણે પહેલા સાંભળી લીધું એટલે બધું આવી ગયું એમ નથી એમાં. એ તો બે-ચાર દી પછી ભાગશે. ટિકીટ લઈ આવ્યા છે. કહો, સમજાણું?

વસ્તુ '**વસ્તુમાત્રને આધીન છે.**' એ વ્યવહાર વિકલ્પ એ વસ્તુ નહિ. અહીં વસ્તુ વસ્તુમાત્રને આધીન છે એમાં શું કહ્યું? વ્યવહારના વિકલ્પને, ભેદને આધીન એ વસ્તુ નથી. સમજાણું કાંઈ? આત્મા વર્ણવવો છે ને? ૧૩મી ગાથાની શરૂઆતનો આ તો એનો ઉપોદ્‌ઘાત છે. નવ તત્ત્વનું વર્ણન જે વિસ્તારથી કરવાનું છે ૧૩મેથી એનો પહેલો (ઉપોદ્‌ઘાત છે). આત્મા વસ્તુ, વસ્તુ વસ્તુને આધીન છે. ભગવાન આત્મા એક સમયનો શુદ્ધ ચૈતન્યદળ, પૂર્ણ નિર્વિકલ્પ વસ્તુ એ નિર્વિકલ્પ વસ્તુ જ પોતે નિર્વિકલ્પને આધીન છે.

મુમુક્ષુ :- આટલું કહેવા માટે બાર અંગ અને ચૌદ પૂર્વની રચના કરી?

ઉત્તર :- એને માટે બાર અંગ અને ચૌદ પૂર્વની રચના છે. કહો, સમજાણું કાંઈ? ક્યાં ગયા દેવશીભાઈ અહીં ન દેખાણા? મોઢા આગળ આવો ને અહીં મોઢા આગળ. તમે તો મુખ્ય માણસ કહેવાઓ, ભાઈ! સમજાય છે કાંઈ?

કહે છે કે અમે શબ્દો દ્વારા અને યુક્તિ દ્વારા આત્મા વસ્તુને કહેશું. પણ એ આત્મા હવે કેવો છે? '**शुद्धनयायत्तं**' '**વસ્તુમાત્રને આધીન છે.**' ચિદાનંદ જ્યોત, એનો નિર્મળ નિર્વિકલ્પ પર્યાય પણ એ વસ્તુમાં અભેદ છે. એ વસ્તુ છે એની. રાગ ને વિકલ્પ ને વ્યવહાર ને નિમિત્ત એ વસ્તુ નથી. એ અવસ્તુ છે. ખરેખર ભેદ પણ અવસ્તુ છે. બહુ ટૂંકી એવી શૈલી કરી છે ને. સમજાણું કાંઈ?

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

ભગવાન આત્મા એક સમયનો નિર્વિકલ્પ ચૈતન્ય પદાર્થ અભેદ વસ્તુ, એ વસ્તુ વસ્તુને જ આધીન છે. ત્રણ કાળમાં પરને આધીન છે નહિ. એવી દૃષ્ટિ થતાં વસ્તુનો અનુભવ થાય એને અહીંયાં નિર્વિકલ્પ અનુભવ કહેવામાં આવે છે. આહાહા..! બહુ જરી.. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ચાલતા પ્રવાહને ..

ઉત્તર :- ચાલતો પ્રવાહ ખોટો હોય તો એમાં વિરૂદ્ધ જ હોય. એમાં શું છે? અનાદિથી અજ્ઞાની બહારથી માની બેઠો છે કે આ આત્મા કાંઈક દયા, દાન, વ્રત, ભક્તિ કરીએ તો પ્રાપ્ત થાય, કંઈક વ્યવહાર શુદ્ધ હોય તો પ્રાપ્ત થાય એ વાત બિલકુલ ખોટી છે એમ કહે છે અહીં.

મુમુક્ષુ :- આગમમાં..

ઉત્તર :- આગમમાં અને અધ્યાત્મમાં બેયમાં એક જ છે. બેમાં વિરૂદ્ધ છે કાંઈ? કહો, સમજાણું કાંઈ?

'**વસ્તુમાત્રને...**' જુઓને! '**શુદ્ધનય**' એટલે વસ્તુ પરમાત્મ નિજસ્વરૂપ જ્ઞાયક સ્વભાવનો આખો રસકંદ. સમજાણું? એવો ભગવાન પૂર્ણાનંદ પ્રભુ એ પોતાને જ આધીન છે. એ બીજાને આધીન છે નહિ. સમજાણું કાંઈ? '**ભાવાર્થ આમ છે-જેને અનુભવતાં સમ્યક્ત્વ થાય છે તે શુદ્ધ સ્વરૂપને કહે છે :-**' જેનો અનુભવ કરવાથી સમ્યગ્દર્શન થાય એવા શુદ્ધ સ્વરૂપને કહેવામાં આવે છે. જેનો અનુભવ કરવાથી એટલે શુદ્ધ ચૈતન્ય એક સમયમાં પૂર્ણ આનંદ, એનો અનુભવ કરવાથી સમ્યક્ થાય. કોઈ ભેદનો ને વ્યવહારનો ને વિકલ્પનો અનુભવ કરવાથી સમ્યક્ થાય એ વસ્તુ છે નહિ. ભારે વાત ભાઈ! રાડ નાખે ઓલા તો બધા. બહાર આવશે તો આ શું પણ કહે છે? એકાંત છે રે એકાંત છે. સાંભળને હવે એકાંત જ છે એ. એકાંત એટલે તદ્દન શુદ્ધ સ્વરૂપ પરમાર્થ નિશ્ચય. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- અનુભવ કરવો એનો અર્થ શું છે?

ઉત્તર :- અનુભવ એટલે આત્માના આનંદનો અનુભવ કરવો. અંતર્મુખ થઈને એના આનંદનું વેદન કરવું એ અનુભવ. અનુસરવું. ચૈતન્ય અખંડાનંદ પૂર્ણનું ધ્યેય કરીને અનુસરવું, એનું વેદન થવું એ અનુભવ. નિર્વિકલ્પ વેદન દ્વારા તે સમ્યગ્દર્શન થાય છે. એ વસ્તુના અનુભવ દ્વારા. ત્રિકાળ શુદ્ધ આત્મપદાર્થ એના અનુભવ દ્વારા એટલે એના વેદન દ્વારા આ વસ્તુ છે એમ તેનું સમ્યગ્દર્શન થાય છે. વાત ઝીણી છે ભાઈ! લોકોને બહારનું એટલું મળ્યું અને સાંભળ્યું છે ને પ્રવાહ, એ પ્રવાહ ખોટો છે, આ પ્રવાહ બીજી જાતનો છે. એને બેસાડવું પડશે જો સત્યનું શરણ લેવું હોય તો.

'**તે શુદ્ધ સ્વરૂપને કહે છે :-**' '**यदेकत्वं न मुञ्चति**' '**यत्**' '**જે શુદ્ધ વસ્તુ...**' છે. એ '**एकत्वं**'નો અર્થ વ્યાખ્યા આ. '**શુદ્ધપણાને નથી છોડતી.**' વસ્તુ વસ્તુ છે, એકપણાને છોડતી નથી કદી. નવ તત્ત્વના ભેદરૂપ થવા છતાં એ વસ્તુ વસ્તુ તરીકે જ રહી છે. પર્યાયમાં

નવપણાના ભેદરૂપે પરિણમતી છતાં વસ્તુ વસ્તુરૂપે છે. વસ્તુ નવપણે એકાકાર થઈ ગઈ નથી. આહાહા..! ભારે! અહીં કહ્યું ને, નવ તત્ત્વનો અનુભવ તે મિથ્યાત્વ છે. રાડ નાખી જાય. ક્યાં ગયા દિલ્હીવાળા ભાઈ સાંજે કહેતા હતા ને. રાડ નાખે કે આ શું? સાંભળ તો ખરો, ભાઈ!

ભેદરૂપ પર્યાયના ભેદરૂપનો એકલો અનુભવ, એમાં આખી ચીજ એક સમયમાં ધ્રુવ ધ્રુવ ધાતુ આખું સત્ સત્. સત્‌નું દળ. ઓલો તો એક સમયનો ભેદરૂપ ભાવ. આખું સત્‌નું પરમાર્થ આખું દળ, જે અનાદિઅનંત જેનું સત્ત્વ છે એવા દળના અનુભવ વિના એકલા પર્યાયના ભેદનો અનુભવ એકલો નવ તત્ત્વનો, એ નવ તત્ત્વ તો એકલા રાગાદિના. સમજાણું કાંઈ? એ નવમાં સંવર, નિર્જરા, મોક્ષનો નિર્મળ પર્યાય ન આવે એમાં. આમાં આવશે. અહીં વાત કરશે એમાં. ફેર છે એમાં. સમજાણું કાંઈ?

૧૩મી ગાથામાં આવે છે કે નવ તત્ત્વનો અનુભવ એ વસ્તુ છે એટલે કે એ ભેદરૂપે વસ્તુ છે, પણ એનો ભેદનો એકલો અનુભવ એમાં તો સંવર, નિર્જરા, મોક્ષ ન આવે. અનાદિ નવનો અનુભવ છે એ. આમાં તો આવશે. પર્યાયમાં સંવર, નિર્જરા, મોક્ષરૂપે પરિણમી છે વસ્તુ. છતાં એનું એકરૂપ ચૈતન્ય દ્રવ્યપણું એનું છૂટ્યું નથી. શું સમજવું આમાં? પોપટભાઈ!

નવ તત્ત્વનો ભેદ પ્રકાર '**यत्**' '**જે શુદ્ધ વસ્તુ શુદ્ધપણાને નથી** છોડતી.' '**અહીં કોઈ આશંકા કરશે...**' જુઓ! અહીં આશંકા જ વાપરી છે. કોઈ જાણવાની અભિલાષા કરે કે ભાઈ! '**જીવવસ્તુ જ્યારે સંસારથી છૂટે છે ત્યારે શુદ્ધ થાય છે.**' આપ તો શુદ્ધ... શુદ્ધ... શુદ્ધ છો એમ કહો છો. પણ સંસારની વિકારી પર્યાય, ઉદયભાવનો મલિનભાવ છૂટે તો એને શુદ્ધ કહેવામાં આવે. અને એ છૂટ્યા વિના શુદ્ધ તમે કેમ કહો છો વસ્તુને? પ્રશ્ન સમજાય છે આમાં? '**જીવવસ્તુ જ્યારે સંસારથી છૂટે છે...**' મલિન દશા ઉદયભાવના ભાવ વિકારી પરિણામ, અસિદ્ધભાવ એનાથી છૂટે ત્યારે શુદ્ધ થાય છે. એમ શિષ્યની શંકા છે.

'**ઉત્તર આમ છે—જીવવસ્તુ...**' વસ્તુ જે પદાર્થ અનંતગુણનો રસકંદ એકલો તે '**દ્રવ્યદૃષ્ટિએ વિચારતાં...**' એ વસ્તુની કાયમી ચીજની દૃષ્ટિએ વિચાર કરતાં '**ત્રણે કાળ શુદ્ધ છે.**' એ ત્રણે કાળ શુદ્ધ છે. પર્યાયથી અશુદ્ધ છે એ વસ્તુ અહીં નથી. અહીં તો વસ્તુ ત્રિકાળ શુદ્ધ છે. સમજાણું કાંઈ? એક સમયમાં વસ્તુ જે વસ્તુ આખી અખંડ આનંદ જ્ઞાયકરસ સત્ત્વ આખું, પૂર્ણ સત્વ, ત્રિકાળનું એકલું સત્ત્વ એ તો શુદ્ધ જ છે. કહો, સમજાણું? '**જીવવસ્તુ...**' ભગવાન આત્મા જેમાં અનંતગુણ રહ્યા છતાં ધ્રુવરૂપે. એ વસ્તુ દૃષ્ટિએ જોઈએ અથવા વિચાર કરીએ તો ત્રિકાળ શુદ્ધ છે.

'**તે જ કહે છે—**' '**नवतत्त्वगतत्वेऽपि**' '**જીવ,...**' હું જીવ છું એવા વિકલ્પ ભેદ. '**અજીવ-આસ્રવ-બંધ-સંવર-નિર્જરા-મોક્ષ-પુણ્ય-પાપ તે-રૂપ પરિણમી છે...** ' પર્યાયરૂપે પરિણત છે. પર્યાયમાં નવનું પરિણમન છે. પર્યાયમાં નવનું પરિણમન પર્યાયરૂપે-અવસ્થારૂપે

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે, અસ્તિપણે છે. નથી એમ નહિ. સમજાણું કાંઈ? ભાઈ! વીતરાગમાર્ગ એવો છે. વસ્તુ સ્વભાવ એવો છે. એ વસ્તુ પોતે પર્યાય નામ અવસ્થામાં નવપણે પરિણત છે. બિલકુલ નથી કોઈ કહે વ્યવહારથી પણ, એમ છે નહિ. સમજાણું કાંઈ? કહો, જયંતિભાઈ! એ આત્મા આત્મા કરે પણ આવો આત્મા નથી ક્યાંય. હવે ખૂબ ચાલે છે ત્યાં. એમ કે અહીંનું બધે ચાલે ને ત્યાં મુંબઈમાં. ઓલા કહે કે અહીં ચાલે, ગીતાનું ચાલે, ઓલો કહે કે ફલાણું, કૃષ્ણ... બાપા! એ વસ્તુ શું છે? પદાર્થ શું છે? કોઈએ કરેલો ક્યાં છે? અને કોઈનો કહેલો છે માટે છે એમ પણ ક્યાં છે? છે જ વસ્તુ એવી. એક એક પદાર્થ સ્વભાવરૂપ ચૈતન્યવસ્તુ, એનો વસ્તુરૂપ સ્વભાવથી જોઈએ, એકરૂપ ચીજ જોઈએ તે ત્રિકાળ શુદ્ધ છે. અને તે સમ્યગ્દર્શનનો વિષય છે અને તે શુદ્ધ તે સમ્યગ્દર્શનનું કારણ છે. સમજાણું કાંઈ? વિકલ્પ-બિકલ્પ ભેદ કોઈ સમ્યગ્દર્શનનું કારણ છે જ નહિ. પણ સંસાર અવસ્થામાં નવપણે પરિણત છે. પરિણત છે. છે. છે હતું ને એમાં તો. આપણે હૈ નાખ્યું છે ને. એ છે. નાખવું છે. એ રાખવું અસ્તિપણે સિદ્ધ કરે છે. વસ્તુ આમ આખી ચિદ્‌ઘન વસ્તુપણે વસ્તુ હોવા છતાં પર્યાયમાં અવસ્થાનું પરિણમન એની દશામાં નવ રૂપે છે. સમજાણું?

‘**તે-રૂપ પરિણમી છે તોપણ શુદ્ધસ્વરૂપ છે.**’ તો પણ વસ્તુ વસ્તુ તરીકે તો શુદ્ધ સ્વરૂપ જ છે. સમજાણું કાંઈ આમાં? એક જ સેકન્ડના અસંખ્ય ભાગની અંદર એનું પરિણમન ભલે નવ પ્રકારે, અમુક પ્રકારે ભેદ ભેદરૂપે હોય, વસ્તુ તરીકે જુઓ તો વસ્તુ તો શુદ્ધ એકરૂપ ધ્રુવ ધારા ધ્રુવધારા, સત્‌ની સત્તાની ધારા એકરૂપ ત્રિકાળ છે. સમજાણું કાંઈ? એવા શબ્દો ઓછા પડે છે. આપણે લખ્યું છે હતું ને ભાઈએ? નહિ? નિયમસારમાં. મુનિને શબ્દો ઓછા પડે છે કહેતા કહેતા શું કહેવું. એવી વસ્તુ વસ્તુ ઓહોહો..! ચૈતન્ય મહાન પરમાત્મા મહાન પદાર્થ એક સમયનો અનંતગુણનો રાશિ ભગવાન એકરૂપે મહાન પદાર્થ. આહાહા..! એને ત્રણ કાળ સ્પર્શતા નથી. કાળભેદ જેને અડતો નથી. સમજાય છે કાંઈ? એવી ચૈતન્ય વસ્તુ શુદ્ધ જ છે. પર્યાયરૂપે નવરૂપે પરિણમન હોવા છતાં વસ્તુ તો શુદ્ધ જ છે. આહાહા..! એ સર્વજ્ઞ ભગવાન સિવાય આવી વસ્તુની મર્યાદા છે એમ કોઈ નહિ જોઈ શકે. સમજાય છે કાંઈ? વસ્તુની મર્યાદા એવી છે. એનો ગઢ જ એ જાતનો છે. પર્યાયમાં નવરૂપ પરિણમન વસ્તુ તરીકે એક. આ ચીજ જેણે આખું જોયું છે ત્રણકાળ એને જ જ્ઞાનમાં એ આવે. સમજાણું કાંઈ?

‘**ભાવાર્થ આમ છે-**’ જુઓ! તાત્પર્ય એ છે કે ‘**જેમ અગ્નિ દાહકલક્ષણ છે,...**’ બાળવાના લક્ષણવાળી છે. તે ઉષ્ણ સ્વભાવ. ‘**કાષ્ઠ,...**’ નામ લાકડા, ‘**તૃણ,...**’ નામ ખડ. ‘**છાણાં આદિ...**’ છાણા હોય છે ને છાણાં ‘**આદિ સમસ્ત દાહ્યને દહે છે,...**’ બધાને એ અગ્નિ દહવાયોગ્ય બળવા લાયકને બાળે છે. બળવા લાયકને બાળે છે. એમ છે ને? આકાશને બાળતી નથી. સમજાણું કાંઈ? ‘**જેમ અગ્નિ દાહકલક્ષણ છે તે કાષ્ઠ, તૃણ,**

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**છાણાં આદિ સમસ્ત દાહ્યને દહે છે,...'** બધા દાહ્યને બળવા લાયકને બાળે છે.

'**દહતો થકો...**' બાળતી થકી '**અગ્નિ દાહ્યાકાર થાય છે;...**' ભાષા જુઓ! એ અગ્નિ બાળવાને લાયક છે છતાં એ પોતે બળવાલાયક જે લાકડા આદિ એને આકારે અગ્નિ પર્યાયમાં થાય છે. સમજાય છે કાંઈ? ઝીણી વાત છે બહુ. અગ્નિ વસ્તુ છે એ દાહ્યાકાર થાય છે. બળવાલાયક લાકડા, તૃણ આદિ એ રૂપે પરિણમતાં એ એને આકારે અવસ્થામાં થાય છે. '**પરંતુ તેનો વિચાર છે કે જો તેને કાષ્ઠ, તૃણ અને છાણાની આકૃતિમાં જોવામાં આવે...**' એની આકૃતિની અવસ્થામાં જોવામાં આવે અગ્નિની અવસ્થા, લાકડા, પાંદડા આદિથી '**તો કાષ્ઠનો અગ્નિ, તૃણનો અગ્નિ અને છાણાનો અગ્નિ એમ કહેવું સાચું જ છે,...**' એ પર્યાયરૂપે આકૃતિ છે એ બરાબર છે. સમજાય છે કાંઈ? અગ્નિ. આ તો દૃષ્ટાંત. પછી ચૈતન્ય. અગ્નિ જે છે. અગ્નિ કહે છે ને? અગ્નિ લાકડા, તરણાને બાળતી એ બળવા લાયકની આકૃતિપણે પરિણમે છે. એ પર્યાય એ રૂપે થાય છે. સમજાય છે કાંઈ? '**કાષ્ઠનો અગ્નિ, તૃણનો અગ્નિ અને છાણાનો અગ્નિ એમ કહેવું સાચું જ છે,...**' એ વસ્તુ પર્યાયપણે એ છે એ ખોટું નથી, તદ્દન ભ્રમ છે એમ નથી.

'**અને જો અગ્નિની ઉષ્ણતામાત્ર...**' દેખો ભાષા આ લીધી. પહેલું લીધું કે દાહક લક્ષણ લીધું. છતાં એનો ઉષ્ણ સ્વભાવ એક જ લ્યો. '**ઉષ્ણતામાત્ર વિચારવામાં આવે તો ઉષ્ણમાત્ર છે,...**' ઉષ્ણ સ્વભાવમાત્ર અગ્નિ છે. એ પર્યાયની આકૃતિ અવસ્થામાં છે એને ગૌણ કરી દ્યો. એકલી અગ્નિ ઉષ્ણતામાત્ર છે. '**કાષ્ઠનો અગ્નિ, તૃણનો અગ્નિ અને છાણાનો અગ્નિ એવા સમસ્ત વિકલ્પ જૂઠા છે;...**' સમસ્ત ભેદ જૂઠા છે. જૂઠાણું ભારે લે છે.

'**તેવી જ રીતે...**' હવે દૃષ્ટાંતનો સિદ્ધાંત. આ '**નવ તત્ત્વરૂપ જીવના પરિણામો છે,...**' આત્મા જ્ઞાયકમૂર્તિ એક સ્વરૂપે ત્રિકાળ શુદ્ધ હોવા છતાં એના નવ તત્ત્વનું પરિણમન. અહીં હવે શુદ્ધ અને અશુદ્ધ બેય લેવું છે. સમજાણું કાંઈ? '**નવ તત્ત્વરૂપ જીવના પરિણામો છે,...**' નવ તત્ત્વરૂપ જીવના પરિણામ છે. એક હું જીવ છું એવો વિકલ્પ એ જીવના પરિણામ. અજીવ છે એનું જ્ઞાન પણ એ વખતે જીવના પરિણામ (છે). એમ આસ્રવ દયા, દાનનો વિકલ્પ છે, પુણ્ય-પાપનો વિકલ્પ છે એ પણ એક પર્યાયમાં એ છે. એ રૂપે છે. એ જીવના પરિણામ છે. પુણ્ય-પાપરૂપ આસ્રવ એ પણ જીવના પરિણામ છે. અટકવું રાગમાં એ ભાવબંધ એ જીવના પરિણામ છે. આત્માની શુદ્ધતા સંવર, નિર્જરા અને મોક્ષ એ પરિણામ છે. વસ્તુ નહિ. આત્મા એક સમયમાં અખંડાનંદ ધ્રુવ એનો અનુભવ, એનું જ્ઞાન સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ પર્યાય છે, એ પરિણામ છે. એ પર્યાય પરિણામ છે. છે. નથી એમ છે નહિ. સમજાય છે કાંઈ?

'**નવ તત્ત્વરૂપ જીવના પરિણામો છે, તે પરિણામો કેટલાક શુદ્ધરૂપ છે, કેટલાક**

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**અશુદ્ધરૂપ છે;...'** લ્યો! ભગવાન આત્મા એક સમયમાં આમ ધ્રુવ ધાતુ સત્ આખું સત્. પૂર્ણ વસ્તુ એવી દ્રવ્યદૃષ્ટિએ અને સમ્યગ્દર્શનનો એ વિષય એ રીતે ત્રિકાળી શુદ્ધ દ્રવ્ય હોવા છતાં એની પર્યાયમાં નવ પ્રકારના પરિણમનની પર્યાય છે. એમાં કેટલીક શુદ્ધ છે અને કેટલીક અશુદ્ધ છે. એ બધી પર્યાયો છે. મોક્ષ પણ એક પર્યાય છે. કહો, શેઠી! શું છે? કેવળજ્ઞાન પણ એક પર્યાય છે. આહાહા..! વસ્તુપણે નહિ. વસ્તુ એકરૂપ ત્રિકાળ ધ્રુવ છે. કેવળજ્ઞાન પણ પર્યાય છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર મોક્ષનો માર્ગ એ પણ એક પર્યાય એટલે અવસ્થા છે. સિદ્ધદશા પણ એક જીવદ્રવ્યની પર્યાય છે. સિદ્ધપણું એ જીવદ્રવ્યની અવસ્થા છે. વસ્તુ નહિ, ત્રિકાળી વસ્તુ નહિ. સમજાણું કાંઈ? **'નવ તત્ત્વરૂપ જીવના પરિણામો છે, તે પરિણામો કેટલાક શુદ્ધરૂપ છે,...'** એ પવિત્ર છે. સંવર, નિર્જરા, મોક્ષ પરિણામ એ પવિત્ર છે પણ છે પરિણામ. વસ્તુ નથી. વસ્તુ ત્રિકાળ ધ્રુવ છે. આહાહા..!

મુમુક્ષુ :- ત્રિકાળ પરિણામ ભેગા...

ઉત્તર :- ત્રિકાળ પરિણામ નહિ. પર્યાય... પર્યાય... પર્યાય... પર્યાય... તે. એ અવસ્થા... અવસ્થા... અવસ્થા... અવસ્થા... અવસ્થા... અવસ્થા... અને વસ્તુ... વસ્તુ... વસ્તુ... એમ. સમજાય છે કાંઈ? ઝીણી વસ્તુ છે ભાઈ!

વીતરાગ સર્વજ્ઞ પરમાત્માએ એક વસ્તુ આત્મા, એક સેકન્ડના અસંખ્ય ભાગમાં પૂર્ણ સત્તા સત્ત્વ આખું અખંડાનંદ પ્રભુ ધ્રુવ એ તો એકરૂપે શુદ્ધ છે. પણ એની પર્યાયમાં નવ રૂપે પરિણામ પરિણમેલા છે. પુણ્ય અને પાપનો વિકલ્પ છે વિકાર એ-રૂપે થયેલી પર્યાય છે. રાગના બંધન વિકારી પુણ્ય એમાં અટકેલો પણ એ પરિણમન એની પર્યાયમાં છે. કર્મમાં છે અને કર્મને લઈને છે એમ અહીં વાત જ નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો નિમિત્તની વાત કરે ત્યારે નિમિત્ત કોણ હતું એ. અહીં નિમિત્તનું જ્ઞાન કરાવવું નથી. અહીં તો અંતર્મુખ દ્રવ્ય અને પર્યાય બેનું છે. સમજાણું કાંઈ?

આ આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં પૂર્ણ શુદ્ધ ધ્રુવ અખંડ અભેદ વસ્તુ, એની દૃષ્ટિ કરવી એ સમ્યગ્દર્શન છે. સમજાણું કાંઈ? એ સિવાય સમ્યગ્દર્શન છે નહિ. છતાં એ સમ્યગ્દર્શન પર્યાય છે. સમજાણું કાંઈ? શું છે? કાંઈ સમજતા નથી કે શું છે? શું છે ભાઈ? સમજાય છે કે નહિ ભાષા કાંઈ? નથી સમજતા? હિન્દી. એમ કહ્યું કે.. એ હિન્દીમાં પણ તમને ઝીણું પડશે. અહીંયા એમ કહે છે કે એક સમયમાં આત્મા શુદ્ધ અખંડાનંદ પ્રભુ છે. કારણ કે એ ચીજ ચાલતી નથી ને. ચાલતી નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શું કહે છે?

મુમુક્ષુ :- ...

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઉત્તર :- હિન્દી કહ્યું ને. હિન્દી ચાલે છે ને. હવે આ હિન્દી ચાલે છે ને. શું કહે છે? એ હિન્દી હિન્દી કહે છે.

અહીં એમ કહે છે કે આત્મા એક સમયમાં સેકન્ડના અસંખ્ય ભાગમાં પૂર્ણ શુદ્ધ અખંડ આનંદકંદ ધ્રુવ છે. એક વસ્તુ સ્વરૂપે ત્રિકાળ એક છે. એની અંતર દૃષ્ટિ કરવી એનું નામ સમ્યગ્દર્શન છે. એનું નામ ધર્મની પ્રથમ સીઢી છે. પણ એમ હોવા છતાં, ત્રિકાળ એક હોવા છતાં... હોવા છતાં એને ન હોય. એક સમયમાં ત્રિકાળ ધ્રુવ જ્ઞાયકભાવ. આ તો અધ્યાત્મ વાત છે. એટલે ભાષા પણ જરી સૂક્ષ્મ પડે. કદી સાંભળી નથી. એક સેકન્ડના અસંખ્ય ભાગમાં આ આત્મપદાર્થ ધ્રુવ અખંડ રસકંદ એકલો ચિદાનંદ પૂર્ણ સ્વરૂપ અભેદ એ તો શુદ્ધ જ છે. એમાં નવ ભેદ છે નહિ. વસ્તુમાં નવ ભેદ નથી. અને એની પર્યાયનો વિચાર કરતાં અવસ્થા-ચાલતી અવસ્થાનો વિચાર, પર્યાયનો વિચાર કરવામાં, પણ હજી પર્યાય શું એ પણ સાંભળ્યું ન હોય. પર્યાય નામ વર્તમાન હાલત-દશા એનો વિચાર કરતાં એ નવ તત્ત્વરૂપ પર્યાયરૂપ થયો છે આત્મા. નવ તત્ત્વની પર્યાયરૂપ પરિણમનરૂપ આત્મા થયો છે. વસ્તુ તરીકે જુઓ તો એકરૂપ ત્રિકાળ આનંદકંદ શુદ્ધ છે. આહાહા..! સમજાણું કાંઈ? આ તો જરી સૂક્ષ્મ વાત છે. કદી સમ્યગ્દર્શન કેમ થાય અને એ સમ્યગ્દર્શન ધર્મ કોને થાય એની ખબર પણ ન હોય. સમ્યગ્દર્શન શું છે. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે ને. જોયું ને. કહ્યું ને. જેનો અનુભવ કરતાં સમકિત થાય છે. વાત આવીને પહેલી? એક સમયમાં ભગવાન આત્મા ચૈતન્ય જ્યોત પ્રકાશનો સૂર્ય એકરૂપ ત્રિકાળ, એનો અનુભવ કરવાથી સમ્યગ્દર્શન થાય છે. કોઈ ક્રિયાકાંડથી, દયા, દાન, વિકલ્પ આદિથી સમ્યગ્દર્શન થતું નથી. આહાહા..! અહીં તો વ્યવહાર કરતાં કરતાં સમ્યગ્દર્શન થાય એમ પણ નહિ. એય.. દેવાનુપ્રિયા!

મુમુક્ષુ :- હા, સાહેબ બરાબર છે.

ઉત્તર :- બરોબર છે એ અહીં સુધી. અહીં સુધી એટલે.. પછી વાટ ક્યાં સુધી જોવી? કર્યું નથી ને વાટ જોવી?

એક સમયમાં ભગવાન આત્મા આ શરીર, વાણી, મનથી તો દૂર ભિન્ન છે. શરીર, કર્મ, વાણી આ તો માટી, ધૂળ એનાથી તો ભિન્ન છે, પણ એમાં પુણ્ય અને પાપનો શુભાશુભભાવ (થાય છે) એનાથી પણ એ ચીજ ભિન્ન છે. એ તો ભિન્ન છે. પણ પોતાના સ્વભાવના આશ્રયે અંતર અનુભવ કરતાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની મોક્ષમાર્ગ પર્યાય થાય છે, એ પર્યાયથી પણ વસ્તુ ભિન્ન છે. વસ્તુ એવડી નથી. આહાહા..! અને આત્મામાં મોક્ષ ઉત્પન્ન થાય છે, કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંતઆનંદ એ પણ એક સમયની પર્યાય છે. એ પર્યાય જેટલું દ્રવ્ય નથી, દ્રવ્ય ત્રિકાળ ધ્રુવ શુદ્ધ છે. આહાહા..! કહો, સમજાય છે કે નહિ? પણ કોઈ દી ચોપડો હાથમાં લીધો ન હોય. જયંતિભાઈ! તમે લીધું હશે? આંકડિયામાં લેતા હશે? ભગવાન..

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

પૈસા તો લે. એમાં આ અધિકાર. એકલું સત્. એકલું નિતરતું સત્.

મુમુક્ષુ :- ફરીથી.

ઉત્તર :- શું ફરીથી? વસ્તુ જે છે એક સમયની. એક સેકન્ડના અસંખ્ય ભાગમાં ધ્રુવ ચૈતન્ય અનાદિઅનંત એ તો કાળની અપેક્ષા લઈને કહીએ. વસ્તુ ધ્રુવ ધ્રુવ અનંતગુણ રસકંદ એક વસ્તુ આત્મા. એમાં તો પર્યાયભેદ પણ નથી. મોક્ષની પર્યાય છે એ પણ એના ભેદમાં નથી. એ પર્યાયનો પણ એમાં અભાવ છે. આહાહા..! સમજાણું કાંઈ? આ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન કોને કહેવું એની પણ ખબર ન હોય. ચારિત્ર તો ક્યાંય રહી ગયા. આ તો બહારની ક્રિયા કાંઈ કરે તો થઈ ગયું ચારિત્ર. ધૂળમાંય ચારિત્ર નથી. ચારિત્ર તો પોતાનું સ્વરૂપ એક સેકન્ડના અસંખ્યમા ભાગમાં ધ્રુવ ચિદાનંદ ધાતુ, પૂર્ણાનંદથી ભરેલો, પૂર્ણ જ્ઞાન, આનંદનું એ દળ-પિંડ છે. એકરૂપ વસ્તુ છે. એને અહીંયાં દ્રવ્ય અને એની દૃષ્ટિ કરવી એનું નામ સમ્યગ્દર્શન. પછી સ્વરૂપમાં લીન થવું એ ચારિત્ર. સમજાણું કાંઈ?

અહીં તો બે વાત સિદ્ધ કરવી છે કે એવી ચીજ વસ્તુ તરીકે એકરૂપ ચિદાનંદ ભગવાન પોતાનો છે છતાં પર્યાયમાં, પર્યાય નામ પરિણામમાં, પરિણામ નામ વર્તમાન પરિણતિના સ્વભાવ ધર્મમાં એ નવ રૂપનું પરિણમન એમાં થયું છે. વાર્તા હોય તો ઠીક પડે. હવે એ તો અનાદિથી સાંભળી છે. એમાં શું છે? '**नवतत्त्वगतत्वेऽपि**' જીવ નવ પ્રકારના પરિણામમાં પર્યાયે આવ્યો છતાં એ વસ્તુ તરીકે તો શુદ્ધ ત્રિકાળ એકરૂપ છે. આહાહા..! '**તે પરિણામો કેટલાક શુદ્ધરૂપ છે,...**' ભગવાન આત્મા પોતાની એક સમયમાં પૂર્ણ આનંદ શુદ્ધ વસ્તુ એનો અંતરમાં અનુભવ કરવાથી જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની નિર્મળ નિર્વિકારી અવસ્થા થાય એ પરિણામ છે. એ શુદ્ધ પરિણામ છે. અને જેટલા રાગ-દ્વેષ, પુણ્ય-પાપના વિકલ્પ બાકી રહે છે એ અશુદ્ધ પરિણામ છે.

શુદ્ધ અને અશુદ્ધ બે પ્રકાર. એમાં અશુદ્ધના ચાર પ્રકાર. પુણ્ય, પાપ, આસ્રવ અને બંધ. ... અગ્નિનું દૃષ્ટાંત આપ્યું હતું ને? કે અગ્નિ દાહ્ય બળવાલાયકપણે આકૃતિ પર્યાયમાં થાય છે. પણ એ પર્યાય આકૃતિ જોતાં છે. અગ્નિની ઉષ્ણતા જોતાં એકલી ઉષ્ણતા છે. એમ ભગવાન આત્મા નવની આકૃતિ પર્યાયપણે પરિણિત પર્યાય અવસ્થામાં છે. સમજ્યા? નવ પરિણામમાં જોવામાં આવે તો નવેય તત્ત્વ સાચા છે. પર્યાયરૂપે નવ પ્રકાર અસ્તિરૂપે છે. આહાહા..! '**અને ચેતનામાત્ર અનુભવ કરવામાં આવે...**' ઓલામાં ઉષ્ણ હતું ને? અગ્નિમાં ઉષ્ણતામાત્ર ગુણથી લીધું હતું ને. ચેતનામાત્ર-ચેતનાભાવ, ચેતનામાત્ર '**અનુભવ કરવામાં આવે તો નવે વિકલ્પ જૂઠા છે.**' મોતીરામજી! બહુ સૂક્ષ્મ વાત છે. અભ્યાસ કદી કર્યો નથી.

ઓહો..! અનંતકાળ સંસારમાં રખડવા ગયો પણ કોઈ દી સાચું સમ્યગ્દર્શન શું છે અને સમ્યગ્દર્શન કોના આશ્રયે પ્રગટ થાય છે એ વાત યથાર્થપણે સાંભળી નથી. સમજાણું કાંઈ?

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અને એ સમ્યગ્દર્શન વિના બધું શૂન્ય છે. ચાલતા મડદાં છે મડદાં. ચાલતા મૃતક કલેવર. એ અહીંયા આચાર્ય મહારાજ કુંદકુંદાચાર્ય દિગંબર મુનિ સંત બે હજાર વર્ષ પહેલાં થયા છે. એની ટીકા કરનારા અમૃતચંદ્રાચાર્ય મહારાજ નવસો વર્ષ પહેલા દિગંબર મુનિ હતા. એમણે આ કળશો બનાવ્યા છે. એની ટીકા રાજમલે લગભગ ૩૫૦ વર્ષ પહેલાં બનાવી છે. એનો અર્થ. અલૌકિક વાત છે! ચાલતી ભાષામાં આ તો વાત આવી છે હવે-પ્રવાહ.

**'જો ચેતનામાત્ર અનુભવ કરવામાં આવે તો...'** એક આત્મા જ્ઞાયક... જ્ઞાયક.. જ્ઞાયક.. જ્ઞાયક... ચેતના લીધું પણ એ જ્ઞાયક... જ્ઞાયક.. જ્ઞાયક... જ્ઞાયક... એ જ્ઞાયક જ્ઞાયક ચેતનામાત્ર આત્મવસ્તુ છે. સ્વભાવ ચેતનામાત્ર વસ્તુ છે એવો **'અનુભવ કરવામાં આવે તો નવે વિકલ્પ જૂઠા છે.'** નવની પર્યાય અંતર વસ્તુમાં એક થતી નથી. એ અપેક્ષાએ જૂઠા છે. જૂઠા છે એમાં જરી ફૂલચંદજીને અટકવું પડશે. ઘડીકમાં સાચા અને ઘડીકમાં ખોટાં? પહેલા કીધા કે નવ તત્ત્વ સાથે છે. એ સાથે એટલે પર્યાયપણે સાચા છે. વસ્તુ તરીકે વસ્તુમાં ભેદ નથી માટે ખોટાં છે એમ કહ્યું. જૂઠાં છે. સમજાણું કાંઈ? સમ્યગ્જ્ઞાનમાં એ આત્મા અખંડ પ્રભુ ચેતનામાત્ર આત્માને જોતાં ભગવાન આત્મામાં એ નવ પ્રકારનું પરિણમન વસ્તુમાં નથી. વસ્તુમાં હોય તો અભેદમાં ભેદ આવે તો એક વસ્તુ થઈ જાય. સમજાણું કાંઈ?

**'નવ પરિણામોમાં જ જોવામાં આવે તો નવે તત્ત્વ સાચા છે...'** એ તો વાત કરી પહેલી. વ્યવહારનયથી વર્તમાન નયથી નવ પ્રકારની શુદ્ધ-અશુદ્ધ પર્યાયથી જુઓ તો આત્મા નવપણે છે. પણ એકલા ચેતનામાત્ર દૃષ્ટિથી જુઓ તો નવ પરિણામના ભેદ એમાં છે જ નહિ. છે નહિ એ અપેક્ષાએ જૂઠા. સમજાણું કાંઈ? શું દર્શન અને શું દર્શનનો વિષય? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ ૮મામાં આવે છે. એ સાંભળવું હોય તો અહીં આવે છે. અહીં તો પહેલા નવ તત્ત્વ જૂઠા ઠરાવે છે. પછી વળી ઈ ઠરાવશે આગળ. સમજાણું કાંઈ?

એક સમયની આત્માની પર્યાયના ભેદથી એને જુઓ તો નવરૂપે પરિણમન એમાં છે. શુદ્ધ-અશુદ્ધ પર્યાય એમાં પરિણમનરૂપ છે. વસ્તુ ચેતના ધ્રુવ જ્ઞાયક એકાકાર ભગવાન અંતર દરબારમાં જુઓ તો એ નવના ભેદ એમાં છે નહિ. સમજાણું કાંઈ? એકલા નવની પર્યાય અનાદિની છે ભેદરૂપ એનો અનુભવ તો મિથ્યાત્વ જ છે. એ વાત તો પહેલા કરી. અહીંયાં તો સમ્યગ્દર્શન... અને એને સમ્યગ્દર્શનની પર્યાય થઈ તો પર્યાયથી જુઓ તો નવ છે. સ્વભાવથી જુઓ તો નવ નથી. એમ કહે છે અહીં તો. આહાહા..! સમજાણું કાંઈ? અનાદિના નવ જુદાં, આ નવ જુદાં. નવ પ્રકાર જુદા છે. બે પ્રકારની રીત જુદી છે. અનાદિના નવ છે એ તો મિથ્યાદૃષ્ટિમાં નવ. એમાં સંવર-નિર્જરા-મોક્ષ શુદ્ધ નથી. એ તો માને છે કે અમને આસ્રવ થોડો ઘટ્યો તો અમને સંવર થયો. થોડી નિર્જરા થઈ અશુદ્ધની તો નિર્જરા થઈ.

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અજ્ઞાની નવ તત્ત્વ એમ માને છે. એ નવ તત્ત્વ નથી.

અહીંયા તો આત્મા ચૈતન્ય જ્યોતિ ભગવાન, ચૈતન્યસૂર્ય આત્મા છે-વસ્તુ. એની અંતર અભેદ દૃષ્ટિથી અંદર જુઓ તો નવ પર્યાયના અવસ્થાના પરિણામના ભેદ એમાં છે જ નહિ. એ છે નહિ એ અપેક્ષાએ જૂઠાં છે. અસ્તિ તરીકે એમાં છે. આહાહા..! સમજાણું કાંઈ? કહો, ભગવાનભાઈ! આવું સાંભળ્યું હતું ક્યાંય આ? કેટલા વર્ષ ગયા ભાવનગરમાં સાંભળતા સાંભળતા? આ વળી સાચું અને આ ખોટું. કોણ જાણે આ શું હશે? કરો ને સામાયિક ને પોષા ને પડિકમણા, જાત્રા ને ભક્તિ. થઈ જશે ધર્મ. ધૂળમાંય ધર્મ નથી. સમ્યગ્દર્શન વિના સામાયિક ક્યાંથી આવી? આત્માના અનુભવ વિના શેમાં આસન લગાવવું? સામાયિક તો અંતરમાં આસન લગાવવું એ છે. તો ચીજ શું છે? અને ચીજનો અનુભવ શું છે એની ખબર વિના સામાયિક ને પ્રૌષધ ને પ્રતિક્રમણ ક્યાંથી આવ્યા? સમજાણું કાંઈ?

આચાર્ય મહારાજ અમૃતચંદ્રાચાર્યદેવ જંગલમાં વસતા હતા ૯૦૦ વર્ષ પહેલા. તાડપત્ર ઉપર કળશ લખ્યા. ટીકા લખી, ટીકાનો સાર લખ્યો. કળશમાં ઘણું ભર્યું છે તો એનું અહીંયાં રહસ્ય ઉદ્‌ઘાટન કર્યું છે. સમજાણું કાંઈ? ભગવાન! તારી ચીજ અંદરમાં એક સ્વરૂપે અખંડાનંદ પ્રભુ છે. ચેતનામાત્રથી જુઓ તો શુદ્ધ ધ્રુવ છે. એ દ્રવ્યદૃષ્ટિ એનું નામ, એ દ્રવ્યની દૃષ્ટિ કરવી એનું નામ દ્રવ્યદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? અને પર્યાયથી જુઓ તો પર્યાય છે ખરી. પર્યાયનું જ્ઞાન અને દૃષ્ટિનું જ્ઞાન દ્રવ્યનું બે મળીને પ્રમાણનું જ્ઞાન છે. બેમાંથી એકને કાઢી નાખે તો વસ્તુ રહેતી નથી. એકલા દ્રવ્યને સમજે અને પર્યાયને ન માને તો મિથ્યાદૃષ્ટિ છે. એકલી પર્યાયને માને અને દ્રવ્યને ન માને તો પણ મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? અજ્ઞાન છે અજ્ઞાન. જૈનમાં રહેવા છતાં અજ્ઞાન છે. વસ્તુની ખબર નથી.

**'ચેતનામાત્ર અનુભવ કરવામાં આવે...'** આ તો શબ્દો હિન્દી આવે પણ સમજે ક્યાં? કોઈ દી સાંભળ્યું ન હોય. કથા ને વાર્તા સાંભળી હોય. કાં ભક્તિ કરવી ને જાત્રા કરવી. જાવ થઈ ગયો ધર્મ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હિન્દી નથી સમજતાં? એમાં આ ભાવ તો પાછા સૂક્ષ્મ છે ને.

આ **'નવે વિકલ્પ જૂઠા છે.'** ભેદ જૂઠા છે એમ કહેવું છે. પર્યાય પર્યાય તરીકે આત્મામાં નવ પ્રકાર છે. પણ વસ્તુ અભેદ જોતાં ભેદ એમાં છે નહિ. નથી એ અપેક્ષાએ જૂઠા કહેવામાં આવ્યા છે. આહાહા..! કહો, સમજાય છે કાંઈ? એમ આત્માને અંતરમાંથી ઓળખવો. પૂર્ણ શુદ્ધ અખંડ આનંદ, એનું અંતર જ્ઞાન કરવું, અનુભવ કરવો એ પહેલામાં પહેલો ધર્મ છે. છતાં એ ધર્મરૂપી પર્યાય છે. ધર્મ કોઈ દ્રવ્ય અને ગુણ નથી, એમ કહે છે. સમજાય છે કાંઈ? એ ધર્મરૂપ આત્મા પરિણમે છે. આત્મા પરિણમે છે ને આત્મા એવો ને એવો રહે છે. મગજમાં કામ કરે નહિ શું ચીજ છે. અભ્યાસ નહિ અભ્યાસ. કહો, સમજાણું કાંઈ?

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એ ૭મો શ્લોક. ૧૩મી ગાથા જે શરૂ કરી છે 'भूदत्थेणाभिगदा' એનો ઉપોદ્‌ઘાત છે. હવે એ ગાથા પૂરી કર્યા પછીનો કળશ હવે આવે છે. ૧૨મી ગાથા પૂરી થઈ તો ઓલો કીધો. 'उभयनयविरोधध्वंसिनि' પછી આની શરૂ કરી 'व्यवहारणनयः स्याद्यद्यपि प्राक्पदव्या–' નવ તત્ત્વનો વિકલ્પ છે ખરો. આમ છે. એમ કરીને એના ૧૩મો ઉપોદ્‌ઘાત કર્યો. પછી 'एकत्वे नियतस्य' નિશ્ચય સમ્યગ્દર્શનની વાત કરી. વ્યવહાર નવ તત્ત્વના ભેદનું સમ્યગ્દર્શન વ્યભિચાર છે. એકલો આત્મા અખંડાનંદ પૂર્ણ એનો અનુભવ દૃષ્ટિ તે સમ્યક્ નિશ્ચય છે. આ એનો ઉપોદ્‌ઘાત કર્યો. હવે ૧૩મી ગાથા પૂરી (કરી). નવ તત્ત્વની વાત કરી થોડી, એમાંથી આ કળશ બનાવ્યો.

---

(માલિની)

चिरमिति नवतत्त्वच्छन्नमुन्नीयमानं
कनकमिव निमग्नं वर्णमालाकलापे।
अथ सततविविक्तं दृश्यतामेकरूपं
प्रतिपदमिदमात्मज्योतिरुद्योतमानम्।।८।।

ખંડાન્વય સહિત અર્થ :—"आत्मज्योतिः दृश्यताम्" (आत्मज्योतिः) આત્મ જ્યોતિ અર્થાત્ જીવદ્રવ્યનું શુદ્ધ જ્ઞાનમાત્ર (दृश्यताम्) સર્વથા અનુભવરૂપ હો. કેવી છે આત્મજ્યોતિ? "चिरमिति नवतत्त्वच्छन्नं, अथ सततविविक्तं" આ અવસરે નાટ્યરસની પેઠે એક જીવવસ્તુ આશ્ચર્યકારી અનેક ભાવરૂપ એક જ સમયે દેખાય છે; એ જ કારણથી આ શાસ્ત્રનું નામ નાટક સમયસાર છે. તે જ કહે છે—(चिरम्) અમર્યાદ કાળથી (इति) જો વિભાવરૂપ રાગાદિ પરિણામ-પર્યાયમાત્ર વિચારવામાં આવે તો જ્ઞાનવસ્તુ (नवतत्त्वच्छन्नं) પૂર્વોક્ત જીવાદિ નવ તત્ત્વરૂપે આચ્છાદિત છે. ભાવાર્થ આમ છે કે જીવવસ્તુ અનાદિ કાળથી ધાતુ અને પાષાણના સંયોગની પેઠે કર્મ-પર્યાય સાથે મળેલી જ ચાલી આવે છે અને મળી થકી તે રાગાદિ વિભાવપરિણામો સાથે વ્યાપ્ય-વ્યાપકરૂપે સ્વયં પરિણમે છે. તે પરિણમન જોવામાં આવે, જીવનું સ્વરૂપ ન જોવામાં આવે, તો જીવવસ્તુ નવ તત્ત્વરૂપ છે એમ દૃષ્ટિમાં આવે છે; આવું પણ છે, સર્વથા જૂઠું નથી, કેમ કે વિભાવરૂપ રાગાદિ પરિણામશક્તિ જીવમાં જ છે. "अथ" હવે 'अथ' પદ દ્વારા બીજો પક્ષ બતાવે છે :—તે જ જીવવસ્તુ દ્રવ્યરૂપ છે, પોતાના ગુણ-પર્યાયે વિરાજમાન છે. જો શુદ્ધ દ્રવ્યસ્વરૂપ જોવામાં આવે, પર્યાયસ્વરૂપ ન જોવામાં આવે તો તે કેવી છે? "सततविविक्तम्" (सतत) નિરંતર (विविक्तं) નવ તત્ત્વના વિકલ્પથી રહિત છે, શુદ્ધ વસ્તુમાત્ર છે. ભાવાર્થ આમ છે કે શુદ્ધ સ્વરૂપનો અનુભવ સમ્યક્ત્વ છે.

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વળી કેવી છે તે આત્મજ્યોતિ? ''वर्णमालाकलापे कनकमिव निमग्नं'' 'વર્ણમાલા'પદના બે અર્થ છે—એક તો [૧]બનવારી, અને બીજો ભેદપંક્તિ; ભાવાર્થ આમ છે કે ગુણ-ગુણીના ભેદરૂપ ભેદપ્રકાશ; 'કલાપ'નો અર્થ સમૂહ છે. આથી એમ અર્થ ઊપજ્યો કે જેમ એક જ સોનું [૨]વાનભેદથી અનેકરૂપ કહેવાય છે તેમ એક જ જીવવસ્તુ દ્રવ્ય-ગુણ-પર્યાયરૂપે અથવા ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપ અનેકરૂપ કહેવાય છે. ''अथ'' હવે 'અથ' પદ દ્વારા ફરીને બીજો પક્ષ બતાવે છે :—''प्रतिपदम् एकरूपं'' (प्रतिपदम्) ગુણ-પર્યાયરૂપ અથવા ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપ અથવા દૃષ્ટાંતની અપેક્ષાએ વાનભેદરૂપ જેટલા ભેદો છે તે બધા ભેદોમાં પણ (एकरूपं) પોતે (એક) જ છે. વસ્તુનો વિચાર કરતાં ભેદરૂપ પણ વસ્તુ જ છે, વસ્તુથી ભિન્ન ભેદ કોઈ વસ્તુ નથી. ભાવાર્થ આમ છે કે સુવર્ણમાત્ર ન જોવામાં આવે, વાનભેદમાત્ર જોવામાં આવે તો વાનભેદ છે; સોનાની શક્તિ એવી પણ છે; જો વાનભેદ ન જોવામાં આવે, કેવળ સુવર્ણમાત્ર જોવામાં આવે, તો વાનભેદ જૂઠા છે; તેવી રીતે જો શુદ્ધ જીવવસ્તુમાત્ર ન જોવામાં આવે, ગુણ-પર્યાયમાત્ર કે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યમાત્ર જોવામાં આવે, તો ગુણ-પર્યાયો છે, ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય છે; જીવવસ્તુ આવી પણ છે; જો ગુણ-પર્યાયભેદ કે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યભેદ ન જોવામાં આવે, વસ્તુમાત્ર જોવામાં આવે, તો સમસ્ત ભેદ જૂઠા છે. આવો અનુભવ સમ્યક્ત્વ છે. વળી કેવી છે આત્મજ્યોતિ? ''उन्नीयमानं'' ચેતનાલક્ષણથી જણાય છે, તેથી અનુમાનગોચર પણ છે. હવે બીજો પક્ષ—''उद्योतमानम्'' પ્રત્યક્ષ જ્ઞાનગોચર છે. ભાવાર્થ આમ છે કે ભેદબુદ્ધિ કરતાં જીવવસ્તુ ચેતનાલક્ષણથી જીવને જાણે છે, વસ્તુ વિચારતાં એટલો વિકલ્પ પણ જૂઠો છે, શુદ્ધ વસ્તુમાત્ર છે. આવો અનુભવ સમ્યક્ત્વ છે. ૮.

## કલશ-૮ ઉપર પ્રવચન

(માલિની)

चिरमिति नवतत्त्वच्छन्नमुन्नीयमानं
कनकमिव निमग्नं वर्णमालाकलापे।
अथ सततविविक्तं दृश्यतामेकरूपं
प्रतिपदमिदमात्मज्योतिरुद्योतमानम्।।८।।

૧ બનવારી = સોનું તપાવવાની કૂલડી.

૨ દસ વલું, ચૌદ વલું આદિ સોનામાં જે ભેદ છે તેને વાનભેદ કહે છે.

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


સાર એકલું માખણ કાઢ્યું છે. કળશ કરીને. ટીકા કરીને ટીકા પાછું કળશ માખણ છે હોં! એની પાછી આ ટીકા છે. '**आत्मज्योतिः द्रश्यताम्**' દેખો! આત્મજ્યોતિ ભગવાન એક સમયમાં ચૈતન્યસૂર્ય. જ્યોતિ છે જ્યોતિ આત્મા. '**જીવદ્રવ્યનું શુદ્ધ જ્ઞાનમાત્ર,...**' જ્યોતિની વ્યાખ્યા કરી. '**આત્મજ્યોતિ અર્થાત્ જીવદ્રવ્યનું શુદ્ધ જ્ઞાનમાત્ર,...**' એ જીવ ભગવાન આત્મા જ્ઞાયક ત્રિકાળ જ્ઞાયક શુદ્ધમાત્ર '**द्रश्यताम्**' '**द्रश्यताम्**'ની વ્યાખ્યા. '**સર્વથા અનુભવરૂપ હો.**' આહાહા..! દેખવું એમ નહિ. ભગવાન આત્મા એક સમયમાં ચૈતન્યજ્યોતિ, આત્મજ્યોતિ, જ્ઞાયકજ્યોતિ વસ્તુ શુદ્ધ જ્ઞાનમાત્ર વસ્તુ એનું નામ આત્મજ્યોતિ. '**द्रश्यताम्**' '**સર્વથા અનુભવરૂપ હો.**' '**द्रश्यताम्**' એનો અનુભવ હો. એને દેખવું. દેખવાનો અર્થ એનો અનુભવ કરવો. ત્યારે એનું નામ દેખવું કહેવામાં આવે છે અને સર્વથા અનુભવ થવાનો અર્થ અખંડ પૂર્ણ વસ્તુનો એકાકાર થઈને એકલો અનુભવ. સર્વથામાં કોઈ રાગ બાકી રહી જાય એમ નહિ. એકલા ત્રિકાળી જ્ઞાયકભાવનો અનુભવ હો. આચાર્ય કહે છે કે અમને તો એક હો. બીજું કાંઈ જોઈતું નથી. કહો, પોપટભાઈ!

'**સર્વથા અનુભવરૂપ હો.**' અમારે તો એક જ વસ્તુ છે. બીજી જોઈતી જ નથી કાંઈ કહે છે. આચાર્ય કહે છે હોં! છે તો ખરી. પણ જરી થોડો વિકલ્પ ઉઠે છે ને? નહિ એકલો આત્મા રહી જાઓ અનુભવમાં. અનુભવમાં એકલો આત્મા, જેમાં ભેદ પણ બિલકુલ નથી. '**સર્વથા અનુભવરૂપ હો.**' વળી સર્વથા શાસ્ત્રમાં... કોઈ કહે કથંચિત્ એય..! દેવાનુપ્રિયા! બહુ સર્વથા આવશે હોં આમાં, બહુ સર્વથા (આવશે). ઓલા બધા લગાવે ને કથંચિત્. શું ધૂળ કથંચિત્? એક સમયમાં ભગવાન આત્મા અનંત ગુણરાશિ એકરૂપ એનો સર્વથા અનુભવ એક જ પ્રકાર હો. કથંચિત્ અનુભવ હો અને કથંચિત્ ભેદનો રાગ રહો એમ નહિ. કહો, સમજાણું કાંઈ?

'**સર્વથા અનુભવરૂપ હો.**' આહાહા..! પૂર્ણ દ્રવ્યસ્વભાવ શુદ્ધ વસ્તુનો સ્વભાવ એ તરફનું અમારું વલણ પૂર્ણ હો. એમ કહે છે મૂળ તો. સર્વથાનો અર્થ પૂર્ણ વલણ હો. થોડું છે એ પૂર્ણ વલણ હો. એ સર્વથા એકરૂપ જ અનુભવ હો. સમજાય છે કાંઈ? જુઓ! આચાર્ય પોતે કહે છે અમૃતચંદ્રાચાર્ય દેવ. પર્યાયમાં નવ પ્રકાર હોવા છતાં અમને તો આ આત્મ ચૈતન્ય જ્યોતિરૂપ એનો સર્વથા એકરૂપ જ અનુભવ હો. એમાં ભેદરૂપ પરિણતિ ઉપર લક્ષ જે થોડું છે એ રહો નહિ. સમજાય છે કાંઈ? પણ આ સર્વથા અનુભવમાં કાંઈક આશ્રય કોઈનો લેવો કે નહિ? એ જ આશ્રય ચિદાનંદ '**भूदत्थमस्सिदो खलु**' એની તો વ્યાખ્યા ચાલે છે અહીં. આખો સર્વથા ભગવાન જેને નજરુંમાં લેતા જેના નિધાન પર્યાયમાં પ્રગટ થાય એવો ભગવાન આશ્રયમાં છે. જેને નજરમાં લેતાં એ નજરુંમાં નિધાન પ્રગટ થાય. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- આપ સાહેબ કહો છો ને, અજર પ્યાલા પિયો મતવાલા...

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

ઉત્તર :- હા, તો એ જ પ્યાલો પીયો મતવાલા, ચિન્હી અધ્યાત્મ વાસા. અજર પ્યાલા એટલે? એનો અર્થ એવો નથી કે આ જીરવી શકાય નહિ. એમ નહિ. એમ કે જીરવી શકાય નહિ. વળી એમ છે ને.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા એમ. વસ્તુ જ આ છે. આ જ કરવાની અને આ એક જ વાત છે. બીજી વાત છે નહિ. અજર પ્યાલાને તો .. ખાય છે વિષ્ટાને અનાદિથી અજ્ઞાન. કહો, સમજાણું કે નહિ? ઝેર તો અનાદિથી પીવે છે. વિકારના પરિણામ કરીને ઝેર તો અનાદિથી પીવે છે. શું એમાં નવું કરવું છે? અજર પ્યાલા. થોડું થોડું બીજું હોય ને...

**'द्रश्यताम्'** ભગવાન આત્માને દેખો. અર્થાત્ પર્યાયના ભેદને ન દેખો. આહાહા..! દિગંબરના તીવ્ર વચનોને (લઈને) રહસ્ય સમજી શકાય છે. આવે છે ને શ્રીમદ્‌માં? જુઓને! એક આવી ભાષા પણ ન મળે ઓલામાં. વાચ્યના ઠેકાણા ન મળે તો વાચક ક્યાંથી આવે એવા? ઓહો..! કહે છે, **'आत्मज्योतिः द्रश्यताम्'** ભગવાન આત્મા એટલે જીવદ્રવ્ય. એની જ્યોતિ એટલે શુદ્ધજ્ઞાનમાત્ર ભાવ. ત્રિકાળ એકલો. મતિ, શ્રુતના ભેદ પણ નહિ. મતિજ્ઞાન ને શ્રુતજ્ઞાન ને અવધિ, મનઃપર્યય એ પણ નહિ. એક જ્ઞાનમાત્ર ત્રિકાળ જે વસ્તુ, એનો જ અનુભવ હો. એ જ મોક્ષમાર્ગ છે, બીજો કોઈ મોક્ષ છે નહિ. સમજાણું કાંઈ? આ વ્યવહાર મોક્ષમાર્ગ, નિશ્ચય મોક્ષમાર્ગ મારે છે ને? વ્યવહાર-ફ્યવહાર એ તો નિમિત્તનું જ્ઞાન કરાવ્યું છે. જોડે વિકલ્પના ભેદો એવી જાતના હોય છે એનું જ્ઞાન કરાવ્યું છે. મોક્ષમાર્ગ બે હોતા નથી. એક જ મોક્ષમાર્ગ છે. ભગવાન આત્મા પૂર્ણાનંદનો અનુભવ કરે દૃષ્ટિ, જ્ઞાન અને લીનતાથી એ એક જ મોક્ષમાર્ગ છે. સમજાય છે કાંઈ?

**'કેવી છે આત્મજ્યોતિ?' આ અવસરે નાટ્યરસની પેઠે એક જીવવસ્તુ આશ્ચર્યકારી અનેકભાવરૂપ એક જ સમયે દેખાય છે,...'** શું કહે છે? **'આ અવસરે નાટ્યરસની પેઠે...'** નાટકમાં રસ હોય છે ને? **'એક જીવવસ્તુ આશ્ચર્યકારી અનેકભાવરૂપ એક જ સમયે દેખાય છે, એ જ કારણથી આ શાસ્ત્રનું નામ નાટક સમયસાર છે.'** લ્યો! નાટક સમયસાર રાખ્યું. પર્યાયમાં શુદ્ધતા દેખાય, વસ્તુએ ત્રિકાળ શુદ્ધ દેખાય, કોઈ પર્યાયમાં અશુદ્ધતા દેખાય. આશ્ચર્યકારી વસ્તુ છે. પર્યાયમાં નવરૂપ પરિણમન, વસ્તુમાં એકરૂપ વસ્તુ આશ્ચર્યકારી વસ્તુ છે આ. કહો, સમજાણું? નાટકમાં પણ આવે ને ઘડીકમાં એ પીંગળા રાણી થઈને આવે, ઘડીકમાં વળી દાસી થઈને આવે, વળી રાજા થઈને આવે એનો એ. એમ આત્મા વસ્તુ તરીકે એકરૂપ શુદ્ધ, પર્યાયમાં અનેક વિચિત્રતા. બેયની વિચિત્રતાવાળી વસ્તુ આશ્ચર્યકારી છે. પોતાને જ કારણે, હોં! પરની વાત અહીંયાં અપેક્ષાએ લીધી જ નથી.


**'એક જ સમયે દેખાય છે,...'** આમ નવરૂપ પરિણમન, આમ એકરૂપ વસ્તુ. **'એ જ કારણથી આ શાસ્ત્રનું નામ નાટક સમયસાર છે.'** આ શાસ્ત્રનું નામ નાટક સમયસાર.

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એ રાજમલજી 'સમયસાર નાટક કે મર્મી...' એમ બનારસીદાસે કહ્યું. સમયસાર નાટકના મર્મી છે ઈ. શાસ્ત્રના મર્મી છે કે ક્યાં શાસ્ત્રને શું કહેવું છે. એનો મર્મ દેખીને ટીકા કરી છે. 'તે જ કહે છે–' એ હવે દેખાડવામાં આવશે.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)


ૐ
આત્માનું બળ એટલે કે વીર્ય એમાં
એવી તાકાત છે કે તે આત્મ સ્વરૂપની રચના
કરે છે અને તેજ તેનો સ્વભાવ છે. તે વિકાર
ને રચે કે પરને રચે તેવું તે વીર્યનું સ્વરૂપ જ નથી.
પરમજ્ઞાની આત્માની દિવ્ય શક્તિઓ-
નું વર્ણન કરતાં જણાવે છે કે આત્મામાં
દ્રવ્ય ગુણ પર્યાયની રચનાના સામર્થ્ય રૂપ
એક વીર્ય શક્તિ છે કે જેનું શક્તિવાન એવા
આત્મ દ્રવ્ય ઉપર નજર જતાં દ્રવ્ય ગુણ પર્યાય
એ ત્રણેમાં વ્યાપવું થાય છે.

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## વીર સંવત-૨૪૯૧, ફાગણ સુદ ૧૪, મંગળવાર, તા. ૧૬-૩-૧૯૬૫, કલશ-૮ પ્રવચન નં. ૧૦

આ સમયસાર કળશટીકા. એનો ૮મો કળશ ચાલે છે. થોડું ચાલ્યું છે. ફરીને જુઓ. આ આત્મા કઈ દૃષ્ટિએ દેખવાથી અનુભવવાથી સમ્યક્ થાય? અને કઈ દૃષ્ટિએ દેખવાથી એનું ભેદ જ્ઞાન-ભેદપણું જ્ઞાનમાં આવે, છતાં એ સમ્યગ્દર્શનનું કારણ નથી. કહેવાય છે આ બે વાત આ વાત કહેવાય છે. એનો ઉપોદ્ઘાત કરીએ છીએ. શું કહ્યું? કે આ આત્મા છે ને વસ્તુ? એને બે પ્રકારે જોવાની દૃષ્ટિ (છે). એક તો એક સ્વરૂપ ચિદાનંદ જ્ઞાન, આનંદ આદિ એકરૂપે ત્રિકાળ છે. એવું એને જોતાં, એનો અનુભવ કરતાં સમ્યગ્દર્શન થાય. પણ એને ને એને વર્તમાન પર્યાય અવસ્થાના નવ તત્ત્વના ભેદથી જોઈએ તો તે ભેદરૂપ પર્યાયમાં અસ્તિરૂપે છે, પણ એનો અનુભવ કરવાથી સમ્યગ્દર્શન ન થાય. ઝીણું છે. હિંમતભાઈ! હમણાં કળશટીકા છપાણી છે ને?

જુઓ! શરૂઆત એની. **'આત્મજ્યોતિ અર્થાત્ જીવદ્રવ્યનું શુદ્ધ જ્ઞાનમાત્ર,...'** આત્મજ્યોતિનો અર્થ. આત્મજ્યોતિ એટલે આ આત્મા અંદર. **'જીવદ્રવ્યનું શુદ્ધ જ્ઞાનમાત્ર...'** જ્યોતિ. એ તો શુદ્ધ જ્ઞાનરૂપ ત્રિકાળ. **'द्रश्यताम्'** એનો જો અનુભવ કરે તો **'સર્વથા અનુભવરૂપ હો.'** તો એનો અનુભવ સર્વથા એટલે નવ તત્ત્વના વર્તમાન પર્યાય નામ અવસ્થામાં ભેદ છે એનું લક્ષ છોડીને એ જ્ઞાયકમૂર્તિ ચિદાનંદ સ્વભાવ એકરૂપ છે એનો અનુભવ સર્વથા સમ્યગ્દર્શનનું કારણ છે. એટલે સર્વથા અનુભવરૂપ હો. એનો અનુભવ હો, એનું નામ સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન ને આત્માનો સાક્ષાત્કાર કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? **'द्रश्यताम्'**નો અર્થ જ એ કર્યો. દેખવું. એટલે? એક સમયમાં પૂર્ણ શુદ્ધ દ્રવ્ય સ્વભાવ, એને દેખતાં સર્વથા એનો અનુભવ જ હો. એટલે એનું જ દેખવું હો, એનો જ અનુભવ હો. એ વસ્તુની સ્થિતિ અને મર્યાદા છે. કહો, હિંમતભાઈ!

**'કેવી છે આત્મજ્યોતિ?' 'चिरमिति नवतत्त्वच्छन्नं, अथ सततविविक्तं' 'આ અવસરે નાટ્યરસની પેઠે એક જીવવસ્તુ...'** ભગવાન આત્મા ચિદાનંદ અનાદિઅનંત એ **'આશ્ચર્યકારી અનેકભાવરૂપ એક જ સમયે દેખાય છે,...'** વસ્તુ એક હોવા છતાં એક સમયમાં અનેકરૂપે દેખાય છે. વસ્તુરૂપે જુઓ તો એકરૂપ છે. પર્યાયરૂપે-અવસ્થારૂપે જુઓ તો નવ તત્ત્વરૂપે છે. એવી જ વસ્તુની કોઈ મર્યાદા છે. પરની સાથે અહીં કાંઈ વાત અત્યારે નથી.

મુમુક્ષુ :- અત્યારે નથી એટલે?

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઉત્તર :- જ્યારે કહેવું હોય ત્યારે કહે કે એ કર્મના સંયોગના નિમિત્તે (થયેલી પર્યાય છે). દાખલો આપશે સોનાના પત્થરનો. નવ ... કર્મના સંયોગના લક્ષે નવરૂપે પરિણમેલી છે. એમ. સમજાય છે કાંઈ? ઝીણી વાતું છે. એણે આત્મા શું અને એ આત્મામાં હોવાપણાના બે ભાગ શું? એક હોવાપણું એનું ત્રિકાળી જ્ઞાયક, આનંદકંદનું એકરૂપે હોવાપણું અને એક એની અવસ્થામાં પુણ્ય, પાપ, કામ, ક્રોધાદિ નવ તત્ત્વના પર્યાયરૂપે હોવું એ પણ એની પર્યાયમાં અસ્તિત્વ રૂપે છે. પણ એ નવના હોવાપણાનું અસ્તિત્વ, એનો અનુભવ એ મિથ્યાત્વ છે. એ પહેલા કહી ગયા છે. સમજાણું કાંઈ? ૭મા (કળશમાં) જે આવ્યું હતું એથી જુદી વાત છે આ જરી. ભાઈ! ૭મામાં જે શુદ્ધ ને અશુદ્ધ કહ્યું હતું ને? એ તો સંવર, નિર્જરા, મોક્ષ સહિત. સાચા સંવર, નિર્જરા, મોક્ષ સહિત હતું. આમાં તો અનાદિના નવ પ્રકાર એક પર્યાયમાં જે પડ્યા છે, વ્યવહાર સંવર એટલો અશુદ્ધ જેટલું અટક્યું હોય ભાવમાં. નિર્જરા (એટલે) જરી કર્મ ટળતા હોય અને એ અંશે ટળ્યા એને મોક્ષ ગણીને નવ તત્ત્વરૂપ એની પર્યાયમાં-અવસ્થામાં એ પરિણમેલો છે. સમજાણું કાંઈ? એની એને ખબર ન મળે. આ નાટકમાં... આ નાટ્ય કીધું ને?

**'એ જ કારણથી આ શાસ્ત્રનું નામ નાટક સમયસાર છે.'** નાટકમાં જેમ એક જ માણસ ભિન્ન ભિન્ન રૂપ ધારણ કરે છતાં વસ્તુ તો-માણસ તો માણસ છે. એમ આત્મા અનાદિઅનંત જ્ઞાયકમૂર્તિ અનંતગુણનો રસકંદ ધામ ભગવાન પોતાનું નિજ સ્વરૂપ એથી એ એક જ રૂપ છે. પણ એની હાલતમાં-પર્યાયમાં-પરિણમનમાં-દશામાં નવ તત્ત્વથી ઢંકાઈ ગયેલું એવું એ તત્ત્વ છે. લ્યો, વળી જયચંદભાઈ કહે, આ ક્યાં ગયું આ? સવારમાં કીધું હતું ને?

મુમુક્ષુ :- સંતાઈ ગયો.

ઉત્તર :- એ સંતાઈ ગયો. નવના તત્ત્વના ભેદ ઉપરની દૃષ્ટિએ આખું તત્ત્વ સંતાઈ ગયું છે. સમજાણું કાંઈ? ખૂબી તો એ છે કે કર્મથી ઢંકાણું છે એમ નહિ.

**'તે જ કહે છે-' 'चिरम'** આ શબ્દ ઉપાડ્યો છે ત્યાંથી. **'અમર્યાદકાળથી...'** એટલે અનાદિકાળથી. અનાદિકાળથી **'જો વિભાવરૂપ રાગાદિ પરિણામ-'** વિભાવરૂપ એટલે રાગાદિ પરિણામ. પુણ્ય અને પાપ, અજ્ઞાનભાવ, રાગ અને દ્વેષ, એવી દશા એની અનાદિની અંદરમાં પરિણમેલી છે. નિગોદથી માંડીને. નિગોદમાં હતો બટાટા, શક્કરકંદમાં ત્યારથી એની વિકારી પર્યાયથી જ પરિણમેલી દશા એની છે. સમજાય છે કાંઈ? કોઈ દી આ સાંભળ્યું અને વિચાર્યું પણ નથી. નવરાશ ન મળે ને સંસારના કામ આડે.

મુમુક્ષુ :- એ પણ નવ તત્ત્વમાં આવતું હશે ને?

ઉત્તર :- નવ તત્ત્વમાં આવે છે ને આસ્રવ અને બંધ. આસ્રવ અને બંધના વિકલ્પની જાળમાં એમ ને એમ પરિણમી રહ્યો છે. ગોતવા ગયો. ગોટો ઉઠ્યો ગોટો.

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કહે છે અમર્યાદકાળ. જેના કાળની મર્યાદા '**चिरम**' શબ્દમાં વાપરી દીધો અનાદિ. અનાદિ કાળથી એ વસ્તુ તો વસ્તુ તરીકે હોવા છતાં '**इति**' એટલે '**જો વિભાવરૂપ રાગાદિ પરિણામ-પર્યાયમાત્ર વિચારવામાં આવે તો...**' જો એની વર્તમાન પર્યાય એટલે અવસ્થા નામ દશા-હાલત એવા પર્યાયમાત્રને વિચારવામાં આવે તો ભગવાન જ્ઞાન વસ્તુ, ચિદાનંદ ધ્રુવ વસ્તુ '**नवतत्त्वच्छन्नं**' '**પૂર્વોક્ત જીવાદિ નવ તત્ત્વરૂપે આચ્છાદિત છે.**' શું કહ્યું? કર્મથી નહિ. એની વર્તમાન દશામાં રાગ અને દ્વેષ, પુણ્ય અને પાપ, કામ અને ક્રોધ, અજીવ હું નહિ અને જીવ હું છું એવો વિકલ્પ, એવા વિકલ્પની જાળમાં એ એકરૂપ ચિદાનંદ છે તે ઢંકાઈ ગઈ છે એ ચીજ. પોપટભાઈ! પરમાં અટવાણો નથી. બાયડી, છોકરા, કુટુંબમાં નથી અટવાણો. કર્મમાં નથી અટવાણો, કર્મે એને રોક્યો નથી, પરે એને રોક્યો નથી. ફક્ત એક સ્વરૂપે ભગવાન સચ્ચિદાનંદ નિર્મળ સિદ્ધ સમાન આત્માનું સ્વરૂપ. એને છોડીને વર્તમાન પર્યાય પરિણમન દશામાં નવ પ્રકારના વિકલ્પ નવ તત્ત્વનાં એમાં એનું એકરૂપ માનીને, ત્રિકાળપણું તેનું ઢંકાઈ ગયું છે. આહાહા..! સમજાણું કાંઈ? એય..! દેવાનુપ્રિયા! આમાં કર્મ-બર્મની વાત ન આવી આમાં. બીજે ઠેકાણે કર્મ હોય તો આમ થાય અને કર્મ હોય તો આમ થાય. એ તો કર્મની ના પાડશે આગળ. બિલકુલ કર્મનો દોષ નથી. પુદ્ગલનો જરીએ દોષ નથી. તારો દોષ છે ને તું નાખે છે પરને.

અભેદ ચિદાનંદ વસ્તુ એક સમયમાં અખંડ આનંદનો કંદ એવો આત્મા, એવી વસ્તુ છે અનાદિઅનંત ધ્રુવ. એની નજરું ન કરતાં, એના તરફના વલણના ભાવને ન સેવતા, એકલા નવના ભેદ (વિચારે કે) આ જીવ છું, આ અજીવ છે, આ અજીવ નથી, પુણ્ય છે ને પાપ છે ને, દયા, દાન, વિકલ્પ અને આમ થાય તો રાગ ઘટે તો સંવર થાય, આમ થાય, નિર્જરા થાય અને રાગ ઘટે તો મોક્ષ થાય એવી એક વિકલ્પની જાળ નવ પ્રકારની, એમાં એ ચિદાનંદ અટવાઈ ગયો છે, ઢંકાઈ ગયો છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- એમાંથી આપ બહાર કાઢી લ્યો.

ઉત્તર :- એ માટે તો અહીં કહેવાય છે કે ભાઈ! એ નવના વિકલ્પોની જાળની પાછળ આખો પરમાત્મા સચ્ચિદાનંદ પ્રભુ સિદ્ધ પરમાત્મા જે થયા એ ક્યાંથી પ્રગટ્યા? એ અંદર સ્વભાવમાંથી પ્રગટ્યા છે ઈ. એવો આખો સ્વભાવ તારો એકરૂપ અખંડ, એના ઉપર તેં કદી નજર કરી નથી. અને નજર કરવા લાયક એ છે એમ નિર્ણય પણ કર્યો નથી. આહાહા..! આ બહારને બહાર નજર. આ પુણ્ય કર્યા ને આ પાપ કર્યા ને આ કર્યું. ભાવ હોં! પરનું નહિ. સમજાણું કાંઈ? દુકાને નથી રોક્યો એને એમ કહે છે અહીં. એય..! દેવાનુપ્રિયા! બાવો થાય તો (સમજાય) એમ નહોતા કહેતા સવારમાં? ઈ ના પાડે છે અહીં. પરથી તો બાવો જ છે. નવના ભેદમાં રોકાઈ ગયો છે. એમ કહે છે.

મુમુક્ષુ :- અત્યારથી બાવો થવાનું કહે?

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઉત્તર :- એ નહિ. ભેદરૂપ જાળ એ નહિ. હું અખંડ એકરૂપ છું. એવી દૃષ્ટિ કરવી એનું નામ વિકારની જાળથી છૂટવાનો રસ્તો અને પંથ છે. ભારે વાત. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- બાવો થયા પછી...

ઉત્તર :- બાવો બાવો પણ બાવો જ છે. વળી બાવો કેદી નથી? એ તો કહ્યું ને પહેલું?

મુમુક્ષુ :- ...થઈ શકે છે.

ઉત્તર :- ધૂળમાં થતી નથી. અનંત વાર બાવો થયો નગ્ન મુનિ દિગંબર. શું છે? એણે માન્યું કે હવે છોડ્યું. એ જ મહા મિથ્યાત્વ છે એને. હું આ રજકણોથી છૂટ્યો. કેદી છૂટ્યો? ક્યાં છૂટ્યો? ક્યાં છૂટ્યો નહોતો? પરપદાર્થથી તો રહિત જ હતો. છતાં પરથી હું આઘો ખસ્યો. આઘો ખસ્યો એ માન્યતા જ એણે મિથ્યાત્વના ભ્રમને પુષ્ટિ કરી છે એણે. આહાહા..! સમજાણું કાંઈ? જે પરથી છૂટેલું તત્ત્વ છે એટલે પરના અભાવસ્વભાવવાળું જ છે. એનો પરનો અભાવ કરું એનો અર્થ કે મેં પરને ગ્રહ્યું હતું એવી માન્યતાને એ પોષણ કરે છે. ભારે વાત ભાઈ! સમજાણું આમાં? એ ત્યાં ચાલે. અહીં ન ચાલે જરીએ અંદરથી. ત્યાં ચાલે ઈસરીમાં. જાયને નવરા થઈને થોડું.

કહે છે કે આ ભગવાન જ્ઞાનવસ્તુ ચૈતન્યજ્યોત સૂર્ય. જેમાં એકલો પ્રકાશ ચૈતન્યનો જ પ્રકાશ જેનું સત્ત્વ અમર્યાદિત પડ્યું છે. અમર્યાદિત કાળથી અહીં પર્યાય લેવી છે. પણ અમર્યાદિત કાળથી અમર્યાદિત ચૈતન્ય સ્વભાવ છે, એ પર્યાયમાં અમર્યાદિત કાળથી નવરૂપે પરિણમી રહેલો છે. સમજાણું કાંઈ? આ હજી વીતરાગ સર્વજ્ઞ શું કહે છે એને સાંભળવાનું મળે નહિ, એને વિચારવાનું મળે નહિ અને એની રુચિ ને દૃષ્ટિ ક્યાંથી થાય? સમજાણું કાંઈ?

'પૂર્વોક્ત...' નામ પૂર્વે કહ્યા એવા જીવાદિ નવ તત્ત્વ, એનાથી ઢંકાઈ ગયેલી એ જ્ઞાનવસ્તુ છે ચૈતન્ય. અર્થાત્ એના વર્તમાન અંશબુદ્ધિમાં રુચિમાં રોકાયેલો, એની ત્રિકાળી ચીજની દૃષ્ટિથી ઢંકાઈ ગયો છે પર્યાયબુદ્ધિને લઈને. એમ કહે છે લ્યો! સમજાય છે કાંઈ આમાં? શરીરનું આ કરું અને ફલાણાનું કરું એ તો ક્યાંય ન મળે. એ વાતેય નથી અહીં. દુકાનને હલવું, વ્યવસ્થા દુકાનની બરાબર થાય અને એનાથી છૂટું, એની થાય એ નહિ અને એનાથી છૂટું એ નહિ. જ્યાં છે ત્યાં એ પરથી છૂટેલું તત્ત્વ અભાવસ્વરૂપ છે. પણ એના વિકલ્પની જાળમાં પુણ્ય ને પાપ, દયા ને દાન, વ્રત ને ભક્તિ, કામ ને ક્રોધ વિકલ્પો એને ઘટાડું, એને ઓછા કરું એ બધા વિકલ્પની જાળ. એના નવ તત્ત્વમાં એનું અસ્તિત્વ, એક અંશના ભેદમાં એનું હોવાપણું સ્વીકારીને ત્રિકાળી ચૈતન્યની જ્યોત ત્યાં ઢંકાઈ ગઈ છે. સમજાણું કાંઈ?

કીધું ને, એક સમયનો આખો પદાર્થ, જ્ઞાન પદાર્થ, ચૈતન્ય પદાર્થ, ધ્રુવ પદાર્થ, સ્વભાવભાવ. એની વર્તમાન દશાના નવ ભેદના વિકલ્પની દૃષ્ટિમાં રોકાઈને ત્રિકાળી ચૂકી ગયો છે. ત્રિકાળી કોણ ચીજ હું છું એ ચૂકી ગયો છે. એનું નામ ભેદથી ઢંકાયેલો, નવ તત્ત્વથી ઢંકાયેલો,

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


નવ પ્રકારના વિકલ્પની જાળમાં અટકી ગયેલો એને સ્વભાવ ઢંકાઈ ગયેલો એમ કહેવામાં આવે છે. આ તો અલૌકિક વાતું. જેને આત્માનું કલ્યાણ કરવું હોય એણે આ સમજવું પડશે. બાકી તો બધા થોથે થોથાં છે. આમ દયા પાળી, ભક્તિ કરી, વ્રત પાળ્યા, આ કર્યા ને ધૂળ કરી. એ કર્યા કર્યા એ વિકલ્પની જાળમાં ગુંથાઈ ગયો છે. કહો, સમજાણું આમાં? પછી સિદ્ધ કરશે આગળ એના અસ્તિત્વમાં છે એ નવ. બિલકુલ ખોટું છે એમ નથી. ભ્રમ છે એમ નહિ. સમજાણું?

'**ભાવાર્થ આમ છે કે જીવવસ્તુ...**' ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં આખી વસ્તુ, જેમાં અનંત શાંતિ અને આનંદ વસેલા છે. જેમાં અનંત બેહદ આનંદ અને શાંતિ ને જ્ઞાન વસેલા એવી જીવવસ્તુ. આ હું કોણ અને એ વસ્તુ કોણ એની ખબર નથી. એને તો આ કાંઈક પાંચ-પચ્ચીસ લાખ મળ્યા ને કાંઈક છોકરા બે-ચાર થયા ને વસ્તુ સાંપડી. એમ કહે. વસ્તુ નથી કહેતા? દાગીનો પાંચ-દસ હજારનો સારો લાવે તો સાંપડી ચીજ સાંપડી. વસ્તુ સાંપડી ભાઈ આપણે. રાખ સાંપડે. ઘરમાં નાનું હોય તો. એક જણો બે-પાંચ માણસ હોય ને, મહેમાનનું ઘર હોય. સારો શીરો કરવાનો હોય તો કડાયું લાવે સરખું. કાં ખાંડણી અને દસ્તો લઈ આવે તો એક રાસ સાંપડ્યું ઘરનું. ધૂળ રાખ ક્યાં હતી તારા બાપની ચીજ ઈ? એ તો જડની ચીજ, એ તો જડ એનો ધણી છે. તું ધણી છો એનો? કોને સાંપડી એ?

મુમુક્ષુ :- કો'કના ઘરમાં .. પોતાના ઘરમાં...

ઉત્તર :- ઘર કે દી પણ એનું છે? એનું ઘર તો અંદર જ્ઞાનનંદમાં છે. ઘરમાં ગરી ગયું છે અંદર?

મુમુક્ષુ :- કો'કના ઘરમાં ગળે પડે છે.

ઉત્તર :- ગળે પડે છે મફતનો. કહો, સમજાણું? કો'કના ઘર એ જડના ઘર છે એ તો બધા. એ જડના ઘર છે એની ઋદ્ધિમાં એ દ્રવ્ય પડ્યું છે. એ દ્રવ્ય મને સાંપડ્યું, મને મળ્યું એ તો ચોર છે. સમજાણું કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- વસ્તુએ ભગવાન અને પાછો ચોર?

ઉત્તર :- વસ્તુએ ભગવાન છે. પર્યાયમાં ચોર છે, ગુનેગાર છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**જીવવસ્તુ અનાદિ કાળથી...**' દાખલો આપે છે, જુઓ! '**ધાતુ અને પાષાણના સંયોગની પેઠે...**' જુઓ આવ્યું. '**ધાતુ અને પાષાણ...**' સોનાના પથરા હોય છે ને ખાણમાં? એ સોનું અને પત્થર બે ભેગાં હોય છે. આમ દેખાય ખાણમાં. એમ '**કર્મ-પર્યાય સાથે મળેલી જ ચાલી આવે છે...**' દેખો હવે નિમિત્ત લીધું. ભગવાન આત્મા વસ્તુ તરીકે જ્ઞાનઘન, આનંદકંદ (છે). જેમ સોનું ઓલા પત્થર સાથે (મળેલું દેખાય છે). એમ ભગવાન

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


શુદ્ધ ચિદાનંદ ધાતુ અને કર્મનો સંયોગ જડ-કર્મ જડ એની **'પર્યાય સાથે મળેલી...'** સંબંધથી **'ચાલી આવે છે...'** એ વસ્તુ વસ્તુ તરીકે અખંડ દ્રવ્ય સ્વભાવ, એમાં કર્મનો સંયોગ જડ પર્યાયનો-જડનો. એ અનાદિ કાળથી મળેલી ચાલી આવે છે.

**'અને મળી થકી તે રાગાદિ વિભાવપરિણામો સાથે...'** કર્મની પર્યાયના નિમિત્તના લક્ષે મળેલી છે. રાગાદિ વિકાર પરિણામ પુણ્ય ને પાપ, દયા ને દાન, કામ ને ક્રોધ વિકારી પરિણામો સાથે **'વ્યાપ્ય-વ્યાપકરૂપે સ્વયં પરિણમે છે.'** દેખો! સમજાય છે કાંઈ? સોનું પત્થર સાથે હોવા છતાં સોનું પોતે જ પોતાની હીણી અવસ્થાપણે પરિણમી ગયું છે. એમ ભગવાન આત્મા એક સમયનો પૂર્ણ પદાર્થ આખો આનંદઘનનો રસ-શક્તિ, એને કર્મના નિમિત્તનો સંયોગ અનાદિથી (છે). એના લક્ષે પોતે જ રાગ અને દ્વેષ, વિકારના પર્યાય સાથે વ્યાપ્ય- એ વિકારી પર્યાય વ્યાપ્ય અને પોતે વ્યાપક પ્રસરી ગયો છે. એ વિકારી પર્યાયમાં પોતે પ્રસરી-ફેલાઈ ગયો. વિકારી અવસ્થા એનું વ્યાપ્ય છે. પર્યાય છે, અવસ્થા છે. આહાહા..! સમજાણું કાંઈ? પહેલા તો અનઅભ્યાસવાળાને (એમ લાગે કે) શું કહે છે આ? ગ્રીક-લેટીન જેવું લાગે. કેમ હિરાલાલભાઈ! હવે તો રસ લે છે થોડો હોં! તમારે હીરાલાલ. આમાં શું કહે છે એ રસ લે છે સાંભળવાને, સમજવાને. આ લેવા જેવો છે આ સમજવા જેવો રસ છે આ. બાકી ધૂળમાંય રસ નથી ક્યાંય.

મુમુક્ષુ :- ધૂળ વિના ચાલે છે કાંઈ?

ઉત્તર :- ધૂળ વિના જ ચાલે છે. એ પ્રશ્ન નહોતો થયો? એક ફેરી કર્યો હતો ત્યાં. આ તો હરજીવનભાઈએ કર્યો હતો. બોટાદસ ઓલા મ્યુનિસિપાલિટીના હોલમાં ઉતર્યા હતા ને. હરજીવનભાઈએ કર્યો હતો કે પૈસા વિના મહારાજ ચાલે છે કાંઈ? કીધું, ત્રણકાળ ત્રણલોકમાં પર ચીજ વિના ચાલે છે. એક વસ્તુ બીજી ચીજના અભાવે ટકી રહી છે ત્રિકાળ. પૈસા વિના જ આત્મા ચાલે છે, રહે છે, ટકે છે. પૈસાને લઈને ટકે છે? એના અસ્તિત્વને લઈને આનું અસ્તિત્વ છે? એનું અસ્તિત્વ તો આત્મામાં છે જ નહિ. પૈસાનું હોવાપણું આત્મામાં છે જ નહિ. ત્રણે કાળે નથી. એના વિના જ ટકી રહેલી છે ચીજ. કેમ હશે? પોપટભાઈ!

મુમુક્ષુ :- હોવાપણાને લઈને ટકી છે.

ઉત્તર :- બસ! ત્યારે એનું આત્મામાં હોવાપણું છે? ત્યારે આત્મા એને લઈને રહ્યો છે? પૈસા વિના ચાલતું નથી. એણે પૈસા વિના અનાદિથી ચલાવ્યું છે. નંદલાલભાઈ! એ પ્રશ્ન થયો હતો. યાદ નહિ હોય તમને. એ હરજીવનભાઈએ કર્યો હતો. નાગરભાઈના ભાઈ. સમઢિયાળાવાળા. એ પ્રશ્ન કર્યો હતો ત્યાં મ્યુનિસિપાલીટીમાં. ઘણો વખત થઈ ગયો. (સંવત) ૨૦૧૦ની સાલ હશે.

મુમુક્ષુ :- વેદી પ્રતિષ્ઠા.

ઉત્તર :- એ ૨૦૧૦ની સાલ. વેદી પ્રતિષ્ઠા વખતે. એ બરાબર છે. ૧૦ની સાલમાં

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કર્યો હતો. સમજાણું? ૧૧ વર્ષ થયા ૧૧.

અરે..! ભાઈ! અહીં તો ભગવાન કહે છે અને એમ તને ખબર નથી પડતી? કે આ વસ્તુ આત્મા છે... છે... છે... છે. એમાં પરમાણુનું છેપણું એમાં છે. એનું છેપણું આમાં નથી. કેદી નથી? અનાદિ કાળથી નથી. આ બે આંગળી છે. આ આગળીએ આ આંગળીએ જ ચલવ્યું છે. આ આંગળીએ આ આંગળી વિના જ ચલવ્યું છે. કારણ કે એ આંગળીનો એમાં અભાવ છે. એ ટચ થઈ જાય તો આ ચાલી જાય? આ આંગળી વિના જ આ આંગળીએ ટકાવ્યું છે. એમ એક આત્માએ બીજા અનંત પદાર્થ વિના જ ટકાવી રાખ્યું છે. ભ્રમણામાં એને એમ છે. આ નવ તત્ત્વના ભેદ વિના એણે ટકાવ્યું નથી. શું કીધું સમજાણું કાંઈ? પર વિના જ ટકી રહ્યો છે. ઈ પરની તો અહીં વાતેય લીધી નથી. પણ નવના વિકલ્પના ભેદમાં અટક્યો એના વિના ચલવ્યું નથી એટલે એ સંસાર ને મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? એ ભેદ વિના જે દી ચલવે તે દી અભેદમાં દૃષ્ટિ થાય ત્યારે એ સમ્યગ્દર્શનને પામે. સમજાણું કાંઈ આમાં?

હું વિકલ્પ વિના રહી શકું નહિ, રાગ વિના રહી શકું નહિ, પુણ્ય વિના રહી શકું નહિ. ભાવ હોં! પર વિના તો રહી શકેલો જ છે. ત્રણે કાળે. પણ આ અસ્તિત્વ જે રાગનું દેખાય, પુણ્યના, વિકલ્પના ભેદનું એ વિના વળી બીજી ચીજ શું? એ વિના વળી બીજી ચીજ શું? એટલે એના વિના એણે ચલવ્યું નથી. એનું નામ જ એણે સંસારને-મિથ્યાત્વને સેવ્યો છે. સમજાણું કાંઈ?

કહે છે, રાગાદિ એટલે દ્વેષાદિ, પુણ્ય-પાપના '**વિભાવપરિણામો સાથે વ્યાપ્ય-વ્યાપકરૂપે...**' એ વિકારી દશાથી પરિણમી ગયો છે જીવ. પર્યાયની અવસ્થા વિકારી છે. વ્યાપક પોતે પ્રસર્યો છે. વ્યાપ્ય એની અવસ્થા છે. એ '**રૂપે સ્વયં પરિણમે છે.**' ભાષા પાછી એ છે. '**સ્વયં પરિણમે છે.**' પહેલું કહ્યું હતું ખરું '**પાષાણના સંયોગની પેઠે કર્મ-પર્યાય સાથે મળેલી જ ચાલી આવે છે...**' છતાં એ વિકારપણે, પુણ્ય-પાપપણે, ભેદપણે સ્વયં આત્મા જીવવસ્તુ. વસ્તુ લેવી છે ને અહીંયાં? સ્વયં જીવવસ્તુ પરિણમી છે. પોતાના સ્વભાવની ત્રિકાળ ચીજને ભૂલીને, ત્રિકાળી જ્ઞાયક ભગવાન એની અંતર સત્તાના હોવાપણાના સ્વભાવનો આશ્રય લીધા વિના ભેદરૂપે પુણ્ય ને પાપ, કામ ને ક્રોધ, મિથ્યા શ્રદ્ધા, અજ્ઞાન એ રૂપે સ્વયં આત્મા એટલે જીવવસ્તુ પર્યાય એટલે અવસ્થામાં પરિણમી નામ એ રૂપે થઈ રહી છે. થઈને રહી છે. કહો, સમજાય છે કાંઈ? હિંમતભાઈ! કોઈ દી પણ ક્યાં જૈનમાં જન્મ્યા છતાં એનું ક્યાં ઠેકાણું છે કાંઈ. ઉપર ઉપર સાંભળે જરી, હા હો. આહા..!

સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ પરમેશ્વર જૈનના અંતરના બધા દરબાર જ્ઞાનાદિના ખુલી ગયા છે. એની વાણી મોટા સમવસરણરૂપી દરબાર, સમવસરણમાં વાણી નીકળી, એ વાણી અહીં છે-આ છે. સમજાય છે કાંઈ? ભગવાન! તું તો ચૈતન્ય વસ્તુ છો ને. એકરૂપ જ્ઞાયક આનંદકંદ

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ચૈતન્ય જ્યોત. એમાં નવના ભેદના અંધારા ક્યાંથી આવ્યા? એમ કહે છે. ઓલું આચ્છાદન આવ્યું ને જરી. સમજાણું?

ઘણી વાર દાખલો આપીએ છીએને અમથો ઓલો લાપસીનો. નથી આપતા? લાપસી થાય ને એમાં કાચા લાકડા હોય હેઠે કાં તો સાઠ્યું કાચી હોય જરી લીલી. પછી ઓલું તપેલું મૂક્યું હોય ને એમાં પહેલું થોડું-ઘણું તો ચડવા દે ને લોટને. પછી વળી ઓલું નાખે. વેલણ ચલાવે. પણ પહેલું થોડી વાર થવા દે. પછી (થાય) ધુમાડો. એવો ધુમાડો ચારે કોર. ઓલો ચૂલો હોય ને એની ચારે કોર ધૂમાડો નીકળે. એ ધૂમાડામાં શું આ તપેલું છે કે લાપસી છે એ ઢંકાઈ ગઈ આખી ચીજ. એકલો ધુમાડો જ દેખાય. કાચી સાઠ્યું હોય, કાચા લીલા લાકડા હોય અને તપેલું મૂક્યું હોય. સમજ્યાને? તપેલુ મૂક્યું હોય તો ચૂલાને અડીને બધો જરીએ ભાગ ખાલી ન હોય એમ તો ન હોય. ખાલી તો હોય થોડો. એ ચારે બાજુથી ધુમાડો ધુમાડો જ દેખાય. ઓલું તપેલું કે લાપસી દેખાય જ નહિ અંદર છે કે નહિ. સમજાણું?

એમ ભગવાન અંતર આનંદકંદની લાપસીનો કંદ આત્મા છે અંદર. પણ એ પુણ્ય અને પાપના વિકલ્પના ભેદની ધુમાડાની જાળમાં એ ઢંકાઈ ગયો છે. એમાં માલમલિદો અંદર શું પડ્યો છે અંતરમાં એની એને ખબર નથી. કહો, સમજાણું કાંઈ? મલિદો કહે ને? તમારા નહિ પીરમાં મલિદો કહે. આપણે હિંદુમાં એમ કહે લાપસી. લાપસીની બાધા હતી એમ કહે. ઓલાના મલિદો. મલિદો શું કહે? મલિદાની બાધા. ભાષા ફરે બેયમાં હિન્દુ અને મુસલમાનમાં.

અહીં કહે છે, ભગવાન અંદર આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં અતીન્દ્રિય આનંદનો પિંડ રસકંદ આખો છે. એને ભૂલી, એની નજરું અનાદિથી ત્યાંથી ખસી ગઈ છે. અને ભેદ નવ પ્રકારમાં હું જીવ છું અને આ અજીવ છે વિકલ્પ એની જાળ હોં! વિકલ્પ રાગ. એ નવ પ્રકારની જાળમાં પરિણમી ગઈ છે. **'તે પરિણમન જોવામાં આવે, જીવનું સ્વરૂપ ન જોવામાં આવે,...'** જુઓ ભાષા. શું કહે છે? જો એ પર્યાય દેખો, ધુમાડો એકલો દેખો એ ભેદના મેલ (જુઓ), **'જીવનું સ્વરૂપ ન જોવામાં આવે,...'** જુઓ! એ જીવનું સ્વરૂપ નથી નવ ભેદ. વિકલ્પ છે ને રાગાદિ. જીવનું સ્વરૂપ અંદર જ્ઞાનમૂર્તિ આનંદ સ્વભાવનો પિંડ છે. એ **'સ્વરૂપ ન જોવામાં આવે તો, જીવવસ્તુ નવ તત્ત્વરૂપ છે એમ દૃષ્ટિમાં આવે છે;...'** નવ તત્ત્વ તે પર્યાયરૂપ ભાવ છે. બિલકુલ ભ્રમ છે એમ નથી. કોઈ કહે છે ને આત્મા શુદ્ધ છે.. શુદ્ધ છે અને આ બધો ભ્રમ છે. એમ નથી. ભ્રમ છે એટલે છે જ નહિ. આત્માને વળી આવું હોય? આત્મા તો શુદ્ધ છે એની પર્યાયમાં વળી આ મેલ હોય? છે. હોય શું વળી? છે ને નથી?

**'જીવવસ્તુ નવ તત્ત્વરૂપ છે એમ દૃષ્ટિમાં આવે છે; આવું પણ છે,...'** આવું પણ છે. આવું એટલે? જ્ઞાનવસ્તુ પણ છે ત્રિકાળ. અને નવ રૂપે પરિણમ્યો છે એમ પણ છે. બેય છે. **'સર્વથા જૂઠું નથી,...'** માયાજાળ કહે છે ને? નેતિ... નેતિ... નેતિ... હમણાં

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


વળી એમ ઘણા શીખ્યા છે. ઓલામાં નેતિ નેતિ આવે છે. લ્યો, આપણે પણ આવે છે. આ કળશટીકામાં આવે છે ને? ન ઈતિ.. ન ઈતિ.. પંચાધ્યાયીમાં. ન ઈતિ એ ત્યાં મેળવે કેટલાક. જુઓ! વેદાંતમાં એમ કહે છે ન ઈતિ... ન ઈતિ... ન ઈતિ. આપણે પણ એમ કહે છે કે વ્યવહાર. આ કહે ના. એ નહિ.. એ નહિ... એ નહિ... અરે..! એ બીજી જાત, એ બીજી જાત. સાંભળ તો ખરો. ન ઈતિ એટલે કે એકરૂપે વસ્તુને ભેદરૂપે વિકલ્પરૂપે એક ગુણરૂપે કહે તો વ્યવહાર કહે. વસ્તુ એમ નથી. વસ્તુ પરિપૂર્ણ અખંડ એક છે. ક્યાંયનું ક્યાં લગાવી દીધું ઓલા વેદાંત સાથે મેળ કરવા. મેળ ક્યાંય ખાતો નથી, સાંભળને.

મુમુક્ષુ :- શબ્દો એવા આવે છે ને.

ઉત્તર :- શબ્દો આવે એટલે કે એની મૂઢતાને લઈને? શબ્દોને લઈને શું છે? શબ્દોનો જડનો વાંક છે? સમજાણું કાંઈ?

આ તો સર્વજ્ઞ ભગવાને કહેલો આત્મા અને એ રીતે છે. એની પર્યાય નામ અવસ્થામાં નવના વિકલ્પોની જાળમાં ગુંચાયેલો એમ દેખીએ તો એ નવપણે છે. ભ્રમ નામ અસત્ય છે અને નથી જ એમ છે નહિ. '**સર્વથા જૂઠું નથી,...**' સર્વથા કેમ લીધું? વસ્તુદષ્ટિએ જોતાં તે જૂઠ છે. પણ અવસ્થા દષ્ટિએ જોતાં તે જૂઠ નથી. સમજાણું કાંઈ? '**કેમ કે વિભાવરૂપ રાગાદિ પરિણામશક્તિ જીવમાં જ છે.**' દેખો! એ વિકારપણે પરિણમવું, એ વિકારપણે થવું એવી પરિણામ શક્તિ, પર્યાયમાં એવી યોગ્યતા એનામાં છે. વિકારપણે થવું, રાગ-દ્વેષ વિકાર ભ્રમપણે થવું એવો એનો પર્યાય એટલે વર્તમાન અંશનો એ શક્તિનો એનો ધર્મ છે. ધર્મ એટલે? યોગ્યતા. સમજાણું કાંઈ? એ કર્મને લઈને અને શરીરને લઈને છે એમ નથી.

ભગવાન ચિદાનંદ આનંદકંદને ભૂલી 'અપને કો આપ ભૂલ કે હૈરાન હો ગયા.' પોતે જ્ઞાન ચૈતન્ય જ્યોત છે એને ભૂલી અને કર્મના નિમિત્તના સંગે સ્વયં આત્મા વિકારપણે પરિણમવું એવી એનામાં શક્તિ છે. પોતાની શક્તિથી, યોગ્યતાથી વિકારપણે પરિણમે છે. સમજાણું કાંઈ?

'**अथ**' '**હવે અથ પદ દ્વારા બીજો પક્ષ બતાવે છે :— તે જ જીવવસ્તુ દ્રવ્યરૂપ છે,...**' એ જ વસ્તુ ભગવાન અંતર જુઓ તો વસ્તુ તરીકે વસ્તુ છે પદાર્થ. '**પોતાના ગુણ-પર્યાયે વિરાજમાન છે.**' જુઓ! પોતાની અંતર ગુણ-શક્તિ, એના પર્યાયભેદ એ બધાપણે બિરાજમાન છે. નિર્મળ પર્યાય અત્યારે પ્રગટ નથી, પણ એ ગુણ અને ગુણની તાકાતપણે બિરાજમાન વસ્તુ છે. આ વળી એક કોર નવનું પરિણમન અને એક કોર બિરાજમાન એક વસ્તુ. ભાઈ! આ તો સમ્યગ્દર્શન શું છે, હજી ધર્મની સિદ્ધિ દશા એ શું છે એ માટે વર્ણન કરે છે. સમજાણું કાંઈ?

'**પોતાના ગુણ-પર્યાયે વિરાજમાન છે.**' એ પરમાં નથી. ખરેખર રાગમાં એ નથી. ભેદમાં નથી. અખંડ અભેદ સ્વરૂપ ચિદાનંદ પ્રભુ. જેના દરબારમાં એકપણું ત્રિકાળ પડ્યું

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે. સમજાણું? **'જો શુદ્ધ દ્રવ્યસ્વરૂપ જોવામાં આવે,...'** એકલો દ્રવ્યસ્વભાવ અભિન્ન જોવામાં આવે, **'પર્યાયસ્વરૂપ ન જોવામાં આવે તો તે કેવી છે?'** **'सततविविक्तम्'** **'નિરંતર નવ તત્ત્વના વિકલ્પથી રહિત છે,...'** આહાહા..! આ પુસ્તક તો હવે સાદી ભાષામાં આવ્યું છે. ૩૩૦૦ છપાણા છે. આવ્યું છે ત્યાં તમારે આવ્યું કે નહિ? નથી આવ્યું હજી? નથી આવ્યું? સમજાણું કાંઈ?

આ કળશ આવ્યો છે આ હવે. મંદિર થયા પછી કળશ આવે ને માથે? બધા પુસ્તકોમાં પાછી આ કળશટીકા આવી હવે. કહે છે, ભાઈ! એ વસ્તુ તરીકે, પદાર્થ તરીકે, દ્રવ્ય તરીકે અનાદિઅનંત સત્ત્વનું સ્વરૂપ તરીકે જો જુઓ તો **'નિરંતર નવ તત્ત્વના વિકલ્પથી રહિત છે,...'** એક સમયમાત્ર પણ વિકલ્પના રાગરૂપે, ભેદરૂપે એ ચીજ થઈ નથી. પર્યાયપણે થયેલી વસ્તુપણે એ થઈ નથી. આહાહા..! સમજાણું કાંઈ? પુસ્તક છે કે નહિ સાથે? અર્થ થાય છે કે નહિ ભાઈ? હિન્દી. હિન્દીવાળાને સામે નજરે હોય તો ખબર પડે. પુસ્તકમાં છે. આહાહા..!

કહે છે કે ભાઈ! ભગવાન! તને બે નજરે જોવાય. તને જોવાની બે નજરું. જો તને તારી વર્તમાન દશાના વિકલ્પના રાગના ભેદથી જોઈએ તો તે છે. એ છે. પર્યાય વર્તમાન નજરે જોતાં તે છે. પણ ત્રિકાળી વસ્તુની નજરે જોતાં એ નવપણાથી રહિત જ ત્રિકાળી વસ્તુ છે. આહાહા..!

મુમુક્ષુ :- વસ્તુદર્શન કેમ કરવું એની કળા છે.

ઉત્તર :- આ કળા પહેલી સમજણમાં ન લે ત્યાં સુધી એ કળાને ઉપયોગમાં શી રીતે લે? સમજાણું કે નહિ? એક એક શબ્દને એટલો સ્પષ્ટ કરી નાખ્યો છે.

**'सततविविक्तम्'** ભગવાન એને અંતર્મુખના અંતર એકરૂપ સ્વભાવ વસ્તુ, વસ્તુ દ્રવ્ય-વસ્તુ પદાર્થ, કાયમ ટકતું તત્ત્વ સત્ત્વ એને અંતર જોતાં એ નવ વિકલ્પોના ભેદથી તે તદ્દન **'विविक्तम्'** નામ રહિત છે. સમજાણું કાંઈ? **'શુદ્ધ વસ્તુમાત્ર છે.'** પાછો એનો ખુલાસો કર્યો અસ્તિથી. ઓલું નાસ્તિથી કર્યું હતું ને? નવ તત્ત્વથી વિકલ્પથી રહિત છે. છે શું ત્યારે? શુદ્ધ વસ્તુ પવિત્ર ચૈતન્યધામ અખંડાનંદ શુદ્ધ વસ્તુમાત્ર છે. સમજાણું કાંઈ?

**'ભાવાર્થ આમ છે કે શુદ્ધ સ્વરૂપનો અનુભવ સમ્યક્ત્વ છે.'** જુઓ! એ નવના ભેદના વિકલ્પોનો અનુભવ એ વસ્તુ નહિ. મિથ્યાત્વ છે. આહાહા..! છે ખરી ચીજ. શેઠી! આહાહા..! એક સેકન્ડના અસંખ્ય ભાગમાં એક વસ્તુ શુદ્ધ ચૈતન્યધાતુ વસ્તુ એકરૂપે રહેનારી ચીજનો અનુભવ, નવ તત્ત્વના વિકલ્પના ભેદના લક્ષના આશ્રય વિના એવો એકરૂપ ચૈતન્ય ભગવાન એનો અનુભવ, એનું નામ સમ્યગ્દર્શન છે. એનું નામ સમ્યગ્દર્શન-સમકિત છે. એય.. દેવાનુપ્રિયા!

મુમુક્ષુ :- દ્રવ્યાર્થિક ચક્ષુ અને પર્યાયાર્થિક ચક્ષુ...

ઉત્તર :- એ વળી જુદું. એ તો જાણવા માટેની વાત છે. અહીં તો અનુભવવાની વાત છે.

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મુમુક્ષુ :- બેયનું જ્ઞાન કરાવીને પછી આ વાત છે.

ઉત્તર :- આ તો જ્ઞાન પહેલું કરીને પણ છતાં એનો અનુભવ તે સમ્યગ્દર્શન છે એમ સિદ્ધ કરવું છે. એકલી વાતું નથી કરવી ત્યાં. દ્રવ્ય આમ છે અને પર્યાય આમ છે, ઢીંકણું આમ છે ને પર્યાય આમ છે.

મુમુક્ષુ :- આગમ

ઉત્તર :- આગમ એમ કહે છે. બીજું કહે શું એ? જ્ઞાન કરાવે ત્યારે ઈ વાત કરે. પણ પાછો અનુભવ કોનો કરવો? સમજાણું કાંઈ? કોની પાટે જઈને બેસવું? એકરૂપ ચિદાનંદ ધ્રુવ એની પાટે અંદર જઈને અનુભવ કરવો. સારું વાસ્તુ લેવું હોય તો સારા વાસ્તાની પાટે બેસે છે કે નહિ? આ સારું વાસ્તુ તો આત્મામાં અંદર ધ્રુવપણું જે ત્રિકાળ ટકતી ચીજ જે એકરૂપ છે એમાં બધો વારસો અનંત જ્ઞાન, અનંત આનંદ આદિ પડ્યા છે પદાર્થમાં. એનો અંતર અનુભવ કરવો, એની દૃષ્ટિ કરવી, એનો આશ્રય કરવો, એનું આલંબન કરવું એમાં એકરૂપે ઠરીને રહેવું, એનું નામ સમ્યગ્દર્શન છે. સમજાણું કાંઈ? એનું નામ ધર્મ છે. એ.. હિંમતભાઈ! આ પરની સેવા કરવી, પરનું આ કરવું એ ધર્મ-બર્મ નથી એમ કહે છે. કરી શકતો જ નથી કોઈ દી.

મુમુક્ષુ :- કરે છે અને કરી શકતો નથી?

ઉત્તર :- કોણ કરે છે? અભિમાન કરે છે જ્યાં ત્યાં. આમ કર્યા, ખરડા કરાવ્યા, ચંદા કરાવ્યા. આપણે ન કરી શકીએ પણ ખરડા કરાવીને પણ સેવા તો કરીએ. છે? હીરાલાલભાઈ! ભાઈ એમ કરતા હશે કે નહિ? ભાવ કરે. બોલે તમારું. ભાવ તો કરે છે ને. ભાવ શું કર્યો? કે હું આ કરું છું, પરનું કરું છું એવો ભાવ કર્યો.

મુમુક્ષુ :- ઉપયોગી થાઉં.

ઉત્તર :- એ શી રીતે થાય? ભાઈએ બીજો અર્થ કર્યો. સારા અર્થમાં. હું ઉપયોગી (થાઉં). પણ હું ઉપયોગી થાઉં પરને શી રીતે? પરને ઉપયોગી ત્રણ કાળમાં થઈ શકતો નથી આત્મા. આહાહા..! કહો, સમજાણું કાંઈ? હું પરને ઉપયોગી થાઉં એનો અર્થ કે પરના કાર્યમાં હું જોડાઉં. એ ત્રણ કાળમાં કરી શકતો નથી. પરને ઉપયોગી થાઉં એવી જે વિકલ્પ દશા એમાં એકાકાર થાય. એ ભ્રમણા છે. સમજાણું કાંઈ? આહાહા..! ભાઈ, આપણને કાંઈક સામગ્રી મળી હોય, બુદ્ધિ મળી હોય, આચાર્યપણું મળ્યું હોય તો કાંઈક ઉપયોગી તો થાવું ને કોકને? એમ ને એમ મફતની ચીજ ભોગવ્યા વગર જવા દેવી? પણ ક્યાં? વાચાળપણું તારું ક્યાં છે? એ તો જડનું છે. હાલવા-ચાલવાની ક્રિયા શરીરની છે. એની સત્તામાં જડની સત્તામાં કાંઈક પલટો (કરે) કે ટકીને રહે એ બધું એને છે. એમાં એને ઉપયોગી થાવું એ ક્યાં આવ્યું? શરીરની અવસ્થાને ઉપયોગી થઉં એ પણ આત્મામાં નથી. તો વળી શરીરની અવસ્થાથી પરને ઉપયોગી થવું એ તો એના વસ્તુના સ્વરૂપમાં ત્રણ કાળમાં અભાવરૂપ છે.

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આ પુણ્ય અને પાપમાં ઉપયોગી થવું એ પણ વિકારનો ભેદ અને અજ્ઞાનભાવ છે. આહાહા..! સમજાણું કાંઈ? વસ્તુ તરીકે એકલો જ્ઞાયકપિંડ ચૈતન્યજ્યોત એ વિકારમાં ઉપયોગી થાઉં અને એનો ઉપયોગ કરું તો ઠીક, એ તો ભ્રમ છે, અજ્ઞાન છે. સમજાણું કે નહિ? કાંઈક વ્રત, નિયમ લેવા કે નહિ? ઉપયોગ તો કાંઈક કરવો કે નહિ? હવે આવો કાળ મનુષ્યદેહનો મળ્યો તો કાંઈક.. કહે છે કે હા, એ ભ્રમણામાં ઉપયોગી થયો. રાગ અને દ્વેષ, વિકલ્પની જાળ ઊભી કરી જાળ અને એ જાળમાં મેં કાંઈક કર્યું છે એવું જે મિથ્યા અભિમાન તે મિથ્યાત્વનો ઉપયોગ કર્યો એણે.

મુમુક્ષુ :- બહુ પૃથકકરણ કરો છો.

ઉત્તર :- પણ તે વિના આ બધા પડ્યા છે ને ઠરીને હિમ જેવા. આહાહા..!

અહીં તો જુઓને કેટલું સ્પષ્ટ કર્યું છે! 'શુદ્ધ વસ્તુમાત્ર છે.' એમ કે '**सततविविक्तम्**'નો અર્થ કર્યો કે કેવી ચીજ છે? કે નિરંતર નવ તત્ત્વના વિકલ્પની વિકારની જાતથી જુદી છે. વળી પરની તો વાત જ ક્યાં કરવી? શરીર, કર્મ ને પરપદાર્થથી તો ત્રિકાળ નિરંતર '**विविक्तम्**' નામ ભિન્ન છે. પણ એના એક સમયમાં અસ્તિત્વ છે એમ સિદ્ધ કર્યું. પહેલું સિદ્ધ કર્યું કે નહિ? એની પર્યાયમાં-હાલતમાં વિકલ્પોનું હોવાપણું છે. જૂઠ નથી. એનાથી પણ '**विविक्तम्**' એમ સિદ્ધ કરવું છે અહીં.

મુમુક્ષુ :- છે એનાથી જુદું.

ઉત્તર :- હા એમ. ઓલું તો નથી એનામાં ક્યાંય. એક સમયમાં પણ નથી. શરીર, કર્મ, પરપદાર્થ તો એક સેકન્ડનો અસંખ્યમો ભાગ એમાં આત્મામાં એ આવ્યું નથી. એની મર્યાદામાં એની ભૂમિકાના ગઢમાં એ ચીજ તો આવી જ નથી. નંદલાલભાઈ! આહાહા..! એની અવસ્થામાં એણે જે ઊભું કર્યું છે-વિકલ્પની જાળ, શુભાશુભ રાગ અને વાસના આમ ને આમ એમાં એનું અસ્તિત્વ છે. એ અસ્તિત્વને પોતાપણે માનીને અનુભવે છે એ જ આત્માની શાંતિનું ખૂન કરે છે. સમજાણું કાંઈ? આહાહા..! એનું નામ હિંસા છે.

હિંસા એટલે ચૈતન્ય આનંદપ્રાણ આનંદકંદ ભગવાન અનાકુળ રસનું તત્ત્વ ભગવાન, એને ભેદના વિકલ્પજાળ જેટલો માનીને રોકાવું એ ચૈતન્યના આનંદ પ્રાણનો હ્રાસ, હ્રાસ, ઘાત, હાનિ, ઘાત છે. આહાહા..! પરની હિંસા કરી શકે છે કોણ? પરની દયા કોણ પાળી શકે છે? વિકલ્પ કરે છે એ. એ વિકલ્પની જાળના અસ્તિત્વની હોવાપણાની સ્થિતિ માનીને, એને જ મારું સ્વરૂપ છે એમ માનીને પડ્યો છે એ જ મિથ્યાદૃષ્ટિ સંસાર છે. એ જ ભાવ, વિપરીત ભાવ, તત્ત્વથી વિપરીત છે. કહો, સમજાય છે કાંઈ આમાં?

આનો ભાઈ સ્વાધ્યાય જોઈએ. વારંવાર ચોપડા તપાસે છે કે નહિ ઘરના? કેટલા આવ્યા? કેટલા ગયા? કેટલું વધ્યું? કેટલું ઘટ્યું? ત્યાં સરવાળે શું આવ્યું? એમ વિચારે કે નહિ? ઓલામાં નથી આવતું? ગાયનમાં શું આવે છે? તમારું કાંઈ આવ્યું હતું ને? એય.. શું?

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


સરવાળો માંડજો. 'જિંદગીમાં કેટલું કમાણા રે, જરી સરવાળો માંડજો.' પોરબંદરમાં ગાયું હતું ઈ. પોરબંદરમાં રહી ગયું ને એ. કાગળમાં આવ્યું હતું. અનેકાંતમાં આવ્યું હતું. એ છોકરો બોલ્યો હતો હોં ત્યાં તમારે ઓલો કણબીનો બીજો. આંકડિયામાં. બીજો છોકરો બોલ્યો હતો એક. ઓલો નાનો નહિ, હોં! બીજો બોલ્યો હતો મોટો. 'જિંદગીમાં કેટલું કમાણા રે, જરા સરવાળો માંડજો. અંતે તો લાકડા અને છાણા રે જરી સરવાળો માંડજો.' એમ લખ્યું હતું. અંતે તો લાકડા અને છાણા એને તો ક્યાં આવે છે? એ તો ચાલ્યો ગયો. 'ઉપાડ્યા જગતમાં પથરા ને પાણા.' આખી જિંદગી પાણા ઉપાડ્યા એટલે વિકારને ઉપાડ્યો. પરને તો ઉપાડે છે કોણ? શું હશે આ?

ભગવાન આત્મા રાગ ને દ્વેષ ને પુણ્ય ને પાપ એવા નવ તત્ત્વના ભેદ વિનાની ચીજ, એને અનુસરીને આમ થવું, રહેવું, અનુભવવું એને ભગવાન પ્રથમ સમ્યગ્દર્શન-પ્રથમ સાચું દર્શન થયું, એ સાચો થયો, જૂઠો હતો એ સાચો થયો (એમ કહે છે). નવના વિકલ્પની જાળ તે હું એ જૂઠો હતો. સમજાણું કાંઈ? બધે જૂઠો. જ્યાં હોય ત્યાં એ જૂઠો હતો.

મુમુક્ષુ :- બધી ભ્રમણા હતી?

ઉત્તર :- ભ્રમણા પણ છે ને. ભ્રમણા નહોતી? ભ્રમણા હતી કે નહિ? છે એની તો વાત છે. ભ્રમણામા છે. પણ એ ભ્રમણા રહિત એકલા ચૈતન્ય વસ્તુની દૃષ્ટિ કરવી, અનુભવ કરવો તે સમ્યગ્દર્શન છે. આહાહા..! એની રીત અને એની વિધિ આ છે. બીજી વિધિ કે આ કરીએ ને આમ કરીએ. આટલા વ્રત પાળીએ, આટલા દયા પાળી, આટલા દાન કરીએ એનાથી આત્માનું ભાન થઈ જાય અને આત્માની પ્રાપ્તિ થાય. મીંડા છે. એય..! દેવાનુપ્રિયા!

મુમુક્ષુ :- કોઈ આસન્નભવ્ય છે, કોઈ દૂરભવ્ય છે.

ઉત્તર :- એટલે શું? એ તો રખડવાની વાત છે. એની અહીં ક્યાં વાત છે? રખડનારો અનંત કાળે રખડશે એટલે રખડવું એ કાંઈ સારું છે? એમ કે આ વ્રતાદિ કરે એ જરી થોડો ઓલો હોય અને નથી કરતા એ વળી દૂરભવી હોય. અહીંયાં તો બેય દૂરભવી છે. એ વિકલ્પની જાળમાં કાંઈક લાભ માને છે એ બધા દૂરભવી છે. ખરેખર તો ઝાટકીને કહે તો એ અભવિ છે. પ્રવચનસારમાં કહ્યુ છે ને. કહ્યું છે કુંદકુંદાચાર્યે. કહ્યું છે. ભાન નથી. પ્રવચનસારમાં.

મુમુક્ષુ :- કુંદકુંદાચાર્યે નથી કીધું.

ઉત્તર :- ઠીક. આ કુંદકુંદાચાર્ય તો બે હજાર વર્ષ પહેલા ભગવાન પાસે ગયેલા મહા સંત મુનિ એણે કહ્યું. તો અમૃતચંદ્રાચાર્યે કહ્યું એ આવી ગઈ વાત એમાં. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- એ તો વર્તમાનની અપેક્ષાએ.

ઉત્તર :- એ તો વર્તમાન... નહિ. વસ્તુસ્થિતિ આવી છે એને તું સ્વીકારતો નથી અને એ વિકાર મેલના ભેદોનો સ્વીકાર તને છે. ભગવાન મોટો બાદશાહ ચિદાનંદનો તું અનાદર

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

કરે છો. બાદશાહનો ગુનેગાર છો. ઓહોહો..! સમજાણું કાંઈ?

'**ભાવાર્થ આમ છે કે શુદ્ધ સ્વરૂપનો અનુભવ...**' આ શા માટે કહેવામાં આવ્યા બે પડખાં? કે એની દશામાં નવ પ્રકારના વિકલ્પ છે એ વસ્તુના ત્રિકાળ સ્વરૂપમાં નથી. ત્રિકાળ સ્વરૂપ જોતાં તે વસ્તુમાં એ નથી. પર્યાયે જોતાં એ છે. હવે કરવું શું પણ હવે? ત્યારે કહે છે, ભેદજાળના વિકલ્પો જે ઉઠે છે એ વર્તમાન આમ બાહ્ય દ્રષ્ટિએ એનું લક્ષ છોડી, અંતર્મુખ ચીજ છે તેનો અનુભવ કરવો. એ માટે આ બે પડખાં કહેવામાં આવ્યા છે. એક પડખે ઢળવું અને બીજે પડખેથી ખસવું. જેની કોર માલ ભર્યો છે એની કોર ઢળવું. અને વિકારના વિકલ્પના ભેદમાં કાંઈ માલ નથી એમાંથી ખસવું. આહાહા..! સમજાણું કાંઈ?

'**વળી કેવી છે તે આત્મજ્યોતિ?**' '**वर्णमालाकलापे कनकमिव निमग्नं**' '**વર્ણમાલા પદના બે અર્થ છે-**' વર્ણમાલા શબ્દના બે અર્થ છે. '**એક તો બનવારી,...**' ચમારની .. ઓલું નથી ફૂંકતા? ફૂલડી. એમાં પછી ફૂંકે છે ને? તો એમાં ભેદ પડે ને પછી અગ્નિને લઈને સોનામાં. સોનાનું .. તો એ. ભુંગળી. તાપ મારે ને અગ્નિને આમ ફૂ.. ફૂ.. કરે એટલે ઓલા અગ્નિના નિમિત્તથી સોનામાં જરી રંગભેદ કરતો જાય. પીળાશ વધતી જાય અને ઓલો કથીરનો ભાગ હોય લાલ રંગ આમ ઉઠતા હોય. કથીરના જે ભાગ ત્રાંબાના ભાગ હોય લાલ (એ ઘટતો જાય). સોનાનો પીળાશ ભાગ.

'**એક તો બનવારી, અને બીજો ભેદપંક્તિ;...**' શ્રેણી-ધારા. '**ભાવાર્થ આમ છે કે ગુણ-ગુણીના ભેદરૂપ ભેદપ્રકાશ; કલાપનો અર્થ સમૂહ છે.**' ગુણ-ગુણીના ભેદરૂપ જે ભેદપ્રકાશ એવો જે ભેદપ્રકાશ. અને કલાપનો અર્થ સમૂહ છે. '**આથી એમ અર્થ ઊપજ્યો કે જેમ એક જ સોનું વાનભેદથી અનેકરૂપ કહેવાય છે...**' દેખો! સોનું એના રંગભેદે અગ્નિના નિમિત્તે ઉઠે છે ને લાલ.. લાલ.. લાલ. એ કહેવાય છે. '**તેમ એક જ જીવવસ્તુ દ્રવ્ય-ગુણ-પર્યાયરૂપે...**' એક જ જીવવસ્તુ દ્રવ્ય, ગુણ અને પર્યાય ભેદરૂપે '**અથવા ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપે અનેકરૂપ કહેવાય છે.**' છતાં એ વ્યવહાર છે. એય..! દેવાનુપ્રિયા! આ ઉત્પાદ-વ્યય-ધ્રુવ.

મુમુક્ષુ :- બધો વ્યવહાર?

ઉત્તર :- બધો વ્યવહાર. ત્રણ ભેદ પડી ગયા ને? ત્રણ ભેદ પડ્યા. એક આ અને એક આ. ઝીણી વાત છે ભાઈ! આ તો મૂળ માલ લીધો છે. પંચાધ્યાયીકારે એ લીધું છે ને અંદર? ઉત્પાદ-વ્યય-ધ્રુવ છે કે નહિ? હવે સાંભળને. છે. ત્રણે તે ખરેખર એકરૂપમાં ત્રણે નથી. આહાહા..! એ જ કરનાર છે આ. ઝીણું છે, ભાઈ! તારી જાતને જાળવવી અને જોવી એ બહુ પુરુષાર્થની ઉગ્રતા છે. સમજાણું?

કહે છે કે ભેદ પંક્તિ ઉઠે ને સોનામાં? અને ભેદપ્રકાશ. એમ '**ગુણ-ગુણીના ભેદરૂપ ભેદપ્રકાશ;...**' અને એનો જે સમૂહ ભેદ. '**આથી એમ અર્થ ઊપજ્યો કે જેમ એક**

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**જ સોનું વાનભેદથી અનેકરૂપ કહેવાય છે...'** ભિન્ન... ભિન્ન... ભિન્ન... ભિન્ન.. આમ પીળાશ... પીળાશ... પીળાશ... પીળાશ... પીળાશ. પીળાશ દેખાય ને અંશ અંશભેદ? **'એક જ જીવવસ્તુ દ્રવ્ય-ગુણ-પર્યાયરૂપે...'** જીવવસ્તુ દ્રવ્ય, એના અનંતા ગુણ-શક્તિ, એની વર્તમાન અવસ્થા એ ભેદથી જાણવા જેવી છે. આદરવા જેવી નથી એ ચીજ. આદરવા લાયક એક જ અખંડ આત્મદ્રવ્ય છે એ આદરણીય છે. ભેદ જ્ઞાન કરીને આદરવા લાયક નથી. આહાહા..! સમજાણું કાંઈ? હવે તો ક્યાં ગયા, સંયોગ આદરણીય નહિ. આ શરીરની ક્રિયાથી ધર્મ થાય તે આદરણીય નહિ. અરે.. ભગવાન! તારી ક્યાં ગઈ મતિ? અહીં તો કહે છે વિકલ્પ ઉઠે એ આદરણીય નથી. પણ ગુણ-ગુણીનો ભેદ, અરે..! આ દ્રવ્ય ને ગુણ ને પર્યાય. બાપુ! એ તો ભેદ છે, વિકલ્પ છે. વસ્તુ અભેદમાં એ ભેદો ત્રણ નથી. આહાહા..!

વસ્તુ ભગવાન આમ જ્ઞાન દરબાર આખો એનો. અનંત... અનંત... અનંત... બેહદનું જ્ઞાન, બેહદનો સ્વભાવ શાંત આનંદ, એવી એકરૂપ ચીજમાં એ ભેદો ત્રણ પ્રકારના એમાં ક્યાં છે? અને ત્રણ ઉપર નજર કરતાં વિકલ્પ ઉઠે છે, રાગ થાય છે. અભેદ ઉપર અનુભવ કરતાં રાગરહિત સમ્યગ્દર્શન થાય છે. જુઓ! આ ગૃહસ્થાશ્રમમાં રહ્યાએ અર્થ કર્યા છે. હિંમતભાઈ! આ રાજમલ ગૃહસ્થાશ્રમમાં હતા. એમણે અર્થ કર્યા છે. બાયડી, છોકરા બધું હતું ને આ (અર્થ કર્યા છે). (ઈ બધું) નહોતું કહે છે. સમજાણું કાંઈ? એ ભેદના પ્રકાર પડે ને એ બધા સ્વરૂપમાં નથી, એકરૂપમાં નથી. એ સમૂહ છે અસ્તિપણે પર્યાયભેદે. આશ્રય કરવાલાયક નથી. અને ઉત્પાદ-વ્યય-ધ્રુવ. નવી પર્યાયથી ઊપજે, પૂર્વની પર્યાયથી વ્યય થાય અભાવ (અને) ધ્રુવ (રહે). કહે છે કે એ ભેદરૂપ છે. **'અનેકરૂપ કહેવાય છે.'**

**'હવે 'અથ' પદ દ્વારા ફરીને બીજો પક્ષ બતાવે છે :—'** **'प्रतिपदम् एकरूपं'** **'ગુણ-પર્યાયરૂપ અથવા ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપ અથવા દૃષ્ટાંતની અપેક્ષાએ વાનભેદરૂપ જેટલા ભેદો છે તે બધા ભેદોમાં પણ પોતે (એક) જ છે.'** બધા ભેદમાં વસ્તુ એક છે અંદર. સમજાણું કાંઈ? ભેદરૂપ વસ્તુ છે. છતાં એમાં વસ્તુ તરીકે એકરૂપ ત્રિકાળ અભેદ.. અભેદ... અભેદ... છે. **'પોતે (એક) જ છે.'** ત્રિકાળમાં એકરૂપ છે.

**'વસ્તુનો વિચાર કરતાં ભેદરૂપ પણ વસ્તુ જ છે, વસ્તુથી ભિન્ન ભેદ કોઈ વસ્તુ નથી.'** વસ્તુ તો છે પર્યાયમાં, ભેદ તો છે. આશ્રય કરવાલાયક નથી. ભારે વાત ભાઈ! વસ્તુનો ભેદરૂપ વિચાર કરતાં. એ પણ વસ્તુ તો છે પર્યાય. ગુણ-પર્યાય નથી એમ નહિ. સમજાણું કાંઈ? અભેદમાં એ ભેદ તો છે ખરો. પણ એ ભેદનું લક્ષ કરવા જેવું નથી. અભેદની દૃષ્ટિ કરવા જેવી છે એમ કહે છે. બિલકુલ પાછા અહીં ઠરાવ્યું શું? ઓલાપણે નવ તત્ત્વના વિકલ્પ ઠરાવ્યા હતા. આમાં ગુણીમાં ગુણ છે. ગુણીમાં ગુણ નથી એમ નહિ. ઓલું તો કહે લ્યો એકલો.. એકલો.. એમ નહિ. ગુણી વસ્તુ એમાં અનંતગુણ છે, પર્યાય છે, ઉત્પાદ-વ્યય-ધ્રુવ છે. સમજાણું?


Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**'વસ્તુનો વિચાર કરતાં ભેદરૂપ પણ વસ્તુ જ છે, વસ્તુથી ભિન્ન ભેદ કોઈ વસ્તુ નથી.'** પણ આદરણીય નથી. એક સમયમાત્રમાં ત્રિકાળી જ્ઞાયકભાવ, ભેદનું જ્ઞાન કરીને અભેદમાં અંતરમાં જવું એ જ અનુભવ કરવો એ સમ્યગ્દર્શન છે. એની સ્થિતિ બતાવવા ઓલા ભેદોનું અસ્તિત્વ અની પર્યાયમાં છે એમ બતાવ્યું. પછી ગુણનો ભેદ પણ તારામાં નથી.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)




Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## વીર સંવત-૨૪૯૧, ફાગણ સુદ ૧૫, બુધવાર, તા. ૧૭-૩-૧૯૬૫, કલશ-૮-૯
## પ્રવચન નં. ૧૧

આ સમયસાર કળશટીકા ચાલે છે. ૮મો કળશ ચાલે છે. જુઓ! ભાવાર્થ આવ્યો છે વચ્ચે. ભાવાર્થ છે ને વચ્ચે? પાનું-૧૦. શું વાત છે? જરી સૂક્ષ્મ વાત છે. જેમ સુવર્ણ છે ને? સુવર્ણ-સોનું. એ સોનું સોનીની કુલડી હોય છે ને-વાસણ, એમાં અગ્નિનો તાપ દેવાથી એ સોનામાં પીળાશના, ચીકાશના પર્યાયભેદ વર્ણમાલા અનેક પ્રકારના ભેદ થાય છે. સોનું સોનું. સોનું છે લગડી. એમાં ઈ પવન આપે ને? ભુંગળી. પણ ... એટલે કુલડી, કુલડીને શું કહે છે હિન્દીમાં? વાસણ હોય ને. તો એ સોનાને અગ્નિનો તાપ દેવાથી વર્ણની અનેક પ્રકારની માળા નામ શ્રેણિ, સમૂહ ઉત્પન્ન થાય છે. ભિન્ન ભિન્ન, ભિન્ન ભિન્ન. એ અપેક્ષાથી જોઈએ તો એ વર્ણાદિ સમય સમયની પર્યાયમાં એ વર્ણનો સમૂહ છે. સોનારૂપે જુઓ તો સોનું.. સોનું.. સોનું.. સોનું પ્રત્યેકમાં સોનું એકરૂપ છે. કહો, દૃષ્ટાંત સમજાયો? શેઠી!

એમ આત્મા ભગવાન તીર્થંકર પરમાત્મા ત્રિલોકનાથ સર્વજ્ઞદેવ, એમણે આ આત્મા જેવો છે એવો કહ્યો, એવો જોયો. કેવો છે? કે એ સુવર્ણની પેઠે એના આત્મામાં રાગ-દ્વેષ આદિ જે વિકાર છે એ સ્વભાવની દૃષ્ટિથી એકાકાર થઈને પોતાની પર્યાયમાં નિર્મળતાનો અંશ પ્રગટ થાય છે અને રાગ ઘટતો જાય છે. એ આત્મામાં અશુદ્ધતાની પર્યાય ઘટતી જાય છે અને શુદ્ધતા વધતી જાય છે. એવા ભેદ છે. પર્યાયમાં એવો ભેદ છે. સમજાય છે કાંઈ? પણ અંતરાત્મા એક સમયમાં પૂર્ણ શુદ્ધ ધ્રુવ, અંતર અનુભવ કરવાથી એ ભેદ અંતરમાં દેખાતા નથી. એવા આત્માનો અંતર અભેદનો અનુભવ કરવો એનું નામ ભગવાન સમ્યગ્દર્શન ધર્મ કહે છે. કહો, સમજાણું? સૂક્ષ્મ વાત છે. ઈ અનંત કાળમાં કદી આવું સમજ્યો નથી, કદી કર્યું નથી.

સુવર્ણમાં અનેક રંગની કળા-ભેદ થાય છે એ અસ્તિ તરીકે છે, પર્યાય તરીકે-અવસ્થા તરીકે છે. વસ્તુ તરીકે જુઓ તો પ્રત્યેક સમયમાં સોનું.. સોનું.. સોનું.. સોનું એકરૂપ છે. એમ આ ભગવાન આત્મા એમાં એક સેકંડના અસંખ્ય ભાગમાં દ્રવ્ય, ગુણ, પર્યાય એવા ભેદ પણ છે. દ્રવ્ય નામ વસ્તુ, ગુણ નામ એની અનંત શક્તિ-ગુણ અને પર્યાય નામ અવસ્થા. એ અવસ્થાના ભેદો પણ અનેક છે. એમ આત્મામાં ઉત્પાદ-વ્યય અને ધ્રુવ. સમયે સમયે એની નવી નવી અવસ્થાનું ઉત્પન્ન થવું, જૂની અવસ્થાનું વ્યય થવું, ધ્રુવપણે રહેવું. વસ્તુમાં આવા ત્રણ ભેદ પણ છે. પણ જેને આત્માનો ધર્મ કરવો છે, તેને આવા ભેદ ઉપર લક્ષ

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


નહિ કરીને એક ચિદાનંદ, સોનું સોનું સોનું જે છે, એમ હું જ્ઞાયકભાવ શુદ્ધ ચૈતન્ય એકરૂપ છું, એમ અંતર દૃષ્ટિ કરવાથી આત્મા જેવો છે એવો અનુભવમાં આવે છે. એનું નામ ભગવાન પ્રથમ સમ્યગ્દર્શન ધર્મ કહે છે. કહો, પોપટભાઈ! ઈ છે, જુઓ!

ભાવાર્થથી છે ને? '**ભાવાર્થ આમ છે કે સુવર્ણમાત્ર ન જોવામાં આવે,...**' શું કહે છે? સોનાની લગડી હોય પાંચ રૂપિયા ભાર, એને ઓગાળે છે ને? ધમે છે. '**સુવર્ણમાત્ર ન જોવામાં આવે, વાનભેદમાત્ર જોવામાં આવે...**' એ સોનાનો વાન, વર્ણના ભેદ ભેદ ભેદ, પીળાશ વિશેષ વિશેષ વિશેષ એવા ભંગભેદ જોવામાં આવે તો વાનભેદ છે. સોનામાં વાનભેદ છે. '**સોનાની શક્તિ એવી પણ છે;...**' એ સોનાની શક્તિ પર્યાયમાં એવી પણ છે. સોનું ભિન્ન ભિન્ન અવસ્થા તેર વલું, ચૌદ વલું, પંદર વલું એની દશામાં થાય છે ને? એની દશામાં-અવસ્થામાં એવું પણ છે.

'**જો વાનભેદ ન જોવામાં આવે, કેવળ સુવર્ણમાત્ર જોવામાં આવે, તો વાનભેદ જૂઠા છે;...**' એકલું સોનું.. સોનું.. સોનું.. સોનું... સોનું... સોનું જોવામાં આવે તો વાનભેદની અવસ્થાના ભેદ એકલા અભેદ સ્વરૂપમાં નથી, એ અપેક્ષાથી વાનભેદ, વર્ણભેદ જૂઠા કહેવામાં આવે છે. કહો! આ તો સમજાય છે કે નહિ? ફાવાભાઈ! સોનાનું કરતા, ગાંડાભાઈ કરતા ને સોનાનું. આમ આમ ઘસીને આમ આમ કરતા. કોઈ ગામમાં નહોતું તે દી કરતા. સમજાણું?

'**તેવી રીતે જો શુદ્ધ જીવવસ્તુમાત્ર...**' ભગવાન આત્મા એક સેકંડના અસંખ્ય ભાગમાં શુદ્ધ ચિદ્‌ઘન આનંદઘન આત્મા છે. સમજાય છે કાંઈ? જેમ સુવર્ણ સુવર્ણરૂપ છે પણ વાનભેદ એની દશામાં છે. એમ આત્મા કેવો છે? '**શુદ્ધ જીવવસ્તુમાત્ર...**' એકલી ચૈતન્ય વસ્તુ ધ્રુવ જ્ઞાયક અખંડ, એમ જો એને '**ન જોવામાં આવે...**' એના ઉપર દૃષ્ટિ ન કરે તો '**ગુણ-પર્યાયમાત્ર...**' છે. તો એ આત્મામાં અનંતગુણ પણ છે. ગુણ નામ શક્તિ-સ્વભાવ છે. અને પર્યાય નામ એની દશામાં અવસ્થા થાય છે તે પણ છે. '**ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યમાત્ર જોવામાં આવે તો,...**' અને ઉત્પાદ-વ્યય. આ તો વસ્તુ ભગવાન સર્વજ્ઞએ કહી એમ એ સમજ્યો નથી. કદી એણે અનુભવ કર્યો નથી અને અનુભવ વિના એને આત્મધર્મ થતો નથી.

એ ગુણ-પર્યાય. આત્મામાં શક્તિ (છે). આત્મા વસ્તુ-પદાર્થ છે. જેમ સોનું વસ્તુ છે. એમાં પીળાશ, ચીકાશ, વજન એ ગુણ છે અને એની કુંડલ, કડા, વિંટી એ પર્યાય છે. તો એ સુવર્ણની અવસ્થા ભેદમાં ઈ છે ખરા. સુવર્ણ તરીકે ન જુઓ તો ભેદ છે. એમ ભગવાન આત્મા એક સમયમાં અખંડ આનંદ શુદ્ધ ધ્રુવ વસ્તુ છે. એ દૃષ્ટિએ ન જુઓ તો એમાં જ્ઞાન, દર્શન, આનંદ આદિ ગુણ ભેદરૂપ છે. એની અવસ્થા પણ છે અને ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય પણ છે. સમયે સમયે દરેક ગુણની અવસ્થા નવી ઉત્પન્ન થાય છે, જૂનીનો વ્યય થાય છે, પોતાનો ધ્રુવ કાયમ રહે છે.

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**'આવી પણ છે;...'** આવી પણ જીવવસ્તુ છે. સમજાય છે કાંઈ? જીવવસ્તુ આવી પણ છે. માથે કહ્યું હતું ને? **'સોનાની શક્તિ એવી પણ છે,...'** એમ **'જીવવસ્તુ આવી પણ છે;...'** બિલકુલ એકરૂપ છે અને ધ્રુવ જ છે, એક જ વસ્તુ છે અને એમાં ગુણભેદ ને અવસ્થા ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય કંઈ છે જ નહિ, એમ નથી. ઝીણી વાત છે. અહીંયા તો કહે છે કે જેને આત્મધર્મ કરવો હોય તો એની દૃષ્ટિ સંયોગ ઉપરથી ઉઠાવી લેવી જોઈએ. વિકલ્પ નામ રાગ-દ્વેષ ઉત્પન્ન થાય છે એના ઉપરથી ઉઠાવી લેવી જોઈએ, પણ એમાં ગુણ-પર્યાય વિદ્યમાન છે, પણ ભેદ ઉપરથી દૃષ્ટિ ઉઠાવી લેવી જોઈએ. આહાહા..! અને એ આત્મામાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય ભગવાન અનાદિઅનંત છે એમ જોયું છે અને છે. પણ એ નવી નવી પર્યાયનું ઉત્પન્ન થવું, જૂનીનું વ્યય થવું અને ધ્રુવ (કાયમ રહેવું), એ ત્રણ ઉપર લક્ષ દેવાથી રાગ ઉત્પન્ન થાય છે, ધર્મ ઉત્પન્ન નથી થતો. ભારે વાત, ભાઈ! કહો, જયંતિભાઈ!

મુમુક્ષુ :-

ઉત્તર :- હા, ધર્મ આમ થાય છે. ધર્મ લોકો માની લે છે એવી વાત નથી. અનંતકાળમાં એક સેકંડ પણ એણે ધર્મ કર્યો નથી. એક સેકંડ ધર્મ કરે તો મુક્તિ થયા વિના રહે નહિ. ધર્મ એવી ચીજ છે. દુનિયા માને છે કે અમે ધર્મ કરીએ છીએ એવી વસ્તુ ધર્મ નથી. કહો, રતિભાઈ! બહુ ઝીણી વાત ભાઈ! નહિ?

ભગવાન આત્મા આ દેહમાં બિરાજમાન. આ શરીર, વાણી માટી આ તો ધૂળ છે, પુદ્ગલ છે. આ વાણી પુદ્ગલ છે, આ શરીર પુદ્ગલ જડ છે, કર્મ-આઠ કર્મ એ જડ છે. એ તો આત્મા નથી. અને આત્મામાં જેટલા પુણ્ય અને પાપ, શુભ અને અશુભ ભાવ થાય છે એ પણ આત્મા નહિ. એ વિકાર છે, આસ્રવતત્ત્વ છે. નવ તત્ત્વમાં જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ એ આસ્રવતત્ત્વ છે. તો જેણે ધર્મ કરવો હોય એણે, સંયોગથી દૃષ્ટિ ઉઠાવી લેવી જોઈએ અને વિકાર ઉપરથી પણ દૃષ્ટિ ઉઠાવી લેવી. હવે રહી બીજી વસ્તુ આત્મા. તો આત્મામાં પણ અનંત જ્ઞાનાદિ ગુણ છે અને એ ગુણની સમય સમયની અનંતી અનંત ગુણની પર્યાય-અવસ્થા પણ છે. આમ હોવા છતાં ધર્મી-સમ્યગ્દૃષ્ટિને અનુભવ કરવાના કાળે એ ભેદ ઉપરથી દૃષ્ટિ ઉઠાવી લેવી જોઈએ.

એકલો ચિદાનંદ ભગવાન જ્ઞાયકમૂર્તિ એકરૂપ છું, એમ અંતર દૃષ્ટિ કરવાથી એને આત્મા શું છે, એના અનુભવમાં આવે છે. તેને સમ્યગ્દર્શન કહે છે. આહાહા..! સાંભળ્યું પણ ન હોય કે સમ્યગ્દર્શન કોને કહેવું. ભગવાન સાચા, દેવ-ગુરુ-શાસ્ત્ર સાચા, માનો જાઓ. નથી, એ ચીજ બાપુ! કોઈ જુદી છે. તીર્થંકર ભગવાન ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમાત્મા, જેણે એક સેકંડના અસંખ્યભાગમાં ત્રણકાળ ત્રણલોક જોયા. એમણે આત્મા કેવો છે એવો પૂર્ણ જોયો. અને એમાં પણ આત્મામાં ગુણ અને પર્યાય હોવા છતાં અને ઉત્પાદ-વ્યય ભેદ હોવા છતાં, કહે છે કે અરે..! આત્મા! તને આત્માનું એક સ્વરૂપ ત્રિકાળ જ્ઞાયક.. જ્ઞાયક.. જ્ઞાયક.. આનંદ..

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આનંદ.. આનંદ એકરૂપ એવી દૃષ્ટિ કર્યા વિના, અભેદ ઉપર દૃષ્ટિ કર્યા વિના, સ્વરૂપ તરફનો ઝુકાવ એકરૂપમાં કર્યા વિના તને આત્માનો અનુભવ અને સમ્યગ્દર્શન નહિ થાય. કહો, ભગવાનભાઈ! ત્યાં સાંભળ્યું હતું? નહિ. ત્યાં જીવિયા,.. મિચ્છામી દુક્કડમ. શું જીવિયા..? હજી આત્મા શું છે? એમાં ક્યા ગુણ છે? ભગવાન સર્વજ્ઞે શું જોયું છે? (એના ભાન ન મળે).

આ ઈ કહે છે, જુઓ! '**શુદ્ધ જીવવસ્તુમાત્ર ન જોવામાં આવે, ગુણ-પર્યાયમાત્ર...**' અંદર જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. (જોવામાં આવે). આ જ્ઞાન એટલે ગુણ ભેદ. જાણવું છે, શ્રદ્ધવું છે, શાંતિ છે, આનંદ છે, એમ ગુણભેદ લક્ષમાં લો. અને અવસ્થા તો છે. ઉત્પાદ-વ્યય-ધ્રુવમાત્ર જોવામાં આવે તો ગુણ-પર્યાય છે, ઉત્પાદ-વ્યય-ધ્રુવ છે. '**જીવવસ્તુ આવી પણ...**' ગુણ-પર્યાયવાળી અને ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યવાળી છે. '**જો ગુણ-પર્યાયભેદ...**' જોવામાં ન આવે. વિકાર તો નહિ, શરીર, વાણી નહિ, અંતરમાં ભગવાન આત્મા એક સેકંડના અસંખ્યભાગમાં અનંત ગુણ હોવા છતાં, એની અનંતી પર્યાય હોવા છતાં અને ઉત્પાદ-વ્યય નામ નવી પર્યાય ઉત્પન્ન, જૂનીનો વ્યય અને ધ્રુવતા હોવા છતાં, તેના ઉપર લક્ષ નહિ દેવાથી અને '**વસ્તુમાત્ર જોવામાં આવે, તો સમસ્ત ભેદ જૂઠા છે.**' આહાહા..! કઠણ ભારે.

ભગવાન આત્મા એક સેકંડના અસંખ્યભાગમાં અનંત ગુણપુંજરૂપ એક, અનંતી પર્યાયનો પુંજ ઈ એક. એવા આત્મામાં અંતરમાં દૃષ્ટિ દેવાથી સમ્યગ્દર્શનમાં, અનુભવમાં એ અભેદમાં ભેદ દેખાતા નથી. આ અપેક્ષાથી ગુણ-પર્યાય, ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યને જૂઠા કહેવામાં આવે છે. કહો, સમજાય છે કાંઈ? આહાહા..! ભારે આકરું પડે લોકોને.

મુમુક્ષુ :- વસ્તુ એવી હોવા છતાં.

ઉત્તર :- વસ્તુ છે. ભેદરૂપ વસ્તુ નથી? ઈ તો કીધું. ગુણભેદ નથી? પણ ગુણભેદ ઉપર લક્ષ કરવાથી રાગ જ ઉત્પન્ન થાય છે. સમ્યગ્દર્શન ઉત્પત્તિનો એ પ્રસંગ છે જ નહિ. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન કે સમ્યક્ચારિત્ર એ દશા ઉત્પન્ન કરવા માટે ગુણભેદ અને પર્યાયભેદ લક્ષમાં લેવાથી દર્શન, જ્ઞાન, ચારિત્ર ઉત્પન્ન થતાં નથી. સૂક્ષ્મ વાત છે. અનંતકાળ થયો. મનુષ્યપણામાં અનંત વાર ત્યાગી થયો, સાધુ થયો, બાવો થયો, મુનિ થયો પણ આ તત્ત્વને સમજ્યો નહિ. અંતર દૃષ્ટિ શું ચીજ છે એને સમજ્યા વિના એના જન્મ-મરણ મટ્યા નહિ. કહો, સમજાય છે કાંઈ? એ.. દેવાનુપ્રિયા! વ્યવહાર હજી હોય.. અહીં તો કહે છે, આ ત્રણ ભેદ પણ સમ્યગ્દર્શન નહિ. આહાહા..!

'**આવી પણ છે,...**' કહ્યું નથી? વસ્તુ ભગવાન આત્મા આ દેહના રજકણથી જુદું, કર્મથી જુદું તત્ત્વ અને પુણ્ય-પાપના વિકારો ઉત્પન્ન થાય, ક્ષણિક વિકાર, એનાથી પણ જુદું. પણ એ વસ્તુમાં જે અનંત ગુણ અને પર્યાય છે અને એ વસ્તુ પોતાની પર્યાયથી નવી

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઉત્પન્ન થાય છે, જૂનીથી વ્યય અને ધ્રુવથી ટકે છે એવા વસ્તુના વસ્તુભેદથી જુઓ તો છે ખરા. બિલકુલ કાઢી નાખે વેદાંત આદિની જેમ કે એક જ આત્મા છે, એક જ આત્મા છે. એમાં ભેદ-બેદ કાંઈ છે જ નહિ. અનંત ગુણ નથી, પર્યાય એમાં નથી. તો એ સમજવું કે એનું જ્ઞાન જ ખોટું છે. સમજાય છે કાંઈ? એને તો સમ્યગ્દર્શન કદી ઉત્પન્ન થતું નથી. કહો, સમજાય છે કાંઈ?

**'વસ્તુમાત્ર જોવામાં આવે,...'** એકરૂપ ચૈતન્ય.. ચૈતન્ય.. ચૈતન્ય.. ચૈતન્ય.. ચૈતન્ય. જ્ઞાયક સ્વભાવનું દળ, પૂર્ણાનંદ પ્રભુ અનંત ગુણનો એક સમુદાય-રાશિ. એવી વસ્તુને જોવામાં આવે **'તો સમસ્ત ભેદ જૂઠા છે.'** સમસ્ત ભેદ જૂઠાનો અર્થ એ ભેદ એમાં નથી એમ નહિ. પણ દૃષ્ટિ અંતરમાં એકાકાર થવાથી ભેદનું લક્ષ (છૂટી જતાં), એમાં ભેદ દેખાતા નથી. તો પોતાની અભેદ દૃષ્ટિમાં ભેદ દેખાતા નથી તેથી તેને જૂઠા છે એમ કહેવામાં આવે છે. આહાહા..! પોપટભાઈ!

મુમુક્ષુ :- જૂઠા કહેશે તો જ એને છોડશે.

ઉત્તર :- જૂઠાનો અર્થ છોડશે નહિ. એ ભેદ છે પણ અંતર્મુખ અભેદ દૃષ્ટિમાં ભેદનું લક્ષ કરવું બિલકુલ સહાયક નથી. આહાહા..! કહો, રતિભાઈ!

ભગવાન કેવળજ્ઞાની પરમાત્માએ એક આત્મામાં અનંત ગુણ જોયા છે. અને એટલા અનંત ગુણની એક સમયમાં અનંતી પર્યાય જોઈ છે. છે ખરી, છે ખરી. પણ એ ગુણ-પર્યાય ઉપર લક્ષ દેવાથી વસ્તુની એકતાનો અનુભવ થતો નથી. ઓહો..! કહો, દાસ!

મુમુક્ષુ :- જૂઠા..

ઉત્તર :- જૂઠું કહો કે ખોટું કહો, એમાં શું? જૂઠું અને ખોટુમાં ફેર શું છે? સમજાય છે કાંઈ?

**'આવો અનુભવ સમ્યક્ત્વ છે.'** છે? આવો અનુભવ સમ્યક્ત્વ છે. આહાહા..! એક સેકંડના અસંખ્યભાગમાં ભગવાન આત્મા સર્વજ્ઞ પરમાત્માએ અંતરમાં અનંત ગુણ અને પર્યાય એટલે અવસ્થા જોઈ હોવા છતાં અંતરની એક ચીજ ઉપર પૂર્ણ ઉપર એકાકાર થવાથી, એ ગુણભેદ દૃષ્ટિમાં રહેતા નથી, જોવામાં આવતા નથી, લાભનું કારણ નથી. તેથી વસ્તુની અંતર દૃષ્ટિમાં, અનુભવમાં એ ભેદને જૂઠા કહેવામાં આવ્યા છે. સમજાય છે કાંઈ? **'આવો અનુભવ સમ્યક્ત્વ છે.'** એ.. દેવાનુપ્રિયા! શું બરાબર છે? ત્યાં ગપ્પેગપ મારતા હોય ત્યાં હા પાડતા હશો. શું કરો છો ત્યાં? આવો અનુભવ સમકિત છે. ભેદનું લક્ષ કરવાથી પણ સમ્યગ્દર્શન થતું નથી. તો વળી કષાયની મંદતા કરવાથી સમ્યગ્દર્શન થાય છે, વ્યવહાર કરવાથી કરતાં કરતાં થાય કે નહિ?

મુમુક્ષુ :- ઈ એક માન્યતા છે.

ઉત્તર :- માન્યતા છે.

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મુમુક્ષુ :- ઊભા રાખવા.

ઉત્તર :- ઊભા રાખવા શેમાં? ઝેરમાં? ઠીક! આવ્યું કે નહિ એમાં?

અહીં તો ભગવાન ત્રિલોકનાથ પરમાત્મા કેવળજ્ઞાની પ્રભુ, સો ઇન્દ્રની ઉપસ્થિતિમાં દિવ્યધ્વનિ ભગવાનની વાણી ઇચ્છા વિના નીકળી, એ વાણીમાં એમ આવ્યું કે, અરે.. આત્મા! સાંભળ! તું આત્મા તો છો અને તારામાં અનંતા ગુણ સંખ્યાએ છે. સંખ્યાએ. અનંત કાળ તો આત્મા રહે છે, પણ સંખ્યામાં અનંત ગુણ છે. અને સંખ્યામાં અનંતી દશા એ ગુણની વર્તમાન છે. તારા અસ્તિત્વમાં છે, પરથી ભિન્ન. અને તારી મોજૂદગીમાં-અસ્તિમાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય છે. એ સત્‌નો સ્વભાવ છે. અનંતગુણની નવી નવી અવસ્થા ઉત્પન્ન થવી, પૂર્વની વ્યય થવી અને ધ્રુવ રહેવું, એ સત્‌નું સત્‌નું સ્વરૂપ છે. ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્તં સત્ એવો વસ્તુનો-દ્રવ્યનો સ્વભાવ છે. એમ છે. હોવા છતાં એ ત્રણ ભેદમાં, ગુણ-પર્યાયના ભેદનું લક્ષ કરવાથી રાગની, પુણ્યની ઉત્પત્તિ થાય છે. ધર્મની ઉત્પત્તિ ભેદના લક્ષે કદી ત્રણકાળ ત્રણલોકમાં થતી નથી. આહાહા..! કહો, સમજાય છે કાંઈ? આ દિલ્હીવાળા આવ્યા છે. એ કહે, અમે ન સમજીએ. ભાષા તો હિન્દી આવે, પણ વસ્તુ ક્યાંથી આવે બીજી? વસ્તુ તો જે હશે એ આવે ને. સમજાય છે કાંઈ?

આ વાત કદી સાંભળી નથી. સાંભળી હોય તો એ અંતરમાં રુચવી જોઈએ કે હું એક વસ્તુ અખંડ આનંદ, ચૈતન્ય રત્નાકર (છું). જેમ સમુદ્રમાં અનેક રત્ન પડ્યા હોય, એમ મારા આત્મામાં અનંત રત્ન ભર્યા છે. છે અને એ રત્નની અવસ્થા-પર્યાય-હાલત પણ છે. એમ જુઓ તો એ વસ્તુ છે. પણ એનાથી આત્માનો અનુભવ નથી થતો. પ્રથમ સમ્યગ્દર્શનરૂપી ધર્મ થયા પછી ચારિત્ર હોય છે. પણ પહેલા સમ્યગ્દર્શનરૂપી ધર્મ, સત્યના દર્શન થવા, સત્યના દર્શન થવા એવી જે સત્ વસ્તુ, એ ત્રણના ભેદના લક્ષે દર્શન નથી થતા.

મુમુક્ષુ :- બીજું કંઈ જોવાનું રહી જાય છે?

ઉત્તર :- એક આખો રહી જાય છે. જોવાનું શું રહી જાય? એકરૂપે જોવું એ રહી જાય છે. સમજાય છે કાંઈ? સમજાય છે ભાઈ! એ.. દિલ્હી! આહાહા..! જુઓને!

**'વળી કેવી છે આત્મજ્યોતિ?'** વળી કેવી છે ભગવાન આત્મજ્યોતિ? અંદર ચૈતન્યસૂર્ય આત્મા, વસ્તુ જ્ઞાનનો ભંડાર, અનંત ગુણનો ભંડાર. બે અર્થ કર્યા છે ને? **'उन्नीयमानं'** અને **'उद्योतमानम्'** બે શબ્દ પડ્યા છે ને? બે શબ્દ છે. બે શબ્દ છે ને? પાઠમાં જ છે. બીજામાં ઈ કહ્યું છે. **'ચેતનાલક્ષણથી જણાય છે,...'** અહીં અનુમાન બતાવવું છે ને જરી. સમજાય છે કાંઈ? શું કહે છે? ઓહો..! પણ વાત કરી છે ને! પહેલા એમ કહ્યું કે ભગવાન આત્મા, એમાં નવ તત્ત્વના વિકલ્પથી જુઓ તો નવ તત્ત્વના વિકલ્પ છે. જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ. પણ એ ભેદરૂપ વિકલ્પ છે એના ઉપર લક્ષ દેવાથી આખો ચિદાનંદ આત્મા **'छन्नं'** ઢંકાઈ ગયો છે. ઢંકાઈને શું કહે છે? આચ્છાદન

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



થઈ ગયો છે. આહાહા..! નવ તત્ત્વના વિકલ્પના વિચારના ભેદમાં ભગવાન આત્મા આચ્છાદિત થઈ ગયો છે. તેથી નવ તત્ત્વના વિકલ્પના ભેદનું લક્ષ છોડ, અંતર એકરૂપ વસ્તુને જોવાથી અનુભવ, સમ્યગ્દર્શન થાય છે.

પછી કહ્યું કે દ્રવ્ય, ગુણ અને પર્યાય એવા આત્મામાં ત્રણ ભેદ છે. ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય ત્રણ ભેદ છે. છતાં એ ત્રણ ભેદના લક્ષે સમ્યગ્દર્શન થતું નથી. એકલા ચિદાનંદ ભગવાનનો અનુભવ કરવાથી સમ્યગ્દર્શન થાય છે. હવે ત્રણ ને બેમાંથી એક લાવ્યા હવે. શું એક લાવ્યા? લક્ષણથી લક્ષ, ભાઈ! ઈ એક. એટલો પણ ભેદ છે. એ ભેદ છે. આહાહા..! પહેલા નવ, પછી ત્રણ, પછી બે. આમ ત્રણ દ્રવ્ય-ગુણ-પર્યાય, અને આમ ઉત્પાદ-વ્યય અને ધ્રૌવ્ય, હવે એક લાવ્યા. સમજાય છે કાંઈ?

પહેલા એમ લીધું હતું કે એ ભગવાન આત્મા એક સેકંડના અસંખ્યભાગમાં પૂર્ણ સ્વરૂપ શુદ્ધ ધ્રુવ ચૈતન્ય. એની વર્તમાન પર્યાય નામ અવસ્થામાં નવ તત્ત્વના વિકલ્પરૂપ ભેદ પડે છે, તેનું લક્ષ કરવાથી, તેનો અનુભવ કરવાથી તો મિથ્યાત્વ છે. આહાહા..! તેનાથી ખસીને એકલો ચિદાનંદ સ્વભાવ સામાન્ય અભેદમાં દૃષ્ટિ દેવાથી સમ્યક્ થાય છે. એક વાત.

પછી કહ્યું કે, પરની અહીંયા વાત જ નથી. ભગવાન આત્મા એમાં અનંતગુણ અને અનંતી પર્યાય હોવા છતાં, હોવા છતાં કે હોતે હુએ? એમ કહે છે ને તમારે? હોવા છતાં. ત્યાં વાત થઈ હતી. અશોકમાં ઘણા માણસને. હોતે હુએ કે હોવા છતાં? તો કહે, હોતે હુએ અમારામાં કહે. માણસ ઘણું ત્યાં અશોકમાં. કહો, સમજાય છે કાંઈ? આત્મા એક ચીજ આ શરીરથી ભિન્ન અને કર્મથી ભિન્ન છે. એમાં અનંતગુણ હોવા છતાં અને અનંતી પર્યાય હોવા છતાં-અવસ્થા, એકરૂપ દૃષ્ટિ દેવાથી સમ્યગ્દર્શન થાય છે અને ભેદ ઉપર દૃષ્ટિ દેવાથી રાગ થાય છે. આહાહા..!

પછી ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય લીધા. ભગવાન આત્મા એક સેકંડના અસંખ્યભાગમાં અનંતગુણની નવી નવી પર્યાય એમાં ઊપજે છે. ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્તં સત્ છે. નવી અવસ્થાનો ઉત્પાદ થવો, જૂનીનો વ્યય-અભાવ એક સમયમાં થવો, એક જ સમયમાં ધ્રુવપણું રહેવું. આમ હોવા છતાં, એનો આશ્રય કરવો-ભેદનો, એ સમ્યગ્દર્શનનું કારણ નથી. સમજાય છે કાંઈ? એક ચિદાનંદ ભગવાન એકરૂપમાં અંતર એકાગ્ર થવાથી આત્માનો અનુભવ થાય છે. એ અનુભવ સમ્યગ્દર્શન છે.

હવે લાવ્યા બે. હવે, '**उन्नीयमानं**'. '**ચેતનાલક્ષણથી જણાય છે, તેથી અનુમાનગોચર પણ છે.**' સમજાય છે કાંઈ? અનુમાનગોચર પણ છે કે આ જાણન.. જાણન.. જાણનલક્ષણ, આત્મા લક્ષ. એવા અનુમાનથી જ્ઞાન દ્વારા જણાય છે. પણ એટલો પણ ભેદ છે. સમજાય છે કાંઈ? એ પછી કહેશે, જુઓ! '**તેથી અનુમાનગોચર પણ છે.**' પહેલા કીધું હતું ને? સુવર્ણની આવી શક્તિ પણ છે. જીવની શક્તિ પણ છે, એમ કહ્યું હતું ને? ભાઈ! એમ

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આ પણ કહે છે કે અનુમાનગોચર પણ છે. એમ કહે છે.

ત્રણ વાત કરી છે. જેમ નવ તત્ત્વરૂપ પણ પરિણમન છે. છતાં વસ્તુનો એકરૂપ અનુભવ કરવાથી સમ્યગ્દર્શન થાય છે. એમ ગુણ-પર્યાય જીવવસ્તુ છે. ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય વસ્તુ છે. છતાં અંતર એકરૂપ સ્વભાવની દૃષ્ટિ કરવાથી સમ્યગ્દર્શન થાય છે. એમ ભગવાન આત્મા આ જ્ઞાન, આ જાણે, જાણવાનો ભાવ લક્ષણ. એનાથી આ જીવ, આ જીવ. હવે બે ભેદમાં આવ્યા. નવને કાઢી નાખ્યા, ત્રણને કાઢી નાખ્યા. જ્ઞાનલક્ષણથી લક્ષિત કરવા છતાં અનુમાનગોચર થાય છે. સમજાય છે કાંઈ?

**'હવે બીજો પક્ષ.' 'उद्योतमानम्' 'પ્રત્યક્ષ જ્ઞાનગોચર છે.' 'उद्योतमानम्'**નો અર્થ કર્યો **'પ્રત્યક્ષ જ્ઞાનગોચર છે.'** એ તો અનુભવગોચર જ છે. અનુમાનગોચર છે એમ પણ કહ્યું હતું, હવે નિશ્ચય પ્રત્યક્ષ જ્ઞાનગોચર છે (એમ કહે છે). આહાહા..! ઝીણી વાત છે, ભાઈ! કહો, દેવાનુપ્રિયા! આ તો આપણા ભાઈ છે ને. અમૃતલાલજી શાસ્ત્રી. એ વળી દેવાનુપ્રિયાનું નામ લીધું. એ.. દેવાનુપ્રિયા! દેવાનુપ્રિયા તમને બોલાવીએ એટલે જાણે... આહાહા..! જુઓ! કેટલી શૈલી ઉપાડી છે, જોઈ! નવ તત્ત્વ વસ્તુ છે. ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય, ગુણ-પર્યાયવાળી અને લક્ષણ-લક્ષ (છે). જુઓને! એક વસ્તુની સ્થિતિનું અસ્તિત્વ એ રીતે સિદ્ધ કરીને પણ લક્ષણભેદથી વિચાર કરે કે આ લક્ષણ, આ લક્ષ એ ભેદ છે. રતિભાઈ! આહાહા..! શું કહે છે જુઓ!

**'उद्योतमानम्' 'પ્રત્યક્ષ જ્ઞાનગોચર છે.'** એ નિશ્ચય કહ્યું. અંતર અનુભવ એ જ્ઞાનથી અંદર ગમ્ય-અનુભવ કરવાથી અનુભવ થાય છે. આ લક્ષણથી લક્ષ કરવામાં પણ ભેદ ઉત્પન્ન થાય છે. આહાહા..! કાંતિભાઈ! એવા અર્થ કર્યા છે ને! એણે તો આમ મૂળ વસ્તુ શ્લોકમાં છે, હોં! કારણ કે એક તો ભાઈ શું વિચાર આવ્યો હતો? કે આખા સમયસારની ટીકા પ્રસિદ્ધ કરી-આત્મખ્યાતિ. હવે એ ટીકામાંથી સાર સારનો કળશ લીધો. એટલે એ કળશમાં ભાવ એટલા ઊંડા ભર્યા છે.

મુમુક્ષુ :- એ ટીકાનો ભાવ એમાં આવી ગયો.

ઉત્તર :- આવી ગયો. ઘણો ભાવ, બહુ ભાવ એમાં આવ્યા છે. એમાં આ ટીકા કરનાર મળ્યો પાછો સરખો. ખોલી નાખ્યું. એક સમયસાર ૪૧૫ ગાથા, એની ટીકા. એની ટીકાનો સાર એક એક કળશમાં. એક એક કળશમાં ભાવ ભર્યા એને આમણે ખોલી નાખ્યા કે આમાં આ છે, આ છે. સમજાય છે કાંઈ? આ ઉત્પાદ-વ્યય-ધ્રુવ કાલે પ્રશ્ન કરતા હતા. ઉત્પાદ-વ્યય-ધ્રુવની ખબર નથી? એ તો હજી જૈનનો પહેલો એકડો છે.

મુમુક્ષુ :- પહેલા..

ઉત્તર :- લ્યો કહો. આટલા વર્ષ શું કર્યું? એ તો દસલક્ષણી પર્વમાં કાયમ ચાલે છે. દરેક વસ્તુ પ્રત્યેક વસ્તુ આત્મા કે પરમાણુ, વીતરાગ પરમાત્માએ એક સેકંડના અસંખ્યભાગમાં

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઉત્પાદ-વ્યય-ધ્રુવવાળી જોઈ છે. જોઈ છે નામ કાયમ રહે છે અને નવી નવી અવસ્થા ઉત્પન્ન થઈને જૂની અવસ્થા જાય છે. સોનું સોનાપણે રહે છે. કુંડળનો વ્યય અને કડાની ઉત્પત્તિ અને સોનાપણે (કાયમ રહે છે). એમ દરેક પદાર્થનું, અનાદિઅનંત આત્મા, અનંત પરમાણુનો સ્વભાવ છે. ભગવાને છ દ્રવ્ય જોયા છે. સર્વજ્ઞ પરમાત્માએ કેવળજ્ઞાની તીર્થંકરે છ વસ્તુ જોઈ છે. જાતિએ. સંખ્યાએ અનંત આત્મા, અનંત પરમાણુ એમ અનંત જોયા છે. પ્રત્યેકમાં એક સમયમાં ત્રણ દશા હોય છે. છે ખરી. એમ આત્મામાં પણ ત્રણ છે ખરા. આવું જ્ઞાન પહેલા કરવાથી પણ સમ્યગ્દર્શન નથી થતું. કહો, સમજાય છે કાંઈ?

**'હવે બીજો પક્ષ.'** **'उद्योतमानम्'** હવે એક ઉપર લાવ્યા. નવ, ત્રણ, બે કરતાં એક ઉપર લાવ્યા. (**'उन्नीयमानं'**) આવ્યું હતું. પણ ઈ અનુમાન છે. **'પ્રત્યક્ષ જ્ઞાનગોચર છે.'** ભાઈ! ભગવાન! તું તો એવી ચીજ છે કે પુણ્ય-પાપના વિકલ્પથી રહિત, નવ ભેદથી રહિત, ત્રણ ભેદથી રહિત, બે ભેદથી રહિત અને લક્ષણ અને લક્ષના ભેદથી રહિત (છો). આહાહા..! સમજાય છે કાંઈ? આ ચીજ છે. આ ચીજ સમજ્યા વિના અને અંતર દૃષ્ટિ કર્યા વિના કદી સમ્યગ્દર્શનનો પ્રથમ ધર્મ થતો નથી. સમ્યગ્દર્શનનો ધર્મ થતો નથી ત્યાં વળી ચારિત્ર અને તપ આવ્યા ક્યાંથી? સમજાય છે કાંઈ?

અહીં કહે છે આચાર્ય, જે કહે છે એ આચાર્યે ગાથાના ભાવ કળશમાં ભર્યા હતા, ગાથાના માખણનો ભાવ, એનો અહીંયા એક એક પદમાં સ્પષ્ટ કરીને ખોલી નાખ્યા. ભગવાન! એકવાર સાંભળ તો ખરો. અનંત દ્રવ્ય છે, અનંત પદાર્થ છે. એનું તારે શું કામ છે? હવે તારામાં પર્યાય અને દ્રવ્યમાં શું થાય છે, ત્યાં વાત લઈ આવ્યા છે. બહારનું તો છોડી દીધું. બહારનું લક્ષ પણ નથી. એ તો તારી એક પર્યાયમાં છ દ્રવ્ય જાણવાની તાકાત છે. એવી પર્યાય છે. એ પર્યાય તારી તારામાં છે. પણ એ પર્યાય અને એને ધરનારો ગુણ અને એને ધરનારું દ્રવ્ય એવી વસ્તુ છે ખરી અંદર. પણ ત્રણનું લક્ષ કરવાથી પણ સમ્યગ્દર્શન થતું નથી. આત્મા કેવો છે, એનો અનુભવ ત્રણ ભેદના આશ્રયે થતો નથી. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા અંતર્મુખની દૃષ્ટિ કરવાથી એકરૂપ ચૈતન્યનો અનુભવ કરવાથી, ભેદનું લક્ષ છોડી અભેદ ઉપર દૃષ્ટિ કરવાથી અનુભવ થાય છે. એ પ્રત્યક્ષ જ્ઞાનગમ્ય છે. એ અનુમાન પણ નથી. એમ. સમજાય છે કાંઈ? આહા..! હવે બેનો ભાવાર્થ કરે છે. **'ભાવાર્થ આમ છે કે ભેદબુદ્ધિ કરતાં જીવવસ્તુ ચેતનાલક્ષણથી જીવને જાણે છે,...'** એટલો ભેદ છે હજી. ક્યો ભેદ? જ્ઞાન તે આત્મા, જાણે તે લક્ષણ અને એનાથી જણાય તે દ્રવ્ય. જાણનાર લક્ષણ તે આ દ્રવ્ય. એમ લક્ષણના કારણે લક્ષને પકડતાં એ પણ ભેદબુદ્ધિ કરતાં. **'જીવવસ્તુ ચેતનાલક્ષણથી જીવને જાણે છે,...'** જીવને જાણે છે-એનું જ્ઞાન થાય છે. યથાર્થ સમ્યગ્દર્શન નથી.

**'પરંતુ વિચારતાં એટલો વિકલ્પ પણ જૂઠો છે,...'** આહાહા..! સમજાય છે કાંઈ?

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આહાહા..! સર્વજ્ઞ પરમાત્માનો પંથ એ તે કંઈ સાધારણ છે? ત્રિલોકનાથ, જેની પાસે ઈન્દ્રો ત્રણ જ્ઞાન અને ક્ષાયિક સમકિતીઓ સાંભળવા આવે છે. ભગવાન મહાવિદેહ ક્ષેત્રમાં બિરાજે છે. સીમંધર પ્રભુ તીર્થંકર પ્રભુ, તીર્થંકરદેવ ત્રિલોકનાથ તીર્થંકર ભગવાન મહાવિદેહ ક્ષેત્રમાં અત્યારે બિરાજે છે. ચોવીસ તીર્થંકર તો મુક્તિમાં બિરાજ્યા, સિદ્ધ થઈ ગયા. આ સીમંધર ભગવાન આદિ તીર્થંકર મહાવિદેહમાં બિરાજે છે. તેમના મુખમાંથી આવી વાણી નીકળે છે. કહો, સમજાય છે કાંઈ? કુંદકુંદાચાર્ય બે હજાર વર્ષ પહેલા ભરતક્ષેત્રમાં થયા. સંવત ૪૯માં ભગવાન પાસે ગયા હતા. આઠ દિવસ ત્યાં રહ્યા હતા. ત્યાંથી આવીને આ શાસ્ત્ર બનાવ્યા. સર્વજ્ઞ ભગવાન ત્રિલોકનાથ પરમાત્માના માખણનો સાર આવો છે. આહાહા..! સમયસાર. સાક્ષાત્ ભરતક્ષેત્રનો ભગવાન! વાચક ભગવાન અને ભાવ ભગવાન આત્મા. સમજાય છે કાંઈ? આહાહા..! ભાગ્ય વિના આ વાત સાંભળવા મળે નહિ એવી વાત છે. સમજાય છે કાંઈ?

કહે છે, આહા..! કર્તાની ભાઈ! કેટલી સંકલના છે! જુઓ! એમાંથી પાઠમાંથી કાઢી કાઢીને (કહે છે). '**उन्नीयमानं**' ને '**उद्योतमानम्**' ને. અને '**नवतत्त्वछन्नं**' ને. '**नवतत्त्वछन्नं**' ને '**वर्णमालाकलापे**' એમાંથી ગુણ-પર્યાય ને એ બધું કાઢ્યું. આહાહા..! સમજાણું કાંઈ? અનાદિસાંત સંસારનો નાશ થાય અને સાદિઅનંત આનંદની ઉત્પત્તિ થાય એના ઉપાય તો અલૌકિક જ હોય ને. આહાહા..! આખી દુનિયાથી લોકો માને લોકોત્તરની ચીજને કલ્પનાથી એનાથી આ ચીજ જુદી છે. ભાવ અંદર વસ્તુ શું છે? અહો..! ભગવાન આત્મા..

કહે છે કે '**ભેદબુદ્ધિ કરતાં જીવવસ્તુ ચેતનાલક્ષણથી જીવને જાણે છે, વસ્તુ વિચારતાં...**' એ ભેદ કાઢી નાખ્યો. વસ્તુ વિચારતાં એકલી ચીજ ભગવાન પૂર્ણાનંદ લક્ષણ-લક્ષથી આ, એટલું વિચારતાં '**એટલો વિકલ્પ...**' એટલો વિકલ્પ શબ્દ વાપર્યો છે, જોયો? એટલો વિકલ્પ કે આ જ્ઞાન તે આત્મા, એટલો વિકલ્પ નામ રાગ અને ભેદ જૂઠો છે. કહો, જયંતિભાઈ! ક્યાં હતું ક્યાંય આ? ત્રણ દી સુધી સાંભળ્યું. શું પણ ત્યાં સાંભળ્યું? આ તો વસ્તુ સર્વજ્ઞથી સિદ્ધ થયેલી. ઓહોહો..! સર્વજ્ઞના જ્ઞાનમાં સિદ્ધ થયેલી પોતાના જ્ઞાનમાં પણ આવે એવી ચીજ છે. એમ નથી ન સમજાય, એવી ચીજ નથી. પણ ક્યાં કદી પ્રયત્ન કર્યો નથી અને જે રીત છે એ રીત શીખ્યો નહિ. ઊલટી રીતે, જાવું હોય ઉગમણે અને દોડે આથમણે, ઢસા. જાવું હોય ભાવનગર અને જાય ઢસા. ઢસરડા થાય. ભાવનગર તો આમ રહી ગયું.

મુમુક્ષુ :- પહોંચી તો જાય.

ઉત્તર :- પહોંચી જાય ઢસરડામાં. એમ આત્માનો શું માર્ગ છે અને ભગવાન ત્રિલોકનાથ પરમાત્મા સમ્યગ્દર્શન પ્રાપ્ત થવામાં કોનો આશ્રય કહે છે એ સમજ્યા વિના એ માર્ગનો પત્તો લાગતો નથી.

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જુઓ! છેલ્લો શબ્દ '**શુદ્ધ વસ્તુમાત્ર છે.**' ભગવાન તો. જુઓ! અભેદ એકલો. લક્ષણથી લક્ષ એ પણ નહિ. એક શુદ્ધ પરમાત્મસ્વરૂપ પોતાનું નિજ. '**આવો અનુભવ સમ્યક્ત્વ છે.**' લ્યો. સમજાય છે કાંઈ? પહેલા આ લખ્યું હતું ને? '**આવો અનુભવ સમ્યક્ત્વ છે.**' માથે લીધું હતું, '**શુદ્ધ સ્વરૂપનો અનુભવ સમ્યક્ત્વ છે.**' દસમે પાને ત્રીજી લીટીમાં આવ્યું હતું. સમજાણું કાંઈ? ત્રણ વાર આવ્યું. ઓલી કોર શરૂઆતમાં આવ્યું. પહેલું સામાન્ય કહ્યું હતું ને? સમજાણું? '**સર્વથા અનુભવરૂપ હો**' ત્યાંથી કીધું હતું. શું કહ્યું સમજાણું?

સત્તા, હોવાપણું. આત્મા હોવાપણે કેવો છે? પરનું હોવાપણું પરમાં છે. પર આત્મા, પર શરીર, કર્મ બધા એ પરનું હોવાપણું પરમાં છે. તારા હોવાપણામાં કેવા હોવાપણાના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે અને કેવા હોવાપણામાં ભેદ હોવા છતાં હોવાપણું તો છે, આત્મામાં અનંત ગુણ છે, દ્રવ્ય છે, દ્રવ્ય નામ વસ્તુ, ગુણ નામ અનંત ભેદ-ગુણ, પર્યાય હોવાપણે તો છે, હોવાપણે તો છે, સત્તા છે, અસ્તિત્વ છે, મોજૂદગી છે. છતાં આમ હોવા છતાં અંતર્મુખ એકાગ્ર દૃષ્ટિ એક ઉપર કરવાથી જ સમ્યગ્દર્શન થાય છે. એમ નવ તત્ત્વના વિકલ્પનું હોવાપણું છે. બિલકુલ ભ્રમ છે એમ નથી. સમજાય છે કાંઈ? દયા, દાન, પુણ્ય-પાપ, કામના એવા વિકલ્પ રાગ આત્માની પર્યાયમાં છે. છે. અસ્તિ છે, સત્તા છે, હોવાપણું છે. પણ એનાથી સમ્યગ્દર્શન થતું નથી. સમજાય છે કાંઈ?

એમ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યનું હોવાપણું તો છે, સત્ત્વ છે. ઓહોહો..! ક્યાં..? ઉમાસ્વામીએ કહ્યું, ઉત્પાદવ્યયધ્રૌવ્યયુક્તં સત્. અહીં કહે છે કે એ ત્રણ ભેદ સમ્યગ્દર્શનના આશ્રયનું કારણ નથી. એ તો જાણવાની વસ્તુ થઈ. સમજાય છે કાંઈ? '**આવો અનુભવ સમ્યક્ત્વ છે.**' ૮મા કળશનો આ અર્થ થયો. એ... દેવાનુપ્રિયા! અમારે શાસ્ત્રીજીને ૧૦મું પાનું સાંભળવું હતું, ૮મો શ્લોક. ઓહો..! હવે ઈથી આઘું નય, નિક્ષેપ, પ્રમાણ નાખે છે. નવ તત્ત્વ નાખ્યા, ગુણ-પર્યાય નાખ્યા, ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય નાખ્યા અને લક્ષ-લક્ષણ નાખ્યું. હવે આત્માને જાણવાના, સમજવાના જે ઉપાય છે (ઈ કહે છે). આત્મા જેવો ભગવાને કહ્યો એવો જાણવાનો ઉપાય જે નય, નિક્ષેપ, પ્રમાણ એ પણ જાણવાના કાળની અપેક્ષાથી છે, અનુભવકાળમાં એ વસ્તુ નથી. આહાહા..! સમજાણું કાંઈ? એ યુક્તિને સમજવા માટે જોઈએ. કારણ કે બીજા અજ્ઞાની આત્માને કેવો કહે છે અને ભગવાન કેવો કહે છે, તેને સમજવા માટે (કહ્યું છે).

જેમ માલ લેવા જાય, બરફી કે કોઈ ચીજ, તો પૂછે કે નહિ? એક શેરનો શું ભાવ છે? પછી તોલો. ત્રાજવાએ નક્કી કરે કે નહિ? ત્રાજવું કહે છે? ત્રાજવાનો ધડો કરે. અને તોલો. તોલો પણ નક્કી કરે. કે જોયા વિના બરફી લઈ લ્યે છે કંદોઈની દુકાનેથી? શું ભાવ છે ભાઈ? સવા પાંચ અને એક શેર. સાલમપાક છે. સવા પાંચનો એક શેર. બહુ સારુ, ભાઈ! તોલો. તમારું ત્રાજવું કેવું છે? ધડો કેમ છે? આ બાજુ... સમજાણું? જેની કોર

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



બરફી નાખે ત્યાં નીચે કોઈ લાખ કે મીણ ચોંટાડી દીધું હોય પા શેર, તો એક એક તોલે ઓછું આવે. કરી દ્યો ભાઈ તોલો. પછી તોલ. પાંચ શેરી, બશેરી, છાપવાળી છે કે નહિ? પછી તોળે ને? કે ખાતી વખતે યાદ કરે છે? શું ભાવે લીધું? કેવા તોલે લીધું? કેવો કાંટો હતો? અને તોલો કેવો હતો?

એમ આ ભગવાન આત્મા, આ આત્મા જેને કહે છે, એનો જેને અનુભવ કરવો હોય અને આત્માની પ્રાપ્તિ-માલ લેવો હોય તો ભગવાને કહ્યા એવા નય, નિક્ષેપ, પ્રમાણથી એને નક્કી કરવું જોઈએ. પણ નક્કી કરતી વખતે આત્માનો અનુભવ નથી થતો. સમજાય છે કાંઈ? તેને જાણીને પછી એકાકાર ભગવાન આત્મામાં અંતર અનુભવ કરવાથી આનંદનો અનુભવ થાય છે. એ વખતે પછી આ ભાવે લીધું ને આમ તોળ્યું ને પાંચ શેર લીધું એવા વિકલ્પ ખાવાવાળાને નથી. એમ અનુભવના કાળે નય, નિક્ષેપ, પ્રમાણ કંઈ નથી. એમ વાત સિદ્ધ કરવી છે. નવમો.

---

(માલિની)

उदयति न नयश्रीरस्तमेति प्रमाणं
क्वचिदपि च न विद्मो याति निक्षेपचक्रम्।
किमपरमभिदध्मो धाम्नि सर्वंकषेऽस्मिन्
अनुभवमुपयाते भाति न द्वैतमेव।।९।।

ખંડાન્વય સહિત અર્થ :—''अस्मिन् धाम्नि अनुभवमुपयाते द्वैतमेव न भाति'' (अस्मिन्) આ—સ્વયંસિદ્ધ (धाम्नि) ચેતનાત્મક જીવવસ્તુનો (अनुभवम्) પ્રત્યક્ષપણે આસ્વાદ (उपयाते) આવતાં (द्वैतम् एव) સૂક્ષ્મ-સ્થૂળ અન્તર્જલ્પ અને બહિર્જલ્પરૂપ બધા વિકલ્પો (न भाति) નથી શોભતા. ભાવાર્થ આમ છે—અનુભવ પ્રત્યક્ષ જ્ઞાન છે, પ્રત્યક્ષ જ્ઞાન છે એટલે વેદ્યવેદકભાવપણે આસ્વાદરૂપ છે; તે અનુભવ પરસહાયથી નિરપેક્ષપણે છે. આવો અનુભવ જોકે જ્ઞાનવિશેષ છે તોપણ સમ્યક્ત્વની સાથે અવિનાભૂત છે, કેમ કે તે સમ્યગ્દ્રષ્ટિને હોય છે, મિથ્યાદષ્ટિને નથી હોતો એવો નિશ્ચય છે. આવો અનુભવ થતાં જીવવસ્તુ પોતાના શુદ્ધ સ્વરૂપને પ્રત્યક્ષપણે આસ્વાદે છે. તેથી જેટલા કાળ સુધી અનુભવ છે તેટલા કાળ સુધી વચનવ્યવહાર સહજ જ અટકી જાય છે, કેમ કે વચનવ્યવહાર તો પરોક્ષપણે કથક છે. આ જીવ તો પ્રત્યક્ષપણે અનુભવશીલ છે, તેથી (અનુભવકાળમાં) વચનવ્યવહાર પર્યંત કાંઈ રહ્યું નહિ. કેવી છે જીવવસ્તુ? ''सर्वंकषे'' (सर्वं) બધા પ્રકારના વિકલ્પોની (कषे) ક્ષયકરણશીલ (ક્ષય કરવાના સ્વભાવવાળી) છે. ભાવાર્થ આમ છે—જેમ સૂર્યપ્રકાશ

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અંધકારથી સહજ જ ભિન્ન છે તેમ અનુભવ પણ સમસ્ત વિકલ્પોથી રહિત જ છે. અહીં કોઈ પ્રશ્ન કરશે કે અનુભવ થતાં કોઈ વિકલ્પ રહે છે કે જેમનું નામ વિકલ્પ છે તે બધાય મટે છે? ઉત્તર આમ છે કે બધાય વિકલ્પો મટે છે; તે જ કહે છે-''नयश्रीरपि न उदयति, प्रमाणमपि अस्तमेति, न विद्मः निक्षेपचक्रमपि क्वचित् याति, अपरम् किम् अभिदध्मः'' જે અનુભવ આવતાં પ્રમાણ-નય-નિક્ષેપ પણ જૂઠાં છે, ત્યાં રાગાદિ વિકલ્પોની શી કથા? ભાવાર્થ આમ છે કે રાગાદિ તો જૂઠા જ છે, જીવસ્વરૂપથી બાહ્ય છે. પ્રમાણ-નય-નિક્ષેપરૂપ બુદ્ધિ દ્વારા એક જ જીવદ્રવ્યના દ્રવ્ય-ગુણ-પર્યાયરૂપ અથવા ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપ ભેદ કરવામાં આવે છે તે બધા જૂઠા છે; આ બધા જૂઠા થતાં જે કંઈ વસ્તુનો સ્વાદ છે તે અનુભવ છે. (प्रमाण) યુગપદ્ અનેક ધર્મગ્રાહક જ્ઞાન; તે પણ વિકલ્પ છે. (नय) વસ્તુના કોઈ એક ગુણનું ગ્રાહક જ્ઞાન; તે પણ વિકલ્પ છે. (निक्षेप) ઉપચારઘટનારૂપ જ્ઞાન; તે પણ વિકલ્પ છે. ભાવાર્થ આમ છે કે અનાદિ કાળથી જીવ અજ્ઞાની છે, જીવસ્વરૂપને નથી જાણતો. તે જ્યારે જીવસત્ત્વની પ્રતીતિ આવવી ઈચ્છે ત્યારે જેવી રીતે પ્રતીતિ આવે તેવી જ રીતે વસ્તુસ્વરૂપ સાધવામાં આવે છે. તે સાધના ગુણ-ગુણીજ્ઞાન દ્વારા થાય છે, બીજો ઉપાય તો કોઈ નથી. તેથી વસ્તુસ્વરૂપને ગુણ-ગુણીભેદરૂપ વિચારતાં પ્રમાણ-નય-નિક્ષેપરૂપ વિકલ્પો ઊપજે છે. તે વિકલ્પો પ્રથમ અવસ્થામાં ભલા જ છે તોપણ સ્વરૂપમાત્ર અનુભવતાં જૂઠા છે. ૯.

---

## કલશ-૯ ઉપર પ્રવચન

(માલિની)

उदयति न नयश्रीरस्तमेति प्रमाणं
क्वचिदपि च न विद्मो याति निक्षेपचक्रम्।
किमपरमभिदध्मो धाम्नि सर्वंकषेऽस्मिन्
अनुभवमुपयाते भाति न द्वैतमेव।।९।।

ઓહોહો..! માખણના એકલા...

ખંડાન્વય સહિત અર્થ :—'अस्मिन्' ખંડાન્વય એટલે ભિન્ન ભિન્ન શબ્દનો અર્થ કરીને તેને મેળવે છે. 'अस्मिन् धाम्नि अनुभवमुपयाते द्वैतमेव न भाति'. '(अस्मिन्)' 'આ સ્વયંસિદ્ધ...' 'धाम्नि' 'ચેતનાત્મક જીવવસ્તુ...' ધામ ભગવાન આત્મા. ચેતનનું ધામ, આનંદનું ધામ, જ્ઞાયકભાવનું ધામ ભગવાન. આહાહા..! શું છે એની એને ખબર નથી. ભગવાન

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આત્મા કેવો છે? સ્વયંસિદ્ધ. કોઈએ બનાવ્યો નથી. '**अस्मिन्**' છે. કોઈએ કરેલો નથી, એનો કોઈ કર્તા નથી. કોઈ કર્તા-બર્તા નથી. સ્વયંસિદ્ધ. છે કેવી પણ સ્વયંસિદ્ધ? ચેતનાત્મક જીવ. '**धाम्नि**' ચેતનસ્વરૂપ ચૈતન્યસૂર્ય. અંતર નજર નથી, ચૈતન્ય શું છે એની ખબર નથી. ચૈતન્યસૂર્ય આત્મા છે. સમજાય છે કાંઈ? ચેતનાત્મક-ચેતનસ્વરૂપ જીવ એમ લીધું. ચેતનસ્વરૂપ જીવવસ્તુ. જ્ઞાયકભાવ વસ્તુ. ચેતનધામ, ચૈતન્યસૂર્ય વસ્તુ. જુઓ! એ વસ્તુ કહેતાં અહીં વિકાર-બિકારની વાત જ લીધી નથી. શરીર, વાણી આત્મામાં છે જ નહિ. વિકાર પણ નથી. એ તો ચેતન જ્ઞાનપ્રકાશ પુંજ પ્રભુ ભગવાન, એવી જીવવસ્તુ.

'**(अनुभवम्)**' '**પ્રત્યક્ષપણે આસ્વાદ...**' આવો ભગવાન આત્મા, એનો અંતર અનુભવ કરવાના કાળે પ્રત્યક્ષપણે આસ્વાદ અતીન્દ્રિય આનંદનો. અતીન્દ્રિય આનંદ આત્મામાં છે. અંતર આનંદ છે. જેવો સિદ્ધ ભગવાન પરમાત્માને અતીન્દ્રિય આનંદ પ્રગટ થયો. કેવળજ્ઞાની ભગવાન, સિદ્ધ આદિને એવો આનંદ આત્મામાં અંદર ભર્યો છે. પોપટભાઈ! એ આનંદનો પ્રત્યક્ષપણે આસ્વાદ. આહાહા..! ભગવાન ચેતનાત્મક ચૈતન્યસ્વરૂપ આત્મા, એની અંતર દૃષ્ટિ કરવાથી, બહારનું લક્ષ અને ભેદની દૃષ્ટિ છોડવાથી અંતર ચૈતન્યધામ ભગવાનમાં અંતર દૃષ્ટિ કરવાથી પ્રત્યક્ષ નામ મન અને રાગના આધાર વિના, મન અને વિકલ્પની મદદ વિના જ્ઞાનથી પ્રત્યક્ષ આત્મા જોવામાં આવે છે, એમાં આનંદ પણ પ્રત્યક્ષ નામ સ્વયં આત્મા વેદે છે. આવો '**પ્રત્યક્ષપણે આસ્વાદ...**' '**उपयाते**' '**આવતાં...**' એ આનંદનો પ્રત્યક્ષ અનુભવ થવાથી દ્વૈતભાવ શોભતા નથી. એમ લીધું. '**न भाति**' અર્થાત્ થતાં નથી. એની શોભા ત્યાં નથી. શું કહે છે?

ભગવાન આત્મા.. પહેલા નવના ભેદ કાઢી નાખ્યા. હવે અહીંયા તો નય, નિક્ષેપ, પ્રમાણથી જાણ્યું તો એવી ચીજમાં વસ્તુ સ્વરૂપ ભગવાન આનંદધામ અંતર દૃષ્ટિ કરવાથી અનુભવમાં અતીન્દ્રિય આનંદનું વેદન, અનુભવમાં સ્વાદ આવવો. સ્વાદ તો ભઈ આ દૂધપાક અને ખીરનો સ્વાદ કહે છે. ધૂળના સ્વાદ કહે છે કે નહિ? આ ગુલાબજાંબુ ને... ધૂળમાંય નથી. પરનો સ્વાદ કોણ લ્યે છે? તે સમયે અજ્ઞાની પરને જોઈને રાજી થઈ જાય છે કે ઓહો..! ઠીક છે. એવા રાગનો સ્વાદ લ્યે છે. અજ્ઞાની અનાદિ કાળનો પરવસ્તુ જોઈને પ્રીતિ ઉઠાવીને રાગનો સ્વાદ લ્યે છે. પ્રતિકૂળ જોઈને દ્વેષ કરીને દ્વેષનો સ્વાદ લ્યે છે. એનું નામ આકુળતાના વેદનનો સ્વાદ છે. અહીંયા અનાકુળ આનંદ છે. આત્મામાં આનંદ (ભર્યો છે). સમજાય છે કાંઈ?

દૂધપાક હોય ને? તમારે હિન્દીમાં દૂધપાક ખીરને પણ કહે છે. ખીર કહે છે. આપણે તો અહીં ખીર એને કહે છે કે એક શેર દૂધમાં પા શેર ચોખા નવટાંક નાખે એને ખીર કહે. પણ એક શેર દૂધમાં એક રૂપિયાભાર ચોખા નાખે એને દૂધપાક કહે. આપણે કાઠિયાવાડમાં બેમાં ફેર છે ને. ત્યાં ફેર છે. એક ને એકને ખીર કહે. અમારે ખીર અને દૂધપાક બે જુદી

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


વસ્તુ છે. એક શેર હોય ને, એક શેર દૂધમાં રૂપિયાભાર ચોખા નાખે. બસ. એને કઢે તો દૂધપાક કહે છે. અને ખીરમાં તો ચોખા વધારે નાખે. અહીં તો દૂધપાક ખાતા ખાતા જે કડાયો હોય ને? એમાં ચોંટી જાય. તો હથિયાર દ્વારા એને કાઢીને સ્વાદ લ્યે છે, સ્વાદ. એ ધૂળનો સ્વાદ નથી. એ તો માટી છે. એનું લક્ષ કરીને રાગ થાય છે કે આહાહા..! કેવો સ્વાદ છે! તો એ રાગનો સ્વાદ લ્યે છે.

એમ આત્મામાં કડાયામાં આનંદ પડ્યો છે. ભગવાન જાણે ક્યાં હશે? કડાયું સમજો છો? વાસણ નહિ? કડાઈ કહે છે? બનાવે એ વાસણ-બર્તન. એમ આત્મામાં અંદર આનંદ પડ્યો છે. એ નવ તત્ત્વના ભેદ અને નય, નિક્ષેપ, પ્રમાણના વિકલ્પનું જ્ઞાન એનું લક્ષ છોડીને એકલો આત્મા શુદ્ધ સ્વરૂપ છે એના અનુભવમાં આત્મામાં જે અતીન્દ્રિય આનંદ પડ્યો છે ધ્રુવ શક્તિરૂપે એનો પ્રગટમાં આનંદનો સ્વાદ આવવો, એનું નામ આત્માની પ્રાપ્તિ કહે છે. સમજાય છે કાંઈ?

કહે છે કે **'પ્રત્યક્ષપણે આસ્વાદ આવતાં...'** અંતર અનુભવ કરવાથી. આ એની વિધિ. પરથી ખસી, પુણ્ય-પાપના વિકલ્પથી ખસી ગુણ-પર્યાય અને નવ તત્ત્વના વિકલ્પથી ખસીને, એકલો ચિદાનંદ.. લક્ષણ-લક્ષના ભેદથી પણ ખસીને, એકલો ભગવાન આત્મા, જેનો નય, નિક્ષેપ, પ્રમાણથી પણ વિચાર કર્યો હતો એનાથી પણ ખસીને.

મુમુક્ષુ :- .. આપ મિષ્ટાન્ન જમાડી રહ્યા છો.

ઉત્તર :- મિષ્ટાન્નમાં શું ધૂળમાં છે. આ વસ્તુ મિષ્ટાન્ન છે. સમજાય છે કાંઈ? કાલે છે ને તમારે મિષ્ટાન્ન-લાડવા. આ તો આત્માના લાડવા છે. સમજાય છે કાંઈ? એ લાડવા તો આઠ કલાકે વિષ્ટા થઈ જાય છે. એવું શરીર છે આ. કોઈ ઠેકાણે એકલો લાડવો મૂકો તો આઠ કલાકે વિષ્ટા થાય એવી કોઈની તાકાત નથી. આ શરીરમાં તાકાત છે કે આઠ કલાકે લાડવાની વિષ્ટા થાય. એવો સંચો છે આ શરીર. આહા..! ભગવાન આત્માનો સંચો એવો છે, અનંત ગુણનો પિંડ કે એના અનંત ગુણના એકરૂપમાં દૃષ્ટિ દેવાથી અંતરમાં આનંદનો સ્વાદ આવે એવો ઈ સંચો છે. એમાંથી આનંદ નીકળે. સમજાય છે કાંઈ? આહાહા..!

કહે છે કે **'પ્રત્યક્ષપણે આસ્વાદ આવતાં...'** **'द्वैतम् एव'** **'સૂક્ષ્મ-સ્થૂળ અન્તર્જલ્પ અને બહિર્જલ્પરૂપ બધા વિકલ્પો...'** જુઓ! સૂક્ષ્મપણે કે હું ગુણી છું અને આ ગુણ છે, એવો પણ વિકલ્પ-રાગ નહિ. સ્થૂળ બોલવું કે જરી અંદર .. અંતર્જલ્પમાં. અને અંતર્જલ્પ. અંતરમાં જરી વિકલ્પ ઉઠવો. બહિર્જલ્પ વાણી. **'બધા વિકલ્પો નથી શોભતા.'** અંતરના અનુભવમાં સમ્યક્ ચૈતન્યની દૃષ્ટિમાં એ કોઈ ભેદ અને વિકલ્પ એમાં રહેતા નથી. શોભતાનો અર્થ ત્યાં શોભા પામતા નથી. અંતર અનુભવમાં શોભા આનંદની છે. એમાં રાગની શોભા નથી. એટલે રાગ ત્યાં રહેતો નથી. એની અધિકતા નથી રહેતી. નથી શોભતા. મહાન પુરુષ પાસે ભિખારી બેઠો હોય એ શોભે? પોપટભાઈ! **'न भाति'**. દેખાતો નથી. પણ શોભતો

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જ નથી, કહે છે.

ભગવાન આત્મા એક સેકંડના અસંખ્યભાગમાં અનંત અનંત ગુણ-પર્યાયથી એકરૂપ હોવા છતાં અંતર્મુખની દષ્ટિ, એકલો ચેતન.. ચેતન.. ચેતનધામ ઉપર દષ્ટિ દેવાથી અતીન્દ્રિય આનંદનું થવું, તેને પ્રાપ્ત કરવું તેમાં રાગાદિના વિકલ્પ શોભતા નથી. સમજાય છે કાંઈ? એની કંઈ કિંમત નથી રહેતી.

**'ભાવાર્થ આમ છે—અનુભવ પ્રત્યક્ષ જ્ઞાન છે,...'** ભારે પણ. આત્માના સમ્યગ્દર્શનની ઉત્પત્તિના કાળે અને જ્યારે જ્યારે અનુભવ થાય છે ત્યારે એ અનુભવ પ્રત્યક્ષ જ્ઞાન છે. પ્રત્યક્ષ નામ કોઈ વિકલ્પ કે મનની મદદ નથી. રાગ-મંદ કષાયની મદદ નથી, એ તો વિકાર છે. એકલું જ્ઞાન જ્ઞાનથી વેદનમાં આવે, એવું અનુભવ પ્રત્યક્ષ જ્ઞાન છે. એ અનુભવ મોક્ષનો માર્ગ છે.

અનુભવ રત્ન ચિંતામણિ, અનુભવ હૈ રસકૂપ
અનુભવ માર્ગ મોક્ષનો, અનુભવ મોક્ષ સ્વરૂપ.

બાકી બધી વાતું. સમજાય છે કાંઈ? આવા આત્માનો આનંદનો અનુભવ થવો અને એમાં દષ્ટિ-પ્રતીત થવી, એની સ્થિરતા થવી, એ એક જ માર્ગ અનુભવ મોક્ષ નામ પરમાત્મા થવાનો છે. સમજાય છે કાંઈ? બાકી બધી ક્રિયાકાંડમાં રાગાદિ મંદ થાય તો પુણ્યબંધ થાય, સ્વર્ગાદિ મળે અને ચાર ગતિમાં રખડે. એને જન્મ-મરણનો અંત આવતો નથી. સમજાય છે કાંઈ? **'અનુભવ પ્રત્યક્ષ જ્ઞાન છે, પ્રત્યક્ષ જ્ઞાન છે એટલે વેદ્યવેદકભાવપણે આસ્વાદરૂપ છે;...'** ભાષા જુઓ! સમજાય છે? વેદ્યવેદક. વેદન કરનાર પણ પોતે અને વેદાવાયોગ્ય પણ પોતે. પોતે એટલે નિજ. વેદનારો અને વેદન થવા લાયક એ પોતે પોતાનું સ્વરૂપ. સમજાય છે કાંઈ? વેદ્યવેદકભાવપણે આસ્વાદ આનંદરૂપ છે.

**'તે અનુભવ પરસહાયથી નિરપેક્ષપણે છે.'** સમ્યગ્દર્શનના અનુભવમાં, સ્થિરતા-ચારિત્રના અનુભવમાં એ રાગ ને વિકલ્પ ને વ્યવહારની અપેક્ષા વિનાનો અનુભવ પરની સહાયથી નિરપેક્ષ છે. સમજાય છે કાંઈ? આ એનું નામ સમ્યક્જ્ઞાન અને એની સાથે પ્રતીતિને સમ્યગ્દર્શન કહે છે. એ વાતનો વિશેષ ખુલાસો કરશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## વીર સંવત–૨૪૯૧, ફાગણ વદ ૧, ગુરુવાર,
## તા. ૧૮–૩–૧૯૬૫, કલશ–૯
## પ્રવચન નં. ૧૨

૯મો કળશ ચાલે છે. એમાં કળશટીકા. પહેલેથી. '**अस्मिन् धाम्नि अनुभवमुपयाते द्वैतमेव न भाति**' શું કહે છે? આ આત્મા સ્વયંસિદ્ધ વસ્તુ છે. સ્વયંસિદ્ધ અનાદિ અણકરેલી. બીજાએ બનાવેલી નથી. વસ્તુ સ્વભાવ અનાદિઅનંત એનું સત્‌પણું છે. સ્વરૂપ કેવું છે એનું? કે '**ચેતનાત્મક** જીવ...' '**धाम्नि**' એ ચૈતન્ય જ્ઞાનસ્વભાવ આત્મા છે. ચેતનાત્મક એટલે જ્ઞાનસ્વભાવ સર્વસ્વ એ જ્ઞાન જ આત્મા છે. એવી વસ્તુનો અનુભવ પ્રત્યક્ષરૂપ આસ્વાદ. એવી ચીજનો અંતર્મુખ. પુણ્ય-પાપના ભાવ વિકલ્પો રાગ અને ગુણ-ગુણીનો ભેદ કે આ ચેતનવસ્તુ તે ચેતનાવાળી છે એવો પણ જેમાં ભેદ ભૂલીને એટલે એ વિકલ્પને છોડીને એકલો આત્મા જ્ઞાનગમ્ય-અનુભવગમ્ય થાય ત્યારે તેને પ્રત્યક્ષરૂપ આસ્વાદ, અતીન્દ્રિય આનંદનો સ્વાદ તેને અંતરમાં આવે.

એવા કાળમાં આવતાં '**द्वैतमेव न भाति**' શું કહે છે? બેપણું ન ભાસે. એકલો જ્ઞાન ચૈતન્યમૂર્તિ નવ તત્ત્વના વિકલ્પથી પણ ભિન્ન. દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદથી પણ લક્ષમાં ન આવે એવો. અને ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યના ભેદથી પણ ભિન્ન એકરૂપ. લક્ષણથી પણ લક્ષના ભેદના વિચારથી પણ ભિન્ન. એવો આત્મા અંતર્મુખની દૃષ્ટિમાં જતાં એ પ્રત્યક્ષ નામ આત્મામાં જે આનંદ છે એ આનંદનો આસ્વાદ-વેદન રાગ ને વિકલ્પ ને મનના સંબંધ વિના આવે ત્યારે એને આત્મા ભાસ્યો અને આત્મા જાણ્યો અને ત્યારે એને આત્માનો અનુભવ થયો એમ કહેવામાં આવે છે. કહો, પોપટભાઈ!

'**द्वैतमेव न भाति**' એ તો પછી અર્થ કર્યો. દ્વૈત એટલે '**સૂક્ષ્મ-સ્થૂળ અન્તર્જલ્પ અને બહિર્જલ્પરૂપ બધા વિકલ્પો નથી શોભતા.**' ઝીણી વાત છે જરી. લોકો ટીકા કરે છે. આજે આવી છે ટીકા. આત્મધર્મમાં કહ્યું છે કે ચોથે ગુણસ્થાને સમ્યગ્દર્શન નિર્વિકલ્પ થાય. એય..! દેવાનુપ્રિયા! એ જૂઠી વાત છે. એ ભ્રમમાં પડ્યા છે. કેમ? કે એ ત્યાં ઠરાવવું છે અને પાછું ગુરુ મનાવવું છે. નિર્વિકલ્પ દર્શન તો સાતમે થાય. એને ઠેકાણે નીચે મનાવવું છે વસ્ત્ર સહિત માટે એમ કહે છે. ભગવાન! તું પણ જબરોને. આવા તર્ક કરતા પણ આવડે. આવા તર્ક કરતા આવડે એ પણ એક ઊંધાઈની હુશિયારીનું કામ છે કે નહિ? શેઠી!

ભાઈ! આ ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્યભાગમાં જે પૂર્ણાનંદ ચૈતન્ય આનંદરૂપ (છે), એ અનાદિથી રાગ અને પુણ્ય-પાપના રાગ સાથે ત્રિકાળ સ્વભાવની એકત્વબુદ્ધિથી ચાલ્યો આવ્યો સંસાર છે. એ સંસારની એકતા એ આમ પરસ્વભાવથી (ભિન્ન) આત્માને

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


સ્વભાવ આનંદથી એકતા અને વિકલ્પ અને ભેદથી પૃથક્તા. એમ ભાન થયા વિના અને એ ભાન થાય ત્યારે અતીન્દ્રિય આનંદ આવ્યા વિના રહે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? આ જુઓ તમારા એ બાજુના પક્ષવાળા બહુ આમ કહે છે આ. દેવાનુપ્રિયા! એ તો દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા આગમ પ્રમાણે માનો એ બસ સમકિત. આ વાત કરે છે એ ભ્રમ છે.

અહીં કહે છે, '**द्वैतमेव न भाति**' વસ્તુને પહેલી ઓળખી દ્રવ્ય, ગુણ અને પર્યાય. દ્રવ્ય એટલે વસ્તુ, ગુણ એટલે અનંતા શક્તિઓના સ્વભાવ અને એની વર્તમાન અવસ્થા વિકારી કે અસ્તિત્વ આદિની અવિકારી. એ બધાનું જ્ઞાન કરી અસ્તિત્વ છે, પરથી ભિન્ન. પછી અંતર્મુખમાં એકલો ચૈતન્ય સ્વભાવની એકતામાં જતાં એને રાગ ને વિકલ્પો જે શુભાશુભ છે એ દૃષ્ટિમાં, ધ્યેયમાં, લક્ષમાં રહેતા નથી. એકલું ચૈતન્યતત્ત્વ જ જ્યાં ધ્યેયમાં ઘોળાય એક દૃષ્ટિમાં ત્યારે નિર્વિકલ્પ થયા વિના એ દૃષ્ટિ પ્રગટ થાય નહિ. સમજાણું કાંઈ? એ આસ્વાદ નથી શોભતા. એમાં આનંદની દૃષ્ટિના અનુભવકાળમાં બેપણું હોતું નથી એટલે કે બેપણું શોભતું નથી એમ લીધું છે. સમજાણું કાંઈ?

એકલો આનંદગોળો ચૈતન્યમૂર્તિ સ્વભાવ એ દુઃખરૂપની વિકલ્પજાળમાં અનાદિથી વેદનમાં પડ્યો એ સંસાર અને ભ્રમ અને અજ્ઞાન છે. સમજાય છે કાંઈ? એનાથી ભેદ ને વિકલ્પથી વર્તમાન અંશના આશ્રયથી ખસી, એકરૂપ ચિદાનંદ ચૈતન્ય સ્વરૂપ આનંદમૂર્તિ છું એવો વિકલ્પ નહિ પણ એનું ભાન એમાં એકાકાર થતાં '**પ્રત્યક્ષપણે આસ્વાદ આવતાં સૂક્ષ્મ-સ્થૂળ...**' એ વિકલ્પો હોતા નથી. હોતા નથી એનો અર્થ કે શોભતા નથી. એટલે કે તેમાં તેનું શરણ અને આશ્રય રહેતો નથી.

મુમુક્ષુ :- વિકલ્પની જાળ...

ઉત્તર :- સ્થૂળ-વચનથી બોલવું આદિ અને સૂક્ષ્મ-અંદર ગુણ-ગુણીના ભેદનો વિકલ્પ વિચાર થવો એ. અંતર સૂક્ષ્મ (જલ્પ) એટલે આ આત્મા શુદ્ધ ચૈતન્ય છે એવો પણ એક વિકલ્પ, રાગની વાસના એ સૂક્ષ્મ. અને સ્થૂળપણે આત્માને કર્મવાળો છે ને રાગવાળો છે ને આવો છે ને અભેદ છે ને ભેદથી પ્રાપ્ત થાય નહિ એવા બાહ્યલક્ષી સ્થૂળ વિકલ્પ ઉઠે એ પણ અંતર્મુખ દૃષ્ટિના આનંદના અનુભવના કાળમાં એ બેય વાત શોભતી નથી એટલે હોતી નથી. એમ એવો અર્થ લીધો છે. આહાહા..!

'**ભાવાર્થ આમ છે-અનુભવ પ્રત્યક્ષ જ્ઞાન છે,...**' શું કહે છે? ભાઈ! તારી ચીજ એવી છે કે એ સ્વયંસિદ્ધ સ્વસંવેદનથી જ જણાય એવી છે. એમાં એ શુભ અને અશુભના રાગ હોય એનો આશ્રય એમાં રહે નહિ. એ તો વિકાર છે, પરાધીન વસ્તુ છે. સ્વાધીન વસ્તુના અંતર સ્વતઃ સ્વભાવના સ્પર્શમાં જાય ત્યારે તે અનુભવ પ્રત્યક્ષ નામ પુણ્ય-પાપના વિકલ્પના અવલંબન વિનાનો એ અનુભવ છે. સમજાણું કાંઈ? આ રીત છે એવી સમજમાં પણ ન લે તો એનો અંતર્મુખ કરવાનો એનો પ્રયત્ન અને પ્રયોગ પણ ચાલી શકે નહિ.

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મુમુક્ષુ :- સ્વસંવેદનથી જણાય છે.

ઉત્તર :- એ જણાય છે. આ આત્મા આનંદનું વેદન તે આત્મા એમ જણાય છે એમ. ભેદ પણ ક્યાં છે? આ વેદન થયું એ પછી ખ્યાલ આવે. આ વેદન થયું એ આ આત્મા એમ. સમજાણું કાંઈ? આહાહા..! આને શું કહેશે આ કહે છે એને? આહાહા..! આ બહાર આવશે હળવે હળવે વાંચશે લોકો.

ભાઈ! પણ તું વસ્તુ છો ને વસ્તુ. એક સમયમાં અનંત અનંત બેહદ આનંદની એ ગાંગડી છે આત્મા. અતીન્દ્રિય આનંદનો રસકંદ વસ્તુ છે. એની દશામાં વિકાર, પુણ્ય-પાપ, કામ-ક્રોધ ભલે હોય એ તો વિકાર છે. એ ક્ષણિક છે અને ગુણ-ગુણીના ભેદો કે નવ તત્ત્વના વિકલ્પો એ ભેદરૂપ વાસના વૃત્તિ રાગની છે. એ કાંઈ નિજ સ્વરૂપ નથી. આહાહા..! જેને ધર્મ દૃષ્ટિ પ્રગટ કરવી છે એણે ધર્મ અનંત સ્વભાવવાન ભગવાન, એના ઉપર દૃષ્ટિ દીધે એના પ્રત્યક્ષ આનંદના સ્વાદના ભાનમાં પ્રતીતિ થવી એને સમ્યગ્દર્શન કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'અનુભવ પ્રત્યક્ષ જ્ઞાન છે,...'** હવે અહીં તો જ્ઞાનની સાથે સમકિતને મેળવવું છે. એ આત્મા પોતાના શુદ્ધ ચૈતન્યમૂર્તિના બેહદ સ્વભાવના અચિંત્ય માહાત્મ્યમાં અંદરમાં ગયો એટલે અનંત અનંત આનંદના ધામમાંથી થોડો આનંદ એની દશામાં શાંતિનું આનંદ વેદનમાં આવ્યું. એ આવતા વિકલ્પનું ભાન કે લક્ષ રહેતું નથી. એવું જ્ઞાન આત્મામાં થાય તેને અનુભવજ્ઞાન, પ્રત્યક્ષજ્ઞાન કહે છે. ત્યારથી ધર્મની આત્મામાં શરૂઆત થાય છે. આહાહા..! ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ? જેની હજી શ્રદ્ધામાં, જ્ઞાનમાં, વીર્યના પુરુષાર્થમાં પણ આ વાત ન રુચે એને એ વસ્તુ કેમ પ્રાપ્ત થાય? આમ તો લોકને નામે-બહાને અનંતવાર અમે ધર્મ કરીએ છીએ. આ સામાયિક કર્યા, પોષા કર્યા, ધૂળેય નથી સાંભળને હવે. પોપટભાઈ! કર્યા તો હશે કે નહિ?

મુમુક્ષુ :- બધા ઉપર મીંડુ વળી ગયું.

ઉત્તર :- હતું કે દી તે મીંડુ વળે? મીંડા જ હતા એ. રાગની કોઈ મંદતા થઈ હોય, પુણ્ય બાંધ્યું હોય અને અભિમાન કર્યા કે અમે ધર્મ કર્યો. બાપુ! ધર્મની દશા, ધર્મનું રૂપ અને ધર્મનું ફળ કોઈ અલૌકિક છે. સમજાય છે કાંઈ?

સર્વજ્ઞ ભગવાન ત્રિલોકનાથ પરમેશ્વર વીતરાગદેવ, જેને એક સેકન્ડના અસંખ્ય ભાગમાં પૂર્ણ આનંદની પ્રાપ્તિ અને પૂર્ણ જ્ઞાનની પ્રાપ્તિ (થઈ). એવા રાગ વિનાની પૂર્ણ દશા પ્રાપ્ત થઈ. ઇચ્છા વિના વાણી ધ્વનિ નીકળી. એને ઇચ્છા હોતી નથી. એ ધ્વનિને રચના કરી એનું નામ શાસ્ત્ર. એ શાસ્ત્રમાં આ આવ્યું છે કે... સમજાય છે કાંઈ? પરમાગમમાં એ ગણધરોએ રચ્યું અને રુચિને રચ્યું છે કે... સમજાણું કાંઈ? ભાઈ! તારી ચીજ અંદર ગોળો આનંદનો, જ્ઞાનનો ગોળો છૂટો પડ્યો છે. બે વાંધા કર્યા. એક તેજપાળ વાળી કે કર્મબંધ રહિત છે,

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

અબદ્ધસ્પૃષ્ટ છે, અબદ્ધસ્પૃષ્ટ અત્યારે વાતું કરે છે આ. આ પ્રત્યક્ષ બદ્ધસ્પૃષ્ટ છે ને. અરે..! ભગવાન સાંભળને ભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ બધી પણ એ અત્યારે નહિ. એ તો કોણ જાણે ક્યારે થાતું હશે? એ હવે આજ આવશે. હવે આવશે. આના પછી એ આવશે. ૧૧મી. ૧૧મો કળશ. ૧૪મીના ઉપોદ્ઘાત પછી. 'न हि विदधति बद्धस्पृष्ट' અરેરે..! શું પણ?

વીતરાગ માર્ગમાં આખો માર્ગનો પલટો. શું માર્ગ છે અને શું રીત છે એની ખબર ન મળે. આ ગૃહસ્થો રળવામાં પડ્યા. માંડ માંડ કો'ક દી જાય કલાક-બે કલાક જે માથે કીધું એ સાંભળીને ચાલ્યા ગયા. થઈ ગયો ધર્મ, જાવ. જયંતિભાઈ! નથી ખબર કહેનારને, નથી ખબર સાંભળનારને કે ધર્મ તે શું કહેવાય? સમજાણું કાંઈ?

સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરદેવ એના આત્માનું જ્યાં પૂર્ણ દશાનું ભાન પ્રગટ થઈ ગયું. ઈચ્છા વિના ધ્વનિ છૂટ્યો, ભાઈ! તું ભગવાન છો હોં! આહાહા..! અમારી જાતનો જ તું આત્મા છો. અમે પ્રગટરૂપે પર્યાયપણે પામ્યા. તારી પ્રગટ પર્યાય થવાની તાકાત તારા અંતર ધ્રુવ સ્વરૂપમાં છે. એમાં તું નજર નાખ એકવાર. નિધાનમાં નજર કર. તારું નિધાન એમ ને એમ પડ્યું છે, હોં! કોઈએ લૂંટ્યું નથી, ગયું નથી, ખોવાણું નથી. આહાહા..! પણ એને બેસે કેમ? એનો બાપ પાંચ લાખ મૂકી ગયો હોય અને કાંઈક એનો મિત્ર કહે કે આ ઠેકાણે છે તો આમ રાજી રાજી થઈ જાય. એનો વિશ્વાસ એને આવે. આનો નહિ. ત્રણ લોકના નાથ સર્વજ્ઞ પરમાત્મા પોકાર સો ઈન્દ્રોની ઉપસ્થિતિમાં ભગવાન અત્યારે પણ મહાવિદેહ ક્ષેત્રમાં છે અને વાણી નીકળે છે–ધ્વનિ. ભગવાન બિરાજે છે મહાવિદેહ ક્ષેત્રમાં સીમંધર પ્રભુ. અરે..! તારી પૂંજી અંદરમાં નિર્વિકલ્પ ચૈતન્ય પડ્યો છે. એ હજી નિર્વિકલ્પ થાય એ ગોઠતું નથી. આ તે ગજબની છે. કહો, સમજાણું?

અહીં કહે છે કે ભાઈ! પ્રભુ! તું છો, તારી પ્રભુતામાં રાગ ને પુણ્યનો સ્પર્શ નથી. અરે..! આ ગુણી આત્મા અને હું ગુણનો ધરનાર આત્મા, જ્ઞાન આનંદનો, એવા ભેદના વિકલ્પ જે ઉઠે–રાગ એ એના સ્વરૂપમાં નથી. આહાહા..! સમજાણું કાંઈ? એવો આસ્વાદ આવે અનુભવ પ્રત્યક્ષ જ્ઞાન થયું. એ જ્ઞાનના અનુભવમાં મન, વાણી, દેહનો સહારો તો નથી, પણ એ પુણ્ય વિકલ્પ જે છે રાગ આવ્યો કે આ આત્મા એવો વિકલ્પ એનો પણ ત્યાં સહારો–સહાય, મદદ નથી. આહાહા...!

જ્યાં જૈનદર્શનમાં ઈન્દ્રો, ગણધરો, બાદશાહ પાક્યા જ્યાં આત્માના. સિંહ મોટા વાઘ ધર્મ સાંભળવા આવે. મોટા વાઘ હોં કેસરી સિંહ. આમ ભગવાનની વાણી (છૂટે છે). એને ભગવાન કહે છે, અરે..! આત્મા. તારું નિધાન અખંડાનંદ તું છો. તારી નજર કર તેમાં નિધાન પરમાનંદ તને પ્રગટ થશે. પણ એ પરના લક્ષથી નહિ પ્રગટ થાય.

આ જુઓને સિંહ .. આ છે. સિંહ નથી ઓલામાં? ભગવાનનો આત્મા મહાવીર પ્રભુનો દસમા ભવનો આત્મા. અહીં નથી, ત્યાં છે. ભગવાન મહાવીર પરમાત્મા ચોવીસમા તીર્થંકર થયા. એના દસમા ભવે સિંહનો ભવ હતો. આમ હરણને થાપ મારીને ખાતા હતા હરણ ઉપર. એમાં બે મુનિ ઉતર્યા ઉપરથી. દિગંબર મુનિ સંત એમણે સાંભળેલું. ઓલા પ્રવચન હોલમાં છે. સાંભળેલું. આપણે આવી ગયું છે. નહિ? આત્મધર્મમાં ભાઈએ નાખ્યું છે. હરિભાઈએ નાખ્યું છે. બહુ સારો દેખાવ છે હોં! એ આમાં બહુ સરસ દેખાવ કર્યો છે. સિંહનો ભવ છે. ભગવાન કેવળીએ મહાવિદેહ ક્ષેત્રમાં કોઈ મુનિઓને કહેલું કે આ સિંહનો જીવ છે એ તીર્થંકર થવાનો છે. ચોવીસમાં. એટલે એ મુનિઓ ઉપરથી આમ નીચે ઉતર્યા. સિંહ છાપો મારતો હતો હરણને. આ શું? મારી આગળ નીચે ઉતરેલા આઘા ખસે એ આ ઉપર જાતા હેઠે ઉતર્યા! આમ સિંહને વિચાર આવે છે. એટલે મુનિ આમ કહે છે. વાત કરે છે. અરે..! આત્મા! અમે સર્વજ્ઞોથી સાંભળ્યું છે. કેવળી પરમાત્માના મુખે સાંભળ્યું છે. તમે દસમા ભવે મહાવીર તીર્થંકર આ ચોવીસીમાં થશો. આમ જ્યાં (સાંભળ્યું, ત્યાં) આંસુની ધારા ચાલી જાય છે સિંહને. આંસુની ધારા. અરે..! મારું નિજપદ ભગવાન આમ મુનિઓ દ્વારા મને કહે છે. આહાહા..! સમજાય છે? તું આ શું કરે છો? હરણને મારવું. તું તો ત્રણ લોકનો નાથ તીર્થંકરદેવ મહાવીર પરમાત્મા આ ચોવીસીના છેલ્લા-ચરમ પ્રભુ. હેં! આમ. અંતરમાં ઉતરતા ભાન થઈ જાય છે. આહાહા..! આ કહીએ છીએ એવું હોં! શરીર સિંહનું છે. આત્મા ક્યાં સિંહ થઈ ગયો છે? આત્મા તો અંદર જે છે એ છે. ભાન ભૂલેલો સિંહ થયો.

ભગવાન આત્મા જેમ માર હરણને પાડતો આમ ચીરતો હતો. આમ આંસુની ધારા. સમાધિમરણ કરે છે. ત્યાં ને ત્યાં આહાર નહિ, પાણી નહિ. બસ! અંતર્મુખમાં. ત્યાં કહે છે કે ભાઈ! પશુના ભવમાં પણ આવો અનુભવ થઈ શકે છે. એવા અસંખ્ય સમકિતીઓ સ્વયંભૂ રમણસમુદ્રમાં પડ્યા છે. ભગવાન ત્રિલોકનાથ પરમાત્માના જ્ઞાનમાં આવ્યું છે કે સ્વયંભૂરમણ સમુદ્ર એક અસંખ્યમો છે. આ જંબુદ્વીપ છે ને આ એક લાખનો? ફરતો બે લાખનો લવણ છે, ઘાતકી છે, પુષ્પકર છે. એ અસંખ્યમો એક દ્વીપ સ્વયંભૂરમણ નામનો એક દ્વીપ અને એક સમુદ્ર છે. એ સમુદ્રમાં અસંખ્ય જીવો, પશુઓ, સિંહ, વાઘ, મગરમચ્છ અને મચ્છ આત્માના અનુભવી અસંખ્ય જીવો પશુ ત્યાં પડ્યા છે. આહાહા..! પોપટભાઈ!

એમ ભગવાન સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમાત્માએ શાસ્ત્રમાં ફરમાવ્યું છે. તું કહે કે ભાઈ! આત્મા ન પ્રગટે. એમ હોય? અહીં તો ઓલો કહે છે, ચોથે ને પાંચમે તો નિર્વિકલ્પતા હોય જ નહિ. આહાહા..! અરે..! પણ નિર્વિકલ્પ એટલે વસ્તુ છે તેવી દૃષ્ટિ. નિર્વિકલ્પ એટલે શું? વસ્તુ તદ્દન રાગ વિનાની છે, એવી દૃષ્ટિ થાય ત્યારે તેને એ વસ્તુ પકડાય. એ વિના પકડાય નહિ. આહાહા..! સમજાણું કાંઈ? આમ ચૈતન્ય ધામમાં ધ્યેય ત્રાટક કરે આમ ત્રાટક. સમજાણું? એ ત્રાટક થઈને ધ્યેયમાં આમ ગયું તો વિકલ્પ રહે જ નહિ. ભેદનો ન રહે, નવ તત્ત્વનો

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ન રહે. વસ્તુ ભલે અંદર અબુદ્ધિપૂર્વક વિકલ્પ હો, બુદ્ધિપૂર્વકથી દૃષ્ટિ છૂટી અને અંદરમાં જ્ઞાન અનુભવ પ્રત્યક્ષ થાય છે.

એ '**પ્રત્યક્ષજ્ઞાન છે એટલે વેદ્યવેદકભાવપણે આસ્વાદરૂપ છે;...**' જુઓ! એ વેદનારો પણ હું અને વેદવાલાયક પણ હું. એમ. ઓલો વેદનારો આત્મા અને રાગ-દ્વેષને વેદવું એ તો અનાદિનું ભ્રમમાં મિથ્યાત્વમાં છે. અનુભવ કરનારો આત્મા અને વિકારને વેદે એ તો ભિન્ન વાત થઈ ગઈ. એ તો મિથ્યાદૃષ્ટિમાં એવું હતું. અંતરમાં ગયો ત્યારે અનુભવ કરનારો પણ હું અને આનંદની વેદન દશાને લાયક પણ હું. આહાહા..! સમજાય છે આ? આ પહેલો પ્રયત્ન કરવો જોઈએ, પુરુષાર્થ કરવો જોઈએ, એની સમજ કરવી જોઈએ. એ પહેલું કર્યા વિના કરો બીજું... કરો બીજું.... પણ શું કરીશ? તું ક્યાં જઈશ? સમજાણું કાંઈ?

કહે છે, એ '**વેદ્યવેદકભાવપણે આસ્વાદરૂપ છે;...**' એટલે શું કહ્યું? કે આત્મા જ પોતે આનંદનો ભંડાર એ અનુભવનાર અને એની વર્તમાન દશા અનુભવવાને લાયક. એ પોતે ને પોતે આસ્વાદરૂપ થયો. આહાહા..! એ વિકારનો અનુભવ હતો. પુણ્ય ને પાપ, કામ ને ક્રોધ, દયા ને દાન એ વિકલ્પો શુભાશુભ હતા. એનું વેદન તો વેદવાયોગ્ય વિકાર ને વેદનારો આત્મા. એ તો ભિન્ન ચીજ હતી ભાઈ! સમજાય છે કાંઈ? અનુભવવા લાયક વિકાર અને અનુભવનારો આત્મા. એ ચીજ નહિ. એ સંસાર. મિથ્યાભ્રમ હતો. આહાહા..! એય..! દેવાનુપ્રિયા! ઈ કાલે કહે, હવે હું સમજી ગયો ..માં. હવે મારી મેળાએ વાંચીશ. બાપુ! એ ઝીણી વાતું છે. પોપટભાઈ! સમજાણું આમાં?

વેદ્ય નામ વેદનારની લાયકાત પણ મારી અને વેદન કરનારો પણ હું. વસ્તુ જ્યાં અંતર્મુખ થઈ અને જ્યાં રાગ અને વિકલ્પના લક્ષથી છૂટ્યો એટલે એકલું લક્ષ અને ધ્યેય ચિદાનંદ અખંડ આનંદ ઉપર ધ્યેય ગયું એટલે પોતે જ અનુભવનારો અને પોતે જ આનંદનું વેદ્ય થવાને લાયક. એમાં રાગ અનુભવાય અને અનુભવનારો આત્મા એમ છે નહિ. આહાહા..! આ ચોથા ગુણસ્થાનની વાત ચાલે છે. એય..! ધીરૂભાઈ! આ જાણે ક્યાંની હશે? એલ.એલ.બી.ની. ને..

મુમુક્ષુ :- એકડાની.

ઉત્તર :- એકડાની વાત છે આ. એણે કોઈ દી સાંભળ્યું નહિ સત્ય અને સત્યના શ્રવણમાં કોઈ દી હા પાડી નહિ. આ વસ્તુ છે.. આ વસ્તુ છે.

કહે છે, '**તે અનુભવ પરસહાયથી નિરપેક્ષપણે છે.**' જુઓ! એ આત્માનું અંતર જ્ઞાન, જ્ઞાનને જ્ઞાન વેદે. એવા સમયમાં એને રાગ અને પરની અપેક્ષા છે જ નહિ. જુઓ! અસ્તિ-નાસ્તિ કરીને અનેકાંત કર્યું. '**આસ્વાદરૂપ છે; તે અનુભવ પરસહાયથી નિરપેક્ષપણે છે.**' આ કહે છે કે અપેક્ષા વિનાની ચીજ હોય નહિ. અરે..! ભગવાન! બાપુ! શું થયું? ભાઈ! તને હજી શ્રદ્ધામાં આ વાત ન બેસે.

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અહીં તો કહે છે કે '**પરસહાયથી નિરપેક્ષપણે છે.**' એ અંતર સ્વભાવની નિર્વિકલ્પ દૃષ્ટિના ભાનમાં, રાગ ને વિકલ્પના વ્યવહારની અપેક્ષા છે જ નહિ. કહો, આ નિરપેક્ષ એ એકાંત થઈ જાય છે કે નહિ? એય..! દેવાનુપ્રિયા! એ ત્યાં પાછું એને જાવું છે ને. સાંજે ત્યાં જાવું છે. શું કહ્યું આ? એ કહે કે આખી કરી દેજો એક દીમાં. એમ ક્યાંથી થાતી હતી? આખો આ શું કીધું? આખો કળશ એક કલાકમાં કરી નાખજો. એમ કહ્યું હતું ને? પણ કરે કોણ? વાણીને કાળે વાણીનો ક્યો પ્રકાર નીકળવો એ તો એને કારણે છે. સમજાણું કાંઈ?

અહીં તો '**અનુભવ પરસહાયથી નિરપેક્ષપણે છે.**' આહાહા..! ભાઈ! તારું અંતર જ્ઞાન સ્વભાવને અવલંબે અને એ જ્ઞાનમાં જે અંતર પ્રતીતિ આત્માની થાય અને એ જ્ઞાનમાં સ્વરૂપની સ્થિરતાના આચરણ થાય અને એ જ્ઞાનમાં આનંદનો સ્વાદ જે આવે એ જ્ઞાનને શ્રદ્ધા, શાંતિને પરની સહાય બિલકુલ નથી. આહાહા..! સમજાણું કાંઈ? એ '**પરસહાયથી નિરપેક્ષપણે છે.**' ગૃહસ્થાશ્રમમાં રહેલ રાજમલ પંડિત. બાયડી, છોકરા, કુટુંબવાળા હતા. છતાં વસ્તુની સ્થિતિને આ રીતે પ્રસિદ્ધ કરે છે કે છે આમ... છે આમ. આહાહા..! અપેક્ષા નથી જેને. એવો ભગવાન અંદરમાં પૂર્ણાનંદ પ્રભુ, જેના સ્વસહાયે ચઢ્યો. એને પરની સહાયની અપેક્ષા છે જ નહિ. એવા અનેકાંત તત્ત્વનો અનુભવ તેને અમૃત કહે છે. સમજાણું કાંઈ? આહાહા..! લોકોને એમ લાગે કે આ તે વાત ક્યાંની હશે? કોઈ જગતમાં બાવો થઈને ફરતો હોય જંગલમાં વયો જાતો હશે એને માટે હશે? જંગલમાં જ છે સાંભળને. એય..! દેવાનુપ્રિયા! બાવો થાય તો થાય. એ કહેતા હતા ને. બાવો જ છે સદાય. એ તો ઘણા વખતથી કહે છે. બાયડી હતી તોપણ બાવો.. હવે છે બાવો જ છે હવે, સાંભળને.

વસ્તુ આત્મા પોતાના સત્તાના સ્વભાવ ધામમાં પરચીજનો ત્રણે કાળે અભાવ છે. એના વિનાની એ ચીજ છે. ફક્ત એની દશામાં પુણ્ય ને પાપ, કામ ને ક્રોધ વિકાર વિનાનો એક સમયમાત્ર રહ્યો નથી. પર વિના તો ત્રિકાળ રહ્યો છે. પર તો એનામાં છે જ નહિ. પણ એક સમય આસ્રવ વિનાનો રહે એને સમ્યગ્દર્શન કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- દર્શનમોહ નામનું કર્મ ક્યાં જાય?

ઉત્તર :- કર્મ એને ઘરે ગયું. કે દી હતું આત્મામાં? કર્મ-ફર્મ આત્મામાં છે જ નહિ. કર્મનો અભાવ થયો એ આત્માની અપેક્ષા રાખતું નથી. અને આત્મા પરની અપેક્ષા રાખતો નથી. એમ છે અહીં. દેવાનુપ્રિયા! આહાહા..!

કહે છે કે એક વાર સાંભળ તો ખરો, બાપુ! તારી સ્વતંત્રતાની સરાણે ચડેલો આત્મા. સમજાણું કાંઈ? એ ચૈતન્ય હીરો, પૂર્ણાનંદનો કંદ પ્રભુ, પોતાની દૃષ્ટિએ જ્યાં અંતરમાં આવ્યો, એની દૃષ્ટિમાં રાગ નથી હવે. અબુદ્ધિપૂર્વક રાગ રહ્યા પણ એ જે દૃષ્ટિ ને એકાકાર થયો એમાં વિકલ્પ અને રાગ છે નહિ. અને તેમાં પરની સહાય નથી એવો એ નિરપેક્ષ અનુભવ

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે. સમજાણું કાંઈ? આહાહા..! કહો, છોટાભાઈ! છોટાભાઈ કહે, ત્યાં કલોલમાં હવે મારું કોઈ સાંભળતા નથી. એ તો બધા શું કરે પણ? આ કોઈ દી સાંભળ્યું નથી. એને માથે વેશધારીને ખબર નથી, એના શાસ્ત્રમાં શું કહ્યું છે એની એને ખબર નથી. સમજાણું કાંઈ?

માર્ગ કોઈ નિરાળો વીતરાગનો સિંહનો પોકાર કરતો જેમ સિંહ આવે, પરમાત્માની વાણીમાં પોકાર કરતી વાણી આવી છે. અરે..! આત્મા તારું ચિદાનંદ મૂર્તિ સ્વરૂપ છે ને બાપુ! એકલો વીર્યની કાતળીથી જુઓ તો એ વીર્યરૂપ છે. એને જ્ઞાનથી જુઓ તો જ્ઞાનરૂપ છે. સમજાણું? એને આનંદથી જુઓ તો એ આનંદની મૂર્તિ છે. એને શાંત અકષાયભાવથી જુઓ તો એ અકષાયનું સ્વરૂપ એ જ આત્મા છે. એવો આત્મા એના અંતર્મુખમાં એને પ્રાપ્ત કરતાં તેને પરની સહાય બિલકુલ છે નહિ. આહા..! મનની સહાય નહિ. દયા, દાન, રાગની મંદતાના પર્યાય વિકલ્પ એની એ સમ્યક્ અનુભવમાં સહાય છે નહિ. આહાહા..!

ગુણ-ગુણીનો ભેદ પડ્યો કે આમ વિચારમાં આવ્યો કે આ આત્મા અનંતગુણનો ધણી અને એ આધાર અને અનંતગુણ એમાં રહેલા આધેય. એવો ભેદનો વિકલ્પ, એની પણ જેમાં અંતર દૃષ્ટિના અનુભવમાં પરની અપેક્ષા રહેતી નથી. સમજાણું કાંઈ? આહાહા..! '**પરસહાયથી નિરપેક્ષપણે છે.**' નિરપેક્ષ એકાંત થઈ જાય વળી એમ કહે છે. અરે..! ભગવાન સાંભળ તો ખરો ભાઈ! એમ કે વ્યવહારની સાપેક્ષતા જોઈએ, નિમિત્તની સાપેક્ષતા (જોઈએ). સાંભળને! એ સાપેક્ષતા એ તો જ્ઞાન કરવા માટે છે. વસ્તુમાં એની અપેક્ષા હોતી નથી.

અખંડાનંદ પ્રભુ, એક સમયનો આનંદકંદ ચૈતન્ય ધ્રુવ અનાદિઅનંત સત્ત્વ સત્તા એને અંતર દૃષ્ટિના અવલંબનમાં કોઈ રાગ ને પુણ્ય ને વ્યવહારના અવલંબનની અપેક્ષા છે જ નહિ. એવા અનુભવને સમ્યગ્જ્ઞાન નિરપેક્ષ, પરથી નિરપેક્ષ કહેવામાં આવે છે. ઈન્દ્રિયથી જ્ઞાન થયું નથી. એ જ્ઞાન મનથી થયું નથી. એ જ્ઞાન વિકલ્પના રાગના ભેદને કારણે થયું નથી. એ જ્ઞાન અંતર સ્વરૂપના આશ્રયે સ્વના કારણે થયું છે. સમજાણું કાંઈ? સમજાય છે ને આમાં? ઘોડનદી! એ તો ઘણા વખતના જિજ્ઞાસુ છે ને. કહો, સમજાય છે કાંઈ? આ માર્ગ એના સમજમાં તો લે. એના જ્ઞાનમાં (તો લે કે) આ માર્ગ છે. એ સિવાય કોઈ માર્ગ છે જ નહિ. લાખ કરોડ વાત કરે. નથી આવ્યું ઓલામાં નહિ?

લાખ વાતની વાત નિશ્ચય ઉર આણો,
છોડી જગત દ્વંદ્વ ફંદ એક નિજ ઉર આતમ આણો.

નિજ એને ધ્યાવો. એવી વાત છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર : આ વસ્તુ જ આમ છે ત્યાં વસ્તુ તો એ રીતે છે ને. એય..! મલૂકચંદભાઈ! શું હશે આમાં? દાન, દયાના પરિણામ મદદ કરતા હશે કે નહિ? ત્યારે શું કરવા બે લાખ આપે ઓલો?

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મુમુક્ષુ :- એનો લોભ ઓછો કરવા.

ઉત્તર :- કહો, સમજાણું કાંઈ?

કહે છે કે એવો ભાવ હો. દાનનો, દયાનો, રાગની મંદતાનો ભાવ હો. એ પુણ્યબંધનું કારણ છે. ધર્મ નહિ અને ધર્મનું કારણ નહિ. આમ કહે છે અહીં. સમજાણું કાંઈ? એ શુભરાગની મંદતા એ પોતે તો ધર્મ નહિ, પણ એ ધર્મમાં અપેક્ષા પણ ધર્મ થવામાં એની રાખતી નથી. નિરપેક્ષ કહેવું છે ને અહીંયાં? આહાહા..! ઓલો રાડ નાખી જાય. પણ કાંઈક.. કાંઈક.. કાંઈક... કાંઈક.. એ રાગની મંદતાનો વ્યવહાર તો કાંઈક કાંઈક સહાય કરતો હશે. એય..! દેવાનુપ્રિયા! જુઓ! આ છેલ્લો શબ્દ છે હવે અત્યારે. આહાહા..!

'**પરસહાયથી નિરપેક્ષપણે છે. આવો અનુભવ જોકે...**' આવો અનુભવ જોકે. યદ્યપિ એટલે જોકે. '**જ્ઞાનવિશેષ છે...**' એ સમ્યક્જ્ઞાનની દશા છે. અંતર આત્માને જ્ઞાનથી પકડતા એ સમ્યગ્જ્ઞાનની દશા છે. ચોથે ગુણસ્થાને હોં આ. પશુને, નારકીને, દેવને કે મનુષ્યને. સમજાણું કાંઈ? '**જ્ઞાનવિશેષ છે...**' આ સમ્યગ્જ્ઞાન વિશેષનો અર્થ શું? કે આત્મા ત્રિકાળ જ્ઞાનમૂર્તિ ચૈતન્ય છે એનો અનુભવ થવો એ જ્ઞાનની એક વિશેષ દશા છે. જ્ઞાનની એક પર્યાય છે. પરનું અહીં જ્ઞાન અને રાગનું એની વાત અહીં છે નહિ. એ શાસ્ત્રનું જ્ઞાન એની અહીં વાત નથી.

ભગવાન આત્મા જ્ઞાનની મૂર્તિ ચૈતન્યસૂર્ય છે એમ અંતર નજર પડતાં જે જ્ઞાન પ્રગટરૂપે પર્યાયપણે અનુભવરૂપે આવ્યું એ જ્ઞાનનો વિશેષ ભાગ છે. એ શ્રદ્ધાનો ભાગ નથી, એ ચારિત્રનો ભાગ નથી. એમ કહેવું છે હજી જુઓ! '**તોપણ...**' એ જ્ઞાનવિશેષ એટલે જ્ઞાનની દશા હોવા છતાં '**સમ્યક્ત્વની સાથે અવિનાભૂત છે,...**' એ કાળે સમ્યગ્દર્શન પણ સાથે હોય છે. એ સમ્યગ્જ્ઞાનની સાથે સમ્યગ્દર્શન હોય છે. સમ્યગ્જ્ઞાન સમ્યગ્દર્શન વિના નહિ, સમ્યગ્દર્શન સમ્યગ્જ્ઞાન વિના નહિ. અવિનાભૂત. એક વિના બીજું નહિ એનું નામ અવિનાભૂત. સમજાણું કાંઈ? એ છે જ્ઞાનની દશા. રાગ વિના, મનના અવલંબન વિના એકલા ચૈતન્યના સ્વભાવ સન્મુખની દૃષ્ટિ થઈ અને જ્ઞાનનો અનુભવ થાય એ નિરપેક્ષ પરથી છે. જ્ઞાનની વિશેષ અવસ્થા છે. છતાં એ અવસ્થા સમ્યગ્દર્શન વિના હોય નહિ. એ વખતે સમ્યક્ પ્રતીતિ છે એ સમ્યગ્દર્શન છે. અને જે જ્ઞાનની દશા છે વિશેષ એ જ્ઞાન છે. એ '**સમ્યક્ત્વની સાથે...**' જ્ઞાનદશા '**અવિનાભૂત છે.**' એ સમ્યગ્દર્શન સાથે એ જ્ઞાનની દશા થઈ છે. સમજાણું કાંઈ આમાં? વાત જ કોઈ દી કેટલાયે તો સાંભળી ન હોય લ્યો. જિંદગીમાં. આ શું કહે છે આ તે? કેટલાક હમણા પૂછતા હતા કે આ જૈનધર્મ હશે આ? ખબર ન મળે જૈનધર્મ કોને કહેવો? સમજ્યાને?

એક જણા કોઈક આવ્યા હતા. તમારે ત્યાં આવ્યા હતા કોઈ? વઢવાણવાળા નહિ? ભાવસાર હતા? કોણ હતું? હશે. ઈ કહે, પોપટભાઈ છે કે નહિ? મેં કીધું, અહીં છે. એક

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આદમી જોડે હતો ઈ કહે કે આ જૈનધર્મ હશે? હજી જૈનધર્મ કોને કહેવો એ વાડામાં ખબર ન મળે. બાપુ! જૈનધર્મ વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા, એનો આ ધર્મ છે. સમજાય છે કાંઈ? ભગવાનભાઈ! કેટલાકને એમ થઈ જાય લ્યો આમાં? ઓલું ન મળે, ફલાણુ ન મળે, ઢીંકણું. હવે સાંભળને, એ તો બધું જડમાં છે.

કહે છે એ સમ્યક્ત્વની શું સમકિતની સાથે? ઓલું જ્ઞાન જે નિર્મળ થયું આત્માનું. વળી એને પાછા વિકલ્પ-નિર્વિકલ્પ ઘણા ભેદ પાડે. જ્ઞાન તો સવિકલ્પ જ હોય, નિર્વિકલ્પ કોઈ દી હોય નહિ. ભાઈ! સાંભળને કઈ અપેક્ષાથી વાત ચાલે છે? અરેરે..! અહીં જ્ઞાનવિશેષ પણ સાથે ઓલો રાગનો વિકલ્પ નથી એને અહીંયાં નિર્વિકલ્પ કહેવું છે. જ્ઞાન તો સવિકલ્પ સ્વપરપ્રકાશક છે એ જુદી વાત છે. આહાહા..! ઘણા બોલ લીધા છે. ઓલા કોકે લખ્યું છે. આત્મધર્મમાં આમ લખ્યું છે. એટલે પછી સામે નાખ્યું છે થોડું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ... કરે. ભાઈ! બાપા! એ કાયદાની તને ખબર નથી ભાઈ! એ ભગવાનના ઘરના ગજ કોઈ જુદી જાતના છે. સમજાણું?

કહે છે, એ સમકિતની સાથે ઓલું સમ્યગ્જ્ઞાન અવિનાભૂત છે. હોય જ. જ્યાં આવું જ્ઞાન હોય ત્યાં સમ્યક્ હોય અને સમ્યગ્દર્શન હોય ત્યાં આવું સમ્યગ્જ્ઞાન હોય. બેય સાથે જ હોય છે. '**કેમ કે તે સમ્યગ્દષ્ટિને હોય છે,...**' જુઓ! એવું જ્ઞાન સમ્યગ્દષ્ટિને હોય છે. આત્મામાં ગુણગુણીના વિકલ્પના ભેદનું લક્ષ છોડી, દયા, દાનના વિકલ્પોનું લક્ષ છોડી. એ પુણ્યબંધ છે. એનાથી (લક્ષ) છોડી અંતરમાં જ્ઞાન આવ્યું, એ જ્ઞાનની પ્રતીત થઈ એ સમ્યગ્દષ્ટિને જ આવું જ્ઞાન હોય છે. એવો અનુભવ સમ્યગ્દષ્ટિને જ હોય છે. સમજાણું કાંઈ?

'**મિથ્યાદષ્ટિને નથી હોતો એવો નિશ્ચય છે.**' કોઈ કહે કે શ્રદ્ધા અમારી વિપરીત છે, મિથ્યા રાગને અમે ધર્મ માનીએ અને અમને સમ્યગ્જ્ઞાન છે. કોઈ દી હોઈ શકે નહિ. અનુભવમાં સમ્યગ્દર્શન હોય, મિથ્યાદર્શન ન હોય. મિથ્યાદષ્ટિ છે એને અનુભવ હોતો નથી. એમ સિદ્ધ કરવું છે અહીં. જેની દષ્ટિમાં પુણ્યના પરિણામ એ ધર્મ છે અને એ ધર્મનું કારણ છે એવી માન્યતા મિથ્યાદષ્ટિની (છે), ત્યાં તેને સમ્યગ્જ્ઞાનનો અનુભવ હોતો નથી. આહાહા..!

મુમુક્ષુ :- રાગનો અનુભવ તો હોય ને?

ઉત્તર :- રાગનો અનુભવ તો સંસાર છે. એની તો વાત કરે છે અનાદિની. એ તો દષ્ટિ મિથ્યાત્વ છે. પુણ્ય-પાપ ને કામ-ક્રોધ, દયા-દાનના વિકલ્પો ઉઠે છે એ રાગ છે. રાગનું વેદન છે એ ચૈતન્યના વેદનની વિપરીત જાત છે. વિપરીત જાતને હું વેદું એ ઠીક છે એ મિથ્યાત્વભાવ છે. સમજાણું કાંઈ?

'**આવો અનુભવ થતાં જીવવસ્તુ...**' દેખો! એ શું કીધું પહેલું? કે સમ્યગ્દષ્ટિને આવો અનુભવ હોય સમ્યગ્જ્ઞાનનો. આત્માનો. અને '**મિથ્યાદષ્ટિને નથી હોતો એવો નિશ્ચય છે.**'

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



નિઃસંદેહ એવી ચીજ છે. અગિયાર અંગ ભણ્યો હોય, નવ પૂર્વ ભણ્યો હોય અને પંચ મહાવ્રત પાળતો હોય છતાં એ મિથ્યાદષ્ટિ છે. એ રાગ તે ધર્મ છે, ક્રિયા એ ધર્મ છે. આ મારે કલ્યાણ છે. એવા મિથ્યાદષ્ટિને આવો અનુભવ અને સમ્યગ્દર્શન હોતું નથી. આહાહા..! કઠણ વાત જગતને, હોં!

**'આવો અનુભવ થતાં જીવવસ્તુ...'** દેખો! ભાષા કેવી કરી છે! એવો આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપનું જ્ઞાન અને અનુભવ થવાથી **'જીવવસ્તુ પોતાના શુદ્ધ સ્વરૂપને પ્રત્યક્ષપણે આસ્વાદે છે.'** જીવવસ્તુ. આવું અંતર જ્ઞાન થતાં જીવવસ્તુ. વસ્તુ ભગવાન આત્મવસ્તુ પદાર્થ **'પોતાના શુદ્ધ સ્વરૂપને...'** પોતાના રાગરહિત પુણ્ય-પાપના વિકલ્પરહિત શુદ્ધ સ્વરૂપ એને **'પ્રત્યક્ષપણે આસ્વાદે છે.'** જીવવસ્તુ. વાત કેટલી સ્પષ્ટ કરી છે! સમજાણું કાંઈ? જીવવસ્તુ જે અનાદિકાળની વિકારને આસ્વાદતી અને વેદતી હતી, એકલા વિકારને અનુભવ કરતી અનાદિકાળથી, નિગોદથી માંડી એકેન્દ્રિયથી નવમી ગ્રૈવેયક. ભલે એણે પંચ મહાવ્રત ને મુનિવ્રત ધાર્યા અને અનંતવાર રાગ મંદ કરીને ક્રયાઓ કરી. પણ એ મિથ્યાદષ્ટિ રાગને અને પુણ્યના પરિણામને જ આસ્વાદ અને અનુભવ કરતો. એ જીવવસ્તુ વિકારને અનુભવતી. એ મિથ્યાદષ્ટિપણું હતું. એ જીવવસ્તુ અંતરજ્ઞાન થતાં આનંદના શુદ્ધ સ્વરૂપને અનુભવે એ જીવવસ્તુ પોતાની શાંતિને આસ્વાદે છે. જીવવસ્તુ શાંતિને આસ્વાદે એનું નામ અનુભવ અને એનું નામ સમ્યગ્દર્શન છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'આવો અનુભવ થતાં...'** આવું અંતરજ્ઞાન મન અને રાગ વિનાની અંતર દૃષ્ટિ જતાં જે સમ્યગ્જ્ઞાન થયું તે જ્ઞાન જીવ પોતે પોતાના શુદ્ધ સ્વરૂપને (અનુભવે છે). ઓલો રાગ હતો એ પોતાનું સ્વરૂપ નહોતું. પહેલો જે વિકાર અને પુણ્ય-પાપનું વ્યવહાર વિકલ્પનું વેદન (હતું) એ પોતાનું નિજ સ્વરૂપ નહોતું. શું કહ્યું સમજાણું? એ પોતાનું નિજ સ્વરૂપ નથી. દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ છે એનું વેદન એ નિજ સ્વરૂપ નથી. એ વિકાર વિકલ્પનો પુણ્યનો છે. આહાહા..! એટલે જીવવસ્તુ એ વિકાર વિકલ્પ વિનાની જ્યાં સમ્યગ્જ્ઞાન દશા અંતરદષ્ટિ થઈ ત્યારે એ જીવવસ્તુ **'પોતાના શુદ્ધ સ્વરૂપને પ્રત્યક્ષપણે...'** આનંદને, શાંતિને **'આસ્વાદે છે.'** વેદે છે. આહાહા..! ભારે પણ એમણે ભાષા કરી છે. જીવવસ્તુ આસ્વાદે છે એમ કહ્યું. ઓલી જીવવસ્તુ વિકારને આસ્વાદતી હતી ને? અનાદિથી. એકલો વિકાર હોં. પરને આસ્વાદતો નહોતો કોઈ.

કોઈ આત્મા શરીર બાયડીના શરીરને, કર્મને, પૈસાને અનુભવે ત્રણકાળ ત્રણલોકમાં નહિ. એ તો જડ પદાર્થ છે. ફક્ત એનું લક્ષ કરીને પુણ્ય ને પાપ, કામ ને ક્રોધ વિકલ્પો વિકાર ઉઠાવે એ વિકારને વેદતો હતો. વસ્તુ જીવ, વિકારને વેદતી હતી. એનું નામ મિથ્યાત્વ, એનું નામ સંસાર, એનું નામ દુઃખરૂપ દશા. કહો, સમજાણું? પર્યાયનું પણ પાછું જીવવસ્તુ આસ્વાદે છે. ઓલો કહે, વળી એ બે શું? એ ખુલાસો તેદી કર્યો હતો. વસ્તુ જીવ છે અનંતગુણનું

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ધામ ભગવાન. જ્યાં એકત્વબુદ્ધિ સ્વમાં થઈ, રાગથી પૃથક્ થઈ એ જીવવસ્તુ જ પોતાની શાંતિ અને આનંદને આસ્વાદે છે. સમજાય છે કાંઈ?

વળી '**જીવવસ્તુ પોતાના શુદ્ધ સ્વરૂપને પ્રત્યક્ષપણે આસ્વાદે છે.**' તો દ્વૈત થઈ ગયો. સાંભળને! દ્વૈતનો વિકલ્પ નથી. અહીં તો વસ્તુ અખંડાનંદ અને ચૈતન્યજ્યોત ધામ, એનું અંતરમાં સમ્યગ્જ્ઞાન. વિકલ્પ રાગ, રાગના વિકલ્પ વિનાનું જ્ઞાન થયું એ સમ્યગ્જ્ઞાનમાં એ જીવવસ્તુ પોતાના નિર્મળ શુદ્ધ પર્યાયને અનુભવે અને આસ્વાદે છે. આ એનું નામ સમ્યગ્દર્શન-જ્ઞાન અને મોક્ષનો માર્ગ કહેવાય છે. આહાહા..! ભારે વાત, ભાઈ! કોઈ દી આવું સાંભળ્યું નહિ હોય ..માં પણ. માંડ માંડ પહેલું હશે. નહિ? પણ આ તો લોજિકથી મગજમાં આવી શકે છે. ન્યાયથી તો વાત કહેવાય છે. સમજાણું કાંઈ? ભગવાનનો માર્ગ નયાયોમ છે. ન્યાયથી સિદ્ધ કરે છે સમ્યગ્જ્ઞાનથી. એને બરાબર એણે સમજવું જોઈએ.

મુમુક્ષુ :- વાણીનો અપાર મહિમા...

ઉત્તર :- એ પોતાનો અપાર મહિમા એટલે વાણીનો અપાર મહિમા આવે. કહો, સમજાણું કાંઈ?

'**તેથી જેટલા કાળ સુધી અનુભવ છે...**' જુઓ! જેટલા કાળ સુધી અંતરમાં જ્ઞાનાનંદની એકાગ્રતા અનુભવ કાળમાં રહે '**તેટલા કાળ સુધી વચનવ્યવહાર સહજ જ અટકી જાય છે,...**' વાણી ક્યાં છે પછી? વાણી બંધ થઈ જાય છે. વિકલ્પ જ્યાં બંધ થઈ જાય એટલે વાણી પણ બંધ થઈ જાય. અનુભવના કાળમાં વાણી કે વિકલ્પ હોતા નથી. આહાહા..! વ્યવહાર નથી એમ સિદ્ધ કરવું છે ને.

'**જેટલા કાળ સુધી અનુભવ છે...**' ભગવાન આત્મા. એ આઠ વર્ષની બાળિકા પણ આવો અનુભવ કરી શકે છે. પશુ કરી શકે, દેડકો આટલો કરી શકે સમ્યક્. ભગવાનના સમવસરણમાં તો દેડકા હોય. સમજાય છે? હાથી, વાઘ, સિંહ, ચકલા નાના આટલા. આત્મા છે ને. એ તો શરીર ચકલાનું. અંદર આત્મા તો આત્મા છે અખંડ પૂર્ણ. કહે છે, જેટલો કાળ એ અંતર અનુભવમાં રહે તેટલે કાળ સુધી તો વચન બંધ જ હોય. વચન હોઈ શકે નહિ.

'**કેમ કે વચનવ્યવહાર તો પરોક્ષપણે કથક છે.**' વચન તો પરોક્ષરૂપે કથન આત્મા આવો છે ને આત્મા આવો છે (એટલું કહે છે). એ વચનને કાંઈ ખબર છે આત્માની? એ તો વાણી છે. અને વિકલ્પ ઉઠે એને પણ ખબર નથી કે આત્મા કોણ છે? એ તો રાગ ઉઠે છે. '**વચનવ્યવહાર પરોક્ષપણે કથક છે.**' કારણ કે વેદનમાં પ્રત્યક્ષ છે, વાણીકાળે પરોક્ષ છે. અનુભવ નથી. સમજાણું કાંઈ? આ વેદનના કાળની વાત લેવી છે ને?

'**આ જીવ તો પ્રત્યક્ષપણે અનુભવશીલ છે,...**' ભગવાન આત્મા તો પ્રત્યક્ષરૂપ અનુભવ સ્વભાવવાળો છે-શીલ છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા એવો છે એમ કહે છે. એ પરનું વેદન કરવું એ આત્માનું સ્વરૂપ નથી. એ વચનથી કથન કરવું એ કાંઈ આત્માનું સ્વરૂપ

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

નથી. કેમ કે આત્મા જીવ એટલે અનંતગુણનો પિંડ પ્રભુ, એને નવ તત્ત્વમાં આત્મતત્ત્વ કહીએ. જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ. એમાં જીવ તત્ત્વ એને કહીએ કે અનંતગુણનો રસકંદ જીવ તો '**પ્રત્યક્ષપણે અનુભવશીલ છે,...**' એના અનુભવ કાળમાં એ રાગ અને મન વિનાનો અનુભવ એવો જ એનો સ્વભાવ છે. કહો, સમજાણું કાંઈ? પોતાના વેદનમાં પ્રત્યક્ષ છે. એ તો પરને જાણવામાં પરોક્ષ છે. સમજાણું? પોતાનું સ્વરૂપ જ પ્રત્યક્ષ અનુભવશીલ છે. એકલો જ્ઞાન જ્ઞાનને વેદે, જ્ઞાન જ્ઞાનને જાણે, જ્ઞેય પણ હું, જ્ઞાન પણ હું અને જ્ઞાતા પણ હું. વ્યવહાર જ્ઞેય અને હું જાણનાર એમ પણ જ્યાં નથી. કહો, સમજાણું કાંઈ?

'**આ જીવ તો પ્રત્યક્ષપણે અનુભવશીલ છે,...**' એ રાગ વિના, વિકલ્પ વિના હો ભલે વસ્તુ. એનાથી રહિત આત્માનો સ્વભાવ શુદ્ધ ચૈતન્ય આનંદઘન, એના જ્ઞાનના વેદનમાં એ અનુભવશીલ જ એનું સ્વરૂપ છે. પ્રત્યક્ષ અનુભવશીલ એનું સ્વરૂપ છે. પરોક્ષ થવું એ એનું સ્વરૂપ છે નહિ. આહાહા..! '**તેથી (અનુભવકાળમાં)...**' એટલે આત્માના જ્યારે અનુભવકાળમાં પડ્યો હોય આત્મા '**વચનવ્યવહાર પર્યંત કાંઈ રહ્યું નહિ.**' વચનવ્યવહાર સુધી કાંઈ રહ્યું નહિ. એટલે કાંઈ વિકલ્પાદિ રહ્યો નહિ. તો વચનવ્યવહાર તો હોય નહિ. વચનવ્યવહાર પર્યંત એટલે ત્યાં સુધી કાંઈ રહ્યું નહિ એમાં.

'**કેવી છે જીવવસ્તુ?**' કે ભગવાન આત્મા કેવી ચીજ છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એની વાત નથી. બીજી વાત છે. એ કીધી નથી. કીધી નથી. જુઓ! નવું આવે છે. હા એમ નથી.

'**કેવી છે જીવવસ્તુ?**' '**सर्वंकषे**' '**બધા પ્રકારના વિકલ્પોની ક્ષયકરણશીલ છે.**' આવ્યું નથી એ. અનુભવશીલ કહ્યું આમ. ભાઈ! આમ અનુભવશીલ કહ્યું. હવે વિકલ્પનું ક્ષયકરણશીલ છે. એમ અસ્તિ-નાસ્તિનો સ્વભાવ સિદ્ધ કરે છે. સાંભળો. કેવી છે વસ્તુ? એમ નથી કહ્યું. એક વાર અનુભવશીલ એટલી કહી હતી. પણ હવે વિકલ્પના નાશકરણશીલ એનો સ્વભાવ છે. અનેકાંત છે બાપુ! એ વસ્તુ એમ નથી. સામાન્ય માણસને એમ લાગે એકની એક વાત એમ નથી.

મુમુક્ષુ :- અક્ષરે અક્ષરે જુદી વાત છે.

ઉત્તર :- અક્ષરે અક્ષરે જુદી વાત છે. શબ્દે શબ્દે જુદી વાત છે. એ પણ લાડમાં આવે કે નહિ? એ જાણે કે અત્યાર સુધી ડહાપણ કર્યા છે તો અહીં થોડુંક (કરીએ). એ ચાલે નહિ અહીં. એય..! પોપટભાઈ! શાંતિભાઈ! ચોપડી બહુ લખી હોય ને જાણે.

આ તો સિદ્ધાંત છે. આગમ છે અને આત્માને બતાવનાર છે. કહે છે, કે એ તો જીવ આવો હતો એટલું કહ્યું હતું. હજી એ કેવો છે? બાકી રહી છે વાત. એ કેવી ચીજ છે?

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ભગવાન જેને આત્મા કહીએ. અનંત જ્ઞાનરસકંદ વસ્તુ, પુણ્ય-પાપના વિકલ્પના આસ્રવતત્ત્વથી ભિન્ન અને શરીર કર્મ અજીવના તત્ત્વથી ભિન્ન. એ કેવો છે? **'બધા પ્રકારના વિકલ્પોની...'** **'सर्वंकषे'** એક વિકલ્પ પણ ગુણ-ગુણીનો ભેદ પડે એવો રાગ, એવો જે ભેદરૂપ વિકલ્પ **'कषे'** **'ક્ષયકરણશીલ છે.'** ગંધ ન રહે એવો એ આત્મા છે. મોતીરામજી! અસ્તિથી વાત કરી કે અનુભવશીલ છે તો એ અસ્તિથી વાત કરી. એક સમયમાં જ્ઞાનસ્વરૂપે આત્મા પ્રત્યક્ષ અનુભવશીલ છે અને વિકલ્પના ક્ષયકરણશીલ છે. અભાવસ્વભાવરૂપે, વિકલ્પના અભાવસ્વભાવરૂપે પરિણમવું એવો એનો સ્વભાવ છે. આ તો અલૌકિક વાત છે. આ શાસ્ત્ર એટલે આ જે આવ્યું છે અત્યારે કારણસર આવ્યું હશે બધું. સમજાણું કાંઈ? (ઈ જાણે કે) આપણે સમયસાર વાંચ્યું અને આપણે સમજ્યા. સાંભળ તો ખરો.

ભગવાન આત્મા અસ્તિરૂપે તો પોતાના જ્ઞાનથી પોતાનો અનુભવશીલ જ એનો પ્રત્યક્ષ સ્વભાવ છે. એક વાત. હવે **'सर्वंकषे'** એ પોતાના આત્મા સિવાયની જેટલી વિકલ્પ દશા દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધ, ગુણ-ગુણી ભેદ વિકલ્પ, નવ તત્ત્વના ભેદ. વિકલ્પ, ઉત્પાદ-વ્યય-ધ્રુવનો વિકલ્પ, ગુણ-ગુણી ભેદનો વિકલ્પ, દ્રવ્ય-ગુણ-પર્યાયનો વિકલ્પ અને લક્ષણ-લક્ષનો પણ વિકલ્પ. **'બધા પ્રકારના વિકલ્પોની...'** વાસનાની વૃત્તિઓ, ભેદો **'ક્ષયકરણશીલ...'** ક્ષયકરણશીલ **'(ક્ષય કરવાના સ્વભાવવાળી) છે.'** વસ્તુ એવી છે. પોતાની અનુભવશીલ છે, વિકારના અભાવશીલસ્વરૂપ છે. પોપટભાઈ! આ તો શબ્દે શબ્દે તોળીને વાત છે. રાગને રાખવો એનો સ્વભાવ નથી એમ કહે છે. એમ શું કહે છે? વ્યવહારના વિકલ્પથી નિરપેક્ષ છે એ તો પહેલું કહ્યું હતું. ભાઈ! પણ કહે છે કે નિરપેક્ષ હોવા છતાં એ વ્યવહારને નાશ કરવાના સ્વભાવવાળી ચીજ છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- ત્યાગઉપાદાનશૂન્યત્વ શક્તિ છે.

ઉત્તર :- એ છે ને. પોતાને ત્યાગ પણ નથી કરવો. ત્યાગ ક્યાં કરવો હતો? આ બીજી વાત છે. વળી ગ્રહણત્યાગ ઈ બીજી વાત છે.

અહીં તો સ્વભાવ જ્ઞાયકમાં અંદર જ્ઞાન, સમ્યગ્દર્શન આદિ થયું એ ચીજ કેવી છે? કે પોતાના પ્રત્યક્ષ અનુભવશીલ છે અને વિકલ્પ જે એનાથી વિરૂદ્ધ છે એના નાશ (કરણશીલ છે). ભાષા પણ પાછી કેવી ક્ષયકરણશીલ. મંદ કરવું કે ઉપશમ કરવું એમ નહિ. એ ક્ષયકરણ, જેનો નાશ કરવો એ જ સ્વભાવ છે. મૂળમાંથી ઉખડી જાય વિકલ્પ. એ આત્મા તરફના જુકાવમાં એ વિકલ્પની વાસના મૂળથી ઉખડી જાય, અભાવ થાય એવો આનો સ્વભાવ છે. એય.. દેવાનુપ્રિયા! આ વ્યવહાર કારણની તો અપેક્ષા છોડી દીધી, પણ વ્યવહારના વિકલ્પનો નાશકરણશીલ સ્વભાવ છે. વ્યવહારના રાખવાનો સ્વભાવ આત્મામાં ત્રણકાળમાં નથી. આહાહા..! 'રણે ચડ્યો રજપુત છૂપે નહિ.' આવે છે કે નહિ? 'સૂર્ય છૂપે નહિ બાદલ છાયા.' એ સૂર્ય કાંઈ છૂપતો હશે? વાદળા હોય તો પણ દેખાય આ સૂર્ય રહ્યો. એમ ચૈતન્ય કહે

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે, અરે.. ભગવાન! જો તો સાંભળતો ખરો. એ આત્મા કેવો અને કોણ છે એ તેં હજી સાંભળ્યો નથી. આહાહા..!

કહે છે, ક્ષયકરણ. પણ ભાષા એવી વાપરે ને. શીલ-શીલ. જોર છે એનું. સ્વભાવ. એ કરવું. ક્ષય કરવું. ક્ષયનું થવું, કરવું એવો એનો સ્વભાવ છે. સ્વભાવ જ છે. વિકલ્પ જેટલા ઉઠે. વિકલ્પ દયા, દાન, ભક્તિ, વ્રત, તપનો શુભભાવ એ તો એના સ્વરૂપમાં નથી, એનાથી અનુભવ થતો નથી. એ એનું પ્રત્યક્ષ વેદન પોતાથી છે, પણ આ ભાવને તો નાશ, ક્ષય કરવાનો જેનો સ્વભાવ છે. વિકલ્પ ઉઠે એવો એનામાં સ્વભાવ જ નથી. આહાહા..! સમજાણું કાંઈ?

એવી એ સ્વભાવવાળી એ વસ્તુ છે. અનેકાંત સિદ્ધ કર્યું. પોતાના પ્રત્યક્ષ જ્ઞાનથી અનુભવ થઈ શકે એવો એ સ્વભાવ છે, એવો જ એનો શીલ સ્વભાવ છે. શીલ. અને વિકલ્પના અભાવસ્વભાવરૂપ નાશ કરવાનો, મૂળમાંથી નાશ કરવાનો સ્વભાવ એટલે કે ઉગે જ નહિ એવો એનો સ્વભાવ છે. આહાહા..! હવે આ રાડું પાડે કે અરે..! વ્યવહાર રાખો, વ્યવહાર. હવે સાંભળને તારો વ્યવહાર. કાંઈક વ્યવહાર જોવે કે નહિ? વ્યવહાર જોવે કે નહિ? થોડું ઝેર જોવે કે નહિ? અમૃતને ખાવા માટે પહેલા ઝેરનો થોડો ભાગ જોવે કે નહિ? અભ્યાસ તો કરવો પડે ને અમૃત ખાવા માટે પહેલા ઝેરનો.

મુમુક્ષુ :- પછી કોણ અમૃત ખાય?

ઉત્તર :- મરી જાય. કહો, સમજાણું આમાં?

ભગવાન આત્મા ચિદ્દ્ઘન એનું જ્ઞાન અને પ્રતીત થતાં કહે છે, વસ્તુ જ એવી છે. આ તો વળી પર્યાય થઈ. વસ્તુ એવી છે. સ્વભાવ જ એવો છે કે જે કાંઈ જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એવો વિકલ્પ પુણ્ય, એનો પણ નાશ કરવાનો સ્વભાવ છે જીવમાં. આહાહા..! વિકલ્પ છે ને એ પુણ્ય? પુણ્ય છે અને એમાંથી પ્રકૃતિ બંધાય છે અને એમાં પછી આ સમવસરણ ને બહારની વાતું. સમજાણું કાંઈ? હવે એનો ભાવાર્થ કહેશે લ્યો...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વીર સંવત-૨૪૯૧, ફાગણ વદ ૨, શુક્રવાર,
તા. ૧૯-૩-૧૯૬૫, કલશ-૯-૧૦
પ્રવચન નં. ૧૩

આ કળશટીકા જીવ અધિકાર. એનો ૯મો કળશ ચાલે છે. અહીં સુધી આવ્યું, જુઓ! **'કેવી છે જીવવસ્તુ?'** આ આત્મા જેને જીવ કહીએ કે આત્મા કહીએ એ અનંત અનંતગુણ સંપન્ન શુદ્ધ ચૈતન્ય પદાર્થ (છે). એ આત્મસ્વભાવ કહો કે આત્મા કહો. કેવો છે આત્મા? કે **'બધા પ્રકારના વિકલ્પોની ક્ષયકરણશીલ (ક્ષય કરવાના સ્વભાવવાળી) છે.'** એ આત્મવસ્તુ એક સેકન્ડના અસંખ્ય ભાગમાં પૂર્ણ સત્તા ધામ ભગવાન, એનું અંતર લક્ષ અને દૃષ્ટિ કરવાથી એ વસ્તુ એવી છે કે વિકલ્પો નામ પુણ્ય-પાપના વિકારને નાશ કરવાવાળો એનો સ્વભાવ છે. સમજાણું કાંઈ?

જે વિકલ્પો છે, વિકલ્પ એટલે રાગની વાસનાના પ્રકાર. પછી એ ગુણ-ગુણીના ભેદનો વિકલ્પ હો કે નય, નિક્ષેપ, પ્રમાણના રાગની વૃત્તિ ઉઠતી હોય કે દયા, દાનાદિના વિકલ્પ ઉઠતા હોય એ બધા રાગ, એની વસ્તુ સ્વરૂપ, એ વસ્તુસ્વરૂપ એનો નાશ-ક્ષયકરણશીલ સ્વભાવ છે. એ રાગનો નાશ કરવાનો જેનો સ્વભાવ છે. બીજી રીતે કહીએ તો એ વસ્તુની દૃષ્ટિ કરતાં તે વસ્તુ વિકારને ઉત્પન્ન કરે એવો એનો સ્વભાવ જ નથી. એથી એને નાશકરણ સ્વભાવ છે એમ કહેવામાં આવ્યું. સમજાય છે કાંઈ? તદ્દ્ન વસ્તુ સમ્યગ્દર્શન અને અનુભવની વાત છે ભાઈ! એમાં બીજી ... કાંઈ હોતી નથી. એવી ચીજ છે.

એક સમયમાં પ્રભુ, જેની મહત્તાની બડાઈ-મોટપ એવડી ને એવી છે કે જેનો અંતર દૃષ્ટિમાં આદર કરવાથી એ વસ્તુ વિકારનો તો નાશ કરે એવો એનો સ્વભાવ છે. કહો, સમજાય છે કાંઈ? તેથી કોઈ એમ કહે કે રાગનો વ્યવહાર ઉત્પન્ન થાય તો એ અનુભવ થાય એ વાત સ્વરૂપમાં છે નહિ. આ રાગની મંદતા વ્યવહારરત્નત્રયની કષાયની મંદતા, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિ થાય, એવા ભાવ થાય તો આત્માનો અનુભવ થઈ શકે એવો એ આત્મા છે એમ કોઈ કહે તો એ વસ્તુનું સ્વરૂપ એમ છે નહિ.

વસ્તુમાં નથી શું માને? માને કે રાગ તો વિકલ્પ ભિન્ન છે. અભિન્ન સ્વરૂપ જે છે ચૈતન્યના સ્વભાવથી અભિન્ન પોતે આત્મા એના સ્વભાવનો તો અંદર નિર્મળ દશા પ્રગટ થવી તે એનો સ્વભાવ છે. વિકારના વિકલ્પોની વાસનાનો તો અણઉત્પત્તિ સ્વભાવ એટલે કે અભાવનો સ્વભાવ કરવાનો સ્વભાવ છે. કહો, પોપટભાઈ! બહુ ઝીણું. આ તો પ્રથમ કાળની વાત છે હોં! વસ્તુ જ એવી છે ઈ. જો વસ્તુ એવી ન હોય તો વસ્તુના આશ્રયનો ઉપાદેય કરતાં વિકારનો અભાવ થવાનો કોઈ પ્રસંગ રહેતો નથી. સમજાય છે કાંઈ? કર્મની અહીં

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


વાત નથી. કર્મનો નાશ કરવા-ફરવાની અહીં વાતેય નથી. કર્મ તો જડ છે અને એને કારણે વ્યય થાય પર્યાય અને અકર્મરૂપ પર્યાય ધારણ કરે એ તો પુદ્‌ગલની પર્યાય છે. આઠ કર્મનો ક્ષયકરણ સ્વભાવ એ અહીં નથી. આહાહા..! અહીંયાં તો ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં પૂર્ણ શુદ્ધ... શુદ્ધ... શુદ્ધ... નિર્મળ ધામ. એવું પૂર્ણ જેનું પવિત્ર રૂપ એવો જે આત્મા, એનો શુદ્ધતા પ્રગટ થવાનો સ્વભાવ અને અશુદ્ધતાનો નાશ કરવાનો એનો સ્વભાવ છે. એક સમયની વાત છે. સમજાણું કાંઈ?

'**ભાવાર્થ આમ છે—**' ત્યાંથી નવું આવ્યું હવે. અહીં સુધી કાલે આવ્યું હતું. '**જેમ સૂર્યપ્રકાશ અંધકારથી સહજ જ ભિન્ન છે...**' જેમ સૂર્યનો પ્રકાશ અંધકારથી સ્વભાવે જ ભિન્ન છે. એને-સૂર્યને અંધકાર જુદો કરવાની જરૂર નથી. એમ અહીં સિદ્ધ કરવું છે. ક્ષયકરણશીલ કહ્યું. સમજાય છે કાંઈ? એ સૂર્ય જ્યાં છે એનો પ્રકાશ સૂર્યનો ત્યાં અંધકાર તો સૂર્યના પ્રકાશથી સ્વભાવે જ અભાવરૂપ તદ્દન એનાથી ભિન્ન છે. સમજાય છે?

'**તેમ અનુભવ પણ સમસ્ત વિકલ્પોથી રહિત જ છે.**' ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં પૂર્ણ વસ્તુ ઉપર લક્ષ અને ધ્યેય પકડતાં જે અનુભવ થાય, નિર્વિકલ્પ આનંદનું વેદન થાય એ સમસ્ત વિકલ્પોથી એ અનુભવ રહિત જ છે. આહાહા..! સમજાય છે કાંઈ આમાં? આનું નામ હજી પ્રથમ સમ્યગ્દર્શન ધર્મ. આત્મા આત્મા બધાય ઘણા કરે પણ આ આત્મા આવો છે એની ખબર ક્યાં છે હજી? આત્મા એવો છે. સમજાણું કાંઈ? પરની દયા પાળી શકે કે મારી શકે એવો તો એનામાં પર્યાયમાં પણ ધર્મ નથી. પણ આ તો વસ્તુનો સ્વભાવ વિકલ્પોની જે પર્યાય ઉત્પન્ન થાય એનો નાશકરણ અથવા એનાથી ભિન્ન એનો સ્વભાવ છે. રાગના અંધકારરૂપ ભાવ, વ્યવહારરત્નત્રયનો જે રાગના અંધકારરૂપ ભાવ અને અનુભવ ચૈતન્યના પૂર્ણ સ્વભાવ તરફના અનુભવનો ભાવ, બે ભિન્ન ભાવ છે. કહો, સમજાણું આમાં?

'**જેમ સૂર્યપ્રકાશ અંધકારથી સહજ જ ભિન્ન છે...**' એમ ભગવાન આત્મા ચૈતન્યના પ્રકાશના તેજના નૂરનો અનુભવ કરતાં એ તેજ ચૈતન્ય પ્રકાશનો જ્યાં ગાંગડો આખો (છે), એનો અનુભવ પર્યાયમાં થતાં '**તેમ અનુભવ પણ...**' જેમ સૂર્યનો પ્રકાશ અંધકારથી ભિન્ન છે '**તેમ અનુભવ પણ સમસ્ત વિકલ્પોથી રહિત જ છે.**' રાડ પાડે આ કે સમસ્ત વિકલ્પથી રહિત હોય? એ તો ત્યાં શુક્લધ્યાનમાં થાય. અરે.. ભગવાન! સાંભળ બાપુ! આ સાંખ્યું જાય એવું નથી. સમજાણું કાંઈ? લખ્યું છે ને એ? નિર્વિકલ્પ તો શુક્લધ્યાનમાં થાય. ભાઈ! એ તો સૂક્ષ્મ વિકલ્પનો અભાવ છે. અહીં તો વર્તમાન જ્યાં અંતર્મુખ સ્વભાવના અંતરમાં ગયો, અંતર ચિદાનંદ જ્ઞાયકસૂર્યમાં જ્યાં એકાકાર લીન થયો, ત્યાં એ વિકલ્પોનો તો અભાવસ્વભાવ જ સ્વરૂપ છે. ભિન્ન હોય એની અત્યારે વાત નથી. ભિન્ન પછી તો કહ્યું ને સૂર્યપ્રકાશ અંધકારથી સહજ જ ભિન્ન છે. ભગવાન ચૈતન્ય સ્વરૂપ એના અનુભવમાં

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પ્રકાશનું રૂપ અનુભવાણું અને શાંતિના આનંદનું વેદન થયું એની અંદરમાં, એ જેમ પ્રકાશમાં અંધકાર નથી, એમ અનુભવની હયાતીની મોજૂદગીમાં એ પુણ્યના વિકલ્પોનો અંધકાર એમાં નથી. આહાહા..! સમજાણું કાંઈ?

**'અહીં કોઈ પ્રશ્ન કરશે કે અનુભવ થતાં...'** સમસ્ત શબ્દ વાપર્યો છે ને. બિલકુલ વિકલ્પોથી રહિત. વસ્તુ જે અનુભવ એમાં તો રાગ છે જ નહિ. ભિન્ન તરીકે હો એ કાંઈ એનામાં અનુભવમાં ન આવ્યો. સમજાણું કાંઈ? વળી એમ કે અબુદ્ધિપૂર્વક હોય અને બુદ્ધિ.. એ અહીં વાત નથી લેવી. અહીં તો આત્મા આમ જ્યાં વસ્તુ ચૈતન્ય સૂર્ય પ્રકાશનું બિંબ આખું, એની અંતરમાં દૃષ્ટિ જતાં જે અનુભવ થાય એ અનુભવની પર્યાયની અસ્તિની મોજૂદગીમાં વિકલ્પોનો બિલકુલ સમસ્તનો અભાવ છે. સમજાય છે કાંઈ? એવી દૃષ્ટિ અને અનુભવને સમ્યગ્દર્શન અને જ્ઞાનનો ધર્મ કહે છે.

**'અહીં કોઈ પ્રશ્ન કરશે...'** સહન ન થઈ શકે આ વાત કે અરે..! આ શું? **'અનુભવ થતાં કોઈ વિકલ્પ રહે છે કે જેમનું નામ વિકલ્પ છે તે બધાય મટે છે?'** ભગવાન આત્મા.. જે કરવાનું છે એ સ્વરૂપના અંતરમાં અનુભવ કર્યો, સમ્યગ્દર્શન એમાં પ્રતીતિ થઈ અને સ્વરૂપાચરણનું વેદન પણ અંદર શાંતિનું થયું. એવા કાળમાં બિલકુલ એ દશામાં વિકલ્પ છે જ નહિ. એ દશામાં વિકલ્પ નથી. કેમ કે વિકલ્પ રાગ અંધારું છે. ગુણ-ગુણીનો ભેદ રાગ કે દયા, દાનના ભાવ એ બધો અંધકાર રાગ છે. આહાહા..! સમજાણું કાંઈ? એમાં નથી ત્યારે એને પ્રશ્ન થયો કે બિલકુલ નથી? કોઈ પ્રકારનો રાગ જ નથી? એવો અનુભવ થતાં કોઈ રાગ જ નથી કે જેનું નામ વિકલ્પ છે-જેનું નામ રાગ છે એવો કોઈ રાગ નથી? **'બધાય વિકલ્પો મટે છે;...'** ઓલો સમસ્ત શબ્દ વાપર્યો હતો ને માથે? એવો અનુભવ પણ સમસ્ત વિકલ્પથી રહિત છે. એટલે પ્રશ્નમાં પણ એ પોતે ગોઠવ્યું. **'તે બધાય મટે છે?'**

**'ઉત્તર આમ છે કે બધાય વિકલ્પો મટે છે;...'** ભાઈ! આત્મા ચૈતન્યજ્યોત અનંતગુણનું ધામ એને જ્યાં અંતરમાં પ્રાપ્ત કર્યો સમ્યગ્દર્શન અને જ્ઞાન દ્વારા, એમાં તો એ રાગનો બિલકુલ સમસ્ત રાગનો અભાવ છે. રાગનો અભાવ (તો) કેવળી થઈ ગયો? વળી એમ કોઈ કહે. સાંભળને હવે. એ દશામાં વિકલ્પ નથી. વિકલ્પથી ભિન્ન છે. એ ભિન્ન છે એની અહીંયાં ખબર નથી એને. એની ખબર નથી એને. અહીં તો ભિન્ન છે એમ બીજા એમ સમજાવે છે. એનાથી અનુભવની દશાથી રાગનો પ્રકાર અંધકાર ભિન્ન છે. આહાહા..! સમજાણું કાંઈ? શું આ વાત ચાલે છે આ તે કાંઈ? આ તો ધર્મ થવાને કાળે ધર્મની દૃષ્ટિ કેવી હોય? અને ધર્મમાં જ્ઞાન થયું જ્યારે ધર્મીના અવલંબે ભગવાન આત્માને, ત્યારે શું દશા હોય? કેવી હોય? એનું રૂપ સ્વરૂપ શું એની વાત ચાલે છે. સમજાય છે કાંઈ? કાયરના તો કાળજા કંપે એવું છે. વાંચી વાંચીને વાંચ્યા હોય ને શાસ્ત્રો. આમાં અહીં છે, આમાં

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અહીં છે. બધુંય છે સાંભળને હવે.

ભગવાન આત્મા પોતાની નિજ સંપદા કેવળજ્ઞાનાદિની સંપૂર્ણ લક્ષ્મી. કેવળ એટલે આખું જ્ઞાન પૂર્ણ. આનંદ આદિની લક્ષ્મીની જ્યાં સંપદાનો અંતર્મુખ સ્વભાવનો આદર સત્કાર થયો, એવી દૃષ્ટિના કાળમાં અને એ અનુભવના કાળમાં રાગ બિલકુલ નથી? કે બિલકુલ નથી. સમજાણું કાંઈ? આહાહા..!

'**બધાય વિકલ્પો મટે છે; તે જ કહે છે-**' એને હવે જરી શાસ્ત્રના પાઠનો લઈને અર્થ કરે છે-આધાર આપે છે. '**नयश्रीरपि न उदयति, प्रमाणमपि अस्तमेति, न विद्मः निक्षेपचक्रमपि क्कचित् याति, अपरम् किम् अभिदध्मः**' બીજું શું કહીએ કહે છે. કહે છે જરી. '**જે અનુભવ આવતાં...**' ભગવાન આત્મા પહેલાં એણે નય એક ધર્મ આ કોણ ગુણ છે એના ધર્મને, ગુણને નક્કી કરવા નયથી એણે નક્કી કર્યું હોય. પણ અનુભવમાં એ નક્કી કરવાનો એક ધર્મ એ રહેતો નથી. એ તો અખંડ અનુભવના કાળમાં એક નયને ગ્રહવાવાળો વિકલ્પ એ પણ છે નહિ. પ્રમાણ. આખી વસ્તુ આમ સિદ્ધ છે દ્રવ્ય અને પર્યાય એમ સાબિત કરવાને કાળે વિકલ્પ ઉઠતો હતો, પણ અનુભવના કાળમાં એ પણ વિકલ્પ છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? અને '**નિક્ષેપ...**' જે જ્ઞેયોના ઉપચાર ભેદો નામ, સંજ્ઞા, સ્થાપન, યોગ્યતા અને વર્તમાન પ્રગટ ભાવનું સ્વરૂપ એવું સિદ્ધ કરવા કાળે વિચાર હતો, પણ અનુભવકાળમાં એ કાંઈ રહેતું નથી. સમજાણું કાંઈ?

દાખલો આપ્યો હતો કે નહિ? માલ તોળવા વખતે. લેવો હોય માલ પાંચ શેર બરફી કે સુતરફેણી. લ્યો, ફાવાભાઈ! તમારે સુતરફેણી હોય કે નહિ? સુતરમાં આમ. સુરતમાં. સુરતની બરફી કહે છે નહિ? બેય. અને સુતરફેણી. તોળવી હોય ત્યારે કહે, ભાઈ સવા પાંચનું શેર કે છ રૂપિયાનું શેર. શું કહે છે આ? ત્રાજવા સરખા કરે. ધડો કરાવે. તોલા સરખા કરે. આ છાપ છે કે નહિ સરકારની માથે ત્રાંબુ મારેલું? પછી ખાવા વખતે? એ ત્રણ યાદ કરતો હશે?

એમ આત્મા સર્વજ્ઞ પરમાત્માએ કહેલો એક ધર્મ કેવો છે? પૂર્ણ ધર્મ કેવો છે? અને ધર્મની યોગ્યતા અને વર્તમાન પ્રગટ અને નામ, સંજ્ઞા અને સ્થાપનારૂપ કોને કહેવું એ જાણવાના પ્રસંગમાં એને એ જાતનો વિકલ્પ રાગની વૃત્તિ મનના સંગે હોય છે. સમજાણું કાંઈ? પણ '**જે અનુભવ આવતાં પ્રમાણ-નય-નિક્ષેપ પણ જૂઠાં છે,...**' ભાષા આવી છે અભૂતાર્થ. મૂળ એને અભૂતાર્થ શબ્દ વાપરવો છે બધેય. ત્યાં એને રાખીને વાતું છે. '**ववहारोऽभूदत्थो**' અભૂતાર્થ કહો, અસત્યાર્થ કહો, અસત્ય કહો કે જૂઠું કહો. શાસ્ત્રની શૈલીના શબ્દોને અવલંબીને કથન કર્યું છે. સમજાણું કાંઈ?

કહે છે, ભગવાન આત્મા. આત્મા શું છે? વસ્તુ શું છે? એનો જ્ઞાન, એના એક અપેક્ષિત ધર્મનું જ્ઞાન અને તેના નિક્ષેપ એટલે કે ભાવ પ્રગટ કહેવાય કોને? યોગ્યતા કોને કહેવાય?

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વગેરે. એની ચીજની વિચારની ધારા વખતે એ રાગમિશ્રિત વિચાર હો, પણ એ કાંઈ મૂળ વસ્તુ નથી. અંતરના સ્વભાવમાં દૃષ્ટિ થઈને અનુભવકાળમાં એ બધા નય-નિક્ષેપ-પ્રમાણ જૂઠાં છે. જૂઠાં એટલે એવો ભેદ વિકલ્પ અનુભવમાં રહેતો નથી. પ્રમાણે નક્કી કરેલું તત્ત્વ જૂઠું છે એમ નહિ. નયે નક્કી કરેલો એક એક ગુણ એ જૂઠો એમ નહિ. પણ એને જે વિકલ્પથી જે નક્કી કર્યું હતું કે આ દ્રવ્ય ને આ પર્યાય, આ એક ગુણ ને આ વર્તમાન પ્રગટ દ્રવ્યની યોગ્યતા એવા જે વિચાર રાગમિશ્રિત પહેલાં હોય છે, તે અનુભવકાળને જૂઠાં છે. એની અસ્તિ અનુભવમાં, અંતરદૃષ્ટિના વેદનકાળમાં એ રહેતા નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

આ હજી ચોથા ગુણસ્થાનની વાત ચાલે છે આ. સમ્યગ્દૃષ્ટિની. આગળ જતાં સ્થિર વિશેષ થાય એ પાંચમુ ગુણસ્થાન શ્રાવક. અને મુનિની દશા તો અલૌકિક હોય. એ તો અત્યારે સાંભળવી કઠણ પડે એવી. સમજાણું? અંદર શાંતિ... શાંતિ... શાંતિ... આનંદ, અતીન્દ્રિય આનંદ એટલો આવે કે જેને વસ્ત્ર-પાત્ર લેવાની વિકલ્પની વાસના પણ ન હોય. અને જે જંગલમાં આત્માના ધ્યાનમાં વસતા હોય એને મુનિ કહે છે. સમજાણું કાંઈ? અહીંયાં તો મુનિની દશા ચારિત્રની પ્રગટ થવાં પહેલા આત્માની પ્રાપ્તિના કાળમાં શું છે એની અહીં વાત છે. સમજાણું કાંઈ? આહાહા..! એની રીત પણ જાણી ન હોય, સાંભળી ન હોય અને કહે, અમે ધર્મી છીએ, ધર્મ કરીએ છીએ.

કહે છે કે '**અનુભવ આવતાં...**' વળી આવતાંનો અર્થ શું? વળી કોઈ કહે કે એની મેળાએ અનુભવ આવતો હશે ક્યાંકથી? એટલે કે જ્યારે ભગવાન આત્મા પોતાના સ્વરૂપનો રાગ દ્વારા નિર્ણય આદિ કરે, એને છોડીને અંતર્મુખનો અનુભવ આવે એટલે કે થાય. સમજાણું કાંઈ? એ '**પ્રમાણ-નય-નિક્ષેપ પણ...**' એનો વિકલ્પનો ભેદભાવ, એના અભેદ અનુભવની સ્થિતિમાં એ અસ્તિપણે હોતાં નથી. '**ત્યાં રાગાદિ વિકલ્પોની શી કથા?**' ભાઈએ કહ્યું છે ને બનારસીદાસે? સાધક તે બાધક છે, રાગની ક્યાં વાતું છે? એમ લખ્યું. આમાંથી કાઢ્યું. આમાંથી કાઢ્યું છે. સમજાણું? જ્યાં નય-નિક્ષેપ-પ્રમાણ પણ જ્યાં સાધકપણે નક્કી કરવા હતાં એ પણ જેના અનુભવમાં નથી તો રાગની વળી વાતું શું? દયા, દાનના પરિણામની વાતું ક્યાં છે અંદર? આહાહા..! આમાંથી જ એમણે સમયસાર નાટક બનાવ્યું. સમજાણું કાંઈ?

'**ત્યાં રાગાદિ વિકલ્પોની શી કથા?**' એટલે? કે આત્મા પરમ ભગવાન પરમાનંદની મૂર્તિ વસ્તુ, એને રાગની મિશ્રિત દશા દ્વારા જ્ઞાનમાં એ વિચાર કરવા કાળે આવો હોય, આવો આત્મા હોય ને આવો હોય, એનો એક આનંદ આવો હોય, પૂર્ણ આવો હોય, પ્રગટ દશા પ્રગટેલો ભાવ હોય તો આવો હોય અને દ્રવ્યમાં આવી યોગ્યતા હોય અને નામ સંજ્ઞા અને સ્થાપના આને કહેવાય. એવા વિકલ્પોની વૃત્તિઓ ભલે હો પહેલાં, વસ્તુના અનુભવમાં એ નથી. અનુભવની અપેક્ષાએ એ બધા જૂઠાં છે. જૂઠાં એટલે? વળી કોઈ કહે કે ત્યારે

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આ નવ તત્ત્વને મિથ્યાત્વ કહ્યું હતું. નવ તત્ત્વનો અનુભવ એને મિથ્યાત્વ કહ્યું હતું. અહીં નય-નિક્ષેપ-પ્રમાણને જૂઠાં કહ્યાં. રહ્યું શું હવે અહીંયાં?

પહેલામાં તો એમ કહી ગયા હતા. ભગવાન આત્મા એક સ્વરૂપી ચિદાનંદમૂર્તિ, એના વિચારકાળમાં નવના પર્યાયપણે નવ તત્ત્વ ભલે હો, પણ એ નવનો ભેદરૂપનો એકલો અનુભવ તે મિથ્યાદૃષ્ટિ છે. એનાથી ભિન્ન પડીને એકલો ચિદાનંદ સ્વભાવ પૂર્ણ છે તેના સન્મુખનો અનુભવ, એને સમ્યગ્દર્શન અને અનુભવ કહે છે. દ્રવ્ય-ગુણ અને પર્યાય, ઉત્પાદ-વ્યય અને ધ્રુવ, લક્ષ-લક્ષણ ભેદ પણ જૂઠાં છે એમ કહ્યું હતું ત્યાં. સમજાણું? કેમ કે ભેદ છે એ વ્યવહાર છે અને વ્યવહાર તે અસત્યાર્થ છે. અંતર અનુભવમાં એ રહેતા નથી.

એમ અહીંયાં નય-નિક્ષેપ-પ્રમાણ પણ જૂઠાં છે. સમજાણું? મહેનતું કરી હોય પ્રમાણથી, નયથી, નિક્ષેપથી આવો આત્મા. એ તો એક રાગની ભૂમિકામાં વસ્તુ બીજી રીતે સિદ્ધ ને સાબિત ન થઈ જાય એથી સર્વજ્ઞે કહેલા નયથી, પ્રમાણથી એનું જાણવાનું નક્કી કરે. પણ નક્કી કરવા છતાં એ વસ્તુના સ્વરૂપનો અનુભવ નથી એ. એ સમ્યગ્દર્શન નહિ. સમજાણું કાંઈ? ભારે વાતું!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સોનગઢનું કહેશે. આ લખેલું કોનું છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એનું ક્યાં છે? હિંમતભાઈએ ઘરનું નથી કર્યું કાંઈ. એના અર્થો છે એ પ્રમાણે વાક્યાવલી ગોઠવી સરખી. છે આ કોનું છે? રાજમલી ટીકા. 'પાંડે રાજમલ જૈન ધર્મી, સમયસાર નાટકકે મર્મી.' એમ કહેશે કે જુઓ! એમને ઠીક પડ્યું એવું કાઢ્યું આવું. એમ કહેશે. એ તો કહે. સ્વતંત્ર જીવો છે ને. કહો, સમજાણું કાંઈ? રાડ નાખે છે અંદરથી કે હાય.. હાય.. ચોથે ગુણસ્થાને આવું? અરે..! પણ ભાઈ! જ્ઞાન જ્ઞાનને પ્રત્યક્ષ જાણ્યા વિના એ ચોથું ક્યાંથી આવ્યું? અનંત સંસારનો છેદ. એક આત્મા રહ્યો દૃષ્ટિમાં. રાગ સંસાર નથી જેમાં. બંધ તો નથી પણ મુક્તની એક પર્યાય જેવડો એ નથી. એવો શુદ્ધ ચૈતન્ય પદાર્થ મહાન ધામ આત્મા, એની દૃષ્ટિ અને અનુભવ થતાં..

નય એટલે એક ધર્મને ગ્રહણ કરનારો, એક ગુણને ગ્રહણ કરનારો જ્ઞાનનો અંશ. પ્રમાણ એટલે આખા તત્ત્વને ગ્રહણ કરનારું પ્રમાણ વિકલ્પ સહિત. નિક્ષેપ ઉપચારથી જાણવાના ભેદો, એ બધા વિકલ્પનો ભાગ એ સ્વરૂપના અંતર અનુભવમાં એ બધા જૂઠાં એટલે અભૂતાર્થ છે. ધીરૂભાઈ! કોઈને તો આ સાંભળવા મળે નહિ, વિચારવા મળે નહિ. કઈ રીતે એને ક્યાં કરવું? કેમ પ્રયોગ કરવો એની ખબર ન મળે. સમજાણું?

કહેતા હતા ને શિવલાલભાઈ? બિચારા ગુજરી ગયા. શિવલાલ દેવચંદને? વકીલ. (સંવત) ૧૯૯૯માં કહેતા. જ્યાં જ્યાં સાંભળીએ. શાસ્ત્રમાં અહિંસાની વાત જાણે કે ઓહો..! હવે

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



તો દયા જ પાળીએ ભાઈ. અહિંસાનું મોટું (ચાલેલું). પણ કઈ અહિંસા એની ખબર ન હોય. આ પરની દયા પાળવી. મહા દયા એ આવી છે, પંચ મહાવ્રતનું મૂળ છે ને એ ફલાણું છે. સત્યની વાત આવે તો કહે ઓહોહો..! સત્ય તો દેવતાને પૂજ્ય છે. હરિશચંદ્ર રાજા પણ આમ થયા છે. હવે આપણે સત્ય જ બોલીએ. ચોરી ન કરવી એની વાત આવે. પાછા કોઈનું લેવું નહિ, તણખલું પણ ન લેવું આજ્ઞા વિના. તો એ કરીએ ચાલો. બ્રહ્મચર્ય પાળવાની વાત આવે તો કહે બ્રહ્મચર્ય જેવું કોઈ સુંદર ધર્મ નથી. અને એની વ્યાખ્યા આવે તો કહે ચાલો બાપા, આપણે બ્રહ્મચર્ય પાળીએ. પણ કોનું બ્રહ્મચર્ય? શરીરથી પાળવું એ તો બધા વિકલ્પની વાતું છે. અપરિગ્રહ થાય... જેમ ઘટે તેમ નિવૃત્તિ તત્ત્વ છે એમ ઘટાડો રે ઘટાડો. એ કહેતા હતા બિચારા. તપની વાત આવે ત્યારે અપવાસ આહાહા..! અપવાસ જેવો કોઈ ધર્મ છે! એ વાત આવે. ઉણોદરીની આવે તો કહે, બાપા! ખાવું ઓછું. ખાવું, ઓછું ખાવું એ મહાતપ છે. એવા વખાણ આવે તો આમ કરીએ. આમાં ક્યાંય પત્તો લાગતો નહોતો. શિવલાલભાઈ બિચારા હતા ને. દમ ચડતો. આપણે આવતા બહુ અહીંયાં. હવે ખરું. તત્ત્વ તો આ તત્ત્વ છે એને પકડવું અનુભવ એ ધર્મ છે. સમિતિની વાત આવે તો જોઈને બોલવું-ચાલવું, આમ કરવું... આમ કરવું... ઓહોહો..! સમજાણું? નવ વાડે બ્રહ્મચર્ય પાળવું. આંખ ઊંચી ન કરવી. લાવો ભાઈ એમ કરીએ ચાલો. પણ વસ્તુ શું? એ તો બધા વિકલ્પની વાતું છે. સમજાણું કાંઈ?

અન્યમાં પણ એમ થઈ ગયું ને કોઈ કહે મા-બાપની સેવા કરી. જુઓ, ફલાણાએ મા-બાપની સેવા કરી. કોણ ઓલો? શ્રવણ. જુઓ આમ કર્યું. સાંભળને! મા-બાપની સેવા કરી કોણ શકે? એ તો શુભરાગ છે. એય..! ચાલી નીકળો મા-બાપની સેવા કરવા. કહો, અહીં બેઠા છે તો ત્યાં ઓલાપણે છે સુમનભાઈ તો. સેવા કરવા તો આવતા નથી. કોની સેવા કરવી? વખાણ આવે શાસ્ત્રમાં કે મા-બાપ એ તો તીર્થરૂપ છે. પત્રમાં નથી લખતા? તીર્થપુરુષ. પૂજ્ય પિતા તીર્થપુરુષ, માતા અમારી માતાજી, તીર્થરૂપ માતાજીને અમારા પાયલાગણ કહેજો. એ તીર્થરૂપ એનું જ બહુમાન કરો. સમજાણું? અને ઘરે છોકરા આવ્યા એના પાલન કરવા. નિરાધાર એ પણ એક જગતમાં ઊંચી વાત છે. ચાલો ભાઈ એમ કરીએ. પણ એમાં શું ધર્મ ક્યાં આવ્યો? અને કેમ ધર્મ થાય એની ખબર ન મળે. રખડ્યા રખડ એમ ને એમ વિકલ્પની જાળમાં. દાનની વાત આવે તો કહે ઓહોહો..! દાન બાપા! અને પૈસા મળ્યા એનો ઉપયોગ કરવો જોઈએ. ત્યારે લોકોના આશીર્વાદ મળી જાય. પાંચ-પચ્ચીસ લાખ મળ્યા હોય તો. હવે ધૂળમાંય નથી, સાંભળને! પૈસા તારા નથી ત્યાં. એમાં મમતા કાંઈક ઘટાડ તો પુણ્ય થાય. ધર્મ-બર્મ છે નહિ. શું છે મલૂકચંદભાઈ? એવી વાત આવે તો કહે, દાન જેવો ધર્મ નહિ, શીલ જેવો ધર્મ નહિ, તપ જેવો ધર્મ નહિ. આ ભાવના કરવા જેવો ધર્મ નહિ. ચાલો ભાવના ભાવો. કઈ ભાવના પણ? રાગની અને શુભની? બાપુ! એ ચીજ નહિ,

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

એ ધર્મ નહિ.

ભગવાન આત્મા એક સમયમાં અનંત અનંત શાંતિરસનો કંદ આત્મા પૂર્ણાનંદ પ્રભુ, એ પૂર્ણનો અંતર દૃષ્ટિએ સ્વીકાર અને અંતર અનુભવ કરવો એનું નામ ધર્મ અને એનું નામ સમ્યગ્દર્શન છે. સમજાણું? હજી તો પહેલી દશા એનું નામ છે. પછી સ્વરૂપમાં ઠરવું અંદરમાં વારંવાર.. વાંરવાર.. વારંવાર એનું નામ ચારિત્ર છે. બહાર ક્રિયા-ક્રિયા માંડે એમાં ધૂળમાંય ચારિત્ર નથી. સમજાણું કાંઈ?

કહે છે કે ભગવાન આત્મા.. ભાઈ! જે પૂર્ણ પરમાત્મા પોતે. એ પરમાત્માનો જ્યાં અનુભવ થયો. વસ્તુ અપ્પા સો પરમ અપ્પા. આત્મા એ પોતે જ પરમસ્વરૂપ અને પરમાત્મા અનંતગુણનું ધામ છે, શક્તિ અને સ્વભાવરૂપે. એનો અનુભવ સમ્યક્ થયો, કહે છે કે એમાં નય-નિક્ષેપ-પ્રમાણના વિકલ્પો જૂઠાં છે. એટલે કે એમાં હોતા નથી. '**ત્યાં રાગાદિ વિકલ્પોની શી કથા?**' ત્યાં વળી દયા પાળવાનો ભાવ હશે ને રાગની મંદતાનો સત્ય બોલવાનો હશે. આવો બહુ ભક્તિ ભગવાનની જાત્રા બહુ કરી એવો ભાવ હશે માટે આ સમકિત થયું. સમજાણું કાંઈ? એ બહારના એ પ્રકારના રાગની તો શું વાત કરવી? એ તો રાગ હોતો નથી. એના પ્રમાણ અને જ્ઞાનના અંશોના ભેદ પાડીને વિચાર કરવો એ વિકલ્પ પણ એમાં નથી. સમજાણું કાંઈ?

'**ભાવાર્થ આમ છે...**' જુઓને પાછું ભાવાર્થ.. ભાવાર્થ.. પાછો છેલ્લો એકલો ભાવાર્થ નહિ. એમાં થોડું થોડું કરીને ભાવાર્થ (કરે છે). '**રાગાદિ તો જૂઠા જ છે,...**' ઓલું પાછળ કહ્યું. દયા-દાનનો ભાવ કે ભક્તિનો ભાવ, વિનયનો ભાવ એ તો જૂઠાં જ છે એટલે એ આત્માના અનુભવમાં નથી. એટલે અંતર સમ્યગ્દર્શનની પ્રતીતમાં અનુભવ થયો એમાં એ નથી. '**જીવસ્વરૂપથી બાહ્ય છે.**' એ રાગાદિ અને પુણ્યાદિનો ભાવ એ તો ક્યાંય જીવના સ્વરૂપથી બાહ્ય આઘો છે. આહાહા..! અહીંયા કહે, પરોપકાર કરો ભાઈ, પરોપકાર કરો બાપા. શેના પરોપકાર? ધૂળના? કોણ કરે પરનું? હજી અહીં તો શરીરની પર્યાયને પણ કરી શકે નહિ એ પછી કોનું પરનું કરવું છે? અહીં તો કહે છે કે એ રાગ જરી ભાગ જે પરોપકાર કરવાનો અને દયા-દાનનો આવ્યો એ જીવના સ્વરૂપથી બહાર આઘે છે. અંદરમાં નથી. આહાહા..!

'**પ્રમાણ-નય-નિક્ષેપરૂપ બુદ્ધિ દ્વારા એક જીવદ્રવ્યના...**' દેખો! ઓલું તો ઠીક, કહે છે કાંઈ નથી. પણ હવે? '**પ્રમાણ-નય-નિક્ષેપરૂપ બુદ્ધિ દ્વારા...**' જ્ઞાનની પર્યાયમાં વિચાર દ્વારા '**એક જ જીવદ્રવ્યના...**' એક જ વસ્તુ આત્મા પૂર્ણ અનંતગુણનો પિંડ, એના '**દ્રવ્ય..**' એવું જે જીવદ્રવ્ય. એના '**દ્રવ્ય-ગુણ-પર્યાયરૂપ...**' દ્રવ્ય એટલે ત્રિકાળી વસ્તુ, ગુણ એટલે અનંત શક્તિઓ, પર્યાય એટલે અવસ્થા, એવો જે વિચાર, એવો વિકલ્પ અંતર અનુભવકાળમાં એ જૂઠો છે. '**અથવા ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપ ભેદ કરવામાં આવે છે તે બધા જૂઠા છે;...**' કહો, સમજાણું કાંઈ? આત્મા એક સમયમાં અનંતગુણની પર્યાયને ઉત્પન્ન કરે છે,

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પુરાની પર્યાયને-જૂની પર્યાયને નાશ કરે છે-થાય છે અને ધ્રુવ છે. કહે છે કે એ પહેલા વિકલ્પકાળમાં ભલે હો. અંતર અનુભવની દૃષ્ટિમાં એ ત્રણના ભેદ જૂઠાં છે. એક સ્વરૂપના અનુભવમાં પોતાના અંતરના વિચારના વિકલ્પો પણ જૂઠાં છે. ઓલાની તો બહાર વાત. દયા, દાન એ તો ક્યાંય રહી ગયો. કહો, સમજાણું આમાં? ઓલા કહે, માણસો જાતા હોય અને વિશ્રામ મળે ને થોડો તો બહુ લાભ થાય. ચાલો ભાઈ એમાં કરીએ. ઓલો કહે કે અમે એક ધર્મશાળા બાંધીએ. ઓહોહો..! અને કેટલા વર્ષ સુધી રહે! હજારો વર્ષ. ચાલો એમ કરીએ. ધૂળમાંય નથી સાંભળને હવે. કોણ કરે ઈ? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અરે..! લોકોમાં ભ્રમણા તે ભ્રમણા. જગત આખું ભ્રમણાની ગાડીએ ચડી ગયું છે. આમ થાય તો કહે ઓહોહો..! એકવાર તીર્થ કરીએ, જાત્રાના સ્થળમાં જો સાધુ સારા મળી જાય. સાધુ સારા.. ત્યાં જો દાન દે તો ગણધરને દાન દેવા જેવો લાભ થઈ જાય લ્યો! ચાલો ભાઈ ત્યાં કરીએ હવે. અરે..! ભાઈ! સાંભળ તો ખરો હવે. એ તો બધો શુભરાગ, તે પણ કોઈ સાચા હોય સંત ને સાધુ તો એ શુભરાગ હોય ત્યાં. સમજાય છે? એ કાંઈ ધર્મ ને આત્માની દૃષ્ટિ અને સમ્યગ્દર્શન નથી. એ મોક્ષનો માર્ગ-બાર્ગ નથી. આહાહા..! રાડ નાખી જાય કે નહિ આ?

એક પગે ઊભા રહેવા જેવું તપ નહિ. અમારે આવ્યો હતો પાલેજમાં. અમે હતા ને પાલેજમાં. હું હતો ને ત્યારે. ધર્મશાળા નહિ ઓલી? નાનાભાઈની ધર્મશાળા બહાર. ત્યાં બાર વર્ષથી ઊભો હતો એક બાવો. બાર વર્ષથી. થોડીવાર આવ્યો હતો. આમ ઊભો હતો ને આમ બાંધી હતી. હાથ નાખીને એમ ને એમ ઊભો રહે, બસ. પેશાબ પણ ઊભા ઊભા, ખાવું પણ ઊભા ઊભા બધું. બાર વર્ષથી. ઓહોહો..! બાપા ઊભા ઊભા! એના જેવી કાંઈ તપસ્યા કહેવાય? મરી જાને ઊભો કોણ (રહે)? એ તો જડ શરીર છે. સમજાણું કાંઈ? અંદર આત્મા એક સમયમાં પૂર્ણ અખંડાનંદ પ્રભુ એને નિર્ણય કરવાના વિકલ્પની વાસના પણ દૃષ્ટિના વિષયમાં રહે નહિ. દૃષ્ટિના વિષયમાં તો રહે નહિ ને દૃષ્ટિમાં રહે નહિ. દૃષ્ટિના વિષયમાં તો નથી. આહાહા..! સમજાણું કાંઈ? દૃષ્ટિનો વિષય જે અખંડ એમાં તો નથી. પણ એ દૃષ્ટિ અને દૃષ્ટિકાળે અનુભવની જ્ઞાનની પર્યાય એમાં એ વિકલ્પ નથી. એમ અહીં સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ?

'તે બધા જૂઠા છે;...' પાછી ભાષા ત્રણમાં બધે વાપરી બધા.. બધા. સાંભળને! બધા જૂઠાં છે. બધા જૂઠા હોય તો કેવળજ્ઞાન (હોવું જોઈએ). હવે સાંભળને, કેવળજ્ઞાન છે. એકલા જ્ઞાનનું જ્ઞાન થઈ ગયું એકાકાર એ કેવળજ્ઞાન અલ્પકાળમાં લેશે. સમજાય છે કાંઈ? અને એ અંતરના એકાકારની દશા દ્વારા લેશે. વચ્ચે વિકલ્પ આવશે વ્રતાદિના એના દ્વારા નહિ, નહિ ને નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**'આ બધા જૂઠા થતાં જે કંઈ વસ્તુનો સ્વાદ છે તે અનુભવ છે.'** દેખો! વસ્તુ એટલે આનંદકંદ પ્રભુ આત્મા, અતીન્દ્રિય આનંદની મૂર્તિ એ ધ્રુવ છે. એનો સ્વાદ અંદર આવવો આનંદનો, જેમાં વિકલ્પના રાગનો સ્વાદ નથી. એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? એ આત્માના આનંદનો સ્વાદ આવવો. સ્વાદ આવવો. સ્વાદ કેવો હશે? વળી આ દૂધપાક જેવો હશે? દૂધપાકનો સ્વાદ કેદી હતો? એ વખતે વિકલ્પ આવ્યો એનો સ્વાદ માન્યો રાગનો. લાડવાનો સ્વાદ આવતો હશે? કાલે ખાધા હશે કે નહિ લાડવા ને ભજીયા ને. કોણ ખાય? ત્રણ કાળમાં આત્મા ખાઈ શકે નહિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કરે કોણ અને કોને કરે? એને કાળે થયા. એ સવારમાં ન આવ્યું? પુદ્ગલની પર્યાયની સક્રિય અવસ્થાને સક્રિય અવસ્થા થાય છે. બીજો આત્મા એને કરી શકતો નથી. એ તો હજી વ્યવહારમાં જાય છે. આહાહા..! અનંત પરમાણુના હોવાપણાનો અનંતપણાનો સ્વીકાર એમાં ભેળસેળ કરે તો અનંતનો સ્વીકાર રહેતો નથી. ભારે વાત ભાઈ! આ તો મોક્ષના માર્ગ છે. એ તો અલૌકિક માર્ગ હોય ને. સાધારણ કહે એવા હોય તો તો દુનિયા અનંતવાર કરે છે એવું. સમજાણું કાંઈ?

**'આ બધા જૂઠાં થતાં...'** પણ પછી રહ્યું શું? કહે છે. નય-નિક્ષેપ-પ્રમાણના વિકલ્પો નથી, નવ તત્ત્વના નથી, ઉત્પાદ-વ્યય-ધ્રુવના નથી, દ્રવ્ય-ગુણ-પર્યાયના નથી. **'જે કંઈ વસ્તુનો સ્વાદ છે...'** એ આત્મા અતીન્દ્રિય આનંદનો રસ, એના અનુભવમાં આનંદનું વેદન રહ્યું એને અનુભવ કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ?

વસ્તુ વિચારત ધ્યાવતૈં મન પામે વિશ્રામ,
રસ સ્વાદત સુખ ઉપજે અનુભવ તાકો નામ.

એ આમાંથી જ ભાઈએ લીધું છે. બનારસીદાસે. બનારસીદાસ. 'વસ્તુ વિચારત ધ્યાવતેં...' ભગવાન આત્મા એનું પહેલા જ્ઞાન કરીને એને વિચારમાં લઈ 'વસ્તુ વિચારત ધ્યાવતેં, મન પામે વિશ્રામ.' મનના વિકલ્પો ત્યાં વિશ્રામ પામી જાય છે. 'રસ સ્વાદત...' એ આત્માના આનંદના રસનો સ્વાદ આવે 'અનુભવ તાકો નામ.' એને અનુભવ કહેવામાં આવે છે અને એ અનુભવ મોક્ષનો માર્ગ છે. એ સિવાય કોઈ ધર્મ અને મોક્ષનો માર્ગ નથી. આહાહા..! કહો, તુરખિયા! તમારે ત્યાં એડનમાં છે આ? નથી. વાત ક્યાં છે? સંપ્રદાયને ખબર નથી ત્યાં વળી આ વાત.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એ ઠીક છે. જૂના લાકડા ગરી ગયા ન હોય. રળવા ગયા હોય. કહો, સમજાણું આમાં?

**'કંઈ વસ્તુનો સ્વાદ છે...'** કીધું ને?

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


વસ્તુ વિચારત ધ્યાવતૈં મન પામે વિશ્રામ,
રસ સ્વાદત સુખ ઉપજે અનુભવ તાકો નામ.

ઈ આ. હવે એની વ્યાખ્યા કરે છે. પ્રમાણ. **‘પ્રમાણ’** એટલે **‘યુગપદ્ અનેક ધર્મગ્રાહક જ્ઞાન;...’** વ્યાખ્યા કરે છે. એવા વિકલ્પો ત્યાં નથી એમ કહેવું છે. પ્રમાણ એને કહીએ કે એક સાથે અનંતા ગુણ અને દ્રવ્યની પર્યાયને જાણે એકસાથે એનું નામ જ્ઞાન. પ્રમાણ એટલે એકસાથે. યુગપદ્ એટલે એકસાથે **‘અનેક ધર્મગ્રાહક...’** એટલે આખા દ્રવ્યના ગુણ ને પર્યાય બધાને જાણે જ્ઞાન **‘તે પણ વિકલ્પ છે.’** એ પણ એક રાગનો ભાગ છે. અનંતા આવા ગુણો ને આ પર્યાય, આ દ્રવ્ય ને પર્યાય બે એવું પ્રમાણ એ પણ વિકલ્પાત્મક જ્ઞાન છે. રાગવાળું, વિકલ્પની વાસનાવાળું એ પ્રમાણ છે.

**‘નય’ ‘વસ્તુના કોઈ એક ગુણનું ગ્રાહક જ્ઞાન;...’** આત્માના એક ગુણ ઉપર લક્ષ જાય કે આ આનંદ છે, આ જ્ઞાન છે, એવા એક ગુણને ગ્રહણ કરનાર, લક્ષ કરનાર એ પણ નય રાગવાળું જ્ઞાન છે. **‘એ પણ વિકલ્પ છે.’** રાગ છે. **‘નિક્ષેપ’ ‘ઉપચારઘટનારૂપ જ્ઞાન;...’** ઉપચારરૂપ છે. જ્ઞેયના ભાગ પાડવા કે આ નામ છે, આ સ્થાપના છે. સમજ્યાને? આ યોગ્યતા છે દ્રવ્ય. અનંતગુણવાળું યોગ્યતાવાળું દ્રવ્ય છે અને પ્રગટ પર્યાય છે. કેવું? **‘તે પણ વિકલ્પ છે.’** એવા ભેદ પાડીને વિચારમાં રોકાવું નિક્ષેપના એ પણ એક વિકલ્પ છે.

**‘ભાવાર્થ આમ છે કે અનાદિ કાળથી જીવ અજ્ઞાની છે,...’** અનાદિ કાળથી જીવ અજ્ઞાની છે. કહે છે કે આવા વચ્ચે આવે છે.. **‘જીવસ્વરૂપને નથી જાણતો.’** ભગવાન આત્માનું સ્વરૂપ એને જ્ઞાનમાં છે નહિ. અનાદિ કાળથી શું આત્મા? કોને કહેવો આત્મા? એની એને અનાદિ કાળથી ખબર નથી. **‘તે જ્યારે જીવસત્ત્વની પ્રતીતિ આવવી ઈચ્છે...’** એ જ્યારે જીવનું સત્ત્વ એટલે જીવનું હોવાપણું, એની પ્રતીતિ લાવવા માગે **‘ત્યારે જેવી રીતે પ્રતીતિ આવે તેવી જ રીતે વસ્તુસ્વરૂપ સાધવામાં આવે છે.’** વસ્તુનું સ્વરૂપ સાધક સાધ્યપણે નય પ્રમાણથી લક્ષમાં લઈને સાધી શકે. આ વસ્તુ આવી જ હોય. એક પર્યાયનો ધર્મ અનંત ગુણને, અનંત દ્રવ્યને અને પરને જાણે એવો ધર્મ છે. એક દ્રવ્યમાં તો એવી એવી પર્યાયનો પાર નહિ અપાર એવું આખું દ્રવ્ય છે. ગુણો પણ અનંત છે. એક એક ગુણમાં અનંતી પર્યાયનો સમૂહ અને બીજું અનંત સામર્થ્ય છે. એવું વસ્તુને સિદ્ધ કરવા, સાબિત કરવા, એવી સત્તાનું હોવાનું સાબિત કરવા સાધકપણે એવા વિકલ્પનું જ્ઞાન આવે છે. સમજાણું કાંઈ? નહિતર વીતરાગ સર્વજ્ઞ શું કહે છે? અન્ય શું કહે છે? એના આંતરા પાડવાના જ્ઞાન આવા આવ્યા વિના રહેતા નથી. એમ ને એમ માનો આત્મા... આત્મા... આત્મા.. એમ નહિ, કહે છે. આત્મા-આત્મા બધા કરે છે. હમણાં અનુભવ થઈ ગયો છે ને. આત્મા આત્મા. આત્મા કહે છે આત્મા કહે છે. એવી જ વાતું કરે છે બધા. પણ ભાઈ! ખબર નથી તમને એ આત્મા કોને કહેવો અને એને પણ ખબર નથી હજી કહેનારને.

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

સમજાણું કાંઈ?

એ જીવનું હોવાપણું. સત્ત્વ લીધું છે ને? જીવની પ્રતીતિ એમ નથી લીધું. જીવનું સત્ત્વ-એનું હોવાપણું જે રીતે દ્રવ્યરૂપે, ગુણરૂપે, પર્યાયપણે, સામાન્યપણે, વિશેષપણે છે એવી જ **'પ્રતીતિ આવવી ઈચ્છે ત્યારે જેવી રીતે પ્રતીતિ આવી તેવી જ રીતે વસ્તુસ્વરૂપ સાધવામાં આવે છે. તે સાધના ગુણ-ગુણીજ્ઞાન દ્વારા થાય છે,...'** ગુણી આત્મા, એનો આ જ્ઞાનગુણ, એના અનંતા ગુણો, આ એની અનંતી પર્યાય, એ ગુણીના ગુણના ભેદ દ્વારા એ વસ્તુને નિર્ણય કરી શકાય છે. એ વિકલ્પવાળા નિર્ણયની વાત છે હોં!

**'સાધના ગુણ-ગુણીજ્ઞાન દ્વારા થાય છે,...'** એ સાધના ગુણ અને ગુણીનું જ્ઞાન. પાછું એમ ને એમ આત્મા આત્મા એમ નહિ. આત્મા વસ્તુ ગુણી છે, એના અનંતા ગુણો છે અને પર્યાય પણ એની પર્યાય ભેદ છે. એ બધું પ્રતીતિમાં વાસ્તવિક જેવું એનું સ્વરૂપ સર્વજ્ઞે કહ્યું અને એવું છે. એવું એણે પહેલું સાધવું જોઈએ. તોળીને નક્કી કરવું જોઈએ. સમજાણું?

**'બીજો ઉપાય તો કોઈ નથી.'** સમજાણું કાંઈ? બીજો તો કોઈ ઉપાય નથી. આત્માને એ રીતે ગુણો છે, કઈ રીતે દ્રવ્ય કહેવાય, એને ને એને એકરૂપે, એને ને એને અનેકરૂપે, એને ને એને અવસ્થામાં ભિન્ન ભિન્નરૂપે અવસ્થાઓ એ કઈ રીતે છે? એનું એણે જ્ઞાન પહેલાં જાણપણું સાધીને નક્કી કરવું જોઈએ. **'બીજો ઉપાય તો કોઈ નથી.'** એવો વિકલ્પ તો વચ્ચે જાણવા માટે આવ્યા વિના (રહેતો નથી). વસ્તુ બીજાથી જેવી રીતે ભિન્ન છે એવી રીતે આ ઉપાય વિના સાબિત થાય નહિ. સમજાણું કાંઈ?

**'તેથી વસ્તુસ્વરૂપને...'** ભગવાન આત્માનું સ્વરૂપ, એનું **'ગુણ-ગુણીભેદરૂપ વિચારતાં...'** એની પર્યાય, પર્યાયવાનનો ભેદ-વિચાર, ગુણ-ગુણીનો ભેદનો વિચાર, એકરૂપ અનેકરૂપનો વિચાર કરતાં **'પ્રમાણ-નય-નિક્ષેપરૂપ વિકલ્પો ઊપજે છે.'** એવો વિકલ્પ નામ રાગની વૃત્તિ એ વખતે સમજવા માટે આવે છે. આવે છે પહેલું. **'તે વિકલ્પો પ્રથમ અવસ્થામાં ભલા જ છે...'** જાણવા કાળમાં એ ભલે વૃત્તિ હો. **'તોપણ સ્વરૂપમાત્ર અનુભવતાં જૂઠા છે.'** સમજાણું કે નહિ? ડાકુ જાય એ માલ તોળી તોળીને લેતા હશે?

મુમુક્ષુ :- એને મફત આવે શું તોળે?

ઉત્તર :- એમ ને એમ નહોતા કાંઈક ભાઈ નરભેરામભાઈ. આવ્યા તો કહે ઉપાડવા માંડ્યા એકદમ. ઘઉં મણ ને બે મણ ને પાંચ મણ લઈને ચાલવા મંડ્યો. શું કહેવાય? દરોડો. ભાગે. ત્યાં ક્યાં તોળવું હતું? ક્યાં ભાવ પૂછતા હતા? આ વાણિયા ભરીને બેઠા છે ને ઘરે ભૂખ્યા મરીએ છીએ. લેવા જ મંડ્યા સડેડાટ. જે ભાળ્યું એ દુકાનમાં આવ્યું એ. એ લૂંટારા કહેવાય. એ કાંઈ શાહુકાર કહેવાય?

એમ આત્મા એની વખારમાં કેટલા ગુણો કઈ જાતના? એની પર્યાય શું? એનું એકરૂપ

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


શું? અનેકરૂપ શું? વાસ્તવિક સમજ્યા વિના લૂંટવા માંડ્યા આત્મા, જાવ આત્માનું કરો ધ્યાન. એમ ન ચાલે કહે છે. કહો, જયંતિભાઈ! વખાર લૂંટો. શી રીતે લૂંટશો પણ? આ માલ કેવો છે? ખપે એવો છે કે નહિ? કોણ છે? શું છે? સડેલો છે કે નહિ? નક્કી કરશે કે નહિ? એકલા બિયાંના કોથળા પડ્યા હોય તો બિયાં લઈને ભાગતા હશે? તપાસ કરે. અહીં કહે છે, એ ડાકુ નહિ. અહીં તો જોઈને બાપા! જો આ દાળ છે. આ તુવેરની દાળ જુઓ. આ મોંઘી છે, ઊંચી છે એમાં જુઓ. એમાં ભેળસેળ પણ નથી. શું કહેવાય? ઓલી બીજી દાળ નાખે છે ને એમાં ભેળસેળ નાખે છે. ..ની દાળ. અમારે ત્યાં પાલેજમાં ..ની દાળ બહુ થાય. ગાંઠિયા-સેવ બધું ..નું જ થાય. .. કાઠિયાવાડી રહેતા એટલે કોકદી કરે એવું. ચણાની.. ..ની બહુ. એવી ભળે કે જુદી ન પડે. આ એવું ભેળસેળ (નથી). નક્કી કરવું જોઈએ કે ભાઈ આમાં શું કેટલા આમાં? એમ આત્મામાં આ પુણ્ય-પાપનો વિકલ્પ શું છે ભેળસેળ? વસ્તુ કેવી છે? એવું સર્વજ્ઞ પરમાત્મા કેવળજ્ઞાનીએ કહેલો આત્મા. એને પ્રમાણ-નય-નિક્ષેપથી પહેલો જાણવો જોઈએ. એમ જાણ્યા વિના અનુભવ થાય ને ધ્યાન થઈ જાય એમ ન થાય.

'**તે વિકલ્પો પ્રથમ અવસ્થામાં ભલા જ છે...**' પ્રથમનો અર્થ એવો ભાવ આવે છે એમ. ત્યારે એને પ્રથમ કહેવામાં આવે છે. જુઓ આ પહેલું આવ્યું આ. ભાઈ! એ એવું આવે છે. એ વિના... જ્ઞાનની શક્તિ અનંત છે જેમાંથી કેવળજ્ઞાન (થાય) છે. આનંદની શક્તિ અનંત છે જેમાંથી અનંત આનંદ આવે. એક એક ગુણનું અનંત સામર્થ્ય અને એક એક ગુણની ત્રિકાળી પર્યાયનો અવસ્થા-અંશ થાય. એવી વસ્તુને સિદ્ધ કરવા એ જ રીતે પ્રમાણ-નય-નિક્ષેપથી એને સાધવી જોઈએ. સમજાણું કાંઈ? એવો ભાવ આવે.

'**તોપણ સ્વરૂપમાત્ર અનુભવતાં જૂઠા છે.**' અંતરમાં જે ચીજ જાણી હતી એના અનુભવમાં અંતરમાં જતાં એ ભેદનો વિકલ્પ ત્યાં રહેતો નથી. કહો, સમજાણું કાંઈ? જૂઠા છે. જૂઠા. એ ૯ કળશ થયા.

હવે ૧૦મો. ૧૪માનો ઉપોદ્‌ઘાત છે. નહિ? ૧૪મી ગાથાનો ઉપોદ્‌ઘાત. અને ઓલી પછીની છે. આહાહા..! ભારે વાત પણ. કળશમાં કળશમાં તો કળશ જ નાખ્યા છે. અમૃતચંદ્ર છે ને? એકલા અમૃત ભર્યા છે કળશમાં. ટીકામાં તો જરી વિસ્તાર કરીને કરવું હોય, એમાં કળશમાં પદ્યની અંદરમાં ઘણું ગંભીરપણે આવે એવા કળશો છે. એવા કળશો છે. સમજાણું કાંઈ? ભગવાન જ્યારે જન્મે ત્યારે ૧૦૦૮ કળશે નવરાવે છે ને? એમ આ આત્માને ૨૭૮ કળશે સાફ કરી દીધો છે. સમજાણું કાંઈ? ૨૭૮ કળશ અલૌકિક છે!

મુમુક્ષુ :- કળશ..

ઉત્તર :- કળશ પૂજનિક આત્મા પૂજનિક છે. એ તો બહારની ચીજ છે.

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


(ઉપજાતિ)

आत्मस्वभावं परभावभिन्न-
मापूर्णमाद्यन्तविमुक्तमेकम्।
विलीनसंकल्पविकल्पजालं
प्रकाशयन् शुद्धनयोऽभ्युदेति।।१०।।

ખંડાન્વય સહિત અર્થ :- ''शुद्धनयः अभ्युदेति'' (शुद्धनयः) નિરુપાધિ જીવવસ્તુસ્વરૂપનો ઉપદેશ (अभ्युदेति) પ્રગટ થાય છે. શું કરતો થકો પ્રગટ થાય છે? ''एकम् प्रकाशयन्'' (एकम्) શુદ્ધસ્વરૂપ જીવવસ્તુને (प्रकाशयन्) નિરૂપતો થકો. કેવું છે શુદ્ધ જીવસ્વરૂપ? ''आद्यन्तविमुक्तम्'' (आद्यन्त) સમસ્ત પાછલા અને આગામી કાળથી (विमुक्तम्) રહિત છે. ભાવાર્થ આમ છે કે શુદ્ધ જીવવસ્તુનો આદિ પણ નથી, અંત પણ નથી. જે આવું સ્વરૂપ સૂચવે તેનું નામ શુદ્ધનય છે. વળી કેવી છે જીવવસ્તુ? ''विलीनसंकल्पविकल्पजालं'' (विलीन) વિલય થઈ ગયા છે (संकल्प) રાગાદિ પરિણામ અને (विकल्प) અનેક નયવિકલ્પરૂપ જ્ઞાનના પર્યાય જેને એવી છે. ભાવાર્થ આમ છે કે સમસ્ત સંકલ્પ-વિકલ્પથી રહિત વસ્તુસ્વરૂપનો અનુભવ સમ્યક્ત્વ છે. વળી કેવી છે શુદ્ધ જીવવસ્તુ? ''परभावभिन्नम्'' રાગાદિ ભાવોથી ભિન્ન છે. વળી કેવી છે? ''आपूर्णम्'' પોતાના ગુણોથી પરિપૂર્ણ છે. વળી કેવી છે? ''आत्मस्वभावं'' આત્માનો નિજ ભાવ છે. ૧૦.

## કલશ-૧૦ ઉપર પ્રવચન

(ઉપજાતિ)

आत्मस्वभावं परभावभिन्न-
मापूर्णमाद्यन्तविमुक्तमेकम्।
विलीनसंकल्पविकल्पजालं
प्रकाशयन् शुद्धनयोऽभ्युदेति।।१०।।

ઓહોહો..! ભર્યા છે તે શબ્દોમાં એકલા ભાવ. સમજાણું? આ નિશ્ચય સમ્યગ્દર્શનની વાત છે, હોં! નિશ્ચય એટલે સત્ય સમ્યગ્દર્શન. અનુભવમાં થયેલી પ્રતીતની વાત છે આ. સમજાણું કાંઈ? રાજા, મહારાજા, ચક્રવર્તીઓને પણ એ સમ્યગ્દર્શન થાય. છ ખંડમાં રહેલા રાજા. નિશ્ચય સમ્યગ્દર્શન હોય છે. હોય રાગાદિ ભલે. એ ક્રિયાઓ ભલે હોય. જાણે છે. મારા અસ્તિત્વમાં રાગ નથી અને મારી મોજૂદગીમાં પર ક્રિયા થાતી નથી અને મારી મોજૂદગીને લઈને પર ક્રિયા થાતી નથી. સમજાણું કાંઈ?

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**'शुद्धनयः अभ्युदेति' '(शुद्धनयः)'** એટલે **'નિરુપાધિ જીવવસ્તુસ્વરૂપનો ઉપદેશ પ્રગટ થાય છે.'** એમ કહે છે. હવે ઉપદેશ પ્રગટ થાય છે. સમજાણું? ભગવાન આત્મા શુદ્ધ જીવસ્વરૂપ, પૂર્ણ જીવસ્વરૂપ વસ્તુ. જીવવસ્તુસ્વરૂપ. વસ્તુ છે ને? જીવવસ્તુ. અનંતગુણ વસેલા, અનંતી પર્યાય વસેલી અંદર. એવી જે વસ્તુનો **'ઉપદેશ પ્રગટ થાય છે.'** દેખો અહીં શુદ્ધનયનો અર્થ એ કર્યો. ઓલો **'शुद्धनयः'** આ વસ્તુસ્વભાવને સ્વભાવની દૃષ્ટિએ જોતાં એમ કહ્યું હતું. જે ઠેકાણે જરૂર હોય, એ ઠેકાણે એ અર્થ થાય ને.

**'શું કરતો થકો પ્રગટ થાય છે?' 'एकम् प्रकाशयन्' '(एकम्)' 'શુદ્ધસ્વરૂપ જીવવસ્તુને...'** એકલો શુદ્ધ સ્વરૂપ પરથી બદ્ધસ્પૃષ્ટથી રહિત. એ રાડ નાખે છે. કાલે જ આવ્યું હતું એ. અરે.. ભગવાન! ભાઈ! એ બદ્ધસ્પૃષ્ટ છે એ તો નિમિત્ત-નૈમિત્તિક સંબંધનું જ્ઞાન કરવા માટે છે. વસ્તુ સ્વરૂપમાં આ ક્યાં હતું પણ? આહાહા..! વિકલ્પનો જ્યાં અવકાશ નથી ત્યાં વળી કર્મના જડ મોટા બંધના જડ એ ગરી ગયા છે આત્મામાં? ઓહોહો..! પણ એણે ત્યાં સાંભળ્યું નથી. એનું વીર્ય કામ કરે નહિ. આ વીર્યને એમ થઈ જાય પામર. અરરર..! આ બંધાયેલા છીએ ને. પણ હવે બંધાયેલા... હવે તારે જાણવું છે કે નહિ? છૂટવું છે કે નહિ? પરમ ઉપકારી ભગવાન કહે છે, આઠ કર્મને લઈને રખડ્યો છે. અરે..! ભગવાન આમ કહે છે ને. આઠ કર્મના બંધનથી આત્મા રખડે છે. અહીં કહે છે કે તારા અજ્ઞાનભાવથી તું રખડે છો. જડને લઈને નહિ. અને તે અજ્ઞાનનો વિકલ્પનો ભાવ પણ તારા સ્વરૂપમાં નથી. એનાથી રહિત છે. સમજાણું કાંઈ?

પોરબંદરનો દાખલો નહોતો આપ્યો પાવૈયાનો? પાવૈયા લશ્કરમાં ગયા એ તે કાંઈ સહન કરી શકે પોલીસ? જામનગર. શું કહ્યું ત્યારે પહેલું? પોરબંદર. જામનગર. જામનગર દરબાર પાસે લશ્કર રાખ્યું હશે ઘણું. પાવૈયા હતા પહેલા. ભાઈ પણ ત્યાં પાવૈયાની શેરીમાં રહેતા ને. ગોંડલમાં. એવા બહુ હતા ભાઈ, એ વખતે પાવૈયા. પાળિયાદ હતા. પાળિયાદમાં મઠ હતા. મકાન બહુ કરેલા. બધે ઠેકાણે હતું. હવે કોણ જાણે શું થઈ ગયું. એ પાવૈયા ઘણા હતા જામનગરના. પછી ઓલા લશ્કરના માણસો બહુ... જામસાહેબ! અન્નદાતા! આ અમને ખીચડા તો આપો છો ખાવાના. એ કરતાં લશ્કરમાં ભેળવો ને. પણ તમારા કામ નહિ. અરે..! ભેળવો તો ખરા. અમે મોટા લઠ જેવા છીએ કેવા આમ દેખાવમાં આમ. બંધુક મોટા લૂગડા પહેર્યા હોય, જાડા શરીર જાડા સરખા. કારણ કે વીર્ય-બીર્ય એને કાંઈ જાતું ન હોય ને એમ ને એમ નપુંસક હોય પાવૈયા-હીજડા. ભાઈ નાખો ને. નાખ્યા. એમાં રાજા એક ચડી આવ્યો માથે. ગાયુ વાળતા એ વખતે ગાયું. અને કહે જાવ. ગયા. ભાગ્યા ઓલા હોં ભાગ્યા. મોટા લઠ જેવા, ઘોડા મોટા ને. એમાં ઓલો ભેળો આવ્યો નદીનો ભેળો ઉતરવાનો કાંઈક. એમાં એની ભાષા બોલ્યા પાવૈયા એની. એ અદા આમ છે. ઓલા બધા કહે આ હીજડા છે. પાછા વાળ્યા. ભાગ્યા. વિભા તારા ખીચડા ખાઈએ અને ગીતડા ગાઈએ. બાપુ!


Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

અમારું કામ નહિ. કહ્યું નહોતું તમને?

અહીં આચાર્ય કહે છે કે પાવૈયાઓ, જેનું નપુંસક વીર્ય છે. જેને રાગ અને પરથી ભિન્ન માનવાનું વીર્ય કામ કરતું નથી. એને નપુંસક કહ્યા છે. આહાહા..! શાસ્ત્રમાં હજી તો કર્મબંધથી રહિત એને માનવો કઠણ પડે છે. અહીં તો કહે છે, વિકલ્પ રાગ જે છે પુણ્યનો દયા, દાનનો આદિ. એનાથી ભિન્ન છે એમ ન માન તો નપુંસક, પાવૈયો, હીજડો છો. તારા ચૈતન્યના સૂર્યના તેજ તને ગોઠતા નથી અને એક રાગની મંદતા કે વિકલ્પની વાસના તને રુચિ અને પોષણ થઈ ગઈ છે? સમજાય છે? તારું વીર્ય નપુંસક છે એમ ભગવાન પોકાર કરે છે. સમજાણું કાંઈ?

**'શુદ્ધસ્વરૂપ જીવવસ્તુને નિરૂપતો થકો.'** જુઓ! પ્રકાશ.. ઉપદેશ કરવો છે ને? સમજાણું? કથન કરે છે હવે. આ શુદ્ધજીવસ્વરૂપ રાગથી, કર્મના બંધથી, ભેદથી રહિત છે એવી આ શુદ્ધનય હવે કથન કરીને પ્રગટ થાય છે. હવે કેવો છે આત્મા? કેવો છે આત્મા? એની વિશેષ વ્યાખ્યા આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)



Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વીર સંવત–૨૪૯૧, ફાગણ વદ ૩, શનિવાર,
તા. ૨૦–૩–૧૯૬૫, કલશ–૧૦–૧૧
પ્રવચન નં. ૧૪

ટીકા. જીવ અધિકાર. શ્લોક ૧૦મો છે ૧૦મો. પાનું ૧૨. શ્લોક ૧૦મો. ફરીને જુઓ. **'शुद्धनयः अभ्युदेति'** એ પહેલો શબ્દ છે. **'शुद्धनयः'** એટલે? **'નિરુપાધિ જીવવસ્તુસ્વરૂપનો ઉપદેશ પ્રગટ થાય છે.'** આ આત્મા અનંતગુણથી શુદ્ધ સ્વરૂપે બિરાજમાન પદાર્થ છે આત્મા. એને શુદ્ધનયનો જે વિષય આત્મા એ શુદ્ધનય પ્રગટ ઉપદેશ કરે છે કે આત્મા નિરુપાધિ સ્વરૂપ છે. એને શરીર, વાણી, મનની તો ઉપાધિ નથી પણ, આગળ કહેશે નિરુપાધિના ઘણા પ્રકાર, એમાં સંકલ્પ વિકલ્પ આદિના ભાવ પણ એનામાં નથી. એવો જે આત્મા એને આ શુદ્ધનય પ્રગટ કરીને પ્રકાશે છે. કહો, સમજાય છે?

**'अभ्युदेति' 'પ્રગટ થાય છે. શું કરતો થકો પ્રગટ થાય છે?' 'एकम् प्रकाशयन्' 'શુદ્ધસ્વરૂપ જીવવસ્તુને નિરૂપતો થકો.'** અહીં એ રીતે લીધું છે. વસ્તુ આત્મા એક સમયમાં તદ્દન શુદ્ધ આનંદકંદ જ્ઞાયક આત્મા છે. એને આ શુદ્ધનય પ્રગટ ઉપદેશ કરીને બતાવે છે. એવા આત્માનું તું શરણ લે, એનો આશ્રય કર, એનું અવલંબન લે તો તને શાંતિ, સુખ અને આનંદ થાય. સમજાણું કાંઈ? ત્યાં સુધી તો આવ્યું હતું કાલે.

**'કેવું છે શુદ્ધ જીવવસ્વરૂપ?'** કેવો છે આ આત્મા અંદર? શુદ્ધસ્વરૂપ, હોં! પુણ્ય-પાપના રાગ વિનાનો તેને આત્મા કહીએ. કેમ કે શરીર, વાણી, કર્મ કાંઈ આત્મા નથી, એ તો અજીવ છે, જડ છે. અંદર પુણ્ય-પાપના ભાવ થાય એ આસ્રવતત્ત્વ છે. એ આસ્રવ અને અજીવતત્ત્વથી ભિન્ન વસ્તુ એવો જે આત્મસ્વભાવ અથવા જીવ, એને પ્રગટ કરે છે. કેવો પ્રગટ કરે છે? **'आद्यन्तविमुक्तम्' 'સમસ્ત પાછલા અને આગામી કાળથી રહિત છે.'** ગયા કાળ અને ભાવિ કાળ એનામાં નથી. એ તો વસ્તુ ત્રિકાળ અખંડાનંદ છે. ભૂતકાળમાં આદિ હતી અને ભવિષ્યમાં અંત એવું એમાં નથી. આદિ-અંત વિનાનો વસ્તુ સ્વભાવ છે. સત્ સત્તા હોવાવાળો પદાર્થ જ્ઞાન, આનંદ આદિથી ભરેલો ભંડાર, એવો આત્મપદાર્થ એને આ શુદ્ધનય પ્રગટ કરીને બતાવે છે કે આ આત્મા. સમજાય છે કાંઈ?

એ **'आद्यन्तविमुक्तम्' 'ભાવાર્થ આમ છે કે શુદ્ધ જીવવસ્તુનો આદિ પણ નથી, અંત પણ નથી.'** વસ્તુ છે આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ એની શરૂઆત પણ ક્યાંથી હોય? છે એની શરૂઆત શું? છે એનો અંત શું? છે, છે ને છે. **'આગામી કાળથી રહિત છે.'** અથવા **'આદિ પણ નથી, અંત પણ નથી. જે આવું સ્વરૂપ સૂચવે તેનું નામ શુદ્ધનય છે.'** જે શુદ્ધનય જ્ઞાનનો અંશ નિર્મળ આવા આત્માને પ્રગટ કરે છે અથવા એવા આત્માનો

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આશ્રય લે છે. કહો, સમજાણું આમાં? આ તો ગૃહસ્થાશ્રમમાં રહેલા બાયડી, છોકરા, કુટુંબમાં હતા એણે આ અર્થ કર્યો છે લ્યો! પાઠના કળશોમાં ભરેલા ભાવ ખુલ્લા મૂક્યા છે કે આમ વસ્તુ છે એ શુદ્ધનય આમ કહે છે. તારે જોવાનું હોય તો એ ચીજ છે શુદ્ધ એને જોવાનું છે. સમજાણું કાંઈ? એ સૂચિત કરે છે કે આ સ્વરૂપ આત્મા પૂર્ણ આનંદ એ અસ્તિ પછી કહેશે. અહીં તો રાગરહિત આદિ, અંત વિનાની ચીજ, ઉપાધિ વિનાની, આદિ-અંત વિનાની ચીજ એવી આત્મા ચીજ વસ્તુ એને શુદ્ધનય જ્ઞાન બતાવે છે, પ્રગટ કરે છે, સૂચિત કરે છે.

હવે કહે છે કે '**વળી કેવી છે જીવવસ્તુ?**' '**विलीनसंकल्पविकल्पजालं**' જેમાં '**વિલય થઈ ગયા છે રાગાદિ પરિણામ...**' સંકલ્પ. ભગવાન આત્મા એવી ચીજ છે કે એના આનંદ અને જ્ઞાનસ્વભાવમાં દૃષ્ટિ દેતાં એ વસ્તુ સંકલ્પ નામ રાગનો નિર્ણય કે રાગ હું છું એવા સંકલ્પનો નાશ કરનારી ચીજ છે. સમજાણું કાંઈ? અથવા એમાં સંકલ્પ છે નહિ. '**વિલય થઈ ગયા છે...**' જુઓ! વિલય પાછું. એકલું લય નહિ. વિશેષે નાશ થઈ ગયા એવો ભગવાન આત્મા એને એ શુદ્ધનય બતાવે છે કે એને તું જો, એને તું ધ્યેય કર, એનો આદર કર તો તને તારા આત્માની સ્વતંત્રતાની પ્રાપ્તિની ખબર પડે. કહો, સમજાણું કાંઈ? પછી આ કરવું ક્યારે ત્યારે આ બધું? આવું કરવું કે આ કરવું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પરનું તો કરે છે ક્યાં? રાગ ને દ્વેષ સંકલ્પ-વિકલ્પ કરે છે. તો એ કહે છે કે એ વિનાની એ ચીજ છે એનો તું નિર્ણય કર. કહો, સમજાણું આમાં?

'**વિલય થઈ ગયા છે...**' '**संकल्प**' '**રાગાદિ પરિણામ...**' '**विकल्प**' '**અનેક નયવિકલ્પરૂપ જ્ઞાનના...**' દશા. જોયું! શ્રુતજ્ઞાનના ભેદો, વિકલ્પો કે આ નિત્ય છે ને અનિત્ય છે ને શુદ્ધ છે ને અશુદ્ધ છે એવા જે જ્ઞાનની પર્યાયમાં વિકલ્પો ઉઠે છે ભેદ, એ જેમાં વિલય પામી ગયા છે. વસ્તુમાં એ છે નહિ. કહો, સમજાણું આમાં? આ ભગવાનનો આત્મ દરબાર કેવો છે એમ બતાવે છે. કોનો? દરેક આત્માનો. '**અનેક નયવિકલ્પ...**' નામ જ્ઞાનના ભેદ દ્વારા વિકલ્પ ઉઠે જ્ઞાનની પર્યાય કે આ આત્મા આવો શુદ્ધ છે, આ અશુદ્ધ નથી, આ નિત્ય છે, અનિત્ય છે, વસ્તુએ એક છે, ગુણ-પર્યાયે અનેક છે એવા જ્ઞાનનું જ્ઞાન કરતાં એમાં વિકલ્પ ઉઠે છે એનાથી એ રહિત છે. ભેદરહિત છે અખંડ આનંદકંદ એ આત્મા છે. કહો, સમજાણું?

'**ભાવાર્થ આમ છે કે સમસ્ત સંકલ્પ-વિકલ્પથી રહિત વસ્તુસ્વરૂપનો અનુભવ સમ્યક્ત્વ છે.**' લ્યો! એનો સાર તાત્પર્ય એ છે કે બધા શરીર, વાણી, મનની તો અહીં વાત છે જ નહિ. એનામાં એ છે જ નહિ. કર્મ અને શરીર-બરીર કાંઈ છે નહિ. એનામાં સંકલ્પ-વિકલ્પ કર્યા કરે આ.. આ.. આ... ડામાડોળ શુભ-અશુભ વિકાર, એનાથી રહિત વસ્તુ સ્વરૂપ. એકલો વસ્તુ ચિદ્દ્ઘન આનંદકંદ એનો અંતર્મુખ થઈને અનુભવ એનું વેદન કરવું કે

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આ આનંદ છે અને આ જ્ઞાન છે એવી સ્થિતિને સમ્યગ્દર્શન કહે છે. કહો, આમાં વ્યવહાર-બ્યવહારની તો વાતેય લાવ્યા નથી. આ બધું હશે આઠમે? ના જ પાડી છે કે છે નહિ. નવ તત્ત્વનો ભેદરૂપી અનુભવ એ મિથ્યાત્વ છે. સાંભળને!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વસ્તુ એવી છે એ. જ્ઞાન એને બતાવે છે. જ્ઞાનનો નિર્મળ ભાગ એને બતાવે છે કે જો આ ચીજ. રાગ ને સંકલ્પ, વિકલ્પની વૃત્તિ આસ્રવતત્ત્વ રહિત છે અને એ વસ્તુમાં ત્રિકાળપણું અનાદિઅનંતપણું છે એને એ બતાવે છે. એને જો.. એને જો અંદર. ઓહોહો..! સમજાણું?

એ '**સમસ્ત સંકલ્પ-વિકલ્પથી રહિત વસ્તુસ્વરૂપનો...**' વસ્તુનો સ્વભાવ શુદ્ધ આનંદ, એનો અનુભવ. એના તરફની દૃષ્ટિ કરી અને એકત્વમાં આનંદ અને શાંતિનું વેદન, એની અંદર પ્રતીત થવી એને સમ્યગ્દર્શન કહે છે. હવે આટલી તો સ્પષ્ટતા કરી છે. એ બધાએ અંતર જોવું નથી, સ્વાધીનપણે ચીજ પડી છે એને નિહાળવી નથી અને પરાધીન... પરાધીન... પરાધીન (રહેવું છે). કર્મને લઈને વિકાર થાય ને મારે રખડવું પડે. અહીં તો એ વાતેય નથી કરી. તારી ભૂલને લઈને ભગવાન આત્મા ભટક્યો છે ચાર ગતિમાં. પરમાત્મસ્વરૂપ અખંડાનંદ હોવા છતાં એની નજર કર્યા વિના તારી નજર પરમાં સંકલ્પ-વિકલ્પ, પુણ્ય-પાપ, કામ ને ક્રોધ, દયા ને દાન, ભેદ-અભેદ એના જે વિકલ્પનું (ઉત્થાન), એમાં તું પડ્યો, પણ એ ચીજ એવી નથી. સમજાય છે કાંઈ?

એવો વસ્તુસ્વરૂપ ભગવાન આત્મા, એનો અનુભવ. રાગનો, ભેદનો અનુભવ એ તો અનાદિનો છે, કહે છે. એનું નામ સમ્યક્ નથી. મિથ્યાપણે આત્માની પ્રાપ્તિ-મિથ્યાદષ્ટિપણે. રાગ ને પુણ્યના પર્યાયની પ્રાપ્તિ તે કાંઈ આત્મા નથી. સમજાણું કાંઈ? એ પુણ્ય અને પાપના સંકલ્પ-વિકલ્પની જાળ, એના રહિતની ભગવાન ચીજ પૂર્ણ ધામ એનો અંતર અનુ (અર્થાત્) એવા વસ્તુ સ્વભાવને અનુસરીને થવું, સમ્યક્ અનુભવ થવો એને સમ્યગ્દર્શન કહે છે. એને ચોથું ગુણસ્થાન અવિરતી કહે છે. કહો, સમજાણું આમાં? શ્રાવક ને મુનિ તો ક્યાંય રહ્યા આઘા.

'**વળી કેવી છે શુદ્ધ જીવવસ્તુ?**' '**परभावभिन्नम्**' એ તો ત્યાં કહ્યું હતું, સંકલ્પમાં રાગાદિ પરિણામ. પણ પરભાવ નામ રાગાદિ ભાવો બધા વિકલ્પો જેટલા પર તરફના વળે એ બધાથી તે જુદી છે. તદ્દન જુદી. વિભાવના, વિકારના, વિકલ્પની જાતથી તદ્દન જુદી છે. એકલો અખંડ આનંદકંદ શુદ્ધ, એવો સ્વભાવ તેને આત્મા કહીએ, તેનો અનુભવ તેને સમ્યગ્દર્શન કહીએ. આહાહા..! કહો, સમજાણું આમાં?

'**વળી કેવી છે?**' એ ભિન્ન ભિન્ન કહ્યું હતું. હવે છે શું પણ એમાં હવે? '**आपूर्णम्**' '**પોતાના ગુણોથી પરિપૂર્ણ છે.**' કેવો છે આત્મા? અંદર જ્ઞાન-દર્શન આદિ અનંતગુણથી

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

પરિપૂર્ણ ભરચક ભર્યો છે છલોછલ. આહાહા..! સમજાણું? એક સેકન્ડના અસંખ્ય ભાગમાં ભગવાન આત્મા **'आपूर्णम्' 'आपूर्णम्'** પૂર્ણમ પણ **'आपूर्णम्'** સમસ્ત પ્રકારના ગુણથી પરિપૂર્ણ છે. પોતાના જેટલા ગુણો, જ્ઞાન, દર્શન, આનંદ, અસ્તિત્વ, વસ્તુત્વ, સ્વચ્છત્વ, વિભુત્વ, પ્રભુત્વ એવા અનંત અનંત શક્તિઓરૂપ-ગુણરૂપ-ભાવથી એ આત્મા ભરેલો છે. ત્યાં નજર કરવાની છે. ભરેલો છે ત્યાં નજર કરવાની છે. આહાહા..! કહો, સમજાણું કાંઈ? જુઓને! મોટા પૈસાવાળા હોય ત્યાં નજર કરે છે ને માણસ? જો ભાઈ એ આપણને આમ કરશે, આપણને આમ કરશે. દુકાળ હોય તો તારી દેશે. તારી દેશે એટલે? એટલો બચાવી દેશે ચાર-છ મહિના દુકાળમાં. ફલાણું છે ફલાણું. ચાલો ભાઈ એની ઓથે જાઈએ. છતાં ત્યાં તો પુણ્ય હોય તો આપે, નહિતર આપે નહિ.

આ તો ભગવાન મહાન ઓથ છે અંદર. અનંતગુણનો ભંડાર પૂર્ણ... પૂર્ણ.. પૂર્ણ... એવો અંદર આત્મા **'પોતાના ગુણોથી પરિપૂર્ણ છે.' 'आपूर्णम्' 'आपूर्णम्'** સમસ્ત પ્રકારે પૂર્ણ છે. **'વળી કેવી છે?'** પહેલો શબ્દ હતો એ. **'आत्मस्वभावं' 'આત્માનો નિજભાવ છે.'** એ બધા અનંતા ગુણો શુદ્ધ એ આત્માનો ભાવ એ જીવવસ્તુ છે. એ જીવવસ્તુ અને એ જ આત્મસ્વભાવ છે. એવા આત્મસ્વભાવને શુદ્ધનય બતાવે છે. એ પોતાના જ્ઞાન દ્વારા એને અંતરમાં જોવું અને અનુભવ કરવો આ એનું નામ સમ્યગ્દર્શન કહેવાય છે. કહો, સમજાય છે કાંઈ? હવે આ તો પુસ્તક સહેલું આવ્યું છે બહાર. છાપીને આવ્યા ૩૩૦૦ હવે બાકી થોડાક છે હજી. થોડા ઘણા લઈ ગયા છે કે નહિ ત્યાં? આફ્રિકા લઈ ગયા છે? જેઠાલાલભાઈ! ૧૧. ઠીક. ત્યાં આફ્રિકા પણ પહોંચ્યા છે. આહાહા..! સહેલી અને આમ કેવા છે જુઓ. પાના ધોળા, અક્ષર ચોખ્ખા, અક્ષર છૂટા. જેમ રાગથી છૂટો આત્મામાં એમ અહીં અક્ષર પણ છૂટેછૂટા છે જુઓ. સમજાય છે? અને ધોળા કાગળમાં આમ કાળા એવા દેખાય ખુલ્લા ખુલ્લા ઉપડતા. ઉઠાવ-ઉઠાવ અક્ષરનો ઉઠાવ દેખાય છે.

એમ ભગવાન આત્મા, કહે છે કે ભાઈ! બધાથી ઉઠાવ ઊંચો છો તું આત્મા. વિકલ્પ ને પુણ્ય-પાપ ને વૃત્તિઓ ને એનાથી ભિન્ન. ઉઠાવ આખું તત્ત્વ દળવાળું. અંતરમાં નજર કરતાં શુદ્ધનયનો વિષય એવો પોતાનો નિજ પૂર્ણ સ્વભાવ, એને તું અનુભવ કર, એની અનુભવ કરીને શ્રદ્ધા કર, એનું નામ સમ્યગ્દર્શન, ધર્મનો પહેલો પાયો અને શરૂઆત એને કહેવામાં આવે છે. કહો, સમજાય છે કાંઈ? અહીં તો ક્યાંનુ ક્યાંય માનીને બેઠા હોય. હવે બધા ધર્મ માનીને બેઠા હોય. સામાયિક, પોષા કરે એ સમકિતી તો હોય. એક જણો એમ કહે છે કે જેટલા દિગંબરમાં જન્મ્યા એ બધા ભેદજ્ઞાની તો છે. શરીરથી આત્માને એક માને છે? અરે..! ભગવાન! શું છે પણ ભાઈ? આહાહા..! અરે...! અનંતકાળના અજાણ્યા પટમાં તું રખડ્યો, ભાઈ! અજાણ્યા પટમાં વિકાર અને પુણ્ય-પાપના. જાણેલું તત્ત્વ અંદર, એવા તત્ત્વની ઉપર તેં નજર પણ કરી નથી. અને નજર કરવા જેવી (છે) એવું સાંભળ્યું નહિ.

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


સાંભળીને એ વાતને ગોઠી નહિ કે આ જ કરવા જેવું છે અંતર્મુખ થવાનું, એ જ ચીજને અવલંબીને અનુભવ કરવા જેવો (છે), બાકી કોઈ કરવા જેવું નથી. આહાહા..! કહો, આ તો હજી સમ્યગ્દર્શનની વાત કરે છે હોં આ. ચોથા ગુણસ્થાનનું સમ્યગ્દર્શન.

આત્માનો સ્વભાવ એ છે. એ પૂર્ણ ગુણ પૂરા, વિકલ્પ વિનાનો, રાગ વિનાનો શુદ્ધ આદિ અંત વિનાની એ ચીજ એ આત્માનો નિજ સ્વભાવ છે. એવા નિજ સ્વભાવને અંતરમાં અનુભવ કરવો, સ્વભાવ સન્મુખ કરવા પરિણામ, વિભાવથી દૂર થવું એવી સ્વભાવની એકતા, જે રાગની એકતા હતી એને છોડી સ્વભાવની એકતા આત્મા સાથે થાય, એવા અનુભવને સમ્યગ્દર્શન કહે છે. કહો, સમજાય છે કાંઈ? એ ૧૪મી ગાથા જે છે સમયસારની એનો આ ઉપોદ્ઘાત કર્યો. શરૂઆત. એ ગાથા કહીને એના પછી જે કળશ કીધો એ આ ૧૧મો છે. એમાં પણ એ આવી ગયું થોડું લ્યોને. પરથી ભિન્ન એ પાંચ બોલ કહેશે ને અબદ્ધસ્પૃષ્ટ. પરથી ભિન્ન સંકલ્પ-વિકલ્પ વિનાની ચીજ એકલી અબદ્ધસ્પૃષ્ટ વસ્તુ છે. એવી આત્મચીજની દૃષ્ટિ કરવી તેને સમ્યગ્દર્શન કહે છે. કહો, સમજાણું કાંઈ?

---

(માલિની)

न हि विदधति बद्धस्पृष्टभावादयोऽमी
स्फुटमुपरि तरन्तोऽप्येत्य यत्र प्रतिष्ठाम्।
अनुभवतु तमेव द्योतमानं समन्तात्
जगदपगतमोहीभूय सम्यक्स्वभावम्।।११।।

ખંડાન્વય સહિત અર્થ :- ''जगत् तमेव स्वभावम् सम्यक् अनुभवतु'' (जगत्) સર્વ જીવરાશિ (तम् एव) નિશ્ચયથી પૂર્વોક્ત (स्वभावम्) શુદ્ધ જીવવસ્તુને (सम्यक्) જેવી છે તેવી (अनुभवतु) પ્રત્યક્ષપણે સ્વસંવેદનરૂપ આસ્વાદો. કેવો થઈને આસ્વાદો? ''अपगतमोहीभूय'' (अपगत) ટળી ગઈ છે (मोहीभूय) શરીરાદિ પરદ્રવ્ય સાથે એકત્વબુદ્ધિ જેની એવો થઈને. ભાવાર્થ આમ છે કે સંસારી જીવને સંસારમાં વસતાં અનંત કાળ ગયો. શરીરાદિ પરદ્રવ્ય-સ્વભાવ હતો, પરંતુ આ જીવ પોતાનો જ જાણીને પ્રવર્ત્યો; તો જ્યારે આ વિપરીત બુદ્ધિ છૂટે ત્યારે જ આ જીવ શુદ્ધસ્વરૂપ અનુભવવાને યોગ્ય થાય છે. કેવું છે શુદ્ધસ્વરૂપ? ''समन्तात् द्योतमानं'' (समन्तात्) સર્વ પ્રકારે (द्योतमानं) પ્રકાશમાન છે. ભાવાર્થ આમ છે કે અનુભવગોચર થતાં કાંઈ ભ્રાંતિ રહેતી નથી. અહીં કોઈ પ્રશ્ન કરે છે કે જીવ તો શુદ્ધસ્વરૂપ કહ્યો અને તે એવો જ છે, પરંતુ રાગદ્વેષમોહરૂપ પરિણામોને અથવા સુખદુઃખાદિરૂપ પરિણામોને કોણ કરે છે?-કોણ ભોગવે છે? ઉત્તર આમ છે કે આ પરિણામોને કરે તો જીવ કરે છે અને જીવ ભોગવે છે, પરંતુ આ પરિણતિ વિભાવરૂપ છે,

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઉપાધિરૂપ છે; તેથી નિજસ્વરૂપ વિચારતાં તે, જીવનું સ્વરૂપ નથી એમ કહેવાય છે. કેવું છે શુદ્ધસ્વરૂપ? ''यत्र अमी बद्धस्पृष्टभावादयः प्रतिष्ठां न हि विदधति'' (यत्र) જે શુદ્ધાત્મસ્વરૂપમાં (अमी) વિદ્યમાન (बद्ध) અશુદ્ધ રાગાદિ ભાવ, (स्पृष्ट) પરસ્પર પિંડરૂપ એકક્ષેત્રાવગાહ અને (भावादयः) આદિ શબ્દથી અન્યભાવ, અનિયતભાવ, વિશેષભાવ અને સંયુક્તભાવ ઈત્યાદિ જે વિભાવપરિણામો છે તે સમસ્ત ભાવો શુદ્ધસ્વરૂપમાં (प्रतिष्ठां) શોભા (न हि विदधति) નથી ધારણ કરતા. નર, નારક, તિર્યંચ અને દેવપર્યાયરૂપ ભાવનું નામ અન્યભાવ છે; અસંખ્યાત પ્રદેશસંબંધી સંકોચ-વિસ્તારરૂપ પરિણમનનું નામ અનિયતભાવ છે; દર્શન, જ્ઞાન અને ચારિત્રરૂપ ભેદકથનનું નામ વિશેષભાવ છે; તથા રાગાદિ ઉપાધિ સહિતનું નામ સંયુક્તભાવ છે. ભાવાર્થ આમ છે કે બદ્ધ, સ્પૃષ્ટ, અન્ય, અનિયત, વિશેષ અને સંયુક્ત એવા જે છ વિભાવ પરિણામો છે તે સમસ્ત, સંસાર-અવસ્થાયુક્ત જીવના છે, શુદ્ધ જીવસ્વરૂપ અનુભવતાં જીવના નથી. કેવા છે બદ્ધસ્પૃષ્ટ આદિ વિભાવભાવ? ''स्फुटं'' પ્રગટપણે ''एत्य अपि'' ઊપજ્યા થકા વિદ્યમાન જ છે તોપણ ''उपरि तरन्तः'' ઉપર ઉપર જ રહે છે. ભાવાર્થ આમ છે કે જીવનો જ્ઞાનગુણ ત્રિકાળગોચર છે તેવી રીતે રાગાદિ વિભાવભાવ જીવવસ્તુમાં ત્રિકાળગોચર નથી. જોકે સંસાર-અવસ્થામાં વિદ્યમાન જ છે તોપણ મોક્ષ-અવસ્થામાં સર્વથા નથી, તેથી એવો નિશ્ચય છે કે રાગાદિ જીવસ્વરૂપ નથી. ૧૧.

---

## કલશ-૧૧ ઉપર પ્રવચન

હવે એ ગાથા પૂરી કરીને ૧૪મી. પછી એનો સાર કળશમાં મૂક્યો.

(માલિની)

न हि विदधति बद्धस्पृष्टभावादयोऽमी
स्फुटमुपरि तरन्तोऽप्येत्य यत्र प्रतिष्ठाम्।
अनुभवतु तमेव द्योतमानं समन्तात्
जगदपगतमोहीभूय सम्यक्स्वभावम्।।११।।

કહો, આ ક્યાંની વાત ચાલે છે આ? વ્યવહાર સમકિતની છે આ? નિશ્ચય સમકિત. નિશ્ચય સમકિત તેરમે થાય. નિશ્ચય સમકિત કો'ક વળી આઠમે કહેતા હશે. કોણ જાણે મગજ ફરી ગયા છે. ફરી ગયેલા અનાદિના છે એમ. પોતાની અવસ્થાને ભૂલીને ઉદાસીનતા કેમ છોડે છે એમ આવે છે ને? ૬૯-૭૦માં. હતી કે દી? પણ પોતાની દશાને છોડે છે. એટલે

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કે પોતાની દશાને પ્રાપ્ત કરતો નથી. એ ૧૧મા શ્લોકનો '**ખંડાન્વય સહિત અર્થઃ-**' અન્વય એટલે દરેક શબ્દનો જુદો જુદો, અન્વય એટલે સંબંધવાળો અર્થ. દરેક શબ્દ પહેલો શું? પછી શું? એની સાથે સંબંધ શું? એ રીતે અર્થ. એને ખંડ અન્વય સહિત અર્થ કહેવામાં આવે છે.

'**जगत् तमेव स्वभावम् सम्यक् अनुभवतु**' ઓહોહો..! '**जगत्**' એટલે '**સર્વ જીવરાશિ!**' કાઠિયાવાડ એટલે કાઠિયાવાડી જીવો. કેમ કાઠિયાવાડને કહે છે. (એમ) જગતને કહે છે. પોપટભાઈ! '**जगत्**' એટલે જગતમાં રહેલા સર્વ જીવો. એમ. '**जगत्**' શબ્દ પડ્યો છે ને? કાઠિયાવાડ જાગ્યું. એટલે કે કાઠિયાવાડના જીવો જાગ્યા એમ. કાઠિયાવાડ કોઈ બીજો ભાગ હશે કોઈ? એમ આત્મા જગતના જીવો. અહીં તો સાગમટે નોતરું (છે). નોતરું. પેલું નોરતું અને આ નોતરું. સમજાણું કાંઈ? નવ નોરતા આવે છે ને નોરતા? આસોના. આ તો સાગમટે.

અરે..! જગતના જીવો! મહા આનંદકંદના સ્વભાવથી ભરેલા ભગવાન તમે છો. આહાહા..! જગતના '**સર્વ જીવરાશિ!**' એ મુનિને ખબર નથી કે બધા જીવરાશિ આવું નહિ સમજે? ભાઈ! એ બધા સમજવાને લાયક જ છે. અભવિને નાખ્યા આમાં-સર્વ જીવરાશિમાં? ભવિને સંબોધન કર્યું. સર્વ જીવનો રાશિ-જીવના ઢગલા. પાછું એમ કે કોઈ એક જ આત્મા છે આવું અબદ્ધસ્પૃષ્ટ ને આવું વાત કરી કરીને કહેશે કે એક જ આત્મા છે. એમ નથી. અનંત આત્માના ઢગલા પડ્યા છે. ઓહોહો..! સમજાય છે કાંઈ?

'**સર્વ જીવરાશિ! નિશ્ચયથી...**' '**तम् एव**' '**तम् एव**'. '**નિશ્ચયથી...**' '**एव**' '**નિશ્ચયથી...**' '**तम्**' પૂર્વોક્ત એમ. '**तम् एव**' '**एव**'નો અર્થ નિશ્ચય અને '**तम्**' એટલે પૂર્વોક્ત. પૂર્વે કહેલો જે જીવસ્વભાવ. સમજાણું કાંઈ? '**एव**' એટલે નિશ્ચયથી અને '**तम्**' એટલે પૂર્વોક્ત. પૂર્વે જે કહ્યો ભગવાન આત્મા એવો '**स्वभावम्**' '**શુદ્ધ જીવવસ્તુને...**' એવો જે શુદ્ધ જીવ પવિત્રધામ આનંદ તદ્દન નિર્મળ. '**सम्यक्**' '**જેવી છે તેવી...**' વસ્તુ. વસ્તુ જ એવી છે પૂર્ણ શુદ્ધ એવી. જેવી છે તેવી '**सम्यक् अनुभवतु**' અરે..! જગતના જીવો! '**अनुभवतु**' '**પ્રત્યક્ષપણે...**' એ રાગ અને પુણ્યને લક્ષમાંથી છોડી દઈ અંતર ભગવાનના ભેટા કરવામાં '**પ્રત્યક્ષપણે સ્વસંવેદન આસ્વાદો.**' કોઈની અપેક્ષા રાગ વિના એકલો ભગવાન નિર્મળાનંદ એને પ્રત્યક્ષ નામ રાગની અપેક્ષા વિના અને સ્વસંવેદન (અર્થાત્) આત્માનું જ્ઞાન, જ્ઞાનને સમ્યક્ પ્રકારે સમ્યક્ અનુભવથી વેદનરૂપ આસ્વાદો. સ્વને સં એટલે પ્રત્યક્ષરૂપે એમ પહેલું જુદું પાડ્યું પણ એ સંમાં પ્રત્યક્ષ આવે. '**સ્વસંવેદનરૂપ આસ્વાદો.**' ઓહોહો..! જે અનાદિથી શુભ-અશુભ રાગ ને સંકલ્પ-વિકલ્પને વેદે-અનુભવે-આસ્વાદે-છે એ મિથ્યાત્વ છે. શું કહ્યું સમજાણું? શરીર, વાણીને આસ્વાદતો નથી આત્મા. કહો, આ સુખડી ને પૂરી ખાતો હશે કે નહિ? ક્યાં ગયો સૂર્યકાંત? નથી આવ્યો? શું આ સુખડી ને પૂરી ખાતો હશે કે નહિ? તારો બાપ શું કરવા લાવ્યો સુખડી ને પૂરી? ત્યારે કોણ ખાય ઈ? મૂંઝાઈ ગયો.

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

એ વખતે રાગ થાય એ રાગને ખાય છે. સમજાણું કાંઈ? કોને?

મુમુક્ષુ :- મજા આવે એને.

ઉત્તર :- એ મજા એટલે રાગ. સુખડી-પૂરી નહિ. કહો, સમજાય છે કે નહિ? એઈ.. મહેશ! શું તારી બહેન કરી દે છે કે નહિ? કારણ કે તારો બાપ એવું કહેતા હતા કે કરી દે છોકરાઓને. એમાં શું ખાય એ? રાગ.

મુમુક્ષુ :- લાડવો ખાવો કે ન ખાવો એટલું કહી દ્યો.

ઉત્તર :- પણ એ તો વાત થઈ ગઈ સવારમાં. નહોતા. એ લાડવો આત્મા ખાઈ શકતો જ નથી. એ દાંત આમ આમ કરી શકે નહિ, લાડવો ભૂક્કો કરી શકે નહિ. એ એની પર્યાય, એનો ઉત્પાદ એનાથી થાય. આનામાં શું થાય? એને દેખીને રાગનો ઉત્પાદ થાય. એ રાગને અનુભવે તે વિકારનું વેદન, દુઃખનું વેદન છે. કહો. કહો, સમજાણું કે નહિ આમાં? છોકરાને ગોઠ દે ને ગોઠ? ગોઠ ખાય ત્યારે ગોઠે. તો એ ગોઠે એમાં શું હશે? ગોઠ તો ખજૂર, દાળિયા, લાડવા કે જે હોય એ વસ્તુ. એ આત્મા ખાઈ શકતો નથી. એની અવસ્થામાં એ ચીજ આવતી નથી. એ ચીજ આવતી નથી એટલે જેમાં જે ન આવે એને ક્યાંથી ખાય-વેદે? શું કીધું સમજાણું આમાં?

આત્મા છે વસ્તુ. એ વસ્તુ, એની શક્તિ અને એની દશા. એ દશામાં એ પરચીજ આવતી જ નથી, અડતી જ નથી. એમાં આવ્યા વિના એને શી રીતે ભોગવે? કહો, સમજાય છે કાંઈ? એનામાં શું આવે તે કાળે? પુણ્ય અને પાપ અથવા રાગ અને સંકલ્પ-વિકલ્પ ઉઠે. આ સારી હોં! પોચી છે. ભરભર ભુક્કો થાય એવી છે. આમ છે, લુખ્ખી છે, કોરી છે, વગેરે છે. આ માવો આવો છે. એવો જે વિકલ્પ અને રાગની વૃત્તિ થાય છે એને વેદવું-અનુભવવું એનું નામ દુઃખનો અનુભવ, એનું નામ સંસારનો અનુભવ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ગોઠનો ખુલાસો.

ઉત્તર :- એ ગોઠ્યું એ રાગ. કીધું ને. ગોઠ ટાણે ગોઠ્યો રાગ. એ રાગ ગોઠ્યો એને ખાય છે ઈ.

મુમુક્ષુ :- શુદ્ધનિશ્ચયનયે.

ઉત્તર :- બીજું હતું કેદી? એ તો કથન કરવાની વાતું બધી સમજવાની. લાડવા ખાય અસદ્‌ભૂતનયે, જૂઠી નયે. અસદ્‌ભૂત ને અનુપચરિત, આ કર્મને ભોગવે અનુપચરિત. ઓલાને ઉપચરિત. એમાં કાંઈ નહિ, એ બધી વાતું. કહો, સમજાણું કાંઈ?

અહીં કહેવું છે કે તું વેદન અનાદિકાળનો નિગોદથી માંડીને નવમી ગ્રૈવેયક દિગંબર સાધુ મિથ્યાદષ્ટિ થઈને ગયો, પણ વેદન એનું તેં શું કર્યું? રાજા, મહારાજા થયો અને નિગોદમાં રહ્યો. અંદર તારી દશામાં વિકાર અને ભ્રમણા એનું તેં વેદન કર્યું છે. બસ! એ સિવાય એકેય વેદન તેં કોઈ દી ત્રણ કાળમાં કર્યું નથી. હવે તું કહે છે કે જો તને શાંતિ અને સુખ

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જોઈતું હોય તો એવી ચીજ જે આત્મા અખંડાનંદ પ્રભુ, જેની વાત સાંભળતા જેને ન્યાલના રસ્તા હાથ આવે, એવો જે આત્મા શુદ્ધ ચિદાનંદ પ્રભુ પ્રત્યક્ષપણે. આહાહા..! પહેલે જ પ્રત્યક્ષ પાધરું? પોતે પોતાથી પ્રત્યક્ષ જ છે. એ પરોક્ષ એટલે કાંઈ બીજો અને આ રાગની કાંઈ એમાં સહાય છે નહિ. એવા આત્માને '**સ્વસંવેદનરૂપ આસ્વાદો.**' પોતે પોતાના આનંદનું વેદન કરો. એ દુઃખનું વેદન તો અનાદિ કાળનું (છે), એ તો રખડવાનું નરક અને નિગોદના પંથ છે એ બધા. આહાહા..! સમજાણું કાંઈ?

આમ આઠ આઠ વર્ષના બાળકો, રાજકુમારો આમ રતનની પુતળીયું જેવા હોય, નીકળીને ચાલી નીકળે. આત્માના આનંદને સ્વાદવા જંગલમાં વયા જાય. આવે છે ને ઓલા ભરતના? રવિકુમાર ને શું કહેવાય? રવિકીર્તિ આદિ ૧૮-૧૮ વર્ષના જુવાન અને મણિરત્નની પૂતળીયું જેવા. હાથમાં રતનની ગેડીયું, દડા રમતા હતા. સાંભળ્યું. ૧૦૮ છોકરાઓ. રાજકુમાર મહાપુણ્યની મણિરત્નની પૂતળીયું જેવા. જરીના કપડા, હીરા-માણેકના દાગીના, હાથમાં તલવાર માણેકના રત્નથી જડેલી. ..ને રમતા હતા. એમાં એક ઘોડેસ્વાર નીકળ્યો. (એ બોલ્યો), જયકુમાર દીક્ષીત થયા. સુલોચના અને જયકુમાર આવે છે ને? જયકુમાર ભગવાનના ગણધર થયા. સાધુ થયા અને ગણધર થયા ૠષભદેવ ભગવાનના. સાંભળે ત્યાં અંદર.. આહાહા..! એ સુલોચના જેવી જેને સ્ત્રી હતી મહાસતી. જેને ભરત ચક્રવર્તીના સેનાપતિનું માન હતું એ બધું છોડીને ચાલી નીકળ્યા. આહાહા..! કાંઈક શોધવા ગયા. એ અંતર આનંદને શોધવા માટે ગયા. ચાલીને એક વાટ નીકળી ગયા. આહાહા..! પોપટભાઈ! ઓલા પોલીસો જોડે હતાને એના રક્ષકો? જવા ન દે. ક્યાં જાવ છો? સાહેબ! ક્યાં જાવ છો? ચાલો.. ચાલો... આગળ ચાલો. આગળ ચાલો. કરતાં કરતાં કરતાં સમવસરણમાં લઈ ગયા. સમવસરણમાં જઈને સાંભળીને બધું ઉતાર્યું. નગ્ન મુનિ થઈને ઊભા રહ્યા. અરર..ર..! ઓલા રક્ષકો કહે, અરે..! અન્નદાતા! હું ચક્રવર્તીને શું જવાબ દઈશ? (તમારી) રખવાળ માટે મને મોકલ્યા, તમે ચાલો ચાલો કરતાં કરતાં અહીં લાવીને ઊભા રાખ્યા. સમજાણું? આહાહા..! ૧૮-૧૮ વર્ષના હોં રાજકુમાર. જેણે તડકો જોયો ન હોય. સમજાય છે? છાયામાં પણ જરી ઊની વા જરી વાય તો લાલચોળ ચામડી થઈ જાય. ઊની વા જરી વાય તો. એવા આનંદકંદને અનુભવવા ચાલી નીકળ્યા. કહો, સમજાણું? કાંઈક બીજો સ્વાદ વધારે ભાળ્યો હોય ત્યારે આ છોડ્યું હશે કે નહિ? છોડ્યું એટલે લક્ષ છોડ્યું. સમજાણું કાંઈ? આહાહા..! કાળ પણ કેવો હતો.

એવા આત્માને, કહે છે ભાઈ! એમ નિર્ણયમાં તો લે કે આ આત્મા અખંડ આનંદ તેનો સ્વાદ લેવો તેનું નામ સમ્યગ્દર્શન અને જ્ઞાન છે. સમજાણું કાંઈ? બીજી જેટલી ક્રિયાકાંડના વિકલ્પો ઉઠે એ બધાય ધર્મ નથી. આહાહા..! એવા નીકળી ગયા. એક એક માતાનો એક એક દીકરો. ખબર પડી માતાઓને તો રોવે.. રોવે. ભરત પાસે ગયા કહે, આ અમારા દીકરા ગયા. ભાઈ! એ તો વૈરાગ્ય થાય (એટલે જાય). તમારે? પણ અમારે એક જ છે. અને

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

તમારે ૧૦૮, બધા ૧૦૮ના ૧૦૮, પણ અમારે એક એક હતો એ ગયો ઈ? સમતા કરો.. સમતા કરો. આપણે પણ એ જ રસ્તે જવાનું છે. આહાહા..! સમજાણું કાંઈ? આપણે પણ એ જ રસ્તે (જવાનું છે). બાપુ! એ રસ્તા અંતરમાં લીધા વિના ક્યાંય સુખ ને શાંતિ ત્રણ કાળમાં નથી. પ્રત્યક્ષ સ્વાદને આસ્વાદો. ભૂલી જાવ બીજી વાતને, કહે છે. હું વિકારી હતો ને આ મેં દુઃખ ભોગવ્યા ને હું સંસારી છું, ભૂલી જા એકવાર. તું તો શુદ્ધ આત્મા આનંદકંદ છો. આહાહા..! કહો, સમજાણું?

'**કેવો થઈને આસ્વાદો?**' એ ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં પૂર્ણ આનંદનો રસકંદ છે એને ચૂસ, કહે છે. એનો સ્વાદ લે. કહો! આ શું નથી કરતા ચૂસતા? શું આવે છે આ? કુલ્ફી-કુલ્ફી. કુલ્ફીમાં પાછી સાકર નાખી હોય માથે. કરે છે કે નહિ કાંઈક આમ બનાવીને પાછું સાકરનું થોડું નાખે શરબત. બે આનાની મળે, બે આનાની એક એક ઊંચી. આહાહા..! ધૂળમાંય નથી ત્યાં સ્વાદ. એ તો જડ-માટી છે. એ આ કુલ્ફી છે અંદર અમૃતનો રસ પડ્યો છે. સમજાય છે કાંઈ? ભાઈ! એ પણ બેસે કેમ? હું એવડો મોટો? અહીં જરી રાગ વિના ચાલે નહિ, આના વિના ચાલે નહિ. આવડો મોટો હું! એવડો છો. માન તો એવડો છો અને ન માન તો પણ એવડો છો. આહાહા..! ન માન તો એ છે એ વસ્તુ વસ્તુ અખંડાનંદ ચૈતન્યનો દરબાર ભર્યો છે અંદર. અને ચૈતન્યના અનંતગુણવાળો.

કહે છે એ કેવો છે ભગવાન કે જેને અનુભવવો? '**ટળી ગઈ છે શરીરાદિ પરદ્રવ્ય સાથે એકત્વબુદ્ધિ જેની...**' દેખો! આમ ભગવાન આત્મા પોતાના જ્ઞાનાનંદ સ્વભાવમાં એકત્વપણે જ્યાં અનુભવ થયો ત્યાં શરીરાદિ પરસંબંધી એકત્વબુદ્ધિ જેની નાશ થઈ ગઈ છે. રાગાદિની એકત્વબુદ્ધિ નાશ થઈ કે રાગ હું એ નાશ થઈ ગયો. સમજાણું કાંઈ? અહીં એકત્વ થયો તો આ એકત્વનો નાશ થયો. બહુ જ ટૂંકામાં પણ (ઘણું સમાવી દીધું છે).

'**अपगतमोहीभूय**' 'ટળી ગઈ છે...' '**मोहीभूय**' એનો અર્થ એ કે '**શરીરાદિ પરદ્રવ્ય સાથે એકત્વબુદ્ધિ...**' એનું નામ '**मोहीभूय**' મિથ્યાત્વભાવ. સમજાય છે? રાગ ને પુણ્ય ને વિકલ્પના ભાવ રાગ, એની સાથે એકત્વબુદ્ધિ એનું નામ મોહીભૂત મિથ્યાત્વભાવ. એ ભાવ જેને ચાલી ગયો છે. '**એવો થઈને.**' આહાહા..! સમજાય છે કાંઈ આમાં? '**ભાવાર્થ આમ છે કે સંસારી જીવને સંસારમાં વસતાં અનંતકાળ ગયો.**' વસ્તુ પોતે છે સત્તાવાળી, હોવાવાળો.. હોવાવાળો.. હોવાવાળો પદાર્થ એ જીવ '**સંસારી જીવને સંસારમાં વસતાં...**' રખડતાં રખડતાં '**અનંતકાળ ગયો.**' અનંતકાળ ગયો. એકેન્દ્રિય, બે ઈન્દ્રિય, ત્રણ ઈન્દ્રિય, ચૌ ઈન્દ્રિય, પંચેન્દ્રિય. અહો..! એક શરીરમાં અનંતા જીવ, એમાં રહ્યો. ક્ષેત્ર અંગુલના અસંખ્ય ભાગમાં. અનંતાના થોકડા જીવના ત્યાં રહ્યો. એવા રખડતાં રખડતાં જેનો અનંતકાળ તો નિગોદમાં ગયો. જેની હયાતીએ નિગોદની હયાતીનો અનુભવ અનાદિનો કર્યા. બહાર નીકળ્યો તો પણ એકેન્દ્રિય, બે ઈન્દ્રિય, ત્રણ ઈન્દ્રિય, ચૌ ઈન્દ્રિય, પંચેન્દ્રિય એના રાગ-દ્વેષની હયાતીને

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અનુભવી. એમ અનંતકાળ ગયો.

**'શરીરાદિ પરદ્રવ્ય-સ્વભાવ હતો,...'** આ શરીર, વાણી, પુણ્ય અને પાપના વિકલ્પો એ પરભાવ સ્વભાવ હતા. એ પરદ્રવ્યનો સ્વભાવ છે. શરીર કાંઈ પોતાનો સ્વભાવ નથી. વાણી, શરીર, રજકણો એ પરદ્રવ્ય જગતની અજીવ ચીજો એનો એ સ્વભાવ છે. શરીર, વાણી કર્મ. એ શરીર, વાણી મન, કર્મ આ બાહ્ય ચીજો એ બધો પરદ્રવ્ય સ્વભાવ હતો. એ પરદ્રવ્યનો સ્વભાવ છે. **'પરંતુ આ જીવ પોતાનો જ જાણીને પ્રવર્ત્યો;...'** આ એણે પ્રવૃત્તિ આ કરી. એ પોતાના માનીને પ્રવૃત્તિ પરિણામમાં મિથ્યાત્વની કરી. ઓલામાં પ્રવૃત્તિ કરી નથી શરીરમાં.

મુમુક્ષુ :- ઈ શું?

ઉત્તર :- ઈ શું? કે શરીરાદિ વસ્તુને પોતાની માનીને ભાવમાં પ્રવૃત્તિ કરી એણે. શરીરમાં વાણી, બાયડી, છોકરામાં કોઈ દી એણે પ્રવૃત્તિ કરી નથી. સમજાણું કાંઈ? કહો, દેવાનુપ્રિયા! સમજાય છે કે નહિ આ? શું કર્યું અનાદિ? તો આ કર્યું એમ કહે છે. અનાદિ વૃથા જન્મ ગુમાવ્યો.

**'શરીરાદિ પરદ્રવ્ય-સ્વભાવ હતો, પરંતુ આ જીવ પોતાનો જ જાણીને...'** જુઓ! જે પરભાવ તેને પોતાના માની માનવાનો ભાવ એણે કર્યો. પરવસ્તુ કાંઈ એની થાતી નથી. અને એણે કરી પણ નથી પરવસ્તુ. પરવસ્તુ સ્વતંત્ર એનો સ્વભાવ છે. આહાહા..! આંખ્યું, પાંચ ઈન્દ્રિયો, આ તો બધો પરદ્રવ્ય જડનો સ્વભાવ છે. એને પોતાની માની **'પોતાનો જ જાણીને...'** એ પોતાની ચીજ છે. પોતાની નજીક અહીં મારી પાસે આવી છે ને? અહીં નજીક આવી છે ને આ? એટલે **'પોતાનો જ જાણીને પ્રવર્ત્યો;...'** એ બુદ્ધિમાં વિપરીત પ્રવૃત્તિ કરી એણે. સમજાણું કાંઈ? કો'કના રજકણ જગતના સ્વભાવવાળા પરદ્રવ્ય સ્વભાવ એને અહીં નજીકમાં દેખીને 'આ મારા અને હું એનો' એમ વિપરીત બુદ્ધિની પ્રવૃત્તિમાં અનાદિથી પરિણમ્યો નિગોદથી માંડીને. સમજાણું કાંઈ? જુઓ! એમ નથી કહ્યું કે ત્યાં કર્મને લઈને પોતાનું જાણી પ્રવર્ત્યો. એ નિમિત્તપણાની અહીં વાતેય લીધી નથી. ફક્ત ભગવાન આત્મા પરભાવથી ભિન્ન સ્વભાવ એને ભૂલી એ પરવસ્તુનો જે સ્વભાવ બિલકુલ એનું સ્વ એનું ભાવવાળું એનું તત્ત્વ જે અનાદિનું. શરીર, કર્મ, વાણી, મન, સ્ત્રી, કુટુંબ આદિ એ વસ્તુનો ભાવ મારો એમ માન્યતા ઊભી કરીને પ્રવર્ત્યો એમ કહ્યું છે. સમજાણું કાંઈ?

એ કર્મ પણ મારા એમ માનીને પ્રવર્ત્યો. કર્મે મનાવ્યું નથી. સમજાણું કાંઈ? કર્મે મનાવ્યું નથી. એ તો પરવસ્તુ જડ છે જગતની. તારા ભાવને તો એ સ્પર્શી પણ નથી, અડી નથી. એક અંશનો અંશ પણ એમાં આવ્યો નથી. ભિન્ન રહી છે એના ભાવથી. એના ભાવથી હોં! શરીર, વાણી, કર્મ એના ભાવના ભરેલા ભાવથી ભિન્ન રહેલી છે. તારા ભરેલા ભાવથી તું છો, પણ એ મારા માની વિપરીત બુદ્ધિમાં પ્રવર્તી રહ્યો છે. બસ! આ એક વાત. આ એની ભૂલ. કહો, સમજાણું કાંઈ?

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**'તો જ્યારે આ વિપરીત બુદ્ધિ છૂટે...'** દેખો! એ પરદ્રવ્ય સંબંધી જે વિપરીત બુદ્ધિ. **'જ્યારે આ વિપરીત બુદ્ધિ છૂટે...'** અરે..! હું તો ભૂલ્યો. જે મારું નહિ એને મારું માન્યું અને જે મારું છે એને મેં જોયું નહિ, જાણ્યું નહિ, મહત્તા કરી નહિ. સમજાણું કાંઈ? વિકલ્પના રાગને પડદે પડ્યો પ્રભુ એને દેખાણો નહિ. સમજાણું કાંઈ? આ મારા, એની વિકલ્પની માન્યતાની આડમાં આ મારું એવું એને નજરે આવ્યું નહિ. સમજાણું કાંઈ? ઓહોહો..! છોકરાના ભાઈબંધ હોય ને એ જ્યાં પાસ થાય કે એના પોતાના દીકરા (પાસ થાય) તો પણ ઓલો ખુશી થાય. એના છોકરાના ભાઈબંધ પાસે પાંચ-પચાસ લાખ હોય તો ખુશ થાય. ભાઈ ભાઈબંધ છે ને તો કો'ક દી આપણને થાશે. આ તે પણ શું છે? એ કહે છે કે એ વસ્તુ એના ભાવે રહેલી છે. તને બિલકુલ કામ આવે એવી નથી. છતાં અમને કામ આવશે એવી માન્યતાની વિપરીત બુદ્ધિમાં ભૂલ્યો. મને કામ આવશે મારો અનંતગુણનો સ્વભાવ પડ્યો એ મને કામ આવશે એ વાત ગઈ અનાદિથી. આ મને કામ આવશે ભાઈ!

કહે છે, **'જ્યારે આ વિપરીત બુદ્ધિ છૂટે...'** એટલે પોતે છોડે તો એમ. કર્મ છૂટે તો એમ ભાષા નથી લીધી. જ્યારે દર્શનમોહ છૂટે તો આ શુદ્ધ સ્વરૂપનો અનુભવ કરે એમ નથી. સમજાણું કાંઈ? જેમ છે તે વાત કરે છે. નથી તેની વાત શેની કરવી? કે કર્મને લઈને આમ થાય, કર્મ છૂટે તો આમ થાય. એમ તો છે જ નહિ. એવું અસ્તિત્વનું સ્વરૂપના ભૂલનું સ્વરૂપ પણ એવું નથી. સમજાણું કાંઈ? ભાઈ! કર્મ માર્ગ આપે, કર્મ છૂટે તો એને આત્માનો કાંઈક માર્ગ થાય. એમ તો છે જ નહિ. છે નહિ એને એમ કેમ કહેવું? સમજાણું?

**'જ્યારે આ વિપરીત...'** આ એટલે પરને પોતાપણે માનવું. **'જ્યારે આ વિપરીત બુદ્ધિ છૂટે ત્યારે જ આ જીવ શુદ્ધસ્વરૂપ અનુભવવાને યોગ્ય થાય છે.'** લ્યો! આહાહા..! અરે..! આ ચીજ જ્યાં બહાર ભમે એ મારી શેની? મારી છે એ તો મારી પાસે પૂર્ણાનંદ જ્ઞાયકભાવ પડ્યો છે. એના સમીપમાં બુદ્ધિ વિપરીત છૂટતાં આ શુદ્ધ સ્વરૂપનો ભાવ અનુભવવાને લાયક ત્યારે થાય છે. કહો, રતિભાઈ! બરાબર હશે આ? જુઓને! આ પુસ્તક તો રાખ્યું. છોકરાઓને કહ્યું રાખો તો ખરા.. ઓલાને ત્યાં શીખવે છે ઈ કરતાં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અહીં જગત આવ્યું ને? એ આવે છે બીજે ઠેકાણે હોં! શબ્દો આવે છે આમાં. આ જગતને ઠેકાણે. બીજામાં લખાણ છે. જગત એટલે? એ જગતમાં રહેલા જીવો. એમ. જગત એટલે જગતમાં રહેલા જીવો. કાઠિયાવાડી એટલે? કાઠિયાવાડ એટલે? કાઠિયાવાડને કહે કે કાઠિયાવાડને સંભાળવાનું છે આ? એટલે? કાઠિયાવાડ એટલે શું પણ? કાઠિયાવાડના લોકોને સંભાળવાનું છે. એમ જગતના જીવો! તમારામાં પૂર્ણ શુદ્ધતા અને આનંદ ભગવાન ભર્યા છે ને. એને પોતાનું માનવું ભૂલીને જે તારામાં નથી એને માન્યું તેં? તારામાં બિલકુલ

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


નથી. શરીર, વાણી, મન, કર્મ અને પુણ્ય-પાપનો રાગ પણ સ્વરૂપમાં નથી. નથી તેને માન્યા અને છે તેને ભૂલ્યો. સમજાણું કાંઈ?

જીવ આ વિપરીત બુદ્ધિ છોડે ત્યારે એ જીવ શુદ્ધ સ્વરૂપ જે કહ્યું, એનો અનુભવ કરવાને લાયક થાય. એ વિના કાંઈ બહારની વસ્તુ છોડે અનુભવ કરવાને લાયક થાય નહિ. કારણ કે એ તો છૂટી પડી એટલે અહીં વાત કરે છે, ભાઈ! કે આ આટલું છોડે, બાયડી-છોકરા છોડે, નવરો થાય તો અનુભવને યોગ્ય થાય. એમ નથી. આહાહા..! સમજાણું કાંઈ? જ્યાં જ્યાં રહ્યો ત્યાં ત્યાં પરને પોતાનું માનેલો ભાવ એ છોડે તો આત્માને અનુભવને લાયક થાય. આવી વાત છે. આટલું છોડે તો આમ થાય ને આટલું છોડે તો થાય. એ વાત લીધી નથી કે એમ છે નહિ. વસ્તુનું સ્વરૂપ એમ નથી. સમજાણું કાંઈ? હજારો રાણી છોડીને સાધુ દિગંબર થયો, લ્યો. પણ વિપરીતબુદ્ધિ આ શરીરથી ક્રિયા થાય એ મારાથી, પુણ્યથી ધર્મ એવી વિપરીત બુદ્ધિને છોડી નથી. એટલે એ વિપરીત બુદ્ધિને છોડે તો આત્માને લાયક, અનુભવને લાયક થાય. કહો, સમજાય છે કાંઈ?

**'આ વિપરીત બુદ્ધિ છૂટે ત્યારે...'** આમ તો કહે, ભાઈ સંસાર છોડ્યો, બાયડી-છોકરા છોડ્યા, દુકાન મોટી ચાલતી હતી એ બધું છોડ્યું. પણ છોડ્યું ક્યાં? એ ક્યાં છોડ્યું? એ તો પડ્યું જ છે બહારમાં. એ મારા એવી બુદ્ધિ હતી અને હું પૂર્ણાનંદ એવો અભાવ હતો બુદ્ધિમાં, એવી બુદ્ધિને છોડવી ત્યારે આત્મબુદ્ધિ અને અનુભવ થવાને લાયક થાય. સમજાણું કાંઈ? કેવા ભાવ ભર્યા છે ને! સમજાણું? આ પુસ્તકને સમજવા માટે કોઈ એલ.એલ.બીના ભણતરની કંઈ જરૂર નથી. ધર્મચંદભાઈ કહે છે ને કે અત્યારે ભાષા ગુજરાતી આવી. ચાર ચોપડીનો ભણેલો પણ વાંચી શકે. એમાં ભાવ એવા આવ્યા છે. હવે ત્યાં કાંઈ મોટો ભણ્યો હોય એલ.એલ.બી. આ બી.એસ. થાય તો સમજાય, એવું કાંઈ છે? કહો, સમજાણું આમાં? કહે છે ને તમારા ધર્મચંદ માસ્તર કહે છે. આહાહા..! કેટલી સીધી ને સાદી ને થોડી ને ટૂંકી!

ભાઈ! તું અનંતગુણનો ભંડાર વસ્તુ છો ને. એને પોતાનું ન માનીને આ પરવસ્તુ જે તારામાં નથી, તેં એને કરી નથી, તારામાં આવી નથી, તું ત્યાં ગયો નથી. એવી ચીજોને પોતાની માની અને વિપરીત બુદ્ધિ જે ઊભી કરી છે એને છોડે ત્યારે આત્માની શ્રદ્ધા, જ્ઞાન અને અનુભવને લાયક થાય. આહાહા..! ત્યારે ઓલાને એમ ને એમ પહેલેથી જુઓ, અમે આમ છોડ્યું... અમે આમ કર્યું, કપડા સારા પહેરતા હતા, હવે સાદા પહેરીએ છીએ, ફલાણું... એ બધો મિથ્યાત્વનો અભિપ્રાય છે. સમજાણું? અમે સાદા ખાઈએ, આવું ખાઈએ, અમારા કર્યા માટે ન ખાઈએ, ફલાણું કરીએ, એકાંત રહીએ, બહુ સ્ત્રીનો પરિચય કરીએ નહિ, ફલાણું કરીએ નહિ. આટલો આટલો ત્યાગ તો પહેલો હોય તો આત્માને ધર્મ લાયક થાય. સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ! પેટ થોડું હોય, ઊણું ખાય એવું હોય તો કાંઈક આત્માના

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

વિચાર માટે અવકાશ મળે. દૂધપાક ખાય અને લાડવા ખાય તો ઊંઘ આવ્યા વિના રહે? એમ કહ્યું જ નથી અહીંયાં. એમ છે જ નહિ એમ. એમ છે નહિ, એમ બનતું નથી અને એ વાત સાચી નથી. જે ચીજ પરમાં, પરમાં રહેલી છે, જે ચીજ પોતામાં આવી નથી એ આત્માને નુકસાન કરે એ વાત બનતી નથી. આહાહા..!

ફક્ત જે પોતાનું નિજ સ્વરૂપ શુદ્ધ જ્ઞાયક અનંતગુણનો પિંડ, પરભાવથી ભિન્ન, સ્વભાવથી અભિન્ન એવી ચીજને ભૂલીને જે પોતામાં નથી એને માની અને વિપરીત બુદ્ધિ ઊભી કરી છે એને છોડે ત્યારે આત્માના અનુભવને લાયક થાય. એક સિદ્ધાંત. સમજાણું કાંઈ? હવે એ છોડવાનું જે છે એને તો એનું લક્ષ નથી. આ છોડો... આ છોડો... આ ઘટાડો.. આ ઘટાડો... ઉણોદરી કરો, ફલાણું કરો. ભાઈ, ચાલો ઉણોદરી કરીએ. થોડો આહાર ખાઈએ. ઓલો કહે કે આવું ખાવું, હેઠે પથારી પાથરીને સૂવું સાદું. સાદડીમાં સૂવું સાદડી. શું કહેવાય એ? સાદડીમાં સૂવું. ચટાઈ. ઓશીકું-બોશીકું ન રાખવું, હાથનું ઓશીકું રાખવું. સાદુ જીવન હોય ને બહારનું તો એને આત્માના ભાન થવાની લાયકાત (થાય). આહાહા..!

શું કહ્યું આમાં? '**मोहीभूय**' છોડવાનું કહ્યું. સમજાણું? એ '**मोहीभूय**' કીધું હતું ને? '**अपगतमोहीभूय**' એ શબ્દનો અર્થ કરે છે. એનો ખુલાસો છે. છોડવું શું? નાશ શું કરવું એને? સમજાણું? ભાઈ! વિપરીત બુદ્ધિ જે છે, 'આ અમારા' એવું તારા અસ્તિત્વમાં જે કબુલ્યુ અને માન્યું છે, એવા તારા અસ્તિત્વમાં થયેલો, તારી મોજૂદગીમાં થયેલો વિપરીત ભાવ એને છોડ, '**ત્યારે જ આ જીવ શુદ્ધસ્વરૂપ અનુભવવાને યોગ્ય થાય છે.**' આહાહા..! કેટલી એક... સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- સાગમટે બોલાવ્યા એ જ સૂચવે છે કે લાયકાત આ છે.

ઉત્તર :- તારામાં વિપરીત બુદ્ધિ છે એ છોડવાનું છે, ભાઈ! સમજાણું કાંઈ? એટલે કે તેનો પક્ષ, લક્ષ એના પરથી છોડ. અને ભગવાન આત્મા, એની અંતર દૃષ્ટિ કર ત્યારે આ વિપરીત બુદ્ધિ છૂટે તો એ થવાને લાયક થાય. એ સિવાય બીજો કોઈ ઉપાય ત્રણ કાળમાં આત્માને અનુભવવાનો બીજો ઉપાય નથી. આ વાત જ્યાં સુધી એના ખ્યાલમાં ન આવે ત્યાં સુધી પરને છોડવા માગીને હળવો થઈશ અને આમ થાય, એ નથી જ રહ્યો છે એમ ને એમ.

છન્નું હજાર સ્ત્રીના વૃંદમાં પડ્યો ચક્રવર્તી અને એના હીરા માણેકના હારો અને સોળ હજાર દેવ સેવા કરતા હોય, બે હજાર તો આમ... આખો આલમ દેખાય જેના દરબારમાં. અમે અમારા આનંદ અને જ્ઞાનસ્વભાવમાં બીજી કોઈ ચીજ એક કણિયો પણ આવ્યો નથી અને એ રાગના કણમાં અમે કોઈ દી આવ્યા નથી. સમજાણું કાંઈ? તો બહારમાં અમે દિવાનખાને બેઠા છીએ, આ બધું લશ્કર બેઠું ભેગું, એ અમારું એ તો એની બુદ્ધિમાં હોતું નથી. આહાહા..! સમજાણું કાંઈ આમાં?


Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



'જ્યારે આ વિપરીત બુદ્ધિ છૂટે...' છે... **'अपगतमोहीभूय'** 'ત્યારે જ આ જીવ **શુદ્ધસ્વરૂપ અનુભવવાને યોગ્ય થાય છે.'** માથે કહ્યું ને કે સમ્યક્ અનુભવ આસ્વાદો. કેવી છે એ ચીજ? કે ચાલી ગઈ છે **'मोहीभूय'** પરની એકત્વબુદ્ધિ. એ પરમાં એકત્વબુદ્ધિ છોડે સ્વમાં એકત્વ થવાને લાયકાત થાય. એ સિવાય બીજી કોઈ રીત એની નથી. બાકી બીજી રીત કરવા માગે અને આવું કરતાં આમ થાશે એ ભ્રમમાં પડ્યો છે. સમજાણું કાંઈ?

હવે કહે છે, **'કેવું છે શુદ્ધસ્વરૂપ?'** કેવું છે સ્વરૂપ ભગવાન? **'समन्तात् द्योतमानं'** **'સર્વ પ્રકારે પ્રકાશમાન છે.'** ચારે કોર ખૂણેખાચરે એનું આખું તત્ત્વ પ્રકાશનો પુંજ છે એ તો. ભગવાન આત્મા ચૈતન્યપ્રકાશનો પુંજ છે. સમજાણું કાંઈ? **'समन्तात् द्योतमानं'** **'સર્વ પ્રકારે પ્રકાશમાન છે.'** એવી ચીજને વિપરીત બુદ્ધિ છોડીને આનો દૃષ્ટિનો અનુભવ કર. **'ભાવાર્થ આમ છે કે અનુભવગોચર થતાં કાંઈ ભ્રાંતિ રહેતી નથી.'** લ્યો! એ પરની વિપરીત બુદ્ધિ ટળી અને પોતાના આત્માની દૃષ્ટિ અને અનુભવ કરે, **'અનુભવગોચર થતાં કાંઈ ભ્રાંતિ રહેતી નથી.'** વિકલ્પ મારો છે, પુણ્ય મારા છે, શરીર મારું છે એવો સંદેહ, ભ્રાંતિ ટળ્યે કાંઈ રહેતું નથી. સમજાણું કાંઈ? એ વિકારના વિકલ્પ વ્યવહારના રત્નત્રયના ઊઠે એ પણ મારા છે એ ભ્રાંતિ ટળે રહેતા નથી. મારા-મારા કોઈ નહિ. મારામાં છે તે રાગમાં નથી અને રાગમાં છે તે મારામાં નથી. એ ભ્રાંતિ નહિ રહેતી અનુભવગમ્ય કર્યે. પછી હવે પ્રશ્ન કરે છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)




Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## વીર સંવત–૨૪૯૧, ફાગણ વદ ૪, રવિવાર, તા. ૨૧–૩–૧૯૬૫, કલશ–૧૧–૧૨ પ્રવચન નં. ૧૫

આ ૧૧મો કળશ. જીવ અધિકાર. કળશટીકા ચાલે છે. જુઓ! અહીં સુધી આવ્યું. **'સર્વ પ્રકારે પ્રકાશમાન છે.'** છે ને ઉપરમાં? ભાવાર્થ ઉપર. **'ભાવાર્થ આમ છે કે અનુભવગોચર થતાં કાંઈ ભ્રાંતિ રહેતી નથી.'** આત્મા એક સમયમાં પૂર્ણ શુદ્ધ અને આનંદ છે એનો અનુભવ કરવાથી ભ્રાંતિ નથી રહેતી કે આ તે રાગવાળો હશે, વિકારવાળો હશે, સંયોગવાળો હશે એવી ભ્રાંતિ રહેતી નથી. સમજાય છે? ત્યાં સુધી આવ્યું છે.

**'અહીં કોઈ પ્રશ્ન કરે છે કે જીવ તો શુદ્ધસ્વરૂપ કહ્યો...'** આત્મા તો શુદ્ધસ્વરૂપ છે, પવિત્ર આનંદ ને નિર્મળ (છે). **'અને તે એવો જ છે,...'** એ તો કબુલ કર્યું, કહે છે. એવો જ છે. શુદ્ધ ચૈતન્ય જ્ઞાન અંતર્મુખથી સ્વભાવ જોતાં એ પવિત્ર અને તદ્દન શુદ્ધ છે. **'પરંતુ રાગદ્વેષમોહરૂપ પરિણામોને અથવા સુખદુઃખાદિરૂપ પરિણામોને કોણ કરે છે?'** આ પ્રશ્ન છે. સમજાય છે કાંઈ? આત્મા શુદ્ધ સ્વરૂપ છે. એક સેકન્ડના અસંખ્ય ભાગમાં પૂર્ણ શુદ્ધ ચૈતન્ય એ તો એવો જ છે. શિષ્યે કબુલ તો કર્યું કે ઈ એમ જ છે. પણ રાગ–દ્વેષ અને મોહ પરિણામ. પુણ્ય-પાપના ભાવ અને મોહ નામ પરમાં મિથ્યાત્વ સાવધાન ભાવ એને કરે છે કોણ? અને સુખ-દુઃખ આદિ પરિણામ, હરખ-શોકાદિના ભાવ કરે છે કોણ? સમજાણું કાંઈ? અને **'કોણ ભોગવે છે?'** એમ પ્રશ્ન કર્યો શિષ્યે. સમજાય છે કાંઈ આમાં? આ આત્મા તદ્દન શુદ્ધ ચૈતન્યમૂર્તિ આનંદકંદ નિર્મળ ધામ એવી ચીજ છે. એ સમ્યગ્દર્શનનો વિષય. સમ્યગ્દર્શનમાં આત્મા પૂર્ણ શુદ્ધનો અનુભવ થાય. એટલે વસ્તુ પૂર્ણ શુદ્ધ છે એ વાત તો શિષ્યે કબુલ કરી કે બરાબર છે. વસ્તુ તો શુદ્ધ છે. પણ આ અશુદ્ધતા ક્યાંથી આવી વચમાં? પુણ્ય અને પાપ અને મિથ્યાત્વભાવ અને શોક અને હરખ-શોક ને સુખ-દુઃખ એવો ભાવ એને કરે છે કોણ? શુદ્ધ છે એમાં વિકાર કરે કોણ? શુદ્ધ છે એમાં વિકારને ભોગવે કોણ? પ્રશ્ન સમજાય છે? આ પ્રશ્ન ઉઠ્યો. કહો, શેઠી! આત્મા વસ્તુ તો શુદ્ધ છે. પરમપવિત્ર આનંદ અનાકુળ આનંદકંદ. તો પછી આ વિકાર, પુણ્ય અને પાપ, હરખ અને શોક, મોહનો મિથ્યાત્વભાવ એને કરે કોણ અને ભોગવે કોણ? શુદ્ધવસ્તુ કરે કોણ અને ભોગવે કોણ? કહો, સમજાય છે કાંઈ?

**'ઉત્તર આમ છે કે આ પરિણામોને કરે તો જીવ કરે છે...'** એ છે તો શુદ્ધ સ્વરૂપ ચિદાનંદ. પણ જ્યાં સુધી વિકારના, પુણ્ય-પાપના અને મિથ્યાત્વભાવને કરે ત્યાં સુધી જીવ જ કરે છે. કર્મ-બર્મ કરતું નથી. એમ સિદ્ધ કરવું છે. સમજાય છે કાંઈ? એ કર્મ કરાવતું

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


નથી અને કર્મ કરતું નથી. એમ પ્રશ્ન છે કે એ તો શુદ્ધ છે. ઘણા પ્રશ્ન અહીં ચાલે છે ને ઘણીવાર? એક ફેરી ઓલા ચિદાનંદ.. શુદ્ધ છે અને આ અશુદ્ધતા આવી ક્યાંથી? એમ કે આત્મા તો શુદ્ધ ચૈતન્યમૂર્તિ તેને આત્મા કહીએ. કેમ કે શરીર, કર્મ, અજીવ, પુણ્ય-પાપના ભાવ તે આસ્રવ. તો આત્મા તો શુદ્ધ ચૈતન્યમૂર્તિ છે. તો પછી આ આસ્રવ અને પુણ્ય-પાપના વિકારી ભાવ એને કરે કોણ અને ભોગવે કોણ? એમ શિષ્યનો પ્રશ્ન છે. સમજાય છે કાંઈ?

'**કરે તો જીવ કરે છે...**' આટલી વાત છે. એ રાગ અને દ્વેષ, દયા ને દાન, વ્રત ને ભક્તિ, કામ ને ક્રોધ, શુભાશુભભાવ અને મિથ્યાત્વભાવ. અને તે કરે તો તો કર્તા જીવ જ છે. કરે તો કર્તા જીવ છે. સમજાણું કાંઈ? '**અને જીવ ભોગવે છે,...**' ભોગવે તો એ જીવ જ ભોગવે છે. એ કાંઈ જડ ભોગવતું નથી. ઘણા પ્રશ્ન ઉઠે અહીં. હમણાં ઓલા દિલ્હીવાળા ઈ કહે, આ રાગદ્વેષ.. કાલે હજી પ્રશ્ન કર્યો. કેટલા દીથી સાંભળતા હતા. રાગ-દ્વેષ જડ છે કે નહિ? એટલે આ માણસ પાછા પૂરું સમજે નહિ અને સામે ચર્ચા કરવા જાય. ત્યારે ઓલા કહે, કાંઈ સમજતા નથી ને મફતના શુદ્ધ-શુદ્ધ કરી રહ્યા છે. એમ સામાને (થાય). કાલે ઓલા દિલ્હીવાળા હતા ને. આહાર કરીને ફરતા (હતા ત્યારે) આવા પ્રશ્ન કરે. પ્રશ્ન એવા કે કાંઈ માલ ન મળે. એલા પણ ઘણા દીથી અહીં સાંભળો છો તમે. અહીંના પક્ષથી તમને... ભારે સારું, ભારે સારું. પણ શું સારું? રાગ-દ્વેષ જડ છે ને, એમ કહે. આત્મામાં તો નથી. માટે જડ છે? એમ નથી. જડ પણ કહ્યા છે પણ જડનું કારણ એ પુણ્ય-પાપમાં ચૈતન્યનો પ્રકાશ નથી એ અપેક્ષાએ એને જડ કહ્યા. પણ જડ એટલે રજકણ ને અજીવ ને ધૂળ છે એમ નથી. સમજાય છે કાંઈ?

'**કરે તો જીવ કરે છે...**' જ્યાં સુધી વિકાર, પુણ્ય અને પાપ, દયા ને દાન, કામ ને ક્રોધ મિથ્યાત્વભાવ કરે ત્યાં સુધી તો જીવ જ પોતાની ભૂમિકામાં, પોતાના અસ્તિત્વમાં પોતે કરે છે અને ભોગવે તો એ પોતે જ ભોગવે છે. એ કાંઈ જડનો ધર્મ નથી કે ભાઈ! શરીરનો ધર્મ છે દુઃખને ભોગવવું. એમ કહે છે ને આ વેદાંત આદિ ઘણા? એમ નથી. સમજાણું કાંઈ? અને વિકાર કર્મ કરાવે છે અને કર્મ એને લઈને ભોગવાવે છે એમ પણ નથી. સમજાણું કાંઈ? '**કરે તો જીવ કરે છે...**' શુદ્ધ સ્વરૂપના ભાનમાં તે કરતો નથી. પણ ભાન નથી ત્યાં સુધી કરે તો વિકારનો કર્તા જીવ જ છે. સંસારનો ઉદયભાવનો, વિકારભાવનો કર્તા-કરનારો એ આત્મા જ છે. એનો કરનારો કોઈ કર્મ અને કોઈ બીજો છે નહિ. શશીભાઈ! આ ઘણા એમાં વાંધા ઉઠાવે. લ્યો! આત્મા શુદ્ધ છે... શુદ્ધ છે... શુદ્ધ છે. શુદ્ધમાં આ વિકાર આવ્યો ક્યાંથી? એટલે કર્મને લઈને વિકાર આવ્યો. એમ હોય નહિ ત્રણ કાળમાં. અશુદ્ધદ્રવ્યાર્થિકનયે એ દ્રવ્ય જ પોતે વિકારપણે પરિણમે છે. એને કર્મ પરિણમાવે છે અને કર્મને લઈને વિકાર જીવમાં છે એમ છે નહિ. સમજાણું કાંઈ? ભોગવે તો એ જીવ

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

જ ભોગવે છે. લ્યો, રોગ આવ્યો શરીરમાં. શરીર શરીરનો ધર્મ ભોગવે. આત્માને શું છે? એ વાત સાચી. કઈ શરીરની પર્યાયને આત્મા ન ભોગવે રોગની. પણ એમાં હરખ-શોક કરે એ જીવ જ ભોગવે છે. સમજાણું કાંઈ? શુદ્ધ-શુદ્ધ જ છે. હવે એ થઈ રહ્યું, વિકાર-વિકાર... પણ અજ્ઞાનપણે કરે છે તો એ કરે છે અને ભોગવે તો પણ ઈ ભોગવે છે. કહો, સમજાણું?

'**પરંતુ આ પરિણતિ વિભાવરૂપ છે,...**' એ અવસ્થા વિકારરૂપ છે. ભગવાન આત્મા શુદ્ધ ચિદાનંદ મૂર્તિ, એમાં એ પુણ્ય-પાપનો વિકાર અને વિભાવ મિથ્યાત્વ એ વિકાર વિભાવરૂપ છે અને ઉપાધિરૂપ છે. એનું સ્વરૂપ નથી. સમજાણું કાંઈ? ચૈતન્યગોળો શુદ્ધ આત્મા જેને કહીએ એ તો પવિત્ર અને શુદ્ધ આનંદકંદનું ધામ છે. સિદ્ધ જેવું એનું પૂર્ણ સ્વરૂપ છે. પણ એ વિકારની દશા કરે તો જીવ કરે. કેમ? કે પોતાની દશામાં એ વિભાવ કરે છે અને ઉપાધિભાવ કરે છે. સમજાણું? ખરેખર એના સ્વભાવમાં એ વિભાવ અને ઉપાધિ નથી. સમજાણું કાંઈ આમાં? કહો, શેઠી! કોણ કરાવે આ? શુદ્ધ સ્વરૂપ છે આત્મા એમાં શુદ્ધને શુદ્ધ કરે કે એ શુદ્ધ અશુદ્ધને કરે? એ ઉપાધિ પોતે પોતાની જાતે કરે છે. પુણ્ય ને પાપ, શુભ ને અશુભભાવ એ ઉપાધિ જીવ પોતે કરે છે. નિર્મળ હોવા છતાં એને ભૂલીને વિકારના ભાવ કરે અને ભોગવે, આત્મા કરે અને ભોગવે છે. જડ કરાવે અને જડ ભોગવે એમ છે નહિ. કહો, સમજાણું?

બે ન્યાય આપ્યા. '**આ પરિણતિ વિભાવરૂપ છે,...**' એટલે કે '**ઉપાધિરૂપ છે;...**' એમ. ઉપાધિ. મૂળ એનું સ્વરૂપ નથી. પણ ઉપાધિનો કર્તા જીવ જ છે અને ભોક્તા પણ જીવ જ છે. કહો, આ નિગોદથી માંડીને એકેન્દ્રિય જીવના અનાદિથી માંડીને એ વિકાર અને ઉપાધિને કરે તો જીવ કરે છે. કર્મ-બર્મ કરાવે છે, કરે છે એ છે નહિ. '**તેથી...**' એ પુણ્ય ને પાપ, દયા ને દાન, મિથ્યાત્વભાવ અને હરખશોક ભાવ એ ઉપાધિરૂપ છે, વિકારરૂપ છે. એ કારણે '**નિજસ્વરૂપ વિચારતાં...**' પોતાનું નિજસ્વરૂપ શુદ્ધ જ્ઞાનાનંદ એમ વિચારવામાં આવે તો '**તે, જીવનું સ્વરૂપ નથી...**' ઉપાધિરૂપ કીધું હતું હવે એ જીવનું સ્વરૂપ નથી. સમજાણું કાંઈ? જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ પણ ઉપાધિરૂપ છે, વિભાવરૂપ છે. જીવનું સ્વરૂપ નથી. આહાહા..! સમજાણું આમાં?

'**નિજસ્વરૂપ વિચારતાં...**' જુઓ! પોતાનું નિજ ત્રિકાળી જ્ઞાનાનંદ શુદ્ધ ચૈતન્ય વિચારતાં એ જીવનું સ્વરૂપ પુણ્ય-પાપ, કામ-ક્રોધ, દયા-દાન, સુખ-દુઃખ, હરખ-શોકના ભાવ એ જીવનું સ્વરૂપ નથી. સમજાય છે કાંઈ? '**એમ કહેવાય છે.**' '**તે, જીવનું સ્વરૂપ નથી એમ કહેવાય છે.**' '**કેવું છે શુદ્ધસ્વરૂપ?**' કેવો છે ભગવાન આત્મા? શુદ્ધ નિર્મળાનંદ જે સમ્યગ્દર્શનમાં પ્રતીત કરવાલાયક, સમ્યગ્દર્શનમાં અનુભવવા લાયક એવો ભગવાન આત્મા એક સમયમાં કેવો છે? '**यत्र अमी बद्धस्पृष्टभावादयः प्रतिष्ठां न हि विदधति**' '**यत्र**'

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


નામ '**જે શુદ્ધાત્મસ્વરૂપમાં...**' ભગવાન આત્મા પૂર્ણ શુદ્ધ સ્વરૂપ ધામ અનંતગુણનો નિર્મળાનંદ, એમાં '**अमी**' એટલે '**આ વિદ્યમાન...**' છે. વિદ્યમાન છે એમાં. પર્યાયમાં વિદ્યમાન છે. સમજાણું કાંઈ? શુદ્ધ ચિદાનંદ મૂર્તિ સ્ફટિક જેવો નિર્મળાનંદ ભગવાન, વસ્તુસ્વભાવે એવો હોવા છતાં એની અવસ્થામાં-પર્યાયમાં '**अमी**' એટલે આ વિદ્યમાન છે. શું? '**बद्ध**' '**અશુદ્ધ રાગાદિ ભાવ,...**' સમજાણું કાંઈ? ઓલામાં કર્મ આદિને બદ્ધ લીધું છે. અહીંયાં જીવ નિબદ્ધા એવી અપેક્ષા લઈને જીવ શુદ્ધ સ્વરૂપ છે પૂર્ણ આનંદ, એમાં એ, જેમ ઝાડ અને લાખ બદ્ધ છે લાખ, એમ આ હરખ-શોક, કામ-ક્રોધના ભાવ એ અબદ્ધસ્વરૂપમાં એ બદ્ધરૂપ છે. એની મૂળ ચીજ છે નહિ. એથી એને અહીંયાં જરી અશુદ્ધ રાગાદિ ભાવ બદ્ધ છે. બદ્ધ નામ બંધાયેલા છે. બદ્ધ નામ સ્વરૂપમાં-સ્વભાવમાં છે એમ નથી. સમજાણું કાંઈ

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બંધાયેલો એનો અર્થ કે એના સ્વરૂપમાં નથી. લાખનો દાખલો આપ્યો હતો ને. એ શૈલી લીધી હતી. અહીં તો પહેલેથી લીધું છે. લાખનો દાખલો તો આગળ કર્તાકર્મમાં આવે છે. પણ એ શૈલી જરી આમાં ઉપાડી છે. એ બદ્ધ છે ભગવાન આત્મા ચૈતન્ય જ્યોત નિર્મળ શુદ્ધ દૃષ્ટિ કરવાથી એ તો વીતરાગ સ્વરૂપે પૂર્ણાનંદ, એવી દૃષ્ટિ તેને સમ્યગ્દર્શન કહીએ. પણ એ વિકાર જે છે એ ત્રિકાળી શુદ્ધ ચૈતન્યના દળમાં બદ્ધરૂપ છે, બદ્ધરૂપ છે. અશુદ્ધ રાગાદિ ભાવ એ બદ્ધરૂપ છે. અબદ્ધસ્વરૂપની સાથે બદ્ધરૂપ છે. એકરૂપ છે નહિ. સમજાણું કાંઈ? એ પાછું સંયુક્તમાં લેશે હોં! અપેક્ષાથી એના એ ભાવ.

'**स्पृष्ट**' '**પરસ્પર પિંડરૂપ એકક્ષેત્રાવગાહ...**' કહો, સમજાણું? એ વિકારભાવ એ પરસ્પર એક ક્ષેત્રમાં રહેલા છે. પિંડરૂપ જાણે એક પિંડ હોય. વિકારી ભાવ હોં! શું કહે છે? ચૈતન્યવસ્તુ એક સમયમાં પૂર્ણ શુદ્ધ અને આનંદનું ધામ, એની જગ્યામાં એક ક્ષેત્રાવગાહે જાણે વિકાર અને આત્મા એક પિંડ હોય એમ તે દેખાય છે. સમજાણું કાંઈ? કર્મ-ફર્મની વાત નહિ.

મુમુક્ષુ :- ભાવકર્મની વાત તો છે.

ઉત્તર :- ભાવકર્મની વાત છે. જાણે એ પિંડલો થઈ ગયો હોય ને. ઓલા કર્મની વાત ન લેવી. કર્મ તો જડ. પણ એના સંયોગે ઉત્પન્ન થયેલો વિકાર એ પિંડ જાણે ચૈતન્યજ્યોત પૂર્ણાનંદનો સૂર્ય એની સાથે વિકાર એક જગ્યાએ પિંડરૂપ જાણે થયો હોય એમ દેખાય છે. વસ્તુના એક પોઈન્ટમાં નથી અંદર. સમજાણું કાંઈ? અને તે છે એમ કહેવું છે. વિદ્યમાન છે. કોઈ કહે કે ઓલા વેદાંતની જેમ કે આત્મા સત્ય છે અને બીજું ખોટું છે. આત્મા બ્રહ્મ અને બીજું (મિથ્યા) એમ નથી. શશીભાઈ! બ્રહ્મ સત્ય જગત મિથ્યા. એમ નથી. '**अमी**' અહીં પરની વાત તો જુદી રાખો. પણ એનામાં પુણ્ય અને પાપની મલિન દશા ભ્રાંતિ સુખ-દુઃખભાવ '**अमी**'-વિદ્યમાન છે. પર્યાયમાં હયાતી ધરાવે છે. પણ એ બદ્ધરૂપે છે. ત્રિકાળી સ્વભાવરૂપે નથી. સમજાય છે કાંઈ? અને સ્પષ્ટ છે. સ્પર્શેલ છે. વ્યવહારે એક પિંડરૂપ પરસ્પર.

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ત્રિકાળી શુદ્ધ સ્વભાવ અને વિભાવ પરસ્પર એક જાણે પિંડ હોય એમ વ્યવહારે દેખાય છે.

'આદિ શબ્દથી...' ગૃહિત અન્યભાવ લેવો હવે. **'આદિ શબ્દથી અન્યભાવ, અનિયતભાવ, વિશેષભાવ અને સંયુક્તભાવ ઇત્યાદિ જે વિભાવપરિણામો છે...'** અત્યાદિ જે વિકારી પર્યાય છે **'તે સમસ્ત ભાવો શુદ્ધસ્વરૂપમાં...'** પૂર્ણાનંદ ભગવાન શુદ્ધમાં **'(प्रतिष्ठां)'** નામ **'શોભા'**ને **'(न हि विदधति)'** શોભાને પામતા નથી. અંદર વસ્તુમાં એકાકાર કદી થતાં નથી. સમજાય છે કાંઈ? જુઓ! આ વસ્તુ આને અંતરમાં જોવી એવા બદ્ધસ્પૃષ્ટ રહિત અંતરમાં પૂર્ણાનંદની દૃષ્ટિ, અનુભવ કરવો એનું નામ સમ્યગ્દર્શન છે. સમજાણું કાંઈ? જયંતિભાઈ! આહાહા..!

**'તે સમસ્ત ભાવો શુદ્ધસ્વરૂપમાં...' '(प्रतिष्ठां)'** એટલે આધાર મળતો નથી, અંદર સ્વરૂપમાં એને આધાર મળતો નથી. ઉપર ઉપર ટપકે છે. સમજાણું કાંઈ? જેમ પાણીમાં તેલ ઉપર ઉપર ચીકાશ રહે છે. પાણીના મૂળ દળમાં એનો પ્રવેશ છે નહિ. એમ ચૈતન્યદળ, જ્ઞાન ને આનંદનો સ્વભાવરૂપ ધ્રુવ સ્વરૂપ શુદ્ધ એમાં એ પાંચ ભાવ ઉપર ઉપર છે. પ્રતિષ્ઠા પામતા નથી એટલે અંદર પેસતા નથી. તેથી અંદરમાં એ જઈને શોભા પામતા નથી. સમજાણું કાંઈ? ઓહોહો..! શરીર, વાણી, મનની અહીં વાત નથી હોં! પરનું પરમાં રહી ગયું. એ તો એની પર્યાય એનામાં. આ તો એની પર્યાયમાં ઉપાધિરૂપભાવ, અશુદ્ધભાવ, વિભાવભાવ, વિકારભાવ, ઉદયભાવ, અસિદ્ધભાવ એ એની પર્યાયમાં રહેલો ભાવ છે.

મુમુક્ષુ :- બેય વર્તમાન?

ઉત્તર :- વર્તમાન છે. ત્રિકાળી સ્વરૂપ વર્તમાન આ પણ વર્તમાન. એકમેક જાણે લાગતું હોય. પણ છે વિભાવ. અશુદ્ધ સંબંધ છે, પરસ્પર એક છે. એ સમસ્ત શુદ્ધમાં પ્રતિષ્ઠા પામતા નથી. જુઓને, ત્યાં પણ કીધું. ઓલામાં પણ શોભા ધારતા નથી. કીધું ને? **'भाति', 'न भाति'**. એમ અહીં કીધું.

શું કહ્યું? ભગવાન આત્મા એક સમયમાં, ભલે એની પર્યાયમાં અશુદ્ધ આદિ છે, પણ એ વસ્તુના મૂળ સ્વરૂપમાં તેને આધાર મળતો નથી, એને શોભા આવતી નથી. શોભા એટલે અંદરમાં એક સમય સિવાય વિકારની અંદરમાં પ્રવેશ એનો છે નહિ. એવા એ ઉપર તરતા પાંચ ભાવ વિભાવને સંબંધરૂપે છે. સ્વભાવરૂપે નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નવા પકડેલી વાત છે. અંદર સ્વરૂપમાં નથી. સમજાણું કાંઈ? હવે એનો ખુલાસો કરે છે જરી.

**'નર, નારક, તિર્યંચ અને દેવપર્યાયરૂપ ભાવનું નામ અન્યભાવ છે;...'** આત્મા વસ્તુ શુદ્ધ ચૈતન્યદળ આનંદકંદ, એના ઉપર મનુષ્યની પર્યાય, નારકીની પર્યાય, ઢોરની પર્યાય, પશુ, દેવ. એ ભાવનું નામ અન્ય, અનેરી અનેરી દશા થાય છે ને? મનુષ્યની ઉદયભાવની

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પર્યાય, દેવની ઉદયભાવની પર્યાય, નારકીની ઉદયભાવની પર્યાય ઉદયભાવ, એ ભિન્ન ભિન્ન એની પર્યાય છે. માટે તેને અન્યભાવ કહે છે. એ અન્યભાવ તે અંતર સ્વરૂપમાં પ્રતિષ્ઠા પામતો નથી. સમજાણું કાંઈ? ચાર ગતિના પર્યાયરૂપ ભાવનું નામ અન્યભાવ. અન્ય અન્ય અવસ્થા થઈ ને? એક વાત.

હવે અનિયતભાવ. ઓલામાં દરિયાની પર્યાય લીધી હતી. આમાં બીજી ઢબે લીધી છે. બીજું ઢબ કારણ છે. '**અસંખ્યાત પ્રદેશસંબંધી સંકોચ-વિસ્તારરૂપ પરિણમનનું નામ અનિયતભાવ છે;...**' શું લીધું? કે આત્મા અંદર શુદ્ધ સ્વરૂપે પૂર્ણાનંદ વસ્તુ છે છતાં ઉપરમાં અનેરો અનેરો ભાવ નારકી ભવ આદિનો થાય છે એ ઉપાધિ છે, વિભાવ છે. અંદરમાં પ્રવેશ કરતો નથી. અને અનેરો અનેરો (છે) માટે અન્યભાવ કહ્યો. અને આને, આત્મા અસંખ્ય પ્રદેશી વસ્તુ છે. સમજાણું કાંઈ? અસંખ્ય પ્રદેશ સંબંધી, અસંખ્ય પ્રદેશ વસ્તુ છે. અહીં તો પહેલેથી સાંભળવા આવે તો આ હિન્દી ચાલે છે. અહીં તો શરૂ થાય તે ચાર સુધી એક વાત છે. પહેલા આવ્યા નહિ. હવે એક આવ્યા માણસ એટલે ક્યાંથી ચાલે. સમજાય છે કાંઈ? તીર્થ કરવા નિકળ્યા છે ને. કાંઈ સાંભળવા, સમજવા નથી નીકળ્યા. સમજાણું આમાં?

એક સમયમાં આત્મા અસંખ્યાત પ્રદેશ સંબંધી વસ્તુ છે. હવે જુઓ આમાં ન્યાય. એમાં '**સંકોચ-વિસ્તારૂપ પરિણમનનું નામ અનિયતભાવ છે;...**' આત્માના અસંખ્ય પ્રદેશ છે ને? એમાં સંકોચ-વિકાસ થાય ને. મોટું શરીર હોય તો કાંઈક વિકાસ થાય, નાનું હોય તો સંકોચ થાય. એવો સંકોચ-વિકાસભાવ અનિયત-એકરૂપે રહેતો નથી. એવો ભાવ પણ અંતરમાં સ્વરૂપમાં ઠરતો નથી. સમજાણું કાંઈ? ઝીણી વાતું ભાઈ! '**અસંખ્યાત પ્રદેશસંબંધી...**' ન્યાય આપ્યો એક અંતરનો કે એ વસ્તુ અસંખ્ય પ્રદેશી છે. એ અસંખ્ય પ્રદેશ છે તેનું એકરૂપ વિદ્યમાન અંદર પર્યાયમાં એકરૂપ ન રહેવું એને અનિયત કહેવામાં આવે છે. જે જૈન સર્વજ્ઞ પરમાત્માએ અસંખ્ય પ્રદેશી આત્મા જોયો એ અસંખ્ય પ્રદેશની પર્યાયમાં સંકોચ-વિકાસનું થવું એને અહીંયાં અનિયત બોલમાં નાખ્યો છે. સમજાણું કાંઈ? ઓલામાં ગતિની અન્ય-અન્યતાને અન્યમાં નાખ્યું અને આ સંકોચ-વિકાસને અનિયતમાં નાખ્યું છે. સમજાણું કાંઈ આમાં? વાત જ બધી એની પર્યાયની જ અહીં તો વાત કરે છે.

વસ્તુ તરીકે શુદ્ધ જ્ઞાનાનંદ સ્વરૂપ વસ્તુનો સ્વભાવ હોવા છતાં એની એક સમયની પર્યાયમાં અનિયતભાવ, પ્રદેશોનો પણ અનિયતભાવ, એવો વિભાવભાવ, ઉપાધિભાવ, એકરૂપ નહિ રહેનારો ભાવ એ અંતર સ્વરૂપમાં એની શોભા આવતી નથી. અંતર સ્વરૂપમાં એ પ્રતિષ્ઠાને પામતા નથી. કહો, સમજાય છે ને? હિંમતભાઈ! ભારે ઝીણું, ભાઈ! છ બોલ કહે છે હોં અહીંયાં. સમજાણું? એ ચાર બોલ થઈ ગયા. ચાર થઈ ગયા ચાર. બદ્ધ, સ્પૃષ્ટ, અન્ય, અનિયત એમ ચાર થયા.

હવે '**દર્શન, જ્ઞાન અને ચારિત્રરૂપ ભેદકથનનું નામ વિશેષભાવ છે;...**' ભગવાન

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં અભેદ ચિદાનંદ વસ્તુ ગુણ-ગુણીનું એકરૂપ ત્રિકાળ છે. એવા અભેદને દૃષ્ટિમાં લેવો એનું નામ સમ્યગ્દર્શન છે. પણ એની વર્તમાન પર્યાયમાં એવો ભેદરૂપ ભાવ જે ભાસે કે હું જ્ઞાન છું, દર્શન છું, આનંદ છું, એવા વિશેષ પર્યાયો એ પણ ખરેખર ભેદભાવ અંતરના ત્રિકાળ સ્વભાવમાં એને આધાર મળતો નથી. સમજાય છે કાંઈ? આ તો ભાઈ મૂળ વાત છે એ જરી ઝીણી છે. '**દર્શન, જ્ઞાન અને ચારિત્રરૂપ ભેદકથનનું નામ વિશેષભાવ છે;...**' કથનનું નામ વિશેષભાવ કહ્યું હોં! સમજાણું કાંઈ? અંતર તો એકરૂપ વસ્તુ છે. પણ આમ જ્ઞાન, દર્શન, ચારિત્ર એવું કથન અને એવો વિકલ્પનો ભેદ ઉઠવો એ વિશેષભાવ એ અંતરના સ્વરૂપમાં એવા ભેદ છે નહિ. એકરૂપ વસ્તુ છે. સમજાણું કાંઈ?

હવે આ સંયુક્ત. ઓલામાં આવ્યું હતું અશુદ્ધ રાગાદિ ભાવ બદ્ધમાં. હવે છતાં અહીંયાં '**રાગાદિ ઉપાધિ સહિતનું નામ...**' સંયુક્ત શબ્દ પડ્યો છે ને. સંયુક્ત-સહિતપણું. ઓલામાં બદ્ધપણું લીધું હતું, આમાં સહિતપણું લીધું છે. કહો, સમજાણું આમાં? ક્યાં ગયા ત્રિભુવનભાઈ? સમજાણું આમાં? તમારો પ્રશ્ન છે ને ત્યાં? કહે છે કે વિકલ્પ જેટલા ઉઠે દયા, દાન, કામ, ક્રોધ, મિથ્યાભાવ એ બધો ઉપાધિ સહિત, ઉપાધિ સહિત (છે). નિરૂપાધિ તત્ત્વમાં ઉપાધિ સહિત માટે તેને સંયુક્તભાવ કહેવામાં આવે છે. સ્વભાવભાવ એ નથી. સમજાણું કાંઈ? ઓલામાં બદ્ધ લઈને વસ્તુ સાથે જાણે એકલું તત્ત્વ આમ ભિન્ન હોય એમ બતાવવું છે અને આ સહિતપણું આમ બતાવ્યું. એનાથી સહિત છે. વસ્તુ ત્રિકાળ ચિદાનંદ જ્યોત, પુણ્ય-પાપની ઉપાધિ સહિતનું નામ સંયુક્તભાવ છે. છ બોલ થઈ ગયા. આપણે ઓલામાં પાંચ બોલ આવે છે ને. બદ્ધસ્પૃષ્ટ ભેગું નાખ્યું.

'**ભાવાર્થ આમ છે કે બદ્ધ, સ્પૃષ્ટ, અન્ય, અનિયત, વિશેષ અને સંયુક્ત એવા જે છ વિભાવપરિણામો છે...**' છએ વિભાવપરિણામ છે ભાઈ આમાં લીધા છે. ઓલા પુદ્‌ગલ પિંડ-બિંડની વાત લીધી નથી. આની કથની જ જુદી જાતની છે. એનો ને એનો પર્યાયમાં દ્રવ્ય, બસ! આ વાત. પરની સાથે શું સંબંધ છે? પર સ્વતંત્ર પદાર્થ એને કારણે પરિણમે. જાય, આવે એનું શું કામ છે? એનો ભગવાન આત્મા પૂર્ણ શુદ્ધ ચૈતન્ય પરમાનંદ અને અનાકુળ રસકંદ હોવા છતાં એની પર્યાયમાં આવા છ બોલો બદ્ધ ક્ષેત્રાવગાહે પિંડરૂપ દેખાય એમ. અને અનિયત-અસંખ્ય પ્રદેશનો સંકોચ-વિકાસ અને આ રાગ-દ્વેષાદિથી સંયુક્તપણું, નારકી આદિથી અનન્યપણું એવા ભાવો એની પર્યાયમાં '**अमी**' એટલે વિદ્યમાન છે. '**अमी**' શબ્દ વાપર્યો હતો ને? વિદ્યમાન છે. કોઈ આકાશના ફૂલની જેમ નથી. એમ નથી. કુસુમ. આકાશ કુસુમવત્. આવે છે ને? વ્યોમ કુસુમવત્. વ્યોમને જેમ ફૂલ ન હોય એમ આત્મામાં એની પર્યાયમાં પણ આ નથી એમ નથી. પર્યાયદૃષ્ટિએ દેખે તો એનામાં એ છે. વસ્તુનો સ્વભાવ જોઈએ તો એનામાં એ છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આનું તાત્પર્ય શું પણ? આત્મા એક સમયમાં આ પાંચ ભાવવાળી વર્તમાન દશામાં દેખાય છતાં એના ત્રિકાળ સ્વરૂપમાં નથી માટે તેને અભૂતાર્થ કહીને, અનિત્ય કહીને, નીકળી જાય છે એમ કહીને એને આત્મામાં પ્રતિષ્ઠા પામતા નથી એમ કહેવામાં આવે છે. માટે તારે સમ્યગ્દર્શન કરવું હોય તો એ છ ભાવ રહિત લક્ષ છોડીને ત્રિકાળી જ્ઞાયક ચિદાનંદ એકરૂપ છે એની અંતર દૃષ્ટિથી આત્માને સમ્યગ્દર્શન થાય છે. એ સિવાય સમ્યગ્દર્શન બીજા કોઈ કારણે થાતું નથી. સમજાણું કાંઈ?

**'એવા જે છ વિભાવપરિણામો છે તે સમસ્ત, સંસાર-અવસ્થાયુક્ત જીવના છે,...'** જોયું! એ બધા સંસારી નિગોદથી માંડીને જેટલા જીવ છે એ સંસારની અવસ્થા સહિતવાળાને છે. સમજાણું કાંઈ? આ જે છ બોલ કહ્યા એ સંસારની દશાવાળાને છ બોલ બધાને છે. **'શુદ્ધ જીવસ્વરૂપ અનુભવતાં જીવના નથી.'** લ્યો! શુદ્ધ ચિદાનંદમૂર્તિ એક રૂપે ધામ આનંદનું એનો અનુભવ કરતાં એ વસ્તુ છે જ નહિ. અંતરમાં નથી. એનો અનુભવ કરવાથી એ વસ્તુ અંતર રહેતી નથી. સમજાણું કાંઈ? '**શુદ્ધ જીવસ્વરૂપ અનુભવતાં...**' કીધું હતું ને? શુદ્ધસ્વરૂપમાં એ નથી. એ જીવનું સ્વરૂપ નથી. એમ કહ્યું હતું ને? જીવનું સ્વરૂપ નથી. એ ઉપાધિભાવ છે, મેલ છે, વિભાવ છે એથી એ ચૈતન્યસ્વરૂપ એક સમયમાં પૂર્ણ શુદ્ધનો અનુભવ કરવાથી એ જીવના સ્વરૂપમાં છે જ નહિ. પર્યાયમાં છે, સ્વરૂપમાં અનુભવ કરવાથી નથી. સમજાય છે આમાં?

મુમુક્ષુ :- રાગાદિ ભાવને બદ્ધ કહ્યું ને?

ઉત્તર :- હા, બદ્ધ કહ્યું.

મુમુક્ષુ :- અપેક્ષાથી?

ઉત્તર :- નહિ. નહિ. વર્તમાન સંબંધ. પૂર્વ અપેક્ષાએ નહિ. વર્તમાન...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બદ્ધનો વર્તમાન સ્વભાવ શુદ્ધ છે, જેમ પીપરના ઝાડને લાખનો સંબંધ બંધ છે એ કાંઈ પીપરનું સ્વરૂપ નથી. પીપર-પીપર? આ ઝાડ. પીપરનું ઝાડ હોય છે ને? એમાં લાખ છે એ કાંઈ પીપરનું સ્વરૂપ નથી. બદ્ધ છે, સંબંધ છે. એમ ભગવાન આત્મા અનંતગુણનો પિંડ વસ્તુ, એમાં પુણ્ય-પાપ વિભાવભાવ એ બદ્ધસ્વરૂપ છે, નિબદ્ધ છે, એકરૂપે છે નહિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ કહ્યું ને. સહિત કીધું. બેય એક જ વાત છે. અહીંયાં ઉપાધિ સહિતનું નામ સંયુક્ત એટલું લીધું. આનંદનો એમાં અભાવ છે એ ઉપાધિ દુઃખરૂપ છે એથી એને દુઃખના ભાવસહિત કહેવામાં આવ્યો છે. સમજાણું કાંઈ? આ તો અધ્યાત્મ વાત છે. એમાં કળશટીકાએ તો કેટલું સ્પષ્ટ! એની પર્યાય ને એના દ્રવ્ય-ગુણ... કથનની પદ્ધતિ જ એની કોઈ જુદી જાતની છે. અડ્યો જ નથી પરદ્રવ્યને. અડ્યો છે... અડ્યો સમજ્યાને? સ્પર્શો

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે. એ આ છ અવસ્થાને સ્પર્શ્યો છે પર્યાયમાં. વસ્તુમાં એ નથી. સમ્યગ્દર્શનનો અંદર વિષય જોતાં આત્મા પૂર્ણ શુદ્ધ ચૈતન્ય અનુભવ કરવાથી એ છ એમાં આવતા નથી. વસ્તુમાં તો નથી આવતા પણ અનુભવની પર્યાયમાં એ છ આવતા નથી. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા એક સમયમાં એક ચૈતન્ય પ્રભુ અનંત ગુણરાશિ નિરૂપાધિ ભગવાન, એનો અંતર્મુખ અનુભવ કરવાથી વસ્તુમાં તો એ છ બોલ નથી, પણ અનુભવની પર્યાયમાં એ છ બોલ નથી. આહાહા..! સમજાણું કાંઈ? એટલે શું કહ્યું? કે રાગાદિ વિભાવભાવ ઉપાધિભાવ, અન્ય અન્યભાવ, સંકોચ-વિકાસભાવ એનો અનુભવ કરવો એ પર્યાયદૃષ્ટિનો અનુભવ એ મિથ્યાદૃષ્ટિનો અનુભવ છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્માની ધ્રુવતાના સચ્ચિદાનંદ સ્વરૂપના અનુભવને છોડી એ પાંચ ભાવનો પર્યાયના લક્ષના અસ્તિત્વે, એના અસ્તિત્વની હયાતીએ, દૃષ્ટિએ રાખીને એનો અનુભવ કરવો એ જ મિથ્યાત્વભાવ, સંસારભાવ છે. આહા..! એવા છ ભાવના વિભાવભાવના સહિતપણાથી દૃષ્ટિ છોડી એક ચૈતન્યમૂર્તિ ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ, એનો અનુભવ કરવાથી એ એની અનુભવની પર્યાયમાં પણ છ ભાવ આવતા નથી, રહેતા નથી. સમજાય છે કાંઈ? પોપટભાઈ! આવો માર્ગ છે ભગવાનનો. ભગવાન એટલે આત્માનો. આહાહા..!

'**શુદ્ધ જીવસ્વરૂપ અનુભવતાં જીવના નથી.**' એ જીવના સ્વરૂપમાં છે જ નહિ. સમજાણું આમાં? છે અને છે નહિ બે વાત લીધી. એની વર્તમાન પર્યાયમાં એ પ્રકાર જુઓ તો છે. એની વર્તમાન દશામાં બદ્ધસ્પૃષ્ટ આદિ ભાવ જુઓ તો છે. છે. વ્યવહારનય કહે છે અને એનો અનુભવ કહે છે કે છે. સમજાણું કાંઈ? પણ એની દૃષ્ટિ છોડીને એક સેકન્ડના અસંખ્ય ભાગમાં પૂર્ણ ચૈતન્યદ્રવ્યનો અનુભવ કરવાથી એ જીવના નથી. જીવમાં છે નહિ. કહો, સમજાણું આમાં? છે અને નથી એમ બે વાત લીધી.

વસ્તુને જોતાં એક સેકન્ડના અસંખ્ય ભાગમાં પૂર્ણ ચૈતન્ય દ્રવ્ય વસ્તુસ્વરૂપ જોતાં એ શુદ્ધ ચૈતન્ય, એનો અનુભવ દૃષ્ટિમાં કરતાં એ છ પ્રકારના વિભાવભાવ છે જ નહિ. સ્વરૂપમાં નથી એટલે સ્વરૂપના અનુભવમાં પણ નથી. પણ એવો આત્મા શુદ્ધ ચૈતન્યનો અનુભવ ન કરતાં એની વર્તમાન બાહ્ય દૃષ્ટિના લક્ષમાં રહેતા એ છ ભાવનો પુણ્ય-પાપ, રાગ-દ્વેષનો અનુભવ કરવાથી વિદ્યમાન છે. છે. એનો અનુભવ કરવાથી ત્રિકાળ જ્ઞાયકભાવનો અનાદર થઈ અને મિથ્યાત્વભાવ થાય છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**કેવા છે બદ્ધસ્પૃષ્ટ આદિ વિભાવભાવ?**' કેવા છે બદ્ધસ્પૃષ્ટ આદિ વિભાવભાવ? છ બોલ? '**स्फुटं**' '**પ્રગટપણે...**' '**एत्य अपि**' '**ઊપજ્યા થકા વિદ્યમાન જ છે...**' જોયું! '**स्फुटं**' '**પ્રગટપણે ઊપજ્યા થકા વિદ્યમાન જ છે...**' પ્રગટ ઉત્પન્ન થાય છે એની પર્યાયમાં. આત્માની અવસ્થામાં ઉત્પન્ન થયા થકા વિદ્યમાન જ છે. શું કહ્યું સમજાણું આમાં? ભગવાન આત્મામાં અંદરમાં નથી. સ્વરૂપ એનું શુદ્ધ ચિદાનંદ અનંતગુણનું ધામ એમાં

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

એ નથી. સમજાય છે કાંઈ? પણ એ પ્રગટ થાય છે એક સમયમાં મેલ, રાગ, દયા, દાન, ભક્તિ, કામ, ક્રોધના ભાવ. એ બધા મેલ છે, વિભાવ છે, ઉપાધિ છે, દુઃખ છે. એ ઉત્પન્ન થયા થકા છે. ભાષા! સમજાણું કાંઈ?

'**ઉપજ્યા થકા વિદ્યમાન જ છે તોપણ...**' '**उपरि तरन्तः**' '**ઉપર ઉપર જ રહે છે.**' પાણીમાં જેમ તેલ ઉપર છે, ઉપર છે. ઉત્પન્ન થવામાં તેલ છે. પાણીમાં અંદરમાં પ્રવેશ નથી. ઉપર ઉપર છે. સમજાણું કાંઈ? શેઠી! '**ભાવાર્થ આમ છે કે જીવનો જ્ઞાનગુણ ત્રિકાળગોચર છે...**' લ્યો, શું કહ્યું? ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપે ત્રિકાળ ગમ્ય એકલો જ્ઞાનનો પિંડલો, જ્ઞાનનો રસકંદ છે. જ્ઞાનનો રસકંદ આત્મા છે. જ્ઞાનની મૂર્તિ ચૈતન્યમૂર્તિ ત્રિકાળ. ત્રિકાળ ચૈતન્યમૂર્તિ છે.

'**તેવી રીતે રાગાદિ વિભાવભાવ જીવવસ્તુમાં ત્રિકાળગોચર નથી.**' શું કહ્યું? એક સમયમાં ભગવાન ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્યપ્રકાશનો સૂર્ય, ચૈતન્યપ્રકાશનો સૂર્ય એ ત્રિકાળ સૂર્ય છે. સમજાય છે કાંઈ? તેમ પુણ્ય ને પાપના ભાવ, દયા-દાનના ભાવ, કામ-ક્રોધના વિકલ્પો ભાવ એ જીવવસ્તુની અંદર ત્રિકાળગમ્ય નથી. એક સમયમાત્ર ગમ્ય છે, ત્રિકાળગમ્ય નથી. સમજાણું કાંઈ? ત્રિકાળગમ્ય નથી. વસ્તુ જે ત્રિકાળ એક સમયમાં આનંદ અને શુદ્ધ ચિદાનંદ એવો સમ્યગ્દર્શનથી અનુભવ કરતાં એ ત્રિકાળગોચર જે વસ્તુ છે એવી આ નથી. સમજાણું કાંઈ? '**ત્રિકાળગોચર નથી.**' ભગવાન આત્મા એક સમયમાં પૂર્ણ શુદ્ધ ચૈતન્ય જેમ એકરૂપ ત્રિકાળ દેખાય છે એમ એ ત્રિકાળ એ પુણ્ય અને પાપ ત્રિકાળ દેખવામાં આવતા નથી.

એ '**જોકે સંસાર-અવસ્થામાં વિદ્યમાન જ છે...**' વિકાર, પુણ્ય-પાપ, શુભાશુભભાવ એની અવસ્થામાં સંસારમાં હયાતી ધરાવે છે. વિદ્યમાન છે. છે. '**તોપણ મોક્ષ-અવસ્થામાં સર્વથા નથી,...**' પાંચ ભાવ, છ ભાવ આત્મા પૂર્ણાનંદની પ્રાપ્તિનો મોક્ષ અવસ્થા એમાં જરીએ નથી. સર્વથા નથી એમ પાછું. ત્યાં નથી તો અહીં વસ્તુમાં પણ નથી. એમ કહેવું છે. સિદ્ધ તો એ કરવું છે. મોક્ષ અવસ્થામાં બિલકુલ આત્મા પરમાનંદની પ્રાપ્તિ, એમાં પુણ્ય-પાપ, દયા-દાન વિકલ્પ એ ભાવ છે નહિ. એ તો મેલ હતો, વિભાવ હતો. પૂર્ણ દશામાં એ નથી. સંસાર અવસ્થામાં છે માટે એ સ્વભાવમાં નથી. એમ. માટે ત્રિકાળ જ્ઞાયકસ્વરૂપ ચિદાનંદ પ્રભુ એનો અનુભવ સમ્યગ્દર્શન કરવાથી એમાં એ વસ્તુ છે નહિ. સર્વથા નથી. ભાઈ! કથંચિત્ નથી એમ કહો ને. અનેકાંત (કરો). એ અનેકાંત છે કે સર્વથા નથી. સર્વથા નથી એટલે શું? કે દ્રવ્યમાં તો નથી, પણ પર્યાયમાં પણ નથી એમ લેવું છે. સંસારમાં.. એમ કહ્યું હતું ને? સંસાર અવસ્થામાં છે. ત્રિકાળમાં નથી. ત્રિકાળ જ્ઞાનગમ્ય વસ્તુ એકલી ચિદાનંદ જ્યોતિ સૂર્ય છે. પર્યાયમાં છે. મોક્ષ અવસ્થામાં સર્વથા નથી. ત્રિકાળમાં પણ નથી, વર્તમાનમાં પણ એ નથી. સમજાણું કાંઈ આમાં?

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ભાઈ! આ તો કળશટીકા. એટલે ટીકાનો સાર કળશ અને એમાંથી કાઢેલો ભાવ આ. ભગવાન કુંદકુંદાચાર્યે કહેલા શ્લોકો, એની કરી ટીકા અમૃતચંદ્રાચાર્યે અને એનો સાર ખેંચીને કળશમાં લાવ્યા અને એનો સાર અહીંયાં સ્પષ્ટીકરણ કરવા માટે રાજમલજીએ સારગર્ભિત ટીકા કરી છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એ સંસાર અવસ્થામાં છે. ભગવાન આત્માની વિકારી અવસ્થા સંસરણ ઈતિ સંસાર. સ્વભાવમાંથી ખસી વિદ્યમાન અવસ્થા વિકારમાં ટકે છે ત્યાં સુધી છે. મોક્ષ અવસ્થામાં નથી. એટલે કે વસ્તુ શુદ્ધ ત્રિકાળગમ્ય છે, એમાં તો સંસાર અવસ્થા વખતે પણ નથી. સમજાય છે? અને મોક્ષ અવસ્થા વખતે તો ત્રિકાળમાં પણ નથી અને વર્તમાનમાં પણ નથી. માટે સર્વથા નથી એમ કહેવામાં આવ્યું છે. શશીભાઈ! વસ્તુની સ્થિતિ અને એની મર્યાદા બતાવે છે. આડુઅવળું કરી નાખે કે થઈ રહ્યું જાવ. અત્યારે વિકાર નથી... વિકાર નથી... વિકાર નથી. વિકાર નથી તો પછી લાવ શુદ્ધતા પ્રગટ. સમજાણું કાંઈ? વિભાવ નથી તો લાવ શુદ્ધતા. શુદ્ધતાનો આનંદ (હોય) તો પછી તારે પુરુષાર્થ કરવાનો રહ્યો ક્યાં? છે. સંસાર અવસ્થામાં વિકાર છે, પાંચ ભાવ સ્વભાવ છે. વસ્તુના સ્વરૂપમાં સંસાર અવસ્થા વખતે પણ નથી. સમજાણું કાંઈ? અને આત્માની પરમાનંદની દશા પ્રાપ્ત થાય-મોક્ષ અવસ્થા, એમાં તો વસ્તુમાં પણ ત્રિકાળમાં નથી, વર્તમાનમાં પણ નથી. સર્વથા નથી. જાવ. સમજાણું કાંઈ?

**'તેથી એવો નિશ્ચય છે કે રાગાદિ જીવસ્વરૂપ નથી.'** જાઓ. એનો સરવાળો કર્યો. એ માટે નિર્ણય છે કે પુણ્ય ને પાપ, દયા ને દાન, વ્રત ને ભક્તિ, કામ ને ક્રોધ એવા શુભાશુભભાવ એ જીવનું સ્વરૂપ નથી. જીવના સ્વરૂપને લાભદાયક નથી અને જીવના સ્વરૂપમાં નથી. કહો, સમજાણું આમાં? કહો, શેઠી! લ્યો, એ ૧૧મા શ્લોકનો અર્થ થયો.

---

(શાર્દૂલવિક્રીડિત)

भूतं भान्तमभूतमेव रभसा निर्भिद्य बन्धं सुधी-
र्यद्यन्तः किल कोऽप्यहो कलयति व्याहत्य मोहं हठात्।
आत्मात्मानुभवैकगम्यमहिमा व्यक्तोऽयमास्ते ध्रुवं
नित्यं कर्मकलङ्कपङ्कविकलो देवः स्वयं शाश्वतः।।१२।।

ખંડાન્વય સહિત અર્થ :—"अयम् आत्मा व्यक्तः आस्ते" (अयम्) આમ (आत्मा) ચેતનાલક્ષણ જીવ (व्यक्तः) સ્વ-સ્વભાવરૂપ (आस्ते) થાય છે. કેવો થાય છે? "नित्यं कर्मकलङ्कपङ्कविकलः" (नित्यं) ત્રિકાળગોચર (कर्म) અશુદ્ધપણારૂપ (कलङ्कपङ्क) કલુષતા-કાદવથી (विकलः) સર્વથા ભિન્ન થાય છે. વળી કેવો છે? 'ध्रुवं' ચારે ગતિમાં ભમતો અટકી ગયો. વળી કેવો છે? "देवः" ત્રૈલોક્યથી

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પૂજ્ય છે. વળી કેવો છે? ''स्वयं शाश्वतः'' દ્રવ્યરૂપ વિદ્યમાન જ છે. વળી કેવો થાય છે? ''आत्मानुभवैकगम्यमहिमा'' (आत्म) ચેતનવસ્તુના (अनुभव) પ્રત્યક્ષપણે આસ્વાદથી (एक) અદ્વિતીય (गम्य) ગોચર છે (महिमा) મોટપ જેની એવો છે. ભાવાર્થ આમ છે કે જીવનો જેમ એક જ્ઞાનગુણ છે તેમ એક અતીન્દ્રિય સુખગુણ છે; તે સુખગુણ સંસાર-અવસ્થામાં અશુદ્ધપણાને લીધે પ્રગટ આસ્વાદરૂપ નથી, અશુદ્ધપણું જતાં પ્રગટ થાય છે. તે સુખ અતીન્દ્રિય પરમાત્માને હોય છે. તે સુખને કહેવા માટે કોઈ દૃષ્ટાન્ત ચારે ગતિઓમાં નથી, કેમ કે ચારે ગતિઓ દુઃખરૂપ છે; તેથી એમ કહ્યું કે જેને શુદ્ધસ્વરૂપનો અનુભવ છે તે જીવ પરમાત્મારૂપ જીવના સુખને જાણવાને યોગ્ય છે, કેમ કે શુદ્ધસ્વરૂપ અનુભવતાં અતીન્દ્રિય સુખ છે—એવો ભાવ સૂચવ્યો છે. કોઈ પ્રશ્ન કરે છે કે કેવું કારણ કરવાથી જીવ શુદ્ધ થાય છે? ઉત્તર આમ છે કે શુદ્ધનો અનુભવ કરવાથી જીવ શુદ્ધ થાય છે. ''किल यदि कोऽपि सुधीः अन्तः कलयति'' (किल) નિશ્ચયથી (यदि) જો (कः अपि) કોઈ જીવ (अन्तः कलयति) શુદ્ધસ્વરૂપને નિરંતરપણે અનુભવે છે. કેવો છે જીવ? (सुधीः) શુદ્ધ છે બુદ્ધિ જેની. શું કરીને અનુભવે છે? ''रभसा बन्धं निर्भिद्य'' (रभसा) તત્કાળ (बन्धं) દ્રવ્યપિંડરૂપ મિથ્યાત્વકર્મના (निर्भिद्य) ઉદયને મિટાવીને અથવા મૂળથી સત્તા મિટાવીને, તથા ''हठात् मोहं व्याहत्य'' (हठात्) બળથી (मोहं) મિથ્યાત્વરૂપ જીવના પરિણામને (व्याहत्य) મૂળથી ઉખાડીને. ભાવાર્થ આમ છે કે અનાદિ કાળનો મિથ્યાદૃષ્ટિ જ જીવ કાળલબ્ધિ પામતાં સમ્યક્ત્વના ગ્રહણકાળ પહેલાં ત્રણ કરણો કરે છે; તે ત્રણ કરણો અન્તર્મુહૂર્તમાં થાય છે; કરણો કરતાં દ્રવ્યપિંડરૂપ મિથ્યાત્વકર્મની શક્તિ મટે છે; તે શક્તિ મટતાં ભાવમિથ્યાત્વરૂપ જીવના પરિણામ મટે છે;—જેમ ધતૂરાના રસનો પાક મટતાં ઘેલછા મટે છે તેમ. કેવો છે બંધ અથવા મોહ? ''भूतं भान्तम् अभूतम् एव'' (एव) નિશ્ચયથી (भूतं) અતીત કાળસંબંધી, (भान्तम्) વર્તમાન કાળસંબંધી, (अभूतम्) આગામી કાળસંબંધી. ભાવાર્થ આમ છે—ત્રિકાળ સંસ્કારરૂપ છે જે શરીરાદિ સાથે એકત્વબુદ્ધિ, તે મટતાં જે જીવ શુદ્ધ જીવને અનુભવે છે તે જીવ નિશ્ચયથી કર્મોથી મુક્ત થાય છે. ૧૨.

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


## કલશ-૧૨ ઉપર પ્રવચન

૧૨મો. છે તો એનો ને એનો. ૧૪માનો પાછળનો.

(શાર્દૂલવિક્રીડિત)

भूतं भान्तमभूतमेव रभसा निर्भिद्य बन्धं सुधी-
र्यद्यन्तः किल कोऽप्यहो कलयति व्याहत्य मोहं हठात्।
आत्मात्मानुभवैकगम्यमहिमा व्यक्तोऽयमास्ते ध्रुवं
नित्यं कर्मकलङ्कपङ्कविकलो देवः स्वयं शाश्वतः।।१२।।

આ ૧૪મી ગાથાનો પછીનો કરેલો આ પણ શ્લોક છે. ઓલો કરેલો પછીનો અને આ પણ પછીનો. પણ આમાં બધું ઓલું નાખ્યું હતું નય, નિક્ષેપનું. સમજાણું કાંઈ?

**'ખંડાન્વય સહિત અર્થ :—' 'अयम् आत्मा व्यक्तः आस्ते' '(अयम्)'** નામ **'આમ...' '(आत्मा)'** એટલે **'ચેતનાલક્ષણ જીવ...'** ભગવાન. જેનું જાણવું... જાણવું... જાણવું... જાણવું... જાણવું... એ જ એનું લક્ષણ ભગવાન. પુણ્ય-પાપ, રાગ-દ્વેષ, વિકાર, ઉદય એનું લક્ષણ નથી. એનામાં છે નહિ. **'अयम्'** એટલે **'આમ...' 'आत्मा'** એટલે **'ચેતનાલક્ષણ જીવ...' '(व्यक्तः)'** નામ **'સ્વ-સ્વભાવરૂપ છે.'** શું કહે છે? ચેતનાલક્ષણ ભગવાન આત્મા હવે સ્વસ્વભાવરૂપ પ્રગટ થાય છે. જેવો સ્વભાવ છે એવો પર્યાયમાં પ્રગટ થાય છે. સમજાણું? જેવો ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં પૂર્ણ વસ્તુ શુદ્ધ સ્વભાવ છે કે જેનું ચેતનાલક્ષણવાળું સ્વરૂપ એ વ્યક્ત થાય છે. શક્તિરૂપે-સ્વભાવરૂપ છે એ સ્વસ્વભાવરૂપ પોતાના સ્વભાવરૂપે પ્રગટ થાય છે.

કેવી રીતે પ્રગટ થાય છે? **'કેવો થાય છે?' 'नित्यं कर्मकलङ्कपङ्कविकलः' '(नित्यं)'** નામ **'ત્રિકાળગોચર અશુદ્ધપણારૂપ કલુષતા-કાદવથી સર્વથા ભિન્ન થાય છે.'** સમજાણું? ત્રિકાળ જ્ઞાનાનંદ સ્વરૂપમાં.. જુઓ! **'અશુદ્ધપણારૂપ કલુષતા-કાદવથી...'** વર્તમાન પર્યાયમાં દેખાય છે. સમજાણું કાંઈ? ત્રિકાળગોચર તો આત્મા છે-જ્ઞાયક ત્રિકાળ. એમાં જે અશુદ્ધતારૂપ પુણ્ય અને પાપ આદિ અશુદ્ધભાવ કલંક નામ કલુષતા કાદવથી. દેખો! કર્મની વ્યાખ્યા અશુદ્ધતા કરી. સમજાણું કાંઈ? કરશે હજી પછી બેય નાખશે. દ્રવ્યપિંડરૂપ મિથ્યાત્વકર્મશક્તિ ને એ બધું કરશે, આવશે આવશે. કરણ. કરણ લેશે ને એટલે. સમજાવે છે. સમજાણું કાંઈ?

કહે છે કે આત્મા પ્રગટ કેમ થાય? જેવો એનો સ્વભાવ છે એમ પર્યાયમાં પ્રગટ કેમ થાય? ત્રિકાળ જ્ઞાનાનંદ સ્વરૂપ છે તેની અવસ્થામાં પ્રગટપણું એનું કેમ થાય? ત્રિકાળગોચર અશુદ્ધતારૂપ કર્મ. એ ત્રિકાળગોચર એવો ભગવાન, એમાં પર્યાયમાં અશુદ્ધતારૂપી કાર્ય વિકાર, મલિનતા ભાવ, ઉદયભાવ એ કલુષતા કીચડ છે, મેલ છે, વિકળ છે. એનાથી **'સર્વથા ભિન્ન**

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**થાય છે.'** વસ્તુ સ્વરૂપમાં અંતર દૃષ્ટિ અને અનુભવ કરતાં એ પાંચ સ્વભાવો કહ્યા એ અશુદ્ધતારૂપી કીચડ અને મેલ છે. એનાથી **'સર્વથા ભિન્ન થાય છે.'** એનાથી બિલકુલ અવસ્થામાં છે એનાથી પણ ભિન્ન થાય છે. કહો, આ આત્માને પ્રાપ્તિ મુક્તિનો ઉપાય બતાવે છે.

ભગવાન આત્મા એવો એક શુદ્ધ ચૈતન્યદળ એની અવસ્થામાં જે અશુદ્ધતાના કર્મનું કીચડ. કર્મ એટલે મેલ. કર્મ એટલે જડકર્મ નહિ. એનાથી સર્વથા એ વિકલ્પની અવસ્થાથી અંતર આખી વસ્તુ સર્વથા જે ભિન્ન છે એ પર્યાયમાં ભિન્ન સર્વથા થાય છે. ત્યારે ભગવાન આત્મા સ્વભાવરૂપે પ્રગટ્યો એમ કહેવામાં આવે છે. દેવ પ્રગટ્યો. કહેશે ને દેવ કહેશે. સમજાણું કાંઈ? આહાહા..! આ ક્રિયા કઈ? કે એ પુણ્ય અને પાપના ભાવનું લક્ષ છોડી સર્વથા તે આત્મામાં નથી એવા આત્મામાં એકાકાર થાય ત્યારે તેને વર્તમાન અવસ્થામાં પણ એ અશુદ્ધતાના, કલુષતાના કીચડથી ભિન્ન થાય છે. સમજાણું કાંઈ? પહેલી દૃષ્ટિથી ભિન્ન કરે છે, પછી સ્થિરતા દ્વારા ભિન્ન કરીને અસ્થિરતા ટળીને એકલો શુદ્ધ પર્યાય પ્રગટ થાય છે. સમજાણું? પર્યાય સિદ્ધ કરવી છે. વસ્તુ છે એમ પાછી પર્યાયમાં એવી જ પ્રગટ થાય છે. પર્યાયમાં એવી પ્રગટ થાય છે સર્વથા ભિન્ન કરીને. સમજાણું આમાં?

**'વળી કેવો છે?' 'ध्रुवं' 'ચારે ગતિમાં ભમતો અટકી ગયો.'** ભગવાન આત્મા જેના ત્રિકાળમાં જ્ઞાન અને આનંદ ભર્યા છે. જેમાં વિકાર અને સંસાર નથી એવા સ્વભાવનો અંતર અનુભવ કરતાં જેની પર્યાયમાં ચાર ગતિનું ભમવું રહેતું નથી. સમજાણું કાંઈ? ચાર ગતિ રહિત થઈ જાય છે. **'ચાર ગતિમાં ભમતો અટકી ગયો.'** ધ્રુવ લીધો ધ્રુવ. ધ્રુવં અચલં અનુપમ. ત્યાં એમ કર્યું છે ને ધ્રુવનું? ચાર ગતિમાં ... સમજાય છે કાંઈ? આત્મા ત્રિકાળ ધ્રુવ તો છે. અહીં તો પર્યાયમાં ધ્રુવની વ્યાખ્યા છે અત્યારે. ભગવાન આત્મા પૂર્ણાનંદ ધ્રુવ છે. એને વર્તમાન અશુદ્ધભાવનો કીચડ, એનાથી રહિત અનુભવ કરતાં એની વર્તમાન દશામાં ધ્રુવપણું પ્રગટ થાય છે. એટલે કે આ ગતિનું અનેરા-અનેરાપણું ભ્રમણ એને રહેતું નથી. સમજાણું કાંઈ? **'ચાર ગતિમાં ભમતો અટકી ગયો.'** આત્માની અંતર દશાના રમણતા દ્વારા જે પૂર્ણ વીતરાગ પરમાત્મ દશા થઈ એને ભ્રમણરૂપ અસ્થિરતા અને અધ્રુવપણું રહેતું નથી. ધ્રુવ થઈ ગયા સિદ્ધ ભગવાન. પર્યાયે ધ્રુવ હોં!

**'વળી કેવો છે?' 'देवः'** દેવ આત્મા છે. ઓહોહો..! એવો અંતર દિવ્યશક્તિનો ભંડાર ભગવાન એનો અંતર દૃષ્ટિએ અનુભવ કરતાં જે દશામાં કેવળજ્ઞાનાદિ પર્યાય પ્રગટ થઈ અશુદ્ધતાનો નાશ કરીને, એવો દેવ **'ત્રૈલોક્યથી પૂજ્ય છે.'** ત્રણ લોકના જીવને એ આત્મા પૂજ્ય છે. આત્માની જે શક્તિ દિવ્ય હતી એ જેણે વર્તમાન પર્યાયમાં-અવસ્થામાં પ્રગટ કરી એ ત્રિલોકને પૂજ્ય છે. ઈન્દ્રોને પૂજ્ય છે, ગણધરોને પૂજ્ય છે, ત્રણલોકના જીવોને પૂજ્ય છે. લ્યો, ત્રણલોકના જીવોને પૂજ્ય છે તો એકેન્દ્રિયને પૂજ્ય હશે? પણ ત્રણલોકમાં મુખ્ય માણસો જે મુખ્ય અગ્રેસર છે એને પૂજ્ય છે એટલે બધાને પૂજ્ય જ છે. સમજાણું કે નહિ? ઓહોહો..!

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અબદ્ધસ્પૃષ્ટ જેવો આત્મા છે એવો અંતરમાં અનુભવ કરતાં, ધ્યાન કરતાં જ્યાં પ્રગટ દશા થઈ ગઈ (તો) કહે છે કે એ ધ્રુવ ને દેવ છે. ધ્રુવ અને દેવ છે. જેની પર્યાય સ્થિર થઈ ગઈ અને જે ત્રણ લોકના જીવને પૂજ્ય છે. કહો, સમજાણું કાંઈ? લોક જ એને કહેવાય જે સમજનારા યથાર્થપણે છે એને એ પૂજ્ય છે. અજ્ઞાનીને ક્યાં માન્ય છે ઈ? સમજાણું? જેને બરાબર જોતા આવડે છે, સમજતા આવડે છે એવા જે જીવો, એવા જીવોને એ પૂજ્ય છે. હવે અજ્ઞાની-મૂઢનું શું કામ છે? કહે છે. એ બધા ત્રણ લોકમાં રહેનારા નારકીના જીવો, મનુષ્યના જીવ, પશુમાં પણ સમકિતી જ્ઞાની છે કે નહિ? સ્વર્ગના જીવો એ બધાને પોતાની નિર્મળ દશા પ્રગટ જે આત્માની થઈ. દેવતા પ્રગટ થયા. દેવ પ્રગટ્યો. અંદર શક્તિપણે ભગવાન હતો એ પર્યાયપણે પ્રગટ્યો. એ ત્રણલોકને પૂજ્ય છે. સમજાણું?

**'વળી કેવો છે?' 'स्वयं शाश्वतः'. 'દ્રવ્યરૂપ વિદ્યમાન જ છે.'** વસ્તુ તો વિદ્યમાન ત્રિકાળ છે શાશ્વત. સમજાય છે? વસ્તુ તરીકે દ્રવ્ય. દ્રવ્ય વસ્તુ અનાદિઅનંત એવો ને એવો છે. પર્યાય તરીકે પ્રગટ્યો માટે ત્રણલોકમાં પૂજ્ય છે. **'स्वयं शाश्वतः'** પોતાને કારણે શાશ્વત છે. કોઈ એનો કર્તા, કર્તા-ભોક્તા છે નહિ. **'स्वयं शाश्वतः'** વસ્તુ તરીકે ભગવાન આત્મા વિદ્યમાન. પર્યાય તરીકે ભ્રમણરહિત અને ત્રણલોકને પૂજ્ય એવી પર્યાય પ્રગટ થઈ.

**'વળી કેવો થાય છે?'** કહે છે એ પ્રગટ કેમ થાય? ભગવાન આત્મા પૂર્ણ આનંદ અને મોક્ષને કેમ પામે? **'आत्मानुभवैकगम्यमहिमा'** આહાહા..! આત્માનો મોક્ષ કેમ થાય? કે ચેતન આત્મા એટલે **'ચેતન વસ્તુના પ્રત્યક્ષપણે આસ્વાદથી...'** આહાહા..! ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદમૂર્તિ, એની વર્તમાન પર્યાયમાં પ્રત્યક્ષ આનંદના સ્વાદ દ્વારા એનો અનુભવ કરવાથી તે પર્યાયમાં પ્રગટ થાય છે. એ વ્યવહારના વિકલ્પ ને વ્યવહારરત્નત્રયથી એ પ્રગટ થતો નથી એમ કહે છે. વ્યવહારરત્નત્રય રાગ છે, વિકલ્પ છે, ઉપાધિ છે, મેલ છે.

વસ્તુના **'પ્રત્યક્ષપણે આસ્વાદથી અદ્વિતીય ગોચર છે મોટપ જેની એવો છે.'** આત્માનો અંતર અનુભવ, સમ્યગ્દર્શન-જ્ઞાનના અનુભવના આત્માના આનંદ દ્વારા, પ્રત્યક્ષ આનંદના સ્વાદ દ્વારા અદ્વિતીય નામ અજોડ ગોચર છે, એક જ અદ્વિતીય ગોચર છે અથવા એ આસ્વાદ દ્વારા જ ગમ્ય છે. એવી જેની મહિમા-બડાઈ છે. એની મોટપ એ છે. આત્માના અતીન્દ્રિય આનંદ દ્વારા પ્રગટ થાય એવી એની મોટપ છે. બીજી એમાં કોઈ મોટપ છે નહિ. એવો આત્માનો સ્વભાવ, એનો અનુભવ કરવો આનંદનો. સમ્યગ્દર્શનથી માંડીને. એ આત્માના આનંદના પ્રત્યક્ષ આનંદ દ્વારા, સ્વભાવ દ્વારા અદ્વૈત નામ એક જ ગમ્ય છે. એવા આનંદ દ્વારા એક જ ગમ્ય છે. બીજો કોઈ સાથે છે નહિ. એવી એની મહિમા છે લ્યો! એવા આત્માની વ્યાખ્યા કરશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વીર સંવત–૨૪૯૧, ફાગણ વદ ૫, સોમવાર,
તા. ૨૨–૩–૧૯૬૫, કલશ–૧૨
પ્રવચન નં. ૧૬

આ કળશટીકા. એનો જીવ અધિકાર. ૧૨મો કળશ ચાલે છે. જુઓ! ત્યાં સુધી આવ્યું. આ આત્મા કઈ રીતે પ્રગટ થાય? અથવા આત્માનું સ્વરૂપ ક્યા પ્રકારે પ્રાપ્ત થાય? કે જેને પ્રાપ્ત કરવાથી આત્માની શાંતિ અને આનંદ જેને મળે.

**'आत्मानुभवैकगम्यमहिमा' 'ચેતન વસ્તુ...'** આત્મા ચેતન વસ્તુ છે એનો **'પ્રત્યક્ષપણે આસ્વાદથી...'** બે ગુણ લીધા. જ્ઞાનસ્વરૂપ છે આત્મા અને એમાં આનંદસ્વરૂપ છે આત્મા. અતીન્દ્રિય આનંદ છે આત્મામાં. એ **'પ્રત્યક્ષપણે આસ્વાદથી અદ્વિતીય ગોચર છે...'** શું કહે છે? આત્મા ચૈતન્યસૂર્ય જેમ જ્ઞાન છે એમ એમાં આનંદ છે. તો એ જ્ઞાન દ્વારા અને અતીન્દ્રિય આનંદ દ્વારા એ પ્રત્યક્ષ થાય છે. સમજાય છે કાંઈ? **'एक' 'અદ્વિતીય ગોચર છે...'** એકપણે જ ગમ્ય છે. આત્મા અનંતગુણ એક સમયમાં હોવા છતાં એમાં જ્ઞાન ને આનંદ જે મુખ્ય છે એથી તે જ્ઞાનગમ્ય, રાગ ને વિકલ્પ ને દયા, દાન કે વ્રતાદિના વિકલ્પથી એ પ્રાપ્ત નથી થતો. અને એ આનંદના અનુભવના અંતર્મુખ ધ્રુવ સ્વભાવમાં આનંદ છે એથી તે વર્તમાન આનંદના પ્રત્યક્ષ અનુભવ દ્વારા એ પ્રાપ્ત થાય છે. કહો, સમજાય છે કાંઈ?

**'પ્રત્યક્ષ આસ્વાદથી...'** એ શું કહે છે? કે જે શુભ અને અશુભ વિકલ્પ છે વ્યવહારરત્નત્રય આદિ રાગ એ તો દુઃખરૂપ છે. એ દુઃખ દ્વારા આત્માની પ્રાપ્તિ થતી નથી. આત્માનો અનુભવ થતો નથી. એ દુઃખના વિકલ્પથી રહિત અંતર્મુખમાં ચૈતન્ય અને આનંદ સ્વરૂપ છે તો અંતરમાં એકાકાર થતાં જ્ઞાનનો કણ જાગતાં અને આનંદની દશાનો સ્વાદ આવતા એ દ્વારા આત્મા છે તેમ અનુભવમાં આવી શકે છે. કહો, સમજાય છે કાંઈ? એક જ ઉપાય છે એનો **'અદ્વિતીય ગોચર છે...'** એક જ ઉપાય છે. સમજાણું કાંઈ? ધર્મ થવામાં ધર્મી એવો જે આત્મા એમાં જ્ઞાન અને આનંદ ભરપૂર સ્વભાવ છે. તો એને વર્તમાનમાં પણ જ્ઞાન અને આનંદ દ્વારા જ એનું વેદન થઈને આ આત્મા છે એવું આત્મજ્ઞાન અને આત્મદર્શન આનંદના સ્વાદ દ્વારા થાય છે. એમ કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- જે આ જ્ઞાનનો કણ જાગે એને આનંદનો...

ઉત્તર :- હા. એ વસ્તુ ચૈતન્ય છે. તો અંદર ચૈતન્યના કણની સ્વજ્ઞેયને પકડવાની જ્ઞાનદશા દ્વારા, અને એમાં આનંદ છે તો પ્રગટ એના આનંદના સ્વાદ દ્વારા એ આત્મા છે એમ પ્રત્યક્ષ જ્ઞાનમાં આવી શકે છે. ઝીણી વાતું છે. આ તો મૂળ તત્ત્વની વાત છે ને? મૂળ

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

માખણની વાત છે. સમજાય છે કાંઈ?

એ દેહાદિ ક્રિયા, શરીર, વાણી, મન એ તો જડ છે. એનાથી કાંઈ આત્માનો ધર્મ કે ધર્મી આત્મા દૃષ્ટિમાં આવતો નથી. તેમ પાપના પરિણામ દ્વારા આત્મા દૃષ્ટિમાં આવતો, અનુભવમાં ધર્મમાં આવતો નથી. એમ પુણ્યના પરિણામમાં પણ આત્મા દૃષ્ટિમાં અને અનુભવમાં આવતો નથી. આહાહા..!

એ તો પ્રત્યક્ષ ચેતનવસ્તુ એટલે આત્મા અનુભવ એક ગમ્ય છે એમ કીધું. અનુભવમાં આનંદની મુખ્યતા લીધી. જ્ઞાનસ્વરૂપ તો છે આત્મા. અંતરમાં ધ્રુવ સત્તા, ધ્રુવ મહાન ધ્રુવ સત્તામાં એકાકાર થવાથી રાગના અને પુણ્ય-પાપના વિકલ્પના કીચડથી ખસીને ભગવાન આત્મા પોતાના ધ્રુવ સ્વરૂપમાં વર્તમાન પ્રગટ પર્યાયને અંતરમાં વાળતા એ આનંદ અને જ્ઞાનનો કણ જે જાગ્યો એના દ્વારા આત્મા છે એમ (અનુભવ થયો). કહો, હવે આ જાત્રા ને ભક્તિ ને પૂજા ને એ દ્વારા ન થઈ શકે એમ કહે છે આમાં.

મુમુક્ષુ :- એ કરતાં કરતાં થાય.

ઉત્તર :- કરતાં કરતાં ન થાય એમ કહે છે. શેઠી! વચમાં આવે ખરો એ ભાવ પણ એ દ્વારા આત્મામાં અનુભવ થાય અને આત્માનું ભાન થાય એમ હોઈ શકે નહિ. આત્માનુભવ એકગમ્ય મહિમા. અનુભવ ગમ્ય એક મહિમા. આનંદના પ્રત્યક્ષ સ્વાદના એકગમ્ય આત્મા. સમજાણું કાંઈ?

એવી જેની મોટાઈ છે. આત્માની એ બડાઈ છે કે મોટાઈ છે કે મોટપ છે કે એ તો અંતરના અતીન્દ્રિય આનંદના અનુભવ દ્વારા જ જણાય એવી એની મોટપ છે. આ તો અલૌકિક ટીકા અને એના શબ્દો ભાવ એકલા ભાવ વસ્તુ છે એમ ભર્યા છે. સમજાણું કાંઈ? બડાઈ એની મહિમા જ ભગવાન આત્મા, એની મહિમા એમાં છે અને એ એની મોટપ જ એમાં છે. એની મોટપ, એની અધિકાઈ, એની મોટાઈ એના માહાત્મ્ય એમાં છે કે એ અંતરના આનંદ અને જ્ઞાન દ્વારા જ તે અનુભવમાં આવી શકે છે. આહાહા..! સમજાણું કાંઈ?

એટલે એમ કહ્યું કે એ અનુભવ છે એ તો પર્યાય છે. અનુભવ છે એ પર્યાય છે અને વસ્તુ છે એ ધ્રુવ છે. વસ્તુ ધ્રુવ. એમાં એની અતંર્મુખ થતાં જે પર્યાય અવસ્થામાં પ્રત્યક્ષ આનંદના અતીન્દ્રિય સ્વાદના કણિયા એ દ્વારા આત્મા છે એમ અનુભવ થઈ શકે છે. એ અનુભવની આનંદની પ્રત્યક્ષ પર્યાય દ્વારા જ જાણી શકાય છે. સમજાણું કાંઈ આમાં? હવે આ બધું લખાણ શાસ્ત્રમાં આવે અને પાછો એક જણે એમ પ્રશ્ન કર્યો. શાસ્ત્રમાં બહુ લખાણ આવે છે ને આટલું આટલું. ખુબ આવે. કર્મના લેખ આવે, આચરણના આવે, ક્રિયાના આવે, જોઈને ચાલવું, આ ખાવું, આ ન ખાવું. આવા બધા લખાણ કાંઈ ફોગટના હશે? એક જણો એમ પૂછતો હતો વળી.

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અરે..! ભાઈ! એ બધી વાત વિકાર હોય ત્યારે નિમિત્ત કોણ એના પડખાનું જ્ઞાન કરાવે અને વિકારના પ્રકાર અશુભથી ન હોય જ્યારે શુભભાવ હોય ત્યારે કેવા પ્રકારનો રાગ છે એમ બધું સ્પષ્ટ એને જણાવે. પણ એ કાંઈ આત્માને પ્રાપ્ત કરવા માટે ધર્મ પ્રાપ્તિ માટે એ કારણ છે એમ નથી. સમજાણું કાંઈ?

એક ગમ્ય મહિમા. ઓહોહો..! એ ભગવાન એવો મોટો અને એવી એની બડાઈ ને એવો એનું માહાત્મ્ય એ તો અંતરની નિર્મળ આનંદની અને જ્ઞાનની પર્યાય દ્વારા જ પ્રત્યક્ષ થઈ શકે છે. કહો, સમજાણું? આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કોઈ સાધન-ફાધન નહિ. કોઈ દ્વારા નહિ. એના નિર્મળ અંશ જ્ઞાન અને આનંદ દ્વારા એ જાણી શકાય છે.

મુમુક્ષુ :- ગમે ત્યારે પોતાને જાણે.

ઉત્તર :- બીજું શું હશે? શી રીતે જાણે? સમજાણું?

હવે ભાવાર્થ. હવે ઓલો અનુભવ આનંદ લીધો ને એટલે જરી ભાવાર્થ (કરે છે). '**ભાવાર્થ આમ છે કે જીવનો જેમ એક જ્ઞાનગુણ છે...**' જેમ આત્મામાં ચૈતન્યપ્રકાશ ગુણ છે '**તેમ એક અતીન્દ્રિય સુખગુણ છે;...**' એમ આત્મામાં અતીન્દ્રિ આનંદ ધ્રુવરસપણે પડ્યો છે. આત્મામાં ચૈતન્યપ્રકાશ છે ધ્રુવ એમ અતીન્દ્રિય આનંદ, અતીન્દ્રિય સુખરૂપ સ્વભાવ આખું સત્ત્વ આખો આનંદનો ગાંગડો એ આત્મા છે.

'**તે સુખગુણ સંસાર-અવસ્થામાં...**' એ આનંદ નામનો આત્મામાં અતીન્દ્રિય સુખ નામનો ગુણ એ સંસારદશામાં '**અશુદ્ધપણાને લીધે પ્રગટ આસ્વાદરૂપ નથી,...**' એ દશામાં અશુદ્ધ દશા છે માટે તે આનંદ પ્રગટપણે આસ્વાદ આનંદરૂપ નથી. શું કહ્યું? આત્મામાં જેમ જ્ઞાનસ્વરૂપ છે, પ્રકાશસ્વરૂપ ધ્રુવ એમ આનંદસ્વરૂપ છે. પણ સંસાર દશામાં-વિકારી પરલક્ષી દશામાં એ આનંદગુણનો સ્વાદ એની પર્યાયમાં આવતો નથી. '**અશુદ્ધપણાને લીધે...**' અશુદ્ધપણું મલિન છે. પરદ્રવ્યના લક્ષે, આશ્રયે ઉત્પન્ન થયેલો પુણ્ય-પાપનો મલિનભાવ એ સ્વદ્રવ્યના આનંદને, સ્વદ્રવ્યને આશ્રયે ઉત્પન્ન અનુભવ જોઈએ તે અશુદ્ધપણાને કારણે અંતરના આનંદનો અશુદ્ધપણામાં અનુભવ હોતો નથી. આ તો કળશટીકા અલૌકિક વાત છે! પોપટભાઈ!

મુમુક્ષુ :- .. સુખ ભોગવે છે.

ઉત્તર :- કોનું સુખ ભોગવે છે? ધૂળનું? આ અશુદ્ધપણાનું ભોગવે છે કહે છે ને. દુઃખ ભોગવે છે એમ કીધું. આનંદથી ઊલટું આમ લક્ષ છે. આમ નથી. કેમ કે એ તો આનંદ છે. એનો આનંદ હોવા છતાં જેમ જ્ઞાનગુણ છે અને આનંદગુણ છે એમ હોવા છતાં સંસાર નામ પરને લક્ષે, પુણ્ય અને પાપ, કામ અને ક્રોધ, દયા અને દાન, ભક્તિ અને વ્રતના વિકલ્પમાં એ તો અશુદ્ધતા છે. એ અશુદ્ધતામાં એ આત્માના આનંદનો અનુભવ નથી. આનંદનો

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

અનુભવ નથી. દુઃખનો છે. પોપટભાઈ! આહાહા..! સમજાય છે કાંઈ?

અનાદિથી એ ભગવાન આત્મા ચૈતન્ય ને આનંદના ગુણવાળો એવા બે ગુણની અહીં મુખ્યતા લેવી છે. એવું અંદર શક્તિ અને સત્ત્વ હોવા છતાં સંસાર નામ વિકારની દશામાં મલિનતાને કારણે શુભ દયા, દાન, ભક્તિ, વ્રત, તપનો વિકલ્પ રાગ અને હિંસા, જૂઠું, ચોરીનો રાગ એ બેય રાગના અશુદ્ધપણાના કારણે દુઃખનો અનુભવ છે. એ દુઃખ છે. આનંદનો અનુભવ અશુદ્ધપણામાં નથી. કહો, સમજાય છે કે નહિ આમાં? આ બધા નવમી ગ્રૈવેયક મુનિ થઈને ગયા તો કહે છે દુઃખના અનુભવમાં છે, એમ કહે છે. પંચ મહાવ્રતના પરિણામ, અવ્રતના ભાવ, હિંસા, જૂઠા, ચોરી, વિષયના ભાવ કે દયા, દાન, ભક્તિ, વ્રત, તપના ભાવ એ અશુદ્ધ મલિન અવસ્થા છે. એ મલિન અવસ્થામાં આનંદસ્વરૂપ આત્મા હોવા છતાં એ મલિન અવસ્થામાં આનંદનો સ્વાદ નથી. કહો, સમજાય છે કાંઈ?

કહે છે કે આત્મામાં જેમ જ્ઞાનગુણ છે એમ આનંદગુણ છે આત્મામાં. એ આનંદગુણનું સ્વરૂપ આનંદપણે હોવા છતાં એને આત્મા હાથ ન આવ્યો કેમ? નહિતર તો આનંદ છે. આવે છે આનંદ દ્વારા હાથ એમ અહીં બતાવવું છે ને? કે આનંદ હોવા છતાં-અતીન્દ્રિય આનંદ હોવા છતાં એની વર્તમાન દશા પરલક્ષે પુણ્ય ને પાપના વિકલ્પના રાગની મલિનતાના સ્વાદમાં એ આનંદનો પ્રગટ સ્વાદ પર્યાયમાં 'આ આનંદ છે' એમ આવવો જોઈએ એ મલિનતાની ભૂમિકામાં આવતો નથી. સમજાણું કાંઈ?

**'અશુદ્ધપણાને લીધે પ્રગટ આસ્વાદરૂપ નથી,..'** શું કહે છે? કે વસ્તુપણે તો આનંદ છે આત્મામાં. અતીન્દ્રિય આનંદ અંદર છે વસ્તુમાં, ધ્રુવમાં, દ્રવ્યમાં. પણ એની પર્યાયમાં અશુદ્ધપણાને કારણે પ્રગટ આસ્વાદરૂપ એ સુખગુણની અવસ્થા નથી. સમજાણું કાંઈ? જયંતિભાઈ! કહો, આ દ્રવ્ય. અહીં જુઓને ત્રણ બોલ કીધા, ભાઈ! એક તો આત્મદ્રવ્ય, એમાં એક સુખગુણ, એની અવસ્થા પ્રગટ અનુભવમાં કેમ નથી આવતી? કે એની અવસ્થામાં અશુદ્ધતા પુણ્ય-પાપ ભ્રમણાની અવસ્થાને કારણે એ આનંદની પ્રગટ અવસ્થામાં અનુભવ જોઈએ તે અશુદ્ધતાને કારણે નથી. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પર્યાય નથી. પર્યાયમાં ક્યાં? પર્યાય તો પર ઉપર લક્ષ છે એમ કહે છે અહીં. સ્વના આશ્રય વિના અતીન્દ્રિય આનંદના સ્વાદ વિના 'આ આત્મા' એમ અનુભવમાં, જ્ઞાનમાં, પ્રતીતમાં આવતો નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. ચૈતન્યરસ ધ્રુવ છે. આનંદરસ છે આત્મા. એ જ્ઞાનનો જ રસ છે એકલો. વસ્તુ. એવી વસ્તુ સત્તા, મહાસત્તા હોવાવાળો મહાન પદાર્થ હોવા છતાં એની વર્તમાન અવસ્થામાં પુણ્ય ને પાપ ને આ મારા એવી ભ્રાંતિની અશુદ્ધ દશામાં એ સ્વાદ આનંદનો જે ભરેલો

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે એને પ્રગટ નામ અવસ્થામાં એ આનંદનો સ્વાદ એને આવતો નથી. કહો, સમજાય છે આમાં? આ વાંચવાની શૈલી ઝીણી છે. તુરખિયાજી! ત્યાં ઇડનમાં જરી...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- લ્યો ઠીક! ઠીક નાખ્યું ઈ. એક દેવશીભાઈ આવ્યા અને વળી કો'ક બીજા આવશે તો ઠીક થઈ જશે.

અહીં કહે છે, બહુ મીઠી અને સરસ અને પ્રગટ સત્ય વાત. ભગવાન આત્મા આમ ચૈતન્યનો ચમત્કારી ગોળો અને આનંદના રસથી ભરેલો સ્વરૂપ. એવું તત્ત્વ ને સત્ત્વ વસ્તુનું સત્ત્વ, સત્તાનું સત્ત્વ એવું હોવા છતાં.. પહેલું કીધું કે એ આસ્વાદ દ્વારા અનુભવયોગ્ય છે. ત્યારે કહે છે કે એ આસ્વાદ કેમ નથી? કે એનું અનાદિ લક્ષ જ વિકલ્પ પુણ્ય-પાપ ને કામ-ક્રોધ વિકાર ને પરદ્રવ્ય ઉપર લક્ષ છે એથી તેના અશુદ્ધપણાને કારણે, મલિનપણાની દશાને કારણે જે પ્રત્યક્ષ આસ્વાદ આનંદથી આવવો જોઈએ એનો આનંદ અશુદ્ધપણામાં પ્રગટ આનંદનો સ્વાદ છે નહિ. પ્રગટ નથી, અંદર છે. સમજાણું કાંઈ? આહાહા..! કહો, સમજાય છે કે નહિ? બાલુભાઈ! આ બધી તમારી ત્યાંની વાત કરતા બધી વાત જુદી નીકળે. ધંધા, પાણી ને હા હો.. હા હો. કહે છે કે ત્યાં દુઃખ છે.

મુમુક્ષુ :- નથી લાગતું.

ઉત્તર :- એ તો કહે છે ને કે ઓલો આનંદ નથી માટે દુઃખ એને લાગતું નથી. પણ છે દુઃખ. આનંદનો કણિયો જાગે તો એને રાગ-દ્વેષનું દુઃખ ભાસે. પણ આનંદની દશાના ભાન વિના એની દશામાં દુઃખ છે એવું એને ભાન થાતું નથી. પણ ભોગવે છે દુઃખ. પછી નરકમાં હો, મનુષ્યમાં રાજા શેઠિયા અબજોપતિ હો કે મોટા દેવ હો. કહેશે નીચે ચાર ગતિ. સમજાય છે? એ બધા પોતાના આત્માના આનંદસ્વરૂપના જ્ઞાનગોળાને ભૂલી અને પરના લક્ષે જૈન સાધુ અનંત વાર થયો દિગંબર મુનિ મિથ્યાદૃષ્ટિ, પણ એનું લક્ષ પર ઉપર. દયા, ભક્તિ, વ્રત, પૂજા, દાન આવા ભાવ એના ઉપરની દૃષ્ટિને લઈને એ અશુદ્ધતાના ભાવમાં દુઃખનું એને વેદન છે. એ આનંદ નથી. આહાહા..! ભારે વાત!

મુમુક્ષુ :- રાજી થાય.

ઉત્તર :- રાજી થાય કે ન થાય? આ હરખ સનેપાતમાં નથી થાતો રાજી? હરખ સનેપાતિયો દાંત નથી કાઢતો? એટલે સુખી ઈ? એવો જ છે ઈ. બીજું શું છે? પોપટભાઈ! હરખ સનેપાતિયો છે ને. સુખી છે? દુઃખી છે. થોડો ટાઈમ છે, હમણાં ઉપડશે.

મુમુક્ષુ :- અબજો રૂપિયાને...

ઉત્તર :- અબજો રૂપિયા એક મિનિટના મળતા હોય અને એના સામું એને લક્ષ છે, મજા છે એ મહા દુઃખી છે. આ ઈન્દ્રના ઈન્દ્રાસનમાં પણ પરદ્રવ્યના લક્ષે જેટલી અશુદ્ધતા (છે) તે બધું દુઃખ છે. કહો, સમજાણું કાંઈ? એ શુભ અને અશુભભાવ બેય જેટલા થાય

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એ બધા મલિન અને અશુદ્ધ અને દુઃખરૂપ છે. એના અશુદ્ધ ભાવને, અજ્ઞાનના ભાવને કારણે એને આત્માનો અતીન્દ્રિય સ્વાદ આનંદ હોવા છતાં પ્રગટ આનંદનું વેદન આસ્વાદન થતું નથી.

તેથી કહ્યું, **'અશુદ્ધપણાને લીધે પ્રગટ આસ્વાદરૂપ નથી,...'** શક્તિ અને સ્વભાવરૂપે છે. સમજાય છે કાંઈ આમાં? **'અશુદ્ધપણું જતાં...'** દેખો! પણ એ શુભ અને અશુભભાવ મલિન છે. એની દૃષ્ટિ છોડી અને આનંદકંદ આત્મા, એની અંતર દૃષ્ટિ કરવાથી એ અશુદ્ધપણાનો નાશ થાય છે. **'અશુદ્ધપણું જતાં પ્રગટ થાય છે.'** જે આનંદ અંદરમાં અતીન્દ્રિય છે એ સમ્યગ્દર્શન જ્ઞાન અંતર્મુખ થતાં તેમાં અશુદ્ધપણાનો નાશ થઈ અને એ અશુદ્ધનો વ્યય થવાથી આનંદનો પ્રગટપણે પર્યાય પ્રગટ થાય છે. ઉત્પાદ-વ્યય-ધ્રુવ ત્રણેય કહ્યા. સમજાણું કાંઈ?

**'અશુદ્ધપણું જતાં...'** એનો અર્થ એની મેળાએ ન જાય એ. એ શુદ્ધ ધ્રુવ ચૈતન્ય ઉપર જ્યાં અંતર નજર પડતાં અંતર ધ્રુવમાં જામતા જે પર્યાય પ્રગટ થઈ ત્યારે અશુદ્ધપણાનો નાશ અને આનંદ પ્રગટ થાય છે. એટલે કે દુઃખદશાનો નાશ અને આનંદદશાની પ્રગટ અવસ્થા ઉત્પન્ન થાય છે. વાત ભારે ભાઈ! લ્યો, આનું નામ ધર્મ. **'તે સુખ અતીન્દ્રિય પરમાત્માને હોય છે.'** એવું સુખ પરમાત્માને પૂર્ણ અતીન્દ્રિય આનંદનું હોય છે. અથવા એ સુખ પરમ આત્મા પોતાનો સ્વભાવ એનો અંતર અનુભવ કરવાથી તે અતીન્દ્રિય સુખ હોય છે. સમજાણું કાંઈ?

**'તે સુખને કહેવા માટે...'** એ ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદ અને એની અતીન્દ્રિય અનુભવદશા, એને કહેવા માટે **'કોઈ દૃષ્ટાન્ત ચારે ગતિઓમાં નથી,...'** ચાર ગતિમાં કોઈ દૃષ્ટાંત નથી કે ભાઈ, આ પાંચ-પચ્ચીસ લાખવાળા સુખી, આ ઈન્દ્રો સુખી. શાસ્ત્રમાં આવે કેટલાક ઈન્દ્રના સુખ કરતા અનેકગુણું. અહીં ના પાડે છે કે એ ગતિઓમાં સુખની કોઈ ઉપમા નથી. સંસારના ઈન્દ્રના સુખો, ચક્રવર્તી જેને સોળ હજાર તો દેવ સેવા કરતા હોય, છન્નું હજાર તો પટરાણી સ્ત્રી હોય પદમણી જેવી. એના ઉપર એનું લક્ષ છે એ દુઃખની દશામાં પડ્યો છે. દુઃખી છે. દુનિયા તો એમ કહે કે ઓહોહો..! બાપુ! કેટલો સુખી છે આ!

કહે છે કે એ ચાર ગતિના પ્રાણીઓ સંસારની દશારૂપી વિકાર ઉદયભાવ એમાં આ આત્માના આનંદની પર્યાયની ઉપમાથી કોઈ મેળવી શકાય એવી વાત છે નહિ. પરમાત્મા એકદમ લીધા અને અહીં.. એનો અર્થ કે એ પરમાત્મ સ્વરૂપ અંદરમાં એનું ધ્યાન કરતાં જે આનંદ થાય એવો આનંદ ચાર ગતિની કોઈ પર્યાયમાં છે નહિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નમૂનો પણ પ્રગટ કરે ત્યારે ને? પ્રગટ કરે ત્યારે નમૂનો આવે કે નમૂનો પ્રગટ કર્યા વિના? કહો, સમજાણું? આકુળતા બતાવે છે કે ભાઈ! આ આકુળતા છે જો. અશુદ્ધતા જેટલી સંકલ્પ-વિકલ્પ, ઉદયભાવના જેટલા બોલો છે ગતિ, કષાય, લેશ્યા એ બધું દુઃખરૂપ

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અશુદ્ધદશા છે. એ અશુદ્ધદશા દુઃખરૂપ છે. એના જાવાથી આત્માના શુદ્ધ સ્વભાવમાં અંતર અનુભવ કરવાથી એ અશુદ્ધપણાનો નાશ થાય છે અને આત્માના આનંદની પ્રગટ પર્યાય શુદ્ધપણાની પ્રગટ થાય છે. સમજાણું કાંઈ? સાંભળ્યું ન હોય જિંદગીમાં કે આ શું ધર્મ છે. સમજાણું કાંઈ?

એ ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં ચૈતન્ય અને આનંદની ખાણ છે એ પૂર્ણ. એવી હોવા છતાં અનાદિ સંસાર મલિનદશા,,. સંસાર એટલે આ બાયડી, છોકરા, કુટુંબ એ નહિ. એનો વિકારી પુણ્ય-પાપનો ભાવ અને એ ભ્રમભાવ કે એ મારો એવો જે મિથ્યાત્વ અને રાગ-દ્વેષનો ભાવ, કે પુણ્ય દયા-દાનનો ભાવ એ બધો મલિન છે, દુઃખ છે, વિકાર છે. એ ચાર ગતિમાં એકલા દુઃખની દશાનો અનુભવ છે. સમજાણું કાંઈ?

**'માટે કોઈ દૃષ્ટાંત ચારે ગતિઓમાં નથી,...'** કોનો દાખલો દેવો? કહે છે. આ ઈન્દ્રના સુખ કરતાં આ સુખ કોને કહેવું? ઈન્દ્રનું સુખ પણ દુઃખ છે એમ કહે છે. ચક્રવર્તી. ખમ્મા અન્નદાતા. એક હુકમ બોલે. અંહ.. એમ જરી થાય તો શું છે ભાઈ અન્નદાતા! શું છે? દેવો તૈયાર થાય. કહે છે કે એ કલ્પના પર તરફ વળેલી, એ દુઃખી પ્રાણી છે. એ અશુદ્ધના ભાવમાં દુઃખી છે. સમજાણું કાંઈ? પાંચ-પચ્ચીસ કરોડ રૂપિયા અહીંયાં દઈ દ્યો દાનમાં. એમ જ્યાં કહે છે ત્યાં રાગની મંદતાનો ભાવ જે થાય છે એ પણ દુઃખ જ છે. સમજાણું કાંઈ? એ અશુદ્ધભાવ પુણ્ય-પાપ એ પોતે દુઃખ છે, આનંદનો જેમાં અભાવ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સ્થૂળ કહ્યું હતું. શાસ્ત્રમાં આવે છે ને. સૂક્ષ્મ શબ્દ આવ્યો તો સ્થૂળ કહ્યું. શબ્દ જે આવે એની સાથે... સમજાણું?

**'કેમ કે ચારે ગતિઓ દુઃખરૂપ છે;...'** ચારેય ગતિ દુઃખરૂપ. ચક્રવર્તીનું રાજ હોય તો પણ દુઃખી. પર્યાયમાં હોં! પરને લઈને નહિ. ઈન્દ્રના ઈન્દ્રાસનમાં એ રાગને લઈને- એ અશુદ્ધતાને લઈને દુઃખી. કેમ હશે બાલુભાઈ! આ બધા તમને સુખી કહે છે ને માણસો? પૈસાવાળા થાય એને સુખી કહે છે. ધૂળમાંય નથી સુખ. હોળી સળગે છે અંદર મલિનતાની. એમ કહે છે અહીં તો. લ્યો હવે, આ મોટા પૈસાવાળા કહે. સાચી વાત છે.

આત્મા આનંદમૂર્તિ એની અંતર સમ્યગ્દૃષ્ટિ અને સમ્યગ્જ્ઞાન એનું કરતાં જે આનંદની દશાની અવસ્થા આવે તે સુખી છે. બાકી ત્રણ કાળમાં કોઈ સાધુ થયેલો, બાવો થયેલો, હજારો રાણીને છોડી જંગલમાં રહેતો હોય, પણ જ્યાં સુધી એ પુણ્ય-પાપના ભાવ મારા અને એ લાભદાયક એવી મિથ્યા દશા છે એ એકલી દુઃખદશા, એકલી દુઃખદશા છે. સમજાણું કાંઈ? કહો, સમજાણું કે નહિ? એય..! જયચંદભાઈ! આ શરીરનો રોગ એ દુઃખ નહિ એમ કહે છે. અશુદ્ધતા એ દુઃખ છે એમ કહે છે. એની દશામાં હોય તેને સુખ-દુઃખ કહેવાય. કો'કની દશામાં હોય એમાં આને સુખ-દુઃખ હોઈ કેમ શકે? સમજાણું કાંઈ? એની દશામાં-

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અવસ્થામાં રાગ-દ્વેષ, પુણ્ય-પાપ, કામ-ક્રોધાદિ થાય તો એ અવસ્થા દુઃખરૂપ છે. પરમાં થાય એ અહીં ક્યાં આવી છે તે દુઃખરૂપ હોઈ શકે? સમજાણું કાંઈ?

**'ચારે ગતિઓ દુઃખરૂપ છે; તેથી એમ કહ્યું કે જેને શુદ્ધસ્વરૂપનો અનુભવ છે...'** જેને શુદ્ધસ્વરૂપનો. દેખો! એ પુણ્ય-પાપ અને દયા-દાન, કામ-ક્રોધનો અનુભવ છે એ દુઃખી છે. આહાહા..! જેને.. મોતીરામજી! આ દસ દીકરા માટે સુખી છે એમ ના પાડે છે. દીકરા માટે નહિ અને એ મારા છે એવી માન્યતા રાગ છે એ દુઃખ છે. .. દુઃખ નથી થતું. મલિનતા ભાવથી દુઃખ થાય છે. એ મલિનભાવથી દુઃખ થાય છે. સમજાય છે કાંઈ? આહાહા..! અહીં તો એ વાત પણ નથી કહેવી. કેમકે હેય તરીકે હોય તો દ્રવ્યની અશુદ્ધતા છે. કાંઈ હેય તરીકે પરવસ્તુ નથી. એ તો જ્ઞેય છે. જ્ઞાનમાં જાણવાલાયક છે. જાણવાલાયક પણ દુઃખરૂપ છે, દૃષ્ટિમાં ભ્રમણા મોટી છે અજ્ઞાનની, મૂઢતા છે. સમજાણું કાંઈ? શરીરની નિરોગતા, રોગતા કે પુત્રનું થવું કે વાંજીયાપણું એ દુઃખ નથી. કેમ કે એની અસ્તિમાં, એની દશામાં એ ચીજ નથી આવતી. એ તો જ્ઞેય છે. જ્ઞાનમાં જાણવાલાયક છે. અંતરમાં જે પુણ્ય ને પાપ ને અશુદ્ધ મલિન દશા થાય તે પોતાની મલિનતા તે હેય છે. કેમ કે એ દુઃખરૂપ છે.

આત્મા પૂર્ણાનંદ તે ઉપાદેય છે. કેમ કે એ સુખરૂપ છે. એની દશાની અવસ્થા અતીન્દ્રિય આનંદ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થતાં અતીન્દ્રિય આનંદ આવે એ ઉપાય છે. એ ઉપાદેય છે. અથવા એ ઉપાય છે મોક્ષનો. સમજાણું કાંઈ? વાત સાંભળી જાય નહિ. આ બધું કરતાં તો. હો..હા.. હો.. હા.. ભક્તિ, પૂજા, લાખ, લાખ, બે લાખ ખર્ચી નાખે આ ઉપધાન. કરો ઉપધાન, કરો પોર ૪૯ કર્યા હતા, ઓણ આટલા દી કરો, આ કરો. એકાંત પર તરફના લક્ષનો રાગ દુઃખ, દુઃખ અને દુઃખ છે. કહો, સમજાણું આમાં?

**'જેને શુદ્ધસ્વરૂપનો અનુભવ છે...'** સમજાય છે? **'તે જીવ પરમાત્મારૂપ જીવના સુખને જાણવાને યોગ્ય છે,...'** જુઓ અહીંયાં. માટે એમ કહ્યું કે જે જીવને શુદ્ધસ્વરૂપ આત્મા પવિત્ર આનંદ, પુણ્ય-પાપના રાગરહિત સ્વરૂપ એનો અનુભવ છે. શુદ્ધસ્વરૂપનો આનંદ છે, વેદન છે, અનુભવ છે એ જીવ **'પરમાત્મરૂપ જીવ...'** પોતાનો પરમાત્મરૂપ જીવ અથવા સર્વજ્ઞનો પરમાત્મરૂપ જીવ તે **'સુખને જાણવાને યોગ્ય છે,...'** **'પરમાત્મારૂપ જીવ સુખને જાણવાને યોગ્ય છે,...'** નહિતર આનંદની પર્યાય અંતર સ્વરૂપમાં એકાકાર થઈને પ્રગટ્યા વિના આ આનંદ આત્માનો છે અને એવો જ આનંદ પરમાત્માને હોય છે એ બીજો જાણી શકે નહિ. સમજાણું કાંઈ?

**'જેને શુદ્ધસ્વરૂપનો અનુભવ છે...'** માથે કહ્યું હતું ને? **'आत्मानुभवैकगम्यमहिमा'** આ એનો બધો વિસ્તાર ચાલે છે. ઈ એક ટૂકડાનો આ બધો વિસ્તાર ચાલે છે. એને એકગમ્ય મહિમા. એમ કે કોને ગમ્ય છે એ? કે આત્માનો અતીન્દ્રિય આનંદ, એનું એને સમ્યગ્દર્શન-જ્ઞાન દ્વારા અનુભવ આત્માનો કર્યો એને આનંદ આવ્યો એ આનંદ દ્વારા એ ગમ્ય આત્મા

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે કે આ આત્મા. અજ્ઞાનીને આત્મા ગમ્ય નથી, એને આત્માની ખબર નથી. એટલે પરમાત્માને-સિદ્ધને કેવું સુખ હોય એ અજ્ઞાનીને એની ખબર નથી. કેમ કે એની વાનગી એને મળી નથી. આહાહા..!

મોટા ધોકડામાં વાનગી લે ને થોડી? રૂ-રૂ કાઢીને. તમારે લેતા હશે ને લાદીમાં? કે આવા ટૂકડા.. આવા ટૂકડા... આ જાતની લાદી. આ જાતની લાદી બનાવો. ચીતરેલું હોય. આવી ભાત. શું કહેવાય એ ભાતનું નામ? ડિઝાઈન. હા ડિઝાઈન. આહાહા..! મોટી ભાષા જાણે કે આમ... ડિઝાઈન એટલે શું હશે? ભાત પડે ભાત. એમાં આવી ભાત.

અહીં કહે છે કે જેમ એ ભાતનો નમૂનો એને બતાવે ત્યારે એવી ભાત ઓલો આખી કરે. એમ અહીંયાં આત્મા પુણ્ય ને પાપ મલિન દશાની રુચિને છોડી, ત્રિકાળ આનંદસ્વરૂપની રુચિ, દૃષ્ટિ ને એકતા કરે એને આત્માના આનંદનો અતીન્દ્રિય સ્વાદ સમ્યગ્દર્શન-જ્ઞાનમાં આવે. ત્યારે એ નમૂને પરમાત્માને અતીન્દ્રિય આનંદ પૂર્ણ કેવો એ જાણે. અજ્ઞાનીને પરમાત્માને આનંદ કેવો હોય એ જાણી શકે નહિ. તેમ આત્મામાં કેવો આનંદ હોય એ અજ્ઞાની જાણી શકે નહિ.

પરમાત્મા બે પ્રકારના. પૂર્ણ પ્રગટ થયા ઈ. અને આત્મા એ પરમાત્મસ્વરૂપ અંદર છે. પરમાત્મ પોતાનું નિજ આનંદસ્વરૂપ અને પરમાત્મા જ છે પોતે વસ્તુએ. એનો અનુભવ કરીને જાણે કે આ આત્મા. એ વિના એકલી મલિન દશાના અનુભવમાં, પુણ્ય-પાપના અનુભવમાં આત્મા કેવો? અને પરમાત્મા કેવા? અજ્ઞાનીને ખબર પડે નહિ. સમજાણું કાંઈ? આહાહા..! આ જૈન વીતરાગ ત્રિલોકનાથ પરમાત્મા આમ ફરમાવે છે. હવે એને વાડામાં જન્મ્યા એને એ ખબર ન હોય. શું આ છે અને કેમ થાય છે. સમજાણું કાંઈ? આવા વ્રત પાળો, ભક્તિ કરો, પૂજા કરો, ઉપધાન કરો, દાન કરો, દયા કરો, પાંજરાપોળ પાળો.

કહે છે કે સાંભળ તો ખરો. પરનું કરે કોણ? અને તને ભાવ થાય એ વિકારી પરલક્ષી મેલ ભાવ અશુદ્ધ છે. એ અશુદ્ધતામાં આત્માના આનંદ અને પરમાત્મા કેવા હોય એવું અજ્ઞાનીને તેનું માપ વાનગી આવી નથી, કણિયો આવ્યો નથી તો પૂર્ણ કેવું હોય એની એને ખબર નથી. સમજાણું કાંઈ?

'**તે જીવ પરમાત્મારૂપ જીવના...**' દેખો, અહીં તો પરમાત્મારૂપ જીવ. એમ લીધું ભાઈ! એ પરમાત્મસ્વરૂપ જ આત્મા (છે). પરમ આત્મસ્વરૂપ આત્મા એના '**સુખને જાણવા યોગ્ય છે,...**' ભગવાન આત્મા અનાકુળ અતીન્દ્રિય આનંદ, એનો અનુભવ કરીને જાણે તેને જાણવાયોગ્ય થાય. અજ્ઞાનીને આત્મા કેવો છે એ જણાય નહિ. પુણ્ય ને પાપના વિકલ્પના સ્વાદમાં એ એનો સ્વાદ કેવો? એટલે કે એ આનંદ કેવો? એની એને ખબર પડે નહિ. આહાહા..! કહો, સમજાય છે કે નહિ આમાં? આમાં એટલે આ કહે છે એમાં સમજાય છે કે નહિ?

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

**'કેમ કે શુદ્ધસ્વરૂપ અનુભવતાં અતીન્દ્રિય સુખ છે-'** દેખો! **'એવો ભાવ સૂચવ્યો છે.'** ત્યાં સુધી આવ્યું ઓલી લીટીનો એક અર્થ એટલો. **'आत्मानुभवैकगम्यमहिमा'** **'एक गम्य महिमा'** એમ સિદ્ધ કર્યો. **'आत्मानुभवैकगम्यमहिमा'** એ ભગવાન આત્મા એને પુણ્ય અને પાપના વિકલ્પની જાળથી છૂટી નિર્વિકલ્પ આનંદની દૃષ્ટિનો અનુભવ કરતાં જે આનંદનો સ્વાદ એ એક જ ગમ્ય આત્મા છે, એવા આનંદના સ્વાદ દ્વારા જ ગમ્ય આત્મા છે. એ સિવાય આત્મા કોઈ રીતે ગમ્ય હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? **'કેમ કે શુદ્ધસ્વરૂપ અનુભવતાં અતીન્દ્રિય સુખ છે—એવો ભાવ સૂચવ્યો છે.'** શું કહ્યું? કે આત્માનો શુદ્ધ અનુભવ કરે ત્યાં જ આનંદ હોય છે. અનુભવતાં અતીન્દ્રિય સુખ છે. રાગ-દ્વેષ ને પુણ્ય-પાપ ને વ્યવહાર વિકલ્પનો અનુભવ કરે ત્યાં સુખ છે નહિ. ઓહોહો..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- રાગનું. માને છે કલ્પના. દુઃખ છે, દુઃખ છે, દુઃખ છે. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ પણ દુઃખ છે, આસ્રવ છે, રાગ છે, અશુદ્ધ છે, મલિન છે, દુઃખરૂપ છે. આહાહા..!

ભગવાન આત્મા એ રાગથી રહિત એવા પૂર્ણાનંદનો, જેને અંતરમાં અનુભવ કરીને અતીન્દ્રિય આનંદ દ્વારા આત્માને જાણ્યો એને અતીન્દ્રિય સુખ છે. બાકી બીજાને અતીન્દ્રિય સુખ છે નહિ. સમજાણું કાંઈ? આ બધી લીટીની વાત કરીને શું કહ્યું? **'आत्मानुभवैकगम्यमहिमा'** આ એનો ખુલાસો કર્યો લાંબો આટલો.

મુમુક્ષુ :- ૪૦ મિનિટ થઈ ગઈ.

ઉત્તર :- એનું કાંઈ નહિ. ૪૦ મિનિટ થાય કે ૬૦ મિનિટ થાય. કહો, સમજાણું આમાં?

**'એવો ભાવ સૂચવ્યો છે.'** **'કોઈ પ્રશ્ન કરે છે કે કેવું કારણ કરવાથી જીવ શુદ્ધ થાય છે?'** આત્મા તો તમે વાત કરી કે અતીન્દ્રિય આનંદ આમ થાય, પણ કારણ હવે શું કરવું એને? **'પ્રશ્ન કરે છે કે કેવું કારણ કરવાથી જીવ શુદ્ધ થાય છે?'** કેવો ઉપાય કરવાથી આત્મા ધર્મને પામે? કેવો ઉપાય કરવાથી આત્મા શુદ્ધપણાને પામે? કેવા કારણ સેવવાથી આત્માને આનંદરૂપી શુદ્ધ દશા પ્રગટ થાય? આહાહા..! સમજાણું? **'કેવું કારણ કરવાથી જીવ શુદ્ધ થાય છે?'**

**'ઉત્તર આમ છે કે શુદ્ધનો અનુભવ કરવાથી જીવ શુદ્ધ થાય છે.'** એ ચૈતન્ય આનંદકંદ પ્રભુ, આ આનંદનો અનુભવ કરવાથી કરતાં કરતાં શુદ્ધ થાય છે. કોઈ રાગનો, વ્યવહાર કરતાં કરતાં વ્યવહાર, દયા, દાન, ભક્તિ, તપ એવો વિકલ્પ કરતાં કરતાં શુદ્ધ થાય છે એવું ત્રણ કાળ ત્રણ લોકમાં વસ્તુમાં છે નહિ. સમજાણું કાંઈ? ભારે! રાડ નાખે બધા હોં! પોકાર કરે. **'શુદ્ધનો અનુભવ કરવાથી જીવ શુદ્ધ થાય છે.'** સિદ્ધાંત શું કહ્યો? ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં પૂર્ણ અતીન્દ્રિય જ્ઞાન અને આનંદ અતીન્દ્રિય

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જ્ઞાન અને આનંદની ખાણ આત્મા, એના સન્મુખનો અનુભવ કરવાથી, શુદ્ધનો અનુભવ કરવાથી. પુણ્ય-પાપના ભાવ એ અશુદ્ધ છે, મલિન છે. તો એ અશુદ્ધનો અનુભવ કરવાથી શુદ્ધ થાય એમ ત્રણ કાળમાં બનતું નથી. સમજાણું કાંઈ?

**'શુદ્ધનો અનુભવ કરવાથી જીવ શુદ્ધ થાય છે.'** ભગવાન આત્મા એક સમયમાં શુદ્ધ પૂર્ણાનંદ, એનો અનુભવ શુદ્ધપણાને કરવાથી શુદ્ધનો અનુભવ થતાં.. થતાં... આત્મા શુદ્ધપણાને પામે. વ્યવહાર કરતાં કરતાં આત્મા મુક્તિને અને શુદ્ધપણાને પામે એમ વસ્તુના સ્વરૂપમાં નથી, એમ ભગવાને કહ્યું નથી, એમ શાસ્ત્રએ કહ્યું નથી. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- પરંપરા ન આવી.

ઉત્તર :- પરંપરા શેની આવે ત્યાં? આ પરંપરા શુદ્ધ અનુભવ કરવાથી શુદ્ધ થાય છે. એ પરંપરા થઈ ને? ઓલી તો વ્યવહારની વાત આવે આરોપથી કથન. અશુદ્ધ છે તે શુદ્ધનું કારણ કેમ થાય? પુણ્ય-પાપના ભાવ તો દુઃખ છે. એ દુઃખ તે આનંદનું કારણ કેમ થાય? એ માટે તો આ સિદ્ધ વાત કરવી છે. સમજાણું કાંઈ? આહાહા..!

ભગવાન આત્મા વસ્તુ તરીકે તો અતીન્દ્રિય આનંદનો રસકંદ એનો અતીન્દ્રિય આનંદનો અનુભવ દૃષ્ટિ-જ્ઞાનમાં કરતાં એ શુદ્ધનો અનુભવ કરતાં શુદ્ધપણાને પામે. પણ કાંઈ અશુદ્ધનો અનુભવ વ્યવહારનો કરતાં (શુદ્ધપણાને ન પામે). જુઓને! આ ત્યારે પોકાર કરે છે ને કે વ્યવહારરત્નત્રય ચોથે, છઠ્ઠે, સાતમે હોય. એના કરતાં સાતમે... અરે.. ભગવાન! કેટલી ભૂલ તે કાંઈ ભૂલ. ભીંત ભૂલ્યો છે તું. આહાહા..!

કહે છે, ભગવાન! તારું સ્વરૂપ તો અંદર શુદ્ધ ચૈતન્ય વસ્તુ સત્તા હોવાવાળું આનંદ અને જ્ઞાનના સત્ત્વના સ્વભાવનું હોવાવાળું સ્વરૂપ છે. એ કાંઈ પુણ્ય-પાપના હોવાવાળું સ્વરૂપ આત્માનું નથી. શરીર, વાણીનું સ્વરૂપ તો એ આત્મામાં છે જ નહિ. પણ પુણ્ય અને પાપના ભાવવાળું એ સ્વરૂપ નથી. તો એ સ્વરૂપ સત્તાનું સત્ત્વ, જ્ઞાન અને આનંદનું તત્ત્વ, એનો અનુભવ અંદરમાં કરવાથી શુદ્ધની દશાના અંશો પ્રગટવાથી વેદન કરતાં કરતાં પરમાત્મદશાને પામે. સમજાણું કાંઈ? સિદ્ધપદને પામે. આવું કારણ કરવાથી જીવ શુદ્ધપદને પામે. જુઓ! અર્થ કેટલો સરસ લખ્યો છે! જ્યાં જોઈએ ત્યાં વીતરાગભાવે શું ચીજ છે એને સ્પષ્ટીકરણ કરીને (લખ્યું છે). ઓલા શબ્દમાંથી એટલું કાઢ્યું.

**'કેવું કારણ કરવાથી જીવ શુદ્ધ થાય છે? ઉત્તર આમ છે કે શુદ્ધનો અનુભવ કરવાથી જીવ શુદ્ધ થાય છે.'** વ્યવહાર ભાવ કરવાથી તો વ્યવહાર તો અશુદ્ધ છે. એ અશુદ્ધનું પોતાનું સ્વરૂપ મલિન છે. મલિનથી નિર્મળ દશા પ્રગટ થાય (એમ કેમ બને?). એને દૃષ્ટિનો જુકાવ એના ચૈતન્ય દ્રવ્યમાં આવ્યા વિના એ અશુદ્ધતાને કારણે વધે, (એમ) ત્રણ કાળમાં નહિ. સમજાણું કાંઈ? **'किल यदि कोऽपि सुधीः अन्तः कलयति'** **'(किल)'** નામ **'નિશ્ચયથી જો કોઈ જીવ...'** જો કોઈ જીવ. કોઈપણ જીવ એમ. **'कलयति अन्तः'**

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**'अन्तः कलयति'** **'अन्तः कलयति'** અંદર શુદ્ધ સ્વરૂપ આનંદને **'कलयति'** **'નિરંતરપણે અનુભવે છે.'** શુદ્ધ આનંદ જ્ઞાતા-દૃષ્ટાનો ભંડાર ભગવાન એવા શુદ્ધ ભગવાન આત્માને અનુભવે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર દ્વારા. સમજાય છે? એ **'કેવો છે જીવ?'** કે જેની **'सुधीः'** **'શુદ્ધ છે બુદ્ધિ જેની.'** બુદ્ધિમાં શુદ્ધતા છે. જેની દૃષ્ટિમાં શુદ્ધતા પૂર્ણાનંદ છે એમ બુદ્ધિમાં શુદ્ધતા આવી છે. મિથ્યાબુદ્ધિમાં, મિથ્યાત્વમાં તો રાગ, દ્વેષ અને પુણ્ય-પાપભાવ આવ્યા છે. એ તો અજ્ઞાનભાવ છે. સમજાણું કાંઈ? આવ્યું છે ને પણ હવે ૩૧ વર્ષે આવ્યું છે આ બધું.

મુમુક્ષુ :- કાળ પાકી ગયો.

ઉત્તર :- કાળ પાકી ગયા છે. વાત સાચી.

**'નિશ્ચયથી જો કોઈ જીવ...'** કોઈપણ આત્મા જ્યારે **'શુદ્ધ સ્વરૂપને નિરંતરપણે અનુભવે છે.'** તો એની બુદ્ધિ શુદ્ધ છે. સમજ્યા? **'શુદ્ધ છે બુદ્ધિ જેની.'** પુણ્ય-પાપની બુદ્ધિ નથી જેને. નિમિત્તની બુદ્ધિ નથી જેને. ચિદાનંદ ભગવાન પૂર્ણ શુદ્ધ ચૈતન્ય એવી જેની બુદ્ધિ છે, એવી જેની પ્રજ્ઞા છે, એવું જેનું જ્ઞાન છે. આહાહા..! સમજાણું કાંઈ? માર્ગ તો નિરાલંબી રાગથી ભિન્ન છે. એને ન બેસે એથી કરીને માર્ગ કાંઈ બીજો થાય? **'શુદ્ધ છે બુદ્ધિ જેની. શું કરીને અનુભવે છે?'** શુદ્ધ બુદ્ધિવાળો? આત્માનો નિરંતર અનુભવ કરતાં કરતાં મોક્ષ કઈ રીતે પ્રાપ્ત કરે છે? **'रभसा बन्धं निर्भिद्य'** **'તત્કાળ...'** **'रभसा'** એક સમયમાત્રમાં અથવા એ કાળ. **'बन्धं'** **'દ્રવ્યપિંડરૂપ મિથ્યાત્વકર્મના ઉદયને મિટાવીને...'** નિમિત્તથી વાત કરી છે. દ્રવ્યકર્મ જે દર્શનમોહ છે જડ જડ, એ **'દ્રવ્યપિંડરૂપ મિથ્યાત્વકર્મ...'** જડ છે. એને **'ઉદયને મિટાવીને...'** એની પ્રગટ ઉદયદશા જ થવા દેતું નથી. એવો આત્મા તરફના શુદ્ધ ચૈતન્યના અનુભવની બુદ્ધિ પ્રગટ થઈ છે એ કાળે એ કર્મનો ઉદય પ્રગટ થવા દેતું નથી. એને તોડી નાખે છે. તોડી નાખે નિમિત્ત તરીકે વાત છે.

**'निर्भिद्य'** **'મિટાવીને...'** એટલું લીધું હોં ત્યાં. **'અથવા મૂળથી સત્તા મિટાવીને,...'** આત્માના અંતર શુદ્ધ ચૈતન્ય આત્મા આનંદની દૃષ્ટિ કરતાં, આનંદનો અનુભવ કરતાં, શુદ્ધબુદ્ધિ આત્માની અંદર વળતાં એ મિથ્યાત્વનો જડ કર્મનો ત્યાં નાશ થઈ જાય છે. કહો, જડ કર્મનો શી રીતે થાય? ઓલા કહે, પણ નાશ એ થાય તો અહીં થાય. પણ અહીં કર ત્યારે ત્યાં નાશ થાય કે કર્યા વિના થાય? સમજાણું કાંઈ? ત્યાં રાડું પાડે કે દર્શનમોહ ટળે ત્યારે સમકિત થાય. જુઓ! દર્શનમોહનો એને ઉદય હોતો નથી ને એ વખતે? ઉદય હોય ત્યાં સુધી ન થાય. સાંભળને હવે. અહીં તેથી તો ઉદય શબ્દ વાપર્યો છે. **'ઉદયને મિટાવીને...'** એમ શબ્દ વાપર્યો છે. ઓલા આવે છે ને ભાઈ ઓલા ચોથે? ઉદય નથી.. શાસ્ત્રમાં એમ આવે છે. દર્શનમોહનો ઉદય ન હોય. પહેલો ઉદય હોય ને ફેરવી નાખ્યો હોય. ફેરવીને એ કાળે આવવાનો હોય એ ન કરે. પણ સાંભળને! એ અપેક્ષાએ તો વાત કરી છે એની.

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ભગવાન આત્મા શુદ્ધ આનંદ ઉપર દૃષ્ટિ પડતાં સમ્યગ્દર્શન થતાં દર્શમોહના ઉદયને મટાડી દે છે. મૂળમાંથી ખસી જાય છે. સમજાણું કાંઈ? કર્મનો પડદો મૂળમાંથી ખસી જાય છે. નિમિત્તરૂપે જડ હતું એ. પછી ભાવની લેશે. સમજાણું કાંઈ? વસ્તુ આમ છે ત્યાં જે કર્તા થઈને અંદરમાં પડ્યો, આ ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... જ્યાં નજરું અંતરમાં ગઈ અને પર્યાયને વિસામા અંતરના મળ્યા, જે પર્યાય આમ ધ્રુવ સત્ સત્ છે આખું, એમાં પર્યાય વળી. કહે છે કે દર્શનમોહના ઉદયને મટાડીને નાશ કરી નાખ્યો. સમજાણું કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- શું કરવાનું? પુરુષાર્થ પોતામાં કરવો છે કે પરમાં કરવો છે? આહાહા..! સમજાય છે કાંઈ? પોતાની જે પર્યાય છે એને પરમાત્મા સાથે જોડવી છે? એવો એને કરવું છે કે કર્મની પર્યાયને તોડવી છે એણે?

અહીં તો કહે છે કે આમ થાય ત્યાં મોહ નાશ થઈ જાય છે. '**મૂળથી સત્તા મિટાવીને,...**' અહીં તો મૂળથી સત્તા મિટાવીને. તદ્દન ખરી જાય. જાણે કે ક્ષાયિક થઈ જાય. ઉપાડ છે જ નહિ. આહાહા..! વસ્તુ ધ્રુવ જ્ઞાનની પર્યાયમાં ત્રાટક થઈને એ ત્યાં જામ્યું જ્ઞાન. એટલે કે તે કાળે દર્શનમોહના ઉદયને મટાડી દે છે. એટલે નિમિત્તથી વાત કરી. જડની પર્યાય તો એને કારણે (પલટે છે). '**મિટાવીને અથવા મૂળથી સત્તા મિટાવીને,...**' હવે મિથ્યાત્વભાવને માટે જરી જોરનો શબ્દ વાપરે છે.

'**हठात् मोहं व्याहत्य**' '**બળથી...**' કારણ કે એમાં પોતાનું બળ છે ને? આત્મા તરફનું બળ છે. શુદ્ધ સ્વભાવ તરફનું બળ છે. આત્મા પવિત્ર ધામ એમાં પર્યાયને, ફરતી પર્યાય જે રાગના લક્ષે પડતી, એને અંતરમાં અંતર વાળતા જોરથી એમ કહે છે. ઓલામાં તો એટલું કહ્યું કે આમ થતાં. ત્યાં થાય છે તો એક સમયે બધું હોં! આ તો ક્રમે વાત કરે છે. દ્રવ્યકર્મનો ઉદય સત્તામાંથી નાશ થતાં અહીં આત્માના સ્વભાવમાં પોતાની ધ્રુવતાના સત્‌ને પકડતાં, ધ્રુવ સત્ એમાં દૃષ્ટિ જતાં '**બળથી મિથ્યાત્વરૂપ જીવના પરિણામને મૂળથી ઉખાડીને.**' દેખો! મિથ્યાત્વરૂપી પરિણામ જે પુણ્યને ધર્મ માને, પાપમાં સુખ માને, નિમિત્તથી કાર્ય માને, પરના કાર્ય કરું એવો જે મિથ્યાભ્રમ-પરિણામ હોં! મિથ્યા પરિણામ. મિથ્યાદૃષ્ટિના પરિણામ.

'**બળથી મિથ્યાત્વરૂપ જીવના પરિણામને...**' '**(व्याहत्य)**' '**મૂળથી ઉખાડીને.**' બેયને મૂળથી. ઓલાને મૂળથી અને આને સમૂળ. '**व्याहत्य**'. ભગવાન આત્મા પોતાના નિજ સ્વરૂપ શુદ્ધ ધ્રુવને અંતર અવલંબનતો એ દર્શનમોહના ઉદયને મટાડે છે અને જીવના મિથ્યાત્વ પરિણામનો મૂળમાંથી નાશ કરે છે. નાશ કરીને. એ તો થાય છે ને એને નાશ કરે છે એમ કહેવામાં આવ્યું. કથનશૈલી શી કરે? નાશ થઈ જાય છે એને નાશ કરીને એવા વ્યવહારથી કથનો કર્યા છે. એમાં પણ પાછું સમજાવવું પડે કે નાશ કરીને નહિ, આ છે એને નાશ કરું એમ છે ત્યાં? ભગવાન આત્મા પોતાની મહાનસત્તાની સંપદા ઉપર મહિમાની દૃષ્ટિ પડતાં એ પોતાના

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com


Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આત્મબળ દ્વારા એ ભ્રમણા મિથ્યાત્વના ભાવ જે અનાદિ હતા એને મૂળમાંથી નાશ કરે એટલે કે આવા ભાવને લઈને એ ઉત્પન્ન થતાં નથી તેને નાશ કરે છે એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહાહા..!

આ પરમાત્માના ઘર નિહાળવાની રીત. સમજાણું? એ નિજઘરમાં જવાની રીત. તારું ઘર તો બાદશાહ અનંતગુણથી ભરેલું આમ શણગારેલું તત્ત્વ આખું, હોં! સારા ઘરમાં પેસતા-વાસ્તુ લેતા કેટલી એને હોંશ થાય! એમાં વળી તેદી પાંચ લાખની પેદાશ હોય અને પચાસ લાખની પૂંજી હોય અને આમ વાસ્તુ કરવું હોય તો ઓહોહો..! હું પહોળો ને શેરી સાંકડી થઈ જાય. બધો ખ્યાલ આવે. રાજાને બોલાવે, શેઠિયાને બોલાવે, કુટુંબને બોલાવે. સૌને પહેરામણી આપે, જાતા-આવતાના ભાડા આપે વાસ્તુ કરે ત્યારે. ઓહોહો..! જાણે શું કર્યું! ધૂળમાંય નથી. દુઃખ કર્યું છે, સાંભળને! આ તો નિજઘર છે આત્મા. અનંતગુણથી શણગારેલો ભગવાન આત્મા. જેના શ્રૃંગારરસના એક એક ગુણમાં અનંતી મહિમા અને તાકાત છે. એવો ભગવાન આત્મા એના અંતરમાં દૃષ્ટિ કરતાં, કહે છે કે મિથ્યાત્વના પરિણામને મૂળમાંથી નાશ કરી નાખે છે. ત્યારે તેને સમ્યગ્દર્શન અને શુદ્ધતાનો અનુભવ થાય છે. એ શુદ્ધતાનો અનુભવ થવો એને ધર્મ કહે છે અને એ શુદ્ધતાનો અનુભવ કરતાં કરતાં આગળ વધીને કેવળજ્ઞાનને પામે છે. બીજો કોઈ શુદ્ધતાનો કે મોક્ષના માર્ગનો કે મોક્ષનો ઉપાય બીજો છે નહિ. ભાવાર્થ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)




Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વીર સંવત-૨૪૯૧, ફાગણ વદ ૬, મંગળવાર,
તા. ૨૩-૩-૧૯૬૫, કલશ-૧૨-૧૩
પ્રવચન નં. ૧૭

આ કળશટીકા ચાલે છે. જીવ અધિકાર. ૧૨મો કળશ છે ૧૨મો. એમાં ભાવાર્થ. ૧૫ પાને ભાવાર્થ. જુઓ! શું કહે છે? ઉપર આવ્યું છે એનો ભાવાર્થ કહે છે. '**ભાવાર્થ આમ છે કે અનાદિકાળનો મિથ્યાદષ્ટિ જ જીવ...**' આત્માનું સ્વરૂપ શુદ્ધ કેવું છે એના ભાન વિના '**અનાદિકાળનો મિથ્યાદષ્ટિ જ જીવ કાળલબ્ધિ પામતાં...**' એને સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવાના કાળની પ્રાપ્તિ થતાં '**સમ્યક્ત્વના ગ્રહણકાળ પહેલાં...**' સમ્યક્ આત્માનો અનુભવ, શુદ્ધ આત્માની શ્રદ્ધા, એની જે પ્રતીત અનુભવમાં (થાય) એ સમ્યગ્દર્શનના ગ્રહણકાળ પહેલાં '**ત્રણ કરણો કરે છે;...**' આત્મા જ્યારે સમ્યગ્દર્શન પામે છે, હું શુદ્ધ ચૈતન્ય વસ્તુ છું એમ જ્ઞાન કરીને, અનુભવ કરીને એમાં પ્રતીતિ થવી એ સમ્યગ્દર્શન છે. એ સમ્યગ્દર્શનના પૂર્વકાળમાં, સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવા પહેલાં ત્રણ કરણ હોય છે. ત્રણ પ્રકારના પરિણામ હોય છે.

'**તે ત્રણ કરણો અન્તર્મુહૂર્તમાં થાય છે;...**' આત્માની સમ્યગ્દર્શન પર્યાય શુદ્ધ નિશ્ચય સમ્યક્ એની અંતર પ્રાપ્તિના કાળ પહેલાં મિથ્યાદષ્ટિ જીવને જ પહેલા ત્રણ પ્રકારના કરણરૂપી પરિણામ થાય છે. '**તે ત્રણ કરણો અન્તર્મુહૂર્તમાં થાય છે;...**' એ પરિણામ કેવળજ્ઞાનીએ જોયા છે. પોતે ન જાણી શકે કે આ કરણ, અધઃકરણ છે, અપૂર્વકરણ કે અનિવૃત્તિકરણના છે. પણ એવા પરિણામ આત્મામાં સમ્યગ્દર્શન થયા પહેલાં, થયા પહેલાં આવા પરિણામ થાય છે.

'**કરણો કરતાં દ્રવ્યપિંડરૂપ મિથ્યાત્વકર્મની શક્તિ મટે છે;...**' કહો, એ જડકર્મ જે દર્શનમોહ પરમાણુ છે. એ પોતાનો આત્મા સમ્યગ્દર્શન પહેલાં જે પોતાના ત્રણ પ્રકારના પરિણામ થાય છે ત્યારે જડ કર્મની પ્રકૃતિની શક્તિ મટે છે. કહો, સમજાણું કાંઈ? '**તે શક્તિ મટતાં ભાવમિથ્યાત્વરૂપ જીવના પરિણામ મટે છે;...**' સમજાણું કાંઈ? આત્મા પોતાનું નિજ સ્વરૂપ શુદ્ધ જ્ઞાયક અખંડ આનંદ અભેદ છે એવી અનુભવ દષ્ટિમાં સમ્યગ્દર્શન થાય છે. એ સમ્યગ્દર્શન થયા પહેલાં આ ત્રણ પ્રકારના પરિણામ થાય છે તેનાથી જડ મિથ્યાત્વકર્મની શક્તિ મટે છે. જડની. અને એ મટતાં પોતાના મિથ્યાત્વપરિણામ જે વિપરીત ભાવ છે એ પણ મટે છે. કહો, શેઠી! સવારનું ઝીણું, અત્યારનું ઝીણું. ઝીણું તો હોય. સૂક્ષ્મ વાત છે. અનંતકાળથી આત્મા શું, એનું સમ્યગ્દર્શન શું એનો પત્તો કોઈ દી લીધો નથી.

મુમુક્ષુ :- ખાસ પ્રયોજનની વાત છે.

ઉત્તર :- ખાસ પ્રયોજનની વાત છે.

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અને તે જડકર્મની શક્તિ, પોતાના ત્રણ પ્રકારના પરિણામ થાય છે-અધઃકરણ, અપૂર્વકરણ, અનિવૃત્તિકરણ, એ પરિણામને કારણે (અર્થાત્) નિમિત્તરૂપ (થતાં) દર્શનમોહના રજકણ જે છે એમાં શક્તિ મટે છે અને એ શક્તિ મટતાં પોતાના પરિણામમાં ભાવ મિથ્યા ભ્રમણા જે મિથ્યાભ્રમ છે એ પરિણામ પણ જીવના પરિણામ મટે છે. કર્મની શક્તિ મટી એ તો જડના પરિણામ મટ્યાં-દર્શનમોહના. અને તે સમયે પોતાની શક્તિ મટતાં ભાવમિથ્યાત્વ, જે પોતાના શુદ્ધ સ્વરૂપથી વિપરીત માન્યતા હતી (અર્થાત્) પુણ્ય વિકલ્પ એ ધર્મ છે, પાપમાં મજા છે એવી ભિન્ન મિથ્યામાન્યતા હતી એ મિથ્યા ભાવપરિણામ જીવનો નાશ થાય છે. સમજાય છે કાંઈ ભાઈ? આહાહા..!

મુમુક્ષુ :- ...લાવવા પડે.

ઉત્તર :- કેમ જડ નિમિત્ત છે ને. લાવવા પડે શું હોય? અહીંયા બતાવવું છે કે નહિ? એક જડકર્મ છે, પરિણામ કરતો હતો. જડ પરિણામ છે એની શક્તિ મટે છે. વસ્તુનું સ્વરૂપ બતાવવું છે કે નહિ? લાવવું પડ્યું ક્યાં છે? સમજાય છે કાંઈ?

**'જેમ ધતૂરાના રસનો પાક મટતાં...'** ધતૂરો ધતૂરો હોય છે એના રસનો પાક મટતાં **'ઘેલછા મટે છે...'** ઘેલછા, પાગલપણું મટે છે. સમજ્યા? **'કેવો છે બંધ અથવા મોહ?'** એ દૃષ્ટાંત દીધું. શું કહ્યું? કે ધતૂરા પીવાથી જે ઘેલછા હતી એ ધતૂરાના રસનો પાક મટતાં ઘેલછા મટે છે. પાગલપણું. એમ પોતાના આત્મામાં શુદ્ધ સ્વભાવની અંતર દૃષ્ટિ કરવાથી પહેલા ત્રણ પરિણામ જે થયા હતા એનાથી મિથ્યાત્વના પરિણામનો નાશ થાય છે. કહો, સમજાણું કાંઈ? ઘેલછા, ગાંડપણ હતું ઈ. શુભ-અશુભ વિકલ્પ રાગને પોતાનો માનવો એ ઘેલછા-ગાંડપણ હતું. સમજાણું કાંઈ? જેમ ધતુરો પીવાથી ઘેલછા થઈ એ ધતુરાનો પાક મટતાં ઘેલછા મટી ગઈ. એમ પોતાના આત્મામાં જે પુણ્ય-પાપ, વિકાર આદિ ભાવને પોતાના માનતો હતો, એવું ઘેલછાપણું-પાગલપણું હતું એ પોતાના શુદ્ધ સ્વરૂપની દૃષ્ટિ કરવાથી પાગલપણું મટી ગયું. કહો, શેઠી! પાગલ છે પાગલ? કહે છે કે પોતાની પર્યાયમાં શુભ-દયા, દાન આદિ ભક્તિ આદિ શુભભાવ, એને પોતાનો માનવો, એનાથી પોતાને લાભ માનવો એ મિથ્યાત્વભાવનું ઘેલછાપણું છે, પાગલપણું છે. સમજાણું કાંઈ? આહાહા..! એ ઘેલછાપણું શુદ્ધ સ્વરૂપ સન્મુખના પરિણામ કરવાથી સમ્યક્ થાય છે અને પાગલપણારૂપ મિથ્યાત્વભાવનો નાશ થાય છે. સમજાણું કાંઈ? આહાહા..!

જુઓને! **'ધતૂરાના રસનો પાક મટતાં...'** ઘટી ગયો પાક. પાગલપણું ઘટી ગયું, નાશ થઈ ગયું. એમ ભગવાન આત્મા પોતાનું જ્ઞાન ચૈતન્ય આનંદ શુદ્ધ સ્વરૂપ એની દૃષ્ટિ કર્યા વિના પુણ્ય વિકલ્પ આદિ વિકાર છે એનાથી મને લાભ છે, એ જ હું છું એવું જે પાગલપણું, ભ્રમપણું, મિથ્યાત્વપણું હતું એ પોતાના સ્વરૂપની અંતરદૃષ્ટિનો અનુભવ કરવાથી એ પાગલપણાનો નાશ થયો. કહો, મોતીરામજી! સમજાય છે કાંઈ?

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


હવે કહે છે, **'કેવો છે બંધ અથવા મોહ?'** બે શબ્દ પડ્યા છે ને ઓલામાં? **'निर्भिद्य बन्धं'** અને **'व्याहत्य मोहं'** બે શબ્દ છે ને ભાઈ અંદર? **'निर्भिद्य बन्धं व्याहत्य मोहं'**. બંધમાં ત્યાં એમ લીધું હતું દ્રવ્યપિંડ મિથ્યાત્વકર્મનું ઉદયનું મેટવું. **'निर्भिद्य'** હતું ને? પછી **'मोहं'** એ મિથ્યાત્વ પરિણામનું **'व्याहत्य'** મટવું. એ બે શબ્દ પડ્યા હતા. પહેલા અર્થમાં આવ્યા. **'કેવો છે બંધ અથવા મોહ?'** **'भूतं भान्तम् अभूतम् एव'** **'एव'** નામ **'નિશ્ચયથી...'** **'एव'** શબ્દ પડ્યો છે છેલ્લે. **'भूतं'** નામ **'અતીત કાળસંબંધી,...'** શું? શરીરાદિ રાગથી એકત્વબુદ્ધિ એવા અતીત કાળસંબંધી સંસ્કાર. શરીર, પુણ્ય-પાપ, વિકલ્પાદિ રાગાદિ એ મારા છે એવી એકત્વબુદ્ધિ, ગતકાળ ભૂતકાળની એકત્વબુદ્ધિ, વર્તમાનકાળની એકત્વબુદ્ધિ. પુણ્ય અને પાપ, સંકલ્પ, વિકલ્પ, દયા, દાન, આદિ રાગ એ મારો સ્વભાવ છે એવા મિથ્યાત્વના વર્તમાન સંબંધી સંસ્કાર. સમજાણું કાંઈ? અને **'આગામી કાળ સંબંધી.'** ભવિષ્યમાં પણ રાગાદિ હોય તો મને ઠીક પડશે, પુણ્યાદિ વિકલ્પ હોય તો મને ઠીક એવા આગામી કાળ સંબંધી વર્તમાન એકત્બુદ્ધિના સંસ્કાર. સમજાણું કાંઈ? એ બંધનું સ્વરૂપ છે. આત્મા સ્વભાવની એકત્વદૃષ્ટિ કરવાથી એ ત્રણ કાળ સંબંધી સંસ્કાર ભાવ એનો નાશ થાય છે. શું કહ્યું સમજાણું?

ગતકાળ, વર્તમાન અને ભવિષ્ય. પુણ્ય-પાપનો વિકલ્પ રાગ અને શરીર, વાણી, મન આ મારા છે એવી એકત્વબુદ્ધિનો ત્રણકાળ સંબંધી સંસ્કાર. એ પોતાનો જ્ઞાયક ચૈતન્યમૂર્તિ સ્વભાવમાં એકત્વ થવાથી એ મોહ અને બંધના સંસ્કાર નાશ પામે છે. ભારે ઝીણું ભાઈ! સમજાણું કાંઈ? કહો, સમજાણું કે નહિ? શેઠી! હજી ધીમું બોલે છે. દૃષ્ટાંત દીધું નહિ? કે ધતૂરો પીધો તો પાગલપણું થયું. ધતૂરાનો પાક મટતાં પાગલપણું મટ્યું. એ ભાવની વાત છે. સંસ્કારની વાત કરી છે. એમ આત્મામાં અખંડ જ્ઞાયક ચૈતન્ય જ્યોત છે એવી દૃષ્ટિને ભૂલીને પુણ્ય અને પાપ, શુભ અને અશુભ રાગ, શરીર, વાણી કર્મ એના એકત્વ સંસ્કાર, ગતકાળના, વર્તમાનકાળના, ભવિષ્યકાળના એકત્વ સંસ્કારનો નાશ થાય છે. પોતાના શુદ્ધ સ્વભાવની અનુભવદૃષ્ટિથી એનો નાશ થાય છે.

મુમુક્ષુ :- ત્રણે કાળના?

ઉત્તર :- એ ત્રણે કાળ છે ને, વર્તમાન થાય છે એ. વર્તમાન થાય અને ભવિષ્યમાં આમ થશે. વર્તમાન ... સમજાણું કાંઈ?

કહે છે કે મિથ્યાત્વભાવ છે એ પાગલપણું છે. પુણ્ય અને પાપના ભાવ થવા, એને પોતાના એકત્વ સંસ્કાર માનવા એ પાગલપણું મિથ્યાત્વ છે. અને પુણ્ય-પાપના ભાવથી અનુકૂળ-પ્રતિકુળ સંયોગ મળે તેને પોતાના માનવા એ એકત્વ સંસ્કાર છે. એ મિથ્યાત્વભાવ છે, એ પાગલપણું છે, ઘેલછાપણું છે, એ પોતાના શુદ્ધ સ્વરૂપની એકત્વબુદ્ધિ-દૃષ્ટિ કરવાથી એ ઘેલછાનો નાશ થાય છે.

મુમુક્ષુ :- આ વિધિ છે.

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

ઉત્તર :- વિધિ આ છે. શેઠ કહે છે. બીજી કોઈ વિધિ નથી કે આમ કરવાથી.. કરવાથી... કરવાથી.. એ ત્રિકાળ સંસ્કાર છૂટી જાય છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ... વખત થાય ત્યારે ઉતરી જાય છે.

ઉત્તર :- એ વખત થાય એટલે ઉતરે એ તો દૃષ્ટાંત છે. દૃષ્ટાંતમાં શું સિદ્ધાંત થાય? અહીં વખત એનો કાળ આવે સમ્યગ્દર્શનનો (એટલે) એ એકત્વના સંસ્કાર છૂટી જાય છે. એમ કાળ. કાળનું અહીં શું કામ છે? સમજાય છે કાંઈ? સમજાય છે કાંઈ? એ અમારી ગુજરાતી ભાષા છે. સમજમેં આતા હૈ? એ તમારે હિન્દી.

જુઓ! આ કળશટીકા છે. કુંદકુંદાચાર્ય મહારાજ બે હજાર વર્ષ પહેલા સંવત્ ૪૯માં ભરતક્ષેત્રમાં દિગંબર મુનિ થયા. મહાસમર્થ મુનિ. સંવત્ ૪૯. એ ભગવાન પાસે ગયા હતા. મહાવિદેહક્ષેત્રમાં સીમંધર ભગવાન બિરાજે છે, વર્તમાન બિરાજે છે. એ વખતે પણ બિરાજતા હતા, અત્યારે પણ બિરાજે છે અને હજી અબજો વર્ષ બિરાજશે. ત્યાં ગયા હતા બે હજાર વર્ષ પહેલા પોન્નુર હીલથી. મદ્રાસથી ૮૦ માઈલથી આ બાજુ વંદેવાસ છે. ત્યાંથી પાંચ માઈલ પોન્નુર હિલ ટેકરી છે ત્યાં ધ્યાનમાં રહેતા હતા. ગયા હતા. આઠ દિવસ ભગવાન પાસે રહ્યા. ત્યાં તો પાંચસો ધનુષ્યનો દેહ છે. અહીં તો ચાર હાથનો દેહ હતો નાનો. ત્યાંથી આવીને આ સમયસાર બનાવ્યું. બે હજાર વર્ષ પહેલા. એ સમયસારની ટીકા આજ પહેલા ૯૦૦ વર્ષ ભગવાન કુંદકુંદાચાર્ય પછી ૧૧૦૦ વર્ષ લગભગ અમૃતચંદ્રાચાર્ય મુનિ દિગંબર સંત વનવાસી થયા. એમણે ટીકા બનાવી. આ ટીકામાં બનાવ્યા કળશ. આ કળશ ચાલે છે એ. માથે કળશ છે ને? એ કળશ બનાવ્યા. એ કળશની ટીકા સાડી ત્રણસો વર્ષ પહેલા લગભગ રાજમલજી પાંડે થયા છે. 'પાંડે રાજમલ જૈનધર્મી સમયસાર નાટકકે મર્મી.' એ બનારસીદાસ કહે છે. બનારસીદાસનું છે ને સમયસારનાટક? આમાંથી સમયસારનાટક બનાવ્યું છે. આમાંથી. આ કળશની ટીકામાંથી આખું સમયસારનાટક, નાટક હોં! બનાવ્યું છે. એવા રાજમલજી જૈનધર્મના મર્મી થયા છે. એમણે આ ટીકા બનાવી છે. હિન્દીમાં છે. જયપુરના આસપાસના ગામની ઢુંઢારી ભાષામાં હતી. એને આપણે ચાલતી ભાષામાં બનાવી છે. ઢુંઢારીમાં હતી. જયપુરની આસપાસની. એની આ વર્તમાન.. ભાવ તો એના એ છે, ફક્ત ચાલતી ભાષામાં અત્યારે બનાવી. ૩૩૦૦ પુસ્તક છપાવ્યા છે હમણાં. સમજાણું કાંઈ? પોપટભાઈ! આ તો અલૌકિક વાત! સોનાના લાટા છે. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ તો દૃષ્ટાંત આપ્યું. સોનાના લાટામાં શું છે? ધૂળ છે.

અહીં તો કહે છે કે બંધ અને મોહ કેવા છે? અહીં તો વ્યાખ્યા એવી કરી. પહેલા કહ્યું હતું કે દ્રવ્યબંધરૂપ મિથ્યાત્વકર્મના ઉદયને અને મોહ અંતર મિથ્યાત્વભાવ. અહીંયાં તો બંધ અને મોહ કેવા છે? કે ભૂતકાળનો, વર્તમાનકાળ અને ભવિષ્યકાળનો. જે આત્મામાં

જ્ઞાયક ચિદાનંદ શુદ્ધ સ્વભાવની દૃષ્ટિ છૂટીને અનાદિથી, એ પુણ્ય અને પાપના ભાવ, શુભભાવ હો કે અશુભભાવ હોય અને શરીર, વાણીની ક્રિયામાં શુભક્રિયા હો કે અશુભ હોય એ બધામાં એકત્વ માનવું કે મારું છે એવું એકત્વ માનવું એનું નામ મિથ્યાત્વભાવ છે. એનું નામ મિથ્યાત્વના સંસ્કાર છે. એ મિથ્યાત્વના સંસ્કાર પોતાનો શુદ્ધ આત્મા, એની દૃષ્ટિ કરવાથી એ દૃષ્ટિ થયા પહેલા ત્રણ પ્રકારના પરિણામ થાય છે. એમાં પણ મિથ્યાત્વ રજકણની શક્તિ ઘટે છે અને મિથ્યાત્વના પરિણામ ઘટે છે. પછી શુદ્ધાત્માની જ્યાં અનુભવ દૃષ્ટિ થઈ તો એ મિથ્યાત્વ પરિણામનો નાશ થઈ જાય છે. એ મિથ્યાત્વ પરિણામની વ્યાખ્યા કરી-ત્રિકાળ સંસ્કારરૂપ મિથ્યાભાવ. ઓહોહો..! સમજાણું કાંઈ?

**'જે શરીરાદિ સાથે એકત્વબુદ્ધિ, તે મટતાં...'** જે શરીર, વાણી, મન, પુણ્ય અને પાપ એવા ભાવઆસ્રવ, કેમ કે શરીર, વાણી, કર્મ એ અજીવ અને પુણ્ય ને પાપભાવ એ આસ્રવ, એ આસ્રવ અને અજીવ એ મારા છે એવી એકત્વબુદ્ધિ એનું નામ મિથ્યાત્વભાવ છે. કેમ કે જ્ઞાયક ચૈતન્યભાવમાં એ આસ્રવ અને અજીવ નથી. એ તો ચૈતન્ય જ્ઞાયક ચિદાનંદ સ્વરૂપ છે શુદ્ધ. એમાં પુણ્ય-પાપનો આસ્રવભાવ પણ નથી અને શરીરાદિ જડની ક્રિયા અને પર્યાય પણ એમાં નથી. એમાં નથી એને સંસ્કારથી માનવા કે એ શુભ-અશુભભાવના અસ્તિત્વમાં એ જ હું અને મને લાભદાયક છે અને શરીરાદિ ક્રિયા હું છું, એમાં હું છું, એ મને લાભદાયક છે એવા ત્રિકાળ સંબંધી જે મિથ્યાત્વ સંસ્કાર એ આત્માના અનુભવ દૃષ્ટિથી મિથ્યાત્વ સંસ્કારનો નાશ થાય છે. સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ!

મુમુક્ષુ :- આત્મામાં...

ઉત્તર :- આત્માનુભવ એટલે કે આત્મા જ્ઞાયકસ્વરૂપ ચિદાનંદ શુદ્ધ છે એવી અંતર દૃષ્ટિ કરવાથી, એનું જ્ઞાન કરવાથી જે એકત્વબુદ્ધિ (હતી), અહીંયાં એકત્વ થયું તો પેલી એકત્વબુદ્ધિ છૂટી જાય છે. બીજો કોઈ ઉપાય નથી. આ ક્રિયા. સમજાણું કાંઈ ભાઈ? જુઓ! છે કે નહિ એમાં? જુઓ! ઘણું સ્પષ્ટ છે. ચાલતી હિન્દીમાં બનાવ્યું છે ઢુંઢારી ભાષામાંથી. પહેલા એ પુસ્તક હતું. સમજ્યાને? જૂની ઢુંઢારી ભાષામાં આ પુસ્તક હતું. આ પુસ્તક પહેલેથી છે. ૩૫ વર્ષ પહેલા ૧૩૦૦ છપાણા હતા. એ જૈનમિત્રમાં ભેટ આવ્યું હતું. જૈનમિત્ર આવે છે ને સુરતથી? પણ જૂની ઢુંઢારી ભાષા છે. જુઓને! આ શું છે? ૧૨મો કળશ છે ને? ૧૨મો જુઓ. એનો ૧૨મો કળશ. એની ભાષા હોં. શું છે? નમૂનો તો જોવે કે નહિ? જુઓ! આ શબ્દ ચાલે છે ને? એ ભાષા લઈએ જુઓ.

૧૨. છેલ્લો ભાગ છે ને? ભાવાર્થ. આવ્યોને ભાવાર્થ. ભાવાર્થ ઈસો. ઈસો એ ભાષા છે. આપણે ભાવાર્થ આ પ્રમાણે છે એમ સુધાર્યું છે. ભાવાર્થ ઈસો અનાદિકાલકો મિથ્યાદૃષ્ટિ હી જીવ કાલલબ્ધિ પાયા. જૂની ભાષા છે. સમ્યક્ ગ્રહણ કાલ પહલે તીની કરણ કરે છે. કરે છે એમ ભાષા છે હોં એ બાજુ. છે એ જયપુરની ભાષા. એની ભાષા છે. કરે છે.

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


તે તીની કરણ અંતર્મુહૂર્ત તાંઈ હોઈ હૈ. કરણ કહેતા દ્રવ્યપિંડ મિથ્યાત્વકર્મકી શક્તિ મિટે છે. તીહીં શક્તિ કે મિતા ભાવ મિથ્યાત્વરૂપ જીવકા પરિણામ મિટે છે. આપણી વર્તમાન ચાલતી ભાષા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. બસ એટલી વાત છે. સમજ્યા?

યથા ધતુરાકો રસપાક મીટતા ગહીલાઈ મીટે છે. ગહીલાઈ મીટે છે. એ જયપુરની આસપાસની ભાષા છે. આપણે ગહલપણું મટે છે. એમ ભાષા કરી છે. એવી જૂની ઢુંઢારી ભાષા છે. જૂની ઢુંઢારી ભાષામાં એમાંથી બનારસીદાસે આખું સમયસાર નાટક બનાવ્યું છે. એવી ચીજ છે. એમાં પણ કહ્યું કે 'પાંડે રાજમલ જૈનધર્મી સમયસારનાટક કે મર્મી.' એવું લખ્યું છે બનારસીદાસે. સમજાણું કાંઈ?

કહે છે કે '**ત્રિકાળ સંસ્કારરૂપ છે જે...**' હવે સંસ્કારની વ્યાખ્યા કરે છે. '**શરીરાદિ...**' શરીર, વાણી, મન, પુણ્ય-પાપનો આસ્રવભાવ, શુભાશુભભાવ આસ્રવ, શરીરાદિ અજીવતત્ત્વ. '**એકત્વબુદ્ધિ, તે મટતાં...**' એનું નામ સંસ્કાર-એકત્વબુદ્ધિ. '**એકત્વબુદ્ધિ, તે મટતાં જે જીવ શુદ્ધ જીવને અનુભવે છે...**' હું શુદ્ધ પુણ્ય-પાપના વિકલ્પ નામ રાગથી રહિત શરીરાદિની અજીવની સત્તાથી મારી સત્તા ભિન્ન છે. એવું શુદ્ધ જીવ સ્વરૂપ, જ્ઞાયક ચૈતન્યસ્વરૂપ, અરાગી સ્વભાવ પોતાનો શુદ્ધ, એને જે અનુભવે છે '**તે જીવ નિશ્ચયથી કર્મોથી મુક્ત થાય છે.**' એ મિથ્યાત્વથી મુક્ત થાય છે, મિથ્યાત્વ પરિણામથી મુક્ત થાય છે અને ક્રમે ક્રમે શુદ્ધ જીવનો અનુભવ કરવાથી રાગ-દ્વેષથી પણ મુક્ત થઈને કેવળજ્ઞાન પામે છે. સમજાણું કાંઈ? પહેલાથી ભાષા પૂરી કહી દીધી છે.

'**જે શરીરાદિ સાથે એકત્વબુદ્ધિ, તે મટતાં...**' તેને રાખતાં મિથ્યાત્વરૂપી ઘેલછા હતી. '**તે મટતાં જે જીવ...**' જે કોઈ આત્મા '**શુદ્ધ જીવને અનુભવે છે...**' હું શુદ્ધ ચૈતન્ય જ્ઞાયક અનાકુળ શાંતરસ, આનંદ એવા આત્માને અંતર સન્મુખ થઈને આત્માના વેદનમાં, આનંદમાં લે છે, અનુભવે છે '**તે જીવ નિશ્ચયથી...**' ખરેખર '**કર્મોથી મુક્ત થાય છે.**' કર્મોથી મુક્તનો અર્થ જે શુદ્ધ જીવ અનુભવે છે તે મિથ્યાત્વથી મુક્ત થાય છે, વિશેષ શુદ્ધ સ્વરૂપમાં અનુભવની સ્થિરતા કરે તે અવ્રત પરિણામથી છૂટે છે, વિશેષ શુદ્ધ સ્વરૂપનો અનુભવ કરે છે શુક્લધ્યાન તો ચાર કર્મનો નાશ કરીને કેવળજ્ઞાનને પામે છે. સમજાણું કાંઈ?

એક વાત લીધી છે. '**જે જીવ શુદ્ધ જીવને અનુભવે છે...**' બસ! અહીંથી શરૂ થાય છે. '**તે જીવ નિશ્ચયથી કર્મોથી મુક્ત થાય છે.**' બીજી કોઈ ક્રિયા કર્મથી મુક્ત થવાની છે નહિ. સમજાણું કાંઈ? ભગવાન આત્મા પહેલા પોતાનું શુદ્ધ સ્વરૂપ પુણ્ય-પાપ, શરીર, વાણી, મનથી ખસીને એકત્વબુદ્ધિ જે પરમાં હતી તેને છોડીને પોતાના શુદ્ધ ચૈતન્ય સ્વભાવમાં એકત્વબુદ્ધિ કરે છે તેને મિથ્યાત્વનો નાશ થાય છે. એનો દર્શનમોહ નાશ થાય

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે. પછી શુદ્ધ સ્વરૂપનો અનુભવ વિશેષ સ્થિરતાથી કરે છે તો રાગ-દ્વેષનો નાશ થાય છે. વિશેષ સ્થિરતા કરવાથી શુક્લધ્યાન થવાથી કેવળજ્ઞાન થાય છે. પણ શુદ્ધ અનુભવ કરવાથી મુક્તિ થાય છે. બીજો કોઈ એનો ઉપાય નથી. સમજાણું કાંઈ? અનુભવ કરવાથી મુક્તિ થાય છે. વચ્ચે સમ્યગ્દર્શનમાં સ્થિરતા થાય છે અંતર દૃષ્ટિમાં જ્ઞાન છઠ્ઠે ગુણસ્થાને અને શુભ વિકલ્પ જે પંચ મહાવ્રતનો આવે છે છઠ્ઠે ગુણસ્થાને એ મુક્તિનું કારણ નથી. સમજાણું કાંઈ? મુક્તિનું કારણ તો એક શુદ્ધ ચૈતન્ય તરફની એકાગ્રતાનો અનુભવ. થોડા અનુભવમાં મિથ્યાત્વનો નાશ, વિશેષ અનુભવમાં અવ્રત રાગનો નાશ, વિશેષ અનુભવમાં ચાર ઘાતિનો નાશ કરીને કેવળજ્ઞાન પામે છે. સમજાણું કાંઈ? આહાહા..! ભારે પણ ટીકા કરી છે ને. મૂળ વાતનો સત્ય સ્તંભ ઊભો રાખ્યો છે. આહાહા..!

ત્રિકાળ સંસ્કાર મટે છે, શરીરાદિ એકત્વબુદ્ધિ મટતાં ભગવાન આત્મા અંતર રાગાદિ વિકલ્પ જે દયા, દાન, વ્રતના જે વિકલ્પ હતા એમાં જે એકત્વબુદ્ધિ હતી એ તો મિથ્યાત્વ સંસ્કાર છે. અંતર જ્ઞાયક ચૈતન્યમૂર્તિ છું, શુદ્ધ દ્રવ્યસ્વભાવ છું એમ અંતરમાં સ્વભાવની એકતા થઈ તો રાગની એકતાનો, મિથ્યાત્વનો નાશ થયો. અને પછી સ્વરૂપમાં જેટલી લીનતાનો અનુભવ થાય છે એટલી અસ્થિરતા, અવ્રત, રાગનો ત્યાગ થાય છે-નાશ થાય છે. સમજાણું કાંઈ? શેઠી! સાચી વાત અત્યારે એટલી ગુપ્ત થઈ ગઈ છે. વીતરાગ સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમાત્મા એમણે જે કહ્યું એ કુંદકુંદાચાર્યે ઝીલ્યું અને અનુભવમાં ચારિત્ર પ્રાપ્ત કર્યું. અને કુંદકુંદાચાર્યે એ જ પ્રવાહ ભગવાન કહે છે એની શાસ્ત્રમાં રચના કરી. સમજાણું કાંઈ? પણ એના અર્થની સમજ નહિ. શું કહે છે અને શું છે? બસ કરો, આમ કરો, વ્રત કરો, અપવાસ કરો, આમ કરો, આમ કરો. એ તો બધા વિકલ્પ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. ભાઈ, એ વાત સાચી છે. ઈ જ વાત છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, એ કહે છે. ઈ વાત નથી. ભગવાન! એમાં શુભબંધ થશે. શુભભાવ આવ્યો (તો) શુભબંધ પડશે, અબંધ નહિ થાય. અબંધ તો પુણ્ય અને પાપના ભાવનો પ્રેમ રુચિ એકત્વ છોડીને ચિદાનંદ સ્વભાવની એકત્વબુદ્ધિ થવાથી સમ્યગ્દર્શનનો અનુભવ થાય છે. મિથ્યાત્વનો નાશ થાય છે. પછી પણ વિશેષ અનુભવ, સ્થિરતા, જ્ઞાયકનું જેવું ભાન થયું એમાં એકાકાર લીન થતાં પછીના અવ્રત, રાગ-દ્વેષ પરિણામનો નાશ થાય છે. પછી સ્વરૂપમાં ઘણી સ્થિરતા આનંદના અનુભવની થાય ત્યારે ચાર કર્મનો નાશ થઈને કેવળજ્ઞાન પામે છે.

મુમુક્ષુ :- જે ભાવ ઉત્પન્ન થાય છે...

ઉત્તર :- એ વિકલ્પ થયો એ રાગ આવ્યો. એની અહીં વાત નથી કરતા. છઠ્ઠે ગુણસ્થાને

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જે વિકલ્પ ઉઠે છે પંચ મહાવ્રતનો, અઠ્યાવશીસ મૂળગુણનો એ વિકલ્પ છે, પુણ્યબંધનું કારણ. એ નિર્જરા અને મુક્તિનું કારણ નથી. તેથી અહીંયા લીધું છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પછી સ્થિરતા વિશેષ થઈ, વિશેષ સ્થિરતા થઈ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ પ્રશ્ન અહીં નથી. અણુવ્રતધારી એ તો વિકલ્પ આવ્યો. એ ખરું વ્રત નહિ. અહીંયાં હજી જે ખૂબી છે એની વાત કરી જ નથી. કેમ કે એ બંધનું કારણ છે. અંદરમાં શુદ્ધ સ્વરૂપની દૃષ્ટિ અનુભવ થયો એ સમ્યગ્દર્શન, પછી શુદ્ધ સ્વરૂપમાં વિશેષ શાંતિ, સ્થિરતા થઈ એ વખતે પંચમ ગુણસ્થાન. એ વખતે અણુવ્રતનો વિકલ્પ આવે પણ એ મુક્તિનું કારણ નથી.

મુમુક્ષુ :- મુક્તિનું કારણ નથી.

ઉત્તર :- બસ! એ વાત છે. અહીં તો મુક્તિનું કારણ બતાવવું છે ને.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સમજે છે. એ વિકલ્પ આવે એ વાત અહીં કરી જ નથી. કેમ કે બંધનું કારણ આવે એની શું વાત કરવી?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ નિમિત્તનો અર્થ શું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ના. ના. એ નહિ. અહીંયાં તો એક જ વાત. નિમિત્ત ક્યારે થાય? નિમિત્તનો અર્થ એ પૃથક્ ચીજ છે.

અહીંયાં આત્મામાં.. જુઓ ભાષા કેવી લીધી છે! ઘણી સારી લીધી છે. ઓહોહો..! મુનિ હોય છે તો પણ પોતાનો અનુભવ સમ્યગ્દર્શનમાં કર્યો, પછી સ્વરૂપમાં ઘણી લીનતા થઈ ત્યારે ચારિત્ર થયું. એ ચારિત્ર નિર્વિકારી ચારિત્ર મુક્તિનું કારણ છે. વચ્ચે પંચ મહાવ્રત અને અઠ્યાવીશ મૂળગુણ આવે છે એ મુક્તિનું કારણ નથી. એ બંધનું કારણ છે. એ વાત અહીં લીધી જ નથી.

મુમુક્ષુ :- અભાવરૂપ...

ઉત્તર :- એના અભાવરૂપ પરિણમન કરે છે એ ધર્મનું કારણ છે. શુભભાવમાં એવો લાગી ગયો છે ને. મુનિને અઠ્યાવીશ મૂળગુણ આવે એ તો બંધનું કારણ છે. એ મુનિપણું છે જ નહિ એ. મુનિપણું તો સ્વરૂપમાં દૃષ્ટિ કરીને જેટલી આનંદની સ્થિરતા થઈ એ મુનિપણું છે.

મુમુક્ષુ :- ...

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઉત્તર :- એ બધા છે. એ વિકલ્પનું જ્ઞાન કરાવ્યું. પંચ અણુવ્રત ને..

મુમુક્ષુ :- શું એ આવશ્યક નથી?

ઉત્તર :- ના. ના. વિકલ્પનું જ્ઞાન કરાવ્યું. આવશ્યક છે જ નહિ. પણ આવે છે એનું જ્ઞાન કરાવ્યું. આવશ્યક શું છે? રાગની આવશ્યકતા છે? અહીંયાં તો અનુભવની આવશ્યકતા બતાવવી છે. રાગ આવે છે એ કહ્યું તત્ત્વાર્થ સૂત્રમાં કે મુનિને પંચ મહાવ્રતનો વિકલ્પ હોય છે. પણ કોને? જેને અનુભવ દૃષ્ટિમાં આવ્યો રાગરહિત હું ચિદાનંદ છું એવો અનુભવ થયો અને અંદરમાં આનંદની સ્થિરતા થઈ. અતીન્દ્રિય આનંદનો સ્વાદ ઘણો આવ્યો તો એનું નામ મુનિ. એમાં પંચ મહાવ્રતનો વિકલ્પ આવે છે પણ એની વાત અહીંયા લેતા જ નથી. કેમ કે અહીં મુક્તિનું કારણ બતાવવું છે. એ મુનિપણું આસ્રવભાવ છે. પંચ મહાવ્રત છે, અઠ્યાવીશ મૂળગુણ છે એ આસ્રવભાવ છે. એ આસ્રવભાવ મુનિપણું નથી. આહાહા..! ભારે ગડબડ થઈ ગઈ છે ને.

મુમુક્ષુ :- .. મુક્તિનું કારણ સમજે છે.

ઉત્તર :- બસ, ઈ જ સમજી લે છે. મુક્તિનું કારણ અહીં જુઓને!

'**જીવ શુદ્ધ જીવને અનુભવે છે તે જ નિશ્ચયથી કર્મોથી મુક્તિ થાય છે.**' વચ્ચે રાગ આવે છે એ બંધનું કારણને અહીંયા બતાવ્યું જ નથી. ભૂમિકા પ્રમાણે આત્માના આનંદનો અનુભવ થયો, પછી પંચમ ગુણસ્થાનમાં આત્માની શાંતિ ઘણી વધી ગઈ એનું નામ પંચમ ગુણસ્થાન છે. એ ભૂમિકામાં પંચ અણુવ્રત, બાર વ્રતનો વિકલ્પ આવે છે, પણ એ પુણ્યભાવ છે. એની એકત્વબુદ્ધિ છૂટી ગઈ છે. ઝીણી વાત છે. આ આખો ગોટો જ એમાં ઉઠ્યો છે ને કે અણુવ્રત આવે ને એ આવશ્યક છે. પેલો રાગ આવે એ આવશ્યક છે. રાગ આવે એ બીજી વાત છે પણ આવશ્યક નામ જરૂર છે (એમ નથી). બંધના કારણની અહીં જરૂર શું છે? આવે છે.

મુમુક્ષુ :- અહીંયાં તો શુદ્ધ પરિણતિની જ મહિમા છે.

ઉત્તર :- મહિમા છે. વાત તો અંતરમાં.. જુઓને..!

'**શરીરાદિ સાથે એકત્વબુદ્ધિ, તે મટતાં...**' આદિમાં શુભાશુભભાવ બેય આવી ગયા. જે જીવ જેટલો સ્વરૂપમાં અનુભવ કરે છે તે જીવ ખરેખર રાગદ્વેષાદિ કર્મથી મુક્ત થાય છે. એક જ વાત કરી છે અહીંયાં. પંચમ ગુણસ્થાનયોગ્ય, ચોથે ગુણસ્થાને અનુભવ થયો, સમ્યક્ અનુભવ ત્યારે પુણ્યભાવ તો થાય છે. દયા, દાન, ભક્તિભાવ હોય છે પણ એ ભાવ મુક્તિનું કારણ નથી.

મુમુક્ષુ :- મુક્તિનું કારણ નથી એ માન્યતા તો...

ઉત્તર :- એવી માન્યતા તો પહેલા થઈ ગઈ છે પછી ભાવ આવ્યો તેને જાણનાર રહ્યો.

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મુમુક્ષુ :- મારો પ્રશ્ન ઈ છે કે...

ઉત્તર :- ઈ તમારો પ્રશ્ન સમજાય છે બધો.

મુમુક્ષુ :- મોક્ષમાર્ગને જ્યારે પકડે છે...

ઉત્તર :- એ પકડે છે ત્યારે સ્થિરતા થાય એનું નામ મોક્ષમાર્ગ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ જ મોક્ષમાર્ગ.

મુમુક્ષુ :- એના પછી અણુવ્રત લે તો..

ઉત્તર :- પણ જુઓ પાછા વળી અણુવ્રત ક્યાં આવ્યો? સ્થિરતા ક્યાં અહીંયાં? એ તો વિકલ્પ રાગ છે.

મુમુક્ષુ :- રાગ તો છે પણ હોય તો છે.

ઉત્તર :- પણ જુઓ! પણ એ દોષ થાય છે કે અબંધ કારણ થાય?

મુમુક્ષુ :- મિથ્યાત્વભાવથી...

ઉત્તર :- મિથ્યાત્વભાવથી છૂટ્યો.

મુમુક્ષુ :- મિથ્યાત્વભાવથી કિંચિત્ છૂટવું

ઉત્તર :- કિંચિત્ નહિ. કિંચિત્ છૂટતો નથી. મિથ્યાત્વભાવથી સર્વથા છૂટે છે. ભાઈ! ઈ રાત્રે રાખો. તમારી વાતમાં ઘણો ફેર છે, ઘણો ફેર છે. પહેલા હજી આત્મામાં શુદ્ધ ચૈતન્ય દૃષ્ટિનો અનુભવ કરે ત્યારે સમ્યગ્દર્શન થાય છે. વ્રત-બ્રત તો સમ્યગ્દૃષ્ટિ વિના હોતા જ નથી ત્રણકાળમાં. હવે સમ્યગ્દર્શન થયું ત્યારબાદ સ્વરૂપમાં વિશેષ અનુભવ કરે છે તો પંચમ ગુણસ્થાનની શાંતિ આવી. એ ભૂમિકામાં બાર વ્રતનો વિકલ્પ આવે છે પણ એ તો બંધનું કારણ છે. માટે એ વાત અહીં લીધી નથી. આવે છે પણ એ તો બંધનું કારણ છે. પુણ્યબંધ છે, આસ્રવ છે. મુક્તિનું કારણ તો જેટલું દ્રવ્યસ્વભાવમાં એકત્વ શુદ્ધ થાય છે એ જ સંવર-નિર્જરા મુક્તિનું કારણ છે. આ તો આવશ્યક એટલે એને જરૂર છે. પણ આવે છે એને જરૂર છે શું?

મુમુક્ષુ :- અવિરતિ ગુણસ્થાન...

ઉત્તર :- અવિરતિ નહિ. શું સમજ્યા? અવિરતિ નથી કહ્યું. અવિરતિ ગુણસ્થાનમાં આવ્યા પછી સ્વરૂપમાં આનંદની સ્થિરતા થઈ ત્યારે પંચમ આવ્યું. અણુવ્રતના વિકલ્પથી પંચમ નથી આવ્યું. એ તો રાગ છે. નથી સમજતા. એ ચારિત્ર આવ્યું અંદરમાં. સ્થિરતા એ ચારિત્ર છે. અણુવ્રતનો વિકલ્પ એ ચારિત્ર નથી. ઈ પછી રાખો. ઘણો ફેર છે, ઘણો ફેર છે. દૃષ્ટિમાં ઘણો ફેર છે. અણુવ્રતનો વિકલ્પ અને પંચ મહાવ્રતનો વિકલ્પ એને જ મોક્ષનું કારણ માને છે એ જ મોટું મિથ્યાદૃષ્ટિપણું છે.

અહીં તો કહે છે કે અંતરમાં ત્રિકાળ પુણ્ય-પાપના રાગની એકત્વબુદ્ધિ છૂટે. હોય પુણ્ય-

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પાપ પણ એકત્વ છૂટે અને આત્માનો અનુભવ થાય ત્યારે સમ્યગ્દર્શન થાય છે. એક વાત. પછી પંચમ ગુણસ્થાન કઈ રીતે આવે છે? એ અણુવ્રતનો વિકલ્પ આવ્યો તો પંચમ ગુણસ્થાન આવ્યું એમ નથી. એ તો રાગ છે. અંતરમાં શુદ્ધ દ્રવ્યનો વિશેષ અનુભવ કર્યો, સ્થિરતા કરી તો બીજા કષાયનો નાશ કરીને શાંતિ ઉત્પન્ન થઈ. એ ભૂમિકામાં પંચમ ગુણસ્થાનયોગ્ય શાંતિ આવી એને મોક્ષમાર્ગ કહે છે. પણ વિકલ્પ જે આવ્યો એ મોક્ષમાર્ગ છે જ નહિ. સમજાણું કાંઈ? પછી મુનિ. એ પણ અંતરમાં અનુભવમાં અતીન્દ્રિય આનંદનો ખૂબ આનંદ આવ્યો, ચારિત્ર સ્થિર શાંતિ (થયા) એમાં ત્રણ કષાયનો નાશ થયો. એ ત્રણ કષાયનો નાશ થઈને આત્મામાં શાંતિ અનાકુળ આનંદ આવ્યો એ મુનિપણું છે. વચ્ચે પંચ મહાવ્રત, અઠ્યાવીશ મૂળગુણ આવે છે પણ એ બંધનું કારણ છે. ઝીણી વાત છે. નથી પકડાતી. કારણ કે આખી દૃષ્ટિ જ ફેર થઈ ગઈ છે. અત્યારે તો પાંચમું ગુણસ્થાન ક્યારે આવે? કે બાર અણુવ્રત લે તો. મુનિપણું ક્યારે આવે? કે પંચ મહાવ્રત લે તો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એમ કહે છે ને. બધાની દૃષ્ટિ છે ને. પણ એ તો આસ્રવ થયો. આસ્રવથી મુક્તિ થાય? આસ્રવથી ગુણસ્થાન (આવે)? સમજ્યા પછી રાત્રે લ્યો.

**'શરીરાદિ સાથે એકત્વબુદ્ધિ, તે મટતાં જે જીવ શુદ્ધ જીવને અનુભવે છે...'** અહીં તો એક સિદ્ધાંત જ લીધો. પહેલા સમ્યગ્દર્શનમાં પણ શુદ્ધ જીવના અનુભવમાં મિથ્યાત્વનો નાશ થયો. પછી પંચમ ગુણસ્થાનમાં પણ શુદ્ધનો અનુભવ વિશેષ થયો. શાંતિ, સ્થિરતા, એકાગ્રતા ઘણી વધી ગઈ. ઘણી થઈ એનું નામ પંચમ ગુણસ્થાન છે. એ ભૂમિકામાં પંચ અણુવ્રતનો વિકલ્પ આવે છે. બસ. આવે છે એ બંધનું કારણ. મુક્તિનું કારણ નથી. મુક્તિનું કારણ તો જેટલી સ્વરૂપમાં લીનતા થઈ એટલું મુક્તિનું કારણ છે. પોપટભાઈ! સમજાય છે? પછી મુનિ થયો તો મુનિ તો અર્થ શું? બાહ્ય દ્રવ્યલિંગ નગ્ન થઈ જાય એ કોઈ વસ્તુ નથી. અને અંદર અઠ્યાવીશ મૂળગુણનો વિકલ્પ આવે છે એ પુણ્યબંધનું કારણ છે. અંતરમાં સ્વરૂપમાં શાંતિ, ત્રણ કષાયનો અભાવ કરીને ઘણો આનંદ થયો, દ્રવ્યમાં ઘણો લીન થયો એનું નામ ભગવાન મુક્તિનું કારણ કહે છે. સમજાણું કાંઈ?

'તે જીવ...' અહીં તો ભાઈ બંધનો વિકલ્પ આવે એની વાત પણ યાદ નથી કરી. શું કામ છે પણ તારે? આવે છે દખલ કરવા. બંધનું કારણ આવે તો અબંધ (થાય), એ બંધનો આસ્રવ આવે તો આત્માની શાંતિ ગુણસ્થાન વધે? એ તો દોષ છે. ગુણસ્થાન વધે એમાં તો શાંતિ અંતર નિર્વિકલ્પતા શાંતિ વધે છે. અંતરમાં સ્થિરતા વધે છે અરાગી પરિણતિ, વીતરાગી પરિણતિ વધે છે ગુણસ્થાન વધતાં. વચ્ચે પંચ અણુવ્રત કે બાર વ્રત, પંચ મહાવ્રતનો વિકલ્પ આવે એ તો આસ્રવ છે. એ તો બાધક છે.

મુમુક્ષુ :- ..

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઉત્તર :- ગુણસ્થાનમાં એ અણુવ્રત આવે તો ગુણસ્થાન આવ્યું. મહાવ્રત આવે તો ગુણસ્થાન આવ્યું એમ માને છે. એ જ દૃષ્ટિમાં ફેર છે પહેલા. સમજાણું કાંઈ?

'કર્મોથી મુક્ત થાય છે.' લ્યો, બારમી ગાથા થઈ.

---

(વસન્તતિલકા)

आत्मानुभूतिरिति शुद्धनयात्मिका या
ज्ञानानुभूतिरियमेव किलेति बुद्धवा।
आत्मानमात्मनि निवेश्य सुनिष्प्रकम्प-
मेकोऽस्ति नित्यमवबोधघनः समन्तात्।।१३।।

ખંડાન્વય સહિત અર્થ :- ''आत्मा सुनिष्प्रकम्पम् एकः अस्ति'' (आत्मा) આત્મા અર્થાત્ ચેતનદ્રવ્ય (सुनिष्प्रकम्पम्) અશુદ્ધ પરિણમનથી રહિત (एकः) શુદ્ધ (अस्ति) થાય છે. કેવો છે આત્મા? ''नित्यं समन्तात् अवबोधधनः'' (नित्यम्) સદા કાળ (समन्तात्) સર્વાંગ (अवबोधघनः) જ્ઞાનગુણનો સમૂહ છે-જ્ઞાનપુંજ છે. શું કરીને આત્મા શુદ્ધ થાય છે? ''आत्मना आत्मनि निवेश्य'' (आत्मना) પોતાથી (आत्मनि) પોતામાં જ (निवेश्य) પ્રવિષ્ટ થઈને. ભાવાર્થ આમ છે કે આત્માનુભવ પરદ્રવ્યની સહાય રહિત છે તેથી પોતામાં જ પોતાથી આત્મા શુદ્ધ થાય છે. અહીં કોઈ પ્રશ્ન કરે છે કે આ અવસરે તો એમ કહ્યું કે આત્માનુભવ કરતાં આત્મા શુદ્ધ થાય છે અને ક્યાંક એમ કહ્યું છે કે જ્ઞાનગુણમાત્ર અનુભવ કરતાં આત્મા શુદ્ધ થાય છે, તો આમાં વિશેષતા શું છે? ઉત્તર આમ છે કે વિશેષતા તો કાંઈ પણ નથી. એ જ કહે છે—''या शुद्धनयात्मिका आत्मानुभूतिः इति किल इयम् एव ज्ञानानुभूतिः इति बुद्धा'' (या) જે (आत्मानुभूतिः) આત્મ-અનુભૂતિ અર્થાત્ આત્મદ્રવ્યનો પ્રત્યક્ષપણે આસ્વાદ છે. કેવી છે અનુભૂતિ? (शुद्धनयात्मिका) શુદ્ધનય અર્થાત્ શુદ્ધ વસ્તુ તે જ છે આત્મા અર્થાત્ સ્વભાવ જેનો એવી છે. ભાવાર્થ આમ છે કે નિરુપાધિપણે જીવદ્રવ્ય જેવું છે તેવો જ પ્રત્યક્ષપણે આસ્વાદ આવે એનું નામ શુદ્ધાત્માનુભવ છે. (किल) નિશ્ચયથી (इयम् एव ज्ञानानुभूतिः) આ જે આત્માનુભૂતિ કહી તે જ જ્ઞાનાનુભૂતિ છે. (इति बुद्धा) એટલીમાત્ર જાણીને. ભાવાર્થ આમ છે કે જીવવસ્તુનો જે પ્રત્યક્ષપણે આસ્વાદ, તેને નામથી આત્માનુભવ એમ કહેવાય અથવા જ્ઞાનાનુભવ એમ કહેવાય; નામભેદ છે, વસ્તુભેદ નથી. એમ જાણવું કે આત્માનુભવ મોક્ષમાર્ગ છે. આ પ્રસંગે બીજો પણ સંશય થાય છે કે, કોઈ જાણશે કે દ્વાદશાંગજ્ઞાન કોઈ અપૂર્વ લબ્ધિ છે. તેનું સમાધાન આમ છે કે

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


દ્વાદશાંગજ્ઞાન પણ વિકલ્પ છે. તેમાં પણ એમ કહ્યું છે કે શુદ્ધાત્માનુભૂતિ મોક્ષમાર્ગ છે. તેથી શુદ્ધાત્માનુભૂતિ થતાં શાસ્ત્ર ભણવાની કાંઈ અટક (બંધન) નથી. ૧૩.

## કલશ-૧૩ ઉપર પ્રવચન

૧૩-૧૩.

(વસન્તતિલકા)

आत्मानुभूतिरिति शुद्धनयात्मिका या
ज्ञानानुभूतिरियमेव किलेति बुद्ध्वा।
आत्मानमात्मनि निवेश्य सुनिष्प्रकम्प-
मेकोऽस्ति नित्यमवबोधघनः समन्तात्।।१३।।

ઓહોહો..! કળશ પણ એવો અને અર્થ કરનાર પણ રાજમલજીએ ખોલીને...

પહેલો અર્થ. '**आत्मानु सुनिष्प्रकम्प एकः अस्ति**' આત્માનો અર્થ ચેતનદ્રવ્ય. ચેતન પદાર્થ, જ્ઞાયકસ્વભાવ, જ્ઞાયકસ્વરૂપ ચિદાનંદ ભગવાન એને આત્મા કહે છે. પુણ્ય-પાપ વચ્ચે આવે એ આત્મા નહિ, એ તો આસ્રવ છે. આહાહા..! '**આત્મા અર્થાત્ ચેતન દ્રવ્ય...**' જાણન-દેખન સ્વભાવ એકલો, પુણ્ય-પાપના આસ્રવ વિકલ્પથી રહિત અને પરિપૂર્ણ જ્ઞાન આનંદથી ભરેલા એવા દ્રવ્યને આત્મદ્રવ્ય કહે છે, ચેતનદ્રવ્ય કહે છે. '**सुनिष्प्रकम्प**' '**અશુદ્ધ પરિણમનથી રહિત...**' જુઓ! પુણ્ય-પાપનો વિકલ્પ જે આસ્રવ છે એ અશુદ્ધ પરિણામ છે. એનાથી રહિત અંદરમાં જેટલી સ્થિરતા થાય છે એટલી શુદ્ધતા થાય છે. '**અશુદ્ધ પરિણમનથી રહિત...**' એ ચેતનદ્રવ્ય '**શુદ્ધ થાય છે.**' સમજાણું કાંઈ? '**आत्मानु सुनिष्प्रकम्प एकः अस्ति**' ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં શુદ્ધ ચેતન દ્રવ્ય પદાર્થ, અશુદ્ધ પરિણતિ જે પુણ્ય-પાપનો ભાવ છે એનાથી રહિત થઈને શુદ્ધ '**एकः अस्ति**' આત્મા એકરૂપ શુદ્ધ થાય છે એનું નામ આત્મા અને એનું નામ ધર્મ કહે છે. વચ્ચે શુભભાવ આવે છે જરૂર પણ આવે છે એ તો આસ્રવ છે.

મુમુક્ષુ :- આસ્રવની વાત ક્યાં છે?

ઉત્તર :- હા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- થઈ ગયો. તો એ આસ્રવ આવે એની હોંશ ન રહી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એની ના પાડે છે. આસ્રવ માને બસ! ખલાસ થઈ ગયું.

મુમુક્ષુ :- ...

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

ઉત્તર :- હોય છે એ તો કહ્યું. પણ હોય છે એમાં...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- તો ખલાસ થઈ ગયું. એમાં રાજીપો શું કરવો?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ જ ધર્મ છે.

મુમુક્ષુ :- એ તો રાગ છે.

ઉત્તર :- એ તો રાગ છે. ખલાસ થઈ ગયું. પછી ખલાસ થઈ ગયું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- **નહિ, નહિ** સમજતા નથી. પછી રાખો, પછી રાખો. તમારે ફેર છે, ઘણો ફેર છે. સમકિત બીજી વસ્તુ છે. સમકિત શું છે અને એનું સ્વરૂપ શું છે એ સમજવું પડશે. સમજવું પડશે. રાગ આવે એની હોંશ કરે છે કે આવશે જ. પણ આવે એનું કામ શું છે? આવે એ તો વિકાર છે. નાશ કરવા માટે આવ્યો છે એ તો. પોતાના સ્વરૂપની દૃષ્ટિ કરીને લીનતા કરવી એ ચારિત્ર અને શાંતિ ધર્મ છે. રાગ આવે એ તો આવે છે, એ તો બંધનું કારણ છે. વચ્ચે એનું કામ શું છે? જ્યાં અબંધ પરિણામની વ્યાખ્યા ચાલે ત્યાં બંધના પરિણામ મને આવે કે નહિ? એનો અર્થ શું? એ તો ખુશ થાય છે કે આવે છે અમને. સમજાણું કાંઈ?

અહીં તો અબંધ પરિણામની વ્યાખ્યા ચાલે છે. પોતાનો આત્મા ચેતનદ્રવ્ય સુનિષ્કંપમ અશુદ્ધ પરિણમનથી રહિત. અહીં તો એક જ વાત છે. પંચમ ગુણસ્થાનમાં વ્રતનો વિકલ્પ હોય તો એ ક્યાં શુદ્ધ પરિણમન છે. એ તો અશુદ્ધ પરિણમન છે. એનાથી રહિત શુદ્ધ થાય છે. જેટલો આત્મા પોતાની દૃષ્ટિ, પોતાનો અનુભવ કરીને સ્વરૂપમાં શુદ્ધ થાય છે એટલો આત્માને મોક્ષમાર્ગ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

**'કેવો છે આત્મા?' 'नित्यं समन्तात् अवबोधघनः'** નિત્ય નામ **'સદાકાળ...'** ત્રિકાળ એ તો **'સર્વાંગ...' 'समन्तात्'** નામ સર્વાંગ. **'જ્ઞાનગુણનો સમૂહ છે-જ્ઞાનપુંજ છે.'** એને આત્મા કહે છે. વચ્ચે શુભ રાગાદિ આવે એ આત્મા નથી. એ આસ્રવ છે. અહીં તો આત્માની દૃષ્ટિ અને આત્માનું ધ્યાન અને એની સ્થિરતાની વાત ચાલે છે. સમજાણું કાંઈ? **'જ્ઞાન સર્વાંગ...'** દેખો! એ તો સર્વાંગ અસંખ્ય પ્રદેશમાં આખા અંતરમાં, બાહ્યમાં આખો એકલો જ્ઞાનનો, ચૈતન્યનો પુંજ છે એને આત્મા કહે છે.

**'શું કરીને આત્મા શુદ્ધ થાય છે?'** દેખો! શું કરવાથી શુદ્ધ થાય? કે **'आत्माना आत्मनि निवेश्य' 'આત્મા પોતાથી પોતામાં જ પ્રવિષ્ટ થઈને.'** પોતાનો શુદ્ધ ચૈતન્ય પદાર્થ પોતાની શુદ્ધ પરિણતિ દ્વારા પ્રવેશ કરે છે તો શુદ્ધ થાય છે. સમજાણું કાંઈ? આ વાત તો ઝીલવી કઠણ છે હજી. લોકોની દૃષ્ટિ બાહ્ય છે ને. **'आत्माना आत्मनि निवेश्य'**

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


નિવેશ એટલે સ્થાપન. પુણ્યમાં સ્થાપન એમ નહિ. **'आत्माना'** આત્મા પોતાનો નિજ શુદ્ધ શું નિજ કહ્યું? જ્ઞાનગુણનો પુંજ એ આત્મા. એ **'आत्मनि'** પોતામાં જ. પોતામાં શુદ્ધ પરિણતિમાં જ પ્રવિષ્ટ થઈને-એકાકાર થઈને આત્મા શુદ્ધ થાય છે. કહો, સમજાણું કાંઈ? ચોથે ગુણસ્થાને પણ જેટલી શુદ્ધતા પ્રગટ થઈ, પંચમમાં પણ જેટલી અંતરમાં શુદ્ધતા પ્રગટ થઈ, છઠ્ઠામાં પણ જેટલી નિર્વિકારી શુદ્ધતા પ્રગટ થઈ તેનાથી એ મુક્ત થાય છે. સમજાણું કાંઈ? શેઠી!

મુમુક્ષુ :- અહીંયા ભાવશુદ્ધતા...

ઉત્તર :- બસ! એ ગુણસ્થાન વધે છે. અહીં વિકલ્પના વધવાથી ગુણસ્થાન છે એમ છે નહિ. એ તો નિમિત્તનું કથન છે. કહો, સમજાણું કાંઈ?

**'आत्मानमात्मनि निवेश्य'** મૂળ પાઠ છે. **'आत्मानमात्मनि निवेश्य'** ત્રીજું પદ છે. આત્મા કોને કહ્યો? કે **'સર્વાંગ જ્ઞાનગુણનો સમૂહ છે—'** એમાં વિકલ્પ પુણ્ય-પાપાદિ છે નહિ આત્મામાં. એવો જે જ્ઞાનપુંજ આત્મા એ પોતાથી, પોતામાં જ પોતાની શુદ્ધ શ્રદ્ધા-જ્ઞાન પરિણતિમાં ઠરે છે પ્રવિષ્ટ થઈને. અંતર દ્રવ્ય સ્વભાવ પૂર્ણાનંદ સર્વાંગ જ્ઞાનમૂર્તિ એમાં ઠરે છે. પ્રવિષ્ટ થાય છે. કહો, જયંતિભાઈ! ઓલા કહે પ્રવેશ ન કરવો, પ્રવેશ-બ્રવેશ નહિ. ઓલા કહે છે ભાઈ રજનીશ. કાંઈ વસ્તુની ખબર ન મળે. પ્રવેશનો અર્થ...

મુમુક્ષુ :- .. જુદા થઈ જાય.

ઉત્તર :- હા, એમ.

અહીં તો આત્મા શુદ્ધ જ્ઞાનઘનની દૃષ્ટિ કરવાથી પોતાના નિર્મળ શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર નિર્મળ થયા એ નિર્મળથી પોતામાં સ્થિર થાય છે. પુણ્ય-પાપનો વિકલ્પ આવ્યો તેનાથી સ્થિર થતો નથી. આહાહા..! ભાઈ! વસ્તુની હજી મૂળમાં ભૂલ. આ ટીકા જ એવી કરી છે કે સત્યનો નિશ્ચય, સત્‌પણું શુદ્ધ શું છે? બસ ઈ (બતાવે છે).

**'પોતાથી પોતામાં જ...'** પોતામાં જ એનો અર્થ શું? શું દયા, દાનના વિકલ્પ એ પોતા સ્વરૂપ છે? એ તો આસ્રવતત્ત્વ છે. **'પોતાથી પોતામાં જ નિવેશ્ય...'** અંતરમાં એકાકાર સ્થાપન કરવું, નિર્મળાનંદ શાંતિથી સ્વરૂપમાં ઠરવું એ જ આત્માની શુદ્ધતાનું કારણ છે. કઈ રીતે શુદ્ધ થાય છે? એમ લખ્યું ને? કઈ રીતે આત્મા શુદ્ધ થાય છે? વિકલ્પ કરીને શુદ્ધ થાય છે? કહો, સમજાય છે કાંઈ? શું કરી આત્મા શુદ્ધ થાય છે? તો ભગવાન આચાર્ય કહે છે, **'आत्मानमात्मनि निवेश्य'**. પોતાનો ભગવાન શુદ્ધ આત્મા પુણ્ય-પાપથી રહિત એ જ પોતામાં, પોતાના નિર્મળ સ્વભાવમાં જ પ્રવિષ્ટ થઈને-સ્થિર થઈને આત્મા શુદ્ધ થાય છે. વચ્ચે વિકલ્પ આવે ગુણસ્થાન પ્રમાણે પણ એ શુદ્ધતાનું કારણ નથી. ખલાસ થઈ ગયું. અહીં શુદ્ધની વાત ચાલે છે. સમજાણું કાંઈ? કેટલો સરસ અર્થ કર્યો છે જુઓ! પાઠમાં પણ એમ છે ને. જુઓ!

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


'**आत्मानमात्मनि निवेश्य**' બસ! એ તો મૂળ પાઠ છે. આચાર્ય મહારાજ અમૃતચંદ્રાચાર્યદેવ કુંદકુંદાચાર્યની ટીકા કરનાર કહે છે કે ભગવાન! તમે તો શુદ્ધ ચિદાનંદ છો એવી અનુભવ દૃષ્ટિ કરવી એ સમ્યક્ છે. પછી પણ શુદ્ધ સ્વભાવમાં સ્થિરતા કરવી, એ દ્રવ્યસ્વભાવમાં સ્થિરતા કરવી એ શુદ્ધતા છે. એ આત્માની પરિણતિ સંવર-નિર્જરાની શુદ્ધ એને આત્મા કહે છે. પોતાની સંવર-નિર્જરાની શુદ્ધતાથી આત્મામાં ઠરે છે. તેનાથી આત્મા શુદ્ધ થાય છે. સમજાણું કાંઈ? કહો, ભગવાનભાઈ! લ્યો, આમાં કેટલા વ્રત કરવાથી શુદ્ધ થવાય એ તો આવ્યું જ નહિ આમાં. આહાહા..! આવે એ તો વિકલ્પ આવ્યો. એ કોઈ શુદ્ધતાનું કારણ નથી. મુનિને પણ અઠ્યાવીશ મૂળગુણ આવે છે પણ એ તો આસ્રવ છે, અશુદ્ધ છે. એ કાંઈ શુદ્ધતાનું કારણ નથી. શુદ્ધતા પરમાનંદ શક્તિ પોતાનું નિજ સ્વરૂપ એમાં એકાકાર થવું, નિર્મળ શ્રદ્ધા-જ્ઞાન અને શાંતિ, નિર્વિકારી પરિણતિ દ્વારા એનું નામ શુદ્ધ થવાનો ઉપાય છે. કહો, શેઠી! પહેલું સાંભળે એને કઠણ પડે એવું છે. જુઓ ભાવાર્થ.

'**ભાવાર્થ આમ છે કે આત્માનુભવ પરદ્રવ્યની સહાય રહિત છે...**' લ્યો! જેટલો આત્મા પહેલા સમ્યગ્દર્શનમાં અનુભવમાં આવ્યો, પછી પણ પંચમ ગુણસ્થાનમાં પણ સ્થિરતામાં અનુભવમાં આવ્યો, મુનિને ચારિત્રની સ્થિરતામાં અનુભવમાં આવ્યો એમાં પરદ્રવ્યની સહાયતા છે જ નહિ. પરદ્રવ્ય શબ્દે શુભરાગ અને નિમિત્ત કર્મ આદિ. એની કોઈ સહાયતા એમાં નથી. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- એમાં બધું આવી જાય. સાર છે.

ઉત્તર :- સાર છે.

મુમુક્ષુ :- પરદ્રવ્યની સહાયતા રહિત?

ઉત્તર :- રહિત. એ પુણ્ય-પાપના ભાવ પણ પરદ્રવ્ય છે, વિકલ્પ છે, આસ્રવતત્ત્વ છે. એ આત્મતત્ત્વ નથી. અને શરીરાદિ પરદ્રવ્ય છે, અજીવતત્ત્વ છે. એ પરદ્રવ્યની સહાયતાથી રહિત સ્વદ્રવ્યની સહાયતાથી સ્થિર થાય છે. એ શુદ્ધ થવાનો ઉપાય છે. પોતાથી છે ને. રાગથી છે? પુણ્યથી છે? જરી ઝીણી વાત છે, ભાઈ! એ ચાલતી નથી ને એટલે જરી કઠણ પડે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઈ વાત છે.

'**ભાવાર્થ આમ છે કે આત્માનુભવ...**' સમ્યગ્દર્શનમાં થાય કે પાંચમામાં થાય, છઠ્ઠામાં હોય કે સાતમામાં થાય, આત્માનો પ્રત્યેક અનુભવ '**પરદ્રવ્યની સહાય રહિત છે...**' ભાઈ! આ તો છઠ્ઠા-સાતમાના બધાના અનુભવની વાત છે. આહાહા..! ચોથા ગુણસ્થાનથી માંડીને પંચમમાં, છઠ્ઠામાં જેટલો સ્વરૂપ તરફ શુદ્ધતાની પરિણતિ દ્વારા સ્થિર થાય એનાથી આગળ વધીને શુદ્ધ થાય છે. બસ! બીજો કોઈ ઉપાય નથી. આહાહા..!

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો શુદ્ધતાથી. પરદ્રવ્ય શબ્દે પુણ્ય-પાપના પરિણામ એ પર છે, વિકલ્પ છે, આસ્રવ પરવસ્તુ છે અને શરીરાદિ તો પરવસ્તુ છે જ. આત્માનો અનુભવ ચોથે ગુણસ્થાને હોય કે પાચમામાં હોય કે છઠ્ઠે-સાતમે હોય કે આઠમે, નવમે, દસમે, અગિયારમે હોય, એ પરદ્રવ્યની સહાયતાથી રહિત છે. આહાહા..! સમજાણું કાંઈ? ભગવાન આત્મા એક સમયમાં કારણપ્રભુ પૂર્ણ શુદ્ધ કારણદ્રવ્ય એ પોતાના કારણથી જ અંદર શુદ્ધ પરિણતિ પ્રગટ કરીને પરદ્રવ્યથી સહાયતાથી રહિત આત્મા શુદ્ધ થાય છે. ઓહોહો..! વ્યવહારથી સહાયતાથી શુદ્ધ થાય છે એવો નકાર છે. ભાઈ! ગર્ભમાં એમ વાત છે. આવે છે વ્યવહાર વચ્ચે. સહાયતા નથી. વાત એ છે. ચોથા ગુણસ્થાનયોગ્ય વ્યવહાર શુભ વિકલ્પ આવે છે, પાંચમા ગુણસ્થાનયોગ્ય શુભ વિકલ્પ આવે છે, છઠ્ઠા ગુણસ્થાનયોગ્ય શુભ વિકલ્પ આવે છે પણ એ તો પરદ્રવ્ય આસ્રવ થયો. એની સહાયતા રહિત અંતરમાં એકાકાર થાય એટલું શુદ્ધતાનું કારણ છે. સમજાણું કાંઈ?

'**ભાવાર્થ આમ છે કે આત્માનુભવ...**' ચોથેથી માંડીને છેક બારમા સુધી આત્મા અંતર જ્ઞાયક ચિદાનંદ સ્વરૂપ એના અંતર અનુભવ નામ એની અનુસાર થવું, શાંત શ્રદ્ધાનું થવું, જ્ઞાનનું થવું, ચારિત્રનું થવું, અરાગી પરિણતિ સર્વ વીતરાગી પરિણતિનું (થવું એ) આત્માનુભવમાં પરદ્રવ્યની સહાયતા નથી. શુભ અને વ્યવહાર વિકલ્પ આવે એની સહાયતા આત્માના અનુભવની વૃદ્ધિ થવામાં નથી. સમજાણું કાંઈ? '**તેથી પોતામાં જ પોતાથી આત્મા શુદ્ધ થાય છે.**' ભાષા તો જુઓને કેટલી સ્પષ્ટ કરી છે! ઓહોહો..! '**તેથી પોતામાં જ...**' આત્મા પોતામાં એની તો પહેલી વ્યાખ્યા કરી. '**नित्यं समन्तातत् अवबोधघनः**' સદાકાળ સર્વાંગ જ્ઞાનગુણનો પૂંજ પ્રભુ છે. એ જ્ઞાનગુણની પર્યાયમાં પ્રગટ શુદ્ધ થાય છે. કેમ? કે પોતામાં જ પોતાથી જ. વ્યવહારથી નહિ, વિકલ્પથી નહિ. આત્મા શુદ્ધ થાય છે. છે. ઓહોહો..! સ્વસહાયં. શુદ્ધ ચૈતન્યની દૃષ્ટિ, ચૈતન્યની શાંતિ ચારિત્ર એ પોતાની પર્યાય શુદ્ધ. એ શુદ્ધની સહાયતાથી જ શુદ્ધ થાય છે. પરની સહાયતાથી શુદ્ધ થતો નથી. ઓહોહો..!

મુમુક્ષુ :- રાગ તો પરદ્રવ્ય છે.

ઉત્તર :- રાગ તો પરદ્રવ્ય છે. સમજાણું કાંઈ? થાય છે એનું તો જ્ઞાન કરાવ્યું કે છે. પણ એની સહાયતાથી આગળ વધે છે એમ નથી. વાત કોઈ અલૌકિક વાત છે. અંતર સહજાનંદ શુદ્ધ ચૈતન્યમૂર્તિ અનંત શક્તિનો ભંડાર એના અવલંબનમાં નિર્મળ પરિણતિ જે થઈ એ જ પરિણતિથી અંદરમાં અનુભવ કરતા કરતા આગળ વધી જાય છે. સમજાણું કાંઈ? '**પોતામાં જ...**' પોતામાં જ. પાછો ઓલો કોઈ વ્યવહાર લે એમ નહિ. પોતાથી. પોતાથી નામ શુદ્ધ પરિણતિથી આત્મા શુદ્ધ થાય છે. કહો, સમજાય છે કાંઈ?

'**અહીં કોઈ પ્રશ્ન કરે છે...**' પોતે ને પોતે પ્રશ્ન ઉઠાવ્યો છે. '**આ અવસરે તો**


Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**એમ કહ્યું કે આત્માનુભવ કરતાં આત્મા શુદ્ધ થાય છે...'** હવે એક વાત લે છે. શું કહે છે? ભગવંત! આપે તો એમ કહ્યું કે આત્માનો અનુભવ, પુણ્ય-પાપનો અનુભવ નહિ, પરનો નહિ, પોતાના શુદ્ધ સ્વભાવની સ્થિરતાનો અનુભવ કરતાં કરતાં શુદ્ધ થાય છે. તો એમ કહ્યું કે **'આત્માનુભવ કરતાં આત્મા શુદ્ધ થાય છે...'** ઉપર એમ કહ્યું કે જ્ઞાનગુણમાત્ર અનુભવ કરતાં આત્મા શુદ્ધ થાય છે. બીજે ઠેકાણે કહ્યું કે જ્ઞાનસ્વભાવનો અનુભવ કરવાથી આત્મા મુક્ત થાય છે. અહીંયા આત્માનો અનુભવ કરવાથી મુક્ત થાય છે એમ કહ્યું. શુદ્ધ થાય છે. બીજે ઠેકાણે એ જ્ઞાનસ્વરૂપ ચિદાનંદ સ્વભાવ એનો અનુભવ કરવાથી શુદ્ધ થાય છે. **'તો આમાં વિશેષતા શું છે?'** શું પ્રશ્ન છે?

એક સ્થાનમાં આ તો આત્મા પવિત્ર શુદ્ધ જ્ઞાનઘન પુણ્ય-પાપના વિકલ્પથી રહિત એનો જ અનુભવ કરતાં કરતાં આત્મા શુદ્ધ થાય છે. બીજે ઠેકાણે એમ કહ્યું કે આત્માનો જ્ઞાનસ્વભાવ જે ગુણ છે એ જ્ઞાનનો અનુભવ કરવાથી શુદ્ધ થાય છે. એક બાજુ આત્માનો અનુભવ અને બીજી બાજુ ગુણનો-સ્વભાવનો અનુભવ. એમ બે વાત આવે છે ને? ત્રીજી વાત નથી લીધી ભાઈ આમાં. ખૂબી એક પાછી ઈ છે. આહાહા..! ભારે પણ. જ્ઞાનની અનુભૂતિ છે ને. આ ૧૫મી ગાથાનો ઉપોદ્ઘાત છે. પ્રશ્ન આ થયો કે ભગવાન! આપ તો આત્મા જ્ઞાનસ્વરૂપ શુદ્ધ ચૈતન્ય પુણ્ય-પાપનો રાગ આસ્રવરહિત એનો અનુભવ કરતાં શુદ્ધ થાય છે. કોઈ સ્થાનમાં તો જ્ઞાનનો અનુભવ કરવો, જ્ઞાનસ્વભાવનો અનુભવ કરવો, જ્ઞાનનો અનુભવ કરવાથી શુદ્ધ થાય છે (એમ આવે છે). તો બેમાં વિશેષતા શું? એ પ્રશ્ન છે. ઉત્તરમાં એમ કહેશે કે બેય એક જ વાત છે. આત્માનો અનુભવ કહો કે જ્ઞાનગુણનો અનુભવ કહો. સ્વભાવનો અનુભવ કહ્યો તે દ્રવ્યનો અનુભવ કહ્યો. વાત એક જ છે. વાતમાં ફેર નથી. એ વાત કરશે.

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)




Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


વીર સંવત–૨૪૯૧, ફાગણ વદ ૭, બુધવાર,
તા. ૨૪–૩–૧૯૬૫, કલશ–૧૩–૧૪
પ્રવચન નં. ૧૮

આ સમયસાર કળશટીકા ચાલે છે. એનો ૧૩મો શ્લોક ચાલે છે. ૧૩મો કળશ. અમૃતચંદ્રાચાર્ય મહારાજ કુંદકુંદાચાર્ય પછી થયા એમણે આ ટીકા કરી અને ટીકાકારે આ કળશો રચ્યા. સાર સાર ગર્ભિત ભાવ ભરીને. એની આ રાજમલ સાડા ત્રણસો વર્ષ પહેલા લગભગ થયા એમણે આ હિન્દીમાં ટીકા બનાવી. બહુ સરસ. સમયસાર નાટકના મર્મી. એટલે કે આત્માના મર્મી એમણે આ ટીકા બનાવી. જુઓ! અહીં હાથ આવ્યું છે. ભાવાર્થ એ બાજુથી લ્યો. ૧૫ પાનું છે ને.

'**ભાવાર્થ આમ છે કે આત્માનુભવ પરદ્રવ્યની સહાય રહિત છે...**' શું કહે છે? આ આત્મા શુદ્ધ ચૈતન્ય દ્રવ્ય સ્વભાવ વસ્તુ એનો અંતરમાં અનુભવ કરવો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર દ્વારા એ પરદ્રવ્યની સહાયતાથી રહિત અનુભવ છે. સમજાણું કાંઈ? એટલે શું? કે આ આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં જ્ઞાન, આનંદ આદિ શુદ્ધ અનંત ગુણનો પિંડ આત્મા છે. એ પુણ્ય-પાપના વિકલ્પના રાગરહિત છે. એવા આત્માના સ્વભાવનો અંતર દૃષ્ટિ કરીને, એને અનુસરીને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર દ્વારા અનુભવ કરવો એ જ એક મોક્ષનો માર્ગ છે. એ '**પરદ્રવ્યની સહાય રહિત છે...**' એમાં વ્યવહાર વિકલ્પ દયા, દાન આદિ જે આવે એની સહાયતાથી રહિત અનુભવ થાય તે મોક્ષનો માર્ગ છે. કહો, પોપટભાઈ!

મુમુક્ષુ :- .. વાત જ નથી.

ઉત્તર :- પરવસ્તુ હો એને ઘરે. શુભભાવ હો એના સ્થાનમાં.

આત્માના મોક્ષમાર્ગને માટે ભગવાન સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ પરમાત્માએ જોયું અને એમ કહ્યું અને એમ છે કે આ આત્મા શુદ્ધ અનંત ગુણનો રાશિ પિંડ પ્રભુ, એની અંતર્મુખ થઈને એની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતારૂપ અનુભવ કરવો એ એક જ મોક્ષનો માર્ગ છે. એ પરદ્રવ્યની સહાયતાથી રહિત છે. એમાં કર્મ ને સંઘયણ ને શરીરની સહાયતા તો નથી પણ એમાં દયા, દાન, રાગની મંદતાનો ભાવ થાય, વ્યવહારરત્નત્રય જેને કહે, એની સહાયતાથી રહિત આત્માનો અનુભવ તે જ મોક્ષનો માર્ગ છે. કહો, સમજાણું કાંઈ?

'**તેથી પોતામાં જ...**' આત્મા શુદ્ધ ચૈતન્યસ્વભાવમાં પોતાથી પોતાની નિર્મળ, નિર્વિકારી અરાગી પર્યાય દ્વારા '**આત્મા શુદ્ધ થાય છે.**' આત્મા એ શુદ્ધ પર્યાયના પરિણમન દ્વારા પૂર્ણ શુદ્ધ થાય છે. એને વચ્ચે વિકલ્પ જે વ્યવહારનો આવે-અશુદ્ધ પરિણતિ-એ બંધનું કારણ છે. એનાથી તે શુદ્ધપણાને પ્રાપ્ત થતો નથી. કહો, સમજાણું કાંઈ આમાં? ત્યાં સુધી

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


તો આવી ગયું હતું.

'**અહીં કોઈ પ્રશ્ન કરે છે...**' હવે અહીં પ્રશ્નમાં ખુબી છે એટલે આગળ ગયું નથી. '**અહીં કોઈ પ્રશ્ન કરે છે કે આ અવસરે તો એમ કહ્યું કે આત્માનુભવ કરતાં આત્મા શુદ્ધ થાય છે...**' જુઓ! અહીંયાં વ્યવહારના વિકલ્પથી શુદ્ધ થાય છે એ વાત તો કાઢી નાખી. હવે એમાં ને એમાં બે ભેદ છે એ વાત કરે છે. જરી વાત એવી છે કે મોક્ષનો માર્ગ એણે અનંત કાળમાં કેવો હોય એ યથાર્થપણે સાંભળ્યો નથી. સમજાણું કાંઈ? એ તો આ દેહની ને વાણીની ક્રિયા અને અંદર બહુ તો દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ (થાય) એ ધર્મ અને મોક્ષમાર્ગ એમ અજ્ઞાનીએ અનાદિથી માનીને ચાર ગતિમાં રખડી રહ્યો છે. અહીંયાં પ્રશ્ન એવો થાય છે કે.. પ્રશ્ન ઓલો નથી થતો.

મુમુક્ષુ :- વ્યવહારનો નહિ.

ઉત્તર :- એવો નહિ. એ વાત. સમજાણું? માંડી હતીને ઓલાએ જરી અશુદ્ધિ? સાંભળને ભાઈ હવે. ધૂળનોય લાભ નથી. મિથ્યાત્વનો લાભ થયો છે. એને ખબર ક્યાં છે?

ચૈતન્ય વસ્તુ વિશ્રામ ઠામ લેવાનું ધામ આત્મા છે. શુદ્ધ આનંદકંદ જ્ઞાયકમૂર્તિ, જેમાં દૃષ્ટિ આપવાથી આત્માને શાંતિ મળે, સમ્યક્ થાય, આનંદનો અનુભવ થાય એવો આત્મસ્વભાવ, એનો અનુભવ તે જ મોક્ષનો માર્ગ. એને પુણ્ય-પાપના, પુણ્ય આદિનો વ્યવહાર વિકલ્પ જે છે એની બિલકુલ સહાય નથી અને બીજો પણ મોક્ષમાર્ગ છે એમ નથી. સમજાણું કાંઈ? એક તો આત્માનુભવ મોક્ષમાર્ગ અને બીજો વિકલ્પ ઉઠે છે વ્યવહાર દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, નવ તત્ત્વના ભેદરૂપી વિકલ્પનો ભાવ, પંચ મહાવ્રતનો ભાવ એ પણ મોક્ષમાર્ગ છે એમ નથી.

મુમુક્ષુ :- એ વિશેષ...

ઉત્તર :- એ તો વાતેય લીધી નથી. અહીં તો એણે અંદરના ને અંદરના બે ભેદ પાડ્યા હવે. અહીં તો ઈ કહેવું છે. સમજાણું કાંઈ?

જ્ઞાનાનંદ પ્રભુ અનંત શાંતરસ અને આનંદનું મૂર્ત સ્વરૂપ છે આત્મા. પુણ્ય-પાપના વિકલ્પ ઉઠે એ તો વિકાર બંધ છે. શરીર, કર્મ તો જડ અને અજીવ છે. એ આત્માને અંતર સ્વભાવની દૃષ્ટિમાં જ્ઞાન અને શાંતિનું વેદન અંતર સ્વરૂપને અનુસરીને કરવું એના પ્રકારના બે ભેદ એણે પાડ્યા શિષ્યે. કે વ્યવહારનો વિકલ્પ પણ મોક્ષનો માર્ગ છે એમ ન પૂછ્યું. શેઠી!

એવો પ્રશ્ન કર્યો કે '**આત્માનુભવ કરતાં આત્મા શુદ્ધ થાય છે...**' અંતર પવિત્રનો આત્મા, એની અંતર્મુખની શુદ્ધતાની પર્યાય દ્વારા, અનુભવ દ્વારા, આત્માના અંતર અનુસરવા દ્વારા એ મુક્તિને અથવા શુદ્ધપણાને પામે છે. જુઓ! પહેલેથી લીધું છે હોં! ચોથેથી તે ઠેઠ. કે શુદ્ધતાના અંતરના અનુભવ દ્વારા શુદ્ધતાને પામે છે. આહાહા..! ભારે.

'**અને ક્યાંક એમ કહ્યું છે કે જ્ઞાનગુણમાત્ર અનુભવ કરતાં આત્મા શુદ્ધ થાય**

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે,...' એમાંથી બે ભેદ પાડ્યા. સમજાય છે કાંઈ? આ આત્માનો અનુભવ એમ આત્મપદાર્થનો અનુભવ આપે કહ્યો. પણ ક્યાંક તો એવું કહ્યું છે કે આત્મા એનો જે જ્ઞાનસ્વભાવ છે ને જાણવું... જાણવું... જાણવું... એ જ્ઞાનસ્વભાવનો અનુભવ તે શુદ્ધતાનું કારણ છે એમ ક્યાંક કહ્યું છે. સમજાણું કાંઈ? **'અને ક્યાંક એમ કહ્યું છે કે...'** આત્મા જ્ઞાન ચૈતન્ય સૂર્ય સ્વભાવ એ જ્ઞાનગુણ સ્વભાવ. ઓલું દ્રવ્ય લીધું હતું આ સ્વભાવ (લીધો), જ્ઞાનગુણ સ્વભાવ. એ જ્ઞાનગુણ સ્વભાવમાત્ર. સ્વભાવમાત્ર એટલે? કે પુણ્યનો, વ્યવહારનો, દયા, દાનનો વિકલ્પ એ નહિ. એ જ્ઞાનગુણનો **'અનુભવ કરતાં આત્મા શુદ્ધ થાય છે, તો એમાં વિશેષતા શું છે?'** તો બેમાં ફેર શું છે? એમ શિષ્યનો પ્રશ્ન છે.

**'ઉત્તર આમ છે કે વિશેષતા તો કાંઈ પણ નથી.'** સમજાણું કાંઈ? ભગવાન આત્મા સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ પરમેશ્વર તીર્થંકરદેવ, એણે જે આત્મા જોયો એ શુદ્ધ ચિદાનંદ આત્મા છે. પુણ્ય-પાપનો રાગ ઉઠે છે તે વિકાર છે. શરીર, કર્મ તે માટી અને જડ છે. એ ભગવાન પરમાત્માના જ્ઞાને જોયેલો શુદ્ધ આત્મા એનો જે અંતર અનુભવ, દૃષ્ટિ, જ્ઞાન અને લીનતા કરે એને આત્માની શુદ્ધતા પ્રાપ્ત થાય એટલે મોક્ષ થાય. ત્યારે ક્યાંક એમ કહ્યું છે કે એ આત્માનો જે જ્ઞાનસ્વભાવ છે ને જ્ઞાનગુણ, જ્ઞાનમાત્ર જોયું! જ્ઞાનગુણમાત્ર. માત્ર કહેવામાં વજન છે શિષ્યનું પણ. કે પુણ્યનો, વ્યવહારનો જે વિકલ્પ આવે એ નહિ. એકલો જ્ઞાન ચૈતન્ય સૂર્ય પ્રકાશમય મૂર્તિ આત્મા છે એ ચૈતન્યમાત્રના જ્ઞાનગુણનો અનુભવ કરતાં એ જ્ઞાનની અનુભૂતિ-અનુભવ કરવાથી આત્મા શુદ્ધ થાય છે એટલે કે શુદ્ધથી શુદ્ધતા થાય છે. જ્ઞાનગુણની શુદ્ધતાથી શુદ્ધતા થાય છે. ક્યાંક આત્માના અનુભવથી શુદ્ધતાથી શુદ્ધતા થાય છે. એમ બે (વાત) કેમ (આવે છે)?

**'વિશેષતા તો કાંઈ પણ નથી. એ જ કહે છે.'** એ કહેવામાં આવે છે. **'या शुद्धनयात्मिका आत्मानु भूतिः इति किल इयम् एव ज्ञानानुभूतिः इति बुद्ध्वा' 'જે આત્મ-અનુભૂતિ અર્થાત્ આત્મદ્રવ્યનો પ્રત્યક્ષપણે આસ્વાદ છે.'** જુઓ! ભગવાન આત્મા આમ જ્ઞાન અને આનંદ અતીન્દ્રિય આનંદનું રૂપ છે. એ ચૈતન્યપ્રભુ વસ્તુ તરીકે જ્ઞાન અને આનંદ આદિની મૂર્તિ ચૈતન્યવસ્તુ છે. એવું જે આત્મદ્રવ્ય, દ્રવ્ય એટલે વસ્તુ એનો પ્રત્યક્ષરૂપથી આસ્વાદ છે. એનો રાગના મનના સંબંધ વિના આત્માની સાક્ષાત્ અનુભવદશા એમાં આનંદનું સાક્ષાત્ વેદન થાય એ આત્મદ્રવ્યનો અનુભવ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

**'કેવી છે અનુભૂતિ? શુદ્ધનય અર્થાત્ શુદ્ધ વસ્તુ તે જ છે આત્મા...'** સમજાણું? એ શુદ્ધ, શુદ્ધનય અર્થાત્ શુદ્ધ ચૈતન્યદ્રવ્ય સ્વભાવ એને અહીંયાં શુદ્ધનય કહેવામાં આવે છે. એ **'શુદ્ધ વસ્તુ તે જ છે આત્મા...'** એને આત્મા કહીએ. **'અર્થાત્ શુદ્ધ વસ્તુ તે જ છે આત્મા અર્થાત્ સ્વભાવ જેનો એવી છે.'** એવી અનુભૂતિ છે. એમ. એ

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ચીજની એવી અનુભૂતિ. આનંદના સ્વાદનો અતીન્દ્રિય આનંદનો અંદર સ્વાદ આવવો. કહો, સમજાણું આમાં? જયંતિભાઈ! આ વાતું મોંઘ્યું છે. સાંભળવા મળે નહિ એમાં કરે કે દી? વીતરાગ શું કહે છે અને ત્રિલોકનાથ પરમેશ્વર, જૈન પરમેશ્વર જેને ત્રણ કાળનું જ્ઞાન ભગવાનને એ અનંત તીર્થંકરો કહી ગયા, ભગવાન મહાવિદેહ ક્ષેત્રમાં બિરાજમાન છે. સીમંધર ભગવાન આદિ. એ બધા એક પ્રકારે આ આત્માનો અનુભવ તે મુક્તિમાર્ગ છે એમ કહે છે. પોપટભાઈ! આ પૈસા-બૈસાના દાનથી મોક્ષ ન થાય એમ કહે છે. તો આ કોઈ. પૈસા-બૈસા નહિ આપે એમ કહેશે. જો એમ કહો તો પૈસા કોણ આપશે?

મુમુક્ષુ :- પૈસા તો પૈસાના કારણે આવે.

ઉત્તર :- એ તો ધૂળ છે હવે. એને કારણે આવે અને એને કારણે જાય. ધૂળ વિના ચાલ્યું અનંત કાળથી. મફતનો માંડે છે. એના વિના જ ચાલે છે. એક ચીજમાં બીજી ચીજનો અભાવ છે. એ તો પહેલેથી ચાલી આવી છે. એ વાત તો અહીં કાંઈ એનું તો કહેવું નથી. પણ અહીંયા આત્મામાં જે શુભભાવ થાય એના વિના આત્માનો અનુભવ કરે તેને મોક્ષમાર્ગ કહે છે. શુભભાવ વિના ચલવે. પર વિના તો ચલવ્યું છે ત્રિકાળ. આહાહા..! સમજાણું કાંઈ? લ્યો! આ મલૂકચંદભાઈ ગયા હતા જુઓ ત્યાં પૈસા માટે ગયા હતા. મકાન કરાવવું છે તો શું કરે? છોકરાને કહી શકે નહિ કે બે કરોડ છે તો મૂકને બે લાખ અહીં. એ કાંઈ કહેવાય શેના? બાપનો હક છે કાંઈ છોકરામાં?

મુમુક્ષુ :- કહેવાનો તો ખરો.

ઉત્તર :- કહે તોપણ માને નહિ ત્યાં. ત્યાં કોણ માનતું હતું? બધું સમજવાનું બાપ અને દીકરા. એ તો આવવાનું હોય ત્યારે આવે. કહો, સમજાણું કાંઈ?

અહીં તો કહે છે કે એકવાર સાંભળ તો ખરો પ્રભુ! એ તારું તત્ત્વ અંદર જ્ઞાનાનંદથી ભરેલું શુદ્ધ તત્ત્વ, એણે પરવસ્તુ કર્મ, શરીર, વાણી, લક્ષ્મી વિના જ એણે ચલવ્યું છે. એના વિના જ એની હયાતી રહેલી છે. કર્મ, શરીર, વાણી આદિ વિનાની સત્તા, પરસત્તા વિનાની જ તારી સત્તા અનાદિથી રહેલી છે. એને માટે કાંઈ પ્રશ્ન જ નથી. તારું હોવાપણું પરના હોયા વિના રહેલું છે. બરાબર હશે? હવે તારું હોવાપણું જે છે એમાં પુણ્ય ને પાપ ને શુભ ને અશુભભાવ વિકાર થાય એની અસ્તિ તારી દશામાં છે. એના વિનાનું હોવાપણું શુદ્ધ છે એની દૃષ્ટિ અને જ્ઞાન, અનુભવ કર ત્યારે વિકાર વિના પણ તેણે ચલવ્યું એવી જે અનુભવદશા (થાય) એનું નામ મોક્ષનો માર્ગ છે. આહાહા..! ભારે વાત! કાને પડવી કઠણ પડે. શું કહે છે આ? ઓલું તો સૂઝ પડે ફટ દઈને. આ દયા પાળો, વ્રત કરો, દાન કરો, ભક્તિ કરો, પૂજા કરો, જાત્રા કરી આવો, લ્યો! એય..! મોતીરામજી! આહાહા..!

ભગવાન! એકવાર સાંભળ તો ખરો પ્રભુ! તારી ચીજ તો અંદર અનંત અનંત શાંતિ અને આનંદથી ભરેલી આત્મવસ્તુ છે. એ આત્મદ્રવ્યનો અનુભવ કરવાથી જે આત્મા.. 'કેવી

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

**છે અનુભૂતિ? શુદ્ધનય અર્થાત્ શુદ્ધ વસ્તુ તે જ છે આત્મા અર્થાત્ સ્વભાવ જેનો એવી છે.'** એમ. અનુભવ કેવો છે આત્માનો? કે શુદ્ધ વસ્તુ તે જ સ્વભાવ. અંતર ચૈતન્ય સ્વભાવ તો ત્રિકાળ શુદ્ધ છે પણ એની અનુભવદશા પણ શુદ્ધ છે. અનુભવદશા એ શુદ્ધ છે. એ શુદ્ધ વસ્તુના સ્વભાવનો અનુભવ શુદ્ધ છે. એને અનુભૂતિ અને મોક્ષનો માર્ગ કહેવામાં આવે છે. આહાહા..! ભારે પણ શબ્દે શબ્દે.. **'કેવી છે અનુભૂતિ?'** કોઈ કહે અંદરમાં ઓલો દયા, દાન, વ્યવહાર વિકલ્પ આવ્યો એ ભેગો હશે કે નહિ અનુભવમાં? ના. એ તો **'शुद्धनयात्मिका आत्मानुभूतिः'** શુદ્ધનય નામ વસ્તુ સોહી હૈ આત્મા અથવા જેનો સ્વભાવ અનુભવમાં (આવ્યો તે શુદ્ધ છે). ત્રિકાળ શુદ્ધ તો શુદ્ધ છે જ પણ એનો અનુભવ કરવો રાગ વિના દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા એવો જે અનુભૂતિ સ્વભાવ એ જ શુદ્ધતા અને એ જ શુદ્ધતાનું કારણ છે. સમજાણું કાંઈ? ભારે ભાઈ! કાલે તો ઓલા હિન્દી હતા ને તો એ જ ચાલ્યું આ તો ગુજરાતી ચાલ્યું હવે. એ તો સમજાય એવું છે કે નહિ બધાને? કહો, સમજાણું આમાં?

**'ભાવાર્થ આમ છે કે નિરુપાધિપણે જીવદ્રવ્ય જેવું છે તેવો જ પ્રત્યપક્ષે આસ્વાદ આવે એનું નામ શુદ્ધાત્માનુભવ છે.'** ભારે. ભગવાન આત્મા..! શું કીધું? **'નિરુપાધિપણે જીવદ્રવ્ય જેવું છે...'** ભગવાન આત્મા એ કર્મ, શરીર વિનાની તો ચીજ છે જ. પણ પુણ્ય-પાપના વિકલ્પની ઉપાધિ જે છે મેલની શુભ-અશુભભાવ, હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ એ પાપભાવનો મેલ, દયા, દાન, ભક્તિ, વ્રત, તપનો ભાવ તે પુણ્યભાવનો મેલ છે. એ બેય વિનાની નિરુપાધિ વસ્તુ છે. સમજાણું કાંઈ? **'નિરુપાધિપણે જીવદ્રવ્ય જેવું છે...'** જેવું છે હોં! એ પુણ્ય-પાપના વિકલ્પના આસ્રવથી રહિત નિરુપાધિરૂપ વસ્તુ છે. વસ્તુ એવી છે. આહાહા..! સમજાણું કાંઈ? એ

**'જેવું છે તેવો જ પ્રત્યક્ષપણે આસ્વાદ આવે...'** એ નિરુપાધિ રાગ અને વિકલ્પના મેલ, જે ભાવથી તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ પણ મેલ છે. એનાથી રહિત વસ્તુ નિરુપાધિ વસ્તુ છે. આહાહા..! એવી નિરુપાધિ વસ્તુ, જીવદ્રવ્ય વસ્તુ **'જેવું છે તેવો જ પ્રત્યક્ષપણે...'** રાગ અને પુણ્યના વિકલ્પની સહાય વિના પ્રત્યક્ષ જ્ઞાન જ્ઞાનને પ્રત્યક્ષ જાણતું રાગ વિનાનું જ્ઞાન આનંદના વેદન દ્વારા આસ્વાદ આવે. આત્માનો અતીન્દ્રિય આનંદ અંદર ભર્યો છે પૂર્ણ, એનો આનંદનો શુદ્ધ પર્યાયમાં આનંદનો સ્વાદ આવે-વેદન આવે. **'એનું નામ શુદ્ધાત્માનુભવ છે.'** એનું નામ શુદ્ધાત્માનો અનુભવ છે. તે શુદ્ધતા શુદ્ધતાને પૂર્ણ પ્રગટ કરે છે. ભારે વાત! સમજાણું કાંઈ? **'એનું નામ શુદ્ધાત્માનુભવ છે.'** વ્યવહાર પુણ્ય, એનો અનુભવ એ તો અશુદ્ધ છે, એ તો મલિન છે. ભગવાન આત્મા ઉપાધિ ઉદયભાવના શુભાશુભભાવ એનાથી વસ્તુ ભિન્ન છે, એનો પ્રત્યક્ષરૂપે સ્વદ્રવ્યના સહાયથી વિકલ્પની, મનની સહાય વિના પ્રત્યક્ષ જ્ઞાન થતાં આત્માના આનંદનો સ્વાદ આવે એને શુદ્ધાત્માનુભવ કહેવામાં આવે છે. આહાહા..!

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કહો, સમજાય છે કાંઈ? લ્યો! આ સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્ર.

એ આત્મા નિરુપાધિ સ્વરૂપ પ્રભુ પરમાત્મા નિજાનંદથી ભરેલો નિરુપાધિ પદાર્થ, એનો અનુભવ પ્રત્યક્ષ નામ રાગની મદદ અને મનના સહાય વિના સીધો આત્માને જ્ઞાન જ્ઞાનથી જાણે અને આનંદનું સાક્ષાત્ ત્યાં વેદન સીધું થાય એને આત્માનુભવ શુદ્ધ કહેવામાં આવે છે. પોપટભાઈ! આમાં પૈસાવાળાને તો સ્થાન પણ નથી ક્યાંય. કીધું હતું ને એક ફેરી? (સંવત) ૧૯૮૧માં પ્રશ્ન કર્યો હતો નહિ? ઓલા મણિયાર છે ને લગડી? લીંબડીમાં. મોહનભાઈ, કેશવલાલ ત્રણ ભાઈ હતા ને. ૮૧માં હતા તો વ્યાખ્યાન ચાલતા હતા. રાજા પણ આવ્યા હતા દરબાર. તો કોઈએ પ્રશ્ન કર્યો કે પૈસા-બૈસાની વાત ન આવે શાસ્ત્રમાં. ઈ કહે, મહારાજ! આ અમારા પૈસાવાળાનું કાંઈ સ્થાન ખરું કે નહિ ધર્મમાં? ૫૦-૫૦ હજાર, ૬૦-૬૦ હજાર, લાખ-લાખ આપીએ છીએ તોપણ? ધૂળનુંય સ્થાન નહિ, કીધું. ૮૧ની વાત છે હોં! ૪૦ વર્ષ થયા. પૈસા એટલે ધૂળ અજીવ છે. એમાં ધર્મમાં ક્યાં તમારું સ્થાન છે? એમાં કદાચિત રાગ મંદ કરો તો પુણ્ય છે. એના અભિમાન કરો કે મેં આ આપ્યા એ તો મિથ્યાત્વભાવ છે. કહો, સમજાણું કાંઈ? આ મહારાજ તો ભારે લુખ્ખા છે. હીરાલાલજી જરી ચોપડે કે ભાઈ ૫૦ હજાર કે લાખ ખર્ચ્યા. બહુ સારું કર્યું, સારું કર્યું હોં! ધૂળેય (નથી) સાંભળને હવે. રાગ મંદ હોય તો પુણ્ય થાય એ કાંઈ ધર્મના સ્થાનમાં એ છે નહિ. કેમ કે પુણ્યભાવ પણ ઉપાધિ છે. એ ઉપાધિ વિનાની ચીજ જે આત્મા છે એવો ભગવાન સર્વજ્ઞ વીતરાગ પરમાત્માના જ્ઞાનમાં આવેલો આ શુદ્ધાત્મા એને તું અંતર જોઈને શ્રદ્ધા-જ્ઞાન-શાંતિ દ્વારા અનુભવ શુદ્ધ કરે એમાં અતીન્દ્રિય આનંદનો (સ્વાદ આવે). કારણ કે આકુળતા જે અશુદ્ધ છે એનાથી રહિત વસ્તુ છે. તો વસ્તુનો અનુભવ થતાં આકુળતારહિત અનાકુળતાનો પ્રત્યક્ષ આનંદનો સ્વાદ આવે એને શુદ્ધ આત્માનુભવ, એને મોક્ષમાર્ગ કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? આ રાડ નાખી જાય એવું છે ઓલા વ્યવહારના પક્ષવાળા તો. હાય. હાય. શેઠી! શેઠી પણ રાડ નાખતા હતા પહેલા. હવે ઠર્યા છે. જયપુરથી આવ્યા ત્યારે રાડ નાખતા હતા. આ તો બધું ઊડી જાય ઊડી જાય છે. ઊડી જાય પણ સાચુ રહી જાય છે ને એમાં? સમજાણું કાંઈ? ઝાટકીને કાઢી નાખે. આ બાયું નથી કરતા? આ ફોતરા કાઢે સુપડાથી. સુપડું કરે અને ન નીકળે તો છેવટે ધબો મારી નીચે. એટલે શું કઠણ-બઠણ રહી જાય અને ફોતરા-બોતરા ઊડી જાય. ફૂ થઈને ઊડી જાય અંદર. કરે કે નહિ આ? પછી એમ કરીને ઉલાળે ઓલી ચીજને. ચીજને ઉલાળે એમાં ફોતરા ઊડી જાય. છતાં એમાં રહી ગયા હોય થોડા તો નીચે મારે ધબ્બો આમ થોડો હાથ એટલે જરી હળવી-હળવી ચીજ બહાર નીકળી જાય અને ઓલી કઠણ કઠણ રહી જાય. અહીં કહે કે માર એને ધબ્બો ચિદાનંદ આત્મા ઉપર એકાકાર એમ કહે છે. પુણ્ય-પાપના ભાવ ફૂ થઈને ઊડી જશે. એ ફોતરા છે એ કાંઈ આત્માનો સ્વભાવ નથી એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..!

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ચિદ્‌ઘન ધાતુ ચિદ્‌ઘન, જ્ઞાનનો ઘન ધાતુ આત્મા એને ધારી રહ્યો છે. એમાં એકાગ્રતાની ઝપટ મારતા રાગભાગ એ અનુભવમાં આવતો જ નથી. એ અનુભવમાં વ્યવહારનો વિકલ્પ જે છે એ એમાં અનુભવમાં આવતો જ નથી. એ તો ભિન્ન રહી જાય છે. આહાહા..! સમજાણું કાંઈ? કેવી ભાષા વાપરી! ચોખ્ખી કરી નાખી. મર્મ હતો એને ખુલ્લો કરી નાખ્યો. શ્રીમદ્ તો ત્યાં સુધી કહે કે ભાઈ શાસ્ત્રમાં ધર્મ છે પણ મર્મ કહ્યો નથી. એમ લખે છે શ્રીમદ્. અહીં તો મર્મ પણ ખોલી નાખ્યો. ધર્મ એને કહીએ. સમજાય છે કાંઈ? કે ભગવાન અખંડાનંદ પ્રભુ જેવા સિદ્ધ પર્યાયમાં પૂર્ણ પ્રગટ થયા એવો જ આત્મા સ્વભાવે પૂર્ણ આનંદ અને શુદ્ધથી ભરેલો પદાર્થ છે. એની અંતરમાં સન્મુખ થઈને પ્રત્યક્ષ નામ સ્વસહાયથી રાગની અપેક્ષા વિના પ્રત્યક્ષરૂપ આનંદનો સ્વાદ આવે કે આ આનંદ તે આ આત્મા. એનું નામ શુદ્ધાત્માનુભવ કહે છે. એ શુદ્ધાત્માનુભવ છે. કહો, સમજાણું આમાં? ભારે વાત ભાઈ!

પછી '**નિશ્ચયથી...**' હવે મેળવવું છે ને એની સાથે ઓલા જ્ઞાનાનુભૂતિને? '**किल इयम् एव ज्ञानानुभूतिः**' '**આ જે આત્માનુભૂતિ કહી તે જ જ્ઞાનાનુભૂતિ છે...**' બેમાં ફેર નથી. એ આત્માનો અનુભવ પ્રત્યક્ષ કીધો એ જ જ્ઞાનાનુભૂતિ કીધી. જ્ઞાનનો સીધો અનુભવ રાગ વિના (થાય) એને જ આત્માનુભૂતિ કહો કે એને જ્ઞાનાનુભૂતિ કહો. સમજાણું કાંઈ? '**આ જે આત્માનુભૂતિ કહી...**' આ વિશેષતા કાંઈ નથી એનો ખુલાસો કર્યો. '**આ જે આત્માનુભૂતિ કહી તે જ જ્ઞાનાનુભૂતિ છે....**' આત્માની અનુભૂતિ કહો, અનુભવ કહો કે જ્ઞાનના ગુણસ્વભાવનો અનુભવ કહો, બે એક જ વાત છે. સમજાણું કાંઈ? આહાહા..!

દુનિયાના ક્યાં દુઃખ. ચારે કોર રાડેરાડું બિચારા દુઃખી થઈને. સંયોગથી દુઃખ માને છે અને સંયોગથી સુખ કલ્પે છે મૂઢ. પાંચ-પચાસ લાખ કાંઈક મળ્યા અને પાંચ છોકરા સરખા હોય, ધાર્યા થતા હોય તો સુખી છીએ. મૂઢ છો. સુખ ક્યાં ધૂળમાં હતું? જયચંદભાઈ! અને જ્યાં કાંઈક પ્રતિકૂળતા આવે.. આહાહા..! હેરાન. શેની પણ હેરાનતા? એ તો જડમાં, પરમાં છે. તને ક્યાં હેરાન કરનાર છે એ? સમજાય છે? હેરાન કરવાની વૃત્તિ ઊભી કરી એ વૃત્તિ રાગ અને દ્વેષ એ તને નુકસાનકારક છે. એ ભાવ વિનાની ચીજ છે નિરુપાધિ ભગવાન, જેમાં એ વિકલ્પનો અવકાશ નથી. એ રાગના વિકલ્પની વાસના જેમાં ગંધ નથી. એ ગંધ ઉઠે છે પર્યાયમાં વિકલ્પના પરલક્ષે, એ સ્વમાં એ રાગની ગંધ નથી. એવો ભગવાન આત્મા એની અંતરમાં દૃષ્ટિ અને અનુભવ કરવો એને આત્માનુભૂતિ કહી, એને જ્ઞાનાનુભૂતિ કહી. બેમાં કાંઈ ફેર નથી. '**એટલી માત્ર જાણીને.**' એટલું એટલે આત્માનુભવ કે જ્ઞાનાનુભવ. એમ જાણીને આત્માનો અનુભવ કરો. સમજાણું કાંઈ?

'**ભાવાર્થ આમ છે કે જીવવસ્તુનો જો પ્રત્યક્ષપણે આસ્વાદ,...**' આ આત્મ ભગવાન એને એનું જ્ઞાન સીધે સીધું જ્ઞાનને અનુભવે, '**જીવવસ્તુનો જે પ્રત્યક્ષપણે આસ્વાદ, તેને નામથી આત્માનુભવ એમ કહેવાય અથવા જ્ઞાનાનુભવ એમ કહેવાય; નામભેદ છે,**

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**વસ્તુભેદ નથી.**' એને ને એને આત્માનુભવ કહીએ, એને ને એને જ્ઞાનાનુભવ કહીએ. '**એમ જાણવું કે આત્માનુભવ મોક્ષમાર્ગ છે.**' લ્યો! પાછી ફેરવીને વાત ત્યાં. ભાઈ! મોક્ષમાર્ગ તો એક જ આ છે. આહાહા..! હવે એ વ્યવહાર મોક્ષમાર્ગ અને નિશ્ચય મોક્ષમાર્ગ અને બે મોક્ષમાર્ગ ને આ અણુવ્રતને એ આવશ્યકતા છે કે નહિ? આવશ્યકતા છે કે નહિ? વિકાર અને બંધની અંદર મોક્ષમાર્ગમાં આવશ્યકતા છે કે નહિ? અરે..! ભગવાન! અહીં તો એક જ વાત છે. હો વિકલ્પને કાળે ભૂમિકા પ્રમાણમાં. એ કાંઈ શુદ્ધતા અને મોક્ષના કારણ માટે નથી. સમજાય છે કાંઈ?

'**એમ જાણવું કે આત્માનુભવ મોક્ષમાર્ગ છે.**' આ આત્મા એટલે નિરૂપાધિ પુણ્ય-પાપના રાગ વિનાની વસ્તુ, એવો જે ભગવાન આત્મા, એનો અનુભવ, એને અનુસરીને નિર્મળ પર્યાયની શાંતિ અને આનંદનું થવું એ એક જ મોક્ષનો માર્ગ છે. કહો, સમજાણું આમાં? ભગવાનજીભાઈ! કહો, સાંભળ્યું હતું ભાવનગરમાં? ..માં તો ક્યાં હતું? નથી. આ વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ વીતરાગનો આ માર્ગ છે. વીતરાગનો માર્ગ વીતરાગ પર્યાયથી ઊભો થાય છે. રાગ પર્યાયથી ઊભો થાય એ વીતરાગમાર્ગ નથી.

મુમુક્ષુ :- મોક્ષના ..

ઉત્તર :- એક જ વાત છે. આહાહા..! એનો નિર્ણય તો કરે, એનો પક્ષ તો કરે કે માર્ગ આ એક જ છે. બીજો કોઈ વિકલ્પ ને વ્યવહાર ને વ્રત આવે ફલાણા આવે એ કોઈ મોક્ષમાર્ગ છે એમ છે નહિ. એમ જેના નિશ્ચયના પક્ષમાં, ભૂમિકામાં ઊભો હોય તો એને સ્વભાવ તરફના અનુભવ કરવાનો અવકાશ અને પ્રસંગ આવે. પણ જ્યાં પક્ષમાં શ્રદ્ધાના ઠેકાણા નથી. સમજાણું કાંઈ? ઈ તો આ કરતા કરતા થાશે. વ્યવહાર કરો, અશુભ ટાળો, શુભભાવ કરો, નિવૃત્તિ લ્યો, બહારથી ખસો, અહીંથી ખસો. ખસેલો જ પડ્યો છે સાંભળને. કે દી ગરી ગઈ હતી બીજી પર ચીજ અંદરમાં? હેરાન થવાના રસ્તા છે. સમજાણું કાંઈ? આટલું છોડો... આટલું છોડો... હળવા થાવ. હળવો જ છે, સાંભળને. કે દી ગરી ગઈ હતી વસ્તુ તે છોડવી છે તારે? છોડવા લાયક તો અંદર મલિનની દૃષ્ટિ અને મલિનનો ભાગ. હવે એ મલિનની દૃષ્ટિ અને મલિનભાવ એ શુદ્ધ નિરુપાધિ સ્વભાવની દૃષ્ટિ કરતાં મલિન દૃષ્ટિ ઉત્પન્ન થતી નથી એટલે નાશ થાય છે. શુદ્ધ સ્વભાવમાં એકાગ્ર નિર્મળ દશા થતાં અશુદ્ધતા ઉત્પન્ન થતી નથી એટલે કે અશુદ્ધતા નાશ થાય છે. આ માર્ગની રીત છે. કહો, સમજાણું કાંઈ?

'**આત્માનુભવ મોક્ષમાર્ગ છે.**' લ્યો! પહેલામાં વારંવાર એમ આવતું કે આત્માનુભવ એ સમ્યગ્દર્શન. ભાઈ! એમ આવ્યું હતું. હવે અહીં એ સિદ્ધ કર્યું કે આત્માનુભવ એ મોક્ષમાર્ગ. પૂર્ણ લેવું છે ને? .. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર આખું એ આત્માનુભવ એ મોક્ષમાર્ગ છે. વસ્તુ સ્વભાવમાં શક્તિરૂપ સત્ત્વ જે કેવળજ્ઞાન, આનંદ આદિ પડ્યા છે એને અનુસરીને એકાકાર

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


થવું એવો આત્માનુભવ તે પહેલેથી તે છેક સુધી મોક્ષમાર્ગ છે. આહાહા..! કહો, સમજાય છે કાંઈ આમાં?

'**આ પ્રસંગે બીજો પણ સંશય થાય છે...**' ભારે પણ કાઢ્યું છે તો એવું કાઢ્યું છે ને! '**આ પ્રસંગે બીજો પણ સંશય થાય છે કે, કોઈ જાણશે કે દ્વાદશાંગજ્ઞાન કોઈ અપૂર્વ લબ્ધિ છે.**' શું પ્રશ્ન થાય છે? કોઈ એમ કહે કે ઓહોહો..! શાસ્ત્રના ભણતર, અગિયાર અંગ, બાર અંગ. આહાહા..! આચારાંગ, સૂયગડાંગ, ઠાણાંગ, સમવાય, ભગવતી ભગવાને કહેલા હોં! અત્યારે કહેલા છે એ કલ્પિત છે બધા. ભગવાને જે કહ્યા હતા એવા જે બાર અંગ એનું જ્ઞાન કોઈ અપૂર્વ હશે, અપૂર્વ લબ્ધિ છે એમ કોઈને સંશય થાય. આહાહા..! કેટલા જાણપણા! છ દ્રવ્ય આ, બાર અંગમાં આ, ચૌદ પૂર્વ આ. ઓહોહો..! મહાલબ્ધિ છે. એમ કોઈને સંશય થાય.

'**તેનું સમાધાન આમ છે કે દ્વાદશાંગજ્ઞાન પણ વિકલ્પ છે.**' એ બાર અંગનું જ્ઞાન પણ ભેદવાળું વિકલ્પ છે. એ મોક્ષમાર્ગ નહિ. આહાહા..! ભગવાને કહેલા બાર અંગ એનું લક્ષ કરીને જ્ઞાન બાર અંગનું કરે એ પણ વિકલ્પ છે, રાગ છે, ભેદ છે. અહીં તો એમ લેવું છે. જ્ઞાનાનુભૂતિ કીધી છે ને આત્માનુભૂતિ? એટલે વિકલ્પનો રાગ એ તો મોક્ષમાર્ગ નથી. એ તો ક્રિયામાં ગયું. પણ બાર અંગનું જ્ઞાન એ પણ મોક્ષમાર્ગ નથી એમ ભેગું ભેળવવું છે અહીં તો. શું કહ્યું? સમજાય છે કાંઈ? જે કાંઈ વચમાં પંચ મહાવ્રતનો કે વ્રતનો વિકલ્પ આવે રાગ એ તો મોક્ષમાર્ગ નથી, પણ વચમાં બાર અંગનું જ્ઞાન આવે એ અપૂર્વ લબ્ધિ કોઈ માનતો હોય, તો કહે છે, ના. એ પણ મોક્ષમાર્ગ નથી. આહાહા..! સમજાણું કાંઈ?

કેવો પ્રશ્ન કાઢ્યો છે એણે? આ જ્ઞાનાનુભૂતિ એ આત્માના જ્ઞાનનો અનુભવ એ એક જ મોક્ષનો માર્ગ છે. એ રાગ પણ મોક્ષમાર્ગ નથી અને બાર અંગનું જ્ઞાન એ પણ મોક્ષમાર્ગ ખરો નથી. આહાહા..! કહો, સમજાણું કાંઈ? બહુ પલાખા આવડ્યા ને શાસ્ત્ર આમ ને શાસ્ત્ર આમ. 'સબ શાસ્ત્રન કે નય ધારી હિયે, મત મંડન ખંડન ભેદ કિયે' શ્રીમદ્ કહે છે ને?

વહ સાધન વાર અનંત કિયો તદપિ કછુ હાથ હજુ ન પર્યો,
અબ ક્યોં ન બિચારત હૈ મન સે કછુ ઔર રહ્યા ઉન સાધન સે.
બિન સદ્ગુરુ કોઈ ન ભેદ લહે મુખ આગળ કહ બાત કહે.

શ્રીમદ્ પોતે પોકાર કરે છે. એ શાસ્ત્રના ભણતર પણ અનંત વાર (કર્યા). જોકે બાર અંગનું જ્ઞાન તો સમકિતીને જ હોય, હોં! ભાઈ! એટલે અહીં નાખ્યું છે બાર અંગનું કારણ. કે સમ્યગ્દૃષ્ટિ આત્માનો અનુભવ કરનારને જ બાર અંગનું જ્ઞાન હોય, મુનિને. બીજાને હોય નહિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- તો પણ એ પણ મોક્ષનો માર્ગ નથી, ભેદ છે એમ સિદ્ધ કરવું છે. આહાહા..! સમજાણું કાંઈ? પુણ્ય તો ક્યાંય ગયું તારું. વચ્ચે આ દયા પાળી, ભક્તિ કરી, વ્રત પાળ્યા

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એ મોક્ષનો માર્ગ એ તો પુણ્યબંધનું કારણ છે, મોક્ષમાર્ગ નહિ. કહો, મોતીરામજી! કેવો માર્ગ નીકળ્યો!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નહિ? જુઓ તો ખરા.

ભગવાન! જ્ઞાન કરવું એ બાર અંગનું જ્ઞાન એ પણ વિકલ્પ છે. આહાહા..! કારણ કે એ પરલક્ષીનો ભેદ છે. ભગવાન આત્મા જ્ઞાનાનુભૂતિ જ્ઞાનમાંથી જ્ઞાનનો અનુભવ સિદ્ધ કરે એ એક જ જ્ઞાનાનુભૂતિ મોક્ષનો માર્ગ છે. કળશટીકા તે પણ ટીકા કરે છે ને! આ વાત આપણે આવી ગઈ છે કેટલી વાર ઘણી બધી. પણ આ તો ચાલે છે એમાં ભેગું આવ્યું. ઘણી વાર કહેવાણું છે. પહેલું કહેવાઈ ગયું છે આ. પણ સાથે આવે એમાં પણ પાછું સંધિ કરતું સાથે (આવે છે).

મુમુક્ષુ :- ... સાથે મેળવીને.

ઉત્તર :- મેળવીને. ત્યારે ચાલતું હોય ઓલા જ્ઞાનની વાત.

કહે છે કે ભાઈ! તું એમ માને કે ઠીક, પુણ્યભાવ તો ધર્મ નહિ, મોક્ષમાર્ગ નહિ, પણ હવે બાર અંગ તો કોઈ અપૂર્વ લબ્ધિ થઈને? અનંત કાળે નહિ પ્રગટે એવી થઈને?

મુમુક્ષુ :- શ્રુતકેવળીને થાય.

ઉત્તર :- હા. શ્રુતકેવળીને થાય, મુનિને થાય. એને બાર અંગનું જ્ઞાન મુનિ સાચા અનુભવી હોય એને જ થાય. છતાં એ અપૂર્વ લબ્ધિ નહિ. આહાહા..! સમજાણું કાંઈ? બાર અંગમાં તો દ્રવ્યાનુયોગ આદિ ઘણું આવી ગયું. પરલક્ષી એ બધા જ્ઞાનો એ વિકલ્પ છે, રાગ છે, ભેદ છે, એ આત્માનુભૂતિની અપૂર્વ લબ્ધિ એને કહેવાય નહિ. સમજાણું કાંઈ? અહીં તો થોડા ઘણા જ્યાં જાણપણા થાય ત્યાં અંદરથી એમ થાય આહાહા..! અમને આવડ્યું અને આને ન આવડ્યું, અમને આવડ્યું અને આને ન આવડ્યું. હવે મૂકને પડતું. આવડ્યા.

અહીં તો કહે છે... પણ વ્યવહારને ઝાટકીને કાઢી નાખ્યો છે. આવું જ્ઞાન બાર અંગનું મુનિ છઠ્ઠા ગુણસ્થાનવાળાને જ હોય. સમજાણું કાંઈ? અને છઠ્ઠા ગુણસ્થાનવાળાને જ પંચ મહાવ્રત અને અઠ્યાવીશ મૂળગુણનો વિકલ્પ હોય. એ તો મોક્ષમાર્ગ નહિ. બાર અંગ એને હોય છતાં એ અપૂર્વ લબ્ધિ નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? **'તેમાં પણ એમ કહ્યું છે...'** પાછી ખૂબી કેવી છે! બાર અંગ ઉઘડે તો એ અપૂર્વ લબ્ધિ નહિ. છતાં એમાં એમ કહ્યું છે કે બાર અંગના જ્ઞાનમાં એમ કહ્યું છે કે આત્માનુભૂતિ તે મોક્ષનો માર્ગ છે. શું કીધું છે? સમજાણું કાંઈ?

**'તેમાં પણ એમ કહ્યું છે કે...'** એ વ્યવહાર જ્ઞાને એમ જણાવ્યું છે, વ્યવહારજ્ઞાનમાં એમ કહ્યું છે કે આ મારાથી ભિન્ન પડીને આત્માની અનુભૂતિ તે એક જ મોક્ષમાર્ગ છે. જેમાં જ્ઞાનસ્વભાવ ભર્યો છે. જ્ઞાનસ્વભાવનો જે સાગર છે. એની અનુભૂતિ તે મોક્ષનો માર્ગ

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે. એમ બાર અંગમાં વ્યવહાર જ્ઞાન જે બાર અંગ આવ્યું, એમાં પણ એ જ કહેવામાં આવ્યું છે. મુનિને બાર અંગનું જ્ઞાન વર્તે એમાં પણ એ જ કહેવામાં આવ્યું, એના લક્ષમાં વર્તે છે કે એ બાર અંગનું જ્ઞાન એમ કે અંતરનો અનુભવ, જ્ઞાનનો અનુભવ કરવો, અંતર ગુણનો અનુભવ કરવો એ મોક્ષનો માર્ગ છે. એ અનુભૂતિને જ અનુભૂતિ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહાહા..! આવો પણ ગ્રંથ રહી ગયો ને ગુપ્ત. હવે વળી બહાર આવ્યો. બધા ઝઘડા-બગડા ખૂબ ચાલ્યા પછી. આહાહા..!

શું કહે છે? એ વ્યવહારજ્ઞાન પણ એમ બતાવે છે કે અંતરમાં જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા છે એને તું અનુભવ કર. એમ એ વ્યવહારજ્ઞાન બતાવે છે. સમજાણું કાંઈ? એ પોતે તો વિકલ્પ છે પણ એમાં થયેલું જ્ઞાન વ્યવહારનું, એમાં એ જાણવામાં આવ્યું, બતાવે છે કે અંતર્મુખ ચિદાનંદ જેમાં જ્ઞાનસૂર્ય ચૈતન્ય ભરેલો છે એના જ્ઞાનના જ્ઞાનનો અનુભવ તેને અમે અનુભૂતિ અને અપૂર્વ લબ્ધિ અને એને અમે મોક્ષનો માર્ગ કહીએ છીએ. આહાહા..! પરસત્તાવલંબી જ્ઞાન એ મોક્ષનો માર્ગ નહિ. ઉપાય નહિ. સમજાણું કાંઈ? પરસત્તા લક્ષવાળું રાગ તો મોક્ષમાર્ગ નહિ, પણ સ્વસત્તા એટલે પોતાનું હોવાપણું જ્ઞાન અને આનંદથી ભરેલી કોઠી આત્મા છે એમાંથી ઝરે એ જ્ઞાનની અનુભૂતિ એ અનુભૂતિ તે મુક્તિનો માર્ગ, મોક્ષમાર્ગ છે. સમજાણું કાંઈ આમાં?

'**તેથી શુદ્ધાત્માનુભૂતિ થતાં..**' એ પણ ધડાકા કર્યા છે ને! ભગવાન આત્મા જ્ઞાનની મૂર્તિ ચૈતન્યસૂર્ય એવા જ્ઞાનની શ્રદ્ધા, સમ્યગ્દર્શન-જ્ઞાનની અનુભૂતિ થતાં '**શાસ્ત્ર ભણવાની કાંઈ અટક નથી.**' શાસ્ત્ર ભણે કે ન ભણે એની કાંઈ કિંમત નથી, એમાં અટક નથી. અરે..! આટલું ભણ્યો નહિ... આટલું ભણ્યો નહિ. હાલ હાલ ને મૂકને પડતું. કહો, સમજાય છે કાંઈ? દેડકું હોય આટલું એ આત્માનુભૂતિ કરે, બાર અંગ ભણવાની કહે છે અટક નહિ. શાસ્ત્ર ભણવાની કોઈ અટક નહિ. આવો હોય, વિકલ્પ હોય એને એ જાતનો. પણ એને આ ભણે તો આ અનુભૂતિ થાય અને વિશેષ ભણેલો માટે એને અનુભવ ખૂબ વધે, થોડા પરના જ્ઞાનવાળાને અનુભૂતિ થોડી અને બાર અંગના અનુભવવાળાને અનુભૂતિ ઝાઝી એમ છે નહિ. એમ કહે છે અહીં તો. સમજાય છે કાંઈ? આહાહા..!

ચૈતન્ય મહાપ્રભુ પોતાનો ચૈતન્ય મહાપ્રભુ અનંતગુણનો પિંડ એનો અનુભવ કરવો તે જ્ઞાનાનુભૂતિ અને મોક્ષમાર્ગ છે. એવો અનુભવ થયો એને આટલું શાસ્ત્ર ભણવું જોઈએ, આટલું ભણે તો એની અનુભૂતિ ટકે, આટલું ભણે તો અનુભૂતિ વધે એમ એની અટક નથી. કોઈ અટક નથી એટલે પ્રતિબંધ નથી. પ્રતિબંધ નથી. આહાહા..! સમજાણું કાંઈ?

'**કોઈ જાણશે કે દ્વાદશાંગજ્ઞાન કોઈ અપૂર્વ લબ્ધિ છે.**' ઓહોહો..! અપૂર્વ. પૂર્વના જ્ઞાનમાં એટલું જ્ઞાન હોય કે આમ હાથી ઊભો હોય મોટો, ઊંચો અંબાડી સહિત. એટલી ઉષ્ણાઈ ભરી હોય ઉષ્ણાઈ એવડી. એ ઉષ્ણાઈ લખે તો પૂર્વના લખ્યા લખાય નહિ. પૂર્વનું

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જ્ઞાન લખ્યું લખાય નહિ. એટલી ઉષ્ણાઈથી અને આખા વનના ઝાડની કલમું કરે, વનના ઝાડની કલમું કરે અને એટલી ઉષ્ણાઈથી લખે તો પૂર્વનું જ્ઞાન લખ્યા લખાય નહિ. એવું જ્ઞાન લબ્ધિમાં આવ્યું, એ અપૂર્વ નથી કહે છે. આહાહા..! કહો, શેઠી!

એ બાર અંગના જ્ઞાનથી અનુભૂતિ ખરીદી ન જાય એમ કહે છે. એ બાર અંગના જ્ઞાનથી અનુભૂતિ ટકે એમ ન હોઈ શકે. અને એ અનુભૂતિનો વધારો બહાર જેમ વિશેષ જ્ઞાન થાય, વધારો થાય એમ છે નહિ. એની સાથે પ્રતિબદ્ધ નથી. ઓહોહો..! કહો, સમજાણું કાંઈ? ભગવાન આત્મા જેમાં જ્ઞાનનો ઉકેલ, કેવળજ્ઞાનને પ્રાપ્ત કરે એવો જેમાં સ્વભાવ (ભર્યો છે). આ ફિલ્મ કરે છે ને ફિલ્મ? પછી કાઢતા નથી? એક પછી એક. ભગવાન આત્મામાં જ્ઞાનસ્વભાવ એવો ભર્યો છે કે એની એકાગ્રતાની ફિલ્મ કરે ત્યાં અનુભૂતિ ખિલતી જાય, જ્ઞાનનો અનુભવ ખિલતા ખિલતા કેવળજ્ઞાન થઈ જાય. સમજાણું કાંઈ? એવી ફિલ્મ ઉતારેલી તૈયાર તારા સ્વભાવમાં પડી છે, કહે છે. સમજાણું કાંઈ? આહાહા..!

'**તેમાં પણ એમ કહ્યું છે...**' ભારે ભાષા પણ. બાર અંગને અપૂર્વલબ્ધિ ઠરાવવી નથી પણ કહે છે કે એમાં પણ એમ કહ્યું છે. આ જેને બાર અંગનું જ્ઞાન હોય તો એના લક્ષમાં બાર અંગના જ્ઞાનમાં એમ આવ્યું છે કે આત્મા તરફનો અનુભવ કરવો એ જ મુક્તિનો માર્ગ છે. સમજાણું કાંઈ? તો પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિનું થોડું પણ મુનિને જ્ઞાન પરલક્ષી હોય, એ કાંઈ નહિ. બાર અંગનું હોય તો પણ એ નહિ. એમ અહીં તો કહે છે. આત્માના અંતરલક્ષે જ્ઞાનના ચૈતન્યના ધ્યેયમાંથી જે જ્ઞાન પ્રગટ્યું, જ્ઞાનને પ્રત્યક્ષ રાગ અને અવલંબન વિના ચૈતન્યની શક્તિની વ્યક્તિ અનુભવમાં આવી. બસ! એ એક જ તે આત્માનો શુદ્ધતાનો મોક્ષનો માર્ગ છે. આ ઓલો વ્યવહાર પુણ્યનો, વ્યવહાર મોક્ષમાર્ગ તો કાઢી નાખ્યો, પણ બાર અંગ ને મોક્ષનો સાચો માર્ગ પણ કાઢી નાખ્યો ઝાટકીને. અને પરની, છ દ્રવ્યની શ્રદ્ધા એમાં જે કીધી બાર અંગમાં એને ઝાટકી કાઢી નાખી. છ દ્રવ્યની શ્રદ્ધા પણ એ રાગ છે. એ આત્માના મોક્ષમાર્ગમાં છે નહિ. સમજાણું કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આવવું હોય ત્યારે આવે ને.

'**તેથી શુદ્ધાત્માનુભૂતિ થતાં...**' ભગવાન આત્મા અંતરના ધ્યાનની ભૂમિકાએ ચડીને જે શુદ્ધાત્મ અનુભવ પ્રગટ્યો એવાને '**શાસ્ત્ર ભણવાની કાંઈ અટક નથી.**' શાસ્ત્ર ભણવાની કાંઈ અટક નથી. એને ભણવાથી કાંઈ વિશેષતા અનુભૂતિમાં થઈ જાય અને ઓછું ભણવાથી ઓછી થઈ જાય અનુભૂતિ એની સાથે એનો સંબંધ નથી. આહાહા..! સમજાણું કાંઈ? લ્યો, એ ૧૩મો કળશ થયો.

હવે ૧૪મો. એ ૧૫મા થયા પછીની વાત છે.

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



(પૃથ્વી)

अखण्डितमनाकुलं ज्वलदनन्तमन्तर्बहि-
र्महः परममस्तु नः सहजमुद्विलासं सदा।
चिदुच्छलननिर्भरं सकलकालमालम्बते
यदेकरसमुल्लसल्लवणखिल्यलीलायितम्।।१४।।

ખંડાન્વય સહિત અર્થ :—"तत् महः नः अस्तु" (तत्) તે જ (महः) શુદ્ધ જ્ઞાનમાત્ર વસ્તુ (नः) અમને (अस्तु) હો. ભાવાર્થ આમ છે કે શુદ્ધસ્વરૂપનો અનુભવ ઉપાદેય છે, બીજું બધું હેય છે. કેવો છે તે 'महः' (જ્ઞાનમાત્ર આત્મા)'? "परमम्" ઉત્કૃષ્ટ છે. વળી કેવો છે "महः"? "अखण्डितम्" ખંડિત નથી—પરિપૂર્ણ છે. ભાવાર્થ આમ છે કે ઇન્દ્રિયજ્ઞાન ખંડિત છે; તે જોકે વર્તમાન કાળે તે-રૂપ પરિણમ્યો છે તોપણ સ્વરૂપ અતીન્દ્રિય જ્ઞાન છે. વળી કેવો છે? "अनाकुलं" આકુળતા રહિત છે. ભાવાર્થ આમ છે કે યદ્યપિ સંસાર-અવસ્થામાં કર્મજનિત સુખદુઃખરૂપ પરિણમે છે તથાપિ સ્વાભાવિક સુખસ્વરૂપ છે.* xxx વળી કેવો છે? "अन्तर्बहिर्ज्वलत्" (अन्तः) અંદર (बहिः) બહાર (ज्वलत्) પ્રકાશરૂપ પરિણમી રહ્યો છે. ભાવાર્થ આમ છે કે જીવવસ્તુ અસંખ્યાતપ્રદેશી છે, જ્ઞાનગુણ બધા પ્રદેશોમાં એકસરખો પરિણમી રહ્યો છે, કોઈ પ્રદેશમાં ઘટ-વધ નથી. વળી કેવો છે? "सहजं" સ્વયંસિદ્ધ છે. વળી કેવો છે? "उद्विलासं" પોતાના ગુણ-પર્યાયે ધારાપ્રવાહરૂપ પરિણમે છે. વળી કેવો છે? "यत् (महः) सकलकालम् एकरसम् आलम्बते" (यत्) જે (महः) જ્ઞાનપુંજ (सकलकालम्) ત્રણે કાળ (एकरसम्) એકરસને અર્થાત્ ચેતનાસ્વરૂપને (आलम्बते) આધારભૂત છે. કેવો છે એકરસ? "चिदुच्छलननिर्भरं" (चित्) જ્ઞાન- (उच्छलन) પરિણમનથી (निर्भरं) ભરિતાવસ્થ છે. વળી કેવો છે એકરસ? "उल्लसत् लवणखिल्यलीलायितम्" (लवण) ક્ષારરસની (खिल्य) કાંકરીની ("उल्लसत्" लीलायितम्) પરિણતિ સમાન જેનો સ્વભાવ છે. ભાવાર્થ આમ છે કે જેવી રીતે લવણની કાંકરી સર્વાંગેય ક્ષાર છે તેવી રીતે ચેતનદ્રવ્ય સર્વાંગેય ચેતન છે. ૧૪.

* પં. શ્રી રાજમલજીની ટીકામાં અહીં 'अनन्तम्' પદનો અર્થ કરવો રહી ગયો છે.

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

## કલશ-૧૪ ઉપર પ્રવચન

(પૃથ્વી)

अखण्डितमनाकुलं ज्वलदनन्तमन्तर्बहि-
र्महः परममस्तु नः सहजमुद्विलासं सदा।
चिदुच्छलननिर्भरं सकलकालमालम्बते
यदेकरसमुल्लसल्लवणखिल्यलीलायितम्।।१४।।

આહાહા..! હીરા મૂક્યા છે એકલા અંદર! શેઠીને ઘરે એવા હીરા નહિ હોય, લ્યો!

મુમુક્ષુ :- અંતરમાં તો ભરેલા છે ને.

ઉત્તર :- અંતરમાં ભરેલા છે. આહાહા..! લ્યો, પૃથ્વીનો રાગ હશે. આપણને કાંઈ આવડે છે પૃથ્વીનો. હિંમતભાઈને આવડે. કહો, પૃથ્વીનો પણ કેવો હશે એ શી ખબર પડે આપણને અહીં? અહીં તો આ બોલ્યા એ રાગ.

'तत् महः नः अस्तु' આહાહા..! ભગવાન આચાર્ય 'नः' અમને. 'नः' એટલે. '**તે જ શુદ્ધ જ્ઞાનમાત્ર...**' તે જ. 'महः' છે ને? 'महः' '**તે જ...**' એ શુદ્ધજ્ઞાનમાત્ર તે જ. 'महः' એટલે '**તે જ શુદ્ધ જ્ઞાનમાત્ર વસ્તુ અમને હો.**' અમને તો એકલી જ્ઞાનમાત્ર ચીજ પર્યાયમાં પૂર્ણ હો. અમારે બાર અંગનું જ્ઞાન હો એ નહિ. આહાહા..! તમે મુનિ પણ અત્યારે બાર અંગનું જ્ઞાન તમને નથી. માટે બાર અંગની ભાવના તો ભાવો. કારણ કે પંચમકાળના મુનિ છે આ. ૯૦૦ વર્ષ પહેલા મહા દિગંબર અમૃતચંદ્રાચાર્ય મહા ધર્મધુરંધર ધર્મના થાંભલા એ કહે છે. એની પાસે ચૌદ પૂર્વનું જ્ઞાન નથી હોં અત્યારે. કહે છે કે એ ચૌદ પૂર્વની અને બાર અંગની વાતું કરી અમે. પણ એની અમારે ભાવના નથી. આહાહા..!

'**તે જ...**' 'महः' તે જ-અમારું ચૈતન્ય તે જ. ઓલા આવે છે ને મોટા હજાર ને શું કહેવાય આ બાહુબલીના? સર્ચ લાઈટ. છે ને બાહુબલીજી ઉપર? હજાર હજારના નહિ મોટા? ભગવાન બાહુબલી ૫૭ ફૂટની મૂર્તિ તો એવી દેખાય આમ. એમાં સાંજમાં એવા દેખાય બે સર્ચ લાઈટ રાખી છે સામે. એમ આ આત્મા અનંત કેવલજ્ઞાનનો સર્ચ લાઈટ છે અંદર. એની પર્યાયમાં જ્યાં ફાટ્યા અંદરના કિરણો, કહે છે કે અમારા પૂર્ણ કિરણ અમારા આત્માનું હો, અમારે કાંઈ બીજું જોઈતું નથી. સમજાણું કાંઈ? એમાં ભગવાન પૂરો ભળાય પ્રત્યક્ષ. એમ. બાહુબલી દેખાય ને. એમ આ આમ દેખાય.

'तत् महः नः अस्तु' ઓહોહો..! ભગવાન અમૃતચંદ્રાચાર્ય કહે છે, જે માથે આત્માનુભૂતિનો જ્ઞાનનો અનુભવ કહ્યો '**તે જ શુદ્ધ જ્ઞાનમાત્ર વસ્તુ અમને હો.**' બસ જ્ઞાનનો પ્રકાશ પૂર્ણ હો. ઓહોહો..! સમજાણું? ઓલા મનોરથમાં ક્યાંક થોડું ઘણું .. એવું આવે વ્યવહાર. આમાં આવે છે શ્વેતાંબરમાં. ક્યારે એકલો થઈને ક્યારે ભણીશ ને ક્યારે સંથારો


Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કરીશ? અહીં તો આ એક વાત. ચૈતન્ય ભરેલો છે ને અંદર આમ કિરણ ફાટતા ફાટતા અંદરમાંથી કેવળજ્ઞાન આવે છે. એ કાંઈ બહારથી આવતું નથી. એવો કેવળજ્ઞાનનો કંદ અંદર ઘન ચૈતન્ય નિજસ્વરૂપ એની અમને પર્યાયમાં પ્રકાશની પૂર્ણતા થાવ એ અમારી ભાવના છે. બાર અંગનું જ્ઞાન હો કે ન હો, એ ઉપર અમારું વજન છે નહિ. આહાહા..! એમ બીજા જીવને પણ કહે છે કે જ્ઞાન ચૈતન્ય પ્રભુ ભગવાન એનો અનુભવ હો અને એના પ્રકાશના પૂર્ણ ચેતનના પ્રકાશના પૂર્ણ કિરણો બહાર પ્રગટ થાઓ. બાર અંગનું જ્ઞાન હો કે ન હો એની સાથે અમારે કાંઈ પરમાર્થ સંબંધ નથી. સમજાણું કાંઈ?

**'ભાવાર્થ આમ છે કે શુદ્ધસ્વરૂપનો અનુભવ ઉપાદેય છે, બીજું બધું હેય છે.'** ભગવાન આત્મા વર્તમાન જ્ઞાનની પર્યાય માર થાપ અંદરમાં એકાકાર થઈને. જે આત્માની પર્યાયનો અનુભવ થાય એ એક જ ઉપાદેય છે, એ જ આદરણીય અને અંગીકાર કરવા જેવું છે, એ જ પ્રગટ કરવા જેવું છે. **'બીજું બધું હેય છે.'** એ શુભરાગ દયા, દાન, વ્રતનો તો હેય છે, પણ આ બાર અંગનું જ્ઞાન પણ સ્વભાવની દૃષ્ટિથી હેય છે. આહાહા..! સમજાણું કાંઈ? એક ચૈતન્ય ભગવાન શુદ્ધ સ્વરૂપ ભરેલું, આ એનો અનુભવ એને અનુસરીને જ્ઞાનનું, આનંદનું, શાંતિનું થવું એ એક જ ઉપાદેય છે. પ્રગટ કરવા લાયક એ એક જ વાત છે. અન્ય સમસ્ત શુભભાવ કે બાર અંગના ભણતર, પરમાર્થ દૃષ્ટિએ તો એ બધું (હેય છે). દિગંબર સંતોની વાણી પુરુષાર્થને આમ પ્રેરીને ઉગારી નાખે એવી વાત છે. ઉઠાવ અંદરમાં પુરુષાર્થ કર. આહાહા..! .. કેવો છે 'महः' ઓલો 'महः' શબ્દ હતો ને? શુદ્ધજ્ઞાન એ કેવું છે? એની વાત છે.

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)


૪૭ શક્તિ આત્માનો વૈભવ છે.
એવા વૈભવશાળી ભગવાન આત્માનું
અંતરમાં ધ્યાન કરવાથી જ્ઞાન આનંદ
રૂપી વૈભવ પ્રગટ થાય છે.

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## વીર સંવત-૨૪૯૧, ફાગણ વદ ૮, ગુરુવાર, તા. ૨૫-૩-૧૯૬૫, કલશ-૧૪ પ્રવચન નં. ૧૯

કળશટીકા છે, જીવ અધિકારનો ૧૪મો કળશ છે. જુઓ! શું કહે છે? જેને આત્માનો ધર્મ કરવો છે, તે કેવી ભાવના કરે છે? આચાર્ય પોતાની ભાવના કરે છે અને દુનિયાને એ પ્રકારે બતાવે છે.

**'तत् महः नः अस्तु' 'તે જ શુદ્ધ જ્ઞાનમાત્ર વસ્તુ અમને હો.'** શું કહે છે? આત્મા શુદ્ધ જ્ઞાન ચૈતન્યમાત્ર પદાર્થ છે. ભગવાન સર્વજ્ઞ પરમાત્મા તીર્થંકરદેવ વીતરાગદેવે શુદ્ધ વસ્તુ ચૈતન્યમાત્રને આત્મા કહ્યો છે. શરીર, વાણી, મન નહિ. કર્મ નહિ, અંદર પુણ્ય અને પાપના વિકલ્પ નામ રાગ ઉઠે છે, શુભાશુભ ભાવ એ આત્મા નથી, એ વિકાર છે. વિકાર રહિત પોતાની ચીજ તે જ શુદ્ધ જ્ઞાન ચૈતન્યજ્યોત માત્ર પદાર્થ છે. ચૈતન્યપ્રકાશ સૂર્ય. આચાર્ય કહે છે, તે અમને હો. અમને તો આત્મા પૂર્ણ જ્ઞાનઘન તે જ અમને હો. અમારે પુણ્ય-પાપ વિકલ્પ કે શરીરનો સંયોગ અમારામાં નથી. તો અમને એ હો એવી અમારી ભાવના નથી. સમજાય છે કાંઈ? પોપટભાઈ!

આ ચૈતન્યપ્રકાશ આ શરીર રજકણથી ભિન્ન, વાણીથી ભિન્ન, કર્મથી જુદો અને પુણ્ય શુભ-અશુભ વિકારથી જુદો. એવો શુદ્ધ જ્ઞાનઘન પદાર્થ. ધર્મીને પોતાના સ્વભાવની દૃષ્ટિ થઈ છે તેથી કહે છે કે અમને તો શુદ્ધ જ્ઞાનઘન આત્મા જ હો. સમજાય છે કાંઈ? અમારે કોઈ પુણ્ય-પાપના વિકલ્પ હો, એનું અમારે કામ નથી. પરચીજ તો પોતામાં છે જ નહિ.

**'ભાવાર્થ આમ છે કે શુદ્ધસ્વરૂપનો અનુભવ ઉપાદેય છે,...'** ભગવાન આત્મા શુદ્ધ ત્રિકાળી ત્રિકાળ ત્રિકાળી દ્રવ્યસ્વરૂપ શુદ્ધ વસ્તુ છે. પવિત્ર આનંદધામ ચૈતન્ય મહાસત્તા અનાદિઅનંત એવી શુદ્ધ સ્વરૂપ વસ્તુ, એનો અનુભવ. એનો અંતરમાં દૃષ્ટિ કરીને શુદ્ધ સ્વરૂપનું અનુસરણ કરીને આત્મામાં અનુભવ થવો તે જ એક આદરણીય અને એ જ કરવાલાયક છે. કહો, સમજાય છે કાંઈ? શુદ્ધ સ્વરૂપ. શરીર, વાણી હો એ તો જ્ઞાનમાં જાણવાલાયક ચીજ છે. પુણ્ય-પાપ હો એ પણ જ્ઞાનમાં જાણવાલાયક ભાવ છે. પોતાનું સ્વરૂપ એ નથી. એક સેકંડના અસંખ્યભાગમાં શુદ્ધ ચૈતન્ય આદિ-અંત વિનાની ચીજ જે વસ્તુ પદાર્થ જ્ઞાનઘન, તેનો અનુભવ. તેની અંતર દૃષ્ટિ કરીને અંતર જ્ઞાન કરીને, અંતરનો અનુભવ સ્વભાવનો કરવો એ જ એક ધર્મ અને તે જ મોક્ષનો માર્ગ છે. તે **'ઉપાદેય છે,...'** એ અંગીકાર કરવાલાયક, ગ્રહણ કરવાલાયક, પ્રગટ કરવાલાયક એ ચીજ છે.

**'બીજું બધું હેય છે.'** એ આત્મા અંદર શુદ્ધ જ્ઞાનઘન, તેનો અંતરમાં અનુભવ કરવો

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એ જ એક આદરણીય નામ અંગીકાર કરવાલાયક છે અને પુણ્ય-પાપના વિકલ્પ જે ઉઠે છે તે બધા ધર્મીને તો હેય-છોડવાલાયક છે. જ્ઞેય કરીને છોડવાલાયક છે. અંગીકાર કરવાલાયક નથી. કહો, સમજાય છે કાંઈ? સૂક્ષ્મ વાત છે. અનંતકાળથી એણે એ વાત કદી સાંભળી નથી. સર્વજ્ઞ ભગવાન વીતરાગ પરમેશ્વર, જેને એક સમયમાં ત્રણલોક ત્રણલોક જણાયા, એવા ભગવાને અનંત આત્મા જોયા. અનંત પરમાણુ, એવા છ દ્રવ્ય છે. ભગવાનના જ્ઞાનમાં આવ્યા. એમાં આ આત્મદ્રવ્ય વસ્તુ તરીકે પદાર્થ ચિદ્દ્ઘન આનંદ શુદ્ધ સ્વરૂપ છે. પુણ્ય-પાપથી રહિત એવા આત્માનું અંતરમાં સ્વરૂપનું લક્ષ કરીને શુદ્ધતાનો અનુભવ કરવો તે જ એક આદરણીય છે અને તે જ એક હિત કરનારી પર્યાય છે.

મુમુક્ષુ :- માંગણી શેની કરી?

ઉત્તર :- આનંદની. માંગણી-બાગણી નથી કરી. આત્મા શુદ્ધ આનંદઘન અંદર છે, તે તરફ એકાગ્ર થઈને અમને શુદ્ધ આનંદની, જ્ઞાનની શુદ્ધતાની પરિણતિ હો, એ અમારો અનુભવ અમને હો, એવી પ્રાર્થના-ભાવના કરી છે.

આત્મા આનંદ છે. અંતર સ્વરૂપમાં અતીન્દ્રિય આનંદથી પૂરો ભર્યો છે. એ આનંદનો અનુભવ કરવો. પર્યાયમાં-અવસ્થામાં સન્મુખ થઈને આનંદથી ભરેલો આત્મા, અતીન્દ્રિય આનંદ... જ્ઞાન હમણાં કહેશે, એ આનંદનો અનુભવ અંતર્મુખ થઈને, શાંતિ, શ્રદ્ધા-જ્ઞાનને પ્રગટ કરવા એ જ એક ઉપાદેય અંગીકાર કરવાલાયક છે. સમ્યગ્દૃષ્ટિથી માંડીને સાધુ આદિને એ જ અંગીકાર કરવાલાયક છે, બીજી કોઈ વાત અંગીકાર કરવાલાયક નથી. ઝીણી ભારે. ત્યાં સુધી તો આવ્યું હતું કાલે.

**'વળી કેવો છે?' 'महः'.** પરમ ઉત્કૃષ્ટ છે. કેવું છે ચૈતન્યતેજ? જ્ઞાનસ્વરૂપ શુદ્ધ ચૈતન્યનો ગાંગડો આત્મા છે. ઓહોહો..! પરમ ઉત્કૃષ્ટ ચૈતન્યતેજ છે. એનો અનુભવ કરવો એ જ એક મોક્ષનો માર્ગ છે. **'વળી કેવો છે?' 'महः'.** એક તો ઉત્કૃષ્ટ કહ્યું. બીજું, કેવો છે ચૈતન્યપ્રકાશ? **'महः'** કહ્યું હતું ને? **'શુદ્ધ જ્ઞાનમાત્ર વસ્તુ...'** એ **'अखण्डितम्' 'ખંડિત નથી...'** ભગવાન આત્મા આ ઇન્દ્રિયના લક્ષથી જે જ્ઞાનની દશા થાય છે એ ખંડ ખંડ છે. એ એનું સ્વરૂપ નથી. **'અખંડિત છે-પરિપૂર્ણ છે.'** જ્ઞાનસ્વરૂપ જ્ઞાયકભાવ એકરૂપ સ્વભાવ જેનો છે. સમજાય છે કાંઈ?

જેમ ખડી છે તો સફેદ ભાવથી ભરેલી છે અખંડ. સફેદ ભાવથી ખડી ભરી છે. એમ ભગવાન આત્મા જ્ઞાન અને આનંદથી પરિપૂર્ણ અખંડ ભરેલો જ છે. એવી ચીજ એ પરિપૂર્ણ છે. એમાં અપૂર્ણતા કે વિકાર નથી. એવો દ્રવ્ય સ્વભાવ-વસ્તુ સ્વભાવ તે જ અમને શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્રમાં આદરવાલાયક છે. કહો, સમજાય છે નહિ? ધર્મીને એ આદરણીય છે, બીજી કોઈ ચીજ આદરણીય નથી. સમજાય નહિ. આ તો માંડ વાતેય કોઈ દી કાને પડી ન હોય, શું હશે આ? કહો, બાલુભાઈ! માથાફોડ આ રળવાની ને ભોગની કાં અહીં આવ્યો

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


હોય તો આ કરો ને આ કરો પણ શું ચીજ છે? શું વસ્તુ-પદાર્થ આત્મા છે? અનાદિઅનંત આદિ અને અંત વિનાની ચીજ શું છે? એ તો પરમ ઉત્કૃષ્ટ ચૈતન્યતેજ બિંબ આત્મા છે. સમજાય છે કાંઈ? એ ઉત્કૃષ્ટ છે અને ખંડિત નથી, અખંડ વસ્તુ છે. વસ્તુ છે ને? પદાર્થ છે ને આત્મા વસ્તુ? અંખડ પદાર્થ છે. તેનો આશ્રય કરીને અનુભવ કરવો, એ જ એક ધર્મ અને મોક્ષનો માર્ગ છે. ઓહોહો..! સમજાય છે કાંઈ?

શ્રીમદ્ લખ્યું છે ને? જુઓ! જીવ એક અખંડ સંપૂર્ણ દ્રવ્ય હોવાથી. વાક્ય છે ને ચાકળામાં? એ શ્રીમદ્નું વાક્ય છે. જીવ એક અખંડ સંપૂર્ણ દ્રવ્ય છે. આ વસ્તુ પદાર્થ ચૈતન્ય જ્યોત. વર્તમાન પ્રગટ દશામાં અલ્પજ્ઞતા, રાગાદિ છે. પણ એ પૂર્ણ વસ્તુ નહિ. પૂર્ણ અખંડ દ્રવ્ય સ્વભાવ શુદ્ધ અખંડ છે. એ અખંડ વસ્તુમાં ચૈતન્યની પરિપૂર્ણતા અને આનંદની પરિપૂર્ણતા ભરી છે. એનું અંતરલક્ષ કરીને ઠરવું એનું નામ એનો અનુભવ કહેવામાં આવે છે. અનુભવ કહેવામાં આવે છે. એ જ અનુભવ એક મોક્ષનો માર્ગ છે. ભારે વાત ભાઈ!

'**ભાવાર્થ આમ છે કે ઈન્દ્રિયજ્ઞાન ખંડિત છે;...**' ભગવાન આત્મા અખંડ જ્ઞાનમૂર્તિ છે. તેનું અવલંબન કરવાથી, અંતર્મુખ થવાથી જે જ્ઞાનની દશા અખંડના આશ્રયે પ્રગટ થાય છે તે અતીન્દ્રિય જ્ઞાન પણ અખંડ છે. બાકી ઈન્દ્રિયના અવલંબનથી, આ પાંચ ઈન્દ્રિય જડ માટી-ધૂળ છે આ તો, અજીવ છે. માટી પુદ્ગલ છે આ તો. એના લક્ષથી જે ઈન્દ્રિયજ્ઞાન થાય છે તે ખંડિત છે-ખંડ ખંડ છે. '**તે જોકે વર્તમાન કાળે તે-રૂપ પરિણમ્યો છે...**' અનાદિ કાળથી પાંચ ઈન્દ્રિયો-આ માટી-ધૂળ, એના લક્ષે પોતાની વર્તમાન દશામાં જ્ઞાનમાં ખંડ ખંડ, એક એક ઈન્દ્રિયના એક એક વિષયને જાણે, એવા ખંડ ખંડ જ્ઞાનરૂપ આત્માની વર્તમાન અવસ્થામાં પરણિત અવસ્થા થઈ રહી છે. '**તોપણ સ્વરૂપ અતીન્દ્રિય જ્ઞાન છે.**' કહો, સમજાય છે કાંઈ? શેઠી! સવારે કેમ નહોતા આવ્યા? સ્વાધ્યાય હતી? સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા અંદર ચૈતન્યબિંબ પૂર્ણ સૂર્ય છે. જ્ઞાનનો પ્રકાશ. જેમ આ સૂર્ય રજકણનો બિંબ છે, આ પરમાણુનો પુદ્ગલનો બિંબ છે-પ્રકાશ. એમ ભગવાન આત્મા.. પણ કદી શું છે એની નજરેય કરી નથી, પ્રતીતિ કરી નથી, વિશ્વાસમાં લીધું નથી. એ ભગવાન આત્મા એકલો ચૈતન્યનો પુંજ સૂર્ય આત્મા છે. એ અખંડ વસ્તુ છે. તેનું જ્ઞાન કરવું. એ અતીન્દ્રિય વસ્તુ છે તો તેનું અતીન્દ્રિય જ્ઞાન કરવું તે અતીન્દ્રિય જ્ઞાન છે, તે સમ્યક્જ્ઞાન છે, તે મોક્ષનો માર્ગ છે. પણ અનાદિથી ઈન્દ્રિયનું અવલંબન કરીને પોતાનું અખંડ જ્ઞાનસ્વરૂપ છે તેનું અવલંબન છોડીને (પરિણમે છે). સમજાય છે કાંઈ?

આ પાંચ ઈન્દ્રિય માટી જડ છે તેનું લક્ષ કરીને જ્ઞાનની વર્તમાન પર્યાય ઈન્દ્રિયજ્ઞાનરૂપ પરિણમી રહી છે. '**તોપણ સ્વરૂપ અતીન્દ્રિય જ્ઞાન છે.**' એનો સ્વભાવ તો અતીન્દ્રિય (અર્થાત્) ઈન્દ્રિયથી ગ્રાહ્ય નથી. અતીન્દ્રિય છે. પાંચ ઈન્દ્રિયનું લક્ષ છોડીને અખંડ જ્ઞાનમયી

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મૂર્તિ પ્રભુ, એમાં અંતરમાં એકાકાર થવું એનું નામ, એ આત્મા સ્વરૂપથી તો અખંડિત જ છે અને એની પર્યાય પણ અખંડિત પ્રગટ થાય છે, તેનું નામ જૈનશાસન કહેવાય છે. આ ૧૫મી ગાથાનું છે ને ભાઈ આ? આહાહા..! ભારે! જૈનશાસન કોને કહેવું એની ખબર નથી. અખંડ વસ્તુ વીતરાગ-રાગ વિનાની વિજ્ઞાનઘન પદાર્થ છે આત્મા. એનો અનુભવ કરીને અખંડિત અતીન્દ્રિયજ્ઞાનની દશા પ્રગટ કરવી. એમાં સમ્યગ્દર્શન, જ્ઞાન અને સ્વરૂપની સ્થિરતા થઈ તેને જ જૈનશાસન કહે છે. ઓહો..! ક્યાં જૈનશાસન રહેતું હશે? સમજાય છે કાંઈ? જૈનશાસન કહો કે જૈનધર્મ કહો. એ વીતરાગી ધર્મ દશા ક્યાં રહેતી હશે? અને કેવી છે ઈ?

કહે છે કે અનાદિથી પાંચ ઈન્દ્રિયના લક્ષે જે જ્ઞાનપર્યાય ઉત્પન્ન થઈ તે સમ્યગ્જ્ઞાન નહિ, એ જૈનશાસન નહિ, એ જૈનધર્મ નહિ, એ જૈનમાર્ગ નહિ. આહાહા..! અંતર્મુખ ચૈતન્ય વિજ્ઞાનઘન વીતરાગી સ્વભાવ પૂર્ણ પડ્યો છે, તેની અંતર દૃષ્ટિ કરીને અતીન્દ્રિય જ્ઞાનની પર્યાય પ્રગટ કરવી તેનું નામ ભાવશ્રુતજ્ઞાન પર્યાય છે, એનું નામ રાગ રહિત સમ્યક્ અતીન્દ્રિય જ્ઞાનની પર્યાય છે, એનું નામ ધર્મ અને જૈનશાસન કહે છે. ભારે ઝીણું, ભાઈ! લોકોને બિચારાને સાંભળવા પણ મળે નહિ. હવે તો આ ક્યાં જાય પત્તો કરવા? કેમ જયંતિભાઈ! આ બધા ઘણા વર્ષથી વાડામાં હોય પણ એને સાંભળવા મળે નહિ, શું ચીજ છે. આ કરો ને આ કરો. અનંતકાળથી ભ્રમણા ઈન્દ્રિયના અવલંબે જ્ઞાન કરતો રખડી મર્યો છે. સમજાય છે કાંઈ?

ઈન્દ્રિયથી જ્ઞાન થયું... અહીં તો શું બતાવે છે? કે પાંચ ઈન્દ્રિયના લક્ષે થયેલું જ્ઞાન, એની પ્રતીતિ કરવી કે હું આત્મા, એ તો મિથ્યાદૃષ્ટિ છે. એ જૈનશાસન નહિ. જયંતિભાઈ! આહાહા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- અવાજ આવ્યો પણ સમજે ત્યારે ખબર પડે ને એને? કે શું ચીજ છે. સર્વજ્ઞ ભગવાને કંઈ કોઈ ચીજ બનાવી નથી. વીતરાગે કોઈ ચીજ બનાવી નથી. કર્તા-બર્તા નથી. અનંત આત્માઓ, અનંત પરમાણુઓ એવા છ દ્રવ્ય છે, ભગવાને જ્ઞાનમાં જોયા. એમ અનાદિઅનંત છે. કોઈએ બનાવ્યા નથી, કોઈ કર્તા-હર્તા નથી. સર્વજ્ઞ પરમાત્મા અરિહંતદેવ ત્રિલોકનાથ પરમેશ્વરના જ્ઞાનમાં છ દ્રવ્ય આવ્યા એમાં આત્મદ્રવ્ય કેવું આવ્યું? અને કોને જૈનશાસન અને વીતરાગમાર્ગ કહે છે?

ચૈતન્ય જ્ઞાનજ્યોતિ પૂર્ણ અખંડ અભેદ તત્ત્વ આત્મા છે. ઈન્દ્રિયથી જ્ઞાન થાય છે તે જ્ઞાન પણ નહિ. અને એમાં પ્રતીતિ કરવી કે હું આત્મા, એ મિથ્યાદૃષ્ટિ છે, સમ્યગ્દર્શન નહિ. અને એમાં રાગથી એકાગ્ર થવું એ પણ અચારિત્રભાવ છે. સમજાય છે કાંઈ? વસ્તુ ચિદાનંદ અખંડ જ્ઞાનઘન. જે સર્વજ્ઞ પર્યાય કેવળજ્ઞાન પરમાત્માને પ્રગટ થઈ એ ક્યાંથી આવી? શું બહારથી કોઈ ચીજ આવે છે? અંતરમાં પડ્યો છે અખંડાનંદ ચિદાનંદઘન. એવી પરમાત્મશક્તિ

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પોતાની ચૈતન્યજ્યોત એનું અંતર અવલંબન કરવાથી જે વીતરાગી વિજ્ઞાનની પર્યાય પ્રગટ થવી, સમ્યગ્દર્શન-એમાં રુચિ પ્રગટ થવી, એમાં એકાગ્ર નામ શાંતિ-રાગ રહિત થવું, એ સમ્યક્ ભાવશ્રુતજ્ઞાન થયું. એનું નામ ભગવાન સમ્યગ્જ્ઞાન અને ચારિત્ર અથવા જૈનશાસન કહે છે. સમજાણું કાંઈ?

**'સ્વરૂપ અતીન્દ્રિય જ્ઞાન છે.'** સ્વરૂપથી તો જ્ઞાન પોતે વીતરાગવિજ્ઞાનઘન છે. અને એનો આશ્રય કરવાથી અતીન્દ્રિય જ્ઞાન ઉત્પન્ન થાય છે. એ જ જૈનશાસન છે. શું વાત! **'વળી કેવો છે?'** ભગવાન આત્મા. ચૈતન્યસૂર્ય તો અખંડ એકરૂપ છે. એ અતીન્દ્રિય પદાર્થનું અંતરના જ્ઞાન દ્વારા અનુભવ કરવો એ અતીન્દ્રિય જ્ઞાન છે. એ પર્યાય. વસ્તુ છે અતીન્દ્રિય જ્ઞાન અને એ ત્રિકાળ વસ્તુ. અને કેવો છે આત્મા? **'अनाकुलं' 'આકુળતા રહિત છે.'** આત્મામાં આનંદ ભર્યો છે, અતીન્દ્રિય આનંદ છે. અતીન્દ્રિય આનંદનો અનુભવ કરવાથી પર્યાયમાં પણ અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવવો, એનું નામ જૈનશાસન છે. આહાહા..! સમજાય છે કાંઈ?

અનંત તીર્થંકરો આમ કહેતા આવ્યા છે. અત્યારે તીર્થંકર ભગવાન મહાવિદેહ ક્ષેત્રમાં બિરાજે છે. સીમંધર પરમાત્મા આદિ. એ પણ કહે છે, અનંત તીર્થંકરો કહી ગયા. બાલુભાઈ! ન્યાં રાયપુરમાં સાંભળવાનું પણ મળે નહિ. ધૂળધાણી આખો દી વેપાર ને ધંધા. ધૂળધાણી હશે ને? શું હશે? પાંચ-પચાસ હજાર મળે તોય? ધૂળમાંય મળ્યા એમાં શું? એ તો પૂર્વના પુણ્યને કારણે આવી ચીજ. અને આ મને મળ્યા, એ તો મમતા આવી. એ મમત્વ અને વિકલ્પ જે શુભાશુભ રાગ છે, તેનાથી રહિત ચૈતન્ય જ્ઞાનઘન (છે). અહીં કહે છે કે એ આકુળતા રહિત વસ્તુ છે. પદાર્થ આકુળતા રહિત આત્મા છે. એનો અનુભવ કરવો. તો એમાં આકુળતાથી રહિત અતીન્દ્રિય આનંદનો અનુભવ થવો એનું નામ જૈનશાસન મોક્ષમાર્ગ છે.

**'ભાવાર્થ આમ છે કે યદ્યપિ સંસાર-અવસ્થામાં...'** અનાદિ અજ્ઞાન (અવસ્થામાં). આત્મદ્રવ્ય વસ્તુ તો અતીન્દ્રિય જ્ઞાનમય અખંડ અને અતીન્દ્રિય આનંદમય અખંડ છે. છતાં અનાદિ અજ્ઞાન દશામાં નિગોદથી માંડીને સંસાર દશામાં **'કર્મજનિત...'** કર્મના નિમિત્તે **'સુખદુઃખરૂપ પરિણમે છે...'** પર્યાયમાં-અવસ્થામાં-હાલતમાં એકાર્થ છે. કર્મ જડ છે એનું લક્ષ કરીને સુખ-દુઃખરૂપ અવસ્થા કરે છે. હું સુખી, હું દુઃખી, હું હર્ષ-શોક કરનારો, એવા પુણ્ય-પાપ પરિણામરૂપે સુખ-દુઃખરૂપે (પરિણમે છે). સુખ શબ્દે આ અજ્ઞાનનું સુખ, હોં! આનું સુખ નહિ. આ માને છે ને કે પાંચ-પચ્ચીસ મળ્યા, ધૂળ મળી, આ પાંચ-પચાસ લાખ કે શરીર સુંદર મળ્યું તો અમે સુખી છીએ. એ મૂઢ અજ્ઞાનભાવ છે, સુખની કલ્પના. અને પ્રતિકૂળતામાં હું દુઃખી છે, એવા અજ્ઞાનભાવે દુઃખની કલ્પના. એ અનાદિ અજ્ઞાની પોતાના અતીન્દ્રિય આનંદના સ્વભાવના ભાન વિના, કર્મના નિમિત્તે સુખ-દુઃખરૂપ પરિણમે છે. સમજાય છે કાંઈ? શુભ-અશુભ, હરખ-શોકની વિકલ્પ લાગણી વાસના, હરખ-શોકની

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


વાસનારૂપ અજ્ઞાની અનાદિથી છે.

'**તથાપિ સ્વાભાવિક સુખસ્વરૂપ છે.**' જુઓ! પહેલો '**મહઃ**' કીધું હતું ને? ચૈતન્યતેજ. પછી આકુળતા રહિત કહ્યું હતું ને? કેવો છે ભગવાન આત્મા? એ તો સ્વાભાવિક અતીન્દ્રિય આનંદનો રસકંદ છે. ઓહો..! ક્યાં હશે આનંદ? વળી અતીન્દ્રિય આનંદની ખાણ છે. સમજાય છે કાંઈ? વસ્તુ સ્વરૂપ દ્રવ્ય સ્વભાવ, ધ્રુવ સ્વભાવ, નિત્ય સ્વભાવ એ સુખસ્વરૂપ છે. સ્વાભાવિક સુખસ્વરૂપ છે. સ્વભાવે તો આનંદ અને અતીન્દ્રિય સુખસ્વરૂપ જ છે. એવા અતીન્દ્રિય આનંદ ઉપર દૃષ્ટિ દઈને એ અતીન્દ્રિય આનંદરૂપ વર્તમાન દશામાં પરિણમન થવું, અવસ્થારૂપ થવું એ રાગરહિત અવસ્થા થઈ તેને જૈનમાર્ગ કહેવામાં આવે છે. કહો, સમજાય છે કાંઈ?

'**વળી કેવો છે?**' '**अन्तर्बहिर्ज्वलत्**' '(**अन्तः**)' '**અંદર...**' '(**बहिः**)' '**બહાર...**' '(**ज्वलत्**)' '**પ્રકાશરૂપ પરિણમી રહ્યો છે.**' એ તો એકલો પ્રકાશરૂપ જ છે. એમ. અંતર-બહિનો અર્થ શું કર્યો? જુઓ! '**ભાવાર્થ આમ છે કે જીવવસ્તુ અસંખ્યાતપ્રદેશી છે,...**' શું કહે છે? જેમ કંદમૂળ કહે છે ને? શું કીધું? સૂરણની ગાંઠ. સૂરણ... સૂરણ. અધ મણ ગાંઠ હોય છે ને સૂરણની. ઉપર, મધ્ય બધે એકલો સૂરણનો રસકંદ જ ભર્યો છે. સૂરણની ગાંઠ હોય છે ને? ઉપર, હેઠે, ચારે બાજુ એકલો સૂરણ રસકંદ છે. સૂરણરસ છે. એનું ઢિમ છે. એમ આત્મા શરીર, વાણી, મનથી ભિન્ન એકલો અતીન્દ્રિય આનંદનો ઢીમ-રસ છે. શરીર પ્રમાણે જ્ઞાનઘન અરૂપી. ભગવાન જાણે ક્યાં હશે? સમજાય છે કાંઈ? આત્મા એટલે શરીર વિના ચૈતન્યમૂર્તિ શરીરાકારે ભિન્ન અરૂપી, જ્ઞાનપ્રદેશનો આનંદ અને આનંદથી ભરેલો એકલો આત્મા અતીન્દ્રિય આનંદમય અને જ્ઞાનથી પૂર્ણ ભરેલો છે. શરીર કાઢી નાખો દૃષ્ટિમાંથી, વિકાર દૃષ્ટિમાંથી કાઢી નાખો તો આત્મા અતીન્દ્રિય આનંદની ભેલી છે. ભેલી સમજો છો? ભેલી, ગોળની ભેલી કહે છે ને? અમારી કાઠિયાવાડી ભાષા છે. ક્યાં કોઈ દી સાંભળ્યું નથી, વિચાર કરવાનો તો અવસર જ ક્યાંથી હોય?

કહે છે કે આત્મા અસંખ્યપ્રદેશી છે. શું કહ્યું? વસ્તુ અસંખ્યપ્રદેશી છે. અર્થાત્ જેમ એ ઢીમ છે તો એમાં અંશ... અંશ... અંશ.. અંશ.. છે ને? જેમ કંદોઈ સાકરની પૂતળી કરે ને? સાકરની. લાકડીનું શું કહેવાય? બીબા. લાકડીના બીબા બનાવીને એમાં પછી સાકર નાખે. એ ઠરી જાય પછી લાકડી છોડી નાખે. બીબા. સાકરની પૂતળી. સફેદ સાકરની પૂતળીએ દરેક સ્થાનમાં ભિન્ન ભિન્ન ભિન્ન ભિન્ન પ્રદેશ છે. જે નીચલો ભાગ છે એ ઉપર નથી, ઉપર છે તે નીચે નથી. બધા ભાગ છે.

એમ આત્મા આ શરીરનું લાકડાનું બિંબ છે. સમજાય છે કાંઈ? શું કહ્યું? બીબુ. આ બીબાની અંદર ભિન્ન ચૈતન્યમૂર્તિ આનંદકંદ અસંખ્યપ્રદેશથી ભરેલો છે. સમજાય છે કાંઈ? અસંખ્યપ્રદેશી. ઈ પણ સાંભળ્યું ન હોય અસંખ્યપ્રદેશ. જયંતિભાઈ! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરે આત્મા, એવા અનંત આત્મા જોયા છે. પ્રત્યેક આત્મા અસંખ્યપ્રદેશી છે. એક પરમાણુ પોઈંટ

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આ વસ્તુ કંઈ મૂળ નથી. એનો ટૂકડો કરતાં કરતાં છેલ્લો પોંઈટ રહે જેને પરમાણુ ભગવાન કહે છે. પરમ અણુ. છેલ્લો ટૂકડો. એ ટૂકડો જેટલી જગ્યામાં રહે એટલા ભાગને પ્રદેશ કહેવામાં આવે છે. પ્રદેશ કહેવામાં આવે છે. એવો આત્મા અસંખ્યપ્રદેશી છે. ભગવાન જાણે અસંખ્યપ્રદેશી. એને તો વિશ્વાસમાંય ન મળે. હવે અનુભવમાં તો ક્યાંથી લે અને ધર્મ તો ક્યાંથી હોય? ક્ષેત્ર બતાવે ને તમારે? કે આ બંગલો આવો છે. સાત હાથનો પહોળો છે, આઠ હાથનો લાંબો છે. એમ આત્મા કેવડો છે? અસંખ્યપ્રદેશી આત્મા અંદર છે. એ અસંખ્યપ્રદેશ શું હશે?

જેમ સોનાની સાંકળ હોય છે, સોનાની સાંકળ હોય છે ને? શું કહે છે? ચેઈન. એ સોનામાં મકોડા હોય ને? મકોડાને શું કહે છે હિન્દીમાં? મકોડા કહે છે? હજાર કડીની હોય ને? તો કડીમાં જે સોનું છે એ એનો ગુણ છે, કડી છે તે પ્રદેશ છે, અખંડ વસ્તુ સાંકળી છે. એમ આત્મા. અખંડ વસ્તુ આત્મા. એના એક એક પ્રદેશ એ કડી. અને દરેક પ્રદેશમાં જ્ઞાન અને આનંદ ભર્યા છે એ ગુણ. સમજાય છે કાંઈ? હજી હું કોણ છું એની ખબર નથી અને એને ધર્મ કરવો છે. ક્યાં ધર્મ થશે? અને કેમ થશે? એની ખબર નથી. પોપટભાઈ!

વસ્તુ અસંખ્યપ્રદેશી છે. ભગવાન આત્મા એક એક આ દેહના પરમાણુથી ભિન્ન, કર્મના રજકણ જડ માટી છે એનાથી ભિન્ન અને પુણ્ય-પાપના, દયા, દાનના વિકલ્પ રાગ પુણ્ય એનાથી ભિન્ન છે. છે કેવો? અસંખ્યપ્રદેશી છે. આખા શરીર પ્રમાણે ભિન્ન દળ અખંડ આનંદ. જેમ એ ભેલી છે, સૂરણનો કંદ... શું કહે છે હિન્દીમાં? સૂરણની ગાંઠ.. ગાંઠ, સૂરણની ગાંઠ છે એમ આત્મા અંદરમાં અસંખ્ય પ્રદેશમાં પહોળો આનંદ અને જ્ઞાનની ગાંઠ છે. આહાહા..! આત્મા કેવો છે એની હજી ખબર ન મળે અને એને ધર્મ થઈ જાય, લ્યો. બહારથી ધર્મ. ધૂળમાંય ધર્મ નથી. સમજાય છે કાંઈ? અનંતકાળથી મરી ગયો. આત્મા શું ચીજ છે એ સમજ્યા વિના અને એનો અનુભવ અને દૃષ્ટિ કર્યા વિના ચોર્યાસી લાખ યોનિના અવતારમાં રખડી રહ્યો છે.

શું કહે છે? '**અંદર બહાર પ્રકાશરૂપ પરિણમી રહ્યો છે.**' એમ કહ્યું ને? અંદર અને બહાર એટલે શું? આત્મા અસંખ્યપ્રદેશ વસ્તુ છે તો અંદરમાં પણ જ્ઞાન અને આનંદ છે અને ચારે બાજુ અંદર ઉપર પણ જ્ઞાન અને આનંદ છે. સૂરણની ગાંઠ છે તો અંદર પણ સૂરણ છે, ઉપર પણ સૂરણ છે, ચારે બાજુ સૂરણ છે. સૂરણની ગાંઠડી છે. એમ ભગવાન આત્મા અસંખ્યપ્રદેશ. આ મધ્યમાં પણ આ માટીથી ભિન્ન અંદર આત્માના પ્રદેશ છે, અરૂપી છે. એ દરેક પ્રદેશમાં અનંત જ્ઞાન અને આનંદ ભરચક ભર્યા છે. એટલા અસંખ્યપ્રદેશી પહોળો છે. પહોળો કહે છે ને? ચૌડા.. ચૌડા. હિન્દી ભાષામાં ચૌડા કહે છે. સમજાય છે કાંઈ? એ અસંખ્યપ્રદેશી ભગવાન આત્મા, ઉપર જુઓ તો પણ આનંદ અને જ્ઞાન છે, મધ્યમાં જુઓ તો પણ આનંદ અને જ્ઞાન, પર્યાયમાં જુઓ તો આનંદ અને જ્ઞાન, ગુણ અને દ્રવ્યમાં જુઓ તો આનંદ અને જ્ઞાન છે. ભારે વાત ભાઈ! સમજાય છે કાંઈ?

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આવો આત્મા અસંખ્યપ્રદેશી પહોળો કહ્યો. જ્ઞાન અને આનંદગુણથી ભરેલો કહ્યો, એનો અંતર્મુખ થઈને સ્વભાવની દૃષ્ટિ, જ્ઞાન અને અનુભવ કરવા એનું નામ મોક્ષનો માર્ગ અને જૈનશાસન કહે છે. પોપટભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ સમજવાની દરકાર પણ કરી નથી ને. કેમ, બાલુભાઈ! રૂપિયા રળવા છે. છોકરા, છોડી ન હોય તો પણ કો'કની પળોજણ કરવી છે. પૈસા નાખવા ક્યાં? લે કો'કનું. ચાલ તું. પણ આ આત્મા શું ચીજ છે? ભગવાન ત્રિલોકનાથ સર્વજ્ઞદેવ દેવાધિદેવ સમવસરણની મધ્યમાં સો ઈન્દ્રની ઉપસ્થિતિમાં દિવ્યધ્વનિ દ્વારા ફરમાવતા હતા. અત્યારે પણ ભગવાન મહાવિદેહ ક્ષેત્રમાં સીમંધર ભગવાન તીર્થંકરપણે બિરાજે છે. કરોડ પૂર્વનું આયુષ્ય છે, પાંચસો ધનુષની મનુષ્યની ઊંચાઈ છે. ભગવાન વર્તમાન તીર્થંકરપણે વર્તમાન બિરાજે છે. સીમંધર પ્રભુ. એ વાણીમાં આમ ફરમાવે છે. સમજાય છે કાંઈ?

અરે..! આત્મા! તારી પહોળાઈ અસંખ્યપ્રદેશી અને તારો ભાવ જ્ઞાન અને આનંદથી ભરેલો છે. એ ગાંઠ હોય છે ને? એક હાથની ગાંઠ, એક હાથ પહોળી. એમાં શું છે? કે એમાં સૂરણના કંદનો ભાવ છે. એમ આત્મા અસંખ્યપ્રદેશી પહોળો છે અને દરેક પ્રદેશમાં બધે જ્ઞાન '**महः**' તેજ પૂર્ણ ઉત્કૃષ્ટ અને અતીન્દ્રિય આનંદથી ભરેલો છે. એવા આત્મદ્રવ્ય ઉપર લક્ષ કરીને એકાકાર થવું તેનું નામ વીતરાગી સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર કહે છે. જમુભાઈ! આ વાડામાં જન્મ્યા હોય એણે સાંભળ્યું પણ ન હોય, ન્યાં આંકડિયામાં. બધે જઈ આવ્યા, રખડી આવ્યા. ધૂળમાંય નથી ક્યાંય. તારી ચીજ કેવી છે? ભગવાન શું કહે છે? એની તને ખબર નથી. ધર્મ ક્યાંથી થાય? ધર્મ તો આત્માનું આનંદસ્વરૂપ, જ્ઞાનનું તેજ આત્મા અંતર્મુખ થઈને જે શાંતિ અને શ્રદ્ધા-જ્ઞાનની દશા થાય તેનું નામ ધર્મ છે. ધર્મ કોઈ જડની ક્રિયામાં (નથી). આ તો માટી છે, એમાં આત્માનો ધર્મ છે? પુણ્ય-પાપના ભાવ છે એમાં આત્માનો ધર્મ છે? સમજાય છે કાંઈ?

વસ્તુ અસંખ્યાત પ્રદેશી છે. વસ્તુ. વસ્તુ એટલે આત્મા. '**જ્ઞાનગુણ બધા પ્રદેશોમાં એકસરખો પરિણમી રહ્યો છે,...**' લ્યો, પરિણમી રહ્યો છે એટલે છે. એ પ્રકાશમૂર્તિ ચૈતન્યપ્રકાશ અસંખ્યપ્રદેશમાં પડ્યો છે. સમજાય છે કાંઈ? સાકરની ભેલી. ક્યાં સફેદાઈ અને મીઠાશ નથી? સાકરની ભેલી હોય ને આવડી? ક્યાં સફેદાઈ અને મીઠાશ નથી? બધામાં પૂરી ભરી છે. એમ આત્મા અસંખ્યપ્રદેશી છે. ક્યાં જ્ઞાન અને આનંદ નથી? આહાહા..! પરિપૂર્ણ અસંખ્યપ્રદેશમાં છે કે બંગલામાં છે? ધૂળના બંગલા છે, આત્માના ક્યાં છે? આ બંગલો છે. અસંખ્યપ્રદેશી તારો બંગલો છે. ભગવાન એમ કહે છે. આ ધૂળના બંગલા તારા ક્યાં? એ તો માટીના છે. પોપટભાઈ! ખરેખર એવું હશે?

મુમુક્ષુ :- કોઈ આવે તો પેસવા ન દે.

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

ઉત્તર :- પેસવા ન દે. અરે..! વગર આજ્ઞાએ ચોર અંદર ગરી જાય, લઈ જાય. પેસવા ન દે શું. ચોર લઈ જાય બધી ચીજ. પૂછીને લેતો હશે ત્યાં કે હું લઈ જાઉં? સૂતો રાખે અને બહુ તો બાંધી દે વળી. જરી ઊંચો નીચો થાય તો દોરડુ ગળે બાંધી દે. શું કહેવાય ઈ? ખાટલાની સાથે. જાગતો હોય તો શું કરે? ઉપડે. જવાની ચીજ હોય એ જાય, રહેવાની હોય એ રહે, શું તારા અધિકારની વાત છે? આહાહા..!

આ તો કહે છે કે તું કેટલા પ્રદેશમાં પહોળો છો? અને કેટલા ગુણથી ભરેલો છો? તારામાં રાગ-દ્વેષ, પુણ્ય-પાપ અંદર નથી. નવા ઉત્પન્ન કરે છે વિકલ્પ કરીને કે આ મેં કર્યું, આ મેં કર્યું. વિકલ્પ વાસના, શુભ-અશુભ વાસના. એ અંદર નથી ભરી. સમજાય છે કાંઈ? અંતરમાં અસંખ્યપ્રદેશમાં જ્ઞાન અને આનંદથી ભરેલો આત્મા અરૂપી જ્ઞાનઘન (છે). સાકરની મૂર્તિ-પૂતળી જેમ હોય, બીબુ કાઢી નાખો તો, એમ આ શરીર, વાણી, મનના બીબાનું લક્ષ છોડી દો તો અંતરમાં ચૈતન્ય શરીર પ્રમાણે, સાકર નામ આનંદ અને સફેદાઈ નામ જ્ઞાન શુદ્ધ, એનાથી પરિપૂર્ણ આત્મા ભર્યો છે. કદી વિચારેય કર્યો નથી, સાંભળ્યું નથી. કદી વિચાર નથી કર્યો કે હું કોણ છું? એ બંગલામાં રહેતો નથી, પૈસામાં રહેતો નથી, શરીરમાં રહેતો નથી, પુણ્ય-પાપના ભાવમાં (રહેતો નથી). આહાહા..!

**'જ્ઞાનગુણ બધા પ્રદેશોમાં...'** અસંખ્યપ્રદેશમાં. અંગૂઠાથી માથા સુધી જે અરૂપી જ્ઞાનઘન પૂતળી છે. સમજાય છે કાંઈ? જેમ બરફની પાટ હોય, બરફની પાટ ત્રણ-ચાર હાથની હોય છે ને? પાટ હોય છે ને? એમ આત્મા અંદર જ્ઞાન અને આનંદની પાટ પરિપૂર્ણ દ્રવ્યમાં પડી છે. ભગવાન જાણે (ક્યાં હશે). ભગવાન તો જાણે છે, કહે છે. સાંભળ તો ખરો, સમજ તો ખરો તું. તારી ચીજ શું છે અને ક્યાં નજર કરવાથી ધર્મ થશે. બહાર નજર કરી કરીને તો મરી ગયો અનંતકાળથી. અહીં તો ઈન્દ્રિયનું જ્ઞાન પણ જ્ઞાન નહિ અને ધર્મ નહિ. સમજાય છે કાંઈ? પરલક્ષે જેટલા શુભ અને અશુભ ભાવ થાય છે એ પણ ધર્મ નહિ, એ તો વિકાર છે.

**'જ્ઞાનગુણ બધા પ્રદેશમાં એકસરખો પરિણમી રહ્યો છે, કોઈ પ્રદેશમાં વધ-ઘટ નથી.'** વધ-ઘટ નથી. બરફની ત્રણ હાથ લાંબી પાટ હોય ને? તો ક્યાં ઠંડાઈ નથી? ક્યાં સફેદાઈ નથી? એમ શરીર પ્રમાણે અરૂપી આત્માની.. શું કીધું? બરફની પાટ. અરૂપી આત્માની પાટ ચૈતન્યઘન એ બધા અસંખ્યપ્રદેશમાં જ્ઞાન અને આનંદ પૂર્ણ એકસરખો ભર્યો છે. ક્યાંય વધ-ઘટ નથી કે અહીં પ્રદેશમાં થોડા છે અને આ પ્રદેશમાં વિશેષ છે. અહીં પ્રદેશ છે ને? શરીરથી ભિન્ન. એ સાકરની પૂતળી છે એમાં ઉપર મીઠાશ અલ્પ છે, વચ્ચે મીઠાશ થોડી છે, ઉપર સફેદ થોડી છે, વચ્ચે સફેદ વિશેષ છે એમ નથી. એમ આત્મા અસંખ્ય પ્રદેશી પહોળો એમાં જ્ઞાન અને આનંદની ક્યાંય વધ-ઘટ નથી. પરિપૂર્ણ જ્ઞાન અને આનંદથી ભરેલો છે. આહાહા..! એ આત્મા ઉપર અંતર દૃષ્ટિમાં અનુભવમાં વિશ્વાસ કરવો તે આ

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


હું છું, પુણ્ય-પાપના વિકલ્પ એ હું નહિ. શરીર, વાણી, મન જડ તો હું છું જ નહિ. એમ આત્મામાં અંતર દૃષ્ટિ અનુભવ કરવો, જ્ઞાન કરવું, એમાં લીન થવું એનું નામ વીતરાગ માર્ગ અને મોક્ષનો માર્ગ છે. સમજાય છે કાંઈ? **'કોઈ પ્રદેશમાં વધ-ઘટ નથી.'**

**'વળી કેવો છે?' 'सहजं' 'સ્વયંસિદ્ધ છે.'** એનો કોઈ કર્તા-હર્તા નથી. કોઈ ઈશ્વર-બિશ્વર નથી કે એણે આત્માને બનાવ્યો છે. સમજાય છે કાંઈ? સ્વયંસિદ્ધ છે. સ્વયં પોતાથી અનાદિઅનંત છે. આત્મવસ્તુ આદિ અને અંત વિનાની. આત્મા કદી ઉત્પન્ન થતો નથી, આત્માનો કદી નાશ થતો નથી. આત્માના સ્વભાવ રહિત કોઈ દી થતો નથી. વિકાર કરો તો વિકાર કરો, પણ અંતરનો સ્વભાવ તો પરિપૂર્ણ ભરેલો છે. **'સ્વયંસિદ્ધ છે. વળી કેવો છે?' 'उद्विलासं' 'પોતાના ગુણ-પર્યાયે ધારાપ્રવાહરૂપ પરિણમે છે.'** ભગવાન આત્મા અસંખ્યપ્રદેશમાં જ્ઞાન અને આનંદ આદિ અનંતગુણથી ભરેલો છે. આ તો બે ગુણ કહ્યા. કેમ કે લોકોને આનંદની પિપાસા છે ને તો આનંદ કહ્યું. જ્ઞાનની પિપાસા છે. પૂર્ણ જ્ઞાન થાય તો બધાને જાણે એટલે જ્ઞાન કહ્યું. **'પોતાના ગુણ-પર્યાયે...'** પોતામાં એવા અનંત ગુણ છે. જ્ઞાન અને આનંદ બે જ નહિ, અનંતગુણ આત્માની અંદર છે. એક સમયમાં અત્યારે. અનંત ગુણ અને પર્યાય. પર્યાય નામ અવસ્થા. એવો **'ધારાપ્રવાહરૂપ પરિણમે છે.'** અંતર દૃષ્ટિ કરવાથી એ વસ્તુ જ્ઞાન અને આનંદરૂપ છે. એમ દૃષ્ટિ કરવાથી અનંતગુણ અને પર્યાયરૂપે પરિણમી રહ્યો છે, એવી એ વસ્તુ છે. વિકારરૂપે પરિણમે એ આત્મા નહિ. સમજાય છે કાંઈ? અરે..! વાતેય ભારે મોટી લાગે. આ તો હજી એકડાની છે. હજી તો સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવામાં, ધર્મની પહેલી (સીઢી) સમ્યગ્દર્શન, પછી ચારિત્ર. તો સમ્યગ્દર્શનમાં આવો આત્મા છે એમ અંતરમાં પ્રતીત કરે તો સમ્યગ્દર્શન થાય છે. સમજાય છે કાંઈ? પછી સ્વરૂપમાં ઘણી લીનતા કરવી એ ચારિત્ર છે. એ ચારિત્ર અને દર્શન એ આત્મા છે. આત્માથી કોઈ ભિન્ન વસ્તુ નથી. સમજાય છે કાંઈ?

**'उद्विलासं'** આમાં જ છે ને આગળ? આ ચાકળો છે, ભાઈ જુઓ! આ ચાકળો છે એનો, જુઓ! તે જ ઉત્કૃષ્ટ તેજ પ્રકાશ અમને હો કે જે તેજ સદાકાળ ચૈતન્યના પરિણમનથી ભરેલું છે. એ આ કળશનો, આ કળશનો અર્થ છે. જુઓ! આત્મખ્યાતિ નીચે લખ્યું છે. છે ને? આત્મખ્યાતિ એટલે સંસ્કૃત ટીકા. એ આ કળશનો અર્થ ભર્યો છે કળશમાં. અહીં આ બધા વીતરાગના ટ્રેડ માર્ક છે. સૌને દુકાન ઉપર હોય ને? આત્મા કેવો? આ બધા લખાણ મફતમાં નથી. ભીંતની શોભા માટે નથી. આ ૧૪મો કળશ છે ને? અંદર આવ્યું ને? અમને હો, અમને એ વસ્તુ હો. તે ઉત્કૃષ્ટ તેજ પ્રકાશ અમને હો. આપણી ગુજરાતી છે. તેજ પ્રકાશ અમને હો. એ અહીં આવ્યું, જુઓ!

**'પોતાના ગુણ-પર્યાયે ધારાપ્રવાહરૂપ...'** એકરૂપ વસ્તુ આત્મા અખંડ અને એના ગુણો પણ અખંડ એક. એના ઉપર દૃષ્ટિ કરવાથી ધારાપ્રવાહરૂપ પર્યાય પરિણમે છે. વસ્તુ તરીકે

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જુઓ તો ધારાપ્રવાહ એવોને એવો અખંડ આનંદ પડ્યો છે. એના ઉપર દૃષ્ટિ કરવાથી વિકાર, પુણ્ય-પાપ, શરીર, સંયોગનું લક્ષ છોડીને અંતર્મુખ દૃષ્ટિ કરવાથી એ આત્મા જ્ઞાન, આનંદાદિ ગુણથી-શક્તિથી પૂરો અનાદિ પર્યાયથી પણ પ્રવાહરૂપ ભરેલો છે. સમજાય છે કાંઈ? અનાદિની શક્તિ પડી છે નિર્મળ થવાની. દૃષ્ટિ કરે તો સદા નિર્મળ થાય છે.

ઓહોહો..! વાહ! આત્મા જ ભગવાન છે! ભગવાન પરમાત્મા થાય છે એ ક્યાંથી થાય છે? કેવળી વીતરાગ થયા એ ક્યાંથી થયા? શરીરમાંથી થયા જડમાંથી? રાગમાંથી થયા? સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ અરિહંત અને સિદ્ધ થાય એ ક્યાંથી થયા? અંતરાત્મામાં પરિપૂર્ણતા ભરી છે એમાં એકાકાર થઈને દશામાં અરિહંત અને સિદ્ધ ભગવાન થયા છે. કહો, ધીરૂભાઈ! સમજાય છે કે નહિ આ? નાગ્નેશમાં હતું આ? નથી ક્યાંય? પૈસા હતા નાગ્નેશમાં. એ પૈસા કહેવાતા નાગ્નેશમાં. નાના ગામમાં પૈસા હોય તો પૈસાવાળા કહેવાય કે નહિ? એઈ..! આ ડોસા કહેવાતા. ચાલીસ હજાર, એંસી હજાર. કસ્તુરભાઈ હતા ને ઝોબાળિયા. બધાને જોયેલાને. પૈસાવાળા કહેવાય ગામમાં. કસ્તુરભાઈ એટલે..! આ કહે છે, પૈસાવાળો જ આત્મા નથી.

મુમુક્ષુ :- તો ક્યા વાળો છે?

ઉત્તર :- આ જ્ઞાન અને આનંદવાળો છે. વાતેય ભારે ભાઈ! ભગવાન ત્રિલોકનાથ પરમેશ્વર વીતરાગદેવ ફરમાવે છે કે અરે.. આત્મા! તારામાં તો ચૈતન્યપ્રકાશ અને આનંદગુણવાળો તું તો છો. પુણ્ય-પાપ વિકલ્પ થાય છે એ પણ તારા નથી તો વળી બહારની ધૂળ ક્યાંથી આવી અંદર? સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :-

ઉત્તર :- પ્રેમ છે ને પ્રેમ. એક વાર ગાળ દીધી હોય સરખી તો ગાંઠે બાંધી રાખે. એમાં લગ્નનો પ્રસંગ હોય, પાંચ-પચ્ચીસ હજાર ખર્ચવા હોય. એમાં જમાઈ હોય કાંઈક વાંકો. અને ખરે ટાણે ભૂલ કાઢીને આપે, નથી મોકલવી તમારી દીકરીને, જાઓ. પણ આ લગ્નનો પ્રસંગ છે. નથી મોકલવી. તમે મને એકવાર એવી ગાળ દીધી હતી. પણ હવે અત્યારે.. એ.. જયંતિભાઈ! જોયા છે કે નહિ? જમાઈ એવા હોય. અમને તો બધા અનુભવ છે ને, બધી ઘણી ખબર છે. ટાણે આવીને મૂકે, લાવો અત્યારે દસ હજાર. અત્યારે આપો. નહિતર તમારી દીકરીને મોકલશું નહિ. તમારા લગ્ન બગડશે. અમારાથી શોભા હતી એ શોભા તમારા મંડપની નહિ રહે. હવે સાંભળને. જયંતિભાઈ! ત્યાં વાંકા કાઢે. ઈ ગાંઠે બાંધે. ખરે ટાણે ગાળ દીધી હતી મને. પણ આ ગુણસ્વરૂપ છો, આનંદસ્વરૂપ છો એને તેં ગાંઠે બાંધ્યું? સમજાય છે કાંઈ? એની શ્રદ્ધા-જ્ઞાન કર્યા? એની કાંઈ ખબરેય ન મળે અમને શું છે? ધર્મ તો કરવો છે, પાળો દયા ને કરો વ્રત. ધૂળમાંય ધર્મ નથી. સાંભળને! સરખી દયાનો ભાવ હોય તો શુભ છે. શું પરની દયા પાળી શકે છે? એ તો સ્વતંત્ર પદાર્થ છે. એનું આયુષ્ય હોય તો જીવ, આયુષ્ય ન હોય તો મરે. એ તો એને કારણે છે. તારે કારણે છે? સમજાય

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે કાંઈ? ગાળને ગાંઠે બાંધે.

એક ફેરી કહ્યું હતું ને? ખસમાં હતું, ખસમાં. ભાઈ! બે કાઠી. સાળા અને બનેવી. એમાં બનેવીએ સાળાને કોઈ વખતે જરી કીધું હશે. ગાળ દીધી હોય ગાળ. એમાં એનો બનેવી ખાતો હતો, જમતો હતો અને એની બહેન રોટલી રાંધતી હતી. આ ગયો. આવો આપા, આવો. એમ કરીને બનેવીએ (આવકાર આપ્યો). એને બિચારાને ખબર નહિ કે આ મારી નાખવા આવ્યો છે. ઓલી ગાળ કોઈ વખતે દીધેલી. ઈ આમ છરો લઈને આવેલો. આ ખસ છે ને, અહીં બોટાદ પાસે. એટલે બનેવીએ કહ્યું, આવો આપા. આપા કહે ને કાઠીને. આવીને જોડે બેઠો. એની બહેન રોટલી રાંધતી હતી, આ ખાતો હતો. છરો કાઢ્યો ને હુલાવ્યો. એની બહેન કહે, અં.. આ શું? ખરે ટાણે મારું અપમાન કર્યું હતું. આ બાંધી રાખે. પણ તારી ચીજ શું છે? શું સમજાવે છે? એની ગાંઠ-એની રુચિ કરવી. એ આપણને કાંઈ ખબર ન પડે. મૂઢની ખબર પડે. મારી નાખ્યો ત્યાં. ખાતો હતો. હાય.. હાય..! મડદું. જીવણલાલજી ખસના હતા ને? સગો સાળો, હોં! બનેવીને મારી નાખ્યો. અનાદિ કાળનું અપમાન એને લાગે. પણ આ તારું માન અંદરમાં છે. તારી ચીજની શ્રદ્ધા તેં અનંતકાળમાં કરી નથી. ક્રિયાકાંડ કરીને મરી ગયો પણ આત્મા શું ચીજ છે એનો અંતરમાં વિશ્વાસ, અનુભવ અને સમ્યગ્દર્શન કર્યા નહિ.

કહે છે કે તારો આત્મા અનંત અનંતગુણથી ભરેલો અને પર્યાયથી પરિણમન કરવાની તાકાતવાળો દૃષ્ટિ કર તો ધારાવાહી પર્યાય પરિણમે એવો તારો આત્મા છે. **'વળી કેવો છે?'** 'महः' જુઓ! 'महः' ઉપર લીધું છે ને બધું? બીજી લીટીમાં છે ને? 'महः'. આહાહા..! **'જ્ઞાનપુંજ...'** એ તો જ્ઞાનનો પુંજ છે. જેમ રૂનો ઢગલો હોય ને? રૂનો મોટો ઢગલો. રૂની ગાંસડી. શું કહેવાય આ? ધોકડું, રૂનું ધોકડું. એમ આ ભગવાન આત્મા જ્ઞાનનું ધોકડું છે અંદર. ભગવાન જાણે ક્યાં આમાં અંદર પડતી નથી. ઓલો છોકરો કહેતો હતો ને બિચારો? નહોતો કહેતો જામનગરવાળો? બહુ આત્માની વાત આવે તો બિચારે સાત વર્ષનો છોકરો કહે, એક છોકરો હતો, બલુભાઈ! સાત વર્ષનો છોકરો. પોર પરાર ગયા હતા ને? એ સાત વર્ષનો છોકરો ઊભો થઈ ગયો. મહારાજ! તમે આત્મા આવો, આત્મા આવો જુઓ એમ કહો છો. આંખી મીંચીએ તો અંધારુ દેખાય છે. સાત વર્ષનો છોકરો. પણ સાંભળ તો ખરો. હજી શું ચીજ છે એને સમજ્યા વિના આંખમાં અંધારા જ દેખાય ને. જયંતિભાઈ! આત્માની વાત આવે. સાત વર્ષનો બાળક છે. ત્રંબકભાઈનો દીકરો છે. ઊભો થઈ ગયો, ઊભો થઈ ગયો. પ્રભુ! આપ કહો છો કે આત્માને જુઓ! શું જુએ? આંખી મીંચીએ તો અંધારુ દેખાય છે. પછી જવાબ આપ્યો કે ભાઈ! અંધારાને પ્રકાશ દેખે કે અંધારાને અંધારુ દેખે? કોણ દેખે છે અંધારાને? અંધારું છે એ જોવે છે કોણ? શું અંધારામાં અંધારુ દેખાય છે? ચૈતન્યપ્રકાશના તેજમાં આ અંધારુ દેખાય છે. તને ચૈતન્યપ્રકાશ કોણ છે એની ખબર નથી. જયંતિભાઈ!

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


બાળકને શું કહે? ઈ કહે કે આંખ મીંચીએ તો (અંધારુ દેખાય છે). તને ખબર નથી શું ચીજ અંદર ક્યાં છે. કોઈ દી પ્રયાસ કર્યો નથી, કદી લક્ષમાં લીધું નથી.

પ્રકાશ ચૈતન્યપ્રકાશમાં અંધારુ દેખાય છે. અંધારુ છે ને? કાળું કાળું. તો એ કાળામાં કાળું નથી દેખાતું. કાળું કાળામાં નથી દેખાતું. પ્રકાશ ચૈતન્યનો છે એમાં કાળું દેખાય છે. એમ પ્રકાશ અને કાળું બે ભિન્ન ચીજ અંદર છે. જયંતિભાઈ! સાત વર્ષના બાળકને વિચાર આવ્યો. મહારાજ કહે છે, આત્મા આવો, આત્મા આવો. આંખ મીંચીએ તો બધું કાળું કાળું દેખાય છે. કાળું કાળું દેખાય છે. બાલુભાઈ! પ્રશ્ન તો બરાબર છે કે નહિ? અને આવી વાત તમે કરો, આવો આત્મા, આવો આત્મા. ભગવાન કહે છે. ભગવાન! તેં કદી એ અંધારું અને પ્રકાશ બે ચીજ અંદર છે. પ્રકાશની અસ્તિમાં, ચૈતન્યના પ્રકાશની મોજૂદગીમાં અંધારુ દેખાય છે. અંધારાની મોજૂદગીમાં અંધારુ નથી દેખાતું. તને ખબર નથી. ચૈતન્યપ્રકાશના પુંજની મોજૂદગીમાં અંધારુ દેખાય છે. એ ચૈતન્યપ્રકાશનું નુર એ આત્મા છે. સમજાય છે કાંઈ?

ઈ અહીંયા કહે છે, જુઓ! કેવું છે તેજ? '**सकलकालम् एकरसम् आलम्ब्ते**'. 'ત્રણે કાળ...' જ્ઞાન અને આનંદના રસથી જેનું આલંબન છે, એનાથી ચેતનસ્વરૂપ ટકી રહ્યું છે. સમજાય છે? '**सकलकालम्**' '**ત્રણે કાળ એકરસ...**' જ્ઞાનરસ, આનંદરસ એ સ્વરૂપ છે. '**ચેતનાસ્વરૂપને...**' '**જે જ્ઞાનપુંજ... ત્રણે કાળ... ચેતનાસ્વરૂપને આધારભૂત છે.**' જુઓ! શું કહ્યું? '**सकलकालम् एकरसम् आलम्ब्ते**' જે જ્ઞાનપુંજ ત્રિકાળ ચેતનાસ્વરૂપને આધારભૂત છે. એ તેજ પ્રકાશ એ ચેતનાસ્વરૂપને આધાર છે. રાગ-બાગ એનો આધાર છે એમ નથી. આહાહા..! ચેતનાસ્વરૂપને પ્રકાશ-જ્ઞાનપુંજ આધાર છે. એ જ્ઞાનનો પુંજ આત્મા, ચેતનાસ્વરૂપનો જ આધાર છે. શું કહે છે સમજાય છે? ભગવાન જ્ઞાનપુંજ આત્મા, જ્ઞાનનો પુંજ આત્મા ત્રિકાળ એકરૂપ રહે છે. એ ચેતનાસ્વરૂપને આધારભૂત છે. જાણવું-દેખવું એવા સ્વભાવનો જ્ઞાનપુંજ આત્મા જ આધાર છે. એનો આધાર રાગ-દ્વેષ ને પુણ્ય ને શરીર, કર્મ નથી. ભારે વાતું ભાઈ. વાતે વાતે ફેર. 'આનંદ કહે પરમાનંદા માણસે માણસે ફરે, એક લાખે મળે નહિ ને એક ત્રાંબિયાના તેર.' એમ અહીં કહે છે, જ્ઞાની કહે છે અજ્ઞાની સાથે અમારે અને તારે વાતે વાતે ફેર. જયંતિભાઈ! એક્કેય વાતનો ક્યાંય મેળ નથી.

કહે છે, '**यत् महः**' નામ જ્ઞાનપુંજ ભગવાન આત્મા ત્રિકાળ જ ચેતનાસ્વરૂપનો આધાર છે. આ તો આધાર આધેયની જરી વાત કરી, ભાઈ! શું કહ્યું? ચેતનાસ્વભાવ ચેતનાસ્વરૂપ જાણવું-દેખવું સ્વરૂપ, એનો આધાર એક જ્ઞાનપુંજ દ્રવ્ય છે, જ્ઞાનપુંજ દ્રવ્ય આધાર છે. એ દ્રવ્ય આધાર છે. જ્ઞાનપુંજનો આધાર બીજી કોઈ ચીજ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? '**सकलकालम् एकरसम् आलम्ब्ते**'. '**જે જ્ઞાનપુંજ ત્રણે કાળ એકરસને...**' એકરસની વ્યાખ્યા કરી. '**ચેતનાસ્વરૂપ...**' એકરસ એટલે. જ્ઞાન-દર્શનસ્વરૂપ. એનો આધાર જ્ઞાનપુંજ એવી વસ્તુ. આત્મા સર્વ કાળ એનો આધાર છે. લ્યો, આલંબન છે, આધારભૂત છે. પોતાના

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જ્ઞાનપુંજ જ્ઞાનસ્વભાવનો આધાર જ્ઞાનપુંજ આત્મા છે. એ સ્વભાવનો આધાર સ્વભાવવાન છે. એનો આધાર કોઈ રાગ-દ્વેષ અને પુણ્ય-પાપ નથી. ભારે વાત ભાઈ! ભારે એટલે તોલવાળી હશે આ વાત?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- વસ્તુ છે ને. અનાદિઅનંત. આદિ નહિ, અંત નહિ એવી ચીજ સત્તા સત્ મહા હોવાવાળો પદાર્થ, હોવાવાળો. એકલા ચૈતન્યપ્રકાશનું નુર. નજર વિના એ નજરે ક્યાંથી ચડે? સમજાય છે કાંઈ? અને નજર કરવાલાયક છે એવું કદી એણે સાંભળ્યું નથી. બહાર ઈન્દ્રિયજ્ઞાન આમ કરતાં કરતાં કરતાં ચાર ગતિમાં ચોર્યાસી લાખમાં રખડે છે. કહો, સમજાય કે કાંઈ?

**'ચેતનાસ્વરૂપને આધારભૂત છે.'** ભગવાન આત્મા જાણવું-દેખવું ચેતનાસ્વરૂપનો આધાર એ ચેતન છે. અરે..! એક એક શબ્દનો (અર્થ કરે છે). **'કેવો છે એકરસ?'** વળી પાછો કેવો છે એકરસ. **'चिदुच्छलननिर्भरं' '(चित्)' 'જ્ઞાન...' '(उच्छलन)' 'પરિણમનથી ભરિતાવસ્થ છે.'** લ્યો, આ પરિણમનથી ભરેલું છે. પરિણમન એટલે એનો ત્રિકાળ સ્વભાવ. એનાથી ભરિતાવસ્થ, ભરિતાવસ્થ. જેમ કળશો હોય, કળશો પાણીથી ભરેલો હોય છે. કળશો.. કળશો. શું કહે છે? લોટો. પાણીથી ભરેલો ભિન્ન છે. એમ ભગવાન આત્મા જ્ઞાન અને આનંદના પરિણમનથી ભરિતાવસ્થ છે. અવસ્થ નામ ત્રિકાળ છે. ત્રિકાળ જ્ઞાન અને આનંદથી ભરેલો અવસ્થિત પદાર્થ આત્મા છે. કહો, સમજાય છે કાંઈ? વળી કહે છે, **'કેવો છે એકરસ?'** એકરસની વાત કરીને પહેલા? ચેતનાસ્વરૂપ. ચેતનાસ્વરૂપ કેવું છે? કે ત્રિકાળ આત્મામાં ભરેલો છે. કેવો છે એકરસ?

**'लवणखिल्यलीलायितम्'** લવણ નામ **'ક્ષારરસની કાંકરી...'** આ મીઠાની કાંકરી. મીઠુ મીઠુ. લવણ.. લવણ. લવણની કાંકરી છે ને, ઈ ક્ષારરસથી ભરેલી છે. લવણની કાંકરી ક્ષારરસ ક્યાં નથી? ડલ્લી. ઉપર નીચે ક્ષારરસથી ભરેલી છે. એમ ક્ષારરસની કાંકરી. કાંકરી સમજ્યાને? હિન્દીમાં કાંકરી કહે ને? કાંકરી દેખાય. **'પરિણતિ સમાન જેનો સ્વભાવ છે.' 'लीलायितम्'.** પોતાનો ક્ષારરસથી ભરેલું જેમ લવણ છે, એમ આત્મા જ્ઞાન અને આનંદથી ભરેલો આત્મા છે. આત્માની વાત (સાંભળતા) એને મહિમા આવતી નથી. કેવો **'महः' 'महः'** તેજ. કહો, સમજાય છે કાંઈ? **'लीलायितम्'** જેની લીલા છે. લીલા એટલે જ્ઞાનની પરિણતિ સમાન જેનો સ્વભાવ છે તે એની લીલા છે. જ્ઞાન અને આનંદ જેની લીલા છે.

**'ભાવાર્થ આમ છે...'** જુઓ! **'પરિણતિ સમાન જેનો સ્વભાવ છે.'** કાંકરી જેમ એવી ને એવી રહે છે ને? એમ જેનો જ્ઞાન અને આનંદ સ્વભાવ છે એ, એવો ને એવો છે. **'ભાવાર્થ આમ છે કે જેવી રીતે લવણની કાંકરી સર્વાંગેય ક્ષાર છે...'** મીઠાની કાંકરી સંર્વાગે ક્ષાર.. ક્ષાર.. ક્ષાર છે **'તેવી રીતે ચેતનદ્રવ્ય સર્વાંગેય ચેતન છે.'** ભગવાન

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com


Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આત્મા સર્વાંગ અસંખ્યપ્રદેશ સર્વ પ્રકારે એકલો જ્ઞાન અને આનંદથી ભરેલો આત્મા છે. એની અંતરમાં દૃષ્ટિ કરવી, અનુભવ કરવો, જ્ઞાન કરવું, સ્થિરતા કરવી તે જ મોક્ષનો માર્ગ અને તે જ જૈનશાસન છે. સમજાય છે કાંઈ?

તેવી રીતે ચેતનપદાર્થ ભગવાન આત્મા સર્વાંગેય ચેતન છે. બધા પ્રદેશમાં કોઈ અંગ, કોઈ અવયવ જ્ઞાનાનંદથી ખાલી છે એમ નથી. એવા આત્માની અંતર્મુખ થઈને દૃષ્ટિ કરવી તેની અનુભવમાં દૃષ્ટિ કરવી. તેનું જ્ઞાન, અંતરમાં એનું જ્ઞાન, બીજાનું નહિ અને એ આત્મામાં એકાકાર થવું એનું નામ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર છે. તે જ મોક્ષનો માર્ગ અને ધર્મ છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)




Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


વીર સંવત-૨૪૯૧, ફાગણ વદ ૯, શુક્રવાર,
તા. ૨૬-૩-૧૯૬૫, કલશ-૧૫-૧૬
પ્રવચન નં. ૨૦

(અનુષ્ટુપ)

एष ज्ञानघनो नित्यमात्मा सिद्धिमभीप्सुभिः।
साध्यसाधकभावेन द्विधैकः समुपास्यताम्।।१५।।

ખંડાન્વય સહિત અર્થ :—"सिद्धिमभीप्सुभिः एषः आत्मा नित्यम् समुपास्यताम्" (सिद्धिम्) સકળકર્મક્ષયલક્ષણ મોક્ષને (अभीप्सुभिः) ઉપાદેયપણે અનુભવનારા જીવોએ (एषः आत्मा) આ આત્માને અર્થાત્ ઉપાદેય એવા પોતાના શુદ્ધ ચૈતન્યદ્રવ્યને (नित्यम्) સદા કાળ (समुपास्यताम्) અનુભવવો. કેવો છે આત્મા? 'ज्ञानघनः' (ज्ञान) સ્વ-પરગ્રાહકશક્તિનો (घनः) પુંજ છે. વળી કેવો છે? 'एकः' સમસ્ત વિકલ્પ રહિત છે. વળી કેવો છે? "साध्यसाधकभावेन द्विधा" (साध्य) સકળકર્મક્ષયલક્ષણ મોક્ષ, (साधक) મોક્ષનું કારણ શુદ્ધોપયોગલક્ષણ શુદ્ધાત્માનુભવ (भावेन) એવી જે બે અવસ્થા, તેમના ભેદથી, (द्विधा) બે પ્રકારનો છે. ભાવાર્થ આમ છે કે એક જ જીવદ્રવ્ય કારણરૂપ પણ પોતામાં જ પરિણમે છે અને કાર્યરૂપ પણ પોતામાં જ પરિણમે છે, તેથી મોક્ષ જવામાં કોઈ દ્રવ્યાન્તરનો સહારો નથી, માટે શુદ્ધ આત્માનો અનુભવ કરવો જોઈએ. ૧૫.

## કલશ-૧૫ ઉપર પ્રવચન

ટીકા. એમાં જીવ અધિકારનો ૧૫મો કળશ છે. ૧૫-૧૫. ૧૪ પૂરા થયા.

(અનુષ્ટુપ)

एष ज्ञानघनो नित्यमात्मा सिद्धिमभीप्सुभिः।
साध्यसाधकभावेन द्विधैकः समुपास्यताम्।।१५।।

'ખંડાન્વય સહિત અર્થ :—' શું કહે છે? 'सिद्धिम्' નામ 'સકળકર્મક્ષયલક્ષણ મોક્ષને...' '(अभीप्सुभिः)' 'ઉપાદેયપણે અનુભવનારા જીવોએ...' શું કહ્યું? જેને બધા કર્મનો ક્ષય થાય એવી જે આત્માની મોક્ષદશા, એ મોક્ષના અભિલાષી જીવોએ... સમજાણું કાંઈ? 'સકળકર્મક્ષયલક્ષણ મોક્ષ...' મોક્ષની વ્યાખ્યા કરી-સિદ્ધિ. સિદ્ધિ એટલે મોક્ષ. મોક્ષ એટલે? બધા કર્મોનો ક્ષય થવો અને આત્માની પૂર્ણ આનંદ અને શુદ્ધ દશા પ્રગટ થવી

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

એવી જે સિદ્ધિ એટલે કે મોક્ષ. એને ઉપાદેયપણે અંગીકાર કરવાના અનુભવવાળા જીવે શું કરવું? એ વાત કહે છે. નક્કી પહેલું કરવું જોઈએ કે એને મોક્ષની ભાવના છે? કે બંધની ભાવના છે? કે રખડવાની ભાવના છે કે પુણ્યની ભાવના છે?

મુમુક્ષુ :- પુણ્યથી ધર્મ થાય ને?

ઉત્તર :- ધૂળમાંય નથી એ બધા. પુણ્ય તો રાગ છે.

અહીં તો '**સકળકર્મક્ષયલક્ષણ મોક્ષ...**' પુણ્ય અને પાપભાવ અને જડ બધાના નાશરૂપી જે મોક્ષ. એવા જે મોક્ષના '**ઉપાદેયપણે અનુભવનારા...**' એ મોક્ષ જ આદરણીય છે, અંગીકાર કરવા લાયક છે, પ્રગટ કરવા લાયક છે. એમ જેને ઉપાદેયરૂપ એ મોક્ષભાવ જ અંગીકાર કરવા લાયક છે. એવો જે અનુભવ કરવાવાળા જીવોને. એનો અર્થ એ થયો કે જેને સંસારની ભાવના જોઈતી નથી, રાગ નહિ, પુણ્ય નહિ, નિમિત્ત નહિ, સંયોગ નહિ. બધા કર્મના નાશરૂપી લક્ષણવાળું એવી જે આત્માની પૂર્ણ આનંદ શુદ્ધ દશા એ જ મારે અંગીકાર કરવા અને પ્રાપ્ત કરવા લાયક છે. એવી જેને અભિલાષા છે એ '**ઉપાદેયપણે અનુભવનારા જીવોએ...**' શું કરવું? એણે શું કરવું?

'**एषः आत्मा नित्यम् समुपास्यताम्**' '**एषः आत्मा**' '**ઉપાદેય એવા પોતાના શુદ્ધ ચૈતન્યદ્રવ્યને...**' આ શુદ્ધ વસ્તુ. પુણ્ય-પાપના રાગ વિનાની પૂર્ણ શુદ્ધ ચૈતન્યદ્રવ્ય વસ્તુ, અનંતગુણરૂપ સ્વભાવથી ભરેલું તત્ત્વ દ્રવ્યસ્વભાવ, એવો જે ચૈતન્યદ્રવ્ય જે આત્મા '**ઉપાદેય એવા પોતાના શુદ્ધ ચૈતન્યદ્રવ્યને...** ' એવો '**नित्यम्**' નામ '**સદાકાળ અનુભવવો.**' જેને મોક્ષ નામ પરમ સુખી દશા અને કર્મના ક્ષયના નાશરૂપ દશા, એવી મોક્ષની જેને ઉપાદેયપણે બુદ્ધિ થઈ છે. મોક્ષ મારે કરવો છે. એમ જેને ઉપાદેયબુદ્ધિ થઈ છે એણે શું કરવું? કે '**एषः आत्मा**' આ આત્મા '**एषः**' આ. '**आत्मा**' એટલે '**પોતાના શુદ્ધ ચૈતન્યદ્રવ્યને...**' '**एषः**' '**ઉપાદેય...**' એ જ અંતરમાં ઉપાદેયનો અર્થ તેના તરફ સાવધાની કરવા જેવું છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા પૂર્ણ આનંદઘન, જ્ઞાનઘન સ્વભાવ, એના સન્મુખ દૃષ્ટિ કરવી એનું નામ ચૈતન્યદ્રવ્યરૂપી આત્મા એણે ઉપાદેયપણે અંગીકાર કર્યો એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

'**एषः आत्मा**' વસ્તુ તરીકે ચૈતન્યદ્રવ્ય, ચૈતન્યદ્રવ્ય. જેમાં જ્ઞાન, દર્શન, આનંદ આદિ ભર્યા એવું ચૈતન્યદ્રવ્ય-વસ્તુ, એની સન્મુખતા નિત્ય કરવા જેવી છે. કોઈ સમય પણ અંદર વિકલ્પ આદિ આવે તો એની સન્મુખતા કરવા જેવું નથી. લ્યો! સમજાણું? પોતાનું નિજદ્રવ્ય વસ્તુ જ્ઞાન, આનંદ આદિ શુદ્ધ તત્ત્વ-ભાવ-સ્વભાવ એને ઉપાદેયપણે સદાકાળ અનુભવવો. વચમાં પુણ્ય અને વ્યવહારરત્નત્રયનો વિકલ્પ આવે એને ઉપાદેયપણે અંગીકાર ન કરવો. એનો અર્થ થયો ને? આહાહા..! નાસ્તિની વાત અહીં કરી નથી. અસ્તિની વાત અહીં કરી. એક સેકન્ડના અસંખ્યભાગમાં ચૈતન્યજ્યોતિ, ચૈતન્યસૂર્ય, પૂર્ણ ચૈતન્ય પદાર્થ એને અંતરમાં, લક્ષમાં,

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ધ્યેયમાં લેવો, એના તરફની સાવધાની કરવી, એણે ચૈતન્યદ્રવ્યને ઉપાદેય અંગીકાર કરવા જેવો એણે જાણ્યો. સમજાણું કાંઈ? સદાકાળ.

એક મોક્ષની અભિલાષા મુક્ત થવાની તે મુક્ત થવાની દશા કર્મક્ષયલક્ષણ મોક્ષ એ આત્મદ્રવ્યના ઉપાદેયપણાના આશ્રયે જ મોક્ષની દશા પ્રગટ થાય છે. કહો, સમજાય છે કાંઈ? આ બધું ક્યાં ગયું ત્યારે આ બધો વ્યવહાર ને ક્રિયાકાંડને આ બધું? બધું હમણા બહુ માંડી હતી. '**समुपास्यताम्**' '**અનુભવવો.**' ભગવાન આત્મા જે ધર્મપર્યાય નિર્મળ એનો કરનાર ભગવાન, એના અંતર્મુખ થવાથી નિર્મળ પર્યાય પ્રગટ થાય. માટે ધર્મીએ મોક્ષના અભિલાષીએ-પૂર્ણ આનંદના ભાવને ઉપાદેયપણે પ્રગટ કરવાના અભિલાષીએ શુદ્ધ વસ્તુ ચૈતન્યદ્રવ્ય ઘન એનું સાવધાનપણું કરી, એને ઉપાદેયપણે એટલે ધ્યેયપણે પકડી એની જ નિત્ય સેવા કરવા જેવી છે. '**समुपास्यताम्**' સમ્યક્ પ્રકારે ઉપાસવી અને સેવા કરવી એટલે અનુભવવું. આ શું હશે? હાથ આવે માથામાં... કહો, જયંતિભાઈ!

હવે આત્મા કેવો? કે શુદ્ધ પોતાનું દ્રવ્ય. એની સેવા એટલે અનુભવ. વળી અનુભવ કરવો એની પર્યાય. વસ્તુ છે એ પોતાનો શુદ્ધ ચૈતન્યપદાર્થ એ વસ્તુ. એનો અનુભવ કરવો એ પર્યાય છે. એટલે પર્યાય દ્રવ્ય સન્મુખ થઈ, એણે આત્માને ઉપાદેય તરીકે ગ્રહ્યો, સંગ્રહ્યો, આદર્યો, ધ્યેય કર્યો. એટલે નિર્મળ પર્યાય પ્રગટ થઈ એને અહીંયાં અનુભવવું એમ કહેવામાં આવે છે. વલ્લભદાસભાઈ! આહાહા..! ભારે. આ બધું વચમાં વ્યવહાર ને વિકલ્પ આ કરવું ને આ કરવું, વ્રતની આવશ્યકતા પોકાર પોકાર કરે છે. આહાહા..! અરે.. ભગવાન! તારામાં ક્યાં ખોટ ને ખામી છે કે તું બીજાની આશા કર? ઈ કહેશે આગળ. બીજા દ્રવ્યનો સહારો નથી. એ કહેશે. પહેલા આવી ગયું અને આમાં પણ કહેશે.

ભગવાન પોતે આત્મા, આત્મા એને કહીએ કે જેમાં જ્ઞાન ને આનંદ ને શાંતિથી પૂર્ણ ભરેલું તત્ત્વ છે. વસ્તુ છે ને? પદાર્થ છે ને? પદાર્થ છે ને? એ પદાર્થ જે અનાદિઅનંત એકરૂપ સ્વરૂપ દ્રવ્ય ચેતનદ્રવ્ય. એટલે જેમાં ચેતના ને જ્ઞાન ને આનંદ આદિ ભરેલો પદાર્થ એવી ચીજ ઉપર દૃષ્ટિ કરી એ આત્માને જ ઉપાદેય સ્વીકારવો અને એ આત્માની જ વર્તમાન પર્યાય તેનામાં એકાકાર કરવી એનું નામ આત્માનો અનુભવ કરવો એ જ મોક્ષનો ઉપાય છે. સમજાય છે કાંઈ? આટલા આટલા લખાણ આવે શાસ્ત્રમાં આ કરવું.. આમ કરવું. આમ જોઈને ચાલવું, વિચારીને બોલવું, આમ ખાવું. બધું અહીં તો મૂકી દીધું પડતું. ખાય કોણ? પીવે કોણ? એ તો પરની ક્રિયા છે. વિકલ્પ ઉઠે એની સામું જોવા જેવું નથી. સમજાણું કાંઈ?

કહે છે કે જેને આત્માની પૂર્ણ આનંદ દશા શુદ્ધ દશા જોઈતી હોય. આ પહેલું તો એ બાંધ્યું. પોપટભાઈ! પૈસા જોઈતા હોય અને સ્વર્ગ-નરક જોતું હોય ને પુણ્ય જોઈતું હોય એની અહીં વાત નથી. કારણ કે એ તો રખડવાની વાત અનાદિથી કરી રહ્યો છે.

મુમુક્ષુ :- શીખેલો છે.

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

ઉત્તર :- શીખેલો છે, કરે છે. એ કાંઈ નવી વાત નથી.

અહીંયાં કહે છે, ભગવાન ત્રિલોકનાથ પરમાત્માએ કહ્યું, એ સંત અમૃતચંદ્રાચાર્ય પોતાની ભાષાએ એ શૈલીએ, તે કાળે, તે પ્રકારે વાણી આવી એમાં એમ કહ્યું કે, ભાઈ! તારે મોક્ષ જોઈએ છે કે સંસાર જોઈએ છે કે સ્વર્ગ જોઈએ છે કે પૈસા, પુણ્ય જોઈએ છે? સંસાર જોઈએ તો એ અનાદિ કાળથી કરતો જ આવ્યો છે એટલે એ વાત કાંઈ નવી નથી. તારે આત્માનો કર્મક્ષયલક્ષણ મોક્ષ, સર્વથા કર્મના નાશરૂપી મોક્ષ એવી જો દશા તારે જોઈતી હોય, અંગીકાર કરવી હોય, એ હિતકર છે, સુખકર છે અને સ્વતંત્રતા એ છે, એમ તને રુચિમાં મોક્ષ બેઠો હોય તો એ મોક્ષના આદરણીય ભાવવાળાએ શું કરવું?

ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં '**एषः**' ઉપાદેય પોતાની શુદ્ધ ચૈતન્ય વસ્તુ. વસ્તુમાં વસ્તુમાં વસેલા અનંત ગુણો છે આત્મામાં. એવા '**ચૈતન્યદ્રવ્યને સદાકાળ અનુભવવો.**' આહાહા..! ભગવાન પૂર્ણાનંદ શુદ્ધ એને અનુભવવો, એના સન્મુખની શ્રદ્ધા-જ્ઞાન અને રમણતા કરવી એ જ એક મોક્ષનો ઉપાય છે. આહાહા..! કહો, સમજાય છે કાંઈ? '**કેવો છે આત્મા?**' '**ज्ञानघनः**' ભગવાન આત્મા કેવો છે અંદર? '**ज्ञान**' નામ '**સ્વ-પરગ્રાહકશક્તિ...**' સ્વ-પરગ્રાહક. સ્વ અને પરને જાણવાનું શક્તિનું રૂપ જેનું છે. ભગવાન આત્મામાં જ્ઞાનસ્વરૂપ છે એ. જ્ઞાન એટલે સ્વ અને પરને જાણવાની શક્તિવાળું એ તત્ત્વ છે. રાગ ને પુણ્ય ને વિકલ્પને કરવું કે રાખવું કે ટાળવું એ એના સ્વરૂપમાં છે નહિ. એ અજ્ઞાનીએ ઊભું (કરેલું છે). અનાદિથી વિકાર કર્યો અને વિકારને ભોગવે છે. છે કેવો ભગવાન આત્મા અંદર? સર્વજ્ઞ પરમાત્માએ પ્રગટ કર્યો અને સર્વજ્ઞ પરમાત્માએ જોયો વીતરાગે. કે '**ज्ञानघनः**' ભાઈ! તું જ્ઞાન છો હોં! જ્ઞાન એટલે આ વાણી નહિ હો! અંતર જાણવાનો સ્વભાવ. કેવો? કે '**સ્વ-પરગ્રાહકશક્તિ...**' સ્વને-પરને જાણવાના સ્વભાવવાળું એ તત્ત્વ આત્મા છે. સ્વને અને રાગાદિ પર કે પર શરીરાદિ. વચમાં એ શુભભાવ આવે. દયા, દાન, વ્રત, ભક્તિ શુભરાગ એ એનું સ્વરૂપ નથી. સ્વ-પરગ્રાહક શક્તિવાળું એનું સ્વરૂપ છે. પોતે જ્ઞાયક ચૈતન્યને પોતાને પોતે જાણે અને રાગ છે તેને ગ્રહે. ગ્રહે એટલે જાણે. એવો સ્વપરગ્રાહક જેનો શક્તિ નામ ભગવાન આત્માનો નિજ સ્વભાવ છે. એ એનો પુંજ છે ઈ. જ્ઞાનઘન કહ્યું ને? '**ज्ञान**' એટલે '**સ્વ-પરગ્રાહકશક્તિ...**' સ્વને-પરને જાણવાનો સ્વભાવ. '**घनः**' એટલે '**પુંજ છે.**' એ જ્ઞાનનો પુંજ છે. કોઈ દી સામું જોયું નથી. કોણ છે? ક્યાં છે? કેવડો? એની ખબર નથી. સમજાણું કાંઈ?

ભગવાન ચૈતન્યબિંબ જ્ઞાનનો બિંબ, જ્ઞાનનો પુંજ, જ્ઞાનનો ઢગલો એકલો સ્વપર જાણવાના સ્વભાવસ્વરૂપ પુંજ છે. સ્વ-પરને જાણવાનો સ્વભાવ જ્ઞાનપુંજ આત્મા વસ્તુ છે એને અનુભવવો. એની અંતર દૃષ્ટિ કરીને એની સેવા એટલે '**समुपास्यताम्**' '**અનુભવવો.**' એ જ એક મોક્ષનો માર્ગ છે. આહાહા..! ... કોઈ દી સાંભળ્યું ન હોય. માથા તો જડ છે

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આ તો. પણ ઓલો ચૈતન્ય અંદર શું છે? કેમ છે? કઈ દશા અને ક્યો સ્વભાવ? સમજાણું કાંઈ?

**'વળી કેવો છે?' 'एकः' 'સમસ્ત વિકલ્પ રહિત છે.'** દેખો! ભગવાન આત્મા બે વિશેષણ આપ્યા-એક તો જ્ઞાનઘન. જ્ઞાનનો પુંજ અને એકરૂપ. પુણ્ય-પાપના વિકલ્પ ને નિમિત્તથી રહિત એકરૂપ જેનો સ્વભાવ છે. જેમાં કોઈ પ્રકારનો ભેદ સમસ્ત ભેદરહિત છે. એમાં ગુણી આ અને આ ગુણ એવો ભેદ વસ્તુમાં નથી. સમસ્ત પ્રકારના વિકલ્પ નામ ભેદરહિત અથવા પુણ્ય-પાપના રાગના ભાવરહિત ચૈતન્યઘન જ્ઞાનઘન અનાદિઅનંત વસ્તુ છે એને અંતર્મુખમાં થઈને એની સેવા કર અને અનુભવ કર. સમજાણું કાંઈ? બીજાની સેવા કેદી કરવી આ? હીરાભાઈ! ક્યાં ગયા? ધૂળમાંય કરતો નથી બીજાની. આ શરીરનું પણ કરી શકતો નથી. આ માટી છે આ તો. એનું કેમ રહેવું એ જડને આધારે. શું તારે આધારે છે? આ તો રજકણ છે, માટી અજીવતત્ત્વ છે. એની અવસ્થાનું થવું એ આત્મા...

મુમુક્ષુ :- આ અમથી અમથી બધા સેવા કરે છે?

ઉત્તર :- કોની સેવા કરે છે? કોઈ કરતું નથી. કોણે કરી? કોણ બૈરા સેવા કરે છે? કોણ કરે છે?

મુમુક્ષુ :- ...સેવા બહુ કરે છે.

ઉત્તર :- ધૂળમાંય કરતા નથી. કોણ કહે છે કરે છે? રાગ કરે છે. સેવા કોણ કરતું હતું? ધૂળની સેવા કરે કોઈ? એય..! મોહનભાઈ! શું આ તમારા કહે છે? ધૂળમાંય સેવા (કરતો નથી). આંગળી આમ હલવવી એ આત્માના અધિકારની વાત નથી. આ તો જડ, માટી છે, અજીવતત્ત્વ છે. અને અજીવતત્ત્વ તે અંદર પોતાના ગુણથી ભરેલો પરમાણુ છે એક એક. એ પરમાણુની અવસ્થા થવી એ પરમાણુને કારણે છે. શું આત્માને કારણે છે? ભાન નથી એને કે આત્માને કારણે હોય તો પક્ષઘાત થાય તો આમ કેમ કરી શકતો નથી ઊંચો? આમ.. આમ... આમ... આ તો જડ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આંધળાની દૃષ્ટિ મૂર્ખ એવી જ હોય ને અનાદિથી. માટે તો અહીં ભગવાન કહે છે. આંધળો કહે કે મને કંઈ સૂઝતું નથી. પણ શેનું સૂઝે તને? આંખ્યું ક્યાં છે? સમજાણું કાંઈ?

ભગવાન ત્રિલોકનાથ સર્વજ્ઞદેવ વીતરાગ પરમેશ્વર કહે છે-ફરમાવે છે. ભાઈ! એ રજકણ અને પરમાણુની પર્યાય થાય એને આત્મા સેવે ને રાખે કે બીજાની સેવા કરે ને દયા પાળી દે. ત્રણ કાળ ત્રણ લોકમાં નથી. મૂઢ છો? રાગ તને થાય કે આનું કરું, પણ રાગ થાય એ તો વિકાર છે. એથી પરની ક્રિયા ને સેવા કરી શકે છે? આ સેવા કરવા જેવી છે, કહે છે. અનંતકાળમાં એવા શુભ અને અશુભના રાગ કરી અને મેં સેવા કરી એવું અજ્ઞાનીએ માન્યું વિકાર કરીને. વિકારની સેવા કરી છે એણે. પરની, શરીરની નહિ.

હવે કહે છે કે જો તારે પુણ્ય-પાપના ભાવ અને જડ કર્મ રહિત થવું હોય, મુક્તિ જોઈતી

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


હોય તો.. વલ્લભદાસભાઈ! 'સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ.' બોલે ગડિયો. સમજે નહિ કાંઈ લોગસ્સમાં આવે. ગડિયો હાંકે જાય. 'સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ. સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ.' શું પણ સિદ્ધા ને શું સિદ્ધિ મમ દિસંતુ? ભગવાન જાણે. તુંબડીના કાકરા. કાંકરા હશે કે રૂપિયા એ પણ ખબર ન હોય.

મુમુક્ષુ :- પણ ભગવાનની પાસે માગવું પડે અમને સિદ્ધિ આપો.

ઉત્તર :- ભગવાન ક્યાં દેનારો? કોઈ ભગવાન છે કોઈ? કર્તા છે કોઈ? ભગવાન આપી દે છે વીતરાગ? એ તો કેવળી છે, ત્રિકાળ વીતરાગી છે. એ શું આપે છે કોઈને? સમજાય છે કાંઈ? અર્થની ખબર ન મળે. અને હાંકે રાખે. અમે લોગસ્સ કર્યો, ધર્મ કર્યા. ધૂળમાંય ધર્મ નથી, સાંભળને!

ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં જ્ઞાનઘન અને એક. જુઓ! આટલું વિશેષ. એવા આત્માને અનુભવ એમ કહેવું છે. એવો ભગવાન આત્મા વસ્તુએ સ્વભાવથી ભરેલો પદાર્થ. વસ્તુ છે ને? વસ્તુ એટલે અંતર શક્તિઓ વસેલી તેને વસ્તુ કહીએ. આ વાસ્તુ લે છે ને વાસ્તુ? સમજાણું કાંઈ? વાસ્તુ તે કોઈ મકાનમાં લેતા હશે કે કોઈ ઝાડ ઉપર લેતા હશે? કોઈ વસ્તુ હોય ત્યાં વાસ્તુ કરતા હશે કે નહિ? એમ આ વસ્તુ ભગવાન આત્મા વસ્તુ છે. એટલે કે એમાં જ્ઞાન, આનંદ આદિ અનંત શક્તિઓ અને ગુણ વસેલા છે. એમાં રહેલા છે. ભગવાન જાણે કાંઈ કોઈ દી સાંભળ્યું ન મળે. વિચાર કર્યા. હોળી આ જગતની બધી. બાલુભાઈ! આ વેપાર ધંધા કરી કરીને મરી ગયો અનંતકાળથી. રાગ હોં! વેપાર-બેપાર બીજું કાંઈ કર્યું નથી તમે. દુકાન ઉપર બેસીને રાગ કર્યો, આ કર્યું, ધૂળ કર્યું ને આ કર્યું. પોપટભાઈ! શું કર્યું હશે અત્યાર સુધી તમે?

મુમુક્ષુ :- બેઠા હોય તો વધારે ગ્રાહક આવે એમ લાગે.

ઉત્તર :- ધૂળમાંય નથી બેઠા હોય તો ગ્રાહક આવે. એને લઈને આવતા હશે, બાલુભાઈને લઈને આવતા હશે? કહો, સમજાણું કાંઈ? મફતનું અભિમાન કર્યું. અમારે કુંવરજીભાઈ એમ હતા ને. હું બેસું તો બસ આમ આપે. ફલાણું થાય, ઢીંકણું થાય. એ તો ઓલા ..ભાઈને ખબર છે ને. ગુજરી ગયા. પોષ સુદ ૧૩. ભેગા અમે ૯ વર્ષ હતા ભાગીદાર દુકાનમાં. કેટલાક ગ્રાહક આવે ત્યાં અંદર થાય ઓહોહો..! અને ૨-૨, ૩-૩ હજારનું આપે. ૬-૭ લાખની ઉઘરાણી નાખે. બહાર સો ગામમાં. એ જાણે હું બેસું તો થાય. ધૂળેય નહિ. આ મરી ગયા અને એનાથી વધી ગયું સમુકુ અત્યારે.

મુમુક્ષુ :- એણે શરૂ કર્યું તો વધ્યું ને?

ઉત્તર :- શેઠ કહેવાઈ ગયા. શેઠ કહેવાણા એમાં દાળિયા શું થયા? ધૂળ. ઘણું અહીં તો કહેતા અમે તો એને. ખૂબ. આ અભિમાન મરી ગયો કરી કરીને અનાદિથી.

કહે છે કે તેં રાગ અને દ્વેષ અને મિથ્યાભ્રમ એવી વિકારની અનાદિથી તેં સેવા કરી.

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એનું નામ સંસાર, એનું ના દુઃખ અને એનું નામ રખડવાના ઉપાય. હવે ત્યારે રખડવું બંધ કરવું હોય અને મુક્તિ જોઈતી હોય તો. ન જોઈતી હોય તો અમારો પ્રશ્ન અહીં કાંઈ છે નહિ, કહે છે. એવાને અમે કહેતા નથી. મુક્ત થવું હોય એટલે કે સુખી થવું હોય એટલે કે સ્વતંત્ર આત્માની પવિત્ર દશા જો તારે પ્રગટ કરવી હોય એનું નામ મુક્તિ. મુક્તિ કોઈ બીજી ચીજ નથી. આત્માની પવિત્ર શુદ્ધ પૂર્ણ દશા પ્રગટ થાય તેને મુક્તિ કહે છે. અને વિકારી અજ્ઞાન દશામાં પુણ્ય-પાપના ભાવ અને મિથ્યાભ્રમ તેને સંસાર કહે છે. એ સંસારદશાનો નાશ થઈ અને મુક્તદશા જો તારે પ્રગટ કરવી હોય તો આ શુદ્ધ ભગવાન આત્મા, ચૈતન્યઘન અને એકરૂપ વસ્તુ પોતે, એની ઉપાસના કર. એટલે એની સન્મુખ થઈને એની સેવા-અનુભવ કર. સમજાણું કાંઈ? આ વળી અનુભવ ને આ સેવા કઈ જાતની વાતું?

ભાઈ! તું વસ્તુ છો, પદાર્થ છે. અને પદાર્થ પોતે કાયમ પોતાની અનંત શક્તિઓનું સત્ત્વ રાખીને પલટે છે, પલટે છે, બદલે છે. એકલું કૂટસ્થ નથી, તેમ એકલો પર્યાય થાય એવો પણ નથી. ત્રિકાળ જ્ઞાનનો પુંજ ભગવાન એકરૂપ સ્વરૂપ, તેમાં તું દૃષ્ટિ દે. એનું નામ આત્માનો અનુભવ કર્યો એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

**'વળી કેવો છે?'** જુઓ! એ આત્મા કેવો છે? હવે એમ કહે છે. જુઓ! આ સાધ્યસાધકપણે પરિણમે એવો આત્મા એક એવો છે એમ કહે છે. **'साध्यसाधकभावेन द्विधा'** છે એક. જુઓ! પહેલી વાત કરી. જ્ઞાનપુંજ, આનંદપુંજ, આનંદઘન વસ્તુ એક. છતાં એ વસ્તુ સાધ્યસાધકભાવે પરિણમે એવો એક આત્મા બેપણે પરિણમે એવો એનો સ્વભાવ છે. આહાહા..! ફરીને હોં! એકાદ શબ્દ નહિ આવે. હજી બે-ચાર-પાંચ એનું આવે ત્યારે માંડ પકડાય. હજી તો પકડાય એવું નથી આ. ઓલી વાર્તા હોય તો ખબર પડે કે આ વાર્તા નીકળી હતી એક રાજા હતો ને રાણી હતી. રાણીને મનાવવા ગયા. એ તો બધાને ખબર પડે. આ કોણ છે અંદર અને શું છે એ કોઈ દી એણે લક્ષમાં લીધું નથી.

વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ પરમાત્માની વાણીમાં એમ આવ્યું, ભગવાન! તું એક સ્વરૂપે છે, હોં! અનંતગુણનો પુંજ એકરૂપ અંદર વસ્તુ છે વસ્તુ. એ ચીજ **'साध्यसाधकभावेन द्विधा'** **'साध्य'** નામ **'સકળકર્મક્ષયલક્ષણ મોક્ષ,...'** પહેલો શબ્દ આવ્યો હતો **'सिद्धिम्'** ના અર્થમાં-સકળકર્મક્ષયલક્ષણ મોક્ષ. અહીં **'साध्य'** એટલે સકળકર્મના નાશના થવાથી પ્રગટતો મોક્ષ. સકળકર્મના નાશથી પ્રગટતો આત્મામાં પૂર્ણાનંદની દશારૂપી મોક્ષ. એ સાધ્ય. એ સાધ્ય. એ પ્રગટ કરવા લાયક. એ જેનું ધ્યેય. પૂર્ણ રાગરહિત, કર્મરહિત આત્માની દશા, મુક્તદશા એને સાધ્ય કહે છે. સાધ્ય નામ તેનું લક્ષ કરવા લાયક છે.

અને **'साधक'** **'મોક્ષનું કારણ શુદ્ધોપયોગલક્ષણ શુદ્ધાત્માનુભવ-'** લ્યો! એ સાધક કોને કહીએ? કે મોક્ષનું જે કારણ શુદ્ધોપયોગલક્ષણ શુદ્ધાત્માનુભવ. એક જ આત્મા પૂર્ણ સાધ્યની દશા પણ તેની જ અને એના સાધકની અંતરમાં પુણ્ય અને પાપના શુભ-અશુભભાવ

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જે અશુદ્ધઉપયોગ એનાથી રહિત શુદ્ધજ્ઞાનઘનનો શુદ્ધ નિર્મળ ઉપયોગનો વેપાર, એવો જે આત્માનો શુદ્ધાત્માનુભવ એવી પર્યાયને આત્માને સાધક કહેવામાં આવે છે. એવી પર્યાયને, આત્માને મોક્ષનો માર્ગ કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? શું કહ્યું?

સ્વપરગ્રાહક શક્તિનો પુંજ પ્રભુ અને એકરૂપ આત્મા વસ્તુ. હવે એ વસ્તુ પોતે મોક્ષરૂપે થાય અને મોક્ષના કારણરૂપ શુદ્ધઉપયોગલક્ષણ શુદ્ધાત્માનુભવ થાય. બેયના લક્ષણ વર્ણવ્યા. સકળકર્મક્ષયલક્ષણ મોક્ષ એ રૂપે પણ આત્મા જ પરિણમે છે પૂર્ણ દશામાં. અને '**મોક્ષનું કારણ શુદ્ધોપયોગલક્ષણ શુદ્ધાત્માનુભવ-**' એમ. (પહેલાં) મોક્ષનું લક્ષણ કહ્યું હતું. હવે અહીંયાં શુદ્ધાત્માનુભવ શું? કે મોક્ષના કારણ શુદ્ધઉપયોગ લક્ષણ શુદ્ધાત્માનુભવ. આત્મામાં અંતર દૃષ્ટિ કરી અને શુદ્ધ શ્રદ્ધા-જ્ઞાન અને રમણતા એવો આત્માનો શુદ્ધઉપયોગ લક્ષણ, આત્માનો શુદ્ધ અનુભવ એને આત્માની મોક્ષની પૂર્ણ દશાના સાધકપણે પરિણમ્યો આત્મા એમ કહેવામાં આવે છે. આહાહા..! સમજાય છે કાંઈ? કહો, ભગવાનભાઈ! શું આવું આમાં જીવીયા વહોરવીયા તસ્સ મિચ્છામીદુક્કડમ કરવું? કે તસ્સુતરી કાયે ઠાણેણં માણેણં જાણેણં કરવું? અરે.. ભગવાન! એ બધી તો વિકલ્પની વાતું છે. સમજાણું કાંઈ?

આ ભગવાન આત્મા સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમેશ્વરે એક સેકન્ડના અસંખ્યભાગમાં જ્ઞાનઘન પૂર્ણ જોયો. અને એકરૂપ વસ્તુ છે વસ્તુ પોતે પોતામાં. એ જ આત્માને બે પ્રકારે પરિણમન થવું એ પૂર્ણ પવિત્રતાની પૂર્ણ કર્મક્ષયલક્ષણ દશા તે મોક્ષ. અને શુદ્ધઉપયોગલક્ષણ એવો આત્માનો અનુભવ. એનું નામ આત્માની સાધકદશા, મોક્ષનો માર્ગ, શુદ્ધઉપયોગલક્ષણ શુદ્ધાત્માનુભવ. આત્મા પવિત્રધામ એની અંતર દૃષ્ટિ કરીને એનો અનુભવ કરવો એ શુદ્ધોપયોગ આચરણ. શુદ્ધોપયોગ આચરણ. એમાં દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે આવી ગયા. એ શુદ્ધોપયોગલક્ષણ શુદ્ધાત્માનુભવ એ એક જ આત્મા શુદ્ધોપયોગલક્ષણપણે પરિણમે અને મોક્ષની દશાપણે એક જ આત્મા પરિણમે છે. સમજાણું કાંઈ?

'**એવી જે બે અવસ્થા,...**' એવી જે બે અવસ્થા છે. મોક્ષ પણ એક અવસ્થા છે અને મોક્ષનો માર્ગ પણ એક અવસ્થા-પર્યાય છે. પર્યાય શું વળી આ? સમજાણું કાંઈ? દ્રવ્ય તો કહ્યું પહેલું. જ્ઞાનઘન સ્વપરગ્રાહક શક્તિનો પુંજ એ ચૈતન્યદ્રવ્ય. એ એક. હવે એની દશાઓ બે, પર્યાયો બે, હાલત બે, દશા. એ પૂર્ણ પવિત્ર દશા એ મોક્ષ. અને શુદ્ધાત્માનુભવ, શુદ્ધઉપયોગલક્ષણવાળો (મોક્ષમાર્ગ). શુભઉપયોગ નહિ. દયા, દાન, વ્રતાદિ વિકલ્પ એ શુભઉપયોગ છે. એ નહિ. અંતર સ્વભાવની સન્મુખનો, શુદ્ધ સન્મુખના આચરણરૂપ શુદ્ધઉપયોગલક્ષણ, શુદ્ધ આચરણરૂપી લક્ષણવાળું એવો જે શુદ્ધ આત્માનો અંતર અનુભવ એ મોક્ષનો માર્ગ, એ સાધકપણે આત્મા જ પરિણમે છે. સમજાણું કાંઈ? વાણિયા વેપારમાં બધા હુશિયાર ભારે હોય. માને હોં! ધૂળમાંય નથી કાંઈ. ખરું કે નહિ? સાચી વાત હશે? હુશિયાર-બુશિયાર કહેતા હશે. ધૂળમાંય હુશિયાર નથી. હુશિયારીને લઈને મળતા હશે ધૂળ?

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એ તો પૂર્વના પુણ્યની ધૂળ પડી હોય, પાકકાળ આવે તો સોગઠી ગોઠવાઈ જાય. પાંચ-પચ્ચીસ લાખ દેખાય. ધૂળમાંય તારો પ્રયાસ ત્યાં કામ કરતો નથી. એમ હશે કે નહિ? બાલુભાઈ! આ બધા પૈસાવાળાને પૂછીએ ને. ખબર પડે. પૈસા થયા ભેગા ધૂળના. ક્યાંથી થયા?

મુમુક્ષુ :- મહેનતથી.

ઉત્તર :- ધૂળમાંય મહેનતથી થયા નથી. એના કરતાં બુદ્ધિવાળા ઘણા હોય છે. ૨૦૦ પગાર, ૫૦૦ પગાર મળતો નથી દિવસે. અને આ બધાને એક દીની પાંચ પાંચ હજારની પેદાશ છે. તો એ બુદ્ધિને લઈને છે? વલ્લભદાસભાઈ! મલૂકચંદભાઈના દીકરાને કેટલા એક દિવસની પાંચ હજારની તો સાધારણ પેદાશ છે. એક દિવસની પાંચ હજારની.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એમાં એને શું પણ ત્યાં હવે દીકરાને... કહો, સમજાણું કાંઈ? અને આના મામાના દીકરાને એક દિવસની ૪૦ હજારની પેદાશ છે. ગોવામાં શાંતિલાલ ખુશાલદાસ. આના સગા મામાના દીકરા. એક દિવસની ૪૦ હજારની પેદાશ છે. પાણાસણા. આપણે દશાશ્રીમાળી.

મુમુક્ષુ :- હુશિયાર છે એટલે હુશિયાર જ કહેવાય.

ઉત્તર :- ધૂળમાંય હુશિયાર નથી. કોણ કહે છે હુશિયાર કહેવાય? બુદ્ધિના બારદાન (હોય) તો પણ પેદા કરે છે કેટલાય. અમે તો જોયા નથી? પાંચ-પાંચ લાખ, દસ-દસ લાખ પેદા કરશે. અને બુદ્ધિવાળા બિચારા માંડ માંડ પુણ્ય હોય તો બસ્સો રૂપિયા મળે. બસ્સો ચારસો મળે. માંડ માંડ રોટલા કાઢતા હોય. એ તો પૂર્વના પુણ્ય-પાપની વાતું છે. એ કાંઈ પ્રયત્નને લઈને મળે છે એ વાતમાં કાંઈ માલ નથી. આ આત્માનો મોક્ષ અને આત્માનો ધર્મ એ પ્રયત્નથી થાય છે. સમજાણું કાંઈ? શું કહ્યું?

ભગવાન આત્મા '**મોક્ષનું કારણ શુદ્ધોપયોગલક્ષણ...**' એ કહ્યું અહીં તો. મોક્ષનું કારણ ઓલો વ્યવહારરત્નત્રય રાગ અને પુણ્ય એને કહ્યું નથી. આહાહા..! આ લોકોએ શું કરી નાખ્યું બિચારાએ. વાડ વેલાને ખાય. પંડિતો ભણી ભણીને ભગવાનનો માર્ગ કાંઈક (અને સમજાવે કાંઈક). કેટલું ઊંધું કરે છે. શું કરે? આને ખબર ન મળે. માથે જરી નવરો થઈને બેઠો હોય ને વાંચ્યું ને ભણ્યું. મારે ઊંધા તો ઓલો કહે હા. કાંઈ ખબરું ન મળે.

વીતરાગ પરમાત્મા ત્રિલોકનાથ, એનો માર્ગ ઇન્દ્રોની ઉપસ્થિતિમાં જ્યાં કહેવામાં આવે છે. ભગવાન પાસે ઇન્દ્રો બિરાજે છે. અનંત તીર્થંકરો થયા ઇન્દ્રો આવતા. એની પાસે આ વાત ભગવાનની વાણી નીકળી. અરે.. આત્મા! તું પૂર્ણાનંદના શાંતિના રસથી એકરૂપ ઘન પડ્યો છો ને. પુણ્ય-પાપના રાગ વિનાની ચીજ. ગુણ-ગુણીનો ભેદ પણ ત્યાં અંદર નથી. એવો એક ભગવાન વસ્તુ, એના અંતરનો શુદ્ધઉપયોગનું આચરણરૂપી અનુભવ કરવો એ જ મોક્ષનું કારણ ને માર્ગ ને ઉપાય છે. અને પૂર્ણ પવિત્રતા પ્રગટ થવી એનું નામ ભગવાન આત્માનો મોક્ષ કહે છે. મોક્ષ કોઈ લટકવું ઉપર એ મોક્ષ નથી. એ તો પછી મુક્તિ દશા

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


થઈ ગઈ એટલે હળવી થયેલી ચીજ ઊંચી જાય એમ સિદ્ધશિલા ઉપર હોય છે. પણ મુક્તિ કાંઈ સિદ્ધશિલામાં નથી. ત્યાં ક્ષેત્રમાં નથી. ભગવાન આત્મા અંદરમાં પૂર્ણ શુદ્ધનો અનુભવ કરતાં કરતાં પૂર્ણ શુદ્ધની દશાની અવસ્થા પ્રગટ થવી (તેનું નામ મોક્ષ). તેથી કહ્યું ને? જુઓ!

**'એવી જે બે અવસ્થા,...'** બે અવસ્થા છે ઈ. આહાહા..! વળી અવસ્થા શું? પર્યાય. ભગવાન વસ્તુ ચિદ્દ્ઘન આનંદ એનો અંતર્મુખનો અનુભવ શુદ્ધઉપયોગના આચરણરૂપી દશા એને મોક્ષમાર્ગ કહે છે. એ પણ એક અવસ્થા છે. અને પૂર્ણ દશા મુક્તિની થવી એ પણ એક આત્માની અવસ્થા નિર્મળ છે. બેય એક દ્રવ્યની બે અવસ્થા (છે).

મુમુક્ષુ :- આ તો બધું સમજવું પડે?

ઉત્તર :- સમજ્યા વિના જાતો હશે? શાક લેવા જાય તો સમજ્યા વિના જાતો હશે. તમારે ત્યાં આવતો હશે લાદી લેવા માટે. લાદી આપો. કઈ જાતની? એ મને ખબર નથી. એમ કહેતા હશે? આ ભાતવાળી એમ કહે. આવી ભાતવાળી અંદર પીળા ખાંચ પડ્યા હોય. હોય છે ને બધું? ગપ્પા ઘણા મારતા હોય ને બધા. ઓલા પથરામાં પીળી ઝીણી-ઝીણી ધોળી ને કાળી હોય ને ઉપર? ઘણી જાતની. મેં જોઈ હતી ને. અમે જામનગરમાં ઉતર્યા હતા એક છે ને આપણો જૈન. બહાર. એના ઘરે જ ઉતર્યા હતા. ત્યાં સાંજના ઉતર્યા હતા. એ લાદીનો વેપારી છે મોટો. જામનગરમાં છે.

મુમુક્ષુ :- વઢવાણવાળા.

ઉત્તર :- હા, એ વઢવાણવાળા બસ હા. એને ત્યાં ઉતર્યા હતા. ઈ બિચારા બતાવતા હતા. આ લાદીના નમૂના છે આ બધા. જેને જોઈતું હોય એ કહે આ જાતની. તો એ જાતની બતાવે. પણ જાતિ વિના કહે લાદી અમને આપો. લાદી અમને આપો ૫૦ હજારની. તો શું તમે કહો?

મુમુક્ષુ :- શેઠને નક્કી કરવા દે કે તમને સારી લાગે ઈ મોકલી દો. તો મોકલી દે.

ઉત્તર :- પણ સારી લાગે એટલી વાત તો જુદી પડતી હશે કે નહિ? બીજા કરતાં આ ઠીક છે એમ એટલો તો ભેદ પાડતો હશે કે નહિ? પણ એટલી તો એને ખાતરી હોય કે આને આ ભાત સારી લાગે બીજા કરતાં. બધી જાતની ભાત સારી લાગે એમ તો નહિ ને? આ જાતની સારી લાગે એ આપજો. સમજાય છે? તો ત્યાં એ જે ચીજ લેવી છે એનો ખ્યાલ તો કરે છે. અહીંયાં આત્મા શું? ધર્મ શું? મોક્ષ શું? ક્યાં લેવું? ક્યાં જાવું? અમને કાંઈ ખબર નથી. ધૂળમાં શું લઈશ તું પણ? સમજાણું કાંઈ?

કહે છે, ભગવાન આ આત્મા શુદ્ધજ્ઞાનઘન એકરૂપ હોવા છતાં પોતે જ પોતાના અંતરમાં અનુભવની દૃષ્ટિ દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય નામ અવસ્થાપણે થવું એ આત્મા દ્રવ્ય એક હોવા છતાં મોક્ષના માર્ગરૂપે પણ થાય અને પૂર્ણ શુદ્ધ દશારૂપે મોક્ષપણે પણ થાય. એ વસ્તુની બે અવસ્થા છે. એમાં પુણ્ય-પાપની અવસ્થા તે મોક્ષનું કારણ છે અને પુણ્ય-પાપનું

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ફળ સ્વર્ગાદિ ફળ છે મોક્ષ. એવું આમાં છે નહિ.

**'તેમના ભેદથી બે પ્રકારનો છે.'** કોણ? એક બે પ્રકારે થાય છે એમ કહેવું છે અહીં. સમજાણું કાંઈ? **'વળી કેવો છે?'** આવ્યું છે ને ત્યાં? કેવો છે આત્મા? કે જ્ઞાનઘન. કેવો છે આત્મા? કે વિકલ્પરહિત. કેવો છે આત્મા? કે એક બેપણે પરિણમનારો. સમજાણું કે નહિ આમા શેઠી! ત્રણ બોલ આવ્યા. કાલે પણ કેવો છે, કેવો છે આવ્યું હતું. કોણ અંદર છે ને શું છે? કહે છે કે ભાઈ! કેવો છે આત્મા? ત્રણ પ્રકાર લીધા. સમજાણું? એક તો સમુચ્ચય લીધું, આદરણીય એટલી વાત. મોક્ષને. પછી કેવો છે આત્મા? કે જ્ઞાનઘન. **'સ્વ-પરગ્રાહકશક્તિનો પુંજ છે. વળી કેવો છે?'** રાગરહિત અને ભેદરહિત એકરૂપ. કેવો છે આત્મા? કે એકરૂપ પોતે મોક્ષની પર્યાયને, મોક્ષના માર્ગની પર્યાયપણે પરિણમનારો એવો એ આત્મા છે. રાગરૂપે, પુણ્યરૂપે પરિણમે એ સાધક છે એમ છે નહિ. સમજાણું કાંઈ? ભારે આકરું લાગે. આવું ન બેસે ને પછી થાવું હોય એ થાશે. રખડો ચાર ગતિમાં. અરે..! બાપા! રખડવાનું તો કરી રહ્યો છે અનંતકાળથી. હવે આ કાંઈક સવળું કરવું છે કે નહિ? સમજાણું કાંઈ આમાં?

**'આવી જે બે અવસ્થા,...'** **'भावेन'** શબ્દ છે ને? **'साध्यसाधकभावेन'** એમ શબ્દ છે ને? એટલે સાધ્ય નામ મુક્ત દશા. સર્વકર્મક્ષયલક્ષણ. સાધક નામ શુદ્ધઉપયોગલક્ષણ શુદ્ધાત્માનુભવ. એવા **'भावेन'** **'એવી જે બે અવસ્થા, તેમના ભેદથી બે પ્રકારનો છે.'** બે પ્રકારનો આત્મા છે. પર્યાયમાં બે પ્રકારનો આત્મા હોય છે. પર્યાય શું ને આ થાય શું? સમજાણું આમાં કાંઈ?

**'ભાવાર્થ આમ છે કે એક જ જીવદ્રવ્ય કારણરૂપ પણ પોતામાં જ પરિણમે છે અને કાર્યરૂપ પણ પોતામાં જ પરિણમે છે,...'** એક જ આત્મા વસ્તુ તરીકે એક આત્મા, જ્ઞાનપુંજ તરીકે એક આત્મા, એક સ્વરૂપ તરીકે એક આત્મા પોતે જ શુદ્ધ અવસ્થાના શુદ્ધઉપયોગરૂપે પરિણમે અને શુદ્ધ મોક્ષની દશારૂપે પરિણમે એ પોતે **'એક જ જીવદ્રવ્ય કારણરૂપ પણ પોતામાં જ પરિણમે છે...'** મોક્ષના માર્ગરૂપી, મોક્ષના કારણરૂપી પર્યાયપણે જીવદ્રવ્ય **'કારણરૂપ પણ પોતામાં જ પરિણમે...'** જુઓ! પોતામાં જ પરિણમે છે. રાગ નહિ, પુણ્ય નહિ, વચ્ચે વ્યવહાર વિકલ્પ આવે એ રૂપે પરિણમવું એ બંધમાર્ગ છે. એ મોક્ષમાર્ગ નથી. સમજાણું કાંઈ?

**'એક જ જીવદ્રવ્ય કારણરૂપ પણ પોતામાં જ પરિણમે છે...'** કારણરૂપ. મોક્ષની પૂર્ણ દશા નિર્મળ એના કારણરૂપ આત્મા પોતે જ નિર્મળપણે પરિણમે છે. એની કારણરૂપ દશા પણ પોતે પોતામાં પરિણમે છે. **'કાર્યરૂપ પણ પોતામાં જ પરિણમે છે,...'** પૂર્ણ મોક્ષની દશારૂપી કામ-કાર્ય એ પણ પોતામાં જ પરિણમે છે. ઓહો..! કેટલું સ્પષ્ટ આચાર્યે કર્યું છે હોં! ઘરનું એણે કર્યું નથી આ રાજમલે. શું કહેતા હશે આમાં? એય..! આ બધું

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


વાંચ્યું એમાં શું હશે આ? આહાહા..! આહાહા..!

મુમુક્ષુ :- અનેકાંતવાદ છે.

ઉત્તર :- અનેકાંતનો અર્થ શું ફુદડીવાદ છે? આહાહા..! અરે..! ભગવાન! શુભભાવની તો વાત જ નથી. આત્મામાં ક્યાં શુભપણું પડ્યું છે અંદર? એ તો શુદ્ધ ચૈતન્યઘન. પહેલું તો કહ્યું. જ્ઞાનઘન, જ્ઞાનનો પુંજ છે. એ જ્ઞાનનો પુંજ એક વસ્તુ. પોતે જ અંતર્મુખ થઈને પોતાની નિર્મળદશારૂપી મોક્ષના કારણરૂપે પણ આત્મા જ થાય છે અને મોક્ષની દશારૂપે પણ આત્મા જ થાય છે. કારણ અને કાર્યરૂપે આત્મા જ થાય છે. એ પુણ્ય ને પાપ ને વ્યવહાર-ફ્યવહાર એ મોક્ષના કારણરૂપે નથી. નથી એની અહીં વાત શું કરવા કરવી જોઈએ? સમજાણું કાંઈ?

જુઓ! આ બધું કહ્યું આ પોણા કલાકમાં એનો ભાવાર્થ કર્યો થોડો. **'કે એક જ જીવદ્રવ્ય...'** ઓલામાં આવ્યું હતું ને એક સમસ્ત વિકલ્પ રહિત? વસ્તુ આત્મા એક જ વસ્તુ **'જીવદ્રવ્ય કારણરૂપ પણ...'** કારણપણે પણ **'પોતામાં જ પરિણમે છે...'** કારણના મોક્ષના માર્ગપણે પણ આત્મા જ પોતે શુદ્ધઉપયોગપણે પરિણમે છે. **'અને કાર્યરૂપ પણ...'** પૂર્ણ સર્વકર્મક્ષયલક્ષણ મોક્ષની પર્યાય કાર્ય એ રૂપે પોતામાં જ, **'પોતામાં જ પરિણમે છે,...'** રાગમાં પરિણમે છે (એમ નહિ), પોતામાં જ પરિણમે છે. આ આચાર્યનો કળશ છે કે નહિ? કોનો છે? આ તો અમૃતચંદ્રાચાર્યનો કળશ છે.

**'તેથી મોક્ષ જવામાં...'** ભગવાન આત્માની મોક્ષદશા થવામાં **'કોઈ દ્રવ્યાન્તરનો સહારો નથી,...'** કોઈ શરીર, સંઘયણ, પુણ્ય ને વિકલ્પ એની મદદ છે નહિ. ભગવાન શુદ્ધ ચિદ્‌ઘન પોતે જ પોતાના નિર્મળ ઉપયોગપણે પરિણમતો, નિર્મળ મોક્ષપણે પરિણમવાની પોતે જ દશા કરે છે. એમાં દયા, દાન, વ્રત, ભક્તિનો વિકલ્પ કે શરીર, વાણી, મન એવા પરદ્રવ્યનો સહારો પોતાના મોક્ષના ઉપાયમાં કે મોક્ષના કાર્યમાં પરદ્રવ્યની મદદ છે જ નહિ. સમજાય છે કાંઈ? છે ને. આમાં લખ્યું છે. પુસ્તક તો સામે પડ્યા છે. ૩૩૦૦ છપાણા છે. આવતા નથી. કોણ જાણે શું થયું છે? કેટલા ૧૫મી તારીખે ચડ્યા ૬૦૦ કાશીથી. અહીં બધા ખલાસ થઈ ગયા. આવશે બે-ત્રણ દીમાં હવે. ૧૨ દી થયા ને. ૧૫ મી તારીખે ચડ્યા. આજે ૨૬ છે ને? ૧૨ દી તો થયા. રેલમાં ૧૨થી થયા. આવ્યા નથી હજી. એ આવવાના હોય ત્યારે આવે કે નહિ જે સમયે ક્રમબદ્ધ. આ તો સામે પુસ્તક હોય તો એને ખબર પડે કે આ શું અર્થ કેમ છે? આમાં શું છે આમાં? પાઠમાં છે ને જુઓ!

**'एष ज्ञानघनो'** 'घनो' છે ને? ન વિસર્ગ થઈ જાય. **'नित्यमात्मा सिद्धिमभीप्सुभिः'** મુક્તિના અભિલાષી અનુભવ કરવાના કામીએ **'नित्यमात्मा साध्यसाधकभावेन द्विधैकः'** એક છતાં બેપણે **'समुपास्यताम्।'** નામ તેનો અનુભવ કરવો. સમજાણું કાંઈ? **'તેથી મોક્ષ જવામાં...'** પોતાની મોક્ષદશા કરવાના કાર્યમાં, આત્માની પૂર્ણ નિર્મળ દશા થવાના કાર્યમાં

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


'**કોઈ દ્રવ્યાન્તરનો...**' દ્રવ્યાન્તર એટલે આત્માના દ્રવ્ય સિવાય, આત્મપદાર્થ જ્ઞાનઘન સિવાય. દ્રવ્યાન્તર. દ્રવ્ય એટલે અનેરું. અંતર એટલે અનેરા દ્રવ્યની એમાં સહાય ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યના અંતર ઘોલનના પરિણમનમાં કે પૂર્ણ દશામાં કોઈ પરપદાર્થ પુણ્ય-દયા, દાન, વિકલ્પ, શરીર, વાણી, મન કોઈની એમાં મદદ છે નહિ.

મુમુક્ષુ :- કોઈપણ સાહિત્યકાર આ ... પરિણમે છે એનો અર્થ ન કરી શકે.

ઉત્તર :- કાર્યરૂપે પણ પોતામાં જ પરિણમે છે અને કારણરૂપે પણ પોતામાં જ પરિણમે છે. પોતામાં જ પરિણમે છે. રાગમાં પરિણમે છે? રાગથી પરિણમે છે? પોતાનું ચૈતન્યઘન જ્ઞાનસ્વરૂપ છે ધ્રુવ. એનું પરિણમન સ્વભાવ-બદલવું સ્વભાવ છે. અંતર્મુખ થઈને એ આત્મા પોતામાં જ મોક્ષમાર્ગરૂપે થાય છે-પરિણમે છે. મોક્ષરૂપે પણ પોતામાં જ થાય છે. પોતે દ્રવ્યમાં જ એ બેય પર્યાય થાય છે. દ્રવ્યને આધારે પોતામાં જ દ્રવ્યની પર્યાય થાય છે. દ્રવ્યાન્તર. દ્રવ્યાન્તર નામ આત્મદ્રવ્ય સિવાય અનેરા દ્રવ્યો એટલે વિકલ્પાદિ માંડીને મન, વાણી, દેહ એનો સહારો અંતરના મોક્ષમાર્ગમાં બિલકુલ નથી. મોક્ષમાં પણ બિલકુલ નથી. કહો, શેઠી! આ બધા રાડું પાડે છે પંડિતો તમારા. એવા રાડ પાડે છે.. અરરર..! હાય... હાય... હવે સાંભળને હવે. તેં કોઈ દી સાંભળ્યું નથી. વાંચી વાંચીને પાના વાંચ્યાં એમાં દાળિયા શું થયા? શું કહેવા માગે છે ભાવ, 'વાંચે પણ નહિ કરે વિચાર.' એમાં કહેતા ઓલા દલપતરામમાં. પહેલા. 'વાંચે પણ નહિ કરે વિચાર, એ સમજે નહિ સઘળો સાર.' સાર સમજે નહિ. વાંચે જ જાય, ગડિયા હાંકે રાખે.

ભાઈ! પ્રભુ! તું પદાર્થ છો કે નહિ? એક વસ્તુ છો કે નહિ? તો વસ્તુ પોતે વસ્તુના શક્તિના સ્વભાવવાળી વસ્તુ છે ને? એ તો જ્ઞાનપુંજ કહ્યું. તો એ વસ્તુ પોતે જ પોતાના સ્વભાવના આશ્રયે પુણ્ય ને પાપ વિનાની પરિણતિ-નિર્મળ દશા પ્રગટ કરે એ શુદ્ધઉપયોગરૂપી શુદ્ધાત્માનુભવ એ મોક્ષનું કારણ છે. એ આ ચોથેથી શરૂ છે, હોં! ઓલા કહે કે નહિ, સાતમા પછી હોય, ઢીંકણા.... હવે સાંભળને, તને કાંઈ ખબર નથી.

મુમુક્ષુ :- ત્યાં સુધી...

ઉત્તર :- ત્યાં સુધી શુભભાવમાં રહેવું. એમ. એ મોક્ષમાર્ગ. પછી આગળ ચાલશે. અહીં તો સાધક ચોથેથી છે. સાધ્ય તેર ને ચૌદ અને કાં સિદ્ધદશા. સમજાણું કાંઈ?

'**તેથી મોક્ષ જવામાં કોઈ દ્રવ્યાન્તરનો સહારો નથી,...**' ભગવાન પોતાના આત્માના સ્વભાવનું સાધન અને સાધ્ય પ્રગટ કરે એમાં આત્માને બીજી જગતની કોઈપણ ચીજ તેની સહાય, સહારો, મદદ, અવલંબન, આશ્રય બિલકુલ નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પોતે જ પરિણમે છે અને મોક્ષપણે પણ પોતે જ પરિણમે છે. પોતાને આધારે પોતામાં. સમજાણું કાંઈ? છે કે નહિ? ભગવાનભાઈ! પુસ્તક રાખ્યું છે? અહીં તો પુસ્તક

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઘણા પડ્યા છે. જુઓ! હજી પડ્યા છે ઓલામાં. પડ્યા છે ઓલા ખૂણામાં પડ્યા છે થોડા.

**'માટે શુદ્ધ આત્માનો અનુભવ કરવો જોઈએ.'** લ્યો! સરવાળો, તાત્પર્ય. માટે ભગવાન આત્મા પુણ્ય-પાપ અને શરીર વિનાની ચીજ અને અનંતગુણથી ભરેલો ભંડાર એવા આત્માની સન્મુખનો અનુભવ કરવો જોઈએ કે એ અનુભવ કરતાં કરતાં કેવળજ્ઞાન અને મોક્ષ થાય. બીજી કોઈ ક્રિયાકાંડથી આત્માને મોક્ષ થાય કે ધર્મ થાય એ ત્રણ કાળમાં છે નહિ. લ્યો ૧૫ ગાથા થઈ. ૧૫ કળશ.

(અનુષ્ટુપ)

दर्शनज्ञानचारित्रैस्त्रित्वादेकत्वतः स्वयम्।
मेचकोऽमेचकश्चापि सममात्मा प्रमाणतः।।१६।।

**ખંડાન્વય સહિત અર્થ :—**"आत्मा मेचकः" (आत्मा) ચેતનદ્રવ્ય (मेचकः) મલિન છે. કોની અપેક્ષાએ મલિન છે? "दर्शन-ज्ञान-चारित्रैस्त्रित्वात्" સામાન્યપણે અર્થગ્રાહક શક્તિનું નામ દર્શન છે, વિશેષપણે અર્થગ્રાહક શક્તિનું નામ જ્ઞાન છે અને શુદ્ધત્વશક્તિનું નામ ચારિત્ર છે—આમ શક્તિભેદ કરતાં એક જીવ ત્રણપ્રકારે થાય છે, તેથી મલિન કહેવાનો વ્યવહાર છે. "आत्मा अमेचकः" (आत्मा) ચેતનદ્રવ્ય (अमेचकः) નિર્મળ છે; કોની અપેક્ષાએ નિર્મળ છે? "स्वयम् एकत्वतः" (स्वयम्) દ્રવ્યનું સહજ (एकत्वतः) નિર્ભેદપણું હોવાથી;—આવો નિશ્ચયનય કહેવાય છે. "आत्मा प्रमाणतः समम् मेचकः अमेचकः अपि च" (आत्मा) ચેતનદ્રવ્ય (समम्) એક જ કાળે (मेचकः अमेचकः अपि च) મલિન પણ છે અને નિર્મળ પણ છે. કોની અપેક્ષાએ? (प्रमाणतः) યુગપદ્ અનેક ધર્મગ્રાહક જ્ઞાનની અપેક્ષાએ. તેથી પ્રમાણદૃષ્ટિએ જોતાં એક જ કાળે જીવદ્રવ્ય ભેદરૂપ પણ છે, અભેદરૂપ પણ છે. ૧૬.

## કલશ-૧૬ ઉપર પ્રવચન

હવે ૧૬. નાના છે ને. નાના કળશ છે. એ બધા નાના ઘણા આવશે.

(અનુષ્ટુપ)

दर्शनज्ञानचारित्रैस्त्रित्वादेकत्वतः स्वयम्।
मेचकोऽमेचकश्चापि सममात्मा प्रमाणतः।।१६।।

મહાશ્લોક આચાર્યે શ્લોકનો... પેલો ૧૬મી ગાથાનો ઉપોદ્‌ઘાત હતો. આ ૧૬મી ગાથા

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પછી કીધો છે આ શ્લોક. આ સમયસાર ચાલે છે, હોં! કોઈ કહે કે સમયસાર કેટલી વાર ચાલ્યું? આ બધું સમયસાર ચાલે છે અત્યારે. સમયસાર કેટલી વાર? કાલે સાંજે પ્રશ્ન કર્યો હતો કોકે. ૧૪ વાર સમયસાર આખું વંચાઈ ગયું સભામાં. ૪૧૫ શ્લોક અને ૪ હજાર સંસ્કૃત ટીકા એની. ૧૪ વાર. ૧૫મી વાર આ કળશટીકા આવી હવે.

મુમુક્ષુ :- આપના શ્રીમુખેથી જેટલું નીકળે છે એ સમયસાર જ નીકળે છે.

ઉત્તર :- કહો, સમજાણું? સમયસાર નામ આત્માનો સાર. સમયસાર એટલે શું? સમ એટલે સમ્યક્ પ્રકારે, અય એટલે ગમન-જ્ઞાનનું પરિણમન. સાર એટલે પુણ્ય-પાપ-વિકારરહિત. એવો સમયસાર એટલે આત્મા. એને આત્માને કહો કે સમયસાર કહો એક જ વાત છે. સમજાણું કાંઈ?

૧૬. '**ખંડાન્વય સહિત અર્થ :—**' '**आत्मा मेचकः**' ભાષા પણ કોઈ દી સાંભળી ન હોય એણે. ચોપડામાં આવે નહિ ક્યાંય. '**(आत्मा)**' '**ચેતનદ્રવ્ય મલિન છે.**' શું કહે છે? ભગવાન આત્મા એક સ્વરૂપે અનંતગુણનું ધામ એકરૂપ છે. એને આ જ્ઞાન, આ દર્શન, આ આનંદ એવા ભેદ પાડવા એ વ્યવહારનય છે. વ્યવહારનય છે. વ્યવહારનય છે તે અભૂતાર્થ છે. અભૂતાર્થ છે તે અસત્યાર્થ છે, અસત્યાર્થ છે માટે તેને મલિન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

'**आत्मा मेचकः**' ભેદ કરવો. આત્મા એકરૂપ છે, અનંતગુણનું એકરૂપ એમાં ભેદ પાડવા ત્રણ. અભેદમાં ભેદ પાડવા. વિકલ્પ ને રાગ ને પુણ્યની વાત તો એક કોર ગઈ હવે. એની વાત જ નથી એમાં. એ વસ્તુ એક સમયમાં અનંતગુણનું એકરૂપ, એને ત્રણ ભેદપણે પરિણમવો એમ દેખવો કે ત્રણ ભેદ પાડવા એ જ વિકલ્પનું કારણ છે. માટે તેને વ્યવહાર અને તેથી તેને મેલ કહેવામાં આવે છે. મલિન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? સાધકપણે પરિણમે છે એ ભલે દર્શન-જ્ઞાન-ચારિત્ર અભેદપણે. પણ એને આ દર્શન, આ જ્ઞાન, આ ચારિત્ર એવા ભેદ પાડવા એ વિકલ્પ છે. વિકલ્પ ઉઠે છે. માટે તે ભેદ ભલે હો વસ્તુ(મા) પણ ભેદનું લક્ષ કરવું એ મેલ છે એટલે વિકલ્પ છે. સમજાય છે કાંઈ?

'**(मेचकः)**' '**મલિન છે. કોની અપેક્ષાએ મલિન છે?**' દેખો! '**दर्शन-ज्ञान-चारित्रैस्त्रित्वात्**' ત્રણપણાની અપેક્ષાએ. એમ. ત્રણપણાની અપેક્ષાએ. સમજાણું કાંઈ? ત્રણપણું. એકરૂપને ત્રણપણું કહેવું કે ત્રણપણાના ભેદનું લક્ષ કરવું એ વ્યવહાર છે, એ મલિન છે, ભેદ છે. એ રીતે. એ કહેશે. '**તેથી મલિન કહેવાનો વ્યવહાર છે.**' આ રીતે. બહુ સરસ વ્યાખ્યા કરી છે. '**કોની અપેક્ષાએ મલિન છે?**' મલિન નામ કેમ એને મલિન કહેવો? '**दर्शन-ज्ञान-चारित्रैस्त्रित्वात्**' '**त्रित्वात्**' '**સામાન્યપણે...**' હવે એની વ્યાખ્યા કરે છે ત્રણની. એને એકને ત્રણપણે કહેવો ને જાણવો કે ભેદ પાડીને જોવું એને મલિનતા કહેવામાં આવે છે. એ વ્યવહારનય થઈ, અભૂતાર્થનય થઈ. એ વસ્તુના એક સ્વરૂપમાં એવા ત્રણ

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ભેદ જુદા પડતાં નથી. સમજાણું કાંઈ?

હવે એની વ્યાખ્યા કરે છે. ત્રણ ઓલા કીધા ને? '**त्रित्वात्**' તો હવે ત્રણ શું ચીજ? '**સામાન્યપણે અર્થગ્રાહક શક્તિનું નામ દર્શન છે,...**' આત્મામાં દર્શન એ લીધું છે અત્યારે. સમ્યગ્દર્શનની વાત નથી. આત્મામાં એવો એક ગુણ છે દર્શન, કે જે ગુણ કોઈપણ ચીજને જુદી પાડ્યા વિના અભેદપણે સામાન્યપણે (દેખે). (અર્થાત્) આ આત્મા જુદો, આ જડ જુદું, આ ગુણ જુદો એમ ભેદ પાડ્યા વિના જે ગુણ દેખે તે ગુણને '**સામાન્યપણે અર્થગ્રાહક શક્તિ...**' ભેદ પાડ્યા વિના પદાર્થને દેખવાની શક્તિ, એનું નામ દર્શન કહે છે. આ ત્રણની વ્યાખ્યા કરે છે. '**दर्शन-ज्ञान-चारित्रैस्त्रित्वात्**' ત્રિ-મલિન અને વ્યવહાર છે એને સમજાવે છે. સમજાણું કાંઈ? ભારે! ઝીણું ભારે આવ્યું એનાથી પાછું. ઓલો કહે પરિણમે છે ભલે, પણ એના ભેદ પાડવા અને કહેવા એ બધો વ્યવહાર છે, વિકલ્પ છે. સમજાણું કાંઈ? એમાં અભેદપણું રહેતું નથી, ભેદ પડવામાં. આત્મામાં એવો એક ગુણ છે કે સામાન્યપણે, સામાન્યરૂપે એટલે કે કોઈપણ ચીજને ભેદ પાડ્યા વિના સામાન્યરૂપે પદાર્થનું જાણવું, ગ્રહવું એટલે જાણવું એવી એક શક્તિ એનું નામ દર્શન.

'**વિશેષપણે અર્થગ્રાહક શક્તિનું નામ જ્ઞાન છે...**' જે પહેલા આવી ગયું હતું. સ્વપરગ્રાહક શક્તિ. વિશેષપણે એટલે કે હું આત્મા છું, આ જ્ઞાન છે, આ રાગ છે, આ પર છે. એવા ભેદ પાડીને જ્ઞાનની શક્તિ સ્વને-પરને વિશેષપણે ગ્રહવાનું, જ્ઞાન કરવાની શક્તિ એનું નામ આત્મામાં જ્ઞાન છે. સમજાણું કાંઈ? ત્રણ શક્તિનું વર્ણન કરવું છે-દર્શન-જ્ઞાન-ચારિત્ર. વસ્તુ તરીકે અભેદ પણ ત્રણ શક્તિઓ છે અંદર ભેદપણે. પણ ભેદનું લક્ષ અને કથન કરવું કે કહેવું એમાં વિકલ્પ ઉઠે છે. સમજાણું કાંઈ?

'**અને શુદ્ધત્વશક્તિનું નામ ચારિત્ર છે-**' દેખો! આત્મામાં શુદ્ધત્વ. પુણ્ય-પાપના વિકલ્પના રાગ વિનાનો શુદ્ધત્વ સ્વભાવ. શુદ્ધત્વ નામ શુદ્ધપણું. એવી જે આત્માની શક્તિ. એનું નામ ભગવાન ચારિત્ર કહે છે. ત્રણની વ્યાખ્યા કરી. એ એકરૂપમાં ત્રણના ભેદ પાડવા એનું નામ અહીં મલિન અને વ્યવહાર કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આગળ કહેશે હોં! ત્રણરૂપે પરિણમે ભેદબુદ્ધિ ઘટે છે. એટલે પર્યાય છે ભેદરૂપે. એમ. પણ ભેદ પાડીને વિકલ્પ કરવો એ મલિનતા છે. ત્રણરૂપે પરિણમન હોવા છતાં એમાં ભેદ પાડવો કે આ દર્શન, આ જ્ઞાન અને આ ચારિત્ર એવો ભેદ પાડવો તે મલિન કહેવામાં આવે છે.

શું કહ્યું આ? એ આત્મામાં ત્રણ શક્તિ મુખ્ય-દર્શન, જ્ઞાન અને ચારિત્ર. એ દર્શન એટલે કે આત્મા દર્શનગુણનું સ્વરૂપ એવું છે કે સ્વને-પરને ભેદ જુદા પાડ્યા વિના સામાન્યપણે દેખવાની શક્તિ-સત્ત્વ-ગુણ એને દર્શન કહેવામાં આવે છે. અને વિશેષપણે આ આત્મા છે, આ જડ છે, આ ગુણ છે, આ પર્યાય છે, એમ ભેદ પાડીને રાગ વિના અંતરમાં વિશેષ ગ્રહવાની શક્તિનું નામ જ્ઞાન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? અને શુદ્ધત્વશક્તિનું નામ

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com


Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ચારિત્ર. ભગવાન આત્મામાં શુદ્ધપણું છે. શાંતિ અવિકારી શક્તિ શુદ્ધત્વપણું એનું નામ ચારિત્ર છે. સમજાણું કાંઈ?

**‘આમ શક્તિભેદ કરતાં એક જીવ ત્રણ પ્રકારે થાય છે,...’** વસ્તુ તરીકે અખંડ હોવા છતાં એને ગુણભેદના લક્ષે ભેદ પાડો તો **‘શક્તિભેદ કરતાં એક જીવ ત્રણ પ્રકારે થાય છે,...’** વસ્તુ એક છે છતાં ત્રણપણે દેખાય છે અથવા ત્રણપણે પરિણમે છે. પણ એ ત્રણનો ભેદ લક્ષમાં લેવો એ વ્યવહાર છે. સમજાણું કાંઈ? બહુ ઝીણું ભાઈ! ... છે ને એ. આ આત્મા છે આત્મા, એમાં ત્રણ શક્તિ મુખ્ય કહી. જેમ અગ્નિમાં ત્રણ શક્તિ મુખ્ય. સમજાણું? પણ એ દર્શન શક્તિ એમાં એક પ્રકાશશક્તિ, એક પાચકશક્તિ અને દાહક શક્તિ. અગ્નિ. એક પાચક, દાહક, પ્રકાશક. એક પ્રકાશ કરે અગ્નિને અને અનાજને પકવે અને પાચક. એટલે અનાજને પકવે. દાહક. લાકડાને બાળે.

એમ આત્મામાં ત્રણ મુખ્ય શક્તિ છે. એક દર્શન શક્તિ. જેમ અગ્નિ, એમ આ દર્શનશક્તિ. એ દેખવાની શક્તિ અહીં લેવી છે અત્યારે. સ્વ-પરને જુદા પાડ્યા વિના દેખે એવો એક દર્શનગુણ. અને સ્વપરના ભેદ પાડીને જાણવાની શક્તિ એનું નામ જ્ઞાન. અને શુદ્ધત્વસ્વભાવ, શુદ્ધત્વપણું એ ચારિત્ર. વસ્તુ એક હોવા છતાં ત્રણ ગુણ છે અંદર. આહાહા..! એ ત્રણ ગુણના લક્ષે ત્રણ પ્રકારે કહેવો **‘તેથી મલિન કહેવાનો વ્યવહાર છે.’** એને ભેદ કહેવાનો વ્યવહાર, મલિન કહેવાનો વ્યવહાર (છે). સમજાય છે કાંઈ? અભૂતાર્થ છે ત્રણ પ્રકાર. ખરેખર એક પ્રકારમાં ત્રણ દૃષ્ટિ કરવી એમ ત્રણ તો ભેદ પડે અને વિકલ્પ આવે છે. એવો કહેવાનો વ્યવહાર છે. માટે એ ભેદ પણ આશ્રય કરવા લાયક નથી. આશ્રય તો એક ચૈતન્યમૂર્તિ અભેદ એનો આશ્રય કરવા લાયક છે. જાણવાલાયક છે. હવે અમેચક શું છે એની વ્યાખ્યા કરશે. વખત થઈ ગયો. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)



Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વીર સંવત-૨૪૯૧, ફાગણ વદ ૧૦, શનિવાર,
તા. ૨૭-૩-૧૯૬૫, કલશ-૧૬-૧૭-૧૮
પ્રવચન નં. ૨૧

... ચાલે છે. સમયસાર જીવ અધિકાર. એનો ૧૬મો કળશ. અહીંયાં આવ્યું છે જુઓ! ફરીને થોડું લઈએ ત્યારે મેળ ખાશે. આત્મા. પહેલો શબ્દ '**ચેતનદ્રવ્ય મલિન છે.**' આત્મા વસ્તુ છે એને એક અપેક્ષાએ મલિન કહેવામાં આવે છે. કઈ અપેક્ષાથી? '**કોની અપેક્ષાએ મલિન છે?**' '**दर्शन-ज्ञान-चारित्रैस्त्रित्वात्**'. ત્રણપણું. એક સ્વરૂપ આત્મા અનંત ગુણનો પિંડ એકરૂપ હોવા છતાં એને ત્રણ ગુણના ભેદપણે જોવો એ વ્યવહારનય છે. એથી વ્યવહારનયની અપેક્ષાએ તેને મલિન કહેવામાં આવ્યો. જુઓ! શરીરની વાત નથી. અહીં કર્મને લઈને મલિન થાય પોતાને કારણે એ અહીં નથી.

પોતાની પર્યાયમાં મલિનતા છે એ પણ પોતે વિકાર સ્વતંત્ર કરે છે. એ મલિનતાની અહીંયાં ત્યારે વાત નથી. આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં એક સ્વરૂપ વસ્તુ હોવા છતાં એના પરિણમનના મોક્ષમાર્ગની અપેક્ષાએ દર્શન-જ્ઞાન-ચારિત્રનું ત્રણ પ્રકારે પરિણમવું, થવું એ અપેક્ષાએ એને ભેદ કહેવામાં આવે છે. છે ખરું એ. પણ એનો ભેદનો લક્ષ અને આશ્રય કરવા જાય તો વિકલ્પ અને રાગ ઉઠે છે. તેથી તે અપેક્ષાએ અભૂતાર્થ ગણીને ત્રણ ભેદથી એક નામ અભૂતાર્થ ખોટા ગણીને એને વ્યવહાર કહીને મલિન કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ?

કેમ કે '**સામાન્યપણે અર્થગ્રાહક શક્તિનું નામ દર્શન છે,...**' કેમ એને ત્રણપણાને લઈને ભેદને-વ્યવહારને મલિન કહ્યો? કે એનો એક ગુણ દર્શન છે કે જે વસ્તુને ભેદ પાડ્યા વિના જાણવાનું એટલે દેખવાનું કામ કરે એવો એક આત્મામાં દર્શન નામનો ગુણ છે. બીજો '**વિશેષપણે અર્થગ્રાહક...**' પદાર્થને સ્વ-પર પદાર્થને ભેદ પાડીને વિશેષતા સહિત વિસ્તારપૂર્વક, વિસ્તરણપૂર્વક જે જ્ઞાન વિસ્તારના ભેદોને જાણવાનું કામ કરે એને જ્ઞાન કહેવામાં આવે છે. '**અને શુદ્ધત્વશક્તિનું નામ ચારિત્ર છે-**' આત્મામાં શુદ્ધપણું વીતરાગપણું, નિર્મળપણું એ અપેક્ષાએ એને ચારિત્ર શક્તિ કહેવામાં આવી છે.

'**આમ શક્તિભેદ કરતાં એક જીવ ત્રણ પ્રકારે થાય છે,...**' આત્મા એક સ્વરૂપે હોવા છતાં શક્તિભેદ કરતાં એમ લીધું છે. ઝીણી વાત બહુ. વસ્તુ આત્મા અનંત ગુણનો પિંડ પદાર્થ છે એવા અભેદની અંતર દૃષ્ટિ કરવી એ તો નિશ્ચયનયની યથાર્થદૃષ્ટિ અને સમ્યગ્દર્શન છે. પણ એના ત્રણ ભેદની દૃષ્ટિ, '**શક્તિભેદ કરતાં...**' શક્તિના ત્રણ પ્રકાર કરતાં '**એક જીવ ત્રણ પ્રકારે થાય છે, તેથી મલિન કહેવાનો વ્યવહાર છે.**' ભેદને દેખવો એમાં

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


વિકલ્પ ઉત્પન્ન થાય માટે તેને મલિન કહેવાનો, અભૂતાર્થ કહેવાનો વ્યવહાર છે. આહાહા..! કહો, રતિભાઈ! હવે ક્યાં રહી ગયું કર્મ ને એની વાતેય નથી અહીં. અહીં તો એક વસ્તુને **'શક્તિભેદ કરતાં એક જીવ ત્રણ પ્રકારે થાય છે,...'** પરિણમે, ત્રણ પ્રકારે થાય એમ જોવું એને વ્યવહારનય અને એને મલિન અને એને અભૂતાર્થ, અસત્યાર્થ કહેવામાં આવે છે. **'તેથી મલિન કહેવાનો વ્યવહાર છે.'** ત્યાં સુધી કાલે આવ્યું હતું. કાલે આવ્યું હતું ત્યાં.

હવે **'आत्मा अमेचक'** ચેતનવસ્તુ, ચેતનપદાર્થ જ્ઞાયકભાવ અમેચક, અભેદ અર્થાત્ **'નિર્મળ છે;...'** એટલે કે અભેદ છે એટલે કે એકરૂપ છે. **'કોની અપેક્ષાએ નિર્મળ છે?'** **'स्वयम् एकत्वतः'** **'દ્રવ્યનું સહજ...'** વસ્તુનો સહજ સ્વભાવ **'एकत्वतः'**, **'एकत्वतः'** **'નિર્ભેદપણું...'** ભેદ વિનાપણું-નિર્ભેદપણું **'આવો નિશ્ચયનય કહેવાય છે.'** એ રીતે આત્મા અભેદ નિર્ભેદ છે એવી અંતર દૃષ્ટિ કરવી એનું નામ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે. કહો, સમજાય છે કાંઈ?

**'स्वयम् एकत्वतः'** જુઓ એમાં **'स्वयम् एकत्वतः'** ઓલા તો શક્તિભેદ કરતા એક જીવ ત્રણ પ્રકારે થાય છે. તુલના-તુલના કરી છે કેટલી! ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં એક ચેતનદ્રવ્ય નિર્મળ નામ અભેદ. કોની અપેક્ષાએ? દ્રવ્યનો સહજ સ્વભાવ નિર્ભેદપણું હોવાને લઈને. નિર્ભેદપણું હોવાને લીધે. **'स्वयम् एकत्वतः'** દ્રવ્યનો સહજ સ્વભાવ નિર્ભેદપણું છે. વસ્તુનો સહજ સ્વભાવ અભેદપણું છે. એ અભેદપણું તે નિશ્ચયનયની વસ્તુ છે. સમજાણું કાંઈ? આહાહા..!

અહીંયાં તો આત્માને ત્રણ પ્રકારે જોવો એમ એક વાત ચાલે છે. પરની અહીં વાત અત્યારે છે નહિ. જેને ધર્મ સમજવો છે, કરવો છે એને ક્યા પ્રકારે એને સમજવું અને પછી ક્યા પ્રકારે તેની દૃષ્ટિ કરતાં સમ્યગ્દર્શન-જ્ઞાન થાય એની વાત ચાલે છે. તો આત્મા વસ્તુ છે એને અભેદદૃષ્ટિથી દેખો, નિર્ભેદદૃષ્ટિ સ્વતઃ સ્વયં એકત્વથી નિર્ભેદપણે દેખો તો નિર્મળ એકરૂપ છે. નિર્મળનો અર્થ એ અભેદને આશ્રયે દૃષ્ટિ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રપણાને પામે છે. અને શક્તિભેદ કરવાથી, વસ્તુ અખંડ શક્તિનો પિંડ છે. પણ એમાં શક્તિભેદ કે આ દર્શન છે, આ જ્ઞાન છે, આ શુદ્ધત્વ તે ચારિત્ર છે, સામાન્ય ગ્રહણશક્તિ તે દર્શન છે, વિશેષ પદાર્થને જાણવાનો ગુણ તે જ્ઞાન છે એમ ત્રણ પ્રકારે શક્તિભેદ કરવાથી એ મેલ નામ વ્યવહાર નામ અભૂતાર્થ નામ ભેદ દેખવામાં આવે છે.

હવે એને એકસાથે દેખવો એ અભેદ ને ભેદ. **'आत्मा प्रमाणतः समम् मेचकः अमेचकः अपि च'** ભગવાન આત્મા ચેતન વસ્તુ નિર્ભેદ અભેદ છે. એક જ કાળે **'ચેતનદ્રવ્ય એક જ કાળે...'** ચેતન દ્રવ્ય એક જ કાળે **'मेचकः अमेचकः अपि च'** ભેદ શક્તિભેદ દેખવાથી વ્યવહાર છે, મલિન છે. નિર્ભેદપણે દેખવાથી અભેદ છે, નિર્મળ છે. ભારે વાત ભાઈ આમાં. શું ચાલે છે આ વાત? **'મલિન પણ છે અને નિર્મળ પણ છે.'** પ્રમાણદૃષ્ટિએ

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એકસાથે જુઓ તો ત્રણપણે પરિણમે છે એ રીતે ભેદ પણ છે, એકરૂપ છે એ માટે અભેદ પણ છે. વસ્તુદષ્ટિએ અભેદ પણ છે, ત્રણપણે પરિણમે છે એવી ભેદદષ્ટિથી જુઓ તો એ મલિન નામ વ્યવહારે ત્રણપણું પણ એનામાં છે.

'**કોની અપેક્ષાએ?**' બે છે મેલ અને નિર્મળ? મલિન અને નિર્મળ? '**યુગપદ્ અનેક ધર્મગ્રાહક જ્ઞાનની અપેક્ષાએ.**' જુઓ! ભાષા લીધી હતીને ત્યાં? સામાન્ય પદાર્થને જાણવાની શક્તિ નામ દર્શન, વિશેષરૂપ પદાર્થને જાણવું એનું નામ જ્ઞાન, શુદ્ધત્વ શક્તિનું નામ ચારિત્ર. હવે અહીં કહે છે, '**યુગપદ્ અનેક ધર્મગ્રાહક જ્ઞાનની અપેક્ષાએ.**' ભગવાન આત્મા અભેદ નિર્ભેદથી જુઓ તો તે નિશ્ચયથી નિર્મળ છે અને ભેદ નામ શક્તિભેદ, ગુણભેદથી જુઓ-દેખો તો ત્રણપણે પરિણમે છે એવું ભેદરૂપ પણ છે. એકસાથે દેખો તો નિર્મળ અભેદની અપેક્ષાએ, ભેદની અપેક્ષાએ વ્યવહાર, એવું એકસાથે બેનું જ્ઞાન કરે તેને પ્રમાણજ્ઞાન કહેવાય છે. સમજાણું કાંઈ?

'**તેથી પ્રમાણદષ્ટિએ જોતાં એક જ કાળે...**' ભગવાન આત્માને એકસાથે નિશ્ચય અને વ્યવહાર, નિર્મળ અને મલિન એને એકસાથે દેખવાથી એક જ કાળમાં ભેદરૂપ ત્રણપણે પણ દેખાય, અભેદરૂપ એકપણે પણ દેખાય. સમજાય છે? આ તો હજી વસ્તુની સ્થિતિ સિદ્ધ કરી. પ્રમાણજ્ઞાન. પહેલો વ્યવહાર કહ્યો. એક વસ્તુને શક્તિભેદના ત્રણ પ્રકારે જુઓ તે વ્યવહાર નામ મલિન નામ અભૂતાર્થ નામ ખરેખર અસત્યાર્થ છે અને એ જ વસ્તુને નિર્ભેદપણે, નિર્મળપણે એટલે અભેદપણે દેખો તો તેને નિર્મળ કહેવામાં આવે છે. કેમ કે એ નિશ્ચયનયનો વિષય છે. એ જ વસ્તુને એકસાથે દેખીએ તો નિર્મળ અભેદ પણ છે અને ત્રણ પ્રકારનું પરિણમન છે દર્શન-જ્ઞાન-ચારિત્ર માટે ભેદ પણ છે. એ બેને એકસાથે જોવું એ યુગપદ્ એક સાથે જોવું એનું નામ પ્રમાણજ્ઞાન છે. વ્યવહાર, નિશ્ચય અને પ્રમાણ ત્રણની વાત કરી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નહિ, પરની વાત આમાં છે જ નહિ કાંઈ. પરને જાણવું-દેખવું એ તો પોતાના જ્ઞાનમાં શક્તિ કીધી, સામાન્યપણે દેખવાની શક્તિ, વિશેષપણે જાણવાની શક્તિ, શુદ્ધત્વ શક્તિ એ હું. એ તો પોતાનો ગુણ લીધો. એવા શક્તિભેદે આત્માને દેખો તો ત્રણપણું એનામાં પરિણમે તેમ છે. પણ આશ્રય કરવા જાય ત્રણનો ભેદનો તો એને વિકલ્પ ઉઠે છે. માટે ત્રણપણું એકમાં જોવું એ અભૂતાર્થપણું છે. સમજાણું કાંઈ? છતાં છે ખરું ત્રણ. અને અભેદ વસ્તુ અખંડ જ્ઞાયકમૂર્તિ, અનંત શક્તિના ભેદ વિનાની એકરૂપ વસ્તુ એમ જુઓ તો તે નિશ્ચયનયે એવો છે, નિર્મળ છે. એટલે કે એને આશ્રયે નિર્મળતા જ પ્રગટ થાય છે અને વ્યવહારના ભેદ આશ્રયે મલિન એટલે વિકલ્પ ઉત્પન્ન થાય. પણ છતાં બેનું જ્ઞાન કરે તો પ્રમાણજ્ઞાનમાં બેય જાણવામાં આવે છે.

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



(અનુષ્ટુપ)

दर्शनज्ञानचारित्रैस्त्रिभिः परिणतत्वतः।
एकोऽपि त्रिस्वभावत्वाद्व्यवहारेण मेचकः।।१७।।

**ખંડાન્વય સહિત અર્થ** :— 'एकः अपि व्यवहारेण मेचकः' (एकः अपि) દ્રવ્યદ્રષ્ટિથી જોકે જીવદ્રવ્ય શુદ્ધ છે તોપણ (व्यवहारेण) ગુણ-ગુણીરૂપ ભેદદ્રષ્ટિથી (मेचकः) મલિન છે. તે પણ કોની અપેક્ષાએ? 'त्रिस्वभावत्वात्' (त्रि) દર્શન-જ્ઞાન-ચારિત્ર, તે ત્રણ છે (स्वभावत्वात्) સહજ ગુણો જેના, એવું હોવાથી. તે પણ કેવું હોવાથી? 'दर्शन-ज्ञान-चारित्रैः त्रिभिः परिणतत्वतः' કેમ કે તે દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ત્રણ ગુણોરૂપે પરિણમે છે, તેથી ભેદબુદ્ધિ પણ ઘટે છે. ૧૭.

---

## કલશ-૧૭ ઉપર પ્રવચન

હવે ૧૭. આ બધા નાના નાના કળશો છે. કહો, સમજાય છે કાંઈ આમાં?

(અનુષ્ટુપ)

दर्शनज्ञानचारित्रैस्त्रिभिः परिणतत्वतः।
एकोऽपि त्रिस्वभावत्वाद्व्यवहारेण मेचकः।।१७।।

અહીંયાં બતાવીને શું બતાવવું છે કે આ રીતે વસ્તુ છે છતાં અંતરમાં એકરૂપે જોવું. છેલ્લો સાર કહેશે ૧૯માં.

એક દેખિયે જાનિયે, રમિ રહિયે ઈક ઠૌર,
સમલ વિમલ ન વિચારીયે, યહૈ સિદ્ધિ નહી ઔર. ૨૦.

એ ૧૯માં કહી દેશે પછી છેલ્લે. આ તો વસ્તુને પહેલી સિદ્ધ કરે છે. આત્મા વસ્તુ કેવી છે? કે વસ્તુ પોતે અનંત ગુણનો પિંડ, અનંત શક્તિનો પિંડ છે. એને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રપણે અથવા દર્શન-જ્ઞાન-ચારિત્રપણે થાવું એવા ત્રણપણે છું એવી એનામાં શક્તિ છે. પણ એ ભેદરૂપ, એકમાં ભેદ કરવો એવી એક ચીજ છે. અને એકરૂપે એને દેખવું એ નિશ્ચયનયનો વિષય છે, બેને એકસાથે દેખવું એ પ્રમાણનો વિષય છે. હવે પછી કોનો આશ્રય કરીને રહેવું એ તો ૧૯માં કહેશે. આ તો હજી વાતનો ખુલાસો કરે છે. સમજાણું?

'**દ્રવ્યદ્રષ્ટિથી જોકે જીવદ્રવ્ય શુદ્ધ છે...**' શું કહે છે? ભગવાન આત્મા વસ્તુદ્રષ્ટિએ દેખો તો વસ્તુ તો શુદ્ધ અને અભેદ છે. આત્મા વસ્તુદ્રષ્ટિએ જુઓ તો. વસ્તુદ્રષ્ટિ એટલે વસ્તુ, વસ્તુની દ્રષ્ટિ એટલે દ્રવ્યદ્રષ્ટિ. દ્રવ્ય એટલે વસ્તુની દ્રષ્ટિએ જુઓ તો આત્મા જીવદ્રવ્ય શુદ્ધ છે. શુદ્ધ નામ એકરૂપ અભેદ નિર્મળ છે. એનો દ્રષ્ટિ અને એનો અનુભવ કરવો એનું નામ સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્ર છે. સાકરચંદભાઈ! બહુ ઝીણું છે આ. ઘણાં વખતે હમણાં

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આવ્યા છે. સમજાણું આમાં?

'તોપણ...' દ્રવ્ય વસ્તુથી જોઈએ તો શુદ્ધ હોવા છતાં '**ગુણ-ગુણીરૂપ ભેદદષ્ટિથી મલિન છે.**' દેખો! આ મલિનતાની વ્યાખ્યા જ આટલી અત્યારે છે. આહાહા..! પણ અહીંયાં અત્યારે કામ નથી. આગળ તો લખ્યું. ૧૫મી ગાથામાં જૈનશાસન બતાવ્યું કે ભગવાન આત્મા એકરૂપ જ્ઞાયક ચૈતન્ય એની અંતરમાં ભાવશ્રુતજ્ઞાનનું પરિણમન સ્વભાવને આશ્રયે થવું, એમાં દર્શન-જ્ઞાન અને રાગ રહિત પરિણતિ થવી એનું નામ જૈનશાસન અને વીતરાગ પરિણતિને જૈનશાસન કહેવામાં આવે છે. પછી અહીં હવે એ કહેવું છે કે એ વીતરાગ પરિણતિમાં જેટલો ગુણ-ગુણી ભેદનો વિકલ્પ ઉઠે એ પણ વ્યવહાર અને પુણ્યબંધનું કારણ છે.

પરની દયા પાળવી કે વ્રત પાળવા એની અહીં વાત પણ લીધી નથી. એ તો શુભરાગ એકલો રાગ છે. પણ ભગવાન આત્મા ગુણ નામ અનંત શક્તિ અને ગુણી નામ અનંત શક્તિનું સત્ત્વ એક દ્રવ્ય-ગુણી. ગુણી એટલે સમજાણું? આ ગુણી ગુણી નથી? અમારે ત્યાં એની કોર ભાઈ કોથળાને ગુણી કહે. થેલાને ગુણી કહે ગુણી હોં! ઓલા બધા મજૂરો હોય ને ગુણી ઉપાડો, ગુણી લ્યો. કેટલી ગુણી લેવી છે? કેટલી ગુણી લેવી છે? એમ કહે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. એ ચાર-પાંચ શેર ત્યાં. અમારે ત્યાં દુકાનની જોડે ઓલા હતા ને કાંઠા તે બોલે ચાર મણ ને અઢી શેર. આ ગુણી એટલી થઈ. ગુણી-ગુણી એમ. ગુણ એટલે આખો કોથળો ભરેલો. એમ ગુણી એવો જે આત્મા એને અહીં ગુણી કીધો. કેમ કે અનંતા ગુણોનો કોથળો આત્મા છે. સમજાણું કાંઈ? ગુણી એવી જે દ્રવ્ય વસ્તુ, એના ગુણ નામ એમાં ભરેલી, રહેલી શક્તિઓ. એ શક્તિવાન અને શક્તિ એને ભેદદષ્ટિએ જોવું તો પણ એને વિકલ્પ ઉઠે અથવા વ્યવહાર કહેવાય અને મલિન કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**તે પણ કોની અપેક્ષાએ?**' તે પણ કોની અપેક્ષા? ગુણ-ગુણી ભેદરૂપી દષ્ટિથી દેખવાથી મલિન છે કોની અપેક્ષાએ? '**त्रिस्वभावत्वात्**' પાછો ત્રણ સ્વભાવ છે એમ તો સિદ્ધ કરવું છે. '**દર્શન-જ્ઞાન-ચારિત્ર, તે ત્રણ છે સહજ ગુણો જેના,...**' ગુણ તો સહજ છે. વસ્તુ ભગવાન ગુણી, અનંત ગુણનો ધરનાર ગુણી એટલે વસ્તુ, એમાં અનંત ગુણ તો છે પણ અત્યારે ત્રણનું કામ છે. દર્શન-જ્ઞાન અને ચારિત્ર. '**તે ત્રણ છે સહજ ગુણો જેના,...**' આત્મા ગુણી નામ દ્રવ્યમાં ત્રણ ગુણ સ્વભાવી જ છે.

'**એવું હોવાથી. તે પણ કેવું હોવાથી?**' '**दर्शन-ज्ञान-चारित्रैः त्रिभिः परिणतत्वतः**' અહીં પરિણમવું પાછું. '**કેમ કે તે દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ત્રણ ગુણોરૂપે પરિણમે છે,...**' પર્યાયમાં સમ્યગ્દર્શનરૂપ, સમ્યગ્જ્ઞાનરૂપ, સમ્યક્ચારિત્રરૂપ વસ્તુ એક હોવા છતાં, ગુણી એક હોવા છતાં, એનામાં અનંતા ગુણ હોવા છતાં, એમાં ત્રણ સ્વભાવની મુખ્યતા લઈએ, ત્રણ

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



શક્તિની-સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર. માથે લીધું હતું દેખવાનું દર્શન-જ્ઞાન-ચારિત્ર. એ દર્શન-જ્ઞાન અને ચારિત્ર ત્રણપણે પરિણમે છે આત્મા. શુદ્ધ આત્માની અંતર અભેદ દૃષ્ટિ ઉપર દૃષ્ટિ કરતાં એકરૂપ ચૈતન્ય, અનંત ગુણનો ગુણી એવું દ્રવ્ય એની અંતર દૃષ્ટિ કરતાં, એની પર્યાયમાં-દશામાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનું, એકરૂપે વસ્તુ હોવા છતાં પરિણતિમાં ત્રણપણે પરિણમવું એ થાય છે. સમજાણું કાંઈ? જુઓ! આ ત્રણપણે પરિણમે છે એટલો પણ ભેદ છે. તો રાગ થાવો અને પુણ્યની ક્રિયા થવી એ તો કાંઈ મુક્તિમાર્ગમાં છે જ નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

'**તે ત્રણ છે સહજ ગુણો જેના,...**' પાછું એમ સિદ્ધ કર્યું. સહજ શક્તિના ભેદો અંદર શક્તિ છે છતાં એ '**એવું હોવાથી, તે પણ કેવું હોવાથી? કેમ કે તે દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ત્રણ ગુણોરૂપે પરિણમે છે,...**' ત્રણ ગુણોરૂપે પર્યાયમાં પરિણમે છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એને ભેદ પાડીને ત્રણપણાને જોવું તે ત્રણપણે છે. '**તેથી ભેદબુદ્ધિ પણ ઘટે છે.**' લ્યો! ક્યા કારણે? ત્રણપણે પરિણમે છે આત્મા માટે ભેદબુદ્ધિ પણ ઘટિત થાય છે. વસ્તુદૃષ્ટિએ જોઈએ તો અભેદદૃષ્ટિ પણ સિદ્ધ થાય છે. સમજાય છે કાંઈ આમાં?

---

(અનુષ્ટુપ)

**परमार्थेन तु व्यक्तज्ञातृत्वज्योतिषैककः।**
**सर्वभावान्तरध्वंसिस्वभावत्वादमेचकः।।१८।।**

**ખંડાન્વય સહિત અર્થ** :—"तु परमार्थेन एककः अमेचकः" (तु) 'तु' પદ દ્વારા બીજો પક્ષ કયો છે તે વ્યક્ત કર્યું છે. (परमार्थेन) પરમાર્થથી અર્થાત્ શુદ્ધ દ્રવ્યદૃષ્ટિથી (एककः) શુદ્ધ જીવવસ્તુ (अमेचकः) નિર્મળ છે-નિર્વિકલ્પ છે. કેવો છે પરમાર્થ? "व्यक्तज्ञातृत्वज्योतिषा" (व्यक्त) પ્રગટ છે (ज्ञातृत्व) જ્ઞાનમાત્ર (ज्योतिषा) પ્રકાશસ્વરૂપ જેમાં એવો છે. ભાવાર્થ આમ છે કે શુદ્ધ-નિર્ભેદ વસ્તુમાત્રગ્રાહક જ્ઞાન નિશ્ચયનય કહેવાય છે. તે નિશ્ચયનયથી જીવપદાર્થ સર્વભેદરહિત શુદ્ધ છે. વળી કેવો હોવાથી શુદ્ધ છે? "सर्वभावान्तरध्वंसिस्वभावत्वात्" (सर्व) સમસ્ત દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મ અથવા જ્ઞેયરૂપ પરદ્રવ્ય એવા જે (भावान्तर) ઉપાધિરૂપ વિભાવભાવ તેમનું (ध्वंसि) મેટનશીલ (મટાડવાના સ્વભાવવાળું) છે (स्वभावत्वात्) નિજસ્વરૂપ જેનું, એવો સ્વભાવ હોવાથી શુદ્ધ છે. ૧૮.

---

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## કલશ–૧૮ ઉપર પ્રવચન

હવે ૧૮.

(અનુષ્ટુપ)

परमार्थेन तु व्यक्तज्ञातृत्वज्योतिषैककः।
सर्वभावान्तरध्वंसिस्वभावत्वादमेचकः।।१८।।

આહાહા..! '**तु परमार्थेन एककः अमेचकः**' '**तુ પદ દ્વારા બીજો પક્ષ ક્યો છે તે વ્યક્ત કર્યું છે. પરમાર્થથી અર્થાત્ શુદ્ધ દ્રવ્યદૃષ્ટિથી...**' ભગવાન આત્મા એકલો દ્રવ્ય નામ પદાર્થ ચૈતન્ય પદાર્થ અભેદ વસ્તુ નિર્ભેદ વસ્તુ એવી દૃષ્ટિથી જોઈએ તો '**एककः**' '**एककः**' ની વ્યાખ્યા '**શુદ્ધજીવવસ્તુ...**' '**एककः**' એકરૂપે વસ્તુ છે એને અહીંયાં શુદ્ધજીવવસ્તુ કહેવામાં આવી. શુદ્ધપણું કહો કે એકપણું કહો. એમાં ત્રણ શક્તિના ભેદો પરમાર્થ દૃષ્ટિમાં હોઈ શકતા નથી. સમજાય છે કાંઈ? આહાહા..! '**પરમાર્થથી અર્થાત્ શુદ્ધ દ્રવ્યદૃષ્ટિથી...**' પરમ-અર્થ એમ. પરમ-અર્થ, પરમ નામ શુદ્ધ પદાર્થ. પરમ અર્થ એમ છે ને? પરમ એટલે શુદ્ધ, અર્થ એટલે પદાર્થ દ્રવ્યદૃષ્ટિ. શુદ્ધ દ્રવ્યની દૃષ્ટિથી એકરૂપ ચૈતન્ય અનંત ગુણરૂપનો ગુણી એક એ '**નિર્મળ છે–નિર્વિકલ્પ છે.**' એટલે કે એમાં ભેદ નથી. એવો આત્મા નિર્મળાનંદ એકરૂપ છે. એ નિર્મળ છે એટલે કે અભેદ છે એને નિર્મળ કહે છે. ભેદ છે તેને મેલ કહે છે. સમજાણું કાંઈ? ભારે પણ.

એ ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં દ્રવ્ય નામ વસ્તુ પરમપદાર્થ. પરમપદાર્થની વસ્તુની દૃષ્ટિએ જોઈએ તો એકરૂપે નામ શુદ્ધજીવવસ્તુ એને નિર્વિકલ્પ અને અભેદ કહેવામાં આવે છે. એની દૃષ્ટિ કરવી, એનું ધ્યાન કરવું એનું નામ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અને મોક્ષમાર્ગ કહે છે. આહાહા..! કહો, પોપટભાઈ! આ પણ છે કેવો? હવે એમ કહે છે.

'**કેવો છે પરમાર્થ?**' પરમાર્થ એમ કીધું હતું ને? '**શુદ્ધ દ્રવ્યદૃષ્ટિથી જીવવસ્તુ...**' એક વસ્તુ છે. '**કેવો છે પરમાર્થ?**' '**व्यक्तज्ञातृत्वज्योतिषा**' '**પ્રગટ છે...**' આત્મા અને '**જ્ઞાનમાત્ર પ્રકાશ-સ્વરૂપ જેમાં એવો છે.**' વ્યક્ત નામ પ્રગટ છે. વસ્તુ વસ્તુ તરીકે ચૈતન્ય પદાર્થ પ્રગટ છે. ચૈતન્ય પદાર્થ કાંઈ અપ્રગટ હોય? ચૈતન્ય વસ્તુ, ગુણી વસ્તુ એકરૂપ વસ્તુ, એક સ્વરૂપ વસ્તુ પ્રગટ છે. શું છે પણ હવે પ્રગટ છે તો? કે જ્ઞાનમાત્ર જ્યોતિ. પાછો એનો ગુણ શું? પ્રગટ તો પરમાણુ પણ છે. પણ આ પ્રગટ '**ज्ञातृत्वज्योतिषा**' જ્ઞાનમાત્ર જ્યોતિસ્વરૂપ, જ્ઞાનમાત્ર, જાણવામાત્ર ચૈતન્ય સ્વભાવ પ્રકાશમાત્ર એ આત્મદ્રવ્ય છે. સમજાણું કાંઈ?

'**ભાવાર્થ આમ છે કે શુદ્ધ-નિર્ભેદ વસ્તુમાત્રગ્રાહક જ્ઞાન નિશ્ચયનય કહેવાય છે.**' એ ગ્રાહકજ્ઞાન નિશ્ચયનય કહેવાય છે. એટલો ભેદ પાડ્યો. શુદ્ધ નિર્ભેદ અખંડ અભેદ ચૈતન્યવસ્તુ

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એવા ગ્રાહક નામ જાણવાવાળા જ્ઞાનને એવા એકરૂપ શુદ્ધદ્રવ્ય સ્વભાવના જાણવાવાળા જ્ઞાનને નિશ્ચયનય કહેવાય છે. અહીં જરી ભેદ પાડ્યો ભાઈ. સમજાણું? ત્યાં તો ઓલી શુદ્ધનય વસ્તુને (કહી), પણ એ તો અહીં બે ભેદ પાડવા છે ને. નિશ્ચય અને વ્યવહાર ઓલા ભેદ પડે છે એ.

**'ભાવાર્થ આમ છે કે શુદ્ધ-નિર્ભેદ વસ્તુમાત્ર...'** અખંડ જ્ઞાયક ચૈતન્યપ્રભુ એને જાણનાર, પકડનાર એવું જે જ્ઞાન એ જ્ઞાન નિશ્ચયનય તેને કહેવામાં આવે છે. **'તે નિશ્ચયનયથી જીવપદાર્થ સર્વભેદરહિત શુદ્ધ છે.'** એ નિશ્ચયદૃષ્ટિથી દેખો તો આત્મા જીવપદાર્થ સર્વભેદરહિત એમાં શક્તિભેદ એમાં આવતું નથી. સમજાણું કાંઈ? **'સર્વભેદરહિત શુદ્ધ છે. વળી કેવો હોવાથી શુદ્ધ છે?'** એમ. કેવું થવાથી શુદ્ધ છે? આ ખુબી છે હવે. **'सर्वभावान्तरध्वंसिस्वभावत्वात्'** ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં સર્વભેદરહિત ચૈતન્ય શુદ્ધ પદાર્થ આત્મા છે. એ આત્મા કેમ શુદ્ધ છે? **'સમસ્ત દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મ અથવા જ્ઞેયરૂપ પરદ્રવ્ય એવા જે 'ભાવાન્તર' ઉપાધિરૂપ...'** પોતે ચૈતન્ય વસ્તુ, દ્રવ્ય વસ્તુ, સ્વભાવ વસ્તુ, અખંડ ધ્રુવ વસ્તુ એ વસ્તુ કેવી છે? કે જે વસ્તુનો સ્વભાવ અંતરમાં એકાગ્ર થવાથી એ સર્વદ્રવ્યકર્મનો ઉપાધિભાવનો **'મેટનશીલ છે...'** નાશ કરવાના સ્વભાવવાળું એ દ્રવ્ય છે. ઠીક! શું કહે છે? સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં એમાં ગુણની શક્તિઓ ભેદ હોવા છતાં, અનેકપણું હોવા છતાં વસ્તુ તરીકે આત્મપદાર્થ એકરૂપે નિર્ભેદ શુદ્ધ અને નિર્મળ છે. નિર્વિકલ્પ વસ્તુ. એ વસ્તુ કેવી છે? નિર્ભેદ છે. પણ એ વસ્તુ કેવી થાય છે? કે એ નિર્ભેદ વસ્તુ, એનો આશ્રય કરે તેને જડ કર્મનો ભાવ મેટનશીલ છે. જડ કર્મનો નાશ થવાનો એનો સ્વભાવ છે. આહાહા..! સમજાણું કાંઈ? જડ કર્મ જે આઠ કર્મના પરમાણુ માટી ધૂળ છે એને આ વસ્તુ શુદ્ધ નિર્ભેદ-અભેદ એનો સ્વભાવ એવો છે કે શુદ્ધ ચૈતન્ય પદાર્થ કે દ્રવ્યકર્મ જડ, તેને નાશ કરવાનો એનો સ્વભાવ છે. રાખવાનો, બાંધવાનો, ટકાવવાનો એનો સ્વભાવ નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો એને પૂછવું. કહો, સમજાણું કાંઈ? ત્યારે શું કહેવું? ઘણા પ્રકાર પડે એમાં. કહો, સમજાણું આમાં? ખુશીમાં એમ બતાવી દે કે એને આનંદ આવે છે ઠીકમાં. એમ નહિ. એ એને પૂછવુ કયા પ્રકારની ખુશી આવે છે એ? સમજાય છે કાંઈ? અહીં તો ભાઈ અંતર દરબારની વાતું છે એટલે જરી મોંઘી છે. આહાહા..!

એ ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં એક શુદ્ધ ચૈતન્યપદાર્થ અખંડ ગુણનો એકરૂપ એવો આત્મા એને શુદ્ધ કહે છે, એને અભેદ કહે છે, એને નિર્વિકલ્પ કહે છે. એ વસ્તુનો સ્વભાવ દૃષ્ટિમાં લે. એ સ્વભાવ છે, પણ એ સ્વભાવ આવો છે એવી દૃષ્ટિમાં

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


લે એટલે એ સ્વભાવને આઠ કર્મનો નાશ કરવાનો સ્વભાવ છે એમ કહે છે. શું કહે છે? એ સ્વભાવ એક સમયનો શુદ્ધ અખંડ આનંદ આદિ વસ્તુએ કેવો છે? કે સમસ્ત દ્રવ્યકર્મને નાશ કરવાનો સ્વભાવ છે. એનો અર્થ કે જેણે એવો અભેદ સ્વભાવ દૃષ્ટિમાં લીધો, દૃષ્ટિમાં લીધો એ આઠ કર્મનો નાશ કરે એવો એનો સ્વભાવ છે. જેણે શ્રદ્ધા-જ્ઞાનમાં એ ચીજ લીધી, એટલે એ ચીજનો સ્વભાવ એવો છે. શ્રદ્ધા-જ્ઞાનમાં આ ચીજ આવી એમ ધારી એ વસ્તુનો એવો સ્વભાવ છે, આઠ કર્મને નાશ કરવાનો સ્વભાવ છે.

ફરીને. કહે છે.. આ તો ભાઈ! અંતરની વાતું અનંત કાળે કોઈ દી એને સાંભળીને સમજ્યો નથી. સમજાણું કાંઈ? એક તો કહે છે, ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં વર્તમાન અવસ્થા ભેદ દેખાય તેને ન જોવું. એમાં ગુણીના અનંત ગુણો છે તેને ન જોવું. એકરૂપ વસ્તુ શુદ્ધ વસ્તુ છે એ વસ્તુનો એવો સ્વભાવ છે. પણ એ સ્વભાવ છે એનો અર્થ શું? જો એ સ્વભાવ છે તો તો આઠ કર્મનો નાશ એ સ્વભાવ કરે જ. પણ એવો સ્વભાવ છે, જેને સ્વભાવ આવો છે એમ જ્યાં બેઠું ત્યારે એ સ્વભાવ આઠ કર્મના નાશ કરવાવાળો સ્વભાવ છે. સમજાણું કાંઈ? ભાઈ! આ તો અંતરની વાતું એવી કે અનંત કાળમાં એને દર્શન શું અને દર્શનનો વિષય શું? સમ્યગ્દર્શન શું અને સમ્યગ્દર્શનનો વિષય શું?

આ શબ્દો બહુ ઊંચા છે. શું કીધું? આ તે વાત શું કહેતા હશે? કહે છે, ભાઈ! તું એવો છો તું અંદર. આત્મા જેને કહીએ એ આત્મા એવો એને કહીએ કે જેનામાં અનંત અનંત જ્ઞાન-દર્શન-આનંદ આદિ સ્વભાવથી ભરેલું તત્ત્વ છે. એ વસ્તુને અભેદપણે, એકરૂપે જુઓ તો એકપણે છે. એકપણે જો જુઓ નિર્ભેદપણે જુઓ, શુદ્ધ વસ્તુ તરીકે જુઓ તો એ વસ્તુનો સ્વભાવ એવો છે કે એ વસ્તુનો સ્વભાવ જ્યાં સ્વીકાર્યો કે આ વસ્તુ આવી છે, એમ શ્રદ્ધામાં સ્વીકાર્યું એ વસ્તુ આઠ કર્મને નાશ કરવા માટે ઊભી થઈ છે. શ્રદ્ધામાં જે ઊભો થયો કે આ આત્મા અનંત ગુણનું એકરૂપ આત્મા છે એમ જ્યાં અંતરમાં પ્રતીતમાં જ્યાં આવ્યો તે વસ્તુનો સ્વભાવ પ્રતીતમાં આવ્યો, તે વસ્તુનો સ્વભાવ આઠ કર્મને નાશ કરવાનો સ્વભાવ છે. સમજાણું કાંઈ?

શ્રદ્ધામાં-જ્ઞાનમાં એમ આવ્યું કે આ આત્મા એક સમયમાં પૂર્ણ દ્રવ્ય શુદ્ધ ચૈતન્ય અખંડ આનંદ અને એકરૂપ છે. એવું એકરૂપ જ્યાં પ્રતીતમાં, શ્રદ્ધામાં આવ્યું ત્યારે આ સ્વભાવ આવો છે એમ એને ખ્યાલમાં આવ્યો. એ હતો તો એવો ને એવો. સમજાણું કાંઈ? એથી ઓલું જરી વસ્તુમાત્ર .. જ્ઞાન નિશ્ચયનય કહેવામાં આવે છે. જ્ઞાનમાં ખ્યાલ આવ્યો કે આ વસ્તુ આવી છે. એ જ્ઞાને જાણ્યું કે આ એક સેકન્ડના અસંખ્ય ભાગમાં પૂર્ણ એક ચૈતન્યકંદ આત્મા એકરૂપ વસ્તુ. એવી એકરૂપ વસ્તુને શ્રદ્ધા-જ્ઞાનમાં જ્યાં આત્માએ પોતે લીધો ત્યારે શ્રદ્ધા-જ્ઞાનમાં લીધો ત્યારે આ સ્વભાવ છે એમ એને પ્રતીતમાં આવ્યું. નહિતર સ્વભાવ

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


તો હતો પણ એની શ્રદ્ધામાં હતો નહિ. સમજાણું કાંઈ? અધ્યાત્મ વાત છે જરી સૂક્ષ્મ છે, ભાઈ! આને માટે મગજને અંદર કેળવવું. જ્ઞાનને કેળવવું જોઈએ મગજ એટલે. હોં! આ જડ મગજની વાત નથી.

કહે છે, ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં ચૈતન્ય પદાર્થ પૂર્ણ એકરૂપ સ્વભાવ જેમાં શરીર, વાણી, મન નથી પણ જેમાં પુણ્ય-પાપના રાગભાવ પણ નથી. એ નથી ત્યારે છે શું? છે તો એનામાં જ્ઞાન, દર્શન, આનંદ આદિ અનંત શક્તિઓ છે. પણ અનંત શક્તિને ભેદપણે ન જોતાં એકરૂપે વસ્તુને જોઈ, વસ્તુ એકરૂપ છે. ગુણમાં અનંત ભેદ છે. ગુણીના ભેદ છે નહિ. ગુણી તરીકે એક વસ્તુ જ્ઞાન પણ એ, દર્શન પણ એ, આનંદ પણ એ. એનું એકરૂપ વસ્તુને નિર્ભેદપણે જોતાં એની દૃષ્ટિમાં સમ્યગ્દર્શનમાં, સમ્યગ્જ્ઞાનમાં અને સ્વરૂપાચરણની સ્થિરતામાં આ વસ્તુ આવી છે શુદ્ધ સ્વભાવે એમ જ્યાં શ્રદ્ધા-જ્ઞાનમાં બેઠી તો કહે છે એ વસ્તુ જ એવી છે કે આઠ કર્મના નાશ કરવાનો જેનો સ્વભાવ છે. આહાહા..! સમજાણું કાંઈ? રાગ છે એમ શ્રદ્ધામાં જો બેઠું કે રાગ છું હું તો એનો એવો સ્વભાવ છે કે આઠ કર્મને બાંધવાનો સ્વભાવ છે. શેઠી! આહાહા..! અહીં તો ગુણી અને ગુણનો ભેદ એવો જે વિકલ્પ કરે રાગ તો એનો આઠ કર્મને બાંધવાનો એનો સ્વભાવ છે. આહાહા..! સમજાણું કાંઈ?

અહીં તો એમ કહે છે કે પ્રભુ! પહેલું જ્ઞાન તો કરાવ્યું કે આત્માને ગુણભેદથી દેખો તો ત્રણપણે પરિણમે છે એવું ભલે છે, એને મેલ કહીએ કે વ્યવહાર કહીએ કે અસત્યાર્થ કહીએ. વસ્તુ તરીકે જુઓ તો એકરૂપ છે. એને નિર્મળ કહીએ, નિર્ભેદ કહીએ, નિશ્ચય કહીએ કે નિર્વિકલ્પ કહીએ કે નિર્મળ કહીએ એવી વસ્તુ એનું જ્ઞાન. હવે એ વસ્તુ જે એકરૂપ છે એનો શું સ્વભાવ છે? પર્યાયના ભેદનો સ્વભાવ શું એ અહીંયાં વાત નથી અત્યારે. સમજાણું કાંઈ? એ તો એને મલિન કહી દીધો એક ન્યાયે. પણ વસ્તુ એક સેકન્ડના અસંખ્ય ભાગમાં અનંત ચૈતન્યની શક્તિઓ, અનંત ચતુષ્ટય એમાં અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, અનંત વીર્ય એવા અનંત ગુણનું એકરૂપ એવું જે દ્રવ્ય, એવો પદાર્થ જે નિર્ભેદ પદાર્થ, એને નિર્ભેદ અને અહીં નિર્મળ કહ્યો છે. નિર્મળને અહીં નિર્વિકલ્પ અને અભેદ કહ્યો છે. એ વસ્તુનો સ્વભાવ જેને દૃષ્ટિમાં બેઠો કે આ સ્વભાવ આનો છે, એકરૂપ જેનું સ્વરૂપ છે, એવું જેને દૃષ્ટિમાં બેઠું એ વસ્તુનો સ્વભાવ છે કે આઠ કર્મને રહેવા ન દે હવે. આહાહા..! સમજાણું કાંઈ? એક વાત હજી લીધી, હોં! હજી તો ચાર બોલ છે.

પછી બીજો ભાવકર્મ. આ તો એક ઉપર લેવું છે ને જરી. ભગવાન આત્મા.. થાય છે એકસાથે પણ આ પાછા પ્રકાર આના છે. વસ્તુ એક સમયમાં શુદ્ધ જ્ઞાયક ચૈતન્ય વસ્તુ એ વસ્તુની વસ્તુ આમ છે, એમ વસ્તુનો સ્વભાવ જ્યાં દૃષ્ટિમાં બેઠો સમ્યગ્દર્શન-જ્ઞાનમાં એ વસ્તુનો સ્વભાવ ભાવકર્મનો મેટનશીલ છે. પુણ્ય અને પાપના વિકલ્પો જે ઉઠે, વ્યવહાર

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


રત્નત્રયનો જે રાગ ઉઠે એને વસ્તુનો સ્વભાવ નાશ કરવાના સ્વભાવવાળો છે. સમજાણું કાંઈ? કહો, રતિભાઈ!

ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં અનંત ગુણની રાશિ એવું એક તત્ત્વ. એવી સ્વભાવની જ્યાં દૃષ્ટિ થઈ એટલે સ્વભાવ છે એમ સ્વીકાર થયો. નહિતર સ્વભાવ તો હતો. એ સ્વભાવ તો આઠ કર્મના નાશનો સ્વભાવ હતો, પણ દૃષ્ટિમાં આવ્યો કે આ આત્મા આવો. એટલે એ આત્માનો સ્વભાવ દૃષ્ટિમાં આવતા સ્વભાવ શું કામ કરે હવે? કે આઠ કર્મને પુણ્ય-પાપના ભાવને નાશ કરવાનો એનો સ્વભાવ છે. એ એનો સ્વભાવ પુણ્ય અને દયા, દાનના વિકલ્પને ઉઠે એ વસ્તુનો સ્વભાવ નથી. માટે દૃષ્ટિમાં સ્વભાવ બેઠો એને વિકાર ઉત્પન્ન કરે એવો એનામાં સ્વભાવ નથી. વિકાર, પુણ્ય, દયા-દાન વ્રતના વિકલ્પ વ્યવહારને પણ એ સ્વભાવ એવો છે કે નાશ કરવાનો જેનો સ્વભાવ છે. ઉત્પન્ન ન થાય એવો એનો સ્વભાવ છે એટલે નાશ કરવાનો એનો સ્વભાવ છે. આહાહા..! સમજાણું કાંઈ?

એક સેકન્ડના અસંખ્ય ભાગમાં એ ચૈતન્ય પદાર્થ મહાન વસ્તુ અનંત ગુણનું એકરૂપ આવું છે એમ જ્યાં સ્વભાવ બેઠો શ્રદ્ધાએ, આ હતો તો ખરો પણ છે એમ નક્કી કોણે કર્યું? સમ્યગ્દર્શન દ્વારા નક્કી થયું કે આ વસ્તુ આવી (છે). એટલે એ વસ્તુ સમ્યગ્દૃષ્ટિને ભાવકર્મનો નાશ કરે એવો હાથ આવ્યો આત્મા. એટલે ભાવકર્મને, પુણ્ય-પાપને ઉત્પન્ન કરે એવો એનો સ્વભાવ છે નહિ. સમજાણું કાંઈ? ભારે વાત, ભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વાત તો સાચી છે. સીધી ખ્યાલમાં આવી શકે એવું છે. પણ એને એમ જ કાંઈ દરકાર જ ન હોય ને એમ ને એમ ચાલે રાખે અનંત કાળથી તો એ તો સ્વતંત્ર છે. એ ખ્યાલમાં લઈ શકે કે આ આમ છે, આમ છે તો ખ્યાલમાં લઈ શકે, બેસી શકે, ભાવ ખ્યાલ આવી શકે એવી ચીજ છે. આમાં કોઈ બહુ પલાખા આકરા કહેવાતા નથી. સમજાણું કાંઈ?

એ સર્વ શબ્દ વાપર્યો છે ને? '**सर्व**' છે ને? અને '**भावान्तर**' છે ને? પોતાના સ્વભાવથી અનેરા બધા ભાવો એનો ધ્વંસ કરવાનો જેનો સ્વભાવ છે. આમ બે વાત મૂકી. ભગવાન આત્મા એકરૂપ ચૈતન્ય સ્વભાવ છે એમ જેની અભેદ દૃષ્ટિ થઈ, એનું જ્ઞાન થયું એ સ્વભાવ હવે વિકારનો નાશ કરવાનો સ્વભાવ પત્તો લાગ્યો દૃષ્ટિમાં. એટલે એ વિકાર પુણ્ય અને પાપનો નાશ કરવાનો એનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? ત્યારે એ સ્વભાવ એની દૃષ્ટિ અને જ્ઞાનમાં બેઠો કે પુણ્ય અને પાપનો આ સ્વભાવનો તો નાશ કરવાનો જ સ્વભાવ છે. સમજાણું કાંઈ?

ભાવકર્મનો મેટનશીલ છે. '**નિજ સ્વરૂપ જેનું,...**' નિજ સ્વરૂપ જેનું '**એવો સ્વભાવ હોવાથી શુદ્ધ છે.**' એવો સ્વભાવ હોવાથી તે શુદ્ધ છે. શુદ્ધપણામાં જ્યાં પરમાત્મસ્વભાવ

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



નિજ એમ બેઠું દૃષ્ટિમાં, જ્ઞાનમાં આવ્યું, એને જ્ઞેય બનાવીને આ વસ્તુ આવી છે, એ વસ્તુનો સ્વભાવ વિકલ્પમાત્ર ગુણ-ગુણીના ભેદનો વિકલ્પ પણ એ અભેદ સ્વભાવને ગુણ-ગુણીના ભેદના વિકલ્પનો પણ નાશ કરવાનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો સમજાય. સમજાય બધું સમજાય. કેવળજ્ઞાન લઈ શકે આત્મા એક સમયમાં આમ ત્રણ કાળ (જાણે), એ ક્યાં બહારથી લાવવું છે? અંદરમાં છે. કહો એય.. પોપટભાઈ! આહાહા..! લોટને કેળવે છે ત્યારે લોટમાં કેળવવાની તાકાત છે ત્યારે કેળવે છે કે નહિ? આ બાયું કેળવે ને. એમ ને એમ લોટની રોટલી ન કરે. લોટ નાખીને પાણી નાખીને કેળવે ત્યારે કેળવવાની એનામાં તાકાત છે. વેળુને કેળવે જોઈ. એનામાં તાકાત છે. કેળવવાની પછી રોટલી સરખી થાય. શું કેળવણી કહે છે ને? શું કહે હિન્દીમાં? શું કહે છે? શેઠી! નરમ કહે છે. એને ખબર ન મળે. કે દી રોટલી કરવી છે એને. પાણી નાખીને પછી કેળવે. ત્યારે એનામાં એ કેળવણી પામવાની તાકાત છે. કાંઈ વેળુને આમ આમ કરે તો છે કાંઈ તાકાત? એમ આત્મામાં કેવળજ્ઞાન લેવાની, કેવળજ્ઞાનની કેળવણી થવાની એનામાં તાકાત છે. આહાહા..! એને કેળવવો જોઈએ એમ કહે છે. કેળવવો જોઈએ એટલે?

ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં પૂર્ણ દ્રવ્ય સ્વભાવ શુદ્ધ છું અને એ વસ્તુ જ એવી નિર્મળ અને અભેદ શુદ્ધ છે કે જેનો આશ્રય કરવાથી જે બેઠી વાત કે આ શુદ્ધ છે એ પુણ્ય અને પાપના વિકલ્પનો નાશ કરવાનો સ્વભાવ છે. વિકારથી બંધ થાય અને વિકારને ઉત્પન્ન કરે. અહીં તો પહેલું દ્રવ્યકર્મ લીધું એટલે દ્રવ્યકર્મનો, આઠ કર્મનો સ્વભાવ. તો એ દ્રવ્યકર્મ જેના નિમિત્તે બંધાય એવા ભાવકર્મનો પણ નાશ કરવાનો (સ્વભાવ છે). આહાહા..! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા એનો નિત્યાનંદ સ્વભાવ છે એવી દૃષ્ટિ થઈ, એવું જ્ઞાન થયું. એ થયું એ ભેગું લીનતા પણ અંશે થઈ. તો એ સ્વભાવ જ એવો છે કે વિકારની વૃત્તિઓને નાશ કરે એવો સ્વભાવ છે અને એનાથી બંધ થતો એનો પણ અભાવ કરે એવો સ્વભાવ છે. અને નોકર્મ-શરીર અને વાણી રહેવા ન દે એવો એનો સ્વભાવ છે. આહાહા..! સમજાણું કાંઈ? નોકર્મ. નોકર્મ સમજાણું? શરીર, વાણીને નોકર્મ કહે છે. અથવા શરીર બંધાય આહાર, ઈન્દ્રિય, ભાષા, મન... આવે છે ને છ પર્યાપ્તિ? એ રજકણો એ બધા નોકર્મ કહેવાય. એ બધું બાંધવું કે થવું એનો અભાવ કરવાનો સ્વભાવ છે. આહાહા..! સમજાણું કાંઈ? આ સ્વભાવ જેની દૃષ્ટિમાં માહાત્મ્યમાં ન આવે અને એને ધર્મ થાય.. ધૂળમાંય ધર્મ ન થાય. આવો ધર્મ (તો ન થાય પણ) સારી ધૂળ પણ ન હોય. ધૂળ એટલે પુણ્ય પણ સારા ન હોય એને.

અહીં તો કહે છે કે એ વસ્તુનો સ્વભાવ તીર્થંકરગોત્રને બાંધવું એવો પણ વસ્તુનો સ્વભાવ

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


નથી એમ કહે છે અહીં તો. આહાહા..! એ ભાવ થાય એનો નાશ કરવાનો સ્વભાવ છે એનો. આહાહા..! સમજાણું કાંઈ? કારણ કે એ આસ્રવભાવ છે. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ પણ આસ્રવ છે, રાગ છે. એ રાગ હોય ત્યારે બંધન થાય. કાંઈ ધર્મ સ્વભાવથી બંધન થાય? તો વસ્તુનો સ્વભાવ એવો છે કે એ ભાવકર્મ ને દ્રવ્યકર્મ ને નોકર્મ ત્રણેનો મેટનશીલ, નાશશીલ સ્વભાવ આત્માનો છે. ભાષા વારંવાર એવી વાપરે છે ને. મેટનશીલ-મેટનશીલ. શીલ એટલે એનો સ્વભાવ. એમ. એના સ્વભાવનો આ સ્વભાવ એવો છે. આહાહા..! સમજાણું કાંઈ?

હવે ચોથો બોલ જરી એનાથી ઝીણો (છે). '**જ્ઞેયરૂપ પરદ્રવ્ય એવા જે ઉપાધિરૂપ વિભાવભાવ...**' અર્થાત્ પરજ્ઞેયને જોવાનું એવો જે વિકલ્પ ઉઠે અને પરને જાણવાનું પરાવલંબી જ્ઞાન. સમજાણું કાંઈ? એ પણ ઉપાધિ છે. પોતાના સ્વભાવનો સ્વભાવ એવો છે કે પરદ્રવ્યને જોવાનું, પરદ્રવ્યના અવલંબે થતું ઉપાધિનું જ્ઞાન એનો પણ એ પણ વિભાવી જ્ઞાન છે, એને પણ મેટનશીલ સ્વભાવ છે. આહાહા..! સમજાણું કાંઈ? એ ચૈતન્ય દરબાર ભગવાન આત્મા બાદશાહ અનંત ગુણનો પ્રભુ એવો ભગવાન આત્માનો સ્વભાવ પરદ્રવ્યને જાણવાનું જે આ પરદ્રવ્ય જ્ઞેય છે એવું જ્ઞેયરૂપ પરદ્રવ્ય, હોં! એવું જે ઉપાધિરૂપ ભાવાંતર. સ્વભાવભાવથી ભિન્ન પરદ્રવ્યના આલંબનવાળું જ્ઞાન એકલું, એનો પણ મેટનશીલ સ્વભાવ છે. આહાહા..! કહો, આ હજી કેટલું સ્પષ્ટ કરે છે આ! સમજાણું કાંઈ?

સર્વભાવાન્તર છે ને? ત્યારે સર્વભાવાન્તર નામ એક તો પોતાના જ્ઞાયકભાવ સિવાય દ્રવ્યકર્મ, એ પણ ભાવાન્તર અનેરો ભાવ થયો કે પુણ્ય-પાપનો ભાવ એ જ્ઞાયકસ્વભાવનો નિર્ભેદ ભાવથી પણ અનેરો થયો. ત્રીજો-નોકર્મ શરીર એ જ્ઞાયકભાવથી અનેરો ભાવ થયો. એક સ્વના જ્ઞાનમાં એકાકાર જ્ઞાન સ્વભાવ છે એવું અભેદજ્ઞાન થયું એ ભાવની અપેક્ષાએ પરનું એકલા જ્ઞાનનું જ્ઞેયનું જ્ઞાન પરાવલંબી એ પણ ભાવાંતર થયું. સ્વભાવના ભાવથી અનેરો ભાવ થયો. અનેરા ભાવનો મેટનશીલ સ્વભાવ છે. સમજાણું કાંઈ? આ તો ઘણા વર્ષથી સાંભળતા હોય એને પણ ઝીણું પડે થોડું. ગુલાબચંદભાઈ! આ કળશટીકા, કળશટીકા. સરસ સરસ આ ગ્રંથ. સુગમ ટીકા કળશની ટીકા પાછી. એની ટીકા. આહાહા..!

એ વસ્તુ એક સેકન્ડના અસંખ્ય ભાગમાં પ્રભુ આત્મા એક મહિમાવંત સ્વરૂપે એકરૂપે આત્મા વસ્તુસ્વભાવ એને જ્યાં કબુલાત અંતર અનુભવમાં, દૃષ્ટિમાં એ આવ્યો તો એ વસ્તુનો સ્વભાવ એવો છે કે પરાલંબી જ્ઞાન પરજ્ઞેયનું એનો પણ મેટનશીલ એનો સ્વભાવ છે. આહાહા..!

મુમુક્ષુ :- સુખમાં કંઈ રાખ્યું નહીં?

ઉત્તર :- આ સુખ રાખ્યું ને સ્વભાવનો આશ્રય કરીને અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાન એ. સુખ ક્યાં ધૂળમાં હતું ક્યાંય? કહો, સમજાણું? કહો, રતિભાઈ! સુખ માટે શું રાખ્યું? કહે છે. આ પૈસા રાખ્યા નહિ, આ સંચા રાખ્યા નહિ, આ શુભભાવમાં રાખ્યા

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

નહિ, શુભભાવને ક્યાંય સુખમાં રાખ્યો નહિ. ક્યાંય રાખ્યું નહિ. આ પરનું જ્ઞાન એ પણ સુખમાં રાખ્યું નહિ. શેઠી!

ભગવાન! આહાહા..! તારું સ્વરૂપ સચ્ચિદાનંદ સ્વરૂપ એના ત્રણ ભેદ પણ નહિ જેમાં. છે જ્ઞાન અને આનંદ એટલે દર્શન-જ્ઞાન અને ચારિત્ર. એમ. સમજાણું? એવા ત્રણ ભેદ પણ એક સ્વરૂપમાં નહિ એવો વસ્તુનો સ્વભાવ એને દૃષ્ટિને ભરોસે નિર્વિકલ્પ પ્રતીતમાં, જ્ઞાનમાં લીધો તો કહે છે કે એ વસ્તુ હવે પરાલંબી જ્ઞાન, પરાલંબી ભાવ, પરકર્મ વસ્તુ અને પર નોકર્મ વસ્તુ એનો અભાવ કરવાનો એનો સ્વભાવ છે. હવે રહેશે નહિ. મુક્તિ થશે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વસ્તુના સ્વભાવની એવી મહિમા છે. સમજાણું? પણ એ સ્વભાવ જેને દૃષ્ટિમાં આવ્યો એને આવું થાય. એમ. નહિતર એકલો સ્વભાવ તો ક્યાં છે? સમજાણું કાંઈ?

ભાવાંતર-અનેરા ભાવો. સર્વ. એમાં ચાર બોલ લીધા. એને ચાર કહીને અનેરા ભાવ કીધા. અનેરા કહીને ચારેયને ઉપાધિરૂપ વિભાવભાવ કહ્યા. ચારેયને ઉપાધિરૂપ વિભાવભાવ (કહ્યા). ચાર કીધા કે નહિ? આઠ કર્મ, પુણ્ય-પાપના ભાવ, શરીર, વાણી અને પરજ્ઞેયના અવલંબનનું જ્ઞાન એવી ઉપાધિ એવો જે વિભાવભાવ એનો ધ્વંસિ મેટનશીલ છે. ઓહોહો..! મેટનશીલ છે. સ્વભાવત્વાત એ પણ એ તો સ્વતઃ સ્વભાવ જ એનો છે એમ કહે છે. સ્વભાવત્વાત. નિજસ્વરૂપ, નિજસ્વરૂપ જેનું, જે આત્માનું નિજસ્વરૂપ જ એવું છે. એવો સ્વભાવ હોવાથી તે ભગવાન આત્મા શુદ્ધ કહેવામાં આવે છે. ભારે વાત! કહો, રતિભાઈ!

લ્યો, અમારે શેઠ પણ ખુશીથી આવે. અમારે ત્યાં શેઠ છે ને અમારે ત્યાં રાજકોટમાં. સેક્રેટરી થયા છે. એ પ્રમુખ તરીકે કહેવાણા. અહીં બેઠા હોય ને. કહો, સમજાણું કાંઈ? લ્યો, આ બધું થાય છે ને દોઢ લાખનો માનસ્તંભ થયો, બે લાખનું સમવસરણ એ બધામાં એ છે. મહોત્સવ છે ને વૈશાખ સુદ ૧૨, અહીં ઘિયા છે. સાકરચંદ ઓળખો છો? આ રતિભાઈ ઘિયા. મહોનલાલ ઘિયાના દીકરા એ સામે બેઠા ઓલી કોર. આ હમણાં ત્યાં એક લાખ રૂપિયા કાઢ્યા છે ને ઓલા માનસ્તંભ માટે. અને સાડા ત્રણ લાખના બે થાય છે. આ વૈશાખ સુદ બારશ. માનસ્તંભ અને બે લાખનું સમવસરણ. એના પંચ કલ્યાણક છે. વૈશાખ સુદ બારશનું ઉદ્‌ઘાટન છે. આ આત્માનું ઉદ્‌ઘાટન થાય છે આ. સમજાણું કાંઈ?

કહે છે.. આહાહા..! ભારે પણ ટીકા! શબ્દાર્થ આવો તે ક્યાંય ભર્યો છે! જેઠાભાઈ! ક્યાંય નથી. જુઓ! ઓલામાં પણ ભર્યો નથી હોં અમૃતચંદ્રાચાર્યની ટીકામાં. આણે તો માખણ જ ભર્યું છે એકલું. ટીકા તે ટીકા! બનારસીદાસ કહે છે ને 'પાંડે રાજમલ જૈનધર્મી સમયસાર નાટકના મર્મી' ભગવાન આત્માનું નાટક એ કેવું છે એના એ મર્મી છે. અને કળશમાં એ ભાવ છે હોં! કળશમાં એ ભાવ છે. પણ એ ભાવને આ રીતે ખોલીને મૂકવા એ શક્તિ જુદી. હવે એમાં કરવાનું શું આવ્યું આ બધી વાતું સાંભળીને?

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એ વસ્તુ સ્વભાવ એક સમયમાં અનંત ગુણનું એકરૂપ એવો નિર્ભેદ આત્મા એનો આશ્રય કરવો, એની દૃષ્ટિ કરવી, એમાં લીન થવું એ એક જ મોક્ષનો માર્ગ એટલે કે એ જ સ્વભાવને દૃષ્ટિ-જ્ઞાનમાં લીધો એટલે છૂટવાનો જ માર્ગ થયો. એ બધાને છૂટવાના સ્વભાવવાળો એ સ્વભાવ છે. બધાને બાંધવાવાળો એ સ્વભાવ નથી. આહાહા..! સમજાણું કાંઈ? ભારે ભાઈ! ભગવાન આત્મા એક સમયમાં આવો નિર્ભેદ અભેદ સ્વરૂપ એનું દૃષ્ટિ-જ્ઞાન અને સ્થિરતા કરતાં એ સ્વભાવ એવો છે કે બંધ ને વિકારને નાશ કરવાનો એટલે મોક્ષ થવાનો એનામાં સ્વભાવ છે. બંધ થવાના નાશનો એનામાં સ્વભાવ છે. થઈ રહ્યું. બંધના નાશનો સ્વભાવ એટલે દૃષ્ટિ, જ્ઞાન અને ચારિત્ર મોક્ષમાર્ગ ઉત્પન્ન થઈ ગયો. સમજાણું કાંઈ? એ સ્વદ્રવ્યને આશ્રયે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય. કેમ કે સ્વદ્રવ્ય બંધના અભાવનું કારણ છે, બંધના નાશ કરવાનો સ્વભાવ છે એવા સ્વભાવને દૃષ્ટિ-જ્ઞાનમાં લીધો એનું નામ મોક્ષમાર્ગ થયો. એટલે ક્ષણે ક્ષણે બંધના ભાવથી મુક્ત થાય છે. સમજાણું કાંઈ?

**'सर्वभावान्तरध्वंसि ' 'सर्वभावान्तरध्वंसिस्वभावत्वात् ' 'ध्वंसिस्वभावत्वात् '** ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં અખંડાનંદ પ્રભુ જ્ઞાયકસ્વભાવ એવો એકરૂપ ભાવ એનાથી અનેરા ભાવ જડકર્મ, શરીર અને પુણ્ય-પાપના ભાવ અને પરદ્રવ્ય જ્ઞેય ઉપાધિભાવ. કેવળજ્ઞાન એ સ્વનું જ્ઞાન પૂર્ણ એનું નામ કેવળજ્ઞાન છે. આત્મજ્ઞાનમય કેવળજ્ઞાન છે. પરને જાણવું અહીં પ્રશ્ન નથી. પરનું જાણવું એ તો વ્યવહાર છે. સમજાણું કાંઈ?

કહે છે કે એ ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં એવો એનો એકરૂપ ધ્રુવ અભેદ અને નિર્મળ સ્વભાવ છે. નિર્મળ એટલે જ અભેદ કે જેનું સ્વરૂપ જેનું એવું છે. એવો સ્વભાવ હોવાથી એ વસ્તુ શુદ્ધ છે. કારણ કે એ શુદ્ધતાનો સ્વભાવ જ એવો છે, શ્રદ્ધા-જ્ઞાનમાં લીધો એટલે બંધનો અભાવ કરવાનો જ એનો સ્વભાવ છે. માટે તેને શુદ્ધ કહેવામાં આવે છે. અને પુણ્ય ને પાપનો ભાવ એ અશુદ્ધ છે, એ બંધનશીલ સ્વભાવ છે. એ બંધનનો સ્વભાવ એનો છે. સમજાણું કાંઈ? શુભ અને અશુભભાવ એ પુણ્ય-પાપ આવે છે ને? બંધરૂપ છે ને? બંધ એનું કારણ આવે છે તિરોધારી નથી? બંધત્વાત બંધરૂપ છે એ.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એ પણ આ કેવળજ્ઞાન કહ્યું. પોતે બંધસ્વરૂપ છે એમાંથી બંધ જ થાય. આ મોક્ષસ્વરૂપ છે એનાથી મુક્તિ જ થાય. આહાહા..! સમજાણું કાંઈ? લ્યો એ ૧૮મો કળશ થયો. ૧૯મો આવશે...

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વીર સંવત-૨૪૯૧, ફાગણ વદ ૧૧, રવિવાર,
તા. ૨૮-૩-૧૯૬૫, કલશ-૧૯
પ્રવચન નં. ૨૨

(અનુષ્ટુપ)

आत्मनश्चिन्तयैवालं मेचकामेचकत्वयोः।
दर्शनज्ञानचारित्रैः साध्यसिद्धिर्न चान्यथा।।१९।।

ખંડાન્વય સહિત અર્થ :—"मेचकामेचकत्वयोः आत्मनः चिन्तया एव अलं" આત્મા (मेचक) 'મલિન છે' અને (अमेचक) 'નિર્મળ છે'-આમ આ બંને નયો પક્ષપાતરૂપ છે; (आत्मनः) ચેતનદ્રવ્યના આવા (चिन्तया) વિચારથી (अलं) બસ થાઓ; આવો વિચાર કરવાથી તો સાધ્યની સિદ્ધિ નથી થતી (एव) એમ નક્કી જાણવું, ભાવાર્થ આમ છે કે શ્રુતજ્ઞાનથી આત્મસ્વરૂપ વિચારતાં ઘણા વિકલ્પો ઊપજે છે; એક પક્ષથી વિચારતાં આત્મા અનેકરૂપ છે, બીજા પક્ષથી વિચારતાં આત્મા અભેદરૂપ છે-આમ વિચારતાં થકાં તો સ્વરૂપ-અનુભવ નથી. અહીં કોઈ પ્રશ્ન કરે છે કે વિચારતાં થકાં તો અનુભવ નથી, તો અનુભવ ક્યાં છે? ઉત્તર આમ છે કે પ્રત્યક્ષપણે વસ્તુને આસ્વાદતાં થકાં અનુભવ છે. તે જ કહે છે—"दर्शन-ज्ञान-चारित्रैः साध्यसिद्धिः" (दर्शन) શુદ્ધસ્વરૂપનું અવલોકન, (ज्ञान) શુદ્ધસ્વરૂપનું પ્રત્યક્ષ જાણપણું, (चारित्र) શુદ્ધસ્વરૂપનું આચરણ---આવાં કારણો કરવાથી (साध्य) સકળકર્મક્ષયલક્ષણ મોક્ષની (सिद्धिः) પ્રાપ્તિ થાય છે. ભાવાર્થ આમ છે કે શુદ્ધસ્વરૂપનો અનુભવ કરતાં મોક્ષની પ્રાપ્તિ છે. કોઈ પ્રશ્ન કરે છે કે આટલો જ મોક્ષમાર્ગ છે કે કંઈ અન્ય પણ મોક્ષમાર્ગ છે? ઉત્તર આમ છે કે આટલો જ મોક્ષમાર્ગ છે. "न च अन्यथा" (च) પરંતુ (अन्यथा) અન્ય પ્રકારે (न) સાધ્યસિદ્ધિ નથી થતી. ૧૯.

## કલશ-૧૯ ઉપર પ્રવચન

જુઓ! શું ચાલે છે?

(અનુષ્ટુપ)

आत्मनश्चिन्तयैवालं मेचकामेचकत्वयोः।
दर्शनज्ञानचारित्रैः साध्यसिद्धिर्न चान्यथा।।१९।।

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**'ખંડાન્વય સહિત અર્થ :—' 'मेचकामेचकत्वयोः आत्मनः चिन्तया एव अलं'** શું કહે છે? આ આત્મા શક્તિભેદથી દર્શન, જ્ઞાન અને ચારિત્રના ભેદથી લક્ષમાં લેવું એ અપેક્ષાએ તેને મલિન અને વ્યવહાર કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આત્મા પુણ્ય-પાપના ભાવની અત્યારે વાત નથી. પુણ્ય-પાપના વિકલ્પો ભિન્ન છે. શરીર, વાણી આદિ ભિન્ન છે. એક સમયનો આત્મા અનંતગુણ સંપન્ન, અનંતશક્તિ સહિત એમાં ત્રણ શક્તિનું પરિણમન લેવું છે અહીંયાં. દર્શન-જ્ઞાન-ચારિત્રનું પરિણમન. પરિણમન ભેદરૂપ. ત્રણ પ્રકારે. એવું એટલે એમાં લક્ષ લેવું, લક્ષ કરવું એને વ્યવહાર કહે છે અને એને મલિન કહે છે. કહો, સમજાણું કાંઈ?

**'નિર્મળ છે...'** અભેદનયે નિર્મળ છે. એક સમયમાં અભેદ શુદ્ધ વસ્તુની દૃષ્ટિએ જુઓ તો તે અભેદ છે એટલે કે નિશ્ચયથી તે નિર્મળ છે. નિર્મળ એટલે શુદ્ધ દ્રવ્ય છે. એમ. કહો, સમજાય છે કાંઈ? **'આમ આ બંને નયો પક્ષપાતરૂપ છે;...'** આત્માના અખંડ અભેદ શુદ્ધ વસ્તુના લક્ષમાં નિશ્ચયનય તેને કહે અને તેને અભેદ કહીને તેને નિર્મળ કહ્યો અને એને ગુણભેદની શક્તિભેદ દ્વારા એને ને એને વ્યવહાર નામ મલિન કહ્યો. **'ચેતનદ્રવ્યના આવા વિચારથી બસ થાઓ;...'** જેને આત્મદૃષ્ટિ અને અનુભવ ને ધર્મ કરવો છે એને માટે આ બે વિચાર બસ થાઓ. વિકલ્પ છે બેય. બીજી તો અહીંયાં વાત જ નથી. દેહાદિની, આ જડાદિની ક્રિયા તો માટીની જડની છે. એ તો આત્માનો અધિકાર એમાં છે જ નહિ. અને એમાં પુણ્ય અને પાપના સાધારણ જે વિકાર થાય દયા, દાન, આદિ કે કામ, ક્રોધ કોઈ પણ એની અહીં વાત લીધી જ નથી. એ તો વિકાર છે.

અહીં તો વસ્તુ પોતે એક સમયમાં અખંડ શક્તિનો ધરનાર આત્મા એને શક્તિના ભેદે લક્ષમાં લેવો તેને વ્યવહાર અને મલિન કહે છે, મેચક કહે છે. એક સમયમાં ત્રિકાળ અખંડ જ્ઞાયકમૂર્તિ શુદ્ધ છે એમ નિશ્ચયનયથી લક્ષમાં લેવો, પણ વિકલ્પના પક્ષે લેવો એમ અત્યારે કહેવામાં આવે છે. વિકલ્પ નામ રાગમિશ્રિત વિચારમાં (લેવો કે) આ આત્મા અખંડ, શુદ્ધ, અભેદ, નિર્ભેળ, કાંઈ પણ ભેળસેળ વિનાની અખંડ વસ્તુ છે. એમ લક્ષમાં લેવો એ એક નિશ્ચય નામ અભેદનયના પક્ષનો રાગ પક્ષનો નયપક્ષ છે. આહાહા..! સમજાય છે કાંઈ? એ **'વિચારથી બસ થાઓ;...'** એમાં કાંઈ કાર્યસિદ્ધિ નથી. એમાં ધર્મની પ્રાપ્તિ નથી. એવા બે વિકલ્પના વિચારમાં રોકાવાથી. સમજાણું કાંઈ?

**'ચેતનદ્રવ્યના આવા વિચારથી બસ થાઓ; આવા વિચાર કરવાથી તો સાધ્યની સિદ્ધિ નથી થતી...' 'एव' 'એમ નક્કી જાણવું.' 'एव' 'એમ નક્કી જાણવું.'** શું કહે છે? આત્માને સુખ જોઈતું હોય, આનંદની પ્રાપ્તિ સાધ્ય જોવે છે તો એ આનંદની પ્રાપ્તિ, આનંદ પૂર્ણ કહો કે મુક્તિ કહો કે મોક્ષ કહો, એવી જ્યાં પ્રાપ્તિ જોઈએ (છે), ત્યાં બીજી ક્રિયાઓ તો ત્યાં કરી શકતો નથી એટલે એ વાત અમે કરતા નથી. પાપના પરિણામ હિંસા,

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જૂઠું, ચોરી, વિષય, ભોગ વાસના એ તો દુઃખરૂપ છે એની વાત પણ અમે કરતા નથી. એમાંથી કાંઈ આત્માને સિદ્ધિ નથી. દયા, દાન, ભક્તિ, વ્રત, તપના શુભ વિકલ્પ થાય એ પણ પુણ્ય છે. એની પણ વાત અમે કરતા નથી. કારણ કે એ પણ ધર્મ નથી.

આ ભગવાન આત્મા જે અનંત શક્તિનો રસકંદ પ્રભુ, એવા આત્મામાં બે પ્રકારના વિચારો રાખવા કે એ શક્તિભેદે ભેદવાળો છે અને વસ્તુદષ્ટિએ તે અભેદ છે. એવા બે વિકલ્પોના રાગની વાસનામાં રહેવું, એમાં કાંઈ આત્માને ધર્મની સિદ્ધિ ને સાબિતી થતી નથી. ઓહોહો..! કહો, સમજાણું કાંઈ? '**આવો વિચાર કરવાથી...**' એટલે હું. હવે પોતાની અંદરમાં વાત આવે છો હોં! હું શક્તિઓ દર્શન-જ્ઞાન-ચારિત્રના ભેદરૂપે હું પર્યાયમાં ત્રણ રૂપે પરિણમું. એવો એક રાગ અને વિકલ્પ, રાગ. અને હું અભેદ એકરૂપ નિશ્ચયથી છું એવો એક અભેદના પક્ષનો રાગનો નયનો પક્ષ એનાથી કાંઈ આત્માને ધર્મ થાય કે સમ્યગ્દર્શન થાય એમ છે નહિ. સમજાણું કાંઈ? પોપટભાઈ! સમજાય છે?

'**આવો વિચાર કરવાથી તો સાધ્યની સિદ્ધિ નથી થતી એમ નક્કી જાણવું.**' એમ પાછું. આહાહા..! આવા વિચારમાં રોકાવાથી ધર્મ થતો નથી એટલે કે મોક્ષનો માર્ગ પ્રગટ થતો નથી. તો હવે કઈ ક્રિયાથી મોક્ષમાર્ગ થાતો હશે? '**स्वानुभूत्या चकासते**' એ કહે છે અહીંયાં. અહીં તો વિસ્તાર છે ને. સમજાય છે કાંઈ? આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં અનંત અનંત આનંદ બેહદ અને બેહદ શાંત નામ ચારિત્રનું સ્વરૂપ એવા અનંતગુણરૂપ આખો આત્મા પ્રભુ છે. એ પુણ્ય-પાપના વિકલ્પોથી, રાગથી તો ભિન્ન છે. એની અંદરના બે પ્રકારના વિચાર કે આ ભેદરૂપ છું અને અભેદરૂપ છું, એવો વિચાર પણ આત્માને ધર્મની સાબિતી માટે કામ કરનાર નથી. સમજાણું કાંઈ? ભારે ભાઈ આ. આવો ધર્મ ભારે વીતરાગનો. આ તો લોકો કહે, જાવ દયા પાળો, આ વ્રત કરો, ભક્તિ કરો, પૂજા કરો. થઈ ગયો ધર્મ. ભાઈ! એ તો રાગની મંદતા હોય તો પુણ્ય થઈ જાય. ધર્મ નહિ. એટલે અહીં તો એ વાત કરી નથી કે એનાથી ધર્મ થાય કે ન થાય એ પ્રશ્ન જ ઉઠાવ્યો નથી. પણ તારી ચીજમાં એકરૂપ અને અનેકરૂપના વિચારોની ભૂમિકામાં રોકાવું એ પણ મુક્તિનું સાધન અને સમ્યગ્દર્શનનો કામી છે નહિ. કહો, શેઠી!

મુમુક્ષુ :- એકરૂપમાં રોકાણો.

ઉત્તર :- એકરૂપમાં અભેદ છું એવા વિકલ્પમાં રોકાણો. અભેદમાં અનુભવ ન કરતાં એકરૂપમાં અનુભવ ન કરતાં અને અભેદ છું, હું અભેદ છું, હું એક છું, હું શુદ્ધ છું, એવો રાગમિશ્રિત વિચાર કરવાથી પણ આત્માને ધર્મની પ્રાપ્તિ ઉત્પત્તિ થતી નથી. જુઓ! આ અમારે પંડિતજી ક્યાંથી આવ્યા? કહો, સમજાણું? એ કહે કે આ કળશટીકા માટે ચાલો ઝટ. હિંમતભાઈ આવ્યા. જુઓ બેઠા. મુંબઈથી. કેવું વંચાતું હશે? એ તો અમારા પંડિત છે ત્યાંના મુંબઈના. બરાબર છે? બરાબર છે. એના મોટા ભાઈ પાસે કબુલ કરાવ્યું. સમજાણું કાંઈ?

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આહાહા..!

હું જ્ઞાન, દર્શન અને ચારિત્ર છું એવો ભેદ પણ વિકલ્પ છે. અને હું અખંડ એકરૂપ અનંતગુણનો પિંડ એકરૂપ છું એ પણ એક પક્ષપાત રાગનો પક્ષપાત છે. સમજાણું કાંઈ? **'આવો વિચાર કરવાથી તો...'** જુઓ! આ વિચારની ક્રિયા આવી કરવાથી તો. બીજી ક્રિયા કરવાથી તો શું થાય? સમજાણું કાંઈ? શરીર, વાણી, મનની પર્યાય આ થાય એ ક્રિયા તો જડની છે. એ કાંઈ આત્માને પુણ્ય-પાપનું કોઈ કારણ-ફારણ છે નહિ. કે ધર્મનું કારણ એ નથી. લ્યો, આ તો ધર્મનું કારણ નથી. ઓલા કહે છે. પહેલા પ્રશ્નમાં.

અરે.. ભગવાન! ભાઈ! તારી દશામાં શું ચીજ છે? ઈ એને અવલોકનના કાળમાં પણ જે બે પ્રકારના ભેદની વૃત્તિઓ રાગની ઊઠે એ પણ જ્યાં ધર્મ નથી, એનાથી આત્માને શાંતિની સિદ્ધિ નથી. સમ્યગ્દર્શનની પ્રાપ્તિ એનાથી પણ નથી. સમજાય છે કાંઈ? **'એમ નક્કી જાણવું.'** પાછું એમ. છે ને? **'एव'** શબ્દ પડ્યો છે ને? નિશ્ચયથી જાણ. નક્કી નિશ્ચયથી એમ જાણ. ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્યભાગમાં શરીર, વાણી, કર્મથી તો નિરાળો ભિન્ન છે. પણ પુણ્ય-પાપના રાગથી ભિન્ન છે. એવા આત્માના અંદરમાં ભેદ, અભેદ બુદ્ધિના વિકલ્પમાં રોકાવું એ પણ મુક્તિનું કારણ નથી, ધર્મ નથી એમ નિર્ણય કરવો. પુસ્તક રાખ્યું છે કે નહિ? એય..! ...ભાઈ! રાખ્યું છે કે નહિ? ઘણા પુસ્તક છે. એ પડ્યા. ત્યાં ચોપડા તપાસવા (છે). અહીં પડ્યા છે, જુઓ! એ પડ્યા. અહીં રાખ્યા છે કેટલાય છે. બીજા છે કે નહિ?

મુમુક્ષુ :- ત્યાંના ચોપડામાં સૂઝ પડે, આમાં ન પડે.

ઉત્તર :- ન સૂઝે હોય? ત્યાં પાપના ચોપડા ફેરવ્યા કરે ત્યાં વડોદરા. કહો, સમજાણું કાંઈ? ખબર પડે ને આ ક્યા શબ્દનો અર્થ ચાલે છે આ. છે? ૧૯ શ્લોક. પાનું પણ ૧૯. લ્યો, બેય ૧૯. સમજાણું કાંઈ? પુસ્તક થઈ રહ્યા હશે હવે. આવતા આવતા વાર લાગી. છે આ બાજુ? અહીં છે. છોકરાઓ લ્યો કો'ક કો'ક છોકરા મોટાને. એટલે તમને ઝોલા ન આવે. ઊડાડવાનો રસ્તો છે આ. ઝોલા આવે શેના આમાં? આહાહા..! એક પાંચ હજારની પેદાશ મહિને થાય એવી કોઈ વાત કરે તો હેં.. આમ ઝોલું ન આવે પણ એં.. એમ થઈ જાય અંદરથી. હવે ધૂળમાં છે. એમાં કાંઈ નથી. પાપ છે ને નરકમાં જવાના રસ્તા છે.

આ તો આત્માના સત્યની પ્રાપ્તિ કેમ થાય? અને અસત્યની પ્રાપ્તિનું શું કારણ અનાદિથી છે? એને સાંભળવામાં તો એને હરખ અને હોંશ હોવી જોઈએ. જયંતિભાઈ! આહાહા..! કહે છે કે ભગવાન ત્રણ લોકના નાથ સર્વજ્ઞ તીર્થંકરદેવ વીતરાગ પરમેશ્વર, જેને એક સેકન્ડના અસંખ્ય ભાગમાં ત્રણકાળ ત્રણલોક જણાણા. એની વાણીમાં આવ્યા એમાંથી આ શાસ્ત્ર રચાણા છે. સંતોએ કે જ્ઞાનીએ ઘરના રચ્યા નથી. એ વાણીમાં આવ્યું હતું તેવું અનુભવમાં આવ્યું, પછી શાસ્ત્રમાં રચના થઈ. એ ભગવાન જ કહે છે આમ.

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ભાઈ! સર્વજ્ઞદેવ વીતરાગ પરમેશ્વર કેવળજ્ઞાની, જેના ઈન્દ્રો અર્ધ લોકના બે સ્વામી એક દક્ષિણના ને ઉત્તરના. એની સભામાં સાંભળે છે. એને ભગવાન ફરમાવે છે. એવા ગણધરોની ઉપસ્થિતિમાં, ઈન્દ્રોની ઉપસ્થિતિમાં, લાખો કરોડો દેવો અને મનુષ્યની ઉપસ્થિતિમાં ભગવાનની વાણીમાં એમ આવ્યું, ભાઈ! પ્રભુ! તું તો પરના કામ કર એ તો તારામાં તાકાત છે નહિ કોઈ દી માટે એનાથી ધર્મ થાય એ વાત તો હરામ છે. તારામાં કાંઈક પાપના પરિણામ થાય હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ, વાસના, ક્રોધ એ તો પાપ છે, એ તો દુર્ગતિનું કારણ બંધ છે. એનાથી કાંઈ હિત થાય નહિ. હવે થયા દયા, દાન, ભક્તિ, વ્રતના પરિણામ થાય કરુણા, કોમળતા એ પણ એક શુભરાગ છે. એમાં કાંઈ આત્માનું હિત અને સિદ્ધિ થાય એવું એમાં નથી. એમાં તો નથી પણ તારું સ્વરૂપ જે અખંડ આનંદનો કંદ અનંતગુણનું એકરૂપ અને ગુણનો ભેદ એ ગુણનો ભેદ તો મલિન છે, વિકાર છે, અભૂતાર્થ છે, અસત્યાર્થ છે માટે એને વિકલ્પવાળું કહીને છોડાવ્યું. પણ અહીં તો અભેદ છું, અભેદ છું, એક છું, એક છું, સામાન્ય છું, ધ્રુવ છું, શુદ્ધ છું એવા વિકલ્પની લાગણીથી પણ પ્રભુ, તને સમ્યગ્દર્શનની સિદ્ધિ નથી. એવા વિકલ્પ દ્વારા પણ તને ધર્મની-સમ્યગ્દર્શનની-આત્માની શાંતિની-તે વિકલ્પ દ્વારા સાબિતી થતી નથી. કહો, હીરાલાલ ગાંધી! સમજાય છે કે નહિ આ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ભેદજ્ઞાન કીધું ને. વિકલ્પ ઊઠે કે આ એ. એ વિકલ્પ છે એ પણ બંધનું કારણ છે. ભેદજ્ઞાન, રાગથી ભેદનો અર્થ અભેદ આત્મામાં અનુભવ કરવો એને ભેદજ્ઞાન કહે છે. આવા વિકલ્પોથી છૂટીને આત્મામાં એકાકાર થાવું એને પણ ભેદજ્ઞાન કહે છે. પણ અહીંયાં તો આવા વિકલ્પમાં રોકાવું એ પણ બંધનું કારણ છે. સમજાણું કાંઈ?

'**ભાવાર્થ આમ છે કે...**' હવે ટૂંકું કહીને પાછો એનો ભાવાર્થ (કહે છે). '**કે શ્રુતજ્ઞાનથી આત્મસ્વરૂપ વિચારતાં...**' અહીં વિકલ્પવાળું શ્રુતજ્ઞાન લેવું છે, હોં! શ્રુતજ્ઞાન એટલે કે આત્માના એક શ્રુતજ્ઞાનની પર્યાય છે એવાને '**આત્મસ્વરૂપ વિચારતાં ઘણા વિકલ્પો ઊપજે છે;...**' '**શ્રુતજ્ઞાનથી આત્મસ્વરૂપ વિચારતાં ઘણા વિકલ્પો ઊપજે છે;...**' એવું અહીં શ્રુત લેવું છે. એવી એની શૈલી છે. આગળ કહેશે. સમજાય છે કાંઈ? શ્રુતજ્ઞાન, એવું શ્રુતજ્ઞાન ત્યાં લેવું. આત્માની પર્યાયમાં સ્વ અને પરના વિચારવાળું એક શ્રુતજ્ઞાનનો પર્યાય-વિકાસ, એ શ્રુતજ્ઞાનનો ભાગ. કહે છે કે એમાં આત્મસ્વરૂપ. ભગવાન આત્મા અનંતગુણનું એકરૂપ અને ભેદરૂપ એવા '**વિચારતાં ઘણા વિકલ્પો ઊપજે છે;...**' ઘણા પ્રકારની રાગની લાગણી ઉત્પન્ન થાય છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**એક પક્ષથી વિચારતાં આત્મા અનેકરૂપ છે,...**' એક પક્ષે એટલે શક્તિભેદ. આત્મામાં જ્ઞાન, દર્શન, આનંદ એવી શક્તિભેદથી વિચારીએ તો તે અનેકરૂપ છે. '**બીજા પક્ષથી વિચારતાં આત્મા અભેદરૂપ છે-**' જેમ સોનું, આ સોનાની લગડી. આ સુખડ છે. જુઓ! આ

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


સુખડને જ્યારે સુગંધ, તોલ અને સુંવાળી એમ ત્રણ શક્તિથી વિચારીએ તો ભેદરૂપ છે. પણ એની એકરૂપ વસ્તુ વિચારીએ તો તે અભેદ છે. સુખડ. એમ સોનું. સોનામાં પીળાશ, ચીકાશ અને વજન એવી ત્રણ શક્તિથી વિચારીએ તો ત્રણરૂપ છે. પણ સોનારૂપે વિચારીએ તો એકરૂપ છે. એમ આત્મામાં.. સોનાના તો અનંતગુણ છે, એમ આત્મામાં અનંતગુણ છે. એવા અનંતગુણના ભેદથી વિચારીએ તો અનેકરૂપ છે. અભેદથી વિચારીએ તો તે એકરૂપ છે. સમજાય છે કાંઈ?

**'આમ વિચારતાં થકાં તો સ્વરૂપ-અનુભવ નથી.'** એવા વિચાર કરવાથી પણ કાંઈ સમ્યગ્દર્શન અને આત્માનો ધર્મ થતો નથી. આહાહા..! સમજાણું કાંઈ? **'આમ વિચારતાં...'** વિચારતાં એટલે ઓલો વિકલ્પ છે ભેગો. એવા રાગમિશ્રિત વિચારની ભૂમિકાથી કાંઈ (આનંદ આવતો નથી). સ્વરૂપ એટલે આત્મા શુદ્ધ આનંદ, એનો અનુભવ નામ આનંદની પર્યાયનું વેદન આવવું જોઈએ. સમ્યગ્દર્શન થતાં આત્માના આનંદનો સ્વાદ આવવો જોઈએ, ધર્મ થતાં આત્માના આનંદનો સ્વાદ આવવો જોઈએ. ધર્મ એને કહીએ કે જે આત્મામાં અતીન્દ્રિય આનંદ છે એનો એની વર્તમાન દશામાં અતીન્દ્રિય આનંદનું વેદન આવવું જોઈએ. એનું જ્ઞાન, એની પ્રતીતિ અને એમાં સ્થિરતાનો અંશ એને ધર્મ કહે છે. કહે છે કે એ ધર્મ આવા **'આમ વિચારતા થકાં તો...'** સ્વરૂપના આનંદનો અનુભવ નથી થતો. સમજાણું કાંઈ?

**'અહીં કોઈ પ્રશ્ન કરે છે કે વિચારતાં થકાં તો અનુભવ નથી, તો અનુભવ ક્યાં છે?'** બહુ તમે તો વાત આકરી (કરી). આવું કરે તોપણ હજી ધર્મ નહિ અને અનુભવ નહિ? આવું કરે તો હજી સમ્યગ્દર્શન નહિ? સમજાણું કાંઈ? આ ચોથા ગુણસ્થાનની વાત ચાલે છે. જયંતિભાઈ! આહાહા..! ભગવાન સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથની વાણીમાં, દિવ્યધ્વનિ વીતરાગની વાણીમાં આવ્યું, અરે.. આત્મા! ભગવાન આત્મા તું છો તો મારા જેવો પૂર્ણ સ્વભાવે, અને ગુણમાં પણ અનંત શક્તિઓનો ભેદ તારામાં પણ છે. એવા બે પ્રકારના વિચારમાં રોકાવું એ પણ એક રાગમિશ્રિત ભૂમિકા છે. એનાથી પણ કાંઈ આત્માનો અનુભવ, એટલે કે જેવો આત્મા અનંત આનંદ અને શુદ્ધ છે, એવું વર્તમાન પર્યાયમાં આનંદનું, જ્ઞાનનું, સમ્યક્નું, પ્રતીતનું થવું એ આવા વિકલ્પ દ્વારા થતું નથી. આહાહા..!

**'આમ વિચારતાં થકાં તો અનુભવ નથી,...'** અનુભવ નામ આત્માના આનંદનું વેદન અને સમ્યગ્દર્શન નથી. **'તો અનુભવ ક્યાં છે?'** અરે.. પ્રભુ! તો અનુભવ કોને કહેવો? સમજાણું કાંઈ? **'ઉત્તર આમ છે કે પ્રત્યક્ષપણે વસ્તુને આસ્વાદતાં થકાં અનુભવ છે.'** ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં અનંત શાંત અને આનંદરસ રૂપ વસ્તુ છે એને એવા ભેદ ને અભેદ વિકલ્પ નામ રાગ એનું લક્ષ છોડી અને પ્રત્યક્ષ નામ જ્ઞાનની દશા મન અને રાગના અવલંબન વિનાની, એ જ્ઞાનદશા આત્મા તરફ ઢળતાં આત્માનો પ્રત્યક્ષ **'આસ્વાદતાં થકાં...'** એ વસ્તુ છે આત્મા ભગવાન પૂર્ણ આનંદસ્વરૂપ શાંતરસ અવિકારી

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

આત્મકંદ, એને પ્રત્યક્ષરૂપથી. રાગ એ ભેદરૂપ વિકલ્પ છે એનાથી જાણવું એ પરોક્ષ છે. એ સમ્યગ્દર્શન નથી, એ સમ્યગ્જ્ઞાન નથી, તે અનુભવ નથી, તે ધર્મ નથી.

**'પ્રત્યક્ષપણે વસ્તુને...'** વસ્તુ. ભગવાન આત્મા એક સમયમાં વસ્તુ, અનંતગુણ વસેલી એવી વસ્તુ, એને પ્રત્યક્ષજ્ઞાન, જ્ઞાનની પર્યાય રાગના અવલંબન વિનાની, ભેદ-અભેદના વિકલ્પના ખંડ વિનાની પર્યાય સીધો આત્માને અનુભવે અને આસ્વાદે, આત્માના અતીન્દ્રિય આનંદનો પ્રત્યક્ષ જ્ઞાનમાં અનુભવમાં આનંદ આવે એને અનુભવ કહે છે. ઓહોહો..! સમજાણું કાંઈ?

અનુભવ રત્ન ચિંતામણી, અનુભવ હૈ રસકૂપ,
અનુભવ માર્ગ મોક્ષનો, અનુભવ મોક્ષ સ્વરૂપ.

સમજાણું કાંઈ? આ ચોથા ગુણસ્થાનથી અવિરતિ સમ્યગ્દૃષ્ટિ ગૃહસ્થાશ્રમમાં હો, નરકમાં હો, પશુમાં હો કે સ્વર્ગમાં હો. સમજાય છે કાંઈ? કે મનુષ્યમાં (હો), એ આત્મા એક સેકન્ડના અસંખ્યભાગમાં પૂર્ણ શુદ્ધનું અભેદ સ્વરૂપ, તેના સન્મુખમાં પુણ્ય-પાપના વિકલ્પો તો દૂર રહો, ભેદ-અભેદની વાસનાની વૃત્તિને છોડી જ્ઞાનપ્રત્યક્ષ આત્મા સન્મુખ થઈ વસ્તુને, આ આત્મા છે એવી વસ્તુને પર્યાયમાં આનંદના સ્વાદવાળો અનુભવ થાય એને અનુભવ કહેવામાં આવે છે. એની પ્રતીતિને સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. એના જ્ઞાનને સમ્યગ્જ્ઞાન કહેવામાં આવે છે. એમાં સ્થિરતા જેટલી આવી એને સ્વરૂપાચરણ કહેવામાં આવે છે. એ ત્રણે મળીને અનુભવ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

**'પ્રત્યક્ષપણે વસ્તુ...'** વસ્તુ. વસ્તુ. પુણ્ય-પાપ વિકલ્પ એ કાંઈ વસ્તુ આત્મા છે? આ ભેદ-અભેદનો વિકલ્પ એ પણ વસ્તુ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? શરીર, વાણી, મન, કર્મ એ કાંઈ આત્મવસ્તુ નથી. તેમ પુણ્ય-પાપના વિકલ્પો રાગ ઉઠે એ કંઈ આત્મવસ્તુ નથી. એ તો નથી પણ ભેદ-અભેદના વિકલ્પ રાગ ઉઠે એ પણ આત્મવસ્તુ નથી. આ તો કળશટીકા.

મુમુક્ષુ :- સીધો આત્માને આસ્વાદે.

ઉત્તર :- હા. એમ. ચુસણી નથી લેતા? આ શું કહેવાય? કુલ્ફી. આમ કુલ્ફી નથી લાંબી કરતા? બબ્બે આનાની આવે છે ને લાંબી? આમ ચુસે છે ને સીધા. દાંતમાં ન રાખે હોં! એને જીભ અડાડે સીધી. બે દાતમાં રાખે તો સ્વાદ ન આવે. આવે સ્વાદ? બે દાંત મોટા હોય ને વચ્ચે રાખે તો શું? એમાં જીભને સ્વાદ ક્યાં આવ્યો? એમ ભગવાન આત્મા જેમ કુલ્ફી છે વસ્તુ, એમ આત્મા આનંદથી ભરેલો આખી વસ્તુ પદાર્થ છે. અતીન્દ્રિય આનંદ ભરેલો પદાર્થ છે. એવા અતીન્દ્રિય આનંદના રસકંદની ભૂમિકાને એ પુણ્ય-પાપના ભેદ અને અભેદના વિકલ્પથી છૂટી એને સીધો આત્માની અંતર એકાકાર થઈને આત્માના આનંદને અંતર ચૂસે, વેદે એને અનુભવ કહેવામાં આવે છે અને તેને ધર્મ કહેવામાં આવે છે. એ ધર્મની

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


શરૂઆત છે. ભારે ભાઈ ધર્મ આ!

મુમુક્ષુ :- એ ધર્મની શરૂઆત.

ઉત્તર :- શરૂઆત. હજી આગળ વધવું, ધર્મમાં સ્થિર થવું, થતાં... થતાં... થતાં... થતાં... પૂર્ણ થાય ત્યારે ભગવાન કેવળ થઈ જાય. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- વિચાર કરવાથી ... નહિ?

ઉત્તર :- બિલકુલ નહિ. કહો! આ શેઠી રહ્યા ભઈ જૂના માણસ. બધું સાંભળ્યું હતું બીજું અને નીકળ્યું બીજું. કહો, સમજાણું કાંઈ? આત્માની મીઠાશ વેદે તેને મીઠાલાલ આત્મા કહેવાય. એમ કહે છે અહીં. એ વિકલ્પ ઉઠે એ તો દુઃખ છે, એ તો ઝેર છે. આહાહા..!

મુમુક્ષુ :- આંગણામાં...

ઉત્તર :- આંગણા-ફાંગણામાં એ નથી. એ તો અંદર લક્ષ કરે તો એને આંગણું કહેવાય. પણ લક્ષ કરે એ છોડવા માટે કરે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા એની શ્રદ્ધા કરે કે આ રીતે જ અનુભવ થાય, બીજી રીતે ન થાય. તો એ જાતની શ્રદ્ધાને આંગણું કહેવામાં આવે છે. છે તો વિકલ્પસહિત પણ આ આત્મા અખંડાનંદ પ્રભુ, એકલો આનંદનો રસ જ છે એ આત્મા. જ્ઞાનથી જુઓ તો જ્ઞાનરૂપ છે, અતીન્દ્રિય આનંદથી જુઓ તો અતીન્દ્રિય આનંદ છે. વીર્યથી જુઓ તો એકલો બળરૂપ છે, શાંતિથી જુઓ તો ચારિત્રરૂપ છે, સ્વચ્છતાથી જુઓ તો શુદ્ધરૂપ છે, વિભુતાથી જુઓ તો સર્વગુણમાં વ્યાપક છે, સ્વસંવેદનથી જુઓ તો પ્રત્યક્ષ થઈ શકે એવો એનામાં અનાદિઅનંત ગુણ છે. આ થોડાક ગુણની વાત કરી. એવા તો અનંતા ગુણ છે એમાં. આહાહા..! આ ક્યાં.. આત્મા કેવો એ સાંભળ્યો નથી કોઈ દી એણે. સમજાણું કાંઈ?

ભગવાન તીર્થંકરદેવ વીતરાગ પરમેશ્વરની સભામાં આ ધ્વનિમાં આવ્યું. સમજાણું? એ કુંદકુંદાચાર્યે ઝીલ્યું, ત્યાંથી અહીં આવી શાસ્ત્રો બનાવ્યા. ભગવાન પાસે ગયા હતા. સીમંધર ભગવાન બિરાજે છે ત્યાં. સંવત ૪૯. એમાંથી સમયસાર, એમાંથી કળશ, આ ટીકા અમૃતચંદ્રાચાર્યની. એનો આ કળશ. દેરાસર ઉપર કળશ મોટો હોય એમ. સોનાના કળશ ચડાવે છે ને માથે? એમ આ કળશ. એમાં શું ભર્યું છે એની વ્યાખ્યા ચાલે છે આ. કળશ ખાલી હોય? ભર્યું હોય કે નહિ અંદર? સમજાણું કાંઈ? બાલુભાઈ! આ કોઈ દી સાંભળ્યું પણ ન હોય ત્યાં રાયપુરમાં. આખો દી... અને મોઢા આગળ બેસાડે ક્યાંક ઓલામાં પૈસા-બૈસા લેવા હોય બે-પાંચ હજાર ને ડાહ્યા કરીને બેસાડે. જીવમંડળી, દયામંડળી, ધૂળમંડળી એવી જગ્યો હોય ને. માન મળે. આ ખુશી થઈ જાય, ખુશી પહેલી વારમાં. બાલુભાઈ! આ તો દરેકની વાત છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ધૂળમાંય કાંઈ નથી. ઝેર છે. મહા ઝેર છે રાગનું.

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અહીં તો કહે છે કે બીજી વાત તો ક્યાંય રહી ગઈ. દયા, દાનના ભાવ થવા, પુણ્યના ભાવ થવા એ પણ ઝેર છે. ધર્મ નથી. એ તો નહિ પણ ભેદ-અભેદનો વિકલ્પ ઉઠવો એ પણ ઝેર છે. અમૃતનો અનુભવ એ નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

'તે જ કહે છે-' શું કહે છે? **'પ્રત્યક્ષપણે વસ્તુને આસ્વાદતાં થકાં...'** બે વિશેષ. એક તો પ્રત્યક્ષરૂપથી અને વસ્તુને. વસ્તુ એટલે આત્મા વસ્તુ. એને પ્રત્યક્ષથી એટલે સીધી જ્ઞાનપર્યાયથી આત્માને જ્ઞેય કરીને આનંદના સ્વાદને લે ત્યારે એને અનુભવ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? 'તે જ કહે છે-' આહાહા..! જિંદગીયું ક્યાંની ક્યાં ચાલી જાય. બફમમાં ને બફમમાં. જાણે કાંઈક થાશે કલ્યાણ. નીકળે સરવાળે ઝેર મીંડા. ચાર ગતિમાં રખડીને મરી જાય નરક ને નિગોદ. એમ ને એમ અભિમાનમાં. કાંઈક સારું થાશે. કાંઈક કરીએ છીએ ને સારું. સારું કાંઈક કરીએ છીએ ને. ઘણાનું આ કરીએ, ધૂળ કરીએ, સેવા કરીએ, ફલાણું કરીએ છીએ. અને આ શરીરનો સદુપયોગ કરીએ છીએ. બે-ચાર આંટા મારીને પાંચ-પચ્ચીસ હજાર કરી લઈએ. લ્યો! મુંબઈ જઈએ, શેઠિયા પાસે જઈએ. કાંઈક થાશે કે નહિ કલ્યાણ? ધૂળમાંય નથી સાંભળને હવે, કલ્યાણ ક્યાંથી આવ્યો તારો? રાગની કોઈ મંદતા સાધારણ કરી હોય તો પુણ્ય થાય-ઝેર થાય. આત્મા નહિ, ધર્મ નહિ. આહાહા..!

મુમુક્ષુ :- આવું સાંભળવા...

ઉત્તર :- શું કરવા ત્યારે અહીં દેવું છે કાંઈ? લાડવા-બાડવા દેવા છે? અહીં રામજીભાઈ પાસે છે તે દે? કહો, સમજાણું આમાં?

'તે જ કહે છે-' **'दर्शन-ज्ञान-चारित्रैः साध्यसिद्धिः'** હવે આ ખુલાસો આપ્યો. **'दर्शन-ज्ञान-चारित्रैः साध्यसिद्धिः'** દર્શનની વ્યાખ્યા. **'શુદ્ધસ્વરૂપનું અવલોકન,...'** ભગવાન આત્મા પૂર્ણાનંદ શુદ્ધ, એને અવલોકે એવું દર્શન. અહીં એ વ્યાખ્યા લીધી છે. જ્ઞાન એટલે **'શુદ્ધસ્વરૂપનું પ્રત્યક્ષ જાણપણું,...'** ભગવાન શુદ્ધ ચૈતન્ય અભેદ, એનું અંતરમાં જ્ઞાન થવું, પ્રત્યક્ષ જાણપણું પાછું હોં! એમ નહિ કે આત્મા આવો છે ને શાસ્ત્ર આમ કહે છે ને ફલાણું આમ કહે છે. એમ નહિ. આત્માના જ્ઞાનના ગુણમાંથી જ્ઞાનને સ્પર્શીને જ્ઞાનની પર્યાય પ્રત્યક્ષ થાય એને શુદ્ધ સ્વરૂપનું જ્ઞાન તેને જ્ઞાન કહેવામાં આવે છે. આહાહા..! દુનિયાના ભણતરને તો જ્ઞાન કહેતા નથી પણ શાસ્ત્રના ભણતરને પણ જ્ઞાન કહેતા નથી. આહાહા..!

ભગવાન આત્મા શુદ્ધસ્વરૂપ. જુઓ! જ્ઞાનની વ્યાખ્યા. ભગવાન શુદ્ધ ચૈતન્યઘન નિર્મળ, એનું પ્રત્યક્ષ જ્ઞાન, એનું પ્રત્યક્ષ જ્ઞાન. રાગના, મનના સંબંધ વિનાનું સીધું આત્માનું જ્ઞાન એને જ્ઞાન કહેવામાં આવે છે. **'चारित्र' 'શુદ્ધસ્વરૂપનું આચરણ-'** ચારિત્રની વ્યાખ્યા. ચારિત્ર કોઈ ટીલા-ટપકા, બહારની નગ્ન દશા, લૂગડા એ ચારિત્ર-ફારિત્ર છે. આ અંદર અહિંસા, સત્ય, દત્તના વિકલ્પ ઉઠે પંચ મહાવ્રતના એ ચારિત્ર-ફારિત્ર નથી. સમજાણું કાંઈ? **'શુદ્ધસ્વરૂપનું આચરણ-'** શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ, એમાં પંચ મહાવ્રતાદિનો પણ રાગ, એનાથી રહિત સ્વરૂપમાં

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સ્થિરતાનું આચરણ અનુષ્ઠાન એને ચારિત્ર કહેવામાં આવે છે. આ ચારિત્રની વ્યાખ્યા. ઓહોહો..! પરને દેખવું તે દર્શન, પરને જાણવું તે જ્ઞાન, રાગમાં શુભમાં સ્થિર થવું તે ચારિત્ર એમ નથી. શશીભાઈ!

આ દર્શન દ્વારા પરને જોવું એ દર્શન? કે એ દર્શન જ નહિ. અંતરના સ્વરૂપની શુદ્ધતાને દર્શન દ્વારા અવલોકવી એને દર્શન કહે છે. પરના જાણપણા જ્ઞાન નહિ, શાસ્ત્રના જ્ઞાન એ જ્ઞાન નહિ. ભગવાન આત્મા ચૈતન્યસૂર્ય. ચૈતન્યનો સૂર્ય એનું પ્રત્યક્ષ જ્ઞાન થવું એના સન્મુખ (થઈને) એનું નામ જ્ઞાન. '**चारित्र**' ચારિત્ર કોને કહેવું? કે શુદ્ધ સ્વરૂપ ભગવાન આત્મા પૂર્ણાનંદ સ્વરૂપ, એમાં અંતરમાં એકાકાર થઈને આચરણની લીનતા પ્રગટ કરવી એને ચારિત્ર કહેવામાં આવે છે. કહો, સમજાય છે કાંઈ?

'**આવાં કારણો કરવાથી...**' દેખો! '**આવાં કારણો કરવાથી...**' આ મોક્ષનો માર્ગ બતાવે છે. કારણ બતાવે છે ને આ? પછી સાધ્ય સકળકર્મક્ષય કહેશે. ભગવાન આત્મા એક સમયમાં સેકન્ડના અસંખ્ય ભાગમાં પૂર્ણ શુદ્ધ ધ્રુવ, તેનું અંતર અવલોકન, તેનું પ્રત્યક્ષ જ્ઞાન, એ સ્વરૂપમાં આચરણની સ્થિરતા '**આવાં કારણો...**' આવા એટલે ત્રણે આવી ગયા. ઓલું તો શુદ્ધસ્વરૂપનું આચરણ ચારિત્રની વ્યાખ્યા આવી. '**આવાં કારણો કરવાથી...**' આવા એટલે ત્રણ. શુદ્ધ સ્વરૂપનું અવલોકન, શુદ્ધ સ્વરૂપનું પ્રત્યક્ષ જ્ઞાન, શુદ્ધ સ્વરૂપનું આચરણ, એવું કારણ કરવાથી, એવું કારણ સેવવાથી '**साध्य**' '**સકળકર્મક્ષયલક્ષણ મોક્ષની પ્રાપ્તિ થાય છે.**' આને કારણે સકળકર્મક્ષય આઠ કર્મનો નાશ આવા કારણથી પ્રાપ્ત થાય છે. બીજા કોઈ કારણથી થાતું નથી. સમજાણું કાંઈ? લ્યો! આમાં તો એક જ વાત કરી. ઓલો વ્યવહાર-ફ્યવહારની બધી વાતું આવે છે બહુ દ્રવ્યસંગ્રહ ને ફલાણામાં લાંબી-લાંબી. એ બધું હોય જાણવા માટે.

'**સકળકર્મક્ષયલક્ષણ મોક્ષ...**' આઠેય કર્મના નાશરૂપી મોક્ષદશા, એનું કારણ તો આ ત્રણ કારણ સેવે તો કારણ થાય અને એ કારણથી મોક્ષનું કાર્ય થાય. સમજાણું કાંઈ? કેટલાકને તો સાંભળવા પણ મળ્યું ન હોય. એ તો એમ ને એમ જિંદગી જાય. કાંઈક ધર્મ કરીએ છીએ, કાંઈક આપણને થાશે. કહો, ઓહોહો..! જૈનમાં પણ જુઓને કેટલી શ્રદ્ધા (વિપરીત). એક વાત કરતો હતો. એક કહે કે અમે દેવીને માનીએ છીએ. દેવી અમને નરકમાં નહિ જવા દે. બીજું અમે કાંઈ સમજતા નથી. લ્યો, આવા તો જૈનમાં રહેલા. અરરર..! ગજબ છે ને પ્રભુ! સમજાણું? કોઈ એવા પણ માનનારા પડ્યા છે. જૈનમાં સ્થાનકવાસી અને દેરાવાસીમાં તો સાંભળ્યું નથી. એક કહે, દેવીને અમે માનીએ છીએ. તો દેવી અમને નરકમાં તો નહિ લઈ જાય. અમે દેવીને તો માનીએ છીએ. દેવી હજી નરકમાં હશે કે ક્યાં હશે એની તને ખબર નથી. દેવીનો કોણ? તેં માનેલી દેવી તે ભૂતડામાં રહેતી હશે કે ત્યાંથી મરીને પાછી ક્યાં ગઈ હશે? વ્યંતર-બ્યંતર દેવી મરીને ક્યાં ગઈ હશે? પાછી ઢોરમાં-બોરમાં જાય. ત્યાં

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


હવે ક્યાં દેવી? આહાહા..! અરેરે..! જૈન સંપ્રદાયમાં જન્મ, વાડાવાળાને ખબર ન મળે. સમજાણું કાંઈ? એક દેવ અંબાજીને માનવા, ધૂળને માનવા અને આ કરવા. અંબાજી કરી દેશે, ભવાની. ધૂળમાંય નથી. હેઠે ચાલ્યો જઈશ.

એની વાત તો અહીં છે જ નહિ પણ સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમેશ્વર વીતરાગને માને અને ભગવાન સર્વજ્ઞના કહેલા તત્ત્વોને, શાસ્ત્રને મનથી, વિકલ્પથી સાચા માને. એ માન્યતામાં બીજો કોઈ દેવ મને મદદ કરે તો લાભ થાય પૈસાનો કે એ ન માને. એવી માન્યતા જેને સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની હોય એ પણ વિકલ્પ અને એક રાગ છે. સમજાણું કાંઈ? હવે તારો દેવ-દેવલો ભવાની ને અંબાજી ને માથાફોડ કરીને મરી જાય બિચારા. સમજાણું? દિવ્યધ્વનિ. કહો, દિવ્યધ્વનિ એ દેવી નિમિત્તથી કહેવાય. મહા દિવ્ય દેવી. શક્તિ ભગવાનની વાણી નીકળી. એના તરફનું લક્ષનું જ્ઞાન એ પણ એક વિકલ્પવાળું જ્ઞાન. એ વાણી એમ કહે છે. એ તો આવ્યું હતું આપણે શ્લોકમાં. ૧૩મામાં.

ભગવાનની વાણી એમ કહે છે કે અમારું લક્ષ છોડીને તારા સ્વરૂપનું લક્ષ કર તો તને જ્ઞાન થાય. અમારા લક્ષમાં રહીને તને તારું જ્ઞાન થશે નહિ. સાચું જ્ઞાન નહિ થાય. તો વળી આ દેવ-દેવલાને માનીએ તો કાંઈક પુણ્ય થાય, પૈસા થાય ને બાયડી-છોકરા કાંઈક ઠીક રહે. મરી જઈશ હવે, સાંભળને! એ તો પુણ્ય પ્રમાણે રહેશે અને પુણ્ય પ્રમાણે ઘટ્યા તો ચાલ્યા જશે. તારો દેવ પણ મદદગાર નથી. પોપટભાઈ! આહાહા..! કેમ પ્રભુભાઈ! એ અમારે ત્યાં હતું કુંવરજીભાઈને ત્યાં પહેલું. માથે નામું લખે હેદરશાહ હાજરા હજૂર. અમારા છે ને અમારા બધા કુંવરજીભાઈ એ અમારે બધા. હેદરશાહ અહીં છે ને? પાલિતાણા નહિ પગથિયાની આ બાજુ એક છે. લીલી ધજા. હેદરશાહ. દોઢસો વર્ષથી એ લોકો કુટુંબી માનતા આવે. હેદરશાહ હાજરા હજૂર. પછી અમારે ખુશાલભાઈ કહે, આપણને આ ન હોય. એ તો પહેલાની વાત છે હોં! પ્રભુભાઈ તમે આવ્યા પહેલાની વાત છે ઘણા વર્ષની. એ ચોપડામાં માથે નામ લખે હૈદરશાહ હાજરા હજૂર. હું તો પછી ખાનગી કહેતો, તમારા બાપ કોથળા વેચતા હતા અને આ પૈસા કાંઈક પેદા થવા લાગ્યા એમાં હૈદરશાહ આવ્યો ક્યાંથી? પછી તો કાઢી નાખ્યું. માથે પહેલા લખતાં. આડી લીટી લખે છે ને? વાણિયા લખે ને નામા? ગણેશાય નમઃ. એમ ઓલા લખે હૈદરશાહ હાજરા હજૂર. ભ્રમણાના પાર ન મળે. ધૂળમાંય એ નથી. એ તો પુણ્ય હશે તેમ આવશે અને પુણ્ય નહિ હોય તો ચાલ્યું જાશે. એમાં કાંઈ તારા કોઈ દેવ રાખી દે (એમ નથી). એની જેને શ્રદ્ધા નથી... એ તો મોટા ભ્રમણાના કૂપમાં પડ્યા છે.

અહીં તો આચાર્ય મહારાજ ભગવાનના કહેલાં તત્ત્વોને એમ ફરમાવે છે, ભાઈ! આ અમને માન અને અમારા શાસ્ત્રને માન અને અમે કહેલા ગુરુ સંતને માન, તો પણ એ રાગભાગ છે, હોં! એ ધર્મ નહિ. એ તો નહિ પણ અમારા કહેલાં વસ્તુની સ્થિતિને વિચારના ભેદમાં

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આ ત્રણપણે ગુણ છે અને આ એકપણે છે એવા વિચારમાં રોકા તો પણ તને ધર્મ થાય એમ અમે કહેતા નથી.

મુમુક્ષુ :- ન થાય એમ તો કીધું.

ઉત્તર :- ન થાય એમ કીધું ને. ન થાય, ન થાય. એ હમણાં કહેશે. થાય.. થાય પછી આવશે. સાધ્ય અને સિદ્ધિ. સમજાણું કાંઈ? ઓહોહો..!

'**આવાં કારણો કરવાથી સકળકર્મક્ષયલક્ષણ મોક્ષની પ્રાપ્તિ થાય છે.**' શેનાથી પ્રાપ્તિ થઈ? એ પરની ક્રિયાથી નહિ, જડની. પુણ્ય પરિણામથી નહિ, આ ગુણ-ગુણીના ભેદના વિકલ્પથી નહિ, આ અભેદના પક્ષના વિકલ્પના રાગથી નહિ. વસ્તુ ભગવાન આત્મા, એનું અંતર અવલોકન રાગ વિનાનું, એનું જ્ઞાન રાગ વિનાનું, એમાં આચરણ સ્થિરતા રાગ વિનાની એવી ત્રણ કાળની દશાથી આત્માને મુક્તિ થાય છે. આ મોક્ષનો માર્ગ એક જ આ છે. સમજાણું કાંઈ?

'**ભાવાર્થ આમ છે...**' પણ આવ્યું છે પુસ્તક ટાણે આવ્યું છે, હોં! આ હરખજમણ કરે ને માણસ? એ લગન થયા પછી કરતા હશે ને? એમ ટાણે આવ્યું છે આ પુસ્તક-કળશ. કેમ લગન થયા પછી હરખજમણ કરે કે પહેલું કરે? લગન થઈ ગયા હોય તો હરખજમણ કરે ખુશીમાં. શું કહેવાય? તમારે કાંઈક કહેવાય છે ને. શું કહેવાય. વણોઠી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, એ વણોઠી કહે. વણોઠી અમારે કરવાનો ભાવ છે. તમારા જેટલા સગાવ્હાલા લાવવા હોય એ લાવજો. જાવ. વણોઠી કરતાં. પહેલા હતા. હવે તો બધા નવરા ક્યાં છે? ઓલા તો નવ નવ ટંક, ચાર ચાર દા'ડા આખા હોં. અહીં તો બપોરે તમારે એક કલાક બે કલાક ઉકલી જાય મુંબઈ. અઢીએ જાય તો ચારે પાછા.

મુમુક્ષુ :- મોટી પાર્ટી હોય ને.

ઉત્તર :- મોટી પાર્ટી હોય પાંચસો-હજાર-હજાર માણસો આવે. પાંચ-પાંચ હજાર, દસ-દસ હજાર ખરચી નાખે. આહાહા..! ધૂળમાંય એમાં કાંઈ મફતના... આ કહે છે કે ભગવાન! તારી ચીજના આનંદના હરખજમણ આવ્યા છે આ. આહાહા..! સમજાણું કાંઈ? એ દૃષ્ટિ કર્યા પછી પણ સ્થિરતા કરવાનાં હરખજમણની આ વિશેષ વાતું છે. સમજાણું? એનો અનુભવ કરવાની આ વાત લીધી.

કહે છે... બે સિદ્ધાંત સિદ્ધ કર્યા. એક તો મોક્ષનો માર્ગ એ કે આત્મા શુદ્ધ સ્વરૂપને અવલોકે, પ્રત્યક્ષ જાણે અને આચરણ (કરે), એ મોક્ષનો માર્ગ અને એનાથી જ તે મોક્ષની પ્રાપ્તિ થાય આ ત્રિકાળ એક સિદ્ધાંત. 'એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ.' કહો, સમજાણું આમાં?

'**ભાવાર્થ આમ છે કે શુદ્ધસ્વરૂપનો અનુભવ કરતાં મોક્ષની પ્રાપ્તિ છે.**' પાછો

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ભાવાર્થ-તાત્પર્ય કાઢ્યું. ભગવાન આત્મા શુદ્ધ ચિદ્દઘન આનંદ, એનો અનુભવ અંતરમાં કરવાથી જ મોક્ષની પ્રાપ્તિ છે. એ સિવાય મોક્ષની પ્રાપ્તિ વીતરાગ સર્વજ્ઞ ભગવાનના માર્ગમાં નથી અને ભગવાને કહ્યું નથી. કહો, ભગવાનભાઈ! આ ભગવાન-ભગવાનના નામ લેતા ભગવાને શું કીધું ખબર છે? નામ પણ ભગવાન અને ભગવાન કહેતા હતા એમ સાંભળ્યું હશે તમે. ભગવાન આમ કહેતા. એમ બોલે તો ખરા ને. આ ભગવાન આમ કહે છે સર્વજ્ઞ પરમાત્મા, ધર્મપિતા ત્રિલોકનાથ વીતરાગ, એની વાણીમાં ગણધરની ઉપસ્થિતિમાં, શાસ્ત્ર રચનારની ઉપસ્થિતિમાં આ આવ્યું હતું. આ શાસ્ત્રમાં એમણે રચ્યું છે. એ કહ્યું છે તે રચ્યું છે. સમજાણું કાંઈ?

'**કોઈ પ્રશ્ન કરે છે કે આટલો જ મોક્ષમાર્ગ છે...**' આટલો જ? જુઓ! કે બીજું કાંઈ છે અંદર? '**આટલો જ...**' આટલો જ મોક્ષમાર્ગ? આટલો જ મોક્ષમાર્ગ? '**કે કંઈ અન્ય પણ મોક્ષમાર્ગ છે?**' ભઈ, બીજો પણ વ્યવહારમોક્ષમાર્ગ છે, કોઈ નિમિત્તથી છે, આમથી છે, એમ છે કે નહિ કાંઈ? ના. ના. એક જ રસ્તો છે. સમજાણું કાંઈ? ધ્યેય એક જ હોય જ્યાં જાવું હોય ત્યાં એક જ પ્રકારે એના લક્ષે ચાલે એ એક જ માર્ગ હોય. પોપટભાઈ! '**આટલો જ મોક્ષમાર્ગ છે કે કંઈ અન્ય પણ મોક્ષમાર્ગ છે?**' કોઈ બીજો કાંઈ છે? કે આ એક જ મોક્ષમાર્ગ છે? સમજાણું કાંઈ? ભગવાન! તમને માનીએ તો મોક્ષમાર્ગ થાય કે નહિ? એવો બીજો કોઈ રસ્તો છે કે નહિ? અમે તમને જ માનીએ અને બીજાને ન માનીએ. આપના શાસ્ત્રનું જ્ઞાન કરીએ, બીજાનું ન કરીએ. એવો કોઈ માર્ગ બીજો છે કે આ એક જ છે? ભગવાન કહે છે કે અમે કહીએ છીએ એમાં આ કહ્યું છે એ માન તો માન્યું કહેવાય.

'**ઉત્તર આમ છે કે આટલો જ મોક્ષમાર્ગ છે.**' આહાહા..! સમજાય છે કાંઈ? એટલો જ આત્માને મોક્ષમાર્ગ છે. જેટલો કે આત્મા પવિત્ર શુદ્ધઘન છે તેનું દર્શન, જ્ઞાન અને રમણ કરે તેટલો મોક્ષમાર્ગ છે. બીજો કોઈ મોક્ષમાર્ગ નથી. કહો, સમજાણું કાંઈ? નિમિત્ત છે, સહકારી છે. નિમિત્ત તો આવે છે આમાં હોં. દ્રવ્યસંગ્રહમાં આવે છે. બહિરંગ કારણ જયસેનાચાર્યની ટીકામાં આવે છે. એ બધું બહિરંગ કારણ છે. બહિરંગ કારણ કહો કે વિકલ્પ કહો કે નિમિત્ત કહો. એ તો વસ્તુ ક્યાં છે? સમજાણું કાંઈ?

શિષ્ય પૂછે છે કે પ્રભુ! આ એક જ માર્ગ છે કે કોઈ બીજો હશે? આ લોકો તો એમ કહે છે કે ભાવનગર જાવું હોય તો ઢસાથી જવાય, કુંડલાથી જવાય, મહુવાથી જવાય, આમથી જવાય. અહીંથી જાવું હોય તો આમથી જવાય... આમથી જવાય.. આ તો ઘણાં માર્ગ છે. ભલે ભાવનગર જાવું હોય, લ્યો. પણ રસ્તા ઘણા આવે છે. એમ આમાં આ જ છે કે બીજો કોઈ માર્ગ છે? સમજાણું કાંઈ? એમ શિષ્યનો પ્રશ્ન છે.

'**ઉત્તર આમ છે કે આટલો જ મોક્ષમાર્ગ છે.**' આટલો જ. એટલે એક જ મોક્ષનો

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


માર્ગ એ છે. એમ. એટલો જ એટલે એટલો જ, એટલો એટલે એક જ અને એક જ એટલે તે જ. સમજાણું કાંઈ? આહાહા..! એની રુચિમાં બેસે નહિ, શ્રદ્ધામાં બેસે નહિ, આ વાત આમ જ છે, બીજી ન હોય. હવે એને તે રસ્તા અંતરમાં જવાના ક્યાંથી ઊગે? કહો, દાસ! આહાહા..!

હવે અનેકાંત કરે છે, જુઓ! '**આટલો જ મોક્ષમાર્ગ છે.**' એટલો જ મોક્ષનો માર્ગ છે. '**न च अन्यथा**' '**च**' નામ '**પરંતુ...**' '**अन्यथा**' નામ '**અન્ય પ્રકારે સાધ્યસિદ્ધિ નથી થતી.**' બીજા કોઈ પ્રકારે મુક્તિની સિદ્ધિ સાબિતી મુક્તનું કાર્ય, આ સિવાય બીજા કોઈ કારણે મુક્તિનું કાર્ય થતું નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઓલા માણસ કહે છે ને મોસાળ વિવાહ ને મા પિરસણા. મોસાણ વિવાહ હોય અને મામાનો દીકરો પરણતો હોય અને મા આવી હોય બરાબર નિરોગતા બધુ સરખું હોય ને આવી હોય. એમાં વળી દીકરા આવ્યા એ પછી તો એ પંચોળામાં પીરસાય એ બધું આપે એને. હવે તો બધું સમજવા જેવું રહ્યું. પહેલા પંચોળા કરતા ને? લગનમાં વર બેસે ને? ભેગા એનો અણવર અને બીજા બે-ત્રણ બેસે મોટી ઓલી લઈને. એને બધું સારું સારું (પીરસાય). પહેલા હતું. હવે અત્યારે શી ખબર પડે તમારી. પહેલાં તો સાટા ગળ્યા, મોળા, પેંડા, બરફી, જલેબી એ બધું ઓલામાં નાખે. બાકી જાનૈયાને તો એક જાતનું હોય લાડવા કે ગાંઠિયા જે કાંઈ આપતા હોય ઈ.

મુમુક્ષુ :- આપે અનુભવ કર્યો છે ને.

ઉત્તર :- અમે તો અનુભવ કરેલો છે, હોં! આ ફાવાભાઈનો અણવર થયો હતો ને હું. ફાવાભાઈ વયા ગયા. ફાવાભાઈ ગયા. (સંવત) ૧૯૬૪માં લગન હતા એના. ૬૪. કેટલા વર્ષ થયા? ૧૮ વર્ષની ઉંમર હતી. એની ૧૪. દૂધીબહેન હશે અહીં કે નહિ? છે. છે દૂધીબહેન. ફાવાભાઈના. એમના લગન હતા ૬૪માં. એ બધું આમ જોયું હતું. એકવાર જોયું હોય એટલે પછી ખબર પડે ને કે આવું હશે બધું જગતમાં. સમજાણું કાંઈ? એમાં ધૂળમાંય નથી કાંઈ, કહે છે.

એમાં ઓલો તો ભાઈ! જવાબ આપે છે ને ઓલો? અમારે છે ને ભાઈ ઓલા ફતેહપુરવાળા. બાબુભાઈ પ્રવચન કરે ત્યારે કહે, જો ભાઈ વર હોય ત્યાં અણવર હોય, પણ અણવરને કન્યા ન મળે. એમ આત્મામાં નિશ્ચય મોક્ષમાર્ગ હોય ત્યાં વિકલ્પનો રાગ વ્યવહાર હોય, પણ એ વ્યવહારથી મુક્તિ નહિ મળે. એવો દાખલો આપે. લોકોને ભાઈ સારું લાગે. બહુ વૈરાગી માણસ છે ને. બાબુભાઈ. અત્યારે ૫૦૦ માણસ લઈને નીકળ્યા છે જાત્રાએ. એક તો ગૃહસ્થ માણસ, પાંચ લાખ રૂપિયા, ૩૬-૩૭ વર્ષની ઉંમર. બ્રહ્મચર્ય આઠ વર્ષથી તો પાળે. ૩૭ વર્ષ થયા એમાં આઠ વર્ષથી બ્રહ્મચર્ય. એક જ દીકરી. દીકરો ન મળે. બ્રહ્મચર્ય

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com


Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



લઈ લીધું જાવજીવનું. પોર ૩૭ વર્ષે. બહુ મારો વૈરાગી અને બધી ખાવા-પીવાની સાદું બધું. આવો દાખલો આપે છે. તમે જ કીધું નહિ? ઉજ્જૈનમાં. વર ને અણવર બે હોય. એમ નિશ્ચય અને વ્યવહાર હોય. પણ વ્યવહારને કાંઈ મુક્તિ ન મળે. મુક્તિ તો ઓલા નિશ્ચયની આ દશાથી આ મળે એ માર્ગથી. વચમાં દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, નવ તત્ત્વના ભેદનો રાગ, પંચ મહાવ્રતના પરિણામનો રાગ ભેગો હોય ખરો, પણ એ કાંઈ મુક્તિને આપે નહિ. દાખલો સારો પણ. ઠીક! ભાઈ! મીઠાલાલજી! એ એમ કહેતા હતા. જુવાન માણસ છે, રૂપાળું શરીર, ગૃહસ્થ માણસ, પાંચ લાખ, બ્રહ્મચારી. દીકરી એક જ અને બ્રહ્મચર્ય લઈ લીધું જાવજીવનું. કુટુંબ, મા, બાપ, ભાઈ.. પાંચ-છ હજાર માણસ વચ્ચે રખિયાલ. ઊભો થયો કે આજ્ઞા છે .. તો ભાઈ ઉઠ્યા બિચારા. મહારાજ! આજ્ઞા છે. અમારે એ રસ્તે આવવું છે. એમ ભાઈ બોલ્યા હોં! એ રસ્તો અમને હજો. ગૃહસ્થ માણસ અને આટલી ઉંમરે! ખાનદાન માણસ. ૪૨ ગામ છે ને ત્યાં. એના શેઠિયા કુટુંબ. એના કાકાના દીકરા એની પાસે પાંચ લાખ, આની પાસે પાંચ લાખ. એના નાના ભાઈ છે .. દીકરો. આપણે કાંઈ જોઈતું નથી. બાપુ! આપણે તો ધર્મ જોઈએ છે. એવો દાખલો આપ્યો હતો મલૂકચંદભાઈએ મને કહ્યું. ઉજ્જૈનમાં એવા દાખલા આપે. આપણને તો કાંઈ સંસારની બહુ ખબર નહિ. કહો, સમજાણું કાંઈ? સાંભળીએ તો ખબર પડે બહુ.

આ કહે છે, **'અન્ય પ્રકારે...'** એટલે કોઈ બીજા પ્રકારે. સાધ્ય એટલે મુક્તિ. સાધ્ય એટલે? મોક્ષ. એની સિદ્ધિ નામ સાબિતી ત્રણ કાળમાં બીજેથી હોઈ શકે નહિ. લ્યો, આ ૧૯મો કળશ. જુઓને એક એક કળશ!

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)




Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વીર સંવત-૨૪૯૧, ફાગણ વદ ૧૨, સોમવાર,
તા. ૨૯-૩-૧૯૬૫, કલશ-૨૦-૨૧
પ્રવચન નં. ૨૩

(માલિની)

कथमपि समुपात्तत्रित्वमप्येकतायाः
अपतितमिदमात्मज्योतिरुद्गच्छदच्छम्।
सततमनुभवामोऽनन्तचैतन्यचिह्नं
न खलु न खलु यस्मादन्यथा साध्यसिद्धिः।।२०।।

ખંડાન્વય સહિત અર્થ :—''इदम् आत्मज्योतिः सततम् अनुभवामः'' (इदम्) પ્રગટ (आत्मज्योतिः) આત્મજ્યોતિને અર્થાત્ ચૈતન્યપ્રકાશને (सततम्) નિરંતર (अनुभवामः) પ્રત્યક્ષપણે અમે આસ્વાદીએ છીએ. કેવી છે આત્મજ્યોતિ? ''कथमपि समुपात्तत्रित्वम् अपि एकतायाः अपतितम्'' (कथम् अपि) વ્યવહારદષ્ટિથી (समुपात्तत्रित्वम्) ગ્રહણ કર્યા છે ત્રણ ભેદ જેણે એવી છે તોપણ (एकतायाः) શુદ્ધપણાથી (अपतितम्) પડતી નથી. વળી કેવી છે આત્મજ્યોતિ? 'उद्गच्छत्' પ્રકાશરૂપ પરિણમે છે. વળી કેવી છે? ''अच्छम्'' નિર્મળ છે. વળી કેવી છે? ''अनन्तचैतन्यचिह्नं'' (अनन्त) અતિ ઘણું (चैतन्य) જ્ઞાન છે. (चिह्नं) લક્ષણ જેનું એવી છે. કોઈ આશંકા કરે છે કે અનુભવને બહુ દઢ કર્યો તે શા કારણે? તે જ કહે છે—''यस्मात् अन्यथा साध्यसिद्धिः न खलु न खलु'' (यस्मात्) કારણ કે (अन्यथा) અન્ય પ્રકારે (साध्यसिद्धिः) સ્વરૂપની પ્રાપ્તિ (न खलु न खलु) નથી થતી, નથી થતી, એમ નક્કી છે. ૨૦.

---

## કલશ-૨૦ ઉપર પ્રવચન

આ સમયસાર કળશટીકા. એમાં જીવ અધિકાર. ૧૯ કળશ થયા. ૨૦મો કળશ.

(માલિની)

कथमपि समुपात्तत्रित्वमप्येकतायाः
अपतितमिदमात्मज्योतिरुद्गच्छदच्छम्।
सततमनुभवामोऽनन्तचैतन्यचिह्नं
न खलु न खलु यस्मादन्यथा साध्यसिद्धिः।।२०।।

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

શું કહે છે? **'ખંડાન્વય સહિત અર્થ :—'** **'इदम् आत्मज्योतिः सततम् अनुभवामः'** આચાર્ય પોતાની વાત કરીને જગતને કહે છે કે તમે આ આત્મજ્યોતિને ચૈતન્ય જ્યોતિ આત્મા, એનો અનુભવ કરો. એ પોતાની વાત કરીને, જગતને ઉપદેશ કરીને કહે છે. **'इदम्'** નામ આ **'પ્રગટ...'** **'आत्मज्योतिः'** **'આત્મજ્યોતિને અર્થાત્ ચૈતન્યપ્રકાશને...'** ચૈતન્યપ્રકાશ નામ જ્ઞાનનો પ્રકાશ એવો ભગવાન આત્મા, એને શરીર, વાણી, મન નથી પણ પુણ્ય ને પાપના વિકલ્પો રાગ એ સ્વરૂપમાં નથી. એ તો ચૈતન્યપ્રકાશ છે. વિકાર એમાં નથી. એવો ચૈતન્યપ્રકાશ જે આનંદના અવિનાભાવી સ્વભાવ સહિત છે. એને **'सततम्'** **'નિરંતર...'** **'अनुभवामः'** **'નિરંતર..'** નામ કાયમ, વિરહ પડ્યા વિના, અંતર પડ્યા વિના એ ચૈતન્યપ્રકાશનું માહાત્મ્ય કરીને એનો અનુભવ એટલે **'પ્રત્યક્ષપણે અમે આસ્વાદીએ છીએ.'**

આનંદસ્વરૂપ આત્મા... બે વાત લીધી. ચૈતન્યપ્રકાશ લીધો અને **'अनुभवामः'**માં આનંદ લીધો. સમજાય છે કાંઈ? ચૈતન્યનો પ્રકાશ એવું સ્વરૂપ, એનો અનુભવ કરવો. એટલે કે એનો પ્રત્યક્ષ રાગ અને પુણ્યના અવલંબન વિના એકલા ચૈતન્યના સ્વભાવના અવલંબનથી પ્રત્યક્ષપણે અમે આસ્વાદીએ છીએ. આનંદનો અનુભવ અમે નિરંતર (આસ્વાદીએ છીએ). વિકલ્પો વિકાર અંદર હોવા છતાં એનાથી રહિત ચૈતન્યના પ્રકાશને નિરંતર આસ્વાદીએ છીએ. નિરંતર અતીન્દ્રિય આનંદનો અનુભવ-આસ્વાદ લઈએ છીએ. એનું નામ ધર્મ.

મુમુક્ષુ :- નિરંતર.

ઉત્તર :- નિરંતર. વસ્તુ જેમ નિરંતર ચૈતન્ય છે, ચૈતન્યપ્રકાશ અને આનંદ નિરંતર છે એમાં-વસ્તુમાં-આત્મામાં. અતીન્દ્રિય આનંદ. એની અંતરમાં સ્વભાવસન્મુખની દૃષ્ટિમાં એટલે એને અનુસરીને અનુભવવું અથવા માહાત્મ્ય, એનું માહાત્મ્ય કરીને એકાકારનો અનુભવ કરવો, એમાં અતીન્દ્રિય આનંદનો, રાગ અને મનની અપેક્ષાના અવલંબન વિના આત્માનો આસ્વાદ લેવો એનું નામ મોક્ષનો માર્ગ અને એનું નામ આનંદનો અનુભવ કહેવામાં આવે છે. કહો, સમજાણું આમાં? ભારે ધર્મ ભાઈ! આમાં દયા પાળવી, વ્રત એ નથી આવતું. લોકો રાડું પાડે છે. કાગળ આપ્યો ભાઈને? નથી આપ્યો. નહિ? એ કાગળ એક વાંચવામાં આવ્યો. રામજીભાઈ ઉપર આવે છે એમ જ કહીએ ને. અમારા ઉપર આવ્યો છે. અજીતકુમારનો આવ્યો છે. કહો, સમજાણું કાંઈ? એમ કે આ ગૃહસ્થો છે એને આવું સમજાવો, એને કાંઈક ત્યાગ કરાવો, આ કરાવો... આ કરાવો. મૂળ તો પાછા છે ને સમ્મેદશિખર. સમ્મેદશિખરનું. એટલે રામજીભાઈને ભલામણ કરી. રામજીભાઈ ખાસ માણસ એમાં પડે તો... શું કહ્યું?

જેને આત્માની મુક્તિ કરવી હોય અર્થાત્ જેને શાંતિ અને ધર્મની દશા પ્રગટ કરવી હોય અર્થાત્ જેને ધર્મ કરવો હોય એણે કેમ કરવું અને ધર્મ કેમ થાય? એ વાત છે. દુનિયાની સાધારણ ચાલતી પ્રણાલિકાથી બીજી વાત છે આ. સરસ વાત છે. ભાઈ! તારો આત્મા જ્ઞાન અને આનંદ, અતીન્દ્રિય આનંદના રસવાળું તત્ત્વ છે. એની અંતરમાં દૃષ્ટિ કરીને, એના

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


સ્વભાવને અનુભવવો એટલે કે આનંદનો સ્વાદ લેવો એટલે કે આનંદનું વેદન અને અનુભવ કરવો એ જ નિરંતર આત્માને પૂર્ણ શાંતિરૂપી મુક્તિનો ઉપાય છે. ભારે ભાઈ એમાં વ્યવહાર-બ્યવહારને, નિમિત્તને તો યાદ પણ કરતા નથી.

મુમુક્ષુ :- જે ઉપાયે અનંત આત્માઓ ગયા, એ ઉપાયથી...

ઉત્તર :- આ ઉપાયે જશે. બીજો ઉપાય ત્રણ કાળમાં નથી. કહો, સમજાણું આમાં? પુસ્તક રાખ્યું છે કે નહિ ભાઈ? કાંતિભાઈ! પુસ્તક રાખ્યું છે? જુઓ! અર્થ વાંચવા જેવો છે આ. કહો, સમજાણું આમાં? ક્યાંય શાંતિ અને સુખ બીજે ક્યાંય નથી.

મુમુક્ષુ :- બીજે ક્યાંય એટલે?

ઉત્તર :- એટલે આ પુણ્ય-પાપના ભાવમાં નથી, કોઈ દેશમાં નથી, કોઈ.. સમજાય છે ને? કોર્ટમાં વકીલ થવાથી નથી, દવાના ડોક્ટર થવાથી નથી. ત્યાં કોઈના મોઢા આગળ બેસાડે. મોઢા આગળ બેસાય એને શું કહેવાય? તમારે બેસે એને મોઢા આગળ કરે ને. અધ્યક્ષ. લ્યો વળી એ યાદ આવ્યું આ મલૂકચંદભાઈનું. ત્યાં બેસાડ્યા હતા કે નહિ ઉર્જ્જૈનમાં? અધ્યક્ષ તરીકે બેસાડે છે સભામાં પૈસા લેવા માટે. ત્યાં એમાં પણ સુખ નથી. અને ક્યાંય સંઘના સંઘપતિ ઠરાવે. પાંચ હજાર, દસ હજાર માણસના સંઘપતિ. એમાં પણ સુખ નથી એમ કહે છે.

સુખ તો આત્મામાં અંતર ચીજ વસ્તુ આત્મા... એથી કહ્યું ને કે '**इदम् आत्मज्योतिः**' આ ભગવાન આત્મા જે પ્રગટ વસ્તુ સ્વભાવ, વસ્તુનો સ્વભાવ પ્રગટ છે. એ કાંઈ ગુપ્ત છે, ઢંકાયેલો છે એમ છે નહિ. પ્રગટ ચૈતન્યપદાર્થ, પ્રકાશની મૂર્તિ પ્રભુ, એને '**सततम्**' '**નિરંતર...**' એટલે? કે વ્યવહાર ને દયા, દાનના વિકલ્પોને મુખ્યપણે ન લાવતા, એનાથી ખસીને નિરંતર આત્માના આનંદ તરફના નિર્વિકલ્પ ધ્યાનની લગની લાગવી, એમાં '**अनुभवामः**' '**પ્રત્યક્ષપણે અમે આસ્વાદીએ છીએ.**' '**अनुभवामः**' એમ છે ને? અનુભવીએ છીએ. એમ. સમજાણું કાંઈ? લોકો કહે ને કે એ ખબર ન પડે. આત્માને ધર્મ થાય કે આ સમ્યગ્દર્શન-જ્ઞાન થાય એ કાંઈ ખબર પડે? એ તો કેવળીને ખબર પડે. અરે.. ભગવાન! તારું જે દુઃખનું વેદન છે એ રાગ અને દ્વેષ વિકારનું વેદવું છે. એમાંથી આત્મા તરફના વલણમાં અતીન્દ્રિય અનાકુળ આનંદનું વેદન, એ વેદનથી પલટો મારે એ વેદનની એને ખબર ન પડે? સમજાણું કાંઈ?

તેથી તો '**પ્રત્યક્ષપણે...**' એમ શબ્દ વાપર્યો છે. કોઈ વેદે ને કો'ક જાણે એમ છે નહિ. આત્મા પોતે શાંત શાંત અકષાય વીતરાગી વિજ્ઞાનઘન આત્મા છે. એની દૃષ્ટિ અંતરમાં કોઈ દી અનંતકાળમાં ગઈ નથી. એથી એ પુણ્ય ને પાપ ને વિકલ્પ ને આ ને શરીર ધૂળધાણી, પરમાં દૃષ્ટિ રાખીને રખડી રહ્યો છે. જો તારે ધર્મ કરવો હોય તો ધર્મી એવો આત્મા અનંતગુણના સ્વભાવ ધર્મને ધરનારો, અનંતગુણરૂપી સ્વભાવભાવને ધરનારો, એવો જે આત્મા જે ચૈતન્યપ્રકાશ

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પ્રગટ છે. તેના તરફનું લક્ષ અને આશ્રય કરી અમે એવા આત્માને, આત્માના પ્રકાશને, આત્માના આનંદને અનુભવીએ (છીએ). પ્રત્યક્ષ નામ કોઈની અપેક્ષા લક્ષમાં લીધા વિના એકલા આત્માને લક્ષમાં લઈને આનંદને, અતીન્દ્રિય આનંદનો અનુભવ લઈએ છીએ. કહો, સમજાય છે કાંઈ? ભારે કળશો પણ!

'**કેવી છે આત્મજ્યોતિ? 'कथमपि समुपात्तत्रित्वम् अपि एकतायाः अपतितम्' '(कथमपि)'** એટલે કોઈ પ્રકારે એટલે '**વ્યવહારદષ્ટિથી ગ્રહણ કર્યા છે ત્રણ ભેદ જેણે...**' વસ્તુ એક સ્વરૂપ અંદર અખંડ છે. છતાં વ્યવહારના પક્ષના લક્ષથી આ જ્ઞાન છે ને આ દર્શન છે, આનંદ (છે) એવું પરિણમન ત્રણ પ્રકારે, એવા ભેદને વ્યવહારદષ્ટિએ, ભેદદષ્ટિએ, પરઆશ્રય લક્ષ કરીને એને મલિનદષ્ટિએ એટલે કે ખંડ ખંડ દષ્ટિએ જોતાં એણે ત્રણપણું અંગીકાર કર્યું છે. એવી એ આત્મજ્યોતિ છે એમ કહેવું છે. સમજાય છે? અહીં તો મોક્ષમાર્ગ કહેવો છે ને. આમ તો અનંતગુણ છે. પણ અહીંયાં પરિણમન દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપે ત્રણ થાય છે એ રીતે વ્યવહારથી ત્રણપણું જેણે અંગીકાર કર્યું છે. આમાં ઓલા અનંતગુણપણું, ભેદપણું એ નથી લેવું અહીંયાં. નહિતર તો આત્મા વસ્તુ અને અનંતા ગુણો, એવા અનંતગુણનું ભેદપણું એમાં છે. એ અહીં કામ નથી. અહીં તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની મોક્ષમાર્ગની પર્યાયરૂપે પરિણમવું, એક આત્મા છતાં ત્રણપણે પરિણમન, એવું વ્યવહાર દષ્ટિએ, ભેદદષ્ટિએ એમાં ત્રણપણું અંગીકાર કર્યું છે. સમજાણું કાંઈ?

છતાં એટલે '**તોપણ...**' તથાપિ છે ને? '**વ્યવહારદષ્ટિથી...**' કોઈ પ્રકારે એટલે ભેદદષ્ટિએ વ્યવહારદષ્ટિએ, અનેક ગુણને લક્ષમાં લેવાની દષ્ટિએ ત્રણપણું જેનામાં છે. ગ્રહણ કર્યું એટલે જેનામાં છે. એવા ત્રણ ભેદોને જે આત્મજ્યોતિએ પરિણમનમાં શ્રદ્ધ-જ્ઞાન-ચારિત્રના ત્રણ પ્રકાર છે. છતાં '**एकतायाः**' પોતાનું શુદ્ધ અભેદ સ્વરૂપ એનાથી '**પડતી નથી.**' પડતી નથી. અખંડ જ્ઞાયક શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ ત્રણ પ્રકારે પરિણમન હોવા છતાં અભેદમાં એકપણાના શુદ્ધમાંથી પાછી પડતી નથી. સમજાણું કાંઈ? ભાષા અને બધી વાત જ જુદી જાત આ. ઓલું સમયસાર સાંભળ્યું હોય ને એ જાણે કે નવી જ સાંભળીએ છીએ એમ લાગે.

શું કીધું? '**एकतायाः**' એકરૂપ. ઓલા ત્રણ છે ને? એને આ એકરૂપ લેવું. ત્રણ ભેદપણું છે પર્યાયમાં. છતાં તે વસ્તુપણે, શુદ્ધપણે '**एकतायाः**' નામ એકપણે જુઓ તો એકપણાથી તે પતિત થઈને ત્રણપણાના ભેદમાં આવી ગઈ નથી. સમજાણું કાંઈ? '**શુદ્ધતાથી...**' '**अपतितम्**'. '**पतित**' એટલે પડી નથી. એકરૂપ વસ્તુ છે એના ત્રણ ખંડ થઈ નથી ગયા. પર્યાયમાં ભલે ત્રણરૂપ પરિણમન હો, પણ વસ્તુ તરીકે એક ચૈતન્યમૂર્તિ અભેદ અખંડાનંદ એકરૂપ એ કંઈ એકમાંથી ત્રણના ભાગ-ખંડ પડી ગયા નથી. સમજાય છે કાંઈ?

'**વળી કેવી છે આત્મજ્યોતિ?**' બધું ચાલ્યું આવે છે ને? કેવો છે આત્મા? કેટલી કેટલી વાર કહેતા હતા. '**કેવી છે આત્મજ્યોતિ?**' કેવો છે ભગવાન આત્મ પ્રકાશમૂર્તિ

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આત્મા? કે 'उद्गच्छत्' '**પ્રકાશરૂપ પરિણમે છે.**' એ તો ચૈતન્યના પ્રકાશરૂપે જ પરિણમે છે. ચૈતન્યના પ્રકાશની જ જેની પરિણતિ નામ પર્યાય છે. અને એક પછી એક એની ઊર્ધ્વ શ્રેણી જ્ઞાનની જ પરિણતિએ પ્રવાહ વહે છે. એમાં રાગ અને પુણ્યપણે પરિણમવું એવું એના સ્વરૂપમાં નથી. આહાહા..! કહો, સમજાય છે કાંઈ આમાં? કઈ જાતનો આ ધર્મ? ઓલા પહેલાવહેલા જે આવ્યા હોય ને ઈચ્છામિ.. મિચ્છામી દુક્કડમવાળા... જીવિયા વહોરવિયા તસ્સ મિચ્છામી દુક્કડમ. આ પણ અમે આવું સાંભળીએ. અને આ શું માંડી? આ તે કાંઈ જૈનધર્મ હશે? આ તે વીતરાગનો માર્ગ હશે? કો'કનો બીજાનો હશે? આહાહા..! સમજાણું કાંઈ?

ભાઈ! તને ખબર નથી, પ્રભુ! વીતરાગ માર્ગનું સ્વરૂપ શું છે અને અત્યારે શું કલ્પિત ચાલી રહ્યું છે એના આંતરાની એને ખબર નથી. વીતરાગ માર્ગ સર્વજ્ઞ પરમાત્મા. ત્રિલોકનાથ વીતરાગ પરમેશ્વર આ કહે છે અને એ એનો માર્ગ છે. એટલે કે એ આત્માનો જ આ માર્ગ છે. કહો, પોપટભાઈ! ઓલા નવાવાળાને એમ થાય કે આ તો ક્યાંય .. કહેતા નથી, રાતે ન ખાવું એ કહેતા નથી, કંદમૂળ ન ખાવું એમ કહેતા નથી, ચોવિહાર કરવો એમ કહેતા નથી. આમાં તે કાંઈ આવતું નથી. આ તે નહિ હોય આપણો ધર્મ એમાં? ભાઈ! સાંભળને એ તો રાગ મંદ હોય ત્યારે એ શું થાય બહારમાં સંયોગોમાં એની વાત છે. એ કાંઈ ધર્મ નથી, એ કાંઈ મોક્ષનું કારણ નથી. એ આત્માની જાત જ નથી. આહાહા..! રાગની મંદતામાં ચોવિહાર કરવો કે વસ્તુ ભજો, હો, પણ એ રાગ મંદ એ કાંઈ ચૈતન્યના પ્રકાશનું નૂર કે એની પર્યાય નથી. રાગ એ આત્માના ચૈતન્ય જ્યોતની પર્યાય જ નથી. આહાહા..! એ તો આસ્રવપર્યાય છે. સમજાણું કાંઈ?

'उद्गच्छत्' '**પ્રકાશરૂપ પરિણમે છે.**' બે-ત્રણ અર્થ કર્યા છે. પ્રકાશરૂપ પરિણમે છે. 'उद्गच्छत्' છે ને. ઊર્ધ્વગતિ, ઊર્ધ્વગત સ્વભાવ. આમ ચાલ્યો જાય છે. જયચંદ્ર પંડિતે એમ કર્યું છે. જયચંદ્ર પંડિતે એમ કર્યું છે. ઉદયપણે ચાલ્યો જાય. નિર્મળપણે નિર્મળ... નિર્મળપણે નિર્મળ એમ થયા કરે. એ તો ઠીક છે. 'उद्'માં આવી જાય છે ને. 'उद्गच्छत्' '**પ્રકાશરૂપે પરિણમે છે.**' શું કહે છે? એ આત્મ ચૈતન્યજ્યોત એની અંતર દૃષ્ટિ કરવાથી એ ચૈતન્ય એકપણાથી પડતી નથી એવી ચીજ હોવા છતાં ત્રણપણું પરિણમે છે અને તે પ્રકાશની પરિણતિરૂપે પરિણમે છે એમ કહે છે. પુણ્ય ને પાપપણે થવું એ એના વસ્તુના સ્વભાવમાં નથી. સમજાણું કાંઈ? આહાહા..!

'**કેવી છે આત્મજ્યોતિ? પ્રકાશરૂપ પરિણમે છે.**' એ તો ચૈતન્યના નૂર, ચૈતન્યના પ્રકાશના તેજ એવા તેજને જેણે અંતર અવલંબ્યું છે ધર્મીએ, તેથી ચૈતન્યના તેજના પ્રકાશપણે જ એ પરિણમી રહી છે. વચમાં રાગાદિ આવે પણ એ રાગના જ્ઞાનપણે ચૈતન્ય પરિણમી રહ્યું છે એમ કહે છે. સમજાણું કાંઈ? વચમાં વ્યવહારરત્નત્રયનો રાગ હોય, પણ એ રાગપણે ચૈતન્ય પરિણમે છે (એમ નથી). કારણ કે એનામાં વસ્તુમાં એ નથી. આહાહા..! સમજાણું

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કાંઈ? કે એ વ્યવહાર કરે છે કે વ્યવહારપણે પરિણમે છે એવું એની વસ્તુમાં નથી એમ કહે છે અહીં. એ ચૈતન્યના તેજ માહાત્મ્ય અંદરમાં આવતા, એના તરફના અનુભવ અને માહાત્મ્યે ચડેલો આત્મા પોતાના ચૈતન્યના તેજપણે જ પરિણમી રહ્યો છે. એ ચૈતન્યના તેજમાં દર્શન, જ્ઞાન અને ચારિત્ર ત્રણે પરિણતિ આવી જાય છે. સમજાણું કાંઈ?

**'વળી કેવી છે?' 'अच्छम्' 'નિર્મળ છે.'** ચૈતન્યના પ્રકાશપણે પરિણમે છે તો પરિણમે છે તેમાં મલિનતા છે? પ્રકાશપણે પરિણમે છે ને? ના. એ નિર્મળ જ છે. પરિણમવું એ નિર્મળ છે. પરિણમે એટલે એને કોઈ મેલ આવી જાય કે આ પરિણમે છે ને. ધ્રુવરૂપ રહેતું નથી અને આ પરિણમે છે, બદલે છે, પરિણમે છે, થાય છે, થાય છે. નવી નવી પરિણતિએ ચૈતન્યજ્યોત પરિણમે છે. પરિણમે છે તો કાંઈક મેલ હશે? ભેદ હશે વિકલ્પ? ના. એ નિર્મળપણે જ પરિણમે છે. સમજાણું કાંઈ? સમજાણું?

**'अनन्तचैतन्यचिह्नं' 'વળી કેવી છે?'** કેવી છે ભગવાન આત્મજ્યોતિ ચૈતન્ય દીવો? આ આત્મસૂર્ય પ્રકાશમય ભગવાન આત્મા એ કેવો છે અંદર? **'अनन्तचैतन्यचिह्नं' 'अनन्त'** નો અર્થ **'અતિ ઘણું જ્ઞાન છે...'** એમ. ઘણું જ્ઞાન જેનું ચિહ્ન છે. એમ. ચિહ્ન લેવું છે ને લક્ષણ? ઘણું જ્ઞાન જેનું લક્ષણ છે. સામાન્ય વાત લેવી છે ને? સમજાણું? એ જ્ઞાનના લક્ષણે લક્ષિત છે. ઘણું જ્ઞાન જેમાં પર્યાયમાં-અવસ્થામાં એટલું જ્ઞાન છે કે એ જ્ઞાનના ઘણા ઘણા પ્રકારો હોય, એ બધાને અનંત ચૈતન્ય ગણીને, ઘણું જ્ઞાન ગણીને એ આત્માની જ્યોતિનું ચિહ્ન છે. એ એંધાણ એ આત્મજ્યોતિનું એ એંધાણ છે. પુણ્ય ને પાપ, દયા, દાન વિકલ્પ એ આત્મજ્યોતિનું એંધાણ નથી. એનું લક્ષણ નથી, એનાથી લક્ષ થાય એવો એ આત્મા નથી. એમ કહે છે.

શું કહ્યું? **'અતિ ઘણું જ્ઞાન છે...'** એ જ્ઞાનની મહત્તા દ્વારા લક્ષણ દ્વારા તે લક્ષ થાય છે. અનંત ચૈતન્ય જ્યોતિનું લક્ષણ તે અનંત બહુ જ્ઞાન એનું લક્ષણ છે. એ જ્ઞાનમાં એટલી તાકાત છે કે આખા દ્રવ્યને લક્ષમાં લે એવી જ્ઞાનમાં અતિ મહત્તાની મોટપ છે. રાગ ને પુણ્ય ને વિકલ્પમાં એ તાકાત નથી અને એ લક્ષણ એનું છે જ નહિ. સમજાણું કાંઈ? દયા, દાન કે કષાયની મંદતાના વિકલ્પની મહત્તા એનું લક્ષણ જ નથી. આ તો કહે છે કે વિકલ્પ વિનાનું જે અંતરમાં જે જ્ઞાનલક્ષણે અંદર લક્ષ કરે એ જ્ઞાનની પર્યાયની મહત્તા છે, અતિ બહોળતા છે, અતિ ઘણું લક્ષણ છે. એવું જે જ્ઞાન **'લક્ષણ જેનું એવી છે.'** એ આત્મજ્યોતિનું જ્ઞાન ઘણું એ જ એનું લક્ષણ છે. લક્ષણ સમજાય છે કાંઈ? એ દ્વારા જ આત્મા લક્ષ થઈ શકે છે. એ દ્વારા જ આત્માનું ધ્યેય પકડી શકાય છે. લક્ષણ ને લક્ષ ને.. જયંતિભાઈ! આવી બધી એકેય વાત તમારા સામાયિકના સાતેય પાઠમાં લ્યો તો આવે નહિ. ઈચ્છામી પડિક્કમણું તસ્સુતરી કરણે.. આ તે કઈ જાતની વાત હશે? ભાઈ! એ બધી વાતું વ્યવહારની વાતું છે. આ તો પરમાર્થની સત્ય વાત આ છે. પોપટભાઈ!

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કહે છે, ભગવાન આત્મા..! આ જુઓ, અતિ ઘણામાં અનંત અનંત એ ચૈતન્ય જ બેહદ એવો આત્મા તેને લક્ષણ એ જેને ઓળખાવે એવું એનું લક્ષણ છે. એ રાગ ને પુણ્ય ને નિમિત્તમાં એ તાકાત નથી. બેહદ જ્ઞાનલક્ષણથી લક્ષિત થવા યોગ્ય એવું જે જ્ઞાનલક્ષણ એ અતિ ઘણું મહાન માહાત્મ્યવાળું લક્ષણ છે. જે માહાત્મ્યથી સ્વનું માહાત્મ્ય આવે છે. સમજાણું કાંઈ?

'**કોઈ આશંકા કરે છે કે...**' અહીં તો એવો પ્રાણી લીધો છે. બહુ શંકા કરનારો અને નકાર કરનારો જ લીધો નથી. સમજવા માગવાવાળો લીધો છે. મહારાજ! આ સમજાતું નથી. એમ. '**કોઈ આશંકા કરે છે કે અનુભવને બહુ દઢ કર્યો તે શા કારણે?**' મહારાજ! આપે આત્મા અખંડ આનંદ જ્ઞાયકમૂર્તિ એનો અનુભવ કરવો, (એના ઉપર) બહુ જોર દીધું આપે તો. '**આશંકા કરે છે કે અનુભવને બહુ દઢ કર્યો...**' પાછો બહુ દઢ કર્યો એમ નહિ. બહુ કરીને દઢ કર્યો. બહુ કરી કરીને વારંવાર એને જ આપે દઢ આપે કર્યો કે ભગવાન આત્મા પૂર્ણાનંદ જ્ઞાયકમૂર્તિ એનો અનુભવ. એનો અનુભવ. કેવી જ્યોતિ છે? ચૈતન્યલક્ષણથી ચિહ્નવાળી છે. કેવી જ્યોતિ છે? કે જેનું પરિણમન પ્રકાશમય છે. કેવી જ્યોતિ છે? કે જેને ત્રણ પ્રકારે અનુભવમાં ત્રણ પ્રકારનું પરિણમન હોય છે. કેવી જ્યોતિ છે? કે જેને ત્રણ પ્રકારે પરિણમતા છતાં તેમાં મલિનતા આવતી નથી. સમજાણું કાંઈ? આવું તો ત્યાં સાંભળ્યું પણ ન હોય આટલા વર્ષ ૭૬ વર્ષમાં. નહિ. નહિ. ભદ્રિક છે. આ માર્ગ વીતરાગનો હજી એના સમજણમાં ન આવે, સાંભળવામાં ન આવે એ સમજણમાં ક્યારે આવે? અને એ અંતર્મુખની રુચિનું પરિણમન ક્યારે કરે? સમજાણું કાંઈ?

'**તે જ કહે છે-**' ભાઈ સાંભળ! '**यस्मात् अन्यथा साध्यसिद्धिः न खलु न खलु**' '**(यस्मात्)**' નામ એ અનુભવ વિના '**કારણ કે...**' '**अन्यथा**' '**અન્ય પ્રકારે...**' એટલે અનુભવ સિવાય. આત્મા જ્ઞાયક ચૈતન્ય જ્યોતનો અંતર દૃષ્ટિએ અનુભવ વિના, અંતરના આનંદના સાક્ષાત્ વેદન વિના એ પ્રત્યક્ષ જ્યોતિને પ્રત્યક્ષપણે પકડીને અનુભવ કર્યા વિના '**અન્ય પ્રકારે સ્વરૂપની પ્રાપ્તિ...**' '**साध्यसिद्धिः**' સાધ્ય એટલે મુક્તિ એટલે સ્વરૂપની પ્રાપ્તિ '**न खलु न खलु**' '**નથી થતી, નથી થતી, એમ નક્કી છે.**' '**न खलु**' છે ને? એ નિશ્ચય છે. ન નિશ્ચય.. ન નિશ્ચય. નિશ્ચયથી નથી... નિશ્ચયથી નથી. આત્માના અંતરની દૃષ્ટિ ને અનુભવ સિવાય આત્માની પ્રાપ્તિ ત્રણ કાળમાં કોઈ પ્રકારે છે નહિ. ઝાટકીને કાઢી નાખ્યું (એટલે) રાડુ પાડે પંડિતો. હવે સાંભળને, કહે છે. આવું કરે.. આવું કરે. કરે છે એ તો સાંભળને. જે કરવા જેવું છે, જેમાંથી જન્મ-મરણની ગાંઠ ગળે એ સમજને. એ કરવા જેવું છે કે.. ઓલું તો કરે છે. કહો, શેઠી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અહીં તો નિશ્ચયનું સ્થાપન છે એકલું. સમજ્યાને? વ્યવહારના નિષેધકને યાદ

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પણ કર્યો નથી. એ તો આપણે વચ્ચે નાખતા જઈએ છીએ.

**'અન્ય પ્રકારે સ્વરૂપની પ્રાપ્તિ નથી થતી, નથી થતી,...'** વચમાં વિકલ્પ આવે વ્યવહારરત્નત્રયનો એનાથી મુક્તિની સાધ્યસિદ્ધિ છે નહિ અને સ્વરૂપની પ્રાપ્તિ વ્યવહારથી છે નહિ. એ આવા આત્માના અનુભવથી જ મુક્તિની પ્રાપ્તિ થાય છે. અથવા એ જેવું સ્વરૂપ છે તેનો અનુભવ કરવાથી એના સ્વરૂપની પ્રાપ્તિ છે. એક જ વાત છે. સમજાણું કાંઈ? કહો, જયંતિભાઈ! સમજાય છે કે નહિ? અમારે જયંતિભાઈ. ક્યાં ભાઈ ગયા છે ત્યાં? અમરેલી ગયા છે. ઠીક! કહો, સમજાણું આમાં? અરે..! આવો ધર્મ કઈ જાતનો વળી? આ વીતરાગની જાતનો. સર્વજ્ઞ ભગવાન પરમેશ્વર ત્રિલોકનાથ, એણે કહેલો આ ધર્મ છે. એ સિવાય બીજો કોઈ ધર્મ હોઈ શકે નહિ.

કહે છે, **'કારણ કે...'** કેમ અમે બહુ જોર આપ્યું? એનું એ કારણ છે કે **'અન્ય પ્રકારે સ્વરૂપની પ્રાપ્તિ નથી થતી, નથી થતી, એમ નક્કી છે.'** **'न खलु न खलु'** શબ્દ છે ને? **'न खलु न खलु'** નથી નિશ્ચય, નથી નિશ્ચય. નિશ્ચયથી બીજો કોઈ ઉપાય છે નહિ. કહો, જયંતિભાઈ! આહાહા..! લ્યો, એ ૨૦મો કળશ થયો. બહુ સરસ. એક એક કળશમાં...

મુમુક્ષુ :- ...સ્વરાજ્ય છે.

ઉત્તર :- સ્વરાજ છે. આ બધા લાકડીયું ખાય છે ને મરી જાય છે બિચારા. કાંઈ ધૂળમાંય મળે એવું નથી. આ બધું રાજ મળ્યા. શું ધૂળ મળ્યા છે? હેરાન હેરાન છે બધા.

આ આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં ચૈતન્યજ્યોતસ્વરૂપે જ્ઞાનનો પિંડ રસકંદ એકરૂપે છે, ગુણની પરિણતિએ, મોક્ષમાર્ગની પરિણતિ અપેક્ષાએ ત્રણ છે. છતાં એકપણાથી છૂટી નથી, પરિણમન ત્રણ થતાં તેનું પરિણમન મેલું થતું નથી. એવી આત્મજ્યોતિ, એનો અંતર્મુખે, અંતર્મુખમાં દૃષ્ટિ, જ્ઞાન અને લીનતા દ્વારા એનો અનુભવ કરવો એ અનુભવ જ મુક્તિનો એક, સ્વરૂપની પ્રાપ્તિનો એ એક જ ઉપાય છે. બીજો ઉપાય છે નહિ... છે નહિ. ખરેખર ત્રણ કાળમાં બીજી વાત છે નહિ. કહો, સમજાણું આમાં? પેલા કહે, બે મોક્ષમાર્ગ છે ને બેથી થાય, અનુભવથી થાય, વ્રત, નિયમના વિકલ્પથી થાય, બે ભેગા થઈને થાય. એ આવી ગયું છે ને પહેલું? એ આવી ગયું છે આપણે. સમજાણું? ક્યાંક આવ્યું હતું ને એ? એ હવે આવશે. નહિ? ૧૧૦ પાને આવશે. ૧૧૦ કળશ છે. ૧૧૦ કળશમાં આવશે. ૧૧૦ કળશ. ઓલું બે ભેગું છે ને એમાં? આ આવ્યું લ્યો! ૯૨ પાનું છે. ૯૨ પાનું છે ને? પહેલી લીટી. પહેલી લીટી છે જુઓ. ઓલા બે બોલ આવ્યાને મગજમાં?

**'સમ્યગ્દૃષ્ટિનું છે જે યતિપણું શુભ ક્રિયારૂપ, તે મોક્ષનું કારણ છે; કારણ કે અનુભવ-જ્ઞાન અને દયા-વ્રત-તપ-સંયમરૂપ ક્રિયા બંને મળીને જ્ઞાનાવરણાદિ કર્મનો ક્ષય કરે છે. આવી પ્રતીતિ કેટલાક અજ્ઞાની જીવો કરે છે.'** ૯૨ પાનું છે. છે ને?

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

પહેલી લીટીમાં છે. આ તો અનુભવનારા બે ભેગા એ યાદ આવી ગયા. સમજાણું કાંઈ? છે? **'કારણ કે અનુભવ જ્ઞાન અને દયા-વ્રત-તપ-સંયમરૂપ ક્રિયા બંને મળીને જ્ઞાનાવરણાદિ કર્મનો ક્ષય કરે છે. આવી પ્રતીતિ કેટલાક અજ્ઞાની જીવો કરે છે.'** એ જૂઠી વાત છે. એકલા આત્માના અંતરની દૃષ્ટિ અને અનુભવથી જ આત્માની પ્રાપ્તિ ને મુક્તિ છે. એમ વળી બે યાદ આવી ગયું. આ ૧૧૦ તો વાંચ્યું હતું ને. સમજાણું?

આ તો આની સાથે મેળવ્યું. **'न खलु न खलु'**. બે ભેગા થઈને કામ કરે. આત્માનો અનુભવ દૃષ્ટિ, જ્ઞાન અને રમણતાં નિર્મળ, નિર્વિકાર એ પણ મુક્તિની અને સ્વરૂપની પ્રાપ્તિની કરાવે અને વચમાં વ્રત, નિયમ, દયા, દાનના વિકલ્પ આવે એ પણ મુક્તિની પ્રાપ્તિ કરાવે બે ભેગા થઈને., એમ છે નહિ. છે નહિ ને પાછું વચમાં લાવે. પાછા જુઓ એય..! આવા દોઢ દોઢ લાખના માનસ્તંભ, બબ્બે લાખના સમવસરણ, મોટા પંચ કલ્યાણક (કરે). ભાઈ! એ તો થવા કાળે થાય, એને ધર્મના પ્રેમી જીવને એવો શુભભાવ આવે. છતાં એ શુભભાવના કાળમાં પણ અંતર સ્વભાવની જેટલી અનુભવ દૃષ્ટિ ને જ્ઞાન (પ્રગટ થયા છે) તે જ મુક્તિનું કારણ છે. વચમાં એ શુભભાવ એ પુણ્યબંધનું કારણ છે. કહો, સમજાણું કાંઈ? ટીકા તો થઈ છે ભાઈ હોં! .. ગજરથની. ગંગવાલે જરી કીધું. .. ગંગવાલે જરી કહ્યું છે કે જુઓ! ગાંધીજી કાંઈક સત્ય કહ્યું તો ઉડાડી દીધા, ફલાણાએ સત્ય કીધું તો ઉડાડી દીધા. હું થોડું કહું તો ખરો કે ગજરથ આદિની અત્યારે જરૂર નથી. અત્યારે જ્ઞાનરથની જરૂર છે. ગંગવાલ. વાત તો સાચી. આ તે ક્યાં પણ ૭૫-૭૫ મંદિર, એમાં લાખો.. જ્યાં દર્શન ન હોય ને એણે કરવું પડે એ જુદી વાત છે. ત્યાં નવું મંદિર ને ગજરથ ને લાખોના ખરચ. કોઈ માન, માન ને માન માટે ચડી ગયા છે માણસો. ન હોય ને .. જોઈએ. આ તે કેટલા મંદિર? એટલું હવે.. મંદિર કરવાનું શું કામ?

મુમુક્ષુ :- અને પછી સાચવી તો શકતા નથી.

ઉત્તર :- એના માટે કહે છે. ફાળા ફંડ.. લખ્યું છે. ફાળા માટે બહાર મોકલો લાખો રૂપિયાવાળાને. ફાળા માટે બહાર મોકલો અને અહીં મફતના નાખો છો. પણ કોણ અત્યારે માન.. માન.. શેઠિયાઓને માન જોઈએ છે. પૈસાવાળાને પાંચ-દસ લાખ થયા. ખર્ચો ૫૦ હજાર, ૫૦ હજાર, ૫૦ હજાર આપણને સંઘની પદવી મળે, મોટા થઈએ. અરે..! મરી ગયા. ત્યાં તારા પુણ્યનું પણ ઠેકાણું નથી. સાંભળને. જ્યાં જરૂર નથી ત્યાં એવા કરે. જરૂર હોય ત્યાં કરવું પડે એ જુદી વાત છે. અને તે થવાનું હશે. એનો એવો ભાવ આવ્યા વિના રહે નહિ.

અહીં તો એક વાત છે ભાઈ! તારા ચૈતન્યના પુંજની નિધિને સંભાળ. બાકી બધું થવાનું હશે એ થશે. આહાહા..! સમજાણું કાંઈ? આવા આત્માના ચૈતન્યના તેજના અંતરના .. અંતર અનુભવ આસ્વાદ સાક્ષાત્ પ્રત્યક્ષ દૃષ્ટિ ને જ્ઞાનમાં પ્રત્યક્ષપણે વેદન એવો અનુભવ

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એ એક જ મોક્ષનો માર્ગ છે. બીજો કોઈ માર્ગ છે નહિ. કહો, સમજાણું કાંઈ?

(માલિની)

कथमपि हि लभन्ते भेदविज्ञानमूला-
मचलितमनुभूतिं ये स्वतो वान्यतो वा।
प्रतिफलननिमग्नानन्तभावस्वभावै-
र्मुकुरवदविकाराः सन्ततं स्युस्त एव।।२१।।

ખંડાન્વય સહિત અર્થ :—"ये अनुभूतिं लभन्ते" (ये) જે કોઈ નિકટ સંસારી જીવ (अनुभूतिं) અનુભૂતિ અર્થાત્ શુદ્ધ જીવવસ્તુનો આસ્વાદ (लभन्ते) પામે છે. કેવી છે અનુભૂતિ? "भेदविज्ञानमूलाम्" (भेद) સ્વસ્વરૂપ-પરસ્વરૂપને દ્વિધા કરવું એવું જે (विज्ञान) જાણપણું તે જ છે (मूलाम्) સર્વસ્વ જેનું એવી છે. વળી કેવી છે? 'अचलितम्' સ્થિરતારૂપ છે. આવી અનુભૂતિ કઈ રીતે પમાય છે, તે જ કહે છે—"कथमपि स्वतो वा अन्यतो वा" (कथमपि) અનંત સંસારમાં ભ્રમણ કરતાં કેમેય કરીને કાળલબ્ધિ પ્રાપ્ત થાય છે ત્યારે સમ્યક્ત્વ ઊપજે છે, ત્યારે અનુભવ થાય છે; (स्वतः वा) મિથ્યાત્વકર્મનો ઉપશમ હોતાં ઉપદેશ વિના જ અનુભવ થાય છે, (अन्यतः वा) અથવા અંતરંગમાં મિથ્યાત્વકર્મનો ઉપશમ હોતાં અને બહિરંગમાં ગુરુની સમીપ સૂત્રનો ઉપદેશ મળતાં અનુભવ થાય છે. કોઈ પ્રશ્ન કરે છે કે જેઓ અનુભવ પામે છે તેઓ અનુભવ પામવાથી કેવા હોય છે? ઉત્તર આમ છે કે તેઓ નિર્વિકાર હોય છે. તે જ કહે છે—"ते एव सन्ततं मुकुरवत् अविकाराः स्युः" (ते एव) તે જ જીવો (सन्ततं) નિરંતરપણે (मुकुरवत्) અરીસાની પેઠે (अविकाराः) રાગદ્વેષ રહિત (स्युः) છે. શાનાથી નિર્વિકાર છે? "प्रतिफलननिमग्नानन्तभावस्वभावैः" (प्रतिफलन) પ્રતિબિંબરૂપે (निमग्न) ગર્ભિત જે (अनन्तभाव) સકળ દ્રવ્યોના (स्वभावैः) ગુણ-પર્યાયો, તેમનાથી નિર્વિકાર છે. ભાવાર્થ આમ છે કે જે જીવના શુદ્ધ સ્વરૂપને અનુભવે છે તેના જ્ઞાનમાં સકળ પદાર્થો ઉદ્દીપ્ત થાય છે, તેમના ભાવ અર્થાત્ ગુણ-પર્યાયો, તેમનાથી નિર્વિકારરૂપ અનુભવ છે. ૨૧.

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## કલશ-૨૧ ઉપર પ્રવચન

૨૧.

(માલિની)

कथमपि हि लभन्ते भेदविज्ञानमूला-
मचलितमनुभूतिं ये स्वतो वान्यतो वा।
प्रतिफलननिमग्नानन्तभावस्वभावै-
र्मुकुरवदविकाराः सन्ततं स्युस्त एव।।२१।।

ઓહોહો..! એકલા અમૃત રેડ્યા છે! કળશોમાં અમૃત રેડ્યા છે.

'**ખંડાન્વય સહિત અર્થ :—**' '**ये अनुभूतिं लभन्ते**' '**જે કોઈ નિકટ સંસારી જીવ...**' જેને સંસાર નિકટ નામ થોડો છે. અહો..! મુક્ત સંસારની દશા, તે છેદીને મુક્તદશાની પ્રાપ્તિના કાળ નજીક આવ્યા છે જેને. એવા 'જે કોઈ...' '**ये**' શબ્દ છે ને? '**ये**' એનો અર્થ લીધો. '**स्वतो वा अन्यतो वा**'. '(ये)' '**જે કોઈ નિકટ સંસારી જીવ...**' અલ્પ સંસાર છે જેને અને આત્માના ભાનમાં આવ્યો છે એવો જીવ '**શુદ્ધ જીવવસ્તુનો આસ્વાદ પામે છે.**' એવો જીવ અનુભૂતિ. સમજાણું? અનુભૂતિ '**ये**' '**स्वतो वान्यतो वा**' એમ છે ને? એ અનુભૂતિ એટલે કે '**શુદ્ધ જીવવસ્તુનો આસ્વાદ...**' વ્યાખ્યા જ આ. અનુભવ એટલે આત્મા શુદ્ધ ચૈતન્ય પદાર્થ આનંદમૂર્તિ, એના આનંદની પ્રાપ્તિ-વેદન એનું નામ અનુભૂતિ. અનુભવ-અનુભૂતિ. સ્વરૂપની મહિમાની દશાવાળી દશા. અંતર્મુખમાં મહિમાથી પ્રગટેલી અનુભૂતિ. એવો જે શુદ્ધ ભગવાન આત્મા, એનો આસ્વાદ, એનો સ્વાદ, એ આત્માના આનંદનો સ્વાદ. પુણ્ય-પાપના મલિનનો સ્વાદ અને અનુભવ તો અનંતકાળનો છે. પુણ્ય-પાપનો સ્વાદ અને વેદન તો અનંતકાળનું છે. નિગોદમાં પણ એ છે. એ કંઈ માર્ગ નથી. પુણ્ય પરિણામ, દયા, દાન, વ્રત, ભક્તિનું વેદન એ પણ મોક્ષમાર્ગ નથી. એ અશુદ્ધ વેદન અને અશુદ્ધ અનુભવ છે. અશુદ્ધ અનુભવમાં આત્મા આવતો નથી. આત્મા નથી એ.

આત્મા શુદ્ધ જ્ઞાયક ચૈતન્ય અનાકુળ શાંતરસથી ભરેલો પદાર્થ એમાં એકાગ્ર થતાં જે આનંદનો સ્વાદ શક્તિમાંથી વ્યક્ત થઈને પ્રગટે એને અહીંયાં અનુભૂતિ કહેવામાં આવે છે. આહાહા..! એ '**શુદ્ધ જીવવસ્તુનો આસ્વાદ પામે છે.**' કોણ? '**નિકટ સંસારી જીવ...**' અલ્પ સંસાર છે એ આવા આત્માને અંતર પ્રાપ્ત કરે છે. જુઓ! '**लभन्ते**' લાભ '**પામે છે.**' આ પૈસાનો લાભ પામે અને ધૂળનો લાભ પામે અને પુણ્યનો લાભ પામે એમ નથી એમ કહે છે.

મુમુક્ષુ :- બીજો અભિપ્રાય હોય.

ઉત્તર :- બીજો અભિપ્રાય એ રખડવાનો. આસ્વાદને '**लभन्ते**' લાભ મળે છે, પ્રાપ્ત

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કરે છે લ્યો. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...લાભપાંચમ.

ઉત્તર :- હા. લાભપાંચમ. શેની લાભપાંચમ? લાભ સવાયા લખે છે ને વાણિયા? લાભ સવાયા આ લાભ. '**लभन्ते**' પ્રાપ્ત કરે છે.

ભગવાન આત્મા શાંતરસનું સત્ત્વ, આનંદનો પિંડ ભંડાર એવો ભગવાન, એના સન્મુખની અનુભવદશાથી આત્માને આસ્વાદે છે, એ આસ્વાદને પ્રાપ્ત કરે છે, એ આનંદનો લાભ જ્યાં પર્યાયમાં મળે છે, એને અનુભવ-અનુભૂતિ કહે છે. પુણ્યનો લાભ મળે છે ને પાપનો મળે છે, ધૂળનો મળે છે ને આ પૈસાનો (મળે છે) એની વાતું બધી રખડવાની છે. ભાઈ! સારા દીકરાનો લાભ મળે. લ્યો, સારા દીકરા હોય. એના સાળા સારા પાક્યા હોય તો ખુશી થાય. આ મારા દીકરાનો સાળો છે. બે-પાંચ કરોડની પુંજી એમ કરીને પણ મઝા માણે. કાંઈક છે કાંઈક ઘરે. એ બધા દુઃખના, મમતાના પરિણામનો લાભ મેળવે છે. આહાહા..! કહો, મોહનભાઈ! શું હશે આમાં? સારા છોકરાનો લાભ મળે એટલો તો લાભ ખરો ને સાચો? એ છોકરો એટલે આ પ્રજા. એ આત્મા શુદ્ધ આનંદવસ્તુ છે એમાં એકાકાર થઈને શુદ્ધ શાંતિ ને આનંદની પ્રજા પ્રગટી આ એનો લાભ થયો એ પ્રજાવંત કહેવાણો. કહો, સમજાણું કાંઈ? આહાહા..! દુનિયાથી... '**लभन्ते**' છે ને? '**लभन्ते**'. '**कथमपि लभन्ते**' કોઈ પ્રકારે પણ લાભને પામે. પ્રાપ્તિ. '**लभन्ते**' એટલે પ્રાપ્તિ કરે.

'**કેવી છે અનુભૂતિ?**' કેવો છે શુદ્ધ જીવ ભગવાન એનો અનુભવ કે જે મુક્તિનું કારણ કે જે પ્રત્યક્ષ આનંદનો અનુભવ થાય તે? '**भेदविज्ञानमूलाम्**' એનું ભેદવિજ્ઞાન મૂળ છે. કોનું? શુદ્ધ આત્મા વસ્તુ એનો જે અનુભવ એ એનું મૂળ કારણ ભેદવિજ્ઞાન છે. '**भेद**' નામ '**સ્વસ્વરૂપ-પરસ્વરૂપને દ્વિધા કરવું એવું જે જાણપણું તે જ છે સર્વસ્વ જેનું એવી છે.**' શું કહે છે? ભગવાન આત્મા શુદ્ધ સ્વરૂપ પવિત્ર નિર્વિકલ્પ શાંતિનું વેદન એવી જે અનુભૂતિ કેવી છે? કે પુણ્ય-પાપનો વિકલ્પ તે પર છે અને હું શુદ્ધ તે સ્વ છું. એવું બેનું ભેદવિજ્ઞાન એ અનુભૂતિનું મૂળિયું છે. એ મૂળમાં આવા ભેદવિજ્ઞાનના મૂળમાં આવી અનુભૂતિ પ્રગટે છે. સમજાણું કાંઈ?

ખૂબી શું કરી છે? '**भेद**' '**સ્વસ્વરૂપ-પરસ્વરૂપને...**' સ્વસ્વરૂપ એ જ્ઞાનાનંદ ચૈતન્યજ્યોત અને પુણ્ય-પાપના વિકલ્પાદિ, વિકારાદિ પરસ્વરૂપ. વ્યવહારનો વિકલ્પ આદિ પરસ્વરૂપ અને જ્ઞાનાનંદ ચૈતન્ય સ્વસ્વરૂપ એ બેનું દ્વિધા કરવું. એટલે કે ભેદ પાડવો એવું જાણપણું. એવું દ્વિધા કરવારૂપી જાણપણું એ અનુભૂતિનું મૂળિયું છે. સર્વસ્વ એમાં આવે છે. રાગનો વિકલ્પ વ્યવહારનો (અને) ત્રિકાળી વીતરાગ વિજ્ઞાનઘન. બેને જુદાં પાડવા એવું જે જ્ઞાન-એ ભેદવિજ્ઞાન એ જે અનુભૂતિનું મૂળ છે. એને કારણે અનુભૂતિ પ્રગટે છે.

ફરીને. સમજાણું કાંઈ? ભાઈ, આનું મૂળ કારણ શું હવે? એમ કહે છે ને માણસ?

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કે ભાઈ, આ વ્યવહાર વિકલ્પ આવે એથી આત્માની અનુભૂતિ થાય, સમ્યગ્દર્શન થાય એમ ખરું? કે એને જુદાં પાડવા એવું જે જ્ઞાન તે જ અનુભૂતિનું મૂળિયું છે. એને વિકલ્પનો વ્યવહાર સાથે રાખીને એ મદદ કરે અને આત્માની અનુભૂતિ થાય એમ છે નહિ. વાત તે પણ વર્ણવી છે!

મુમુક્ષુ :- પુરી રીત બતાવે.

ઉત્તર :- પુરી...

કહે છે કે **'કેવી છે અનુભૂતિ?'** **'भेदविज्ञानमूलाम्'**. **'भेद'** નામ **'સ્વસ્વરૂપ-પરસ્વરૂપને દ્વિધા...'** આત્મા. ભેદ છે ને? ભેદનો અર્થ દ્વિધા. બે **'કરવું એવું જે...'** બે ભાગ પાડવા. આત્મામાં જે પુણ્યનો વિકલ્પ દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, જપનો (ભાવ) છે એ પરસ્વરૂપ છે. ચૈતન્ય જ્યોતિ શુદ્ધ પરિણતિ એ સ્વસ્વરૂપ છે. એવું બે વચ્ચે ભિન્ન કરવું. દ્વિધા કરવું. વ્યવહાર અને નિશ્ચય સ્વરૂપને ભિન્ન કરવું. સમજાણું કાંઈ? લ્યો, આમ છે. એનું બેપણાનું જુદાપણાનું જ્ઞાનપણું, જ્ઞાનપણું એ છીણી. **'તે જ સર્વસ્વ જેનું એવી છે.'** કોનું? અનુભૂતિનું મૂળ એ છે. રાગની મંદતા, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, પંચ મહાવ્રતના પરિણામ, મંદ કષાય એ મૂળ સ્વભાવમાં પ્રાપ્તિ કરવાનું મૂળ એ નથી. એનાથી એ પર સ્વરૂપ અને શુદ્ધ ચૈતન્ય સ્વ છે, બેનું જુદાપણું કરવું એવું જે જ્ઞાન જે અનુભૂતિનું મૂળિયું છે. સમજાણું કાંઈ આમાં? પાઠ છે કે નહિ? **'भेदविज्ञानमूलाम्'** એ તો મ અનુસ્વાર જાય છે. **'मूलाम्'** સમજાણું આમાં? કોઈ એમ કહે કે ભાઈ જુઓ, પહેલો રાગાદિ મંદનો વ્યવહાર કરે ને તો વ્યવહારથી કરતાં કરતાં અનુભવ થાય. અનુભૂતિ થાય એટલે મોક્ષનો માર્ગ પ્રગટે. ના. એમ નથી. ના એમ નથી. પહેલું કોને કહેવું? અહીં તો ઈ કહે છે. તેથી તો આ **'भेदविज्ञानमूलाम्'** વાત લીધી છે. જ્યારે તું આ રાગ અને વીતરાગસ્વભાવ બેના ભેદ પાડવા દ્વિધા કરવાવાળું જે જ્ઞાન એ અનુભૂતિનું મૂળિયું છે.

મુમુક્ષુ :- ... જુદા જાણવા છે?

ઉત્તર :- હા. એ રાગની મંદતા, એને સાથે લઈને, એને લઈને અનુભવ થાય અને એનું જ્ઞાન રાગનું જ્ઞાન અથવા રાગ શુભ થયો એનું જ્ઞાન અનુભૂતિનું મૂળિયું એમ પણ નહિ. એ રાગ તો અનુભૂતિનું મૂળિયું નહિ... શું કીધું? ભગવાન આત્મા ચૈતન્યજ્યોત જ્ઞાયકમૂર્તિ પ્રભુ અને પુણ્યનો વિકલ્પ એ રાગ પર. એ પર તો અંતર અનુભૂતિનું મૂળિયું નહિ. આ પરનું જ્ઞાન પણ અનુભૂતિનું મૂળિયું નહિ. આ પર અને સ્વને દ્વિધા કરવાનું જે જ્ઞાન તે અનુભૂતિનું મૂળિયું છે. સમજાણું કાંઈ? કેટલો કળશ મૂક્યો છે! કળશમાં બધું છે, હોં! એણે ઘરનું ભર્યું નથી. એમાં છે.

અનુભૂતિ **'स्वतो वान्यतो वा भेदविज्ञानमूला'** એમ કહેતા જ એમ કહ્યું, ભાઈ! ભેદ નામ સ્વપર વસ્તુ, સ્વ વસ્તુ વીતરાગી જ્ઞાયક ચૈતન્યજ્યોત અને પર નામ વિકલ્પ જેટલો

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આવે વ્યવહારનો, એવો જે શુભરાગ, એ શુભરાગ અનુભૂતિ પ્રગટ કરવાનું મૂળિયું તો નથી, પણ એ શુભરાગનું જ્ઞાન કરવું એ પણ અનુભૂતિનું મૂળિયું નથી. એ શુભરાગ અને જ્ઞાયક ચૈતન્ય બે, બેને જુદા પાડવારૂપી જ્ઞાન અંદર એ જ્ઞાન અનુભૂતિનું મૂળિયું છે. આહાહા..! સમજાણું કાંઈ? શબ્દો જુદા જુદા છે ને એટલે એને... પાછા દરેક શબ્દોને છૂટા પાડીને આ ખંડઅન્વય એટલે એ જ ને? ભિન્ન ભિન્ન શબ્દોને સંબંધવાળો અર્થ કરવો. પહેલો આ શબ્દ, પછી આ, પછી આ. ખંડ ખંડ છે એનો અન્વય-સંબંધ કરીને અર્થ કરવો. સમજાણું કાંઈ?

શું કહ્યું? કે અનુભૂતિ એટલે કે મોક્ષનો માર્ગ. એટલે કે આત્મા ચૈતન્યજ્યોત તેનો અનુભવ વેદન શાંતિ, શ્રદ્ધા-જ્ઞાન અને આનંદનું વેદન એ અનુભૂતિ. એ અનુભૂતિનું મૂળ કોણ? એનું કારણ કોણ? કે એનું કારણ વિકારનો ભાવ વ્યવહારનો, વિકલ્પનો અને નિર્વિકારી ચૈતન્ય, બેની એકતાને તોડવી, બેની એકતાને તોડવી એટલે બેને બેપણે કરવા, એવું જે જ્ઞાન તે અનુભૂતિનું મૂળ કારણ છે. આહાહા..! સમજાણું આમાં કાંઈ? હવે આમાં તો ઓલો રાગ છે એ અનુભૂતિનું કારણ તો નહિ, પણ એકલા રાગનું પરલક્ષી જ્ઞાન એ પણ અનુભૂતિનું કારણ નહિ. કારણ કે જ્ઞાન કરે ને, રાગનું જ્ઞાન કરે ને પહેલું બરાબર તો એ જ્ઞાન પણ આત્માના અનુભવને કારણ થાય. ના. એમ નહિ. રાગ અને વીતરાગ ચૈતન્યજ્યોત બેનું ભેદ પાડવાનું જે જ્ઞાન તે જ્ઞાન અનુભૂતિનું મૂળિયું છે. ઓહોહો..! સમજાણું આમાં?

**'સ્વસ્વરૂપ-પરસ્વરૂપને દ્વિધા...'** ભેદ પાડવો, ભેદ પાડવો. એ ભેદનું જે જ્ઞાન. એકલાનું જ્ઞાન નહિ. ભેદનું જે વિજ્ઞાન-જાણપણું **'તે જ છે' 'મૂલામ્' 'સર્વસ્વ જેનું...'** બધું એમાં છે એમ કહે છે પાછું. થોડું ઓલા રાગને લઈને ભેદજ્ઞાન થયું અને એ ભેદજ્ઞાન એ અનુભૂતિનું કારણ છે એમ ટકો જરીએ નથી એમ કહે છે. કહો, સમજાણું આમાં? આચાર્યે પણ વાતને વસ્તુને આમ સૂરજ જેવી મૂકી દીધી છે. ભાઈ! આમ છે ને? એને આ ને આને જુદા પાડવાં એ એનું મૂળિયું છે. એનો આશ્રય લઈને, એનું જ્ઞાન કરીને અંદરમાં જાય એમ બનતું નથી. પરનું જ્ઞાન એ પણ અનુભૂતિનું મૂળિયું નથી તો રાગ એ તો કોઈ મોક્ષના માર્ગમાં કારણ છે જ નહિ. આહાહા..! સમજાણું કાંઈ? કઠણ પડે ને માણસને. પણ બાપુ! કરવા જેવું તો આ જ છે. એની શ્રદ્ધા-જ્ઞાનમાં આ જ વાત લઈને વહેંચણી કરવી એનું નામ અનુભૂતિનું મૂળિયું નથી. બેનું ભેગવું કરવું એ અનુભૂતિનું મૂળ્યું છે? બેને એક કરવું એ અનુભૂતિનું મૂળિયું છે? આ તો કહે કે, વિકલ્પ ઉઠ્યો ને ભાઈ એને લઈને શુદ્ધઉપયોગ થશે. શુભરાગ છે ને તો એને પછી છોડે છે ને. અશુભરાગ છોડીને શુદ્ધઉપયોગ થાય છે? માટે શુભરાગ છોડે માટે શુભરાગની ત્યાં જરૂર છે. આવશ્યક છે. નહોતો કહેતો ઓલો? આવશ્યકની શું આવશ્યકતા? પંચ અણુવ્રતની શું (આવશ્યકતા). સાંભળને હવે.

મુમુક્ષુ :- ...

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઉત્તર :- એને નહિ. બેને ભિન્ન પાડવાની. એ રાગ છે અને આ ભિન્ન ચીજ છે એવું ભેદ પાડવાનું જ્ઞાન તે અનુભૂતિનું મૂળિયું છે. એકલું રાગનું જ્ઞાન પણ નહિ. આહાહા..! રાગ જાણ્યો પણ આ વીતરાગ ચૈતન્ય છે, એવું જે ભેદજ્ઞાન કરવું, એ ભેદજ્ઞાન જ જેનું મૂળિયું છે. અનુભવ મોક્ષમાર્ગનું મૂળિયું જ એ છે. તેથી કહ્યું ને 'ભેદજ્ઞાન તે જ્ઞાન છે બાકી બૂરો અજ્ઞાન.' ધર્મદાસ. 'ધર્મદાસ ક્ષુલ્લક કહે હેમરાજ તું માન.' આવે છે ને એમાં? ... કેમ છે? ઠીક છે? કહો, એમાં પણ હેમરાજ આવે છે. ઓલા આવે છે ને ધર્મદાસ ક્ષુલ્લકમાં. 'ભેદજ્ઞાન તે જ્ઞાન છે બાકી બૂરો અજ્ઞાન.' જુઓ! ફલાણું જ્ઞાન અને શાસ્ત્રજ્ઞાન એમ કાંઈ કહ્યું નથી. આહાહા..! સમજાણું કાંઈ?

ભગવાન ચૈતન્યજ્યોત સ્વરૂપ અને આ વિકારી પરિણામ, બસ ત્યાં નિકટની એ વાત છે. બાકી તો બધું આઘું રહી ગયું. એ બેને દ્વિધા. એનું ને આનું દ્વિધા કરવાનું જે જ્ઞાન એ જ્ઞાન અનુભૂતિનું કારણ છે અને એ અનુભૂતિ મોક્ષનું કારણ છે. સમજાણું કાંઈ? પાછો **'मूलाम्'**નો અર્થ મૂળ છે ખરું ને એટલે સર્વસ્વ એ જ છે. બીજું, એક નમૂનો પાઈનો બીજાની સહાયથી આવતો નથી. સમજાણું કાંઈ? ઓહોહો..! આટલું શાસ્ત્રનું જ્ઞાન કર્યું માટે પછી ભેદજ્ઞાન થયું અને એ ભેદજ્ઞાન અનુભૂતિનું મૂળિયું છે. ના. એમ પણ નથી. છે એક જ પ્રકાર. એ શાસ્ત્રનું નહિ. જે રાગ અને અરાગી તત્ત્વ, બે તત્ત્વો એની ભિન્નતા, એને જુદું પાડવાનું જે જ્ઞાન, વિજ્ઞાન એને વિજ્ઞાન કહે છે. એ વિજ્ઞાન જ અનુભૂતિનું મૂળિયું છે અને એ અનુભૂતિ મોક્ષનું કારણ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- તત્ત્વ-અતત્ત્વનું આવ્યું સવારે. આચાર્યે બીજી ઢબે વાત કરી છે. કહો, સમજાણું કાંઈ? ભેદજ્ઞાન કરવું નથી અને રાગની ક્રિયા ક્રિયા કરતાં કરતાં કલ્યાણ માનવું અને આત્માની પ્રાપ્તિ માનવી એ ત્રણકાળમાં બને એવું નથી. નથી-નથી તો માથે કહ્યું. સમજાણું કાંઈ? આહાહા..!

**'વળી કેવી છે?'** અનુભૂતિ. આ હવે અનુભૂતિની વ્યાખ્યા ચાલે છે. ઓલો કેવી છે આત્મજ્યોતિ? કેવી છે આત્મજ્યોતિ? એમ હતું. હવે આમાં કેવી છે આત્મ અનુભૂતિ? **'अचलितम्' 'સ્થિરતારૂપ છે.'** એ પરનું રાગ અને સ્વભાવનું જ્ઞાન, અનુભૂતિનું મૂળિયું એ અનુભૂતિ કેવી છે? કે સ્થિરરૂપ છે. અસ્થિર નથી. પોતામાં સ્થિર છે એમ કહે છે. બેનું જ્ઞાન થયું. એ જ્ઞાન થઈને અનુભૂતિ થઈ. એ અનુભૂતિ પોતામાં સ્થિરરૂપ છે. સ્વરૂપમાં સ્થિરરૂપ અનુભૂતિ છે. સમજાણું કાંઈ? બેનું મૂળ ભેદજ્ઞાન કરીને અનુભૂતિ થઈ માટે આ ને આ એવા ભાગનું અસ્થિરપણું છે એમ નથી. સમજાણું કાંઈ?

એ અનુભૂતિ થઈ તેમાં, આત્માનો અનુભવ થયો તેમાં એ જ્ઞાનમાં રાગનું શું સ્વરૂપ છે એ જ્ઞાન અનુભૂતિમાં એનું જ્ઞાન આવી જાય છે. એ સ્થિરતામાં એનું અનુભૂતિનું જ્ઞાન

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates




સ્વનું અને પરનું જ્ઞાન આવી જાય છે. એથી એ સ્થિરરૂપ છે. કહો, સમજાણું કાંઈ? **'આવી અનુભૂતિ કઈ રીતે પમાય છે,...'** હજી પાછું કહે છે. પહેલા અનુભૂતિ ભેદવિજ્ઞાનથી થાય એમ કીધું. અને એ અનુભૂતિ હવે કઈ રીતે પમાય છે? નિમિત્ત કારણ બતાવે છે. **'તે જ કહે છે-' 'कथमपि स्वतो वा अन्यतो वा'** કોઈ પ્રકારે **'અનંત સંસારમાં ભ્રમણ કરતાં...'** અનંતકાળમાં ચોર્યાસીના અવતારમાં ભ્રમણ કરતાં કરતાં **'કેમેય કરીને...'** કોઈ એવા પુરુષાર્થના બળ દ્વારા **'કાળલબ્ધિ પ્રાપ્ત થાય છે...'** કહો, સમજાણું કાંઈ? અનંત સંસાર પરિભ્રમણ કરતાં કરતાં કોઈ રીતે સ્વરૂપની સાવધાનીમાં આવવાની **'કાળલબ્ધિ પ્રાપ્ત થાય છે ત્યારે સમ્યક્ત્વ ઊપજે છે,...'** ત્યારે ત્યાં સમ્યગ્દર્શન ઉત્પન્ન થાય છે. નિર્વિકલ્પ અનુભવમાં પ્રતીતિ, એવો ભાવ અંતરનો પ્રગટ થાય છે. **'ત્યારે અનુભવ થાય છે;...'** સમજાણું કાંઈ? એ કાળલબ્ધિ. ભાન કાળલબ્ધિનું ક્યારે થાય? સ્વનું જ્ઞાન કરે ત્યારે થાય ને? કહો, સમજાણું કાંઈ? એ તો એ બધું આત્માના કોઈપણ રીતે પ્રયત્ન દ્વારા ભાન કર્યું ત્યારે તેને સમ્યક્ ઉત્પન્ન થાય છે. અને સમકિત ઉત્પન્ન થાય ત્યારે અનુભવ થાય છે. સમકિત ન હોય અને અનુભવ થાય, અનુભવ થાય ને સમકિત ન હોય એમ બને નહિ. એ સમ્યગ્દર્શન થાય તેને અનુભવ હોય છે. બીજે અનુભવ હોતો નથી. કેમ થાય એ વિશેષ વાત કરશે...

મુમુક્ષુ :- સમકિત થાય અને અનુભવ ન થાય.

ઉત્તર :- એમ બને નહિ ત્રણ કાળમાં.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)




Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## વીર સંવત-૨૪૯૧, ફાગણ વદ ૧૩, મંગળવાર, તા. ૩૦-૩-૧૯૬૫, કલશ-૨૧-૨૨ પ્રવચન નં. ૨૪

કળશટીકા. ૨૧મો કળશ ચાલે છે. આ બાજુ ૨૧ પાને. શું ચાલે છે? કે આ આત્માને ધર્મની પ્રાપ્તિ એવો જે અનુભવ. આત્મા વસ્તુ તરીકે શુદ્ધ ચૈતન્ય પદાર્થ, એના સન્મુખનો અનુભવ, જ્ઞાનના આનંદનું પર્યાયમાં ભાન થવું એવો અનુભવ એ આત્માની પ્રાપ્તિ અને ધર્મની પ્રાપ્તિ કહેવાય છે. એ અનુભવ કેમ હોય છે? એ વાત ચાલે છે. '**ત્યારે અનુભવ થાય છે;...**' ત્યાં સુધી આવ્યું છે. સમજાણું કાંઈ?

જે અનાદિનો રાગ-દ્વેષ અને શુભ-અશુભભાવ એવો જે અશુદ્ધ ભાવ એનો અનુભવ અને વેદન એ અધર્મ ને સંસાર અને અજ્ઞાનભાવ છે. ચૈતન્યસ્વરૂપ પૂર્ણ શુદ્ધ એના તરફની એકાગ્રતા, સ્વભાવના આદર સહિત સાવધાનપણે અંતરનો અનુભવ, સ્વરૂપની દૃષ્ટિ, જ્ઞાન અને લીનતા એ અનુભવ. એને અનુભૂતિ કહે છે. એને પ્રતીત તરીકે સમ્યગ્દર્શન કહે છે. એને સ્વના જ્ઞાન તરીકે જ્ઞાન કહે છે અને અનુભવ-વેદન તરીકે એને શાંતિનું વેદન થાય પ્રત્યક્ષ આનંદનું એને આસ્વાદન થાય એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એ કેમ થાય?

'**स्वतः वा**' '**મિથ્યાત્વકર્મનો ઉપશમ હોતાં ઉપદેશ વિના જ અનુભવ થાય છે,...**' બહારનું નિમિત્ત નથી એટલું. બાકી મિથ્યાત્વનો ઉપશમ તો બેયમાં છે. '**અથવા અંતરંગમાં મિથ્યાત્વકર્મનો ઉપશમ હોતાં અને બહિરંગમાં ગુરુની સમીપ સૂત્રનો ઉપદેશ મળતાં અનુભવ થાય છે.**' ઉપદેશ મળ્યો કે તું શુદ્ધ ચૈતન્ય છો એનો અનુભવ કર. એવો નિમિત્ત મળીને અનુભવ કર્યો એને પરથી થયો એમ કહેવામાં આવે છે. બાકી અંતરમાં એને દર્શનમોહનો મિથ્યાત્વનો પણ ઉપશમ હોય છે. કહો, સમજાણું? અન્યથી થયો એમ અનુભવ કહેવામાં આવે છે. થયો છે પોતાથી. પણ એકલા મિથ્યાત્વના નાશથી.. જ્યારે સાંભળે. પહેલું સાંભળ્યું હોય અને વર્તમાનમાં સાંભળેલું ન હોય અને મિથ્યાત્વાદિનો ઉપશમ થતાં અંતર અનુભવ દૃષ્ટિનો થાય એને સ્વતઃ થાય છે એમ કહેવામાં આવ્યું. અને સાંભળીને, તરત સાંભળીને અંદર થયું હોય સ્વરૂપ તરફની દૃષ્ટિ અને અનુભવ એને પરથી થઈ એમ કહેવામાં આવે છે. થાય છે તો પોતાથી અને બેયમાં મિથ્યાદર્શનનો ઉપશમ હોય છે.

'**કોઈ પ્રશ્ન કરે છે કે જેઓ અનુભવ પામે છે...**' આત્મા જ્ઞાનસ્વરૂપ એનો અનુભવ મેળવે છે, પ્રાપ્ત કરે છે. '**તેઓ અનુભવ પામવાથી કેવા હોય છે?**' આત્મા જ્ઞાનસ્વરૂપ એનો અનુભવ કરવાથી એનું જ્ઞાન થયું, અનુભવ થયો એ કેવા હોય છે?

'**ઉત્તર આમ છે કે તેઓ નિર્વિકાર હોય છે.**' એ અનુભવજ્ઞાન સ્વનું થયું એ નિર્વિકાર

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે. 'તે જ કહે છે—' 'ते एव सन्ततं मुकुरवत् अविकाराः स्युः' અર્થાત્ 'ते एव' 'તે જ જીવો...' 'सन्ततं' '**નિરંતરપણે અરીસાની પેઠે...**' 'मुकुरवत्' એટલે દર્પણ. 'अविकाराः' '**રાગદ્વેષ રહિત છે.**' શું કહે છે? પોતાના આત્માનું અંતર જ્ઞાન થવું, એમાં બીજા પદાર્થો જણાય છતાં તે નિર્વિકારી પરિણતિ ઊભી થાય છે. એમાં વિકાર હોતો નથી. સમજાણું કાંઈ? '**નિરંતરપણે અરીસાની પેઠે રાગદ્વેષરહિત છે.**' '**શાનાથી નિર્વિકાર છે?**' બાહ્ય ચીજ લેવી છે. 'प्रतिफलननिमग्नानन्तभावस्वभावैः' 'प्रतिफल' નામ આત્માનું જ્ઞાન થયું એ જ્ઞાનમાં બીજા પદાર્થો પ્રતિબિંબરૂપે જણાય. '**ગર્ભિત...**' એ જ્ઞાનમાં પરપદાર્થ જાણે ગર્ભિત થઈ ગયા હોય. '**સકળ દ્રવ્યોના ગુણ-પર્યાયો,...**' બધા દ્રવ્યોના ગુણ અને દશા '**તેમનાથી નિર્વિકાર છે.**' આત્માનું ભાન થવા છતાં અને પરવસ્તુ તેમાં જણાવા છતાં એ જ્ઞાનપર્યાય અનુભવ નિર્વિકારી રહે છે. પરને જાણવાથી એ વિકારપણાને જ્ઞાન પામતું નથી. સમજાણું કાંઈ?

'**ભાવાર્થ આમ છે કે જે જીવના શુદ્ધ સ્વરૂપને અનુભવે છે...**' જે જીવના શુદ્ધ સ્વરૂપને અનુભવે છે '**તેના...**' એમ. ચૈતન્યમૂર્તિનું જ્ઞાન થયું, અનુભવ થયો, ભાન થયું '**તેના જ્ઞાનમાં સકળ પદાર્થો ઉદ્દીપ્ત થાય છે,...**' બીજા બધા પદાર્થ જ્ઞાનમાં જણાય છે. જણાતા નથી એમ નહિ. એકલો જ આત્મા જણાય અને બીજું ન જણાય એમ નથી. '**તેમના ભાવ...**' એ પદાર્થના ભાવ જે ગુણ અને પર્યાય છે તે '**તેમનાથી નિર્વિકારરૂપ અનુભવ છે.**' પરપદાર્થના ગુણ અને પર્યાયની જે વસ્તુ એવું જ્ઞાનમાં જણાવા છતાં જ્ઞાન તો નિર્વિકારરૂપ અનુભવ હોય છે. શું કહ્યું જરી સમજાણું આમાં?

આત્મા જ્ઞાનજ્યોત સૂર્ય એનું અંતર ભાન થતાં સમ્યગ્દર્શન-જ્ઞાન અને શાંતિ થતાં એ જ્ઞાનમાં હજી કોઈ બીજા પદાર્થો રાગાદિ હોય કે બીજા એનું અહીં જ્ઞાન થાય. છતાં એ જ્ઞાન વિકારપણાને પામતું નથી. સમજાણું કે નહિ આમાં? વાત કેટલી નિરાલંબી તદ્દન જાણે શું હશે આ? આત્મા જેવું પરનું જ્ઞાન અનાદિથી આમ કરે છે એ તો પરલક્ષી જ્ઞાન તો વિકારવાળું પરાલંબી એ વિકાર છે એમાં. આત્મા પોતાના ચૈતન્યસૂર્ય સ્વભાવની અંતર દૃષ્ટિ કરી અને એનું જ્ઞાન અને એનો ભાવ થયો-ભેદજ્ઞાન (તે જ્ઞાન છે). આવ્યું હતું ને? સ્વસ્વરૂપ-પરસ્વરૂપને દ્વિધા કરનારું જ્ઞાન. સ્વસ્વરૂપ અને પરસ્વરૂપનો ભેદ કરવારૂપ જ્ઞાન. એવું અંતર જ્ઞાન થતાં એ જ્ઞાનમાં બાકી ચીજ બીજી હોય એ જણાય ખરી. જણાવા છતાં તે જ્ઞાન વિકારપણાને પામતું નથી. સમજાણું કાંઈ? એને નિર્વિકાર અનુભવ કહેવામાં આવે છે. ૨૧ થઈ.

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


(માલિની)

त्यजतु जगदिदानीं मोहमाजन्मलीढं
रसयतु रसिकानां रोचनं ज्ञानमुद्यत्।
इह कथमपि नात्माऽनात्मना साकमेकः
किल कलयति काले क्वापि तादात्म्यवृत्तिम्।।२२।।

ખંડાન્વય સહિત અર્થ :—''जगत् मोहम् त्यजतु'' (जगत्) સંસારી જીવરાશિ (मोहम्) મિથ્યાત્વપરિણામને (त्यजतु) સર્વથા છોડો. છોડવાનો અવસર ક્યો? ''इदानीं'' તત્કાળ. ભાવાર્થ આમ છે કે શરીરાદિ પરદ્રવ્યો સાથે જીવની એકત્વબુદ્ધિ વિદ્યમાન છે, તે સૂક્ષ્મકાળમાત્ર પણ આદર કરવાયોગ્ય નથી. કેવો છે મોહ? ''आजन्मलीढं'' (आजन्म) અનાદિકાળથી (लीढं) લાગેલો છે. ''ज्ञानम् रसयतु' (ज्ञानम्) જ્ઞાનને અર્થાત્ શુદ્ધ ચૈતન્યવસ્તુને (रसयतु) સ્વાનુભવ-પ્રત્યક્ષપણે આસ્વાદો. કેવું છે જ્ઞાન? ''रसिकानां रोचनं'' (रसिकानां) શુદ્ધસ્વરૂપના અનુભવશીલ સમ્યગ્દ્રષ્ટિ જીવોને (रोचनं) અત્યંત સુખકારી છે. વળી કેવું છે જ્ઞાન? 'उद्यत्' ત્રણે કાળ પ્રકાશરૂપ છે. કોઈ પ્રશ્ન કરે છે કે આમ કરતાં કાર્યસિદ્ધિ કેવી થાય છે? ઉત્તર કહે છે—''इह किल एकः आत्मा अनात्मना साकम् तादात्म्यवृत्तिम् क्वापि काले कथमपि न कलयति'' (इह) મોહનો ત્યાગ, જ્ઞાનવસ્તુનો અનુભવ—આમ વારંવાર અભ્યાસ કરતાં (किल) નિઃસંદેહપણે (एक) શુદ્ધ (आत्मा) ચેતનદ્રવ્ય (अनात्मना) દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મ આદિ સમસ્ત વિભાવપરિણામોની (साकम्) સાથે (तादात्म्यवृत्तिम्) જીવ અને કર્મના બંધાત્મક એકક્ષેત્રસંબંધરૂપે (क्वापि) કોઈ પણ અતીત, અનાગત અને વર્તમાનસંબંધી (काले) સમય, ઘડી, પ્રહર, દિવસ કે વર્ષ (कथमपि) કોઈ પણ રીતે (न कलयति) નથી રહેતું. ભાવાર્થ આમ છે કે :-—જીવદ્રવ્ય ધાતુ અને પાષાણના સંયોગની પેઠે પુદ્ગલકર્મોની સાથે મળેલું જ ચાલ્યું આવે છે, અને મળેલું હોવાથી મિથ્યાત્વ-રાગ-દ્વેષરૂપ વિભાવ-ચેતનપરિણામે પરિણમતું જ આવે છે. એમ પરિણમતાં એવી દશા નીપજી કે જીવદ્રવ્યનું નિજસ્વરૂપ જે કેવળજ્ઞાન, કેવળદર્શન, અતીન્દ્રિય સુખ અને કેવળવીર્ય, તેનાથી આ જીવદ્રવ્ય ભ્રષ્ટ થયું તથા મિથ્યાત્વરૂપ વિભાવપરિણામે પરિણમતાં જ્ઞાનપણું પણ છૂટી ગયું; જીવનું નિજ સ્વરૂપ અનંતચતુષ્ટય છે, શરીર, સુખ, દુઃખ, મોહ, રાગ, દ્વેષ ઇત્યાદિ બધું પુદ્ગલકર્મની ઉપાધિ છે, જીવનું સ્વરૂપ નથી—એવી પ્રતીતિ પણ છૂટી ગઈ. પ્રતીતિ છૂટતાં જીવ મિથ્યાદ્રષ્ટિ થયો; મિથ્યાદ્રષ્ટિ થયો થકો જ્ઞાનાવરણાદિ કર્મબંધકરણશીલ થયો. તે કર્મબંધનો ઉદય થતાં જીવ ચારે ગતિઓમાં ભમે છે. આ પ્રકારે સંસારની પરિપાટી છે. આ સંસારમાં ભ્રમણ કરતાં કોઈ ભવ્ય જીવનો જ્યારે નિકટ સંસાર

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આવી જાય છે ત્યારે જીવ સમ્યક્ત્વ ગ્રહણ કરે છે. સમ્યક્ત્વ ગ્રહણ કરતાં પુદ્ગલપિંડરૂપ મિથ્યાત્વકર્મનો ઉદય મટે છે તથા મિથ્યાત્વરૂપ વિભાવપરિણામ મટે છે. વિભાવપરિણામ મટતાં શુદ્ધસ્વરૂપનો અનુભવ થાય છે. આવી સામગ્રી મળતાં જીવદ્રવ્ય પુદ્ગલકર્મથી તથા વિભાવપરિણામથી સર્વથા ભિન્ન થાય છે. જીવદ્રવ્ય પોતાના અનંતચતુષ્ટયને પ્રાપ્ત થાય છે. દૃષ્ટાંત આમ છે કે જેવી રીતે સુવર્ણધાતુ પાષાણમાં જ મળેલી ચાલી આવે છે તોપણ અગ્નિનો સંયોગ પામીને પાષાણથી સુવર્ણ ભિન્ન થાય છે. ૨૨.

---

## કલશ-૨૨ ઉપર પ્રવચન

હવે ૨૨.

(માલિની)

त्यजतु जगदिदानीं मोहमाजन्मलीढं
रसयतु रसिकानां रोचनं ज्ञानमुद्यत्।
इह कथमपि नात्माऽनात्मना साकमेकः
किल कलयति काले क्वापि तादात्म्यवृत्तिम्।।२२।।

ભગવાન અમૃતચંદ્રાચાર્ય મહારાજ મુનિ દિગંબર થયા. નવસો વર્ષ પહેલાં. એ કુંદકુંદાચાર્યે સમયસાર જે રચ્યું એની આ ટીકા કરી. એ ટીકાનો સાર આ કળશમાં ભરી દીધો. એ ૨૨મો કળશ. એ જગતને કહે છે.

'ખંડાન્વય સહિત અર્થ :—' 'जगत् मोहम् त्यजतु' '(जगत्)'નો અર્થ? જગતમાં રહેલા 'સંસારી જીવરાશિ...' 'जगत्' એટલે 'સંસારી જીવરાશિ...' 'मोहम् त्यजतु' અરે.. આત્મા! પુણ્ય અને પાપ, શરીર, વાણી, મન એવા, ભગવાન આત્માના પૂર્ણ આનંદ શુદ્ધ સ્વભાવમાં એ પરવસ્તુની એકત્વબુદ્ધિ એવો જે મિથ્યાત્વભાવ એને 'સર્વથા છોડો.'

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સર્વથા મિથ્યાત્વ અહીં તો વાત છે ને. અસ્થિરતાનો પ્રશ્ન નથી. એકત્વબુદ્ધિની વાત છે. એમાં કટકે કટકે ન છૂટે.

જ્ઞાનસૂર્ય ચૈતન્ય, ચૈતન્યદળ શુદ્ધ આનંદકંદ આત્મા, એવા આત્માની અંદર અનાદિની પુણ્ય-પાપની લાગણી અને શરીરાદિ પરપદાર્થ એ હું, બે થઈને હું એવી એકત્વબુદ્ધિ. જે ભિન્ન સત્તા છે-સ્વભાવ શુદ્ધ સત્તા ભિન્ન, પુણ્ય-પાપના અસ્તિત્વની સત્તા ભિન્ન અને શરીરાદિનું હોવાપણું ભિન્ન. એવા ભિન્ન હોવા છતાં, જે શરીરાદિ અને રાગાદિમાં ચૈતન્યસ્વભાવને એકત્વબુદ્ધિ છે એ મોહ-એ મિથ્યાત્વ. એ મિથ્યાત્વના પરિણામ. જુઓ! અહીંયાં મિથ્યાત્વ

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પરિણામની વાત લીધી છે. કર્મની વાત અહીં નથી. સમજાણું કાંઈ?

હે '**સંસારી જીવરાશિ...**' જુઓ! આખી જીવરાશિ સંસારની. સાગમટે છે. પોપટભાઈ! સાગમટે નોતરું આપે ને કે નહિ? હે જગતના જીવો! તારી પાસે મહા શાંત આનંદની સંપદાની ઋદ્ધિ અંતર પડી છે. તું તારા સ્વભાવથી ખાલી કોઈ દી ત્રણ કાળમાં હોઈ શકે નહિ. એવો ભગવાન આત્માનો સ્વભાવ ત્રિકાળી, એની સાથે આ દયા, દાન, કામ, ક્રોધના વિકલ્પની વાસનાનો રાગ અને શરીર, વાણી, મન અને કર્મ એવું બધું પરવસ્તુને સ્વભાવમાં એકત્વપણે માનવું એ મિથ્યામોહ અને મિથ્યાદષ્ટિપણું છે. મિથ્યામોહ કેમ? કે એ વસ્તુમાં નથી અને મિથ્યા માને છે માટે તેને મિથ્યાદષ્ટિ અને મિથ્યામોહ કહે છે. ભારે વાત ભાઈ! કહો, જયંતિભાઈ! વસ્તુ બે છે, બેમાં એકપણે માને છે એ એકપણું માનવું એ છોડવું એ મિથ્યાત્વને છોડવું કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- ભીંસ પડે.

ઉત્તર :- ભીંસ ક્યાં પડે છે? એણે મંદ જ કોઈ દી નથી કર્યું. આ હળવું ચૈતન્ય શુદ્ધ છે એને દૃષ્ટિમાં લેવો એવો એણે કોઈ દી પ્રયત્ન જ કર્યો નથી. એની મહત્તા જ લાગતી નથી. સમજાણું કાંઈ?

કીધું નહોતું? આ શરીર, વાણી ને જાણે બધું દળ દેખાતું હોય. પણ આત્મદળ.. આ તો અનંતા રજકણનો પિંડ દળ છે. ઓલું એક જ આત્મા અનંતગુણનો અરૂપી દળ પિંડ છે. અસંખ્ય પ્રદેશી દ્રવ્ય. અનંતગુણનો રાશિ અને અનંતગુણની એક સમયની અવસ્થાનું સ્વરૂપ, એવું આખું દળ ચૈતન્ય પદાર્થ અનંતગુણનો મહાત્મ્ય પદાર્થ-મહાન પદાર્થ. એવા મહાન પદાર્થ પ્રત્યેનું એના તરફનું વલણ-વિશ્વાસ આવતો નથી. આ બધો અનાદિનો અભ્યાસ. આ ધૂળ ને ઇન્દ્રિયો ને આ ને આ. એનું અસ્તિત્વ જુદું છે આનું. છતાં એ અસ્તિત્વમાં આમ લક્ષ કરીને આમ કરે કે આ બધું થાય.. આ બધું થાય.. આ.. હું છું.. હું છું.. એમ એની પરપદાર્થની મોજૂદગીમાં અનાદિની દૃષ્ટિ પડી છે. સમજાણું કાંઈ?

હું એક છું. જ્ઞાનાનંદ આદિ અનંતગુણનો દળ, પિંડ, કંદ છું. સમજાય છે? જેમ બરફની મોટી પાટ હોય, સુરણની મોટી ગાંઠ હોય, દળ વસ્તુ છે. મધ્યમાં બાહ્યમાં એકલું દળ છે. એમ આ આત્મા અરૂપી વસ્તુ છે, અરૂપી વસ્તુ છે અને અરૂપીમાં અનંતા ગુણોનો પિંડ, કંદ, દળ ભર્યું છે.

મુમુક્ષુ :- પોલું નથી.

ઉત્તર :- વસ્તુ પોલી હોય નહિ. અનંતગુણ. જ્ઞાનથી વ્યાપક, દર્શનથી વ્યાપક, આનંદથી વ્યાપક, અસ્તિત્વથી વ્યાપક, વસ્તુત્વથી વ્યાપક એવા અનંતગુણથી વ્યાપક આખું અરૂપી રસકંદ, અવિકારી રસકંદ આત્મા છે. આહાહા..! શું પણ આત્મા કહેવાય એની ખબર ન મળે. અને એના ખબર વિના બહાર ને બહાર આ બધું દેખાય દળ. આ શરીર આમ જાડું થયું, લાડવો

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ખાધો તો આ થયું. અહીં લોહી આવ્યું ને આ ફલાણું આવ્યું. આ .. થાય છે ને જરી? ખાય, પીવે, લોહી ચડ્યું શરીરને. લાલ થાય છે. કહો, બાલુભાઈ! લાલ થાય આમ. ટસિયા ફૂટે એમ જાણે એમ લાગે. એ બધું એને ભળાય છે. ધૂળ છે આ. પણ અંદરમાં ચૈતન્યપિંડ અરૂપી જ્ઞાનઘન અનંતગુણનો રસકંદ અરૂપી, જેમાં રજકણ પેસે નહિ અને રાગનો વિકલ્પ પેસે નહિ એવું એ દળ છે. આહાહા..!

કહે છે કે અરે.. જગતના જીવો! બહુ સરસ લેશે વાત જુઓ! અરે..! મિથ્યાત્વ પરિણામ. મોહની વ્યાખ્યા જ મિથ્યાત્વ પરિણામ છે. ભ્રમણા, મિથ્યાત્વ જૂઠા પરિણામ લ્યો! મિથ્યાત્વ. જૂઠા પરિણામરૂપ ભાવ કે જે પુણ્ય અને પાપનો વિકલ્પ રાગ, શરીર, વાણી, મન, કર્મ એ બધી ચીજો જ એનું હોવાપણું જ તારા મહાન હોવાપણા પદાર્થથી ભિન્ન હોવાપણું છે. સમજાણું કાંઈ? એ ભિન્ન હોવાપણા પ્રત્યે મિથ્યાત્વભાવ નામ જૂઠી બુદ્ધિ એટલે બે એકપણે માનવું એને **'સર્વથા છોડો.' 'त्यजतु'** અરે..! જીવ! ટાણા આવ્યા. આગળ કહેશે. અત્યારે આ કરવા જેવું છે. આ કરવા જેવું (છે). બાકી કરીને મરીને દુઃખી થઈ ગયો.

**'સર્વથા છોડો.' 'त्यजतु'**ની વ્યાખ્યા જ કરી. છોડો એમ પણ નહિ. છોડો. ત્યજી દ્યો એમ કે સર્વથા છોડી દો. ભગવાન આત્મા જ્ઞાનમૂર્તિ પ્રભુ, જેના અંતરના સ્વભાવમાં એકલો અતીન્દ્રિય આનંદ અને એકલો ચૈતન્યનો નૂરનો પ્રકાશનો રસકંદ છે એવો સ્વચ્છ સ્વભાવ જેનો આખો આત્મા એનું એકત્વ કર અને પરપદાર્થની એકત્વબુદ્ધિ છોડ એમ કહે છે. સમજાણું કાંઈ? **'છોડવાનો અવસર ક્યો?'** ભાઈ! છોડવાનો ટાઈમ ક્યો? કાળ ક્યો? સારું ચોઘડિયું ક્યુ? અહીં એ કહેશે.

કહે છે કે **'इदानीं' 'इदानीं' 'તત્કાળ.'** હમણાંનો અર્થ નહિ કરતા. તત્કાળ. ઓલાએ બીજો અર્થ કર્યો છે. હવે તો છોડ. એવો અર્થ કર્યો છે ભાઈએ. અહીં તો કહે છે, હવે નહિ. તત્કાળ. **'इदानीं'** તર્ક છે. કેમ કે જેને જેની રુચિ થાય તેના એને વાયદા ન હોય. સમજાણું કાંઈ? **'इदानीं'** અત્યારે. અત્યારે કરતાં પણ તત્કાળ એટલે આ કાળ. એમ. આ કાળ. આહાહા..! સમજાણું?

મુમુક્ષુ :- આગલું પાછલું બધું સરખું કરીને પછી...

ઉત્તર :- સરખું કોનું કરવું હતું? ધૂળનું? એ જ કહે છે. કોનું સરખું તારે કરવા જાવું છે? બાયડી-છોકરાનું સરખું થાય, એની પાસે આમ થાય, ફલાણું થાય પછી હું કરું. ધૂળમાં નહિ થાય. કે દી બાયડી-છોકરા તારામાં હતા?

મુમુક્ષુ :- અહીં તો રાગનીય ના પાડે છે.

ઉત્તર :- અહીં તો વિકલ્પ ઉઠે એનું અસ્તિત્વ ચૈતન્યના તત્ત્વમાં નથી. ઈ આસ્રવતત્ત્વ છે. એકલો જ્ઞાન શાંત નિર્મળ રસ એવો ચૈતન્ય સૂર્યનો પ્રકાશ પિંડ પ્રભુ એમાં દયા, દાન અને ભક્તિ આદિનો વિકલ્પ ઉઠે, એનું હોવાપણું એ ચૈતન્યની એકતામાં નથી. સમજાણું

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કાંઈ? આ વ્યવહારનો વિકલ્પ નિશ્ચયના સ્વભાવમાં નથી એટલે દૃષ્ટિ થતાં એની પર્યાયમાં પણ એ નથી. આહાહા..! કહે છે. પણ કાંઈક સરખું થાય તો છોડીએ ને? એમ કહે છે. પોપટભાઈ! ૫૦-૬૦ વર્ષ થાય. છોકરા બે-ચાર-પાંચ થાય, સરેડે ચડી જાય, ધંધે ચડી જાય, ધંધામાં ઠીક હોય, પછી ખાય, પાછું પચે, પાછી સરખી નિરોગતા રહે. પછી સૂઈ જાય. ભગવાન! તારા આરા કેદી આવે?

કીધું નહોતું એકફેરી? ભાઈ! કીરચંદભાઈ હતા. છે ને અત્યારે? હમણાં આવ્યા હતા, હોં! અહીંયાં આવ્યા હતા એક ફેરી. કીરચંદભાઈ કહે (સંવત) ૧૯૯૦ની સાલમાં. લ્યો આમ કરવું, ધર્મ કરવો. ખાધા વિના તમે પાધરો ધર્મ ધર્મ કરો છો. કાંઈ મોઢે રોટલો ખાધા વિના? કીધું, તમે કહો છો ખાધા પહેલા નહિ, પછી ખાધા પછી પચ્યા પહેલા નહિ કહેશો, પચ્યા પહેલા નહિ પછી તમે કહેશો જંગલ જાયા પછી અમે કરશું. જંગલ ગયા પછી પેટ ખાલી થાય તો વળી રોટલા (ખાઈએ). હવે ધર્મ કરવો કેદી તારે? ઓલા શું કહે છે? જાગનાથ. જાગનાથ ભાઈ કહે છે. જાગનાથ પરામાં ત્યાં તો ખેતર હતા પહેલા. ત્યાં ખાલી ખેતર હતા. જંગલ હતું. ત્યાં તો વસી ગયું. પછી અમે દિશાએ જઈને બેઠા હતા હું એ બે. એ પછી આમ વાત કરે. પણ તમે આ ધર્મ ધર્મની વાત કરો. મેળ નથી ખાતો. પણ આ રોટલો ખાય નહિ,.. પેટમાં કાંઈ કુરકુરિયા બોલતા હોય ને કહે ધર્મ કરો. પણ કુરકુરિયા શેના? કીધું, શું કહેવું છે તમારે? આમ તો માણસ બહુ ઠરેલ માણસ. કીધું, શું તમારે કહેવું છે? કહો. આ રોટલા પેટમાં પડ્યા પછી ધર્મ થાય એમ? તો રોટલા પેટમાં પડ્યા પછી તમે કહેશો, મને પચ્યા નહિ હોં! એ કાંઈક પચે પછી મને ઠીક પડે. પચ્યા પછી જાડો ન થાય ત્યાં સુધી ઠીક ન પડે. જાડો થયા પછી પાછું ખાલી થઈ ગયું. વળી ખાઉં તો પેટમાં (ઠીક રહે). હવે કરવું છે કેદી તારે ધર્મનું? એક પછી એક લપ. આ તો હજી શરીરની વાત હોં! બાયડી-છોકરા તો ક્યાંય રહી ગયા. એને આમ જરી છે ને, હમણાં એને મંદવાડ રહે છે ને જરીક કાંઈક ઠીક થાય ને તો પછી મને નિવૃત્તિ મળે. થોડી આમ થાય ને ઠીક તો મારું મન ત્યાં રહ્યા કરે છે. તો મને ઠીક થાય નિવૃત્તિ. એમાં ઠીક થાય કે ન થાય એમાં તારે નિવૃત્તિનું કારણ એ ક્યાં છે? એમાંથી ત્રીજું જાગશે, ચોથું જાગશે, હોળી જાગશે, કાંઈક બીજું જાગશે. સમજાણું કાંઈ?

બાહ્યના પદાર્થમાં આવું થાય પછી કરીશ અને આવું થાય પછી કરીશ. એ વાયદા વાફળના છે બધા. એ તને રુચિ ધર્મની છે નહિ. એમ કહે છે અહીંયાં. જેની રુચિ હોય તેનું વીર્ય ફોરવ્યા વિના રહે નહિ. ક્યારે કરવું? તત્કાળ. અત્યારે કર. કાળ આ છે. આ મુહૂર્ત છે તારું એમ કહે છે. આજે જ અનુભવ.. નથી આવતું પ્રવચનસારમાં? ભાઈ! છેલ્લે બે ઠેકાણે આવે છે. આજે જ... આજે જ.. આજે જ. એની શૈલી જ અમૃતચંદ્રાચાર્યની. આ અમૃતચંદ્રાચાર્યનો કળશ છે ને. સમજાણું કાંઈ? ભાઈ! ગાંડપણું જે ઘેલાપણું, પાગલપણું એ તો તરત છોડવા

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

જેવું હોય ને? કે ના, ના થોડી વાર રહેવા ઘો. થોડીવાર રહેવા ઘો. પછી પાગલપણું છૂટશે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- આપ દાખલા એવા આપો છે કે ના પડાય જ નહિ.

ઉત્તર :- આ પાગલનું શું છે મોટું? આ પાગલ છે કે નહિ? આવ્યું નહોતું સવારમાં? ગાંડો છો, પાગલ છો.

ભગવાન આત્મા ચિદાનંદ મૂર્તિ જેનું સ્વસ્વામીપણું થવું જોઈએ, એને છોડીને પુણ્ય અને પાપ, રાગ અને પરવસ્તુનું સ્વામીપણું માન, મહામિથ્યાત્વનો મોહ અને પાગલપણું છે. કહો, સમજાણું કાંઈ? કાળ ક્યો? અત્યારે છોડ. કાળ ક્યો? ગાંડપણું રાખવાનો કાળ હોય થોડો? પાગલપણું રાખવાનો (કાળ)? પણ બધું કાંઈક સરખું થાય. એય..! વાસુદેવભાઈ! શું કરવું? આનું શું કરવું? કહો. તમારા ચિંરજીવીને કહું છું. અહીં બધું સરખું થાય પછી આને કરવું છે? ક્યારે કરવું છે હવે?

મુમુક્ષુ :- એને કરવું છે કે દી?

ઉત્તર :- નથી કરવું? આ તો રોકડિયું કહે છે હોં! કરવાની દરકાર નથી. એ તો ફક્ત શરમના માર્યા થોડું થોડું (સાંભળે). અંદર દરકાર હોય એને (એમ થાય), મૂક પડતું હવે આ બધું. મારું શું કરવું? મારે શું કરવું મારે માટે? મરીને જાવું છે ક્યાંક. એવી નિવૃત્તિ તો હોય કે નહિ એને?

અહીં તો કહે છે, 'इदानीं' 'તત્કાળ.' મૂક પડતું લપ. આ થોડુંક થાય. આ છોકરો થોડું દુકાનનું સરખું ચાલે ને તો થોડું થોડું મારે ધ્યાન રાખવું પડે.

મુમુક્ષુ :- ઝાઝા છોકરાની માએ શું કરવું?

ઉત્તર :- ઝાઝા છોકરાની માએ નિવૃત્તિ લેવી. છોકરાની મા જ કેદી હતી? એની માનું કહ્યું એણે. સાત છોકરા. સાત છે કેટલા છે? સાત છોકરા, સાત વહુરુ અને છોકરાના છોકરા કેટલા. હવે એ બધાનું ધ્યાન રાખીને એમાં ને એમાં મરવું? શું કરવું? જયંતિભાઈ!

મુમુક્ષુ :- કો'ક સાજુ, કો'ક માંદુ, કો'ક...

ઉત્તર :- પણ સાજા-માંદા તો રહ્યા જ કરે. જડમાં-પરમાં ન થાય? તું આ માંદો છો એનું તો કર. સમજાણું કાંઈ? તું મોટો માંદો છો મહા એની તો દવા કર. આહાહા..! બાલુભાઈ!

**'ભાવાર્થ આમ છે કે શરીરાદિ પરદ્રવ્યો સાથે...'** ભાષા કેવી કરી છે! ઓલું 'इदानीं' છે ને એમાંથી કાઢ્યું. શરીરાદિ. શરીરાદિ કહ્યું છે ને? આહા..! ભલે હો ચીજ તે હો. એ મારી નહિ. એ શરીર, વાણી, પુણ્ય, પાપ **'પરદ્રવ્યો સાથે જીવની એકત્વબુદ્ધિ વિદ્યમાન છે,...'** એકત્વબુદ્ધિ વિદ્યમાન છે એ મિથ્યાત્વપરિણામ છે. એમ. **'તે સૂક્ષ્મકાળમાત્ર પણ આદર કરવાયોગ્ય નથી.'** જુઓ! ... જુઓ! **'સૂક્ષ્મકાળમાત્ર પણ આદર કરવાયોગ્ય**

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**નથી.**' આ તત્કાળ '**इदानीं**'માંથી આ કાઢ્યું. જુઓ! ભાઈ! એ બધું થવાનું હોય એમ થયા જ કરે. તારે લઈને એ હરામ કાંઈ થાય તો. એક તણખું પણ ફરે તારે લઈને એમ છે નહિ. દુકાનનું શું થાતું હશે? એને તો જે ઠેકાણે જે દાણો પડવાનો, જવાનો, થવાનો થયા જ કરે. એમાં તારી કર હવે નિવૃત્તિ. નહિતર જો આ ભ્રમણા ન છોડી અને એમાં ને એમાં આ કરું... આ કરું... આ કરું.. રહી ગયો. જાઈશ નરક ને નિગોદમાં. ચાર ગતિમાં ક્યાંય પત્તો ખાશે નહિ. શેઠી! '**સૂક્ષ્મકાળમાત્ર...**' ભાષા કેવી કરી? '**કાળમાત્ર પણ આદર કરવાયોગ્ય નથી.**' ભગવાન આત્મા પરવસ્તુની સાથે એક સમય પણ એકપણાને માનવું એ આદરવા લાયક છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? '**સૂક્ષ્મકાળમાત્ર પણ આદર કરવાયોગ્ય નથી.**' એટલી વ્યાખ્યા તો '**इदानीं**'ની કરી.

'**કેવો છે મોહ?**' જુઓ! નાખીને પાછો ભાવાર્થ કર્યો. '**કેવો છે મોહ?**' જે મિથ્યાત્વપરિણામ. જે મિથ્યાત્વ પરિણામ એટલે કે પુણ્ય અને પાપના રાગભાવથી માંડી શરીર, વાણી, કર્મ એ બધા મને લાભદાયક અને હું એનું કરું, હું એનું કરું એવી જે મિથ્યાત્વ માન્યતા. એ '**કેવો છે મોહ?**' '**आजन्मलीढं**' '**आजन्म**' '**અનાદિકાળથી લાગેલો છે.**' નવો નથી. એ તો અનાદિથી તેં કર્યું છે. એક ક્ષણમાત્ર પણ એનાથી રહિત એવી માન્યતા કરી નથી. માન્યતામાં ફર્યો નથી. બાકી તો બધું છે એમ છે. કેમ હશે? જયંતિભાઈ! '**आजन्मलीढं**' '**અનાદિકાળથી...**' નિગોદથી માંડી. દેખો! નિગોદના શરીરમાં હતો ત્યાં પણ પરને પોતાનું માન્યું છે. કીડી, કાગડા, કૂતરામાં હતો ત્યાં પણ પરને પોતાનું માન્યું છે. '**आजन्म**' '**आजन्म**' નામ '**અનાદિકાળથી...**' '**लीढं**' '**લાગેલો છે.**' મિથ્યાત્વ અજ્ઞાન. આનું કરું... આનું કરું... આનું કરું... આનું કરું... આનું કરું.. એ તો મિથ્યા પરિણામ શ્રદ્ધામાં અનાદિકાળના એકેન્દ્રિયથી માંડીને, નિત્યનિગોદથી માંડીને અનાદિ કાળનું લપ તેં ઊભું કર્યું છે. આહાહા..! સમજાણું કાંઈ?

હવે ગુલાંટ મારે છે. '**ज्ञानम् रसयतु**' ભગવાન! તને રસિકપણું પરની એકત્વબુદ્ધિમાં આવ્યું છે એને છોડ. અને છોડીને શું કરે? '**જ્ઞાનને અર્થાત્ શુદ્ધ ચૈતન્યવસ્તુને...**' અંદર શુદ્ધ ચૈતન્ય. હજી પણ સમજણમાં લે નહિ, શ્રદ્ધામાં લે નહિ. કેમ છે? એમ અદ્ધરને અદ્ધર રાખે એને આ વસ્તુ શું છે એ બેસે શી રીતે? શુદ્ધ ચૈતન્ય પદાર્થ જેના જ્ઞાનમાં આમ જ્ઞેય તરીકે ભાવમાં ભાસન તરીકે આવવો જોઈએ. શુદ્ધ ચૈતન્ય વસ્તુ. જ્ઞાનની વ્યાખ્યા જ આ કરી. શુદ્ધ ચૈતન્ય પદાર્થ. '**रसयतु**' '**रसयतु**' '**સ્વાનુભવ-પ્રત્યક્ષપણે આસ્વાદો.**' લ્યો આ તો.. દેડકા, વાંદરા, કૂતરા, પંખી, બાયું, સ્ત્રી, દીકરી, છોડીયું, છોકરા અને આદમી, બધાને માટે કહે છે. આખા જગતને માટે કહે છે કે નહિ? ભાઈ! તારે આ કરવા જેવું છે. બાકી ઓલું તો અનાદિથી કર્યું છે. એ મારા અને હું એનો એવી માન્યતા તો અનાદિ કાળની છે. આહાહા..!

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મુમુક્ષુ :- ...

ઉત્તર :- માણસને કાંઈ ધૂળમાં પણ નથી. મફતનો માનીને બેઠો છે. એમ કે ઢોરને તો કાંઈ નહિ. એને ઘાસ-પાણી ઓલા નાખે. આને તો.. ધૂળમાંય નથી, મફતનો મૂઢ છે. શેઠી!

મુમુક્ષુ :- એનો તો કાંઈ સંકેલવાનું નથી.

ઉત્તર :- પણ આમાં છે ક્યાં? બધું પરમાં પર થયા જ કરે છે. ઢોરને જેમ પરમાં પર (થાય છે). આને પણ પરમાં પર થયા જ કરે છે. એનાથી કાંઈ શરીરમાં થાય, .. માં થાય, દુકાનમાં થાય, ધંધામાં થાય, પેદાશમાં થાય... કાંઈ હરામ થાતું નથી. ફક્ત એ હું કરું એવી માન્યતા અંદર પડી છે. કહો, સમજાણું કાંઈ? ઢોરને પણ એ અને માણસને એ. બેમાં શું ફેર હશે? મફતનો બોજો લઈને ફરે. પાણી તો ચાલ્યું જાય છે માથે. થોડું ભરે ને બોજો લાગે પાધરો. પાણીમાં બૂડે તો કાંઈ ન લાગે અંદર. પણ માટલી ભરીને બહાર નીકળે. એમ આ ચાલ્યો જાય છે સંસાર તો એના કારણે. એ તો જગતના પદાર્થ છે. બાયડી, છોકરાનો આત્મા, એના શરીર, પરિણમન (ચાલ્યા જાય છે). 'આ મારા' એ બોજો ઉઠાવ્યો. હતો નહિ એનો પ્રવાહ. એ તો પ્રવાહ જગતનો છે. સમજાણું કાંઈ? ક્યારે કરવું? અત્યારે કરવું. અત્યારે શું? વાયદા શું છે? ખ્યાલમાં આવે કે આ ચીજ અને પરચીજ બેય જુદી છે એવો ખ્યાલ આવે તે કાળે જ તે કરવાનું છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો કરે છે અજ્ઞાનીપણે પરનું માનીને. કરતો નથી. પર મારા, હું કરી શકું છું એવી માન્યતા અનાદિની મૂઢે કરી છે. બીજું હરામ કાંઈ કર્યું હોય તો. એક ફોતરું ફેરવી શકતો નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ફેરવ્યા કરે. પોપટભાઈ! શું હશે આ? નહિ. હું જીવીશ ત્યાં સુધી આ બધું કરીશ અને કરાવીશ. આ ભારે જગતની ચીજ! કો'ક કહે પણ આવું ન કરો આમ. પણ હવે તમે યાદ રાખો હું જ્યાં સુધી જીવીશ ત્યાં સુધી એ દાણાબાણા પડ્યા.. ફેરવી નાખીશ હું અને તમારી પાસે કરાવીશ હું. એકલો નવરો બેસું તો તમને એમ થાય ને કે. હું પણ કામ કરીશ અને તમારી પાસે કરાવીશ. ભારે પણ! જયચંદભાઈ!

મુમુક્ષુ :- ગાંડો થઈ ગયો.

ઉત્તર :- ગાંડો થયો છે. વાત ઈ છે. મફતનો કાંઈકથી પ્રકાશ આવ્યો, ક્યાંકથી ઓલી બાયડી આવી, ક્યાંકથી ઓલો છોકરો આવ્યો, ક્યાંકથી ઓલી છોકરી.. કોણ જાણે પૈસા ક્યાંથી આવ્યા અને વળી ક્યાંક જાય. એ.. મને આવ્યા. એ મારા ગયા. પણ ગાંડો કાંઈ છો?

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

મોક્ષમાર્ગ પ્રકાશકમાં દાખલો આપ્યો છે ને? મોક્ષમાર્ગ પ્રકાશકમાં દાખલો આપ્યો છે. એક ગાંડો હતો એ બહાર નહેરુ હશે આવું નદીનું. એક મોટો પથરો હતો. બેઠો આમ. પગ હેઠે રાખીને આમ બેઠો. ત્યાં પાણી ચાલતું હશે. મોટી નદી. એમાં રાજા નીકળેલો હાથી ને.. બરાબર દસ વાગ્યા એટલે રાજાએ પડાવ નાખ્યો કે અહીં ખાઈએ અને બે કલાક, ચાર કલાક ઉનાળાનો તડકો ગાળીએ. ત્યાં ઓલો કહે, રાજા આવ્યા. આ મારી રાણી આવી, આ મારા છોકરા આવ્યા, આ મારો હાથી આવ્યો. એ જ્યાં ખાઈ-પીને સૂઈને ઉઠ્યાં જ્યાં ત્રણ વાગ્યા ચાલવા માંડયા. એલા પૂછયા વિના કેમ જાવ છો? ઓલા કહે, પણ ગાંડો છો? અમે ક્યાં તારા માટે આવ્યા હતા? અમે તો અમારા કાળે અહીં આવ્યા હતા. અમારે કાંઈક રહેવું. અને ટાણું થઈ ગયું અમે ચાલ્યા જઈએ છીએ. એમ દાખલો આપ્યો.

એમ આચાર્ય કહે છે કે આત્મા કોઈ ઘરમાં આવ્યો ક્યાંક. કાં કોઈક બાયડી આવી, છોકરા આવ્યા, મકાન આવ્યા, પૈસા આવ્યા બધા આવ્યા. એલા કેમ પણ હું છું ને ચાલ્યા જાવ છો? પણ તારે માટે ક્યાં આવ્યા હતા?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ પણ અકસ્માત આવ્યું છે. બીજું શું છે? ક્યાંનું ક્યાંય આવ્યું. શરીર કેવું બન્યું, વાણી કેવી થાય, બહારના... પણ મફતનો પાગલ. શેઠી! આહાહા..!

**'શુદ્ધ ચૈતન્ય વસ્તુને સ્વાનુભવ-પ્રત્યક્ષપણે આસ્વાદો.'** **'रसयतु'**ની વ્યાખ્યા જ આ છે. આનંદના રસને, રસને, રસને ચૂસો. આ વિકારના રસને ચૂસીને એકત્વબુદ્ધિમાં પડ્યા એ શ્રદ્ધા તો પલટાવો, શ્રદ્ધા તો પલટાવો એમ કહે છે. જયંતિભાઈ! અરે..! પણ હું કરું.. હું કરું... મારા વિના થાય નહિ, મારા વિના ચાલે નહિ, હું બેઠો હોઉં તો બરાબર ચાલે, દુકાન ચાલે, ગ્રાહક પણ શરમાય, માલ લેવા આવે. ધૂળમાંય નથી કાંઈ મફતનો. હું જાઉં તો પૈસા આપે. કારણ કે મેં આપ્યા તો મને આપે. તમને ના પાડે. છોકરાઓને ન આપે. આવા તો અભિમાન બધા. પોપટભાઈ!

મુમુક્ષુ :- પોપટભાઈને તો છોકરા...

ઉત્તર :- ધૂળમાંય કરતા નથી પોપટભાઈનું કીધું. કરે કોણ કોનું?

શુદ્ધ ચૈતન્ય વસ્તુનો **'रसयतु'** એ **'સ્વાનુભવ-પ્રત્યક્ષપણે આસ્વાદો.'** હોં! અનુમાનથી નહિ. અનુમાનથી આ આત્મા છે, આનંદ છે ને આ રાગ છે એમ નહિ. આહાહા..! જુઓને! અનુમાન કાઢી નાખ્યું. આત્મા હોય તે આનંદ જ હોય ને, આત્મા હોય તે શુદ્ધ જ હોય ને, નિર્વિકાર જ હોય ને. રાગ એ વિકાર છે. એમ અનુમાન નહિ. સમજાણું કાંઈ? સ્વાનુભવ ચિદાનંદ પ્રભુ એ પુણ્ય-પાપના રાગની વૃત્તિથી ભિન્ન છે. શરીર, વાણી, મન અને કર્મથી તો જુદો છે. એવા પ્રત્યક્ષ રૂપથી નામ પરની અપેક્ષા લીધા વિના સ્વઆશ્રયમાં રહ્યો, આસ્વાદો. આત્માના આનંદનું વેદન કર એનું નામ ધર્મ અને સમ્યગ્દર્શન છે. સમજાણું કાંઈ?

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


'**કેવું છે જ્ઞાન?**' કેવી છે શુદ્ધ ચૈતન્ય વસ્તુ? કેવી છે શુદ્ધ ચૈતન્ય વસ્તુ? '**रसिकानां रोचनं**' '**શુદ્ધસ્વરૂપના અનુભવશીલ સમ્યગ્દષ્ટિ જીવોને અત્યંત સુખકારી છે.**' '**रसिकानां रोचनं**' '**रसिकानां**' નામ ભગવાન આત્મા આઠ વર્ષની કન્યા હોય અને દેડકું આવડું હોય અને આત્માનો રસિક થાય એટલે પણ એને આનંદ આવ્યા વિના રહે નહિ. આહાહા..! '**रसिकानां**' નામ એટલે '**रसिकानां**' રસિક જીવો. કેવા જીવો? '**શુદ્ધસ્વરૂપના અનુભવશીલ સમ્યગ્દષ્ટિ જીવો...**' એમ. શુદ્ધ ચૈતન્યસ્વરૂપ, પવિત્ર આનંદધામ અને પુણ્ય-પાપના વિકલ્પના રાગથી તદ્દન જુદી ચીજ છે. એવા શુદ્ધ સ્વરૂપના અનુભવશીલ, અનુભવના સ્વભાવવાળા એવા સમ્યગ્દષ્ટિ જીવો. અનુભવના સ્વભાવશીલ પડ્યો-સ્વભાવ થઈ ગયો. અનુભવવું એ એનો સ્વભાવ છે. પરને એકત્વ માનવું એ મિથ્યાબુદ્ધિનો સ્વભાવ છે અને સમ્યગ્દષ્ટિનો સ્વરૂપનો અનુભવ કરવો એ એનો શીલ છે-એ એનો સ્વભાવ છે. એવા '**સમ્યગ્દષ્ટિ જીવોને અત્યંત સુખકારી છે.**' કોણ? એ શુદ્ધ સ્વરૂપ. જ્ઞાન કહો કે શુદ્ધ સ્વરૂપ (કહો). પોતાનું શુદ્ધ સ્વરૂપ અખંડ અભેદ એ જ્ઞાનીને અત્યંત સુખકારી છે. એ સિવાય સુખકારી કોઈ જગતમાં ચીજ છે નહિ. કહો, સમજાણું આમાં? વાહ!

'**વળી કેવું છે જ્ઞાન?**' '**उद्यत्**' '**ત્રણે કાળ પ્રકાશરૂપ છે.**' એકલો ચૈતન્યનો પ્રકાશ. હીરો જેમ પાંચ-દસ લાખનો હોય ને ચારે કોર કિરણ ફૂટે. અંદર કિરણ, બહાર કિરણ, પ્રકાશ કિરણ, તળિયે કિરણ, ઉપર કિરણ, મધ્યમાં કિરણ. એમ ભગવાન આત્મા ત્રણે કાળ સર્વ પ્રકારે પ્રકાશનો પુંજ છે એવું એ આત્માનું તત્ત્વ છે. આવો ધોયેલ મૂળા જેવો ગયો ક્યાં? એમ કહેતા હતા. ભગવાનજીભાઈ કહે. કાંઈ દરકાર ન મળે સમજવાની. વિચાર નહિ, મંથન નહિ, શું છે? પણ એ તેં જોયું નથી, જાણ્યું નથી કેવો છે એ શી રીતે તને ખબર પડે? જોવાને પ્રયત્ન કર કે આ વસ્તુ પણ છે શું આ? સમજાય છે? કુતૂહલ તો કર કે બીજું જોવાને જેમ ડોકિયું લાંબુ ઊંચુ કરીને આમ જોવે છે કે આ શું છે? કરે છે કે નહિ? આમ ઊંચું ડોકુ કરે. ન સંભળાય તો... આ શું પણ છે આ તે આત્મા? જ્ઞાન '**रसिकानां**' જેને રુચે છે એવો તે શું આ છે? એવો ભગવાન શુદ્ધ જેની રુચિ થઈ છે એવા જીવોને. શુદ્ધનો અનુભવ જેને અત્યંત સુખકારી છે. એ ત્રિકાળ પ્રકાશરૂપ છે. એ તો ત્રિકાળ પ્રકાશરૂપ જ વસ્તુ છે. સમજાણું કાંઈ? ચૈતન્ય તો ત્રિકાળ પ્રકાશરૂપ જ છે. કાંઈ પુણ્ય અને પાપરૂપ એ નથી થયો. શરીર, વાણી રૂપે કોઈ દી થયો જ નથી. ચૈતન્યનો ગોળો છૂટો ત્રિકાળ પ્રકાશરૂપ જ છે. આહા..! સમજાણું કાંઈ?

'**કોઈ પ્રશ્ન કરે છે કે આમ કરતાં કાર્યસિદ્ધિ કેવી થાય છે?**' દેખો! એમાં કાર્ય શું થાય અમારે? લ્યો. પણ કાર્યસિદ્ધિ શું થાય? એમ એ કહે છે ને. આમાં કાર્ય શું? હવે મોટી તમે (વાત કરી કે) આમ કરો તો આમ થાય ને આમ કરો તો આમ થાય. એમાં કાર્યસિદ્ધિ શું? આ બહારમાં તો કાર્યસિદ્ધિ થાય, લ્યો.

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મુમુક્ષુ :- બહારમાં તો કાંઈ...

ઉત્તર :- માને કે હું ત્યાં બેઠો તો જુઓ આમ થયું. હું નહોતો બેઠો તો બગડતું હતું, ફલાણું હતું. દુકાન બંધ હતી તો આમ થાતું હતું, ઉઘાડી તો કેટલા માણસ આવવા માંડયા. ભાઈ! એ તો દુકાનમાં ગ્રાહકની રજ પણ સારી. પ્રભુભાઈ! એ બોલતા હતા કે નહિ?

કહે છે કે ભાઈ! એમાં કાર્યસિદ્ધિ તારી કાંઈ થઈ નથી. મૂઢતાની કાર્યસિદ્ધિ થઈ. '**આમ કરવાથી શું કાર્યસિદ્ધિ થાય?**' આમ કરવાથી કાર્યસિદ્ધિ કેવી ક્યા પ્રકારની હોય છે? '**ઉત્તર કહે છે—**' '**इह किल एकः आत्मा अनात्मना साकम् तादात्म्यवृत्तिम् क्वापि काले कथमपि न कलयति**' આ આખી લીટી એક. ભગવાન! '**इह**' '**મોહનો ત્યાગ,...**' એક તો ભગવાન જ્ઞાન ચૈતન્યસ્વરૂપની દૃષ્ટિ કરતાં એમાં મોહ નામ એકત્વબુદ્ધિનો ત્યાગ. સમજાય છે કાંઈ? રાગ અને પુણ્ય સાથે એકત્વબુદ્ધિનો ત્યાગ. આ ત્યાગ. જુઓ! આ ત્યાગ. કોઈ કહે ને આમાં શું ત્યાગ? આમ કરવાથી શું ત્યાગ? શું કાર્યસિદ્ધિ? સમજાણું કાંઈ?

ભાઈ! તું ચૈતન્ય છો, શુદ્ધ અખંડાનંદ પ્રભુ છો. એમાં રાગ અને પુણ્યની એકત્વબુદ્ધિ તે મોહ છે. અને આને આમ ભિન્ન પાડીને શ્રદ્ધા-જ્ઞાન કર તો ત્યાં ત્યાગ મોહનો પહેલો થશે. એ મહાસંસારનું મૂળિયું તેનો ત્યાગ થશે. આ ત્યાગ તે ત્યાગ કહેવામાં આવે છે. એને ત્યાગની કાર્યસિદ્ધિ-મોહના ત્યાગની કાર્યસિદ્ધિ થાય છે. આહાહા..! ભારે પણ ગોઠવ્યું છે ને. શૈલી જ એવી ગોઠવી. એમાં શું થાય? લ્યો! આ આત્મા રાગ-દ્વેષ અને પુણ્ય-પાપથી જુદો, આત્મા આ. એમાં કાર્ય શું થાય? એમાં કાંઈ ત્યાગ-બાગ દેખાય અમને? પોપટભાઈ! ભાઈ! એને અનંત કાળથી પર મારા અને પરનું કરું એવી જે મોહબુદ્ધિ હતી એનો ત્યાગ થઈ ગયો. મહાન ત્યાગ થયો. સમજાણું કાંઈ? બરાબર છે? એ ત્યાગ નાસ્તિથી કહ્યો. હવે અસ્તિ શું થાય?

'**જ્ઞાનવસ્તુનો અનુભવ—**' એ તો એકત્વબુદ્ધિનો ત્યાગ અને જ્ઞાનાનંદ સ્વરૂપનો અનુભવ. રાગની એકતાનો ત્યાગ અને સ્વભાવની એકતાનો અનુભવ. આ કાર્યસિદ્ધિ. એ કાંઈ કાર્ય હશે કે નહિ? પેલું તો બાયડી-છોકરા છોડે, ફલાણું છોડીને બેઠા હોય તો કાંઈક કર્યું. ધૂળમાંય નથી કર્યું સાંભળને. છૂટેલા જ પડ્યા છે. તને દૃષ્ટિની તો હજી ખબર નથી. સમજાણું કાંઈ? આહાહા..! '**મોહનો ત્યાગ, જ્ઞાનવસ્તુનો અનુભવ—આમ વારંવાર...**' '**इह**' છે શબ્દ ને એમાંથી કાઢ્યું. '**इह**' એટલે? કે પુણ્ય-પાપ અને દેહાદિની એકત્વબુદ્ધિરૂપી મોહનો ત્યાગ અને જ્ઞાનવસ્તુના અસ્તિત્વનો અનુભવ. એવો '**વારંવાર અભ્યાસ કરતાં...**' જુઓ! વારંવાર આ અભ્યાસ. વિકલ્પ રાગાદિ તે મોહ છે, વિકાર છે, મારું સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય છે. એને પર તરફનો ત્યાગ-આ નહિ અને આ આદર એમ વારંવાર અંતરમાં અભ્યાસ કરવાથી '**નિઃસંદેહપણે...**' '**किल**' નિશ્ચયથી છે. નિઃસંદેહ એક નામ શુદ્ધ આત્મા '**ચૈતન્યદ્રવ્ય...**'

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એવો ચૈતન્ય પદાર્થ પરવસ્તુથી ભિન્ન તને અનુભવમાં આવશે. એ હજી કહેશે. એક સમય નહિ ટકે એમ કહેશે. ભાષા એવી કરી છે ને.

**'આમ વારંવાર અભ્યાસ કરતાં નિઃસંદેહપણે શુદ્ધ ચૈતન્યદ્રવ્ય...'** શુદ્ધ વસ્તુ રાગ અને પુણ્યની એકત્વબુદ્ધિથી છૂટતાં, એ મોહથી છૂટતાં સ્વરૂપના અનુભવની દૃષ્ટિ થતાં ચૈતન્યદ્રવ્ય **'अनात्मना'** એવા જે જડકર્મ. અણાત્મા જડ કર્મ એ આત્મા નથી. આઠ કર્મ. ભાવકર્મ-દયા, દાન, પુણ્ય, પાપના ભાવ એ અણાત્મા, એ ભાવકર્મ એ અણાત્મા. પુણ્ય અને પાપ, દયા, દાન, કામ, ક્રોધના ભાવ એ અણાત્મા છે. અને **'નોકર્મ-'** એટલે શરીર, વાણી. **'આદિ સમસ્ત વિભાવપરિણામોની સાથે...'** એ બધા વિભાવના પરિણામની સાથે **'तादात्म्यवृत्तिम्'** **'જીવ અને કર્મના બંધાત્મક એકક્ષેત્રસંબંધરૂપે...'** એક સમયમાત્ર પણ કોઈ દી તારા દ્રવ્યમાં રહી શકશે નહિ. એમ કહે છે.

ભાષા શું છે જુઓ પાછી. **'એકક્ષેત્રસંબંધરૂપે...'** કોની સાથે? એ જડકર્મ સાથે, પુણ્ય-પાપના ભાવ સાથે અને શરીર, કર્મ સાથે, નોકર્મ સાથે. જે **'જીવ અને કર્મના બંધાત્મક...'** એકરૂપ જે ભાવ **'એકક્ષેત્રસંબંધરૂપે કોઈ પણ અતીત, અનાગત અને વર્તમાનસંબંધી સમય, ઘડી, પ્રહર, દિવસ કે વર્ષે કોઈ પણ રીતે નથી રહેતું.'** શું કહે છે? ભગવાન ચૈતન્ય પદાર્થ વસ્તુ રાગ અને પુણ્ય, શરીરાદિની એકત્વબુદ્ધિ છોડતાં, મોહનો ત્યાગ થતાં વસ્તુનો અનુભવ થતાં એક સમયમાત્ર પણ પુણ્ય-પાપ શરીર, કર્મ એ આત્મામાં ઠરશે નહિ, આત્મામાં રહેશે નહિ. એ ભિન્ન રહેશે. સમજાણું કાંઈ?

ફરીને. કહે છે કે તેં માન્યું હતું એકત્વપણે. એવા મોહનો ત્યાગ થતાં સ્વરૂપની દૃષ્ટિનો અનુભવ થતાં એક સમય બે ઘડી, દિવસ, રાત, કાળ કે વર્ષ કે બે વર્ષ એ શરીર, કર્મ, પુણ્ય-પાપના ભાવ એક સમય પણ આત્મામાં ટકશે જ નહિ. ચૈતન્ય દ્રવ્યમાં એક નહિ થાય કદી. એટલે એમાં રહેશે જ નહિ, ઠરશે જ નહિ, ભિન્ન રહેશે. આહાહા..! સમજાણું કાંઈ? આ સમ્યગ્દૃષ્ટિની કળાનું જ્ઞાન.

મુમુક્ષુ :- ગુરુ સમીપ થાય એવું.

ઉત્તર :- આત્માના સમીપ થાય એવું. કહો, સમજાણું આમાં?

શું કહે છે? એવો મોહનો પરની એકત્વબુદ્ધિનો ત્યાગનો અભ્યાસ અને સ્વસ્વરૂપના અનુભવનો અભ્યાસ, એને લઈને ચૈતન્યવસ્તુ, ભગવાન ચૈતન્ય પદાર્થ એ આત્મા. એમાં અણાત્માની સાથે **'तादात्म्यवृत्तिम्'** નામ એક ક્ષેત્રનો સંબંધ એવો કોઈ એક સમય, બે સમય કે વર્ષ રહેશે જ નહિ તારી સાથે. તારા ક્ષેત્રના સ્વભાવમાં એનો સંબંધ રહેશે જ નહિ. ઓહોહો..! શું કહ્યું સમજાણું કાંઈ? ચૈતન્યવસ્તુ અનંત ગુણરાશિ અરૂપી પ્રભુ, એનો અભ્યાસ અનુભવનો કરતાં અને રાગાદિની એકત્વબુદ્ધિને છોડતાં એ આત્મામાં જે આત્મદ્રવ્યની અંદર વસ્તુ છે એમાં અણાત્મા એટલે કે પુણ્ય-પાપના ભાવ, શરીર, કર્મ આદિ એક સમય

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

પણ એમાં ટકશે નહિ. પછી બે સમય, ચાર સમય અને વર્ષની તો વાતું ક્યાં રહી? સમજાણું કાંઈ?

'**સમય, ઘડી, પ્રહર, દિવસ કે વર્ષ કોઈ પણ રીતે...**' કોઈપણ પ્રકારે '**નથી રહેતું.**' વસ્તુ જ્યાં ચૈતન્ય જ્ઞાનાનંદઘન હું ભિન્ન છું. ભિન્ન છું એમાં બીજી ચીજ ભિન્ન રહી એમાં અહીં ક્યાં આવે? સમજાણું કાંઈ? જુઓને! કેવી ટીકા કેટલી કરી છે! ગૃહસ્થાશ્રમમાં હતા. પંડિત બાયડી-છોકરાવાળા હતા. બાયડી-છોકરાવાળા નહોતા. હતા છતાં દૃષ્ટિમાં નહોતા. પોપટભાઈ! આ તો ન હોય તો મારા માનીને કૂટ્યા કરે.

કહે છે, '**કોઈ પણ રીતે નથી રહેતું.**' શું કહે છે? ભાઈ! તું ભગવાન ચૈતન્ય દ્રવ્ય, ચૈતન્ય વસ્તુ, પદાર્થ અસ્તિપણે મહાસત્તા, સ્વભાવ એને પુણ્ય-પાપ અને રાગાદિના ત્યાગ એકત્વબુદ્ધિનો, એકત્વબુદ્ધિનો ત્યાગ. એકત્વના ત્યાગ સાથે સ્વભાવના એકત્વનો અનુભવ. એ સ્થિતિમાં આત્મદ્રવ્યની અંદર, અનાત્મદ્રવ્ય એટલે પુણ્ય, પાપ, રાગ, શરીરાદિ એક સમય પણ તે ચૈતન્યદ્રવ્યમાં ટકશે નહિ, ઠરશે નહિ, આવશે નહિ, રહેશે નહિ. કારણ કે એમાં છે નહિ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ધર્મનું ફળ સુખી..

ઉત્તર :- ધર્મનું ફળ આ સુખી થવું આ. ધર્મ કરશે તે સુખી થાશે. આ કહે છે ને મેલામાં? કરશે એ સુખી થાશે. અમારે કાંઈ લેવા-દેવા ન મળે.

કહે છે, ઓહોહો..! ભારે પણ કરી છે! '**काले**' કોઈ પણ રીતે. એમ. કોઈપણ પ્રકારે વસ્તુ ચૈતન્ય ભગવાન આત્મા દૃષ્ટિમાં લઈને અનુભવ કર્યો અને મોહની એકતાની ગાંઠ છોડી, હવે એમાં આત્મદ્રવ્યની અંદર અણાત્મનો પદાર્થ એક સમય પણ ફરશે, ટકશે નહિ. ટકશે નહિ એટલે આ શરીર-બરીર પડી જશે એમ? એનામાં ક્યાં છે અંદર વસ્તુમાં? વસ્તુમાં નથી એવી દૃષ્ટિ થઈ અને પરથી એકત્વબુદ્ધિ ગઈ, વસ્તુમાં અણાત્મપણું બિલકુલ રહેશે નહિ. એમ કહે છે. ઓહોહો..! જેટલો પુણ્ય-પાપનો, દયા, દાન, વ્રતાદિનો વિકલ્પ એ આત્મામાં ચૈતન્યદ્રવ્યમાં નહિ રહે. એનું આત્માનું જ્ઞાન થતાં એનું જ્ઞાન થશે, પણ એ જ્ઞાન થતાં વિકારપણું થશે નહિ. એ પહેલી વાત કરી કે નિર્વિકારીપણે જ્ઞાન થશે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ કાર્યસિદ્ધિ થાય છે.

મુમુક્ષુ :- એનું ફળ આ છે.

ઉત્તર :- આ ફળ છે. લ્યો. થોડું ભાઈ ત્યાં કરી આવી દઈએ ઓલાને. ઓપરેશન-બોપરેશન સરખું થાય, બધું થાય, સંતોષ થાય પછી, .. કરે, પછી કરવું. પોપટભાઈ!

અહીં તો કહે છે, એક ચૈતન્ય પદાર્થ મહાન વસ્તુ ધ્રુવ અનંતગુણનો રસકંદ અને એક કોર પુણ્ય-પાપ, શરીર, વાણી, મન આખું ગામ. એક કોર રામ અને એક કોર ગામ. એમાં

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જે તેં પુણ્ય-પાપ અને પરમાં એકત્વબુદ્ધિ માની એ જ મિથ્યાત્વ ને ગાંડપણું ને એ જ સંસાર. એ જ સંસાર. એનો ત્યાગ–એકત્વબુદ્ધિનો ત્યાગ અને સ્વભાવની એકત્વબુદ્ધિનો અનુભવ એવી અનુભવદૃષ્ટિ થતાં એક સમયમાત્ર પણ ચૈતન્યદ્રવ્યનું ભાન (થતાં) પરથી એકત્વ ટળ્યું અને સ્વનું એકત્વ થયું એવા દ્રવ્ય સ્વભાવમાં હવે વિકારના પુણ્ય-પાપ હો, પણ દ્રવ્યસ્વભાવમાં ટકશે નહિ, અંદરમાં આવશે નહિ. સ્વભાવમાં એકત્વપણું ટળ્યું પરની સાથે તો એકત્વ કદી થશે નહિ. એમ કહે છે.

એકત્વપણું ટળ્યું એ હવે દ્રવ્યની અંદરમાં એકત્વપણે આવે એમ કોઈ દી બને નહિ. સમજાણું કાંઈ? આ કળશ જ જુદી જાતના લ્યો. રાતે કેટલા વિચાર આવ્યા પણ ક્યાં માંદા પડે, કાંઈ શરીર ન સરખું ચાલ્યું... કીધું, આ કળશનું હરિગીત થાય ને. ભારે કળશ. પાછા ઓલા યાદ આવ્યા સવારમાં આજ ઓલા શીતલપ્રસાદે ભર્યા છે ને ભાઈ મરાઠી. આ કળશના મરાઠી અર્થ ભર્યા છે. એ સવારમાં યાદ આવ્યું હતું. .. જુઓને આ. એ આપણે હિન્દીમાં છે. છે જોયું હતું એક ફેરી. મરાઠી છે. શબ્દાર્થ.

આ તો કળશના ભાવ અંદરના છે એ તો. કીધું, આનું હરિગીત થઈ જાય ને. .. અહીં આવડે નહિ. આવડે એને નવરાશ મળે નહિ. કહો, સમજાણું કાંઈ? એવો રાતે વિચાર થયો હતો. નહિ? મેં કીધું આના એવા થાય સોંઘા.. જાવ બબ્બે આનાનું એક એક પુસ્તક. અર્થ ને ભાવાર્થ. આવી ચીજ. આ તો જૈનની ગીતા. ગીતાનો અર્થ? આત્માના ગુણ ગાવા એનું નામ ગીતા કહેવાય છે. ગીત ગાય એ ગીતા. આત્માના સ્વરૂપના ગીત ગાવા. આ કળશમાં ભર્યા એવી વાત બીજે ક્યાંય છે નહિ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો બધું એમ જ ચાલે. પણ લાખો રૂપિયા બીજે નાખે છે એ કરતાં શાસ્ત્રની અત્યારે તો જરૂર છે. સોંઘા.. સોંઘા... સોંઘા... પોપટભાઈ! જ્ઞાનની લ્હાણી. જ્ઞાન સમજો. જ્ઞાન સમજો. ચૈતન્યના પડખા કેવા ક્યા પ્રકારના એ ભાવનું ભાસન કરો એ જ મૂળ ચીજ છે. બાકી બધું સમજવા જેવું છે. સમજાણું કાંઈ?

શું કહે છે? કે પુણ્ય અને પાપના દ્રવ્યકર્મ આદિ ભાવો કે ભાવકર્મ બધું એ તાદાત્મ્યવૃત્તિપણું નહિ પામે. ક્યારે? '**क्वापि**' કોઈ કાળે નહિ પામે. એમ. કોઈ કાળે ક્યો? કે અતીત–ભૂત, ભવિષ્ય અને વર્તમાન. એક સમય પણ હવે એકપણું પામશે નહિ. જ્ઞાતા–દૃષ્ટાનું ભાન થતાં વિકલ્પ વ્યવહારનો ઉઠે એ પણ એકપણાને હવે પામશે નહિ. છૂટ્યું તે છૂટ્યું. ગાંઠ તૂટી તે તૂટી. સમજાણું કાંઈ? આ કાર્યસિદ્ધિ. લ્યો. માથે કીધું, '**આમ કરતાં કાર્યસિદ્ધિ કેવી થાય છે?**' આનું નામ કાર્યસિદ્ધિ છે. બીજું કાર્ય ક્યું કરવું છે તારે? આહાહા..! એની તો એને કિંમત લાગતી નથી. આમ થઈ જાય, આ છોડે, ફલાણું થાય ને ઢીંકણું થાય. એને બહારની કિંમત થાય. એનો અર્થ જ એકત્વબુદ્ધિ બહારમાં.

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**'કોઈ પણ રીતે નથી રહેતું.'** એટલે કોઈ સમયમાત્ર ચૈતન્યદ્રવ્યની પરથી ભિન્ન દૃષ્ટિ થતાં એકપણું ત્રણકાળમાં પામતો નથી. ત્રણકાળમાં પામે નહિ. **'ભાવાર્થ આમ છે કે :— જીવદ્રવ્ય ધાતુ અને પાષાણના સંયોગની પેઠે...'** હવે જીવદ્રવ્ય ધાતુ અને પાષાણના સંયોગની પેઠે **'પુદ્‌ગલકર્મોની સાથે મળેલું જ ચાલ્યું આવે છે...'** ભેગું આમ રહે સાથે ને સાથે. **'અને મળેલું હોવાથી મિથ્યાત્વ-રાગ-દ્વેષરૂપ વિભાવ-ચેતન પરિણામે પરિણમતું જ આવે છે.'** સાથે ને સાથે ખરા ને. ચૈતન્ય ને પુદ્‌ગલ બે. એને કારણે મિથ્યાભ્રાંતિ (થાય છે કે) જાણે આ કર્મ હું છું એવો **'મિથ્યાત્વ-રાગ-દ્વેષરૂપ વિભાવ-ચેતન પરિણામે પરિણમતું જ આવે છે.'** સંયોગ ઉપર દૃષ્ટિ છે. સ્વભાવ ઉપર દૃષ્ટિ નથી. એટલે સંયોગને કારણે અંદર પોતે લક્ષ જતાં મિથ્યા-રાગ-દ્વેષ-વિભાવ ચૈતન્ય પરિણામે પરિણમતું જ આવે છે. દેખો! ઓલા તો મળ્યા એટલી જ વાત કરી. મળેલું છે. પણ એ કારણે પોતે પોતાની ભિન્ન ચીજનું ભાન નહિ, એથી મિથ્યાત્વ રાગ-દ્વેષ વિકારપણે પરિણમ્યો છે.

**'એમ પરિણમતાં એવી દશા નીપજી...' 'એમ પરિણમતાં એવી દશા નીપજી કે જીવદ્રવ્યનું નિજસ્વરૂપ જે કેવળજ્ઞાન, કેવળદર્શન, અતીન્દ્રિય સુખ અને કેવળવીર્ય, તેનાથી આ જીવદ્રવ્ય ભ્રષ્ટ થયું...'** લાંબી વાત છે અહીં તો. આખો પેરેગ્રાફ એ સરસ છે. એ **'ચેતન પરિણામે પરિણમતું...'** શું થયું? ભગવાન આત્મા એ દશામાં **'નીપજી કે જીવદ્રવ્યનું નિજસ્વરૂપ જે કેવળજ્ઞાન, કેવળદર્શન,...'** અનંત હોં! અંદર. **'અતીન્દ્રિય સુખ અને કેવળવીર્ય તેનાથી જીવદ્રવ્ય ભ્રષ્ટ થયું...'** રાગ હું, શરીર હું. અનંતચતુષ્ટય અનંત આનંદ છું એ છૂટી ગયું. એ દ્રવ્યપણું છૂટી ગયું. દૃષ્ટિમાંથી દ્રવ્યની શક્તિઓ છૂટી ગઈ અને આ હું છું. **'ભ્રષ્ટ થયું તથા મિથ્યાત્વરૂપ વિભાવપરિણામે પરિણમતાં જ્ઞાનપણું પણ છૂટી ગયું;...'** દ્રવ્યપણાથી ભ્રષ્ટ થયો. એથી મિથ્યાત્વ પરિણામના, વિકારપરિણામથી પરિણમતાં જ્ઞાનપણું છૂટી ગયું. જ્ઞાતાપણું, ચૈતન્યપણું છૂટી ગયું. રાગ ને પુણ્ય ને એ હું છું. એવી દૃષ્ટિ થઈ, એને લઈને ચાર ગતિમાં રખડી રહ્યો છે. પછી શું થયું વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


વીર સંવત–૨૪૯૧, ફાગણ વદ ૧૪, બુધવાર,
તા. ૩૧–૩–૧૯૬૫, કલશ–૨૨–૨૩
પ્રવચન નં. ૨૫

આ કળશટીકા સમયસારની. એનો ૨૨મો કળશ ચાલે છે. જુઓ ભાવાર્થ. છે ને ભાવાર્થ? પાનું ૨૨. ભાવાર્થ છે. થોડું ચાલ્યું છે. ફરીને. આ જે માથે કહ્યું ને એનું સ્પષ્ટીકરણ કરે છે. શું કહ્યું માથે? કે આત્મા શુદ્ધ જ્ઞાનાનંદઘન વસ્તુ અને પુણ્ય-પાપ રાગાદિ વિકાર પર એનું ભેદજ્ઞાન થતાં, એમાં સ્વરૂપની દૃષ્ટિ થતાં, એમાં એક સમયમાત્ર પણ પુણ્ય-પાપનો વિકાર કર્મ આદિ એકત્વપણે ટકતા નથી, ઠરતાં નથી. સમજાણું? ત્યારે કહે છે કે કેમ અનાદિથી? આ થયું શું? સમજાય છે?

'**ભાવાર્થ આમ છે કે :- જીવદ્રવ્ય...**' આ આત્મદ્રવ્ય નામ પદાર્થ-વસ્તુ '**ધાતુ અને પાષાણના સંયોગની પેઠે...**' ધાતુ એટલે સોનું આદિ અને પાષાણ-પત્થર. સોનાના પત્થર કહેવાય છે ને? ખાણમાંથી નીકળે એમાં ભેગું. એની '**પેઠે પુદ્ગલકર્મોની સાથે...**' '**જીવદ્રવ્ય ધાતુ અને પાષાણના સંયોગની પેઠે પુદ્ગલકર્મોની સાથે મળેલું જ ચાલ્યું આવે છે...**' પુદ્ગલકર્મ જડ માટી એની સાથે આત્મપદાર્થ, દ્રવ્ય વસ્તુ ચૈતન્યપિંડ ભિન્ન. એ બે સાથે ચાલતા આવ્યા છે. અનાદિથી બે સાથે ને સાથે છે. '**અને મળેલું હોવાથી...**' એકસાથે રહેવાને કારણે '**મિથ્યાત્વ-રાગ-દ્વેષરૂપ વિભાવ-ચેતનપરિણામે પરિણમતું જ આવે છે.**' આત્મવસ્તુ અને કર્મવસ્તુ બે અનાદિથી એકસાથે ભેગી રહેલી એક ક્ષેત્રે અને એના સંબંધમાં અનાદિ કાળથી મિથ્યાભ્રમ અને રાગ-દ્વેષરૂપ વિભાવ ચૈતન્યની પરિણતિ એવા પરિણામથી પરિણમી રહ્યો છે. અનાદિથી એ પણ પરિણમી રહ્યો છે. સમજાણું કાંઈ?

'**એમ પરિણમતાં એવી દશા નીપજી...**' આત્મવસ્તુ જ્ઞાનઘન આનંદ અનંતચતુષ્ટય સ્વરૂપ પદાર્થ આત્મા અને કર્મનો સંયોગ, પાષાણ અને સોનું આદિ ધાતુ સાથે મળેલી અનાદિની છે. એને કારણે અનાદિના ભેગાને કારણે એ પોતે સંબંધ પામીને, પોતાના અનંતચતુષ્ટય સ્વરૂપના તત્ત્વને જીવદ્રવ્ય ભૂલીને મિથ્યાત્વભાવ, રાગ-દ્વેષભાવ એવા જે વિકારી ચૈતન્ય પરિણામ, એનાથી '**પરિણમતું જ આવે છે.**' એનાથી પરિણમ્યો જ એ અનાદિથી ચાલ્યો આવે છે. પહેલો શુદ્ધ હતો પર્યાયમાં અને પછી આ અશુદ્ધપણે પરિણમ્યો એમ નથી. પહેલો કર્મનો સંયોગ નહોતો અને પછી થયો એમ પણ નથી. એમ બે વાત સિદ્ધ કરી.

એમ આત્મા પોતાનું નિજ સ્વરૂપ જ્ઞાન, દર્શન, અતીન્દ્રિય આનંદ અને બળ અંતર એવા જીવદ્રવ્યને ભૂલીને એ વિકારપણે પરિણમતાં એવી દશા નામ અવસ્થા ઊપજી, આત્મામાં એવી પર્યાય એટલે અવસ્થા ઊપજી '**કે જીવદ્રવ્યનું નિજસ્વરૂપ જે કેવળજ્ઞાન,...**' એકલું

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જ્ઞાનસ્વરૂપ. **'કેવળદર્શન,...'** એકલું દર્શન-દૃષ્ટા સ્વરૂપ **'અતીન્દ્રિય સુખ...'** ઇન્દ્રિય વિનાનું અતીન્દ્રિય સુખરૂપ એનું સ્વરૂપ **'અને કેવળવીર્ય,...'** એકલું બળ.. બળ.. બળ.. એવું અનંતચતુષ્ટય નિજ ચૈતન્યનું અનાદિ અંતર સ્વરૂપ. **'તેનાથી આ જીવદ્રવ્ય ભ્રષ્ટ થયું...'** પોતાનું જ્ઞાન, બેહદ જ્ઞાન, બેહદ દર્શન, અનહદ વીર્ય, અપાર વીર્ય અને અતીન્દ્રિય આનંદ અપાર. એવું એનું નિજ સ્વરૂપ, પદાર્થ સ્વરૂપ એને ભૂલી અને મિથ્યારૂપે અને રાગ-દ્વેષરૂપે પરિણમ્યો. જીવદ્રવ્ય ભ્રષ્ટ થયું. સમજાય છે કાંઈ?

**'તથા મિથ્યાત્વરૂપ...'** વિપરીત માન્યતા. ભગવાન જ્ઞાતા, દૃષ્ટા, આનંદ અને બળસંપન્ન પૂર્ણ હોવા છતાં સંયોગના સંબંધે અનાદિનો પરિણમતો હોવાથી જીવદ્રવ્ય પોતાના દ્રવ્યસ્વભાવથી ભ્રષ્ટ થયો. **'તથા મિથ્યાત્વરૂપ વિભાવપરિણામે પરિણમતાં...'** મિથ્યા શ્રદ્ધા (અર્થાત્) એટલો હું, એટલો હું એ રાગ-દ્વેષ, પુણ્ય-પાપ એટલો હું એમ મિથ્યાશ્રદ્ધાના વિકારી પરિણામથી પરિણમતો થકો **'જ્ઞાનપણું પણ છૂટી ગયું;...'** હું જ્ઞાતા છું એ જ્ઞાન એ પણ છૂટી ગયું. હું જ્ઞાન છું એ દૃષ્ટિમાં ન રહ્યું.

મુમુક્ષુ :- પહેલેથી છૂટી ગયું ને?

ઉત્તર :- અનાદિથી. અહીં તો ક્રમસર વાત કરે છે. અનાદિથી છૂટી ગયું. હું જ્ઞાન છું એ વાત છૂટી ગઈ. હું રાગ છું એ વાત રહી ગઈ. સમજાણું કાંઈ? શું કીધું?

મુમુક્ષુ :- માણસ છું એમ થઈ ગયું.

ઉત્તર :- માણસ એમ થઈ ગયું છે એ તો વળી બહુ સ્થૂળ એ તો.

અહીં તો કહે છે... અહીં તો રાગનો વિકલ્પ છે, પરિણમે છે મિથ્યાભ્રમપણે વસ્તુની શક્તિનું આખું સત્ત્વ જીવ બેહદ જ્ઞાન, દર્શન, આનંદ અને વીર્યની મૂર્તિ આત્મા છે. કેવળ-કેવળ કહેતાં એકલું જ્ઞાન, એકલું દર્શન, અતીન્દ્રિય એકલું સુખ અને એકલું વીર્ય. એવો આત્મા છે. એકલું. કેવળ એટલે એકલો. એમાં પુણ્ય ને પાપ ને વિકલ્પ એ એકલા સ્વરૂપમાં છે નહિ. પણ અનાદિ મિથ્યાભ્રમમાં પરિણમતો પોતાના દ્રવ્યસ્વભાવથી ભ્રષ્ટ થયો અને મિથ્યાત્વ પરિણામે પરિણમતો જ્ઞાનપણું પણ છૂટી ગયું. હું જ્ઞાન છું એ દૃષ્ટિમાં અનાદિથી રહ્યું નહિ. એ તો રાગ છું, પુણ્ય છું, આ છું, આ છું. પછી આગળ લે તો શરીર છું. કહો, સમજાણું કાંઈ?

જ્ઞાનપણું ચૈતન્ય જ્ઞાનસ્વરૂપ મુખ્ય જે જ્ઞાન અહીં લીધું. ઓલા ચાર સ્વરૂપ છે એનાથી ભ્રષ્ટ થયો પણ જ્ઞાન એની જે મુખ્ય વસ્તુ છે કે આ જ્ઞાન તે હું, ચૈતન્ય એ ભ્રષ્ટ થઈ ગયો. રાગ તે હું, પુણ્ય તે હું, પાપ તે હું. પર્યાયબુદ્ધિમાં જેટલો વિકૃતભાવ ઊપજે એ હું અને એનાથી આગળ જતાં એના નિમિત્તો તે હું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ કીધું ને મનુષ્યપણે છું એમ કીધું. પોપટભાઈ! જુઓને, આ કેટલું કીધું!

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જ્યાં જ્યાં બાયડી-છોકરા ભેગા થાય તો કહે હું, એ મારા. ભેગા થાય હોં! ક્યાંકના આવેલા. એની સાથે કાંઈ સંબંધ ન મળે.

મુમુક્ષુ :- વર્તમાન સંબંધ છે.

ઉત્તર :- જરીએ સંબંધ નથી ધૂળેય તે. વર્તમાનમાં હોય તો ત્રિકાળ હોવો જોઈએ. વર્તમાનમાં છે જ નહિ એને સંબંધ. એને સંબંધ તો અનંત જ્ઞાન, દર્શન, જ્ઞાન, આનંદ સ્વરૂપ સાથે સંબંધ છે. કહો, સમજાણું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. ભ્રમણા. આ મારા. આ મારા. આ મા-બાપ મરી જાય, છોકરા મરી જાય.. એવા તારા છોકરા ને બાયડી તો ઘણા પડ્યા છે. આ લીમડાના પાંદડામાં પડ્યા છે ઘણા. બટાટાની એક લસણની ડુંગળી આમ આટલો ગાંગડો એમાં અનંતા પડ્યા તારા પૂર્વના મા, બાપ, ભાઈ, બાયડી. મરી ગયેલા એમાં પડ્યા.

મુમુક્ષુ :- .. વર્તમાન હોય એની સંભાળ લેવાય ને.

ઉત્તર :- પણ વર્તમાન હતો કેદી? એ તો કહે છે અહીંયાં. તારામાં વર્તમાન બેહદ કેવળજ્ઞાન. એ કેવળ એટલે પર્યાયની વાત નથી. એકલું જ્ઞાન, એકલું દર્શન, એકલું અતીન્દ્રિય સુખસ્વરૂપ અને એકલું બળ-શક્તિ-વીર્યસંપન્ન ચૈતન્ય છે. એ અનાદિથી પર ઉપર લક્ષ કરી મિથ્યાત્વ પરિણામે પરિણમતો જ્ઞાનથી પણ ભ્રષ્ટ થયો. દ્રવ્યથી ભ્રષ્ટ થયો, જ્ઞાન હું છું એનાથી પણ ભ્રષ્ટ છે.

**'જીવનું નિજ સ્વરૂપ તો અનંતચતુષ્ટય છે,...'** ભગવાન આત્માનું હોવાપણું, હોવાપણું, અસ્તિપણું, મોજૂદગીપણું, મહાસત્તાના સ્વભાવપણું, એનું હોવાપણું તો અનંતચતુષ્ટય છે. ઓલામાં કેવળ લીધું હતું કેવળ-કેવળ. ચાર શબ્દ. એમાં અતીન્દ્રિય. ત્રણમાં કેવળ લીધું હતું, એકમાં અતીન્દ્રિય સુખ લીધું હતું અને ચારમાં સમુચ્ચય અનંતચતુષ્ટય એમ લીધું હવે. ભગવાન આત્મા અનંત જ્ઞાન. જ્ઞાન સ્વભાવ એને હદ શી? મર્યાદા શી? માપ શું? અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતઆનંદ, અનંતબળ. એવું એનું નિજ સ્વરૂપ છે. ચૈતન્યનું નિજ સ્વરૂપનું હોવાપણું, નિજ સત્તાના હોવાપણામાં આ ચીજો એની અનાદિ અંતર પડી છે.

મુમુક્ષુ :- દરેક આત્મામાં રહી છે?

ઉત્તર :- દરેકની વાત છે ને. કોની વાત છે આ?

એ સ્વરૂપ છે. છતાં **'શરીર,...'** હવે આવ્યું જુઓ! **'શરીર,...'** આ શરીર. રોગ થયો તો કહે મને થયો, મટી ગયો તો કહે મને મટ્યો.

મુમુક્ષુ :- એ તો ..

ઉત્તર :- આ નથી આવ્યા? આ શરીર શું કીધું આ? શરીર એ **'ઈત્યાદિ બધું પુદ્‌ગલકર્મની ઉપાધિ છે,...'** એ ઉપાધિ છે એને પોતાનું માન્યું. જુઓને! શબ્દ પડ્યો છે કે નહિ?

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

શરીર તો જોડે મફતની ચીજ આવી છે ઉપાધિ. એને ઠેકાણે આ હું. આ હું. અનંત જ્ઞાન, દર્શન, આનંદ અને સુખ, વીર્ય હું એ છૂટીને આ હું.. આ હું (થઈ ગયું છે). આહાહા..! **'શરીર, સુખ,...'** સંયોગો પ્રતિકૂળ, અનુકૂળ આવે. આહાહા..! મને મળ્યા.. મને મળ્યા.. પૈસા આદિ શરીર ઠીક હોય નિરોગતા હોય તો મને મળ્યા. પણ તને ક્યાં? તું કોણ અને તને મળ્યા એટલે શું? આહાહા..! તું તો અનંતચતુષ્ટય સ્વરૂપ છો. એમાં તને મળ્યા એટલે શું એ તારામાં આવી ગયા છે? એ સુખ-સુખ. અનુકૂળ સામગ્રી બહારની. **'દુઃખ,...'** પ્રતિકૂળ સામગ્રી. રોગ, નિર્ધનતા, દરિદ્રતા વગેરે. અમે દરિદ્રી, અમે તવંગર, અમે શેઠિયા, અમે હલકા માણસ. લ્યો! એ પ્રતિકૂળ-અનુકૂળનું હોવાપણું પરના અસ્તિત્વમાં છે. પોતાના હોવાપણામાં એ નથી. છતાં એ પરના હોવાપણામાં કેવી ચીજ છે? એક તો શરીર લીધું. પછી સુખ-દુઃખ. બે.

**'મોહ,...'** મિથ્યાભ્રમ. એ મિથ્યાભ્રમ. એ મારા એ મિથ્યા સાવધાની એ ભ્રમ ઉપાધિ છે. **'રાગ, દ્વેષ...'** પરિણામ લીધા. **'ઈત્યાદિ...'** રાગ એ ઉપાધિ છે. વિકલ્પ શુભાશુભ રાગ. ભગવાન આત્મા અનંતજ્ઞાન, દર્શન, આનંદ અને વીર્યની મૂર્તિ એમાં આ શરીર, સંયોગો અનુકૂળ-પ્રતિકૂળ, મોહ એટલે ભ્રમણાં અને રાગ અને દ્વેષ એ બધા સ્વરૂપ ચતુષ્ટયમાં ઉપાધિ છે. અનંતચતુષ્ટય સ્વરૂપના મહાધામમાં એ ઉપાધિ જોડે છે. એ એનું સ્વરૂપ નથી. જુઓ! **'ઈત્યાદિ...'** એમાં બધું લેવું હરખ, શોક, વિકલ્પ આ દયા, દાન, ભક્તિ. કેમ આવ્યા નથી આ? ગયા લાગે છે ક્યાંક. સમજાણું? **'બધું પુદ્‌ગલકર્મની ઉપાધિ છે,...'** એ બધી પુદ્‌ગલકર્મની ઉપાધિ. કોણ? શરીર, સંયોગ, અનુકૂળ-પ્રતિકૂળ, મોહ અને રાગ બધું કર્મ પુદ્‌ગલની ઉપાધિ છે. પોતાનું નિરૂપાધિ સ્વરૂપ નથી. સમજાણું કાંઈ? જુઓ! પુદ્‌ગલ કર્મની ઉપાધિ કીધી આ મોહ-રાગ-દ્વેષ. અહીં તો કહે છે, તારા સ્વરૂપમાં નથી માટે તે કર્મના નિમિત્તની ઉપાધિ બધી કર્મની છે. સમજાણું કાંઈ? આમ એક કોર ભગવાન રામ અને એક કોર આ બધું ગામ. એ બધું ગામ એટલે સમુદાય. ગામનો અર્થ સમુદાય થાય છે.

મુમુક્ષુ :- ગ્રામ.

ઉત્તર :- ગ્રામ ગ્રામ થાય છે ને. એ ગ્રામ. સમજાણું? પણ એ ગામમાં પણ એમ કહેવાય છે. આ ગામ ગામ કહે છે ને? એ ગ્રામ છે મૂળ તો. સમુદાય માણસનો.

એ **'પુદ્‌ગલકર્મની ઉપાધિ છે,...'** ભગવાન આત્મા વસ્તુ, વસ્તુ તરીકે, પદાર્થ તરીકે ચૈતન્યનું સત્ત્વ જે જ્ઞાન, દર્શન, આનંદના હોવાપણા તરીકેમાં એ ધ્રુવ દ્રવ્ય જે અનાદિઅનંત ભિન્ન સ્વરૂપે વસ્તુ છે, એમાં પુણ્ય ને પાપ, કામ ને ક્રોધ, રાગ ને મોહ, શરીર અનુકૂળ-પ્રતિકૂળ એ બધું કર્મની ઉપાધિ જોડે છે. એ ગામ. આની કોર રામ છે ભગવાન. સમજાણું કાંઈ?

**'જીવનું સ્વરૂપ નથી-એવી પ્રતીતિ પણ છૂટી ગઈ.'** સમજાણું? **'જીવનું સ્વરૂપ**

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**નથી-એવી પ્રતીતિ પણ છૂટી ગઈ.**' એવી પ્રતીતિ પણ ઉપાધિ છે. એ જીવનું સ્વરૂપ નથી છતાં એવી પ્રતીતિ પણ છૂટી ગઈ. એ જીવનું સ્વરૂપ નથી એવી પ્રતીતિ પણ છૂટી ગઈ. હું જ એ છું, હું જ એ છું. જીવનું એ સ્વરૂપ નથી. હરખ, શોક, શરીર, વાણી, મન, વિકલ્પમાત્ર જીવનું સ્વરૂપ નથી. છતાં એ '**જીવનું સ્વરૂપ નથી-એવી પ્રતીતિ પણ છૂટી ગઈ.**' એ મારું સ્વરૂપ છે એમ થયું. સમજાણું કાંઈ? '**પ્રતીતિ છૂટતાં જીવ મિથ્યાદષ્ટિ થયો;...**' પ્રતીતિ છૂટી એટલે મિથ્યાદષ્ટિ (થયો). સાથે ને સાથે છે પણ સમજાવે છે. ભગવાન આત્મા આમ જ્ઞાન, દર્શન, આનંદ અને વીર્ય એવું એનું નિજ સ્વરૂપ અને આ શરીર સુખ-દુઃખ, રાગદ્વેષ, મોહ, વિકલ્પ, દયા, દાન આદિ પરિણામ એ બધું કર્મજન્ય ઉપાધિ છે. એ જીવનું સ્વરૂપ નથી. છતાં એ જીવનું સ્વરૂપ છે એમ પ્રતીતિ થઈ. એટલે જીવના સ્વરૂપની પ્રતીતિ છૂટી ગઈ. આ હું એમ કહેતાં જીવના સ્વરૂપની પ્રતીતિ છૂટી ગઈ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- પરાણે ચોંટ્યો છે?

ઉત્તર :- તો કોને ચોંટ્યો છે? શું કહે છે આ? વળગવા જાય છે પરાણે. કર્મની ઉપાધિ છે.

'**જીવનું સ્વરૂપ નથી-એવી પ્રતીતિ પણ છૂટી ગઈ.**' આ જીવનું સ્વરૂપ નથી એમ પ્રતીતિ ન રહી. સમજાણું? નહિ, એ મારું સ્વરૂપ છે, મારું સ્વરૂપ છે. '**પ્રતીતિ છૂટતાં જીવ મિથ્યાદષ્ટિ થયો;...**' સમજાણું? શું કીધું? ઉપાધિ છે ને? જીવનું સ્વરૂપ નથી. એવી પ્રતીતિ છૂટી ગઈ. આ મારું સ્વરૂપ નથી એનું ભાન રહ્યું નહિ. '**મિથ્યાદષ્ટિ થયો;...**' આ રીતે અનાદિ કાળથી જેની દષ્ટિમાં અસત્યપણાની દષ્ટિ ઊભી થઈ. આહાહા..! કેવો ક્રમ લીધો! જુઓ! ફક્ત લીધું છે આ હોં! એ શુદ્ધ ચૈતન્યદ્રવ્ય અનાત્મ સાથે... સમજ્યાને? એકપણું નહિ પામે. પણ આ એકપણું કેમ પામ્યું છે અનાદિથી? કે આ રીતે છે. સમજાણું કાંઈ? આહાહા..! આ જ બધું ભાળે. ઓલો મોટો આખો ભગવાન છે અનંત જ્ઞાન, દર્શન આનંદ એની તો ખબર નથી. એનું હોવાપણું તો ઉડાવી દીધું આકાશના ફૂલની જેમ. આકાશના ફૂલ નથી એમ હું પણ નથી. આવો નથી. હું આવો. આવો. આ બધું (હું). કહો, સમજાય છે કાંઈ? પોતાના નિજના હોવાપણામાં જ મોટી ખોટ પડી. જે હોવાપણામાં જે ચીજ નથી એને હોવાપણે માની અને પોતાના હોવાપણાની પ્રતીતિ નાશ કરી. સમજાણું કાંઈ?

'**મિથ્યાદષ્ટિ થયો થકો...**' જુઓ! પહેલું કીધું, જીવદ્રવ્ય ભ્રષ્ટ થયું, પછી જ્ઞાનપણાથી છૂટ્યો, પછી પ્રતીતિથી છૂટ્યો, '**પ્રતીતિ છૂટતાં જીવ મિથ્યાદષ્ટિ થયો;...**' હવે ત્રીજી ભૂલ '**મિથ્યાદષ્ટિ થયો થકો જ્ઞાનાવરણાદિ કર્મબંધકરણશીલ થયો.**' કરણશીલ એટલે જ્ઞાનાવરણીય બંધાય, એના નિમિત્તરૂપે પરિણમનના સ્વભાવવાળો છે. જે અનંતચતુષ્ટય સ્વભાવવાળો છે એ બદલી ગયો. આઠ કર્મના બંધનનો કરણશીલ. એને નિમિત્ત થઈને આઠ કર્મને બાંધે એવો એનો સ્વભાવ થઈ ગયો મિથ્યાદષ્ટિપણામાં. સમજાણું કાંઈ? કર્મબંધકરણશીલ. એ બંધનો કરણશીલ. એમ. જે બંધાય છે તેનું કરવું એનો સ્વભાવ મારો છે એમ થઈ

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ગયું. મિથ્યાત્વપણે નિમિત્ત થાય છે ને બંધન સ્વભાવમાં? એટલે બંધનના સ્વભાવનો બંધન ભાવ એ જ મારો. બંધનપણાને પામું એવો મારો સ્વભાવ. એવું એને દૃષ્ટિમાં રહી ગયું. પણ વસ્તુને બંધનપણું છે નહિ. વસ્તુ અનંત જ્ઞાન-દર્શન-આનંદસ્વરૂપ અબંધસ્વરૂપ છે. એને ઠેકાણે આઠ કર્મના બંધન, '**બંધકરણશીલ થયો.**' બંધનને નિમિત્ત થવું એવો સ્વભાવ થઈ ગયો. નહિતર બંધનને નિમિત્ત થવું એવો જીવદ્રવ્યમાં સ્વભાવ નથી. નવા કર્મને બંધનનું નિમિત્ત થવું એવો સ્વભાવ નથી. સમજાણું કાંઈ? કારણ કે જડને તો શું કરે? પણ '**કર્મબંધકરણશીલ...**' એને બંધનનું થવું એના સ્વભાવવાળો ભાવ થઈ ગયો. લ્યો, એટલું ત્યાં સુધી લાવ્યા. હવે અહીં ગતિ લાવે છે એમાંથી.

મુમુક્ષુ :- બહુ અભ્યાસ ઘણો થઈ ગયો.

ઉત્તર :- ઘણો થઈ ગયો એમાં એકાકાર. સ્વભાવ જ એવો થઈ ગયો. જાણે આ મારો સ્વભાવ આ બંધ થવાનો. પરિણામ એવા થઈ ગયા. કર્મબંધન સ્વભાવ. અબંધ મારો સ્વભાવ છે એ ચતુષ્ટય એ ભૂલી ગયો. આ કર્મ આઠ કર્મને બાંધવાના ભાવવાળો હું છું. બાંધવાના ભાવવાળો હું છું. એ જ મારો સ્વભાવ છે. બસ.

મુમુક્ષુ :- વિભાવ સ્વભાવવાળો જ હું છું.

ઉત્તર :- બસ, એ જ થઈ ગયું એને. સમજાણું કાંઈ?

'**તે કર્મબંધનો ઉદય થતાં જીવ ચારે ગતિઓમાં ભમે છે.**' લ્યો, ત્યાં ચકરાવ લાવ્યા. એ કર્મબંધનનો ઉદય હોવાથી. ઓલો બંધનો ભાવ કર્યો બંધન થયું, એનો ઉદય થતાં જીવ ચારે ગતિ(માં ભમે છે). એ તો બંધનમાં પોતાનો સ્વભાવ બંધ થવામાં નિમિત્ત થાય એવો મારો સ્વભાવ છે એમ થયું એટલે બંધન થયું. એ બંધનના ઉદયને લઈને પોતે પોતાને કારણે પરિભ્રમણને પામ્યો. '**જીવ ચારે ગતિઓમાં ભમે છે.**' લ્યો! પાછો કોઈ કહે, કર્મને લઈને રખડે છે એમ નહિ. અહીં તો પોતાનું સ્વરૂપ અબંધશીલ સ્વભાવ છે. કર્મના બંધનને નિમિત્ત થવું એવો પણ આત્માનો સ્વભાવ નથી. ઝીણી વાત છે, ભાઈ! એવો અબંધ સ્વભાવ અનંત જ્ઞાન-દર્શન આદિને ભૂલી જાણે બંધનના સ્વભાવવાળો જ હું છું, બંધનને જ હું કરું એવું મારું સ્વરૂપ છે. એમ બંધનકરણશીલ ભાવ થઈ ગયો. હવે એ બંધન પડ્યું એને ઉદયને લઈને, ઉદયને લઈને એટલે કે એ વખતે યોગ્યતા તો પોતાની છે. સ્વભાવમાં રખડવાનું નથી એટલે અહીં કહે છે. શું કીધું?

અનંતચતુષ્ટય છે આત્મા જ્ઞાન, દર્શન, આનંદ, એમાં પરિભ્રમણનું કારણ છે જ નહિ. વસ્તુમાં પરિભ્રમણની યોગ્યતા પણ અંદરમાં નથી. શેઠી! એ કર્મબંધનશીલનો સ્વભાવ પોતે કર્યો એટલે બંધનને કારણે પોતે રખડવા માંડ્યો. ચાર ગતિમાં રખડે છે. આહાહા..! '**જીવ ચારે ગતિઓમાં ભમે છે.**' પાછા એમ બે અર્થ કરી નાખે કે કર્મબંધ જડના કરવાનો સ્વભાવ થયો એમ નહિ. કાંઈ જડનો સ્વભાવ નથી થાતો એનામાં. એનો અર્થ આમ થયો

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કે આ કર્મબંધનના સ્વભાવવાળો થયો કે આ બાંધુ એ જ હું છું અને એને લઈને રખડ્યો, એટલે એને લઈને હું રખડ્યો, કાંઈ સ્વભાવને લઈને હું રખડ્યો નથી. એમ છે વાત. શેઠી!

મુમુક્ષુ :- એના અર્થ ન સમજે.

ઉત્તર :- અર્થ ન સમજે તો શું કરે? આવ્યું નહોતું? શબ્દાશય શું છે? ભાવાશય શું છે? શબ્દાશય ... નહોતું આવ્યું સવારમાં કાલે? મુનિદોષ છે બે દોષ. બે દોષ. મુનિ આવા દોષ સેવે. દોષ.. વાત છે? એ તો ગુણની વાત હતી. નિંદા દ્વારા સ્તુતિ.

**'આ પ્રકારે સંસારની પરિપાટી છે.'** આમાંથી કાઢે. જુઓ, આ કર્મબંધનને લઈને સંસારની પરિપાટી છે અને કર્મ જીવ બાંધે. એ બાંધે જ પોતે એકમેક થઈ ગયો માટે એ જ બાંધે છે એમ કહે છે. સમજાણું કાંઈ? જડ કર્મ જ બાંધનારો હું. ચૈતન્ય અનંતચતુષ્ટય તો ભૂલી ગયો દૃષ્ટિમાં. એને લઈને ચાર ગતિમાં રખડે છે. **'આ સંસારમાં...'** હવે એક વાત કીધી સંસારની.

હવે સવળી લે છે. **'આ સંસારમાં ભ્રમણ કરતાં કોઈ ભવ્ય જીવનો...'** કોઈ ભવ્ય જીવનો. અભવિની તો વાત છે નહિ. અભવિને હોય નહિ. **'જ્યારે નિકટ સંસાર આવી જાય છે...'** ભવ્ય જીવને કોઈ અલ્પ સંસાર જ્યારે રખડવાનો અલ્પ રહી જાય છે **'ત્યારે જીવ સમ્યક્ત્વ ગ્રહણ કરે છે.'** ત્યારે આત્મા શુદ્ધ ચિદાનંદ અનંતચતુષ્ટય સંપન્ન એની દૃષ્ટિનો અનુભવ થાય છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ આત્મલબ્ધિ આવી. કાળની વાતેય ક્યાં કરી છે. જુઓ!

**'ત્યારે જીવ...'** એ નિકટ સંસાર આવી જાય. એનો અર્થ એ કે જેને અંતર સ્વભાવ સમીપનું નજીકપણું આવે છે એ જીવ સમ્યક્ત્વ ગ્રહણ કરે છે. એના પુરુષાર્થની ગતિ ત્યાં હતી, હવે પુરુષાર્થની ગતિ આ બાજુની આવી. એનું નામ સંસાર નિકટ છે. સમજાણું કાંઈ? કર્તા થઈને કરતો હતો ને અજ્ઞાન અને રાગદ્વેષ? બસ! કરતો હતો પોતે પછી એ કર્તાપણું છોડીને પોતાના સ્વભાવ તરફ આવ્યો. પાકી ગયો કાળ, બધું પાક્યું.

મુમુક્ષુ :- ગુલાંટ મારવાની વાર છે.

ઉત્તર :- હા. અંતર ચૈતન્ય જ્યોત બરફ. ઠંડો બરફ શાંત આત્મા આખો અંદર છે. કીધું ને, અનંત સુખ, શાંતિ એવું સત્ત્વનું હોવાપણું મહાન અનંત સ્વભાવનો ભરેલો ભગવાન, એના હોવાપણામાં પ્રતીત ન રહેતાં આ ઉપાધિ અને ઉપાધિના ભાવ મારા એમ પ્રતીત થઈ ગઈ, આ પ્રતીત વઈ ગઈ. આ પ્રતીત થઈ ગઈ અને આ પ્રતીત વઈ ગઈ. એટલે કર્મના બંધનના સ્વભાવવાળો થઈ ગયો. જાણે હું તો કર્મના બાંધવાના નિમિત્તરૂપે થાઉં એવું જ મારું સ્વરૂપ છે. વળી છૂટો આત્મા છે એ દૃષ્ટિ રહી નહિ. એથી ચાર ગતિમાં પરિભ્રમણ કરે છે. એમાં અલ્પ સંસાર સમીપ સ્વભાવની, કર્તાબુદ્ધિ સ્વભાવની આવતા, વિભાવની

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



બુદ્ધિ છૂટતાં **'સમ્યક્ત્વ ગ્રહણ કરે છે.'** કહો, સમજાણું? ગ્રહણ કરે એટલે પરિણમે છે. શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ અનંત ચતુષ્ટય સંપન્ન એ હું છું એમ શ્રદ્ધામાં, વિશ્વાસમાં, રુચિમાં પરિણમે છે.

**'સમ્યક્ત્વ ગ્રહણ કરતાં પુદ્‌ગલપિંડરૂપ મિથ્યાત્વકર્મનો ઉદય મટે છે...'** જુઓ! આમ હોં. **'સમ્યક્ત્વ ગ્રહણ કરતાં...'** સ્વભાવ શુદ્ધ ચૈતન્ય અનંત પિંડ છું, અનંતગુણનો રસ એવી દૃષ્ટિને-પ્રતીતને પકડવા-ગ્રહણ કરવાથી **'પુદ્‌ગલપિંડરૂપ મિથ્યાત્વકર્મનો ઉદય મટે છે...'** એમ લીધું છે. જોયું! સમજાણું કાંઈ? મિથ્યાત્વ કર્મનો ઉદય એ આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ, શુદ્ધ સ્વરૂપ, એની પ્રતીત અનુભવ ગ્રહણ કરવાથી પુદ્‌ગલપિંડરૂપ જે મિથ્યાત્વભાવ છે એનો ઉદય મટી જાય છે. એનો ઉદય રહેતો નથી. જડનો ઉદય રહેતો નથી એમ કહે છે. જડનો ઉદય રહેતો નથી માટે સમકિત ગ્રહણ કરે છે એમ નથી કહ્યું અહીંયાં. સમ્યક્ત્વ અનુભવ પ્રતીતિ ગ્રહણ (કરતાં) આત્મા શુદ્ધ ચૈતન્ય છે, જ્ઞાતા-દૃષ્ટાનો અનુભવ થતાં, મોહકર્મનો મિથ્યાત્વનો ઉદય મટી જાય છે. સમજાણું?

**'મિથ્યાત્વરૂપ વિભાવપરિણામ મટે છે.'** પછી સાથે. જડકર્મનો ઉદય મટી જાય છે અને મિથ્યાત્વરૂપી પરિણામ વિપરીત માન્યતા પણ ટળી જાય છે. સમજાણું કાંઈ? કર્મનો ઉદય મટે તો કરીએ. મટે. પણ મટે ક્યારે? સ્વરૂપ ચિદાનંદ મૂર્તિ જ્ઞાન અનંત આનંદથી ભરેલો પદાર્થ, જેમાં ખામી નથી આનંદની, જ્ઞાનમાં નથી ઓછપ, બળમાં નથી કાંઈ ખામી એવું સ્વરૂપ ચૈતન્ય વસ્તુ અરૂપી મહાસત્તા સ્વભાવ દળ ચૈતન્ય છે. એની દૃષ્ટિનો અનુભવ થતાં મિથ્યાત્વનો ઉદય જડનો મટી જાય છે. અને મિથ્યાત્વના પરિણામ પણ સાથે નાશ થઈ જાય છે.

મુમુક્ષુ :- દૃષ્ટિ બદલવાની જરૂર છે.

ઉત્તર :- હા, બસ, વાત ઈ છે. કહો, સમજાણું કાંઈ?

**'વિભાવપરિણામ મટતાં...'** અહીં તો સમજાવવું છે. ઓલું સમકિત ગ્રહણ કર્યું એટલે શું થયું? એમ કહે છે. **'વિભાવપરિણામ મટતાં શુદ્ધસ્વરૂપનો અનુભવ થાય છે.'** સમકિત ગ્રહણ કર્યું એટલે શું થયું? એમ કહે છે. સમજાણું કાંઈ? શુદ્ધસ્વરૂપનો અનુભવ થાય. અંતર દૃષ્ટિ સ્વરૂપની કરતાં મિથ્યાત્વ કર્મનો ઉદય મટી જાય એ જડનો. મિથ્યાત્વરૂપી પરિણામ ભ્રાંતિનો નાશ થઈ જાય એ અશુદ્ધ પરિણામ. એ અશુદ્ધ પરિણામનો નાશ થતાં **'વિભાવ પરિણામ મટતાં...'** જુઓ! એ વિભાવ કહો કે અશુદ્ધ કહો. એ મિથ્યાત્વ તે જ અશુદ્ધ પરિણામ છે. સમજાણું કાંઈ? **'શુદ્ધસ્વરૂપનો અનુભવ થાય છે.'** સમજાણું કાંઈ? આટલામાં અહીં તો તદ્દન કાયદા, નિયમ સત્યના છે. એમાં કાંઈ વાર્તા-ફાર્તા નથી. તદ્દન આ. જ્ઞાયક ચૈતન્યમૂર્તિ સ્વરૂપ એ પોતાને ભૂલીને પરના અસ્તિત્વના સ્વીકારમાં ગયો, મિથ્યાદૃષ્ટિ થયો. આ અસ્તિત્વ ગયું. આ અસ્તિત્વનો સ્વીકાર થયો, કર્મનો ઉદય ગયો, મિથ્યાત્વ પરિણામ ગયું, શુદ્ધનો અનુભવ થયો.

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મુમુક્ષુ :- પરિણમન જ બદલાઈ ગયું.

ઉત્તર :- બદલાઈ ગયું. કહો, સમજાય છે કાંઈ?

'**શુદ્ધસ્વરૂપનો અનુભવ થાય છે.**' સમ્યગ્દર્શન ગ્રહણ કર્યું એટલે શું? સમ્યગ્દર્શન ગ્રહણ કર્યું, સમ્યક્ સત્ય સ્વરૂપ આ પરમાનંદ એવી પ્રતીત ગ્રહણ કરી એટલે કે ત્યારે મિથ્યાત્વનો ઉદય જડનો ગયો. મિથ્યાત્વ પરિણામ ગયા. મિથ્યાત્વ પરિણામ જવાથી તે અશુદ્ધ પરિણામ મૂળ અશુદ્ધ હતા એ ગયા. અશુદ્ધ ગયા એટલે શુદ્ધ સ્વરૂપનો અનુભવ થયો. સમજાણું કાંઈ? જે અશુદ્ધનો અનુભવ હતો અનાદિથી, પુણ્ય અને પાપ આદિનો અનુભવ એ મિથ્યાત્વભાવ સંસાર હતો. બહુ સરસ પણ ટીકા કરી છે. આ બધા શબ્દ આખો એનો ખુલાસો કર્યો છે. સમજાણું? '**શુદ્ધ ચૈતન્યદ્રવ્ય દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મ...**' પહેલેથી અનાદિથી આમ થયું, થાય ત્યારે આમ થાય. આહાહા..! કહો, સમજાણું?

'**શુદ્ધસ્વરૂપનો અનુભવ થાય છે.**' સમ્યગ્દર્શન ગ્રહણ કર્યું એટલે શું? કે એમાં જડ કર્મનો ઉદય ગયો, મિથ્યાત્વના પરિણામ ગયા એટલે કે અશુદ્ધતાની એકત્વબુદ્ધિ ગઈ. એટલે સ્વભાવની શુદ્ધતાની એકત્વબુદ્ધિનો અનુભવ થયો. આહાહા..! સમજાણું કાંઈ? આવી વાત તો ક્યાંય વાડામાં સાંભળવાને મળે એવી નથી.

મુમુક્ષુ :- આસ્રવનો નાશ કર્યો, સંવર અને નિર્જરા (પ્રગટ થયા).

ઉત્તર :- એ ભાષા ભલે પણ આ તો એનો ન્યાય આપ્યો. એ આસ્રવ એટલે પુણ્ય અને પાપના એકપણાની અશુદ્ધતા જે મિથ્યાત્વભાવની હતી. પુણ્ય અને પાપના વિકારી પરિણામ અશુદ્ધ મલિન છે તેની એકતારૂપી મિથ્યાત્વભાવ હતો, એ મિથ્યાત્વભાવ હતો એ જ અશુદ્ધ ભાવ હતો. અને એ અશુદ્ધ ભાવનો વ્યય થતાં, વ્યય થતાં કાંઈક ઉત્પાદ થવો જોઈએ કે નહિ? એટલે સમ્યક્ ગ્રહણ થયું એટલે કે શુદ્ધ સ્વરૂપનો અનુભવ થયો એ સમ્યક્ ગ્રહણ કર્યું એમ કહેવામાં આવે છે. આહાહા..! કહો, સમજાણું કાંઈ? આમ તો સમકિત ગ્રહણ કરો.. સમકિત ગ્રહણ કરો... નથી આવતું? ચોપડીમાં લખે. લઈ જાવ અમારી પાસેથી સમકિત. એવું હશે સમકિત? ચોપડીમાં.. કુદેવ-કુગુરુ-કુશાસ્ત્ર છોડી દ્યો અને માનો એ સમકિત. એવું સમકિત નથી.

સમ્યક્ સત્ય અને અસમ્યક્ મિથ્યા બેની વચ્ચેની વાત કરે છે. અહીં તો પાઠમાં આવ્યું હતું ને આત્મા, અણાત્મા. '**आत्मा**' '**ચેતનદ્રવ્ય**' અને '**अनात्मना**' '**દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મ આદિ સમસ્ત વિભાવપરિણામો...**' એનો આ ખુલાસો કરે છે. ભગવાન આત્મા જે અણાત્મા નામ અશુદ્ધ પરિણામથી માંડીને પર ચીજ બધી, એને એકપણે અનુભવતો ત્યારે મિથ્યાદર્શનમોહનો ઉદય પણ હતો અને મિથ્યાત્વ પરિણામ પણ હતાં. ચૈતન્યદ્રવ્ય જ્ઞાતા અનંતગુણનો પિંડ અથવા અનંત ચતુષ્ટય સ્વરૂપ બેહદ સ્વભાવસ્વરૂપ, એવી અંતર અનુભવની પ્રતીતિ થતાં અશુદ્ધપણાના મિથ્યાત્વભાવનો નાશ થયો, દર્શનમોહનો ઉદય મટી ગયો, અશુદ્ધતા

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મટતા શુદ્ધનો અનુભવ થયો. એ શુદ્ધનો અનુભવ થયો એને સમ્યગ્દર્શન, જ્ઞાન અને મોક્ષમાર્ગ કહેવાય છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- યાદ રહે. કુટુંબની વાત કરો માટે યાદ રહે. આ કુટુંબની વાત છે આ. ઘરના કુટુંબની વાત છે. ધૂળના કુટુંબ કાંઈ ન મળે. બધા ફૂ થઈને ચાલ્યા જાય છે બધા. સૌને રસ્તે આવ્યા હતા અને સૌને રસ્તે ચાલ્યા જાય. એ કોઈ સામું પણ જોતા નથી. એલા કેમ પણ આ મારી ઉંમર આટલી થઈ, અમે ૮૦ વર્ષના થયા અને તું ૩૦ વર્ષનો ચાલ્યો જા છો. કહેતા હશે? મુદ્દત પૂરી થાય, ચાલ્યા ચોર્યાસીના પાટમાં ક્યાંય.. ક્યાંય... આહાહા..! ક્ષેત્ર ભલે અસંખ્ય. અસંખ્ય ક્ષેત્ર પણ અનંત અનંત ભવોના ભાવો જે સ્થાને જાય અને ક્યાં.. આહાહા..! અનંત ભગવાન આત્મા એવા સ્વરૂપની દૃષ્ટિ છોડી અને આવા અસ્તિત્વને સ્વીકારવાથી અનંતના ચોર્યાસીની પાટમાં ક્યાં રખડે એનો પત્તો નથી. એને મૂકવાનો એક જ રસ્તો.

ભગવાન આત્મા અનંત ચતુષ્ટયની સત્તાવાળી, હોવાવાળી ચીજ, એની અંતર સન્મુખ થઈને પ્રતીત અને અનુભવ કરવો, તેથી તેને મિથ્યાત્વનો નાશ અને કર્મનો ઉદય મટી જાય. એટલે એને પરિભ્રમણ રહેતું નથી. શરત પણ મોટી. મોટી ભૂલ છે એટલી જ (મોટી) શરત ટાળવાને માટે હોય ને.

'**આવી સામગ્રી મળતાં...**' આ બધી સામગ્રી. આ એટલે? કે સ્વરૂપની પ્રતીતનું ભાન અનુભવ થયો શુદ્ધનું. અશુદ્ધતા ટળી, કર્મનો ઉદય ટળ્યો. '**આવી સામગ્રી મળતાં જીવદ્રવ્ય પુદ્‌ગલકર્મથી તથા વિભાવપરિણામથી સર્વથા ભિન્ન થાય છે.**' લ્યો! સમજાણું કાંઈ? ભગવાન આત્મા એક સમયનો પદાર્થ ધ્રુવ.. ધ્રુવ.. અનાદિઅનંત અનંત ચતુષ્ટય સંપન્ન પ્રભુ એવો આત્મા, આવી સામગ્રી (અર્થાત્) સ્વરૂપને ગ્રહણ કરવું, અશુદ્ધતાનો નાશ થવો, કર્મનો ઉદય મટી જવો, શુદ્ધ સ્વરૂપનો અનુભવ થવો. એવી સામગ્રીથી જીવદ્રવ્ય અને કર્મ જે પુદ્‌ગલ કર્મ છે જડ. '**સર્વથા ભિન્ન થાય છે.**' સર્વથા ભિન્ન થાય છે. અને વિભાવ પરિણામથી પણ સર્વથા ભિન્ન થાય છે. આ માથે કહ્યું હતું ને કે એક સમયમાં ન ઠરે. '**कलयति**' હતું ને ભાઈ? અભ્યાસમાં નથી. '**कलयति**' એટલે અભ્યાસ નથી, હવે અનુભવ નથી એનો એમ. '**न कलयति**' છે ને છેલ્લું? '**न कलयति**' '**નથી રહેતું.**' બસ. અંગીકાર નથી કરતો એમ. '**न कलयति**' સમજાણું કાંઈ? ઓલામાં અંગીકાર ન કરે એમ લીધું છે. પણ '**कलयति**'નો અર્થ જ એને અભ્યાસ નથી. એ અભ્યાસ છૂટી ગયો. અનુભવ છૂટી ગયો એનો. એમ. સમજાણું કાંઈ? ભગવાન આત્મા પોતાની મહાન સત્તા સ્વભાવના આનંદ જ્ઞાનાદિનો સ્વીકાર દૃષ્ટિમાં આવતા, અંતરમાં જ્ઞાનનો, શાંતિનો અનુભવ થતાં એને કર્મબંધન સર્વથા ભિન્ન થઈ જાય છે. એ કર્મબંધ સર્વથા ભિન્ન રહી જાય છે અને વિભાવ પરિણામ સર્વથા ભિન્ન થઈ

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જાય છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- થઈ ગયું ને. થઈ ગયું.

'**જીવદ્રવ્ય પોતાના અનંતચતુષ્ટયને પ્રાપ્ત થાય છે.**' શું કહે છે? જ્યારે એ સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય એની મહાસત્તાનો સ્વીકાર ભૂલ્યો હતો ત્યારે પરની સત્તાના સ્વીકારને લઈને કર્મબંધન સ્વભાવ થઈને મિથ્યાદૃષ્ટિ થઈને રખડતો. એ મહા ચૈતન્યસત્તાના સ્વભાવની અનુભવ દૃષ્ટિ થઈ, મિથ્યાત્વ ગયું, કર્મ ગયા અને કર્મનું સર્વથા ભિન્નપણું થઈ ગયું અને વિભાવ આદિ પરિણામ રાગ-દ્વેષ રહ્યા થોડા એનું પણ સર્વથા જુદાપણું, જુદાપણું થઈ ગયું, જુદાપણું રહી ગયું. જુદાપણું થઈ ગયું.

'**જીવદ્રવ્ય પોતાના અનંતચતુષ્ટને પ્રાપ્ત થાય છે.**' હવે જુદા થયા ત્યારે થયું શું હવે અહીં? આવ્યું શું? ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં અનંતજ્ઞાન, દર્શન સંપન્ન છે એ રીતે એને 'આ હું' તેમ પ્રાપ્ત થાય છે. પહેલો દૃષ્ટિમાં પ્રાપ્ત થાય છે, સ્થિરતામાં પ્રાપ્ત થાય છે અને પછી પૂર્ણપણે પર્યાયમાં પ્રાપ્ત થાય છે. આહાહા..! શું કીધું? અનંત બેહદ ચતુષ્ટય. જ્ઞાન, દર્શન, આનંદ અને વીર્ય એવી મહસત્તાનો શક્તિ અને સત્તા એવડો તે હું એમ સ્વીકાર થયો દૃષ્ટિમાં એટલે એ જીવદ્રવ્યને પોતાની પ્રાપ્તિ થઈ. પોતાની પ્રાપ્તિ થઈ, પરદ્રવ્યની પ્રાપ્તિ ગઈ. પરદ્રવ્યનું વિભાવપણું અને કર્મનું ઉદયપણું બધું ભિન્ન પડી ગયું. સમજાણું કાંઈ? અને એ દ્રવ્યમાં વસ્તુ જે છે બેહદ જ્ઞાનાદિ જે દૃષ્ટિમાં આવ્યું એ અનંતચતુષ્ટયને પ્રાપ્ત થઈ દૃષ્ટિ. એટલે આત્મા પોતાના અનંતચતુષ્ટયને પ્રાપ્ત થયો. એ દૃષ્ટિમાં જ પ્રાપ્ત થયો સમ્યક્ અનુભવમાં જ તે. સમજાણું કાંઈ? વાર્તા કેવી આ કથા? કોઈ દી સાંભળવા મળે નહિ. ત્યાં જાય તો એક ઈન્દ્રિયા કરો, બે ઈન્દ્રિયા કરો, આ કરો ને આ કરો. રજકણ...

મુમુક્ષુ :- ..

ઉત્તર :- જાઓ. અરે..! ભાઈ! હજી તને સમકિત શું કહેવાય? મિથ્યાત્વ શું કહેવાય? કર્મ શું કહેવાય? વસ્તુ જીવદ્રવ્ય શું કહેવાય? એના ભાન વિના એ શું કરી રહ્યો છે અને શું ટાળવાનું અને ટાળીને શું રહી જાય છે? એની ખબર વિના સમ્યગ્દર્શન હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? પણ કેવી વાતને મીઠી સીધી...! આમ છે. આમ વસ્તુનો સ્વીકાર નથી માટે અહીં સ્વીકાર છે. અને આમ સ્વીકારથી તારો સ્વભાવ જ જાણે કર્મબંધનશીલ હોય એવું માની લીધું. રખડે પછી ઉદય.. આમ ચતુષ્ટયનું ભાન થયું. બેહદ ચૈતન્યધાતુ આનંદ અને જ્ઞાતા-દૃષ્ટાના સ્વભાવ અને આનંદથી ભરેલી, એમ જ્યાં પ્રતીત અને અનુભવ થયો. બસ! એ દ્રવ્યની પ્રાપ્તિ થઈ, અનંતચતુષ્ટયની પ્રાપ્તિ પ્રતીતમાં થઈ, અનુભવમાં થઈ. આ ગયું. પુણ્ય-પાપના વિકલ્પો અને શરીરાદિ આત્મામાં છે નહિ. સર્વથા ભિન્ન રહી ગયા. સમજાણું કાંઈ? પછી એમાં સ્થિર થતાં થતાં પર્યાયમાં પૂર્ણ અનંતજ્ઞાન દર્શન આદિ પર્યાયમાં પ્રાપ્ત

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


થઈ જાય એનું નામ મુક્તિ. આ તો જીવદ્રવ્યને પ્રાપ્ત થયો. સમજાણું કાંઈ?

જીવદ્રવ્યને પ્રાપ્ત થયો શું? સમજાણું આમાં? દૃષ્ટિ વિકારને પ્રાપ્ત થતી હતી અને વિકારનું અને કર્મનું હોવાપણું ચૈતન્ય દ્રવ્યમાં સ્વીકારતી હતી. એ દૃષ્ટિ સ્વભાવના સ્વીકારને લઈને, અનંત બેહદ દ્રવ્યસ્વભાવના સ્વીકારને લઈ એ આત્મા પોતાની દૃષ્ટિએ પોતાના સ્વરૂપને પામ્યો. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- સિદ્ધ ભગવાનની આત્મકથા.

ઉત્તર :- આત્મકથા છે આ. ભાગવત કથા. લ્યો ભાઈ, અહીં તો પછી કીધું ને રામજીભાઈએ કે આ ગીતા-ગીતા બે-ચાર વાર કહેશો તો ગીતા થઈ જશે. આ ગીતા છે આ આત્માના ગુણની. સમજાય છે કાંઈ? અવગુણનું જ્ઞાન કરાવે છે અને આત્માના ગુણનું ભાન કરાવે છે. આવી આ ગીતા છે ગીતા. આ કળશો તો ગીતા છે! મહા ભાગવત ગીતા!! સમજાણું કાંઈ? આહાહા..! કળશો પણ કર્યા છે ને. જોકે આચાર્યે પણ બેહદ કરી નાખી છે એમાં.

મુમુક્ષુ :- આચાર્યે..

ઉત્તર :- એમાંથી કાઢ્યું છે. એના ઘરનું બિલકુલ નથી. એ શબ્દોમાં ભર્યું છે બધું. બધા શબ્દોમાં જ ભર્યું છે. સમજાણું કાંઈ? અહીં ઠરે નહિ અને '**न कलयति**' એમાંથી આ બધું કાઢ્યું. ઠરે છે કેમ અનાદિથી? એમાંથી ઠરે છે કે આમ. પોતાના અનંત ચતુષ્ટયને ભૂલી અને રાગ-દ્વેષ, પુણ્ય-પાપમાં ઠર્યો અને એને પોતાના અસ્તિત્વ તરીકે સ્વીકાર્યો. પોતાના સ્વરૂપની પ્રતીતિથી ભ્રષ્ટ થયો, શ્રદ્ધા ભ્રષ્ટ થયો, ચાર ગતિમાં રખડે. એ પોતાના સ્વરૂપની અંતર અનંત જ્ઞાન, બેહદ શાંતિની અંતર પ્રતીતિ થતાં પોતાના દ્રવ્ય સ્વરૂપની પ્રતીતિને પ્રાપ્તિ થઈ. દૃષ્ટિને એટલે પોતાને પોતાના સ્વરૂપની પ્રાપ્તિ થઈ. પ્રાપ્તિ થતાં પુણ્ય અને પાપ અને શરીર, વાણી, મન જુદાં રહી ગયા. જુદા રહી ગયા. બસ. સમજાણું કાંઈ?

'**વિભાવપરિણામથી સર્વથા ભિન્ન થાય છે.**' એમ કહ્યું છે હોં! ભાઈ! વિભાવપરિણામથી સર્વથા નાશ થાય છે એ પછી વાત. અત્યારે અહીં તો પહેલી દૃષ્ટિની (વાત છે). વિભાવપરિણામ દ્રવ્યથી ભિન્ન થાય છે. બસ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- બેની એકતા હતી એ ભિન્નતા થઈ ગઈ.

ઉત્તર :- હા. અને ઓલામાં કહ્યું હતું ને કે આ કરવાથી કાર્યસિદ્ધિ શું? ત્રીજી લીટીમાં હતું ને માથે? આવું કરવાથી કાર્યસિદ્ધિ શું? કે કાર્યસિદ્ધિ મોહનો ત્યાગ અને જ્ઞાનવસ્તુનો અનુભવ. એ વારંવાર અભ્યાસ કરતાં શુદ્ધ ચૈતન્યદ્રવ્ય પ્રાપ્તિપણે પામે છે. તો એકત્વપણું છૂટી જાય છે. એમ. એકત્વપણું છૂટે છે અને સ્વરૂપની પ્રાપ્તિ થાય એનો આ બધો વિસ્તાર કર્યો. પુણ્ય-પાપના વિકલ્પો અને શરીરાદિનું એકત્વપણું હતું એ સંસાર મિથ્યાત્વભાવ હતો. એનું એકત્વપણું છૂટતાં સ્વભાવ ચતુષ્ટયની દૃષ્ટિ અનુભવ થતાં એ વસ્તુથી ભિન્ન રહી ગયો. દ્રવ્ય ભિન્ન રહી ગયું. આ ભિન્ન રહી ગઈ વસ્તુ. ભિન્ન રહી ગઈ. હો ભલે. સમજાણું કાંઈ?

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એ ચૈતન્યના અનંત બેહદ દર્શન-જ્ઞાન-ચારિત્રના સત્ત્વમાં આ સત્ત્વ છે જ નહિ. આ વ્યવહારના વિકલ્પો પણ ભિન્ન રહી ગયા.

મુમુક્ષુ :- ઈ ક્યાં ગયા?

ઉત્તર :- ઈ ગયા પરમાં. સમજાણું કાંઈ? ભિન્ન રહી ગયા. એકલો દ્રવ્ય જ્ઞાયકમૂર્તિ જ્ઞાતાદૃષ્ટાપણે ભાસ્યો અને આનંદપણે ભાસ્યો. રહી ગયું. એ એને સ્થાને રહી ગયું અને આ આને સ્થાને રહી ગયું. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- સૌના ખાનામાં સૌ પહોંચી ગયા.

ઉત્તર :- હતા તો એમ. પણ ઓલા માન્યું હતું. કલ્પના હતી એ છૂટી ગઈ. સમજાણું કાંઈ? આ સત્તા મહાધામ ભગવાન પરમેશ્વરપદ આ તો મારું. એ પરમેશ્વરપદનો અનુભવ અને દૃષ્ટિ થઈ પરમેશ્વરને પામ્યો એ. આ બધું છૂટી ગયું. ભિન્ન રહી ગયું. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ... છૂટે?

ઉત્તર :- આવી ગયું બધું? અમારે શેઠી જૂના માણસ છે જયપુરના રહેલા. એને હજી આ નવું લાગે એટલે.

મુમુક્ષુ :- એના ગામનું આવ્યું ને.

ઉત્તર :- એના ગામનું છે આ? ઢુંઢારી ભાષામાં. સાચી વાત.

વાહ! '**જીવદ્રવ્ય પોતાના અનંતચતુષ્ટયને પ્રાપ્ત થાય છે.**' એ માથે કહ્યું હતું કે જીવનું નિજ સ્વરૂપ અનંતચતુષ્ટય છે. વસ્તુ હોં વસ્તુ. માથે પણ પહેલું કહ્યું હતું કે '**દ્રવ્યનું નિજસ્વરૂપ જે કેવળજ્ઞાન, કેવળદર્શન, અતીન્દ્રિય સુખ અને કેવળવીર્ય,...**' એ સ્વરૂપ છે એનું. વસ્તુ જ એવી છે ઈ. એ સ્વરૂપને પરથી ભિન્ન પાડી દૃષ્ટિ થતાં, અનુભવ થતાં અનંત ચતુષ્ટયને પ્રાપ્ત થયો. ઓલી વસ્તુ ભિન્ન રહી ગઈ. બસ! આ વસ્તુ. એનું નામ મોક્ષનો માર્ગ અને એનું નામ સ્વસત્તાના આદરે ચડ્યો પૂર્ણ સત્તાની પ્રાપ્તિ કરવા માટે. સમજાણું કાંઈ?

'**દૃષ્ટાંત આમ છે કે જેવી રીતે સુવર્ણધાતુ પાષાણમાં મળેલી ચાલી આવે છે...**' દેખો! જેમ સુવર્ણધાતુ સોનું પાષાણમાં મળેલી ભેગી આમ ચાલી આવે ભેગી. '**તોપણ અગ્નિનો સંયોગ પામીને પાષાણથી સુવર્ણ ભિન્ન થાય છે.**' જુદું થાય છે. એમ ભગવાન આત્મા અનાદિથી કર્મના સંયોગથી મિથ્યાત્વ અને રાગદ્વેષથી પરિણમી રહ્યો ચાલ્યો આવે છે. એ સ્વભાવની એકાગ્રતાની અગ્નિ લગાવતા પોતે શુદ્ધ ચૈતન્ય દ્રવ્ય છે એમ પ્રતીત અને અનુભવની કણિકા લગાવતા બે જુદા પડી જાય છે. બસ. સમજાણું કાંઈ? બહુ સરસ છે, લ્યો! શેઠી! ઓહો..! આવું સ્વરૂપ ભગવાન તારું! અને તને એવા હોવાપણે, સત્તાપણે એનું આટલું સત્તાપણું છે એમ ન બેસે અને પરની સત્તા ક્ષણિકપણે સંયોગે અને કૃત્રિમપણે ઊભો થાય વિકાર એના ભાવપણે તને બેસે, એ જ તારી મિથ્યાદૃષ્ટિની બલિહારી છે. સમજાણું કાંઈ? એ બધી સત્તા એને સ્થાને, રાગ રાગને સ્થાને, શરીર શરીરને સ્થાને, કર્મ કર્મને સ્થાને.

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

ભગવાન આત્મા બેહદ જ્ઞાન, દર્શન સત્તાના સ્વભાવથી ભરેલો પદાર્થ જ્યાં દૃષ્ટિમાં, અનુભવમાં આવ્યો, ભિન્ન રહી ગઈ ચીજ. એ અનંતચતુષ્ટયને પામ્યો. સમ્યગ્દર્શન થયું એટલે પામ્યો અનંતચતુષ્ટયને. સમજાણું કાંઈ? અને ઓલી ચીજ જે પામી માની હતી એ છૂટી ગઈ. આહાહા..! કહો, આ તો સમજાય એવું છે. આ સાદી ભાષામાં આ કાંઈ બહુ એવી નથી. સમજાય છે કે નહિ? બાલુભાઈ! થોડું થોડું સમજે. બહુ નહિ. વેપારી માણસ છે ને એ કાંઈક કાયદા શીખેલા (નથી).

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ખુશી થાય છે. એ તો પહેલેથી. અમારે જેમ પોપટભાઈ કહે છે ને, જે વાત આવે ઈ હા. ન સમજાય નહિ. સમજાય છે.. સમજાય છે.

૨૨ કળશ થયા. આહાહા..! ભાગવત શાસ્ત્ર છે, હોં!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ગીતા. ઓહોહો..! ભાગ્ય છે ને જગતના પણ! અત્યારે હોં! આવી વાત એના ખ્યાલમાં આવી જાય ને ખ્યાલમાં, તો એને ભેદ પાડવાની કળા હાથમાં આવે. સમજાણું? બીજું કરવાનું કાંઈ નથી. આ જ કરવાનું છે. એ તો કીધું હતું ને માથે? નહિ? વારંવાર અભ્યાસ નહોતો કહ્યો? કહ્યું હતું ને અંદર? સમજાણું?

મુમુક્ષુ :- પાંચમી.

ઉત્તર :- હા, એ પાંચમી-પાંચમી. એવો વારંવાર અભ્યાસ કરતાં નિઃસંદેહ શુદ્ધ ચૈતન્યદ્રવ્યની પ્રાપ્તિ થશે. તાદાત્મ્યવૃત્તિ છૂટી જશે એમ કહે છે. સમજાણું કાંઈ? આ વાતને પહેલા ખ્યાલમાં એણે લેવી જોઈએ. ખ્યાલમાં આ ચીજ આ, આ ચીજ આ. આ અસ્તિ આ. આ અસ્તિ આ. બેને ખ્યાલમાં લેતાં જુદા પાડવાનું જ્ઞાન કામ કરે. એ ક્રમે અંતરનો અનુભવ થતાં બે જુદા રહી જાય. આત્મા પણ જુદો અને વિભાવ અને કર્મ પણ જુદા. આ જુદા એનું નામ સમ્યગ્દર્શન, અનુભવ અને મોક્ષનો માર્ગ. આહાહા..! કહો, સમજાય છે કે નહિ? પ્રભુભાઈ! સમજાય છે આ? લ્યો, આ પ્રભુતા છે આ આત્માની અંદર. ખાલી બહારની વાતું આ કરો.. આ કરો... બિચારાને જિંદગી મળી. ક્યાંનો ક્યાં...

એક મનુષ્યનો એક સમય અનંત કરોડ રૂપિયા આપે તો મળે એવો નથી. ચિંતામણિ રતન સમાન મનુષ્યદેહ. એમ આ ચિંતામણિ રતનની કિંમત ન કરી આત્માની, પરની મહિમા રહી ગઈ તો ત્યાં પરની મહિમાથી કોઈ દી છૂટશે નહિ, ચોર્યાસીના અવતારમાંથી ખસશે નહિ. જેની મહિમા રહી ગઈ એ મહિમામાં જાશે. આ જુઓને કળશ છે કેવો! બહુ સરસ છે.

૨૩ કળશ લ્યો. ૨૩ કળશ. ૨૨ પૂરા થઈ ગયા.

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


(માલિની)

अयि कथमपि मृत्वा तत्त्वकौतूहली सन्
अनुभव भव मूर्तेः पार्श्ववर्ती मुहूर्तम्।
पृथगथ विसलन्तं स्वं समालोक्य येन
त्यजसि झगिति मूर्त्या साकमेकत्वमोहम्।।२३।।

ખંડાન્વય સહિત અર્થ :—''अयि मूर्तेः पार्श्ववर्ती भव, अथ मुहूर्तं पृथक् अनुभव'' (अयि) હે ભવ્યજીવ! (मूर्तेः) શરીરથી (पार्श्ववर्ती) ભિન્નસ્વરૂપ (भव) થા. ભાવાર્થ આમ છે કે અનાદિકાળથી જીવદ્રવ્ય (શરીર સાથે) એકસંસ્કારરૂપ થઈને ચાલ્યું આવે છે, તેથી જીવને આમ કહીને પ્રતિબોધવામાં આવે છે કે હે જીવ! આ જેટલા શરીરાદિ પર્યાયો છે તે બધા પુદ્‌ગલકર્મના છે, તારા નથી; તેથી આ પર્યાયોથી પોતાને ભિન્ન જાણ. (अथ) ભિન્ન જાણીને (मुहूर्तम्) થોડોક કાળ (पृथक्) શરીરથી ભિન્ન ચેતનદ્રવ્યરૂપે (अनुभव) પ્રત્યક્ષપણે આસ્વાદ કર. ભાવાર્થ આમ છે કે શરીર તો અચેતન છે, વિનશ્વર છે, શરીરથી ભિન્ન કોઈ તો પુરુષ (આત્મા) છે એવું જાણપણું—એવી પ્રતીતિ મિથ્યાદ્રષ્ટિ જીવોને પણ હોય છે, પરંતુ સાધ્યસિદ્ધિ તો કાંઈ નથી. જ્યારે જીવદ્રવ્યનો દ્રવ્ય-ગુણ-પર્યાયસ્વરૂપ પ્રત્યક્ષપણે આસ્વાદ આવે છે ત્યારે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે, સકળકર્મક્ષયલક્ષણ મોક્ષ પણ છે. કેવો છે અનુભવશીલ જીવ? ''तत्त्वकौतूहली सन्'' (तत्त्व) શુદ્ધ ચૈતન્યવસ્તુના (कौतूहली सन्) સ્વરૂપને જોવા ઈચ્છે છે એવો થયો થકો. વળી કેવો થઈને? ''कथमपि मृत्वा'' (कथमपि) કોઈ પણ પ્રકારે—કોઈપણ ઉપાયે, (मृत्वा) મરીને પણ, શુદ્ધ જીવસ્વરૂપનો અનુભવ કર. ભાવાર્થ આમ છે કે શુદ્ધ ચૈતન્યનો અનુભવ તો સહજસાધ્ય છે, યત્નસાધ્ય તો નથી, પરંતુ આટલું કહીને અત્યંત ઉપાદેયપણું દ્રઢ કર્યું છે. અહીં કોઈ પ્રશ્ન કરે છે કે અનુભવ તો જ્ઞાનમાત્ર છે, તેનાથી શું કાંઈ કાર્યસિદ્ધિ છે? તે પણ ઉપદેશ દ્વારા કહે છે—''येन मूर्त्या साकम् एकत्वमोहम् झगिति त्यजसि'' (येन) જે શુદ્ધ ચૈતન્યના અનુભવ વડે (मूर्त्या साकम्) દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્માત્મક સમસ્ત કર્મરૂપ પર્યાયોની સાથે (एकत्वमोहम्) એકસંસ્કારરૂપ—'હું દેવ છું, હું મનુષ્ય છું, હું તિર્યંચ છું, હું નારકી છું' ઈત્યાદિરૂપ, 'હું સુખી છું, હું દુઃખી છું' ઈત્યાદિરૂપ, 'હું ક્રોધી છું, હું માની છું' ઈત્યાદિરૂપ, તથા 'હું યતિ છું, હું ગૃહસ્થ છું' ઈત્યાદિરૂપ-પ્રતીતિ એવો છે મોહ અર્થાત્ વિપરીતપણું તેને (झगिति) અનુભવ થતાં વેત જ (त्यजसि) હે જીવ! પોતાની બુદ્ધિથી તું જ છોડીશ. ભાવાર્થ આમ છે કે અનુભવ જ્ઞાનમાત્ર વસ્તુ છે, એકત્વમોહ મિથ્યાત્વરૂપ દ્રવ્યના વિભાવપરિણામ છે, તોપણ એમને (અનુભવને અને મિથ્યાત્વના મટવાને)

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**આપસમાં કારણકાર્યપણું છે. તેનું વિવરણ-જે કાળે જીવને અનુભવ થાય છે તે કાળે મિથ્યાત્વપરિણમન મટે છે, સર્વથા અવશ્ય મટે છે. જે કાળે મિથ્યાત્વપરિણમન મટે છે તે કાળે અવશ્ય અનુભવશક્તિ થાય છે. મિથ્યાત્વપરિણમન જે રીતે મટે છે તે રીતે કહે છે :—''स्वं समलोक्य'' (स्वं) પોતાની શુદ્ધ ચૈતન્યવસ્તુનો (समालोक्य) સ્વસંવેદનપ્રત્યક્ષપણે આસ્વાદ કરીને. કેવું છે શુદ્ધ ચેતન? ''विलसन्तं'' અનાદિનિધન પ્રગટપણે ચેતનારૂપ પરિણમી રહ્યું છે. ૨૩.**

---

## કલશ–૨૩ ઉપર પ્રવચન

(માલિની)

अयि कथमपि मृत्वा तत्त्वकौतूहली सन्
अनुभव भव मूर्तेः पार्श्ववर्ती मुहूर्तम्।
पृथगथ विसलन्तं स्वं समालोक्य येन
त्यजसि झगिति मूर्त्या साकमेकत्वमोहम्।।२३।।

સમજાણું? '**साक**' સાથે. ઓલામાં આવ્યું હતું. ત્યાં પણ આવ્યું હતું '**साक**' સાથે.

'**ખંડાન્વય સહિત અર્થ :—**' '**अयि मूर्तेः पार्श्ववर्ती भव, अथ मुहूर्तं पृथक् अनुभव**' '**હે ભવ્યજીવ!**' એમ સંબોધન કરે છે. હે ભગવાન આત્મા! હે લાયક આત્મા! આહાહા..! ભવ્યજીવનો અર્થ એમ કર્યો, જુઓ! હે લાયક આત્મા! અરે..! મુક્તિના પંથને લાયક આત્મા. આહાહા..! '**હે ભવ્યજીવ! શરીરથી...**' '**मूर्तेः**' એટલે શરીર. '**पार्श्ववर्ती**' '**ભિન્નસ્વરૂપ થા.**' એ પાડોશી થા ઘડીક. '**पार्श्ववर्ती**' છે ને? અરે.. ભવ્યજીવ! એક ક્ષણ પણ શરીરથી ભિન્ન થઈ જા. પાડોશી થઈ જા. એ શરીર શબ્દે બધું હોં! પુણ્ય ને પાપ, વિકલ્પ એ બધું શરીર છે. સમજાણું કાંઈ?

'**अयि मूर्तेः पार्श्ववर्ती भव**' વાહ! લ્યો! આ શરીરાદિ વસ્તુથી હે ભગવાન જીવ! '**ભિન્નસ્વરૂપ થા.**' એ હો. થવાલાયક તારામાં લાયકાત છે હોં! માટે થા એમ કહે છે. એટલાનો પાછો ભાવાર્થ. જોયું! '**ભાવાર્થ આમ છે કે અનાદિકાળથી જીવદ્રવ્ય (શરીર સાથે) એક સંસ્કારરૂપ થઈને ચાલ્યું આવે છે,...**' વિકાર અને શરીરાદિ એકરૂપ સંસ્કારથી. સંસ્કાર થઈ ગયા સંસ્કાર. શાકને સંસ્કારે ને? નથી સંસ્કારતા ઓલું? તેલ ને મેથીને વઘારે વઘારે. તુવેરની દાળ હોય તો ને નાખે કડી? શું કહેવાય લોઢાની ઓલી? કડશી. અગ્નિમાં નાખીને રાયને છમ્મ... સંસ્કારે ઈ.

કહે છે, અનાદિના તેં સંસ્કાર નાખ્યા છે હોં! '**(શરીર સાથે) એક સંસ્કારરૂપ થઈને...**' એમ કહ્યું નથી કર્મને લઈને, ઢીકણાને લઈને. સમજાણું કાંઈ? ભગવાન! તેં અનાદિ કાળથી

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જીવદ્રવ્ય પુણ્ય-પાપ આદિ '(શરીર સાથે) **એકસંસ્કારરૂપ થઈને ચાલ્યું આવે છે,...'** એ સંસ્કાર એકપણું માનીને તું ચાલ્યો આવ્યો છો. બરાબર છે? પરને કારણે નહિ, કર્મને કારણે નહિ, જુઓ, ભાષા તો જુઓ એક! સમજાણું? **'તેથી જીવને આમ કહીને પ્રતિબોધવામાં આવે છે...'** કેમકે સંસ્કારૂપ થઈને ચાલ્યો આવ્યો છે એવા જીવને કહે છે. કર્મને કહેવું છે? અનાદિ સંસારના કાળથી એકસંસ્કારરૂપ થઈને ચાલ્યું આવે છે **'તેથી જીવને...'** એ માટે જીવને. સંસ્કારરૂપી ચાલ્યો આવ્યો છે તેથી એ જીવને અમે કહીએ છીએ. એમ કહે છે. આહાહા..!

**'આમ કહીને પ્રતિબોધવામાં આવે છે કે હે જીવ!'** આહા..! વિકારના ક્ષણિક વિભાવ અને ક્ષણિક સંયોગના એક સંસ્કારપણે તું પોતે ચાલ્યો આવ્યો છો ,ભાઈ! માટે તને કહીએ છીએ કે હે જીવ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા.

**'આમ કહીને પ્રતિબોધવામાં આવે છે...'** પ્રતિબોધવામાં આવે છે. જાગૃત કરે છે. પ્રતિબોધવામાં આવે છે. એને પ્રતિબોધ કરે છે. સંસ્કાર અનાદિથી ચાલ્યો આવ્યો છે માનીને. **'હે જીવ! આ જેટલા શરીરાદિ પર્યાયો છે તે બધા પુદ્‌ગલકર્મના છે, તારા નથી;...'** જેને તું પુણ્ય ને પાપ ને પર પડખે ચડીને એકત્વપણે સંસ્કાર માની બેઠો છો. ભગવાન! એ શરીરાદિ, પુણ્યાદિ, વિકાર તે બધા પુદ્‌ગલકર્મના છે, તારા નથી. એ તારી ચીજ નહિ, તારામાં નહિ, તારે લઈને નહિ અને એમાં તું નહિ. સમજાણું કાંઈ? **'તેથી આ પર્યાયોથી પોતાને ભિન્ન જાણ.'** એટલે કે ભિન્ન અનુભવ. લ્યો. સમજાણું? આ બધી વિકારી પર્યાય શરીરાદિ પોતાથી ભિન્ન જાણ.

**'ભિન્ન જાણીને...'** 'मुहूर्तम्' નામ 'થોડોક કાળ' 'पृथक्' **'શરીરથી ભિન્ન્ન ચેતનદ્રવ્યરૂપે પ્રત્યક્ષપણે આસ્વાદ કર.'** લ્યો! થોડોક કાળ. શરીરથી ભિન્ન ચૈતન્ય ભગવાન ભિન્ન એને જ્ઞાનનો પ્રત્યક્ષ આસ્વાદ લે. તને જન્મ-મરણ રહેશે નહિ. સંસ્કાર છૂટી જાશે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વીર સંવત–૨૪૯૧, ફાગણ વદ ૦)), ગુરુવાર,
તા. ૧–૪–૧૯૬૫, કલશ–૨૩
પ્રવચન નં. ૨૬

આ સમયસાર કળશ ૨૩મો ચાલે છે. જુઓ! અહીં સુધી આવ્યું. ભાવાર્થની ઉપર સુધી આવ્યું. ભાવાર્થ છે ને ભાવાર્થ? અહીં શેનો અર્થ કરવા માગે છે? **'થોડોક કાળ શરીરથી ભિન્ન ચેતનદ્રવ્યરૂપે પ્રત્યક્ષપણે આસ્વાદ કર.'** એનું હવે સ્પષ્ટીકરણ કરે છે. એટલે શું કહ્યું? કે આ આત્મા જ્ઞાન, આનંદ આદિ શુદ્ધ સ્વભાવરૂપ પદાર્થ છે. એની સાથે પુણ્ય-પાપનો રાગ, શરીરાદિ એકત્વસંસ્કારપણે જે છે, એનું નામ મિથ્યાત્વ છે અને એનું નામ અશુદ્ધનો અનુભવ છે. શરીર અને પુણ્ય-પાપના વિકલ્પના એકત્વ સંસ્કારથી છૂટતાં આત્માને અંતર પ્રત્યક્ષ આનંદનો સ્વાદ આવે એને આત્માનું સમ્યગ્દર્શન અને અનુભવ કહે છે. એ વાત હવે જરી ભાવાર્થમાં સ્પષ્ટીકરણ કરે છે. સમજાણું કાંઈ આમાં?

ચૈતન્ય વસ્તુ સ્વભાવ એ તો પદાર્થ. જેમાં જ્ઞાન, દર્શન, આનંદ આદિ શુદ્ધ સ્વભાવનો આખો પિંડલો આત્મા ધ્રુવ છે. આદિઅંત વિનાનું દ્રવ્ય-પદાર્થ-વસ્તુ. એવી ચીજની સાથે શુભ-અશુભ વિકલ્પ નામ રાગ કે શરીર, કર્મ આદિ એ હું છું, એવી એકત્વબુદ્ધિ. આ મહાન સત્તા સ્વભાવ છે એવું એકત્વ ન થતાં વિકારના અસ્તિત્વને મારું સ્વરૂપ છે એમ એકત્વબુદ્ધિના સંસ્કાર, એને મિથ્યાદષ્ટિપણું, અજ્ઞાનપણું, અશુદ્ધનો અનુભવ કહે છે. એ પર આદિના સંસ્કાર છૂટતાં શું થાય? એકલી પ્રતીતિ જ થાય કે આત્મા આવો છે? અંદર પ્રતીતિ ક્યારે કહેવાય? કે આત્માના સ્વભાવને સ્પર્શીને પ્રત્યક્ષ આત્માના આનંદનું, જ્ઞાનનું એકાકાર થઈને વેદન થાય ત્યારે તેને એકત્વસંસ્કાર છૂટ્યા કહેવાય. અને ત્યારે તેને અનુભવ અને સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

**'ભાવાર્થ...'** ભાવાર્થ. એનો ખુલાસો કરે છે. ભાવાર્થ છે અંદર. ૨૩, ૨૩. એને ખબર નથી. ૨૩ છે ને. સમજાણું કાંઈ? **'પ્રત્યક્ષપણે આસ્વાદ કર.'** એની વ્યાખ્યા કરે છે. છે? જુઓ! **'ભાવાર્થ આમ છે કે શરીર તો અચેતન છે, વિનશ્વર છે...'** નામ નાશવાન છે. **'શરીરથી ભિન્ન કોઈ તો પુરુષ (આત્મા) છે...'** ભિન્ન પુરુષ-કોઈ આત્મા છે. **'એવું જાણપણું—એવી પ્રતીતિ મિથ્યાદષ્ટિ જીવોને પણ હોય છે,...'** એમ પ્રતીતિ નહિ. કહે છે ને અત્યારે ઘણાં? શરીરથી અમે ભિન્ન (એવું) ભેદજ્ઞાન તો છે અમારે. એમ કહે છે કેટલાક. અમુક સંપ્રદાયમાં અમે જન્મ્યા, શરીરથી આત્માને અમે ભિન્ન જ માનીએ છીએ. અમારે કંઈ મિથ્યાત્વ-બિથ્યાત્વ છે નહિ. શરીર અને આત્મા એક માનતા નથી. પણ કહે છે કે શરીરથી ચૈતન્ય ભિન્ન એવી પ્રતીતિ તો મિથ્યાદષ્ટિ જીવને પણ હોય છે. **'પરંતુ સાધ્યસિદ્ધ**

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

**તો કાંઈ નથી.**' એમાં આત્માનું સાધ્ય-સમ્યગ્દર્શન, જ્ઞાન કે અનુભવ કંઈ સિદ્ધ થતો નથી. એમ નહિ.

મુમુક્ષુ :- પ્રત્યક્ષરૂપ આસ્વાદે.

ઉત્તર :- હા. જીવ '**જ્યારે જીવદ્રવ્યનો...**' જુઓ! '**જ્યારે...**' જીવવસ્તુ પરમાત્મસ્વભાવ, પરમાત્મસ્વભાવ. એ પોતે પરમાત્મા જ છે દ્રવ્ય સ્વરૂપે. પરમ આત્મ, પરમ સ્વરૂપ, પરમ સ્વરૂપ. જ્ઞાન, આનંદનો પૂર્ણ સ્વભાવ. પરમ સ્વરૂપ એ પરમાત્મા જ દ્રવ્ય છે આત્મા. એવું જે જીવદ્રવ્ય, એના '**દ્રવ્ય-ગુણ-પર્યાયસ્વરૂપ પ્રત્યક્ષપણે આસ્વાદ આવે છે...**' એવો પરમાત્મા-નિજ પરમાત્મા. અનંત ગુણનું પરમ સ્વરૂપ-પ્રધાન સ્વરૂપ. એવું જે જીવદ્રવ્ય. એના દ્રવ્ય-ગુણ-પર્યાય. એટલે પર્યાયમાં જ્ઞાન, આનંદ આદિ પ્રત્યક્ષ અનુભવે. ત્યારે એ જ્ઞાન અને આનંદ ગુણ અને આ ગુણ, આ દ્રવ્ય. એ ત્રણેનો એને પર્યાયમાં અનુભવ થયો કહેવામાં આવે.

ફરીને. સમજાય છે કાંઈ? જીવદ્રવ્ય વસ્તુ છે આત્મા પદાર્થ. એટલે કે પરમ આત્મા. પરમ સ્વરૂપ. પરમજ્ઞાન, પરમઆનંદ, પરમ અસ્તિત્વ, પરમ વીર્ય, પરમ શાંતિ-ચારિત્ર. એવો પિંડ આખો આત્મા અનાદિઅનંત વસ્તુ.. વસ્તુ.. વસ્તુ-દ્રવ્ય વસેલા અનંત ગુણનું એકરૂપ. એવા જીવદ્રવ્યને દ્રવ્ય-ગુણ અને પર્યાયસ્વરૂપ. એનો પ્રત્યક્ષ જ્ઞાનમાં આનંદનું વેદન. રાગ ને પુણ્ય ને વિકલ્પ ને વ્યવહાર વિના પ્રત્યક્ષ આત્મદ્રવ્યને સાપેક્ષ શાંતિ, શ્રદ્ધા, આનંદ, જ્ઞાન આદિનું વેદન થાય. તો એ વેદન એ પર્યાય આ ગુણ, એ પર્યાય આ ગુણ, આ ગુણ આ દ્રવ્યનો, એટલે દ્રવ્ય-ગુણ આવા જ છે. સમજાણું કાંઈ? એવું અંતર રાગ વિના એકલા દ્રવ્ય અને ગુણ, એનો પર્યાય પરની અપેક્ષા વિનાનો સ્વઆશ્રય થઈને એકત્વબુદ્ધિમાં પરના એકત્વસંસ્કાર છૂટ્યે સ્વના એકત્વમાં જે શાંતિ અને આનંદના વેદન સહિત પ્રત્યક્ષ જ્ઞાન થાય, પ્રત્યક્ષ અનુભવ થાય એને સમકિત કહેવામાં આવે છે. આહાહા..! આમ શરીરથી ભિન્ન છું, આમ છું એમ તો મિથ્યાદૃષ્ટિ પણ માને છે, અભવિ પણ માને છે એ તો અનંત વાર. સમજાણું કાંઈ? ભારે! વાતને એવા રૂપમાં મૂકી છે ને કે આમ સાદી અને સીધી શૈલીએ આ વાત છે. સમજાણું કાંઈ?

'**જ્યારે જીવદ્રવ્યનો દ્રવ્ય-ગુણ-પર્યાય...**' આ દ્રવ્યનો આ ગુણ અને આ ગુણનો આ પર્યાય. અતીન્દ્રિય આનંદનું વેદન, એની પ્રતીતિ. તો એ અતીન્દ્રિયની પર્યાય એ આ દ્રવ્યની અથવા આ ગુણની છે. આ જ્ઞાન આ દ્રવ્યનું અથવા ગુણનું છે. એ બધા ગુણની પર્યાયનું એક સમયમાં પ્રત્યક્ષ નિર્વિકલ્પ આત્માનો અનુભવ થાય, એને શરીર અને આત્મા જુદા માન્યા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? '**ત્યારે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે,...**' જુઓ! ત્રણેય લીધા. ત્યારે સમ્યગ્દર્શન. આ પર્યાય આનંદની એવો ગુણ અને દ્રવ્ય, એવી અંતર પ્રતીતિ. આ સમ્યક્જ્ઞાન સીધો નિરાલંબી કામ કરે એ પર્યાય આ ગુણ અને આ દ્રવ્યની.

એમ શ્રદ્ધા થઈ-પ્રતીત (થઈ). એ પર્યાય આ પ્રતીત ને આ ગુણનું આ દ્રવ્ય. એમ એના દ્રવ્ય-ગુણની પર્યાયનું સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને લીનતાનો આનંદ. એ દ્વારા આ ચારિત્રની પર્યાય શાંતિ. એ ચારિત્રગુણની પર્યાય અને એ ગુણ આ દ્રવ્યનો. એમ એની પ્રતીતિમાં સ્વાદમાં આવે ત્યારે તેને સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર છે એમ કહેવામાં આવે છે. કહો, સમજાણું આમાં?

જુઓ! અહીં તો એક મિથ્યાત્વના નાશની વાત કરી હતી-એકત્વસંસ્કારની, ત્યાં આ ત્રણેય ભેગા નાખ્યા. ત્રણેય હોય છે. જેમ મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાન અને રાગની એકતા એકસાથે ત્રણેય છે. મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન અને મિથ્યાચારિત્ર. એમ આત્મા પોતાના સ્વભાવની સન્મુખ અને વિભાવની વિમુખ થતાં સ્વભાવની શ્રદ્ધા, સ્વભાવનું જ્ઞાન અને સ્વભાવની સ્થિરતા. એક સમયમાં સાથે હોય છે. તેને મોક્ષનો માર્ગ કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ?

એ **'સકળકર્મક્ષયલક્ષણ મોક્ષ પણ છે.'** જુઓ! એને જ. કોને? **'જ્યારે જીવદ્રવ્યનો દ્રવ્ય-ગુણ-પર્યાયસ્વરૂપ પ્રત્યક્ષપણે આસ્વાદ આવે છે ત્યારે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે, સકળકર્મક્ષયલક્ષણ મોક્ષ પણ છે.'** જા! થઈ જવાનો છે ને. અહીં સકળકર્મલક્ષણ બધું પૂરું થઈને નીકળી ગયું. વિકલ્પ ને શરીર આદિ ભિન્ન સંસ્કાર છૂટી ગયા. આ સંસ્કાર આ બાજુ આવી ગયા. એકલો જ્ઞાન, દર્શન, આનંદ એ મોક્ષનો માર્ગ અને એ જ મોક્ષ છે. ક્રમે કરીને છૂટીને એ રીતે પૂર્ણ દશા થઈ જશે. જુઓ! આ એક જ માર્ગ અને આ એક જ એનું કાર્ય-ફળ. બીજો કોઈ વચ્ચે વ્યવહાર વિકલ્પનો માર્ગ છે ને ફલાણું છે એમ છે નહિ. સમજાણું કાંઈ?

**'કેવો છે અનુભવશીલ જીવ?'** હવે કહે છે. એવો અનુભવ કરનારો, જેનો અનુભવ કરવાનો સ્વભાવ છે. ભગવાન આત્મા એક સેકંડના અસંખ્યભાગમાં પૂર્ણ દ્રવ્ય શુદ્ધ, ગુણ અને પર્યાય એવું જ્યાં ભાન થયું, એનો અનુભવ (થયો). કેવો છે અનુભવ સ્વભાવવાળો જીવ અર્થાત્ મોક્ષમાર્ગી જીવ? **'तत्त्वकौतूहली सन्'** **'(तत्त्व)'** નામ **'શુદ્ધ ચૈતન્યવસ્તુ...'** શુદ્ધ ચૈતન્ય જ્ઞાયક અખંડ ગુણનો પિંડ શુદ્ધ વસ્તુ. **'कौतूहली सन्'** **'સ્વરૂપને જોવા ઈચ્છે છે...'** કુતૂહલ કરે છે કે આ શું છે? એમ કરીને જેણે અંતર કુતૂહલ કર્યું છે. અંતર દેખવા, ચૈતન્યને દેખવા, ચૈતન્યને જોવા, ચૈતન્યને પીછાણવા, ચૈતન્યને અનુભવવા અંદરમાં કુતૂહલ કર્યું છે. શું છે આ? કહો, સમજાણું કાંઈ? કોઈ નવી ચીજ દેખવામાં આવે તો માણસને કુતૂહલ થાય છે ને? આમ ઊંચું માથુ કરે, આમ કરે ને આમ જોવે ને આમ કરે. જાણે શું હશે? એમ ધર્મીજીવે **'कौतूहली सन्'** કુતૂહલ કર્યું છે કે આ શું ચીજ છે આ? પરમાત્મસ્વરૂપ એને પરમાત્મા કહે છે, એને મોક્ષસ્વરૂપ જ કહે છે. એ વસ્તુ મોક્ષસ્વરૂપ જ છે. મોક્ષસ્વરૂપ કહે છે. એમાં અનંત અનંત જ્ઞાન, આનંદ જેમાં ભરચક પૂર્ણ ભર્યા છે. એ તે કોણ છે આત્મા? એના સ્વરૂપને જોવા ઈચ્છે છે, એનું નામ કુતૂહલ કર્યું એમ કહેવામાં આવે છે.

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**'એવો થયો થકો.'** અનુભવશીલ જીવ. અંતર જોવા ઇચ્છે છે. અંતર્મુખની દૃષ્ટિ, જ્ઞાન અને લીનતા દ્વારા એને અનુભવ કરવા માગે છે. **'એવો થયો થકો.'** શુદ્ધ ચૈતન્યવસ્તુને સ્વરૂપને જોવા ઇચ્છે છે એવો થયો થકો. **'વળી કેવો થઈને?' 'कथमपि मृत्वा'** 'કોઈ પણ પ્રકારે—કોઈપણ ઉપાયે, **મરીને પણ શુદ્ધ જીવસ્વરૂપનો અનુભવ** કર.' એ અનુભવશીલ આવા હોય એમ કહે છે. મરીને એટલે? મરીને એટલે? મરીને તો ક્યાં. પણ બધું છોડીને. વિકલ્પ, શરીર, વાણી, મન.. એકદમ અંદરમાં ચાહે તો રોગ થાઓ શરીરમાં, ચાહે તો ગમે તે થાઓ. આમ પકડાઈ ગયું શરીર ને આમ થઈ ગયું ને કલાક બેઠા ત્યાં આમ થઈ ગયું. દરકાર કર્યા વિના. એમ કહેવું છે મૂળ. દેહાદિ વિકલ્પની દરકાર કર્યા વિના. મરી જા એકવાર. મરીને થઈને પણ અંદરમાં જો. સમજાય છે કાંઈ?

**'कथमपि मृत्वा'** કોઈપણ પ્રકારે **'મરીને પણ, શુદ્ધ જીવસ્વરૂપનો અનુભવ** કર.' એને પકડ, એને અનુભવ કર. એ એક જ ઉપાય છે શાંતિનો અને ધર્મનો. બીજો કોઈ ઉપાય છે નહિ. સમજાણું કાંઈ? આહાહા..! ભાવાર્થ. એટલું કહીને એનો ભાવાર્થ (કરે છે). સ્પષ્ટતા કરી છે ને! **'ભાવાર્થ આમ છે કે શુદ્ધ ચૈતન્યનો અનુભવ તો સહજસાધ્યછે,...'** જરી એમ કહે છે કે શુદ્ધ સ્વરૂપનો ભાવ અંતર સહજસાધ્ય છે. સહજ અંતર સાધ્ય છે. એ તો જરી... **'યત્નસાધ્ય તો નથી,...'**

મારે તો વળી બીજું મગજમાં આવ્યું. પેલા કહે કે આ મોક્ષમાર્ગ છે તે વ્યવહારથી સાધ્ય છે. વ્યવહાર થાય તો સાધ્ય છે. પહેલો વ્યવહાર સાતમા સુધી આવે પછી નિશ્ચય થાય. તો એ સહજસાધ્ય ન રહ્યો. એને તો વ્યહારથી થયો. એમ છે નહિ. શેઠી! ચોથે, પાંચમે, છઠ્ઠે મોક્ષમાર્ગ સહજસાધ્ય છે. અને તે નિશ્ચય મોક્ષમાર્ગ છે. સમજાણું કાંઈ? સ્વભાવ ચૈતન્યજ્યોત એ વિકલ્પને સાધ્ય નથી. એ વિકલ્પ નામ પુણ્યનો વિકલ્પ કે વ્યવહારનો વિકલ્પ ઉઠે એને સાધ્ય નથી. અંતર સ્વરૂપના સાધનથી એ સાધ્ય છે. અંતર સ્વરૂપના સહજ સ્વભાવના સાધની સાધ્ય છે. સમજાણું કાંઈ? આની પણ ના પાડે છે કે નહિ, નહિ. વ્યવહારથી નિશ્ચય થાય. હવે સાંભળને. વ્યવહાર તારો વ્યવહાર જ નથી, અહીં તો કહે છે. વ્યવહાર ક્યાં છે? એ તો નિર્વિકલ્પ અનુભવ થયો ત્યારે રાગ રહે એનું જ્ઞાન કરાવવા વ્યવહાર કહ્યો. વ્યવહાર મોક્ષમાર્ગ છે જ નહિ. માર્ગ એક જ છે. એનાથી જ આ ભવે કે બે-ચાર ભવે કોઈને મુક્તિ થાય. એક જ માર્ગથી મુક્તિ થાય, બીજા કોઈ માર્ગે છે નહિ. ત્રણકાળમાં, 'એક હોય ત્રણકાળમાં પરમાર્થનો પંથ.' કહો, સમજાણું?

**'પરંતુ આટલું કહીને અત્યંત ઉપાદેયપણું દૃઢ કર્યું છે.'** અંતરમાં એકાકાર થવાને વસ્તુ સ્વભાવનો આદર કર. એમ ઉપાદેયપણું દૃઢ કર્યું. આમ કર, આ કર, આ કર, આ કર. ચિદાનંદ જ્યોત જ્ઞાનાનંદ ધ્રુવ વસ્તુ પડી છે એને પકડવાનો, અનુભવવાનો પ્રયત્ન કર. આમ કર, આ કર. ચિદાનંદ જ્યાં ધ્રુવ ધાતુ છે ત્રિકાળ વસ્તુ, એ મહાશિલારૂપ ધ્રુવ છે.

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એને પકડ. એમાં આશ્રય તને મળશે. એવું ઉપાદેય પણ એ જ છે અથવા આદરવા લાયક એ જ છે અથવા ધ્યેય કરવા લાયક એ જ છે, એ જ છે એમ અહીંયા દઢ કર્યું. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- સહજનો અર્થ કર્યો.

ઉત્તર :- ઈ સહજનો, બધું ઈ. સહજ વસ્તુ છે. સહજ વસ્તુ છે. સમજાણું? એ સાધ્ય છે. સહજસાધ્ય છે. સહજ પદાર્થ વસ્તુ ભૂમિકા આખી પડી છે-દળ. ચૈતન્યદળ ધ્રુવ એ સાધ્ય છે. એ તને ધ્યેય કરવાલાયક છે. એ જ ઉપાદેય છે. બાકી ઉપાદેય બીજી કોઈ ચીજ છે નહિ. સમજાણું કાંઈ?

**'આટલું કહીને અત્યંત ઉપાદેયપણું...'** એકલો દ્રવ્ય સ્વભાવ જ આદરણીય અને ધ્યેય કરવાલાયક છે એમ દઢ કર્યું. સમજાણું કાંઈ? હવે તો સામે પુસ્તક આવ્યા છે, આ બધું ઘણું થઈ ગયું છે. એમાં વંચાય છે એની ખબર પડે છે કે નહિ? અને શબ્દાર્થમાં હોય છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એના માટે તો આ વાત ચાલે છે. ભાવ લગાડવો કોને? કોઈ લગાવી દ્યે એમ છે? શું કહે છે જોયું? ગમે એવી વાત કરો, ભાવ તો અમારો..

**'અહીં કોઈ પ્રશ્ન કરે છે કે...'** અહીંયા કોઈ પ્રશ્ન કરે છે **'અનુભવ તો જ્ઞાનમાત્ર છે, તેનાથી શું કાંઈ કાર્યસિદ્ધિ છે?'** જુઓ! કાર્યસિદ્ધિનો શબ્દ આવ્યો. સમજાણું? ૨૨ પાને આવ્યું હતું, ત્રીજી લીટીમાં. કાર્યસિદ્ધ કેવી થાય છે? આવું થવાથી કાર્ય શું થાય પણ? કાર્ય શું થાય? સમજાણું? અમારે તો કાંઈક કાર્ય કરવું છે. કાર્ય શું થાય? સાંભળ તો ખરો. **'येन मूर्त्या साकम् एकत्वमोहम् झगिति त्यजसि'**. એ વસ્તુ એક સમયમાં પૂર્ણ આનંદ અને ધ્રુવ ધાતુ, જેમાં કર્મના નિમિત્તનો મેલ આદિ છે તેની રુચિ, આશ્રય છોડીને ભગવાન ચૈતન્ય ધ્રુવની દૃષ્ટિ અને અનુભવ કરતાં કાર્યસિદ્ધિ શું થાય? કાર્ય શું થાય? લાભ શું થાય? એની વાત કરે છે.

**'येन' 'જે શુદ્ધ ચૈતન્યના અનુભવ વડે...'** જુઓ! **'येन'** જે શુદ્ધ ચૈતન્યના અનુભવ દ્વારા. ભગવાન શુદ્ધ ચૈતન્ય પદાર્થ. એના ધ્યેયમાં એના અનુભવ દ્વારા **'मूर्त्या साकम्'** **'દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્માત્મક સમસ્ત કર્મરૂપ પર્યાયોની સાથે...'** **'मूर्त्या साकम्'** એવો અર્થ કર્યો. મૂર્ત એટલે બધી ચીજ. એમ. દ્રવ્યકર્મ જડ, ભાવકર્મ વિકલ્પ, નોકર્મ શરીર. એ સ્વરૂપ **'સમસ્ત કર્મરૂપ પર્યાય...'** એની **'साकम्'** સાથે. **'मूर्त्या साकम्'** વિકલ્પાદિની સાથે. એમ. શું કાર્ય સિદ્ધ થશે? કે વિકલ્પ પુણ્યનો, દયા, દાનનો વિકલ્પ અને શરીરાદિ જે પર, એ બધાં પર છે. એની સાથે **'એકસંસ્કારરૂપ...'** એકસંસ્કાર જે છે. એ હું છું, એ રાગ વિકલ્પ ઉઠ્યો ઈ હું છું. દયા, દાન, વ્રત અથવા ગુણ-ગુણીના ભેદનો વિકલ્પ એ

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


હું છું, એ મિથ્યાસંસ્કાર છે, અજ્ઞાનસંસ્કાર છે. એ અજ્ઞાનસંસ્કારનો ત્યાં નાશ થાય છે. એમ સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- કાર્યની સિદ્ધિ.

ઉત્તર :- હા, કાર્યની સિદ્ધિ કહે છે. જુઓ હવે. હજી તો લાંબુ કહે છે.

**'એકસંસ્કારરૂપ...'** શું એકસંસ્કારરૂપ એની વ્યાખ્યા કરે છે. **'હું દેવ છું,...'** એવો સંસ્કાર. મિથ્યા સંસ્કાર છે ઈ. સમજાણું કાંઈ? વિકલ્પાદિથી, જડ કર્મ આદિ બધો એક જ પ્રકાર. ભગવાન એક કોર રામ ચિદાનંદ પ્રભુ અનંતગુણનું ધામ અને એક કોર દયા, દાન, કામ, ક્રોધના વિકલ્પથી માંડીને બધું. એ બધું કર્મજન્ય ઉપાધિ છે. એની સાથે આ હું, એવો એકત્વભાવ, જે મિથ્યાત્વભાવ, જે સંસારના જન્મ-મરણનું મૂળિયું એ સંસ્કારની વ્યાખ્યા. હું દેવ, એ મિથ્યા સંસ્કાર છે. **'હું મનુષ્ય છું,...'** મિથ્યા સંસ્કાર છે. હું ચૈતન્યદ્રવ્ય અખંડાનંદ એમ છોડીને હું દેવ, હું મનુષ્ય, હું પશુ, હું નારકી આદિ ગતિ લઈ લેવી. પછી

**'હું સુખી છું,...'** હું સુખી એવો જે રાગ, એની સાથે ભગવાન આત્માને એકત્વનો સંસ્કાર એ મિથ્યા સંસ્કાર અજ્ઞાન સંસ્કાર છે. સમજાણું કાંઈ? **'હું દુઃખી છું,...'** હું દુઃખી. આત્મા દુઃખી? હું દુઃખી એવો મિથ્યા અજ્ઞાનનો સંસ્કાર. ચૈતન્ય ધ્રુવ ધાતુને ધ્યેયમાં લક્ષમાં લઈને અનુભવતા એ મિથ્યા સંસ્કારનો **'झगिति'** તરત નાશ થઈ જાય છે. **'झगिति'**નો અર્થ બીજો કરશે. **'અનુભવ થતાં...'** એવો અર્થ કરે છે. અહીં તો ઓલું લેવું છે ન, કાર્યસિદ્ધ શું થાય છે? એટલે. સમજાણું કાંઈ? **'હું દુઃખી છું, ઈત્યાદિરૂપ...'** હું હોં! એમ લીધું છે ને? હું દેવ છું. ધૂળમાંય દેવ નથી. સાંભળને! એ તો સંસ્કાર અજ્ઞાનના છે. હું મનુષ્ય છું, મિથ્યાદૃષ્ટિનો મિથ્યા સંસ્કાર છે. **'હું તિર્યંચ છું, હું નારકી છું'** ઈત્યાદિરૂપ **'હું સુખી છું, હું દુઃખી છું'** હું દુઃખી. મિથ્યા સંસ્કાર અજ્ઞાનના સંસ્કાર છે. **'હું ક્રોધી છું,...'** કહો, સમજાણું?

મુમુક્ષુ :- નિખાલસપણે..

ઉત્તર :- નિખાલસપણે કરે છે? મૂઢપણે કરે છે મૂઢપણે. પોતે ચૈતન્યધાતુ જ્ઞાયકમૂર્તિ છું એને ઠેકાણે હું આ છું, હું આ છું એ મૂઢતા છે, કહે છે. એવા પર સાથેના સંસ્કાર એકત્વ ચૈતન્યની દૃષ્ટિ અને અનુભવ થતાં એ સંસ્કાર અનુભવ થવાથી નાશ થઈ જાય છે. સમજાણું કાંઈ? અને બીજા સંસ્કાર એટલે અનુભવ પ્રગટ થાય છે. એમ કહેવું છે. સમજાણું કાંઈ? ટીકા આખી કોઈ બીજી ઢબની છે આ. એને ફટ આ અસ્તિત્વનો સંસ્કાર તે આ અસ્તિત્વના અનુભવથી નાશ થઈ જાય છે. બીજો કોઈ ઉપાય નથી. સમજાણું કાંઈ?

**'હું માની છું,...'** જુઓ! માની છું, હું મૂકું નહિ. મારું માન જાય તો પણ હું મૂકું નહિ. પણ તું માની નથી, બાપા! તું આત્મા છો. આત્મા છો. તું માની છો? હું માની છું, કપટી છું, લોભી છું, કંજૂસ છું. તમે કહો ને લાખ વાર, હું કંજૂસ છું એમ કેટલાક

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કહે છે. લ્યો, કંજૂસી છું, એમ કહો ભલે. હું કંજૂસી છું. લ્યો, તે શું કહેવું છે તમારે? પૈસા-બૈસા દેવાના હોય ને, હું કંજૂસ છું. પણ કંજૂસી તું નથી. તારું સ્વરૂપ ઈ છે જ નહિ. કંજૂસી અને હું ઉદાર છું પૈસા દેવામાં, બેય અજ્ઞાનના સંસ્કાર છે. કંજૂસી અને ઉદાર આત્મા? એ તો જ્ઞાનાનંદ સ્વરૂપ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- લોભી કહે તો ઘડીક સાંભળી લેવું.

ઉત્તર :- એમ નહિ. લોભી છું એમ માન્યું એ પાખંડ અને મૂઢતા છે, એમ કહે છે. કહો, સમજાણું?

**'હું યતિ છું,...'** હું સાધુ છું. સાધુ છું. સાધુ છો? સાધુ એટલે કોણ? આ દ્રવ્યલિંગ એ સાધુ? અને વિકલ્પ ઉઠે એ સાધુ? અથવા એક સમયની પર્યાય તેટલો હું એ સાધુ? બિલકુલ નહિ. ત્રિકાળ જ્ઞાયકમૂર્તિ અખંડ આનંદ ધ્રુવ તે આત્મા છે. હું યતિ છું, એવો પણ મિથ્યા સંસ્કાર મિથ્યાબુદ્ધિ છે. સમજાણું કાંઈ? પર્યાયબુદ્ધિ છે ઈ. શરીરાદિ હું છું, ગતિ આદિ હું છું, વિકારાદિ છું, એક સમયની પર્યાયાદિ છું. મિથ્યાદષ્ટિ છે. એનું અસ્તિત્વ એટલું છે એમ સંસ્કાર તે એકત્વ મિથ્યાદષ્ટિના છે. સમજાણું કાંઈ આમાં? **'હું ગૃહસ્થ છું...'** હું તો ભઈ ગૃહસ્થ છું. ગૃહસ્થાશ્રમ ઈ ધર્મ છે મારો. ગૃહસ્થની પર્યાય એટલો આત્મા છે? રાગ એટલો? રાગ નહિ, શરીર નહિ, વાણી નહિ પણ ગૃહસ્થની પર્યાયનો જે ઉઘાડરૂપ છે, એટલો આત્મા છે? આદિ.

**'ઈત્યાદિરૂપ-પ્રતીતિ એવો છે મોહ...'** જુઓ, વ્યાખ્યા કરી. એ આદિની પ્રતીતિ એવો જે મોહ એટલે કે વિપરીતપણું એમ ભાષા કરી. સ્વભાવ ચૈતન્યમૂર્તિ એક સમયનો પૂર્ણ ધ્રુવ એની શ્રદ્ધા, જ્ઞાન છોડી આ હું, આ હું, આ હું, આ હું, આ હું એવો મોહભાવ વિપરીત ભાવ તે મિથ્યાત્વભાવ સંસ્કાર ભાવ ખોટો છે. **'તેને અનુભવ થતાં વેંત જ...'** શું કહે છે? **'झगिति'**નો અર્થ કર્યો ને? એ તું આત્મા જ્ઞાનમાત્ર ચિદાનંદ છો, એવો અનુભવમાત્ર થવાથી **'હે જીવ! પોતાની બુદ્ધિથી તું જ છોડીશ.'** સમજાણું કાંઈ? કહો, શેઠી! **'પોતાની બુદ્ધિથી તું જ છોડીશ.'** અર્થાત્ એ બુદ્ધિના જ્ઞાનમાં આત્મા અનુભવમાં આવ્યો કે આ ચૈતન્ય જ જ્ઞાન અને આનંદમૂર્તિ છે, એ બુદ્ધિથી આ હું, આ હું, આ હું, આ હું એ બુદ્ધિ છૂટી જાય છે. એ બુદ્ધિ રહેતી નથી. **'પોતાની બુદ્ધિથી તું જ છોડીશ.'** એટલે છૂટી જશે. સમજાણું કાંઈ? ઈ કર્મ છૂટશે તો છૂટશે એમ નહિ. ફક્ત તેં ભગવાન આત્મા એક સમયમાં અનંત પૂર્ણ ધ્રુવ ધાતુ એના અનુભવ દષ્ટિ છોડીને આ હું, આ હું, આ હું, આ હું એવો જે એકત્વભાવ, એવો મોહભાવ, એવા સ્વભાવને પૂર્ણ રીતે જે માનવો જોઈએ એનાથી વિપરીત ભાવ એને અનુભવ-આત્માના અંતરદષ્ટિના અનુભવ કાળે તું તરત છોડી દઈશ. એ સંસ્કાર રહેશે નહિ. સમજાણું કાંઈ?

**'પોતાની બુદ્ધિથી તું જ છોડીશ.'** તારું જ્ઞાન જ પલટો ખાઈ જશે. જ્ઞાન જ અંદરને

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કબુલશે. ચૈતન્યદ્રવ્ય જ્ઞાયક આ મહાન સત્તા સ્વરૂપ એ હું, એવો અનુભવ કરવાથી પરની એકત્વબુદ્ધિનો વિપરીત ભાવ બુદ્ધિથી છૂટી જશે. લ્યો, સમજાણું કાંઈ? ઓલામાં કહ્યું હતું ને? ત્યાં કાર્યસિદ્ધિ શું? એમ કહ્યું હતું ને? કે મોહનો ત્યાગ અને જ્ઞાનવસ્તુનો અનુભવ એ કાર્યસિદ્ધિ. એમ પેલા પદમાં કહ્યું હતું. ૨૨ પાને. સમજાણું કાંઈ? એ મહાન એકત્વસંસ્કારની વિપરીત બુદ્ધિનો ત્યાગ અને આત્માનો અનુભવ. અહીં કહે છે કે અનુભવ કરતાં એ મોહનો ત્યાગ થઈ જશે. બુદ્ધિથી તું છોડી દઈશ. આ વસ્તુનું સ્વરૂપ છે. આહાહા..! સમજાણું કાંઈ?

'ભાવાર્થ...' હવે એનો પાછો ભાવાર્થ. **'ભાવાર્થ આમ છે કે અનુભવ જ્ઞાનમાત્ર વસ્તુ છે,...'** અનુભવ જ્ઞાનમાત્ર વસ્તુ છે. કહે છે કે અનુભવ એ જાણવું, શ્રદ્ધવું, ઠરવું અંદર એ જ્ઞાનમાત્ર (છે). એટલે એમાં રાગ-બાગ આવતો નથી. એમ જ્ઞાનમાત્ર. **'અનુભવ જ્ઞાનમાત્ર વસ્તુ છે,...'** જ્ઞાનમાત્ર એટલે? શ્રદ્ધા, શાંતિ બધું જ્ઞાનમાત્ર છે. એમાં રાગ ને વિકલ્પ વસ્તુ આવતી નથી. શું કહ્યું? અનુભવ એટલે ચૈતન્ય વસ્તુ એક સમયમાં ધ્રુવ પૂર્ણ શુદ્ધ, એનો અનુભવ એ તો જ્ઞાનમાત્ર છે. એમાં રાગ, વિકલ્પ કોઈ દેહાદિ કાંઈ આવતું નથી. એ તો જ્ઞાનમાત્ર અનુભવ છે. શ્રદ્ધા સ્વભાવમાત્રનો અનુભવ છે, શાંતિનું વેદનમાત્ર અનુભવ છે, આનંદમાત્ર અનુભવ છે. એમાં રાગ ને વિકલ્પ ને વ્યવહારમાત્ર ક્યાંય આવતો નથી. ભારે વાત ભાઈ! કહો, સમજાય છે કે નહિ?

**'એકત્વમોહ મિથ્યાત્વરૂપ દ્રવ્યના વિભાવપરિણામ છે,...'** બે વાત લીધી. અનુભવ-આત્મા શુદ્ધ ચૈતન્ય વસ્તુ એનું અંતર જ્ઞાન, રાગથી ભિન્ન પડીને અનુભવ (થાય) એ તો જ્ઞાનમાત્ર, શ્રદ્ધામાત્ર, શાંતિમાત્ર, આનંદમાત્ર રાગ વિનાનો અનુભવ છે. અને **'એકત્વમોહ...'** એ પુણ્ય ને પાપ, દયા ને દાન વિકલ્પ જે વૃત્તિ ઉઠે, એ મારા અને હું એનો, એવી જે એકત્વબુદ્ધિ મિથ્યાત્વરૂપ દ્રવ્યના વિભાવ પરિણામ છે. એ આત્માના દ્રવ્યના મિથ્યાપણે જૂઠા વિકારી પાપના પરિણામ છે. સમજાણું કાંઈ?

**'અનુભવ જ્ઞાનમાત્ર વસ્તુ છે,...'** ભિન્ન રાગથી, વિકલ્પથી, દેહથી, સર્વથી. એવી ચીજ એમાં તો એકલો જ્ઞાન, શ્રદ્ધા, આનંદમાત્ર અનુભવ છે. એમાં કોઈ વિકલ્પનો અંશ દયા, દાનનો એમાં સ્વરૂપમાં દ્રવ્યમાં નથી, ગુણમાં નથી અને અનુભવની પર્યાયમાં નથી. આ પરની એકત્વબુદ્ધિ, શુભ-અશુભની લાગણીથી માંડીને બધું. એ બધાનું અસ્તિત્વ તે હું, એનો એકપણાનો મોહ એ મિથ્યાત્વ પરિણામ છે. એ પણ મિથ્યત્વ પરિણામ કોના? દ્રવ્યના વિભાવ પરિણામ પાછા. કર્મને લઈને નહિ, કર્મના નહિ. ઓલો પણ દ્રવ્યમાત્રનો અનુભવ હતો. દ્રવ્ય એટલે જ્ઞાનમાત્ર. સમજાય છે? આ પણ દ્રવ્યના જ વિભાવ પરિણામ છે. વસ્તુ ભગવાન આત્મા પોતાનું અખંડ જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપને ભૂલી અને પુણ્ય-પાપના દયા, દાનના વિકલ્પને પોતાના માનીને એકત્વ થાય એ દ્રવ્યના જ વિભાવ મિથ્યાત્વ પરિણામ છે. આત્મદ્રવ્યના જ વિભાવ મિથ્યાત્વ પરિણામ છે. એ કોઈ કર્મમાં થાય છે, કર્મને લઈને

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


થાય છે કે આત્મામાં પર્યાયમાં થતા જ નથી એમ છે નહિ. સમજાણું કાંઈ?

**'એકત્વમોહ મિથ્યાત્વરૂપ દ્રવ્યના વિભાવપરિણામ છે, તોપણ...'** ભલે હો, **'એમને (અનુભવને અને મિથ્યાત્વના મટવાને) આપસમાં કારણકાર્યપણું છે.'** અક્ષરો પણ છૂટા, ઉપડતા, ખુલ્લા અને એમાં હિંમતભાઈએ વળી વાક્યાવલીની સરખાઈ કરી. આખા પુસ્તકની એણે કરી છે, હોં! પણ એનું નામ ન આપ્યું. કહો, સમજાણું?

કહે છે કે આમ છે. શું છે? આત્મપદાર્થ દ્રવ્ય. એનો અનુભવ એ જ્ઞાનમાત્ર, શ્રદ્ધામાત્ર, શાંતિમાત્ર, આનંદમાત્ર તે અનુભવ. તે પણ દ્રવ્યના જ પરિણામ છે. દ્રવ્યના એ અનુભવ પરિણામ છે. પણ શુદ્ધ પરિણામ, શુદ્ધ દ્રવ્યના શુદ્ધ પરિણામ છે. અને પરની સાથે એકત્વબુદ્ધિ એ દ્રવ્યના મિથ્યાત્વરૂપી વિભાવ પરિણામ છે. સમજાણું કાંઈ? આમાં કાંઈ ન સમજાય એવું નથી, આ તો પકડાય એવી વાત છે. જરી ધ્યાન રાખે તો પકડાય એવી છે. જયંતિભાઈ! ઈ તો નવા છે ને હમણાં અહીંના. પકડાય, પકડાય. આત્મા છે ને, ન પકડાય એવું હોય? એ તો ભગવાન કેવળજ્ઞાન થઈને ઊભો રહેશે એકવાર. એવી તાકાતવાળો છે ઈ. કહો, સમજાણું આમાં?

કહે છે, આ દ્રવ્ય ભગવાન આત્મા પરમાત્મા નિજ સ્વરૂપ અખંડાનંદ આત્મા દ્રવ્ય છે. એનો અનુભવ તે જ્ઞાન, દર્શન ને આનંદના પરિણામ એ તો છે. સમજાણું કાંઈ? અને આ પુણ્ય અને પાપ, શરીર, વાણી, મનની ક્રિયા એ અસ્તિત્વ એ મારું છે એવી જે એકત્વબુદ્ધિ એ જીવદ્રવ્યના મિથ્યાત્વના વિભાવ વિકારી પરિણામ છે. આ બે સિદ્ધિ કરી. જુઓ! દ્રવ્ય અને એના પરિણામ. આવી વાત ક્યાંય અન્યમાં હોય નહિ, વીતરાગ સિવાય. જયંતિભાઈ! પણ ...વાળા પણ ગોથા ખાઈ જાય. વસ્તુ મૂળ શું છે એની કળા ખ્યાલમાં ન આવે અને એ પર્યાય શું, આ દ્રવ્ય શું, આ ગુણ શું... જુઓને! ત્રણ શબ્દ લીધા છે અનુભવમાં. દ્રવ્ય-ગુણનો, પર્યાયનો પ્રત્યક્ષ આસ્વાદ એમ લીધું છે. કારણ કે એ અંશ છે એ અંશીનો છે એક ગુણનો એક એક અંશ. અને એવા અનંત ગુણનું એકરૂપ તે દ્રવ્ય છે. સમજાણું? વસ્તુની સ્થિતિ જ આવી છે. વસ્તુ આવી છે. ભગવાને કીધી છે એટલે નહિ, એ તો જાણી હતી એવી આવી છે. વસ્તુ આમ જ છે. એ સિવાય બીજી કોઈ રીતે વસ્તુ હોઈ શકે નહિ. ભગવાન ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમાત્મા વીતરાગદેવે આ રીતે જોયું, એ રીતે વાણીમાં આવ્યું. એવી વસ્તુ છે.

**'(અનુભવને અને મિથ્યાત્વના મટવાને) આપસમાં કારણકાર્યપણું છે.'** બેય પરિણામ છે ને. જ્યારે અનુભવ થાય તે કાળે અશુદ્ધનો અનુભવ જાય. અનુભવ જાય એટલે શુદ્ધ અનુભવ થાય. એક જ સમયે બેય ભેગા છે. **'તેનું વિવરણ-જે કાળે જીવને અનુભવ થાય છે...'** જુઓ! જે કાળ આત્મા જ્ઞાનસ્વરૂપ શુદ્ધ ચિદાનંદ પ્રભુ, એવો અનુભવ થાય છે. અનુભવ અહીં પર્યાય લેવી છે, હોં! જે કાળે આત્મા જ્ઞાનાનંદ ધ્રુવ ચૈતન્યપદાર્થ ભિન્ન-

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


દેહ, રાગથી ભિન્ન તત્ત્વ છે એવો અનુભવ થાય, સમ્યક્ થાય તે કાળ મિથ્યાત્વ પરિણામ મટે છે. એ કાળે પરની એકત્વબુદ્ધિ રૂપી દ્રવ્યના મિથ્યાત્વ પરિણામ વિભાવ મટે છે. 'કોટિ વર્ષનું સ્વપ્ન પણ...' આવે છે ને શ્રીમદ્‌માં? 'જાગૃત થતાં શમાય, તેમ વિભાવ અનાદિનો...' એ વિભાવ આ. 'જ્ઞાન થતાં દૂર થાય.' જુઓ! અહીં એ વસ્તુ આવી કે નહિ? 'તેમ વિભાવ અનાદિનો જ્ઞાન થતાં દૂર થાય'. ઈ જ્ઞાન એટલે આ ચૈતન્ય જ્ઞાતા અખંડ શુદ્ધ છે એવી દૃષ્ટિ, એવું જ્ઞાન અને અનુભવ. જ્ઞાન એવું થતાં સ્વપ્નમાં જેમ ઘણું જોવે, આમ ઉઠે ત્યાં સ્વપ્ન ખલાસ થઈ જાય. જાગૃતિ હોય અને સ્વપ્ન રહે એમ હોય? સ્વપ્ન રહે અને જાગૃતિ હોય એમ હોય? એમ વાત કરે છે.

ભગવાન આત્મા દેહ ભિન્ન કેવળ ચૈતન્યનું જ્ઞાન. એકલો જ્ઞાન ચૈતન્ય શુદ્ધ એવો જે અનુભવ થતાં પરની સાથેના એકત્વસંસ્કારના મિથ્યાત્વ પરિણામ નાશ થાય. એકબીજાને કારણકાર્ય એક સમયે સાથે જ છે. એમ કહેવું છે. બસ, કારણકાર્ય. જુઓ! '**જે કાળે જીવને અનુભવ થાય છે તે કાળે મિથ્યાત્વપરિણમન મટે છે, સર્વથા અવશ્ય મટે છે.**' વ્યય થાય છે. સર્વથા જરૂર મટે છે. ભગવાન દ્રવ્ય સ્વરૂપ તો જે શુદ્ધ ત્રિકાળ છે તે છે. પણ એનો અનુભવ થતાં, એકત્વબુદ્ધિ થતાં જ્ઞાન સમ્યગ્દર્શન, ચારિત્રની પર્યાયની ઉત્પત્તિ થાય અને મિથ્યા સંસ્કારનો વ્યય થાય. સમય એક છે, સમય બે નથી. '**સર્વથા અવશ્ય મટે છે.**' જોયું! એકત્વસંસ્કાર સર્વથા મટી જાય છે. શુભરાગ, શરીરાદિ, વિભાવ અને પારિણામિક સ્વભાવભાવ-બેની એકતા સર્વથા છૂટી જાય છે. બિલકુલ છૂટી જાય છે. ભઈ, સર્વથા ન હોય, કથંચિત્ છૂટે એમ હશે? કથંચિત્ એમ નહિ. સર્વથા છૂટી જાય છે અને કાંઈ રહેતું નથી.

'**જે કાળે મિથ્યાત્વપરિણમન મટે છે,...**' જે સમયમાં એકત્વબુદ્ધિનો વ્યય થાય છે. પુણ્ય, પાપ વિકલ્પ દયા, દાન તે હું એવા અસ્તિત્વની બુદ્ધિ, મિથ્યાત્વબુદ્ધિ જે સમયે નાશ-વ્યય થાય છે '**તે કાળે અવશ્ય અનુભવશક્તિ થાય છે.**' તે કાળે જરૂર આત્માનો અનુભવ કરનારી શુદ્ધતા પર્યાય શક્તિ પ્રગટ થાય છે. સમજાણું કાંઈ? ઈ શક્તિ છે એ પર્યાયની વાત છે, હોં! '**તે કાળે અવશ્ય...**' જ્ઞાનાનંદ સ્વરૂપને અનુભવવું એવી જે જ્ઞાન, શ્રદ્ધા, શાંતિની પર્યાય જરૂર થાય છે. '**અવશ્ય અનુભવશક્તિ થાય છે.**' સમજાણું કાંઈ? ઓલામાં લીધું હતું ને? સર્વથા અવશ્ય મટે છે. તો અહીં કીધું કે અનુભવશક્તિ અવશ્ય થાય છે.

અંધકાર ટળે અને પ્રકાશ થાય. સર્વથા. પ્રકાશ થાય અને અંધકાર બિલકુલ રહે નહિ. એમ ચૈતન્યપ્રભુ પોતાના સ્વભાવના અનુભવની દૃષ્ટિ, જ્ઞાનમાત્રનું ભાન થયું એ જ કાળે એકત્વબુદ્ધિના અંધકારના અજ્ઞાનનો સર્વથા નાશ થયો. જે કાળે સર્વથા અજ્ઞાનનો નાશ થયો, તે જ કાળે આત્માના જ્ઞાનની પર્યાય, શુદ્ધતાની પર્યાય પ્રગટ થઈ.

મુમુક્ષુ :- ..

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઉત્તર :- ઈ કારણ છે ને. વ્યય કારણ થયું. અને ઉત્પાદરૂપી કારણ કહો તો વ્યય કાર્ય છે. એમ અરસપરસ કારણકાર્ય છે. અરસપરસ છે. ઉત્પાદ પણ કારણ અને વ્યય પણ કારણ. વ્યય કાર્ય અને ઉત્પાદ કાર્ય. જુઓને, કીધું ને? '**આપસમાં કારણકાર્યપણું છે.**' એમ લીધું છે ને? આપસમાં કારણકાર્યપણું છે. પરસ્પર. ભાઈ! પંડિતજી! આપસમાં કારણકાર્ય. છે ને? એ તો પ્રવચનસારમાં નથી આવ્યું? કે ઉત્પાદ એ કારણ છે અને વ્યય તે કાર્ય છે અને વ્યય તે કારણ છે અને ઉત્પાદ તે કાર્ય છે. એમ છે. ભારે ઝીણું બાપુ! આમાં ઉત્પાદ-વ્યયની ખબર ન મળે.

આત્મા એક સમયમાં જ્ઞાયક ચૈતન્ય અનંત ગુણનો પિંડ એવી વસ્તુ. એની અંતરમાં અનુભવની દૃષ્ટિ થતાં એ ઉત્પાદ થયો. નવી પર્યાય સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની ઉત્પાદ થયો. ઊપજવું થયું. એ કારણ થયું. અને એ કારણ થયું એટલે મિથ્યાત્વ દ્રવ્યના જે પરિણામ એકત્વબુદ્ધિના હતા એનું કાર્ય થયું એટલે વ્યય થયો, નાશ થયો. સમજાણું કાંઈ? અને વ્યયને કારણ ગણો તો ઉત્પાદ કાર્ય થયું. અરસપરસ કારણકાર્ય છે. અહીં તો પરની સાથે કાંઈ સંબંધ નથી એમ સિદ્ધ કરવા વાત લીધી છે પાછી. કર્મના ઉદયનો નાશનું કારણ અને અહીં ઉત્પાદનું કાર્ય એમ નહિ. ભાઈ! વાત ઈ સિદ્ધ કરવી છે. આહાહા..! દર્શનમોહના ઉદયનું કારણ નાશ અને અનુભવના ઉત્પાદનું કાર્ય એમ નહિ. અનુભવનું કારણ અને દર્શનમોહની પર્યાયનો જડનો નાશ એમ નહિ. સમજાણું કાંઈ?

'**તે કાળે મિથ્યાત્વપરિણમન મટે છે, સર્વથા અવશ્ય મટે છે. જે કાળે મિથ્યાત્વપરિણમન મટે છે...**' એમ લીધું. પહેલા અનુભવથી લીધું હતું. '**જે કાળે જીવને અનુભવ થાય છે...**' એમ હતું ને વિવરણમાં? '**તે કાળે મિથ્યાત્વપરિણમન મટે છે,...**' અનુભવ કારણ અને ઓલું કાર્ય. '**જે કાળે મિથ્યાત્વપરિણમન મટે છે તે કાળે અવશ્ય અનુભવશક્તિ થાય છે.**' એ કાર્ય થયું. મિથ્યાત્વપરિણામનો (નાશ) કારણ થયું. પરની સાથે કારણકાર્ય નહિ, એમ સિદ્ધ કરવું છે વધારે. સમજાણું કાંઈ? આહા..! પાછા પેલા કહે, દર્શનમોહનો ઉદય હોય એને સમકિત થાય કોઈ દી? પણ એની સાથે અહીં વાત જ નથી. પરદ્રવ્યની સાથે કામ શું છે તારે? એમ અહીં કહે છે. સમજાણું? તેં તારા આત્મદ્રવ્યની અંદર દ્રવ્યમાં-વસ્તુમાં વસ્તુને ભૂલીને વિકાર અને પુણ્ય-પાપના ભાવના એકત્વપરિણામ તેં કર્યા હતા એ તારી ભૂલ. એનો નાશ સ્વભાવના અનુભવથી થાય છે. અને અનુભવની ઉત્પત્તિના કાળે તેનો મિથ્યાત્વનો નાશ થાય છે. આવો પરસ્પર કારણકાર્ય સંબંધ છે. તારામાં ને તારામાં ઉત્પાદ-વ્યયનું કારણકાર્યપણું છે.

મુમુક્ષુ :- બહારની વાત લીધી જ નથી.

ઉત્તર :- બહારનું કામ શું છે પણ તારે? ભૂલ તારી પર્યાયમાં કર અને નાખ કો'કને માથે. અને એ સ્વભાવનો અનુભવ થતાં ભૂલનો વ્યય-નાશ થાય એ કાર્ય છે. અનુભવ

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


થયો એ કારણ છે. સમજાણું કાંઈ? દર્શનમોહનો નાશ થાય અને અનુભવ થાય કાર્ય. આ રાડ્યું પાડે છે ને ઘણાં? કર્મને તો લેતા નથી. કર્મ લેતા નથી. સાંભળને! કર્મનો ક્ષય થાય તો કેવળજ્ઞાન થાય. તમે કહો છો કે કેવળજ્ઞાન થાય એટલે કર્મનો ક્ષય એની મેળાએ થઈ જાય. એમ નહિ. હવે સાંભળને. તને ખબર (ક્યાં છે) વસ્તુની.

ઉત્પાદવ્યયધ્રુવયુક્તં સત્ દ્રવ્ય જ સ્વતંત્ર એવું છે. પોતાના અનંત ગુણનો રસકંદ એવો ભગવાન, એમાં નવી નવી પર્યાયનું ઊપજવું અને જૂની પર્યાયનું વ્યય થવું. એ પોતાના સ્વતઃસિદ્ધને કારણે છે. પરને કારણે નથી. હો નિમિત્ત, એ નિમિત્તનું કામ શું છે અહીં? નિમિત્તના ઉત્પાદને લઈને અથવા નિમિત્તના અભાવને કારણે અહીં અનુભવનો ઉત્પાદ થયો એમ નથી. મનુભાઈ! આ બહુ ઝીણું છે, હોં! મગજ પરોવવું જોઈએ. ન્યાં તો મફતનું ચાલ્યું દુકાન ઉપર. પુણ્ય હોય તો ચાલે ન્યાં ગાડા. ન્યાં બેઠા હોય એને હુશિયાર કહેવાય, લ્યો! ખરું કે નહિ? ભગવાનભાઈ!

મુમુક્ષુ :- બીજા સર્ટિફિકેટ આપે.

ઉત્તર :- બીજા આપે. એના જેવા હોય ઈ સૌને આપે ને. આહાહા..!

વાત તો જુઓ કેટલી સ્પષ્ટ ને સત્ય ને આમ પ્રત્યક્ષ કર્યું છે. ભગવાન! એ દ્રવ્યના પરિણામ. પાછી ભાષા કેવી લીધી હતી? મિથ્યાત્વરૂપ '**એકત્વમોહ મિથ્યાત્વરૂપ દ્રવ્યના વિભાવપરિણામ** છે.' એટલે દ્રવ્ય પોતે વિભાવપણે પરિણમેલું છે. દર્શનમોહને લઈને નહિ. એમ કહે છે. સમજાણું કાંઈ? અને એ જ અનુભવ, અનુભવ જ્ઞાનમાત્ર વસ્તુ (તેના દ્વારા) તું પોતાની બુદ્ધિથી છોડી શકીશ. આમ થાશે તો આ છૂટી જશે. સમજાણું કાંઈ?

'**મિથ્યાત્વપરિણમન જે રીતે મટે છે તે રીત કહે છે :—**' હવે મિથ્યાત્વપરિણામ જે પ્રકારે મટે. પરિણામ મટે, હોં! એમ કહ્યું છે. દર્શનમોહનો ઉદય મટે એમ નહિ. મિથ્યાત્વપરિણામ એટલે પાછી વ્યાખ્યા કરી. '**એકત્વમોહ મિથ્યાત્વરૂપ દ્રવ્યના વિભાવપરિણામ**'. મિથ્યાત્વપરિણામ એટલે? શુભ-અશુભ રાગની એકત્વબુદ્ધિરૂપી એક જીવદ્રવ્યના મિથ્યાત્વ વિભાવપરિણામ. અરૂપી વિકારી ભ્રમણાના પરિણામ. જીવદ્રવ્યના પરિણામ-જીવદ્રવ્યની પર્યાય. સમજાણું કાંઈ? તે પર્યાય કેવી રીતે મટે છે, તેને જ કહે છે.

'**स्वं समालोक्य**' જુઓ! '**स्वं समालोक्य**' '(**स्वं**)' '**પોતાની શુદ્ધ ચૈતન્યવસ્તુનો...**' '**स्वं**' એટલે પોતાની શુદ્ધ ચૈતન્ય જ્ઞાનમૂર્તિ ભગવાન શુદ્ધ પદાર્થ '**समालोक्य**' '**સ્વસંવેદનપ્રત્યક્ષપણે આસ્વાદ કરીને.**' આ મિથ્યાત્વપરિણામ આમ મટે. કર્મ મટે તો મિથ્યાત્વપરિણામ મટે એમ નહિ. એમ નથી. વસ્તુની મર્યાદા એના ઉત્પાદ-વ્યયની એને પોતાને કારણે છે.

મુમુક્ષુ :- સૌનું પોતામાં છે.

ઉત્તર :- હા, પણ સૌને સ્વતંત્ર સત્ છે કે નહિ? સત્‌ના ત્રણે અંશો છે ને?

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઉત્પાદવ્યયધ્રુવયુક્તં સત્. એ ત્રણનું સમાન આખું તે દ્રવ્ય છે. એમાં પરની સાથે (શું સંબંધ છે?). પ્રત્યેક વસ્તુ છે. એ તો નિમિત્ત છે જોડે સંયોગ.

**'स्वं समालोक्य'** મિથ્યાત્વપરિણામ કઈ રીતે મટે છે? એનો ઉપાય શું? એનું કારણ શું? એ કાર્ય થવાનું નાશનું કારણ શું? પોતાની શુદ્ધ ચૈતન્યવસ્તુ. જ્ઞાનમાત્ર આનંદ શુદ્ધ સ્વરૂપ ધ્રુવ અનાદિઅનંત પદાર્થ શુદ્ધ. એનું સ્વસંવેદન. **'समालोक्य'** શબ્દ છે ને? **'स्वं समालोक्य'**માંથી આટલું કાઢ્યું. સમ્યક્ પ્રકારે **'સ્વસંવેદનપ્રત્યક્ષપણે આસ્વાદ કરીને.'** **'(समालोक्य)'** બરાબર અંદરમાં સમ્યક્ પ્રકારે આત્મદ્રવ્યનું સ્વ એટલે પોતાથી આનંદનું વેદન પ્રત્યક્ષપણે રાગની અપેક્ષા વિના, વ્યવહારના વિકલ્પની અપેક્ષા વિના. નિમિત્તના વિકલ્પના... વ્યવહારરૂપી નિમિત્ત, હોં! એની અપેક્ષા વિના. **'સ્વસંવેદનપ્રત્યક્ષપણે આસ્વાદ કરીને.'** **'समालोक्य'**માંથી કાઢ્યા. સમ્યક્ પ્રકારે દેખવું. સમ્યક્ પ્રકારનો અર્થ. રાગની અપેક્ષા વિના સત્ સ્વભાવને પોતાના જ્ઞાન અને આનંદ દ્વારા પ્રત્યક્ષપણે આસ્વાદ કરવો એનાથી મિથ્યાત્વના પરિણામ નાશ થાય છે. સમજાણું કાંઈ? વધારે સ્પષ્ટ તો ઠીક કર્યું છે, એના પ્રમાણમાં એણે ઠીક કર્યું છે. વિશેષ ગણધરો કરે, સંતો મુનિઓ કરે એટલું સ્પષ્ટ તો કાંઈ (હોય નહિ). કહો, સમજાણું કાંઈ? એને યોગ્ય સમજવાને લાયક જેટલું જોઈએ તેટલું સ્પષ્ટીકરણ પૂરેપૂરું (કર્યું છે). એના પડખાના પાર ન મળે ઘણાં એ વળી વિશેષ. ઓહોહો..!

એક તો કારણકાર્ય સિદ્ધ કર્યું. છતાં વળી મિથ્યાત્વપરિણામનો નાશ કેમ થાય? એને વધારે સિદ્ધ કર્યું. **'स्वं'** સંવેદન. ચૈતન્યપ્રભુ ભગવાન પોતાના પ્રત્યક્ષ વેદનના અનુભવનો આસ્વાદના કાળે મિથ્યાત્વના પરિણામ નાશ થાય. આ કારણે નાશ થાય. દર્શનમોહનો ઉદય નાશ થાય તો મિથ્યાત્વપરિણામ નાશ થાય એમ નહિ. કહો, સમજાણું કાંઈ? કહો, ભગવાનજીભાઈ! છે ને? પુસ્તક રાખ્યું છે ને? લીધું છે હવે તો. જુઓ! આ બધું સમજવા જેવું છે. આહાહા..!

**'કેવું છે શુદ્ધ ચૈતન્ય?'** કહ્યું ને? શુદ્ધ ચૈતન્યવસ્તુનો અનુભવ. તો હવે ઈ વસ્તુ કેવી છે? સમજાણું? **'કેવું છે શુદ્ધ ચૈતન્ય?'** ભગવાન જ્ઞાનમૂર્તિ ચૈતન્ય કેવો છે? **'विलसन्तं'** **'विलसन्तं'**. એ તો **'અનાદિનિધન પ્રગટપણે ચેતનારૂપ પરિણમી રહ્યું છે.'** ભગવાન આ **'विलसन्तं'**, **'विलसन्तं'** વિલસી રહ્યો છે, વિલસી રહ્યો છે-ઉલ્લસી રહ્યો છે. અનાદિઅનંત ભગવાન આત્મા વસ્તુ એનો અનુભવ થતાં એ **'પ્રગટપણે ચેતનારૂપ પરિણમી રહ્યું છે.'** પ્રગટરૂપ શક્તિમાંથી પરિણમન આનંદ અને જ્ઞાનનું થઈ રહ્યું છે, એવું એ ચૈતન્ય છે. કહો, સમજાણું આમાં? આહા..! આ તો ચાલતી ભાષામાં આવ્યું. પેલા સંસ્કૃત ને વ્યાકરણ તપાસવા ન પડે. વળી કેટલાક કહે, અમે સંસ્કૃત ન જાણીએ શું અભ્યાસ કરવો? આ તો સમજાય ને. આમાં સંસ્કૃત અને વ્યાકરણની કાંઈ જરૂર નથી. સમજાણું આમાં?

**'કેવું છે શુદ્ધ ચૈતન્ય?'** **'विलसन्तं'**, **'विलसन्तं'** છે ને? **'विलसन्तं'** છે. **'विलसन्तं'**.

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com


Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અનાદિઅનંત એ વસ્તુ તો ભગવાન સત્રૂપે અનાદિઅનંત છે. આદિ અને અંત વિનાની ચીજ આત્મા. એનો અનુભવ કરતાં '**પ્રગટપણે ચેતનારૂપ પરિણમી રહ્યું છે.**' એ તો જ્ઞાનાનંદના પરિણામરૂપે પરિણમે એવી એ ચીજ છે. વિકારરૂપે પરિણમવું એ ચૈતન્યદ્રવ્ય છે નહિ. એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? એ દ્રવ્ય વિકાર ને વ્યવહારની એકત્વબુદ્ધિપણે પરિણમે એવું એ દ્રવ્ય છે નહિ. દ્રવ્ય એવું નથી. પરિણામમાં દ્રવ્યના પરિણામ કહ્યા હતા. સમજાણું કાંઈ? '**विलसन्तं**' અનાદિઅનંત. અનાદિ એટલે આદિ નહિ. નિધન એટલે અનિધન શબ્દ છે. પહેલો 'અ' છે એ બેને લાગુ પડે. અનઆદિ અને અનનિધન. નિધન એટલે મૃત્યુ એટલે અંત. અ-આદિ અને અ-નિધન એટલે અ-અંત. એટલે અનાદિઅનંત. આદિ નહિ અને અંત નહિ. એવો ભગવાન આત્મા પ્રગટપણે.. શક્તિરૂપ તો હતો, વિકારરૂપ પરિણમન એનું દ્રવ્યનું મૂળ પરિણમન નથી, એ મૂળ સ્વભાવ નથી એમ સિદ્ધ કરવું છે. આ '**અનાદિનિધન પ્રગટપણે ચેતનારૂપ પરિણમી રહ્યું છે.**' જાણવા-દેખવાના સ્વભાવરૂપે પરિણમે એવું ચૈતન્યદ્રવ્ય છે. કહો, સમજાણું કાંઈ? સમજાય એવું છે, આમાં કાંઈ ન સમજાય એવું નથી. એ ૨૩મો કળશ થયો. સમજાણું?

૨૩મા આ ઉત્પાદ, વ્યય અને ધ્રુવ અંદર નાખ્યા છે. અને પેલામાં નાખ્યું દ્રવ્ય, ગુણ અને પર્યાયનો આસ્વાદ આવે. મિથ્યાત્વના પરિણામ દ્રવ્યના, એ અનુભવ કરવાથી નાશ થાય. અનુભવ કારણ, મિથ્યાત્વપરિણામ નાશ થાય એ કાર્ય. મિથ્યાત્વપરિણામ કારણ, અનુભવ કાર્ય થાય. નાશ કારણ, હોં! એવું તારામાં ને તારામાં બધું પરસ્પર કારણકાર્ય છે. તારે પર સામું જોવાનું નથી. પર સામું જોઈને એકત્વબુદ્ધિ કર એ તારી ભૂલ. સ્વ સામું જોઈને એકત્વબુદ્ધિ કર એ તારો ગુણ. અને એ પણે ગુણપણે પરિણમે એ તો દ્રવ્યનો સ્વભાવ છે. મિથ્યાપણે પરિણમવું એ એનો સ્વભાવ નથી. ૨૪મો કહેશું...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)




Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


વીર સંવત-૨૪૯૧, ચૈત્ર સુદ ૧, શુક્રવાર,
તા. ૨-૪-૧૯૬૫, કલશ-૨૪થી ૨૭
પ્રવચન નં. ૨૭

(શાર્દૂલવિક્રીડિત)

कान्त्यैव स्नपयन्ति ये दश दिशो धाम्ना निरून्धन्ति ये
धामोद्दाममहस्विनां जनमनो मुष्णन्ति रूपेण ये।
दिव्येन ध्वनिना सुखं श्रवणयोः साक्षात्क्षरन्तोऽमृतं
वन्द्यास्तेऽष्टसहस्रलक्षणधरास्तीर्थेश्वराः सूरयः।।२४।।

ખંડાન્વય સહિત અર્થ :—અહીં કોઈ મિથ્યાદૃષ્ટિ કુવાદી મતાન્તર સ્થાપે છે કે જીવ અને શરીર એક જ વસ્તુ છે. જેમ જૈનો માને છે કે શરીરથી જીવદ્રવ્ય ભિન્ન છે તેમ નથી, એક જ છે; કેમકે શરીરનું સ્તવન કરતાં આત્માનું સ્તવન થાય છે, એમ જૈનો પણ માને છે. એ જ બતાવે છે—"ते तीर्थेश्वराः वन्द्याः" (ते) અવશ્ય વિદ્યમાન છે એવા (तीर्थेश्वराः) તીર્થંકરદેવો (वन्द्याः) ત્રિકાળ નમસ્કાર કરવાયોગ્ય છે. કેવા છે તે તીર્થંકરો? "ये कान्त्या एव दश दिशः स्नपयन्ति" (ये) તીર્થંકરો (कान्त्या) શરીરની દીપ્તિ દ્વારા (एव) નક્કી (दश) પૂર્વ-પશ્ચિમ-ઉત્તર-દક્ષિણ એ ચાર દિશા, ચાર ખૂણારૂપ વિદિશા તથા ઊર્ધ્વદિશા અને અધોદિશા એ દસ (दिशः) દિશાઓને (स्नपयन्ति) પ્રક્ષાલ કરે છે—પવિત્ર કરે છે; એવા છે જે તીર્થંકરો તેમને નમસ્કાર છે. (જૈનોને ત્યાં) આમ જે કહ્યું તે તો શરીરનું વર્ણન કર્યું, તેથી અમને એવી પ્રતીતિ ઊપજી કે શરીર અને જીવ એક જ છે. વળી કેવા છે તીર્થંકરો? "ये धाम्ना उद्दाममहस्विनां धाम निरुन्धन्ति" (ये) તીર્થંકરો (धाम्ना) શરીરના તેજથી (उद्दामहस्विनां) ઉગ્ર તેજવાળા કરોડો સૂર્યના (धाम) પ્રતાપને (निरुन्धन्ति) રોકે છે. ભાવાર્થ આમ છે કે તીર્થંકરના શરીરમાં એવી દીપ્તિ છે કે જો કોટિ સૂર્ય હોય તો કોટિયે સૂર્યની દીપ્તિ રોકાઈ જાય; એવા તે તીર્થંકરો છે. અહીં પણ શરીરની જ મોટપ કહી છે. વળી કેવા છે તીર્થંકરો? "ये रूपेण जनमनो मुष्णन्ति" (ये) તીર્થંકરો (रूपेण) શરીરની શોભાથી (जन) જેટલાં દેવ-મનુષ્ય-તિર્યંચ-એ બધાંનાં (मनः) અંતરંગને (मुष्णन्ति) ચોરી લે છે. ભાવાર્થ આમ છે કે જીવો તીર્થંકરના શરીરની શોભા દેખીને જેવું સુખ માને છે તેવું સુખ ત્રૈલોક્યમાં અન્ય વસ્તુને દેખીને નથી માનતા; એવા તે તીર્થંકરો છે. અહીં પણ શરીરની મોટપ કરી છે. વળી કેવા છે તીર્થંકરો? "ये दिव्येन ध्वनिना श्रवणयोः साक्षात्

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



सुखं अमृतं क्षरन्तः'' (ये) તીર્થંકરદેવો (दिव्येन) સમસ્ત ત્રૈલોક્યમાં ઉત્કૃષ્ટ એવી (ध्वनिना) નિરક્ષરી વાણી વડે (श्रवणयोः) સર્વ જીવોની કર્ણેન્દ્રિયોમાં (साक्षात्) તત્કાળ (सुखं अमृतं) સુખમય શાન્તરસને (क्षरन्तः) વરસાવે છે. ભાવાર્થ આમ છે કે તીર્થંકરની વાણી સાંભળતાં સર્વ જીવોને વાણી રુચે છે, જીવો બહુ સુખી થાય છે; તીર્થંકરો એવા છે. અહીં પણ શરીરની મોટપ છે. વળી કેવા છે તીર્થંકરો? ''अष्टसहस्रलक्षणधराः'' (अष्टसहस्र) આઠ અધિક એક હજાર (लक्षणधराः) શરીરનાં ચિહ્નો સહજ જ ધારણ કરે છે; એવા તીર્થંકરો છે. ભાવાર્થ આમ છે કે તીર્થંકરના શરીરમાં શંખ, ચક્ર, ગદા, પદ્મ, કમળ, મગર, મચ્છ, ધ્વજા ઇત્યાદિરૂપ આકૃતિવાળી રેખાઓ હોય છે, જે સમસ્ત ગણતાં એક હજાર ને આઠ થાય છે. અહીં પણ શરીરની મોટપ છે. વળી કેવા છે તીર્થંકરો? ''सूरयः'' મોક્ષમાર્ગના ઉપદેષ્ટા છે. અહીં પણ શરીરની મોટપ છે. આથી જીવ-શરીર એક જ છે એવી મારી પ્રતીતિ છે, એવું કોઈ મિથ્યામતવાદી માને છે. તેનો ઉત્તર આમ પ્રમાણે આગળ કહેશે :—ગ્રંથકર્તા કહે છે કે વચનવ્યવહારમાત્રથી જીવ-શરીરનું એકપણું કહેવાય છે. આથી એમ કહ્યું છે કે જે શરીરનું સ્તોત્ર છે તે તો વ્યવહારમાત્રથી જીવનું સ્તોત્ર છે. દ્રવ્યદ્રષ્ટિથી જોતાં જીવ-શરીર ભિન્ન ભિન્ન છે. તેથી જેવું સ્તોત્ર કહ્યું છે તે નિજ નામથી જૂઠું છે (અર્થાત્ તેનું નામ સ્તોત્ર ઘટિત થતું નથી), કેમ કે શરીરના ગુણ કહેતાં જીવની સ્તુતિ થતી નથી, જીવના જ્ઞાનગુણની સ્તુતિ કરતાં (જીવની) સ્તુતિ થાય છે. કોઈ પ્રશ્ન કરે છે કે જેવી રીતે નગરનો સ્વામી રાજા છે તેથી નગરની સ્તુતિ કરતાં રાજાની સ્તુતિ થાય છે, તેવી જ રીતે શરીરનો સ્વામી જીવ છે તેથી શરીરની સ્તુતિ કરતાં જીવની સ્તુતિ થાય છે. ઉત્તર આમ છે કે એ રીતે સ્તુતિ થતી નથી; રાજાના નિજ ગુણની સ્તુતિ કરતાં રાજાની સ્તુતિ થાય છે, તેવી જ રીતે જીવના નિજ ચૈતન્યગુણની સ્તુતિ કરતાં જીવની સ્તુતિ થાય છે. તે જ કહે છે. ૨૪.

## કલશ-૨૪ ઉપર પ્રવચન

આ સમયસાર કળશ, જીવ અધિકાર. એનો ૨૪મો કળશ. ૨૩ કળશ થઈ ગયા. શરીર અને આત્મા તદ્દન જુદાં છે અને એ શરીરના ગુણો અને આત્માના ગુણો તદ્દન ભિન્ન છે. માટે શરીરથી ભિન્ન આત્મા જ્ઞાન, દર્શન, આનંદાદિ સ્વભાવથી ભરેલો પદાર્થ છે. એનો અનુભવ કરવો એનું નામ ધર્મ છે. સુખનો ઉપાય છે, શાંતિનો એ ઉપાય છે. એમ જ્યારે વાત સિદ્ધ કરી ત્યારે બીજા મિથ્યાદૃષ્ટિ જીવ અન્યમતને એટલે કે શરીર તે જ આત્મા છે, એવી બુદ્ધિવાળાએ

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


તર્ક કર્યો છે કે તમે જે કહેવા માગો છે કે શરીર અને આત્મા જુદા, એમ (નથી). તમે પણ એમ નથી કહેતા. તમારામાં પણ એમ છે કે શરીર અને આત્મા એક છે. એવો એક તર્ક કાઢ્યો એમાંથી. શી રીતે કહે છે? જુઓ ઈ.

(શાર્દૂલવિક્રીડિત)

कान्त्यैव स्नपयन्ति ये दश दिशो धाम्ना निरून्धन्ति ये
धामोद्दाममहस्विनां जनमनो मुष्णन्ति रूपेण ये।
दिव्येन ध्वनिना सुखं श्रवणयोः साक्षात्क्षरन्तोऽमृतं
वन्द्यास्तेऽष्टसहस्रलक्षणधरास्तीर्थेश्वराः सूरयः।।२४।।

**ખંડાન્વય સહિત અર્થ :—'અહીં કોઈ મિથ્યાદૃષ્ટિ...'** જેની દૃષ્ટિ વિપરીત છે **'કુવાદી..'** અન્ય રીતે ઊંધું કહેનારા છે, એ **'મતાન્તર...'** અનેરા અજ્ઞાનમતથી **'સ્થાપે છે કે જીવ અને શરીર એક જ વસ્તુ છે.'** અમે તો કહીએ છીએ કે જીવ અને શરીર એક જ છે. વળી શરીર જુદું અને આત્મા અંદર ચૈતન્યમૂર્તિ જુદો, અમે માનતા નથી. **'જેમ જૈનો માને છે કે શરીરથી જીવદ્રવ્ય ભિન્ન છે તેમ નથી,...'** શરીર આ માટી જડ અને અંદર ચૈતન્ય આત્મા જાણક, આનંદસ્વરૂપ એ ભિન્ન છે એમ જે જૈન કહે છે, એવું નથી અમને લાગતું. **'એક જ છે;...'** શરીર અને આત્મા બેય એક જ ચીજ અમને તો લાગે છે. અને તે અમે કહીએ છીએ એમ નહિ. સમજાણું? **'કેમકે શરીરનું સ્તવન કરતાં આત્માનું સ્તવન થાય છે, એમ જૈનો પણ માને છે.'** એમ કહે છે ઈ. કેમ કે શરીરનું સ્તવન કરવાથી, ગુણગ્રામ કરવાથી આત્માના ગુણગ્રામ થયા એવું જૈન પણ માને છે. લાવો અમે શ્લોક કહીએ તમારામાંથી. એ તો ઘર ખૂટ્યે ઘર જાય એવું છે ને? વાંચીને શરીરની સ્તુતિનું વર્ણન આવે ત્યારે કહે, જુઓ! શરીરને જ ભગવાન માને છે અને શરીરની સ્તુતિ તમારામાં પણ ચાલે છે. એમ જૈનો પણ માને છે. હું તો માનું છું પણ જૈન પણ એમ કહે છે. શેઠી! **'એ જ બતાવે છે.'** જુઓ! તમારા જૈનમાં પણ લખ્યું છે.

**'ते तीर्थेश्वराः वन्द्याः'** '(ते)' નામ **'અવશ્ય વિદ્યમાન છે..'** જુઓ! 'તે' એટલે વિદ્યમાનપણું બતાવે છે-હયાતી. **'અવશ્ય..'** જરૂર હયાતી, તીર્થંકરની હયાતી છે જગતમાં. **'એવા...'** ' **तीर्थेश्वराः**' **'તીર્થંકરદેવો...'** એમ. **'तीर्थेश्वराः'** તીર્થના ઈશ્વર એટલે તીર્થંકરદેવ. **'वन्द्याः'** **'ત્રિકાળ નમસ્કાર કરવાયોગ્ય છે.'** તમારે આવે છે એમાં, કહે છે. **'કેવા છે તીર્થંકરો?'** હવે આવે છે. એટલી વાત તો સાધારણ થઈ. ભગવાન તીર્થંકર છે અને એ તીર્થંકર ત્રિકાળ નમસ્કાર કરવાયોગ્ય છે. એ વાત તમારામાં આવે છે એમાંથી હું કહું છું કે શરીર અને આત્મા એક તમે જ માનો છો. એમ કહે છે. કઈ રીતે?

**'કેવા છે તે તીર્થંકરો?' 'ये कान्त्या एव दश दिशः स्नपयन्ति'** '(ये)' **'તીર્થંકરો શરીરની દીપ્તિ દ્વારા...'** શરીરના તેજ દ્વારા. શરીરનું તેજ એવું છે એમ તમારામાં જ

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આવ્યું છે.શરીરની દીપ્તિ-કાંતિ દ્વારા 'एव' નામ 'નક્કી..' ખરેખર 'दश दिशः' દસ દિશા. **'પૂર્વ-પશ્ચિમ-ઉત્તર-દક્ષિણ ચાર દિશા, ચાર ખૂણારૂપ વિદિશા તથા ઊર્ધ્વદિશા અને અધોદિશા એ દસ દિશાઓને પ્રક્ષાલ કરે છે—પવિત્ર કરે છે;...'** એટલે ઉજ્જ્વળ કરે છે. પવિત્ર કરે છે એનો અર્થ અહીંયાં એટલો. ભગવાનનું તીર્થંકરનું શરીર એવું હોય છે કે જેમાંથી આમ પ્રકાશ નીકળે-તેજ. દસ દિશામાં પ્રકાશ થઈ જાય. દસ દિશામાં. ઊર્ધ્વ, અધો, ચાર ખૂણા. જુઓ! તમારામાં આવે છે કે નહિ? તીર્થંકરના શરીરના વખાણ તમારામાં આવ્યા. તો અમે સમજીએ છીએ કે શરીરને જ તમે આત્મા માનો છો. માટે આમાં વખાણ કર્યા છે. પોપટભાઈ! ઓલો ઊંધું મારે છે આવું.

મુમુક્ષુ :- ઊંધું મારનારની વાત કેવી હોય ઈ પણ સમજાવે છે.

ઉત્તર :- હા. તીર્થંકરનું શરીર એવું હોય છે. તીર્થંકરનું એમ કહેવાય ને? ત્યારે એમ કીધું કે જુઓ! આ તીર્થંકરનું શરીર એ જ આત્મા. જુઓ, તમે કીધું કે નહિ? પણ ભાષા શું બોલાય? તીર્થંકરનું શરીર તો સ્ફટિક જેવું હોય. ઔદારિક-પરમ ઔદારિક. એમાં તેજ-ભામંડલ હોય, પ્રકાશ નીકળે. અને એ પ્રકાશને લઈને દસે દિશાને પવિત્ર કરે એનો અર્થ ઈ કે ઉજાળે છે. અંધારું રહેવા દ્યે નહિ. એટલો પવિત્ર. પેલું પવિત્ર કરે એમ અહીં નહિ.

**'એવા છે જે તીર્થંકરો તેમને નમસ્કાર છે.'** એવા છે જે તીર્થંકર. જુઓ! એમ છે તમારામાં. એવા જે તીર્થંકર છે એને નમસ્કાર હો. **'(જૈનોને ત્યાં) આમ જે કહ્યું તે તો શરીરનું વર્ણન કર્યું,...'** તમે પણ શરીરનું વર્ણન કર્યું. તીર્થંકરનું શરીર આવું, તીર્થંકરનું શરીર આવું. એ શરીરમાં કાંતિ થાય અને પ્રકાશ થાય. એ તો એનું શરીર અને આત્મા એક માન્યા તમે. **'તેથી અમને એવી પ્રતીતિ ઊપજી કે શરીર અને જીવ એક જ છે.'** અમને તો તમે એમ કહેવા માગો છો એ ઉપરથી અમને પણ એમ શ્રદ્ધા થઈ કે જીવ અને શરીર એક લાગે છે. અન્યમતિ-મતાંતર-અનેરો મત. જીવ અને શરીર એક માનવાવાળા. જીવ અને શરીર ભિન્ન નહિ માનવાવાળા. ચૈતન્ય ભગવાન આત્મા ભિન્ન છે, શરીર જુદું છે. એમ કરીને આત્માથી શરીર ભિન્નની જ્યારે વાત કરી કે શરીરથી ભગવાન ચૈતન્યજ્યોત અરૂપી જ્ઞાનઘન ભિન્ન છે. એના અંતર ગુણના સ્તવનનો એકાકાર થઈને અનુભવવો એનું નામ આત્માનો અનુભવ અને આત્માની પ્રાપ્તિ કીધી. ત્યારે એણે કહ્યું કે ના, ના. આત્મા અને શરીર તમે જુદા કહો છો એ વાત અમને લાગતી નથી. તમારામાં પણ તમે જ્યારે ગુપ્ત વાત કરો છો, ભગવાનના શરીરના વર્ણનની, ત્યારે એ શરીરના જ વર્ણન કરો છો. શેઠી! બરાબર છે કે નહિ? ઈ કહે છે ઊંધુ ઈ બરાબર છે ને?

શરીરનું વર્ણન કર્યું એટલે અમને (એમ લાગે છે). તમે શું કહ્યું? એમનો પ્રકાશ પુંજ શરીરનું તેજ પ્રક્ષાલે છે. એમ કીધું, એમનું શરીર કીધું. એટલે શરીર અને આત્મા એક જ થયા. કાંતિભાઈ! ભગવાનનું શરીર કીધું, તમે તીર્થંકરનું શરીર કીધું. ભઈ, સાંભળ તો ખરો.

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એ તો શરીરની જડની વાતું કરે છે. શરીર-કોથળો કેવું છે ઈ. અંદર ચૈતન્ય ચીજ છે એ ભિન્ન છે. સમજાણું? હીરો જેમાં રહે એ ડાબલી જુદી હોય. એ ડાબલીના વખાણ કરે કે ડાબલી આવી છે ને આવી છે. ડાબલીના (વખાણ કર્યા) એટલે હીરો થઈ ગયો?

મુમુક્ષુ :- ડાબલી હીરાની કહેવાય.

ઉત્તર :- એમ જ કહેવાય. હીરાની ડાબલી કહેવાય. કહ્યું હતું ને એક ફેરી? ડાબલી. (સંવત) ૧૯૯૯ની સાલમાં. બેચરભાઈ છે ને આપણા? ઈ એક એંસી હજારનો એક હીરો લાવ્યા હતા. આઠ રતિભાર. એક રતિના દસ હજાર રૂપિયા થાય. એક રતિ, હોં! એ ડાબલી એવી હતી કે ખાડો પાડેલી, એમાં મખમલ. એંસી હજારનો હીરો શેમાં રહે? અમારી પાસે લાવ્યા હતા. ૧૯૯૯ની સાલમાં. આ રતિભારના દસ હજાર લઈએ છીએ. દસ હજાર. એંસી હજારનો આ છે અને એનાથી એક નાનો હીરો હતો. બહુ થોડો, ઘણો થોડો. આના સાંઈઠ હજાર લઈએ છીએ. સમજ્યાને? એમાં કાંઈક ડાઘ હશે. સાંઈઠ હજારમાં કાંઈક ડાઘ હતો. આના સાંઈઠ હજાર અને આના એંસી હજાર. નાનો. ડાબલી જુઓ તો ઊંચી મખમલની. અને ખાડો વચમાં. એટલે માથાના ઢાકણાની ભીંસ પડે નહિ. ઢાકણાની ભીંસ તો કાંઈ દબાય એવો ન હોય. પણ અંદર ઢાકણું પણ ભીંસ ન પડે, હેઠે અંદર ખાડમાં હોય. એ ચીજ જ એવી હોય. એમ ચૈતન્યરત્ન સર્વજ્ઞ ભગવાન ત્રિલોકનાથ પરમાત્માનું રત્ન છે. આ શરીર તો ડાબલો છે, ઈ રત્નનો ડાબલો પણ જુદી જાતનો હોય. એથી કરીને કંઈ ડાબલો આત્મા થઈ જાય કે શરીર થઈ જાય (એમ નથી). ડાબલો એ હીરો થઈ જતો હશે? પણ બોલાય શું? કે આ હીરાની ડાબલી. બોલાય એમ ને? એમ તીર્થંકરનું શરીર. એ તો બોલવા માટે છે. એને સમજાવે છે કે આનું આ શરીર. એને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે.

**'વળી કેવા છે તીર્થંકરો?'** એક બોલ તો આ લીધો. શરીરની વાત કરી. **'ये धाम्ना उद्दाममहस्विनां धाम निरून्धन्ति'** જુઓ! આ તમારામાં ને તમારામાં કહ્યું છે ઈ કહે છે. **'ये' 'તીર્થંકરો શરીરના તેજથી....' 'धाम्ना'** એટલે તેજ થાય. **'શરીરના તેજથી...' 'उद्दाममहस्विना' 'ઉગ્ર તેજવાળા કરોડો સૂર્યના...' 'उद्दाममहस्विना'** ઉગ્ર તેજવાળા ચંદ્ર, સૂર્ય આદિ પ્રકાશની મૂર્તિ છે. એનાથી **'પ્રતાપને રોકે છે.'** એના પ્રકાશને પણ રુંધી નાખે છે. ભગવાનનું શરીર આવું તમે કહો છો. તેજને લઈને. ચંદ્રના અને સૂર્યના તેજ જ્યાં ઝાંખા પડી જાય છે. જેમ આ સૂર્યના તેજમાં ચંદ્ર ઝાંખો પડી જાય છે ને. અત્યારે જુઓને ખાખરાના પાન જેવો લાગે. અત્યારે. સૂર્યના તેજ આગળ. કારણ કે ઓલો ઊંચો અને આ નીચો છે.

એમ ભગવાન તીર્થંકરનું શરીર એવું હોય કે ચંદ્ર, સૂર્યના તેજ જ્યાં ખાખરા જેવા ઝાંખા લાગે. એટલો શરીરનો પ્રકાશ (હોય છે). તમે જ કહ્યું કે ભગવાનનું શરીર આવા તેજવાળું. થઈ રહ્યું. એ શરીરની બડાઈ કરી, શરીરની મોટપ કરી તમે. અને શરીરની મોટપથી તમે ભગવાનને માન્યા. માટે તમે ને તમે શરીર અને આત્મા એક માનો છો. એમ અજ્ઞાની કહે

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે. સમજાણું?

**'ભાવાર્થ આમ છે કે તીર્થંકરના શરીરમાં એવી દીપ્તિ છે કે જો કોટિ સૂર્ય હોય તો કોટિયે સૂર્યની દીપ્તિ રોકાઈ જાય;...'** એટલા શરીરના કિરણો અંદરથી પ્રકાશ પરમઔદારિક શરીર છે ને. આ ભામંડલ કહેવાય છે ને? જુઓને આ. પ્રકાશ નીકળે છે. ભા એટલે પ્રકાશ. ભા-મંડલ. પ્રકાશનું મંડલ. શરીરની આસપાસ એટલો પ્રકાશ હોય અને એને લઈને બહારમાં પણ પ્રકાશ. એવું શરીરનું (તેજ) હોય. જુઓ! તમે તીર્થંકરના શરીરમાં એવી દીપ્તિ કીધી. કોટિ સૂર્યની દીપ્તિ રોકાઈ જાય. **'એવા તે તીર્થંકરો છે.'** એમ તમે કહો છો કે નહિ? **'અહીં પણ શરીરની જ મોટપ કહી છે.'** લ્યો. અહીંયા પણ તમે શરીરને મોટપ આપી. આત્મા જુદો, એમ ક્યાં કહ્યું તમે? કહે છે.

**'વળી કેવા છે તીર્થંકરો?'** 'ये रूपेण जनमनो मुष्णन्ति' '(ये)' **'તીર્થંકરો...'** '(ये)' શબ્દ પડ્યો છે ને? પહેલામાં પણ આવ્યું હતું ને? તે વિદ્યમાન તીર્થંકર. પછી આવ્યું 'ये' તીર્થંકર. અહીં પણ 'ये' તીર્થંકર. 'रूपेण' **'શરીરની શોભાથી...'** 'जन' નામ **'જેટલાં દેવ-મનુષ્ય-તિર્યંચ...'** જે સભામાં હોય. ભગવાનની સભામાં દેવ આવે, મનુષ્ય આવે અને પશુ આવે. 'मनः' નામ **'અંતરંગને ચોરી લે છે.'** એનું મન હરાઈ જાય છે. એટલું રૂપ દેખે ભગવાનનું આમ બેઠા હોય તો સર્વજ્ઞ સમવસરણમાં. આહાહા..! આવું તો કોઈ રૂપ અમે જોયું નથી. એમ ચોરી લે છે. સમજાણું કાંઈ? **'દેવ-મનુષ્ય-તિર્યંચ-એ બધાંનાં અંતરંગને ચોરી લે છે.'**

**'ભાવાર્થ આમ છે કે જીવો તીર્થંકરના શરીરની શોભા દેખીને...'** **'જીવો તીર્થંકરના શરીરની શોભા દેખીને જેવું સુખ માને છે તેવું સુખ ત્રૈલોક્યમાં અન્ય વસ્તુને દેખીને નથી માનતા;...'** એવો જરી શુભભાવ (આવે છે). આહાહા..! આત્મા તો જુદો પણ શરીર (એવું તેજસ્વી). લ્યો, આ શરીરની મોટપ તમે તો વર્ણવો છો, જ્યાં હોય ત્યાં. માટે અમને તો લાગે છે કે શરીર અને આત્મા તમે (એક માનો છો). તમે પણ ખાનગી એમ માનો છો. બહારથી એમ કહો છો કે શરીર જુદું, શરીર જુદું. અંદર તમે માનતા લાગો છો. નહિતર આમ કેમ? આવ્યા, જેઠાભાઈ વૈદ્યરાજ. શું કહે છે? **'શરીરની શોભા દેખીને જેવું સુખ માને છે તેવું સુખ ત્રૈલોક્યમાં અન્ય વસ્તુને દેખીને નથી માનતા;...'** ભગવાનનું શરીર એવું સુંદર હોય છે ને, એને દેખીને એની દૃષ્ટિ આમ ઠરી જાય. છે તો વિકલ્પ. આનંદના સુખની વાત નથી, હોં! અતીન્દ્રિય આનંદના સુખની વાત નથી. પણ રૂપ દેખીને પણ ઈન્દ્રો આદિ પણ દેખીને એમ થઈ જાય.. ઓહોહો..!

**'એવા તે તીર્થંકરો છે. અહીં પણ શરીરની મોટપ કરી છે.'** લ્યો. આવા તીર્થંકર છે. તમે કહો છો કે શરીરથી આત્મા જુદો અને વળી વખાણ કરો છો કે આ તીર્થંકરનું આવું શરીર, તીર્થંકરનું આવું શરીર. અમે તો એમ માનીએ છીએ કે શરીર અને આત્મા તમે

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

એક જ માનો છો. આવો મતાંતરવાળો કહે છે. શરીરની સ્તુતિ તમે આમ કરો છો અને આત્માની સ્તુતિ તો નથી (કરતા). તો શરીરની સ્તુતિ આત્માની સ્તુતિ થઈ. અમારે તો શરીર અને આત્મા એક જ માનીએ છીએ. તમે કહો છો એમ. તમે પણ એમ માનો છો. તમારા લખાણમાંથી એવું નીકળે છે.

**'વળી કેવા છે તીર્થંકરો?' 'ये दिव्येन ध्वनिना श्रवणयोः साक्षात् सुखं अमृतं क्षरन्तः'** '(ये)' 'તીર્થંકરદેવો...' બધામાં વિદ્યમાનપણું બતાવે છે, હોં! એટલે એ હા તો પાડે છે. છે ખરા છે. તમે કહો છો કે તીર્થંકર છે. **'दिव्येन' 'સમસ્ત ત્રૈલોક્યમાં ઉત્કૃષ્ટ એવી...'** દિવ્ય **'ध्वनिना' 'નિરક્ષરી વાણી...'** એવી વાણી ભગવાનની નીકળે ઈચ્છા વિના, ૐ ધ્વનિ નીકળે તીર્થંકરના મુખમાંથી. કહે છે, **'સર્વ જીવોની કર્ણેન્દ્રિયોમાં...' 'साक्षात्' 'તત્કાળ...'** સાક્ષાત્ એટલે તે જ કાળે. એમ. **'सुखं अमृतं' 'સુખમય શાંતરસને વરસાવે છે.'** વીતરાગની ધ્વનિ એવી છૂટે કે બીજાના હૃદયની અંદર શાંતતા જરી શુભભાવની થઈ જાય. મીઠી લાગે મધુરી. દ્રાક્ષ જેવી દ્રાક્ષ. જુઓ! તત્કાળ સુખમય હોય છે. તમે વાણીના વખાણ કર્યા એ પણ શરીરના જ વખાણ કર્યા. તમે કહો છો કે શરીર અને આત્મા જુદા. વળી તીર્થંકરની વાણી આવી, તીર્થંકરની વાણી આવી.

**'ભાવાર્થ આમ છે કે તીર્થંકરની વાણી સાંભળતા સર્વ જીવોને વાણી રુચે છે.'** રુચેનો અર્થ મીઠાશ લાગે છે. કંઈ સમ્યગ્દર્શન થઈ જાય છે એ પ્રશ્ન અહીં નથી. એવી વાણી અમૃત ઝરે, વાણી અમૃત ઝરે. કાનને જાણે કે એટલી પ્રિય લાગે કે મીઠાશ જેમ દ્રાક્ષની મીઠાશ આવે. સર્પ મોટા હોય. સર્પો સાંભળવા જાય. સર્પ, નાગ. આમ ઊભા હોય, સ્થિર થઈ જાય. વાઘ અને બકરી, સિંહ અને હરણ શાંત દેખાય. એટલી તો કહે છે તમે વાણીના વખાણ કરો છો. એવી તો એની વાણી છે. સમજાણું? **'અહીં પણ...' 'તીર્થંકરો એવા છે. અહીં પણ શરીરની મોટપ છે.'**

અહીંયા પહેલા એ વાત થઈ કે શરીરથી આત્મા જુદો છે. અને એ ચિદાનંદસ્વરૂપ ભગવાન આત્મા છે. એ કંઈ શરીરરૂપ નથી. એ શરીર અને આત્માની જાત જ ત્રણે કાળ જુદી. એ તો સચ્ચિદાનંદ સ્વરૂપ આત્મા અરૂપી આનંદકંદ અને શરીર જડ. માટે બે ચીજ જુદી. માટે શરીરથી આત્માને ભિન્ન જાણી આત્માના આનંદનો અનુભવ કરવો એને ધર્મ અને આત્માની પ્રાપ્તિ કહેવામાં આવે છે. ત્યારે શિષ્ય મતાંતર અજ્ઞાનીએ પ્રશ્ન કર્યો કે અમને તો શરીરથી જુદો લાગતો નથી. તમે એમ માનો છો. જુઓ! શરીરના વખાણ કરતાં ભગવાનના વખાણ તમે માનો છો. માટે તમે શરીર અને આત્મા એક માનો છો. નહિતર આવા વખાણ શું કરવા કરો? એમ કહે છે. શેઠી!

**'વળી કેવા છે તીર્થંકરો?' 'अष्टसहस्रलक्षणधराः' 'આઠ અધિક એક હજાર...'** શરીરમાં એને ૧૦૦૮ લક્ષણ હોય છે. ધજા, વિમાન આવે છે ને? **'સહજ જ ધારણ કરે છે,**

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**એવા તીર્થંકરો છે. ભાવાર્થ આમ છે કે તીર્થંકરના શરીરમાં શંખ...'** જુઓ! આવ્યું. શંખ. શરીરમાં ચિહ્ન હોય છે ને. '**ચક્ર ગદા, પદ્મ, કમળ, મગર,...**' મગરમચ્છ '**મચ્છ, ધ્વજા ઇત્યાદિરૂપ આકૃતિવાળી રેખાઓ હોય છે,...**' શરીરમાં રેખા (હોય). આમાં રેખા હોય છે ને? એમ શરીરમાં રેખા હોય છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હા, ચિહ્ન. સામુદ્રિક.

તમે તો કીધું કે ભગવાનને આવું હોય છે, ભગવાનને આવું હોય છે. જુઓ! તમે ક્યાં કીધું કે આત્માને આવું હોય. અને શરીરને આવું હોય. એમ તો તમે કહેતા નથી. ભગવાનના આત્માના શરીરને આવું હોય, ભગવાનના આત્માના શરીરને આવું હોય. '**અહીં પણ શરીરની મોટપ છે.**' અહીંયા પણ શરીરની મોટપ થઈ. એ બધામાં મોટપ મોટપ લખ્યું છે. સમજાણું કાંઈ? ચાર વાર મોટપની વાત આવી. સમજ્યાને? આવ્યું ને? '**અહીં પણ શરીરની મોટપ છે.**' પાંચમી લીટીમાં છે. એના પછી શરીરની મોટપ છે, એના પછી શરીરની મોટપ છે, એના પછી આ આવી.

'**વળી કેવા છે તીર્થંકરો?**' '**सूरयः**' '**મોક્ષમાર્ગના ઉપદેષ્ટા છે. અહીં પણ શરીરની મોટપ છે.**' ભગવાન તીર્થંકર મોક્ષમાર્ગના કહેનારા છે. કહેનાર તો વાણી આવી. વાણી તો શરીર રહ્યું. એ પણ તમે શરીરના જ વખાણ કર્યા. કહેનારો એમ કહે છે. '**આથી જીવ-શરીર એક જ છે એવી મારી પ્રતીતિ છે,...**' લ્યો. માટે શરીર અને આત્મા એક છે એમ મારી માન્યતા છે. '**એવું કોઈ મિથ્યામતવાદી માને છે. તેનો ઉત્તર આમ પ્રમાણે આગળ કહેશે :**'

'**ગ્રંથકર્તા કહે છે કે વચનવ્યવહારમાત્રથી જીવ-શરીરનું એકપણું કહેવાય છે.**' એ તો કથનમાત્ર છે કે આ ભગવાનનું શરીર, ભગવાનની વાણી, ભગવાનનું તેજ, ભગવાનનું રૂપ. એ તો કથનમાત્ર છે. ભગવાનનું રૂપ એ તો અંદર અરૂપી જ્ઞાનઘન છે, એ એનું રૂપ છે. કંઈ શરીરરૂપ એનું નથી. વાણી-બાણી ભગવાનની નથી. સમજાણું કાંઈ? એ તો કહેવામાત્ર છે. '**ગ્રંથકર્તા કહે છે કે વચનવ્યવહારમાત્રથી...**' વચનવ્યવહારમાત્ર, હોં! પાછો. '**જીવ-શરીરનું એકપણું કહેવાય છે. આથી એમ કહ્યું છે કે જે શરીરનું સ્તોત્ર છે તે તો વ્યવહારમાત્રથી જીવનું સ્તોત્ર છે.**' એ તો શુભભાવ વિકલ્પ હોય. શરીરને દેખીને એ જાતના વખાણ (કર્યા હોય). એ પરમાર્થ સ્તવન છે નહિ. પરમાર્થ આત્માનું સ્તવન નહિ. આત્માના ગુણનું એમાં કંઈ ભાન આવતું નથી. કહો, સમજાણું આમાં?

'**દ્રવ્યદૃષ્ટિથી જોતાં...**' જુઓ! '**વ્યવહારમાત્રથી જીવનું સ્તોત્ર છે.**' વસ્તુથી જોઈએ તો ભગવાન આત્મા જ્ઞાનઘન આત્મા ભિન્ન છે અને આ શરીર રજકણ પિંડ જડ ભિન્ન છે. '**જીવ-શરીર ભિન્ન ભિન્ન છે.**' બે વસ્તુ જુદી છે. આ તો માટી છે. આ માટીની

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



રાખ થઈ જાય છે અને આત્મા તો અંદરથી જ્ઞાનઘન અરૂપી સચ્ચિદાનંદ મૂર્તિ અરૂપી અનંત ગુણનો પિંડ છે એ તો. એ તો ચાલ્યો જાય છે અહીંથી. તેથી બે ચીજ એક નથી. કહો, સમજાણું કાંઈ? તમારે ત્યાં ખબર પડી હશે, નહિ? દરબારની. ત્યાં પડી હશે. હડતાળ પડી. ક્ષણમાં વયો ગયો, દેહ છૂટી ગયો. શું થાય? થઈ રહ્યું. હાર્ટ એટેક આવ્યો. આ છૂટી ગયું, લ્યો. આ મોટો દરબાર છે. શું કરે શરીર? માટીની સ્થિતિ. જેટલી સ્થિતિ હોય એટલું રહેવું અને આત્મા અંદરથી ચાલ્યો ગયો. જાઓ, ચાર ગતિ. આહાહા..! ક્ષણમાં ક્યાં ને ક્ષણમાં ક્યાં. આ તો જડ માટીનું પૂતળું. ઈ ક્યાં આત્મા હતો તે આત્મા સાથે આવે આ શરીર. અને આનો નાશ થતાં આત્મા ક્યાં ભેગો નાશ થઈ જાય છે? સમજાણું?

**'તેથી જેવું સ્તોત્ર કહ્યું છે તે નિજ નામથી જૂઠું છે...'** નિજ નામથી એટલે કે ભગવાનનું શરીર આવું, ભગવાનનું શરીર આવું, ભગવાનનું રૂપ આવું, ભગવાનની વાણી આવી. એ સ્તોત્ર નિજ નામથી જૂઠું છે. ભાઈ! નામથી જૂઠું છે. નીચે છે ને નીચે. એ નામ જ જૂઠું છે. ભગવાનના રૂપ અને ભગવાનની વાણી, એ જૂઠું છે. એ ભગવાનની સ્તુતિ કહેવાય? આ તો માટી છે. **'(અર્થાત્ તેનું નામ સ્તોત્ર ઘટિત થતું નથી).'** અર્થાત્ એનું નામ સ્તોત્ર ઘટિત થતું નથી. પાછો અર્થ એવો કર્યો. નિજ નામથી જૂઠું. એનું નામેય જૂઠું છે. ભગવાનના શરીરના વર્ણન કરવા એ ભગવાનનું સ્તોત્ર છે એ નામ જ જૂઠું છે. ચિદાનંદ ભગવાન અંદર ભિન્ન છે. શરીરના રજકણે રજકણની અવસ્થા ભિન્ન છે. એનું નામ સ્તોત્ર ઘટિત થતું નથી. **'કેમ કે શરીરના ગુણ કહેતાં જીવની સ્તુતિ થતી નથી.'** કહો, બરાબર છે? જેઠાભાઈ! આ શરીરના ગુણ ગાવાથી કંઈ આત્માના ગુણ થાતા નથી. આત્માના ગુણ જુદાં છે અને શરીરના ગુણ જુદાં છે.

મુમુક્ષુ :- સાવ મોળું પડી ગયું.

ઉત્તર :- એ તો શરીરની સ્થિતિ છે તો બધું થાય. મોળું પડી ગયું, કહે છે.

**'જીવના જ્ઞાનગુણની સ્તુતિ કરતાં (જીવની) સ્તુતિ થાય છે.'** જુઓ! એ ભગવાનની વાણી ને ભગવાનનું તેજ આવું ને એને પ્રક્ષાલન કરે ને દસ દિશા ઉજાળે ને.. એ ભગવાનના ગુણ છે નહિ. એ તો માટી છે. શરીરની પુણ્ય પ્રકૃતિની વાત કરી. **'શરીરના ગુણ કહેતાં જીવની સ્તુતિ થતી નથી.'** શરીરના વખાણ કરવાથી ભગવાન આત્માના ગુણગ્રામ એમાં આવતા નથી. માટે એની સ્તુતિ કહેવાતી નથી. **'જીવના જ્ઞાનગુણની સ્તુતિ કરતાં (જીવની) સ્તુતિ થાય છે.'** જુઓ! આ એક જ વાત લીધી. એ તો ચૈતન્યસ્વરૂપ છે. ભગવાન આત્મા ચૈતન્યસૂર્ય છે. ચૈતન્યસૂર્ય. એના જ્ઞાનના પ્રકાશનો પુંજ એ છે. ઓલા પ્રકાશ નાખ્યું ને? આ પ્રકાશ નહિ. શરીરનું 'उद्दाम'ને ફલાણું ફલાણું એ નહિ. ભગવાન ચૈતન્યપ્રકાશ અરૂપી ધામ સત્તા મહાધામ એ ચૈતન્યસ્વરૂપ જ્ઞાન છે. જ્ઞાનસ્વરૂપ ચૈતન્ય છે અને ચૈતન્યસ્વરૂપ જ્ઞાન છે. સમજાણું કાંઈ? એના ગુણગ્રામ કર્યે આત્માના ગુણગ્રામ કહેવામાં આવે. જુઓ!

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

આમાં વચમાં તીર્થંકરના પહેલા ભાવ હતા શુભ-અશુભ આદિ, એના પણ ગુણગ્રામ કર્યે આત્માના ગુણગ્રામ નથી. આત્મામાં શુભભાવ થાય દયા, દાન, ભક્તિ એના ગુણગ્રામ ગવાય એ પણ આત્માના ગુણગ્રામ નથી. એ તો પુણ્યના થયા. શુભભાવ થાય ને? શુભ. એ પણ સારા માનવા એથી આત્માના ગુણ થયા એમ નથી. એમ કહે છે. એને સારા માનવા ઈ આત્માની સ્તુતિ નથી. એમ કહે છે. ભક્તિમાં કથનમાત્ર બોલાય. આ કીધું ને નામ. પણ એ નામેય જૂઠું છે. જા. ઈ સ્તોત્ર જ યથાર્થ નથી. સમજાણું કાંઈ? પંડિતજી કહેતા હતા એક વાર કે આ જૂઠું શું છે? મહારાજને પૂછવું છે. આ બહુ જૂઠું જૂઠું કહે છે. કહેવામાત્ર (છે), બાપા!

આ જડ ક્યાં અને ચૈતન્ય ક્યાં? જ્ઞાનાનંદ પ્રભુ ચૈતન્ય દરિયો અંદર સ્વભાવનો ભર્યો. એ ચૈતન્ય જુદી જાત છે, આ જુદી જાત છે. આના વખાણ કર્યે કંઈ એના વખાણ થતા નથી. એ તો જ્ઞાનનો દરિયો છે, ચૈતન્યપ્રકાશ. ચૈતન્યનો પ્રકાશ, આનંદનો પ્રકાશ, શાંતરસનો કંદ એવો જે આત્મા કંદ નામ રસકંદ છે. દળ છે, જ્ઞાન અને આનંદનું દળ છે. એના વખાણ કર્યે એટલે એની એકાગ્રતા કર્યે સ્તુતિ કહેવામાં આવે. કહો, સમજાણું આમાં?

મુમુક્ષુ :- કથની..

ઉત્તર :- કથનીમાં નિમિત્તપણે કથન આવે ને એવું. બીજું શું થાય?

'**કોઈ પ્રશ્ન કરે છે કે જેવી રીતે નગરનો સ્વામી રાજા છે...**' હવે ઓલો હજી પ્રશ્ન કરે છે કે '**જેવી રીતે નગરનો સ્વામી રાજા છે તેથી નગરની સ્તુતિ કરતાં રાજાની સ્તુતિ થાય છે,...**' નગરનું વર્ણન કરે ને? એટલે રાજાનું વર્ણન આવી જાય. કેમ કે નગરનો રાજા સ્વામી છે. '**તેવી જ રીતે શરીરનો સ્વામી જીવ છે તેથી શરીરની સ્તુતિ કરતાં જીવની સ્તુતિ થાય છે.**' પેલો અજ્ઞાની કહે છે.

'**ઉત્તર આમ છે કે એ રીતે સ્તુતિ થતી નથી;...**' નગરની સ્તુતિ કર્યે રાજાની સ્તુતિ થતી નથી. નગરની સ્તુતિ જુદી અને રાજાની સ્તુતિ જુદી. એમ શરીરની સ્તુતિ કર્યે આત્માની સ્તુતિ નથી. આ તો નગર છે, આ તો ભિન્ન છે અને ચૈતન્ય તો ભિન્ન છે. '**રાજાના નિજ ગુણની સ્તુતિ કરતાં રાજાની સ્તુતિ થાય છે,...**' રાજા કેવો? જુઓ! અંદર આવે છે ને? ઉદાર છે, નીતિવાળો છે એવા જે ગુણ એ એના ગુણ કહેવાય. લૌકિક. નગર આવું છે ને નગર આવું મોટું છે, એમ કહેશે. '**જીવના નિજ ચૈતન્યગુણની સ્તુતિ કરતાં જીવની સ્તુતિ થાય છે.**' રાજાના નિજગુણની સ્તુતિ કરવાથી રાજાની સ્તુતિ થાય છે. એમ '**જીવના નિજ ચૈતન્યગુણની સ્તુતિ...**' જ્ઞાનસ્વરૂપ, શુદ્ધ આનંદસ્વરૂપ, જ્ઞાન સાથે રહેલી શાંતિસ્વરૂપ એવો આત્મા છે. એના ગુણગ્રામ નામ તેની સ્તુતિ એટલે પુણ્ય-પાપના વિકાર અને પરથી અધિકપણે તેને લક્ષમાં લેવો, તેને દૃષ્ટિમાં લેવો, એનું નામ આત્માની સ્તુતિ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- શરીર સારું છે. શરીર આવ્યું એટલે. વૈદ્ય શરીરને સાચવે ખરા ને? એમ કહે છે. પણ સાચવ્યા રહે છે કાંઈ? પણ આ પણ ખબર ન પડી? એને ખબર નથી? ... ઘઉં ખાવા પડતા. હવે ખાવ છો કે નથી ખાતા? પેલા બળદ કાઢી નાખીને છાણમાંથી. કાણિયા ઘઉં ખાતા. આ વૈદ્ય મોટા હુશિયાર. કાણિયા ઘઉં એટલે ઘઉં થાય ને, પછી બળદ ખાય ને ઘઉં, પછી છાણમાં-પોદળામાં નીકળી જાય. એને સાફ કરે એ લોકો. પછી દળીને લોટ બનાવે. મીઠાશ ઓછી હોય એમાં. ગળપણ ઓછું હોય. ઈ ખાતા, એની રોટલી. શું કરે?

મુમુક્ષુ :- ... બે હોય નહિ.

ઉત્તર :- બે હોય નહિ. ન હોય, ન હોય. બળદના ખાધેલા છાણમાં નીકળે એને ઓલા ભંગ્યા સંઘરે, એને સાફ કરે. એ અહીં બ્રાહ્મણ લાવીને રોટલી કરીને ખાય.

મુમુક્ષુ :- ભંગ્યા હોય ને? ઈ ભંગ્યા..

ઉત્તર :- ઈ ખાય, ઈ ખાય. સાફ કરે. ઈ તો ખબર છે ને. પણ ઈ પાછા છોટુભાઈ ખાય એમ કહું છું. આમ અડે પણ નહિ. ભંગ્યાને અડાય નહિ. એના સાફ કરેલા પેલા છાણમાંથી નીકળેલા ખાય. શું કરે? નહિતર શરીર રહેશે નહિ.

મુમુક્ષુ :- રહ્યું ને.

ઉત્તર :- ધૂળમાંય રહ્યું નથી. એ તો એને રહેવું હોય એમ રહે. એ કંઈ આવા ઘઉં ખાધે રહ્યું છે એમ છે નહિ. જુઓને! આ ભાવનગર દરબાર કેવું ખાતા નહિ હોય? એની નાની ઉંમર કહે છે. ઈ જ મેં કીધું. નાની ઉંમર હતી, ૫૫ વર્ષ. ઓહો..! ૫૫ તો નાની ઉંમર કહેવાય. પણ અમને ખબર છે ને. (સંવત) ૧૯૮૦માં ત્યાં બોટાદ હતા ને. અહીં બોટાદ હતા. ૮૦માં. ત્યારે એ ત્રણે ભાઈઓ નીકળેલા. કૃષ્ણકુમાર ને ઈ ત્રણે. રેલ ઉપર પછી આપણે ત્યાંથી બધા ગયા હતા. રાયચંદ ગાંધી, હિંમતલાલ. બધા. રેલ ઉપર. જરી બોલ્યા હતા. હજી ગાદીએ નહોતા બેઠા. ૮૦ની વાત છે. એટલું બોલ્યા, મારા બાપુજી ઉપર રૈયતે પ્રેમ રાખ્યો છે. મારા ઉપર રાખજો. એમ બોલ્યા હતા. ૮૦ની સાલની વાત છે. ૪૧ વર્ષ થયા. ૮૦માં હું બોટાદ હતો. એ લોકો નીકળેલા રેલ ઉપર બલુનમાં. આ લોકો સામે ગયેલા. માણસ મીઠો. આટલું બોલ્યો, મારા બાપુજી ઉપર રૈયતે પ્રેમ રાખ્યો છે, મીઠી નજર રાખી છે. એમ મારા ઉપર મીઠી નજર રૈયત રાખજો. ધૂળધાણી ને વાપાણી છે. સમજાણું કાંઈ? પોપટભાઈ! આહાહા..!

અહીં કહે છે, અરે..! શરીરની વાત ક્યાં અને ભગવાન આત્મા ચૈતન્યહીરો જુદો છે. એને અને એને કાંઈ સંબંધ ત્રણકાળમાં રજકણો બીજા આવ્યા ને ગયા, આવ્યા ને ગયા. અનંત વાર આવા શરીર આવ્યા. એ તો ઈનો ઈ છે. ઘન, અરૂપી જ્ઞાનઘન અનાદિઅનંત

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


શાશ્વત તત્ત્વ છે. એવા અનંત ગુણનો ધણી અંદર જ્ઞાનાનંદ એના ચૈતન્યગુણની સ્તુતિ. શરીર આવું ને શરીર આવું માટે આત્માના ગુણ એમ છે નહિ.

'ચૈતન્યગુણની સ્તુતિ કરતાં જીવની સ્તુતિ થાય છે, તે જ કહે છે.' એને કહે છે. હજી વાત છે.

(આર્યા)

प्राकारकवलिताम्बरमुपवनराजीनिगीर्णभूमितलम्।
पिबतीव हि नगरमिदं परिखावलयेन पातालम्।।२५।।

ખંડાન્વય સહિત અર્થ :—"इदं नगरम् परिखावलयेन पातालम् पिबति इव" (इदं) પ્રત્યક્ષ (नगरम्) નગર અર્થાત્ રાજગ્રામ (परिखावलयेन) ખાઈ વડે ઘેરાયેલું હોવાથી (पातालम्) અધોલોકને, (पिबति इव) ખાઈ એટલી ઊંડી છે જેથી એમ લાગે છે કે, પી રહ્યું છે. કેવું છે નગર? "प्राकारकवलिताम्बरम्" (प्राकार) કોટ વડે (कवलित) ગળી ગયું છે (अम्बरम्) આકાશને જે, એવું નગર છે. ભાવાર્થ આમ છે કે કોટ ઘણો જ ઊંચો છે. વળી કેવું છે નગર? "उपवनराजीनिगीर्णभूमितलम्" (उपवनराजी) નગરની સમીપ ચારે તરફ ફેલાયેલા બાગોથી (निगीर्ण) રુંધાયેલી છે (भूमितलम्) સમસ્ત ભૂમિ જેની, એવું તે નગર છે. ભાવાર્થ આમ છે કે નગરની બહાર ઘણા બાગ છે. આવી નગરની સ્તુતિ કરતાં રાજાની સ્તુતિ થતી નથી. અહીં ખાઈ-કોટ-બાગનું વર્ણન કર્યું તે તો રાજાના ગુણો નથી; રાજાના ગુણો છે દાન, પૌરુષ (શૂરવીરતા) અને જાણપણું; તેમની સ્તુતિ કરતાં રાજાની સ્તુતિ થાય છે. ૨૫.

## કલશ–૨૫ ઉપર પ્રવચન

(આર્યા)

प्राकारकवलिताम्बरमुपवनराजीनिगीर्णभूमितलम्।
पिबतीव हि नगरमिदं परिखावलयेन पातालम्।।२५।।

માથે કહ્યું હતું ને? નગરનું વર્ણન કર્યે રાજાનું વર્ણન હોય નહિ. એ માટે આ દાખલો આપે છે.

ખંડાન્વય સહિત અર્થ :—'इदं नगरम् परिखावलयेन पातालम् पिवति इव' '(इदं)' 'પ્રત્યક્ષ...' 'नगरम्' નામ 'રાજગ્રામ...' રાજાનું ગામ. નગર એટલે રાજાનું ગામ.

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**'परिखावलयेन'** **'ખાઈ વડે ઘેરાયેલું હોવાથી...'** ખાઈ હોય છે ને ચારે બાજુ? એ નગરનું વર્ણન છે, એમ કહે છે. ખાઈથી ઘેરાયેલું નગર ને ઊંડી ખાઈ. કેવી ખાઈ છે? **'અધોલોકને, ખાઈ એટલી ઊંડી છે કે જેથી એમ લાગે છે કે, પી રહ્યું છે.'** અધોલોકને જાણે ખાઈ પી ગઈ છે. એટલે ઊંડી છે ખાઈ એમ. બહુ ઊંડી હોય છે ને. પહેલા એવું હતું. લડાઈ કરવા આવતા તો એકદમ ન આવી શકે. એના રસ્તા અમુક બાંધેલા હોય. એ લાકડા-બાકડા પાછા રાત્રે લઈ લે. ખાઈ મોટી હોય જબ્બર. એ ચાલવાના રસ્તા અમુક જાતના દરવાજા રાખ્યા હોય. રાત્રે લઈ લે. અમુક રાખે. ઊંડી ખાઈ હોય, બહુ ઊંડી. તો કહે છેકે નગરનું વર્ણન કરતાં ઊંડી ખાઈ એવી કે પાતાળાને પી ગઈ. એમ કહેતાં કંઈ રાજાના ગુણ આવ્યા નહિ. સમજાણું?

**'કેવું છે નગર?'** જુઓ! કેવું છે નગર? **'प्राकारकवलिताम्बरम्'** **'કોટ વડે...'** **'(कवलित)'** નામ **'ગળી ગયું છે આકાશને જે,...'** એટલે એટલો કોટ ઊંચો છે કે આકાશને આંબે. એમ કહેવાયને? કોટ એટલો ઊંચો છે કે આમ આકાશને અડે. **'આકાશને જે, એવું નગર છે. ભાવાર્થ આમ છે કે કોટ ઘણોજ ઊંચો છે.'** ખાઈ ઊંડી છે, કોટ ઊંચો છે. આમ નગરની સામે સામે. એનું નગર તો આહાહા..! ખાઈ એટલી ઊંડી છે કે પાતાળ પી ગઈ છે. અને કોટે એટલો ઊંચો છે કે આકાશને અવલંબે છે. એમ કહેવાય ને? એ તો અહીં પણ ઊંચો કોટ છે ને? આપણે વિંછીયામાં નહિ? છે ને? પ્રેમચંદભાઈ! વિંછીયામાં નહિ? મોટો ત્રણ ગઢ. આલા ખાતરને શોખ હતો. બૈરાઓ રાણી તો હોય. બહાર જોઈ શકે નહિ. એટલે ત્રણ ગઢ ઊંચા કરેલા. અત્યારે છે. બીજે માળે રાણીઓ હોય એની નજર બહાર ન જાય અને બહારના કોઈ માણસની ન્યાં નજર જાય નહિ એટલે ત્રણ મોટા કોટ (બનાવેલા). કોટ મજબૂત, હજી છે. દરબારગઢમાં બહુ ઊંચા કોટ. ત્રણ ત્રણ માળ જેટલા એટલા ઊંચા. જેથી રૈયતની એને નજર ન પડે અને આને રૈયતની નજર ન પડે. એમ કહે છે, નગરના કોટ મોટા આકાશને જાણે પી ગયા. કોટ અતિ ઊંચો.

**'વળી કેવું છે નગર?'** **'उपवनराजीनिगीर्णभूमितलम्'** **'(उपवनराजी)'** **'નગરની સમીપ ચારે તરફ ફેલાયેલા બાગોથી...'** બાગ છે. ઓહોહો..! નગરના બાગ બગીચા. ચારે કોર ફૂલ ઝાડ અને આવા.. વખાણ કરે. એથી જાણે બધી જમીન **'રુંધાયેલી છે...'** રુંધાઈ નામ બાગથી જમીન રોકાઈ ગઈ હોય. એ વખાણ નગરના છે, એ કંઈ રાજાના નથી. રાજાના આવ્યા વખાણ? એમ કહે છે. મૂળ કહેવું ઈ છે. **'भूमितलम्'** **'સમસ્ત ભૂમિ જેની, એવું તે નગર છે.'** એટલે શું? રુંધાઈ ગઈ છે. હેઠે પાતાળ જેવી ઊંડી ખાઈ, ઉપર કોટ ઊંચા અને ચારે કોર વનસ્પતિથી ઘેરાઈ ગયેલું નગર હોય, ચારે કોર બાગ. છે ને? આ કલકત્તામાં નહિ મોટા બાગ બહાર? બહુ મોટા બાગ છે જબરા.

**'ભાવાર્થ આમ છે કે નગરની બહાર ઘણા બાગ છે.'** લ્યો. કહેવાનું ઈ છે. નગરની

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


બહાર ઘણા બાગ છે. કોટ ઊંચો, ખાઈ ઊંડી અને બાગ ઘણા. **'આવી નગરની સ્તુતિ કરતાં રાજાની સ્તુતિ થતી નથી.'** કહો, જેઠાભાઈ! આવા નગરની સ્તુતિ કરવાથી એનો જે રાજા એની સ્તુતિ થતી નથી. એમ શરીરની સ્તુતિ કરવાથી એનો ભગવાન અંદર રાજા આત્મા, એની સ્તુતિ થતી નથી. બેયની જાત જ જુદી છે. કહો, સમજાણું? **'અહીં ખાઈ-કોટ-બાગનું વર્ણન કર્યું તે તો રાજાના ગુણો નથી;...'** એ રાજાના ગુણ છે? ખાઈ, કોટ અને બાગ. **'રાજાના ગુણો છે દાન,...'** આ લૌકિક વાત છે, હોં! દાનશાળી છે. જાઓ! એમ કહે ને? **'પૌરુષ...'** સમજાણું? વીર્યવાળો છે. એનો આતાપ દેખીને બીજા રાજા આવી શકે નહિ. **'અને જાણપણું;...'** જાણપણું બુદ્ધિવાળો છે. બુદ્ધિવાળો છે એમ કહે ને? બુદ્ધિવાળો છે, વીર્યવાળો છે, દાનનો ગુણ છે. એ લૌકિક નીતિના. પણ હવે નગરનું વર્ણન કર્યું કે આ નગર, એમાં રાજાના ગુણ શું આવ્યા? એના ગુણો કહે કે દાન, જાણપણું અને વીર્ય. તો એના લૌકિક ગુણોમાં એમ કહેવાય કે એનો રાજા તો મહા બુદ્ધિવાળો છે. સમજાણું? દાનમાં પણ એવો છે કે એની પાસે જાય ઈ પાછો ન જાય. અને જાણપણાની બુદ્ધિ પણ જબરી છે. એમ કહે તો એના ગુણ લૌકિક તરીકે. લૌકિક તરીકે ને? રાજની વાત છે ને. અહીં આત્માની વાત નથી. **'તેમની સ્તુતિ કરતાં રાજાની સ્તુતિ થાય છે.'** હવે એનું કહે છે.

---

(આર્યા)

नित्यमविकारसुस्थितसर्वाङ्गमपूर्वसहजलावण्यम्।
अक्षोभमिव समुद्रं जिनेन्द्ररूपं परं जयति।।२६।।

**ખંડાન્વય સહિત અર્થ :—**"जिनेन्द्ररूपं जयति" (जिनेन्द्ररूपं) જિનેન્દ્રરૂપ અર્થાત્ તીર્થંકરના શરીરની શોભા (जयति) જયવંત હો. કેવું છે જિનેન્દ્રરૂપ? "नित्यं" આયુપર્યન્ત એકરૂપ છે. વળી કેવું છે? "अविकारसुस्थितसर्वाङ्गम्" (अविकार) જેમાં બાળપણું, તરુણપણું અને વૃદ્ધપણું નહીં હોવાથી (सुस्थित) સમાધાનરૂપ (સારી રીતે ગોઠવાયેલા) છે (सर्वाङ्गम्) સર્વ પ્રદેશ જેના એવું છે. વળી કેવું છે જિનેન્દ્રનું રૂપ? "अपूर्वसहजलावण्यम्" (अपूर्व) આશ્ચર્યકારી છે તથા (सहज) વિના યત્ને શરીર સાથે મળેલા છે (लावण्यम्) શરીરના ગુણો જેને એવું છે. વળી કેવું છે? "समुद्रम् इव अक्षोभम्" (समुद्रम् इव) સમુદ્રની માફક (अक्षोभम्) નિશ્ચળ છે. વળી કેવું છે? 'परं' ઉત્કૃષ્ટ છે. ભાવાર્થ આમ છે કે જેવી રીતે વાયુ રહિત સમુદ્ર નિશ્ચળ હોય છે તેવી જ રીતે તીર્થંકરનું શરીર નિશ્ચળ છે. આ રીતે શરીરની સ્તુતિ કરતાં આત્માની સ્તુતિ નથી થતી, કારણ કે શરીરના ગુણ આત્મામાં નથી. આત્માનો જ્ઞાનગુણ છે; જ્ઞાનગુણની સ્તુતિ કરતાં આત્માની સ્તુતિ થાય છે. ૨૬.

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

## કલશ-૨૬ ઉપર પ્રવચન

(આર્યા)

**नित्यमविकारसुस्थितसर्वाङ्गमपूर्वसहजलावण्यम्।**
**अक्षोभमिव समुद्रं जिनेन्द्ररूपं परं जयति।।२६।।**

લ્યો, આ જડની સ્તુતિ.

**ખંડાન્વય સહિત અર્થ :—** જિનેન્દ્રરૂપ કેવું છે? 'जयति' '**તીર્થંકરના શરીરની શોભા...**' રૂપ એટલે શોભા. 'जयति' જયવંત હો. એમ સ્તુતિ થાય ઈ શરીરની સ્તુતિ છે. જેમ નગરની સ્તુતિ કીધી કે નગર ઊંડી ખાઈવાળું છે, કોટવાળું છે, બાગ છે એમ હવે જિનેન્દ્રનું રૂપ. શરીરની શોભા જયવંત હો. 'કેવું છે **જિનેન્દ્રરૂપ? આયુપર્યન્ત એકરૂપ** છે.' જ્યાં સુધી ભગવાનનું શરીરનું આયુષ્ય હોય ત્યાં સુધી એકરૂપ રહે. એને યુવા, બાળ કે વૃદ્ધાવસ્થા આવે નહિ. સમજાણું કાંઈ? એવા જ પુણ્ય લઈને આવેલા હોય છે ભગવાન તીર્થંકર. શરીરનું કે શરીરને વૃદ્ધાવસ્થા ન લાગુ પડે. અબજો વર્ષ હોય. બિલકુલ નહિ. એ તો એવું ને એવું શરીર. ૮૩ લાખ પૂર્વે દીક્ષા લીધી. ઋષભદેવ ભગવાન. પણ જુવાન જેવું લાગે. એને ચામડીમાં કરચલી ન હોય.

મુમુક્ષુ :- વાળ તો ધોળા થાય ને?

ઉત્તર :- વાળેય ધોળા નહિ. મહા પુણ્યવંત છે, બહુ પુણ્યવંત છે. ઊંચા પુણ્યના ધણી છે. બધી રીતે. આમ ગુંચળા વળેલા વાળ હોય. આમ દેખે તો... ૮૩ લાખ પૂર્વ કોને કહે. એક પૂર્વમાં સીત્તેર લાખ કરોડ, છપ્પન હજાર કરોડ વર્ષ જાય. એવા એવા ૮૩ લાખ પૂર્વ ભગવાન ઋષભદેવ રહ્યા ગૃહસ્થાશ્રમમાં. દીક્ષા લીધી તો એવું ને એવું લાગે શરીર. સમજાણું? ૮૪ લાખ પૂર્વનું આયુષ્ય હતું. એક લાખ પૂર્વ બાકી હતા ત્યારે દીક્ષા લીધી. એટલું થયું. ૮૩ લાખ પૂર્વ તો કેટલા કહેવાય. દીક્ષા લઈને જ્યારે ફરે, રાજા દીકરીયું દેવા જાય. કહો હવે. આ તો મુનિ હતા. એને ખબર નહિ. આ શું છે? આ મુનિ શું થયા? જુગલિયાનો કાળ હતો. જુગલિયા. ભગવાન આમ દીક્ષા માટે જાય છે. રાજાઓ દીકરીઓ આપે. કંઈ ખબર નહિ. કોઈ હીરા-માણેકના થાળ આપે. પણ એ તો આહાર લેવા આવેલા હોય. પણ બોલે નહિ. અહીં તો બીજું કહેવું છે. શરીરની એટલી સ્થિતિ કે નાની નાની કન્યાઓ પરણાવવા દે. ૮૩ લાખ પૂર્વનું આયુષ્ય. એ વખતે દીક્ષા લીધી. જયંતિભાઈ!

બાર મહિના આહાર ન મળ્યો ભગવાન ઋષભદેવને બાર મહિના સુધી. પછી રાજાને સપનું આવ્યું. શ્રેયાંસ રાજાને સપનું આવ્યું કે કલ્પવૃક્ષ સૂકાય છે. પોતે બોલે નહિ. ભીક્ષા માટે જાય. નિર્દોષ ન મળે. જે જાતની વિધિ છે એ મળે નહિ. ચાલ્યા જાય. બાર મહિના સુધી ન મળ્યો. વૈશાખ સુદ-૩, આ વર્ષી પારણું કહેવાય છે ને? તે દી ગયા અને એક

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


શ્રેયાંસકુમાર હતા રાજકુમાર. આઠમા ભવમાં એની સ્ત્રી હતી ઈ. એ શ્રેયાંસકુમારનો જીવ. રાજનો કુમાર હતો. એને આમ રાત્રે સ્વપ્ન આવેલું. પછી કોઈને પૂછ્યું કે, આ શું સ્વપ્ન? ભગવાન તીર્થંકર પધારશે એવું લાગે છે. એ સપનાનું ફળ. ભગવાન આવ્યા. પણ વ્હોરાવવાની વિધિની ખબર ન મળે. કઈ રીતે એની ખબર ન મળે. મૂંઝાઈ ગયા. આમ જોતાં જોતાં જાતિસ્મરણ થઈ ગયું. પૂર્વના ભવ યાદ આવી ગાય. પેલા રાજાના કુંવરને. અહો..! હું અને ભગવાનનો જીવ આઠમા ભવમાં એ પતિ હતા, હું એની પત્ની હતી. અમે બે જણાએ મુનિને આહાર (આપેલો). નગ્ન દિગંબર મુનિને આહાર વ્હોરાવ્યા છે. એ વિધિ યાદ આવી ગઈ જાતિસ્મરણમાં આઠમા ભવની. એટલે પોતે કડે લુગડુ બાંધી અને ઘરમાં શેરડીનો તાજો રસ હતો. આ વૈશાખ સુદ-૩. ઘડા ભરેલા. ભગવાન તો આમ ઊભા રહ્યા, નગ્ન. આપ્યો. ઉપરથી દેવોની વૃષ્ટિ થઈ. ધન્ય દાન! ધન્ય દાન! ધન્ય દાન! રાજાને જાતિસ્મરણ થયું એટલે યાદ આવ્યું કે અમે પતિ-પત્ની આ વિધિએ આપીએ છીએ. એ આપ્યો. એ પહેલોવહેલો આહાર આ ભરતક્ષેત્રનો. અઢાર ક્રોડા ક્રોડી સાગરોપમના આંતરે. ઋષભદેવ ભગવાનને... અંદરમાં એને જાતિસ્મરણ થયું હતું. એને ભાન આવ્યું કે આ વિધિ છે.

અહીં કહે છે કે એનું રૂપ કેવું છે? અહીં તો મારે ઈ કહેવું છે કે રૂપ એવું છે કે દીક્ષા ૮૩ લાખ પૂર્વે લીધી તોય રાજાઓ કન્યા દેવા આવતા. એટલું એનું શરીર (સુંદર). એને કોઈ દી યુવાન અવસ્થા જાય નહિ. એવી જ એની અવસ્થા. આહાહા..! '**अविकारसुस्थितसर्वाङ्गम**' કેવું છે ભગવાનનું શરીર? શરીરની વાત હજી ચાલે છે, હોં! પેલા નગરની ચાલી હતી ને? એમ શરીરની. નગરનું વર્ણન એ રાજાનું વર્ણન નહિ. એમ શરીરના વર્ણને આત્માનું વર્ણન નહિ. એમ સિદ્ધ કરવા આ દાખલો આપે છે. કેવું છે ભગવાનનું શરીર? '**બાળપણું, તરુણપણું અને વૃદ્ધપણું નહીં હોવાથી...**' ત્રણે ન દેખાય. બાળપણું નહિ. યુવાન ઉદ્ધતપણું નહિ અને વૃદ્ધાવસ્થા પણ નહિ. એવી શરીરની સ્થિતિ. તીર્થંકરના ઔદારિક શરીરની એવી સ્થિતિ હોય છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- આ વિષયવાસના ઉદ્ધત હોય છે ને જરી. મદાંધ ન હોય, મદાંધ. એ યુવાની કહેવાય. મદાંધ થઈ ગયેલા. બાળક આમ જાણે ભોળા એ બાળક. મદાંધ યુવાન. વૃદ્ધાવસ્થામાં શરીર બધા ઢીલા પડી ગયેલા. એ ત્રણે માહ્યલું એક્કેય હોય નહિ. સમજાય છે કાંઈ? '**સમાધાનરૂપ (સારી રીતે ગોઠવાયેલા) છે...**' સુસ્થિત. શરીરમાં સમાધાનરૂપ એટલે જાણે કે કોઈ વિસ્મયતા હોય એમ નથી. જાણે સમાધાન વર્તતું હોય. શરીરની ચેષ્ટા જ એવી હોય. કાંઈક નવું કે કાંઈક જોવું એવું એનામાં છે નહિ. શાંત.. શાંત. શરીરની ચેષ્ટા એવી છે. આત્માના સમાધાનની વાત નથી, હોં! શરીરમાં ચેષ્ઠા એવી એને વર્તે કે કંઈ નવીનતા ને કોઈ વિશેષતા એને જોવામાં હોય એવી ચેષ્ટા શરીરમાં ન લાગે. ઠરી ગયેલા. '**સર્વાંગ**'

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

**'સર્વ પ્રદેશ જેના એવું છે.'** જુઓ! સમાધાનરૂપ સર્વ પ્રદેશ. આ શરીરના હોં! શરીરની વાત ચાલે છે.

**'વળી કેવું છે જિનેન્દ્રનું રૂપ?' 'अपूर्वसहजलावण्यम्' 'આશ્ચર્યકારી છે તથા...' 'सहज' 'વિના યત્ને શરીર સાથે મળેલા છે શરીરના ગુણો...'** શરીરના ગુણ એવા વગર પ્રયત્ને એવા જ એના શરીરની પર્યાય પહેલેથી ભજે છે. **'વળી કેવું છે?' 'समुद्रम् इव अक्षोभम्' 'સમુદ્રની માફક નિશ્ચળ છે.'** શરીર ગંભીર દેખાય. સમજાણું? શરીર જ એવું દેખાય કે.. એક છોકરો જોયો હતો. બાર વર્ષનો. અમદાવાદમાં (સંવત) ૧૯૮૦ની સાલમાં. બાર વર્ષનો પણ એને લાગે કે એંસી વર્ષનો વૃદ્ધ હોય નહિ. એટલી ગંભીરતા. એનો બાપ લઈને આવેલો અમારી પાસે. ૮૦ની સાલમાં. બેસે ને સામાયિક (કરે). કંઈ જાણે કુતૂહલતા કે વિષયતા, વિશેષતા કાંઈ ન લાગે.

મુમુક્ષુ :- બિમાર હતો?

ઉત્તર :- ના, ના. બિમારની વાત નથી. બિમારની વાત કરે તો આવી વાત કરે? એટલી પ્રકૃતિ સ્થિરતા લઈને આવેલો. કાંઈ ચપળ નહિ. ઈ આમ બેઠો હોય તો જાણે એંસી વર્ષના માણસને કાંઈક હોય, આને કાંઈ નહિ. મેં એને પૂછ્યું હતું, પછી મારી પાસે સામે બેઠો હતો. ૮૦ની સાલ, બોટાદની વાત છે. જૈનશાળા જોડે છે ને. સામાયિક કરીને બેસે સામે. એનો બાપ લઈને આવે. ઠરેલ એવી પ્રકૃતિ જ એની. કંઈ આમ જોવું કે આ જોવું કે વિસ્મયતા કે આ, કંઈ નહિ. એવી શરીરની પ્રકૃતિ. પોપટભાઈ! એવી શરીરની પ્રકૃતિ હોય છે.

આ ભગવાનનું શરીર. કહે છે કે **'વિના યત્ને શરીર સાથે મળેલા છે...'** પુરુષાર્થ વિના શરીરની પર્યાય જ એવી બનેલી હોય છે. **'વળી કેવું છે?' 'સમુદ્રની માફક નિશ્ચળ છે.'** ક્ષોભ નહિ. સમુદ્રમાં જેમ ક્ષોભ ન હોય, એમ શરીરમાં ક્ષોભ દેખાય નહિ. એવું તો એનું શરીર ગંભીર.. ગંભીર.. ગંભીર. પણ એ શરીરના સ્તવનથી કંઈ આત્માનું સ્તવન નથી. એમ કહેવું છે. જેમ ઓલા નગરનું સ્તવન કરવાથી રાજાનું સ્તવન નથી. આહા..! **'વળી કેવું છે?' 'परं' 'ઉત્કૃષ્ટ છે.'** એનું રૂપ જ ઉત્કૃષ્ટ છે. ઊંચામાં ઊંચું. ઈન્દ્રોના, દેવોના.. દેવ ઈન્દ્ર હોય એના રૂપથી પણ આનું રૂપ કોઈ જુદી જાતનું. કારણ કે ભગવાન અંદર પરમાત્મદશા.. જોકે એનું શરીર તો નાની ઉંમરમાંથી એવું હોય છે. ગંભીર.. ગંભીર. એમાં પરમ ઔદારિક થઈને જ આવ્યા. એમાં કેવળજ્ઞાન થાય એટલે ઓહો..! જાણે ઢીમ પડ્યું હોય બરફનું. શરીર એવું લાગે. અંદરનો આત્મા વીતરાગી થઈ ગયો હોય.

કહે છે કે નગરના વર્ણનની મોટપથી રાજાના વર્ણનની અધિકાઈ થાતી નથી. એમ ભગવાનનું આવું શરીર, ભગવાનનું આવું શરીર એથી ભગવાન આત્મા આવો, એવું એમાં આવતું નથી.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હા, વાહ! ઈ બીજું કહે છે. એમ કહે છે, આ શરીરની મહત્તામાં મીઠાશ

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આવે છે. એમ કહે છે. આત્માની અંદર મીઠાશની વાત આવે એ દેખાતી નથી, એમ કહે છે. ભાઈ! એના માટે તો આ વાત કરે છે.

બાપુ! તું કહે છે કે અમારા શાસ્ત્રમાં જિનેન્દ્રનું રૂપ આવું, વીતરાગ આવા. એવા શરીરના વર્ણન કર્યા છે. એથી કરીને કાંઈ એના આત્માનું વર્ણન એમાં આવતું નથી. ભાઈ! એ તો નગરના વર્ણન કરે ત્યારે નગરનું વર્ણન થાય. એનો સ્વામી ભલે કહેવાય વ્યવહારે, છતાં એના રાજાના ગુણ એમાં આવતા નથી અને આના ગુણ કંઈ રાજામાં જાતા નથી. એમ શરીર સુંદર ને શ્વાસ ને અક્ષોભ એ ગુણો કંઈ આત્મામાં આવતા નથી અને આત્માના ગુણો આમાં આવતા નથી. બેય તદ્દન ભિન્ન ચીજ છે. એમ કહે છે. સમજાણું કાંઈ?

'**ભાવાર્થ આમ છે કે જેવી રીતે વાયુ રહિત સમુદ્ર નિશ્ચળ હોય છે...**' વાયુ વિના સમુદ્ર આમ ઠરેલો દેખાય. '**તેવી જ રીતે તીર્થંકરનું શરીર પણ નિશ્ચળ છે.**' નિશ્ચળ-ચળ્યા વિનાનું સ્થિર બિંબ હોય. '**આ રીતે શરીરની સ્તુતિ કરતાં...**' હવે એનો સરવાળો '**આત્માની સ્તુતિ નથી થતી,...**' આત્મા તો અંદર જ્ઞાનઘન ચિદાનંદ ભિન્ન છે. '**કારણ કે શરીરના ગુણ આત્મામાં નથી.**' એ શરીરના જેટલા ગુણ કીધા એ કંઈ આત્મામાં નથી. ઓલા નગરના ગુણ કીધા ઈ કંઈ રાજામાં નથી. '**આત્માનો જ્ઞાનગુણ છે,...**' જુઓ! જ્યાં હોય ત્યાં એક જ વાત. ચૈતન્યપ્રકાશ એનો ગુણ છે. એ જાણવું-દેખવું એનો ગુણ છે. શરીરના ગુણો એમાં નથી અને વિકારના પુણ્ય અને પાપના ભાવ પણ એનામાં નથી. એવો આત્મા જ્ઞાનાનંદના ગુણગ્રામ કરવા એનું નામ આત્માની સ્તુતિ છે. સમજાણું કાંઈ? કેવળજ્ઞાનનો કંદ છો. અનંત આનંદનો રસકંદ સ્વરૂપ છે. એમાંથી કેવળજ્ઞાનના પ્રવાહ નીકળે, આનંદની ધારાઓ નીકળે. એવો જે આત્મા એનું નામ અંદર આત્માના ગુણ અને સ્તવન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

'**જ્ઞાનગુણની સ્તુતિ કરતાં આત્માની સ્તુતિ થાય છે.**' લ્યો. ચૈતન્યપ્રભુ એ તો ત્રણકાળ ત્રણલોકના પદાર્થને અને સ્વને જાણવાની તાકાતવાળું તત્ત્વ છે. કોઈને કરવાનું, કોઈથી કરાય એવું કે કોઈને કરે એવું, એ ચૈતન્યગુણનો સ્વભાવ નથી. ચૈતન્યગુણ સ્વભાવ એકલો સ્વ અને પરને જાણવાની ચૈતન્યજ્યોતિવાળું તત્ત્વ એમાં એકાગ્ર થઈને એના ગુણગ્રામ ગાવા. પુણ્ય-પાપ ને શરીરના ગુણગ્રામની સ્તુતિથી ખસી જવું. સ્વભાવની અધિકાઈમાં વિકારથી અધિક થઈને એના ગુણ ગાવા, એનું નામ આત્માની સ્તુતિ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? '**જ્ઞાનગુણની સ્તુતિ કરતાં આત્માની સ્તુતિ થાય છે.**' લ્યો, એ ત્રણે વ્યવહારના શ્લોક (થયા). હવે આવ્યો નિશ્ચયનો.

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



(શાર્દૂલવિક્રીડિત)

एकत्वं व्यवहारतो न तु पुनः कायात्मनोर्निश्चयात्
नुः स्तोत्रं व्यवहारतोऽस्ति वपुषः स्तुत्या न तत्तत्त्वतः।
स्तोत्रं निश्चयतश्चितो भवति चित्स्तुत्यैव सैवं भवेत्
नातस्तीर्थंकरस्तवोत्तरबलादेकत्वमात्माङ्गयोः।।२७।।

ખંડાન્વય સહિત અર્થ :—''अतः तीर्थकरस्तवोत्तरबलात् आत्माङ्गयोः एकत्वं न भवेत्'' (अतः) આ કારણથી, (तीर्थकरस्तव) 'પરમેશ્વરના શરીરની સ્તુતિ કરતાં આત્માની સ્તુતિ થાય છે' એમ જે મિથ્યામતી જીવ કહે છે તેના પ્રતિ (उत्तरबलात्) 'શરીરની સ્તુતિ કરતાં આત્માની સ્તુતિ થતી નથી, આત્માના જ્ઞાનગુણની સ્તુતિ કરતાં આત્માની સ્તુતિ થાય છે,' આવા ઉત્તરના બળથી અર્થાત્ તે ઉત્તર દ્વારા સંદેહ નષ્ટ થઈ જવાથી, (आत्म) ચેતનવસ્તુને અને (अङ्गयोः) સમસ્ત કર્મની ઉપાધિને (एकत्वं) એકદ્રવ્યપણું (न भवेत्) થતું નથી. આત્માની સ્તુતિ જે રીતે થાય છે તે કહે છે—'सा एवं' (सा) તે જીવસ્તુતિ (एवं) જેવી રીતે મિથ્યાદૃષ્ટિ કહેતો હતો તેવી રીતે નથી, કિન્તુ જે રીતે હવે કહે છે તે રીતે જ છે—''कायात्मनोः व्यवहारतः एकत्वं, तु पुनः न निश्चयात्'' (कायात्मनोः) શરીરાદિ અને ચેતનદ્રવ્ય એ બંનેને (व्यवहारतः) કથનમાત્રથી (एकत्वं) એકપણું છે. ભાવાર્થ આમ છે કે જેવી રીતે સોનું અને રૂપું એ બંનેને ઓગાળીને એક સોગઠી બનાવવામાં આવે છે, ત્યાં તે સઘળું કહેવામાં તો સુવર્ણ જ કહેવાય છે, તેવી રીતે જીવ અને કર્મ અનાદિથી એકક્ષેત્રસંબંધરૂપ મળેલાં ચાલ્યાં આવે છે તેથી તે સઘળું કથનમાં તો જીવ જ કહેવાય છે. (तु पुनः) બીજા પક્ષે (न) જીવ-કર્મને એકપણું નથી. તે ક્યા પક્ષે? (निश्चयात्) દ્રવ્યના નિજ સ્વરૂપને વિચારતાં, ભાવાર્થ આમ છે કે જેવી રીતે સોનું અને રૂપું જોકે એકક્ષેત્રે મળેલાં છે-એકપિંડરૂપ છે તોપણ સોનું પીળું, ભારે અને ચીકણું એવા પોતાના ગુણો સહિત છે, રૂપું પણ પોતાના શ્વેતગુણ સહિત છે, તેથી એકપણું કહેવું જૂઠું છે, તેવી જ રીતે જીવ અને કર્મ પણ જોકે અનાદિથી એકબંધપર્યાયરૂપ મળેલાં ચાલ્યાં આવે છે—એકપિંડરૂપ છે તોપણ જીવદ્રવ્ય પોતાના જ્ઞાનગુણે બિરાજમાન છે, કર્મ-પુદ્ગલદ્રવ્ય પણ પોતાના અચેતન ગુણ સહિત છે, તેથી એકપણું કહેવું જૂઠું છે. તે કારણે સ્તુતિમાં ભેદ છે. (તે જ બતાવે છે—) ''व्यवहारतः वपुषः स्तुत्या नुः स्तोत्रं अस्ति, न तत् तत्त्वतः'' (व्यवहारतः) બંધપર્યાયરૂપ એકક્ષેત્રાવગાહદૃષ્ટિથી જોતાં (वपुषः) શરીરની (स्तुत्या) સ્તુતિ કરવાથી (नुः) જીવની (स्तोत्रं) સ્તુતિ (अस्ति) થાય છે. (न तत्) બીજા પક્ષે વિચારતાં, સ્તુતિ નથી થતી. કઈ અપેક્ષાએ નથી થતી? (तत्त्वतः) શુદ્ધ જીવદ્રવ્યસ્વરૂપ વિચારતાં.

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

ભાવાર્થ આમ છે કે જેમ 'શ્વેત સુવર્ણ' એમ જોકે કહેવામાં આવે છે તોપણ શ્વેતગુણ રૂપાનો છે, તેથી 'શ્વેત સુવર્ણ' એમ કહેવું જૂઠું છે, તેવી જ રીતે-

''बे रत्ता बे सांवला बे नीलुप्पलवन्न।
मरगजवन्ना दो वि जिन सोलह कंचनवन्न।।''

'[ભાવાર્થ—] બે તીર્થંકરો રક્તવર્ણે, બે કૃષ્ણ, બે નીલ, બે પન્ના અને સોળ સુવર્ણરંગે છે,' જોકે આમ કહેવામાં આવે છે તોપણ શ્વેત, રક્ત અને પીત આદિ પુદ્ગલદ્રવ્યના ગુણો છે, જીવના ગુણો નથી. તેથી શ્વેત, રક્ત અને પીત એમ કહેતાં જીવ નથી હોતો, જ્ઞાનગુણ કહેતાં જીવ છે. કોઈ પ્રશ્ન કરે છે કે શરીરની સ્તુતિ કરતાં તો જીવની સ્તુતિ થતી નથી, તો જીવની સ્તુતિ કઈ રીતે થાય છે? ઉત્તર આમ છે કે ચિદ્રૂપ કહેતાં થાય છે—''निश्चयतः चित्स्तुत्या एव चितः स्तोत्रं भवति'' (निश्चयतः) શુદ્ધ જીવદ્રવ્યરૂપ વિચારતાં (चित्) શુદ્ધ જ્ઞાનાદિનાં (स्तुत्या) વારંવાર વર્ણન-સ્મરણ-અભ્યાસ કરવાથી (एव) નિઃસંદેહ (चितः स्तोत्रं) જીવદ્રવ્યની સ્તુતિ (भवति) થાય છે. ભાવાર્થ આમ છે—જેવી રીતે 'પીળું, ભારે અને ચીકણું સુવર્ણ' એમ કહેતાં સુવર્ણની સ્વરૂપસ્તુતિ થાય છે, તેવી જ રીતે 'કેવળી એવા છે કે જેમણે પ્રથમ જ શુદ્ધ જીવસ્વરૂપનો અનુભવ કર્યો છે એટલે કે ઈન્દ્રિય-વિષય-કષાયને જીત્યાં છે, પછી મૂળથી ખપાવ્યાં છે, સકળ કર્મ ક્ષય કર્યાં છે એટલે કે કેવળજ્ઞાન, કેવળદર્શન, કેવળવીર્ય અને કેવળસુખરૂપે બિરાજમાન પ્રગટ છે' એમ કહેતાં-જાણતાં-અનુભવતાં કેવળીની ગુણસ્વરૂપ સ્તુતિ થાય છે. આથી આ અર્થ નિશ્ચિત કર્યો કે જીવ અને કર્મ એક નથી, ભિન્ન ભિન્ન છે. વિવરણ—જીવ અને કર્મ એક હોત તો આટલો સ્તુતિભેદ કેમ હોત? ૨૭.

## કલશ-૨૭ ઉપર પ્રવચન

(શાર્દૂલવિક્રીડિત)

एकत्वं व्यवहारतो न तु पुनः कायात्मनोर्निश्चयात्
नुः स्तोत्रं व्यवहारतोऽस्ति वपुषः स्तुत्या न तत्तत्त्वतः।
स्तोत्रं निश्चयतश्चितो भवति चित्स्तुत्यैव सैवं भवेत्
नातस्तीर्थंकरस्तवोत्तरबलादेकत्वमात्माङ्गयोः।।२७।।

ખંડાન્વય સહિત અર્થ :- 'अतः तीर्थंकरस्तवोत्तरबलात् आत्माङ्गयो एकत्वं न भवेत्'. ભાઈ! શરીરના સ્તવને શરીરને વ્યાખ્યા કરી. એ કંઈ આત્માની વ્યાખ્યા નથી. ભગવાન આત્મા તો જુદું તત્ત્વ છે. અહીં તો કહે છે કે એના સ્તવનના બોલ કહ્યા એનો

એ જાણનારો આત્મા છે. એમાં ભળેલો નથી. જ્ઞાનસ્વરૂપ ચૈતન્ય બિંબ એવો આત્મા છે. એના જ્ઞાનના વખાણ કરે કે ઓહો..! એ તો જાણનાર જ છે. રાગ થાય એને જાણનાર, વિકાર થાય એને જાણનાર, ટળે તેને જાણનાર, શરીર થાય એને જાણનાર, વાણી થાય એને જાણનાર. એ તો જાણનાર.. જાણનાર ચૈતન્યગુણનો ધણી છે એવા એના એકાગ્ર થઈને સ્તુતિ કરવી એનું નામ આત્માની ભક્તિ અને સ્તુતિ કહેવાય છે. સમજાણું કાંઈ?

**'આ કારણથી 'પરમેશ્વરના શરીરની સ્તુતિ કરતાં આત્માની સ્તુતિ થાય છે' એમ જે મિથ્યામતી જીવ કહે છે તેના પ્રતિ...'** '(उत्तरबलात्)' **'શરીરની સ્તુતિ કરતાં આત્માની સ્તુતિ થતી નથી, આત્માના જ્ઞાનગુણની સ્તુતિ કરતાં આત્માની સ્તુતિ થાય છે,'** એ તો જ્ઞાન જાણનાર.. જાણનાર.. જાણનાર.. જાણનાર.. જાણનાર.. જાણનાર.. ત્રણકાળ ત્રણલોક દ્રવ્ય-ગુણ-પર્યાય પોતાના, પરના એ બધું જાણનાર.. જાણનાર.. જાણનારનું તત્ત્વ તે આત્મા છે. એ જાણનારની પ્રતીત, જાણનારનું જ્ઞાન, જાણનારમાં લીનતા એ આત્માની સ્તુતિ છે. સમજાણું કાંઈ આમાં? શું કીધું? એનો જ્ઞાનગુણ જે છે એ જ્ઞાનસ્વભાવવાળો આત્મા, એની પ્રતીત કરવી કે આ હું, એનું જ્ઞાન કરવું કે સ્વસંવેદન પ્રત્યક્ષ કરીને રાગથી ભિન્ન પડીને આ આત્મા અને એ આત્મામાં જ્ઞાનપણાની એકાગ્રતામાં સ્થિર થવું એ આત્માની સ્તુતિ છે. અને એ સ્તુતિ તે મુક્તિનું કારણ છે. કહો, સમજાણું કાંઈ આમાં?

**'આત્માના જ્ઞાનગુણની સ્તુતિ કરતાં...'** પણ એ જ્ઞાન, શ્રદ્ધા, આનંદ બધું જ્ઞાનમાં આવી ગયા. એમાં પુણ્ય-પાપના ભાવ ને શરીરના ગુણ એ આત્માના ગુણ નહિ એમ કહેવું છે. આત્મા અને અંગયો, બે શબ્દ લેશે. અંગયો એટલે કર્મની ઉપાધિથી બધું. શરીર, વાણી, મન, કર્મ અને પુણ્ય-પાપના ભાવ એ બધા અંગ છે. કર્મની ઉપાધિ છે. એ આત્માના ગુણ નથી. પુણ્ય-પાપના ભાવ એ આત્માના ગુણ નથી. એ કર્મ તરફના વિકારીમાં કર્મમાં જાય છે બધા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એની .. માં છે. આવે છે ને, જુઓ! સમજાણું?

**'આવા ઉત્તરના બળથી અર્થાત્ તે ઉત્તર દ્વારા સંદેહ નષ્ટ થઈ જવાથી,...'** લ્યો. **'ચેતનવસ્તુને અને...'** '(अङ्गयो)' જુઓ! શબ્દ આવ્યો. છે ને પાઠમાં છેલ્લે? '**आत्माङ्गयोः**' છેલ્લો શબ્દ. આત્મા એટલે ચૈતન્યવસ્તુ અને '**अङ्गयो**' એટલે **'સમસ્ત કર્મની ઉપાધિ...'** અંગ. એટલે શરીર અને પુણ્ય-પાપના ભાવ અને બધી ઉપાધિ પરવસ્તુ. આત્મા નહિ. સમજાણું કાંઈ? ભગવાન ચૈતન્યજ્યોત નિરુપાધિ જ્ઞાનાનંદ એમાં જેટલા પુણ્ય અને પાપના ભાવ થાય અને શરીર ને કર્મ ને વાણી, એ બધું જડમાં જાય છે. ધીરૂભાઈ! પુણ્ય-પાપના ભાવ, શરીર બધું જડમાં જાય છે. અંગમાં જાય છે. એ જડ અંગી એનું એ અંગ


Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે, આત્માનું નહિ. આહાહા..! સમજાણું કાંઈ? શું કીધું? જુઓને! **'आत्माङ्गयोः'** આત્મા એટલે ચેતન જાણનાર વસ્તુ ... અનુભવ આ વસ્તુ આત્મા જ્ઞાનાનંદ છે. અને **'अङ्गयो'** **'સમસ્ત કર્મની ઉપાધિને એકદ્રવ્યપણું થતું નથી.'** ત્રણકાળમાં એકપણું છે નહિ. ભગવાન જ્ઞાનમૂર્તિ ચૈતન્યજ્યોત અને પુણ્ય-પાપના ભાવ, કર્મ, શરીર એ ત્રણે ચીજ એક બાજુ અને એક કોર આત્મા જ્ઞાનાનંદ. બે એકપણું કોઈ દી પામતા નથી. સમજાણું કાંઈ?

એવા આત્માને અંદર પુણ્ય-પાપના રાગ વિનાનો અને જ્ઞાનના સ્વભાવથી ભરેલો ચૈતન્ય, એની દૃષ્ટિ, જ્ઞાન અને એકતા કર. એનું નામ આત્મા માન્યો અને આત્મા અનુભવ્યો કહેવામાં આવે છે. એને આત્માની સ્તુતિ કરી એમ કહેવામાં આવે છે. આ રાગની સ્તુતિ ને પુણ્યની સ્તુતિના ગાણા ગાય કે આણે આવા પુણ્ય કર્યા, એણે પુણ્ય આવા કર્યા એ આત્મા નહિ. સમજાણું કાંઈ? બેને જુદા પાડી... **'કર્મની ઉપાધિને એકદ્રવ્યપણું થતું નથી.'** હવે કેવી સ્તુતિ કરવાથી થાય એની વ્યાખ્યા કરશે વિશેષ...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)


ૐ
આત્માને અવિરત ચોથા ગુણ
સ્થાનમાં પણ પ્રથમ સ્વસંવેદન પ્રત્યક્ષપણું
હોવું તે અનિવાર્ય છે કેમકે તેમાં રાગાદિ
ની અપેક્ષા રહેતી નથી. તેથી તેને વિલક્ષણ
અનુભૂતિ કહેવાય છે.

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## વીર સંવત-૨૪૯૧, ચૈત્ર સુદ ૨, શનિવાર, તા. ૩-૪-૧૯૬૫, કલશ-૨૭
## પ્રવચન નં. ૨૮

આ સમયસાર કળશ. ૨૭મો ચાલે છે. જીવ અધિકારનો. આત્મા અને શરીર બે, અજ્ઞાની કહે છે કે બેય એક છે. માટે અમે તો શરીરની સ્તુતિ કરતાં આત્માની સ્તુતિ થાય છે એવું તમારામાંથી પણ અમે બતાવીએ છીએ કે જુઓ, આ તીર્થંકર આવા હતા, આવા હતા શરીરમાં, દિવ્યધ્વનિ કરતા હતા. બહુ સુંદર હતા. તેજથી દસે દિશાઓને ઉજ્જ્વળ કરતાં. એ બધી વાત તો શરીરની આવી. અને શરીર દ્વારા તમે આત્માની સ્તુતિ (કરી). એટલે આત્મા અને શરીર એક લાગે છે. તમારામાં પણ એમ આવ્યું છે, એમ કહે છે.

એને કહે છે કે, ભાઈ! એમ નથી. સાંભળ! અહીં સુધી આવ્યું છે, જુઓ! **'ચેતનવસ્તુને અને સમસ્ત કર્મની ઉપાધિને એકદ્રવ્યપણું થતું નથી.'** આવ્યું છે? ૨૭ પાને, ૨૭મો કળશ. આ ચૈતન્ય વસ્તુ એ તો જ્ઞાનાનંદ સ્વભાવથી ભરેલી ચીજ છે. એમાં પુણ્ય-પાપ, શુભ-અશુભ ભાવ થાય એ પણ કંઈ ચૈતન્ય વસ્તુ નથી. એ બધું આ શરીર, વાણી, કર્મ અને પુણ્ય-પાપના ભાવ એ બધું કર્મની ઉપાધિ બધી પરમાં જાય છે. એ આત્મસ્વરૂપ નથી.

**'આત્માની સ્તુતિ જે રીતે થાય છે તે કહે છે...'** કેમ કે બેનું એકપણું નથી. સમજાણું? શરીરનું સ્તવન કરે અને આત્માનું, બે એક ચીજ જ નથી. શરીરની સાથે એકપણું નથી પણ પુણ્ય અને પાપના વિકારી શુભ-અશુભ ભાવ થાય એ પણ ચૈતન્યપદાર્થ નિજ ચીજની વસ્તુ નથી. એ તો ઉપાધિ છે. ઉપાધિ વિનાનો આત્મા અખંડ જ્ઞાન, દર્શન અને આનંદના ગુણ ગાવા એટલે કે એનું બહુમાન કરવું. વિકારના ભાવ અને સંયોગી ભાવથી અધિક પોતાનો સ્વભાવ ભિન્ન છે. જ્ઞાનાનંદ ચૈતન્ય આનંદ, એમ વિકાર અને સંયોગથી અધિકપણે પૃથક્ પોતાના આત્માની અંદર એકાગ્રતા એટલે કે ગુણ ગાવાનો અર્થ એકાગ્રતા, એને આત્માની સ્તુતિ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

એ સ્તુતિ કેવી છે? **'सा एवं' 'તે જીવસ્તુતિ જેવી રીતે મિથ્યાદૃષ્ટિ કહેતો હતો તેવી રીતે નથી,...'** અજ્ઞાની શરીરના વર્ણને જિનેન્દ્રનું રૂપ આવું છે, એની વાણી આવી છે, શરીર ક્ષોભ રહિત સમુદ્રની પેઠે ગંભીર છે. એ બધા તો જડના શરીરના લક્ષણની વાત છે. નગરના વર્ણન કરવાથી કંઈ નગરના રાજાનું વર્ણન આવતું નથી. એમ શરીરના વર્ણન કરવાથી કંઈ ભગવાન આત્મા અંદર અરૂપી જ્ઞાનઘન તત્ત્વ છે, એનું કંઈ વર્ણન અને સ્તુતિ આવતી નથી. મિથ્યાદૃષ્ટિ કહે છે એમ નથી. **'કિન્તુ જે રીતે હવે કહે છે કે તે રીતે જ છે...'** **'कायात्मनोः व्यवहारतः एकत्वं, तु पुनः न निश्चयात्' '(कायात्मनोः)'**

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


'શરીરાદિ...' આ શરીર, વાણી, અંદર આઠ કર્મ ધૂળ જરી ઝીણી છે તે, આ પ્રારબ્ધ અને પુણ્ય-પાપના ભાવ શુભ-અશુભ. એ બધું ચૈતન્યવસ્તુથી ભિન્ન છે. સમજાણું કાંઈ? 'શરીરાદિ...' આદિ શબ્દે એ બધું લેવું.

**'અને ચેતનદ્રવ્ય...'** ભગવાન આત્મા એ તો અનાદિઅનંત જ્ઞાનઘન આનંદનો રસકંદ એ આત્મા છે. એવા આત્મા ઉપર દૃષ્ટિ કરીને એકાગ્ર થવું. એણે આત્માના ગુણ ગાયા અને સ્તુતિ કરી. એણે ભગવાનની સાચી સ્તુતિ કરી. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- એકાગ્ર થવું એ સ્તુતિ?

ઉત્તર :- એ સ્તુતિ. સ્તુતિનો અર્થ ગુણ ગાવા. ગુણગ્રામનો અર્થ ગુણનો પિંડ આત્મા એનું અધિકપણું કરીને અંદર સાવધાની કરવી. એનું નામ સ્તુતિ.

મુમુક્ષુ :- વચન બોલે તો સ્તુતિ..

ઉત્તર :- વાણીમાં શું? આ જડ છે વાણી તો. કહો, સમજાય છે કાંઈ? એવી વાત છે.

ચેતનદ્રવ્ય જ્ઞાયક ભગવાન આત્મા, આદિ અંત વિનાનું સત્ત્વ શાશ્વત ચૈતન્યતત્ત્વ. એ તો રાગ અને વિકલ્પથી ભિન્ન છે. એના ગુણ ગાવા એટલે એના તરફનું બહુમાન કરીને અંદર એકાગ્ર થવું, સાવધાન થવું એણે ભગવાનની સ્તુતિ અને ગુણગ્રામ ગાયા કહેવાય છે. કહો, શેઠી! શું આવ્યું? આ ભગવાનની પ્રતિમા ને પૂજા ને ભક્તિ શું? એ તો વ્યવહાર વિકલ્પ છે. એ શુભરાગ છે. એ કંઈ આત્માની સ્તુતિ નથી. આહાહા..! સમજાણું કાંઈ?

**'શરીરાદિ અને ચેતનદ્રવ્ય એ બંનેને કથનમાત્રથી એકપણું છે.'** વ્યવહાર એટલે કથનમાત્ર, કહેવામાત્ર, કહેવામાત્ર. આ ગામ ભાવનગર મારું. આ ગામ મારું, આ શહેર મારું, આ બંગલો મારો કહેવામાત્ર છે. એની ચીજ નથી. એની ચીજ હોય તો એની સાથે આવવી જોઈએ. એની ચીજ હોય એ એના વિના રહી શકે નહિ. અને એના વિના રહી શકે એ એની ચીજ કહેવાય નહિ. સમજાણું કાંઈ? કહે છે કે ભગવાન આત્મા... એ સ્તુતિ કહો, વંદન કહો, ભક્તિ કહો કે સમ્યગ્દર્શન કહો. સમજાય છે કાંઈ? ભગવાન ચૈતન્યસ્વરૂપ એક સેકંડના અસંખ્યભાગમાં આ શરીર, વાણી, કર્મ અને પુણ્ય-પાપના દયા, દાન, ભક્તિ, કામ, ક્રોધના ભાવ બધું કર્મજન્ય અને જડની ઉપાધિમાં જાય છે. એ ચૈતન્યના તેજમાં એનો મેળ નથી. ભગવાન જ્ઞાનપ્રકાશ સૂર્યચૈતન્ય છે. એની સાથે એ વિકાર અને સંયોગી ચીજ એનું એકપણું કહેવું કથનમાત્ર છે, કથનમાત્ર છે. સમજાણું?

**'ભાવાર્થ આમ છે...'** **'न निश्चयात्'** એનો અર્થ પછી આવશે. આ તો વ્યવહાર છે ને, એનો ખુલાસો કરે છે. એટલો ખુલાસો કરે છે. ભગવાન આત્મા જ્ઞાન, દર્શન, આનંદનો કંદ નિર્વિકારી. જ્ઞાનમાત્ર એટલે કે શુદ્ધ વસ્તુ. ચેતનપદાર્થ એટલે શુદ્ધ ચૈતન્ય પદાર્થ-વસ્તુ. એમાં જેટલી મલિનતા પુણ્ય-પાપ અશુદ્ધતા એ બધું કર્મજન્ય ઉપાધિ આત્મદ્રવ્ય ન કહેવાય એને. આત્મદ્રવ્ય હોય તો તે જુદાં પડે નહિ. જુદાં પડે તે એની ચીજ કહેવામાં આવે નહિ.

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

સમજાય છે કાંઈ?

કહે છે કે ચેતનદ્રવ્ય ભગવાન આત્મા જ્ઞાનની જ્યોત, અનાકુળ આનંદનો રસ દ્રવ્ય અને પુણ્ય-પાપના શરીરાદિના ભાવ તદ્દન કહેવામાત્ર વ્યવહારથી એક છે. પરમાર્થ એક નથી. નિમિત્ત નૈમિત્તિક સંબંધથી કથનમાત્રથી કહેવામાં આવે કે એ આત્માના છે. સમજાણું કાંઈ? અહીંયા તો શુભ-અશુભ ભાવ થાય એ પણ આત્માના છે એમ કથનમાત્ર છે. કહેવામાત્ર છે. એના હોય તો એની ખાણમાં હોવા જોઈએ. એના ચીજમાં, એના તત્ત્વના રસમાં હોવા જોઈએ. ચૈતન્યમૂર્તિ દળ આનંદ શુદ્ધ જ્ઞાયકભાવ, એના દળમાં એ પુણ્ય-પાપ કે શરીરાદિ છે જ નહિ. તો એ નથી તે ચીજ એની છે, એ નથી એવું જે આત્માનું તત્ત્વ એ પરથી નથી. એકલો જ્ઞાયકભાવ એનું અંતર બહુમાન કરીને દષ્ટિ કરવી એટલે કે એનું સાવધાનપણે એકાગ્ર થવું એણે જ આત્માના ગુણ ગાયા, ભગવાનના ગુણ ગાયા અને ભગવાનની સ્તુતિ કરી એમ કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'ભાવાર્થ આમ છે કે જેવી રીતે સોનું અને રૂપું બંનેને ઓગાળીને એક સોગઠી બનાવવામાં આવે છે,...'** ચાંદી અને સોનાનો એક સોગઠી-ગઠ્ઠો બનાવે છે. તાર ખેંચવા માટે બનાવવામાં આવે છે, એમ કંઈક કહે છે. સમજાણું? **'ત્યાં તે સઘળું કહેવામાં તો સુવર્ણ જ કહેવાય છે,...'** ધોળુ સોનું નથી કહેતા આપણે? ધોળુ સોનું. છાશિયું સોનું એમ કહે છે. છાશિયું સોનું. છાશિયું સોનું હોતું હશે? છાશ જેવા રંગવાળો ચાંદીનો યોગ છે માટે સુવર્ણને છાશિયું કહેવામાં આવે છે. સોનું છાશિયું નથી. એ તો છાશના ધોળા-સફેદ ચાંદીના રંગની અપેક્ષાએ તેને કહેવામાં આવે છે. **'સુવર્ણ જ કહેવાય છે, તેવી રીતે...'** સમજાય છે. એ છાશિયું સોનું એટલે ચાંદી અને સોનું, બે એક ગઠ્ઠો કર્યો હોય એને સોનું કહેવામાં આવે છે.

**'તેવી રીતે જીવ અને કર્મ અનાદિથી એકક્ષેત્રસંબંધરૂપ મળેલાં ચાલ્યાં આવે છે...'** ભગવાન આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ સત્ નામ શાશ્વત ચિદ્ જ્ઞાન અને આનંદનું ધામ, એવું સ્વરૂપ જીવનું તત્ત્વ અને જોડે કર્મ જડ માટી ધૂળ. અને એના સંબંધે થતો વિકલ્પ વિકાર. એ બે અનાદિથી સાથે ચાલ્યા આવે છે. **'એકક્ષેત્રસંબંધરૂપ મળેલાં ચાલ્યાં આવે છે...'** વસ્તુ એક નથી. સમજાણું કાંઈ? બે ગાયુંને નથી હડહેડતા? શું કહે છે આ? દોરડા નાખે છે ને બે ગાયને ભેગા? પછી સાથે સાથે, સાથે સાથે (રહે). સાથે રહે એટલે કંઈ બે એક થઈ જાય?

મુમુક્ષુ :- ચાલવું તો પડે ને.

ઉત્તર :- પણ એક છે જ નહિ, જુદે જુદું છે. નથી નાખતા? ગધેડાને બાંધે. ગધેડાને હેઠે બાંધે. પગે બાંધે. બે ગધેડા હોય એને એક એક દોરડું આમ બાંધે. એક બાંધે એટલે બે એક થઈ ગયા? કહો. બહુ તોફાની ગાયું હોય તો બે ગાયુંને બાંધે. એક થઈ ગયા?

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એમ ભગવાન આત્મા સચ્ચિદાનંદ નિર્મળ શુદ્ધ દ્રવ્ય વસ્તુ એ આત્મા અને પુણ્ય-પાપનો વિકલ્પ અને શરીરાદિ, કર્મ એકસાથે એકસાથે બંધાયેલા નિમિત્તપણે દેખાય છે. કથનમાત્રપણે. વસ્તુ એક છે નહિ. ઓહોહો..! સમજાણું કાંઈ? **'અનાદિથી એકક્ષેત્રસંબંધરૂપ મળેલાં ચાલ્યાં આવે છે...'** જોયું! એ વિકાર પણ ખરેખર તો એકક્ષેત્રસંબંધ છે. ભાવસંબંધ નથી. ભગવાન જ્ઞાનમૂર્તિ જ્ઞાતા-દૃષ્ટા આનંદકંદ, અનાકુળ રસકંદ અને પુણ્ય-પાપનો ભાવ તો આકુળતા છે, વિકાર છે. શરીરાદિ કર્મ તો જડ અજીવ રૂપી પદાર્થ છે. એ ક્ષેત્રસંબંધરૂપ મળેલાં ચાલ્યાં આવે છે. **'તેથી તે સઘળું કથનમાં તો જીવ જ કહેવાય છે.'** કહેવામાં તો જીવ કહેવામાં આવે છે. કહો! સમજાણું? આ સ્ત્રીને અર્ધાંગના કહે. લ્યો, અર્ધાંગના એટલે અડધું ત્યાં અને અડધું અંગ અહીં, એમ હશે? ધૂળમાંય નથી. એનું શરીર જુદું, આનું શરીર જુદું, એનો આત્મા જુદો, આનો આત્મા જુદો. આ તો અર્ધાંગના છે. એમ કહે છે કે નહિ?

મુમુક્ષુ :- શરીર મોળું પડે ત્યારે સેવા કરે ને.

ઉત્તર :- સેવા કરે ધૂળની કરતી નથી, કોણ સેવા કરે? કોણ સેવા કરતો હતો? આંગળો આમ આમ થાય એ જડની અવસ્થા છે. અને ઓલાના શરીરને આંગળા અડતાય નથી. વાતું બધી જુદી જાતની છે. શેઠી! શું છે? સેવા-બેવા કરે કે નહિ?

મુમુક્ષુ :- બિલકુલ અડતું નથી.

ઉત્તર :- અડતું નથી, સ્પર્શતું નથી. એક દ્રવ્ય બીજા દ્રવ્યને કદી અડતું નથી. અડે તો એક થઈ જાય. ભિન્ન ભિન્ન પદાર્થ છે. આહાહા..! સમજાણું કાંઈ? સેવા-બેવા કોઈ કરી શકતું નથી, ત્રણકાળ ત્રણલોકમાં. મૂઢ માને અજ્ઞાનપણે ભ્રમણાથી.

મુમુક્ષુ :- આપનું રસાયણ..

ઉત્તર :- ભગવાનનું આવું રસાયણ છે. એવો ચૈતન્ય એવી જાતનો છે. એની એને અનાદિ કાળથી ખબર નથી. બાયડી, છોકરા સેવા કરે. કોણ કરે? મારી નાખવાનો ભાવ છે એને? બાયડી માંદી પડે તો એને મારી નાખવાનો ભાવ છે? એને તો રાખવાનો ભાવ છે. કેમ રહેતી નથી? એની સ્થિતિ હોય એ પ્રમાણે રહે. ઈ શું તારા રાખ્યા રહે એમ છે? અને એને ક્યાં જાવું છે અહીંથી ઝટ મરીને. પછી પેલા રોવે. અરે..! તમારે ભર્યા ઘરમાંથી નીકળ્યા... રોવે ખોટે ખોટા. ગપ્પેગપ મારે. ભર્યા ઘરમાંથી નીકળ્યા, આ ગોઠ્યું કેમ? મસાણના સાઠડા કેમ ગોઠ્યા? બાયું રોવે ખોટેખોટી. ઢોંગ.

મુમુક્ષુ :- રોવે ઈ તો સાચું ને?

ઉત્તર :- પણ ક્યાં..? મૂઢ છે. કોની ચીજ ક્યાં હતી? વળી એમ પણ ગોળો મારે એક, હે બા! હે મા! ભાઈ આવ્યા છે. જાઓ. એની મા બેઠી હશે ન્યાં. મા મરી ગઈ હોય ને પહેલી. મરી ગઈ હોય એને સંભારે. ભાઈ આવ્યા છે માટે સંભાળજો. ધૂળમાંય નથી. ઓલી મરીને ક્યાં ગઈ, ઓલો મરીને ક્યાં ગયા. મેળ કે દી હતા ક્યાંય. એવી મૂઢતા

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મૂર્ખાઈ ભરેલી. જયંતિભાઈ! આહાહા..!

જીવ કર્મનું એકપણું કથનમાત્રથી ચાલ્યું આવે છે માટે કહેવાય છે. '**બીજા પક્ષે...**' હવે સાચો પક્ષ લે છે. આ ખોટો પક્ષ એટલે કથનમાત્રનો. એક કહેવું. સોનાને અને ચાંદીને છાશિયું સોનું કહેવું એ કથનમાત્ર છે. એમ આત્માને અને વિકારને, સંયોગને એકક્ષેત્રસંબંધવાળા દેખીને કથન કરવું એ વ્યવહારમાત્ર છે. વસ્તુ સાચી નથી. '**બીજા પક્ષે જીવ-કર્મને એકપણું નથી.**' લ્યો આવ્યું. '**न निश्चयात्**'. '**તે ક્યા પક્ષે?**' ક્યો પક્ષ વળી એ? '**निश्चयात्**' '**દ્રવ્યના નિજ સ્વરૂપને વિચારતાં,...**' અહો..! જ્ઞાયક ચૈતન્ય વસ્તુ પદાર્થ પોતાનો નિજ સ્વભાવ તદ્દન ચૈતન્યધાતુ રાગ ને વિકલ્પ ને કર્મથી તદ્દન ભિન્ન છે. એવી અંતર દૃષ્ટિથી સત્ત્વને, સત્તનું સત્ત્વ જોતાં એ પરથી તદ્દન નિરાળું ચૈતન્યદ્રવ્ય તેને આત્મા કહેવામાં આવે છે. '**દ્રવ્યના નિજ સ્વરૂપને વિચારતાં,...**' જોયું! નિજ સ્વરૂપ. પુણ્ય-પાપ આદિ વિકલ્પ એ પરસ્વરૂપ છે, શરીરાદિ પરસ્વરૂપ છે. સમજાણું કાંઈ? વસ્તુનું નિજ સ્વરૂપ, નિજ સ્વરૂપ. ભગવાન આત્મા એનું નિજ સ્વરૂપ. નિજ સ્વરૂપ એટલે જ્ઞાન, દર્શન, આનંદાદિ એનો નિજ સ્વભાવ. એ સ્વરૂપથી જુઓ તો પુણ્ય-પાપના વિકલ્પ અને દેહાદિથી તદ્દન ભિન્ન ભગવાન છે. સમજાણું કાંઈ? એવા આત્માની અંતર દૃષ્ટિ કરવી એનું નામ ધર્મ અને સમ્યગ્દર્શન છે. શું છે? શેઠી!

મુમુક્ષુ :- અમારા વ્યવહારનો લોપ થઈ જાય છે.

ઉત્તર :- અમારા વ્યવહારનો લોપ થઈ જાય છે, કહે છે. વ્યવહાર ક્યાં છે? મીંડા છે બધા. સમજાય છે કાંઈ?

'**निश्चयात्**' વ્યવહાર કથનમાત્રથી એમાં કથન કરવામાં આવ્યું છે. ભગવાન આત્મા જ્ઞાનજ્યોતિથી બિરાજમાન પ્રભુ... નિજ દ્રવ્યનું સ્વરૂપ એટલે શુદ્ધ સ્વરૂપ. શુદ્ધ ભાવ, પવિત્ર ભાવ, અનાકુળ ભાવ, શાંતરસ ભાવ, એવી વસ્તુ દૃષ્ટિના સ્વરૂપથી જુઓ. વિચારતાં એટલે જ્ઞાનમાં લેવાથી એ તદ્દન પુણ્ય-પાપની બહિર્મુખ વૃત્તિઓ, શરીર, કર્મ બહિર્મુખ પદાર્થ એનાથી તદ્દ્ન અંતર્મુખ ચીજ ભિન્ન છે. કહો, સમજાણું કાંઈ? એવો ભગવાન આત્મા, એના અધિકપણે રાગથી ભિન્ન પડીને એની એકાગ્રતા કરવી ત્યારે એનું બહુમાન અને સ્તુતિ કરી કહેવાય. એનું નામ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન કહેવાય. એનું નામ પરમાત્માની સાચી ભક્તિ કરી અને કીધી એમ કહેવાય છે. કહો, સમજાણું આમાં?

'**ભાવાર્થ આમ છે કે જેવી રીતે સોનું અને રૂપું જોકે એકક્ષેત્રે મળેલાં છે...**' સોનું અને ચાંદી એક જગ્યાએ ભેગા દેખાય છે. એક પિંડરૂપ છે. આમ પિંડ દેખાય ને? આખો લોચો ઉપાડે તો સોનું અને રૂપું એકસાથે હોય. ગઠ્ઠો. '**તોપણ સોનું પીળું, ભારે અને ચીકણું...**' સોનું તો પીળું, તોલદાર અને ચીકણું '**એવા પોતાના ગુણો સહિત છે,...**' સોનું તો પોતાના ગુણને લઈને છે. એ સોનું કંઈ ચાંદીના ગુણને લઈને નથી કે ચાંદીને લઈને નથી. તે પોતાના ગુણો સહિત છે. પોતાના ગુણને લઈને એ સોનું છે. '**રૂપું**

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**પણ પોતાના શ્વેતગુણ સહિત છે,...**' એ ચાંદી પણ એના શ્વેતગુણને લઈને છે. જોયું! અહીં તો શ્વેત સ્વભાવને લઈને ચાંદી છે. શુદ્ધ સ્વભાવને લઈને આત્મા છે. પીળાશ, ચીકાશ સ્વભાવને લઈને-ગુણને લઈને એ સોનું છે. ધોળા સ્વભાવને લઈને એ ચાંદી છે. એમ... સમજાય છે? '**તેથી એકપણું કહેવું જૂઠું છે,...**' સોના અને ચાંદીને એકપણું કહેવું તે તદ્દન જૂઠું છે.

'**તેવી જ રીતે જીવ અને કર્મ પણ જોકે અનાદિથી...**' ભગવાન આત્મા અને કર્મ જડ, '**અનાદિથી એકબંધપર્યાયરૂપ મળેલાં ચાલ્યાં આવે છે...**' એકક્ષેત્ર સંબંધમાં નિમિત્તરૂપે બંધરૂપે, એકબંધરૂપી અવસ્થા જાણે એની હોય, એકબંધરૂપ એવા '**મળેલાં ચાલ્યાં આવે છે...**' અનાદિથી ચાલ્યું આવે છે. '**એકપિંડરૂપ છે...**' લ્યો. સાથે ને સાથે. શરીર અને આત્મા સાથે ને સાથે. આંગળી ચાલે તો આત્મા ચાલે. આત્મા જાણે સાથે ને સાથે. સમજાણું કાંઈ? પણ એકરૂપ પિંડ દેખાય છે. કથનમાત્ર. વસ્તુ એમ છે નહિ.

'**તોપણ જીવદ્રવ્ય પોતાના જ્ઞાનગુણે બિરાજમાન છે,...**' ભગવાન આત્મા જીવ એટલે પદાર્થ ચૈતન્ય પોતાના જ્ઞાનગુણે. જ્ઞાન શબ્દે શુદ્ધ સ્વભાવગુણથી બિરાજમાન છે. જ્ઞાનગુણ એટલે પુણ્ય-પાપના રાગ વિનાનો ચૈતન્ય જાણકસ્વભાવ, આનંદસ્વભાવ, શુદ્ધ સ્વભાવથી બિરાજમાન છે. ભગવાન આત્મા તદ્દન શુદ્ધ સ્વભાવના ગુણથી બિરાજમાન છે. '**પોતાના જ્ઞાનગુણે બિરાજમાન છે,...**' જુઓ! દ્રવ્ય-ભગવાન આત્મા. જાણવા-દેખવા, આનંદ આદિ પોતાના ગુણથી બિરાજમાન પદાર્થ છે. એ વિકારને લઈને ભગવાન આત્મા બિરાજમાન છે નહિ. શરીરને લઈને નહિ, કર્મને લઈને નહિ. પોતાના ગુણને લઈને બિરાજમાન છે. પોતાની શક્તિનું સત્ત્વ જ્ઞાન, આનંદ આદિ ગુણને લઈને એ ટકી રહેલું તત્ત્વ છે. સમજાય છે કાંઈ?

'**કર્મ-પુદ્‌ગલદ્રવ્ય પણ પોતાના અચેતન ગુણ સહિત છે,...**' જુઓ! કર્મ જે જડ પુદ્‌ગલ માટી એ એના અચેતન ગુણને લઈને છે. એ કંઈ આત્માને લઈને છે એમ છે નહિ. આત્મા પોતાના આનંદ અને જ્ઞાનગુણને લઈને શુદ્ધ દ્રવ્ય છે. કર્મ એના અચેતન ગુણને લઈને એ જડ પદાર્થ છે. બે ભિન્ન ભિન્ન છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- અત્યારે. કોની વાત ચાલે છે આ? સમજાણું કાંઈ?

'**તેથી એકપણું કહેવું જૂઠું છે.**' ભગવાન આત્મા જ્ઞાનગુણ જાણવું.. જાણવું.. જાણવું.. એ જ્ઞ-સ્વભાવથી લઈને આત્મા છે. કર્મ અચેતન અચેતનગુણને લઈને છે. બેનું એકપણું કહેવું, જેમ સોનાને અને ચાંદીને બેના ગુણ ભિન્નને એક કહેવું જૂઠું છે. એમ આત્માને રાગવાળો, કર્મવાળો અને શરીરવાળો કહેવો જૂઠો છે.

મુમુક્ષુ :- જૂઠો તો છે ને.

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઉત્તર :- જૂઠું છે. સમજાણું? કહો, શેઠી! જૂઠો હતો એક ભુવો. એનો હતો જૂઠો. શું કહેવાય? સુરધન, સુરધન. સુરધન હતો જૂઠો. પછી સામાયિક, પોષા કરનારા હતા. ભુધરભાઈ હતા એક પાળિયાદના. પછી ધુણે. વીસાશ્રીમાળી હતા. પછી એકવાર મેં કહ્યું હતું, શું તમે આ સામાયિક, પોષા કરો ને આવા? પણ મહારાજ! હું ધુણું ત્યારે કહું છું કે હું જૂઠો છું. ત્યારે પેલા સમજે છે કે પેલો જૂઠો સુરધન હતો ને? સુરધન હતો ને? એનું જૂઠા નામ સુરધન હશે. સુરધન હતો ઈ. અને એની પાસે ધુણે ત્યારે કહે, કોણ છો? જૂઠો. ત્યારે પેલા સમજે કે પેલો જૂઠો (છે). ભુધરભાઈ કરીને વિસાશ્રીમાળી હતા. એ પછી બોટાદ રહેતા પાછળથી. એટલામાં રહેતા, પેલા સુખલાલ ગાંધીનું ઘર છે ને. અંદર પછી ખડકીમાં રહેતા ઓલી કોર. ઓલી કોર રહેતા, ઓલી કોર. બોટાદ. મેં કીધું, પણ આવું કરીને શું..? પણ હું કહું છું. પેલો કહે, કોણ છે? હું જૂઠો. તો પેલા સમજે છે કે પેલો જૂઠો આવ્યો છે આમા. સુરધન જૂઠો આવ્યો છે. આવા સામાયિક ને પોષા ધર્મના નામ લઈને કરવા ને આવા ધુતારા.. આવા ને આવા વાડામાં એવા ચાલે ગપગોળા.

મુમુક્ષુ :- એમાં કંઈ સામાયિકને..

ઉત્તર :- સામાયિક ક્યાં હતી પણ? હજી ભાન ન મળે કે આત્મા શું? આત્મા શું ચીજ છે? આનંદ, જ્ઞાનસ્વરૂપ અને પુણ્ય-પાપના વિકાર વિનાની ચીજ, એના ભાન વિના, એની દૃષ્ટિમાં ઠર્યા વિના સામાયિક આવી ક્યાંથી? સામાયિક શું ક્રિયા છે આ બહારની પડી ઈ? જ્ઞાનાનંદ સ્વરૂપ મારું ભિન્ન વિકારથી છે, એવું ભગવાન જ્ઞાનાનંદનું ભાન કરીને એમાં એકાગ્ર થવું, રાગ રહિત વીતરાગ અવસ્થાની પરિણતિ પ્રગટ કરવી એને ભગવાન સામાયિક કહે છે. સમજાણું કાંઈ?

**'તેથી એકપણું કહેવું જૂઠું છે. તે કારણે સ્તુતિમાં ભેદ છે.'** સ્તુતિમાં ભેદ છે. વ્યવહારથી કહેવું અને નિશ્ચયથી જાણવું, બેની સ્તુતિમાં ભેદ છે એમ કહે છે. **'(તે જ બતાવે છે)' 'व्यवहारतः वपुषः स्तुत्या नुः स्तोत्रं अस्ति, न तत् तत्त्वतः' 'व्यवहारतः' 'બંધપર્યાયરૂપ...'** જડ કર્મનો સંયોગ છે ને જોડે. જેમ માટીમાં ખાણમાં સોનું અને માટીના પત્થર બેય સાથે નીકળે ને? એટલે એમ કહેવામાં આવે. એમ આત્મા અને **'બંધપર્યાયરૂપ એકક્ષેત્રાવગાહદૃષ્ટિથી જોતાં શરીરના સ્તુતિ કરવાથી જીવની સ્તુતિ થાય છે.'** એ એક ક્ષેત્રના સંબંધમાત્રથી કહેવામાં આવે છે.

**'બીજા પક્ષે વિચારતાં, સ્તુતિ નથી થતી.'** વ્યવહાર કહે છે કે થાય છે, નિશ્ચય કહે છે કે નથી થતી. જુઓ! આ બે વિરોધ. બે નયનો તો વિરોધ છે. કહેવામાત્ર બોલાય. એથી થઈ ગયું? ભગવાન કોના પુત્ર? નાભિરાજાના પુત્ર, મરુદેવીના પુત્ર. ફલાણા પુત્ર. હવે કે દી પુત્ર હતો કોઈનો? એ તો તે વખતનો નિમિત્ત સંબંધ બતાવીને કથન કરવામાત્ર છે. પુત્ર આત્મા કોઈનો હોય નહિ અને આત્માને બાપ હોય નહિ ને કોઈને પુત્ર-બુત્ર હોય નહિ.

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કહો, બાલુભાઈ! શું હશે આ? સંસાર એટલે શું? આત્મા અખંડાનંદ શુદ્ધ ચિદાનંદની મૂર્તિ, એમાંથી સંસરણ ઈતિ સંસાર. એમાંથી ખસીને વિકારના ભાવ મારા, એમાં રહેવું એનું નામ સંસાર. સંસાર કોઈ બીજી ચીજ નથી. આત્માથી દૂરમાં ક્યાંય આઘે સંસાર રહેતો નથી.

મુમુક્ષુ :- દીકરા, દીકરી નહિ?

ઉત્તર :- દીકરા, દીકરી એ તો જડ માટી પર છે. એમાં સંસાર ક્યાંથી આવ્યો? મરી જાય ત્યારે એ બધું અહીં પડ્યું રહે છે. તો તો સંસાર અહીં પડ્યો રહ્યો અને એની મુક્તિ થવી જોઈએ. જો એ સંસાર હોય તો.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ધૂળેય નથી કારણ. એ તો કરે ત્યારે આરોપ અપાય છે ને. બધા પડ્યા રહે અહીં. ચાલ્યા જાય. મોટા દરબાર ચાલ્યા ગયા લ્યોને. શયનઘરમાં સૂવા ગયા હશે ત્યારે એને હશે કે હમણાં મારે જાવું છે પરલોકમાં? અહીં દુઃખે છે. ઉપડ્યા. ચૈતન્યપ્રભુ તદ્દન ભિન્ન પદાર્થ. પરની સાથે સંબંધ શું છે? એ માનીને એકપણું એકક્ષેત્રાવગાહ-એક ક્ષેત્રમાં વ્યાપેલું દેખીને, એક જગ્યાએ વ્યાપેલું-રહેલું દેખીને એકપણું કહેવું તે ભાવના ભિન્નપણાના ભાન વિના જૂઠું કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

**'જીવની સ્તુતિ થાય છે.બીજા પક્ષે વિચારતાં, જીવની સ્તુતિ નથી થતી. કઈ અપેક્ષાએ નથી થતી?'** '(તત્ત્વતઃ)' જુઓ! 'તત્ત્વતઃ' ઓલું શું કહ્યું હતું? **'બંધપર્યાયરૂપ એકક્ષેત્રાવગાહદષ્ટિથી જોતાં...'** એટલી વાત હતી. વ્યવહારથી એક જગ્યાએ રહેલા બેય પદાર્થ દેખીને એમ કહેવામાં આવતું કે આ શરીર તે આત્મા અને રાગ તે આત્મા. એ તો નિમિત્તનો સંબંધ દેખીને ક્ષેત્રથી કહ્યું હતું. પણ વાસ્તવિક 'તત્ત્વતઃ' **'શુદ્ધ જીવદ્રવ્યસ્વરૂપ વિચારતાં.'** ભગવાન આત્મા.. શુદ્ધ શબ્દ આવ્યો, જુઓ! સમજાણું? શુદ્ધ જીવદ્રવ્ય-શુદ્ધ ચૈતન્યપદાર્થ. નિર્મળાનંદ અનાદિઅનંત ચૈતન્યધાતુ. એવું સ્વરૂપ વિચારતાં તે જીવ અને શરીર બે તદ્દન જુદાં છે. કહો, સમજાણું કાંઈ?

**'ભાવાર્થ આમ છે કે જેમ 'શ્વેત સુવર્ણ' એમ જોકે કહેવામાં આવે છે...'** છાશિયું સોનું એમ કહેવામાં આવે છે. **'તોપણ શ્વેતગુણ રૂપાનો છે,...'** ધોળું તો ચાંદીનો ગુણ છે. **'તેથી 'શ્વેત સુવર્ણ' એમ કહેવું જૂઠું છે,...'** જે ચાંદીનો ગુણ ધોળો છે એને સુવર્ણનો કહેવો એ જૂઠું છે. એમ અચેતન પુણ્ય અને પાપ, શરીર, વાણી બધાં અચેતન છે. એને ચૈતન્યના કહેવા એ નામમાત્ર વાત છે. બાકી જૂઠું છે. જોયું! સમજાણું કાંઈ? **'શ્વેત સુવર્ણ' એમ જોકે કહેવામાં આવે છે તોપણ શ્વેતગુણ રૂપાનો છે,...'** શ્વેત સુવર્ણ એમ કહેવું જૂઠું છે. એમ ભગવાન આત્મા શરીરવાળો, મનવાળો, માતા-પિતાવાળો, કર્મવાળો, રાગવાળો કહેવો તદ્દન જૂઠું છે. એ તો આનંદવાળો, જ્ઞાનવાળો, શાંતિવાળો, વીતરાગ સચ્ચિદાનંદ જ્ઞાનાનંદ સ્વરૂપવાળો એ એનું સ્વરૂપ છે. સમજાણું કાંઈ? **'તેવી જ રીતે...'** દાખલો આપ્યો છે.

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


बे रत्ता, बे सांवला बे नीलुप्पलवन्न।
मरगजवन्ना दो वि जिन सोलह कंचनवन्न।।

ચોવીસ તીર્થંકરનું વર્ણન કર્યું. બે તીર્થંકર રાતા વર્ણે છે. ચોવીસ છે ને? ચોવીસ. શરીરના વર્ણથી ઓળખાવવા. ભગવાન આત્મા તદ્દન જુદો છે અંદર. બે રાતા વર્ણે ચોવીસમાં. બે કાળા વર્ણે છે. બે નીલ વર્ણે-લીલા. **'બે પન્ના...'** પન્નાનો કેવો રંગ? પીળો. .. કહે છે? સારું. **'અને સોળ સુવર્ણરંગે છે'** સોળ તીર્થંકર સોના વર્ણે હતા. એ આમાં ગયા હશે, પન્નામાં ગયા હશે. પન્નામાં ગયા હશે એમ લાગે છે. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ઈ તમારે હશે મેળ. અહીં અમારે મેળ નથી લાગતો. બે નીલ અને બે ધોળા. ધોળા વર્ણે. અને સોળ સુવર્ણ વર્ણે. ચોવીસ તીર્થંકરના શરીર.. આપણે રંગ નાખ્યા છે. અભિનંદન ગ્રંથમાં ઉપર ચોવીસ છે ને? એમાં રંગ નાખ્યા છે.

**'જોકે આમ કહેવામાં આવે છે...'** સોળ તીર્થંકર સોના વર્ણે એમ કહેવામાં આવે ને? **'તોપણ શ્વેત, રક્ત અને પીત આદિ પુદ્‌ગલદ્રવ્યના ગુણો છે,...'** એ તો જડના ગુણ છે, એમાં ભગવાન ક્યાંથી આવ્યા? એ તો શરીરનું વર્ણન આવ્યું. મોરની પાંખ જેવો રંગ છે, આ પાર્શ્વનાથ ભગવાનનો, જુઓ! સમજાય છે? ભગવાનનો રંગ મોરના પાંખ જેવો. ભગવાનનો રંગ છે કે એ તો શરીરનો રંગ છે? શરીરનો રંગ છે. સમજાણું? **'જીવના ગુણો નથી...'** એ તો પુદ્‌ગલના ગુણ છે. **'તેથી શ્વેત, રક્ત અને પીત એમ કહેતાં જીવ નથી હોતો,...'** એવું કહેવાથી કંઈ આત્મા જાણવામાં આવતો નથી. **'જ્ઞાનગુણ કહેતાં જીવ છે.'** લ્યો. એકલો ચૈતન્ય જ્ઞાતા ગુણ પદાર્થ, શુદ્ધ જ્ઞાયકમૂર્તિ એને આત્મા કહેવામાં આવે છે. એવી ચીજ ઉપર અંતરમાં દૃષ્ટિ કરીને ઠરવું એનું નામ ધર્મ અને એનું નામ ભગવાનની સાચી સ્તુતિ અને ભક્તિ કરી કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

**'કોઈ પ્રશ્ન કરે છે કે શરીરની સ્તુતિ કરતાં તો જીવની સ્તુતિ થતી નથી, તો જીવની સ્તુતિ કઈ રીતે થાય છે?'** છે ને? પાઠમાં છે, હોં!

**'ઉત્તર આમ છે કે ચિદ્રૂપ કહેતાં થાય છે.'** સમજાણું કાંઈ? છે ને? **'निश्चयतश्चितो भवति चित्स्तुत्यैव सैवं भवेत्'** છે ને? ચિત્‌સ્તુતિ. ચિત્ ચિત્. જ્ઞાન જ્ઞાનપ્રકાશ સૂર્ય ચૈતન્ય. ચિદ્રૂપ જ્ઞાનરૂપ કહેતાં થાય છે. ભગવાન આત્મા તો ચૈતન્યના પ્રકાશનું નૂર છે. ચૈતન્યપ્રકાશ, જ્ઞાનપ્રકાશ, આનંદપ્રકાશ, એમ અંતરમાં દૃષ્ટિમાં, જ્ઞાનમાં લેવાથી એ આત્માની સ્તુતિ અને ભક્તિ કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? આ જીવની સ્તુતિ. જીવને રાગવાળો કહેવો એ ગાળ્યું ધો છો આત્માને, એમ કહે છે અહીં. **'निश्चयतः चित्स्तुत्या एव चितः स्तोत्रं भवति'**. નિશ્ચય નામ ખરેખર **'શુદ્ધ જીવદ્રવ્યરૂપ વિચારતાં...'** નિશ્ચય નામ સાચું સ્વરૂપ જીવનું શુદ્ધ પદાર્થનું શુદ્ધ જીવદ્રવ્ય એટલે પદાર્થ. એનું જ્ઞાન કરવાથી **'શુદ્ધ જ્ઞાનાદિનાં**

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**વારંવાર...'** શુદ્ધ જ્ઞાન, શુદ્ધ આનંદ, શુદ્ધ ચૈતન્ય એની વારંવાર સ્તુતિ એટલે વારંવાર વિકલ્પ દ્વારા પણ અંદરમાં જ્ઞાનમાં જવું, એકાકાર થવું. ઓહો..! આ જ્ઞાન છે, આ જ્ઞાન છે. આ જાણક છે, આ આનંદ છે. એમ વર્ણન, એમ સ્મરણ. વારંવાર એ આત્મા જ્ઞાનસ્વરૂપ છે એમ સ્મરણ. રાગ છે ને પુણ્યવાળો ને વ્યવહારવાળો એમ નહિ.

**'વર્ણન...'** એ તો કથન પણ વિકલ્પ છે. એમાં પણ આ. જ્ઞાનસ્વરૂપ.. જ્ઞાનસ્વરૂપ.. જ્ઞાનસ્વરૂપ.. જ્ઞાનસ્વરૂપ... જ્ઞાનસ્વરૂપ. શુદ્ધ સ્વરૂપ, શુદ્ધ આત્મા પરમાત્મા જ્ઞાયકભાવ એ આત્મા. એનું **'સ્મરણ...'** સ્મરણ ક્યારે હોય? કે આત્મા જ્ઞાયક ચૈતન્ય છે. એના શ્રદ્ધા-જ્ઞાન થયા ત્યારે એનું સ્મરણ થાય. ઓહો..! આ ચૈતન્ય, ચૈતન્યજ્યોત છે. જ્ઞાનસ્વભાવથી ભરેલો એ પદાર્થ છે. એમાં પુણ્ય-પાપ વિકાર, શરીર-બરીર છે નહિ. એમ એનું સ્મરણ કરવું. આત્માનું સ્મરણ કરવું. પણ કેવો આત્મા? કે જ્ઞાનમય, આનંદમય એનું. સમજાણું કાંઈ? બીજાનું કથન નહિ, આનું સ્મરણ, બીજાનું સ્મરણ નહિ અને આનો **'અભ્યાસ...'** ચૈતન્ય જ્ઞાયક ભાવ જ્ઞાનનું અસ્તિત્વ તે આત્મા. જ્યાં જ્યાં જ્ઞાન ત્યાં ત્યાં આત્મા. એમ વારંવાર અંતરનો અભ્યાસ કરવાથી **'एव'** નિશ્ચયથી એટલે **'નિઃસંદેહ...'** **'चितः स्तोत्रं'** **'જીવદ્રવ્યની સ્તુતિ થાય છે.'** એનું નામ ભગવાન આત્માની સ્તુતિ કહેવામાં આવે છે. ઓહોહો..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- રોજ પૂજા કરીએ છીએ.

ઉત્તર :- પૂજા એ રાગ છે, વિકલ્પ છે. શુભરાગ. એ શુભરાગ હોય ત્યારે એ હોય. એ ખરી સ્તુતિ નથી.

મુમુક્ષુ :- સ્તુતિ તો કોણ સાંભળે..

ઉત્તર :- સાંભળે છે આત્મા. અંદર નથી સ્મરણ? જ્ઞાનાનંદ ચિદાનંદ સ્વરૂપ શુદ્ધ. સ્તુતિનો અર્થ ગુણની બહુ અધિકાઈ, બીજા કરતાં બહુમાન. સ્તુતિ કોને કહે? બીજા કરતાં એને (બહુમાન આપે કે) તમે આવા, તમે આવા, તમે આવા, તમે આવા. એમ ભગવાન આત્મા જ્ઞાનમય, આનંદમય, શુદ્ધ નિર્વિકાર અનાકુળ આનંદ. એવા તરફનો ઝુકાવ એને આત્માની સ્તુતિ કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'નિઃસંદેહ જીવદ્રવ્યની સ્તુતિ થાય છે.'** જુઓ! સમજાણું કાંઈ? એને રાગવાળો ને પુણ્યવાળો ને પુણ્યનો કર્તાવાળો ને શરીરવાળો કહેવો એ કથનમાત્ર. એ જીવની સ્તુતિ છે જ નહિ. **'નિઃસંદેહ જીવદ્રવ્યની સ્તુતિ થાય છે.'** ભગવાન આત્મા ચૈતન્યના પ્રકાશનો સૂર્ય છે. એકલો ચૈતન્યરસ તે આત્મા. અચેતનધાતુનો રસ તે આત્મા નહિ. એવી વારંવાર અંતર દૃષ્ટિ ને અભ્યાસ કરવો ને સ્મરણ કરવું એ નિઃસંદેહ જીવની સ્તુતિ છે. એનું નામ ભગવાન આત્માની સ્તુતિ અને જીવદ્રવ્યની સ્તુતિ કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? એને એમ કહેવું કે એણે તો મોટા મોટા કામ કર્યા જગતના, એણે તો ભક્તિઓ કરી, મંદિરો

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


સ્થાપ્યા, એણે આ કર્યા, એણે આ કર્યા, પરની દયાઓ પાળી, ઘણાઓને ભેગા લઈને ધનના ખરડા કર્યા ને મોટું કામ કર્યું. કહે છે કે એવું કહેવું એ આત્માની સ્તુતિ નથી. અપમાન કરે છે ઈ, એમ કહે છે. એ.. જયંતિભાઈ! જીવી પણ જાણ્યું અને મરી પણ જાણ્યું, એમ નથી કહેતા માણસ? શું જીવી જાણ્યું? ધૂળ. રાગના કામ પુણ્ય-પાપના ભાવ કર્યા. એ કર્યા હતા. બહારની ક્રિયા તો કાંઈ કરી શકતો નથી. એ તો બહારની ક્રિયા છે. એણે તો વળી બધા કર્યા. જીવી જાણ્યું. વેપાર કર્યા, ધંધા કર્યા, પૈસા મેળવ્યા, છોકરા પરણાવ્યા, પહટાવ્યા એવી વાતું કરે. ગપ્પેગપના આંધળા. જયંતિભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બિલકુલ ગપ નથી? સાચી ગપ છે એમ લ્યો. કાંઈ કર્યું (નથી). પરને શું કરે આત્મા? અને રાગ-દ્વેષને કર્યા એ પણ વાસ્તવિક આત્માના તત્ત્વનું સ્વરૂપ નથી. એ તો અજ્ઞાનતત્ત્વ થયું. એ આત્મતત્ત્વ છે જ નહિ. જીવીને કેટલા કામ કર્યા, લ્યો. એમ કહે કે નહિ? દુકાને બધાએ ભેગા થઈને ખરડા ભેગા કરાવે, પૈસા ભેગા કરાવે. એણે તો બહુ કામ કર્યા. ધૂળેય નથી કર્યા. સાંભળને! તું ગાળ દે છે આત્માને. સમજાણું કાંઈ? પરમાત્મા કહે છે કે આત્મા આવો એને તું ગાળ દે છે. શું હશે? તમને સાથે લઈ જાય, જ્યાં ત્યાં મોઢા આગળ. શું કરે?

અહીં કહે છે કે આત્મા એને કહેવો અને આત્માનું સ્વરૂપ એને જાણ્યું કહેવાય કે જે કંઈ વિકલ્પ ઉઠે તે એનું સ્વરૂપ નથી અને તે કર્તા-ભોક્તા નથી. દેહાદિની ક્રિયા કે બહારના પૈસા લીધા-દીધા એ ક્રિયા આત્માની છે નહિ. એ બધી જડની ક્રિયા છે. એને આત્માની સોંપવી અને આત્માએ કર્યું (એમ કહેવું) ઈ આત્માને ગાળ્યું દે છે. એના ગુણ જે છે એને ગાળ આપે છે. જ્ઞાતા-દૃષ્ટા થવું એમ ન માનતાં, મેં આમ કર્યા, મેં આમ કર્યા. ઘણા જીવોને મેં સુધાર્યા, ઘણાને મેં ઉપદેશ આપ્યા. મૂઢ છો. ઉપદેશ કોણ આપે?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- કોણ? ભાન વિનાના મૂર્ખા તો એમ જ હોય ને. મૂર્ખની દશા શું હોય? કહો, સમજાણું? લગનમાં ઓલો વર પરણવા જાય તો માની ગાળ્યું દે. તોય રાજી થાય. મૂર્ખાઈ કોને કહેવાય? બાલુભાઈ! નથી ગાતા? આપણે વાણિયામાં સાંભળ્યું ને? એક ફેરી ઘણા વર્ષ પહેલા સાંભળ્યું હતું. 'વર તારે આવા જોડા મોજડી ક્યાંથી? વરની મા મોચીડાને ગઈ હતી' એમ બોલે ઈ. ઓલો ખુશી થાય કે વાંધો નહિ. રતિભાઈ! આવે છે કે નહિ? ઘણા વર્ષની વાત છે. ઈ સાંભળેલી. (સંવત) ૧૯૫૬-૫૭. કો'ક વખતે સાંભળેલું હોય, કાંઈ બધા પ્રસંગે નહિ. સાસુનો સાડલો ઝાલે ને? વર હોય ને ઈ પહેલા ઝાલતા. હવે તો કોણ જાણે. પછી રૂપિયા દે. પહેલા એમ લગનમાં હતું. આ તો ફાવાભાઈને બહેન પરણતા હતા. ગઢડાવાળા. એના લગન આવ્યા હતા. અમારા સગા ખરા ને, એટલે ભેગા જમવા

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


(બેસાડે). ત્યાં ઉમરાળાનું દેરાસર છે ને? દેરાસર છે એની મોટી ઓસરી છે. ત્યાં લગન થયા હતા. જડીબેન નીકળ્યા ને સાડલો ઝાલ્યો. ફાવાભાઈની બા. આમ સાડલો ઝાલ્યો. કીધું, શું હશે આ? પછી કાંઈક રૂપિયા આપ્યા ત્યારે સાડલો મૂક્યો. પેલા બોલે પાછું એમ. સમજાય છે? બોલે છે કે નહિ? ગુલાબચંદભાઈ! સાંભળ્યું છે કે નહિ? પેલો અંદર ખુશી થાય. ગમે એમ ગાળ દે ને. કન્યા લઈને જવાનો છું. એમ આ અજ્ઞાની મૂઢ છે. જયંતિભાઈ!

જીવદ્રવ્યની સ્તુતિ એને કહીએ, ભગવાન આત્મા એ તો જાણનાર-દેખનારા જ્ઞાતા-દૃષ્ટા. એ તો રાગની ક્રિયા ન કરે એવું એનું સ્વરૂપ, રજકણને ન હલાવે એવું એનું સ્વરૂપ, પરના કામ ન કરે એવું એનું સ્વરૂપ. થતા કામને સ્વમાં રહીને જાણે એવું એનું સ્વરૂપ. સમજાણું કાંઈ? **'વારંવાર વર્ણન-સ્મરણ-અભ્યાસ કરવાથી નિઃસંદેહ જીવદ્રવ્યની સ્તુતિ થાય છે.'** ભગવાન આનંદ અને જ્ઞાનની મૂર્તિ પ્રભુ એ ચૈતન્યસૂર્ય છે અંદર. રાગની આડમાં ઢંકાયેલો ભગવાન. એને જ્ઞાનમાત્રની અંદર દૃષ્ટિ કરીને એકાગ્ર થવું એનું ચૈતન્યની સ્તુતિ છે, નિઃસંદેહ સ્તુતિ છે. અને એ સ્તવનથી કેવળજ્ઞાન પામ્યા વિના રહે નહિ. સમજાણું કાંઈ?

**'ભાવાર્થ આમ છે—જેવી રીતે 'પીળું, ભારે અને ચીકણું સુવર્ણ' એમ કહેતાં સુવર્ણની સ્વરૂપસ્તુતિ થાય છે,...'** જુઓ! સોનાને પીળું, ચીકણું અને ભારે કહેવું એ તો સુવર્ણની સ્વરૂપ એટલે જેવું છે તેવું એની સ્તુતિ કહેવાય. **'તેવી જ રીતે 'કેવળી એવા છે કે જેમણે પ્રથમ જ શુદ્ધ જીવસ્વરૂપનો અનુભવ કર્યો છે'** જુઓ! કેવળીની સ્તુતિની વ્યાખ્યા કરી જરી. કેવળી ભગવાનની સ્તુતિ કેમ કહેવાય? કે કેવળીપણું પામવા પહેલા એણે શું કર્યું હતું? પ્રથમ શુદ્ધ જીવસ્વરૂપનો અનુભવ કર્યો. સમજાણું કાંઈ? એણે રાગ કર્યો ને વ્યવહાર કર્યો ને આ કર્યો ને આ કર્યો માટે કેવળજ્ઞાન પામ્યા ઈ કેવળજ્ઞાનની સ્તુતિની ખબર નથી. એમ કહે છે. શું કહ્યું સમજાણું આમાં? પ્રથમ શુદ્ધ જીવ સ્વરૂપનો અનુભવ કર્યો.

**'ઈન્દ્રિય-વિષય-કષાયને જીત્યાં છે,...'** પુણ્ય-પાપના વિકલ્પો અને ઈન્દ્રિયો અને એનો વિષય એ મારા સ્વરૂપમાં નથી. મારા સ્વરૂપમાં એકલો આનંદ અને શુદ્ધતા છે. એમ દૃષ્ટિ કરીને અનુભવ કર્યો. એવા અનુભવને લઈને ક્રમે ક્રમે ક્રમે સ્થિરતા થઈને કેવળ લીધું છે. અને આમ કેવળીની વાતું કરે, હે ભગવાન! આહાહા..! કંઈક જીવને તાર્યા અને કંઈકને ઉગાર્યા માટે કેવળજ્ઞાન પામ્યા. તને ખબર નથી કેવળજ્ઞાનની. સમજાણું કાંઈ? કેવળજ્ઞાન કેમ પામ્યા એની તને ખબર નથી. વર્ષીતપ આપ્યો, વર્ષીદાન. એ ખોટી વાત છે. છે ને? વર્ષીદાન આપ્યું બાર મહિના સુધી, ફલાણું આમ કર્યું. કેટલા બાર મહિના સુધી આવા અપવાસ કર્યા, રોટલા ન ખાધા. સમજાય છે? અન્ન કરીને અન્ન ખાધું નહિ, પાણી કરીને પાણી પીધા નહિ, સખ કરીને સુતા નહિ ત્યારે કેવળજ્ઞાન થયું. તું આત્માને અને કેવળજ્ઞાનને જાણતો નથી. સમજાણું કાંઈ? કેવળજ્ઞાની સર્વજ્ઞ પરમાત્મા કેવા હોય અને એણે કેમ પ્રાપ્ત કર્યું, એનું

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


તને ભાન હોય તો આવું કથન હોઈ શકે નહિ. એણે તો ભગવાન ચિદાનંદ સ્વરૂપની અંતર દૃષ્ટિનો અનુભવ કર્યો. પુણ્ય-પાપના વિકલ્પોને, વિષયોને જીત્યા એટલે કે ટળી ગયા.

**'પછી મૂળથી ખપાવ્યાં છે,...'** પેલી ત્રણ લીધી ને? ત્રણ ગાથા, ભાઈ! બીજા ... લેશે. સમજાણું કાંઈ? **'પછી મૂળથી ખપાવ્યાં છે, સકળ કર્મ ક્ષય કર્યા છે...'** આહાહા..! કેવી સ્તુતિ છે? કેવળજ્ઞાની સર્વજ્ઞને એણે ઓળખ્યો ક્યારે કહેવાય? ક્યારે સ્તુતિ કહેવાય? કે કેવળજ્ઞાનપણું જે પામ્યા એ પહેલાં એ ભગવાન આત્માએ આત્માને રાગ ને પુણ્ય ને વિકલ્પથી ભિન્ન પાડીને અનુભવ કર્યો હતો. અનુભવ કરીને સ્થિર થતાં એ વિષય જીતાણા અને ક્રમે સ્થિર થતાં કર્મનો પણ નાશ કર્યો. મૂળથી નાશ કરી નાખ્યો. એવા પૂર્ણાનંદની પ્રાપ્તિ થતાં કર્મ ક્ષય થયો એવું જેને અંદર જ્ઞાન અને શ્રદ્ધામાં આવ્યું છે એણે ભગવાન ને કેવળીની સાચી સ્તુતિ કરી છે એમ કહેવામાં આવે. આ તો ભગવાન આવા હતા. આહા..! કેટલા ઉપકાર કર્યા. કેટલા એમ કે આ શું કહે? ભગવાનની આવશે ને? વીર જયંતિ. યજ્ઞમાં હોમાતા હતા એને ભગવાને બચાવ્યા, હવન બંધ કર્યા, ફલાણું આ કર્યું. જયંતિને દી હાંકશે.

મુમુક્ષુ :- સ્ત્રીઓને સ્વતંત્રતા આપી.

ઉત્તર :- હા, સ્ત્રીઓને સ્વતંત્રતા આપી, ફલાણાને આ કર્યું, પશુઓને પણ.. હવે સાંભળને ભાઈ! એણે જે કર્યું ઈ એટલું કર્યું હતું એ જાતનું કે એણે તો આત્મા અખંડાનંદ પ્રભુ એની અંતર પહેલી દૃષ્ટિનો અનુભવ કર્યો હતો. એ અનુભવ કરતાં કરતાં એટલા બધા સ્થિર થયા કે કર્મનો નાશ થઈ ગયો. એવી દશામાં લીનતા કરી હતી, એ એણે કર્યું હતું. એ સિવાય પુણ્ય-પાપનો વિકલ્પ ને પરનું કાંઈ કર્યું નથી. આહાહા..! પેલા રાડ નાખે, હેં.. પરનું ન કરે? ભગવાન પરનું ન કરે? અરે..! સાંભળને હવે. ભગવાન આત્મા તે પરનું-આંખની એક પાંપણ ફેરવી શકે? આ તો જડ માટી છે. સમજાણું કાંઈ? એને આત્મા આવું કરી શકે એવી એને ખબર પડે. કેવળીએ આવું કર્યું હતું, ભગવાન સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ દેવ, જેને સર્વજ્ઞપદ પ્રગટ્યું, જેમાંથી આત્માનો અનુભવ કર્યો, જ્ઞાનાનંદનો રસકંદ પ્રભુ એનો અનુભવ કર્યો હતો. અને એના અનુભવથી વિષય કષાય જીત્યા હતા. અને એમાં ઠરતાં કર્મનું સર્વથા ક્ષપણ થઈ ગયું.

સકળ કર્મનો ક્ષય થઈ ગયો. એ વ્યવહારથી કહ્યું છે. એવું એણે કર્યું હતું. એવું કર્યું હતું એવું ન જાણે અને સ્તુતિ ભગવાને આ કર્યું હતું ને આ કર્યું હતું. એ ભગવાનના કેવળજ્ઞાનની દશાને જાણતા નથી. એટલે કે આત્માની અંદર શક્તિ કેવળજ્ઞાનની ભરી છે એની પ્રતીત અને અનુભવ કરવો એને એ જાણતો નથી. સમજાણું કાંઈ? કેવળજ્ઞાનીને એવા જાણે કે ભગવાને તો આમ કર્યું ત્યારે એના કર્મ ક્ષય થયા. ભગવાન તો સ્વરૂપમાં સ્થિર થયા ત્યારે કર્મ ક્ષય થયા છે. જગતને ઉપદેશ આપ્યો માટે કર્મ ક્ષય થયા. આવે છે ને? કર્મ ક્ષય થવા માટે નીકળતા હતા ભગવાન. વળી કેટલાક એમ કહે છે, ભાઈ! પેલા કર્મ

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પડ્યા છે ને? માટે નીકળે. હવે સાંભળને! કોણ ટાળે અને ચાલે? એ તો એને કારણે ટળે છે. ભગવાન તો પોતાના આનંદકંદનો પહેલો અનુભવ સમ્યગ્દર્શન પ્રગટ કર્યું અને પછી સ્વરૂપમાં વિશેષ સ્થિર થયા ત્યારે અસ્થિરતાનો નાશ અને કર્મનો નાશ થયો. આ એણે કર્યું અને આ કેવળજ્ઞાનના ગુણનું સ્તવન કહેવામાં આવે છે. આ રીતે ન જાણે અને બીજી રીતે કહે એ કેવળીને જાણતા નથી. એટલે કે આત્મા શું કરે અને ધર્મ થાય, એ જાણતા નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ન્યાં જાવું પડતું હશે. ઈ જ કહે છે અહીં. કર્મ ખપવા માટે અકર્મી કર્મ વિનાની ચીજ આત્મા છે એમાં લીન થયા માટે કર્મ ખપ્યા છે. બહારથી પરિષહ સહન થયા ને બહુ ચંડકોષીએ આમ કર્યું ને ઢીકણું આમ કર્યું, બધું ચાલે છે ને? એ કેવળીને સમજતા નથી. સર્વજ્ઞપદ આત્માનું શક્તિમાં, આત્માની અંતર શક્તિમાં પડ્યું છે, અંતર સત્ત્વમાં પડ્યું છે. એને પ્રતીતમાં લઈને સ્થિર થયા છે. એ સ્થિર થતાં કેવળજ્ઞાન થયું છે. એનું નામ કેવળજ્ઞાનને જાણેલું કહેવાય છે. સમજાણું કાંઈ?

'**પછી મૂળથી ખપાવ્યા છે,...**' એટલે કે પહેલા અતીન્દ્રિયનો અનુભવ થયો એટલે ઈન્દ્રિયવિષય જીતાણા. પછી સ્વરૂપમાં સ્થિર થતાં કર્મોનો ક્ષય કર્યો. એવું ભગવાનના આત્માએ (કર્યું). એ આત્મા કરી શકે છે અને એ કરતાં આત્માને કેવળજ્ઞાન થઈ શકે છે. આ વિધિની રીતની ખબર નથી અને બીજી રીતે કેવળજ્ઞાન થાય એમ કહેવા માંગે (તો એણે કેવળીનું સ્વરૂપ જાણ્યું નથી). સમજાણું? વજ્રનારાચ સંહનન હતું માટે કર્મનો ક્ષય થયો. બળનું જોર મળ્યું એને. મનુષ્યદેહ હતો માટે કર્મનો ક્ષય (થયો). ઈ તું સમજતો નથી. કર્મક્ષય થઈને કેવળજ્ઞાન કેમ થાય, એની રીતને જાણ્યા વિના કેવળજ્ઞાનના ગુણગ્રામ સાચા કરી શકે નહિ. ગાળ્યું દે અને કહે, કેવળજ્ઞાનની સ્તુતિ કરું છું. ભગવાનને ગાળ્યું દે. હે ભગવાન! તમે તો કંઈકને તાર્યા ને ઉગાર્યા. આ વાણી કરી. ઈ તો જડની વાત છે. વાણી તો જડની, એની-ભગવાનની વાણી હતી? શેઠી! પણ આ ઊંધુ બહુ જગતથી, હોં! આહાહા..!

જુઓને! વાત કેવી લીધી છે! એણે ન્યાંથી ઉપાડ્યું છે. ૩૧મી ગાથા છે ને? ન્યાંથી ઉપાડ્યું છે. પહેલા સાધારણ લઈ લીધું. કહો, સમજાણું? જેણે ભગવાનના આત્માએ આવું કર્યું એણે, પોતાના દ્રવ્યને આવું કરવાથી કેવળ થાય એવી એને ખબર પડે. અજ્ઞાની બહારથી માને એને આત્માની ખબર નથી. એને ભગવાન કેવળજ્ઞાન કેમ પામ્યા એની પણ ખબર નથી. '**કેવળજ્ઞાન...**' એકલી કેવળપર્યાય, પૂર્ણાનંદની પ્રાપ્તિ. '**કેવળદર્શન...**' પૂર્ણ દર્શન. '**કેવળવીર્ય...**' પૂર્ણ બળ. '**કેવળસુખ...**' અતીન્દ્રિય આનંદ. એવા રૂપે '**બિરાજમાન પ્રગટ છે**' જુઓ! એણે તો અનંત ચતુષ્ટય અંદર આત્મામાં હતા, શક્તિરૂપે હતા. એને અંતરની દૃષ્ટિ અને અનુભવ કરીને પહેલા સમ્યગ્દર્શનમાં કબુલ્યા કે આ વસ્તુ આવી છે. અનુભવમાં.

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પછી સ્વરૂપમાં એમાં એકાકાર થઈને જે શક્તિરૂપે હતા એને પર્યાયમાં પ્રગટ કર્યા. એને કેવળજ્ઞાનીને જાણ્યા અને કેવળજ્ઞાનીના ગુણ જાણ્યા કહેવામાં આવે છે. કહો, સમજાણું?

ઓલા વાંધો ઉઠાવે છે. લ્યો, ભગવાન મહાવીરે જીવો અને જીવવા દ્યો, કીધું છે. એની સોનગઢવાળા ટીકા કરે છે. વાત તો સાચી છે. એ તો અંગ્રેજીના શબ્દો છે. જીવ અને જીવવા દ્યો. ભગવાનની વાણીમાં તો એમ આવ્યું છે કે તારો આત્મા પૂર્ણાનંદ છે તેની દૃષ્ટિ કર અને ઠર તો તને કેવળજ્ઞાન થાય. બીજું ભગવાને કહ્યું નથી. શેઠી! એ તો અંગ્રેજીનો શબ્દ છે. ભગવાનનો અવાજ-જીવો, જીવવા દ્યો. એમ સ્વાગતમાં બોલે. જીવો અને જીવવા દ્યો. પણ શું? જીવવું એટલે શરીરનું જીવવું? કે આત્માનું જીવવું? કોનું જીવવું? અહીં કહે છે, ઊંધી વાતું અને પછી કહે કે અમે કેવળીને માનીએ છીએ. કેવળીને તું માનતો નથી એમ કહે છે અહીં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શેની ઉદારતા, વિશાળતા? વિશાળતા સાચી હોય કે ખોટી હોય? એનો આત્મા એને કારણે છે અને શરીર રહેવું એને કારણે છે. આને કારણે છે? કોઈથી કાંઈ થતું હશે?

**'એમ કહેતાં-જાણતાં-અનુભવતાં કેવળીની ગુણસ્વરૂપ સ્તુતિ થાય છે.'** જુઓ! ઓલામાં આવ્યું હતું ને? વર્ણન, સ્મરણ અને અભ્યાસ. ઓલી કોર. અહીં આવ્યું એમ કે એવા ભગવાન સર્વજ્ઞ પરમાત્મા થયા, ત્રિલોકનાથ તીર્થંકરદેવ વીતરાગ કેમ થયા? કે અંતર આત્મા એક સેકંડના અસંખ્યભાગમાં જ્ઞાનસંપન્ન પ્રભુ આત્મા. એ તો સત્ત્વ જ એનું છે ઈ. એનો જ્ઞાનનો અનુભવ કર્યો હતો. ત્યારે સમ્યગ્દર્શન પામ્યા. એ જ્ઞાનમાં સ્થિર થયા, કર્મ ક્ષય થયા અને અનંત કેવળજ્ઞાન આદિ પામ્યા. એવી રીતે જે રીત છે તે રીતે જાણે એમ એના ગુણ કરે તો કેવળીની સ્તુતિ ગુણ કહેવાય છે. એનો અર્થ ઈ થયો કે આત્મામાં પુણ્ય અને પાપના વિકલ્પ વિના, શરીર વિનાની જે ચીજ છે એની પ્રતીતિ ને વિશ્વાસ અનુભવમાં કરે ત્યારે એણે આત્માની સ્તુતિ અને ભગવાનની સ્તુતિ કરી કહેવાય. સમજાણું કાંઈ?

ભગવાનની આજ્ઞા એ હતી. એ આજ્ઞા હતી કે ચિદાનંદ સ્વરૂપનો અનુભવ કર. જ્ઞાનાનંદ ભગવાન... તું અશુદ્ધ ને પુણ્ય-પાપની મલિનતાનો અનુભવ કરે છો એ સંસાર છે. ભગવાન આત્માનો અનુભવ કર. એમ ભગવાને કહેલું. એણે એમ કરેલું, એણે એમ કરેલું, એમ એણે કહ્યું, એમ એમ કરે ત્યારે એણે ભગવાનની સ્તુતિ અને આત્માની સ્તુતિ કરી કહેવાય. સમજાણું કાંઈ? **'એમ કહેતાં...'** વાણીમાં પણ એ જ આવે, કહે છે. ભગવાને અંતર આત્માનો અનુભવ કરીને કેવળજ્ઞાન પામ્યા છે. કોઈનું કામ કરીને કે પ્રરૂપણા કરીને કે વિહાર કરીને કર્મ ખપાવ્યા છે એમ છે નહિ. આહા..! એવું કહેવું. જુઓ! ઉપદેશમાં પણ એવું આવે, એમ કહે છે. **'એમ કહેતાં-જાણતાં...'** એવું જ્ઞાન જે કરે કે ઓહો..! એવું જ્ઞાન એને


Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ક્યારે થાય? કે આ આત્મા જ પોતાના સ્વભાવની એકાગ્રતા કરે તો કેવળજ્ઞાન પામે. થોડી એકાગ્રતાએ સમ્યગ્દર્શન, વિશેષ એકાગ્રતાથી ચારિત્ર અને વિશેષ એકાગ્રતાથી કેવળજ્ઞાન (પામે). એવું જે અંતર જાણે એને આત્માની એકાગ્રતા થઈ હોય. એ કેવળજ્ઞાનીએ કેવળજ્ઞાન કેમ ઉત્પન્ન કર્યા, એણે શું કહ્યું, એમ એણે શું જાણ્યું અને એ પ્રમાણે જાણવું અને અનુભવે પાછું. લ્યો. 'કેવળીની ગુણસ્વરૂપ સ્તુતિ થાય છે.' સમજાણું આમાં?

**'આથી આ અર્થ નિશ્ચિત કર્યો કે જીવ અને કર્મ એક નથી, ભિન્ન ભિન્ન છે. વિવરણ-જીવ અને કર્મ એક હોત તો આટલો સ્તુતિભેદ કેમ હોત?'** જીવ અને કર્મ એક હોય તો સ્વભાવમાં એકાગ્ર થતાં કર્મ ટળે... માને તો આત્માને આત્મા કહેવાય, આટલો ભેદ વ્યવહાર અને નિશ્ચયમાં છે માટે સાચી સ્તુતિ તે નિશ્ચયની છે. વ્યવહારની કંઈ સાચી સ્તુતિ નથી. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)



Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## વીર સંવત-૨૪૯૧, ચૈત્ર સુદ ૩, રવિવાર, તા. ૪-૪-૧૯૬૫, કલશ-૨૮ પ્રવચન નં. ૨૯

(માલિની)

इति परिचिततत्त्वैरात्मकायैकतायां
नयविभजनयुक्त्यात्यन्तमुच्छादितायाम्।
अवतरति न बोधो बोधमेवाद्य कस्य
स्वरसरभसकृष्टः प्रस्फुटन्नेक एव।।२८।।

ખંડાન્વય સહિત અર્થ :—"इति कस्य बोधः बोधम् अद्य न अवतरति" (इति) આ પ્રકારે ભેદ દ્વારા સમજાવતાં (कस्य) ત્રણ લોકમાં એવો કયો જીવ છે કે જેને (बोधः) બોધ અર્થાત્ જ્ઞાનશક્તિ (बोधम्) સ્વસ્વરૂપના પ્રત્યક્ષ અનુભવશીલપણે (अद्य) આજ પણ (न अवतरति) પરિણમનશીલ ન થાય? ભાવાર્થ આમ છે કે જીવ-કર્મનું ભિન્નપણું અતિશય પ્રગટ કરીને બતાવ્યું; એ સાંભળતાં જે જીવને જ્ઞાન ઊપજતું નથી તેને ઠપકો દીધો છે. ક્યા પ્રકારે ભેદ દ્વારા સમજાવતાં? તે જ ભેદપ્રકાર બતાવે છે—"आत्मकायैकतायां परिचिततत्त्वैः नयविभजनयुक्त्या अत्यन्तम् उच्छादितायाम्" (आत्म) ચેતનદ્રવ્ય અને (काय) કર્મપિંડના (एकतायां) એકત્વપણાને, (ભાવાર્થ આમ છે કે જીવ-કર્મ અનાદિબંધપર્યાયરૂપ એકપિંડ છે તેને,) (परिचिततत्त्वैः) સર્વજ્ઞો દ્વારા [વિવરણ—(परिचित) પ્રત્યક્ષપણે જાણ્યા છે (तत्त्वैः) જીવાદિ સકળ દ્રવ્યોના ગુણ-પર્યાયોને જેમણે એવા સર્વજ્ઞદેવ દ્વારા] (नय) દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિકરૂપ પક્ષપાતના (विभजन) વિભાગ—ભેદનિરૂપણ, (युक्त्या) ભિન્નસ્વરૂપ વસ્તુને સાધવી, તેના વડે (अत्यन्तं) અતિશય નિઃસંદેહપણે (उच्छादितायाम्) ઉચ્છેદવામાં આવે છે. જેમ ઢાંકેલો નિધિ પ્રગટ કરવામાં આવે છે તેમ જીવદ્રવ્ય પ્રગટ જ છે, પરન્તુ કર્મસંયોગથી ઢંકાયેલું હોવાથી મરણને પ્રાપ્ત થઈ રહ્યું હતું; તે ભ્રાન્તિ પરમગુરુ શ્રી તીર્થંકરનો ઉપદેશ સાંભળતાં મટે છે, કર્મસંયોગથી ભિન્ન શુદ્ધ જીવસ્વરૂપનો અનુભવ થાય છે. આવો અનુભવ સમ્યક્ત્વ છે. કેવો છે બોધ? "स्वरसरभसकृष्टः" (स्वरस) જ્ઞાનસ્વભાવનો (रभस) ઉત્કર્ષ—અતિશય સમર્થપણું તેનાથી (कृष्टः) પૂજ્ય છે. વળી કેવો છે? "प्रस्फुटन्" પ્રગટપણે છે. વળી કેવો છે? "एकः एव" નિશ્ચયથી ચૈતન્યરૂપ છે. ૨૮.

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## કલશ-૨૮ ઉપર પ્રવચન

સમયસાર કળશ છે. ૨૮મો.

(માલિની)

इति परिचिततत्त्वैरात्मकायैकतायां
नयविभजनयुक्त्यात्यन्तमुच्छादितायाम्।
अवतरति न बोधो बोधमेवाद्य कस्य
स्वरसरभसकृष्टः प्रस्फुटन्नेक एव।।२८।।

ઓહોહો..! ૨૭માં એમ કહ્યું કે આ ભગવાન આત્મા એને કહીએ કે જ્યાં પુણ્ય-પાપના વિકલ્પોની વાસનાથી પાર ચીજ છે. શરીર અને કર્મથી તો ભિન્ન છે પણ એક સેકંડના અસંખ્યભાગમાં એની મહાસત્તા ચૈતન્ય ધ્રુવ સ્વરૂપ એ વિકલ્પના ભેદના પ્રકારથી ભિન્ન છે. એવો વારંવાર અભ્યાસ કરે, વારંવાર શ્રવણ કરે, સ્મરણ કરે, અભ્યાસ કરે એને નિઃસંદેહ આત્માની પ્રાપ્તિ થાય. સમજાણું? અને એવો આત્મસ્વભાવ જ્ઞાયક ચૈતન્યની વારંવાર કથની, વારંવાર જ્ઞાન અને વારંવાર અનુભવ. ઈ છેલ્લા શબ્દ છે. એનાથી આત્માનો આનંદ અનુભવ થઈ અને મુક્તિ થયા વિના રહે નહિ. એમ વાત કરી. ભિન્ન પાડીને કહ્યું, જો ભાઈ! અમે આત્મા એને કહીએ છીએ અને એમ છે. એ આત્મા ભગવાન છે, પૂર્ણાનંદ છે, શાંતિના રસના સ્વભાવથી અને આનંદના ગુણથી ભરેલો પદાર્થ છે. વસ્તુની અંતર દૃષ્ટિએ દેખતાં એ આવું તત્ત્વ છે. એવા તત્ત્વને તું અંતરથી જો. કેમ કે વિકલ્પ ને વિકાર ને કર્મ વિનાની ચીજ છે. વિનાની ચીજ છે તો તેની પ્રાપ્તિ દૃષ્ટિમાં થયા વિના રહેશે નહિ. એમ બેને ભિન્ન કરીને બતાવ્યું.

ભાઈ! તું શરીર નહિ, કર્મ નહિ, વાણી નહિ, વિકાર નહિ. ત્યારે તું કોણ? કે તું તો જ્ઞાન અને આનંદ આદિના સ્વભાવથી ભરેલો પદાર્થ (છો). આમ ભિન્ન કરીને બતાવ્યું, હવે કોને ન ભાન થાય? એમ આચાર્ય જરી ઓળંભો આપે છે. ભાગ પાડીને બતાવ્યું. હવે એ કેમ ન વહેંચીને આત્માને પ્રગટ કરે? કેમ ન પ્રગટ કરે? એમ જરી ૨૮મા કળશમાં કહે છે. આહા..!

**ખંડાન્વય સહિત અર્થ :—'इति कस्य बोधः बोधम् अद्य न अवतरति'.** પહેલો શબ્દ છે. અરે..! **'આ પ્રકારે ભેદ દ્વારા સમજાવતાં...'** આ પ્રકારે. **'इति'** શબ્દ છે કે નહિ? આ માથે કહ્યું ઈ. ભાઈ! તું તો ભગવાન આત્મા પૂર્ણાનંદથી ભરેલો આત્મા છો. તારું સ્વરૂપ શુભાશુભ રાગ, વિભાવ, કર્મ, શરીરથી તો ભિન્ન છે ને. એમ ભાગલા પાડીને-ભેદ પાડીને સમજાવતાં **'कस्य'** **'ત્રણ લોકમાં એવો ક્યો જીવ છે...'** આહાહા..! ત્રણ લોકમાં એવો કોણ જીવ છે **'કે જેને બોધ અર્થાત્ જ્ઞાનશક્તિ સ્વસ્વરૂપના પ્રત્યક્ષ**

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**અનુભવશીલપણે આજ પણ પરિણમનશીલ ન થાય?**' શેઠી! ભગવાન! તને ભાગ આપ્યો કે જો આ ભાગ, આ તારો ભાગ. જ્ઞાનસ્વરૂપ આનંદ એ તારો ભાગ, તે આત્મા. વિકાર, પુણ્ય-પાપ આદિ તારા નથી એમ તો તને બતાવ્યું. બે કટકા કરી ભાગ પાડીને તને સમજાવ્યું. સમજાણું કાંઈ?

આચાર્ય અમૃતચંદ્રાચાર્ય જંગલમાં સ્વભાવની મસ્તીમાં એવા સ્વભાવ અને વિભાવની વહેંચણી કરીને (કહે છે). ભાઈ! તને કહ્યું ને કે તારામાં વિકાર નથી, શરીર નથી, કર્મ નથી. અને તારામાં જે છે એ પરમાં નથી અને પરમાં જે છે એ તારામાં નથી. આમ વહેંચણી કરીને તને કહ્યું. હવે ભેદ દ્વારા. જોયું ને? '**इति**' એટલે જુદાં પાડીને સમજાવ્યું. કહ્યું ને? આ છોકરાઓ-બોકરાઓ હોય. પછી આવે ને તરબુચ મોટા આવડા લાવે છે ને? અધમણ, અધમણ. લાલ. છરી મારીને કાઢે છે ને? શું કહેવાય ઈ? ડગળી. ભૂલી જઈએ છીએ. ડગળી. એમાંથી પછી કટકા કરે ને આપે. જો, મોટાને કહે, જો આ તારો, આ તારો, આ તારો. લઈ લે. સારું કર્યું, બાપા તમે. અમે આમાં શી રીતે ભાગ પાડત? અમને વાંધો ઉઠત. તમે જ ભાગ પાડી દીધો, એટલે હવે અમારે વાંધો નહિ. શેઠી! પૈસામાં પણ એમ હોય ને. બાપ.. સરખું જો વહેંચાઈ ગયું હોય (તો બરાબર). બાપ મરી ગયા પછી છોકરાને વહેંચવું શી રીતે? કેટલી દુકાનો હોય, કેટલા પૈસા હોય, કેટલી ઉઘરાણી હોય, કેટલો માલ, કેટલું ભેળસેળવાળું હોય. કેમ વલ્લભદાસભાઈ! પાછળથી વાંધા ઉઠે.

આ કહે છે કે અમે અહીં બેઠા તને વહેંચીને આપ્યું. જો આ. આહાહા..! ભાઈ! અમે જીવતા બેઠા, અમે તને આ કહીએ છીએ, જો! આ આત્મા એને કહીએ કે જેમાં આનંદ અને શાંતિ ને જ્ઞાનનો પ્રકાશ એકલો ભર્યો છે. આવું તને વિકારથી, સંયોગથી સ્વભાવનું અભેદપણું ભિન્ન બતાવ્યું. '**ત્રણ લોકમાં એવો ક્યો જીવ છે...**' જુઓને! પોતાનું જોર છે ને! એવા ત્રણલોકમાં એવો કોણ છે કે જેની જ્ઞાનશક્તિ જ્ઞાનસ્વરૂપ '**बोधम्**' બોધ '**बोधम्**' એમ શબ્દ છે ને? '**बोधः बोधम्**' એટલે જ્ઞાનસ્વરૂપ એવું તત્ત્વ. એનું '**बोधम्**' એનો બોધ. એમ. બોધનો બોધ. ભગવાન જ્ઞાનપ્રકાશ સૂર્ય ચૈતન્ય, એવો જે જ્ઞાનસ્વભાવ, શક્તિ કહો કે સ્વભાવ કહો, એનો '**बोधम्**' એનો બોધ. એટલે કે એનું સ્વસ્વરૂપથી પ્રત્યક્ષ અનુભવશીલ રૂપ. બોધનો બોધ. સમજાય છે કાંઈ?

ભગવાન ચૈતન્યપ્રકાશ બોધસ્વરૂપ છે. એનો બોધ એટલે તેનો અનુભવ. સ્વસ્વરૂપ. સ્વસ્વરૂપ શું? કે જ્ઞાનસ્વરૂપ. માથે કીધું ઈ. એના સ્વસ્વરૂપનું પ્રત્યક્ષ. એટલે રાગ અને વિકલ્પથી ભિન્ન એવું પ્રત્યક્ષ અનુભવશીલપણાથી જ્ઞાનનું વેદન, શાંતિનું વેદન, આનંદનું વેદન એવા અનુભવ સ્વભાવના રૂપથી '**આજ પણ...**' અત્યારે પણ '**न अवतरति**' નહિ જન્મે? '**પરિણમનશીલ ન થાય?**' એવો કોણ છે જગતમાં? આહા..! આમ ચૈતન્ય ચોસલું પડ્યું છે ને. આમ અખંડ ભિન્ન. એમ તને ભાગલા પાડી, વહેંચી ભેદજ્ઞાન દ્વારા કહ્યું. હવે એ બોધસ્વરૂપ ભગવાન

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એનો બોધ. એ બોધનો બોધ. એટલે કે તેનું જ્ઞાનનું પ્રત્યક્ષપણું થવું. રાગથી ભિન્ન અને મનના સંગથી ભિન્ન પડી એ ચૈતન્યના બોધનું અનુભવશીલ, જેનો સ્વભાવ અનુભવશીલ, એવા સ્વભાવરૂપતાથી આજ જ, ભાગલા પાડીને ભિન્ન બતાવ્યું તો ત્રણ લોકમાં એવો કોણ જીવ છે કે આજ જ એ અનુભવશીલતાને ન પામે? આહાહા..! કહો, સમજાણું કાંઈ? આજ જ કોણ ન અવતરે? એમ કહે છે. કેમ જન્મ ન પામે એમાંથી? પરિણમનશીલ અંદર પરિણમવું કેમ ન થાય? ભગવાન ચિદાનંદ આમ જ્ઞાન અને આનંદનો રસ તે આત્મા, એમ જુદું પડાવ્યું તારા ખ્યાલમાં તને આપ્યું. સમજાય છે? હવે એવા ભગવાનનો બોધ કેમ ન અવતરે? એટલે કે તેના સ્વરૂપનું પરિણમન અનુભવશીલરૂપતા કેમ આજે જ ન થાય? આહાહા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એ તો પોતાની દૃષ્ટિએ બધા જગતને આખા... પણ તું આવો છો ને, હવે પછી શું થાય એમાં? ઈ છે જ એવો. કહો, શશીભાઈ! આવો ચંદ્ર બતાવે છે. આમ ચંદ્રમા તું છો ને, હવે તો પકડ. કહો. રામચંદ્રજીએ નાખ્યો હતો, ગુંજામાં નાખ્યો હતો ને ચંદ્રને. અરીસામાં ઉતાર્યો અને નાખ્યો ગુંજામાં. નાખ્યો હવે ચંદ્ર ગુંજામાં.

એમ કહે છે કે ભાઈ! તારી ચીજની મહત્તાની સત્તા કઈ છે? એ જ્ઞાનપ્રકાશ, પ્રકાશ-ચૈતન્ય.. ચૈતન્ય.. ચૈતન્ય.. ચૈતન્યપ્રકાશ. એ તારી ચીજ છે. બાકી બીજું કાંઈ નહિ. વિકલ્પ, રાગ, દયા, દાન, વ્રત, ભક્તિ બધું તે તારા સ્વભાવની ચીજ જ નથી. તારી જાત જ નથી. એવી બોધની ચીજ તને સમ્યક્ ચૈતન્યના પ્રકાશની ભિન્ન બતાવી તો એનો '**बोधम्**' પરિણમનશીલ સ્વસ્વરૂપ એટલે જ્ઞાનસ્વરૂપ, એનું પ્રત્યક્ષપણું એટલે રાગથી રહિત પોતાની સત્તાનું પોતાને આશ્રયે પ્રગટ થવું. અનુભવશીલ એટલે કે સ્વભાવ છે તેને અનુસરીને શાંતિના આનંદ સહિત સ્થિર નામ અનુભવનો સ્વભાવ જ થઈ જવો, એવા રૂપતાથી '**આજ પણ પરિણમનશીલ ન થાય?**' આજ પણ. અનંત કાળ તો થઈ ગયો છે જગતને. તો આજે કેમ ન થાય? શેઠી! સમજાય છે કાંઈ? '**આજ પણ...**' પાછું. '**अद्य**' તો '**अद्य**'નું પાછું આજ ન નાખ્યું, આજ પણ. આજે પણ, એમ. આજે પણ. આજે પણ એટલે કે અનાદિઅનંત કાળ આ રીતે ભિન્ન બતાવ્યો એને ભાન થઈ ગયા છે. એમ. ભિન્ન જેનું લક્ષણ આવ્યું અને ભિન્ન જે ગુરુએ બતાવ્યું તો એને ભિન્નના ભાન થઈ ગયા. તો આજ પણ કેમ ન થાય? એમ કહે છે. ટીકામાં પણ એવું જોર છે ને! ભગવાન છો ને બાપુ આમ! એકલો ચૈતન્યના નૂર છો ને. ચૈતન્યના પ્રકાશનું પુર છો ને. એવી ચીજ તને કેમ ન પ્રાપ્ત થાય? એ આજે કેમ ન થાય? આજે પણ કેમ ન થાય? કેમ કે એવી અનંત કાળમાં અનંતને થઈ ગઈ છે. એમ. સમજાણું કાંઈ? કહો! વલ્લભદાસભાઈ!

'**ભાવાર્થ આમ છે કે...**' એનો ભાવ અર્થ એ પ્રકારનો છે કે '**જીવ-કર્મનું ભિન્નપણું અતિશય પ્રગટ કરીને બતાવ્યું;...**' જુઓ! ભગવાન તારું સ્વરૂપ જ્ઞાનમૂર્તિ, આનંદમૂર્તિ,

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


શુદ્ધ સ્વરૂપ એ જીવ. અને કર્મ એટલે વિકલ્પ પુણ્ય-પાપ, દયા, દાન, શરીરાદિ, કર્મ. એનું ભિન્નપણું જુદાપણું અતિ પાછું એમ. એનું ભિન્નપણું તદ્દન જુદું. અતિશય. જુદું તો જુદું પણ **'અતિશય પ્રગટ કરીને બતાવ્યું;...'** ભગવાન ચૈતન્યજ્યોત અને રાગાદિ તદ્દન ભિન્ન, તદ્દન જુદાં, તદ્દન છૂટા, એકમેક ત્રણ કાળમાં થયા નથી. સમજાણું કાંઈ? આહા..! **'અતિશય પ્રગટ કરીને બતાવ્યું; એ સાંભળતાં...'** એને સાંભળતાં **'જે જીવને જ્ઞાન ઊપજતું નથી...'** જે જીવને જ્ઞાન ઊપજતું નથી. જે જીવને સાંભળવા છતાં. આવું જ્ઞાન ઉત્પન્ન થાય **'તેને ઠપકો દીધો છે.'** ઠપકો, ઠપકો, ઓળંભો દીધો છે. તને આવું કહ્યું અને ન થાય? મોતીરામજી! 'નિજ પદ રમે સો રામ કહીએ'. ભગવાન! તારું પદ જ નિરાળું છે ને. એવી વાત તને કરી. અતિશય ભિન્નપણે પ્રગટ દેખાડ્યું. તદ્દન જુદેજુદા, જુદેજુદા, જુદેજુદા જોરથી જુદા બતાવ્યા.

**'સાંભળતાં...'** જેને રુચિ છે કે આ મારે સાંભળવું, આ મારે સાંભળવુ છે. સાંભળવાનો અર્થ શું? એ બીજું નહિ સાંભળતાં આ સાંભળે છે. એણે આ સાંભળ્યું. એ **'સાંભળતાં જે જીવને જ્ઞાન...'** નામ આત્મબોધ **'ઊપજતું નથી તેને ઠપકો દીધો છે.'** ભાઈ! તને ન હોય આમ, હોં! આવું સાંભળીને તને આ વાત જુદી ન સમજાય એમ ન હોય. કહો, સમજાણું આમાં? શબ્દે શબ્દે ભાવ ફેર છે. કેટલી શૈલી મૂકી છે! આહાહા..! ઠપકો દીધો છે. **'ક્યા પ્રકારે ભેદ દ્વારા સમજાવતાં?'** ક્યા પ્રકારે ભેદ દ્વારા સમજાવતાં? **'તે જ ભેદપ્રકાર બતાવે છે.'** એ જુદા પ્રકાર શું બતાવ્યા? એને હવે બતાવે છે. બતાવ્યા તે પાછા બતાવે છે.

**'आत्मकायैकतायां परिचिततत्त्वैः नयविभजनयुक्त्या अत्यन्तम् उच्छादितायाम् '.** આહાહા..! ગજબ ભારે પણ! કળશટીકા તો એકલા અમૃત ભર્યા છે અંદર! હવે જુઓ અર્થ કરે છે. **'आत्म काय'** બે શબ્દ પડ્યા છે ને? **'आत्म'** એટલે **'ચેતનદ્રવ્ય...'** આત્મા એટલે જ્ઞાનસ્વભાવી પદાર્થ. ચૈતન્યના પ્રકાશસ્વરૂપી ભગવાન, એને આત્મા કહીએ. ચૈતન્યના પ્રકાશસ્વભાવી વસ્તુ તેને આત્મા કહીએ. **'काय'** કર્મપિંડ. **'काय'**ની ઈ વ્યાખ્યા લીધી. **'आत्मङ्गयो'** લીધું હતું એક ફેરી. **'आत्मङ्गयो भिन्न'**. અહીંયા કહ્યું **'काय'** એટલે કર્મપિંડ, કર્મપિંડ. એનો થતો ભાવ એ બધું પરમાં જાય છે. એવા **'एकतायां' 'એકત્વપણાને,...'** એકપણાને કેમ હોય? સમજાણું? એકપણું કેમ હોય? એને બે જુદાં છે એમ બતાવ્યા છે. એક છે નહિ. ભગવાન ચૈતન્યદ્રવ્ય અને કર્મપિંડ એકપણે છે નહિ એમ બતાવ્યું છે. સમજાણું કાંઈ? આવશે જુઓ એ ભગવાનનું.

**'(ભાવાર્થ આમ છે કે જીવ-કર્મ અનાદિબંધપર્યાયરૂપ એકપિંડ છે તેને,)'** એકપણું છે એવું અમે બતાવ્યું. એમાંથી સર્વજ્ઞે શું બતાવ્યું એમ કહે છે. એકપિંડ છે ખરું પણ એમાંથી ભિન્નપણે બતાવ્યું. કોણે? ભિન્ન જાણ્યું એણે. **'એકપિંડ છે તેને...' 'परिचिततत्त्वैः'** હવે

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પરિચિત તત્ત્વની વ્યાખ્યા. **'સર્વજ્ઞ દ્વારા [**વિવરણ—**'परिचित' 'પ્રત્યક્ષપણે જાણ્યા છે...'** પરિચિતનો અર્થ ભગવાન આત્મા પ્રત્યક્ષ જેણે જાણ્યો છે. પરિચિત. પરિ-સમસ્ત પ્રકારે જ્ઞાનસ્વરૂપને પ્રત્યક્ષ જાણ્યું, સર્વજ્ઞપણે. રાગાદિ, કર્મ આદિથી ભિન્ન ભગવાન ચિદાનંદ સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ વીતરાગ સર્વજ્ઞ દેવાધિદેવ જેણે વસ્તુને પરિચિત કરી છે. વસ્તુ જે પૂર્ણ જ્ઞાનસ્વભાવ પૂર્ણ છે, એને પ્રત્યક્ષ અનુભવ્યો છે. **'પ્રત્યક્ષપણે જાણ્યા છે...'** પ્રત્યક્ષપણે જાણ્યા છે. એમ નહિ કે આમ હશે, આમ હશે. અનુમાન કરીને નહિ. ભગવાન ત્રિલોકનાથે આ સર્વજ્ઞ આત્મા રાગથી, કર્મથી પ્રત્યક્ષ ભિન્ન અનુભવ્યો છે અને જાણ્યો છે. કેવા તત્ત્વને?

**'જીવાદિ સકળ દ્રવ્યોના...'** જુઓ! જીવાદિ બધા દ્રવ્યોના. **'तत्त्वैः'** શબ્દ પડ્યો છે ને. એટલે એકલો આત્મા નથી લીધો. **'तत्त्वैः'**. જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ. એ બધા પદાર્થો **'સકળ દ્રવ્યોના ગુણ-પર્યાયોને...'** એ વસ્તુ, વસ્તુની શક્તિ અને વસ્તુની અવસ્થા, **'જેમણે...'** પ્રત્યક્ષ જાણી છે. ભગવાન ત્રિલોકનાથ સર્વજ્ઞદેવે તારો ગોળો ચૈતન્ય રાગથી ભિન્ન છે એમ પોતે ભિન્ન અનુભવીને તને કહે છે. એમ કહે છે. સમજાણું કાંઈ? **'જેમણે એવા સર્વજ્ઞદેવ દ્વારા...' 'नय' 'દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિકરૂપ પક્ષપાતના...' 'विभजन' 'વિભાગ—ભેદનિરૂપણ, ભિન્નસ્વરૂપ વસ્તુને સાધવી...'** એને બતાવ્યું ભગવાને કે પર્યાય તરીકે તને વિકલ્પાદિ હો અને અલ્પ અંશ હો, વસ્તુ તરીકે ત્રિકાળ એકરૂપ અખંડાનંદ પ્રભુ છો. એમ ભગવાને પ્રત્યક્ષ જાણીને બે નયથી તને કથન કર્યું છે. સમજાણું કાંઈ? બંધન-રાગાદિની પર્યાયમાં કર્મના સંબંધમાં બંધન છે. પર્યાયનયે એ પણ જણાવ્યું. વસ્તુદષ્ટિએ વસ્તુ જુઓ તો તદ્દન અબંધ પદાર્થ ચિદાનંદ ગોળો રાગ અને વિકલ્પથી તદ્દન ભિન્ન પડ્યો છે. વસ્તુદષ્ટિએ આમ કહ્યું, પર્યાયદષ્ટિએ તને કહ્યું કે રાગથી એકત્વપણું એકક્ષેત્રે સંબંધ છે એવું પણ તને જણાવ્યું છે. સમજાણું કાંઈ? કથનની પદ્ધતિ કોઈ જુદી જાતની. નીકળ્યો પણ એણે અર્થ કર્યા. ત્યારે બનારસીદાસને લાગ્યું ને. 'પાંડે રાજમલ જૈનધર્મી, સમયસાર નાટકકે મર્મી'.

આમ સર્વજ્ઞ પ્રભુ, એણે જીવનું સ્વરૂપ, આસ્રવનું, અજીવનું સ્વરૂપ એના દ્રવ્ય-ગુણ-પર્યાયો જેના, પ્રત્યક્ષ અંશ અવસ્થા છે એનું પણ જ્ઞાન કર્યું અને બતાવ્યું અને પૂર્ણાનંદ અખંડ દ્રવ્ય છે એને પણ બતાવ્યું. એવા **'વિભાગ—ભેદનિરૂપણ...' 'युक्त्या' 'ભિન્નસ્વરૂપ વસ્તુને સાધવી, તેના વડે અતિશય નિઃસંદેહપણે...'** આ પ્રમાણે જો તું પર્યાયમાં રાગાદિનો સંબંધ અને અલ્પપણું છે, ત્રિકાળ જોતાં અખંડાનંદ પ્રભુ ભિન્ન છે. એવું ભગવાને બતાવ્યું તો **'अत्यन्तं' 'અતિશય નિઃસંદેહપણે...'** જુઓ! અત્યંતનો અર્થ. નિઃસંદેહપણે **'(उच्छादितायाम्)' 'જેમ ઢાંકલો નિધિ પ્રગટ કરવામાં આવે છે...'** ઓહો..હો..! નિધાન પડ્યું હોય અને માથે પથરા-બથરા કે ધૂળ આવી ગઈ હોય, ઢંકાઈ ગયું હોય. એક જરી ધૂળથી ઢંકાઈ ગયું. નીચે એકલા મણિરત્ન ને એકલા માણેક પડ્યા હોય. લાખો કરોડો રૂપિયાની

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કિંમતનો એક એક, એવા રત્નના ઢગલા પડ્યા હોય અને માથે જરી છાર આવી ગઈ હોય થોડી ધૂળની જરી તો દેખાય નહિ.

એમ ભગવાન, '**જેમ ઢાંકેલો નિધિ પ્રગટ કરવામાં આવે છે તેમ જીવદ્રવ્ય પ્રગટ જ છે,...**' એમ ભગવાન તો પ્રગટ જ છે. નિધાન છે આખું. એ પુણ્ય-પાપના વિકલ્પના અસ્તિત્વમાં માનીને આખું નિધાન તું ખોઈ બેઠો છો. નિધાન અંદર અખંડાનંદ ચૈતન્યજ્યોત એ વિકલ્પની આડમાં જે ઢંકાયેલું પડ્યું હતું. અહીં કર્મ કહેશે. ઢંકાયેલું એટલે આચ્છાદન. ઢંકાયેલું-આચ્છાદિત. '**જીવદ્રવ્ય પ્રગટ જ છે,...**' ભગવાન આત્મા નિધિ. વસ્તુ છે ને, વસ્તુ છે ને, ચૈતન્ય પદાર્થ છે ને. સત્ છે ને. સત્ એટલે હોવાપણે સત્તાવાળો પદાર્થ છે. જ્ઞાન, શાંતિનો સાગર એવો આત્મા છે. એવી નિધિ પ્રગટ કરીને બતાવી. જો, ભાઈ! આ આત્મા. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ઈ જ કહે છે કે આ પતરું ખસેડીને બતાવ્યું તને કે જો આ તારું નિધાન. ખુશી થા, આનંદ અનુભવ. આવે છે ને? નથી ઓલામાં આવતું? પ્રસન્ન થા. તને તારી નિધિ બતાવી. નિભ્રાંત થા, નિશ્ચિંત થા. અહો..! એ તો જેમ છે એમ પડ્યું છે આખું. એ વિકલ્પ કર્મના સંયોગે છે અહીં.

'**જીવદ્રવ્ય પ્રગટ જ છે,...**' ભગવાન વસ્તુ તરીકે તો પ્રગટ જ છે. વસ્તુ અપ્રગટ થઈ છે? પદાર્થ અપ્રગટ થાય? અપ્રગટ થાય એટલે વસ્તુનો અભાવ થાય. એમ છે? ચૈતન્યદ્રવ્ય જ્ઞાયક અસ્તિ સત્તા હોવાવાળો પદાર્થ. એકલો જ્ઞાનપ્રકાશની સત્તા અને આનંદનું હોવાપણું, એવી ચીજ તો પ્રગટરૂપ જ છે. સમજાણું કાંઈ? '**પરંતુ કર્મસંયોગથી ઢંકાયેલું...**' નિમિત્તના લક્ષની રુચિમાં પડ્યો '**હોવાથી મરણને પ્રાપ્ત થઈ રહ્યું હતું;...**' એટલે કે જાણે હું નથી એમ થઈ રહ્યું છે. એમ. મરણ એટલે હું નથી એમ પ્રાપ્ત થઈ રહ્યું છે. આહાહા..! એક સમયમાં ચૈતન્યજ્યોત સત્તા ધામ વસ્તુ એ પ્રગટ રાગથી ભિન્ન પડી છે. પણ કર્મના લક્ષે પરના અસ્તિત્વના ભરોસે તે મરી ગયેલા જેવો થઈ ગયો છે. એટલે કે મરણને પ્રાપ્ત નામ આત્મા છે નહિ એમ એની દૃષ્ટિમાં થઈ ગયું છે. આહાહા..!

આ પુણ્ય-પાપના વિકલ્પ ને શરીર ને આ.. આ.. આ.. બસ. એને આડે ચૈતન્ય પ્રગટ વસ્તુ હોવા છતાં એનું મરણ થઈ ગયું. એટલે કે એ નથી એમ થઈ ગયું એને. આ છે, આ છે, આ છે, આ છે. શુભ-અશુભ રાગાદિ આ છે, આ છે. આખી આ ચીજ છે એ મરણ પામી ગઈ. '**મરણને પ્રાપ્ત થઈ રહ્યું હતું;...**' એટલે કે દૃષ્ટિમાં અભાવ થઈ રહ્યો હતો. દૃષ્ટિમાં એ નથી એમ થઈ રહ્યું હતું. આહા..! આત્મા એટલે કાંઈ નહિ જાણે. બસ, આ બધું. શુભ-અશુભ ભાવ કર્યા, દયા, દાન કર્યા, ભક્તિ કરી. બસ, એ .. ઓહોહો..! આ બધું થયું. મરણને પ્રાપ્ત થઈ ગયો. એટલે કે ચૈતન્યજ્યોત વસ્તુ છે એની દૃષ્ટિમાં અભાવને

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પ્રાપ્ત થઈ રહ્યો છે. કહો, બરાબર છે કે નહિ? વલ્લભદાસભાઈ! ક્યાં ગયા? જયંતિભાઈ! આહાહા..!

આમ ભગવાન આત્મા વસ્તુ, વસ્તુ, વસ્તુ, વસ્તુ પદાર્થ. હોવાવાળો પદાર્થ, ધ્રુવ દ્રવ્ય તરીકે પદાર્થ પ્રગટ પરથી ભિન્ન. પણ અજ્ઞાનમાં રાગ અને દ્વેષના ક્ષણિક એક સમયની પર્યાયના લક્ષમાં જતાં એ વિકારનું હોવાપણું અને આ.. આ.. આ.. એના હોવાપણે (માનવામાં) ભગવાન મરણને પ્રાપ્ત થઈ રહ્યો છે. એ જાણે નથી. એ જીવતી ચૈતન્યજ્યોત એટલે કે નથી અને આ બધા મડદાં વિકલ્પ આદિ છે, એમ અનાદિથી થઈ રહ્યું છે. આહાહા..! સમજાણું કાંઈ? મેં કર્યું, મેં કર્યું, મેં કર્યું. પણ તું કોણ કે રાગને કર. સાંભળ તો ખરો. સમજાણું? મેં આ કર્યા, મેં આ રાગ કર્યો, મેં આવા કામ કર્યા, મેં દયાઓ પાળી, મેં ભક્તિ કરી. છાપામાં આવે ત્યારે એને ઠીક પડે. મેં વર્ષીતપ કર્યા હતા. ભાઈ સવારે કહેતા હતા ને? થૂંકે જ્યારે ત્યારે એને ઠીક પડે. વર્ષીતપ કર્યા હતા ને મેં આટલા અપવાસ કર્યા હતા, મેં આટલા પૈસા ખર્ચ્યા હતા. ભગવાન! એ તો તારો વિકલ્પ હતો એટલાના અસ્તિત્વમાં તું આવી ગયો? આવી ગયો એમાં? આહાહા..! એમાં જરીયે નથી ને એમાં આવી ગયો આખો? આહાહા..! સમજાણું? અને એમાં એની હોંશું, એનો હરખ. આહાહા..! સમજાણું કાંઈ? અમે તો આટલા કામ કર્યા, અમે આટલા કામ કર્યા. ક્યાં ગયો હતો તું? તારું ઘર છોડીને ગરી ગયો તો ત્યાં તે આટલા કામ કર્યા? એટલે ઓલી છતી ચીજને મરણતુલ્ય કરી નાખી. એટલે કે નથી એમ એણે માની. કહો, બરાબર છે આ? આહાહા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- આ તો પણ ખ્યાલમાં આવે એવી વાત છે કે નહિ? ઈ કહે છે કે પ્રભુ! તું આવો અંદર છો ને, વસ્તુ છે ને. પદાર્થ છે કે નહિ? કે અવસ્તુ છે? વસ્તુ છે ને. વસ્તુ છે તે ધ્રુવ છે અનાદિઅનંત સત્‌રૂપે છે. સત્‌રૂપે છે. એવી ચીજ પ્રગટ આનંદકંદ ને જ્ઞાયકમૂર્તિનો પદાર્થ એને કર્મના સંયોગના લક્ષે પુણ્ય ને પાપના વિકલ્પની આડમાં મરણતુલ્ય થઈ રહ્યો છે. હું આ નહિ, આ નહિ. આ નહિ એની પણ એને ખબર નથી. આ.. આ.. આ.. આ.. આ.. આ.. સમજાણું કાંઈ? જયંતિભાઈ! આવી ભાષા કોણ કરે?

**'મરણને પ્રાપ્ત થઈ રહ્યું હતું...'** શું કહે છે? કે જાણે આખો ભગવાન ચૈતન્યદીવો. અંધારુ હોય એને તો જાણે દીવો છે જ નહિ. અંધારુ એ જ હું. પુણ્ય અને પાપના ભાવ, શુભ-અશુભ ભાવ, દયા-દાનના ભાવ, વ્રતાદિના ભાવ, વિકાર ભાવ, બસ! આ જ હું. ઓલો ભગવાન પણ આખો રહી ગયો. એ મરી ગયો તારી આ શ્રદ્ધામાં. તારા આત્મદ્રવ્યનો તેં દૃષ્ટિમાં અભાવ કર્યો. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- છૂટેલું પડ્યું છે એમ કહે છે. પણ છતાં એને લઈને હું છું અને મારે લઈને

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



હું છું એ વાત મરણને પ્રાપ્ત થઈ ગઈ. અભાવ થઈ ગઈ દૃષ્ટિમાં. આહાહા..!

'**તે ભ્રાંતિ...**' હવે અહીં જુઓ. સર્વજ્ઞે '**परिचिततत्त्वैः**' કહ્યું હતું ને? '**परिचिततत्त्वैः**' ભગવાને સર્વજ્ઞપણે પૂર્ણ જોયો, પૂર્ણ જુદો. અને જુદો જોયો એને ભગવાને કહ્યો. એવા સર્વજ્ઞ ભગવાનની વાણી... એવું પણ સર્વજ્ઞ ભગવાનની વાણી કહે છે. એટલે ઈ નાખ્યું છે કે '**તે ભ્રાંતિ,...**' તે ભ્રાંતિ એટલે હું જાણે ચૈતન્યદ્રવ્ય આનંદકંદનું ધામ સ્ફટિક રત્ન એ તો નહિ, હું તો આ પુણ્ય ને પાપ ને વિકલ્પ ને શરીર, વાણી, પુણ્ય-પાપના ભાવ એ હું અને એ મારા કર્તવ્ય. અને જેણે એ કર્તવ્ય માન્યું એણે પોતે એકાકાર થઈ ગયો છે. એટલે મારું જુદાંપણું નથી. એમ માનનાર મરણને પ્રાપ્ત થઈ રહ્યો હતો આત્મા.

'**તે ભ્રાંતિ પરમગુરુ શ્રી તીર્થંકરનો ઉપદેશ સાંભળતાં મટે છે,...**' આહાહા..! શું કરવા આ શબ્દ મૂક્યા વધારે? કે સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ પરમેશ્વરે, જેણે આત્માને પૂર્ણ પ્રત્યક્ષ ભિન્ન જોયો છે. સમજાય છે કાંઈ? ભગવાન સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ વીતરાગ પરમેશ્વર. અસંખ્યપ્રદેશી અનંતગુણનું ધામ પ્રત્યક્ષપણે સાક્ષાત્પણે પ્રત્યક્ષ આ આત્મા. એવી જેની વાણી, એની વાણી નીકળી. એ વાણી એને હોય આવી. અને એ વાણી સાંભળતાં એ કહ્યું તત્ત્વ છે એનો ભેદ પાડીને ભ્રાંતિ ટળી જાય. સમજાણું કાંઈ? એટલે શું કહ્યું? જે મરણને નામ અભાવને પ્રાપ્ત થઈ રહ્યો હતો. જાણે કે ભાવવાન વસ્તુ જ નથી અને આ વિકલ્પ ને શુભ-અશુભભાવ અને શરીર, કર્મ એ જ હું છું, એમાં ભગવાનની વાણી આવી. '**ભ્રાંતિ પરમગુરુ શ્રી તીર્થંકરનો ઉપદેશ સાંભળતાં મટે છે,...**' ભગવાનની વાણીમાં એ આવ્યું. જુઓ! અહીં શું આવ્યું ભગવાનની વાણીમાં? ભગવાનની વાણીમાં એ આવ્યું કે પુણ્ય અને પાપના અસ્તિત્વથી તારું અસ્તિત્વ તદ્દન જુદું છે. લ્યો, આ બાર અંગની ભાઈ વાત કરે છે પાછી. આહાહા..!

સર્વજ્ઞ ભગવાને વાણી દ્વારા શું કહ્યું? વાણી ઉઠી, વાણી સ્વતઃ સ્વતંત્ર. નિમિત્ત નૈમિત્તિક સંબંધે ભગવાને કહ્યું એમ કહેવામાં આવે છે. ભગવાન સર્વજ્ઞ ચૈતન્યજ્યોત પ્રત્યક્ષ જ્યાં થઈ ગઈ, એક સેકંડના અસંખ્યભાગમાં ત્રણ કાળ ત્રણ લોક પોતાના જ્ઞાનની પર્યાયમાં જણાઈ ગયા. એવો પ્રત્યક્ષ ભગવાન આત્મા જેણે કર્યો, એની વાણી આવી. એ વાણીમાં એમ આવ્યું. પ્રત્યક્ષ થઈ ગયું છે જુદું. વાણીમાં પ્રત્યક્ષ કરવાની જુદું પાડવાની વાણી આવી. સમજાણું કાંઈ? અને એનો અર્થ ઈ કે શાસ્ત્ર જે વાણીમાંથી રચાણા. એ શાસ્ત્રમાં રાગ ને પુણ્ય ને નિમિત્ત ને પર સંયોગથી ભિન્ન બતાવ્યું છે એની અંદર. સર્વજ્ઞની વાણીમાં એ આવ્યું અને એમાં એ બતાવ્યું છે. એમાંથી કોઈ એમ કાઢે કે દયા, દાન ને વ્યવહારના વિકલ્પથી આત્માને લાભ થાય, એ શાસ્ત્રની વાણી નહિ, એ ભગવાનની વાણી નહિ. સમજાણું કાંઈ? આહા..! બાલુભાઈ! આ કોઈ દી સાંભળવા મળ્યું નથી. ન્યાં રળવા રળવામાં જિંદગી ગઈ. ઈ હવે તો કહે છે, બધું મફતમાં ગયું. આહાહા..!

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ચૈતન્યપ્રભુ એક સમયમાં ભગવાને આમ પ્રત્યક્ષ જોયો, જાણ્યો એને એ વાણીમાં એ જ આવ્યું. ઓલો જે આમ ઢંકાઈ ગયો હતો કે આ હું, આ હું, આ હું. શુભ-અશુભ ભાવ ને આ.. આ.. આ.. એના અસ્ત્વિને લઈને આખું જે આ અસ્તિત્વ એના અભાવરૂપે વર્તતું. એને કહ્યું કે બાપુ! પણ એનાથી તું જુદો છો. એટલા અસ્તિત્વથી તારું અસ્તિત્વ બિલકુલ આવતું નથી એમાં. એનાથી ભેદરૂપ અસ્તિત્વ તારી હયાતી છે. સમજાણું કાંઈ? એ સર્વજ્ઞની વાણીમાં એ હોય. અને એ વાણીમાં આ જાતનું કથન હોય. બીજે ત્રણકાળમાં હોઈ શકે નહિ. કહો, શશીભાઈ! આહાહા..!

જુઓ! બે છે એમ બતાવ્યું, ભાઈ! પર્યાયનયે રાગાદિ છે એમ બતાવ્યું. અસ્તિ છે. એમાં ઢંકાઈ ગયો એમ પણ છે. નથી એમ નહિ. બિલકુલ કંઈ નથી અને ભ્રમણા છે એમ પણ નહિ. ભ્રમણા પણ નથી એમ નહિ, છે ભ્રાંતિ. દયા, દાન, વિકલ્પ શુભરાગના અસ્તિત્વના લક્ષે જ ચૈતન્યની મહાસત્તાનો તેં અભાવ માન્યો છે. એ વાત છે. એ સર્વજ્ઞે પ્રત્યક્ષ જ્ઞાનમાં જોયું એ વાણી આવી. એ ભ્રાંતિ... ઓહોહો..! પરમગુરુ શ્રી તીર્થંકરદેવ સર્વજ્ઞ પરમાત્મા. પાછા તીર્થંકર લીધા છે, હોં! પુણ્યવંત પ્રાણી. એટલે પેલા સામાન્ય કેવળીની વાત નથી લીધી. કે જેની વાણી હોય જ. સામાન્ય કેવળીને તો વાણી (ન પણ હોય). એ તીર્થંકરની વાણી સાંભળે, સમજ્યા વિના રહે નહિ. પરમ શ્રી ગુરુ '**શ્રી તીર્થંકરદેવનો ઉપદેશ સાંભળતા...**' એટલે? ભગવાનનો ઉપદેશ એમ આવ્યો, પ્રત્યક્ષ સર્વજ્ઞપદે આખું પૂરું છૂટું જોયું, અનુભવ્યું, એ વાણીમાં એમ આવ્યું કે બીજી ચીજ છે, રાગાદિ છે. સંયોગ કર્મ છે. એનાથી ભિન્ન તત્ત્વ છે. એને ભેદ પાડીને ભગવાનની વાણીમાં જુદું બતાવ્યું છે. એ જુદું ભગવાને કહ્યું, ભગવાને કર્યું, ભગવાને કહ્યું એ સમજે તેને ભ્રાંતિ, પરથી જુદા પડ્યા વિના રહે નહિ અને ભ્રાંતિ ટળ્યા વિના રહે નહિ. આ એમ કહે છે. કહો, સમજાણું આમાં? પણ ટીકા છે ને! એ તો ભગવાન ઊભા કર્યા સામે આમ. પણ મરી ગયો હતો ને? જીવતો જેણે કર્યો એની વાણીમાં જીવતો કરવાનું આવ્યું. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- સંજીવની

ઉત્તર :- ઈ સંજીવનીની વાત છે આ. એમ ને એમ છો તું. મરી નથી ગયો. વિકલ્પના અસ્તિત્વમાં તું આવ્યો જ નથી. આવ્યો જ નથી. નિર્વિકલ્પ આનંદઘન ચૈતન્યદ્રવ્ય એમ ને એમ પડ્યું છે. આહાહા..! અમે પ્રત્યક્ષ જોયું છે, પ્રત્યક્ષ જોઈને અમે પર્યાયને પૂર્ણ ભાળી છે, પૂર્ણ જોઈ છે. પર્યાયમાં વિકલ્પનો ભાગ-અંશેય નથી. એ અંશે જે માન્યું છે અને આ અસ્તિત્વમાં આખું દ્રવ્ય સંતાઈ ગયું, ઢંકાઈ ગયું છે. એવી ભ્રાંતિ, મરી ગયો એટલે આવું તત્ત્વ નથી એવી જે ભ્રમણા પરમગુરુ શ્રી તીર્થંકરદેવની વાણીથી છૂટે છે, બાકીથી છૂટે નહિ. આહાહા..! કારણ કે એક જ આત્મા માને એને જુદું પડવાનું હોય નહિ. સમજાય છે? અને રાગાદિ બિલકુલ ન હોય તો એને ટાળવાનું-ભિન્ન પાડવાનું હોય નહિ. કર્મનો સંયોગ પણ

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ન હોય તો સંયોગથી રહિત મારી ચીજ છે એ પણ હોય નહિ.

એ વાત સર્વજ્ઞ ભગવાને ત્રિલોકનાથે જ પૂરી જાણી અને કહી છે. એ વાણીને સાંભળતા એ વાણીમાં એ જ આવ્યું છે, ભગવાન! એ વિકલ્પની જાળની લાગણી એમાં અસ્તિત્વમાં બિલકુલ તું નથી. એનાથી તદ્દન તારું અસ્ત્વિ જુદું છે, છે ને છે. સમજાણું કાંઈ? આહાહા...! અમારે આ ભાઈ કહે છે ને? રવિવાર આવે છે ત્યારે નીકળે છે એવું. વલ્લભદાસભાઈ! ન્યાંથી આવે છે, ભાવનગરથી આવે એટલે કાંઈ... કહો, સમજાણું કાંઈ? ક્યાં ગયા? હિંમતભાઈ આવ્યા છે કે નહિ? વાહ!

વાણી કેવી આવે? અને ભગવાનની વાણી કોને કહેવાય? એ પણ ભેગો વિવેક કહ્યો. એ કર્મ ને રાગથી જુદાંપણું બતાવે એને ભગવાનની વાણી કહેવાય. એને ભગવાનના શાસ્ત્ર કહેવાય અને ગુરુના મુખમાંથી પણ એવી જ વાણી આવે. તો એ વાણી સાચી કહેવાય, નહિતર ગોટા વાળે ઊંધા એ ભગવાનની વાણી છે નહિ. આહાહા..! એટલે શું કહ્યું? કે ભગવાનની વાણીમાં એ આવ્યું.. શું આવ્યું? કે '**કર્મસંયોગથી ભિન્ન શુદ્ધ જીવસ્વરૂપનો અનુભવ થાય છે.**' એ ભગવાનની વાણીમાં એમ આવ્યું કે કર્મના સંયોગ અને કર્મના સંયોગથી ઉત્પન્ન થયેલો વિકાર, એનાથી તારી ચીજ તદ્દન જુદી, એવું જે ભગવાને કહ્યું. શુદ્ધ જીવનું સ્વરૂપ. એ ભગવાનની વાણી સાંભળવાથી એને લક્ષમાં આ આવ્યું. એણે વાણીમાં આમ કહ્યું હતું. સાંભળતા ભિન્ન શુદ્ધ જીવસ્વરૂપનો (અનુભવ થાય છે).

પાછું કોઈ એમ કહે કે અશુદ્ધતા છે જ નહિ, મલિનતા છે જ નહિ. એ તો નિર્મળાનંદ છે. તો એ સમજ્યો નથી. એની પર્યાયમાં મલિનતા, અશુદ્ધતા છે. ત્યારે એને પરથી ભિન્ન બતાવીને જુદું કરાવ્યું છે. એવી બેને કબુલી છે પર્યાયનય અને દ્રવ્યાર્થિકનયથી, એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? એમ ને એમ વાતું કરે કે આત્મા આવો છે, આત્મા આવો છે. શું પણ આત્મા આવો છે? આવો છે તો સમજાવવાનું કારણ શું? એમાં કાંઈક ભૂલ છે, એની દશામાં મલિનતા છે. એ મલિનતાને આખું સ્વરૂપ માની રહ્યો છે, એ મલિનતા દ્વારા જ મારું તો કલ્યાણ થશે. એમ માની રહ્યો છે. એ માન્યતા છે, ભ્રમ છે, ભ્રાંતિ છે. સમજાણું કાંઈ? એ ભ્રાંતિ તો ભગવાન ત્રિલોકનાથ સર્વજ્ઞ પ્રત્યક્ષ જોયું. એની વાણી દિવ્યધ્વનિ નીકળી. એની પરંપરાએ જ્ઞાની ગુરુ અને સંતો એ જ વાણીને કહી રહ્યા છે. એનાથી ફેરફાર કાંઈક કહે તો એ વીતરાગની વાણી નથી અને એણે વીતરાગને જાણ્યા નથી. વલ્લભદાસભાઈ!

કોઈ એમ બતાવે વાણીમાં કે આ રાગ ને શુભ કરતાં કરતાં આત્મા જણાશે. એ વીતરાગની વાણી નથી. વીતરાગની વાણીમાં એવું કોઈ દી ત્રણ કાળમાં આવે નહિ. અહીં તો કીધું, એણે તો ભિન્ન બતાવ્યું છે. રાગનો વિકલ્પ શુભ હો કે અશુભ, એનાથી ભિન્ન બતાવ્યું છે. ભિન્ન બતાવે અને જે છે એને પ્રાપ્ત કરે તો એની વાણી સાંભળીને એનો અનુભવ કર્યો

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કહેવાય છે. સમજાણું કાંઈ? કહો, જગજીવનભાઈ! ઓહોહો..! એ વાણીના કોઈપણ ભાગમાં એની ચીજ પૂર્ણ છે એને વિકલ્પની વૃત્તિઓથી અને પરના સંયોગથી સ્વભાવતત્ત્વ ભિન્ન કરવાની જ વાત એમણે કીધી છે. કેમ કે ભિન્ન છે. કેમ કે ભિન્ન છે. ભિન્ન છે તેને ભિન્ન કરવાની વાત કરી છે. એમાંથી કોઈ ગોટો વાળે કે...

સાંભળતા કહ્યું. પણ સાંભળવામાં ઈ આવ્યું, સાંભળવામાં ઈ આવ્યું કે તું અમારા લક્ષને અને અમારા લક્ષથી થતો વિકલ્પ, બેયથી ભિન્ન છો. એ વાણીમાં એમ આવ્યું. એ આવી ગયું હતું ને પહેલું? ભાઈ! અનુભૂતિ બાર અંગમાં કીધી છે. .. લીધી છે ને. બાર અંગનું જ્ઞાન કોઈ અપૂર્વ નથી. પણ બાર અંગમાં એમ કહ્યું છે કે, અહીં વીતરાગે કહ્યું છે એમ લીધું છે, એક જ છે. સમજાણું કાંઈ? કહે છે, પ્રભુ! કહે છે પ્રભુ એમ નહિ. કહે છે કે હે પ્રભુ! એમ. સમજાણું કાંઈ? પ્રભુ એમ કહે છે પ્રભુને. ભાઈ! તારી મહાન સામર્થ્યવાળું ચૈતન્યજ્યોત તત્ત્વ એમ ને એમ પડ્યું છે. એ તું વિકલ્પને કરું સંયોગની આડમાં જાણે નહોતું અને મરી ગયું છે કે નહોતું એમ તને લાગ્યું છે. અમે કહીએ છીએ કે એમ ને એમ છે. અમે એમ ને એમ પ્રત્યક્ષ જોયું છે. એવું ને એવું ચૈતન્યજ્યોત સર્વજ્ઞપદ એમ ને એમ પડ્યું છે. સમજાણું કાંઈ?

લ્યો, અહીં તો કહ્યું. એ વાણીમાં એ આવ્યું. કોઈ પણ શાસ્ત્રમાં, ચારેય અનુયોગોના શબ્દોમાંથી રાગાદિથી ભિન્ન બતાવ્યું હોય તો જ તે શાસ્ત્ર કહેવાય. તું રાગને કર, અથવા રાગથી તને લાભ થાય, તો કરવાનું કીધું ત્યાં આત્મા એનાથી ભિન્ન છે એ વાત તો આવી નહિ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ન્યાલ કરવાનો કોલ આપ્યો છે.

ઉત્તર :- કોલ કે આજ જ આ થા. આહાહા..! આજ ત્રીજ છે. ત્રીજનું વગર જોયું મુહૂર્ત છે. એમ નથી કહેતા? વગર પૂછ્યું મુહૂર્ત એમ લોકો પણ કહે છે. સાંભળને અહીં. સમજાણું આમાં? આહાહા..! એ ચૈતન્યપ્રભુ જ્ઞાન અને વીતરાગ સ્વભાવે એ અસ્તિત્વે ડોલી રહ્યો છે અંદર. એવું ભગવાનની વાણીમાં આવ્યું છે. વિકાર હોવા છતાં, કર્મનો સંબંધ હોવા છતાં. ઓલો કહે કે કર્મસંયોગથી ભિન્ન? અત્યારે ભિન્ન? ત્યારે ભગવાનને શું કહેવું છે તારે? સાંભળને. નહિ, કર્મના સંયોગ સહિત છે. હવે સાંભળને! સંયોગ સહિત છે એ પર્યાયનું લક્ષ-જ્ઞાન કરાવ્યું છે. પણ હવે એને વસ્તુસ્થિતિ બતાવવી છે. કર્મસંયોગમાં છે, કર્મસંયોગથી રહિત છે. હમણાં આવ્યું હતું. પંડિતોના એવા લખાણ. રાડ પાડી જાય છે બિચારા. ભણી ભણીને ભણ્યા થોથા. સમજાણું કાંઈ? આહાહા..!

અહીં તો કહે છે, '**કર્મસંયોગથી ભિન્ન શુદ્ધ જીવસ્વરૂપ...**' ભગવાને કહ્યું છે. અને સાંભળતા સાંભળવામાં ઈ આવ્યું છે. કર્મ પદાર્થ અને કર્મથી થતો વિકલ્પ તારા ... બેયથી ભગવાન ભિન્ન છે. અત્યારે ભિન્ન છે. ત્રિકાળ ભિન્ન હતો. એમ ભગવાનની વાણીમાં આવ્યું.

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એ '**શુદ્ધ જીવસ્વરૂપનો અનુભવ...**' સાંભળવામાં ઈ આવ્યું હતું કે રાગ ને પુણ્ય ને વિકલ્પ ને વ્યવહાર ને નિમિત્ત ને કર્મથી ભિન્ન છે. સાંભળવામાં આવ્યું એવો અનુભવ થયો. સમજાય છે કાંઈ આમાં? બીજી રીતે સાંભળવાનું મળે એ વીતરાગની વાણી નહિ. એ બીજું સાંભળીને આત્માનો અનુભવ થાય એ ત્રણ કાળમાં નથી. સમજાણું કાંઈ આમાં? સાધારણને તો એવું લાગે ને કે આહા..! અરે..! પણ અમારો આ ક્યાં ગયો? અમારો આ ભાવ ક્યાં ગયો? અમારા ભક્તિ ને વ્રત ને.. હવે સાંભળ તો ખરો પણ એકવાર તું. એ તારામાં હતો નહિ. એ ઊભો થાય છે એનાથી જુદો જાણ એમ ભગવાનની વાણીમાં આવ્યું છે. આહાહા..! પ્રવિણભાઈ! સમજાય છે કે નહિ આમાં? આવી વાત છે ક્યાંય? વીતરાગ કહે છે કે અમે જ આત્માને આવો છૂટો જોયો, જાણ્યો, અનુભવ્યો. એની વાણીમાં છૂટા કરવાની જ વાત અમે કરી છે. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પોતે થયો એટલે બધા જમી ગયા. સમજાણું? આત્મા છે ને. ન્યાં કોણ છે? શરીર-ફરીર ક્યાં હતું આત્મામાં? બાળકપણું, યુવાનપણું, વૃદ્ધપણું, સ્ત્રીપણું, પુરુષપણું, હિજડાપણું આત્મામાં ક્યાં છે? કાંઈ નથી. એ તો છે ચૈતન્યમૂર્તિ દ્રવ્ય સ્વભાવ છે એવો ને એવો. આહાહા..! એટલે પછી બધા આત્માઓ આવા દ્રવ્ય સ્વભાવ છે, એને પહોંચો. એમ કહે છે અહીં. આહાહા..! 'સર્વ જીવ છે જ્ઞાનમય, જે સમજે તે થાય'. એમ કહ્યું છે ને યોગીન્દ્રદેવે, યોગસારમાં. શ્રીમદ્દ્ એમ કહ્યું, 'સર્વ જીવ છે સિદ્ધ સમ, જે સમજે તે થાય'. સમજે તે થાય. કરવું શું? આ સમજવું ઈ કરવાનું છે. સમજમાં દર્શન, જ્ઞાન, ચારિત્ર ત્રણેય આવી ગયા. આહાહા..! કહો, વલ્લભદાસભાઈ! આહાહા..!

કહે છે, ભગવાનની વાણીથી એ ભ્રાંતિ છેદાય. એનો અર્થ શું કીધો? કે એવી વાણીમાં છૂટવાની વાત એની જ વાણીમાં આવે. એટલે એને નિમિત્તપણું એવું હોય. એનો વિકલ્પ પણ એને સાંભળવામાં આવ્યો ત્યારે ભગવાન આમ કહે છે. પુણ્ય-પાપના વિકલ્પ ને સંયોગથી ભિન્ન છે, એવા વિકલ્પથી સાંભળે તો સાંભળ્યું. અને એ સાંભળવામાં એમ આવ્યું કે વિકલ્પથી જુદો. માટે તું વિકલ્પ અમારી સામે સાંભળીને કરે છો, એનાથી જુદો થા. સમજાણું કાંઈ? કહો, હિંમતભાઈ! આ તો સમજાય એવું છે, હોં! આ તો સાદી ભાષા છે. વાત ઊંચી છે પણ ભાષા સાદી છે. આહાહા..!

એક વાર જ્ઞાનીની કસરતશાળામાં તો આવે તો ખબર પડે કે આ કસરત કેવી છે. સમજાણું? શું કસરત થાય છે? અંદરમાં શું થાય અને કેમ પમાય? આહાહા..! માથે કહ્યું હતું ને? આ શ્લોક પહેલા જ કહ્યું હતું ને? ત્રણ શબ્દો. વારંવાર વર્ણન. એમ હતું ને? સ્તુતિનો અર્થ જ એ કર્યો. સ્તુતિ એટલે શું? વારંવાર વર્ણન, વારંવાર સ્મરણ, વારંવાર અભ્યાસ. ત્રણે લાગુ પાડવા. થયું? હવે આની કોર. '**એમ કહેતાં-જાણતાં-**' કેવલ સુખમાં બિરાજમાન

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પરમાત્મદશા છે. એવું કહેવું, એવું જાણવું, એવો અનુભવ એનાથી કેવળીની સ્તુતિ કહેવાય છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'કર્મસંયોગથી...' 'સાંભળતાં મટે છે...'** એનો અર્થ કે ભગવાનની વાણીમાં કર્મના સંયોગથી ભિન્ન છે એમ ભગવાને બતાવ્યું છે. હવે એક છે એ તો અનાદિથી જાણતો આવે છે. એમાં શું ભગવાનને બતાવવું હતું? ભિન્ન પડેલાઓ ભિન્ન પાડવાની જ વાત કરી રહ્યા છે. આહાહા..! સમજાણું કાંઈ? ચાર અનુયોગની રીત કેવી, એ પણ આમાં કુંચી આવી ગઈ. એવી વીતરાગની વાણી કેવી હોય એને ખબર ન મળે. અને અમે વીતરાગની વાણીને માનીએ છીએ. અરે.. બાપા! વીતરાગની વાણીમાં તો વીતરાગતા આવે. રાગનો કણ પણ તારામાં નથી એમ બતાવે એને વીતરાગની વાણી કહેવામાં આવે. બાકી વીતરાગની વાણી કેવી? આહા..! સમજાણું કાંઈ?

**'આવો અનુભવ સમ્યક્ત્વ છે.'** જુઓ! કર્મના સંયોગથી ભિન્ન એ તો નાસ્તિ. શુદ્ધ જીવસ્વરૂપનો અનુભવ એ અસ્તિ. એવું ભગવાનની વાણીમાં આવ્યું હતું. ત્રિલોકનાથ સર્વજ્ઞ ભગવાનની દિવ્યધ્વનિ એમાંથી રચાયેલા શાસ્ત્રો, એ બધામાં આ આવ્યું છું. પર્યાયનું અસ્તિપણું સિદ્ધ કર્યું છે, અંશમાં રાગ-દ્વેષ સિદ્ધ કર્યા છે. પર્યાયદષ્ટિએ. વસ્તુદષ્ટિએ એનાથી ભિન્ન છે એમ એમાં આવ્યું છે. ભિન્નપણું બતાવવું છે. પર્યાય બતાવીને પાછું એનાથી ભિન્નપણું બતાવવું છે. ન્યાં એને રોકવા માટે બતાવ્યું નથી કે જો, આ તારામાં રાગ થાય છે અને તને કર્મનો સંબંધ છે. હવે ઈ તો છે, હવે શું કરવું છે એને? સમજાણું કાંઈ? કર્મના સંયોગથી કહો, વિભાવના સંયોગથી ભિન્ન. એ પુણ્ય-પાપ ભાવ પણ સંયોગી ભાવ છે. શુભ-અશુભ ભાવ દયા, દાન, વ્રત, ભક્તિ શુભ વિકલ્પ પણ એક કર્મ સંયોગી ભાવ છે. એનાથી ભિન્ન શુદ્ધ જીવસ્વરૂપનો અનુભવ થાય છે. **'આવો અનુભવ સમ્યક્ત્વ છે.'** એવા અનુભવને સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. આ હજી સમ્યગ્દર્શન. આના ભાન વિના વ્રત ને તપ ને ક્રિયાકાંડ કરે અને અમને ધર્મ થાશે. રખડશે ચાર ગતિમાં. મારી નાખે. અર..ર..ર..! પણ અમે આ બધા કરેલા અને આટલા બધા... સાંભળને! ઘણા કીડીના નગરાં ઘણા હોય. એટલે કંઈ માણસ થઈ જતા હશે?

ભગવાન સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમેશ્વર જે છૂટા, પ્રત્યક્ષ આત્માને છૂટા પડીને જોયું એણે છૂટા પડવાની ભેદજ્ઞાનની વાત કરી. સમજાણું? ક્યાંય રાગ કરીને રોકાવું એ વાત ભગવાનની વાણીમાં હોય નહિ. આહાહા..! સમજાણું? જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એનાથી જુદો એમ તું નક્કી કર અને અનુભવ કર. દષ્ટિ ભલે હોય, પછી પણ એનાથી જુદો સ્થિર થા એમ ભગવાને બતાવ્યું છે. ભાવ આવ્યો માટે આહાહા..! હવે તીર્થંકર થાશું ને! તીર્થંકર એમ ને એમ થઈશ? એ તો પરમાણુની પર્યાય બંધાણી અને બહારનો સંયોગ આવે. તારું કેવળજ્ઞાનપણું તો એ રાગ જે આવ્યો, એનાથી ભિન્ન પડીને સ્થિરતા કર ત્યારે તને સ્થિરતા કેવળજ્ઞાન

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



થશે. એમ ભગવાનની વાણીમાં આવ્યું છે. કહો, સમજાણું આમાં? આહાહા..! સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ પરમેશ્વર સો ઈન્દ્રથી પૂજનિક. અનંત તીર્થંકરો થયા. વર્તમાન મહાવિદેહ ક્ષેત્રમાં વીતરાગ વિજ્ઞાનના ઘન બિરાજે છે. કહે છે કે એ અનંત તીર્થંકરોની વિકલ્પ અને પરથી છૂટવાની વાત જ-દિવ્યધ્વનિ આવી છે. બે અસ્તિ સિદ્ધ કર્યા. શશીભાઈ! ઓલું છે. એકલો જ આત્મા છે, બ્રહ્મ સત્ય અને જગત મિથ્યા એમ નથી. જગત પણ છે, ભ્રમણા પણ છે, રાગદ્વેષ પણ છે. છે એટલામાં હવે ઊભો ન રહે. આમ છૂટો પડ. એવી વીતરાગ સ્વભાવની વાણી એણે સાંભળી. જીવસ્વરૂપનો અનુભવ કર. આવો અનુભવ સમકિત છે. એટલે નિમિત્તપણે વીતરાગની જ વાણી એને સાંભળવામાં હોય. બીજાની વાણી સાંભળે અને સમકિત થાય એમ ત્રણ કાળમાં બને નહિ. બીજાની વાણીમાં આવું નીતરતું સત્ય અને પરથી ભિન્ન એવું તત્ત્વ હોઈ શકે નહિ. ગોટા વાળેલું જ હોય. સમજાણું કાંઈ?

**'આવો અનુભવ સમ્યક્ત્વ છે.'** આ કહે, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કરો, સમકિત થઈ ગયું તમારે. ધૂળેય નથી, સાંભળને હવે. ધૂળે એટલે તારો વિકલ્પ પણ સારો નથી. શુભ લોકોત્તર પુણ્ય બંધાય એવા પણ નથી તારા ઠેકાણા. કહો. **'કેવો છે બોધ?'** હવે બોધની વ્યાખ્યા કરી. કેવો છે બોધ? સમજાણું? એ તો પ્રગટ ચૈતન્ય... **'स्वरसरभसकृष्टः' 'स्वरस' 'જ્ઞાનસ્વભાવનો...'** જ્ઞાનસ્વભાવ. જ્ઞાન ચૈતન્યપ્રકાશ સ્વભાવ. **'रभस' 'ઉત્કર્ષ-અતિશય સમર્થપણું...' 'रभस' 'ઉત્કર્ષ-અતિશય સમર્થપણું...'** મહા સામર્થ્ય. જ્ઞાનનું ચૈતન્યનું મહા અનંત સામર્થ્ય. ઉત્કર્ષ. **'कृष्टः' 'પૂજ્ય છે.'** ભગવાન! એ જ્ઞાનાનંદ સર્વજ્ઞપદ એ પૂજ્ય છે. સમજાણું કાંઈ? એ **'कृष्टः'**નો અર્થ કર્યો. **'વળી કેવો છે?' 'प्रस्फुटन' 'પ્રગટપણે છે. વળી કેવો છે?' 'एकः एव' 'નિશ્ચયથી ચૈતન્યરૂપ છે.'** એ પ્રગટ થતો ભગવાન એકલો ચૈતન્યરૂપ. વસ્તુ જ એવી છે એવો પ્રગટ થતો ભગવાન એકલો ચૈતન્યરૂપ છે. એને નથી રાગ, નથી મેલ, નથી... એવી ચીજ પ્રગટ થાય એને આત્મા કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ?

**'एकः एव'** નિશ્ચય. **'एकः'**નો અર્થ શું કર્યો? **'एकः एव', 'एकः एव'**. એક એટલે એકલો ચૈતન્ય. એમ. **'एकः'**નો અર્થ શું? કે એને નહિ રાગ સંબંધ, કાંઈ નહિ. **'एकः एव' 'નિશ્ચયથી ચૈતન્યરૂપ છે.'** એમ. એકલો. એમ. એવો ભગવાન જ્ઞાનમૂર્તિ એનો અનુભવ થતાં એકલો ચૈતન્ય રહે છે. એમાં બીજું કાંઈ હોતું નથી. આ એનું ભાન કરીને અનુભવ કરવો અને પછી સ્થિર થવું ત્યારે કેવળજ્ઞાન થાય. એને આત્મા ખરેખર કહેવામાં આવે છે. હવે એક શ્લોક રહ્યો.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વીર સંવત–૨૪૯૧, ચૈત્ર સુદ ૪, સોમવાર,
તા. ૫–૪–૧૯૬૫, કલશ–૨૯
પ્રવચન નં. 30

(માલિની)

अवतरति न यावद्वृत्तिमत्यन्तवेगा–
दनवमपरभावत्यागदृष्टान्तदृष्टिः।
झटिति सकलभावैरन्यदीयैर्विमुक्ता
स्वयमियमनुभूतिस्तावदाविर्बभूव।।२९।।

ખંડાન્વય સહિત અર્થ :—''इयम् अनुभूतिः तावत् झटिति स्वयम् आविर्बभूव'' (इयम्) આ વિદ્યમાન (अनुभूतिः) અનુભૂતિ અર્થાત્ શુદ્ધચૈતન્યવસ્તુનું પ્રત્યક્ષપણે જાણપણું (तावत्) તેટલા કાળ સુધી (झटिति) તે જ સમયે (स्वयम्) સહજ જ પોતાના જ પરિણમનરૂપ (आविर्बभूव) પ્રગટ થઈ. કેવી છે તે અનુભૂતિ? ''अन्यदीयैः सकलभावैः विमुक्ता'' (अन्यदीयैः) શુદ્ધચૈતન્યસ્વરૂપથી અત્યંત ભિન્ન એવાં દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મસંબંધી (सकलभावैः) 'સકળ' અર્થાત્ જેટલા છે ગુણસ્થાન-માર્ગણાસ્થાનરૂપ રાગ-દ્વેષ-મોહ ઈત્યાદિ અતિ ઘણા વિકલ્પો એવા જે 'ભાવ' અર્થાત્ વિભાવરૂપ પરિણામ તેમનાથી (विमुक्ता) સર્વથા રહિત છે. ભાવાર્થ આમ છે કે જેટલા પણ વિભાવપરિણામસ્વરૂપ વિકલ્પો છે અથવા મન-વચનથી ઉપચાર કરી દ્રવ્ય-ગુણ-પર્યાયભેદરૂપ અથવા ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યભેદરૂપ વિકલ્પો છે તેમનાથી રહિત શુદ્ધચેતનામાત્રના આસ્વાદરૂપ જ્ઞાન તેનું નામ અનુભવ કહેવાય છે. તે અનુભવ જે રીતે થાય છે તે કહે છે—''यावत् अपरभावत्यागदृष्टान्तदृष्टिः अत्यन्तवेगात् अनवम् वृत्तिम् न अवतरति'' (यावत्) જેટલો કાળ, જે કાળે (अपरभाव) શુદ્ધચૈતન્યમાત્રથી ભિન્ન દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મરૂપ જે સમસ્ત ભાવો તેમના (त्याग) 'આ ભાવો સમસ્ત જૂઠા છે, જીવનું સ્વરૂપ નથી' એવા પ્રત્યક્ષપણે આસ્વાદરૂપ જ્ઞાનના સૂચક (दृष्टान्त) ઉદાહરણની માફક-[વિવરણ—જેવી રીતે કોઈ પુરુષે ધોબીના ઘરેથી પોતાના વસ્ત્રના ભ્રમથી બીજાનું વસ્ત્ર આવતાં ઓળખ્યા વિના પહેરીને પોતાનું જાણ્યું, પછી તે વસ્ત્રનો ધણી જે કોઈ હતો તેણે છેડો પકડીને કહ્યું કે 'આ વસ્ત્ર તો મારું છે,' ફરીને કહ્યું કે 'મારું જ છે,' આમ સાંભળતાં તે પુરુષે ચિહ્ન તપાસ્યું અને જાણ્યું કે 'મારું ચિહ્ન તો મળતું નથી, માટે નક્કી આ વસ્ત્ર મારું નથી, બીજાનું છે,' તેને આવી પ્રતીતિ થતાં ત્યાગ થયો ઘટે છે, વસ્ત્ર પહેરેલું જ છે તોપણ

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ત્યાગ ઘટે છે, કેમ કે સ્વામિત્વપણું છૂટી ગયું છે; તેવી રીતે અનાદિ કાળથી જીવ મિથ્યાદૃષ્ટિ છે તેથી કર્મસંયોગજનિત છે જે શરીર, દુઃખસુખ, રાગદ્વેષ આદિ વિભાવપર્યાયો તેમને પોતાનાં જ કરીને જાણે છે અને તે-રૂપે જ પ્રવર્તે છે, હેય-ઉપાદેય જાણતો નથી; આ પ્રમાણે અનંત કાળ ભ્રમણ કરતાં જ્યારે થોડો સંસાર રહે છે અને પરમગુરુનો ઉપદેશ પામે છે—ઉપદેશ એવો છે કે 'હે જીવ! જેટલાં છે જે શરીર, સુખ-દુઃખ, રાગ-દ્વેષ-મોહ, જેમને તું પોતાનાં કરીને જાણે છે અને એમાં રત થયો છે તે તો સઘળાંય તારાં નથી, અનાદિ કર્મસંયોગની ઉપાધિ છે'-ત્યારે એવું વારંવાર સાંભળતાં જીવવસ્તુનો વિચાર ઊપજ્યો કે 'જીવનું લક્ષણ તો શુદ્ધ ચિદ્રૂપ છે, તેથી આ બધી ઉપાધિ તો જીવની નથી, કર્મસંયોગની ઉપાધિ છે'; શરીર, સુખ, દુઃખ જેમ હતાં તેમ જ છે, પરિણામોથી ત્યાગ છે, કેમ કે સ્વામિત્વપણું છૂટી ગયું છે. આનું જ નામ અનુભવ છે, આનું જ નામ સમ્યક્ત્વ છે. આ પ્રમાણે દૃષ્ટાન્તની માફક]—ઊપજી છે દૃષ્ટિ અર્થાત્ શુદ્ધ ચિદ્રૂપનો અનુભવ જેને એવો જે કોઈ જીવ છે તે (अनवम्) અનાદિ કાળથી ચાલ્યા આવતા (वृत्तिम्) જે કર્મપર્યાય સાથે એકત્વપણાના સંસ્કાર તે-રૂપે (न अवतरति) પરિણમતો નથી. ભાવાર્થ આમ છે—કોઈ જાણશે કે જેટલાં પણ શરીર, સુખ, દુઃખ, રાગ, દ્વેષ, મોહ છે તેમની ત્યાગબુદ્ધિ કંઈક અન્ય છે—કારણરૂપ છે તથા શુદ્ધ ચિદ્રૂપમાત્રનો અનુભવ કંઈક અન્ય છે—કાર્યરૂપ છે. તેના પ્રત્યે ઉત્તર આમ છે કે રાગ, દ્વેષ, મોહ, શરીર, સુખ, દુઃખ આદિ વિભાવપર્યાયરૂપ પરિણમતા જીવના જે કાળે આવા અશુદ્ધ પરિણમનરૂપ સંસ્કાર છૂટી જાય છે તે જ કાળે તેને અનુભવ છે. તેનું વિવરણ—શુદ્ધ ચેતનામાત્રનો આસ્વાદ આવ્યા વિના અશુદ્ધ ભાવરૂપ પરિણામ છૂટતા નથી અને અશુદ્ધ સંસ્કાર છૂટ્યા વિના શુદ્ધ સ્વરૂપનો અનુભવ થતો નથી. તેથી જે કાંઈ છે તે એક જ કાળ, એક જ વસ્તુ, એક જ જ્ઞાન, એક જ સ્વાદ છે. હવે જેને શુદ્ધ અનુભવ થયો છે તે જીવ જેવો છે તેવો જ કહે છે. ૨૯.

## કલશ-૨૯ ઉપર પ્રવચન

વાસ્તવિક જીવનું અભેદ સામાન્ય સ્વરૂપ શું છે? એનામાં વિશેષો હોવા છતાં. વિશેષ એટલે? કર્મનો નિમિત્ત સંબંધ, પુણ્ય-પાપના વિકલ્પ, ગુણી-ગુણના ભેદો, અનેક અવસ્થાઓના પ્રકારના ભેદો એવું છે. છતાં વાસ્તવિક જીવસ્વભાવ, એના તરફનું લક્ષ છોડીને જ્ઞાયકસ્વભાવ એકરૂપ એના ઉપર દૃષ્ટિ આપવાથી એને સમ્યગ્દર્શન અને જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. સમજાણું કાંઈ? એની વાત ચાલે છે. ૨૯.

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


(માલિની)

अवतरति न यावद्वृत्तिमत्यन्तवेगा–
दनवमपरभावत्यागदृष्टान्तदृष्टिः।
झटिति सकलभावैरन्यदीयैर्विमुक्ता
स्वयमियमनुभूतिस्तावदाविर्बभूव।।२९।।

'ખંડાન્વય સહિત અર્થ :—' इयम् अनुभूतिः तावत् झटिति स्वयम् आविर्बभूव' 'આ વિદ્યમાન અનુભૂતિ અર્થાત્ શુદ્ધચૈતન્યવસ્તુનું પ્રત્યક્ષપણે જાણપણું...' અનુભૂતિની વ્યાખ્યા કરી. ભગવાન આત્મા એક સમયમાં શુદ્ધ ચૈતન્ય પદાર્થ અનંતગુણનો પિંડ એવું એકરૂપ, એવી શુદ્ધ ચૈતન્ય વસ્તુ-એવો શુદ્ધ ચૈતન્ય પદાર્થ એનું પ્રત્યક્ષ જાણપણું. એને પોતાના જ્ઞાનના સ્વ આશ્રયે જ્ઞાનનો અનુભવ થવો એનું નામ અનુભૂતિ અને આત્માનો અનુભવ કહેવામાં આવે છે. એ અનુભવ છે તો પર્યાય. સમજાણું? પર્યાય એટલે નવી અવસ્થા. એ અવસ્થા અનાદિની રાગાદિ, પુણ્યાદિના વિકલ્પ આદિની અવસ્થા જે વર્તતી હતી એના ભેદનું લક્ષ છોડીને એકલો શુદ્ધ ચૈતન્ય પદાર્થ, એનો અનુભવ થતાં જ્ઞાનનું પ્રત્યક્ષપણું થઈને જે ભાન થવું એને અહીંયાં અનુભૂતિ એ પર્યાય છે, વસ્તુ ત્રિકાળ છે અને એનો અનુભવ થવો તે વર્તમાન દશા છે. આ વસ્તુ છે આ રીતે. એવી જેને ખબર નથી એને એ અનુભવ ન થાય અને એની પર્યાયોના પ્રકારોનું અસ્તિત્વ છે, એની એને ખબર નથી તો એનાથી ખસીને સામાન્ય કોર આવવું એવો અનુભવ એને હોઈ શકે નહિ. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા ભૂલમાં છે. ભૂલમાં જો ન હોય તો એને ભૂલ ટાળવી એ હોઈ શકે નહિ. ભૂલમાં છે ત્યારે ભૂલ એક દશા છે. અને એ દશા પલટી શકે. પલટી એટલે અવસ્થા છે. એ કાંઈ કાયમની ચીજ નથી. અને એ પલટતાં આત્માના સ્વભાવની શુદ્ધતા તરફની એકાગ્રતા થતાં જે જ્ઞાનનો સ્વ આશ્રય પ્રત્યક્ષ થઈને અનુભવ થવો એવી નિર્મળ પર્યાય પ્રગટ થાય ત્યારે ભેદવાળી એકત્વબુદ્ધિની જે પર્યાય હતી એનો નાશ થાય. સમજાણું કાંઈ? આ રીતે વસ્તુની સ્થિતિ છે અને આ રીતે ન જાણે એને કોઈ રીતે આત્માનો અનુભવ અને આત્મભાન થાય નહિ.

'શુદ્ધચૈતન્યવસ્તુનું પ્રત્યક્ષપણે જાણપણું...' એનો અર્થ એ કે પહેલું રાગ ને વિકલ્પથી આત્મા છે એમ ભલે જાણતો હોય પણ એ બધું રાગ વિનાની ચીજની એકત્વબુદ્ધિથી જે જાણવું એવું એ જ્ઞાન નથી. એ જ્ઞાન મિથ્યાજ્ઞાન છે. સમજાણું કાંઈ? વિકલ્પ જે રાગાદિ છે એનાથી નક્કી કરે કે આ આત્મા છે. આ એની પર્યાયમાં ભૂલ છે, ત્રિકાળી વસ્તુ છે એવું જ્ઞાન કરે એ જ્ઞાન મિથ્યાજ્ઞાન છે. એવું જ્ઞાન તો અનાદિનું ચાલ્યું આવે છે. પણ શુદ્ધ ચૈતન્ય પદાર્થના ઉપર સ્વલક્ષમાં આવતા ચૈતન્ય એનો સ્વનો જ આશ્રય થઈને જે જ્ઞાનનું પ્રત્યક્ષપણું થઈ અને જાણપણું થાય એને પ્રત્યક્ષ અનુભૂતિ અને ધર્મની દશા કહે છે. કહો,

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


સમજાણું કાંઈ?

**'તેટલા કાળ સુધી તે જ સમયે...'** તેટલો કાળ એટલે શુદ્ધ ચૈતન્ય વસ્તુના પ્રત્યક્ષ અનુભવના કાળમાં કોઈ એ સમયમાં **'સહજ જ પોતાના જ પરિણમનરૂપ પ્રગટ થઈ.'** સહજ સ્વભાવે. **'स्वयम्'** શબ્દ પડ્યો છે ને? સહજ. પુણ્ય-પાપના વિકલ્પ અને મન આદિના સંગ વિના એકલું ચૈતન્ય સ્વયં સહજ **'પોતાના જ પરિણમનરૂપ...' 'સહજ જ પોતાના જ પરિણમનરૂપ...'** જે પહેલું વિકાર પુણ્ય-પાપ આદિ દયા-દાન વિકલ્પનું પરિણમનરૂપ હતું એ જ્ઞાન મિથ્યાજ્ઞાન, એ શ્રદ્ધા મિથ્યા અને એમાં ઠરવું એ મિથ્યાચારિત્ર. સમજાણું કાંઈ? **'સહજ જ પોતાના જ પરિણમનરૂપ...'** જ્ઞાયક ચૈતન્ય શુદ્ધ પરિણામિક પદાર્થરૂપ સ્વભાવ, એના જ પરિણમનરૂપ. એ પુણ્ય-પાપના પરિણમનરૂપ એ વાસ્તવિક પરિણામિક પદાર્થનું પરિણમનરૂપ નહોતું. કહો, સમજાણું કે નહિ આમાં? ક્યાં ગયા શેઠી? શેઠી તો બોલતા નથી. શું કહ્યું?

વસ્તુ છે કે નહિ? પદાર્થ છે કે નહિ? છે ને? છે એ એની વર્તમાન વિકલ્પ વિકલ્પના ભેદ વિનાની ચીજ છે. એ ચીજ પરંપરા પદાર્થ, પરમપરિણામિક, પરમસ્વભાવભાવ કહો, એનું જ પરિણમન એટલે પર્યાયમાં એવું જ નિર્મળ પરિણમન થવું એનું નામ પ્રત્યક્ષ અનુભૂતિ અને ધર્મ દશા કહે છે. એણે અનંતકાળમાં ધર્મને નામે બધું ઘણું કર્યું એમ માન્યું એણે. પણ ધર્મ કેમ થાય અને એ ધર્મ કરનારું દ્રવ્ય કેવું અને એની પર્યાય કેવી? એમાં અનંતા ગુણ કેવા? એવા ભાન સહિત અંતરમાં અનુભૂતિમાં કોઈ દી ગયો નથી. સમજાણું કાંઈ?

**'સહજ જ પોતાના જ પરિણમનરૂપ પ્રગટ થઈ.'** **'आविर्बभूव'** છે ને? **'आविर्बभूव'** **'પ્રગટ થઈ.'** એમ. **'आविर'** પ્રગટ **'बभूव'** થયો. ભગવાન આત્મા અનાદિથી પુણ્ય અને પાપ, કામ અને ક્રોધ, પર મારા, હું એવા વિકલ્પથી પ્રગટ વિકારી દશાપણે અવસ્થા હતી, એ સંસાર, એ દુઃખ, એ ભ્રમણા, એ પરિભ્રમણના મૂળિયા. એનાથી ખસીને ભગવાન જ્ઞાનમૂર્તિ પૂર્ણ ચૈતન્યસૂર્ય એવા સર્વજ્ઞ ભગવાને જે પર્યાય જોઈ અને જે દ્રવ્ય જોયું વસ્તુ, એવી દ્રવ્ય ઉપર સામાન્યમાં જતાં જે સામાન્ય સ્વભાવ ત્રિકાળી છે એ જ પરિણમન થઈને રાગ વિનાની દશા થવી એનું નામ અનુભૂતિ, એનું નામ સમ્યગ્દર્શન, એનું નામ સમ્યગ્જ્ઞાન, એનું નામ સ્વરૂપઆચરણ. આહાહા..! કોઈ દી રસ્તા સાંભળ્યા નથી. બાલુભાઈ! બાલુભાઈ હા પાડે છે. આહાહા..!

અરે..! ચિદાનંદ સ્વરૂપ મહાન પદાર્થ અનંત અનંત શાંત અને અનાકુળ રસનો જ્ઞાનનો ભંડાર એવી એકરૂપ વસ્તુ. એવો પરમપદાર્થ પરમ પારિણામિક એટલે સહજ સ્વભાવવાળો પદાર્થ એના અંતરમાં લક્ષ જઈને એ પરમસ્વભાવનું જ પરિણમન પુણ્ય ને પાપના વિકલ્પ ને ભેદ વિનાનું સ્વભાવના લક્ષે, આશ્રયે પ્રત્યક્ષ જ્ઞાન અને પ્રતીતિ અને અનુભૂતિ થાય એનું નામ ધર્મ અને સમ્યગ્દર્શન અને મોક્ષનો માર્ગ કહેવાય છે. કહો, સમજાણું આમાં? આમાં

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પ્રશ્ન તકરારને અવકાશ ક્યાં છે? આમાં હા ને હુ... આ વસ્તુ જ આવી છે ત્યાં...

**'કેવી છે તે અનુભૂતિ?' 'अन्यदीयैः सकलभावैः विमुक्ता'** અનુભૂતિ હોં! અનુભૂતિ કેવી છે હવે ઈ કહે છે. આહાહા..! પર્યાય. ભગવાન આત્મા વાસ્તવિક અખંડ અભેદ પદાર્થ પોતાનો નિજ સ્વભાવ, એનો અનુભવ થતાં જે પર્યાય પ્રગટી, (તો) કેવી છે એ પર્યાય અનુભૂતિની? **'શુદ્ધચૈતન્યસ્વરૂપથી અત્યંત ભિન્ન એવાં દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મ સંબંધી સકળ અર્થાત્ જેટલા છે...'** ભાવ, એનાથી તે રહિત છે. સર્વથા રહિત છે એમ કહેવું છે. હજી લાંબુ વાક્ય છે.

**'કેવી છે અનુભૂતિ?'** જ્ઞાન-ચૈતન્ય પદાર્થ મહાન સ્વભાવ એના સન્મુખ થઈને, વિકલ્પ અને સંયોગથી વિમુખ થઈને અંતર પદાર્થની અનુભૂતિનો ધર્મ દશા પ્રગટ થયો. કેવું છે ઈ? કે શુદ્ધ ચૈતન્યસ્વરૂપ જે ભગવાન આત્મા એનાથી અત્યંત જુદાં, અત્યંત જુદાં. કોણ? જડકર્મ, આઠ કર્મ અંદર છે એ અત્યંત જુદાં. ભાવકર્મ-પુણ્ય-પાપ, દયા, દાનના વિકલ્પો કે ગુણ-ગુણીના ભેદનો વિકલ્પ રાગ, એનાથી ચૈતન્ય શુદ્ધ વસ્તુ અત્યંત જુદી. અને નોકર્મ-આ વાણી, આ શરીર એને નોકર્મ કહેવાય બાહ્ય પદાર્થ. એનાથી શુદ્ધ ચૈતન્ય વસ્તુ તદ્દન જુદી. અને **'सकलभावैः'** જુઓ! પણ આ વસ્તુ સિદ્ધ કરે છે હોં પાછી. છે ખરી. કર્મ છે, વિકાર છે, શરીરાદિ છે. ભ્રમ નથી. નથી એમ નહિ. છે પણ એ વસ્તુના સ્વરૂપથી ભિન્ન ચીજ છે. સમજાણું કાંઈ? કાંઈ નથી એમ નહિ. એ વસ્તુ જે ચૈતન્ય શુદ્ધ વસ્તુ એનાથી એ જુદી છે. જુદાપણું છે. એનાથી જુદાપણાંથી ખસી અને શુદ્ધ ચૈતન્યના વસ્તુની દૃષ્ટિ થઈ અનુભવ એ અનુભૂતિ આ બધા ભાવથી રહિત છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'સકળ અર્થાત્ જેટલા છે ગુણસ્થાન-'** જુઓ! ગુણસ્થાન. ગુણસ્થાન એટલે આત્માની નિર્મળ પર્યાયોના કે મલિન પર્યાયના પ્રકારના ચૌદ ભેદ છે. ચૌદ ભેદ છે. ગુણસ્થાનની દશા ચડવાની. ચડતા... ચડતા... ચડતા... ચૌદમી સુધી થાય અને પછી સિદ્ધ થાય એવી દશાના શુદ્ધિની વૃદ્ધિના કે અશુદ્ધિના પ્રકારમાં એ ચૌદ ગુણસ્થાન નામ પર્યાયના-અવસ્થાના ભેદો છે. એ છે ખરા. પણ એનાથી અનુભૂતિમાં એ પ્રકાર ભેદ નથી. સમજાણું કાંઈ? સમજાય છે કે નહિ? રતિભાઈ! ગુણસ્થાન, માર્ગણાસ્થાન. માર્ગણાસ્થાન એટલે? જીવ કઈ પર્યાયમાં અત્યારે છે? મનુષ્યમાં છે, રાગમાં છે, ક્રોધમાં છે, માનમાં છે, વિષય લેશ્યામાં છે એવી જે અવસ્થાઓના ભેદ એ બધા છે ખરા. પણ એ ભેદથી લક્ષ છોડીને શુદ્ધ ચૈતન્ય વસ્તુના પદાર્થનો અનુભવ એની અંદરમાં એ ભેદ-બેદ છે નહિ. સમજાણું કાંઈ? કહો, શેઠી!

મુમુક્ષુ :- ઉતાર-ચઢાવ થાય છે....

ઉત્તર :- ઉતાર-ચઢાવ એ ભેદ છે પર્યાય છે. અનુભૂતિમાં ચડાવ નથી ત્યાં અભેદ છે. સ્વભાવની શુદ્ધ વસ્તુ તરફની એકતાની અનુભૂતિ એમાં ભેદ છે નહિ.

મુમુક્ષુ :- ..

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઉત્તર :- ફેર હોય છે ને. ભલે ફેર હોય. પણ અભેદ છે. ઠીક પ્રશ્ન કર્યો હોં શેઠે. બરાબર. ચૈતન્ય શુદ્ધ વસ્તુ એમાં એકાગ્રતા પણ એમ ભેદનો એના ભાન નથી. એ વસ્તુ નિર્મળાનંદ શુદ્ધ ચૈતન્ય અભેદપણાને પામે છે. મોક્ષનો માર્ગ અને આત્મા જાણવો એને ઘણો અનંત પુરુષાર્થ જોઈએ. એમ ને એમ મળી જાય.. સમજાણું? ક્યાંક ને ક્યાંક.. જયંતિ આવી છે ને? એમાં એક જણે ઉડાવ્યું હતું. આવ્યું છે ને? અમર ભારતી. ભગવાનને પૂછ્યું કે પ્રભુ! આપની ભક્તિ ઊંચી કે સેવા ઊંચી? ભગવાને ભાખ્યું કે સેવા ઊંચી. આવા લખાણ. અરે..! આ તે શું વસ્તુ? મહાવીર જયંતિ આવે છે ખરીને એ પહેલા લખાણ જોઈએ ને ભગવાન આવા હતા. ભગવાને બધાને સમભાવ આપ્યો. સ્ત્રીને પણ મોક્ષ ને ફલાણાને આમ, ફલાણાને આમ. આહાહા..! અરે..! ભગવાન તો સર્વજ્ઞ પદને પામ્યા એ તો પહેલી વાત થઈ ગઈ ને. એ વસ્તુ પોતે સર્વજ્ઞ સ્વરૂપે હતા, આનંદ સ્વરૂપે હતા સ્વભાવે. એ એકાગ્રતાને પામીને જેની દશામાં પૂર્ણાનંદ અને સર્વજ્ઞ દશા થઈ એ એણે કર્યું છે. એ તો પહેલા આવી ગયું. આવ્યું હતું? ૨૮માં. સમજાણું કાંઈ? જયંતિને દી ફૂંકશે વાતું અનેક પ્રકારની. જયંતિભાઈ!

મુમુક્ષુ :- પોતાને અનુકૂળ હોય એમ..

ઉત્તર :- હા એમ કે સેવા. અરે.. ભગવાન! પ્રભુ! સાંભળ તો ખરો. આ શરીરના રજકણની પણ આ પર્યાયને આત્મા કરી શકે નહિ. ભાઈ! તને ખબર નથી. એ તત્ત્વો છે જગતના. અસ્તિ-અસ્તિ-અસ્તિ મોજૂદગીવાળા તત્ત્વો વિદ્યમાન તત્ત્વો છે. એ તત્ત્વોની અવસ્થાનું થવું એ તત્ત્વને આધીન છે. તારે આધીન નથી. ભગવાન પરની સેવાથી તને ધર્મ કહે અને પોતાની ભક્તિથી... અહીં તો ભગવાન કહે, મારી ભક્તિ ઉપર વાત કર એ પણ રાગ છે. સાંભળને! ભગવાને તો એમ કહ્યું છે. પરની સેવા તો કોણ કરી શકે? પણ ત્રણ લોકના નાથ સર્વજ્ઞ પરમાત્મા વીતરાગ પૂર્ણ આનંદની દશા થઈ, વાણીમાં આવ્યું કે અમારા તરફના લક્ષવાળી ભક્તિ પણ શુભરાગ છે એ ધર્મ-બર્મ છે નહિ. એ તારા અખંડ આત્માના દ્રવ્યની અંદરમાં દૃષ્ટિ કરીને એકાગ્ર થા એ ભક્તિ તારી છે. એ નિશ્ચયભક્તિ તે સમ્યગ્દર્શન છે.

મુમુક્ષુ :- વ્યવહાર...

ઉત્તર :- વ્યવહાર-બ્યવહાર નહિ. ભગવાનની ભક્તિ વ્યવહારભક્તિ કહેવાય.

મુમુક્ષુ :- વ્યવહાર સેવા કહેવાય.

ઉત્તર :- વ્યવહાર સેવા કોની? ભગવાનની. વિકલ્પ છે. પોતામાં આ ભગવાન છે અને એ મોટા છે એમ કરીને ગુણગ્રામ કરવા કે સેવા (કરવી) એ ભાવ બધો વિકલ્પ છે, રાગ છે, શુભરાગ છે. હો ભલે પણ એ મૂળ વસ્તુ નથી. અશુદ્ધ ટળીને જ્યારે એવો ભાવ ત્યારે હો. પણ એનાથી રહિત જ્ઞાયક ચિદાનંદ એકરૂપ એની અનુભૂતિ તે જ આત્માની ખરી નિશ્ચયભક્તિ છે. આહાહા..! એ ભક્તિ ભજન-ભજન. અખંડાનંદ શુદ્ધ અનંતગુણનું એકરૂપ.

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આવા માર્ગણાસ્થાન પણ નથી એના પર્યાયમાં. પર્યાયમાં હોવા છતાં અનુભૂતિમાં નથી. આહાહા..! એમ બતાવવું છે અહીં.

વળી **'રાગ-દ્વેષ-મોહ ઈત્યાદિ અતિ ઘણા વિકલ્પો આવે જે ભાવ અર્થાત્ વિભાવરૂપ પરિણામ તેમનાથી સર્વથા રહિત છે.'** '**(विमुक्ता)**' ભાઈ નથી આવ્યા? કહો, સમજાણું? મડદા શરીરના ઘડીકમાં ફરે, ઘડીકમાં ફરે. અહીં તો બહુ સરસ વાત લે છે. જુઓ! કહે છે કે પ્રભુ ભગવાન! પોતાના શુદ્ધ સ્વભાવને જ્યાં અવલંબીને અનુભૂતિ થઈ એ અનુભૂતિમાં આવા માર્ગણા આદિ રાગ-દ્વેષ-મોહ બિલકુલ નથી. '**સર્વથા રહિત છે.**' વસ્તુમાં તો નથી, પદાર્થમાં તો નથી પણ એની અનુભૂતિમાં પણ આ નથી. આહાહા..! સમજાણું કાંઈ? એક સમયનો પૂર્ણ શુદ્ધ સ્વભાવ ચૈતન્યપદાર્થ એની અંતરમાં અનુભૂતિની જે દશા, એમાં આવા ગુણસ્થાન અને માર્ગણાસ્થાન અને પુણ્ય-પાપ ને રાગ-દ્વેષ-મોહ એ બધા ભાવનો એમાં સર્વથા રહિત છે. સમજાણું કાંઈ?

'**ભાવાર્થ આમ છે કે...**' હવે વધારે નાખશે. પોતે સ્પષ્ટ વધારે કરશે. '**अन्यदीयैः विमुक्ता**' છે ને શબ્દ? '**अन्यदीयैः सकलभावैः विमुक्ता**' એની વ્યાખ્યા વિશેષ કરે છે. ભાવાર્થ. '**अन्यदीयैः सकलभावैः**' બધા અનેરા સકલભાવ એ કોણ કોણ છે, કહે છે. એ તો કહ્યું પણ વિશેષ હજી કહે છે. '**જેટલા પણ વિભાવપરિણામસ્વરૂપ વિકલ્પો છે...**' જેટલા આત્માની અંદરમાં પુણ્ય-પાપ, કામ-ક્રોધ, દયા-દાન, વ્રત વિકલ્પ એ ગુણસ્થાન માર્ગણાના ભેદો-ભેદ એ જેટલા વિકલ્પ છે એ બધું અંતર સ્વરૂપની દૃષ્ટિના અનુભૂતિના ભાવમાં નથી.

એ ઉપરાંત '**મન-વચનથી ઉપચાર કરી દ્રવ્ય-ગુણ-પર્યાયભેદરૂપ...**' શું કહે છે? ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્યભાગમાં દ્રવ્યરૂપ એટલે વસ્તુ, ગુણરૂપ એટલે શક્તિ, પર્યાય એટલે અવસ્થા એવો મન અને વચનનો ઉપચાર કરીને જે ત્રણ ભેદ પાડવા, ભેદ પાડવા તે પણ સ્વરૂપના, શુદ્ધ સ્વરૂપના અનુભૂતિમાં નથી. આહાહા..! પર્યાયમાં નથી. ભગવાન આત્મા એક સમયમાં પૂર્ણ શુદ્ધ ચૈતન્ય એનું અંતર અવલંબન કરીને જે આત્મામાં પ્રત્યક્ષ જ્ઞાન થઈને અનુભૂતિ થઈ એમાં મનથી ઉપચાર નામ આરોપ કરીને મનના વિકલ્પને લક્ષમાં લઈને કે આ દ્રવ્ય છે વસ્તુ, આ અનંતગુણ છે, આ પર્યાય છે. એવો જે મનથી અને વાણીથી ભેદ પાડીને વિકલ્પ હતો એ પણ અનુભૂતિની દશામાં એ નથી. સમજાણું કાંઈ? પુસ્તક-બુસ્તક રાખ્યું છે ને સામે? ઘણા પુસ્તક પડ્યા છે જુઓ હજી ખુણામાં. ખબર પડેને કે શેનો અર્થ થાય છે આ? ખજાનો ખુલ્યો છે.

ભગવાન! તું તો એક સ્વરૂપે અંદરમાં દૃષ્ટિ કર. છે ખરા બધા ભંગ હોં! અસ્તિપણે પર્યાયદૃષ્ટિએ છે. એ છે છતાં વસ્તુની દૃષ્ટિના અનુભૂતિમાં કે દ્રવ્યમાં એ વસ્તુ નથી. આહાહા..! વ્યવહાર કહે છે કે છે, અનુભૂતિ કહે છે કે નથી. અનુભૂતિ નિશ્ચય. સમજાણું કાંઈ? એમ

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ને એમ સમજ્યા વિના આત્માની વાતું એવા હવે કરવા નીકળ્યા છે ને જાણે...! આહા..! ભાઈ! એ આત્મા શું અને એની શક્તિ શું અને એની દશા શું? એવું જે સર્વજ્ઞ પરમાત્માએ જોયું છે એ રીતે જ છે. સમજાણું કાંઈ? છતાં કહે છે કે એ મનથી અને વાણીથી આમ ભેદ પાડવો ઉપચાર વ્યવહાર કે આ અનંતગુણનો પિંડ તે આત્મા અને એના અનંતગુણ જે જ્ઞાન-દર્શન એ એની શક્તિ સ્વભાવ અને એની દશાનું થવું એ પર્યાય-અવસ્થા છે ખરો. પણ એ મનના વિકલ્પનો ઉપચાર કરે ત્યારે એ ભેદ લક્ષમાં હોય છે. એ અનુભૂતિમાં દ્રવ્ય સ્વભાવની એકતાબુદ્ધિના અનુભવમાં એ હોતાં નથી. હોતા નથી એટલે કાંઈ વયા જાય છે એમ નહિ. દૃષ્ટિ અનુભૂતિ થતાં ઓલા દ્રવ્ય-ગુણ-પર્યાય માન્યા હતા એ દ્રવ્ય-ગુણ-પર્યાય જ વસ્તુ નથી. એમ નહિ. એ વસ્તુના ભેદરૂપે જે કલ્પના કરી હતી એવો ભેદ અનુભવમાં હોતો નથી. કેટલાક કહે છે, જુઓ! અહીં તો કાઢી નાખ્યા દ્રવ્ય-ગુણ-પર્યાય માટે એક જ રહ્યું. હવે સાંભળને કઈ અપેક્ષાએ? એ ચીજની અનુભૂતિ થતાં ભેદભાવ લક્ષમાં રહેતો નથી. ભેદ હોવા છતાં અભેદના દૃષ્ટિના અનુભવમાં તે ભેદ લક્ષમાં રહેતો નથી. એથી કહ્યું કે એની અનુભૂતિમાં અને વસ્તુમાં એ છે નહિ. સમજાણું કાંઈ? ભારે ઝીણું ભાઈ!

**'અથવા ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યભેદરૂપ વિકલ્પો છે...'** અને ભગવાન આત્મા, એના ત્રણ અંશો છે. કારણ કે પરિણમે છે, બદલે છે ક્ષણે ક્ષણે. બદલે છે તો વિકારની એકતા તોડીને સ્વભાવની એકતારૂપે બદલે અને એકતારૂપે પરિણમન થાય એ પણ પરિણમન કાયમ સાદિઅનંત રહ્યા કરે. પણ કહે છે કે એ પરિણવાની દશારૂપ ઉત્પન્ન થવું, પૂર્વની અવસ્થાનો વ્યય થવો અને સદૃશ્યપણે, ધ્રુવપણે રહેવું એવા ત્રણને પણ લક્ષમાં લેતાં, એવું ત્રણ છે ખરું પણ એને લક્ષમાં લેતાં મન, વચનના ઉપચાર વ્યવહારથી લક્ષમાં આવે છે. અનુભૂતિમાં એ ત્રણ ભેદો હોતા નથી.

મુમુક્ષુ :- કાયાથી...

ઉત્તર :- કાયાથી શું કરવું હતું? વાણીથી બોલવું કે આ ઉત્પાદ છે, આ વ્યય છે, આ ધ્રુવ છે. મનથી વિકલ્પ કરવો. ઈ કાયાને શું છે? કહો. વિકલ્પ છે માટે વાણી સાથે લીધી છે. નહિતર વાણી તો જડ છે. પણ વિકલ્પ ઉઠે છે ને? વાણીમાં એમ બોલાય છે ને કે આત્માની આ સમય સમયની અવસ્થા તે ઉત્પાદ છે. નવી નવી અવસ્થા થાય, જૂની અવસ્થા જાય, ધ્રુવ (કાયમ રહે) એમ બોલાય છે અને વિકલ્પ છે એટલે બે લીધા. કાયાનું શું કામ છે? સમજાણું કાંઈ?

**'મન-વચનથી ઉપચાર કરી...'** ઉપચાર એટલે ભેદ પાડીને, વ્યવહાર કરીને લક્ષ કરવું એવા ભેદરૂપ અને ઉત્પાદ-વ્યય ભેદરૂપ. જુઓ! ઉત્પાદવ્યયધ્રૌવ્યયુક્તં સત્. દરેક પદાર્થ એવો સ્વભાવ જ એનો છે કે કાયમ ટકીને નવી અવસ્થા થાય અને જૂની અવસ્થા જાય. એવું જ એનું અનાદિઅનંત સ્વરૂપ છે. છતાં એવા ત્રણ ભેદોને લક્ષમાં લેવા એ મન સંબંધીનો

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એક વિકલ્પ છે રાગ. સમજાણું કાંઈ? **'તેમનાથી રહિત...'** એ ત્રણ ભેદ નહિ. ઉત્પાદ-વ્યય-ધ્રુવના ત્રણ ભેદ નહિ. એ તો આ પંચાધ્યાયીમાં લીધું છે ને? એમ કે ત્યારે ગુણ આ ઉત્પાદ-વ્યય-ધ્રુવ વસ્તુ નથી? કીધી છે ને એમાં? ભાઈ! છે સાંભળને. પણ અનુભવમાં નથી. અભેદમાં ભેદ દેખાતો નથી. પંચાધ્યાયીની શૈલી છે જુઓને બધી આ. સમજાણું?

**'તેમનાથી રહિત શુદ્ધચેતનામાત્રના આસ્વાદરૂપ જ્ઞાન તેનું નામ અનુભવ કહેવાય છે.'** સમજાણું કાંઈ? ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય પદાર્થ વસ્તુ નિર્મળાનંદ ભગવાન, એનો જે અનુભવ, એના સન્મુખ થઈને, પરથી વિમુખ થઈને પોતાના સ્વભાવ સન્મુખના સમ્યગ્દર્શનની અનુભૂતિના પરિણામ, એની અંદર આ બધું હોતું નથી. શું હોય છે? **'શુદ્ધચેતનામાત્રના આસ્વાદરૂપ...'** અસ્તિ કહે છે. ઓલી નાસ્તિ કીધી. છે શું ત્યારે? શુદ્ધચેતનામાત્રનો આનંદ. શુદ્ધ ચેતનામાત્રનો સ્વાદ, અતીન્દ્રિય આનંદનો સ્વાદ, એ રૂપે જે જ્ઞાન, **'તેનું નામ અનુભવ કહેવાય છે.'** એનું નામ અનુભવ આત્માનો કહેવાય છે. કહો, સમજાણું કાંઈ?

**'શુદ્ધચેતનામાત્રના આસ્વાદરૂપ...'** નામ અતીન્દ્રિય આનંદનો, અભેદ તરફના લક્ષના અનુભૂતિમાં એકલો આનંદના અનુભવનું જે જ્ઞાન **'આસ્વાદરૂપ જ્ઞાન...'** આનંદનું જ્ઞાન એમ કહે છે. એવો જે અનુભવ. એને આત્માની અનુભૂતિ કહે છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- .. ચાલી હતી. આ ભગવાનની સ્તુતિ છે. એ ભગવાન પરમાત્મા થઈ ગયા એ આવા ને આવા તીર્થંકર સર્વજ્ઞ એ તો પર છે. એના ઉપરની ભક્તિ એ તો વિકલ્પ શુભરાગ છે. ધર્મ-બર્મ નથી. ભારે વાત ભાઈ!

તું ભગવાન એક સમયમાં પૂર્ણ અનંતગુણનો પિંડ સ્વતંત્ર છો. એના ભેદનું પણ લક્ષ છોડીને અભેદ વસ્તુની દૃષ્ટિમાં અભેદ અનુભવમાં એ ભેદ હોતા નથી. આ વાત છે. સમજાણું કાંઈ? **'તે અનુભવ જે રીતે થાય છે તે કહે છે-'** **'यावत् अपरभावत्यागदृष्टान्तदृष्टिः अत्यन्तवेगात् अनवम् वृत्तिम् न अवतरति'** **'(यावत्)'** નામ **'જેટલો કાળ,...'** જેટલા કાળ સુધી **'જે કાળે...'** જે કાળમાં **'अपरभाव'** **'શુદ્ધચૈતન્યમાત્રથી ભિન્ન...'** ભગવાન શુદ્ધ ચૈતન્યમાત્ર ઉપર દૃષ્ટિ જતાં એનાથી જેટલા દ્રવ્યકર્મ જડ માટી છે એ જુદાં. પુણ્ય-પાપના વિકલ્પ ભાવકર્મ એ જુદાં. **'નોકર્મરૂપ જે સમસ્ત ભાવો તેમના...'** **'(त्याग)'** **'આ ભાવો સમસ્ત જૂઠા છે,...'** જૂઠા એટલે? એ અંતર આશ્રય કરવા લાયક નથી. જુઓ! આ અભૂતાર્થ ભાઈ કીધું ને? **'ववहारोऽभूदत्थो'** એ શૈલી લીધી. ભાવો બધા જૂઠાં છે. એટલે કે અંદર આશ્રય કરવાલાયક નથી. માટે જૂઠાં. ત્રિકાળ જ્ઞાયક વસ્તુ આશ્રય કરવા લાયક માટે તે ભૂતાર્થ. આહાહા..! સમજાણું કાંઈ?

**'જીવનું સ્વરૂપ નથી...'** કાયમ ત્રિકાળી ભગવાનસ્વરૂપ આત્માનું, .. આ ભાવો બધા એનું ખરું સ્વરૂપ નથી. સમજાણું કાંઈ? **'આ ભાવો સમસ્ત જૂઠા છે,...'** એની વ્યાખ્યા

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કરી. **'જીવનું સ્વરૂપ નથી...'** માટે જૂઠાં એમ. સમજાણું કાંઈ? શું કહ્યું? ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્યભાગમાં પૂર્ણ વસ્તુ એની અંતરમાં અનુભૂતિ પરિણામની થતાં તે વસ્તુ જૂઠી છે. એટલે કે તેના અનુભવમાં આવતી નથી અને અનુભવનો આશ્રય એ ચીજ છે નહિ. એ અપેક્ષાએ તેને જૂઠી કહેવામાં આવે છે. કેમ કે વાસ્તવિક જીવનું એક સ્વરૂપ ત્રિકાળી, એ સ્વરૂપે એ ચીજ નથી. એ સ્વરૂપે એ ભેદરૂપ સ્વરૂપે એ ચીજ નથી. માટે તેને જૂઠી કહેવામાં આવી છે. સમજાણું કાંઈ? પણ ટીકા કરી છે ને! ઘણે વર્ષે આવ્યું બહાર.

**'એવા પ્રત્યક્ષપણે આસ્વાદરૂપ જ્ઞાનના સૂચક...'** હવે કહે છે શું? એનો હવે દાખલો આપે છે કે ભગવાન આત્મા એક સમયમાં નાનામાં નાના સમયમાં પોતાના શુદ્ધ ચૈતન્ય વસ્તુને અવલંબીને દૃષ્ટિ અને અનુભવ થતાં તેને બધી વસ્તુ ભેદ આદિ જૂઠી કીધી. હવે એને કહે છે કે એ પ્રત્યક્ષ આનંદનો દાખલો શો? પ્રત્યક્ષ આનંદ સ્વાદ આવ્યો અનુભવ એનો દૃષ્ટાંત શું? સમજાણું કાંઈ?

**'ઉદાહરણની માફક-'** **'दृष्टान्त'** એટલે ઉદાહરણની માફક. **'વિવરણ—'** એનું કથન દૃષ્ટાંતનું. **'જેવી રીતે કોઈ પુરુષે ધોબીના ઘરેથી પોતાના વસ્ત્રના ભ્રમથી બીજાનું વસ્ત્ર આવતાં...'** કોઈ પુરુષે ધોબીને ઘરે જઈને પોતાના વસ્ત્રના બદલે. ધોખા એટલે બદલે **'બીજાનું વસ્ત્ર આવતાં...'** બીજું વસ્ત્ર આવી ગયું. હતું પોતે ધોવા દીધેલું પોતાનું. પણ એને ઠેકાણે બીજું હતું. ચિહ્ન-બિહ્ન પરખ્યા વિના લઈ લીધું. પછેડી કો'કની. પોતાની પછેડી હતી એ ભૂલી ગયો અને આ કો'કની પછેડી લઈ લીધી.

**'ઓળખ્યા વિના પહેરીને પોતાનું જાણ્યું,...'** પહેરીને પોતાનું જાણ્યું. મેં ધોવા આપ્યું હતું એ લૂગડું છે મારું. પહેર્યું. **'પછી તે વસ્ત્રનો ધણી જે કોઈ હતો...'** એ ત્યાં ગયો. વસ્ત્ર મારું? લઈ લ્યો આનું વસ્ત્ર. આમાં મારું નથી. તો કહે, એક હમણાં આવ્યો હતો કો'ક એ લઈ ગયો હશે. એ હોય તમારું. **'તેણે છેડો પકડીને કહ્યું કે...'** સમજ્યા? **'કોઈ હતો તેણે છેડો પકડીને...'** છેડો. **'આ વસ્ત્ર તો મારું છે. ફરીને કહ્યું કે મારું જ છે,...'** બે વાર છે. મારું છે આ વસ્ત્ર, મારું છે. મારું જ છે. **'આમ સાંભળતાં તે પુરુષે ચિહ્ન તપાસ્યું...'** એ ઓઢીને બેઠો એનું ચિહ્ન જોયું કે આ મારું કપડું નહિ હોં! આ કપડાને કરે છે ને અત્યારે, નહિ? કોટને બીએ. ને એમ.એ. નામ ફલાણા હોય ને એનું નામ પોતાનું નાખે અંદર.. એ ભરતે કર્યું. કોઈ ભરીને નાખે. કોઈ વળી ભરે દોરો ભરે અંદર. ભરે છે ને? આમ જોયું, આ કપડું મારું નથી. આ તો કો'કનું.

**'આમ સાંભળતાં...'** પણ હોં! સાંભળીને **'પુરુષે ચિહ્ન તપાસ્યું...'** એણે જોયું. હા. .. જોર દઈને કહે છે કે મારું જ છે. તારું નહિ. લક્ષણ જોયા લક્ષણ કપડાનાં. મારું કપડું તો જરી જાડી દોરીનું હતું. મેં જોયું નહિ, જોયા વિના માની લીધું. **'જાણ્યું કે મારું ચિહ્ન તો મળતું નથી,...'** આ કપડામાં મારું લક્ષણ મળતું નથી. **'માટે નક્કી આ વસ્ત્ર મારું**

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**નથી,...**' માટે ખરેખર વસ્ત્ર મારું નથી. '**બીજાનું છે,..**' મારું નથી. બીજાનું છે. એમ અસ્તિ-નાસ્તિ કરી. '**તેને આવી પ્રતીતિ થતાં...**' એને એવી શ્રદ્ધા અને જ્ઞાન થતાં '**ત્યાગ થયો ઘટે છે,...**' એ પહેર્યું છતાં એનું નથી એમ ત્યાગ થઈ ગયો. .. થઈ ગયો. આ મારું નહિ. એ ભલે પહેર્યું હોય. '**તેને આવી પ્રતીતિ થતાં ત્યાગ થયો ઘટે છે,...**' એનો ત્યાગ જ થઈ ગયો એમ ઘટે છે એમ કહે છે. વસ્રના લક્ષણથી જાણ્યું કે આ વસ્ત્ર મારું નહિ. પહેર્યું છતાં તેનો ત્યાગ છે એમ જ ઘટે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, આ નહિ.. આ નહિ. આ કોટ કે આ પછેડી મારી નહિ.

'**વસ્ર પહેરેલું જ છે...**' શું કહે છે? '**ત્યાગ થયો ઘટે છે,...**' પહેલું એમ સિદ્ધ કર્યું. પહેર્યું છતાં એના ભાવમાં ત્યાગ થયો કે આ મારું નહિ. '**વસ્ર પહેરેલું જ છે...**' વસ્ર પહેર્યું જ છે. સમજાણું? '**તોપણ ત્યાગ ઘટે છે,...**' ન્યાય આપે છે. '**કેમ કે સ્વામિત્વપણું છૂટી ગયું છે;...**' અરે..! આ કપડાનું લક્ષણ મારું નહિ. ધણીપણું છૂટી ગયું. ધણીપણું છૂટી ગયું.

'**તેવી રીતે...**' આ તો દૃષ્ટાંત થયો. કપડાનો. '**અનાદિ કાળથી જીવ મિથ્યાદૃષ્ટિ છે...**' એ ઊંધી દૃષ્ટિ છે. કેમ છે હવે કહે છે ઊંધી દૃષ્ટિનું લક્ષણ શું પાછું? '**કર્મસંયોગજનિત છે...**' એટલે કર્મના સંયોગે જે ઉત્પન્ન થયેલું શરીર એ મારું.. મારું.. માનીને બેઠો છે. '**શરીર, દુઃખસુખ,...**'ની કલ્પના. સમજાણું કાંઈ? હું દુઃખી.

મુમુક્ષુ :- દાખલાથી બરાબર સમજાય છે.

ઉત્તર :- દાખલા વિના સમજવું પડશે પછી. આ તો દાખલો છે અંદર. ૩૫મી ગાથા છે એનો દાખલો.

'**દુઃખસુખ, રાગદ્વેષ આદિ વિભાવપર્યાયો...**' છે. સુખ-દુઃખની કલ્પના, હું સુખી છું, હું દુઃખી છું, આ શરીર ને આ રાગ, દયા, દાન, કામ, ક્રોધ, વિકલ્પો વિભાવ એ બધા વિભાવ મલિન, ઉપાધિ, આગંતુક ઉત્પન્ન થયેલા ભાવ. જેમ મહેમાન આવ્યો હોય એ કાંઈ ઘરની ચીજ નથી. એવા પુણ્ય ને પાપ, રાગ અને દ્વેષ, સુખ-દુઃખની કલ્પના હોં! એ બધા આગંતુક મહેમાન છે. એ મારી ચીજ નહિ. ઉપાધિભાવ છે બધો. '**તેમને પોતાનાં જ કરીને જાણે છે...**' અનાદિથી મારા કરીને માન્યા છે. સુખદુઃખની કલ્પના તે હું, દયા-દાનના ભાવ તે હું, અશુદ્ધ પરિણામ પાપના એ હું, શરીર તે હું. આ હોવાપણે હું. અંદરનું હોવાપણું કાયમનું ચૈતન્યતત્ત્વ છે એ ભૂલી ગયો છે.

'**તેમને પોતાનાં જ કરીને જાણે છે...**' પોતાનું કરીને અનાદિનો માનતો હતો. '**અને તે-રૂપે જ પ્રવર્તે છે,...**' જેને પોતા કરીને જાણ્યું એ-રૂપે પ્રવર્તતો હતો. શરીરની અવસ્થા એ જ હું, આ હું... આ હું.. આ હું... આ શરીર આમ ચાલે, આમ ચાલે. આહાહા..!

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


બસ! ઈચ્છા થાય ને બોલાય તો કહે હું, ઈચ્છા થાય અને હાથ આમ વળે, રોટલીના બટકા આમ આમ થાય.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ધૂળમાંય ટેવાઈ ગયો નથી. જડની દશા છે. કહે છે, પોતાનું માન્યું હતું એટલે એ અવસ્થાને પોતાપણે માનીને પ્રવર્તી રહ્યો હતો. માનવામાં પ્રવર્તી રહ્યો હતો હોં!

મુમુક્ષુ :- ....

ઉત્તર :- કોણ ખાય? કોણ પીવે? ધૂળને. ધૂળને અડ્યો જ નથી, અડતો પણ નથી કોઈ દી. માન્યું હતું કે આ મારું છે, આમ મેં કર્યું, આમ કર્યું. પટ્ટી લગાવી, આનું આમ થઈ ગયું, હવે .. આ લગાવે ને જ્યારે શું પ્લાસ્ટર. શું કહેવાય એ? પ્લાસ્ટર. ... એ મારું માન્યું એટલે એ બધી અવસ્થા મારી માની એમ પ્રવર્ત્યું. માનવામાં પ્રવર્ત્યો કે આ મને છે.. આ મને છે... આ મને છે... પણ તને ક્યાં હતો એ? જડને છે એ તો. કહો, જયચંદભાઈ! શું આમાં કહેવું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આમાં શરીર આવ્યું. પગ ચાલતો નથી.

કહે છે, '**અને તે-રૂપે જ પ્રવર્તે છે,...**' અહીં તો ઓલો ત્યાગ બતાવવો હતો ને ત્યાં? '**પોતાનાં જ કરીને જાણે છે અને તે-રૂપે જ પ્રવર્તે છે, હેય-ઉપાદેય જાણતો નથી.**' અરે..! શરીર, વાણી, મન, સુખ-દુઃખની કલ્પના, રાગ-દ્વેષ, દયા-દાન એ બધા હેય-છોડવા લાયક છે. એ મારી ચીજ નથી. ઉપાદેય તો એક જ્ઞાયક ચૈતન્ય ભગવાન આત્મા એ જ મારે અંગીકાર કરવા લાયક છે. એ જ મારે દૃષ્ટિમાં આશ્રય કરવા લાયક છે. એમ જાણતો નહોતો. અનાદિથી હોં! મોટો રાજા થયો, રંક થયો અને સાધુ થયો, બાવો થયો સાધુ અનંત વાર દિગંબર મુનિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પડિમા અનંત વાર લીધી, મહાવ્રત લીધા અનંત વાર. ધૂળમાં. પડિમા એટલે શું પણ હવે? પડિમા નહિ લીધી હોય અનંત વારમાં? અનંત વાર લીધી. રાગ છે ને રાગ. પડિમા શું મુનિપણું અનંત વાર લીધું. દ્રવ્યલિંગી નગ્ન મુનિ થયો. વસ્ત્ર-પાત્ર છોડીને.. એમાં .. તો કહે, આ મેં છોડ્યું. આ મારું કામ, આ મારું કામ, વસ્ત્ર છોડ્યું મારું કામ, શરીરને છોડ્યું મારું કામ. રાગ છોડ્યો એ મારું કામ, દ્વેષ છોડ્યો એ મારું કામ, સુખ-દુઃખ એ મારામાં છે. એમ માનીને પ્રવર્તતો હતો.

'**હેય-ઉપાદેય જાણતો નથી.**' વિકલ્પ દયા, દાન, પુણ્ય-પાપના ભાવ તે વિકારી હેય-છોડવા લાયક છે. ચિદાનંદ ભગવાન રાગથી ભિન્ન છે એ આદરણીય છે એવું ભાન હતું નહિ. '**આ પ્રમાણે અનંતકાળ ભ્રમણ કરતાં...**' જુઓ! આ રીતે અનંતકાળ સુધી ભ્રમણ

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કરતાં. એકેન્દ્રિયથી માંડીને મોટો રાજા થયો, મુનિના નામ ધરાવી ત્યાગી થયો. અનંતકાળમાં એ દયા, દાનના વિકલ્પ ને શુભભાવ કરુણાના, શરીરની ક્રિયા મારી એમ માનીને અનાદિથી મૂઢ થઈને પ્રવર્તી રહ્યો છે.

'**જ્યારે થોડો સંસાર રહે છે...**' હવે પરિભ્રમણ થોડું રહે છે અને ઘટી ગયું, હવે મોક્ષ જવાની તૈયારીનો કાળ એને આવે છે. '**અને પરમગુરુનો ઉપદેશ પામે છે—**' બે વાત. સાંભળતાં કહ્યું હતું ને ત્યાં? સમજાણું? સાંભળતા. '**અને પરમગુરુનો ઉપદેશ પામે છે–**' પરમગુરુ સર્વજ્ઞ પરમાત્મા, એના કહેલા, સંતો કહે એ પણ પરમગુરુનું જ કહે છે. સમજાણું? '**ઉપદેશ પામે છે—ઉપદેશ એવો છે કે...**' જુઓ! હવે ઉપદેશની વ્યાખ્યા. સંતોની, ધર્માત્માના ઉપદેશની પદ્ધતિ કેવી હોય? '**ઉપદેશ એવો છે કે...**' સંતો, જ્ઞાની, ધર્માત્માનો ઉપદેશ આવો હોય કે '**હે જીવ! જેટલાં છે જે શરીર, સુખ-દુઃખ, રાગ-દ્વેષ-મોહ, જેમને તું પોતાનાં કરીને જાણે છે...**' ઉપદેશમાં એ આવે મુનિના, ધર્માત્મા જ્ઞાનીના.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- રહી ગયો છે. એ તો ઠીક.

'**ઉપદેશ એવો છે કે...**' હે આત્મા! એમ કહે છે. પણ એને તો કહે છે. '**ઉપદેશ એવો છે કે હે જીવ! જેટલાં છે જે શરીર,...**' જીવને કહેવું છે ને? આ જેટલી વાણી '**શરીર, સુખ-દુઃખ,...**'ની કલ્પના, દયા, દાન, પુણ્ય-પાપનો ભાવ '**દ્વેષ-મોહ,...**' પરમાં સાવધાન. એવાને... '**જેમને...**' એટલે જેને '**તું પોતાનાં કરીને જાણે છે...**' જેને તું પોતાપણે માની રહ્યો છે. '**અને એમાં રત થયો છે...**' ઓલામાં કહ્યું હતું ને? પ્રવર્તી રહ્યો હતો. '**પોતાનાં જ કરીને જાણે છે અને તે-રૂપે જ પ્રવર્તે છે,...**' વસ્ત્રમાં કહ્યું હતું. એમ અહીંયાં એ બધા પુણ્ય અને પાપ, રાગ અને દ્વેષ, સુખ-દુઃખની કલ્પના અને શરીર એ બધું. '**જેમને તું પોતાનાં કરીને જાણે છે...**' પોતા કરીને માને ભાઈ! એમાં માન્યું એટલે '**એમાં રત થયો છે તે તો સઘળાંય તારાં નથી,...**' જુઓ! આ ઉપદેશ મુનિઓનો હોય છે. સમજાણું કાંઈ? શરીર તારું માટે શરીરથી કાંઈક ધર્મ થાય તને. એમ ઉપદેશ હોય? શરીર તારું નહિ માટે એનાથી ધર્મ થાય નહિ. પુણ્ય-પાપનો ભાવ તારો નહિ માટે એનાથી ધર્મ થાય નહિ. શરીરથી થાય. કહો, આ કોણ જાણે શું થયું? કાળ જ એવો છે ને. ગજબ કરે છે ને. રાજમલ કહે છે ને. જીવતાં શરીરથી ધર્મ થાય. આવા પ્રશ્નોથી ધર્મને લજાવી નાખ્યો. ઓલો ..વાળો છે ને. સમજાણું?

'**એમાં રત થયો છે તે તો સઘળાંય તારાં નથી,...**' જાણે છો એ મારા અને રત થઈ ગયો એમાં. ત્યાગ બતાવવો છે ને. એ કાંઈ તારું નથી. પુણ્ય અને પાપના વિકલ્પો, ગુણ-ભેદના વિકલ્પો, શરીર, વાણી, મન કાંઈ તારું નથી. એ ચીજ તારામાં છે નહિ એ

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


તારી છે નહિ. આવા ઉપદેશને સત્ય ઉપદેશ વીતરાગના માર્ગમાં કહેવામાં આવે છે. સમજાણું? **'અનાદિ કર્મસંયોગની ઉપાધિ છે...'** હવે નથી તો છે શું? ભાઈ! એ કર્મ જડ એના બધા સંગના ઉપાધિભાવ છે બધા. ધૂળ છે અંદર જડ કર્મ માટી. આ એની બધી શરીર, વાણી, દુઃખ ને સુખ-દુઃખ કલ્પના, રાગ ને દ્વેષ ને એ બધું ઉપાધિભાવ કર્મસંયોગની દશા છે. તારું કર્મ છે નહિ. સમજાણું?

**'ત્યારે એવું વારંવાર સાંભળતાં...'** એટલું મૂક્યું. સમજાણું? ઓલામાં **'ફરીને કહ્યું કે..'** એમ કહ્યું હતું ને? **'આ વસ્ત્ર તો મારું છે, ફરીને કહ્યું કે મારું જ છે,...'** એમ લીધું. વારંવાર લીધું પણ એમાં આમ લીધું. એમ **'આવું વારંવાર સાંભળતા...'** એક વારે તો ઉઠે એવો નથી, કહે છે. વારંવાર એને સાંભળવામાં મળે ત્યારે માંડ માંડ એને થાય કે અરે..! આ મારું નહિ. એકવાર સાંભળ્યા પછી થઈ રહ્યું. આ બહાર નીકળ્યા અને ભૂલી ગયો.

**'એવું વારંવાર સાંભળતાં...'** એવું એટલે? આ. એ બધી ઉપાધિ કર્મના સંયોગની ઉપાધિ છે. એનો અર્થ એવો નથી કે કર્મે કરાવ્યા છે સુખ-દુઃખ. એનો અર્થ કે કર્મ અને કર્મના સંગે થયેલો પુરુષાર્થ ઊંધો એ બધો રાગ-દ્વેષ તારી ચીજમાં નથી. સમજાણું કાંઈ? આ વેપાર-બેપાર કેટલો હશે આત્માનો? દુકાનનો? ત્યાં બાલુભાઈને બહુ ચાલે છે દુકાન સરખી. પૂછવા આવે. પુણ્યશાળી હોય એને પૂછવા આવે કે ભાઈ! કેમ કરવું ત્યારે અમારે? આનું કેમ કરવું? કેમ મગનભાઈ! મગનભાઈ પૂછવા ગયા હતા ને ઓલાને? કેમ કરવું? .. હું જાઉં છું એમ લખ્યું હતું. કાંઈ કર્યું નહિ. જાવ આમ કરજો. કીધું, ભારે ભાઈ આ તો બધા.

મુમુક્ષુ :- ....

ઉત્તર :- હા. આ વેપાર એનો નથી. હીરા-માણેકનો વેપાર આત્માનો નથી. એણે આત્માએ કર્યો નથી. એમ કહે છે. હીરા-માણેક નથી? આવ્યું કે નહિ? એમાં છે. તો શરીર ને ... બધું આવ્યું કે નહિ એની સાથે? આહાહા..! સમજાણું?

**'એવું વારંવાર સાંભળતાં જીવવસ્તુનો વિચાર ઊપજ્યો કે...'** ત્યારે એ જીવને આવું વારંવાર સાંભળવાથી જીવવસ્તુનો વિચાર, દેખો! જીવવસ્તુનો વિચાર. વસ્તુ ભગવાન આત્મા કેવી ચીજ છે? કોણ છે? કોણ છે? એના વિચાર ઊપજ્યો કે **'જીવનું લક્ષણ તો શુદ્ધ ચિદ્રૂપ છે,...'** ઓહો..! હું તો શુદ્ધ જ્ઞાનરૂપ આત્મા છું. આ ઉપાધિભાવ મારો નથી. રાગ-દ્વેષ, પુણ્ય-પાપ, સંકલ્પ-વિકલ્પ બધી ચીજ ઉપાધિ, મારી નિરૂપાધિ ચીજ તો ચિદ્રૂપ છે. એકલું જ્ઞાનરૂપ, ચૈતન્યરૂપ, ચૈતન્યસ્વરૂપ, ચૈતન્ય પ્રકાશની મૂર્તિ હું છું. કહો, સમજાણું?

**'જીવનું લક્ષણ તો શુદ્ધ ચિદ્રૂપ છે,...'** ચિદ્ એટલે જ્ઞાન. એનું તો જ્ઞાનરૂપ છે. પ્રકાશ, ચૈતન્ય પ્રકાશનું રૂપ છે. **'તેથી આ બધી ઉપાધિ તો જીવની નથી,...'** એ કારણે.

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ક્યા કારણે? કે હું તો શુદ્ધ ચિદ્રૂપ છું માટે. મારું જ્ઞાનરૂપ છે ને. પ્રકાશ ચૈતન્યના અસ્તિત્વમાં એકલું ચૈતન્ય રૂપ જ પડ્યું છે. એના મોજૂદગીમાં આ બધું છે નહિ. **'તેથી આ બધી ઉપાધિ તો જીવની નથી,...'** એ પુણ્ય ને પાપ, દયા ને દાન, વ્રત ને ભક્તિનો વિકલ્પ રાગ કે મન, વાણી, દેહ એ બધું જીવની તો વસ્તુ નથી. **'કર્મસંયોગની ઉપાધિ છે.'** લ્યો! એ કર્મસંયોગની ઉપાધિ છે. સ્વભાવ વસ્તુ ચિદ્રૂપ એ હું નથી. એમાં એ નથી. **'કર્મસંયોગની ઉપાધિ છે. આવો નિશ્ચય જે કાળે થયો...'** આવો નિશ્ચય જે કાળે થયો. **'તે જ કાળે સકળ વિભાવભાવોનો ત્યાગ છે.'** કહો, સમજાણું કાંઈ?

આવ્યું હતું ને ઓલામાં? ત્યાગ વસ્ત્રનો... પણ એ ત્યાગ છે. સમજાણું? ત્યાગ છે. **'ચિહ્ન તો મળતું નથી, માટે નક્કી આ વસ્ત્ર મારું નથી, બીજાનું છે, તેને આવી પ્રતીતિ થતાં ત્યાગ થયો ઘટે છે,...'** અહીં પણ કહે છે કે એ નિશ્ચય થયો. આ જ્ઞાનરૂપ ચૈતન્યરૂપ તે હું. આ ઉપાધિ મારી નહિ. શરીર, સુખ-દુઃખ... સમજાણું? એમ કર્મસંયોગની ઉપાધિ જાણી **'તે જ કાળે સકળ વિભાવભાવોનો ત્યાગ છે.'** લ્યો! સકળ વિભાવભાવોનો ત્યાગ છે. એ જ્ઞાનમાં અને દૃષ્ટિમાં એનો બધો ત્યાગ થઈ ગયો. સમજાણું કાંઈ?

જ્ઞાન થયું કે આત્મા શુદ્ધ ચિદ્રૂપ જ્ઞાનાનંદ છે. એમ જ્યાં ભાન થયું એટલે એ બધો પુણ્ય અને પાપ, કામ, ક્રોધ, શરીર, વાણી, મન એ બધી સકલ ઉપાધિ મારા નહિ. એ **'ભાવોનો ત્યાગ છે.'** એ દૃષ્ટિ ને જ્ઞાનમાં ત્યાગ થઈ ગયો. જેમ ઓલું વસ્ત્ર બીજાનું છે એમ જાણ્યું. ભલે પહેરેલું હતું. થઈ ગયો ત્યાગ. સ્વામી નહિ. મારું સ્વામીપણું છૂટી ગયું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અનુભવ થઈ ગયો. પણ આ કર્યું છે ક્યાં? ઈ તો દાખલો આપીને તો કહે છે ઈ. કરવા જેવું આ છે. કર તો કરી શકાય છે. આ કરી શકાય છે અને ઓલું તો માન્યું છે મફતનું. એ કાંઈ કરી શક્યો છે? માન્યતામાં કર્યું છે એમ માન્યું છે. શરીરનું કર્યું, ધંધાનું કર્યું, આનું કર્યું, આ ઉઠાવ્યા. ઉઠાવ્યા પથરા. આવતું નથી ઓલામાં? આવે છે કે નહિ કાંઈક ગાયનમાં? શું કીધું? એમાં આવે છે ને? 'જિંદગીમાં શું કમાણા રે જરી સરવાળો માંડજો.' આવે છે ને?

મુમુક્ષુ :- પોરબંદર.

ઉત્તર :- હા, પોરબંદર. 'જિંદગીમાં કેટલું કમાણા રે જરી સવાળો માંડજો.' પથરા ઉઠામ્યા રે સરવાળો માંડજો. પથરા ઉઠામ્યા છે રાગના. કર્યું શું તેં? ધૂળ તેં? અને સરવાળે લાકડા અને છાણા. સરવાળો માંડજો. આવે છે કે નહિ? તમારે ત્યાં એક લુહાણો બોલ્યો હતો. ક્ષત્રિય કોઈ લુહાણો. ન્યાં છોકરો બોલ્યો હતો તમારો. ત્યાં પોરબંદર બોલ્યો. એ પણ કંઠ ને ભાષા.. સભા ઘણી હતી ને. પોર તો ચૈત્રમાં ત્યાં હતા ને. પરષોત્તમ મહિનો હતો.

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



માણસ બહુ આવતું પોરબંદર. પછી આ બોલે. 'જિંદગીમાં કેટલું કમાણા રે જરી સરવાળો માંડજો. ઉથામ્યા પથરા ને પાણા...' કોઈમાં કાંઈ કર્યું નહિ. આ ગુણ ને આ ચોખા ને આ ચા ને આ સાકર ને આ ધૂળ ને આ ધાન. એમાં રાગ કર્યો હોં! ઓલી ચીજ તો ઉથામી જાવી-આવવી એ તો એને કારણે છે. એ કાંઈ આના હાથની વાત નથી. એમ જ્યાં જાણ્યું કે અરે..! આ તો પાણા-પથરા રાગ અને દ્વેષ તો ઉપાધિ. મારી ચીજ નહિ. એમ ભાન થતાં '**શરીર, સુખ, દુઃખ જેમ હતાં તેમ જ છે,...**' એટલે છે એનું અસ્તિત્વ એમ કહેવું છે. '**શરીર, સુખ દુઃખ જેમ હતાં તેમ જ છે, પરિણામોથી ત્યાગ છે,...**' બસ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ભલે રહ્યો પણ. ઓલું ઓઢ્યું હતું પણ ત્યાગ હતો. પરિણામનો ત્યાગ. પરિણામમાં આ નહિ રે નહિ. હું તો ચિદ્ઘન આત્મા જ્ઞાનરૂપ છું. એ રૂપની સાથે આ મળતું નથી. એનો મેળ (નથી). આવશે આગળ હોં! ક્યાંક એ લખ્યું છે. મળતું નથી એમ નથી આવતું? આવે છે. મિલાન કરતા આ મારા લક્ષણ સાથે આનો મેળ ખાતો નથી. હું જ્ઞાનરૂપ, પુણ્ય-પાપના ભાવ વિકારરૂપ, શરીર જડરૂપ. એનો મારી સાથે લક્ષણમાં ક્યાંય મેળ ખાતો નથી. સમજાણું કાંઈ?

'**પરિણામોથી ત્યાગ છે,...**' પરિણામોથી ત્યાગ છે. વસ્ત્ર પહેર્યું છતાં જાણ્યું કે આ તો કો'કનું, આ મારું નહિ. આ તો આવી ગયું કો'કને ઠેકાણે કો'કનું. સ્વામીપણું ઊડી ગયું. એમ ભગવાન આત્મા હું એક જ્ઞાનઘન ચિદ્રૂપ આત્મા છું. આ પુણ્ય-પાપ, શરીર, વાણી, મન એ મારા નહિ, એ ઉપાધિ છે. એમ જ્યાં ભાન થયું તે હવે રહ્યા તે ત્યાગરૂપે રહ્યા છે. કેમકે એનું સ્વામીપણું રહેતું નથી. '**કેમ કે સ્વામિત્વપણું છૂટી ગયું છે.**' ધણીપણું અંતરમાંથી છૂટી જાય. ભાવ એવું રહે, શુભ-અશુભ હો. શરીર, વાણીની ક્રિયા પણ હો પણ ચિદ્રૂપનું ભાન થતાં જ્ઞાનસ્વરૂપે ભગવાન આત્મા બિરાજે અનાદિઅનંત. એવી અંતર અનુભૂતિ અને દૃષ્ટિ થતાં એ ચીજ રહી તો પણ પરિણામથી છૂટી ગઈ. પરિણામમાં તો ત્યાગ જ છે. હવે પરિણામમાં એનો ત્યાગ છે. આ લોકોને બાહ્યથી છૂટી ત્યારે એણે છોડ્યું કહેવાય. અહીં તો કહે પરિણામમાં ત્યાગ છે એ તો પહેલું સમજ. સમજાણું?


'**કેમ કે સ્વામિત્વપણું છૂટી ગયું છે.**' એ પુણ્ય અને પાપના ભાવ ઉપાધિ એનું સ્વામિપણું છૂટી ગયું. શુદ્ધ ચૈતન્યરૂપ હું છું એમ ભાન થયું એનું નામ સમ્યગ્દર્શન. એનું નામ અનુભવ અને એનું નામ સમ્યગ્દર્શન. સમજાણું? '**આનું જ નામ અનુભવ છે,...**' દેખો! એનું નામ અનુભવ કહેવાય છે અને '**આનું જ નામ સમ્યક્ત્વ છે.**' એનું નામ સમ્યગ્દર્શન કહેવાય છે. લોકો ક્યાંકના ક્યાંક માનીને બહારમાં. વિશ્વાસ કરો, ફલાણું કરો, આત્માનો આવો.. પણ વિશ્વાસ કઈ જાતનો? એનું ભાન અંતરમાં આવ્યા વિના એનો વિશ્વાસ

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

સાચો આવે નહિ. આ વિકાર ઉપાધિ, નિરૂપાધિ ચિદ્રૂપ બેના ભેદજ્ઞાન વિના એનો સાચો અનુભવ અને સાચી દૃષ્ટિ થાય નહિ. સમજાણું કાંઈ?

**'આનું નામ અનુભવ, આનું જ નામ સમ્યક્ત્વ છે.'** એ છન્નું હજાર સ્ત્રીના વૃંદમાં પડ્યો સમકિતી. સમજાણું કાંઈ? છતાં કહે છે કે પરિણામમાં એનો ત્યાગ છે. દૃષ્ટિમાં ત્યાગ છે આ નહિ.. આ નહિ.. આ નહિ.. રાગ થાય એ હું નહિ. ચિદાનંદસ્વરૂપ જ્ઞાનાનંદ તે હું છું. એમ દૃષ્ટિ થઈ એ પરિણામથી તે પરવસ્તુનું સ્વામિપણું ટળી ગયું. એટલો તે પરનો ત્યાગ થઈ ગયો અને એને જ ખરા અંતરના જ્ઞાન પરિણામના પચખાણ કહેવામાં આવે છે. આવી વ્યાખ્યા છે આ. સમજાણું કાંઈ? હવે એને દૃષ્ટાંત સાથે મેળવશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)



Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## વીર સંવત-૨૪૯૧, ચૈત્ર સુદ ૫, મંગળવાર, તા. ૬-૪-૧૯૬૫, કલશ-૨૯-૩૦ પ્રવચન નં. ૩૧

પાનું ૩૧. વચમાં છે. '**આ પ્રમાણે દૃષ્ટાન્તની માફક—ઉપજી...**' ત્યાં આવ્યું છે. શું કહ્યું? માથે આવી ગયું ને દૃષ્ટાંત. ઓલા વસ્ત્રનું દૃષ્ટાંત.

મુમુક્ષુ :- .. આજે

ઉત્તર :- યાદ ન રહે આજ કાલનું? વસ્ત્રનું દૃષ્ટાંત. વસ્ત્ર કો'કનું લઈને ઓઢીને સૂતો હતો, જાણ્યું. બીજો આવ્યો કહે, આ તો મારું છું. આ તારા લક્ષણ નથી. જો આ લક્ષણ નથી તારા વસ્ત્રના. ઓઢ્યા છતાં એનો ત્યાગ થઈ ગયો. .. થયો કે વાત સાચી ભાઈ, આ વસ્ત્ર મારું નથી.

'**આ પ્રમાણે દૃષ્ટાન્તની માફક...**' એ લક્ષણ જાણ્યા કપડાના કે આ લક્ષણ મારા નહિ. મારું લક્ષણ તો જુદું, મારા લક્ષણનું જુદું કપડું છે. એમ આત્મામાં '**ઊપજી છે દૃષ્ટિ અર્થાત્ શુદ્ધ ચિદ્રૂપનો અનુભવ...**' રાગ-દ્વેષ, પુણ્ય-પાપ આદિ એ મારું લક્ષણ નહિ, એ મારું સ્વરૂપ નહિ. જેમ ઓલા કપડાનું લક્ષણ નહિ, એમ આ મારું નહિ. મારી સાથે મળતાં... નહોતું કહ્યું? એક ફેરી કહ્યું હતું. મળતાં નથી. આવે છે ને? આવે છે. આ મારી સાથે મળતું નથી. મોક્ષ અધિકાર છે ને? મોક્ષ અધિકાર છે એમાં આવે છે. પાંચમો. ૧૬૬ પાનું. કાલે કહ્યું હતું કે મળતા આવતા નથી. ત્યાં પાછું વળી આજે જોયું. છે ને પાંચમો કળશ છે એમાં છે.

'**અણમળતા છે...**' જુઓ! '**શુદ્ધ ચૈતન્યસ્વરૂપ સાથે અણમળતા છે જે દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મસંબંધી પરિણામો...**' ૧૬૬ પાનું. મોક્ષ અધિકાર કળશ-૫ છે? એ બધે ઠેકાણે, બેય શ્લોકમાં છે. બેય ઠેકાણે છે. શું કહ્યું? કે જેમ કે વસ્ત્રનું લક્ષણ બીજાનું હતું એમ નક્કી થયું. મારા લક્ષણ સાથે આ વસ્ત્રનો મેળ ખાતો નથી. એમ આત્મા ચિદ્રૂપ જ્ઞાનાનંદરૂપ એનું લક્ષણ છે. એની સાથે આ પુણ્ય-પાપ, કામ-ક્રોધ, દયા-દાન આદિ રાગ, કર્મ, શરીર, એની સાથે એના લક્ષણો મારા સ્વરૂપની સાથે મેળ ખાતા નથી. કહો, સમજાણું કાંઈ? બેય શ્લોકમાં છે. છઠ્ઠામાં પણ છે. બેયમાં છે. બે છે. આ તો અણમળતાની વાત લેવી હતી. બે વાર આવી ગયું. કહો, સમજાણું કાંઈ?

શું કહ્યું? '**આ પ્રમાણે દૃષ્ટાન્તની માફક-ઊપજી છે દૃષ્ટિ...**' એટલે કે જેમ એ કપડાનું લક્ષણ આ બીજાનું છે એમ જાણતા એનું સ્વામિપણું છૂટી ગયું અને પોતાનું જે કપડું હતું એ એને હાથ લાગ્યું. એમ અહીં લેવું. એમ અહીંયાં આત્મામાં પુણ્ય ને પાપ, દયા, દાન,

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કામ, ક્રોધ વિકલ્પ રાગ, જડ કર્મ અને શરીર એનું લક્ષણ એ ચૈતન્યના જ્ઞાનલક્ષણ સાથે એનો મેળ નથી. એમ દૃષ્ટિ પરના લક્ષણથી છૂટીને, પોતાના આત્માના જ્ઞાન તે આત્મા, જાણે તે આત્મા એમ '**ચિદ્રૂપનો અનુભવ...**' એ દૃષ્ટિ પોતાના લક્ષણથી જ્યાં આત્માના લક્ષ ઉપર પડી, ચિદ્રૂપ નામ જ્ઞાન ભગવાન આત્મા, જ્ઞાનસ્વરૂપ ચૈતન્ય આત્મા એનો અનુભવ. '**જેને એવો જે કોઈ જીવ છે તે...**' એને એ જ સમયે અનુભવ થઈ જાય છે. હવે પછી લાંબી જરી વાત છે.

શું કહે છે? '**અનાદિ કાળથી ચાલ્યા આવતા...**' '**अनवम्**' ઓલો કર્મ ને રાગ-દ્વેષનો સંયોગ, કર્મનો, શરીરનો અને પુણ્ય-પાપના વિકલ્પના રાગનો જેને ભાવકર્મ કહીએ એનો અનાદિ સંયોગ આત્મદ્રવ્યની સાથે ચાલ્યો આવે છે. '**જે કર્મપર્યાય સાથે એકત્વપણાના સંસ્કાર તે-રૂપે પરિણમતો નથી.**' શું કહ્યું? જેમ કપડાનો સ્વામી કો'ક છે એમ જાણ્યું, મારું આ નહિ. એમ કર્મ ને રાગાદિના વિકારો મારું સ્વરૂપ નહિ. એ લક્ષણ મારી સાથે મેળ ખાતા નથી. એમ પરના લક્ષણો જાણીને એની દૃષ્ટિ ચૈતન્ય ઉપર જ્યાં પડી, ત્યાં કહે છે કે એ વખતે એકત્વ સંસ્કાર છૂટીને, એકત્વ સંસ્કાર કર્મપર્યાય સાથે સંસ્કાર તદ્રૂપ નહિ પરિણમતા એ-રૂપે પરિણમતો નથી. શું કહ્યું?

આત્મા એને રાગ-દ્વેષાદિ ભાવ વિકાર, શરીર એ મારી ચીજ નથી. એ લક્ષણ બીજાની ચીજ છે. એ કર્મ સંબંધના ઉપાધિભાવ મારી નિરૂપાધિ આત્મપદાર્થમાં એનો મેળ છે નહિ. એમ પરથી દૃષ્ટિ હટી અને જ્ઞાનસ્વરૂપમાં દૃષ્ટિ આવી એટલે રાગ અને આત્માની એકત્વ તે પરિણતિ પર્યાય હતી, એ (પણે) પરિણમતો નથી. કહો, સમજાણું આમાં?

'**ભાવાર્થ આમ છે—**' હવે તદ્રૂપે પરિણમતો નથી એમ કહ્યું ને? એને હવે સિદ્ધ કરે છે વધારે. '**કોઈ જાણશે કે જેટલાં પણ શરીર, સુખ, દુઃખ, રાગ, દ્વેષ,...**' પુણ્ય-પાપના ભાવ અને પરમાં સાવધાન '**તેમની ત્યાગબુદ્ધિ કંઈક અન્ય છે—**' એનો અભાવ કોઈ અન્ય કાળમાં છે, અન્ય કાળમાં '**કારણરૂપ છે...**' એમ લેવું. સમજાણું કાંઈ? નહિતર તો એ વાત આવી ગઈ ૨૪મે પાને. કારણ અને કાર્ય આપસમાં કારણકાર્ય છે. પણ અહીંયાં અન્ય કારણરૂપ કોઈ કાળ છે અને અન્ય કાર્યનો કોઈ કાળ છે એમ કોઈ જાણે તો એમ છે નહિ. સમજાણું કાંઈ? બહુ વાત... અંતરની વાત જેણે અંતરમાં અનંત કાળથી એ વાત સમજણમાં એણે લીધી નથી એટલે જરી મોંઘી લાગે. પણ વસ્તુ તો વસ્તુના ઘરની છે. ચૈતન્ય પ્રભુ પોતાના જ્ઞાન, દર્શન અને આનંદગુણના સ્વભાવરૂપ એમ પોતાના લક્ષણથી જ્યાં અનુભવ કર્યો, ત્યારે કહે છે એ સમયમાં પુણ્ય-પાપના વિકલ્પ અને દયા, દાનના ભાવ એના ત્યાગનો કાળ કોઈ જુદો છે અને આત્માના અનુભવના કાર્યનો કાળ કાંઈક જુદો છે એમ છે નહિ. સમજાય છે કાંઈ આમાં?

'**તેમની ત્યાગબુદ્ધિ કંઈક અન્ય છે-કારણરૂપ છે...**' ત્યાગબુદ્ધિ સમજાય છે? આત્મા

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ચૈતન્યસ્વરૂપ અનાદિઅનંત એકરૂપ શુદ્ધ છું. એવો અનુભવ થવો અને પુણ્ય-પાપના વિકલ્પ ને શરીરાદિની ત્યાગબુદ્ધિ થવી એ ત્યાગબુદ્ધિ કોઈ અનેરા કાળે થાય, એ કારણ કોઈ અનેરા કાળે હોય અને અનુભવ કોઈ અનેરા કાળે એટલે અનેરું કાર્ય હોય એમ નથી. સમજાય છે કે નહિ આમાં? રતિભાઈ! સમજાય છે? એમ નથી. **'કંઈક અન્ય છે—'** એટલે અન્ય કાળ છે અને અન્ય કાર્ય છે એમ નથી. એક જ સમયમાં એ કારણકાર્ય છે. જ્યાં આત્માનું શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ અંતર દૃષ્ટિમાં લઈને અનુભવ થયો, એ જ કાળે રાગ-દ્વેષ, પુણ્ય-પાપના અભાવરૂપ ત્યાગબુદ્ધિના કારણનો નાશ થયો. અને એ જ સમયે અનુભવની દૃષ્ટિ કાર્યરૂપ પર્યાય પ્રગટ થઈ. સમજાય છે કાંઈ?

**'તેના પ્રત્યે ઉત્તર આમ છે કે રાગ, દ્વેષ,...'** પુણ્ય-પાપનો ભાવ અને **'મોહ, શરીર, સુખ, દુઃખ...'**ની કલ્પના **'આદિ વિભાવ પર્યાયરૂપ પરિણમતાં...'** આદિ વિકારના પર્યાય એટલે અવસ્થારૂપે ફરેલો હતો તે. એ જીવના... **'પરિણમતા જીવના...'** એમ સિદ્ધ કર્યું. પાછું એ રાગ-દ્વેષ અને મોહરૂપે નહોતો જ પર્યાયમાં પરિણમ્યો અને કાંઈક તદ્દન શુદ્ધ જ હતો પર્યાયમાં એમ નહિ. પર્યાય શું? અને પરિણમવું શું? વસ્તુની ખબર જ ન મળે કાંઈ. કહો, જયંતિભાઈ! આ તો જ્યાં-ત્યાં ગરી જાય પછી. આત્મા આવો. પણ આત્મા કોને કહેવો એનું (ભાન ન મળે હજી). પર્યાયમાં અશુદ્ધપણે પરિણમેલો હતો. છે? **'પરિણમતા જીવના જે કાળે આવા અશુદ્ધ પરિણમનરૂપ સંસ્કાર છૂટી જાય છે...'** જુઓ! વ્યય. જે કાળમાં આત્મા જ્ઞાન (પામે).. ધ્યાન રાખવા જેવી છે આ વાત. સમજાય છે? પણ એ કહે, યાદ રહેતું નથી મગજમાં. સમજાણું આમાં? ખોંખારો ખાધો ને. .. વાત આવી હતી ત્યાં બીજે મગજ ચડી ગયું. ભારે વાત આ. આ વાત એવી કઠણ. ભાઈ! આ ટાણે આ સમજવાનો કાળ છે એમાં એમ ને એમ થઈ જાય કે એનું એ ચાલે છે અને આપણે સમજીએ છીએ. એમ નથી. સમજાણું કાંઈ? કેટલાકને એમ લાગે લ્યો. એકની એક વાત (આવે છે). એકની એક નથી. એના પડખાના પ્રકાર કેવા છે એને યથાર્થપણે ભિન્ન ભિન્ન પ્રકારે જાણવા માટે વાત છે અહીં.

જુઓ! શું કહે છે? કે **'પર્યાયરૂપ પરિણમતા...'** પર્યાય હજી શું? એ અવસ્થા એની છે એ અવસ્થાપણે પરિણમેલો જીવ **'જે કાળે આવા અશુદ્ધ પરિણમનરૂપ...'** એ વિકારી ભાવ પુણ્ય-પાપ, કામ-ક્રોધ એ નહિ મારી ચીજ. હું તો નિર્વિકારી જ્ઞાનાનંદ સ્વરૂપ છું, એવી અંતર અનુભવ સમ્યક્ ધર્મ થતાં એ **'અશુદ્ધ પરિણમનરૂપ સંસ્કાર છૂટી જાય છે...'** એ અશુદ્ધ પરિણામની એકત્વબુદ્ધિ છૂટતાં એ સંસ્કાર છૂટી જાય છે કે હું અશુદ્ધ નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

**'તે જ કાળે તેને અનુભવ છે.'** સમ્યક્ ચૈતન્ય પ્રભુ આ તો પ્રથમ હજી ધર્મની વાત ચાલે છે હોં પહેલામાં પહેલો. આહાહા..! કાળ અનંતકાળ કીધું ને? અનાદિકાળથી ચાલ્યા

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આવતા. એ વિકાર અને પુણ્ય-પાપના ભાવ સાથે ને સાથે. પણ એ સંસ્કાર જુદી ચીજ છે અને મારી ચીજ જુદી છે. એનું લક્ષણ જુદું અને મારું જુદું. આમ જાણતાં સ્વરૂપની દૃષ્ટિમાં જ્યાં ભાન થયું એ કાળે અનાદિના એકત્વસંસ્કાર વિકારની સાથે સંસ્કાર હતા એ જ સમયે છૂટી જાય છે અને એ જ સમયે એ જ કાળે આત્માની દૃષ્ટિનો અનુભવ થાય છે. સમજાણું કે નહિ આમાં?

**'તે જ કાળે તેને અનુભવ છે.'** સમ્યગ્દર્શન નિર્વિકલ્પ અનુભવ એ પ્રથમ ધર્મ છે. અહીંથી ધર્મની શરૂઆત થાય છે. એ ધર્મનો સ્વભાવ અનાદિથી જે રાગ અને પુણ્ય-પાપની સાથે પર્યાયમાં-અવસ્થામાં એકત્વબુદ્ધિના સંસ્કાર (ચાલે છે).. જુઓ! એ સંસ્કાર લીધા છે. કર્મ અને દર્શનમોહ એમ નથી લીધું. જડ સાથે જડનું એ અશુદ્ધ પરિણામરૂપ સંસ્કાર છૂટી જાય છે. સમજાણું કાંઈ? વિભાવ પર્યાયની સાથે જે સંસ્કાર હતા એ છૂટી જાય છે. જ્ઞાન ચિદાનંદ પ્રભુ અનાકુળ આનંદનો રસકંદ આત્મા, એની એકત્વબુદ્ધિરૂપ અનુભવ અને અશુદ્ધ સંસ્કારના વ્યયરૂપ ત્યાગ. સમજાણું કાંઈ? ઉત્પાદવ્યયધ્રુવયુક્તં સત્ સિદ્ધ કર્યું. વસ્તુ એવી છે. એ બીજે ક્યાંય એવી હોઈ શકે નહિ.

ત્યારે કોઈ એમ કહે કે પણ તું ધર્મ સમજ. એનો અર્થ થયો કે એની પર્યાયમાં અધર્મ દશા પણ દશામાં છે. વસ્તુમાં નહિ, અવસ્થામાં. કે જે અવસ્થા પલટી શકે એનું નામ પર્યાય કહેવાય. તો એ પર્યાયમાં પુણ્ય અને પાપ, દયા ને દાન, કામ ને ક્રોધ એ મારા એવો એકત્વસંસ્કાર એની દશામાં છે. વિકારની સાથે એકત્વબુદ્ધિ છે. તદ્દન નથી એમ નહિ. સ્વરૂપમાં નથી. પણ પર્યાયમાં એકત્વબુદ્ધિ અનાદિની પર્યાય છે. એ પર્યાયબુદ્ધિ એના લક્ષણ જોતાં આ મારી ચીજ નહિ. મારી ચીજ તો અંતર ચિદાનંદ સ્વરૂપ છે. એમ અનુભવ થતાં એ જ કાર્ય અને એ જ કાળે અશુદ્ધ પરિણામના સંસ્કાર છૂટી જવા એ કારણ. સમજાણું કાંઈ? આહાહા..! કર્મ સાથે સંબંધ નથી. કર્મની સાથે વાત નથી. અનાદિથી. એ તો સંસ્કાર આમ પોતે કર્યા છે. કર્મ તો જડ બિચારા છે. માટી-ધૂળ છે. એની સાથે તારે સંબંધ શું છે? એ તને રોકતા નથી અને એ તને મદદ કરતા નથી. તું જ તારી ચીજને ભૂલીને ભ્રમણામાં પડ્યો છો. એ ભ્રમણાની દશા તું ભગવાન સ્વરૂપ ચિદાનંદ છે એ ભાન દ્વારા ભ્રમણા ટળે એવી છે. બાકી બીજો કોઈ ઉપાય છે નહિ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- કર્મ બિચારા...

ઉત્તર :- બિચારે.. લોકો કહે છે ને અમારે બહુ જોરદાર છે. જોરદાર ધૂળેય નથી. કર્મ અમારે બહુ (જોરવાળા). મારી નાખે. આહાહા..! ઘણું કરીએ પણ કર્મે.. મફતનો, મફતનો ઊંધો પડ્યો. કર્મના માથે આરોપ નાખે છે. જડને માથે આરોપ ઊંધો. તારી ભૂલ છે એવી તને ખબર નથી. ભગવાન 'અપને કો આપ ભૂલ કે હૈરાન હો ગયા.' નાખ્યું કર્મ ઉપર. એ કર્મ અમને હેરાન કરે. મૂઢ છો?

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

સંસારમાં પણ એક દસ વર્ષનો છોકરો હોય. એને આઠ વર્ષનો છોકરો હોય મારી જાય. એની મા પાસે જાય. અરે..! મને મારી નાખ્યો. પણ આઠ વર્ષનો હતો અને તું દસ વર્ષનો. ઢગા! આવી લઈને આવ્યો? આવી ફરિયાદ? બાલુભાઈ! કારણ કે ઓળખતો હોય ને પાડોશીના છોકરાને. આઠ વર્ષનો છોકરો. ઓલાએ મને માર્યો. પણ એ આઠ વર્ષનો અને તું દસ વર્ષનો. ઢગા, શેનો લઈને આવ્યો આ? એલા કર્મ જડ અને તું આત્મા ચૈતન્ય, શેની ફરિયાદ લઈને આવ્યો કે આ કર્મે મને મારી નાખ્યા. ઢગો છો. સમજાય છે કે નહિ આમાં? જયચંદભાઈ! આહાહા..!

પોતે સચ્ચિદાનંદ સ્વરૂપ અખંડાનંદ પ્રભુ. એ જ પોતાના ભાવને ભૂલ્યો અને વિકાર સાથે એકત્વ ચડ્યો એ તારો જ દોષ છે. તારી પર્યાયની જ પરિણતિ. પર્યાય સિદ્ધ કરીને પરિણમન છે એમ પાછું. પર્યાય અદ્ધર લટકે છે ક્યાંક, વિકાર અદ્ધર છે અને આત્મા તદ્દન પર્યાયે શુદ્ધ છે એમ નથી. અને એ અશુદ્ધતા કર્મને લઈને છે એમ નથી. એ અશુદ્ધતા પર્યાયરૂપે ટળી શકે છે એમ છે. કારણ કે એ કાયમની ચીજ નથી. સમજાણું કાંઈ?

એ '**સંસ્કાર છૂટી જાય છે તે જ કાળે તેને અનુભવ છે.**' ભગવાન આત્મા જ્ઞાનજ્યોતિનું બિંબ, એમ જ્યાં અંતર લક્ષણે દૃષ્ટિમાં લીધું, અનુભવ થયો, એ જ કાળે રાગ અને એકત્વના સંસ્કાર છૂટી જાય છે. '**તેનું વિવરણ-શુદ્ધ ચેતનામાત્રનો આસ્વાદ આવ્યા વિના...**' શું કહે છે? ભગવાન આત્મા આનંદ અતીન્દ્રિય આનંદની મૂર્તિ રસ છે. અતીન્દ્રિય આનંદનો કંદ સચ્ચિદાનંદ સ્વરૂપ છે. સત્ નામ શાશ્વત ચિદ્-જ્ઞાન ને આનંદનો, અતીન્દ્રિય આનંદનો એ પિંડ છે. એમ જ્યાં અંતરની દૃષ્ટિ પ્રથમ અનુભવ થઈ ત્યારે તે '**શુદ્ધચેતનામાત્રનો આસ્વાદ...**' આસ્વાદ '**આવ્યા વિના અશુદ્ધ ભાવરૂપ પરિણામ છૂટતા નથી...**' શું કહ્યું સમજાણું કાંઈ? અશુદ્ધ પરિણામ એટલે રાગ-દ્વેષની એકતારૂપી દુઃખદશા. અશુદ્ધ પરિણામ એટલે પુણ્ય-પાપ, કામ-ક્રોધ શુભાશુભ વિકલ્પ રાગ, એની એકત્વબુદ્ધિ, દુઃખ સાથે એકત્વબુદ્ધિ. એ આત્મા આનંદમૂર્તિ છે એનો અનુભવ આસ્વાદ આવ્યા વિના એ રાગ-દ્વેષ દુઃખરૂપ છે એ સંસ્કાર છૂટતા નથી. સમજાણું કાંઈ? પહેલી હજી રીત તો શીખે. એની રીતને તો પકડે. એમ ધર્મ થઈ ગયા. આ કર્યા ને આ કર્યા. સમજાણું કાંઈ?

જે '**શુદ્ધ ચેતનામાત્રનો આસ્વાદ...**' અહીં અશુદ્ધની સાથે ઓલું .. લેવું છે ને. અશુદ્ધનો અનુભવ વિકારનો પુણ્ય-પાપનો અનાદિનો છે. એ અનાદિનું વેદન છે. એ અનાદિનું પુણ્ય ને પાપનું વેદન અનાદિનું તારી પર્યાયમાં પરિણમનમાં અનાદિથી છે. એકેન્દ્રિયથી માંડીને ત્યાગી પણ અનંત વાર સાધુ થયો પણ એ વિકારનું એકત્વ વેદન એણે કોઈ દી છોડ્યું નથી. એને ખબર પડી નથી કે આ અશુદ્ધ પરિણામ તે મલિન અને દુઃખ (છે). આમ દયા, દાન, ભક્તિ, વ્રત, તપ આ કરતો હોય. ઘણું શાસ્ત્ર શ્રવણ, મનન ખૂબ. બસ! થઈ ગયો

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એ ધર્મ. ધૂળમાંય નથી. સાંભળને. સમજાણું કાંઈ? એના તરફના વિકલ્પનો નામ અશુદ્ધભાવ એનું જે દુઃખરૂપ વેદન એને અનાદિથી, આનંદના વેદન વિના વેદન અનાદિથી ચાલ્યું આવે છે. સમજાણું કાંઈ?

'**શુદ્ધ ચેતનામાત્રનો આસ્વાદ આવ્યા વિના...**' એટલે શુદ્ધ ચૈતન્યની ઉપલબ્ધિ પ્રાપ્ત થયે શુદ્ધ ચૈતન્ય જ્ઞાયકમૂર્તિ પરમઆનંદ એવો અંતર દૃષ્ટિમાં આત્માનો આનંદ છે તેવો જ પર્યાયમાં-અવસ્થામાં, એ અશુદ્ધના આનંદનું વેદન હતું એ જ સમયમાં આત્માના જે આનંદનું વેદન આવ્યું એ જ સમયે અશુદ્ધનું વેદન છૂટી ગયું. સમજાય છે કાંઈ? પણ ગાથાદીઠ આસ્વાદ.. આસ્વાદ (કહ્યું છે). ગુપ્ત વાતને ખુલ્લી કરીને જાહેર કરી દીધી છે. બાપુ! એમ નથી ધર્મ. સમજાણું કાંઈ? આત્માના આનંદનો અંતર સ્વાદ આવે, વેદન આવે, અતીન્દ્રિય આનંદ વેદનમાં આવે ત્યારે તેને સમ્યગ્દર્શન-જ્ઞાન અને ધર્મ કહેવાય છે. આહાહા..! કહો, શેઠી! આહાહા..!

'**શુદ્ધ ચેતનામાત્રનો આસ્વાદ આવ્યા વિના અશુદ્ધ ભાવરૂપ પરિણામ છૂટતા નથી...**' અશુદ્ધ નામ પુણ્ય અને પાપના વિકલ્પનું વેદન છે એ આનંદના સ્વાદ વિના એ વેદન છૂટે નહિ. '**અને અશુદ્ધ સંસ્કાર છૂટ્યા વિના...**' અરસપરસ કહે છે. કહ્યું હતું ને? અન્ય કોઈ કારણ અને અન્ય કોઈ કાર્ય છે. અનેરો કોઈ કાળ છે સંસ્કારનો-કારણનો અને અનેરો કોઈ અનુભવનો કાર્યકાળ છે એમ છે નહિ. સમજાણું કાંઈ? જુઓને! ઓલા તો રાડ પાડે છે. નહિ. એ .. છે ગુણસ્થાને સમ્યગ્દર્શનમાં અનુભવ એટલે જાણવું. જાણવું એટલે પ્રતીત. બસ.

મુમુક્ષુ :- જાણવું એટલે?

ઉત્તર :- પ્રતીત કરવી બસ એટલું.

મુમુક્ષુ :- પ્રતીત..

ઉત્તર :- શ્રદ્ધા. આ ભરોસો કરવો કે આ વાઘ છે માટે ભાગો ત્યાંથી. એમ. એમ નહિ. પ્રતીતિ સસલાના શિંગડાની પ્રતીતિ જોયા વિના થાય? એમ આત્મા શું ચીજ છે એને જાણ્યા વિના પ્રતીતિ શી? સમજાય છે કાંઈ? એ જ્ઞાનમાં તે જ્ઞેય કરીને જ્યાં ભાન (થયું કે) આ વસ્તુ કોઈ જુદી. આનંદના સ્વાદના અંશવાળી તે આખી આનંદમૂર્તિ, એમ જ્ઞાનમાં એનું ભાન થયા વિના એની પ્રતીતિ કેવી? સસલાના શિંગડા જેવી પ્રતીતિ થાય. ભાળ્યા વિના, જોયા વિના, જાણ્યા વિના કોની શ્રદ્ધા?

મુમુક્ષુ :- આગમ.

ઉત્તર :- આગમ ત્યાં ક્યાં આગમ? આગમ તો પાનામાં રહ્યું આગમ. એ ક્યાં અહીં ગરી ગયું છે આત્મામાં? એ.. શેઠી! આહાહા..! સમજાણું કાંઈ?

કહે છે, '**અશુદ્ધ સંસ્કાર છૂટ્યા વિના...**' એ આત્મા ભગવાન સચ્ચિદાનંદ મૂર્તિ,

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એની પર્યાયમાં જે વિકાર દયા, દાન, શુભાશુભ ભાવ, એની એકત્વબુદ્ધિ એટલે દુઃખબુદ્ધિ, એ સંસ્કાર દુઃખના છે. એ છૂટ્યા વિના આસ્વાદ ન આવે, આસ્વાદ આવ્યા વિના એ છૂટે નહિ. બેય અરસપરસ એક સમયમાં છે. સમજાણું કાંઈ? આહાહા..! માનો ભગવાન સાચા, દેવ-ગુરુ સાચા, થઈ ગઈ શ્રદ્ધા-સમકિત. ભગવાન સાચા, બાપા! આહાહા..! એમ સાચો શું? ભગવાન કોણ છે હજી આ ભગવાન કોણ એની ખબર વિના ક્યાંથી સાચો થયો? સમજાણું કાંઈ?

**'અશુદ્ધ સંસ્કાર છૂટ્યા વિના શુદ્ધ સ્વરૂપનો અનુભવ થતો નથી. તેથી...'** હવે આવ્યું. **'જે કાંઈ છે...'** ઓલામાં લખ્યું હતું ને? કંઈક અન્ય કારણ છે અને કંઈક અન્ય કાર્ય છે. એમ નહિ. **'તેથી જે કાંઈ છે તે એક જ કાળ.'** છે ને? શું કહ્યું? અન્ય કારણ અને અન્ય કાર્ય, એટલે કાંઈ જુદો કાળ છે કારણનો એમ નહિ. એ કાલે આવી ગયું હતું ૨૪મે પાને. સમજાણું કાંઈ? આપસમાં કાર્યકારણ એક સમયમાં છે. એમ સિદ્ધ કરીને ભગવાન આત્મા ધ્રુવ ચિદાનંદ મૂર્તિની જ્યાં દૃષ્ટિ થઈ, અનુભવ થયો એ પર્યાય ઉત્પન્ન થઈ. વસ્તુમાં તો છે પણ પર્યાય ઉત્પન્ન થઈ. અને રાગ-દ્વેષની એકત્વબુદ્ધિનું અજ્ઞાન હતો એ સંસ્કાર વ્યય થઈ ગયો. વ્યય થયો, ઉત્પાદ થયો, ચિદાનંદ ધ્રુવ એમ ને એમ રહ્યું છે. સમજાણું કાંઈ? ધર્મ એ અનુભવની પર્યાય છે. ધર્મ કોઈ બહારની ચીજમાં, ક્રિયાકાંડમાં છે નહિ. અને ધર્મ એ આત્માની પર્યાય સિવાય બહારમાં ક્યાંય થાતો નથી. સમજાણું કાંઈ? અને અધર્મ પણ આત્માની પર્યાય છોડીને બહારમાં હોતો નથી. શેઠી! ભગવાન આત્મા આમ જ્ઞાનના, આનંદના સ્વરૂપે પ્રભુ એવું જ્યાં ભાન નહિ ને પુણ્ય-પાપ, દયા-દાન, કામ-ક્રોધના વિકલ્પો એમાં એકત્વબુદ્ધિ-આ મારા અને મારું કર્તવ્ય-એ અધર્મ પણ આત્માની જ દશામાં છે. સમજાણું કાંઈ?

**'એક જ કાળ.'** એક જ કાળ **'એક જ વસ્તુ.'** વસ્તુ એક જ છે ઈ. બે વસ્તુ નથી. એકનો વ્યય અને એકનો ઉત્પાદ વસ્તુ એની એ રહી. સમજાણું કાંઈ? ભગવાન આત્મા આનંદઘન ચિદ્‌ઘન આત્મા એવી જે અનંત કાળમાં દૃષ્ટિ નહોતી થઈ તે દૃષ્ટિ થઈ તો આનંદના સ્વાદનો અનુભવનો સમય થયો એ. એ જ સમયે જ રાગ ને પુણ્યના વિકલ્પની એકતાબુદ્ધિ હતી એ જ કાળે છૂટી ગઈ છે. એ બે થઈને વસ્તુ એક જ છે. સમજાણું કાંઈ? એકનો વ્યય અને એકનો ઉત્પાદ. **'એક જ જ્ઞાન,...'** છે. વસ્તુ જ્ઞાન એનું એ જ્ઞાન એક જ થયું. સંસ્કાર છૂટ્યા પર્યાયમાં. આ પર્યાય ઉત્પન્ન (થઈ). વસ્તુ એક જ છે. **'એક જ સ્વાદ છે.'** બે સ્વાદ નથી. સમજાણું કાંઈ? આ વાતું જ કોઈ દી સંપ્રદાયમાં તો મળે નહિ પણ અહીંયાં કો'ક વખતે કહેવાય આટલું બધું સ્પષ્ટ આવે ત્યારે. આ તો કળશોમાં એ જ ભર્યું છે આખું. અમૃતચંદ્રાચાર્યે અમૃતના રસના કળશ ભર્યા છે આખા! સમજાણું કાંઈ? આહાહા.!

ભગવાન! તું તો એક સમયમાં ચૈતન્ય પૂરો પ્રભુ છો, હોં! સ્વતંત્ર છો. અંતરની નજરું

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


નાખ્યે નિધાન ભગવાન તું જ દેખે એવો છો. એ નજરમાં જ્યાં નિધાન અંતરમાં દેખાણા, કહે છે, એ જ કાળે વિકારનું એકત્વપણું એ તે જ સમયે વ્યય થઈ ગયું, નાશ થઈ ગયું. અશુદ્ધતા રહી નહિ. એ મલિનતા, અશુદ્ધતા ભિન્ન રહી ગઈ હવે થોડી. એમાં રહી નહિ. અનુભૂતિમાં અને વસ્તુમાં રહી નહિ. સમજાણું કાંઈ?

**'એક જ કાળ. એક જ વસ્તુ,...'** વસ્તુ .. પર્યાય છે. સમજાય છે? અશુદ્ધ પર્યાય પણ રહી ગઈ અને શુદ્ધ પર્યાય પણ થઈ એમ બે નથી. એક જ વસ્તુ રહી ગઈ. અશુદ્ધતા ગઈ અને શુદ્ધતા રહી એક જ વસ્તુ થઈ. સમજાણું કાંઈ? કહો, મલૂકચંદભાઈ! છપ્પનિયાના ઢોર હતા તે અનાજ ન મળે અંદર પછી સાંગડા નાખીને ઊભા કરે. એ ઊભા કરે ને જ્યાં વાણિયા વયા જાય તો પડે ભૂ થઈને. અંદર કસ ન મળે. છપ્પનિયામાં. અને આ તો આપણે (સંવત) ૧૯૮૧માં હતું. ગઢડા. ૮૧માં પણ એવું હતું. વ્યાખ્યાન વાંચતા. ત્યાં આવે બધા સભામાં. તે દી બહુ દુકાળ હતો ગઢડામાં. ઢોરને બધા ઊભા કરે વિઠ્ઠલ શેઠ ને એ બધું જોયું. પણ અંદર ન મળે કસ. લાકડા નાખીને ઊભા કરે, પણ જ્યાં જાય ત્યાં ભૂ એવા પડે, સમુકો પછાડ ખાય.

એમ અંદરના કસ વિના સાંગડે ક્યાં સુધી ઊભા રહેશે એ? સમજાણું કાંઈ? સાંગડા સમજાય છે સાંગડા? સાંગડા સમજાય છે? શેઠી! લાકડું હોય છે ને? લાકડું નાખીને ઊભા કરે. પેટમાં કાંઈ ન હોય. ઓલા ઊંચા કરે, એક માથુ ઊંચુ કરે, એક પૂછડું ઊંચુ કરે અને બીજા લાકડા મૂકે. માંડ ઊભું થાય. પણ કસ ન મળે ને. ઓલા જ્યાં દુકાને ન પહોંચે ત્યાં પડતા. અમે દેખતા ત્યાં. ૮૧માં. છપ્પનિયામાં તો આપણે નાની ઉંમરમાં, એટલે બહાર જોવા ક્યાંય ગયા નથી. ખબર છે ખાલી, દુકાળ પડ્યો એ. દુકાળ પડ્યો. ૫૬માં. દસ વર્ષની ઉંમર હતી. ખબર હતી. દુકાળ પડેલો. માણસો મરતાં.. પૈસા-બૈસા અહીં હતા અને મરી ગયા. એ પણ જોયા હતા. દરવાજો બહાર હતો. એક મરી ગયેલો અને એક જીવતો આમ પડેલા. કોઈ સામું જોવે નહિ. દુકાળ આકરો હતો ૫૬નો. પણ આ ઢોરનું આકરું. પાંજરાપોળમાં જઈ ત્યારે જોવાય ને. નાના છોકરાને જવા દે નહિ. આ તો જોયું હતું ૮૧માં. આહાહા..! એમ અંદરના કસ વિના કોણ ઉપાડે? ત્રિલોકનો નાથ આવે તો પણ તારી શકે એવો નથી આત્માને. સમજાય છે કાંઈ?

તું ચૈતન્ય સ્વતંત્ર સ્વાધીન છો. એની સ્વાધીનતા-સ્વતંત્રતાને કોણ લૂંટનાર છે? સ્વતંત્રપણે વિકારનો કર્તા થઈને અજ્ઞાનપણે રખડે એ સ્વતંત્ર છે અને એ સ્વતંત્રપણે અજ્ઞાનના સંસ્કાર સ્વભાવના ભાન દ્વારા ટાળી શકે તે સ્વતંત્ર છે. કોઈ રોકનાર ત્રણ કાળ ત્રણ લોકમાં કોઈ છે નહિ. સમજાણું કાંઈ?

**'અનુભવ થતો નથી. તેથી જે કાંઈ છે એક જ કાળ, એક જ વસ્તુ, એક જ જ્ઞાન, એક જ સ્વાદ છે.'** બે સ્વાદ ન રહ્યો એમ કહે છે. સમજાણું કાંઈ? કહો,

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


સમજાય છે ને? સુજાનમલજી! શું કહે છે? જુઓ! ભગવાન! આમ ચિદ્દ્ઘન મોટો કંદ આત્મા મહા અનાકુળ શાંતરસ છે. એના અંતરના ઉત્સાહના વીર્યની જાગૃતિ દ્વારા, એ લક્ષણ અને ભાન દ્વારા 'આ આત્મા' એમ પ્રતીત ને અનુભવ-વેદન આસ્વાદ થયું તો કહે છે કે તે વસ્તુ એક જ છે. આત્માના આનંદનો સ્વાદ એક જ રહી ગયેલો છે. કાળ પણ એક, વસ્તુ એક. જ્ઞાન પણ એક જ. એનું જ જ્ઞાન રહી ગયું. સમજાણું? આનંદનું જ્ઞાન અને આત્માનું જ્ઞાન. 'એક જ સ્વાદ છે.' આહાહા..! ટીકા કરી છે ને!

**'હવે જેને શુદ્ધ અનુભવ થયો છે...'** હવે કહે છે કે જેને શુદ્ધ આનંદનો અનુભવ થયો છે **'તે જીવ જેવો છે તેવો જ કહે છે.'** જેવો છે એવો કહેવામાં આવે છે.

૩૦મો. ૩૦મો કળશ.

'સ્વાગતા' ભાષા જુઓ! દેશી સ્વાગતા (રાગનું નામ). સ્વાગત.. સ્વાગત.. સ્વાગત. એ પરમાનંદ ભગવાનનું સ્વાગત થાય છે. ભગવાન પરમાનંદ સ્વરૂપ છે 'સ્વાગતા' સ્વાગત થાય છે. પધારો... પધારો... પધારો.. પધારો..! આપ આનંદમૂર્તિ પર્યાયમાં પધારો. સમજાણું કાંઈ? એવું સ્વાગત હવે થયું છે આત્માને, એની વ્યાખ્યા કરે છે. કહો, સમજાણું? આ સ્વાગત કરે છે ને? લખ્યું છે ને બધું? સ્વાગત કરવું, આમ કરવું. જુઓ! સ્વાગત આ. રાજકોટનું આવ્યું છે ને? ૯ વાગે. કેટલા વાગે વહેલા આવશે. સવા આઠ, સાડા આઠ માણસ વહેલા આવે ઝટ. અરે..! સ્વાગત તો આ છે, અભિનંદન આ છે. બહારના અભિનંદન ક્યાં લાકડા હતા? ધોઈ પીવા હતા એ? કહ્યું હતું ને સવારે, નહિ? કોને કીધું? નહિ જીતુ! ઓલું બતાવ્યું હતું જીતું ને. જોયું નહોતું? ચાંદીનું જો આ ધોઈ પીવાય? પાના, પાના પત્ર ત્યાં લઈ ગયા આકડા. સમજાણું કાંઈ?

અભિનંદન તો આત્મા આત્માને આપે. ઓહો..! એ કેવા? શાશ્વત સ્વભાવમાંથી એકાગ્રતા થઈ અને અશુદ્ધ સંસ્કાર છૂટ્યા, આનંદની દશાનું વેદન (થયું), એ શાશ્વતમાંથી પર્યાય નીકળે એ શાશ્વત પર્યાયનું કારણ થાય. શાશ્વત નામ મોક્ષ જે સાદિઅનંત થાય, એનું કારણ એને અહીંયાં અભિનંદન કહેવામાં આવે છે. આ એને સ્વાગત કરવામાં આવે છે. આ સ્વાગત દેશી છે, હોં!

---

(સ્વાગતા)

सर्वतः स्वरसनिर्भरभावं
चेतये स्वयमहं स्वमिहैकम्।
नास्ति नास्ति मम कश्चन मोहः
शुद्धचिद्घनमहोनिधिरस्मि।।३०।।

ખંડાન્વય સહિત અર્થ :—"इह अहं एकम् स्वम् स्वयम् चेतये" (इह)

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વિભાવપરિણામો છૂટી ગયા હોવાથી (अहं) અનાદિનિધન ચિદ્રૂપ વસ્તુ એવો હું (एकं) સમસ્ત ભેદબુદ્ધિથી રહિત શુદ્ધ વસ્તુમાત્ર (स्वं) શુદ્ધ ચિદ્રૂપમાત્ર વસ્તુને (स्वयम्) પરોપદેશ વિના જ પોતામાં સ્વસંવેદનપ્રત્યક્ષરૂપ (चेतये) આસ્વાદું છું—(દ્રવ્યદૃષ્ટિથી) જેવો હું છું એવો હવે (પર્યાયમાં) સ્વાદ આવે છે. કેવી છે શુદ્ધ ચિદ્રૂપવસ્તુ? ''सर्वतः स्वरसनिर्भरभावं'' (सर्वतः) અસંખ્યાત પ્રદેશોમાં (स्वरस) ચૈતન્યપણાથી (निर्भर) સંપૂર્ણ છે (भावं) સર્વસ્વ જેનું એવી છે. ભાવાર્થ આમ છે—કોઈ જાણશે કે જૈનસિદ્ધાન્તનો વારંવાર અભ્યાસ કરવાથી દૃઢ પ્રતીતિ થાય છે તેનું નામ અનુભવ છે, પણ એમ નથી; મિથ્યાત્વકર્મનો રસ-પાક મટતાં મિથ્યાત્વભાવરૂપ પરિણમન મટે છે ત્યારે વસ્તુસ્વરૂપનો પ્રત્યક્ષપણે આસ્વાદ આવે છે તેનું નામ અનુભવ છે. વળી અનુભવશીલ જીવ જેવું અનુભવે છે તેવું કહે છે—''मम कश्चन मोहः नास्ति नास्ति'' (मम) મારે (कश्चन) દ્રવ્યપિંડરૂપ અથવા જીવસંબંધી ભાવપરિણમનરૂપ (मोह) જેટલા વિભાવરૂપ અશુદ્ધ પરિણામ તે બધા (नास्ति नास्ति) સર્વથા નથી, નથી. હવે તે જેવો છે તેવો કહે છે— ''शुद्धचिद्घनमहोनिधिरस्मि'' (शुद्ध) સમસ્ત વિકલ્પોથી રહિત (चत्) ચૈતન્યના (घन) સમૂહરૂપ (महः) ઉદ્યોતનો (निधिः) સમુદ્ર (अस्मि) હું છું. ભાવાર્થ આમ છે—કોઈ જાણશે કે બધાયનું નાસ્તિપણું થાય છે, તેથી એમ કહ્યું કે શુદ્ધ ચિદ્રૂપમાત્ર વસ્તુ પ્રગટ છે. ૩૦.

---

## કલશ-૩૦ ઉપર પ્રવચન

(સ્વાગતા)

सर्वतः स्वरसनिर्भरभावं
चेतये स्वयमहं स्वमिहैकम्।
नास्ति नास्ति मम कश्चन मोहः
शुद्धचिद्घनमहोनिधिरस्मि।।३०।।

એ શ્લોક બનાવ્યો છે ને, આપણે ઘણી વાર કહીએ છીએ. નહિ? ભાઈ બનારસીદાસે. આમાંથી. (જીવદ્વાર પદ-૩૩). ભાઈએ નાખવાનું કહ્યું હતું. કૈલાસચંદજી. ...

કહે વિચચ્છન પુરુષ સદા મૈં એક હૌં
અપને રસસૌ ભરયો આપની ટેક હૌં

આ શ્લોકનો એ અર્થ છે.

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**મોહકર્મ મમ નાંહિ નાંહિ ભ્રમકૂપ હૈ,**

છે ને? 'नास्ति नास्ति मम कश्चन मोहः'

**સુદ્ધ ચેતના સિંધુ હમારૌ રૂપ હૈ.**

જુઓ! '**शुद्धचिद्घनमहोनिधिरस्मि**' એ ચાર પદનું હિન્દીમાં બનારસીદાસે આમાંથી જ કાઢ્યું છે બધું. .. માટે બનાવ્યું હતું ને.

'**ખંડાન્વય સહિત અર્થ :—**' '**इह अहं एकम् स्वम् स्वयम् चेतये**' જુઓ! '**इह अहं एकम् स्वम् स्वयम् चेतये**' આ શબ્દ. '**इह**' નામ '**વિભાવપરિણામો છૂટી ગયા હોવાથી...**' વર્તમાન આમાં વિભાવ નામ પુણ્ય અને પાપ એ મારી ચીજ નહિ. હું તો જ્ઞાનાનંદ છું. કહો, હવે બાયડી, છોકરા, કુટુંબ અને શરીર ધૂળ તો ક્યાંય રહી ગઈ.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- આ શરીર તો ક્યાંય રહી ગયું હવે માટીનું આ થયું ને ધૂળ થયું. સમજાણું કાંઈ? ખોખાં ઓઢીને રોવે છે મફતનો અનાદિથી. આ શરીર મારું, આ મને આમ થઈ ગયું, આ મને આમ થઈ ગયું. ચોવીસ કલાક રાડે રાડ. આ શરીરને આમ થઈ ગયું, આ બાયડીને આમ થઈ ગયું, આ મકાનને આમ થઈ ગયું. આ દીકરીને દીકરો આવ્યો ભાણિયો, હમણાં મરી ગયો બે મહિને, આ દીકરો. હોળી જ સળગે છે આખો દી. કેમ, જયંતિભાઈ! ક્યાંના ક્યાંનું ક્યાં. મારા સાળાનો એક છોકરો .. મરી ગયો એટલે આમ થઈ ગયું. ક્યાંનું ક્યાં વળગાડીને વળગે.

મુમુક્ષુ :- કાગળ આવે એટલે..

ઉત્તર :- કાગળ તે જડમાં છે કાગળ. તારામાં ક્યાં ગરી ગયો હતો એ. કહો, સમજાણું? આ વિભાવ વિકાર મિથ્યાત્વ પરિણામ મારા.. મારા.. મારા... કરીને એકત્વબુદ્ધિમાં પડ્યો. કહે છે કે એ પરિણામ છૂટી ગયા. એ હું નહિ. હું તો ચિદાનંદ જ્ઞાન. એમ જ્યાં ધર્મની સ્વભાવની ચિદ્રૂપની દૃષ્ટિ થઈ.

'**अहं**' જોયું! '**અનાદિનિધન ચિદ્રૂપ વસ્તુ એવો હું...**' ધર્મીને અંતરમાં હું એટલે કોણ? હું એટલે કોણ? '**अहं**' '**अहं**' એ કોણ? અનાદિઅનંત. અનાદિ છે ને? નિધન એટલે અંત. અણઆદિ અને અણઅંત. વસ્તુ અનાદિ છે, છે ને છે. અંત નથી. એવો ભગવાન આત્મા. આદિ વિના, અંત વિના આવું સચ્ચિદાનંદ સ્વરૂપ. કોણ? એ તો અનાદિ કાળ લીધો. અનાદિનિધન તો કાળ લીધો. ભાવ શું? ચિદ્રૂપ વસ્તુ. અનાદિઅનંત એ ચિદ્-જ્ઞાનરૂપ વસ્તુ. ચિદો અહં. ચિદ્રૂપો અહં. જ્ઞાનપ્રકાશરૂપ હું છું. વિકલ્પાદિ, રાગાદિ છૂટી ગયા. એકત્વબુદ્ધિ ગઈ. આ નહિ.. આ નહિ.. આ નહિ. આ હું. કહો, સમજાણું આમાં? અનાદિઅનંત ચિદ્ નામ જ્ઞાનરૂપ. વસ્તુ એ વસ્તુ જ્ઞાનરૂપ વસ્તુ છે. પરમાણુ એ અજ્ઞાનરૂપ વસ્તુ છે. પુણ્ય-પાપના ભાવ એ પણ અજ્ઞાનરૂપ વસ્તુ છે. શુભ-અશુભભાવ એ અજ્ઞાન છે. અજ્ઞાન એટલે

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એમાં જ્ઞાનના પ્રકાશનો કણ એમાં નથી. અંધકાર છે. દયા, દાનના, વિકાર આદિ પરિણામ. આહાહા..! રાડ નાખે છે ઓલા બિચારા ત્યાગી થઈને બેઠા. સાંભળને ભગવાન! તું તો ચિદ્રૂપ પ્રકાશનું નૂર છો. અને વિકલ્પ જે ઉઠે છે એ તો ચૈતન્યના પ્રકાશના દૂરરૂપથી ઉત્પન્ન. દૂર છે. ચૈતન્યનો પ્રકાશ એ વિકલ્પના રાગમાં છે નહિ. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ .. સવારે સાંભળી નહોતી? સવારે કહી નહોતી? ..ભાઈ! સવારે અહીં કીધી હતી. માંડી હતી. ધ્યાન ન હોય. વ્યાખ્યાનમાં આવ્યું હતું. હાથે કરીને મોટું લાકડું. નાની ઉંમરમાં બહુ.. ભાઈઓમાં તકરાર હતી તો ચ્યાસતેલ પીધું. બહુ જોરદાર માણસ. અને મોટું લાકડું ઉપાડીને જાણે કેટલો જોરદાર છું.. આ તો ૮-૧૦ વર્ષની ઉંમરની વાત છે. શું પણ .. ગરીબ માણસ. સમજ્યાને? બીડીયું વાળીને ખાતા, પણ ભાઈ-ભાઈઓમાં તકરાર. બિચારા ગરીબ માણસ હતા. ઉમરાળામાં. આમ ચ્યાસતેલ પીવે ને બીજાને બતાવે. જો હું આ. પછી મોટું લાકડું ઉપાડે... જાણે કેટલું જોર છે. શું છે પણ આ?

એમ આ અજ્ઞાની પરવસ્તુને મારી માનીને કહે, જો હું કેટલું કરું છું! જો કેટલા લાકડા ઉપાડ્યા છે, કેટલા કામ કર્યા છે મેં. હેરાન થઈ ગયો છે મફતનો. મમતા ઉપાડી છે.

મુમુક્ષુ :- ...ચ્યાસતેલ પીધું હતું.

ઉત્તર :- હા. ચ્યાસતેલ પીધું હતું. ખબર છે. ... ત્યાં રહેતા. ગરીબ માણસ. પૈસા નહિ ને બીડીયું .. જેટલા થાય. એમાં પાછા શરીર સારા જુવાન. એટલે માંહોમાંહે તકરાર થાય આવા જોર બતાવતા. બહુ નાની ઉંમરની વાત છે. છોકરાને.. આ શું કરે છે આ? તે દી ખ્યાલ આવે કે આવું શું પણ કોને બતાવે છે? ચોકમાં એકલો હોય. કોણ માણસ આવતા-જતા હોય બતાવવું છે કોને? શું કરે છે આ? પછી પગ ભાંગ્યો ને પછી માંદો દમ ને ઓહોહો..! લઈ ગયા.. ઓહોહો..!

એમ મિથ્યાત્વના દારૂ પીધા. વિપરીત ભ્રમણાના દારૂ. આ અમારા.. આ અમારા.. અમારા.. ક્યાં હતા તારા? તારે તે જુદા હોય નહિ તારાથી. સમજાણું કાંઈ? એવી જ્યાં દૃષ્ટિ મારાપણાની પરમાંથી છૂટી ગઈ અને '**અનાદિનિધન ચિદ્રૂપ વસ્તુ એવો હું...**' એવો હું. એવી અંતર આત્મદૃષ્ટિ થઈ. '(**एकं**)' '**સમસ્ત ભેદબુદ્ધિથી રહિત શુદ્ધ વસ્તુમાત્ર...**' જોઈ વ્યાખ્યા! બધી ભેદબુદ્ધિ. વિકલ્પ તો નહિ, પણ ગુણગુણીનો ભેદ એ નહિ. ગુણી એટલે ભગવાન, પોતાનો આત્મા અને ગુણ એટલે જ્ઞાન-દર્શન, એવા બે ભેદ પણ જેની દૃષ્ટિમાં લક્ષમાં નથી. એકરૂપ. એકરૂપ એટલે બધા ભેદબુદ્ધિથી રહિત. એટલે કે શુદ્ધ વસ્તુમાત્ર. '**एक**'ની વ્યાખ્યા કરી. એવો હું. '**एकम् स्वम् स्वयम्**' એમ ત્રણ શબ્દ વાપર્યા. '**स्वम्**' '**શુદ્ધ ચિદ્રૂપમાત્ર વસ્તુને...**' હું એકરૂપ શુદ્ધ વસ્તુમાત્ર '**स्वम्**' એવી '**શુદ્ધ ચિદ્રૂપમાત્ર વસ્તુને...**' '**स्वयम्**' '**પરોપદેશ વિના જ...**' દેખો! પરના વિકલ્પ વિના, પરોપદેશ વિના. મારી ચીજ તદ્દન

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

ભિન્ન છે એવો અનુભવ કરવો એનું નામ ધર્મ છે.

'પોતામાં...' દેખો! 'પરોપદેશ વિના જ પોતામાં...' આનંદ, જ્ઞાનસ્વરૂપ (છું). વિકાર-ફિકાર મારી ચીજમાં નથી. સંસારમાં હોય છતાં અંતર દૃષ્ટિમાં વિકારનો સ્વામી નથી. એક ચિદ્દ્ઘન આત્મા. જુઓ! આનું નામ ધર્મ અને ધર્મની દશા કહેવાય છે. એ વિના બધા હેરાન થવાના રસ્તા છે. ખબરેય ન મળે શું છે ધર્મ. માની બેસે કાંઈક સેવા ને પરોપકાર કર્યા. અમારું સારું થશે હોં! ધૂળમાંય નહિ થાય. સારા શું? માને એટલે થાતા હશે? અમે કાંઈક સારી ગતિમાં જાશું. ધૂળમાંય સારો ગતો નથી ક્યાંય. જાશે ક્યાંક નરક ને નિગોદમાં ચાલ્યો રખડવા. વસ્તુનું ખબર ન મળે, વસ્તુની શ્રદ્ધા ન મળે, વસ્તુની ઓળખાણ ન મળે. વસ્તુમાં ક્યા ભાવ એમાં ક્યાં સાવધાનપણું કરવું? (એની ખબર ન મળે). સમજાણું કાંઈ?

'પોતામાં સ્વસંવેદનપ્રત્યક્ષરૂપ...' ભાષા કેટલી વાપરી છે! ભગવાને અને ગુરુએ કહ્યું માટે વેદું છું એમ નહિ. 'પોતામાં સ્વસંવેદન...' પોતાનો આત્મા જ્ઞાનથી જ્ઞાનને વેદીને 'પ્રત્યક્ષરૂપ...' 'चेतये' 'चेतये' 'આસ્વાદું છું-' લ્યો! 'चेतये'ની વ્યાખ્યા ઈ. ચેતું છું એટલે જાણું છું એમ એકલું નહિ. વેદું છું. અનુભવવું એનું નામ ચેતવું કહેવાય. નહિતર ચેત્યા શેના? કહો, સમજાણું? ભડકો થવો જોઈએ ને. ચેતે છે ને. અગ્નિ ચેતાવે નથી કહેતા? ભડકો હોય એને શું કહેવાય? એમ ભગવાન ચૈતન્ય જ્યોત જ્ઞાનનું તેજ અને આનંદનો ભંડાર, એનું વેદન એનું અંતર વેદન એ ચેતવું કહેવાય. 'चेतये' 'આસ્વાદું છું-' સમજાણું કાંઈ?

એના જ્ઞાનમાં અને એની શ્રદ્ધામાં આ જ વસ્તુ આ રીતે અનુભવે તેદી ધર્મ કહેવાય એમ નિર્ણય તો કરે. સમજાય છે? એ વિના ફાંફા મારે આડા અવળા આમ થાશે ને આમ થાશે. ધૂળમાંય ક્યાંય થાય એવું નથી.

'(દ્રવ્યદૃષ્ટિથી) જેવો હું છું...' જેવી વસ્તુ હતી. ભગવાન આત્મા છે જેવી વસ્તુ જ્ઞાન અને આનંદ આદિ અનંતગુણનું રૂપ સ્વરૂપ શુદ્ધ 'એવો હવે...' 'જેવો હું છું...' વસ્તુથી. 'એવો હવે (પર્યાયમાં) આસ્વાદ આવે છે.' આહાહા..! શું કહ્યું? ભગવાન આત્મા પુણ્ય-પાપના વિકલ્પમાં એકત્વબુદ્ધિ છોડી, એ મારા છે એમ દૃષ્ટિ છોડી અને પોતાના ચિદ્દ્ઘનના એકપણામાં ભેદ વિના પોતે પોતાથી સ્વસંવેદનની દૃષ્ટિમાં આવે ત્યારે તેને 'चेतये' આત્માનો આનંદ જે દ્રવ્યમાં હતો, વસ્તુમાં હતો, શક્તિરૂપ હતો તે પર્યાયરૂપ આનંદનો સ્વાદ આવે આ એનું નામ અનુભવ, સમ્યગ્દર્શન અને પ્રતીત તે સમ્યગ્દર્શન, વેદનથી અનુભવ કહેવાય છે. સમજાણું કાંઈ? જેવી વસ્તુ હતી એવી પર્યાયમાં (વેદાણી). આનંદ વસ્તુ હતી. નિત્યાનંદ પ્રભુ હતો. આત્મા નિત્યાનંદ આનંદ. વસ્તુ તરીકે હોં! પર્યાયમાં અશુદ્ધતાનું વેદન હતું પુણ્ય-પાપ આદિ. એ વસ્તુનું ભાન થતાં જે વસ્તુમાં આનંદ હતો એ જ પર્યાયમાં-અવસ્થામાં-હાલતમાં-આનંદનો સ્વાદ આવ્યો આ એને અનુભવ કહેવાય છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ...

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઉત્તર :- બધામાં. આવું શાસ્ત્ર ભર્યું છે એક એક કડીએ. આહાહા..! મગનભાઈએ લખ્યું ને હૃદયસ્પર્શી વ્યાખ્યાન આવે પણ હમણાં હું વાચું છું. થોથા. ઓલા ભગવાનદાસે કર્યું છે ને ઓલું? પ્રજ્ઞા.. કાંઈ માલ ન મળે. તે દી મળ્યા હતો ને. હતા ને રામજીભાઈ હતા. ઓલા મારવાડી. બે જણા આવ્યા હતા. .. બસ. કીધું ભાઈ, ધીરા થાવ, જરી ધીરા થાવ. અભિમાન છોડો પછી વાત છે.

મુમુક્ષુ :- એ ખોટું...

ઉત્તર :- આવ્યા હતા ને. ખોટું..

કહે છે, પાછો બધાની સાથે સમન્વય કરે. ફલાણાનું સાચું અને ફલાણું સાચું. આનંદઘનજી.. છએ દર્શન. દર્શન અંગ ભંગી એવું બધું. હવે એ કઈ અપેક્ષાએ તને ખબર નથી. સમજ્યા વિના. 'ષટ્દર્શન જિન અંગ ભંગી...' આવે ને? આનંદઘનજીમાં આવે છે ને? .. ભાઈ એ બીજી વાત છે. આખા અખંડાનંદમાં તે તે .. કઈ અપેક્ષાએ છે એની વાત છે. આખું ભેગા થઈને એટલે .. વસ્તુનું સ્વરૂપ એવું છે. એક સમયમાં પૂર્ણાનંદ અનંતગુણનો પિંડ એની કઈ અપેક્ષાએ નિત્ય, કઈ અપેક્ષા અનિત્ય? શુદ્ધ-અશુદ્ધ કેમ છે? એના પડખાનું જ્ઞાન કરે તો એને છએ દર્શનનું યથાર્થ જ્ઞાન એમાં આવી જાય છે. એમ વાત છે.

જુઓ! 'આસ્વાદું છું-' ધર્મ એને કહીએ. આહાહા..! જ્યાં આત્મામાં અતીન્દ્રિય આનંદ શક્તિરૂપે પડ્યો છે એની પ્રતીતના અનુભવ વિના એ પુણ્ય અને પાપનું, રાગ અને દ્વેષનું વેદન જે અનાદિથી છે એ સંસાર ને મિથ્યા ને ભ્રમ અજ્ઞાન છે. એ આત્માનો શુદ્ધ ચૈતન્ય દ્રવ્યસ્વભાવ એમ ભાન થતાં પ્રતીત અને અનુભવમાં, શક્તિરૂપે જે આનંદ હતો એ પર્યાયમાં પ્રગટ થઈને આનંદનો સ્વાદ, અનુભવ (થાય) એને ધર્મ કહેવામાં આવે છે. આહાહા..! ભારે ધર્મ ભાઈ આવો! આ તો લોકોને આમ જીવાડવા, સેવાઓ કરવી, એ ભગવાનની સેવા કહેવાય. ચાલે છે કે નહિ લોકમાં? ધૂળમાંય નથી, સાંભળને હવે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- જનસેવા એ પ્રભુસેવા.

ઉત્તર :- હા, જનસેવા એ પ્રભુસેવા. દરિદ્ર નારાયણોની સેવા એ નારાયણની સેવા. કોણ કરી શકે સેવા? ભ્રમણાનો પાર ન મળે અજ્ઞાનીઓને. કોણ કરી શકે છે પરની સેવા? સમજાણું કાંઈ? જડની અવસ્થા પણ કરી શકે નહિ આમ, એ પરની સેવા કરે, ત્રણ કાળ ત્રણ લોકમાં વસ્તુના સ્વભાવમાં એ છે નહિ. અજ્ઞાનીને તેનો ભ્રમ ગરી ગયો છે. એ ભ્રમણા જાણે આમ કરું... આમ કરું. મિથ્યાદૃષ્ટિ એ અજ્ઞાનના ભાવના ભાવને સેવા માનીને પરિભ્રમણના દુઃખમાં રખડવાના છે. મગનભાઈ! ભારે આકરી વાત. ભાઈ! તમે ગયા હશો કે નહિ કેટલીક વખતે? લૂગડું કાઢી નાખ્યું ને અડધું પહેર્યું એમ કરતા હતા પહેલા. (સંવત) ૧૯૯૯માં નહિ? હવે ત્યાં ..માં શું ગરી ગયું? એય..! બાલુભાઈ!

અહીં કહે છે, એ ભગવાન એક સમયનો ચૈતન્યપ્રભુ, એની અંતર દૃષ્ટિનો અનુભવ કરવો

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

એ એક જ ધર્મની કળા અને રીત છે. બાકી બધું થોથે થોથાં છે. અજ્ઞાનીની ભ્રમણા, ભ્રમણા, ચાર ગતિમાં રખડવાની ભ્રમણા છે. સમજાણું કાંઈ?

**'કેવી છે શુદ્ધ ચિદ્રૂપવસ્તુ?'** **'કેવી છે શુદ્ધ ચિદ્રૂપવસ્તુ?'** કેવો છે ભગવાન આત્મા અંદરમાં? જ્ઞાનરૂપ વસ્તુ... જ્ઞાનરૂપ વસ્તુ. જ્ઞાન અને આનંદ બેની જ વાત આખી લીધી છે. **'सर्वतः स्वरसनिर्भरभावं'** **'सर्वतः'** અસંખ્ય પ્રદેશ છે આત્મામાં. એ **'અસંખ્યાત પ્રદેશોમાં...'** અસંખ્ય પ્રદેશ ભગવાન અસંખ્ય પ્રદેશનું ધામ આત્મા છે. એમાં **'स्वरस'** **'ચૈતન્યપણાથી...'** એ **'स्वरस'** એટલે **'ચૈતન્યપણાથી...'** **'निर्भर'** **'સંપૂર્ણ છે...'** અસંખ્ય પ્રદેશમાં જ્ઞાનપણાથી ભરેલો સંપૂર્ણ આત્મા છે. આ વળી પ્રદેશ શું? એની પહોળાઈ. એક વસ્તુ પોતે છે અસંખ્ય પ્રદેશી છે પહોળો. એક પરમાણુ પોઈન્ટ એને જેટલી જગ્યામાં મૂકે એને પ્રદેશ કહીએ. એવો અસંખ્ય પ્રદેશી અરૂપી ભગવાન આત્મા છે. એ અસંખ્ય અંશનું એકરૂપ એ બધે આત્મા ચિદાનંદ સ્વરૂપે ભરેલો છે. સમજાણું? **'સંપૂર્ણ છે સર્વસ્વ જેનું...'** એ **'ચૈતન્યપણાથી સંપૂર્ણ છે સર્વસ્વ જેનું...'** એ બધું એક જ રૂપ છે. ચૈતન્યરૂપ પ્રકાશની મૂર્તિ, ચૈતન્યરૂપ પ્રકાશનો પિંડ એ જ આત્મા. સમજાણું કાંઈ? 'દેહ ભિન્ન કેવળ ચૈતન્યનું જ્ઞાન...' આવે છે ને શ્રીમદ્‌માં? એકલું ચૈતન્ય જ્ઞાન બિંબ. વસ્તુ, અસંખ્ય પ્રદેશ જ્ઞાનનો પુંજ, જ્ઞાનનો સૂર્ય, ચૈતન્યપ્રકાશનું બિંબ. એવો અસંખ્ય પ્રદેશમાં વ્યાપક સંપૂર્ણ નિર્ભર.

**'ભાવાર્થ આમ છે—કોઈ જાણશે કે જૈનસિદ્ધાન્તનો વારંવાર અભ્યાસ કરવાથી...'** જુઓ! બીજાનું કાંઈ નહિ. આપણે ભગવાન સર્વજ્ઞ પરમાત્મા એના શાસ્ત્ર. એમ લીધું. બીજાની તો વાત એક કોર રાખી. સર્વજ્ઞપણું જેમાં નથી, જેને ત્રણ કાળ ત્રણ લોકનું જ્ઞાન નથી થયું... સમજાણું? એના કહેલા કથનો એ તો બધા અજ્ઞાનીના વિપરીત છે. પણ જે સર્વજ્ઞ પરમાત્મા જેને એક સેકન્ડના અસંખ્ય ભાગમાં ત્રણ કાળ ત્રણ લોક દેખ્યાં. સમજાય છે? એવા.. જેની શરીરમાં નગ્નતા હોય, ખોરાક એને હોય નહિ, પાણી એને હોય નહિ, સ્ત્રી એને હોય નહિ, કપડા એને હોય નહિ એવું નગ્ન સ્વરૂપ અને અંદરમાં કેવળજ્ઞાન. ત્રણ કાળ ત્રણ લોકનું જ્ઞાન થઈ જાય. એવા સર્વજ્ઞ પરમાત્મા, એમણે કહેલા શાસ્ત્રો. એના મુખમાં ઈચ્છા વિના નીકળેલા.

**'જૈનસિદ્ધાન્તનો વારંવાર અભ્યાસ કરવાથી...'** એ વારંવાર કરો અભ્યાસ. વાંચો.. વાંચો... વાંચો. એનાથી **'દઢ પ્રતીતિ થાય છે...'** એનાથી સમ્યગ્દર્શન થઈ ગયું, દઢ પ્રતીતિ થઈ. નહિ, નહિ, નહિ. **'એનું નામ અનુભવ છે, પણ એમ નથી;...'** ખૂબ શાસ્ત્ર ભણો, વાંચો આખો દી. બસ! આપણને તો શ્રદ્ધા થઈ ગઈ બરાબર. એનું નામ અનુભવ અને ધર્મ છે. ના. એને ધર્મ કેવો? શેઠી! શું કરવું છે? શાસ્ત્રના ભણતર તો વિકલ્પ છે. આ શાસ્ત્ર આમ કહે છે. હોય ભલે પણ એ તો રાગરૂપ છે અને પરસંબંધીનું જ્ઞાન એ કાંઈ આત્માનું જ્ઞાન નથી. સમજાય છે? એનું નામ કોઈ કહે કે અનુભવ છે અને સમ્યક્ છે,

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એમ નથી.


**'મિથ્યાત્વકર્મનો રસ-પાક મટતાં...'** રાગ અને દ્વેષ ને પુણ્ય ને પાપ મારા એવી એકત્વબુદ્ધિ હતી, એવો જે મિથ્યાત્વકર્મનો રસ-પાક મટતાં **'મિથ્યાત્વભાવરૂપ પરિણમન મટે છે...'** જડમાં પણ કર્મનો રસ ઘટવાથી, આત્માનો અનુભવ રસ થવાથી, જડમાં અનુભવનો રસ ઘટવાથી **'મિથ્યાત્વભાવરૂપ પરિણમન મટે છે...'** ભ્રમણાના ભાવ નાશ થઈ જાય છે. **'ત્યારે વસ્તુસ્વરૂપનો પ્રત્યક્ષપણે આસ્વાદ આવે છે તેનું નામ અનુભવ છે.'** આહાહા..! એવું આંખમાં ખટકશે ને ઓલાને ઘણાને. ભાઈ! વસ્તુ જ આમ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- તમારા બધા ઓલા ભાઈબંધોને પૂછજો. પૂર્વના જૂના.

**'મિથ્યાત્વભાવરૂપ પરિણમન મટે છે ત્યારે વસ્તુસ્વરૂપનો પ્રત્યક્ષપણે આસ્વાદ આવે છે તેનું નામ અનુભવ છે.'** કહો, સમજાણું? એનું નામ, એનું નામ, એનું નામ અનુભવ એમ. એ વિના નામ પાડે.. એની વિશેષ વ્યાખ્યા છે હવે. અનુભવશીલ...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)



Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


## વીર સંવત-૨૪૯૧, ચૈત્ર સુદ ૬, બુધવાર, તા. ૭-૪-૧૯૬૫, કલશ-30-3૧ પ્રવચન નં. ૩૨

કળશટીકા. અહીંયાં સુધી આવ્યું છે. જુઓ! શું ચાલે છે આ? ધર્મ નામ આત્માની શાંતિ, આત્માનો જે સ્વભાવ એ શાંત અવિકારી અને પવિત્ર છે. એનો અનુભવ કરતાં એટલે કે જેવું શુદ્ધ સ્વરૂપ ચૈતન્ય છે એવી દૃષ્ટિ કરતાં એનો જે અનુભવ થાય એને ધર્મ કહેવામાં આવે છે. એ ધર્મની પ્રતીતિ એને સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. એ ચીજ અનુભવ એને કહ્યું. **'તેનું નામ અનુભવ છે.'** ત્યાં સુધી આવ્યું છે. સમજાણું કાંઈ?

**'વળી અનુભવશીલ જીવ જેવું અનુભવે છે તેવું કહે છે—'** ધર્મી જીવ પોતાનો સ્વભાવ ધર્મ જેમ અનુભવે છે એને કહેવામાં આવે છે. જુઓ! આ ધર્મ એટલે કોઈ બહારની દેહની ક્રિયા એ ધર્મ નથી. તેમ અંદર દયા, દાન, કામ, ક્રોધના શુભાશુભભાવ થાય એ કાંઈ ધર્મ નથી. આત્માને હિતકર નથી. એક સમયમાં શુદ્ધ ચૈતન્ય પદાર્થ આનંદ અને જ્ઞાનના સ્વભાવથી ભરેલું પાત્ર એટલે વસ્તુ, એની અંતરમાં દૃષ્ટિ કરીને વિકારથી ભિન્ન થઈને આત્માની અંતર અનુભવ કરીને પ્રતીતિ કરવી એનું નામ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અને એનું નામ ધર્મ છે. તો ધર્મી જીવનો સ્વભાવ કેવો હોય છે? અને શું કરે છે?

**'વળી અનુભવશીલ જીવ જેવું અનુભવે છે તેવું કહે છે—' 'मम कश्चन मोहः नास्ति नास्ति'** અંતરમાં ધર્મી પોતાના અંતર શુદ્ધ સ્વરૂપ જ્ઞાન અને આનંદસ્વરૂપની દૃષ્ટિ હોવાથી **'મારે દ્રવ્યપિંડરૂપ...'** પરમાણુ જે કર્મ જડ છે. જુઓ! અહીં પાછું સિદ્ધ તો કરે છે. આઠ કર્મના રજકણો એવી એક ધૂળ કર્મપિંડ છે. પણ ધર્મી એમ જાણે છે કે મારા ચૈતન્યપદાર્થના અનુભવમાં એ ચીજ સર્વથા નથી. આહાહા..! સમજાણું કાંઈ? વસ્તુ આત્મા પૂર્ણ જ્ઞાન અને આનંદનો ભંડાર, એવી અંતર દૃષ્ટિના પોતાના સ્વરૂપના હોવાપણાના અસ્તિનું ભાન થતાં, મારા હોવાપણામાં આ કર્મરૂપી પિંડ એ છે જ નહિ.

મુમુક્ષુ :- ગરી ક્યાં ગયા?

ઉત્તર :- ક્યાં ગરી ગયા? કર્મ ગરી ગયા નથી. ગરી ક્યાં ગયા છે? માન્યા છે અજ્ઞાનથી. ભ્રમણા ઊભી કરી ભ્રમણા. આ મને કર્મ છે ને આ મને શરીર છે ને આ મને દુઃખ છે. એ મૂઢ આત્માએ માની લીધેલું છે. સમજાણું કાંઈ? શેઠી! આવે છે ને? અજ્ઞાની મૂઢો.. એ કુંદકુંદાચાર્યનું વચન છે.

ભગવાન આત્મા જ્ઞાનનું સ્વરૂપ અને આનંદનું રૂપ અને શાંતિનો સાગર એવી એની ચીજ છે વસ્તુમાં. કોઈ દી જોયું નથી, જાણ્યું નથી. વિશ્વાસ ઊભો કર્યો નથી. એ ચીજ શું સત્તા

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે તેને સાંભળેલું પણ યથાર્થપણે નથી. એટલે એને એમ છે કે આ તે ધર્મ શું હશે ને કેમ થાતો હશે? ભાઈ! તું આત્મા છો અને એ આત્મામાં અનંત બેહદ શાંતિ, આનંદ, અસ્તિત્વ આદિ શક્તિઓ પૂર્ણ ભરી છે. એની ઉપર સાવધાન થઈને, આત્માની શક્તિનું અનુભવ પરિણમન કરવું એનું નામ ધર્મ અને એનું નામ મુક્તિનો ઉપાય છે. એ પોતે કરે તો થાય છે. કોઈ કરી દે એવું નથી. એને સમજ્યા વિના માન્યું છે આ. અરે..! આ મારા હોવામાં કર્મ છે. કર્મ કર્મમાં છે. તારા હોવામાં એ નથી. મારા હોવામાં શરીર છે. ધૂળમાંય નથી. શરીર શરીરમાં છે. તારા હોવામાં ક્યાં શરીર આવ્યું? સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ત્રણે કાળમાં નથી. વસ્તુના હોવાપણામાં આ ક્યાં હતું? એનામાં છે. એ તો એનામાં છે. શરીર શરીરમાં છે. આત્મા ભગવાન અરૂપી જ્ઞાનઘન એના હોવાપણાના મર્યાદામાં એની મોજૂદગીમાં આની અંદર મોજૂદગી છે આ શરીરની?

મુમુક્ષુ :- ... દુઃખ થાય છે.

ઉત્તર :- દુઃખ એનું થાય છે? દુઃખ એનું થતું નથી. શરીર અને આત્મા બે એક માન્યા છે એની એકત્વબુદ્ધિનું દુઃખ છે. આત્મામાં દુઃખ પણ નથી. એ તો આનંદમૂર્તિ છે. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે કે ધર્મી જીવ એને કહીએ કે જે પોતાના હોવાપણામાં જડ કર્મનું હોવાપણું સ્વીકારતો નથી. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ પછી કહેશે. કહેશેને હમણાં. નાસ્તિ નથી. છે અસ્તિ. એમ કહેશે. કહેશે સાંભળો આ. હજી તો..

અને '**જીવસંબંધી ભાવપરિણમનરૂપ...**' આત્માના સંબંધી. જુઓ! ઓલો તો દ્રવ્યપિંડરૂપ આઠ કર્મના રજકણો. અને '**જીવસંબંધી ભાવ...**' ભાષા કેવી લીધી છે? આત્મામાં જે રાગ અને દ્વેષ, દયા ને દાન, કામ ને ક્રોધ એવી વર્તમાન '**જીવસંબંધી ભાવપરિણમનરૂપ...**' વિકાર. વિકાર '**જેટલા વિભાવરૂપ અશુદ્ધ પરિણામ...**' જેટલા એ વિકલ્પની વૃત્તિઓ, દયા, દાન, કામ, ક્રોધ, પુણ્ય-પાપ શુભાશુભ લાગણી એ બધી વિકારી વિભાવી દશા એ મારા ચૈતન્યઘનમાં નથી. આહાહા..! સમજાણું કાંઈ?

'**જેટલા વિભાવરૂપ અશુદ્ધ પરિણામ તે બધા સર્વથા નથી,...**' જોયું! '**સર્વથા નથી, નથી.**' આહાહા..!

મુમુક્ષુ :- અસ્તિ કરીને નાસ્તિ.

ઉત્તર :- નાસ્તિ. પણ પાછું નાસ્તિની સાથે સર્વથા. બિલકુલ નથી. કથંચિત્ છે એમ રાખો. એ પર્યાયના લક્ષમાં એ હતું. વસ્તુના હોવાપણામાં બિલકુલ નથી. એવી અંતર દૃષ્ટિ

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



થવી એને સમ્યક્ અનુભવ અને ધર્મ કહેવાય છે. આહાહા..! સમજાણું કાંઈ? ચૈતન્ય વસ્તુ સચ્ચિદાનંદ સ્વરૂપ આત્મા. સત્ નામ શાશ્વત જ્ઞાન અને આનંદનો ભંડાર. એ અસ્તિ પછી કહેશે. આ તો હું જેટલા પુણ્ય-પાપના વિકલ્પની વાસના (ઉઠે છે) એ મારી વસ્તુમાં અંદર નથી. એમ ધર્મી પોતાના આત્માને સ્વસત્તાના સ્વભાવને અવલંબતો પરની અવસ્થા આદિ, વિકાર આદિ મારામાં નથી એમ સ્વીકારે છે. સમજાણું કાંઈ?

'**હવે તે જેવો છે તેવો કહે છે—**' હવે અસ્તિ આવ્યું. એ તો નાસ્તિ કહી હતી. હવે છે કેવો એ આત્મા? એમ ધર્મીની દૃષ્ટિમાં આત્મા કેવો ભાસે છે? કે '**शुद्धचिद्घनमहोनिधिरस्मि**' '**સમસ્ત વિકલ્પોથી રહિત...**' શુદ્ધ નામ પુણ્ય-પાપની વૃત્તિઓ, લાગણી, આસ્રવતત્ત્વ, મેલ તત્ત્વ એનાથી મારું તત્ત્વ અંદર નિર્મળ ભિન્ન છે. બહુ ઝીણું! બાલુભાઈ! રાયપુરમાં તો ક્યાંય સાંભળવા પણ મળે નહિ. '**સમસ્ત વિકલ્પોથી રહિત...**' ભગવાન વસ્તુ જ્ઞાનના ધામરૂપ ચૈતન્ય પદાર્થ, એમાં જેટલા વિકલ્પો છે એ બધાથી રહિત હું શુદ્ધ છું. '**ચૈતન્યના સમૂહરૂપ...**' જાણક સ્વભાવ, જાણક સ્વભાવ એના પુંજરૂપ '**महः**' '**ઉદ્યોત...**' એ જ્ઞાનના પુંજના ઉદ્યોતરૂપ હું છું. જ્ઞાન એટલે આ શરીર, વાણીની ક્રિયા અને આ શાસ્ત્ર એમ નહિ. અંદર ચૈતન્યના પ્રકાશનું સ્વરૂપ એ ચૈતન્યના સમૂહરૂપી ઉદ્યોત પ્રકાશરૂપ આત્મા છું. સમજાણું કાંઈ?

'**સમસ્ત વિકલ્પોથી રહિત...**' અંદરમાં વિકલ્પની લાગણીઓથી રહિત શુદ્ધ છું. અહીં શુદ્ધ એટલે વસ્તુમાં શુદ્ધ છું. '**ચૈતન્યના સમૂહરૂપ ઉદ્યોત...**' એ ચૈતન્યના પ્રકાશનો, સ્વભાવનો પુંજરૂપ પ્રકાશ એ હું આત્મા છું. એનો '**निधि**' છું. '**સમુદ્ર હું છું.**' '**अस्मि**' '**સમુદ્ર હું છું.**' 'શુદ્ધ ચેતના સિંધુ હમારો રૂપ છે.' સમજાણું કાંઈ? એવો જે સમુદ્ર ભગવાન જ્ઞાનનો દરિયો છે. એ ચૈતન્ય અરૂપી શરીર પ્રમાણે સ્ફટિક રત્ન. ચૈતન્યનું સ્ફટિક રત્ન એવો ભગવાન, એનામાં વિકલ્પની બિલકુલ દશા નથી, કર્મ નથી. શુદ્ધ છું. અને ચૈતન્યના સમૂહનો ઉદ્યોત પ્રકાશનાર એવો દરિયો, પ્રકાશની બેહદ સ્વભાવ શક્તિ, જેનો સ્વભાવ અમાપ અને અચિંત્ય. અચિંત્ય એવો બેહદ સ્વભાવ એવો હું છું. આ એને આત્માનું ભાન અને આત્માનો અનુભવ કહેવામાં આવે છે. દુનિયાની લાઈનથી આખી વાત જુદી. શેઠી! કહો, આ ધર્મ કરો.. ધર્મ કરો.. કહે. દેરાસરમાં પૂજા કરો, ભક્તિ કરો, ફલાણું કરો, વ્રત પાળો. આમાં તો ક્યાંય ન આવ્યું આ.

મુમુક્ષુ :-

ઉત્તર :- .. હા. હવે છોડ્યું. આવે. પણ એ તો વિકલ્પ છે. વચ્ચે આવે એ. એ ક્યાં આત્મા તત્ત્વ હતું? એ તો આસ્રવતત્ત્વ છે. વૃત્તિનું ઉત્થાન છે-રાગ આ કરું, દયા, વ્રત, ભક્તિ, પૂજા એ તો વિકલ્પ છે, આસ્રવતત્ત્વ છે. એ મારા તત્ત્વમાં નથી એમ જાણે અને અનુભવ કરે એને આત્મતત્ત્વનું ભાન થાય. શું કીધું? છોડીને.. એ કાંઈક છોડે છોડે જાય

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એવું છે? એમ કહે છે. હળવેક દઈને કહે ને. કાઢી નાખ્યું.. છોડે ક્યાં? વસ્તુમાં છે જ નહિ. રાડ પાડે છે. આજે લખાણ ખૂબ આવ્યું છે. આહાહા..!

અરે..! ભગવાન સાંભળ તો ખરો, ભાઈ! એ ચૈતન્ય વસ્તુ જ્ઞાનઘન પિંડ છે. જેમ બરફની પાટ છે એમાં બધે ઠંડું અને સ્વચ્છતા જ ભરી છે. સુરણની ગાંઠ છે ત્યાં એકલો કંદમૂળનો રસ જ પડ્યો છે. સાકરની મૂર્તિ છે પૂતળી એમાં સાકર અને સફેદાઈનું દળ જ ભર્યું છે. એમ આ ભગવાન આત્મા જ્ઞાન અને આનંદનું દળ જ આત્મા ભરેલો છે. ભગવાન જાણે ક્યાં હશે આત્મા ને કેવો? કોઈ દી વિચાર્યું નથી. એનું હોવાપણું કેવડું, કેટલું એની ખબર નથી. સમજાણું કાંઈ? અને અમે ધર્મ કરીએ. કરો ધર્મ. શેનો છે ધર્મ? પણ ક્યાં હતો? સમજાણું કાંઈ?

ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્યભાગમાં ચૈતન્યના પ્રકાશના પૂરના તેજવાળો હું આત્મા છું અને તે પણ હું સમુદ્ર છું. મારા સ્વભાવ શક્તિનું કોઈ માપ નથી. માપ નથી એટલો સ્વભાવથી ભરેલો હું આત્મા છું. એમ અંતર્મુખના અનુભવની દૃષ્ટિમાં ધર્મીને આત્મા એવો ભાસે છે. એમાં વિકલ્પ અને રાગાદિ ભાસતા નથી. આહાહા..!

'**ભાવાર્થ આમ છે—કોઈ જાણશે કે બધાયનું નાસ્તિપણું થાય છે,...**' કોઈ જાણશે કે સર્વનું નાસ્તિપણું? રાગ નહિ, પુણ્ય નહિ, કર્મ નહિ હવે પણ છે શું ત્યારે નહિ, નહિ, નહિ તો? સર્વની નાસ્તિ? નહિ. '**તેથી એમ કહ્યું કે શુદ્ધ ચિદ્રૂપમાત્ર વસ્તુ પ્રગટ છે.**' ભગવાન આત્મા ચૈતન્ય સત્તાના સ્વભાવનું જ્ઞાયકસ્વરૂપમાત્ર અનાકુળ આનંદ સ્વરૂપ હોવાપણામાત્ર એ આત્મવસ્તુ છે. એ વસ્તુ પ્રગટ છે. સમજાણું કાંઈ? એ ૩૦મો શ્લોક થયો.

---

(માલિની)

इति सति सह सर्वैरन्यभावैर्विवेके
स्वयमयमुपयोगो बिभ्रदात्मानमेकम्।
प्रकटितपरमार्थैर्दर्शनज्ञानवृत्तैः
कृतपरिणतिरात्माराम एव प्रवृत्तः।।३१।।

**ખંડાન્વય સહિત અર્થ** :—''एव अयम् उपयोगः स्वयम् प्रवृत्तः'' (एव) **નિશ્ચયથી જે અનાદિનિધન છે એવું** (अयम्) **આ જ** (उपयोगः) **જીવદ્રવ્ય** (स्वयम्) **જેવું દ્રવ્ય હતું તેવું શુદ્ધપર્યાયરૂપ** (प्रवृत्तः) **પ્રગટ થયું. ભાવાર્થ આમ છે કે જીવદ્રવ્ય શક્તિરૂપે તો શુદ્ધ હતું પરન્તુ કર્મસંયોગપણે અશુદ્ધરૂપ પરિણમ્યું હતું; હવે અશુદ્ધપણું જવાથી જેવું હતું તેવું થઈ ગયું. કેવું થતાં શુદ્ધ થયું?** ''इति सर्वैः अन्यभावैः सह विवेके सति'' (इति) **પૂર્વોક્ત પ્રકારે** (सर्वैः) **શુદ્ધ ચિદ્રૂપમાત્રથી ભિન્ન એવાં**

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


સમસ્ત (अन्यभावैः सह) દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મથી (विवेके) શુદ્ધ ચૈતન્યનું ભિન્નપણું (सति) થતાં. ભાવાર્થ આમ છે કે જેમ સુવર્ણના પાનાને તપાવતાં કાલિમા જતી રહેવાથી સહજ જ સુવર્ણમાત્ર રહી જાય છે તેમ મોહ-રાગ-દ્વેષરૂપ વિભાવપરિણામમાત્ર જતાં સહજ જ શુદ્ધ ચૈતન્યમાત્ર રહી જાય છે. કેવી થતી થકી જીવવસ્તુ પ્રગટ થાય છે? ''एकम् आत्मानम् बिभ्रत्'' (एकम्) નિર્ભેદ-નિર્વિકલ્પ ચિદ્રૂપ વસ્તુ એવો જે (आत्मानम्) આત્મસ્વભાવ તે-રૂપ (बिभ्रत्) પરિણમી છે. વળી કેવો છે આત્મા? ''दर्शनज्ञानवृत्तैः कृतपरिणतिः'' (दर्शन) શ્રદ્ધા-રુચિ-પ્રતીતિ, (ज्ञान) જાણપણું, (वृत्तैः) શુદ્ધ પરિણતિ-એવાં જે રત્નત્રય તે-રૂપે (कृत) કર્યું છે (परिणतिः) પરિણમન જેણે એવો છે. ભાવાર્થ આમ છે કે મિથ્યાત્વપરિણતિનો ત્યાગ થતાં, શુદ્ધ સ્વરૂપનો અનુભવ થતાં, સાક્ષાત્ રત્નત્રય ઘટે છે. કેવાં છે દર્શન-જ્ઞાન-ચારિત્ર? ''प्रकटितपरमार्थैः'' (प्रकटित) પ્રગટ કર્યો છે (परमार्थैः) સકલકર્મક્ષયલક્ષણ મોક્ષ જેમણે એવાં છે. ભાવાર્થ આમ છે કે ''सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः'' એવું કથન તો સર્વ જૈનસિદ્ધાન્તમાં છે અને તે જ પ્રમાણ છે. વળી કેવો છે શુદ્ધજીવ? ''आत्माराम'' (आत्म) પોતે જ છે (आराम) ક્રીડાવન જેનું એવો છે. ભાવાર્થ આમ છે કે ચેતનદ્રવ્ય અશુદ્ધ અવસ્થારૂપે પરની સાથે પરિણમતું હતું તે તો મટ્યું, સાંપ્રત (વર્તમાનકાળે) સ્વરૂપપરિણમનમાત્ર છે. ૩૧.

---

## કલશ-૩૧ ઉપર પ્રવચન

૩૧.

(માલિની)

इति सति सह सर्वैरन्यभावैर्विवेके
स्वयमयमुपयोगो बिभ्रदात्मानमेकम्।
प्रकटितपरमार्थैर्दर्शनज्ञानवृत्तैः
कृतपरिणतिरात्माराम एव प्रवृत्तः।।३१।।

આને કાંઈ સમજણ નથી પડતી. ૩૧માં એને કાંઈ ખબર નથી પડતી. પાનું લઈને બેસે એટલું. પાનું ૩૧મું કાઢી દ્યો. બતાવી દ્યો એને.

'**ખંડાન્વય સહિત અર્થ :—**' '**एव अयम् उपयोगः स्वयम् प्रवृत्तः**' '**एव**' '**નિશ્ચયથી જે અનાદિનિધન છે...**' કેવો છે ભગવાન આત્મા? '**एव**' '**નિશ્ચય...**' અનાદિ, આદિ વિનાનો અને અંત વિનાનો, નિધન નામ અંત વિનાનો. ભગવાન આત્મા શરૂઆત નથી એની

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


હોવાપણામાં. એ હોવાપણાનું કોઈ દી અહોવાપણું થતું નથી. એવો આત્મા અનાદિઅનંત ભગવાન આત્મા પોતે, **'આ જ...' 'उपयोगः'** એટલે **'જીવદ્રવ્ય...'** અહીં **'उपयोगः'** ની વ્યાખ્યા **'જીવદ્રવ્ય...'** જાણવું-દેખવું એવો જે ઉપયોગ એ આત્મદ્રવ્ય છે. ભગવાન આત્મા ચૈતન્ય જાણવું-દેખવું એનો વેપાર સ્વરૂપ આખું દ્રવ્ય છે. એવો અનાદિઅનંત ભગવાન આત્મા **'જેવું દ્રવ્ય હતું તેવું શુદ્ધપર્યાયરૂપ પ્રગટ થયું.'** જેવો એ શુદ્ધ ચૈતન્ય પદાર્થ ધ્રુવ અનાદિઅનંત જ્ઞાયક આનંદ હતો, એવી અંતર દૃષ્ટિ કરતાં એનું અંદર સત્તાના તોલનનો સ્વીકાર કરતાં આખું સ્વરૂપ આવું છે એવી દૃષ્ટિ, જ્ઞાનમાં અને શાંતિમાં એ વસ્તુને લેતાં એ દ્રવ્ય જેવી વસ્તુ છે એવી દશા શુદ્ધ પર્યાયરૂપ પ્રગટ થાય છે, પ્રગટ થાય છે. જેવો અંતર સ્વભાવ છે એવી એની દશામાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની શુદ્ધતા ધર્મીને ધર્મરૂપી પર્યાય શુદ્ધતામાંથી પ્રગટ થાય છે. સમજાણું કાંઈ? આ તો એકલા માખણ છે અહીં તો અત્યારે ટીકામાં, કળશોમાં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ... છે. આહાહા..!

ભાઈ! તું આત્મા છો, પ્રભુ! એ આત્માને અહીં ઉપયોગ શબ્દ કહીને આત્મા .. જાણન-દેખન સ્વરૂપ. એવું તત્ત્વ જે દેહના પરમાણુથી જુદું, કર્મના રજકણથી જુદું અને મલિનના પરિણામથી તદ્દન પૃથક્. એવો ભગવાન જેવો શુદ્ધ સ્વભાવ ત્રિકાળ છે, એવી અંતરમાં દૃષ્ટિ ધર્મી કરતાં એની પર્યાયમાં-અવસ્થામાં-હાલતમાં-જેવો શુદ્ધ સ્વભાવ (છે) એવી જ પર્યાય શુદ્ધ પ્રગટ થાય છે. એ શુદ્ધ પર્યાય પ્રગટ થાય તેને ધર્મ કહેવાય છે. ભારે! વ્યાખ્યા આ તે જૈન વીતરાગની હશે કે કોની? કોઈ દી સાંભળ્યું ન હોય. પરમેશ્વરે તો છકાયની દયા, ચોવીહાર એવી વાતું સાંભળી. આ વળી વીતરાગનો માર્ગ આવો ક્યાંથી કાઢ્યો? કેમ ભગવાનજીભાઈ!

બાપુ! વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ દેવાધિદેવ જેને એક સેકન્ડના અસંખ્ય ભાગમાં ત્રણ કાળ ત્રણ લોક સ્વરૂપમાં જણાણા. એની વાણીમાં આવ્યું કે ભાઈ! તારો આત્મા મારા જેવો જ પરમાત્મા જ છે. આહાહા..! એવું તારું પરમસ્વરૂપ. પરમઆત્મા એટલે પરમસ્વરૂપ. પરમસ્વરૂપ જ્ઞાન, આનંદ આદિ પરમસ્વરૂપનો તું કંદ તે આત્મા જ છો. મારી પર્યાયમાં પરમાત્મદશા થઈ, તારું વસ્તુ સ્વરૂપ પરમાત્મસ્વરૂપ છે. સમજાણું કાંઈ? એના અંતરમાં બાહ્યની પ્રકૃતિઓના સ્વભાવો, શરીરાદિ, બધા પુણ્ય-પાપના ભાવો એની પ્રેમાળમાં જે અનાદિથી પડ્યો છો એ અધર્મ છે. એની પ્રેમાળવૃત્તિને છોડ અને ભગવાન પૂર્ણાનંદ પ્રભુ, એનો પ્રેમ અંદર એકાકાર થા. એ એકાકાર થતાં જેવો શુદ્ધ સ્વભાવ વસ્તુ છે એવી જ પર્યાય એટલે અવસ્થામાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની શાંતિ આદિ પ્રગટ શુદ્ધ પર્યાય થાય છે. એ શુદ્ધ પર્યાયને નિશ્ચય મોક્ષમાર્ગ કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? પુસ્તક-બુસ્તક છે કે નહિ? ભાયાણી? ઠીક! જુઓ! આ સમજવા જેવી વાત છે આ. એને રસ છે રસ.

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

આ વીતરાગમાર્ગ આ છે. આહાહા..!

પરમેશ્વર ત્રિલોકનાથ અનંત પરમાત્મા થઈ ગયા અને વર્તમાનમાં મહાવિદેહ ક્ષેત્રમાં સર્વજ્ઞ ત્રિલોકનાથ સીમંધર પ્રભુ બિરાજે છે. એ બધા પૂર્ણાનંદની પ્રાપ્તિરૂપ ભગવાનપર્યાયને પામ્યા- અવસ્થાને. અને વાણી ઈચ્છા વિના નીકળી ગઈ કે અરે..! આત્મા! તારી જાત અને ભાત મારા જેટલી અને જેવડી છે. આહાહા..! એવો ભગવાન આત્મા વસ્તુએ જેવો છે, પર્યાયમાં અનાદિથી રાગ અને દ્વેષ, પુણ્ય અને પાપ મારા માની ભ્રમણામાં પડ્યો હતો એ દુઃખી ને સંસાર. કહે છે કે એકવાર તું તારા ચૈતન્યપદાર્થને નિહાળ. નજર કર તારી નિધિમાં. એ નિધિ પડી છે આખો આત્મા આનંદસ્વરૂપ છે. એની એકાગ્રતા થતાં જેવો એ સ્વભાવ પવિત્ર અને શુદ્ધ છે એવી જ એની દશામાં શુદ્ધતા અને પવિત્રતા પ્રગટે તે પર્યાયને ધર્મ કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? ધર્મની ભારે વ્યાખ્યા. ઓલા કહે, અહિંસા પરમો ધર્મ. ઓલા કહે, આ ધર્મ. એ આ અહિંસા.

આનું નામ અહિંસા. કે જે સ્વરૂપ પૂર્ણાનંદ પ્રભુ જીવન એનું તત્ત્વ જ્ઞાયકપણે આનંદપણે છે, એનો દૃષ્ટિ, જ્ઞાનમાં સ્વીકાર કરીને ઠરવું એ પર્યાયને અહિંસા કહેવામાં આવે છે. એણે આત્માની અહિંસા પ્રગટ કરી. આહાહા..! ભારે અહિંસા ભાઈ! પંડિતો પણ રાડ નાખે બિચારા જુઓ! આજે પણ ઘણું આવ્યું છે જૈન ગેજેટમાં. ઈનું ઈ લખ્યા કરે. ઓલો કાળનય ને અકાળનય, અકાળ મરણ લખ્યા કરે. રતનચંદજી. કાળનય કીધી છે. રતનચંદજી નાખે છે, કાળનય કીધી છે ને ભગવાને. અરે.. ભાઈ સાંભળને, બાપા! તને કાળનય શું કહી છે એની પણ ખબર નથી તને. કાળે થશે અને અકાળે થશે. શું કહે છે? આહાહા..!

ભાઈ! તું તો આત્મા. તારી દશામાં તને જે આનંદ અને શાંતિ સ્વભાવમાં ભરેલી તેને તેના સન્મુખ થઈ અને એકાગ્ર થતાં જે દશા પ્રગટ થાય એને ભગવાન સર્વજ્ઞ પરમાત્મા ધર્મ અને મુક્તિનો માર્ગ કહે છે. એ અહિંસા તે પરમોધર્મ. એવી દશાને અહિંસા કહે છે. એમાં આત્મા હણાતો નથી. પણ જે આત્મા રાગાદિ કરીને મને લાભ થાય એમ માને એ આત્માના સ્વભાવને હણે છે માટે તે હિંસા કરે છે આત્માની. પરની કોણ કરી શકે છે અને કોણ પાળી શકે છે? સમજાણું કાંઈ? આહાહા..! ભારે તત્ત્વ, ભાઈ!

આ કોની વાત ચાલે છે? થઈ શકે એની વાત ચાલે છે આ. ત્રણે કાળે થઈ શકે. એમાં આ કાળે ન થાય એટલે? તો ધર્મ નથી. એની ચીજ છે તેની સાવધાની ન કરી શકે? છે એની સંભાળ ન કરી શકે? સમજાણું કાંઈ? ભલે વસ્તુની સ્થિરતાનું ચારિત્ર આદિ બહુ ઉગ્ર શુક્લધ્યાન એ ભલે ન કરી શકે. પણ આ ન કરી શકે તો આ ન કરે તો પછી છે જ ક્યાં? ધર્મ ક્યાં? કહો, સમજાણું કાંઈ? ઊંધું કરે છે કે નહિ આ કાળે? તો ઊંધુ કરનારો સવળું ન કરી શકે? ઊંધું એ પોતાથી કરે છે. પરાધીન પરાધીન. પરાધીન ભોગવે છે. .. આવ્યું ને?

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અજ્ઞાની રાગ-દ્વેષ વિકારને પરાધીનપણે ભોગવે છે એકલો એ મિથ્યાત્વ છે. સમ્યક્‌દૃષ્ટિ આત્માની શ્રદ્ધા, જ્ઞાન અને ભાન થયાં છતાં કાંઈક રાગાદિ હોય, પરાધીનપણે પોતે કરે છે એને ભોગવે એટલી હજી પરાધીનતા છે. પોતાને કારણે પરાધીન. બીજો કોઈ પરાધીન કરી દે છે એમ ત્રણ કાળમાં નથી. સમજાણું કાંઈ? ભગવાન આત્મા રાગ ને કર્મને આધીન થઈ અને સર્વથા વિકારી છું એમ માને એ મિથ્યાદૃષ્ટિનું તદ્દ્‌ન પરાધીનપણું (છે). ધર્મી જીવને એક સેકન્ડના અસંખ્ય ભાગમાં પૂર્ણ જ્ઞાયક ચૈતન્યના શુદ્ધ તત્ત્વને સ્વીકારતો જેટલો રાગાદિ બાકી રહે એટલો કર્મને આધીન પોતે થઈને વિકારને ભોગવે છે. સમજાણું કાંઈ?

'**તેવું શુદ્ધપર્યાયરૂપ પ્રગટ થયું.**' 'प्रवृत्तः' એક એક શબ્દની શૈલી જ જુદી જાતની. 'प्रवृत्तः' પ્રવર્ત્યો. 'प्रवृत्तः' પ્રવર્ત્યો. એટલે પ્રગટ થયું. 'प्रवृत्तः'ની વ્યાખ્યા પ્રગટ થયું. સમજાણું કાંઈ? '**ભાવાર્થ આમ છે કે જીવદ્રવ્ય શક્તિરૂપે તો શુદ્ધ હતું...**' સમજાણું કાંઈ? સ્વરૂપ તો એનું શક્તિરૂપે તો પવિત્ર અને શુદ્ધ જ છે. બધા અનંત આત્માઓનું. અભવિ હોય કે ભવિ હોય. સ્વભાવ એનો શક્તિ એની અશુદ્ધતા હોય? વસ્તુ અશુદ્ધ હોય કોઈ દી? પદાર્થ. એની દશામાં-હાલતમાં-વર્તમાન પર્યાયમાં મલિનતા (છે) એ જુદી વાત છે. વસ્તુ પોતે છે ચૈતન્ય શુદ્ધ વિકલ્પ ને રાગ વિનાની ચીજ છે એ તો ત્રિકાળી. એ વસ્તુ તો શક્તિએ-સ્વભાવે-સત્ત્વે-શુદ્ધ જ છે.

'**પરન્તુ કર્મસંયોગપણે અશુદ્ધરૂપ પરિણમ્યું હતું;...**' કર્મસંયોગથી નો અર્થ? એ કર્મના સંયોગ ઉપરના લક્ષથી અશુદ્ધરૂપે થતો હતો એ સંસાર ને એ દુઃખદશા અને એ અધર્મ હતો. સમજાણું કાંઈ? '**કર્મસંયોગપણે...**' સંયોગપણે. સ્વભાવને ન જોતાં સંયોગના લક્ષે ગયો એથી અશુદ્ધરૂપ પરિણત પોતે મલિનરૂપે પરણિત નામ અવસ્થા કરતો હતો. મિથ્યા ભ્રમણા, પુણ્યથી ધર્મ, પાપમાં મઝા એવી વિપરીત માન્યતા કર્મના સંયોગને લક્ષે આત્મા જ પોતાના મૂળ સ્વરૂપને ભૂલી એની દશામાં અશુદ્ધરૂપની અવસ્થા કરતો હતો. સમજાણું કાંઈ?

'**હવે અશુદ્ધપણું જવાથી જેવું હતું તેવું થઈ ગયું.**' એ અશુદ્ધદશા એ પરલક્ષે કરેલી મારી ચીજમાં નથી. મારી વસ્તુમાં નથી. એમ વસ્તુના પદાર્થને સંભાળતા, જોતાં, જાણતા, અનુભવતા એ અશુદ્ધપણું હવે રહેતું નથી. '**અશુદ્ધપણું જવાથી જેવું હતું તેવું થઈ ગયું.**' જેવો શુદ્ધ સ્વભાવ ત્રિકાળી ચૈતન્ય છે એવી અવસ્થામાં શુદ્ધતા થઈ ગઈ. કહો, સમજાણું?

'**કેવું થતાં શુદ્ધ થયું?**' કેવો થવાથી તે શુદ્ધ થયો? '**इति सर्वैः अन्यभावैः सह विवेके सति**' આ સિદ્ધાંત. '**इति सर्वैः अन्यभावैः सह विवेके सति**' '**(इति)**' નામ '**પૂર્વોક્ત પ્રકારે...**' પૂર્વોક્ત પ્રકારથી. પૂર્વોક્ત એટલે પૂર્વે કહ્યું તે પ્રકારથી. '**सर्वैः**' '**શુદ્ધ ચિદ્રૂપમાત્રથી ભિન્ન એવાં સમસ્ત...**' '**सर्वैः**' શુદ્ધ જ્ઞાનમાત્ર ઘન પદાર્થ એનાથી. શુદ્ધ ચિદ્રૂપ. જ્ઞાનરૂપ શુદ્ધ એવો આત્મા. એનાથી ભિન્ન જેટલો વિકલ્પ દયા, દાન, વ્રત, કામ,

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ક્રોધ બધા **'સમસ્ત દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મથી...'** બધું અન્યભાવ. જડકર્મ નહિ, શરીર નહિ, પુણ્ય-પાપના ભાવ નહિ.

**'विवेके' 'विवेके'** એટલે **'શુદ્ધ ચૈતન્યનું ભિન્નપણું...'** આમ વ્યાખ્યા કરી. ભગવાન શુદ્ધ ચૈતન્ય દ્રવ્ય છું. આ ગૃહસ્થાશ્રમમાં સમ્યગ્દર્શન થાય એની વાત છે. રાજા, મહારાજા ચક્રવર્તી છ ખંડના ધણી પણ આ રીતે સમ્યગ્દર્શન પામીને ધર્મ પામે છે. એ ધર્મ પામવાની રીત અને ધર્મનું સ્વરૂપ વર્ણવે છે. કહો, સમજાણું આમાં? **'દ્રવ્યકર્મ-ભાવકર્મ...'** દ્રવ્યકર્મ એટલે આઠ કર્મના રજકણો. ભાવ એટલે પુણ્ય-પાપનો ભાવ, **'નોકર્મ...'** એટલે આ શરીર ને વાણી, એનાથી ભિન્નપણાનું નામ વિવેક. કહો, 'ધર્મ વિવેકે નિપજે' એમ કહે છે ને? એ વિવેક આ. ભગવાનભાઈ! સાંભળ્યું છે ને?

મુમુક્ષુ :- બોલાવે..

ઉત્તર :- બોલાવે ઘણા વખતે. 'ધર્મ વિવેકે નિપજે, ધર્મ હાટે ન વેચાય, ધર્મ વાડીએ ન નીપજે, ધર્મ વિવેકે નીપજે જો કરીએ તો થાય.' પણ શું એનો અર્થ? ગડિયા તો એમ ને એમ હાંકે રાખ્યા અનંત કાળથી.

વિવેક એટલે શું? ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યઘન અને પુણ્ય-પાપના વિકારો અને શરીર, કર્મથી ભિન્ન. એમ બેને ભિન્ન પાડવા એનું નામ ભેદજ્ઞાન અને એનું નામ વિવેક કહેવાય. એ વિવેકે ધર્મ નીપજે છે. સમજાણું કાંઈ? આ સંસારના વિવેક કરે ને બધા? આવો ને જાઓ ને હાલમાં શું લવછવ? એમાં હશે ને ધર્મ? લવછવ કરે છે ને જગતમાં? લવવું એટલે થોડું બોલવું, અને છવવું એટલે જે આવે એની સ્તુતિ કરે તો ઓલાને ઠીક લાગે. નહિતર (એમ બોલે), ગયા હતા તો સામું પણ જોયું નહિ. શું ત્યાં જઈએ? બોલાવ્યા પણ નહિ, લ્યો. અમે સામા થઈને ગયા. લવછવ કહે છે ને? કાંઈ બોલે. પધારો, પધારો. ઠીક છે અને તમારે સજ્જનને તો આવવું જોઈએ ને. તો એ લવછવ કરે તો ઓલાના ઠીક લાગે.

મુમુક્ષુ :- લૌકિક ધર્મ કહેવાય.

ઉત્તર :- લૌકિક અધર્મ. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- તેથી અજ્ઞાની છે ને. અજ્ઞાની કોને કહે?

અહીં કહે છે કે ભાઈ! એ વિવેક કર્યો. ભગવાન આત્મા ચૈતન્યના તેજના પૂરવાળો પ્રભુ, ચૈતન્યના પૂર જેમાં પડ્યા છે. એ પૂર કેવા હશે? સમજાણું? એવા **'શુદ્ધ ચૈતન્યનું ભિન્નપણું...'** **'सति' 'सति'** છે ને? **'सति'** એટલે હોવાથી. અથવા હોતાં, આવું થયા થકા, આમ થયા થકા. ભગવાન જ્ઞાનમૂર્તિ શુદ્ધ ચૈતન્ય ને પુણ્ય-પાપના વિકલ્પથી રહિત એવો વિવેક કર્યે થકે, કર્યે થકે. એમ. કર્યે થકે. એમ ને એમ થઈ જાય એમ છે નહિ.

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મુમુક્ષુ :- ...

ઉત્તર :- કેવું?

મુમુક્ષુ :- કરવાનું આવ્યું.

ઉત્તર :- હા, જુઓને થતાં.

**'શુદ્ધ ચૈતન્યનું ભિન્નપણું થતાં...'** હોતા થકા. આહાહા..! સમજાણું કાંઈ? ભગવાન આત્મામાં પૂર્ણ સત્તા ધામ ભગવાન, એમ અંતરમાં પુણ્ય-પાપના વિકલ્પ અને એનાથી વિવેક ભિન્ન કરીને, ભિન્નપણું કરતાં થકા શુદ્ધપણાની પર્યાયને પ્રાપ્ત થાય છે. **'ભાવાર્થ આમ છે કે જેમ સુવર્ણના પાનને...'** સુવર્ણના પાનનો. **'તપાવતાં કાલિમા જતી રહેવાથી...'** સોનાનું પાનું અગ્નિ દેવાથી જેમ એને મેલ ચાલ્યો જાય. મેલ ચાલ્યો જાય. આ ફૂંકે છે સોની? કુલડીમાં નાખીને નથી કરતા? મેલ એમાં ચાલ્યો જાય. **'સુવર્ણના પાનાને તપાવતાં કાલિમા જતી રહેવાથી સહજ જ સુવર્ણમાત્ર રહી જાય છે...'** અહીં દાખલો આપીને શું કહેવું છે કે સોનું તો સોનું જ છે. પીળું, ચીકણું અને ભારે વજન. પણ એમાં જે મેલ હતો એ સોનાનું મૂળ સ્વરૂપ નહોતું. એથી અગ્નિ દેવાથી એ કાલિમાનો નાશ થઈ જાય. સોનું જેવું છે એવું રહી જાય.

**'સુવર્ણમાત્ર રહી જાય છે...'** સુવર્ણમાત્ર, દેખો! કાલિમા બિલકુલ નહિ. એકલું સોળ વલું. સોળ વલું કહે છે ને આ? શું કહે છે? સો ટચનું. ચોખ્ખી લગડી. સોનાની લગડી આમ પાંચ રૂપિયાભારની ચોખ્ખી. એ અગ્નિથી સોનું. સમજાણું કાંઈ? સોનાનું પાંદડુ પકવતાં. વાહ! એને પકાવવાથી. અનાજ તો પકાવે માણસ. સોનાના પાંદડામાં મેલ હોય એને તપાવતા **'કાલિમા જતી રહેવાથી સહજ જ...'** દેખો! સ્વભાવિક જ. **'સુવર્ણમાત્ર...'** એકલું સોનું સ્વભાવિક લગડી રહી જાય છે.

**'તેમ...'** એ તો દૃષ્ટાંત થયો. **'તેમ...'** કાલિમા જેમ સોનાની લગડીમાં છે, અગ્નિમાં તપાવવાથી નીકળી જાય છે. એમ. છે ને? **'મોહ-રાગ-દ્વેષરૂપ વિભાવ...'** એ કાલિમા છે. ભગવાન સોના સમાન છે આત્મા પોતાનો. એમાં જેટલો મોહ, પરમાં સાવધાની, શુભાશુભ વિકલ્પ રાગ એ મિથ્યાત્વ અને રાગ એ બધો વિભાવ કાલિમા છે, મેલ છે. આહાહા..! સમજાણું કાંઈ? સાકરમાં પણ નથી કરતાં દૂધ નાખીને? શું કહેવાય? બુરું બુરું. બુરું નહિ પણ સારું. કરે છે તો સારું પણ બુરુ કહે છે એને. આ સાકરમાં નાખે છે દૂધ નાખીને? મેલ કાઢી નાખે. ધોળા .. જેવી હતી એ રહી ગઈ. આ ખાંડ. એમ ભગવાન આત્મા શુદ્ધ જ્ઞાનઘન પવિત્રધામ આત્મા છે. એમાં જેટલો મોહ-રાગ-દ્વેષ પુણ્ય-પાપની કાલિમા મેલ હતો, આ જેમ અગ્નિમાં સુવર્ણના પાંદડાને અગ્નિમાં તપાવતાં કાલિમા વઈ જાય છે અને વસ્તુ રહી જાય છે, એમ ભગવાન આત્માને અંતરમાં એકાગ્રરૂપી ધ્યાનની અગ્નિ દ્વારા વિવેક પુણ્ય-પાપથી રહિત એવો વિવેક કરતાં મલિનતા નાશ થઈ જાય છે અને વસ્તુ જેવી છે તે રહી

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જાય છે. સમજાણું કાંઈ? એકલી અધ્યાત્મ વાત છે. બહારના કડાકૂટાની વાતું ન મળે.

**'મોહ-રાગ-દ્વેષરૂપ વિભાવ...'** વિભાવ વિકલ્પો મેલ. એનો વિવેક કરતાં ભગવાન સોના સમાન એ કાલિમાથી ભિન્ન પડીને એકાગ્ર અંતરમાં થતાં એ મેલ ટળી જાય છે. શુદ્ધ ચૈતન્ય, જેવું સુવર્ણ છે, એમ ચૈતન્યપદાર્થ વસ્તુ રહી જાય છે દૃષ્ટિમાં, જ્ઞાનમાં. આ એનું નામ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કહેવાય છે. આહાહા..! **'સહજ જ શુદ્ધ ચૈતન્યમાત્ર રહી જાય છે.'** વાત પણ સાંભળવી (કઠણ પડે). સમજાણું કાંઈ? (ચૈતન્યમાત્ર) રહી જાય છે. જ્ઞાનસ્વરૂપ ભગવાન ચૈતન્યમાત્ર. ચૈતન્ય. જેમ સોનાના પાંદડાને જેમ અગ્નિમાં પકાવવાથી જેમ મેલ ચાલ્યો જાય અને એકલું સોનું રહી જાય. એમ ભગવાન આત્મા ચૈતન્યધાતુ, જ્ઞાનાનંદ, અખંડાનંદ પ્રભુ એમાં માનેલી અજ્ઞાનદશાથી પુણ્ય-પાપ, કામ-ક્રોધ આદિ એનો વિવેક કરતાં એ કાલિમાનો નાશ થાય અને જેવો સ્વભાવ શુદ્ધ છે એવો પ્રગટ રહી જાય. આ એનું નામ આત્મા ને એનું નામ મુક્તિ અને એનું નામ ધર્મ કહેવાય છે. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- વિવેક?

ઉત્તર :- એ આ વિવેક. અંદર જ્ઞાનાનંદ પ્રકાશની મૂર્તિ આત્મા અને પુણ્ય-પાપ, કામ-ક્રોધાદિ વિકલ્પો દયા, દાન એ વિકાર. બેનો વિવેકરૂપી અગ્નિ લગાવતાં એ મલિનતાનો નાશ થઈને એકલો આત્મા ભગવાન જેવો છે મહિમાવંત એવો રહી જાય. આ એનું નામ આત્મા કહેવાય. જીવ અધિકાર છે ને? આ જીવ અધિકાર છે ને? આ જીવપણું સિદ્ધ કરે છે કે આને આત્મા કહેવાય. એવા આત્માને અનુભવવો એનું નામ ધર્મ કહેવાય. ભારે વાત ભાઈ! સમજાણું?

**'કેવી થતી થકી જીવવસ્તુ પ્રગટ થાય છે?'** વળી કેવી... વસ્તુ છે ને એટલે **'કેવી થતી થકી જીવવસ્તુ પ્રગટ થાય છે?'** ભગવાન આત્મા વસ્તુએ એના દરબારમાં અંદર ભરેલું ચૈતન્યતત્ત્વ, આનંદ તત્ત્વ આદિ વસ્તુનું સત્ત્વ એ કઈ રીતે પ્રગટ થાય છે? **'एकम् आत्मानम् बिभ्रत्' 'एकम् आत्मानम् बिभ्रत्'** એ **'નિર્ભેદ-નિર્વિકલ્પ ચિદ્રૂપ વસ્તુ એવો જે આત્મસ્વભાવ...'** નિર્ભેદ. નિર્વિકલ્પ અભેદ એવી અંતર ચીજ. એવી જે ચિદ્રૂપ વસ્તુ-જ્ઞાનરૂપવસ્તુ. એના બે વિશેષો- નિર્ભેદ અને નિર્વિકલ્પ. એવો જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા, **'आत्मानम्' 'આત્મસ્વભાવ તે-રૂપ...'** પોતાનો સ્વભાવ એવો. ચિદ્રૂપ એવો વસ્તુનો સ્વભાવ. ચિદ્રૂપ એવો વસ્તુનો સ્વભાવ. **'बिभ्रत्' 'પરિણમી છે.'** એ રીતે જ્ઞાનરૂપ ચિદ્ઘનરૂપ પરિણિત નામ પર્યાયમાં પરિણિત થયો એ આત્મા પોતાના સ્વરૂપને પ્રગટ કરે છે.

અહીં તો એમ કહે છે કે ઓલો પુણ્ય-પાપનો વિકલ્પ પરિણમે છે માટે આ પરિણિત આવી રીતે થાય છે એમ નહિ. એ તો શુદ્ધ ચૈતન્યમાત્ર પદાર્થ, એના હોવાપણાના અંદરમાં અનંત આનંદ શાંતિ આદિ છે. એને પુણ્ય-પાપથી વિવેક કરીને એકાગ્ર થતાં ભગવાન આત્મા

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જ પોતે શુદ્ધરૂપે પરિણમે છે. અને એમાં અવસ્થા શુદ્ધ નિર્મળ દશા થતી જાય છે. સમજાણું કાંઈ? આવ્યું છે ને ટાણે.

**'વળી કેવો છે આત્મા?'** જુઓ! **'તે-રૂપે' 'बिभ्रत्' 'પરિણમી છે.'** ભગવાન આત્મા અનાદિથી જે પુણ્ય-પાપ અને કામ અને ક્રોધ એ મારા માનીને પરિણમિત નામ વિકારને ભ્રમપણે પરિણમતો, પરિણમતો એટલે અવસ્થારૂપે થતો, એ વસ્તુના સ્વભાવમાં અંતરમાં પ્રવેશ દૃષ્ટિ કરતાં, એકાકાર થતાં એ શુદ્ધરૂપે પરિણમી જાય છે. જે અશુદ્ધરૂપે થતો એ શુદ્ધરૂપે થાય છે એને અહીંયાં આત્મા કહેવામાં આવે છે.

**'વળી કેવો છે આત્મા?' 'दर्शनज्ञानवृत्तैः कृतपरिणतिः'** જુઓ! ત્રણરૂપે પરિણમ્યો અહીં તો. મિથ્યાત્વ.. ત્રણ રૂપે પરિણમ્યો એમ કહેવું છે. અહીં તો ત્રણ જ છે. સાંભળને. રાડ નાખી જાય છે. આવી ગયું છે ને પહેલું? નહિ. ચારિત્ર થઈ જાય ત્યારે આમ કહેવાય, ઢીંકણું કહેવાય. એ આવ્યું હતું પહેલું કીધું હતું. ત્રણ રૂપે આને એક છે ને? એક નહિ ત્રણ છે સાંભળને હવે. એકસાથે ત્રણ છે. ત્રિકાળી શુદ્ધ છે. જુઓ! છે ને? ત્રીજું. **'અહીં કોઈ આશંકા કરશે કે મોક્ષમાર્ગ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ત્રણેના મળવાથી થાય છે- શુદ્ધ જીવસ્વરૂપ અનુભવતાં ત્રણેય છે.'** છે ને ઈ. છઠ્ઠા શ્લોકમાં છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- છે ને પણ રત્નત્રય છે. સાંભળને હવે. એમ જાણે કે મુનિ થાય, અંદરમાં બહુ જામે. એ વખતે વિશેષ સ્થિરતા હો. ઓહોહો..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બહુ અલૌકિક વાત છે. એ .. શુક્લધ્યાન.

પણ ભગવાન આત્મા પોતાના જ્યાં અંતરના શુદ્ધોપયોગ તરફ ઢળ્યો એટલે પુણ્ય-પાપની વૃત્તિઓથી ખસીને શુદ્ધ ચિદાનંદ તરફ વળ્યો, એ વખતે એને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે ઉપયોગમાં આવી જાય છે. આહાહા..! સમજાણું કાંઈ? એ અહીં વિશેષ નાખ્યું છે થોડું. જુઓ! અહીં તો હજી કહે છે કે **'શ્રદ્ધા-રુચિ-પ્રતીતિ,...'** એ ત્રણ શબ્દ એક જ **'दर्शन'**ના અર્થ છે. ભગવાન આત્મા પૂર્ણ સ્વરૂપ શુદ્ધની દૃષ્ટિ કરતાં એને દર્શન કહો, એને શ્રદ્ધા કહો, એને રુચિ કહો, એને પ્રતીતિ કહો. અને ભગવાન જ્ઞાનમૂર્તિ પ્રભુ એનું અંતરમાં જ્ઞાન કરતાં જાણપણું થયું તેને મોક્ષનો જ્ઞાનમાર્ગ કહેવાય છે.

**'(वृत्तैः)' 'શુદ્ધ પરિણતિ...'** જુઓ! **'वृत्तैः'**ની વ્યાખ્યા. શુદ્ધ પરિણતિ વિશેષ. **'શુદ્ધ પરિણતિ-'** સમ્યક્ ચૈતન્યજ્યોત ભગવાન આત્માની અંતર શ્રદ્ધા, અંતર જ્ઞાન અને શુદ્ધ પરિણતિની રમણતા આ એનું નામ ચારિત્ર. એ ચારિત્ર લૂગડામાં નથી, નગ્નપણામાં નથી અને વિકલ્પ પંચ મહાવ્રતના ઉઠે એમાં ચારિત્ર નથી. આહાહા..! પેલા કહે, નહિ, એ જ અત્યારે વ્યવહારચારિત્ર જ અત્યારે છે. ઓલું તો ૧૩મે ગુણસ્થાને હોય. નિશ્ચયચારિત્ર તેરમે

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

હોય. લ્યો, નાખ્યું છે આમાં. નિશ્ચયચારિત્ર અને એની વાતું અત્યારે કરે છે. અત્યારે ન હોય એની વાતું કરે અને હોય એની તો ઉડાવી દે છે. પછી રહેશે શું એને?

ભાઈ! એ ચૈતન્યજ્યોત એની તને ખબર નથી. એક સેકન્ડના અસંખ્ય ભાગમાં ભગવાન આત્મતત્ત્વ એટલા સત્ત્વના સ્વભાવથી ભરેલો અચિંત્ય અમાપ પદાર્થ છે. એવા ભગવાનની, વિકારની વિકલ્પથી પ્રેમ છોડીને સ્વભાવની દૃષ્ટિ કરતાં એ સ્વભાવ શુદ્ધ તેની દૃષ્ટિ-શ્રદ્ધા-પ્રતીત, જ્ઞાન અને વૃત્તિ નામ પરિણમન એ ત્રણે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ થાય છે. આહાહા..! અહીં તો હજી વિશેષ કરશે. ઓલા કરતાં નાખવું છે ને વિશેષ. આગળ આવ્યું છે ને.

**'પરિણમન જેણે એવો છે.'** જુઓ! **'શુદ્ધ પરિણતિ-એવાં જે રત્નત્રય...'** પાછું. **'તે-રૂપે કર્યું છે પરિણમન જેણે...'** ભગવાન આત્મા એના સ્વભાવની સાવધાનીની દૃષ્ટિ દ્વારા જ્ઞાન અને શુદ્ધ પરિણતિપણે પરિણમ્યો એને શુદ્ધરત્નત્રય કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એ **'શુદ્ધ પરિણતિ-એવાં જે રત્નત્રય...'** એનો અર્થ કે શુદ્ધ રત્નત્રય. શુદ્ધરત્નત્રય કહો કે નિશ્ચય છે. મોટા વાંધા અત્યારે ચાલે છે ને ઝઘડા. શુદ્ધ પરિણતિ ત્રણેની એકાકાર થયો. એવો **'જે રત્નત્રય તે-રૂપે કર્યું છે પરિણમન જેણે...'** એવો આત્મા. ભગવાન! જ્ઞાનમૂર્તિ પ્રભુ, એના પૂર્ણ સ્વભાવમાં એકાકાર થતાં શ્રદ્ધા-જ્ઞાન અને શુદ્ધ પરિણતિરૂપ ચારિત્ર ત્રણ રતન તેને પ્રગટ થાય છે. લ્યો, આ રતન. એની આગળ આ બધા ધૂળના રતન. શેઠી! તમારા ધૂળના રતન ક્યાંય વયા ગયા. અહીં તો વ્યવહાર દયા-દાનના ભાવ એને ખરા રતન છે નહિ. આહાહા..! કલ્પિત. સમજાણું કાંઈ? આહાહા..! તમારા રતન તો કલ્પિત. દયા, દાન, વ્રતના વિકલ્પ પણ કલ્પિત. કલ્પિત નામ સ્વરૂપમાં છે નહિ એવો મલિન ભાવ. તે ખરેખર રત્નત્રય નથી. આ તો ભાઈ માર્ગ છે શૂરાનો, કાયરના નહિ કામ. 'પ્રભુનો માર્ગ છે...' પ્રભુ એટલે આત્મા હોં! ત્યાં બીજો કોઈ પ્રભુ દેવા આવે એવો નથી અહીં. 'પ્રભુનો માર્ગ છે શૂરાનો, કાયરના નહિ કામ.' એ હીજડા જેવા આમ.. આમ થાય.. આમ થાય.. સાંભળને હવે. ભગવાન આત્મા વીરરસથી ભરેલું તત્ત્વ છે. સમજાણું કાંઈ? જેનામાં જ્ઞાન અને વીરતાનો વીર્યરસ પડ્યો છે અખંડાનંદ પ્રભુ, એવો વસ્તુનો સ્વભાવ, એની અંતર દૃષ્ટિ થતાં વીરરસે પરિણમ્યો આત્મા. સમજાય છે કાંઈ? સમ્યક્ શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્રની પરિણતિ નિર્મળ થઈ તેને રત્નત્રય મોક્ષના માર્ગમાં, મોક્ષ લેવા માટે આ રત્નત્રય કામ આવે છે. સમજાણું?

**'ભાવાર્થ આમ છે કે મિથ્યાત્વપરિણતિનો ત્યાગ થતાં,...'** વાત તો એમ છે ને. ભ્રમણાં ટળતા એ રાગ અને પુણ્યની સાથે એકતા ટળતાં, પુણ્ય પરિણામની એકતા સ્વભાવ સાથે માન્યતા હતી એ ટળતાં, એ ટળતાં સ્વભાવની એકતા થતાં જે શ્રદ્ધા-જ્ઞાન અને શાંતિના અંશો પ્રગટે એને અહીંયાં સમ્યક્ રત્નત્રય ત્રણ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? **'મિથ્યાત્વપરિણતિનો ત્યાગ થતાં,...'** એ ત્યાગ થયો કે નહિ? શેનો ત્યાગ કરવો

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે એને? બાયડી-છોકરા બધા બિચારા પડ્યા છે એને ઠેકાણે. ભાગ અહીંથી ભંગડભૂત થઈને. ક્યાં જઈશ પણ ત્યાંથી? ભંગડભૂત. ભંગડભૂત એટલે ભાન વિનાના. એય.. બાયડી-છોકરા. શું છે? એ તો પરદ્રવ્ય છે. એ ક્યાં ગરી ગયા છે તારામાં? એ ક્યાં ગરી ગયા છે તારામાં તે તું છોડ એને. ભાગ. ... આ નહિ. કોઈ પરદ્રવ્ય નડતું પણ નથી ને હેરાન કરતું નથી ને સહાય કરતું નથી. એ તો સ્વતંત્ર પદાર્થ છે. સમજાણું કાંઈ? છોડવાનું તેને છોડતો નથી અને જે છૂટેલી પડી (છે) તેને છોડું તો મને ત્યાગ થાય. સમજાણું કાંઈ?

કહે છે... એ શું કીધું? મિથ્યાત્વ પરિણતિનો ત્યાગ. આહાહા..! પુણ્ય-પાપ આદિ મારા એવી માન્યતાથી એકત્વ શ્રદ્ધા-મિથ્યાત્વ, રાગ અને દ્વેષનું અચારિત્ર હતું એ મિથ્યાત્વ પરિણતિનો ત્યાગ થઈ સ્વરૂપ ભગવાન શુદ્ધ ચિદાનંદ, એની દૃષ્ટિ, જ્ઞાન અને લીનતાની પરિણતિ થતાં એને.. સમજાણું? '**શુદ્ધસ્વરૂપનો અનુભવ થતાં, સાક્ષાત્ રત્નત્રય ઘટે છે.**' ઓલો કહે, બિલકુલ નહિ. સાંભળને હવે. તારું શું કરવું?

મુમુક્ષુ :- સાંભળને હવે...

ઉત્તર :- એ આત્માને કીધું. સાંભળતો નથી તું. નનુર થઈ ગયો છો? એનો બાપ શિખામણ આપે તો નથી કહેતા? નનુર થઈ ગયો? આટલી આટલી સોટીઓ પડે તો પણ ગણકારતો જ નથી. તેજ ન મળે, કાંઈક બોલ તો ખરો. વાગે છે માટે ન મારો એમ તો કહે. .. એવા મીંઢડા. માથે મારે તો પણ ન બોલે. .. એવી હતી કે માથે સોટીયું મારે. આ બધું જોયેલું હોં નજરે. મારે સોટીયું. હેઠેથી સંભળાય. મૂંઢડી બોલે નહિ જરીએ. અવાજ નહિ. એ તો સોટીયું વાગે ત્યારે ખબર પડે કે અંદર એનો ધણી મારે છે. સમજાણુ? ઉંહકારો ન કરે, ઉંહકારો ન કરે. ફડાક-ફડાક. નેતરની સોટી. શું થાય છે આ? સોટીયું વાગે. પણ ઓલો ઉંહકારો કરે નહિ કે આ કોને મારે છે ખબર ન પડે. પછી ખબર પડે કે આ તો હરવખતે આવું થાય છે. આ એને મારે છે. સમજાણું કાંઈ? મીંઢડો હુંકારો પણ કરતો નથી. એલા પ્રહાર પડે છે તારા ઉપર. મૂઢ છો? રાગ-દ્વેષ ને વિકાર મારા માનીને મૂઢ થઈ ગયો છો? હીજડો થયો છો તું. તારી ચીજ અંદર જ્ઞાનાનંદ સ્વભાવ પૂર્ણાનંદ છે એના તને રુચિ અને શ્રદ્ધા-જ્ઞાન કરતા આવડતું નથી. સમજાય છે? તોપણ હુંકારો કરતો નથી. એમ નહિ, એમ ન હોય, એમ ન હોય. હવે સાંભળને.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ જોવા જેવું તો કાંઈ માણસનું તો હોય. સમજાય છે. આનું શરીર જરી સ્થૂળ હતું. લોહી ચડેલું અને મારે અને હતી ઠેકાણા વિનાની. કહો, સમજાણું કાંઈ?

'**અનુભવ થતાં, સાક્ષાત્ રત્નત્રય ઘટે છે.**' ભગવાન! આમ જ્યારે એને કહે છે, અરે.. મૂઢ! મૂર્ખ! પુણ્ય-પાપના પરિણામને એકત્વ માનીને સોડમાં લઈને સૂતો. પાવૈયો છો કહે છે. તારું વીર્ય બીડાઈ ગયું છે? ભગવાન આત્મા અખંડાનંદ પ્રભુ ચૈતન્ય છે. આ એની

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અંતરમાં રાગથી ભિન્ન કરીને વિવેક કર, એ વીર જાગ્યો. અનિયત.. જે માર્ગે ચડ્યો એ માર્ગ હવે ફરે નહિ. એને શુદ્ધરત્નત્રયની દશા કહેવામાં આવે છે. જગતે કોઈ દી સાંભળ્યું ન હોય શું છે. અને આ... સમજાણું? **'સાક્ષાત્ રત્નત્રય...'** સાક્ષાત્ નહિ તો વળી પરંપરા કેવા? સમજાણું કાંઈ? એ સમ્યગ્દર્શન મિથ્યાત્વનો નાશ થતાં સાક્ષાત્ રત્નત્રય પ્રગટે છે. ઓહોહો..! સમજાણું?

**'કેવાં છે દર્શન-જ્ઞાન-ચારિત્ર છે?' 'અનુભવ થતાં, સાક્ષાત્ રત્નત્રય ઘટે છે.'** ઘટી શકે છે. ના ન પાડ. એમાં હોઈ શકે છે. ચોથે ગુણસ્થાને મિથ્યાત્વ ગયા ને આમ થાય, ઢીંકણું થાય. અહીંયાં તો એક જ્ઞાન છે અને પ્રતીતિ છે. ઢીંકણું (છે). હવે સાંભળને. મિથ્યાત્વની પરિણતિ ટળતાં, આખી રાગની એકતા ટળતાં કાંઈ અંદર આત્મા એકાગ્ર થાય તો આખું વેદન ફરી ગયું. એ શેનો થયો? તો સમ્યક્ શેનું થયું? સમજાણું? ચિદાનંદ ભગવાન જ્ઞાનની જ્યોત, એની અંતર એકાકાર થતાં શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર ત્રણે રત્નત્રય તેને ઘટિત થાય છે, એને લાગુ પડે છે, એને હોઈ શકે છે. સમજાણું કાંઈ?

**'કેવાં છે દર્શન-જ્ઞાન-ચારિત્ર?' 'प्रकटितपरमार्थैः' 'प्रकटित' 'પ્રગટ કર્યો છે સકલકર્મક્ષયલક્ષણ મોક્ષ જેમણે એવાં છે.'** દૃષ્ટિમાં તો કર્મક્ષય જ છે અંદર દૃષ્ટિમાં. મોક્ષસ્વરૂપ એણે પ્રગટ કર્યું. કર્મનો મારામાં અભાવ છે. પછી કર્મક્ષયલક્ષણ થઈ ગયું ને અંદર? હો, દર્શન મોક્ષસ્વરૂપ. તું છો મોક્ષસ્વરૂપ. એવો ભગવાન આત્મા એના ગુણોની અંતર અનુભવની દૃષ્ટિ થતાં દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ કર્યા છે. શું કર્યું? **'परमार्थैः'** પરમ અર્થ એવો જે ભગવાન આત્મા. એણે કર્મ વિનાનો, રાગ વિનાનો આત્મા દૃષ્ટિમાં લીધો એણે પ્રગટ કર્યો છે પરમાર્થ. આને પરમાર્થ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? પરમાર્થ મોક્ષ જેમણે એવાં છે. મોક્ષ થઈ ગયો. સમજાણું?

જાહેર થાવ કે મિથ્યાત્વ એ સંસાર છે અને સમ્યગ્દર્શન તે મોક્ષ છે. આવે છે ને બનારસીદાસમાં? બુદ્ધિલાલનું. છે ને પણ. સમજાણું કાંઈ? એ આમાંથી આ બધું બનાવ્યું છે.

કોટી વર્ષનું સ્વપ્ન પણ જાગૃત થતાં પમાય
એમ વિભાવ અનાદિનો જ્ઞાન થતાં દૂર થાય.

ચૈતન્ય ભગવાન જ્ઞાનસ્વરૂપ પ્રભુ, એ અંદરના કિરણોએ ફાટતો અંતર દૃષ્ટિ કરતાં એને સાક્ષાત્ રત્નત્રય (પ્રગટ થાય છે). સાક્ષાત્ મોક્ષ થઈ ગયો મોક્ષ એને. એને મુક્ત દશા થઈ ગઈ. વ્યવહારથી મુક્ત છે. એ વિકલ્પનો વ્યવહાર છે ને? એનાથી મુક્ત છે. સમ્યગ્દૃષ્ટિ મુક્ત છે. સમજાણું કાંઈ? એને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અને મોક્ષનો માર્ગ કહેવાય છે. એનો ભાવાર્થ થોડો લઈશું વિસ્તારથી...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## વીર સંવત-૨૪૯૧, ચૈત્ર સુદ ૭, ગુરુવાર,
## તા. ૮-૪-૧૯૬૫, કલશ-૩૧-૩૨
## પ્રવચન નં. ૩૩

આ સમયસાર કળશ ૩૧. પાનું ૩૩ છે. નીચે ભાવાર્થ. ભાવાર્થ. શું કહે છે? જુઓ! '**सम्यग्दर्शनज्ञानचारित्राणी मोक्षमार्गः**' લ્યો, સૂત્ર એવું સરસ આવ્યું પહેલું. તત્ત્વાર્થસૂત્રમાં ભગવાન કુંદકુંદાચાર્યના શિષ્ય ઉમાસ્વામી. એમણે પહેલું સૂત્ર મોક્ષશાસ્ત્રમાં આ પહેલું કહ્યું કે '**सम्यग्दर्शनज्ञानचारित्राणी मोक्षमार्गः**' '**એવું કથન તો સર્વ જૈનસિદ્ધાન્તમાં છે...**' એવું કહેવું સર્વ વીતરાગમાર્ગના શાસનમાં છે. '**અને તે જ પ્રમાણ છે.**' એમ કેમ કહ્યું? કે પહેલા એમ કહ્યું હતું કે આ આત્મા શુદ્ધ આનંદ અને જ્ઞાનની મૂર્તિ પૂર્ણાનંદ છે એવી અંતરની શ્રદ્ધા અને સમ્યક્ પરિણતિ થાય તે વખતે એને મિથ્યાત્વ પરિણતિની ભ્રમણાનો નાશ થાય અને સમ્યગ્દર્શન-ચારિત્ર ત્રણે ત્યાં સાક્ષાત્ રત્નત્રય ઘટે છે.

મુમુક્ષુ :- ....

ઉત્તર :- એ ઘટે છે એનું આ લખ્યું છે. આમાં શાસ્ત્રમાં તો એમ છે ને ત્રણ બોલ. એનો એ ભાવાર્થ લીધો છે. સમજાણું કાંઈ? શું કહ્યું?

ફરીને. એમણે એમ કહ્યું, પાઠમાં એમ આવ્યું ને કે '**दर्शनज्ञानवृत्तैः**' '**એવાં જે રત્નત્રય તે-રૂપે કર્યું છે પરિણમન જેણે...**' જેણે આ આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં જ્ઞાયક ચૈતન્ય આનંદ શુદ્ધ ધ્રુવધામ પવિત્ર વસ્તુ, એને પુણ્ય-પાપના ભાવની રુચિ છોડી, શરીર, વાણી, મનના પરપદાર્થનું હોવાપણું મારામાં છે એવી રુચિ છોડી, મારામાં તો અનંત જ્ઞાન, આનંદ છે એવી અનુભવની દૃષ્ટિ કરી અને મિથ્યા ભ્રમણાની અવસ્થા નાશ કરી એને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે ઘટે છે.

મુમુક્ષુ :- એકસાથે કે આગળ પાછળ?

ઉત્તર :- એકસાથે. સમજાણું કાંઈ?

કોઈ કહે કે ભાઈ, ચોથા ગુણસ્થાનમાં તો ફક્ત મિથ્યાત્વનો નાશ થાય. ત્યાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણ કેમ કહ્યા? કે સાંભળ ભાઈ! એક અંશે અમે કહ્યા અને તે શાસ્ત્રમાં કહ્યા છે કે સમ્યગ્દર્શન, જ્ઞાન, (ચારિત્ર) તે મોક્ષમાર્ગ એ પ્રમાણ છે. પણ આત્માનું, પુણ્ય-પાપના ભાવથી રહિત ચિદાનંદ પ્રભુ શુદ્ધ, એના અંતરની દૃષ્ટિના અનુભવનાં ભાનમાં એનું પ્રતીત થવું અને એમાં સ્વરૂપાચરણની સ્થિતિ પણ એમાં આવી જાય છે. એટલે મિથ્યાત્વનો નાશ થતાં, સમ્યગ્દર્શન થતાં એ સ્વરૂપની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતાં ત્રણે અંશો ભેગા આવી જાય છે. સમજાય છે કાંઈ? વજુભાઈ!

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ માટે આ ભાવાર્થ કર્યો છે. ભાઈ અમારે પ્રમાણ છે. તું એમ કહે, ઓલું ચારિત્ર આખું નથી આવ્યું ને?

એક સમયમાં ભગવાન આત્મા શુદ્ધ બિંબ અનંત આનંદનો શાંતરસ કંદ એ વસ્તુ આત્મા છે. એમાં વિકાર પુણ્ય-પાપ પણ નથી, તેમ અલ્પજ્ઞતા નથી, એવું પૂર્ણ શુદ્ધ સ્વરૂપ, એની તરફની સાવધાનીપૂર્વક અનુભવ જ્ઞાનનું વેદન કરી અને આ જ આત્મા આનંદના સ્વાદવાળો આત્મા, આનંદનો સ્વાદ એમાં આવવો એ સ્વાદમાં આ પ્રતીતિ (થવી) કે આ આત્મા અને એનું જ્ઞાન (થવું) કે આ આત્મા અને એમાં સ્થિરતા આનંદના સ્વાદની અંતર સ્થિરતા આવી એ ચારિત્ર. નવનીતભાઈ! સમ્યગ્દર્શન થતાં ત્રણે અંશો એમાં સાથે પ્રગટ થાય છે. કહો, શેઠી! આહાહા..!

સમ્યગ્દર્શન એને કહીએ.. આમ સાધારણ દેવ-ગુરુ-શાસ્ત્રને માનવા અને આ માનવા એ સમ્યગ્દર્શન નથી. આત્મા સમ્યક્-સત્ય એક સમયમાં પૂર્ણ આનંદકંદ નિત્યાનંદ પ્રભુ, એવો આત્મા, એની અંતર્મુખ દૃષ્ટિ થઈને આત્માના નિત્યાનંદમાંથી અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવવો અને એ અતીન્દ્રિય આનંદનો અનુભવ થવો એમાં અનુભવમાં એની પ્રતીતિ થવી એ સમ્યગ્દર્શનની સાથે ત્રણે અંશો ભેગા આવી જાય છે. સમજાણું કાંઈ? એને સમ્યગ્દર્શન કહીએ. વજુભાઈ! આહાહા..! પછી વળી ચારિત્ર જે પૂર્ણ વિશેષ સ્થિરતા એ પછી. પણ એ સમ્યગ્દર્શનના કાળમાં એ સ્વરૂપાચરણની શાંતિ અને અતીન્દ્રિય આનંદનો સ્વાદ તો સમ્યગ્દર્શન થતાં ભેગો જ હોય છે. આ વાત. આ તો માનીને બેઠા. ભગવાન સાચા માનો, બસ.

મુમુક્ષુ :- ભગવાન સાચા નથી?

ઉત્તર :- ભગવાન સાચા તો એને ઘરે રહ્યા. પણ આને સાચો ક્યારે કહેવાય? ભગવાન તો ભગવાનમાં રહ્યા. ભગવાનભાઈ! એનું નામ ભગવાનભાઈ છે.

આ ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં વર્તમાન શરીરાદિના સંયોગની રુચિ અંતરમાંથી છોડી દયા, દાન, વ્રતના, પુણ્ય-પાપના ભાવનો કૃત્રિમ વિકાર એનો પ્રેમ-રુચિ છોડી, એક સેકન્ડના અસંખ્ય ભાગમાં પૂર્ણાનંદ શુદ્ધ ચૈતન્ય પ્રભુ, એની સાવધાનીપૂર્વક અંતરમાં એકાકાર થઈને આત્માના આનંદનો સ્વાદનો સાક્ષાત્કાર થાય એને સમ્યગ્દર્શન કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- આત્માના આનંદના સ્વાદનો સાક્ષાત્કાર થતાં સમ્યક્દર્શન થયું કે ચારિત્ર થયું?

ઉત્તર :- ત્યાં ચારિત્ર થયું, ત્યાં જ્ઞાન થયું અને ત્યાં દર્શન થયું. સમજાણું કાંઈ? ભારે!

મુમુક્ષુ :- એ તો વ્યવહાર સમ્યગ્દર્શન..

ઉત્તર :- અરે..! નિશ્ચયની વાત છે. વ્યવહારની કોણ કહે છે? આ તો નિશ્ચયની વાત છે. નિશ્ચય એટલે સ્વ ચૈતન્ય પ્રભુ. અંતર જ્ઞાનની વર્તમાન કળાને કળાબાજ ચૈતન્યપ્રભુ

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

એના તરફ વાળતાં જે જ્ઞાનનું અંતર વેદનમાં આનંદનું વેદન આવે, જ્ઞાન જ્ઞાનપણે વેદાય અને અનંતાનુબંધી જતાં ત્યાં શાંતિપણાનું વેદન થાય અને મિથ્યાત્વ જતાં ત્યાં સ્વરૂપના આનંદનો આ આત્મા એવી પ્રતીતિ થાય તેમાં દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે આવી જાય. એમ અહીં સિદ્ધ કરવું છે. ભાઈ! આ તો કળશ છે એ તો અલૌકિક વાત છે.

સમયસાર ભગવાન કુંદકુંદાચાર્યે કહ્યું. એમાં કરી ટીકા ભગવાન અમૃતચંદ્રાચાર્ય મહાદિગંબર સંત મુનિ. અને એમાં પણ એ ટીકાનો સાર કળશમાં ભર્યો અને એ કળશમાં પણ રાજમલે, 'પાંડે રાજમલ જૈનધર્મી, સમયસાર નાટકકે મર્મી.' બનારસીદાસ (લખે છે). સમજાય છે? એમાંથી આ સમયસાર કાઢ્યું છે. આમાંથી-આ બધા લખાણમાંથી. સમયસાર નાટક આખું જે કાઢ્યું છે એ આમાંથી કાઢ્યું છે. સમજાણું કાંઈ? આ તો પુસ્તક કોણ જાણે કેટલા વર્ષથી એમ ને એમ પડ્યું. આ વળી બધું કુદરતને મેળ ખાધું. વળી નવનીતભાઈએ તે દી પૂછ્યું ને થયું ને આ બધું બહાર આવ્યું. કહો, સમજાણું કાંઈ? આ તો અલૌકિક ચીજ છે. જેમાં એકલા સત્યના સિદ્ધાંતોને જ સ્પષ્ટ કર્યા છે. સમજાણું કાંઈ?

આત્મા એટલે કે આનંદનો ભંડાર. કેવો આનંદ? અતીન્દ્રિય. એવા અતીન્દ્રિય આનંદનું સત્ સ્વરૂપ શાશ્વત પોતાનું. એના અંતર્મુખ થઈને એ જ્ઞાન જ્ઞાનથી વેદે સાક્ષાત્. રાગનું અવલંબન નહિ. જ્ઞાન સીધું જ્ઞાનને જાણે ને વેદે. જ્ઞાન સીધું અતીન્દ્રિય આનંદને વેદે અને જ્ઞાન સીધું સ્વરૂપમાં ઠરે રાગના અવલંબન વિના. એવી દશાને આત્માના આનંદના સ્વાદરૂપી મોક્ષમાર્ગ કહેવાય છે. આહાહા..! વજુભાઈ! આ જુઓને સંસારમાં કેટલી તકલીફ પડે છે પૈસાની. ઓછી પડે છે?

મુમુક્ષુ :- ..માં મજા આવે છે.

ઉત્તર :- ધૂળમાંય મજા નથી આવતી. હમણા ખબર પડે આ પાંચ, પંદર, વીસ દી ગયા હશે એની. વેચવું પડે તે મહા કઠણ છે એ. તો આ વેચવું તો મહાકઠણ છે. વજુભાઈ! કેટલાના મોઢા સાચવવા? કોને કેમ કહેવું? કોને કેમ કહેવું? આ જગત તે...

મુમુક્ષુ :- ડાહ્યા માણસ બધામાં ચાલે.

ઉત્તર :- ડાહ્યામાં કાંઈ ચાલે નહિ ત્યાં એનું. એને ખબર નથી એને? કંઈકના મોઢા .. ભાઈ, આમ છે ને તેમ છે, ફલાણું છે. આ સંસારની જાળું બધી ખબર હોય ને, અમને તો બધી ખબર હોય ને નાના પ્રકારની. આહાહા..! સમજાણું?

અહીં તો કહે છે કે ભાઈ! જગતની ચીજ છે એમાં ભાગલા પાડવા કોનો કેટલો હક? એમાં પણ કઠણ માથા. પરસેવા ઉતરી જાય એવું છે. આ તો પુણ્ય અને પાપના વિકલ્પનો રાગ પણ મારી ચીજમાં નથી. શરીર, વાણીની સત્તા નહિ, પૈસાની સત્તા તો મારા હોવામાં છે જ નહિ. મારા હોવામાં વિકલ્પમાત્ર જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ મારા સ્વરૂપમાં નથી. ત્યારે છે શું? એ તો આવી ગયું છે અહીંયાં. શુદ્ધ શુદ્ધ ચિદાનંદ. 'ચૈતન્ય સિંધુ હમારો

રૂપ હૈ.' એકલો ચૈતન્યસ્વભાવ, આનંદસ્વભાવ એવો અંતર પ્રત્યક્ષ દૃષ્ટિ-જ્ઞાનમાં આવવો, એની સાથે આનંદનો સ્વાદ એ ત્રણે અંશ અહીંયાં સમ્યગ્દર્શનની સાથે પ્રગટ થાય છે. એમ કહેવામાં આવે છે. એને સાક્ષાત્ રત્નત્રય પણ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ એના માટે ખુલાસો કરવો પડ્યો કે જો ભાઈ! અમે અહીંયાં સાક્ષાત્ રત્નત્રય ઘટિત કીધા.

**'सम्यग्दर्शनज्ञानचारित्राणी मोक्षमार्गः' 'એવું કથન તો સર્વ જૈનસિદ્ધાન્તમાં છે અને તે જ પ્રમાણ છે.'** અમારે પ્રમાણ નથી એમ નહિ. **'વળી કેવો છે શુદ્ધજીવ?'** ભગવાન આત્મા એક સમયમાં પ્રભુ ચૈતન્ય અનંત આનંદના કંદનું ધામ, અનંત અનંત કેવળજ્ઞાની. ઓહોહો..! ત્યાં કહ્યું હતું ભાઈ. ત્યાં લોકોને (એમ થઈ ગયું) આ શું? કીધું, આત્મા એવો છે કે અનંતા પરમાત્માને પેટમાં રાખે એવડો છે. આ શું? નવનીતભાઈ! મલારગઢ દસ-બાર હજાર માણસ ભેગું હતું ત્યાં તો. આ ભગવાનદાસ બીડીવાળા નહિ? ત્યાં ગયા હતા ને. દસ-બાર હજાર માણસ બે દી.

આત્મા કોને કહીએ? કે જે આત્મા અનંતા પરમાત્મા થયા, એની જે દશા પરમાત્માની છે એવી અનંતી પરમાત્માની દશા જેના પેટમાં પડી છે તેને આત્મા કહીએ. નવનીતભાઈ! સમજાણું કે નહિ? શી રીતે? અનંત પર્યાય કેવળજ્ઞાનની જે પ્રગટ થવાની છે એ કેવળજ્ઞાન એ પરમાત્મા. એવા પરમાત્માની દશા પહેલે સમયે થાય, બીજે સમયે જાય, બીજે સમયે બીજી, ત્રીજે સમયથી ત્રીજી. સાદિઅનંત એવી પરમાત્માદશા અનંતી... અનંતી... અનંતી... અનંતી... અનંતી... ઊપજ્યા જ કરે. કેવળજ્ઞાન થયા પછી, મુક્તદશા થયા પછી, પરમાત્મા થયા પછી આત્મા, એ પરમાત્માની દશા આત્મામાં એક સમય રહે છે. અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, અનંત વીર્ય જે નિર્મળ એક સમય રહે. બીજે સમયે એ વ્યય થઈને બીજી થાય, ત્રીજે સમયે ત્રીજી ઉત્પન્ન થઈને વ્યય થઈ. એમ જ્યારથી મુક્તિ થાય તે સંસારના જેટલા સમયોનો કાળ હતો એથી અનંતગુણો કાળ એટલા અનંત સમયના જેટલી પરમાત્મદશા એ બધી પરમાત્મદશા દ્રવ્ય આત્માના ધ્રુવપદમાં પડી છે. વજુભાઈ! આત્મા બાપુ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એમાં દ્રવ્યમાં બધું પડ્યું (છે). આટલા પરમાત્મા થવાની (તાકાત). અનંતા પરમાત્મા. એક સમય થયા પરમાત્મા, બીજે સમયે, ત્રીજે સમયે, ચોથે સમયે. દશા એવી ને એવી પણ દશા ઈ નહિ. નવી નવી થયા કરે સિદ્ધમાં અને કેવળજ્ઞાનમાં. એક સમયનું કેવળજ્ઞાન એનું એ બીજે સમયે ન રહે. એવું હોય પણ એ નહિ. એવી અનંતી નિર્મળ દશા જ્ઞાનની, આનંદની, સ્વચ્છતાની, પ્રભુતાની, પરમેશ્વરતાની, પરમેશ્વર એટલે પ્રભુતા ગુણની અનંતી પર્યાય પ્રગટ એક સમયમાં થઈ, બીજે સમયે તેનો વ્યય થઈને નવી ઉત્પાદ થાય.

ત્રીજે સમયે તેનો વ્યય થઈને નવી (થાય). એવા અનંતા પરમાત્માની પર્યાય ભગવાન આત્માના દ્રવ્યના ધ્રુવપણામાં અંદર પડી છે. વજુભાઈ! આવડી પુંજીનો પરમાત્મા પોતે છે. આહાહા..! સમજાણું કાંઈ?

જેના એક સમયના જ્ઞાનમાં ત્રણ કાળ ત્રણ લોક પ્રત્યક્ષ જ્ઞાન જણાતા જણાઈ જાય. એવી પરમાત્મદશા, લોકાલોક ત્રણ કાળ ત્રણ લોકને રાગ વિના પોતાની પર્યાય જાણે એવી અનંતી અનંતી પર્યાયને પ્રગટ કરવાનું ધામ તે ધ્રુવ ચૈતન્યપ્રભુ છે. એવી પર્યાયો એમાંથી વહ્યા જ કરે કે અનંત કાળ સુધી સિદ્ધ એમ થયા જ કરે. આહાહા..! આ આત્મામાં કેટલી પુંજી છે એની ખબર નથી એને. કોને કહેવો આત્મા? કહો, સમજાણું આમાં કાંઈ? ભગવાન જાણે કેવો હશે આ? એ તો કહેવાય છે અહીં.

ભગવાન! તું એક સમયની અંદર અનંતા પરમાત્માની પર્યાયો પ્રગટ થાય અને બીજી મતિ-શ્રુતાદિની પર્યાય અને અપૂર્ણ આનંદની પર્યાય એ બધી પર્યાયના પિંડરૂપે ભગવાન આત્મા બિરાજે છે. એને વિકલ્પના રાગ વિનાની અંતરમાં સ્વભાવ સન્મુખની દૃષ્ટિની નિર્વિકલ્પતા થઈ અને જ્ઞાન જ્ઞાનને જાણતું, આત્માને આનંદને વેદતું જ્ઞાન પ્રગટ થાય એને સમ્યગ્દર્શન અને મિથ્યાત્વની પરિણતિનો નાશ કહેવામાં આવે છે. વજુભાઈ! આ વાતું બહુ બીજી જાતની છે આ. વચ્ચે આવ્યા હતા ભાઈ. એક ફેરી આવ્યા હતા. પાલિતાણા ગયા હતા ને? એક ફેરી આવ્યા હતા ખરા બૈરા ઘરેથી. આ ભગવાન આત્મા.. જૈનમાં રહેલા, વાડામાં રહેલા પરમેશ્વર શું કહે એની એને ખબર ન પડે. એવો ભગવાન આત્મા એક સમયની અંદર હોં! સેકન્ડના અસંખ્ય ભાગમાં. ધ્રુવ અખંડાનંદ પ્રભુ, જેના અલ્પજ્ઞની પર્યાયમાં એ પૂરો આવી શક્યો નથી. જેની પૂર્ણ પર્યાયમાં એ આખું દ્રવ્ય આવતું નથી. આહાહા..! સમજાણું કાંઈ?

જે ભગવાન અખંડાનંદ ચૈતન્યદ્રવ્ય ધ્રુવ, એની સર્વજ્ઞની પર્યાયમાં પૂરો ન આવે તો મતિ અને મોક્ષમાર્ગની પર્યાયમાં પૂરો ક્યાંથી આવે? એવો જે પૂરો ભગવાન આત્મા એને મહાન અનંતના અનંતના અનંતવીર્યના સ્ફુરણ દ્વારા સન્મુખ થઈને પ્રતીત, જ્ઞાન અને આત્માના આનંદનો સ્વાદ આવવો એનું નામ ભગવાન સમ્યગ્દર્શન કહે છે. કહો, સમજાણું આમાં? ક્યાંનું ક્યાં માનીને બેઠા લોકો. એવા આત્માનું જે જ્ઞાન અંતર થવું તેને જ્ઞાન કહે છે. અને એવા આત્મામાં સ્થિરતા, શાંતિ ને આનંદની દશાનું પ્રગટ થવું તેને ભગવાન આચરણ, સ્વરૂપાચરણ ચારિત્ર કહે છે. આહાહા..! છગનભાઈ! લ્યો!

**'વળી કેવો છે શુદ્ધજીવ?' 'आत्माराम' 'પોતે જ છે ક્રીડાવન જેનું...'** દેખો! કેવો છે ભગવાન? **'आत्माराम'** આત્મા જ **'પોતે જ...' 'आराम' 'ક્રીડાવન જેનું...'** એ ક્રીડા કરવાને, આનંદની મોજું કરવાને માણવાનું ઘર એ આત્મા છે. આહાહા..! મોજ માણવાનું એ ઘર છે. આ બહાર જાય છે ને ઘર કરવા? નવનીતભાઈ! ઓલો ગયા હતા ને ઓલા નહિ ગાંધી? વજુભાઈ ગુજરી ગયા એના પહેલા. ત્યાં નથી ઓલા પ્રતિમાની

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પાસે ગાંધીનું નગર. મુંબઈ. અમે એક ફેરી જોવા ગયા હતા ને જોવા ગયા હતા. ઓલી પ્રતિમા ૨૮ ફૂટની છે ને ત્રણ? બહાર. જોવા ગયા હતા એક ફેરી. છેલ્લે દીએ જોવા ગયા. ચાલો ભાઈ. મુંબઈ ક્યારે હવે તો (આવવાનું થશે). બોરીવલી. હા, એ બોરીવલી. વચમાં ઓલું ગાંધીનું આવે છે ને કાંઈક રમવાનું? એ તો બધું જોયું હતું ને. નજર આમ કરતા ગયા હતા. ક્રીડાવન. ત્યાં પૂછ્યું હતું કો'કને એ કહે અહીં આખા દીનું ભાડું જોઈએ. એક દી રહી શકે માણસ સવારથી સાંજે. આરામ મળે. થાક્યા હોય ને બિચારા. આ તો કહે છે કે આરામનું ઘર ભગવાન તારો આત્મા છે. સમજાય છે? ક્યાંય ધૂળમાંય આરામ નથી બીજે. પૈસામાં નથી, બાગમાં નથી, બાયડીમાં નથી, તારા હજીરામાં-મકાનમાં નથી અને પાંચ-પચાસ કરોડ મળે એમાં પણ નથી અને પુણ્યના પરિણામ થાય એમાં પણ તારો આરામ નથી લે. પાપના ભાવ થાય એમાં આરામ નથી. પુણ્યના ભાવ થાય એમાં આરામ નથી. સમજાણું કાંઈ?

ભગવાન પોતે જ, પોતે સચ્ચિદાનંદ પ્રભુ અનંત અનંત પરમાત્મદશા અને અનંત અસંખ્ય મોક્ષમાર્ગની પર્યાયો. અસંખ્ય કાળ છે ને અસંખ્ય મોક્ષમાર્ગ. પર્યાય અસંખ્ય સમય રહે. એ બધો પિંડ એવો ભગવાન આત્મા એ જ આત્માને પોતાને આરામ-ક્રીડાવન કરવાનું એ સ્થાન છે. ક્રીડા કરવાનું, મોજ માણવાનું એ આત્મઘર છે. આહાહા..! સમજાણું કાંઈ? સમ્યગ્દ્રષ્ટિને આરામ આત્મા દેખાય છે. એને આરામ સ્થાન આત્મા, બીજો ક્યાંય આરામ છે નહિ. એમ કહીને શું કહ્યું? કે એને પુણ્ય પરિણામ થાય એમાં આરામનું સ્થાન ધર્મી માનતો નથી. આહાહા..! વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ ઉઠે શુભ દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો, નવ તત્ત્વના ભેદવાળી શ્રદ્ધાનો વિકલ્પ કે પંચ મહાવ્રતનો વિકલ્પ એને સમ્યગ્દ્રષ્ટિ આરામ સ્થાન માનતો નથી. આરામસ્થાન માનતો નથી, એ વિકલ્પ રાગ છે. આરામ સ્થાન તો ભગવાન પૂર્ણાનંદથી ભરેલો આત્મા એ ક્રીડાવન આનંદનું ધામ એ છે. સમજાણું કાંઈ? સાંજે ફરવા નીકળે છે કે નહિ? બધા ફૂલબાગ ને ઢીકણા બાગ ને સારી મોટી મોટી .. ફૂં ફૂં કરતા. ચાલો ભાઈ જરી મગજમાં (આરામ મળે). તડકા હોય. ત્યાં તો બહુ તડકા લાગતા હશે. બહુ મોટા મોટા મકાન ખરા ને. હવા બંધ રહે. પરસેવો બહુ થાય ત્યાં. પછી સાંજે જરી ફરવા નીકળે. શું કહેવાય દરિયાની? ચોપાટી. એ ચોપાટી આરામનું સ્થાન નથી, કહે છે. એ તો દુઃખનું સ્થાન છે. એના લક્ષે તને વિકાર અને આકુળતા ઊપજે છે. સમ્યગ્દ્રષ્ટિને રાગ આવતા જરી થાક લાગે તો અંદરમાં જાય ત્યારે એને આરામ મળે છે. સમજાણું કાંઈ? આહાહા..!

**'ભાવાર્થ આમ છે કે ચેતનદ્રવ્ય અશુદ્ધ અવસ્થારૂપે પરની સાથે પરિણમતું હતું તે તો મટ્યું,...'** શું કહે છે? ભગવાન આત્મા.. આ જીવનો અધિકાર છે ને. જીવ અધિકાર છે. ચૈતન્યપદાર્થ જે પર્યાયમાં **'અશુદ્ધ અવસ્થારૂપે...'**, પુણ્ય-પાપની મલિન દશા રૂપે **'પરની સાથે પરિણમતું હતું...'** પરના લક્ષે-સંગે પરિણમતો હતો. **'તે તો મટ્યું,...'** સમ્યગ્દર્શન

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


થયે મટી ગયું. આહાહા..! સમજાય છે કાંઈ? એ અશુદ્ધ પરિણન જ આ દ્રવ્યમાં ન રહ્યું. દ્રવ્ય શુદ્ધ છે એવું ભાન થતાં શુદ્ધ જ પરિણમન થઈ ગયું.

'**સાંપ્રત (વર્તમાનકાળે) સ્વરૂપપરિણમનમાત્ર** છે.' ઓહોહો..! ચૈતન્ય ભગવાન જ્ઞાન અને આનંદનું ધામ, એની વર્તમાન દશામાં જ્યાં પર તરફના લક્ષની રુચિવાળી મિથ્યાત્વ પરિણતિ ટળી, અશુદ્ધ દશા ટળી એટલે સ્વભાવ સન્મુખની દૃષ્ટિ થઈ ત્યાં શુદ્ધ પરિણમનમાત્ર રહ્યો તે આત્મા છે. એ શુદ્ધ પરિણમનમાત્રવાળો તે આત્મા છે. અહીં જીવ સિદ્ધ કરવો છે ને. અશુદ્ધ પરિણમનવાળો એ આત્મા નથી. આહાહા..! સમજાણું કાંઈ? ૩૧ થઈ. જુઓ! અહીંયાં શબ્દ શું વાપર્યો છે? '**સાંપ્રત સ્વરૂપપરિણમનમાત્ર...**' એકલો જ્ઞાતા જે દ્રવ્યસ્વરૂપે હતો, એની જ્યાં પરિણતિ શુદ્ધ થઈ, એકલા જ્ઞાન-દર્શન-આનંદની પરિણતિમાત્ર છે. અશુદ્ધ પરિણતિથી પૃથક્ થઈ ગયો છે. સમ્યગ્દર્શન વખતે અશુદ્ધ પરિણતિથી પૃથક્ થઈ ગયો અને શુદ્ધ પરિણતિમાત્ર એવો જે પર્યાયવાળો જે આત્મા તેને આત્મા કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- પરિણતિ એમાં પહોંચી ગઈ.

ઉત્તર :- પરિણતિ થઈ ગઈ જેમ હતી એવી. એમ કહો, સમજાણું? ૩૧ થયો.

હવે છેલ્લો શ્લોક છે એ જીવ અધિકારનો ૩૮ ગાથા છે એના કળશો ૩૨ છે એનો છેલ્લો. હવે સાગમટે નોતરું આપે છે. આ શ્લોકમાં આચાર્ય મહારાજ, અમૃતચંદ્રાચાર્ય મહારાજ દિગંબર સંત મુનિ જંગલમાં વસતા હતા અને આત્માના આનંદની મોજ માણતા, ચારિત્રની રમણતા સહિત જગતને આમંત્રે છે કે હે જીવો આવો આવો. અને આ '**मज्जन्तु**'. આત્માના આનંદના સ્નાન કરો. એમાં આવો... એમાં આવો... એમાં આવો.. બાકી બીજે ક્યાંય માલ નથી.

---

(વસન્તતિલકા)

मज्जन्तु निर्भरममी सममेव लोका
आलोकमुच्छलति शान्तरसे समस्ताः।
आप्लाव्य विभ्रमतिरस्करिणीं भरेण
प्रोन्मग्न एष भगवानवबोधसिन्धुः।।३२।।

**ખંડાન્વય સહિત અર્થ** :—''**एष भगवान् प्रोन्मग्नः**'' (**एष**) સદા કાળ પ્રત્યક્ષપણે ચેતનસ્વરૂપછે એવો (**भगवान्**) ભગવાન અર્થાત્ જીવદ્રવ્ય (**प्रोन्मग्नः**) શુદ્ધાંગસ્વરૂપ દેખાડીને પ્રગટ થયો. ભાવાર્થ આમ છે કે આ ગ્રંથનું નામ નાટક અર્થાત્ અખાડો છે. ત્યાં પણ પ્રથમ જ શુદ્ધાંગ નાચે છે તથા અહીં પણ પ્રથમ જ જીવનું શુદ્ધ સ્વરૂપ પ્રગટ થયું. કેવો છે ભગવાન? ''**अवबोधसिन्धुः**'' (**अवबोध**) જ્ઞાનમાત્રનું (**सिन्धुः**) પાત્ર છે. અખાડામાં પણ પાત્ર નાચે છે, અહીં પણ જ્ઞાનપાત્ર જીવ છે. હવે જે રીતે પ્રગટ થયો તે કહે છે—''**भरेण विभ्रमतिरस्करिणीं आप्लाव्य**''

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**(भरेण) મૂળથી ઉખાડીને દૂર કરી, તે કોણ? (विभ्रम) વિપરીત અનુભવ— મિથ્યાત્વરૂપ પરિણામ તે જ છે (तिरस्करिणीं) શુદ્ધસ્વરૂપ-આચ્છાદનશીલ અંતર્જવનિકા (અંદરનો પડદો) તેને (आप्लाव्य) મૂળથી જ દૂર કરીને. ભાવાર્થ આમ છે કે અખાડામાં પ્રથમ જ અંતર્જવનિકા કપડાની હોય છે, તેને દૂર કરીને શુદ્ધાંગ નાચે છે; અહીં પણ અનાદિ કાળથી મિથ્યાત્વપરિણતિ છે, તે છૂટતાં શુદ્ધસ્વરૂપ પરિણમે છે. શુદ્ધસ્વરૂપ પ્રગટ થતાં જે કાંઈ છે તે જ કહે છે—"अमी समस्ताः लोकाः शान्तरसे समम् एव मज्जन्तु" (अमी) જે વિદ્યમાન છે એવા (समस्ताः) બધા (लोकाः) જીવો, (शान्तरसे) જે અતીન્દ્રિયસુખગર્ભિત છે એવો શુદ્ધસ્વરૂપનો અનુભવ તેમાં (समम् एव) એકીવખતે જ (मज्जन्तु) મગ્ન થાઓ—તન્મય થાઓ. ભાવાર્થ આમ છે કે અખાડામાં તો શુદ્ધાંગ દેખાડે છે, ત્યાં જેટલા દેખનારા છે તે બધા એકીસાથે જ મગ્ન થઈ દેખે છે; તેવી રીતે જીવનું સ્વરૂપ શુદ્ધરૂપ બતાવાયું થકું બધાય જીવોએ અનુભવ કરવાયોગ્ય છે. કેવો છે શાન્તરસ? "आलोकमुच्छलति" (आलोकम्) સમસ્ત ત્રૈલોક્યમાં (उच्छलति) સર્વોત્કૃષ્ટ છે, ઉપાદેય છે અથવા લોકાલોકનો જ્ઞાતા છે. હવે અનુભવ જેવો છે તેવો કહે છે—'निर्भरम्' અતિશય મગ્નપણે છે. ૩૨.**

---

## કલશ-૩૨ ઉપર પ્રવચન

(વસન્તતિલકા)

मज्जन्तु निर्भरममी सममेव लोका
आलोकमुच्छलति शान्तरसे समस्ताः।
आप्लाव्य विभ्रमतिरस्करिणीं भरेण
प्रोन्मग्न एष भगवानवबोधसिन्धुः।।३२।।

આહાહા..! આ તો સંતો દિગંબર મુનિઓ, જેના પેટ ખુલી ગયા. પરમાત્માને પરખીને બહાર નીકળ્યા છે અંદરથી. સમજાય છે કાંઈ? જરી વિકલ્પ છે છદ્મસ્થ છે ઈ. પણ છતાં એકલું પરિણમન તે જ મારો આત્મા, એ જ આત્મા. બસ જાઓ. સમજાણું કાંઈ?

**'ખંડાન્વય સહિત અર્થ :—'** 'एष भगवान् प्रोन्मग्नः' પહેલો શબ્દ છે. **'સદાકાળ...'** 'एष' એટલે આ એમ બતાવવું છે ને? આ. **'સદાકાળ પ્રત્યક્ષપણે ચેતનસ્વરૂપ છે એવો ભગવાન અર્થાત્ જીવદ્રવ્ય...'** ભગવાન ચૈતન્ય પદાર્થ અંતરના અનુભવની દૃષ્ટિ અને સમ્યગ્દર્શન વડે આત્માની પ્રતીત કરી એવો ભગવાન સદાય પ્રત્યક્ષપણે ચેતનસ્વરૂપ છે. સમજાણું કાંઈ? મન, વાણી, દેહ નહિ. વિકલ્પ પુણ્ય-પાપના નહિ. એ તો સીધો ચૈતન્યપ્રકાશ, પ્રત્યક્ષ

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

સીધું દ્રવ્ય છે એવું **'સદાકાળ પ્રત્યક્ષપણે ચેતનસ્વરૂપ...'**નું જ્યાં અંદર ભાન થયું **'એવો ભગવાન અર્થાત્ જીવદ્રવ્ય...'** પોતે ભગવાન એટલે મહિમાવાળો પદાર્થ. જેનું ચૈતન્યપણું, જ્ઞાનસ્વભાવપણું સદા પ્રત્યક્ષ... પ્રત્યક્ષ... પ્રત્યક્ષ છે. પુણ્ય ને પાપ ને વ્યવહારને આશ્રયે એ પ્રત્યક્ષપણું હોઈ શકે નહિ. આહાહા..!

આ કરવાનું છે મનુષ્યપણામાં એની ખબરું ન મળે. હવે એ કર્યા વિના ચોર્યાસીના અવતાર જુઓને ચાલ્યા જાય છે આમ ક્ષણે ક્ષણે. આહાહા..! હમણાં તો બે-ત્રણ ઓલા.. ત્રણ દીના ઓલાને ફાંસી મળી. એને નજરે જોયેલો પોર. જેલમાં ગયા હતા અમે. બટુક. ૩૧મી તારીખે સવારમાં આઠ વાગે. તે દી ફાંસીનું હતું નક્કી. જેલર આવ્યા હતા. એમાં એ લોકોને દર્શન કરવા હતા. તો આવ્યા હતા. છેલ્લે ગયા થોડી વાર. ૧૩ મહિના થઈ ગયા. એ જ્યાં થઈ ત્યાં અહીં સાંભળ્યું દરબારનું, એ થયું ત્યાં ઓલા કાંતિભાઈનું. ભાઈ સાંભળ્યુંને? ઓલા કાંતિભાઈ ડોક્ટર. નારણભાઈના જમાઈ. ૪૯ વર્ષની ઉંમર. નાની ઉંમર કહેવાય કે નહિ? આહાહા..! આ સ્થિતિ. આ દેહ અને આત્માને કાંઈ સંબંધ ન મળે. આ ફૂ થઈને ચાલ્યો જાય. પણ અનાદિથી પકડીને બેઠો જાણે. આ કૃષ્ણકુમારને તો મોટું રાજ. પણ કાંઈ ખબર ન પડી છેલ્લે. અહીં અસુખ થાય છે. થઈ રહ્યું. બસ. ઓફ-બંધ. એની સ્થિતિ પૂરી થાય. આ તો સંયોગી ચીજ છે. ગોદમાં અનિત્યપણું લઈને આવ્યું છે આ તો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- માતા. કીધું છે ને તત્ત્વાર્થસારમાં. આ અમૃતચંદ્રાચાર્ય મહારાજે. અનિત્ય ભાવનાનો એક શ્લોક લીધો છે. તત્ત્વાર્થ સાર છે ને? આ અમૃતચંદ્રાચાર્યનું. દિગંબરનું. આ પોતે જે આ કળશટીકા એનું જ કરેલું છે. એમાં બાર ભાવનામાં એક શ્લોક લીધો અનિત્યનો.

હે ભાઈ! આ શરીરને માતા જન્મ આપે ત્યારે હજી આમ નજર તો પછી પડે, આમ હાથમાં પછી લે કે આ તે છોકરો છે કે છોડી. પણ એ પહેલાં શરીરને અનિત્યે તો ગોદમાં લઈ લીધો છે. શું કીધું સમજાણું? અનિત્યે તો ગોદમાં લઈ લીધો છે એને. શરીરને. કયે સમય ખલાસ થઈ જશે. છગનભાઈ! પ્રસવ થાય એટલે પછી નજર જાય કે આ તે છોકરો છે કે છોડી? એ પછી નજર ગયા પછી વળી આમ ઉપાડે. પછી ઉપાડે. કહે છે કે ગોદમાં તો પછી લે એની મા. અમૃતચંદ્રાચાર્ય કહે છે, પણ અનિત્યતાએ તો એક સમયે જ્યાં બહાર આવ્યો ત્યાં ગોદમાં (લઈ લીધો). ક્યા સમયે છૂટી જશે, મેળ નથી. અનિત્યપણું એવું દેહનું છે. ભગવાન નિત્યાનંદ પ્રભુ છે. સમજાણું કાંઈ?

એવા આત્માને **'શુદ્ધાંગસ્વરૂપ દેખાડીને પ્રગટ થયો.'** **'(प्रोन्मग्नः)'** **'શુદ્ધાંગસ્વરૂપ...'** તદ્દન શુદ્ધ ભગવાન આત્મા. મારા બધા અવયવો એટલે પર્યાયો, ગુણો બધા શુદ્ધ છે. સમજાણું? ભગવાન આખો આત્મા શુદ્ધ. તો (કહ્યું), શુદ્ધાંગસ્વરૂપ. બધી મારી પર્યાયો શુદ્ધ છે. ગુણ તો શુદ્ધ છે, દ્રવ્ય તો શુદ્ધ છે, પણ પર્યાયરૂપી અંગ મારું, અવયવ મારું એ બધા શુદ્ધ

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે. એકલો દ્રવ્ય, ગુણ અને પર્યાય શુદ્ધ એમ પોતે પ્રગટ થઈ જાય છે. અનુભવ થતાં સમ્યગ્દર્શન જ્ઞાનમાં આવો આત્મા એમ પ્રગટ થઈ જાય છે. પૂર્ણ થાય ત્યારે પ્રગટ થાય છે પૂર્ણની વાત છે ત્યારે. કહો, સમજાણું કાંઈ? આહાહા..!

**'प्रोन्मग्नः' 'દેખાડીને પ્રગટ થયો.'** એટલે પર્યાયમાં જે અશુદ્ધતા હતી, એની જ્યાં એકત્વબુદ્ધિ ટળી અને ભગવાન ચિદાનંદ પ્રભુ શુદ્ધ એની એકત્વદષ્ટિ થઈ (ત્યાં) પર્યાયમાં પણ શુદ્ધાંગ-એના અવયવો બધા શુદ્ધાંગપણે શુદ્ધના અવયવો પર્યાય શુદ્ધપણે પ્રગટ થઈ. આત્મા દ્રવ્ય શુદ્ધ, ગુણ શુદ્ધ અને પર્યાય શુદ્ધ. સમજાણું કાંઈ? શુદ્ધાંગ. **'શુદ્ધાંગસ્વરૂપ દેખાડીને પ્રગટ થયો.'** જુઓ! આ હું આત્મા. અતીન્દ્રિય આનંદની પર્યાય, સમ્યગ્જ્ઞાનનો પર્યાય, સમ્યક્ પ્રતીતનો પર્યાય, સ્વરૂપાચરણની શાંતિનો પર્યાય બધા અંશો, પ્રભુતાની સામર્થ્યનો પર્યાય, સ્વચ્છતાની સામર્થ્યનો પર્યાય એવા અનંતા ગુણ જે અનંતા અનંત પડ્યા છે એની બધી પર્યાયની શુદ્ધતના અંશે ભગવાન સમ્યક્ અનુભવ થતાં દષ્ટિમાં આત્મા આ રીતે પ્રગટ થઈ જાય છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'ભાવાર્થ...'** હવે એટલું કહીને વળી ભાવાર્થ (કહે છે). ભારે ટીકા કરી છે ને! **'ભાવાર્થ આમ છે કે...'** ગ્રંથ આવી ગયો કે નહિ વજુભાઈ ઘરે? આવી ગયો? ઠીક.

મુમુક્ષુ :- વજુભાઈ વાંચે છે.

ઉત્તર :- બહુ સારું.

**'આ ગ્રંથનું નામ નાટક અર્થાત્ અખાડો છે.'** આ ગ્રંથનું નામ સમયસાર નાટક છે. અમૃતચંદ્રાચાર્યે પોતે જ કહ્યું. સમજ્યાને? સમયસાર નાટક. અખાડો છે હોં નાટક અખાડો છે. આ નાચવાની ભૂમિ બનાવે છે કે નહિ? રંગભૂમિ થિએટર. અત્યારે થિએટરમાં હોય બધું. તમારા ભાવનગરમાં નથી થિએટર? છે ને આમ બેસવાનું. આ તો ઘણા વર્ષ પહેલા જોયેલું. (સંવત) ૧૯૬૮માં. ધ્રુવનું નાટક હતું. ધ્રુવ-ધ્રુવ. ધ્રુવ અને પ્રહલાદ. ભાવનગરમાં હતું. છે ને આ બાજુ ક્યાંક સ્ટેશન ઉપર કે ક્યાંક છે. ખાર ઉપર. બંદર ઉપર. લાકડાના પાટીયા આમ ઊંચા ઊંચા. ધ્રુવનું નાટક હતું. લગભગ ૬૮ની વાત હશે ૬૮. સંવત્ ૬૮. દીક્ષા ૭૦માં લીધી હતી. ધ્રુવનું નાટક. આમ પડદા લીલા ને બધું આમ. અખાડો હોય અખાડો. કહ્યું હતું ને તેદી? એક ફેરી કહ્યું હતું. ધ્રુવનું નાટક આવ્યું હતું. એ ધ્રુવ પોતે રાજાનો કુંવર છે ને. આમ બેઠો હતો. ઓલી હોય ને લાકડાની. પછી ઉપરથી આવે છે. દેવાંગનાઓ ઉતારે. લીલા પડદા હોય ને બે કટકા કરે બે ભાગ પાડી નાખે પડદાનાં. અડધા આમ અને અડધા આમ. એમાં બે બાજુ ઉપરથી ઉતરે. ઓલું લાકડાનું હોય આવડું લાકડું અને ઉપરથી દોરી, ઉપર ઉપરથી એમાંથી અપ્સરા ઉતરી. બે ઉતરી હતી. આમ લલચાવે છે. અરે..! ધ્રુવ કહે છે, માતા! તમારા અંગની શું વાત કરવી! સુંવાળા સુંદર આવા અંગ. ઓલી બીજી રીતે વાસનાથી કહે છે.

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આ કહે છે કે માતા! હવે જો જન્મ હોય ને એકાદ. તારા પેટે અવતરશું. લે. બીજી વાત છે નહિ હવે. સમજાણું? રાજકુમાર હતા અને પછી વૈરાગ્ય એ જાતનો. બહુ જ્યારે લલચાવે છે ને. બે બાજુથી બે ઈન્દ્રાણી આવે છે. દેવીઓ ઉપરથી ઉતારે છે. બહુ લલચાવે ત્યારે છેલ્લે આમ (કહે છે), માતા! જો કદાચિત એકાદ દેહ બાકી હોય, તો તારી ગોદે જ અવતરીશ. તને માતા તરીકે કરીશ. બાકી બીજી વાત નથી. નવનીતભાઈ! આ તે દીની વાત છે હોં. ભાવનગરની. ૬૮ની સાલની વાત છે. પાલેજથી આવેલ દુકાન ઉપરથી. એવા વૈરાગી નાટક તેદી બહુ હતા. હવે તો આ બધું..

મુમુક્ષુ :- સુધરી ગયું.

ઉત્તર :- સુધરી ગયું, કુધરી ગયું. ફિલમ-બિલમ બધા ફિલ્મો-નાટકો... ઓલા તો વૈરાગ્યના.

મીરાંબાઈના નાટક પાડતા. ફાવાભાઈ ખબર છે ને? ફાવાભાઈ ક્યાં ગયા? મીરાંબાઈનું (નાટક) સાથે જોવા ગયા હતા. ભરૂચ. ભરૂચ પણ ગયા હતા. ગયા હતા તો સાધુ માટે. સ્થાનકવાસી. આ સાધુ મોહનલાલ નહોતા આપણે? વજુભાઈ! એક ફેરી આપણે હતા અને મોહનલાલજી હતા ભાવનગરમાં. એ આવ્યા હતા મુંબઈથી ભાવનગર. એ ૬૬ની સાલ હતી ૬૬ લગભગ. ભાવનગર શું ભરૂચ. મુંબઈથી ભરૂચ. એટલે અમે બધા ધ્યાન રાખનારા ને અમે. પાલેજમાં દુકાન અમારી એટલે સામા ભરૂચ તપાસ કરવા ગયા હતા. પછી બહુ તપાસ કરી તો એક .. સ્ટેશન સામે ધર્મશાળા હતી ત્યાં ઉતરેલા. મોહનલાલજી. ઠીક પતો લાગ્યો. આપ પધારજો. પણ રાતે વખત હતો તો મીરાંબાઈનું નાટક જોવા ગયેલા. મીરાંબાઈનું. ડાહ્યાભાઈ ધોળશા, વાંકાનેરવાળા. પણ વૈરાગ્ય બહુ હોં! બતાવતા વૈરાગ્ય. દૃષ્ટિ તો કોઈ જુદી વાત છે. પણ એવા હતા પહેલાનાં. પણ આ તો બધા હવે... આ જુઓને બધા પડદા કરે કે આમ બાયડી ઊભી હોય અને આમ જોવે. લક્ષણ જ બધા ફરી ગયા. ઓલા તો નાટકમાં પણ કાંઈ ઉદાસતા આવે, વૈરાગ્ય આવે, રસ એવો હતો અંદર.

અહીં કહે છે કે અખાડામાં આનંદ આવે એવો આ અખાડો છે આત્મા. આહાહા..! સમજાણું કાંઈ? ઓહોહો..! '**આ ગ્રંથનું નામ નાટક અર્થાત્ અખાડો છે. ત્યાં પણ પ્રથમ જ શુદ્ધાંગ નાચે છે...**' સમજાણું? શુદ્ધાંગ નાચે છે. શુદ્ધ અંગ પરિણમે છે. '**અહીં પણ પ્રથમ જ જીવનું શુદ્ધ સ્વરૂપ પ્રગટ થયું.**' સમજાણું? પહેલું જ શુદ્ધપણું પ્રગટ થયું. આહાહા..! એ પડદો જ પહેલો પડ્યો કહે છે અહીં નાટકનો. પહેલો એ. ઓલા પડદામાં કેટલેક ઠેકાણે નારદને લાવે. જ્યાં મોટું નાટક હોય ને અનુસુયા ને એવા મોટા નાટકમાં પહેલા નારદ આવે નારદ. બધા જોયેલાને, વડોદરા પણ નાટક જોયેલા. મોટા નાટક. 'બ્રહ્મા સુત હું નારદ કહાવું જ્યાં હોય સંપ ત્યા કુસંપ કરાવું.' એમ આવે પહેલાં. આ વડોદરામાં જોયેલું. અનુસુયાનું નાટક જોયેલું. એમ અહીં કહે છે કે આત્મામાં પહેલો જ નાચ શુદ્ધાંગનાનો. સમજાણું? જ્યાં અશુદ્ધતા હોય તેનો છેદ કરીને હું શુદ્ધાંગપણે પ્રગટ થાવ છું. આ એવું આત્માનું નાટક

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

છે અહીં કહે છે લ્યો!

મુમુક્ષુ :- જાણે કાલે જ જોયું હોય એવી રીતે જ દેખાડો છો.

ઉત્તર :- નજરે પણ અહીં તો નજરે પડ્યું છે ને. અત્યારે ખબર નથી કે અહીં આમ જોયું હતું. બધું જોયું હતું. અને તે પણ રસ હતો ને કે આ શું બોલે છે એટલે ચોપડી લઈને બેસતા. પાછું એમ પણ નહિ. ચોપડી લઈને મોઢા આગળ બાર આના ખરચીને બેઠા હતા. બે-ત્રણ આના પણ નહિ. મોઢા આગળ ખુરશી, બાર આના, ચોપડીના ચાર આના જુદા. જોવું તો પાક્કું જોવું ને શું છે? એ બધું કરેલું ત્યાં વડોદરામાં.

અહીં કહે છે કે આ આત્માનો પહેલો નાચ જ્યાં આત્મા રાગ અને પુણ્ય-પાપની પરિણતિથી રહિત એવું ભાન (થયું ત્યાં) પહેલો શુદ્ધાંગ પ્રગટ થાય છે. શુદ્ધાંગનો અખાડો પ્રગટ થાય છે. '**શુદ્ધાંગ નાચે છે તથા અહીં પણ પ્રથમ જ જીવનું શુદ્ધ સ્વરૂપ પ્રગટ થયું.**' સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- પહેલો પડદો.

ઉત્તર :- પહેલો પડદો હોય ને. ન્યાં નાખે લીલા રંગનું પહેલું સરખું નાખે.

'**કેવો છે ભગવાન?**' આ પોતે કેવો ભગવાન પ્રગટ થયો? '**अवबोधसिन्धुः**' '**अवबोधसिन्धुः**' ઓહોહો..! એ '**જ્ઞાનમાત્રનું પાત્ર છે.**' એટલે જેમાં એકલું જ્ઞાન જ રહ્યું છે એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? એ આત્મા પુણ્ય અને પાપનો પ્રેમ-રુચિ છોડી અને ભગવાન ચિદાનંદ સ્વરૂપ જ્ઞાનમૂર્તિ સૂરજના જ્યાં અંતર ભાન અને દર્શન થયા, કહે છે કે પહેલે જ ક્ષણે. '**શુદ્ધાંગ નાચે છે...**' એ '**अवबोध**' નામ '**જ્ઞાનમાત્રનું...**' '**सिन्धुः**' છે. '**सिन्धुः**' એટલે ભાજન છે. ભાજન એટલે એમાં એકલું જ્ઞાન જ રહ્યું છે. આહાહા..! એ ભગવાન આત્મામાં પુણ્ય-પાપ, વિકલ્પ, શરીર, વાણી બિલકુલ નથી. આહાહા..! એવી દૃષ્ટિનું ભાન થતાં એ જ્ઞાનમાત્ર ચૈતન્ય પ્રભુ સિંધુ-દરિયો, એકલો જ્ઞાનનો દરિયો. એકલો જ્ઞાનસ્વભાવ એમ દૃષ્ટિ અને અનુભવમાં આવ્યો એને આત્મા શુદ્ધાંગપણે નાચે છે એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

'**અખાડામાં પણ પાત્ર નાચે છે,...**' પહેલા દેખાડે ને. '**અહીં પણ જ્ઞાનપાત્ર જીવ છે.**' કહે ને? આ પીંગળા, આ ફલાણું, આ ભર્તુહરિ ઢીંકણું એવું બતાવે પહેલું. પછી આ આત્મા જ્ઞાન પાત્ર છે. જ્ઞાનસ્વરૂપ છે તે નાચશે. એને નચાવે છે ભગવાન. પુણ્ય ને પાપ ને રાગ ને દ્વેષનો નાચ થયો અનાદિનો અજ્ઞાનમાં, એ નહિ... એ નહિ. ચિદાનંદ પ્રભુ હું તો જ્ઞાન પાત્ર નામ એકલો જ્ઞાનનો દરિયો ભરેલો છું. એવું ભાન થતાં એ જ્ઞાન પાત્ર જીવ છે. એ જીવ જ્ઞાન પાત્ર માટે જીવ છે. રાગનું એ પાત્ર નથી. વિકાર ને વ્યવહાર જેનાથી બંધન પડે એવા ભાવનું પાત્ર આત્મા નથી. આહાહા..! સમજાણું કાંઈ?

'**અહીં પણ જ્ઞાનપાત્ર જીવ છે.**' પહેલે નંબરે, પહલે પડદે જ્ઞાનપાત્ર જીવ પ્રગટ થાય

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે. સમ્યગ્જ્ઞાનમાં, સમ્યગ્દર્શનમાં એ જ્ઞાનનું ભાજન એટલે જ્ઞાનસ્વરૂપ છે. ભાજનનો અર્થ. એકલો જ્ઞાન જ આત્મા છે. એ જાણવા-દેખવાનું જ કામ કરે. બીજું કાંઈ કામ કરતો નથી. આહાહા..! ખોલીને વાત મૂકી છે ને! સમજાણું?

'હવે જે રીતે પ્રગટ થયો તે કહે છે—' '**भरेण विभ्रमतिस्करिणीं आप्लाव्य**' '**મૂળથી ઉખાડીને દૂર કરી.**' '**भरेण**'નો અર્થ કર્યો. શું ઉખાડ્યું? 'તે કોણ?' '(**विभ्रम**)' '**વિપરીત અનુભવ—મિથ્યાત્વરૂપ પરિણામ તે જ છે...**' દેખો અહીં ભાષા. એક જ વાત લેવી છે. એ વિપરીત અનુભવ. શું? પુણ્ય ને પાપ, દયા ને દાન, કામ ને ક્રોધ અશુદ્ધ મલિન ભાવ એ મલિનનો અનુભવ એ જ મિથ્યાત્વભાવ છે. શું કીધું સમજાણું કાંઈ? પરના અનુભવની વાતેય નથી. કોઈ દી આત્માએ શરીર, વાણી, કર્મ ને લાડવા, દાળને, બાયડીને ભોગવી હોય એ ત્રણ કાળમાં ત્રણ લોકમાં નહિ. એણે શું અનુભવ્યું છે અનાદિથી? શુભ અને અશુભ વિપરીત જે સ્વભાવથી વિપરીત ભાવ, હરખ-શોક, દાન-દયા, કામ-ક્રોધ, શુભ-અશુભભાવ હરખ-શોક એવો અશુદ્ધભાવ એણે એને અનુભવ્યો છે. એને વેદ્યો છે. અને એ હું એમ માન્યું છે. એનું નામ મિથ્યાત્વ છે. '**विभ्रम**' સમજાણું કાંઈ?

'**વિપરીત અનુભવ—**' ઓલો સવળો અનુભવ કહેવો છે ને? એટલે વિપરીત અનુભવ '**विभ्रम**'. '**મિથ્યાત્વરૂપ પરિણામ તે જ છે શુદ્ધસ્વરૂપ-આચ્છાદનશીલ અંતર્જવનિકા...**' એ પડદો પડદો છે આડો. અંદર પડદો નાખે ને કે આ રાણી છે કે શેઠાણી, કાંઈ ખબર પડે નહિ. આડો પડદો ભલે પાતળો હોય લાલ. રાણી છે કે શેઠાણી છે કાંઈ ખબર ન પડે. એ ભગવાન આત્મા એ '**विभ्रम**' નામ પુણ્ય ને પાપની, પ્રીતીની રુચિની વિભ્રમતા એની આડમાં અંતર્જલ્પમાં ભગવાન આખો પડ્યો રહ્યો અંદર. સમજાણું કાંઈ?

'**तिरस्करिणीं**' '**तिरस्करिणीं**' શબ્દ વાપર્યો. જોયું ને. ઢાંકનાર છે એમ. તિરસ્કાર કરનાર છે. ભ્રમણા. પુણ્ય પરિણામ હું, વ્યવહાર તે હું, રાગ તે હું, શરીર તે હું. એવી ભ્રમણા એ એણે આત્માની વિપરીત પર્યાયરૂપી પર્યાયથી પડદો નાખી દીધો ભગવાનને આડો. એ કોણ છે એની એને ખબર નથી. '**શુદ્ધસ્વરૂપ-આચ્છાદનશીલ અંતર્જવનિકા (અંદરનો પડદો)...**' પણ ભાષા શું કરી છે? કે વિપરીત અનુભવ એટલે મિથ્યાત્વરૂપી પરિણામ. દર્શનમોહનો પડદો છે માટે છે એમ નથી લીધું.

મુમુક્ષુ :- પોતાની પર્યાય લેવી છે.

ઉત્તર :- હા. ભારે અહીં તો.. દર્શનમોહનો પડદો માટે તેને અશુદ્ધતા દેખાય છે અને અશુદ્ધતા થઈ એમ નહિ. એ અશુદ્ધતાના પરિણામ એ મારા એવો મિથ્યાત્વ પરિણામનો એને પડદો છે.

મુમુક્ષુ :- પોતાની પર્યાયમાં હોય એ જે આવે ને.

ઉત્તર :- પરને શું છે? એ તો પર છે. અરે..! ભગવાન! રાડે રાડ પાડે છે. કોણ

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

જાણે શું કરે છે ભણીને? અને કર્મને માથે નાખે. જડ કર્મ.

હવે અહીં તો કહે છે કે સાંભળને ભાઈ! ભગવાન આમ આનંદ અને શુદ્ધ અખંડાનંદ એની વિપરીત અનુભવની મિથ્યાદષ્ટિના પરિણામ એ બધો પડદો આડો તેં નાખ્યો છે. એને જોવામાં આડ તેં નાખી છે. કોઈ કોઈએ કરાવી નથી. કર્મ બિચારા કોણ? ભિખારી એ જડ છે, માટી છે, અજીવ છે. સમજાણું કાંઈ? સમજાણું કાંઈ? 'કર્મ બિચારે કૌન, ભૂલ મેરી અધિકાઈ.' આવે છે ચંદ્રાનન ભગવાનની સ્તુતિમાં. 'કર્મ બિચારે કૌન?' એ તો જડ-માટી, એને ખબર નથી કે અમે જગતની ચીજ છીએ કે નહિ. તું જાણનારો પરને માથે આરોપ નાખે છો. ભૂલ તું કર અને કરાવે ઈ. એ અહીં તો કહે છે કે નહિ. વિપરીત અનુભવનો પડદો તેં ઊભો કરેલો છે. સમજાણું કાંઈ?

'**અંતર્જવનિકા (અંદરનો પડદો)...**' એમ. બહારના પડદા તો બીજા. આ તો અંતરનો પડદો. પાછી ભાષા ભારે કરી છે ને. '**તેને મૂળથી જ દૂર કરીને.**' દેખો! એને મૂળથી દૂર કરીને. કર્મને મૂળ એ તો જડ છે. એને ક્યાં દૂર કરવા હતા? બાંધવા હતા? એ તો માટી અજીવતત્ત્વ છે. ભગવાન આત્મા પોતાના શુદ્ધ આનંદ સ્વરૂપને ભૂલી અને પુણ્ય અને પાપના મલિન પરિણામને પોતાના માનીને જે વેદન કરતો હતો એ મિથ્યાત્વના પરિણામ હતા, એ એની જે ભૂલ હતી, એ ભગવાન આત્મા આનંદનો જે અનુભવ જોઈએ એને ઠેકાણે વિકારીનો અનુભવ વિપરીત અનુભવ છે એને '**મૂળથી જ દૂર કરીને.**' મૂળમાંથી દૂર ઉખેડી નાખ્યું.

ભગવાન આત્મા હું જ્ઞાનાનંદ છું. હું શુદ્ધ સ્વરૂપ છું. શુદ્ધતામાં અશુદ્ધતાનો અંશ ત્રણ કાળ ત્રણ લોકમાં નથી. એવા શુદ્ધ સ્વરૂપના અંતર સન્મુખનો અંતર સમ્યગ્દર્શન ભાન થતાં એ મિથ્યાત્વનો પડદો જેણે મૂળમાંથી તોડીને ઉખાડી નાખ્યો છે. સમજાણું કાંઈ? એ વ્યવહાર કહ્યો છે. '**મૂળથી જ દૂર કરીને.**' એ તો અહીં અનુભવની દૃષ્ટિ થઈ એટલે ઓલું ટળી જાય છે. ઉત્પન્ન થયું નહિ એને મૂળથી દૂર કર્યો એમ કહેવામાં આવે છે. પદ્ધતિ વાણીની શું કરે? સમજાણું આમાં? આહાહા..!

આ સંસારના પડદા જુઓને. આહાહા..! એક ક્ષણમાં મોટો રાજા હોય, બીજે ક્ષણે ભવ બીજો, ભાવ બીજો, શરીર બીજું, કલ્પના બીજી, ક્ષેત્ર બીજું, કર્મની જાત ઉદય બીજી. આહાહા..! આ તે કાંઈ વાત! પડદા મોટા પડદા અજ્ઞાનના. આ ઘડીકમાં રાજા અને બીજે ક્ષણે જુઓ તો કાં તો નારકી અને કાં તો ગરીબ... આહાહા..! સમજાણું કાંઈ? અહીં તો હજી ઓલા નાડી જોતા હોય હજી આમ. ત્યાં તો ખલાસ. ઈંજેક્શન મારી તપાસ મડદાને. રાજા એટલે ઝટ દઈને નક્કી કરવું હોય ને એમ. મોટા રાજાને એમ.. એકદમ પોઢ્યા. એમ કહેતો હતો. લખતરના રાજા મરી ગયા ને. મરી ગયા એમ ન કહે. મહારાજા પોઢ્યા. એમ કહે. સાંભળ્યું હતું લખતરમાં. મહારાજા પોઢ્યા એમ કહે. મરી ગયા એમ ન કહે. મોટા રાજા

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આ વૈભવથી મઢેલા એને મરી ગયા કહેવું. મહારાજા આજ પોઢી ગયા. ત્યારે બહાર લોકો સમજે. કહો, આટલું તો અભિમાન. હજી મડદા પાછળ આટલું અભિમાન લોકોને. ઓલો કેવો રાજા? રતલામનો રાજા. એનો ડોક્ટર આવ્યો હતો અહીં. આપણે લાલજીભાઈનો .. ડોક્ટર આવ્યો હતો. ઈ કહે, અમારા રાજાને દસ લાખની ઊપજ. ફક્ત. પણ જો તાવ આવે ને તો અમારે એમ ન કહેવાય કે સાહેબ! આપને તાવ આવ્યો. ત્યારે શું કહેવાય? કે આપના દુશ્મનને તાવ આવ્યો છે. .. બુખાર આવ્યો છે એમ કહે. તો ડોક્ટરને બોલાવજો. વજુભાઈ! આપના દુશ્મનને તાવ આવ્યો છે. હવે દસ લાખનો તાલુકો. બાર મહિને દસ લાખ ઊપજે. છતાં સાધારણ ભિખારી જેવા રાજા. એને પણ એટલું માન. આપને તાવ આવ્યો એમ બોલાય નહિ. ઓહો..! આપના દુશ્મનને તાવ આવ્યો છે એમ બોલાય. વૈદ ડોક્ટરને બોલાવશો. બીજા ડોક્ટરનો મત લેશું. પોતે ડોક્ટર હતા ત્યાંના. આ તે ફાટી ગયેલા પ્યાલા. ઊંઘે, ઊંઘામાં કેટલો ઘમંડ! સમજાય છે? એવો જે અજ્ઞાનભાવની ઉગ્રતા. એ ભગવાન આત્માના ભાન થતાં મૂળથી ઉખડી ગઈ છે, કહે છે. મારી સત્તાના સાહેબા આગળ કોઈ ચીજ નભી શકે નહિ. એવી ચૈતન્યસત્તા મહા જ્ઞાનધામ ભગવાન એની દૃષ્ટિ જ્યાં થઈ, મિથ્યાત્વરૂપી પડદો તોડી નાખ્યો ફડાક દઈને. કહો, સમજાય છે કાંઈ? આ ક્રિયા આત્માના સમ્યક્ પામવાની. બીજી કોઈ ક્રિયા નથી.

'**વિપરીત અનુભવ—મિથ્યાત્વરૂપ પરિણામ તે જ છે શુદ્ધસ્વરૂપ-આચ્છાદનશીલ અંતર્જવનિકા (અંદરનો પડદો) તેને મૂળથી જ દૂર કરીને. ભાવાર્થ આમ છે કે અખાડામાં પ્રથમ જ અંતર્જવનિકા કપડાની હોય છે,...**' આડું કપડું હોય ને પાછું? સમજાણું? '**તેને દૂર કરીને શુદ્ધાંગ નાચે છે;...**' છોડી નાખે ને એ પડદો? કે પડદામાં રાખીને ઓલો નાચે અંદર? દેખે શી રીતે? પડદો પહેલો ઉઘાડે, છોડી દે. ત્યાં ઓલો ખમ્મા અન્નદાતા ભર્તુહરિ મહારાજા માળવાના અધિપતિ એમ કરીને આવે. આ તો જોયું છે ને, એ બધું જોયું છે. વડોદરામાં જોયું, ભરૂચમાં જોયું. ઉમરાળામાં પણ ઘણી વાર જોયું. ગાદી ઉપર બેઠા હોય ને સામે. પછી ઓલું તેજ ન હોય ને તો આડશ રાખીને રાખે ઓલું શું? બત્તી. આઘે રાખે. પડદામાં દેખાય ને. મોઢા ઉપર મૂકે એટલે આમ તેજ તેજ તેજ લાગે. હોય તો સાધારણ માણસ હોય એના તેજ બતાવવા રાજના, શી રીતે કરવું? આહાહા..! એક છડી લઈને ઊભો હોય, ખમ્મા અન્નદાતા! માળવાના બાણું.. શું કહેવાય? છન્નું લાખ કે બાણું લાખ? બાણુ લાખ ગામના અધિપતિ. ધૂળમાંય અધિપતિ નથી.

આ તો અનંતગુણનો અધિપતિ ભગવાન. સમજાણું કાંઈ? અનંતા અનંતા ગુણનો અધિપતિ. ખમ્મા અન્નદાતા. દૃષ્ટિ થઈ ત્યાં બાદશાહ પ્રગટ્યો અંદરથી. સમજાણું કાંઈ? કેવો? કહે છે, '**અખાડામાં પ્રથમ જ અંતર્જવનિકા કપડાની હોય છે,...**' ઓલો દાખલો આપ્યો હતો ને એ? એમ '**અહીં પણ અનાદિકાળથી મિથ્યાત્વપરિણતિ છે, તે છૂટતાં શુદ્ધસ્વરૂપ**

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**પરિણમે છે.**' એકલી સમ્યગ્દર્શનની જ જાણે વાત કરી છે. ઓલા તો ઊંચા ઊંચા... પણ સાંભળને હવે ઈ. અશુદ્ધતા થોડી રહી હવે એ તો પૃથકરૂપે રહી. એ જ્ઞાનનું જ્ઞેય રહ્યું. વસ્તુ તો એકલી શુદ્ધ છે એ પરિણમી ગઈ. સમજાણું? '**અનાદિકાળથી મિથ્યાત્વપરિણતિ છે,...**' અનાદિકાળ પુણ્ય અને પાપના પ્રેમની રુચિની એકતા મિથ્યાત્વબુદ્ધિ હતી, '**તે છૂટતાં શુદ્ધસ્વરૂપ પરિણમે છે.**' ભગવાન આત્મા જેવો એનો દ્રવ્ય અને ગુણ શુદ્ધ સ્વભાવ છે, શક્તિએ સત્ત્વ આખું શુદ્ધ, એવી જ એની પર્યાયમાં શુદ્ધરૂપી પરિણમન એટલે અવસ્થારૂપે દશા થઈ ગઈ.

'**શુદ્ધસ્વરૂપ પ્રગટ થતાં જે કાંઈ છે તે જ કહે છે—**' હવે એ શુદ્ધ સ્વરૂપ પ્રગટ્યું પર્યાયમાં, ભાનમાં સમ્યગ્દર્શન-જ્ઞાન અને શાંતિમાં, એ કેવું છે? '**તે જ કહે છે-**' '**अमी समस्ताः लोकाः शान्तरसे समम् एव मज्जन्तु**' '**अमी**' '**જે વિદ્યમાન છે એવા બધા જીવો,...**' આમ જીવ છે વિદ્યમાન. અનંતા જીવ છે. '**अमी**' વિદ્યમાનપણું બતાવે છે-હોવાપણું. એક જ જીવ નથી દુનિયામાં. અનંત આત્માઓ છે. '**વિદ્યમાન છે એવા બધા જીવો,....**' '**लोकाः**' એટલે જીવ. '**लोकाः**' '**જે અતીન્દ્રિયસુખગર્ભિત છે એવો શુદ્ધસ્વરૂપનો અનુભવ તેમાં...**' '**शान्तरसे**'ની વ્યાખ્યા કરી.

આત્મા શુદ્ધ સ્વભાવની શાંતિથી ભરેલો, એની દૃષ્ટિ થતાં, અનુભવ થતાં શાંતરસનું જે વેદન આવ્યું. શાંતરસ એટલે કે અકષાય અવિકારી સ્વભાવરૂપ આત્મા તેનો અનુભવ થતાં શાંતરસની પરિણમનની દશા થઈ એવો શાંતરસની સાથે અતીન્દ્રિય સુખ ગર્ભિત શુદ્ધ સ્વરૂપનો અનુભવ. કહો, સમજાણું? '**તેમાં એકીવખતે જ મગ્ન થાઓ-**' અરે..! આત્માઓ! એમ પોકાર કરે છે. આવો ભગવાન છે ને અંદર. શાંતરસના પરિણમનવાળો એ આત્મા છે. અનાકુળ આનંદનું તત્ત્વ છે. એની દૃષ્ટિમાં શાંતિ જ્યાં આવી, આવા શાંતરસમાં હે જીવો! મગ્ન થાઓ.. મગ્ન થાઓ. એ અશાંતરસ વિકાર પુણ્ય-પાપ, કામ-ક્રોધ છે (એને) છોડી દ્યો, છોડી દ્યો. એમ કહે છે. સમજાણું? શાંતરસ આત્મા. પોતાનું સ્વરૂપ જ શાંત ત્રિકાળી અવિકારી વીતરાગ વિજ્ઞાનઘન એટલે કે અવિકારી શાંતરસનું તત્ત્વ આખું. એનું અંતરમાં મિથ્યાત્વનો નાશ કરીને સમ્યક્ પ્રગટ કર્યું, એ શાંતરસની પરિણમન દશા પર્યાયમાં આનંદ દશા આદિ પ્રગટ થઈ, કહે છે કે અહો..! આવો શાંતરસ જે ઉછળે છે અંદરમાંથી, હે લોક! જીવો! આવો એમાં સમાવો, એમાં સમાવો. આહાહા..!

મુમુક્ષુ :- .. બધાને એકસાથે બોલાવે છે.

ઉત્તર :- સાગમટે નોતરું. બધા જમવા આવજો, ભાઈ. એમ ભગવાનની દીકરી પરણે છે અહીં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આમાં ખાવાનું. ઓલામાં તો ધૂળેય નથી ત્યાં. સમજાણું કાંઈ? આહાહા..!

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આ રણજીતસિંહ ગુજરી ગયા ને ત્યારે આખા ગામને જમાડ્યું હતું. સાટા. આ દરબાર પહેલા. સાટા આવડા મોટા મોટા થાય. દરબાર હતા એટલે છએ ગામમાં બધાને મુંડાવું પડે. ઓલું શું કહેવાય એ? મૂછુ મુંડાવે નહિ, આ તો સુવાળા કહે છે ને? બધાના સુવાળા ઉતારવા પડે. આખાને. અમે ત્યાં હતા તે દી.

મુમુક્ષુ :- એ તો વાણંદ...

ઉત્તર :- બધા વાણંદ ગામડામાં બધે. તેદી ગુજરી ગયા તેદી કાલાવાડમાં હતા. .. હતા ને સમાચાર આવ્યા કે દરબાર થઈ ગયા. જેટલા છએ ગામ છે બધાને વાણંદ બેસી જાય. જેનો જ્યારે દી બીજે-ત્રીજે દી. બધાને. કોઈ રાજમાંથી આવ્યો હોય તો એને પણ બેસવું પડે. પણ પછી જમણ કર્યું હતું આખા ગામમાં. રાજાને શું ત્યાં દસ-વીસ લાખ રૂપિયા. આ ગામને સાટા.

અહીં કહે છે કે આખા લોકને આનંદના રસના સાટા. કહો, સમજાણું કાંઈ? આહાહા..! શાંતરસનો અર્થ અતીન્દ્રિય સુખ કર્યું છે. સમજ્યાને? ઓલા સુખશાંતિ છે ને ચારિત્રની? એના કરતાં આનંદની પ્રધાનતા છે એમ બતાવવા. શાંતરસે શાંતિ છે અકષાય, એના કરતાં અતીન્દ્રિય આનંદનો સ્વાદ વિશેષ છે. એથી એને શાંતમાંથી આનંદ કાઢી નાખ્યો.

**'શુદ્ધસ્વરૂપનો અનુભવ તેમાં એકીવખતે...'** **'समम् एव'** ઓહોહો..! **'મગ્ન થાઓ'** હે જીવો! બધા. આવો આત્મા છે ને પ્રભુ! એના આત્માનો અનુભવ કરીને શાંતમાં ઠરોને. આ બધા હેરાન થઈને મરી જાવ છો ઈ કરતાં જીવોને અહીં. નવનીતભાઈ! કહો, છગનભાઈ! આમંત્રણ તો મોટા જ આપે ને. **'તન્મય થાઓ.'** પાછો એનો અર્થ કર્યો. ભગવાન આત્મા અનાકૂળ શુદ્ધ સ્વરૂપ, એમાં તન્મય-તે મય, તે મય થાઓ. વિકાર-બિકારમય છે દૃષ્ટિ એ છોડી દ્યો. ભગવાન શાંતરસ અને અનાકુળ છે તે મય થા ને. તે સ્વરૂપે થા ને. એ કરવાનું (છે) અને એ જ શાંતરસનું કારણ છે. એમ આચાર્ય મહારાજે જગતને પોતાના ભાવનું આમંત્રણ બધાને આપ્યું છે. વિશેષ કહેશે ભાવાર્થ...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


વીર સંવત–૨૪૯૧, ચૈત્ર સુદ૮, શુક્રવાર,
તા. ૯–૪–૧૯૬૫, કલશ–૩૨–૩૩
પ્રવચન નં. ૩૪

આ સમયસાર કળશ છે. પહેલા જીવ અધિકારની છેલ્લી ગાથા, છેલ્લો કળશ. અહીં આવ્યું છે-ભાવાર્થ. નીચે છે ને? ૩૪મે પાને નીચે ભાવાર્થ. આ અધિકારનું નામ નાટક આપ્યું છે. નાટક એટલે અખાડો. અખાડામાં જીવ નાચે છે એને સમ્યગ્દૃષ્ટિ યથાર્થ ઓળખી લ્યે છે. મિથ્યાદૃષ્ટિને સમ્યગ્દૃષ્ટિ નાટક બતાવે છે. એ સમ્યગ્દૃષ્ટિએ તો ઓળખેલ છે. મિથ્યાદૃષ્ટિને બતાવે છે કે જો આત્માનો સ્વભાવ આવો હોય અને એને તું ઓળખ. અહીં કહે છે કે અખાડામાં...

**'ભાવાર્થ આમ છે કે અખાડામાં તો શુદ્ધાંગ દેખાડે છે,...'** એટલે કે નાટકમાં જે રૂપ બતાવવું હોય એને ચોખ્ખુ કરીને પહેલું બતાવે. રાજા, રાણી આદિ બતાવે છે કે નહિ? **'ત્યાં જેટલા દેખનારા છે તે બધા એકીસાથે જ મગ્ન થઈ દેખે છે;...'** નાટકને મગ્ન થઈને બધા દેખે છે. **'તેવી રીતે...'** આ તો એક દૃષ્ટાંત થયો. **'જીવનું સ્વરૂપ શુદ્ધરૂપ બતાવાયું...'** ભગવાન આત્મા અંદર શુદ્ધ ચૈતન્યધાતુ પૂર્ણ જ્ઞાયક ભાવ એમ સમ્યક્ બતાવ્યો, શુદ્ધાંગ બતાવ્યું. પુણ્ય અને પાપના ભાવ રહિત તારી ચીજ અંદર શુદ્ધ નિર્મળ વિકાર અને કર્મથી ભિન્ન છે. એવું અખાડામાં બતાવ્યું એમ આમાં નાટકમાં બતાવ્યું. **'બતાવાયું થકું બધાય જીવોએ અનુભવ કરવાયોગ્ય છે.'** માથે કહ્યું હતું ને? બધા જીવને. બધા આત્માઓ એટલે અનંત આત્મા છે એમ સિદ્ધ કરવું છે. અને દરેક આત્મા તદ્દન શુદ્ધ જ્ઞાન અને આનંદનું ધામ પૂર્ણાનંદ એને આત્મા કહીએ. એવા શુદ્ધાંગ એવા આત્મતત્ત્વને અખાડામાં બતાવ્યું. સમજાણું કાંઈ?

**'અનુભવ કરવાયોગ્ય છે.'** સર્વ જીવને આ અનુભવ કરવાલાયક છે. ભગવાન જ્ઞાન ચૈતન્યધાતુ અનાકુળ આનંદની મૂર્તિ એના અંતર સન્મુખ થઈને વિકાર અને સંયોગથી વિમુખ થઈને આનંદધામ આત્મા તેનો અનુભવ કરવા લાયક છે. એનું નામ ધર્મ અને એનું નામ આત્મા કહેવાય છે. અત્યારે આત્માની વાત તો ચાલવા માંડી પણ ઊંધા રસ્તે. આત્મા એક સમયમાં પૂર્ણ અનંત ગુણનો પિંડ તત્ત્વ છે. એના અંદરમાં પર્યાયમાં જે અશુદ્ધતા-મલિનતા છે.. મલિનતા ન હોય તો દુઃખ અને સંસાર ન હોય. પણ એ મલિનતા ક્ષણિક છે. સંયોગ તો ભિન્ન છે-આ શરીર માટી આદિ તો. એ મલિનતા વિનાની ચીજ એક સમયમાં જ્ઞાનાનંદ ચૈતન્ય જ્યોતસ્વરૂપ, એના અંદરમાં એકાકાર થઈ, રાગથી શૂન્ય થઈ, સ્વભાવના ભરપૂર ભરેલા પદાર્થમાં એકાકાર થઈ અનુભવ કરવો એ વસ્તુનો, જેવો શુદ્ધ સ્વભાવ છે તેને અનુસરીને

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


દશામાં સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપે પરિણમવું એનું નામ આત્મા અને મોક્ષમાર્ગ કહેવાય છે. કહો, શેઠ! બહારની બીજી વાતું તમે ઘણી સાંભળી. હમણાં પપોરા ગયા હતા. કેટલાય માણસો. એઈ..! ધમાધમ ચાલે ત્યાં તો. હાથી ને ગજપુર ને શું કહેવાય? ગજરથ. અરે.. બાપા! વસ્તુની સ્થિતિ સમજ્યા વિના... સમજાણું કાંઈ? બહારની એ જડની ક્રિયાકાંડ કોણ કરે આત્મા? અને અંદરમાં કોઈ શુભ ભાવ થાય એ પણ પુણ્ય અને વિકાર છે. એનાથી જુદી ચીજની અંતરમાં દૃષ્ટિ અને જ્ઞાનપણે તેનું જ્ઞાન કરવું, એમાં ઠરવું એને ધર્મ કહેવામાં આવે છે. બાકી બધી વાતું છે. કહો, સમજાય છે આમાં?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- આ કહ્યું એમાં. પેલું જે સાંભળ્યું અને માન્યું છે એમાં નહિ. કેવો છે શાંતરસ? એટલે કે આત્માનો આનંદ કે જે અનુભવ કરવાલાયક છે. અંતરમાં આનંદ ભર્યો છે, ભગવાન વસ્તુમાં. અંતર શાંત અને અનાકુળ આનંદથી ભરેલો પદાર્થ છે. એની અંદરમાં અનુભવ કરવો. પણ કેવો છે આનંદ?

'**आलोकमुच्छलति**' '**સમસ્ત ત્રૈલોક્યમાં...**' આ લોક. આ એટલે સમસ્ત લોક. એમ. આ સમસ્ત લોક. આલોક છે ને? આ સમસ્ત લોક. આખા લોકને જાણવાનું જ્ઞાન. અથવા આખા લોકને જાણીને અંતરમાં આનંદનો અનુભવ કરે એવો એ શાંતરસ છે. કહો, સમજાણું આમાં? '**उच्छलति**' ઉછળે છે એના અર્થ બે છે. એ વસ્તુ આત્મા અંતરમાં ચૈતન્યના રસમાં આનંદ છે, એની એકાગ્રતા થતાં આનંદનો ભાવ તેની વર્તમાન દશામાં ઉછળે છે. ઉછળે એટલે પ્રગટ થાય છે. દરિયામાં જેમ તરંગ ઉઠે છે એમ ભગવાન આત્મા એક સેકંડના અસંખ્યભાગમાં અનાકુળ આનંદ વસ્તુ, એમાં અનુભવ કરતાં આનંદનો દરિયો જે ભર્યો છે એમાંથી પર્યાય આનંદમાં ઉછળે છે. કહો, સમજાણું કાંઈ? અનુભવ કરતાં આનંદ ઉછળે છે એમ કહે છે.

જેમ અનાદિ પુણ્ય ને પાપ, કામ ને ક્રોધના વેદનમાં વિકાર દેખાય છે, વિકાર છે એને છોડીને ભગવાન જ્ઞાનમૂર્તિ વસ્તુ એની એકાગ્રતા કરતાં આનંદ ઉછળે છે. કેવો છે આનંદ? '**સર્વોત્કૃષ્ટ છે,...**' એવો આનંદ ક્યાંય ત્રણકાળમાં બીજે હોઈ શકે નહિ. '**ઉપાદેય છે...**' એ આત્માના અંતરનો આનંદ તે જ આદરણીય છે. બહારમાં ક્યાંય ધૂળમાંય સુખ-બુખ છે નહિ. કહો, સમજાણું કાંઈ? કહો, શેઠી! શું છે? પૈસામાં, પુત્રમાં, મકાનમાં બધામાં સુખ છે કે નહિ?

મુમુક્ષુ :- સુખ તો પોતામાં છે.

ઉત્તર :- પોતામાં છે. હવે બોલ્યા. ધૂળમાંય સુખ નથી. દુઃખ છે. કલ્પના કરે આ.. આ.. આ.. દુઃખ છે.

અહીં તો આત્મા જેને શાંતિ જોઈતી હોય, જેને ધર્મ કરવો હોય અથવા જેને સ્વતંત્ર

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


થઈને સુખી થવું હોય તો એણે શું કરવું, એની વાત ચાલે છે. એ ભગવાન આત્મા જે મહાન અનંત ચૈતન્યજ્યોત અને આનંદનું પુર એવી ચીજ એ છે. એનો અંતર દૃષ્ટિ અને અનુભવ કરતાં એ આનંદ ઉછળે છે. એ સર્વોત્કૃષ્ટ આનંદ છે. સર્વોત્કૃષ્ટમાં કોઈ વળી બીજો છે એમ છે નહિ. એ જ એક આદરણીય છે. પુણ્ય-પાપના વિકલ્પો આદિ તે આદરવા લાયક નથી. સમજાય છે?

**'અથવા...' 'उच्छलति'**નો અર્થ **'લોકાલોકનો જ્ઞાતા છે.'** એવો ત્રીજો અર્થ કર્યો. આનંદથી ઉછળે છે અને જ્ઞાન, જ્ઞાનની શક્તિની એકાગ્રતા થતાં પર્યાયમાં જ્ઞાન ઉછળે છે કે જે પર્યાયમાં લોકાલોક જણાય. એવો આત્મા અંદર ભરેલો છે. એનો અનુભવ કરતાં આનંદ અને જ્ઞાન બેય પર્યાયમાં ઉછળે છે. કહો, સમજાણું આમાં? ભારે વાત, ભાઈ! **'હવે અનુભવ જેવો છે તેવો કહે છે...' 'निर्भरम्' 'અતિશય મગ્નપણે છે.'** અંતર અભેદ સ્વરૂપ છે. આનંદ આદિ આત્મામાં જે વસ્તુ આનંદ પડ્યો છે, એની એકાગ્રતા કરતાં અતિ મગ્નસ્વરૂપ, લીનસ્વરૂપ આનંદ છે. એ આનંદનો કટકો ક્યાંક બહાર છે અને વસ્તુ ક્યાંક બહાર છે એમ નથી. કહો, સમજાણું? આ જીવ અધિકાર પૂરો થયો, લ્યો. ૩૨ કળશ. એની ગાથા ૩૮ છે, કળશ ૩૨. આ પહેલો અધિકાર પૂરો થયો. ૩૩ વ્યાખ્યાન થયા. આજ ૩૪મું ચાલે છે. આ કળશટીકાનું. ૩૭ દી અહીં થયા ને. અહીં આવ્યા ૩૭ થયા. એમાં એક દી પહેલું નહોતું (થયું). બે દી તાવ (આવ્યો). આજ ૩૪મું વ્યાખ્યાન છે. ૩૩માં આ એક અધિકાર પૂરો થયો.

અજીવ અધિકાર. હવે બીજો. જીવની સામે અજીવ અધિકાર.

મુમુક્ષુ :- સામે એટલે?

ઉત્તર :- સામે એટલે કે જીવસ્વરૂપમાં એ નથી. અહીં જીવસ્વરૂપનું વર્ણન કર્યું. હવે એ જીવસ્વરૂપમાં આ નથી. સમજાણું? બીજો, અજીવ અધિકાર. શાર્દૂલવિક્રીડિત છે.

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


–૨–

# અજીવ અધિકાર

(શાર્દૂલવિક્રીડિત)

जीवाजीवविवेकपुष्कलदृशा प्रत्याययत्पार्षदा-
नासंसारनिबद्धबन्धनविधिध्वंसाद्विशुद्धं स्फुटत्।
आत्मारामममनन्तधाम महसाध्यक्षेण नित्योदितं
धीरोदात्तमनाकुलं विलसति ज्ञानं मनो ह्लादयत्।।१-३३।।

ખંડાન્વય સહિત અર્થ :—"ज्ञानं विलसति" (ज्ञानं) જ્ઞાન અર્થાત્ જીવદ્રવ્ય (विलसति) જેવું છે તેવું પ્રગટ થાય છે. ભાવાર્થ આમ છે કે અહીં સુધી વિધિરૂપે શુદ્ધાંગતત્ત્વરૂપ જીવનું નિરૂપણ કર્યું, હવે તે જ જીવનું પ્રતિષેધરૂપે નિરૂપણ કરે છે. તેનું વિવરણ—શુદ્ધ જીવ છે, ટંકોત્કીર્ણ છે, ચિદ્રૂપ છે એમ કહેવું તે વિધિ કહેવાય છે; જીવનું સ્વરૂપ ગુણસ્થાન નથી, કર્મ-નોકર્મ જીવનાં નથી, ભાવકર્મ જીવનું નથી એમ કહેવું તે પ્રતિષેધ કહેવાય છે. કેવું થતું થકું જ્ઞાન પ્રગટ થાય છે? "मनो ह्लादयत्" (मनः) અન્તઃકરણેન્દ્રિયને (ह्लादयत्) આનન્દરૂપ કરતું થકું. વળી કેવું થતું થકું? "विशुद्धं" આઠ કર્મોથી રહિતપણે સ્વરૂપરૂપે પરિણમ્યું થકું. વળી કેવું થતું થકું? "स्फुटत्" સ્વસંવેદનપ્રત્યક્ષ થતું થકું. વળી કેવું થતું થકું? "आत्मारामम्" (आत्म) સ્વસ્વરૂપ જ છે (आरामम्) ક્રીડાવન જેનું એવું થતું થકું. વળી કેવું થતું થકું? "अनन्तधाम" (अनन्त) મર્યાદાથી રહિત છે (धाम) તેજઃપુંજ જેનો એવું થતું થકું. વળી કેવું થતું થકું? "अध्यक्षेण महसा नित्योदितं" (अध्यक्षेण) નિરાવરણ પ્રત્યક્ષ (महसा) ચૈતન્યશક્તિ વડે (नित्योदितं) ત્રિકાળ શાશ્વત છે પ્રતાપ જેનો એવું થતું થકું. વળી કેવું થતું થકું? "धीरोदात्तम्" (धीर) અડોલ અને (उदात्तम्) બધાથી મોટું એવું થતું થકું. વળી કેવું થતું થકું? "अनाकुलं" ઇન્દ્રિયજનિત સુખદુઃખથી રહિત અતીન્દ્રિય સુખરૂપ બિરાજમાન થતું થકું. આવો જીવ જે રીતે પ્રગટ થયો તે કહે છે—"आसंसारनिबद्धबन्धनविधिध्वंसात्" (आसंसार) અનાદિ કાળથી (निबद्ध) જીવ સાથે મળેલાં ચાલ્યાં આવતાં (बन्धनविधि) જ્ઞાનાવરણકર્મ, દર્શનાવરણકર્મ, વેદનીય, મોહનીય, આયુ, નામ, ગોત્ર, અન્તરાય એવાં છે જે દ્રવ્યપિંડરૂપ આઠ કર્મ તથા ભાવકર્મરૂપ છે જે રાગ-દ્વેષ-મોહપરિણામ-ઇત્યાદિ છે જે બહુ વિકલ્પો, તેમના (ध्वंसात्) વિનાશથી જીવસ્વરૂપ જેવું કહ્યું છે તેવું છે. ભાવાર્થ આમ છે કે જેવી રીતે જળ અને કાદવ જે કાળે એકત્ર મળેલાં છે તે

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**જ કાળે જો સ્વરૂપનો અનુભવ કરવામાં આવે તો કાદવ જળથી ભિન્ન છે, જળ પોતાના સ્વરૂપે છે, તેવી રીતે સંસાર-અવસ્થામાં જીવ-કર્મ બંધપર્યાયરૂપે એક ક્ષેત્રે મળેલાં છે તે જ અવસ્થામાં જો શુદ્ધ સ્વરૂપનો અનુભવ કરવામાં આવે તો સમસ્ત કર્મ જીવસ્વરૂપથી ભિન્ન છે, જીવદ્રવ્ય સ્વચ્છસ્વરૂપે જેવું કહ્યું તેવું છે. આવી બુદ્ધિ જે રીતે ઊપજી તે કહે છે—''यत्पार्षदान् प्रत्याययत्'' (यत्) જે કારણથી (पार्षदान्) ગણધર-મુનીશ્વરોને (प्रत्याययत्) પ્રતીતિ ઉપજાવીને. ક્યા કારણથી પ્રતીતિ ઊપજી તે જ કહે છે- ''जीवाजीवविवेकपुष्कलद्दशा'' (जीव) ચેતનદ્રવ્ય અને (अजीव) જડ—કર્મ-નોકર્મ-ભાવકર્મ તેમના (विवेक) ભિન્નભિન્નપણારૂપ (पुष्कल) વિસ્તીર્ણ (द्दशा) જ્ઞાનદૃષ્ટિથી. જીવ અને કર્મનો ભિન્નભિન્ન અનુભવ કરતાં જીવ જેવો કહ્યો છે તેવો છે. ૧-૩૩.**

---

## કલશ-૩૩ ઉપર પ્રવચન

(શાર્દૂલવિક્રીડિત)

जीवाजीवविवेकपुष्कद्दशा प्रत्याययत्पार्षदा-
नासंसारनिबद्धबन्धनविधिध्वंसाद्विशुद्धं स्फुटत्।
आत्माराममनन्तधाम महसाध्यक्षेण नित्योदितं
धीरोदात्तमनाकुलं विलसति ज्ञानं मनो ह्लादयत्।।१-३३।।

ખીમચંદભાઈ નથી આવ્યા? તાવ આવ્યો છે. કહો, સમજાણું આમાં? શું કહે છે જુઓ!

**ખંડાન્વય સહિત અર્થ :—'ज्ञानं विलसति'** આ છે ને? અધ્યાત્મ તરંગિણી. આ અધિકારનું નામ જ જ્ઞાન વિલાસ કર્યો છે. પહેલો શબ્દ છે ખરો ને. જ્ઞાન વિલાસ. પરમ અધ્યાત્મ તરંગિણી. આ જ્ઞાનનો જ વિલાસ છે. ભગવાન ચૈતન્યપ્રભુ એનું અંતર ભાન થતાં એ પોતાનું તો જ્ઞાન કરે, રાગાદિ, અજીવાદિ પદાર્થ છે એનું સ્વનું જ્ઞાન કરતાં પરનું જ્ઞાન કરે કે એ વસ્તુ મારામાં નથી. એવો જ્ઞાન વિલાસ.

**'જ્ઞાન અર્થાત્ જીવદ્રવ્ય...'** જ્ઞાન એટલે જીવ પદાર્થ. એ ચૈતન્યજ્યોતિ તે જીવ. જીવ કોને કહેવો અંદર આત્મા? કે ચૈતન્યપ્રકાશ, ચૈતન્યનો પ્રકાશ, જ્ઞાનનો પ્રકાશ, જ્ઞાનનું સત્ત્વનું સત્ એ જીવ. **'विलसति' 'જેવું છે તેવું પ્રગટ થાય છે.'** છપાવાનું બાકી રહી ગયું છે? ... આમાં એ થયું. છે ક્યાંક હશે. **'विलसति'**નો અર્થ ભગવાન જ્ઞાનસ્વરૂપ એની અંતર દૃષ્ટિ કરતાં ભગવાન જ્ઞાનપણે જેવો છે તેવો જ્ઞાનપણે પ્રગટ થાય છે. ચૈતન્યજ્યોત અંતરની એકાગ્રતાથી ભગવાન જ્ઞાનધાતુ જ્ઞાનપણે પ્રગટ થાય છે.

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**'ભાવાર્થ આમ છે કે અહીં સુધી વિધિરૂપે શુદ્ધાંગતત્ત્વરૂપ જીવનું નિરૂપણ કર્યું,...'** આ ૩૨ શ્લોકમાં કળશમાં વિધિરૂપથી શુદ્ધાંગ તત્ત્વરૂપ, શુદ્ધ સ્વરૂપ તત્ત્વરૂપ એવા જીવનું કથન કર્યું. **'હવે તે જ જીવનું પ્રતિષેધરૂપે નિરૂપણ કરે છે.'** એની વ્યાખ્યા. વિધિ-પ્રતિષેધની વ્યાખ્યા. **'શુદ્ધ જીવ છે,...'** ભગવાન આત્મા પવિત્ર શુદ્ધ નિર્મળ જીવ છે. **'ટંકોત્કીર્ણ છે,...'** એવો ને એવો શાશ્વત ચૈતન્યધાતુ પદાર્થ છે. **'ચિદ્રૂપ છે...'** જ્ઞાનરૂપ છે. **'એમ કહેવું તે વિધિ કહેવાય છે;...'** આ વિધિ. ભગવાન આત્મા જ્ઞાનરૂપ છે, શુદ્ધ જીવ છે અને એવો ને એવો ટંકોત્કીર્ણ શાશ્વત વસ્તુ છે. એમ અસ્તિથી કહેવું તેને વિધિ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

**'જીવનું સ્વરૂપ ગુણસ્થાન નથી,...'** હવે એનો પ્રતિષેધ. ભગવાન એક સ્વરૂપે પ્રભુ શુદ્ધ ચૈતન્ય સ્વભાવનો ઝળકતો ચૈતન્યસૂર્ય. એમાં ચૌદ ગુણસ્થાનના પર્યાયભેદ છે, એ વસ્તુમાં નથી. પર્યાયમાં છે-અવસ્થામાં. અહીં પર્યાયબુદ્ધિનો નિષેધ (છે). પર્યાય પર્યાય તરીકે અસ્તિત્વ છે. પણ વસ્તુ તરીકે અભેદમાં એ પર્યાયના ભેદો એમાં નથી. આ મોટી તકરાર. પર્યાય છે, વ્યવહારનય છે એને અસત્ય ન કહો. અરે.. ભગવાન! ભાઈ! ન્યાંથી અસદ્ભુત પણ વસ્તુ છે. આહાહા..! અહીં તો કહે છે, પ્રભુ! આ તારો મહાસત્તા ધામ ભગવાન, એમાં તો અનંત જ્ઞાનાદિ દર્શનાદિ ભંડાર એનો ભરપુર પડ્યો છે. એમાં આ મિથ્યાત્વ આદિ ગુણસ્થાનના ભેદ (નથી). આ તેરમું ગુણસ્થાન તારું નહિ. તકલચંદભાઈ ગાય છે ને આપણે? લાઠીવાળા ગાય છે, જાડા શેઠ આવે છે ને? હવે પડ્યા બિચારા, શરીર મોળું પડી ગયું. જીવનું સ્વરૂપ ગુણસ્થાન નહિ. આહાહા..! રાડ નાખે ને લોકો.

ભાઈ! ભગવાન! તારું સ્વ-રૂપ, સ્વ-રૂપ એટલે પોતાનું કાયમી જ્ઞાન, આનંદાદિ અભેદ રૂપ એને જીવ સ્વરૂપ કહીએ. સમજાણું કાંઈ? એમાં ગુણસ્થાનભેદ છે. મિથ્યા ભ્રમણા પર્યાયમાં-અવસ્થામાં (છે). સમ્યગ્દર્શન, પાંચમું, છઠ્ઠું એ વ્યવહારનયનો વિષય છે. જો એને ન માને તો તીર્થનો નાશ થાય. આવે છે ને? એ વાત છે. ભેદ છે, અસ્તિ તરીકે છે. આશ્રય કરવાલાયક નથી. વસ્તુ નથી. વસ્તુ તો એક સ્વરૂપે જ્ઞાનગોળો ચૈતન્યનો સ્વભાવથી ભરેલો, આનંદાદિથી ભરેલો અવિનાભાવી સ્વભાવ, એવું તત્ત્વ. એમાં એ અભેદ જે સમ્યગ્દર્શનનો વિષય એવા અભેદમાં એકાકાર કરતાં આત્માને સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની પર્યાય પ્રગટે એવી વસ્તુમાં એ ભેદો છે નહિ. નહિ, ઓલો કહે કે, કેમ નહિ? વ્યવહારે તો એનું સ્વરૂપ છે. તકરાર લે આમાં.

**'જીવનું સ્વરૂપ ગુણસ્થાન નથી,...'** નવનીતભાઈ! ચૌદ ગુણસ્થાન છે-પર્યાય. મિથ્યાત્વ, સાસાદન, મિશ્ર, અવિરત સમકિતી, પંચમ, વિરતા-વિરત, વિરતી અપ્રમત્ત આદિ ચૌદ પ્રકાર છે એની પર્યાયના. અવસ્થાની શુદ્ધિના અને પેલી અશુદ્ધિના પ્રકારના ભેદ છે. ઈ પર્યાયનયે છે એમ પહેલું સિદ્ધ તો કરવું છે. સમજાણું કાંઈ? પણ વસ્તુ એકરૂપ ચૈતન્યગોળો, જે

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


સમ્યગ્દર્શનનો વિષય અને જેને આશ્રયે સમ્યક્ અનુભવ થાય, એ ચીજમાં આ ભેદો નથી. માટે જીવનું સ્વરૂપ એ નથી. કહો, સમજાણું કાંઈ?

એ '**કર્મ... જીવના નથી,...**' કહો, આ તો પર્યાયના ભેદ પહેલા લીધા. આ આઠ કર્મ જડ માટી જે જ્ઞાનાવરણીય છે એ જીવના નહિ. એમાં એમ કહ્યું કે જીવનું સ્વરૂપ ગુણસ્થાન નહિ. પહેલામાં. પર્યાય છે એટલે. અહીં કહ્યું કે કર્મ જીવના નથી. શબ્દમાં ફેર છે. અહીં તો વસ્તુ જ નથી. આઠ કર્મના રજકણો જ્ઞાનાવરણીયાદી છે એ જીવને નથી. જીવમાં નથી, જીવના નથી. આહાહા..! '**નોકર્મ જીવનાં નથી,...**' આ શરીર, આ વાણી, આ મન અહીં છે વિચાર કરવાને છાતીમાં, એ નોકર્મ એ જીવને નથી, એ તો જડના છે. જીવને નથી. વસ્તુ વસ્તુને છે. આત્મામાં ક્યાં હતી એ ચીજ. સમજાણું કાંઈ? એ તો જડરૂપ છે. પરમાણુ આ માટી આદિ, આ પરમાણુ માટી રજકણરૂપ છે. વાણી જડરૂપ પરમાણુનો ધ્વનિ છે. અહીં છાતીમાં મન છે. જીવ વિચાર કરે ત્યારે નિમિત્ત (થાય છે). એ જડ માટી છે. આ કોડો જેમ માટી છે એમ એ માટી છે. એ જીવના નથી. જીવના નથી, જીવના નથી એ જડના છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- કોની સાથે? કોણ સાંભળે? વાણી નીકળે વાણીને કારણે. ઓલો સમજે ત્યારે એને સામો સાંભળે છે એમ કહેવામાં આવે. સાંભળવાની ભાષા તો જડની પર્યાય છે. એ જડની પર્યાય આત્માને નથી. બે લીધું ને? હવે ત્રીજું.

'**ભાવકર્મ જીવનું નથી...**' ભાવકર્મ જીવનું નથી. એ ભગવાન આત્મા જ્યાં અંતર દૃષ્ટિ કરવાનું સ્વરૂપ, એવું જે ભગવાન સ્વરૂપ પોતાનું નિજ, એમાં પુણ્ય, પાપ, દયા, દાન, વ્રત, ભક્તિનો જે વિકલ્પ ઉઠે એ ભાવકર્મ છે. એ જીવના નથી. જીવના નથી. એ આસ્રવતત્ત્વના મેલના જડના છે. સમજાણું કાંઈ? એ '**ભાવકર્મ જીવનું નથી એમ કહેવું તે પ્રતિષેધ કહેવાય છે.**' એનું નામ પ્રતિષેધ. આ નહિ, આ નહિ. આ છે, શુદ્ધ જીવ જ્ઞાનરૂપ એવો ને એવો ટંકોત્કીર્ણ છે. એ વિધિ. અને એમાં ગુણસ્થાન જીવનું સ્વરૂપ નહિ, કર્મ-નોકર્મ જીવના નહિ, ભાવકર્મ જીવને નહિ. એમ કહેવું એ પ્રતિષેધ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

એમ ભાન થતાં '**કેવું થતું થકું જ્ઞાન પ્રગટ થાય છે?**' જ્ઞાન એટલે શુદ્ધ જીવદ્રવ્ય. એ પહેલું કહ્યું છે. ભગવાન આત્મા કેવી રીતે અંતરનું ભાન થઈને પ્રગટ થાય છે? '**मनो ह्लादयत्**' '(मनः)' નામ '**અન્તઃકરણેન્દ્રિયને આનંદરૂપ કરતું થકું.**' શું કહે છે? ભગવાન આત્મા એક સેકંડના અસંખ્યભાગમાં પૂર્ણ શુદ્ધ ચૈતન્ય આનંદ આદિ સ્વરૂપ, એ અસ્તિ. અને રાગાદિ, ભેદાદિ નહિ તે નાસ્તિ. એવું અંતરમાં ભાન થતાં આત્માની પર્યાયમાં.. અહીં મન કીધું અન્તઃકરણેન્દ્રિય. મનના સંબંધમાં '**આનંદરૂપ કરતું થકું.**' એ નિત્ય આનંદ ભોજી. અતીન્દ્રિય આનંદનું ભાન અને પ્રગટ થતું તે જ્ઞાન પ્રગટ થાય છે. એકલો આત્મા છે, આમ

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આત્મા છે પ્રગટ એમ નહિ. ભગવાન આત્મા એનું ભાન, પ્રતીત, ભરોસો આવતા એ જ્ઞાનમાં જે આનંદનો સ્વાદ લેતું તે જ્ઞાન પ્રગટ થાય છે. આહાહા..! સમજાણું કાંઈ?

સમ્યગ્દર્શન થતાં આનંદ લેતું જ્ઞાન પ્રગટ થાય છે. ત્રણ ભેગા થઈ ગયા. સમ્યગ્દર્શન-પ્રતીત, જ્ઞાન સમ્યક્ પોતાનું અને એની આનંદ સાથે ચારિત્ર દશા. આહાહા..! સમજાણું કાંઈ? બહારની તો અહીં વાતેય લીધી નથી. આમાં નથી, પછી પ્રશ્ન શું તારે? આ વ્રત ને નિયમ ને આ વિકલ્પ ઉઠે ને આ કરવું ને આ ખાવું ને આ ખાવું.. એ રાગ જ આત્મામાં નથી. આહાહા...! એમાં સલવાણો આખો દી. આવું નથી ખાવું, આમ ન ખાવું, આમ લેવું, આમ કરો.

મુમુક્ષુ :- ત્યાગ ઉડી જાય.

ઉત્તર :- ત્યાગ ઉડી જાય. આખું સમ્યગ્દર્શન ઉડી જાય છે કર્તાબુદ્ધિમાં, એને ભાન નથી. આ કરો, આમ ખાવો, આમ લ્યો, આમ લેવાય, આમ લેવાય... કોણ દેવાય, લેવાય? સાંભળને હવે. સમજ્યા? લોકોમાં એમ કરાય એ તો વળી ગપ્પેગપ છે. જ્ઞાનશક્તિ ને ઈચ્છાશક્તિ ને સમશક્તિ. માર ગપ્પા જેમ ગાંડા મારે ને. પરમાં શું કરે? આત્માનું જ્ઞાન થાય એ પરને શું હલાવી શકે આ શરીરને? અને ઈચ્છાથી આ કામ થતા હશે? ઈચ્છાશક્તિથી થાય એમ. ઓલો કહેતો હતો ને ઈચ્છાશક્તિથી (થાય). એનો નહિ? ચુડાનો. વકીલ. ઈચ્છાશક્તિથી રોગ મટાડી દે. ધૂળમાંય મટે નહિ, સાંભળને હવે. આવા વકીલના ખાં. બુદ્ધિના ખાં. ઈચ્છાથી આમ કરી દે. ઈચ્છા તો રાગ છે. શું પરની પર્યાય રાગને લઈને મટે? રોગ ને નીરોગ ને ફલાણું, ઢીકણું.. ધૂળ. મૂઢ જીવોની માન્યતા છે. સમજાણું કાંઈ? જ્ઞાનસ્વરૂપ આત્મા એ જ્ઞાન કરે કે કો'કનું કરે?

મુમુક્ષુ :- ભલું કરે.

ઉત્તર :- કોણ કરે? ધૂળ ભલું કરે. ભલું કહેવું કોને? ભલુ કહેવું કોને? એના અંતરમાં આત્મજ્ઞાન અને આત્મદર્શન થાય એના સન્મુખ, એને ભલું કહેવાય. એ ભલું કોણ કરે? ઈ કરે કે બીજો કરી દેતો હતો? સમજાણું કાંઈ? હિંમતભાઈ! આ ભલુ-બલુ કરતાં હશે કે નહિ લોકને? આ શેઠિયાને બેસાડે ત્યાં બધામાં ભેગા થઈને.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ચાલે છે તો અનાદિથી ચાલે છે ને. ઝેર જ ચાલે ને અનાદિથી. પાંચ શેઠિયા ભેગા થઈને આ પૈસા ભેગા કરે, ફલાણું થાય.. ફલાણું થાય...લ્યો, ક્યાં ગયા હિંમતભાઈ? આ રહ્યા. કાલે જ વાત કરતા હતા. ભાઈ કહેતા હતા. પચ્ચીસ હજાર રૂપિયા (ભેગા થયા). સોનગઢનું નામ પડે, મહારાજનું નામ પડે અને હિંમતભાઈ સાથે (હોય). પચ્ચીસ હજાર ઘાસ માટે લઈ આવ્યા ને. દુનિયામાં તો બહારની વાતું છે. ઈ તો આવવાનું હોય તે આવે. કોણ લાવે અને કોણ મૂકે? શેઠ! કહો.

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મુમુક્ષુ :- શેઠ લાવે અને શેઠ મૂકે.

ઉત્તર :- લાવે, મૂકે ઈ વાતું કહેવાય.

મુમુક્ષુ :- આટલા પૈસા ખર્ચ્યા ને...

ઉત્તર :- પૈસા હતા ક્યાં શેઠના તે ખર્ચે? પૈસા તો જડના હતા. ન્યાં તો એમ કહેતા, ઓહો..! જંગલમાં.. જંગલમાં, હોં! એ તો આમ જંગલમાં નગરી બતાવી દીધી. પથરા ત્યાં માણસ. રસ્તા ને આ ને તે. એ તો બાપુ, જડની અવસ્થાનો કાળ હોય ત્યારે બને છે. ભાઈ! એને ખબર નથી. આત્મા પુરુષાર્થ કરીને મોટા ડુંગરા તોડે ને? ધૂળેય તોડે નહિ. સાંભળને હવે. એવા ને એવા બધા પાગલ મગજના છે. સમજાણું કાંઈ?

અહીં કહે છે કે, ભાઈ! આત્મા એટલે જ્ઞાનની મૂર્તિ. એ જ્ઞાન શું કરે? એ જ્ઞાન શું કરે? પરનું કરે? એ જ્ઞાન રાગ કરે? એ રાગ કરવો એનો સ્વભાવ છે? સમજાણું? એ એનામાં નથી. એ તો વાત પહેલી કરી કે વિકારાદિ વિકલ્પ એનામાં નથી. પરવસ્તુ એનામાં નથી. વિભાવ અને પરસંયોગ બેય એમાં નથી. નથી એને શું કરે ઈ? સમજાણું કાંઈ? કહે છે કે એવું ભાન થતાં **'કેવું થતું થકું જ્ઞાન પ્રગટ થાય છે?'** **'मनो ह्लादयत्'**. મનને આહ્લાદ કરતું. આહ્લાદ એટલે આનંદ. આહાહા..! એ કહે છે કે ભગવાન આત્મા એક સેકંડના અસંખ્યભાગમાં જેવો છે એવી અંતર દૃષ્ટિ થઈ, પ્રતીતમાં આવ્યો, અનુભવમાં આવ્યો, શ્રદ્ધામાં આવ્યો ત્યારે આનંદ-અતીન્દ્રિય આનંદ લેતો તે પ્રતીતમાં આવે છે. આહાહા..! એને આત્મા માન્યો કહેવાય. આમ આમ આત્મા આત્મા કહે એમ ચાલે નહિ. સમજાણું કાંઈ?

કહે છે, **'આનન્દરૂપ કરતું થકું.'** પોતે આત્મા આનંદરૂપ કરતો થકો. પોતાનો સ્વભાવ અતીન્દ્રિય આનંદ છે. એના તરફના ઝુકાવથી એકાગ્રતાથી જે જ્ઞાન પ્રગટ સમ્યક્ થયું એની સાથે અતીન્દ્રિય આનંદ, અતીન્દ્રિય આનંદની મહોર ચાખતું એ જ્ઞાન પ્રગટ થાય છે. ચાખતું કહો કે વેદતું કહો કે અનુભવતું કહો. કહો, સમજાણું કાંઈ? આહાહા..! એની વિધિની ખબર ન મળે અને ધર્મ કરીએ છીએ અને આત્મા અમે જાણીએ છીએ અને આત્મા.. બાપુ! આત્મા એટલે? ધર્મ એટલે? ધર્મી એવો ભગવાન આત્મા બેહદ જ્ઞાન, આનંદની ધાતુને ધરનારો સ્વભાવ. એની અંતર્મુખ દૃષ્ટિ થતાં એ જ્ઞાન તો સમ્યક્ પ્રગટ્યું. ભેગો અતીન્દ્રિય આનંદ લેતું પ્રગટ્યું. આનંદનો અનુભવ લેતું પ્રગટ્યું. એને જ્ઞાન પ્રગટ્યું એમ કહેવામાં આવે છે. એકલા શાસ્ત્ર... બાહ્ય લૌકિકના જ્ઞાન તો ધૂળ છે, વકીલાતના ને આ બધા, શું કહેવાય ઈ બધા? ડૉક્ટર ને ઈજનેરના ને પાવર હાઉસના.. મલૂકચંદભાઈ! તમારા શું કહેવાય? તમારા શું છે ઈ? ઈજનેર. શું છે તમારા છોકરા? મકાનના (કન્સ્ટ્રક્શન). આમ કરો, આમ કરો. દુકાને ગયા ત્યારે બતાવ્યું હતું. ૨૨ માળ કરીએ છીએ. જેને ગરજ હોય એ દુકાન ઉપર આવે. પુનમચંદની દુકાને ગયા હતા ને. ૨૨ માળના મકાન કરે છે ને? મુંબઈમાં. અહીં આવે. અહીં તો બેઠા. આટલા કરવાના, લાવો આટલા રૂપિયા લાવો. અરે.. અરે..! ધૂળધાણી.

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ગપ્પેગપ. રાગ કરે ઈ રાગ. ઓલી ચીજ તો થવાની હોય તો થાય. પણ મૂઢ માની બેસે કે મેં આમ કર્યું.

મુમુક્ષુ :- દેખરેખ રાખે તો..

ઉત્તર :- દેખરેખ કોણ રાખે? દેખે દેખે ઈ રેખા રાખે ઘરમાં કે પરમાં દેખતો હશે? પરને દેખતો હશે ઈ? પરને દેખતો હશે ઈ ખરેખર વ્યવહાર છે. કરવું તો ક્યાં છે? શું કરે?

ભગવાન આત્મા પરને કરવા માટે પાંગળો છે. પોતાને કરવા માટે શૂરવીર છે. શાર્દૂલ છે ને? શાર્દૂલવિક્રીડિત કીધું ને. સિંહ આમ ક્રીડા કરતો મલપતો ચાલે ને. એમ આ (શ્લોક છે). '**जीवाजीवविवेकपुष्कद्दशा**' એવું આપણને બહુ ન આવડે. હિંમતભાઈને આવડે ઈ. કહો, સમજાણું કાંઈ? આ બધું દેશી એને આવડે વધારે. કહો, સમજાણું આમાં? સિંહ, સિંહની ત્રાડ. અવાજ આવે ત્યાં જંગલમાં બીજા પ્રાણી (ધ્રુજે). હાય.. હાય..! એમ ભગવાન આત્મા અનંત વીર્ય અને અનંત જ્ઞાનનો દરિયો. એવું અંતરમાં બહુમાનપૂર્વક અંતર એકાગ્ર થતાં વીર્ય ને જ્ઞાન ને આનંદનો અનુભવ કરતું ફાટતું આવે આત્મામાં. એને આત્મા જાણ્યો અને એને સમ્યગ્દર્શન કહેવાય અને એને આત્માનો આસ્તિક કહેવાય છે. સમજાણું કાંઈ? આમ આત્મા આત્મા બધા કહે, એવું તો અનંત વાર માન્યું. એ આત્મા માન્યો નથી. પાછો નાસ્તિક થઈ જશે. એટલું માન્યું છે એ પણ આત્માનું મૂળ સ્વરૂપ નથી જાણ્યું, માન્યું નથી માટે નિગોદમાં બટાટા, શક્કરકંદમાં મરીને જશે. ત્યાં પોતાની હયાતીનો સ્વીકાર નહિ રહે અને નિગોદના જીવ છે કે નહિ, કોણ માને? સમજાય છે? એ તો જૈન પરમેશ્વર સર્વજ્ઞ ત્રિલોકનાથ વીતરાગ પરમાત્માએ એક સમયમાં ત્રણકાળ જોયા એમાં જાણ્યું કે આ અનંતા જીવ છે. અજ્ઞાનીને એની શ્રદ્ધા-બદ્ધાની ખબર પડે નહિ. અનંતા.. અનંતા.. અનંતા.. આહા..! સમજાણું?

જુઓને! અત્યારે આ કોર આવે છે ફૂલને. લીમડાને. આહાહા..! એક એક ફૂલ આમ પવનથી હલાહલ થઈને નીચે પડે. એક એક ફૂલમાં એક પાંખડી અને એક પાંખડીનો એક રાઈ જેટલો કટકો (એમાં) અનંત આત્મા છે. અજ્ઞાનીને શ્રદ્ધામાં આવતા નથી. મિથ્યા ભ્રમ પડ્યા છે મૂઢ જીવો, એને એ શ્રદ્ધામાં (આવતા નથી). એ જીવો અનંત છે એમ નહિ. પણ તારા જ્ઞાનની પર્યાયમાં એટલા અનંતા છે એ જાણવાની તાકાતવાળો પર્યાય છે. એ નહિ માનનારા એણે પોતાની પર્યાયની કેટલી તાકાત એને એ માનતો નથી. અને એ પર્યાયનો ધણી, અનંત ગુણનો ધણી એ દ્રવ્ય કોણ છે એના સામર્થ્યની એને ખબર નથી. સમજાણું કાંઈ? શેઠી! દુનિયાથી આ કઈ જાતની વાતું આ? બાપુ! આ તો સર્વજ્ઞ સ્વરૂપે સિદ્ધ થયેલી વાત. ત્રણકાળ ત્રણલોકમાં બીજી વાત ફરે નહિ. ખબર ન મળે કંઈ ખબર ન મળે. આંધળાની પેઠે મૂઢની જેમ અનાદિ કાળથી ત્યાગી થયો, બાવો થયો, સાધુ થયો, આ થયો. બધે મૂઢપણે (રહ્યો). સમજાણું કાંઈ?

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



(અહીંયા) કહે છે, આનંદ કરતું એ જ્ઞાન પ્રગટ થાય છે. **'વળી કેવું થતું થકું?' 'विशुद्धं' 'આઠ કર્મોથી રહિતપણે સ્વરૂપરૂપે પરિણમ્યું થકું.'** આઠેય કર્મ જ્ઞાનાવરણીય. જુઓ! પાછા આઠ કર્મ છે ખરા. પણ એનાથી રહિતપણે, વસ્તુની દૃષ્ટિનો જ્યાં અનુભવ થયો, આઠે કર્મના રહિતપણે (પરિણમે છે). જ્ઞાનવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, આયુષ્ય, નામ, ગોત્ર, અંતરાય. આઠ છે. આઠ કર્મ છે. એના અનંતા રજકણો છે. એ બધી વસ્તુ છે, હોં! એનાથી રહિત ભગવાન આત્મા **'રહિતપણે સ્વરૂપરૂપે પરિણમ્યું થકું.'** એના રહિતપણે સ્વરૂપરૂપે પરિણમ્યું. પોતાનું સ્વરૂપ જે શુદ્ધ ચૈતન્ય, એની એકાગ્રતા કરતાં આઠ કર્મ રહિત પોતાના સ્વરૂપરૂપે પરિણમ્યો છે જીવ એને આત્મા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આ તો ભઈ કળશ છે, એકલા માખણ છે. દેરાસરને માથે જેમ કળશ હોય ને? એમ તત્ત્વને માથે આખા માખણના કળશો મૂક્યા છે એકલા. સમજાણું આમાં?

ભગવાન આત્મા.. બે વાત કરી કે અંતર સ્વરૂપનું આત્માનું ભાન, જ્ઞાન થતાં જ્ઞાન તો પ્રગટ થાય પણ સાથે આનંદ પ્રગટ થાય. અને તે આઠે કર્મ રહિત પોતાના સ્વરૂપરૂપે પરિણમે. આખા એકલા બે બોલ નહિ પાછા. અનંતા ગુણરૂપ જે આત્મા એના સ્વરૂપે પરિણમિત થાય. કહો, સમજાણું કાંઈ? શેની વાત ચાલે છે આ? આત્માને આત્માનો ભરોસો અસ્તિપણાનો આવે ત્યારે આવું ભગવાન પ્રત્યક્ષ થતું આવે. એની અહીં વાત કરે છે. ચોથે ગુણસ્થાને હજી તો. મુનિ થયા પહેલા, શ્રાવક થયા પહેલા. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા ગૃહસ્થાશ્રમમાં હો, રાજ કુટુંબમાં હો, છન્નુ હજાર સ્ત્રીના વૃંદમાં પડ્યો હો પણ સમકિતીનો આત્મા કેવો હોય એની અહીં વાત ચાલે છે. અને એ આત્માનું કેવું સ્વરૂપ પરિણત હોય અને સાથે આનંદ કેવો આવે? એને આત્મા કહેવામાં આવે છે. છન્નુ હજાર સ્ત્રી એના ઘરે રહી ગઈ. કર્મ એના ઘરે રહી ગયા. પુણ્ય-પાપના વિકલ્પ પણ એના સ્થાનમાં રહી ગયા. પોતાના જ્ઞાનસ્વરૂપની દૃષ્ટિ અને અનુભવ થતાં પોતાનું આઠ કર્મથી રહિત સ્વરૂપ છે તે સ્વરૂપે પરિણત થતો આત્મા પ્રગટ થાય છે. આહાહા..! સમજાણું કાંઈ? કહો, શેઠ! આ વાંચ્યું છે કે નહિ ત્યાં જઈને? નવરાશ ક્યાં છે ન્યાં બીડી આડે. કોઈ દી વાંચ્યું નહિ હોય. આમાં આનંદ પડ્યો છે આમાં.

મુમુક્ષુ :- આમાં પણ સમજાય કેમ આત્મા?

ઉત્તર :- ન સમજાય એમ હોય? ન્યાં એના ચોપડા કેમ ફેરવ્યા કરે છે આખા. એનો છોકરો ફેરવતો હશે. પણ એનું માથે ઓલું તો છે ને? અમે આમ કરીએ, ડાલચંદજી આમ કરે, ફલાણું આમ કરજે, ઢીકણું આમ કરજે. કોઈ કરતું નથી ધૂળેય તે. અહીં તો કહે છે.

**'કેવું થતું થકું?' 'स्फुटत्'** કેવું થતું થકું? કેવું થતું થકું? ઈ આવ્યું. કેવો છે? કેવો છે? એમ પહેલા આવતું હતું. ઓલામાં જીવ કેવો છે? એમ હતું ને? અહીં કેવું થતું થકું? અભાવરૂપ કરે છે ને? રાગથી અભાવરૂપ થતો, અજીવથી અભાવરૂપ થતો. કેવો થતો થકો

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આત્મા સમ્યગ્દર્શનમાં પ્રગટ થાય છે? **'કેવું થતું થકું?' 'સ્ફુટત્' 'સ્વસંવેદનપ્રત્યક્ષ થતું થકું.'** ભગવાન આત્મા પુણ્ય અને પાપની વૃત્તિઓથી ભિન્ન, એ પોતાના આનંદસ્વરૂપ સાથે જ્ઞાનનું પ્રત્યક્ષપણું પ્રગટ કરતો પ્રગટ થાય છે. સમજાય છે કાંઈ? સમ્યગ્દર્શનમાં ચોથા ગુણસ્થાનની ભૂમિકામાં આત્માના પ્રતીત અને અનુભવ કાળમાં શું થાય તેની વાત ચાલે છે. સમજાણું કાંઈ?

**'સ્વસંવેદનપ્રત્યક્ષ થતું થકું.'** ભગવાન આત્મા રાગ વિકલ્પ ને મન, વાણી, દેહથી ભિન્ન દૃષ્ટિ આત્માના અસ્તિ સ્વભાવ ઉપર પડતાં ભગવાન પોતે આત્મા સ્વસંવેદન-જ્ઞાનનો સ્વભાવ જે ત્રિકાળ છે એમાંથી જે દશા પ્રગટ થઈ, એ જ્ઞાન પ્રત્યક્ષ કરતું પ્રગટ થાય છે. ઓહોહો..! આ સ્વસંવેદનપ્રત્યક્ષ થતું થકું. ઓલાને એમ થાય કે આ તો કોણ જાણે આઠમે-નવમે હશે. અરે.. ભગવાન! બાપુ! તને (ખબર નથી). વસ્તુ તે કંઈ વસ્તુ પ્રત્યક્ષ જ્ઞાન સીધું કામ કર્યા વિના વસ્તુ પ્રતીતમાં આવે શી રીતે? કહો, સમજાણું? સ્વસંવેદન. ભગવાન આત્મા. જ્ઞાનથી જ્ઞાનને પ્રગટ કરતું આત્માનું તત્ત્વ પ્રગટ થાય છે. એવી દૃષ્ટિ અને એવા પર્યાયને ધર્મ કહેવામાં આવે છે. એ ધર્મ કોઈ બહારની ચીજમાં નથી અને બહારથી કોઈ ધર્મ થતો નથી. પાછી આવી વાતું કરે ને વળી મોટા મોટા વરઘોડા (કાઢે). હવે આ માનસ્તંભ ને સમવસરણ જાય છે. સાડા ત્રણ લાખના મોટા. શેઠ! કોણ કરે? બાપા! સાંભળ તો ખરો.

મુમુક્ષુ :- એમ કહેતા જવું અને કર્યે જવું.

ઉત્તર :- કોણ કરે? ઘણા એને કરવાના ભાવ હતા. માંડ હજી માલ આવ્યો હમણાં. અહીં ત્રણ દી પહેલા મગજમાં આવ્યું હતું. મગનભાઈએ વાંચ્યું મને એમ થયું, આ શું કર્યું? લાલભાઈનો કાગળ આવ્યો છે. હજી તો સમવસરણનું આમ થાશે, આમ થાય છે. ત્યાં તો વળી બીજે દી કાગળ આવ્યો કે ત્રણ ખટારા ન્યાંથી આવી ગયા છે અને પ્રતિમા પણ આવશે. પણ એ તો એને આવવા કાળે આવે. એને થવા કાળે થાય. ભાઈ! આત્મા એનો કર્તા નથી.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એ તો થાય ત્યારે ઓલાને નિમિત્ત કહેવામાં આવે. એ બધી વાતુંમાં કાંઈ માલ નથી. એ પુદ્ગલ પરમાણુના પરાવર્તનના બદલાના પ્રવાહમાં એ બદલતા પ્રવાહનો ઢગલો ત્યાં ઊભો એને કારણે થાય. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. રાગમાં કરે, બહારમાં શું કરતો હતો? ધૂળ. આ મલૂકચંદભાઈને ઘણું કરવું છે. જુઓને! તડામારા કરતાં કરતાં બે વર્ષથી આવા શેઠિયાને બે વર્ષથી થાતું નથી તો અમદાવાદની ઝાંખી પડે છે. કહે છે કે નહિ કો'ક એવું? નહિ? એવું કહ્યું હતું ઓલાએ.

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


શું કરે પણ? બાપુ! એ તો જે ક્ષણે ભાઈ! એ પરમાણુના રજકણોના સ્કંધ બદલતો બદલતો જે ક્ષેત્રે જે કાળે જે રીતે થવાનો હોય ઈ થાય. બાપુ! ઈ જગતને ન સમજાય. અજ્ઞાનીની દૃષ્ટિ જગતની છે. એને સંયોગની છે. સ્વભાવ વસ્તુ સ્વભાવ. જડ પણ સ્વભાવ. એક રજકણ ચૌદ બ્રહ્માંડ ચાલ્યો જાય. આહાહા..! એ પરમાણુનો સ્વભાવ છે. એક પરમાણુ, પોંઈટ, હોં! છેલ્લો ટૂકડો. એક સેકંડના અસંખ્ય ભાગમાં ચૌદ બ્રહ્માંડ (ચાલ્યો જાય). નીચેથી સિદ્ધ છે ત્યાં ચાલ્યો જાય. એની મેળાએ ચાલ્યો જાય. એવો એનો સ્વભાવ જડનો છે. કોણ કરે? મેં કર્યા. 'હું કરું હું કરું એ જ અજ્ઞાન છે, શકટનો ભાર જેમ શ્વાન તાણે.' કહો, સમજાણું?

કેવો થતો થકો પ્રગટ થાય? **'સ્વસંવેદનપ્રત્યક્ષ થતું થકું. વળી કેવું થતું થકું?'** હજી (કહે છે), કેવું થતું થકું? 'आत्मारामम्' 'आत्म' એટલે **'સ્વસ્વરૂપ જ છે...'** 'आरामम्' **'ક્રીડાવન જેનું એવું થતું થકું.'** ભગવાન આત્મા સચ્ચિદાનંદ અનંતગુણનો પિંડ પ્રભુ, એમ અંતર્મુખનો અનુભવ થતાં એ પોતાને આત્માને ક્રીડાવન આત્મા જ છે એમ રમતો પ્રગટ થાય છે. આહાહા..! **'સ્વસ્વરૂપ જ છે ક્રીડાવન જેનું...'** એ પરમાં તો નથી પણ પુણ્ય-પાપમાં રમવું એ સ્વરૂપમાં નથી, એમ કહે છે અહીં તો. આહાહા..! સમજાણું કાંઈ? **'સ્વસ્વરૂપ જ...'** 'आत्म' 'आरामम्' એમ બે શબ્દ જુદા પાડ્યા. આત્મ આરામ એમ શબ્દ છે ને? એમ છે. આત્મારામ એમ નથી. આત્મ આરામ. ભગવાન આત્મા એટલે એનું નિજ જે શુદ્ધ જ્ઞાનાનંદ સ્વરૂપ જ છે આરામ. જ્યાં અંતર મોજ કરવાનું ધામ છે. એવો થતો, રમતો, આનંદમાં રમતો પ્રગટ થાય છે. કહો, સમજાણું આમાં? કેટલાકને એમ લાગે, જૈન પરમેશ્વરની આવી (વાત), આ જૈનમાં આવી વાત હતી? એક જણો કહે કે જૈનમાં આવી વાત છે? ત્યાં તો બધી ક્રિયા કરવાનું ને આ કરવાનું.. અરે.. ભગવાન! તને ખબર નથી.

જૈન એટલે કોઈ વસ્તુ સ્વરૂપ છે. જૈન કોઈ વાડો નથી. એ તો વસ્તુનો સ્વભાવ એક એક જીવનો. એવા અનંત આત્માનો, અનંતા પરમાણુનો જેવો વસ્તુ વિશ્વ છે, એવું જ્યાં જ્ઞાનમાં આવ્યું છે, એવું ભગવાનની વાણીમાં ઈચ્છા વિના આવ્યું છે. એને જેણે જાણ્યું તેણે સાધ્યું તેને જૈન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? જેવું સ્વરૂપ છે તેવું જાણ્યું, તેને સાધ્યું તેને જૈન કહે છે. જૈન કોઈ સંપ્રદાય વાડો નથી, વસ્તુની સ્થિતિ છે ઈ.

પોતે ભગવાન આત્મા અનંત અરાગી વીતરાગી જ્ઞાનઘન આત્મા, એની દૃષ્ટિ અને એકતામાં આત્માને ધામ, સ્વસંવેદન પ્રત્યક્ષ આનંદ અને શુદ્ધ આત્માને પ્રગટ કરતું અને ક્રીડાવન. એને રમવાનું ધામ સમ્યગ્દૃષ્ટિને-ધર્મીને ઠરવાનું ધામ, ક્રીડાનું ધામ એ આત્મા ભાળે છે. આહાહા..! સાંભળ્યું ન હોય કોઈ દી આ. તમારા આંકડિયામાં તો ક્યાંથી હોય?

મુમુક્ષુ :- બગીચો પોતાનો ઘરમાં..

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઉત્તર :- બગીચો ઘરમાં છે, બહાર ક્યાં બગીચા હતા? ધૂળમાં.

ભગવાન ચૈતન્યજ્યોત પ્રભુ, અનંત ગુણનો ઢગલો આત્મા, એવું એકરૂપ જ્યાં અંતર દૃષ્ટિમાં આવતાં એ પોતે કહે છે કે એ પ્રત્યક્ષ થતું જ્ઞાન, આનંદ લાવતું જ્ઞાન અને સ્વસ્વરૂપમાં રમવારૂપ જ્ઞાન એવી ક્રીડાવનનું સ્થાન. રમવાને આરામ સ્થાન હોય તો એ આત્મા છે. કેટલાક કહે છે કે જુઓ ભાઈ! ન્યાં સાંભળ્યું હતું ને ઇન્દૌર. શુભભાવ છે ઈ વિસામાનું સ્થાન છે. ત્યાંથી થોડો વિસામો લે પછી શક્તિ પ્રગટે, પછી આત્મામાં જવાય. આરે.. આરે..! ગજબ કર્યા! શેઠી! એવું હમણા સાંભળ્યું ન્યાં ઇન્દૌરમાં. ઈ કહે કે આમાં જરી શુભભાવ આવે દયા, દાન, ભક્તિના પરિણામમાં તો ત્યાં વિસામો મૈત્રી છે. મૈત્રી છે એટલે ન્યાં થાક જરી લ્યે. થાક ઉતરે ને. અરે..! સાંભળ તો ખરો. એ શુભરાગ પોતે અવિશ્રામ છે, અન-આરામ છે.

મુમુક્ષુ :- થાક લાગ્યો શેનો?

ઉત્તર :- ઈ રાગનો થાક લાગ્યો હોય એને આત્મામાં ઉતરે. આ તો કહે, થાક ન્યાંથી ઉતરીને પછી આરામ થાશે.

કેટલી વાત કરી છે! સમજાણું કાંઈ? કેવો છે ભગવાન? એક સેકંડના અસંખ્યભાગમાં અનંત ગુણનું ધામ પરમાત્મસ્વરૂપ નિજ પોતાનું એને ભાન સમ્યક્ થતાં ભરોસો આવતા, આત્માનું પ્રત્યક્ષ જ્ઞાન થતા, ધર્મની પહેલી સીઢી પ્રગટ થતાં એ ધર્મીને આત્મા ક્રીડાવનનું સ્થાન છે તેમ ભાસે છે. એને રમવાનું આરામ એ આત્મા છે. બહારમાં તો નથી પણ પુણ્યના પરિણામમાં રમવું એ ધર્મીને માન્યતામાં છે નહિ. આહાહા..! કહો, શેઠી! આ શેઠીએ બાગ કર્યો છે ને. કહે છે કે બાગ તો અહીં છે, ભાઈ! તને તારા બાગની ખબરું ન મળે.

ભગવાન આત્મા એક સેકંડના અસંખ્યભાગમાં પૂર્ણાનંદનું ધામ પ્રભુ, એનો અંતરમાં આદર અને સાવધાનપણે અનુભવ કરતાં અનુભવીને આત્મા જ આરામ ભાસે, બીજો ભાસતો નથી. આહાહા..! એ તો કીધું નહોતું એક ફેરી? નાની ઉંમરમાં સાંભળતા. અમારે ત્યાં હતાં ને. એક ફેરી કીધું હતું. બ્રાહ્મણ હતા, ભટ્ટ. 'અનુભવીને એટલું રે આનંદમાં રહેવું રે,' એમ બોલતા. અમારે ઉમરાળામાં. નાની ઉંમર, આઠ-દસ વર્ષની ઉંમર. જોડે પાડોશી બ્રાહ્મણ (હતા). ન્હાયને ઓલું ઊનનું પોતિયું પહેરીને ન્હાતા. નાઈને બોલતા. અમે છોકરાઓ નાની ઉંમરના સાંભળતા. 'અનુભવની એટલું રે આનંદમાં રહેવું રે, ભજવા પરિબ્રહ્મ ને બીજું કાંઈ ન કહેવું રે' એમ બોલતા આટલું. 'ભજવા પરિબ્રહ્મ ને બીજું કાંઈ ન કહેવું રે, અનુભવીને એટલું રે આનંદમાં રહેવું.' આ તો ઘણા વર્ષની વાત છે, હોં! ૬૫ વર્ષ પહેલાની. શેઠ! ધર્મીને, એને ધર્મી કહીએ, એને ધર્મ કરનાર કહીએ કે ધર્મ કરનારની દૃષ્ટિવાળાને આત્મામાં આનંદનો આરામ છે, બીજે ક્યાંય આરામ છે નહિ. આરામ (કરવા) નથી લઈ જતા? ફલાણે.. ફલાણે. પુનાની ઈસ્પિતાલમાં રાખો. શું કહેવાય તમારું એવું આરામ સ્થાન? પંચગિની રાખો. ત્રણ મહિના

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અહીં રાખો. આરામગૃહ. ધૂળમાંય આરામગૃહ નથી. સાંભળને! ભગવાન આત્મા એક સમયનો પ્રભુ.. પણ કોઈ દી નજરું કરી નથી. કોણ છે, ક્યાં છે, સામું જોયું નથી. સમજાણું કાંઈ? સમજાણું કાંઈ? તે દીનું ગરી ગયું છે. વાત આ કાંઈક કહે છે. શું છે, શી ખબર? ન્યાં કે દી ભાન હતું તે દી. પણ વાત આ કાંઈક કહે છે. વારંવાર એ બહુ બોલતા. વાત કાંઈક કહે છે.

અહીં કહે છે, '**आत्मारामम्**' અને '**ક્રીડાવન જેનું એવું થતું થકું.**' શું કહે છે? અનાદિ કાળનું આત્માનું ભાન નહોતું ત્યારે તો પુણ્ય-પાપમાં અને બહારમાં આરામ માનતો ઈ રખડતો હતો. પણ આત્મા અંદર આત્માની દૃષ્ટિ અને અનુભવ થતાં અનુભવીને-ધર્મીને ધર્મ કરનારને એ આનંદને માટે આરામ માટે ભગવાન આત્મા જ ભાસે છે. આરામ સ્થાન, ક્રીડાસ્થાન, એ ક્રીડા કરવાનું સ્થાન એ આત્મા જ છે. બીજે ક્યાંય ક્રીડાનું સ્થાન ભાસતું નથી. ઓહોહો..! અજીવનો નિષેધ કરે છે ને? અજીવમાં નહિ, વિકલ્પ નહિ. એમ કહે છે અહીં તો. આહાહા..! ટીકા તે પણ કરે છે ને!

મુમુક્ષુ :- આરામ કરવાની જગ્યા બતાવે છે...

ઉત્તર :- હા. ત્યાં છે આરામ. નવરા થાય તો જાઓ પંચગિની રખડવા ને ફલાણે જાય ને આ ઠેકાણે શું? ક્ષય થયો હોય તો અહીં જાવ. આ ક્ષય થયો છે. રાગને પોતાનો માનીને ક્ષય થયો છે. સાંભળને! એ ક્ષય ટાળવો હોય તો આત્મારામ ભગવાન, તેની દૃષ્ટિ અને અનુભવ કર. એ સિવાય ક્યાંય આત્માને શાંતિ અને આનંદ છે નહિ. સમજાણું કાંઈ? આ શું? આવી વાતું? પેલા આવ્યા હતા ને એક ફેરી? ત્યાં હીરાભાઈના મકાનમાં. પ્રોફેસર, બોટાદના પ્રોફેસર એક આવ્યા હતા. જોશી. (સંવત) ૧૯૯૨ની સાલ. ત્યાં હતા ને તે દી. વાત અડધો કલાક સાંભળી. આ ઓરડીમાં આવી વાત ક્યાંથી? પ્રોફેસર હતો. ૧૦૦૦-૧૨૦૦નો પગાર હતો. એ મળ્યા હતા અહીં, બોટાદ-ખસ. .. પછી ત્યાં ભાષણ કર્યું હતું. તમે તે દી ત્યાં નહોતા. સાંભળીને પછી ભાષણ કર્યું હતું. એક અહીં કાનજીમુનિ છે ઈ આત્માની વાતું કરે છે કે અમે પ્રોફેસરોએ સાંભળવું પડે છે. એ કહેવા શું માગે છે? એવા તર્કથી કરે છે. ઝુંપડી નાની. જૂનું મકાન હીરાભાઈનું. ત્યાં એ આવ્યા હતા.

બાપુ! આત્મા શું છે? ભાઈ! એ કોણ છે એની ખબર જગતને નથી અને ધર્મ કરવા ચાલી નીકળ્યા. ચાલો ધર્મ થશે. કો'કની દયાઓ પાળી ને કોઈનું આ કરીએ, પૈસા ઉઘરાવી દઈએ ને મંદિર બે કરી દઈએ. સમજાણું? ભક્તિ ભગવાનની કરી દઈએ. ધૂળમાંય ધર્મ નથી, સાંભળને. શેઠી! આહાહા..!

મુમુક્ષુ :- બહુ પડકારીને વાત કરે છે.

ઉત્તર :- પડકારીને કહે કે હળવે હળવે કહે, છે તો ઈ. અમૃતચંદ્રાચાર્યે કહ્યું, મોટે અવાજે જે કહેવાનું હતું એ અમે કહ્યું છે. એમ પ્રવચનસારમાં છે છેલ્લે. આ જ વાત છે, બીજી

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વાત ત્રણકાળ ત્રણલોકની અંદર અજ્ઞાનીઓ બીજી કોઈ પણ રીતે કહેતા હોય તો તેના મૂઢના ઘરની વાતું છે. તત્ત્વના સત્યના ઘરની વાત આ જ છે. બીજી કોઈ છે નહિ. સમજાણું કાંઈ?

કેવો થતો થકો? કેવો થતો પ્રગટ થાય છે? '**अनन्तधाम**' '**अनन्त**' નામ '**મર્યાદાથી રહિત છે...**' જુઓ! ભાષા એવી છે. એનો અર્થ કે આ તેજપુંજ છે ને? તેજ, એ તેજ છે એની મર્યાદા શું? એમ કહે છે. આમ જ્ઞાનસ્વરૂપ છે ને? ભગવાન આત્મા જ્ઞાનતેજ, આનંદતેજ અનંતા સ્વરૂપ, એની મર્યાદા શું? જેનો સ્વભાવ છે તેની મર્યાદા શું? એટલે તેને અનંતને મર્યાદા રહિત કહીને વાત બતાવી છે. વસ્તુ છે ભગવાન આત્મા, એનું જે જ્ઞાન, આનંદ એની શું હદ શું? ઓહોહો..! '**મર્યાદાથી રહિત...**' કહો, સમજાણું? ક્ષેત્રની હદ શું? આ ક્ષેત્ર ક્યાં પૂરું થશે? પછી ક્યાં પૂરું થશે ક્ષેત્ર? આમ જતાં જતાં ચારે દિશામાં. ક્યાં પૂરું થાય? એમ ને એમ મર્યાદા વિનાનું ચાલ્યું જ જાય છે. અનંત.. અનંત.. અનંત.. અનંત.. અનંત.. અનંત.. અનંત એટલે મર્યાદા રહિત એમ સીધો અર્થ કર્યો છે અહીંયા. સમજાણું કાંઈ? જેનો અંત નહિ એટલે મર્યાદા રહિત. એમ ભાઈએ અર્થ કર્યો. અંત નહિ તે મર્યાદા રહિત. એ બહુ સરસ અર્થ કર્યો છે. આહાહા..! અનંત. જેની મર્યાદા શું? અંત શો? અંત શો? અનંત એટલે અંત શો? વસ્તુ ભગવાન આત્મા સ્વાભાવિક સત્ત્વ જ્ઞાનાનંદનો ભંડાર, એના સ્વભાવનો અંત શો? અરે..! તેની પ્રગટ થઈ પર્યાય તેની પણ મર્યાદા શી? સમજાણું કાંઈ? પણ શબ્દ ગોઠવ્યા છે ને? અનંતમાંથી આ કાઢ્યું. અંત નહિ, મર્યાદા નહિ, હદ નહિ. વાહ! સમજાણું કાંઈ?

અહીં ભગવાન આત્મા એક સમયમાં શુદ્ધ ચૈતન્યનું ધામ દળ, આનંદની જ પૂતળી, જ્ઞાનની જ મૂર્તિ, શાંતરસના સ્વાદિષ્ટતાથી ભરેલું આખું તત્ત્વ. એવો ભગવાન ચૈતન્યદળ તેને મર્યાદા શી? કહે છે. '**મર્યાદાથી રહિત છે તેજઃપુંજ જેનો...**' ઓહો..! ચૈતન્યની દશા પ્રગટી એ પણ મર્યાદા વિનાની બેહદ છે. એના સ્વભાવની તો વાત શું કરવી? એમ કહે છે ને? કેવો થતો થકો? '**મર્યાદાથી રહિત છે તેજઃપુંજ જેનો એવું...**' આહાહા..! ચૈતન્યચમત્કાર. ભગવાન ચૈતન્યપ્રભુ એની અંતરમાં દૃષ્ટિ થતાં જે નિર્મળ પર્યાય ધર્મરૂપે પ્રગટી, એના તેજની મર્યાદા શું કહેવી? એ પર્યાય પણ ત્રણકાળ ત્રણલોકને જાણે એવી તાકાત રાખે છે. સમજાણું કાંઈ? '**મર્યાદાથી રહિત છે તેજઃપુંજ જેનો એવું થતું થકું.**' આખો ચૈતન્યગોળો પોતામાં પોતાથી આમ પરિણમતો. અંતર એકાગ્ર થતાં પુણ્ય-પાપના વિકલ્પ ને શરીરની શૂન્યતા લક્ષમાં આવતાં એકલો ભરેલો ભંડાર દૃષ્ટિમાં આવતાં, એની પર્યાયની પણ મર્યાદા વિના તેજની પુંજ શક્તિ પ્રગટ થઈ છે. એવો થયો થકો પ્રગટે છે. સમજાણું કાંઈ? આવા વખાણેય સાંભળ્યા ન હોય, એઈ..! દેવશીભાઈ! આત્માના વખાણ, હોં! આ તો સ્વરૂપ જ એવું, બાપુ! તને ખબર નથી. સમજાય છે કાંઈ? આહાહા..!

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com


Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**'अध्यक्षेण महसा नित्योदितं'** '**(अध्यक्षेण)**' એટલે પ્રત્યક્ષ. '**अध्यक्षेण**' એટલે પ્રત્યક્ષ. નિરાવરણ કહીને પ્રત્યક્ષ કર્યું. પેલા આવરણ જે આઠ હતા ને? એનાથી રહિત દૃષ્ટિ થઈ. નિરાવરણ. મૂળ તો '**अध्यक्षेण**' એટલે પ્રત્યક્ષ. આવરણ વિનાનો ભગવાન આત્મા એ અંતરમાં જુદો દૃષ્ટિમાં આવ્યો એ પ્રત્યક્ષ છે. '**(महसा)**' '**ચૈતન્યશક્તિ વડે ત્રિકાળ શાશ્વત છે...**' કેવો છે પ્રભુ આત્મા? '**महसा**' ચૈતન્ય '**महसा**' અને તેજ. ચૈતન્યશક્તિ વડે. ચૈતન્યશક્તિ-ચૈતન્યસ્વભાવ. જાણવું-દેખવું, આનંદ જેનો સ્વભાવ. એ દ્વારા '**नित्योदितं**'. ત્રિકાળ ઉદ્યોત નામ એવો ને એવો શાશ્વત છે દ્રવ્ય. '**ત્રિકાળ શાશ્વત છે પ્રતાપ જેનો એવું થતું થકું...**' આહાહા..! એ તો પર્યાય પ્રગટી એ ત્રિકાળ શાશ્વત છે. હવે એને કોઈ રોકે કે પાછી પડે એવું છે નહિ.

એવો ભગવાન શુદ્ધ ચૈતન્ય પ્રભુ અજીવ અને વિકલ્પથી રહિત દૃષ્ટિ કરતાં શાશ્વત એવો ને એવો રહે એવી શક્તિ તો છે, પણ પર્યાયમાં પ્રગટ થઈ એ એવી ને એવી નિર્મળ દશા હવે રહેશે. એવો પ્રતાપ જેનો છે એને આત્મા કહેવામાં આવે છે. એને આત્માનો અનુભવ અને તેને સમ્યગ્દર્શન અને જ્ઞાન કહેવામાં આવે છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)




Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



# પાઠકોની નોંધ માટે

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates

Please report errors to Rupalben Sunil Deliwala by WhatsApp on +971505527393 or email kanji_rd@hotmail.com